
બ્રહ્મસ્વરૂપ
શ્રી પ્રમુખસ્વામી મહારાજ

ભાગ ૭





આવરણ કથા

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની અનુગામી ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય જીવનગાથાનું આચમન કરાવતી ગ્રંથશ્રેણીનો આ સાતમો ભાગ પ્રસ્તુત છે. સન ૧૯૯૧ થી સન ૧૯૯૪ સુધીનાં વર્ષોનું ચરિત્રલેખન આ ભાગમાં આવરી લેવામાં આવ્યું છે.


આવા મહાન સંતની ગુણગાથા ગાતાં સંતકવિ બ્રહ્માનંદ સ્વામી લખે છે : *'જન સોઈ મતવાલા, લગન મગન હૈ, પીવત પ્રેમ પિયાલા...'*

આવા સંત પરમાત્માના પ્રેમમાં મગ્ન રહેતા હોય છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે જીવનભર અસંખ્ય સેવાપ્રવૃત્તિઓ કરી છે. તેમણે યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવ કે અમેરિકા જેવા દેશમાં લાખો લોકોને આકર્ષતા કલ્ચરલ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયા જેવા મહોત્સવો પણ વિરાટ પાયે ઊજવ્યા અને ગાંધીનગરમાં અક્ષરધામના નિર્માણની પ્રવૃત્તિઓ પણ કરી.

ગામો-ગામ અહોરાત્ર વિચરણ પણ કર્યું અને મહારાષ્ટ્રનાં ભૂકંપગ્રસ્ત ગામો દત્તક લઈને રાહતકાર્યો પણ કર્યાં. પરંતુ આવી અનેક પ્રવૃત્તિઓનો ભાર તેમના ચિત્ત પર ક્યારેય છવાયો નહીં. તેઓ હંમેશાં પ્રફુલ્લિત હૃદયે ભગવદ્-ભક્તિમાં લીન રહ્યા અને સૌને તેનો આનંદ વહેંચતા રહ્યા. બ્રહ્માનંદ સ્વામી આવા મહાપુરુષ માટે ગાય છે :

'પ્રફુલ્લિત વદન પ્રસન્ન ચિત્ત પ્રેમી,
ગોવિંદ કે ગુન ગાવે...
સુંદર શ્યામ છબિ ઉર ધરી કે,
દેહ ગેહ બિસરાવે. સોઈ સંત કહાવે...'

ન્યૂયોર્કમાં એક સમારોહમાં પ્રફુલ્લિત વદન અને પ્રસન્ન ચિત્ત સ્વામીશ્રીની આ છબિ તેમની દેહ-ગેહથી



બ્રહ્મસ્વરૂપ

શ્રી પ્રમુખસ્વામી મહારાજ

(વિસ્તૃત જીવનચરિત્ર : સન ૧૯૯૧ થી ૧૯૯૪)

પ્રકાશક

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી

બ્રહ્મસ્વરૂપ
શ્રી પ્રમુખસ્વામી મહારાજ

(વિસ્તૃત જીવનચરિત્ર : સન ૧૯૯૧ થી ૧૯૯૪)

ભાગ : ૭



લેખક

સાધુ આદર્શજીવનદાસ

Brahmaswarup Pramukh Swami Maharaj, Part 7

(Biography of Brahmaswarup Pramukh Swami Maharaj)

By Sadhu Adarshjivandas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition: July 2022

Copies: 20,000

ISBN: 978-81-7526-989-7

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : જુલાઈ ૨૦૨૨

પ્રત : ૨૦,૦૦૦

કિંમત : રૂા. ૨૦૦-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત રૂા. **૨૫૦-૦૦**માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી અને વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનની વિસ્તૃત ગાથા વર્ણવતી આ ગ્રંથશ્રેણી આપના હાથમાં મૂકતાં આનંદ અનુભવાય છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે જન્મજાત સાધુતાનું ગૌરીશિખર, જીવનભર અકિંચન રહી નિરંતરના પરિવ્રાજક ઓલિયા, પરાભક્તિ અને ગુરુ-ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ, કરુણા અને પરહિતની અવિરત વહેતી ગંગા, બીજાના સુખ માટે જીવનની આહુતિ આપનાર, નિઃસ્વાર્થ ભાવનાની સાક્ષાત્ મૂર્તિ, સમત્વથી સૌ પર વરસતી સ્નેહની અનરાધાર વર્ષા અને ભારતીય સંસ્કૃતિના અજોડ જ્યોતિર્ધર. એમની ફોરમતી પવિત્રતામાં ભગવદ્‌ગીતાનું ગુણાતીતગાન ગુંજ્યા કરે. એમના સાન્નિધ્યમાં પરમાત્માની સુવાસ સહેજે મઘમઘે. કોઈ અધિકાર કે કંઈક હોવાનો કોઈ દાવો નહીં, કોઈ હક્ક કે માલિકીનો ભાવમાત્ર નહીં, ‘હું કંઈક છું કે હું કંઈક કરું છું’ એવા અસ્તિત્વની સભાનતા એમની નજીક પણ ફરકે નહીં. સદા સરળ. સદા સહજ. દંભ કે કોઈ દોર-દમામનો અંશમાત્ર નહીં. એક વિલક્ષણ અજોડ આર્ષદ્રષ્ટા અને અદ્વિતીય સર્જક-લોકસેવક હોવા છતાં અહંશૂન્યતાની જીવતી જાગતી પરાકાષ્ઠા. તેમના જીવનની પ્રત્યેક ક્ષણ ભગવાન સ્વામિનારાયણને ચરણે લોકહિત કે જનકલ્યાણ માટે સમર્પિત. શરીરની કોઈ ખેવના નહીં. હૃદય ઋજુતાથી અહોરાત્ર ધબકે છતાં સહનશીલતાનો એમનાથી મોટો કોઈ પર્યાય નહીં. સૌમ્ય અને પ્રિય હિતકારી વાણી, પ્રેમ અને કરુણા વર્ષાવતી એમની નિર્મળ આંખો, રોમરોમમાં સદા પ્રફુલ્લિત એમની નમણી કાયા.

આ બધું આજે સાંભરે છે ત્યારે હૃદય ગદ્‌ગદ થઈ જાય છે. આ પૃથ્વી અને પૃથ્વી પર વસતા કરોડો લોકો સતત ૯૫ વર્ષ સુધી તેમના સાન્નિધ્યથી ધન્ય થતા રહ્યાં. આવા શબ્દાતીત-સમયાતીત-ગુણાતીત મહાપુરુષનું જીવનચરિત્ર શબ્દોમાં કંડારવું એનાથી મોટું કોઈ કપરું કામ નથી. આમ છતાં, આવનારી અનેક પેઢીઓને આ ગુણાતીત મહાપુરુષના દિવ્ય જીવનમાંથી સતત પ્રેરણા મળતી રહે તે માટે આ ગ્રંથશ્રેણી પ્રકાશિત કરતાં હર્ષ અનુભવાય છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના

આશીર્વાદ[1]

આ જીવનચરિત્રમાંથી ઘણું બધું શીખવાનું મળ્યું છે ને મળશે. જેમ જેમ વાંચશો તેમ તેમ બહુ પ્રેરણા મળશે. એટલું સુંદર લખ્યું છે, તો વાંચતા રહેવું.

સ્વામીબાપા ધીરજ રાખીને બધાને ક્ષમા આપતા. અપાર ક્ષમા કરતા. એને લીધે સંસ્થાનું બધું કામ થયું છે. સ્વામીમાં એવા અપાર ગુણ હતા. તે આ ગ્રંથમાં જોવા મળે છે.

આ ગ્રંથ લખાયો ના હોત તો તેઓ સામાન્યમાં ખપી જાત. આ ગ્રંથ લખાયો એ બહુ મોટી સેવા છે. આ સેવાનો કોઈ છેડો કે પાર આવે એવો નથી.

તા. ૧૮/૯/૨૦૨૦

નેનપુર

---

૧. આશીર્વાદનો આ ભાવાનુવાદ વીડિયોમાંથી સંકલિત કરાયો છે. મૂળ આશીર્વાદ સાંભળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની રોજનીશી લખનાર સંતોએ લખેલાં હજારો પૃષ્ઠો, હજારો હરિભક્તો અને સંતો દ્વારા લખાયેલા સ્વાનુભવોનાં હજારો પૃષ્ઠો, સ્વામિનારાયણ પ્રકાશનાં સામયિક વર્ણનો તેમ જ અન્ય અનેક દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોમાંથી મળતી સામગ્રીનું સંકલન કરીને આ ગ્રંથ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામીએ કર્યું છે. એ વાતનો આનંદ છે કે વરિષ્ઠ સંતોના માર્ગદર્શન અને અન્ય સહાયક સંતોની મદદથી અનેક ભાગોમાં વહેંચાયેલું આ વિસ્તૃત જીવનચરિત્ર ખૂબ ઝડપથી આકાર લઈ રહ્યું છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી જ આ ગ્રંથ-શ્રેણી પ્રકાશિત થઈ રહી છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ પર્વે આ ગ્રંથશ્રેણી તેમને સૌથી મોટું અર્ઘ્ય બની રહેશે.

આ ગ્રંથશ્રેણી માત્ર પ્રમુખસ્વામી મહારાજના જીવનની ઝાંખી નથી કરાવતી, પરંતુ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સિદ્ધાંતો અને અક્ષરપુરુષોત્તમ દર્શન, સંપ્રદાયની અજોડ પરંપરા, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સુદીર્ઘ ઈતિહાસનું આચમન કરાવે છે. આ ગ્રંથશ્રેણી ભગવાન સ્વામિનારાયણ તેમ જ ગુણાતીતાનંદ સ્વામીથી લઈને ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ પર્યંત વહેતી ગુણાતીત પરંપરાને એક વિનમ્ર ભાવાંજલિ છે. ભારતની વૈદિક ઋષિ-પરંપરાને એક ભાવવંદના છે. કારણ કે પ્રમુખસ્વામી મહારાજ એટલે એ બધાનો સાક્ષાત્ સરવાળો !!

આ ગ્રંથના સર્જનમાં ભક્તિપૂર્વક ખૂબ જહેમત લેનાર પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામી, વરિષ્ઠ સંતો, સ્વામિનારાયણ અક્ષરપીઠના સંચાલક સંતો અને કાર્યકરો સહિત સૌનો હૃદયપૂર્વક આભાર. એ સૌ પર ભગવાન સ્વામિનારાયણ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની કૃપા નિરંતર વરસતી રહે એ જ અભ્યર્થના.

આવો, ભગવાન શ્રી સ્વામિનારાયણ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં ચરણે પ્રાર્થના કરીએ કે આ પરમ પવિત્ર જીવનગાથા યુગે યુગે સૌને પ્રમુખસ્વામી મહારાજના શાશ્વત અસ્તિત્વનો અનુભવ કરાવતી રહે.

- સ્વામિનારાયણ અક્ષરપીઠ

શરદ પૂર્ણિમા, સન ૨૦૧૮.

અનુક્રમણિકા

વિષય **પૃષ્ઠ**

અમૃતધારા-૨૪ :
સંદેશો શ્રીજીનો જગમાં ફેલાવે...

- **સન ૧૯૯૧**

અમૃતધારા-૨૬ :

આ છે અનંત કળાઓનું પાત્ર...

- **સન ૧૯૯૩**

અમૃતધારા-૨૭:
સૌને રાજી કરે નિરંતર...

- **સન ૧૯૯૪**





ભગતજી મહારાજ શાસ્ત્રીજી મહારાજ યોગીજી મહારાજ પ્રમુખસ્વામી મહારાજ મહંત સ્વામી મહારા

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ


(પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી

તથા તેમની ગુણાતીત ગુરુપરંપરા

જેનું વહન કરીને

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ભગવાન શ્રી સ્વામિનારાયણના

દિવ્ય પ્રગટ સાંનિધ્યનો અસંખ્ય લોકોને અનુભવ કરાવ્યો હતો...



'મોતિયો બરાબર ઊતર્યો છે ને! લાવ, જોવા દે તો જરા.' – મંદિરની ગૌશાળાના ગરીબ ગોપાલક હીરા ભરવાડની પ્રેમપૂર્વક સંભાળ લેતા સ્વામીશ્રી... (સારંગપુર, ૧૭-૨-૧૯૯૧)



રંગ કી ધૂમ મચાઈ રે, રંગભીને સાંવરે...
રંગની ઝડી વરસાવી નિજ રંગે સૌને તરબોળ કરતા સ્વામીશ્રી...
(સારંગપુર, ૧-૩-૧૯૯૧)




રંગોત્સવ પર્વે શ્રીહરિના પ્રાસાદિક રંગે સૌને રંગતા પ્રસન્નચિત્ત સ્વામીશ્રી...
(સારંગપુર, ૧-૩-૧૯૯૧)



'ગુરુનો મહિમા વિશ્વે વહાવીએ...' નૈરોબીમાં દીપ પ્રાગટ્ય કરી યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉદ્‌ઘોષનો વિદેશમાં શુભારંભ કરતા સ્વામીશ્રી... (૮-૬-૧૯૯૧)



મોમ્બાસામાં સ્વામીશ્રીના સત્સંગ માટે ઊમટેલી ભક્તમેદની...
(૨૦-૬-૧૯૯૧)



આફ્રિકન બંધુઓ પર પ્રેમવર્ષા કરતા સ્વામીશ્રી...
(મ્વાન્ઝા, ૧૯૯૧)



કિસુમુની સ્થાનિક સ્કૂલના આફ્રિકન બાળકોને આશીર્વાદનું સદાવ્રત આપતા સ્વામીશ્રી...
(૧૯૯૧)




નૈરોબીથી ક્વાન્ઝા સુધી યોજાયેલી સ્પેશિયલ ટ્રેનયાત્રામાં ધજા ફરકાવી યાત્રાનો શુભારંભ કરતા સ્વામીશ્રી...
(૨૭-૬-૧૯૯૧)



અક્ષરધામની ટ્રેન છે આવી...
સ્પેશિયલ ટ્રેનયાત્રાના ગાર્ડ સ્વામીશ્રીનું એક અવિસ્મરણીય દર્શન...
(૨૭-૬-૧૯૯૧)



સ્વામીશ્રીની આર્ષદૃષ્ટિ, અથાગ પરિશ્રમ અને આયોજનબદ્ધ સંચાલનના અનુપમ નજરાણા સમા લંડન બી.એ.પી.એસ. મંદિરનો ઐતિહાસિક ખાતમુહૂર્ત અવસર... (૧૯૯૧)



ખાતવિધિ દરમ્યાન ગર્તમાં નિધિકળશનું સ્થાપન કરી ઈંટો પધરાવતા સ્વામીશ્રી, સાથે મહંત સ્વામી. (૧૯૯૧)



સ્વામીશ્રીની પ્રેરણાથી અમેરિકાને ઘેલું લગાડનાર કલ્ચરલ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયાની અનુપમ સૃષ્ટિ
કલાત્મક મયૂરોથી શોભતો ભવ્ય પ્રવેશદ્વાર... (એડિસન, ન્યૂજર્સી, ૧૯૯૧)



'કલ્ચરલ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયા'નું વિધિપૂર્વક ઉદ્‌ઘાટન કરી, ભારતીય કલાસૃષ્ટિનાં દ્વાર
ખુલ્લાં મૂકતા સ્વામીશ્રી, ભારતીય રાજદૂત, અમેરિકી સાંસદ વગેરે મહાનુભાવો... (૧૨-૭-૧૯૯૧)



ઉદ્‌ઘાટન વિધિ બાદ શાંતિ-ચિહ્‌ન સમા શ્વેત પારેવાને ગગનમાં વિહાર કરતા મૂકીને ભારતીય સંસ્કૃતિનો શાંતિ-સંદેશ ફેલાવતા શાંતિદૂત સ્વામીશ્રી... (એડિસન, ૧૨-૭-૧૯૯૧)



વિશ્વશાંતિના સંદેશ સાથે ભારતીય સાંસ્કૃતિક મહોત્સવનો શુભારંભ કરતા સ્વામીશ્રી...
(એડિસન, ૧૨-૭-૧૯૯૧)




ઉદ્‌ઘાટન સભામાં આમંત્રિતો સાથે મંચ પર બિરાજમાન સ્વામીશ્રી...
(એડિસન, ૧૨-૭-૧૯૯૧)



ઉદ્‌ઘાટન સભામાં ઉપસ્થિત હજારો ભક્તો-ભાવિકોનો સમુદાય...
(એડિસન, ૧૨-૭-૧૯૯૧)



દ્વિતીય સંધ્યા-ઉદ્‌ઘાટન સભામાં ઉપસ્થિત પૂજ્ય ચિદાનંદ સ્વામી, ગવર્નર શ્રી જીમ ફ્લોરિયો તથા
અન્ય આમંત્રિતો સાથે મંચ પર બિરાજમાન સ્વામીશ્રી... (એડિસન, ૧૨-૭-૧૯૯૧)



ભારતીય સાંસ્કૃતિક મહોત્સવનાં વિવિધ મનોરમ્ય આકર્ષણો...
સૌનું ભાવપૂર્ણ સ્વાગત કરતો કલાત્મક ગજદ્વાર... (એડિસન, ૧૯૯૧)



ભારતીય સંસ્કૃતિના સમૃદ્ધ વારસાને માણવા ઉપસ્થિત માનવ મહેરામણ...
(એડિસન, ૧૯૯૧)




કલા-કારીગરીથી ભરપૂર હંસદ્વાર, નૃત્યમસ્ત ગણેશજી તથા શ્રી અક્ષરપુરુષોત્તમ મંદિર...
એક જ મહિનામાં દસ લાખ કરતાંય વધુ ભાવિકો ભારતીય સાંસ્કૃતિક મહોત્સવની મુલાકાતે...
(એડિસન, ૧૯૯૧)



હરિયાળા ઢોળાવ પર ચતુર્મુખ બ્રહ્માના શિખર સાથે શોભતું આકર્ષક શિવમંદિર...
(એડિસન, ૧૯૯૧)




શ્રી અક્ષરપુરુષોત્તમ મંદિરના પ્રાંગણમાં બાળ-યુવા વૃંદ દ્વારા ભારતીય નૃત્યોની પ્રસ્તુતિ...
(એડિસન, ૧૯૯૧)



મહોત્સવની અનેકવિધ કાર્યવિધિઓ વચ્ચે શ્રી અક્ષરપુરુષોત્તમ મંદિરમાં પ્રાર્થના રત સ્વામીશ્રી...
(એડિસન, ૧૯૯૧)



સપ્ત અશ્વોથી સજ્જ રથ પર બિરાજમાન સૂર્યનારાયણનું કલાકારીગરીથી શોભતું એક દૃશ્ય...
(એડિસન, ૧૯૯૧)



માણકી ઘોડી પર બિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણનું મનોહર દર્શન...
(એડિસન, ૧૯૯૧)



માફામાં બિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણ...
(એડિસન, ૧૯૯૧)




અમેરિકાની સ્વાતંત્ર્ય દેવીની
૨૧ ફૂટ ઊંચી આબેહૂબ પ્રતિકૃતિનું
અનેરું આકર્ષણ...
(એડિસન, ૧૯૯૧)



ભારતીય સંસ્કૃતિનાં સનાતન મૂલ્યોને પ્રસ્તુત કરતા પ્રદર્શનની એક અભિનવ સૃષ્ટિ...
ર-યુવા પેઢીના પ્રેરણાસ્રોત શ્રી નીલકંઠ વર્ણીના જીવન-પ્રસંગોનું પ્રેરક નિદર્શન... (એડિસન, ૧૯૯૧)



પ્રાચીન ભારતથી લઈને અર્વાચીન ભારતના ભવ્ય-અમૂલ્ય વારસાની પ્રભાવક પ્રસ્તુતિ...
થ્રી-ડી ડાયારામાઓ, બેકડ્રોપ પેઇન્ટિંગ્સ, ટ્રાન્સલાઇટ્સ તેમજ ટેક્સ્ટ પેનલો સાથે
અમેરિકાની ધરતી પર ભારતીય મૂલ્યોની સૌપ્રથમ રજૂઆત... (એડિસન, ૧૯૯૧)



‘ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ’ અંતર્ગત યોજાયેલું આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક એકતા સંમેલન...
મૂર્ધન્ય ધર્મગુરુઓ તથા આમંત્રિતો સાથે સભામાં બિરાજિત સ્વામીશ્રી... (૧૩-૭-૧૯૯૧)



સંમેલનમાં ઉપસ્થિત અમેરિકાની અગ્રણી ભારતીય સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા
વિશાળ ભક્ત સમુદાય... (એડિસન, ૧૩-૭-૧૯૯૧)



મહોત્સવના મંચ પર પૂજ્ય સ્વામી ચિદાનંદ સરસ્વતીજી, જૈનાચાર્ય મુનિશ્રી સુશીલકુમારજી, સ્વામી સચ્ચિદાનંદજી, ભારતીય રાજદૂત ડૉ. આબિદ હુસૈન સાથે સ્વામીશ્રીના સ્નેહમિલનની પળો..

(એડિસન, ૧૩-૭-૧૯૯૧)



વિખ્યાત એક્સ્પો હોલ ખાતે શાનદાર ઊજવાયો સ્વામીશ્રીનો પ્લેટિનમ તુલા મહોત્સવ...
ગુરુ-હરિને પાલખીમાં બેસારી પ્રેમપૂર્ણ સત્કાર કરતો યુવા સમુદાય... (એડિસન, ૨૦-૭-૧૯૯૧)




શ્રીહરિ તથા ગુરુ સાથે તુલામાં બિરાજિત સ્વામીશ્રીની તુલાવિધિનો વેદોક્ત પ્રારંભ...
વિધિમાં રત મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, ડૉ. કે. સી. પટેલ વગેરે... (એડિસન, ૨૦-૭-૧૯૯૧)



સૌની પ્રેમભક્તિને સ્વીકારતાં ઇષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજ અને ગુરુ યોગીજી મહારાજ સાથે નમ્રભાવે તુલામાં બિરાજિત સ્વામીશ્રી... (એડિસન, ૨૦-૭-૧૯૯૧)




તુલાવિધિ બાદ સૌને આશીર્વાદથી કૃતાર્થ કરતા સ્વામીશ્રી...
(એડિસન, ૨૦-૭-૧૯૯૧)



સમત્વભાવના આસને બિરાજમાન સ્વામીશ્રીનું વિરલ દર્શન...
તુલાના ભવ્ય સન્માન બાદ સામાન્ય ખુરશી પર બિરાજી ભક્તના પ્રશ્નને ઉકેલતા સ્વામીશ્રી...
(એડિસન, ૨૦-૭-૧૯૯૧)



દક્ષિણ આફ્રિકામાં જોહાનિસબર્ગમાં નૂતન બી.એ.પી.એસ. મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ...
(૨૨-૯-૧૯૯૧)



નૂતન મંદિરમાં મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા વિધિમાં લીન સ્વામીશ્રી...
(જોહાનિસબર્ગ, ૨૨-૯-૧૯૯૧)



વિદેશમાં યોગી શતાબ્દી મહોત્સવનો ઉદ્‌ઘોષ તથા ભારતીય સંસ્કૃતિનો જયઘોષ કરી
પુનઃ ભારત પધારેલા સ્વામીશ્રીનું ભવ્યતાપૂર્વક સન્માન... (મુંબઈ, ૨૦-૧૦-૧૯૯૧)



મુંબઈના પ્રસિદ્ધ આઝાદ મેદાનમાં સ્વામીશ્રીને સત્કારવા ઊમટેલી જનમેદની...
સભામાં મહારાષ્ટ્રના રાજ્યપાલ, પ્રધાનો, ઉદ્યોગપતિઓ, કલાકારો, સમાજસેવકો, ફિલ્મનિર્માતાઓ,
તંત્રીઓ સહિત ૧૨,૦૦૦થી વધુ ભાવિકોનો માનવ મહેરામણ...




મહાપ્રાસાદિક ઊંડ નદીના તટે તીર્થરાજ ભાદરાના મહિમાગાનમાં લીન સ્વામીશ્રી...
(૧-૧૧-૧૯૯૧)




સ્વામીશ્રીના પારસ સ્પર્શે દેવીપૂજકોનાં જીવન અજવાળ્યાં...
(ભાદરા-ગુણાતીતનગર, ૧-૧૧-૧૯૯૧)



દીપોત્સવના શુભ પર્વે આશીર્વાદનાં અમી પિવડાવી અંતર-દીવડા પ્રગટાવતા સ્વામીશ્રી...
(સારંગપુર, ૫-૧૧-૧૯૯૧)



સ્વામીશ્રીના ૭૧મા જન્મ જયંતી મહોત્સવની શાનદાર ઉજવણી...
આશીર્વચનો દ્વારા સૌને કૃતાર્થ કરતા સ્વામીશ્રી...
(ગોંડલ, ૧૪-૧૨-૧૯૯૧)



૭૧મા પ્રાગટ્ય દિને ગુરુહરિને પુષ્પહારથી વધાવતા મહંત સ્વામી...
સ્નેહમિલનની એક અવિસ્મરણીય પળ...
(ગોંડલ, ૧૪-૧૨-૧૯૯૧)




પ્રાગટ્ય દિને પુષ્પહારથી શોભિત નમ્રમૂર્તિ સ્વામીશ્રીની એક દર્શનીય છબિ...
(ગોંડલ, ૧૪-૧૨-૧૯૯૧)




યોગી શતાબ્દી અંતર્ગત ગોંડલથી ધારી સુધી યોજનારી પદયાત્રાનો શુભારંભ કરતા સ્વામીશ્રી...
(૧૫-૧૨-૧૯૯૧)



કુશળ ડૉક્ટરની રીતે સ્ટેથેસ્કોપ ધારણ કરી સંતવલ્લભદાસ સ્વામીને તપાસતા સ્વામીશ્રી...
(સારંગપુર, ૩૦-૧-૧૯૯૨)



યોગીતીર્થ ધારીમાં યોગીજી મહારાજના ૧૦૦મા જન્મદિનની શાનદાર ઉજવણીનો શુભારંભ...
યોગી મહારાજની જીવન ભાવના સાથે તેઓની અલમસ્ત મૂર્તિનું દર્શન કરાવતું યોગીદ્વાર... (મે, ૧૯૯



ગુરુ યોગીજી મહારાજની છત્રછાયામાં કમલાકાર મંચ પર પ્રાત:પૂજામાં લીન સ્વામીશ્રી...
(ધારી, ૨૯-૫-૧૯૯૨)




૧૦૦મા પ્રાગટ્ય દિને યોગીજી મહારાજને ભાવાંજલિ – છપૈયાથી ધારી સુધી યોજાઈ ચારિત્ર્ય દોડ...
જ્યોતનું અભિવાદન કરી યુવકોને વધાવતા સ્વામીશ્રી અને ધર્મગુરુઓ... (ધારી, ૨૯-૫-૧૯૯૨)




૧૦૦મા પ્રાગટ્યોત્સવે યોગીજી મહારાજને આરતી-અર્ધ્ય અર્પતા સ્વામીશ્રી તથા મહાનુભાવો...
(ધારી, ૨૯-૫-૧૯૯૨)



અક્ષરધામના પાયાથી લઈને શિખર સુધીની સંપૂર્ણ સજાવટમાં શ્રીહરિની પરાભક્તિના દ્યોતક સ્વામીશ્રીનું અમૂલ્ય માર્ગદર્શન... (ગાંધીનગર, ૧૯૯૨)



અક્ષરધામની ફર્શ પર ચરણ ઘસી જડતરની સૂક્ષ્મ ચકાસણી કરતા સ્વામીશ્રી...
(૧૮-૩-૧૯૯૨, ગાંધીનગર)



ીહરિના દિવ્ય અક્ષરધામની પ્રતિકૃતિ સમું શાંતિના તેજપુંજ પાથરતું સ્વામિનારાયણ અક્ષરધામ...
(ગાંધીનગર)



યોગીજી મહારાજના શતાબ્દી મહોત્સવે ગુરુચરણે ભક્તિ સમર્પિત કરતા સ્વામીશ્રી...
વેદોક્તવિધિપૂર્વક સ્વામિનારાયણ અક્ષરધામનાં દ્વાર ઉદ્‌ઘાટિત કરતા સ્વામીશ્રી...
(ગાંધીનગર, ૩૦-૧૦-૧૯૯૨)



મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે શ્રીહરિ સમક્ષ મહાપૂજામાં બિરાજમાન સ્વામીશ્રી...
(ગાંધીનગર, ૩૦-૧૦-૧૯૯૨)



મૂર્તિપ્રતિષ્ઠા વિધિમાં વેદોક્ત મહાપૂજામાં લીન સ્વામીશ્રી...
(ગાંધીનગર, ૩૦-૧૦-૧૯૯૨)




સ્વામીશ્રી સાથે મહાપૂજામાં સંમિલિત વરિષ્ઠ સંતો તથા હરિભક્તો...
મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા અવસરનું એક વિહંગ દર્શન... (ગાંધીનગર, ૩૦-૧૦-૧૯૯૨)



ભગવાન સ્વામિનારાયણ, ગુણાતીતાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીની
મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા વિધિમાં રત સ્વામીશ્રી તથા વરિષ્ઠ સંતો...
(ગાંધીનગર, ૩૦-૧૦-૧૯૯૨)




આ કાર્યમાં જે કોઈએ સેવા-સહકાર આપ્યો છે, એ દરેકને ભગવાન અક્ષરધામના અધિકારી બનાવ
સૌની સેવાને બિરદાવી મોક્ષનો કોલ આપતા સ્વામીશ્રી... (ગાંધીનગર, ૩૦-૧૦-૧૯૯૨)



સ્વામિનારાયણ અક્ષરધામ પરિયોજનાનો સમગ્ર યશ ઇષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણને અર્પી
કૃતજ્ઞતાપૂર્વક પૂજન કરતા સ્વામીશ્રી...



વિશ્વ ઇતિહાસના સુવર્ણ અવસરની ધન્ય પળો...
સ્વામિનારાયણ અક્ષરધામનો ભવ્ય અને દિવ્ય ઉદ્‌ઘાટન સમારોહ... (૨-૧૧-૧૯૯૨)



સમગ્ર માનવજાતના કલ્યાણ માટે સ્વામિનારાયણ અક્ષરધામનાં દ્વાર શાશ્વત ખુલ્લાં મૂક્યાં બાદ
અક્ષરધામના પ્રાંગણમાં ઐતિહાસિક સમારોહમાં સ્વામીશ્રી...
(ગાંધીનગર, ૨-૧૧-૧૯૯૨)



સ્વામિનારાયણ અક્ષરધામના શાનદાર ઉદ્‌ઘાટન પ્રસંગે મંચ પર બિરાજમાન સ્વામીશ્રી,
સાથે મહંત સ્વામી... (ગાંધીનગર, ૨-૧૧-૧૯૯૨)



અક્ષરધામની દિવ્ય ભેટ અર્પવા બદલ પ્રેરણામૂર્તિ સ્વામીશ્રીને હાર પહેરાવી
સૌ વતી ગુરુચરણે અંજલિ અર્પતા મહંત સ્વામી... (ગાંધીનગર, ૨-૧૧-૧૯૯૨)



'અક્ષરધામમાં દિવ્યમૂર્તિ છે તેવી જ આ છે, તેમાં કાંઈ ફેર નથી. અક્ષરધામની સ્મૃતિ થઈ એટલે આપણો છેલ્લો જન્મ...' – આશીર્વાદ સાથે ધન્યતાની અનુભૂતિ કરાવતા સ્વામીશ્રી... (૨-૧૧-'૯૨)



સ્વામિનારાયણ અક્ષરધામના ભવ્ય ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત સંતો-ભક્તોનો વિશાળ સમુદાય... (૨-૧૧-૧૯૯૨)



ભવ્ય મહાલય સમા સ્વામિનારાયણ અક્ષરધામનું આકર્ષક દર્શન...
(ગાંધીનગર)



ોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવનો મંગલ પ્રારંભ... સ્વામિનારાયણ નગરનું વિધિવત્ ઉદ્‌ઘાટન કરતા સ્વામીશ્રી, સાથે મુખ્યમંત્રીશ્રી અને અન્ય મહાનુભાવો... (ગાંધીનગર, ૨૯-૧૦-૧૯૯૨)



ામિનારાયણ નગરના પ્રવેશ પ્રાંગણમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની ૧૮ ફૂટ ઊંચી તામ્રવર્ણી મૂર્તિ. નગર-પ્રવેશ પૂર્વે યોગીજી મહારાજનાં દર્શનથી ધન્યતા અનુભવતા મુલાકાતીઓ... (ગાંધીનગર)



કલા-કોતરણી યુક્ત સ્વામિનારાયણ નગરનો વિરાટ પ્રવેશદ્વાર - હંસદ્વાર...
(ગાંધીનગર, ૧૯૯૨)



સ્વામિનારાયણ નગરમાં કેન્દ્રમાં શોભતાં કલામંડિત શ્રી અક્ષરપુરુષોત્તમ મંદિર,
શ્રી રાધાકૃષ્ણ મંદિર, શ્રી સીતારામ મંદિર તથા ગુરુકુટિરો... (ગાંધીનગર, ૧૯૯૨)



રંગબેરંગી ફુવારાઓ તથા વિવિધ પ્રકાશ સંયોજનથી ભરપૂર
સ્વામિનારાયણ નગરની રાત્રિશોભાનું એક દૃશ્ય... (ગાંધીનગર, ૧૯૯૨)




રંગબેરંગી પ્રકાશ માધ્યમથી શોભતાં મંદિરોની રાત્રિસુંદરતા...
(ગાંધીનગર, ૧૯૯૨)



બાળકો દ્વારા જ સંચાલિત બાળનગરીનું પ્રવેશદ્વાર... બાળ-પ્રદર્શન, નિયમકુટિર, રમતગમત તથા પપેટ શો જેવાં માધ્યમોથી પ્રેરણા પામ્યા લાખો બાળકો-ભાવિકો...



સતત ૩૪ દિવસ સુધી અવનવી રજૂઆતો સાથે ગુંજતા રહેલા યોગી સભાગૃહનું ભવ્ય પ્રવેશદ્વાર.
(ગાંધીનગર, ૧૯૯૨)



ચારિત્ર્ય-ઘડતરના પાઠો દ્વારા જીવનશુદ્ધિની અમૂલ્ય પ્રેરણા આપતું યુવા પ્રદર્શન...
(ગાંધીનગર, ૧૯૯૨)



સ્વામિનારાયણ નગરના દર્શનાર્થે ઊમટેલો માનવ-મહેરામણ...
૩૪ દિવસમાં ૬૦ લાખ કરતાંય વધુ ભાવિકો ધન્યતાની અનુભૂતિ પામ્યા... (ગાંધીનગર, ૧૯૯૨)



યોગી શતાબ્દી મહોત્સવ ઉપક્રમે યોજાયેલા સંત સંમેલનનો દીપ પ્રાગટ્ય કરતા સ્વામીશ્રી,
ભારત સાધુ સમાજના અધ્યક્ષ મંગલાનંદજી મહારાજ તથા અન્ય મૂર્ધન્ય સંતો... (૮-૧૧-૧૯૯૨)



પૂજ્ય મંગલાનંદજી મહારાજ, પૂજ્ય ગણેશાનંદજી મહારાજ, મહામંડલેશ્વર પૂજ્ય અખંડાનંદજી,
મહામંડલેશ્વર હરિનારાયણાનંદજી તથા અન્ય શ્રદ્ધેય સંતો સાથે સભામંચ પર સ્વામીશ્રી...
(ગાંધીનગર, ૮-૧૧-૧૯૯૨)



સંતગોષ્ઠિ સંમેલનમાં સ્વામીશ્રી સાથે ઉપસ્થિત પૂજ્ય અમરા બાપુ, પૂજ્ય વલ્કુ બાપુ,
જ્ય લાલ બાપુ, પૂજ્ય બળદેવદાસજી, પૂજ્ય દુર્ગાપ્રસાદજી, પૂજ્ય ઝીણારામ બાપુ... (૧૩-૧૧-'૯૨)



અક્ષરધામ તથા યોગી શતાબ્દી મહોત્સવના દર્શનાર્થે પધારેલા શ્રી એલ. કે. અડવાણીજી...
દર્શનથી પ્રભાવિત થઈ સ્વામીશ્રીનાં ચરણોમાં આભાર સાથે નમન કરતા શ્રી અડવાણીજી...
(ગાંધીનગર, ૧૪-૧૧-૧૯૯૨)




વિશાળ યોગી સભાગૃહમાં અમૃતલાભ આપતા સ્વામીશ્રી...
(ગાંધીનગર, ૧૯૯૨)



મહોત્સવના પ્રેરણાદાતા અને સૂત્રધાર સ્વામીશ્રીની કાર્યશૈલીનું એક વિરલ દર્શન...
મહોત્સવની કાર્યવાહક સમિતિના સભ્યોને મૂલ્યવાન માર્ગદર્શન આપતા સ્વામીશ્રી...
(ગાંધીનગર, ૧૯૯૨)



રાજકીય અરાજકતાને કારણે જપ્ત થઈ ગયેલાં યોગીજી મહારાજ પ્રતિષ્ઠિત મંદિરોના દસ્તાવેજો
વામીશ્રીને સુપ્રત કરતા યુગાન્ડાના ઉપપ્રમુખ શ્રી સેમસન કિશેકા... (ગાંધીનગર, ૨૨-૧૧-૧૯૯૨)



અખંડ ધૂન કુટિરમાં ભક્તો સાથે ધૂનની રમઝટમાં એકતાર સ્વામીશ્રી...
(ગાંધીનગર, ૨૭-૧૧-૧૯૯૨)




સ્વામિનારાયણ અક્ષરધામની રચના દ્વારા વિશ્વસ્તરે ગાંધીનગરનું નામ રોશન કરતા સ્વામીશ્રીને સન્માનતા મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ અને સમગ્ર મંત્રીમંડળ... (ગાંધીનગર, ૩૦-૧૧-૧૯૯૨)



'સ્વામીની સેનામાં આવજો રે, જેના યોગીજી શૂરા સરદાર...'

યોગી શતાબ્દી અવસરે યોગીજી મહારાજના સ્વરૂપ સમા સ્વામીશ્રીના હસ્તે ભાગવતી તેમજ પાર્ષદી દીક્ષા ગ્રહણ કરતા ૧૨૯ સુશિક્ષિત નવયુવાનો... (ગાંધીનગર, ૧-૧૨-૧૯૯૨)




ભારતીય ટપાલ વિભાગ દ્વારા યોગીજી મહારાજને શતાબ્દી પર્વે અપાયેલી ભાવપૂર્વક અંજલિ...
યોગીજી મહારાજની છબિરૂપ ટપાલ ટિકિટનું ઉદ્‌ઘાટન કરતા સ્વામીશ્રી... (૨-૧૨-૧૯૯૨)




યોગી શતાબ્દી મહોત્સવની ચરમ સીમા...
યોગીજી મહારાજના સ્વરૂપરૂપ સ્વામીશ્રીનો ધામધૂમપૂર્વક ઊજવાયો ૭૨મો પ્રાગટ્યોત્સવ...
(ગાંધીનગર, ૨-૧૨-૧૯૯૨)



પ્રાગટ્યોત્સવ પર્વે સુશોભિત રથમાં બિરાજી સૌને સમીપ દર્શનદાન આપતા સ્વામીશ્રી...
(ગાંધીનગર, ૨-૧૨-૧૯૯૨)



૭૨મા જન્મદિને ગુરુભક્તિથી છલકાતા ૭૨ વિવિધ કલાત્મક હારથી સ્વામીશ્રીનું અભિવાદન...
સૌ ભક્તજનો વતી હાર પહેરાવી ગુરુહરિ સ્વામીશ્રીને વધાવતા મહંત સ્વામી...
(ગાંધીનગર, ૨-૧૨-૧૯૯૨)



સૌની પ્રેમભક્તિને નમ્રભાવે વંદન સાથે સ્વીકારતા સ્વામીશ્રી...
(ગાંધીનગર, ૨-૧૨-૧૯૯૨)



'ભગવાન સૌનું ભલું કરો' – યોગીજી મહારાજની જીવનભાવના સાથે આયોજિત વિશ્વશાંતિ યોગીરાજ મહાયજ્ઞ. વેદોક્ત યજ્ઞવિધિમાં રત સ્વામીશ્રી, સાથે મહંત સ્વામી... (૨૭-૧૧-૧૯૯૨)



૧૭,૦૦૦ સ્વયંસેવકોની નિ:સ્વાર્થ સેવાભાવનાને બિરદાવતો સ્વયંસેવક સમર્પણ દિન... સંતો-સ્વયંસેવકોની મહિમાપૂર્ણ સેવા-સમર્પણ ભક્તિને ગદ્‌ગદ થઈ બિરદાવતા સ્વામીશ્રી... (ગાંધીનગર, ૩-૧૨-૧૯૯૨)



બધાએ અમને પુષ્પાંજલિ તો કરી, પણ અમારે તમને પુષ્પાંજલિ કરવી છે... – આંખમાં અશ્રુ સાથે હૃદયમાં ઊમટેલા ભાવપૂરમાં પુષ્પાંજલિ કરતી સ્વામીશ્રીની અવિસ્મરણીય છબી... (૩-૧૨-૧૯૯૨)




પ્રેરણામૂર્તિ સ્વામીશ્રીનાં ચરણોમાં કૃતજ્ઞતા સાથે આરતી-અર્ઘ્ય અર્પણ કરતા સંતો-સ્વયંસેવકો...
સંતો-સ્વયંસેવકોની ભક્તિને પણ નીરાજન દ્વારા વધાવતા ગુરુહરિ સ્વામીશ્રી...
(ગાંધીનગર, ૩-૧૨-૧૯૯૨)



૨૬ વર્ષ પૂર્વે યોગીજી મહારાજે મહેળાવમાં કરેલા ત્રિશિખરીય મંદિરનિર્માણના સંકલ્પની પૂર્તિ...
શિખરબદ્ધ મંદિરનું ખાતમુહૂર્ત કરતા સ્વામીશ્રી, સાથે વરિષ્ઠ સંતો... (૯-૧૨-૧૯૯૨)




મંદિરનિર્માણના પ્રારંભ દ્વારા ગુરુ શાસ્ત્રીજી મહારાજને અંજલિ અર્પતા સ્વામીશ્રી..
ખાતમુહૂર્ત દરમ્યાન ગર્તમાં કૂર્મ-અનંત સ્થાપિત કરતા સ્વામીશ્રી...
(મહેળાવ, ૯-૧૨-૧૯૯૨)



જ્ઞાનવૃદ્ધ, તપોવૃદ્ધ, વયોવૃદ્ધ પૂજ્ય સંતવલ્લભદાસ સ્વામીનો અક્ષરવાસ...
સંત સ્વામીની પાલખી ઉપાડી તેઓની સેવા-ભક્તિને અંજલિ અર્પતા સ્વામીશ્રી... (૧૩-૧-૧૯૯૩)



શ્રીહરિની પ્રાસાદિક લક્ષ્મીવાડીમાં વેદિકાની બેઠક પર બિરાજી મહિમાગાનમાં તલ્લીન સ્વામીશ્રી.
(ગઢડા, ૨૩-૯-૧૯૯૩)



ગઢડામાં શ્રી ગોપીનાથ મંદિરની પ્રદક્ષિણામાં શ્રીજીમહારાજનાં પ્રાસાદિક વસ્ત્રો તથા વસ્તુઓનાં મહિમાપૂર્ણ દર્શનમાં લીન સ્વામીશ્રી...
(૨૩-૯-૧૯૯૩)



કોલકાતામાં સ્વામીશ્રીના ૭૩મા પ્રાગટ્યોત્સવની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી...
(૨૧-૧૨-૧૯૯૩)



સૌની પ્રેમપૂર્ણ ભક્તિને પુષ્પહાર સ્વરૂપે ગ્રહણ કરતા સ્વામીશ્રી...
પુષ્પહારથી શોભતા સ્વામીશ્રીનું અલભ્ય છબિદર્શન...
(કોલકાતા, ૨૧-૧૨-૧૯૯૩)



ગુરુહરિ સ્વામીશ્રીને તેમના ૭૩મા પ્રાગટ્ય દિને વધાવવા ઊમટેલો ભક્ત સમુદાય...
(કોલકાતા, ૨૧-૧૨-૧૯૯૩)



માંદગીના બિછાને રહેલા ભક્તરાજ શ્રી જી. કે. સ્વામીની સ્નેહપૂર્વક સંભાળ લેતા સ્વામીશ્રી...
(૧૯૯૩)



મહારાષ્ટ્રના ભૂકંપગ્રસ્ત સમુદ્રાલ ગામની સેવામાં પધારેલા સ્વામીશ્રી...
(૨૩-૧-૧૯૯૪)



ઠેર ઠેર વીખરાયેલા પથ્થરો પરથી જોખમભર્યા માર્ગે પસાર થઈ
સમગ્ર ગામનું અવલોકન કરતા સ્વામીશ્રી...
(૨૩-૧-૧૯૯૪)



રેલવે પ્લેટફોર્મ પરના સાદા ઓટલા પર બિરાજીને પ્રેમપૂર્વક ભક્તોને સાંભળતા સ્વામીશ્રીનાં
નિરાળાં દર્શન... (બાંદરા સ્ટેશન, મુંબઈ, ૨-૨-૧૯૯૪)



લંડનના ભક્તરાજ સી. એમ. પટેલનો અક્ષરવાસ... ખભે પાલખી ઉપાડી તેઓની સેવા-ભક્તિને
અંજલિ અર્પતા ભક્તવત્સલ સ્વામીશ્રી, સાથે મહંત સ્વામી...
(વડોદરા, ૫-૨-૧૯૯૪)




સ્વામીશ્રીના અમૃત મહોત્સવ વર્ષની ઉજવણીનો શુભારંભ...
વરિષ્ઠ સંતો દ્વારા અર્પણ કરાયેલા અમૃતકુંભને અનાવૃત્ત કરતા સ્વામીશ્રી... (વડોદરા, ૧૫-૨-'૯



ભારતની રાજધાની દિલ્હીમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના જયઘોષનો પ્રારંભ...
નૂતન હરિમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા કરતા સ્વામીશ્રી... (દિલ્હી, ૨૭-૨-૧૯૯૪)



માઉન્ટ આબુ સ્થિત છાત્રાલયના છાત્રોને સ્વામીશ્રીનો સત્સંગ લાભ... સ્વામીશ્રીની સ્નેહાળ છત્રછાયામાં બાળકોને મળતો વિદ્યા સાથે સંસ્કારોનો અપ્રતિમ સુમેળ... (૧૬-૩-૧૯૯૪)



ફૂલદોલોત્સવ પ્રસંગે ઉપસ્થિત વિશાળ ભક્ત સમુદાયને શ્રીહરિના પ્રાસાદિક રંગે રંગતા સ્વામીશ્રી... (સારંગપુર, ૨૭-૩-૧૯૯૪)



પ્રો. યારોસ્લાવ ક્રિચના ભાવભર્યા આમંત્રણથી યુરોપના પ્રાગ શહેરને પાવન કરતા સ્વામીશ્રી...
વિશિષ્ટ મહેમાન સ્વામીશ્રીનો સમગ્ર ઝેક દેશને ટેલિકાસ્ટ દ્વારા દર્શનલાભ... (૪-૮-૧૯૯૪)



પ્રાગનાં ઐતિહાસિક સ્થળોએ શ્રીહરિકૃષ્ણ મહારાજનાં પગલાં...
શિલ્પ, કોતરકામ અને ચિત્રોથી શોભતા સિટી હોલને દૃષ્ટિપ્રસાદીભૂત કરતા સ્વામીશ્રી, સાથે સંતો.
(૫-૮-૧૯૯૪)



૧૪મી સદીના ઐતિહાસિક સ્થાપત્ય સિટી હોલના પ્રાંગણમાં સ્વામીશ્રી, સાથે પ્રો. ફ્રિચ તથા સંતો...
(૫-૮-૧૯૯૪)



સિટી હોલના ટાવરના
વિખ્યાત ઘટીયંત્રની નીચે
શ્રીહરિકૃષ્ણ મહારાજ સાથે
સ્મૃતિછબિ આપતા સ્વામીશ્રી...
(૫-૮-૧૯૯૪)



સેંટ વીટસ ચર્ચના પ્રાર્થના-સ્થળે સૌનું ભલું ઇચ્છતાં પ્રાર્થનામાં એકતાર સ્વામીશ્રી...
(પ્રાગ, ૫-૮-૧૯૯૪)



વિશાળ રાજભવનને પ્રસાદીભૂત કરતા સ્વામીશ્રી...
(પ્રાગ, ૫-૮-૧૯૯૪)



સાંસ્કૃતિક વટાવા નદીને નૌકાવિહાર દ્વારા તીર્થત્વ અર્પતા સ્વામીશ્રી...
(પ્રાગ, ૬-૮-૧૯૯૪)



ીહરિકૃષ્ણ મહારાજનાં પ્રસાદીભૂત પુષ્પો નદીમાં પધરાવી સૌના મંગલની પ્રાર્થના કરતા સ્વામીશ્રી...
(પ્રાગ, ૬-૮-૧૯૯૪)




આંતરરાષ્ટ્રીય કાર્યકર અધિવેશનમાં યુવા કાર્યકરોને પ્રેરણા આપતા સ્વામીશ્રી...
(વિદ્યાનગર, ઓક્ટોબર, ૧૯૯૪)



ઇનામ-વિતરણ સભામાં કાર્યકરોની સેવા-ભક્તિને બિરદાવતા સ્વામીશ્રી...
(વિદ્યાનગર, ઓક્ટોબર, ૧૯૯૪)




મહેસાણાના શિખરબદ્ધ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે પ્રાણઆહ્‌વાન કરતા સ્વામીશ્રી...
(૧૦-૧૨-૧૯૯૪)



મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા બાદ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રથમ આરતી ઉતારતા સ્વામીશ્રી...
(૧૦-૧૨-૧૯૯૪)



૭૪મા જન્મજયંતી મહોત્સવ પ્રસંગે પ્રાતઃપૂજામાં લીન સ્વામીશ્રી..
પ્રાણપ્યારા ગુરુહરિને ભક્તિઅર્ઘ્ય અર્પતાં પ્રજ્વલિત દીવડાઓથી વધાવતો ભક્તસમુદાય...
(૧૦-૧૨-૧૯૯૪)



શોભો સાધુ ગુણે સદા સરળ ને, જક્તે અનાસક્ત છો,
શાસ્ત્રીજી ગુરુ યોગીજી ઉભયની, કૃપાતણું પાત્ર છો;
ધારી ધર્મધુરા સમુદ્ર સરખા, ગંભીર જ્ઞાને જ છો,
નારાયણસ્વરૂપદાસ ગુણીને, સ્નેહે જ વંદું અહો.



સંદેશો શ્રીજીનો જગમાં ફેલાવે

સન ૧૯૯૧
એક નવો દાયકો

તા. ૧/૧/૧૯૯૧થી ન કેવળ નવું વર્ષ, પરંતુ એક નવો દસકો શરૂ થઈ રહેલો. ગુરુપદે બિરાજ્યા પછીનો સ્વામીશ્રીનો પ્રથમ દાયકો (સન ૧૯૭૧-૮૦) મહદંશે તેઓના વિશ્વવ્યાપી અને વિશ્વવિક્રમી વિચરણ ખાતે નોંધાયો. આ સમયગાળા દરમ્યાન વર્ષના દિવસો કરતાં ઘૂમી વળેલાં ગામો-શહેરોની સંખ્યા વધુ રહે તે ઝડપથી સ્વામીશ્રી ઘેર-ઘેર પહોંચ્યા. તેઓએ સાધેલા આ ઘનિષ્ઠ લોકસંપર્કને કારણે કેટલાય મનુષ્યો પ્રેરણા તેમ જ પરિવર્તન પામ્યા. આદિવાસીના કૂબામાં પાથરેલા ગાર-માટીના લીંપણથી લઈને વિદેશી મહેલાતોની મુલાયમ જાજમ પર એકસરખા ભાવથી પગલાં પાડનારા આ મહાત્માને નીરખીને દુનિયા દંગ રહી ગઈ.

ગુરુપદે બિરાજ્યા પછીનો સ્વામીશ્રીનો બીજો દાયકો (સન ૧૯૮૧-૯૦) મહદંશે ઉત્સવપ્રધાન રહ્યો. આ સમયાવધિ દરમ્યાન એક-એક, બબ્બે મહિના સુધી ધમધમતા રહેલા ઉત્સવો ઊજવીને સ્વામીશ્રીએ ખોલી આપેલી નવી દિશાઓથી માનવી તો ઠીક, પરંતુ પ્રશાસન પણ તેઓમાંથી ઘણું શીખ્યું. મહોત્સવનો આ માહોલ તેઓએ એક જમાનામાં વિશ્વની રાજધાની

કહેવાતા ઈંગ્લેન્ડમાં પણ એક મહિના સુધી ખડો કર્યો ત્યારે તો સૌ અવાક્ જ થઈ ગયા. તે પર છોગાની જેમ આ દાયકાનાં અંતિમ વર્ષોમાં ઉપરાછાપરી આંતરરાષ્ટ્રીય બાળ અને યુવા મહોત્સવો યોજીને સ્વામીશ્રીએ નેતાથી માંડીને નાગરિક સુધીના સૌને વિસ્મિત કરી મૂક્યા.

આ ઉપરાંત ઉપરોક્ત દસકામાં તેઓના દ્વારા થયેલા કૅટલ કૅમ્પ કે ૨૦૦-૨૦૦ સુશિક્ષિત યુવાનોને સામૂહિક સંતદીક્ષા જેવાં કંઈક કાર્યોને જોઈ વિશ્વ સમગ્ર *'જેની તુલ્ય બીજો નવ જાણીએ...'* કહી સ્વામીશ્રીને બિરદાવી રહ્યું.

અલબત્ત, લોકનજરમાં અદ્વિતીય ઠરેલા સ્વામીશ્રીએ છેલ્લાં વીસ વર્ષમાં ઉપાસનાના પ્રવર્તન માટે તો પાછું વળીને ન જ જોયું, પરંતુ તેઓએ પોતાના શરીર સામે પણ ન જોયું. એટલે જ હૃદયરોગના હુમલાથી લઈને અનેક શસ્ત્રક્રિયાઓ તેઓના શરીર પર થઈ. છતાં *'પાછા ન વળે રે, કોઈના તે ન રહે ઝાલ્યા...'*ની જેમ આગળ ધસતા રહેલા સ્વામીશ્રી તા. ૧/૧/૧૯૯૧ના રોજ આવી પહોંચ્યા એક નવા દસકાના ઉંબરે. આ દાયકામાં વરસેલી તેઓની અમૃત-ધારાઓનું આચમન કરવા ચાલો, પ્રયાણ કરીએ.

શરણું મૂકવું નહીં

સન ૧૯૯૧ના પ્રથમ દિવસે સૂર્ય ક્ષિતિજ પર દેખાય તે પહેલાં ભાદરા મંદિરના ભંડારની ઓસરીમાં સ્વામીશ્રી ભ્રમણ કરવા પધાર્યા, પરંતુ પરોઢના આ પ્રહરમાં ઠંડી એવી કાતિલ હતી કે ગરમાટા માટે મૂકેલી સગડીઓ મીણબત્તી જેવી જણાતી હતી. તેથી જ સંતોએ ખુલ્લી ઓસરીને બદલે બંધ સભામંડપમાં ભ્રમણ કરવા સ્વામીશ્રીને વિનંતી કરી, પરંતુ તેમ કરવામાં વ્યવસ્થિત ગોઠવાઈ ગયેલા હરિભક્તોને ઊઠ-બેસ થાય એમ હોવાથી સ્વામીશ્રીએ સ્થળની ફેરબદલી માટે 'ના' પાડી દીધી. નવા દાયકાના પાયામાં તેઓની ભક્તવત્સલતા પુરાઈ!

તે સાથે ભ્રમણ પૂરું કરી પ્રાતઃપૂજા, અલ્પાહાર વગેરે નિત્યક્રમથી પરવારેલા સ્વામીશ્રીએ પારાયણમાં સંતોને ઉદ્દેશી કહ્યું: 'જે વખતે જ્યાં જેવું મળે એનાથી સંતોષ માનવો. નિષ્કામધર્મ સિદ્ધ કરવો. 'જગતમાં સ્ત્રી જન્મી જ નથી' એ ભાવથી રહીએ તો આ ધર્મ દૃઢ રહે. સંતને પદાર્થનો લોભ પણ ન રાખવો. આપણે ક્યાં સરવણીમાં મૂકવા છે? લોભ રાખવો, પણ ભગવાનનાં દર્શન, કથા-વાર્તા, ધરમ-નિયમનો.'

ધર્મનો આ ઢોલ-બોલ સંભળાવી મંદિરના કાર્યાલયમાં પહોંચેલા સ્વામીશ્રીએ અહીં ધનુર્માસ નિમિત્તે પાટી પર બ્રહ્મસૂત્ર લખી આપ્યું કે – 'ભગવાન ચિંતામણિ છે અને સંત પરમ ચિંતામણિ છે. માટે તે મહિમા સમજાય તો કોઈ વાતની ખોટ ન રહે.'

આ લખાણને કાયમ માટે સાચવવાની ચર્ચા સંતો કરવા લાગ્યા ત્યારે સ્વામીશ્રી છાતી પર હાથ મૂકતાં બોલ્યા: 'અહીં લખઈ જાય તો બધું સારું જ છે.'

'પણ એ (હૃદયરૂપી) સ્લેટ તો કટાઈ ગઈ છે.'

'એ બધુંય નીકળી જશે. કોણ મળ્યા છે! શરણું મૂકવું નહીં, તો કાટ-બાટ કાઢીને ચોખ્ખા કરી દેશે. સ્વભાવ, દોષ, વાસના બધું નીકળી જશે.' સ્વામીશ્રીએ બળકટ બાંયધરી આપી દીધી.

શ્રીહરિ કો જાચક અહં

તા. ૧/૧ની સાંજે ભાદરા આવેલા આણદા ગામના સરપંચ સહિત અન્ય આગેવાનો સ્વામીશ્રી પ્રત્યે કૃતજ્ઞતા અનુભવી રહેલા. તે સાથે જ તેઓ સ્વામીશ્રીને પોતાને ગામ પધારવા પ્રેમાગ્રહ કરવા માંડ્યા. તેઓની આ વિનંતી સહેતુક હતી, કારણ કે દુષ્કાળના દિવસોમાં તેઓને ગામ પહોંચેલા સ્વામીશ્રીએ એક સામાન્ય ઓટલા પર બેસી સૌને છાશ વહેંચી હતી. તેથી સૌની આંતરડી જરૂર ઠરેલી, પણ આ પ્રસંગે સ્વામીશ્રીનો કોઈ મોભો-મલાજો જાળવી ન શકાયાનો રંજ પણ આ ગામવાસીઓને રહી ગયેલો.

આ ખેદને ખદેડવાના ઉપાયરૂપે સૌએ નિર્ણય કરેલો કે 'સ્વામીશ્રીને આપણા ગામમાં પુનઃ પધરાવી તેઓનું ધામધૂમપૂર્વક સન્માન કરવું.'

પરંતુ સેવા સારુ વગર બોલાવ્યે દોડી જનારા સ્વામીશ્રી, સન્માન સ્વીકારવા માટે આમંત્રણ હોવા છતાં ન ગયા.

આવી ઉમદા જીવનશૈલી ધરાવતા તેઓ તા. ૨/૧ની સવારે કથામાં જવાનો સમય થતાં બોલ્યા: 'ચાલો, શાળામાં...'

સ્વામીશ્રીને મન કથા-વાર્તા એટલે બ્રહ્મવિદ્યાની શાળા. તે દ્વારા અનેકનાં જીવનને ઘડતા તેઓ તા. ૬/૧ની સવારે ડાંગરામાં ગોળ-ઉત્સવ કરી સાંજે વિસામણ અને પડધરીને પાવન કરતાં રાજકોટ આવી પહોંચ્યા. તેઓના આગમન સાથે જ અહીં નિર્માણાધીન મંદિરના કાર્યને વેગ મળવા માંડ્યો.

તેની વચ્ચે તા. ૧૦/૧ની સવારે મંદબુદ્ધિ બાળકોના તાલીમકેન્દ્ર 'સ્નેહનિર્ઝર'માં પધરામણી કરી ઉતારે પરત ફરેલા સ્વામીશ્રી સમક્ષ વૃદ્ધ સત્સંગી શ્રી મૂળજીભાઈએ સ્વાનુભવ ઠાલવ્યો કે 'બાપા! આપ બધા પર ખૂબ દયા કરો છો.'

'દયા તો આપણા સૌ પર ભગવાન કરે છે. અમે તો ભજન કરીએ-કરાવીએ છીએ.'

'પણ સ્વામી! આજના જવાનિયા મા-બાપનુંયે નથી માનતા, જ્યારે આપનું માને છે.'

'યોગીબાપાની કૃપા.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આમ, પોતાની પ્રત્યેક સિદ્ધિને ભગવાનની દયા અને ગુરુની કૃપામાં જ સમાવી લેતા તેઓએ તા. ૧૨/૧ની સવારે સંત આશ્રમના એક ભાગમાં આવેલા મારુતિનું વિધિવત્ પૂજન કરી આ મૂર્તિનું નામ 'સંકલ્પસિદ્ધ હનુમાન' પાડ્યું.

તેની થોડી ક્ષણો બાદ જ ઓરિસ્સાના ગવર્નર શ્રી યજ્ઞદત્ત શર્મા સ્વામીશ્રીને મળવા દોડી આવ્યા. તેઓ માટે સ્વામીશ્રીએ પોતાની બેઠક જેવી જ બેઠક તૈયાર રખાવેલી, પરંતુ 'आपके बराबर बैठने के लिए दस जन्मों में भी मैं कहाँ योग्य हूँ?' કહેતાં એ રાજ્યપાલે ભોંય પર જ સ્થાન લીધું.

તે સાથે શરૂ થયેલા વાર્તાલાપમાં એક ક્ષણે આ મહાનુભાવ અહોભાવ ઉચ્ચારી ગયા કે 'स्वामीजी! आप भगवान को प्रार्थना क्यूँ करते हो? भगवान तो आपके चरणों के दास है। आप के बस में भगवान है।'

આ સાંભળતાં જ આંચકો ખાઈ ગયેલા સ્વામીશ્રીએ તરત જ સ્પષ્ટતા કરી કે 'नहीं... नहीं... हम भगवान के दास हैं।'

આ ખુલાસામાંથી *'શ્રીહરિ કો જાચક અહં...'*નાં તેઓના સ્વરૂપનાં દર્શન થયાં.

પહેલેથી એવી ખોટી આદત નહીં

તા. ૧૪/૧ની સવારે રાજકોટમાં ઝોળીની આહ્‌લેક લગાવી સાંજે ગોંડલ પહોંચેલા સ્વામીશ્રીનો લાભ લૂંટવા અહીંનો સભામંડપ પણ ખીચોખીચ ભરાયેલો. તેમાં સૌને આશીર્વાદ પાઠવી સ્વામીશ્રી દર્શનદાન આપવા બિરાજ્યા ત્યારે ભાવિકો પુણ્યપર્વણી નિમિત્તે આર્થિક અનુદાન દેવા આવવા લાગ્યા. તેમાંના એક બિરાદરની ઓળખ આપતાં વ્યવસ્થાપકે કહ્યું: 'બાપા!

આ અનવરભાઈ છે.'

'હું ઓળખું છું.' આમ કહેતાં સ્વામીશ્રી બોલવા લાગ્યા: 'આમના પિતા રજબભાઈ હાસમભાઈ. તેમના વડવા કાળાભાઈ કેશવભાઈ. આ કુટુંબ જૂનું, પ્રસાદીનું છે. ગોંડલના રાજમાતા મોંઘીબા કેશવજીભાઈને અક્ષર દેરીના ઓટે રોજ દીવો કરવા મોકલતા. અક્ષર મંદિર થયું ત્યાં સુધી તેઓ ઓટે નિયમિત દીવો કરવા આવતા.'

સ્વામીશ્રીના મુખેથી વિશેષતા સહિત વંશાવલી સરતી જોઈ પેલા આગંતુક મુરબ્બી તો ભાવવિભોર બની બોલી ઊઠ્યા: 'આટલું તો હું પણ મારા કુટુંબ વિષે જાણતો નથી! સ્વામીશ્રીને તો આટલી ઉંમરે નામ સહિત બધું યાદ છે.'

સ્વામીશ્રીના પ્રેમનો પનો કેવળ સત્સંગીઓ સુધી જ નહીં, પરધર્મી સુધી પણ વિસ્તરેલો હતો. સૂર્યને સીમાડા કેવા!

આ વિશાળતા સાથે વર્તતા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૧૫/૧ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની એક વિદ્યાશાખાના છાત્રોની શિબિર યોજાઈ.

તેમાં ધર્મલાભ આપી સ્વામીશ્રી વિશ્રામમાં જવા પલંગ પર બિરાજ્યા ત્યારે ઓરડામાં મૂકેલા હીટર આગળ બેસી હાથને ગરમ કરી રહેલા એક સંતને જોઈ તેઓ બોલ્યા: 'ગામડે શિયાળામાં ફળિયા વચ્ચે જ તાપણું કરે અને ફરતાં વીંટળાઈને સૌ બેસે. કો'ક દાતણ કરે, કો'ક તાપે...'

'આપ આ રીતે બેસીને દાતણ કરતા?'

'કર્યું જ હોય ને!'

'બહુ ઠંડી હોય ને ખસવાનું મન ન થાય ત્યારે તો આપને આખું દાતણ પૂરું થઈ જતું હશે, કેમ?'

'ના, પહેલેથી એવી ખોટી આદત નહીં. ટાઈમ ટુ ટાઈમ બધું થાય. ટાઈમ થાય એટલે પતી જાય. ટાઈમ (વેડફાઈ) જાય એવું પહેલેથી જ નહીં. દાતણમાં કલાક કાઢવાનો નહીં.' સ્વામીશ્રીએ જણાવ્યું.

સુટેવો તો તેઓના જીવનમાં ફૂલમાં સુગંધની જેમ પ્રથમથી જ જોવા મળતી.

સર્વે હસ્તામલ તુલ્ય લેખું

તા. ૧૬/૧ની સવારે ઘોઘાવદરના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ

મહારાજને પ્રતિષ્ઠિત કરી ગોંડલ પરત પધારેલા સ્વામીશ્રીએ અહીં ઇરાક અને અમેરિકા વચ્ચે ફાટી નીકળેલી ભીષણ લડાઈના અંત માટે ધૂન-પ્રાર્થના કરાવ્યાં.

સહાનુભૂતિની આ સરવાણી સાથે રાજકોટ આવેલા તેઓએ અત્રે તા. ૧૭/૧ની સવારે શહેરના અગ્રણીઓની ઉપસ્થિતિમાં પ્રમુખસ્વામી પ્લેનેટેરિયમ અને ઓ. વી. કમ્યુનિટી સાયન્સ સેન્ટરનો ખાતવિધિ કર્યો.

તે પછી મંદિરે જવા નીકળેલા સ્વામીશ્રીને એક સંતે કહ્યું: 'રાજકોટમાં આપે મંદિર માટે જેટલી જમીનો જોઈ એટલી ક્યાંય નહીં જોઈ હોય.'

'શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપાએ પણ ખૂબ જમીનો જોઈ. એની રીતે રીત આપણી.'

આ સાંભળી ગાડીચાલક બોલ્યો: 'પરંતુ સ્વામી! આપને તો ખ્યાલ જ હોય ને કે મંદિર તો આ જગ્યાએ જ થવાનું છે.'

'ખ્યાલ તો હોય, પણ લૌકિક રીતે બોલે નહીં.'

સ્વામીશ્રીના આ પ્રતિભાવમાંથી *'સર્વે હસ્તામલ તુલ્ય લેખું...'*નું તેઓનું સામર્થ્ય પ્રકાશી રહ્યું.

પરંતુ તેને ઢાંકીને વર્તતા તેઓ આજની સાંજે ફન વર્લ્ડ અમ્યુઝમેન્ટ પાર્કનાં દ્વાર ખોલી તા. ૧૮/૧ના રોજ બામણબોર થઈને પોરડા પહોંચ્યા.

અત્રે પ્રમુખસ્વામી મહારાજ ટાવર અને ગામના પુસ્તકાલયનું ઉદ્‌ઘાટન કરી સ્વામીશ્રી વિદ્યાનગર, આણંદ, બોરસદ, વાસદને લાભ આપતાં તા. ૨૦/૧ની સવારે વડોદરા પધાર્યા.

અહીં તેઓ રેસકોર્સ વિસ્તારમાં એક પધરામણી માટે પહોંચ્યા ત્યારે તે ઘર તો ચણાતું હોવાથી આંગણામાં જ રેતીનું રણ અને ઢેખાળાઓના ઢગલા ખડકાયેલા. તેને વળોટીને સ્વામીશ્રી આગળ વધ્યા ત્યાં એ બંધાતા ઘરના ટપકતા પાણીએ તેઓનો અભિષેક કર્યો. તે ઝીલી આગળ વધેલા તેઓના માર્ગમાં આવી મોદિયું પાથરેલી રેતીની ફર્શ! તેની સાથે ઉમેરાયાં – કૂતરાંના ઘાંટા અને ઉપલા માળે પડી રહેલા ઘણના ઘાનું સંગીત!!

વાતાવરણની આવી વિષમતામાંયે એક ગુણભાવીને રાજી કરી સ્વામીશ્રી અટલાદરા પહોંચ્યા.

કંટાળો કોઈ પર ન આવે

તા. ૨૧/૧ના રોજ વસંત પંચમીનો ઉત્સવ ઉમંગભેર ઊજવી આજની

રાત્રે ઉતારામાં બિરાજેલા સ્વામીશ્રીને હરિભક્ત શ્રી ગોવિંદભાઈ ફોજદારે એક ડબ્બો ભેટ ધર્યો. તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ શું છે ?'

'આપના માટે બૂસ્ટ (દૂધમાં નાંખવાનો પાઉડર) છે.'

'આપના માટે નહીં, ઠાકોરજી માટે લાવવું.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓને પોતાના માટે કશું ન ખપે. અલબત્ત, તેઓનો આ વૈરાગ્ય શુષ્ક નહીં, પણ શીતળ. તેથી સૌને અજવાળે, દઝાડે નહીં.

આ અનુભવ થયો – તા. ૨૪/૧ને.

આજની બપોરે ભોજન બાદ નિત્યક્રમ પ્રમાણે સ્વામીશ્રીને કોગળા કરવા અપાયેલા પાણીમાં મીઠાની જગ્યાએ ભૂલથી ખાંડ નંખાઈ ગયેલી ! છતાં સ્વામીશ્રી તરફથી કોઈ તીખો-કડવો પ્રતિભાવ ન આવ્યો.

આ સ્થિરતા સાથે જ આજની રાત્રે પણ ભોજન લઈ રહેલા તેઓ સમક્ષ યુવક શ્રી રક્ષિત રાવલ જુદી જુદી કલ્પનાઓનો સાથ લઈ 'સ્વામીશ્રી કોણ ?' તે ઓળખાવવાનો પ્રયાસ કરવા લાગ્યા, પરંતુ સ્વામીશ્રીને કોઈ કલ્પના બંધબેસતી જણાતી નહોતી. જેમ કે, 'તેઓ સાગર જેવા વિશાળ ખરા, પણ ખારા નહીં. તેથી તેઓને સાગર જેવા કેમ કહેવાય ?' 'સ્વામીશ્રી વૃક્ષ જેવા પરોપકારી, પણ ઝાડની પેઠે સ્થાયી નહીં. તેથી તેઓને વૃક્ષ સાથે કેવી રીતે સરખાવી શકાય ?' આ રીતે સૂર્ય, ચંદ્ર વગેરે તત્ત્વોને સાંકળી લઈને છેલ્લે પેલા યુવકે પૂછ્યું : ''સ્વામી ! આપને કોઈ ઉપમા આપી શકાય તેમ નથી, તો હવે આપ જ જવાબ આપો કે 'આપ કોણ છો ?''

આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં સ્વામીશ્રીએ મૌન સેવતાં તેઓને પુનઃ પુછાયું ત્યારે તેઓ બોલ્યા : 'આપણે તો સાધુથી પર કોઈ પદવી નથી અને ભગવાનનું સ્વરૂપ છે, અક્ષરનું સ્વરૂપ છે, એટલે એમાં બધું આવી ગયું ને !'

આ યથાર્થ ઉત્તર કરી મુલાકાતો આપવા બિરાજેલા સ્વામીશ્રીના દ્વારે રાત્રે સવા દસ વાગ્યા સુધી મળનારાઓની હારમાળા ચાલી. ત્યારબાદ અગિયાર વાગ્યા સુધી પત્રવાંચનમાં પરોવાયેલા સ્વામીશ્રીની આ સેવા વિરમી ત્યારે સામે ઊભેલા નારાયણમુનિદાસ સ્વામીએ કહ્યું : 'આજે પત્ર લખવાનો સમય સારો મળ્યો, કેમ ?'

''પૂરી વંચાઈ જ નથી તો લખવાની ક્યાં વાત ? આજે મને એમ કે 'મળનારું કોઈ નથી,' એટલે ટપાલ મંગાવી. ત્યાં મળવાનું શરૂ થયું તે સવા દસે માંડ છૂટ્યા. હમણાં મેં એક કાગળ લીધો તે દસ વાર ઉપાડ્યો ને દસ

વાર મૂક્યો. કાગળ હાથમાં લઉં ને બારણું ઊઘડે. બધાને એમ કે 'મંઈ નવરા બેઠા હશે.''

સ્વામીશ્રીએ વર્ણવેલી આ પરિસ્થિતિ સાંભળી પેલા સંતે પૂછ્યું: 'આવું બને ત્યારે મળનારા પર કંટાળો આવે કે ટપાલ પર ?'

'કંટાળો કોઈ પર ન આવે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

જે ઘટનાક્રમ ઘટે તેને સ્વસ્થતાથી પચાવવાનું શીખેલા તેઓએ અડચણોનો ઓડકાર કદી ખાધો નહોતો.

'વચનામૃત'નું પંચામૃત

તા. ૨૫/૧ની સવારે મંદિરના સેવા-વિભાગોનું નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રીએ જૂની ઑફિસના જૂના બાંકડા પર બેસી પુરાણી સ્મૃતિનો પ્રસાદ વહેંચતાં કહ્યું: 'આ યજ્ઞપુરુષ ભુવન બંધાતું ત્યારે ચણવાનું કામ કરસન કડિયો કરતો. એને અમે પથરા આપતા.'

આમ, પ્રથમથી જ સેવાધર્મને વરેલા તેઓના વરદહસ્તે તા. ૨૭/૧ના રોજ સરસવણીમાં ધામધૂમપૂર્વક મૂર્તિપ્રતિષ્ઠા સંપન્ન થઈ. તે દ્વારા ગામવાસી ભક્તોની સેવાને સાર્થક કરતા સ્વામીશ્રીએ આજે અહીં આવતાં - જતાં માર્ગમાં આવેલાં ઘાયજ, ગોરિયાદ, સેજાકૂવા, રણુ અને સાધી ગામોને પણ લટકાંનો લાભ આપી દીધો.

તેને અનુસરતાં તેઓ તા. ૨૮/૧ની બપોરે અટલાદરામાં જમવા બિરાજ્યા ત્યારે સ્થાનિક યુવક શ્રી જગદીશ ફોટા પાડવા લાગ્યો. તેનો આ રોજનો ક્રમ થઈ પડેલો. તેથી આજે તેને પ્રસાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'હવે ફોટા ના પાડે એની આ પ્રસાદી છે. ફરી ફોટા ના પાડતો.'

કેવો અચરજકારી પ્રસાદ અને પ્રતિભાવ! દુનિયામાત્ર તસવીરઘેલી, જ્યારે સ્વામીશ્રીને તેનો ઊબકો!! તેઓની આ વીતરાગી પ્રતિભા પેલા યુવકના કચકડે નહીં, પણ કાળજડે જડાઈ ગઈ. તેઓ સમયાંતરે સ્વામીશ્રીના વરદહસ્તે દીક્ષિત થઈ ગયા.[૧]

આ રીતે દરેકના હૈયે સ્થાન જમાવતા સ્વામીશ્રીએ તા. ૨૯/૧ના રોજ આમોદમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી દીધા. તે દ્વારા અહીંના મંદિરને ચેતનવંતું કરી આજની સાંજે મંગણાદ થઈને જંબુસર પધારેલા તેઓએ,

---

૧. તેઓનું નામ સાધુ મંગલનયનદાસ રાખવામાં આવ્યું.

અત્રે વિશ્રામગૃહમાં દાતણ જોતાં વાત કરી કે 'પહેલાં દાતણ લાવવાનું કામ પાર્ષદો કરે. અમે અટલાદરા હતા ત્યારે ખેતરમાં દાતણ લેવા જતા.'

આવા સેવાભાવી સ્વામીશ્રી તા. ૩૦/૧ની સવારે ગજેરા થઈને દૂધવાડા પધાર્યા ત્યારે અહીં નવનિર્મિત મંદિરમાં પ્રતિષ્ઠાનાં પડઘમ ગાજી રહ્યાં.

તેની વચ્ચે અક્ષર-પુરુષોત્તમ મહારાજને પ્રતિષ્ઠિત કરી તેઓ અટલાદરા પધાર્યા ત્યારે અત્રે તા. ૩૧/૧ના રોજ રણુ-સ્થિત તુલજામાતા મંદિરના મહંત શ્રી રાજેન્દ્રગિરિજી આવી પહોંચ્યા. તેઓએ વચનામૃતની હિંદી પ્રત સ્વામીશ્રી સમક્ષ ધરતાં કહ્યું: 'આમાં આશીર્વાદની સાથે આપની પસંદગીનાં જે વચનામૃત હોય તે પણ લખજો. હું દરરોજ એ વાંચીશ.'

તેઓની આ વિનંતી સાંભળી સ્વામીશ્રીએ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૭, વરતાલ પ્રકરણ ૧૧ અને ૨૦ – આ ત્રણ વચનામૃતના આંકડા લખ્યા. તેની સાથે યોગીજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજનાં પ્રિય - પ્રાસાદિક વચનામૃત અનુક્રમે ગઢડા પ્રથમ પ્રકરણ ૭૬ અને ગઢડા મધ્ય પ્રકરણ ૭નો પણ ઉલ્લેખ કર્યો. તેઓએ પીરસેલું વચનામૃતનું આ પંચામૃત સૌ માટે પુષ્ટિદાયક છે.

દીન ઉપર દયા ઘણી

તા. ૩૧/૧ની સવારે આવેલા ભાયાપુરાના શ્રી અંબાલાલભાઈએ મોતિયો ઉતરાવવાના આશીર્વાદ લીધા બાદ સ્વામીશ્રીને પૂછ્યું: 'હવે ક્યારે ધામમાં લઈ જાઓ છો?'

'હજી વાર છે. મોતિયો ઉતરાવો, પછી જોઈશું.'

'પહેલાં લઈ જાઓ તો સારામાં સારું.'

'ના, ત્યાં પાછું દર્શન કરવામાં મોતિયો નડે.'

સ્વામીશ્રીના આ અભિપ્રાયથી ચારેકોર હાસ્ય વેરાઈ રહ્યું.

તેની વચ્ચે ભોજન માટે બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ જમીનોનાં માપની વાતો નીકળી. આ વિષય તો તેઓ માટે હથેળીમાં જળનું ટીપું; તેથી તેઓ બોલવા લાગ્યા કે 'દરેક જગ્યાએ વીઘો નાનો-મોટો થાય. કાઠિયાવાડમાં અઢી વીઘે એક એકર થાય ને ચરોતરમાં પોણા બે વીઘે. ભરૂચ બાજુ બે વીઘે એકર થાય. ૪૦ ગુંઠે એક એકરનું માપ બધે સરખું.'

પોતાની સર્વક્ષેત્રિય કુશળતાનો આ એક ચમકારો બતાવી હરિભક્તોને

માર્ગદર્શન આપવા બિરાજેલા સ્વામીશ્રી પાસે એક તેજસ્વી પણ ગરીબ વિદ્યાર્થી આવી ચડ્યો. રાષ્ટ્રીય કક્ષાની એક પરીક્ષા અંગે તેને પાંચ લાખ રૂપિયાની રકમ ભરવાની થયેલી, પરંતુ આ કમરતોડ બોજો વેઠવો અશક્ય હોવાથી હવે IASની પરીક્ષા આપવા વિચારી રહેલા આ યુવાનને સ્વામીશ્રીએ કહ્યું : 'તું આ પરીક્ષા આપી દેજે અને ત્યારપછી જરૂર પડે તો હું જ્યાં હઉં ત્યાં મને મળી જજે.'

તેઓની આ હૈયાધારણથી એક ગબડતું યુવાધન ઉન્નતિના શિખર તરફ પુનઃ અગ્રેસર થઈ ગયું. *'દીન ઉપર દયા ઘણી, જેનો કોઈ ન હોય ધણી...'* સમા હતા સ્વામીશ્રી !

આપણે ક્યાં ભેટ લેવા આવ્યા છીએ ?

તા. ૧/૨ની સવારે સ્વામીશ્રી મંદિરમાં દર્શન કરવા પધાર્યા ત્યારે અત્રે પ્રતિષ્ઠિત છયે મૂર્તિના વાઘા તથા શણગાર જુદા જુદા હતા. શ્રીજીમહારાજ જાણે બેઠા હોય તેવાં દર્શન આપી રહેલા, તો ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીએ અનુક્રમે સાધુ તથા પંડિતનો પરિવેશ પહેરેલો. હરિકૃષ્ણ મહારાજનો ઠાઠ રજવાડી હતો, તો લક્ષ્મીજી રાજરાણી બનીને શોભી રહેલા. નારાયણે કાઠિયાવાડી વેશ પરિધાન કરેલો.

આ વિષયક જ વાતો સ્વામીશ્રીના અલ્પાહાર દરમ્યાન નીકળી ત્યારે સ્વામીશ્રીએ એક સંતને વાઘાનું વર્ણન કરવા કહ્યું. પરંતુ તેઓ યથા-તથા કહી ન શક્યા, તે વખતે સ્વામીશ્રીએ પ્રત્યેક મૂર્તિની શોભાનું અદલ વર્ણન કરી આપ્યું ! તે સાંભળી સૌ ચકિત રહી ગયા.

આમ, *'નીરખી નીરખી છબી નૈનન મે રખિયાં...'*ની પ્રેમભક્તિના પંથે વિહરતા સ્વામીશ્રી આજની સવારે અટલાદરાથી નીકળી વાસદ જઈ પહોંચ્યા.

અત્રે દાવોલના શ્રી બેચરભાઈ પટેલની બે કચેરીઓમાં પધરામણી કરી તેઓ આગળની મુસાફરી માટે જ્યાં ગાડીમાં બિરાજ્યા ત્યાં જ સ્થાનિક વ્યવસ્થાપકે પૂછ્યું : 'સ્વામી ! બેચરકાકા પુછાવે છે તો તેઓ પાસેથી ભેટ શું લેવી ?'

'આપણે ક્યાં ભેટ લેવા આવ્યા છીએ ? એ રાજી થાય ને એમને સંતોષ થાય એ ઘણું છે.' આટલું બોલતાં સ્વામીશ્રી દરવાજો બંધ કરી આગળ હંકારી ગયા. તેઓના અવિરત વિચરણનો હેતુ આટલો શુદ્ધ અને સ્પષ્ટ રહેતો.

મારા જેવો કે'નાર તને નહીં મળે

વાસદથી નીકળેલા સ્વામીશ્રી બોરસદ, નાર તેમ જ સોજિત્રાને લાભ આપતાં વિદ્યાનગર આવી પહોંચ્યા ત્યારે અહીં તા. ૨/૨ની સવારે છાત્રાલયનું રસોડું સંભાળતા ચંદુ ભગતે કહ્યું: 'સ્વામી! આ અંબાલાલકાકાને ૭૫ વર્ષ પૂરાં થાય છે તો તેઓની તુવેરદાળથી તુલા કરવાની સૌને ઇચ્છા છે.'

અંબાલાલકાકા આણંદની દુકાને-દુકાને ઘૂમીને તુવેરદાળ ઉઘરાવતા અને સંસ્થાના દરેક મંદિરમાં મોકલતા. તેથી મુકાયેલો ઉપરોક્ત પ્રસ્તાવ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'એમની જે સેવા ને નિષ્ઠા છે, એમણે સંસ્થા માટે જે કર્યું છે એની સામું જોઈએ તો હીરા-માણેકથી જોખો તોય ઓછું છે. દાળથી શું?'

ભક્તોનો આવો અકલ્પ્ય મહિમા સમજતા સ્વામીશ્રી આજે આશી પધાર્યા ત્યારે અહીં તેઓના વરદહસ્તે સરદાર ભુવન તથા સેન્ટ્રલ બેંકની શાખાનાં ઉદ્‌ઘાટનો થયાં. વળી, ગામમાં કાર્યરત વિવિધ સહકારી મંડળીઓના જૂથનો રજત જયંતી ઉત્સવ પણ આ અરસામાં ચાલી રહેલો. તેમાંયે આશીર્વાદ પાઠવી શ્રી મૂકેશભાઈ પટેલના ઘેર પધારેલા સ્વામીશ્રી પાસે બોરસદના એક મધ્યમવર્ગીય હરિભક્ત આવી ચડ્યા. તેઓ પોતાની દીકરીના લગ્નપ્રસંગે હજાર માણસોને જમાડી ધામધૂમ કરવા ઇચ્છતા હતા.

તેઓને સ્વામીશ્રીએ કહ્યું: 'આવા મૂરખ જેવા વિચાર ન કરવા. લોકની મોટપ આપણે લેવી નથી. એમાં તણઈને આખી જિંદગી દેવું ચૂકવવું એનો કોઈ અરથ ખરો? આપણે આપણી પહોંચ પ્રમાણે કરવું. નજીકના સો-બસોને બોલાવી લેવા. તું મારું માન. મારા જેવો કે'નાર તને નહીં મળે.'

લોકેષણાની લાયમાં બળતા એક જીવને પોતાની અમૃતધારાથી ટાઢો પાડતા સ્વામીશ્રીના મુખેથી આજે તેઓનો પરિચય પણ અનાયાસે સરી પડ્યો.

સાચે જ, તેઓ જેવા નિપુણ અને નિઃસ્વાર્થ વક્તા ક્યાં મળે એમ છે!

આજ્ઞાકારી છે જેહનાં અંગ

તા. ૨/૨ની સાંજે આશીથી નીકળેલા સ્વામીશ્રી વિદ્યાનગરની પંચાયત હૉસ્પિટલના પ્રાંગણમાં પહોંચ્યા ત્યારે અહીં નગરના વિકાસકાર્યમાં મદદરૂપ થનારા શ્રેષ્ઠીઓનો સન્માન સમારોહ શરૂ થયો. સંસ્થા તરફથી પણ ગ્રામ-

પંચાયતને માતબર રકમની સખાવત મળી હોવાથી આ રુગ્ણાલયમાં મૂકેલી તકતીનો અનાવરણવિધિ કર્યા બાદ સ્વામીશ્રી સભામાં બિરાજ્યા ત્યારે ઉદ્‌ઘોષકે જાહેરાત કરી કે 'હવે નાની બચત યોજનાના એજન્ટોને રોકડ રકમનાં ઈનામો પ્રમુખસ્વામી મહારાજના હસ્તે અપાશે.'

પરંતુ સ્વામીશ્રીએ ચલણી નાણાં ભરેલાં એ પરબીડિયાંઓનો સ્પર્શ સુધ્ધાં ન કરતાં ઈનામ વિતરણનો કાર્યભાર બાજુમાં બેઠેલા શ્રમમંત્રી શ્રી રામસિંહ પરમારને સોંપી દીધો.

આવા ધર્મમય સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા તા. ૩/૨ની સવારે ખાનકૂવાના મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા. આ મંદિરનો લાભ લેવા ગામની જનતાને અનુરોધ કરી, તા. ૪/૨ના રોજ લાંભવેલ પહોંચેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીં પંચાયત ભુવનનું ઉદ્‌ઘાટન થયું.

આ સમયે ગામના અગ્રણીઓએ, વૉટર વર્ક્સનું પાણી પ્રદૂષિત થવાથી ઘણા લોકોને વળગેલી ગળાની બીમારીનો ઉલ્લેખ સ્વામીશ્રી સમક્ષ કર્યો. ગામની આ મુશ્કેલી જાણી સ્વામીશ્રીએ ઠાકોરજીનાં પ્રસાદીભૂત પુષ્પો પાણી ભરેલા જગમાં પધરાવ્યાં. તે પછી તેમાં પોતાના હાથનો અંગૂઠો પણ બોળી તેઓએ તે પ્રાસાદિક જળ ગામના પાણીમાં પધરાવવા આપ્યું. સ્વામીશ્રીની આ કૃપાથી પાણીનું પ્રદૂષણ સદંતર ટળી ગયું અને ગામવાસીઓ તે જળ પીવા છતાં રોગમુક્ત રહેવા લાગ્યા. તેથી આ ગામ સ્વામીશ્રીનું સદાયનું ઋણી બની રહ્યું.

અક્ષરધામના છીએ

લાંભવેલમાં લાભની વેલ ખીલવી ગુતાલ પધારેલા સ્વામીશ્રી અહીંના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજને પ્રતિષ્ઠિત કરી જઈ પહોંચ્યા – દેવીપૂજકોના વાસમાં.

અત્રે મહાકાળી મંદિરના નિકટવર્તી મેદાનમાં એકત્રિત થયેલા ગામના દેવીપૂજકોને સદાચારના પાઠ ભણાવી તેઓ વરતાલ, નડિયાદ, મહુધાને પાવન કરતાં કપડવંજ પહોંચ્યા.

આ ગામના નૂતન મંદિરમાં પણ તા. ૭/૨ના રોજ અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સ્વામીશ્રી ચીમનભાઈ અમીનના ઘેર ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે જેઓના નામના અંતે 'સ્વરૂપ' શબ્દ આવતો હોય તેવા સંતોની વાતો નીકળી. તે સંદર્ભમાં કોઈકે કહ્યું : 'અમદાવાદના મંદિરમાં આવાં

'સ્વરૂપ' ઘણાં છે.'

તે 'સ્વરૂપ'ની શૃંખલામાં સ્વામીશ્રીને પણ સાંકળતાં એક સંત બોલ્યા: 'સ્વામીબાપાનું નામ 'નારાયણસ્વરૂપ' છે અને તેઓયે અમદાવાદના કહેવાય.'

આ સાંભળી સ્વામીશ્રીને જ પુછાયું: 'બાપા! આપને ક્યાંના કહેવા?'

'અક્ષરધામના છીએ. બીજા ક્યાંના કહેવા?' આટલો ખુલાસો કરી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'આપણે તો સારંગપુર કહો કે અમદાવાદ કહો, બધું અક્ષરધામ જ છે ને!'

અનહદના આંગણે ખેલતા તેઓ શહેરની સરહદોથી મુક્ત હતા.

કાપ્યાં દુ:ખ દાસ તણાં

કપડવંજને મંદિરની ભેટ ધરી અમદાવાદ પહોંચેલા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા તા. ૮/૨ના રોજ આધ્યાત્મિક-સાંસ્કૃતિક પરિષદનો દીપ પ્રગટ્યો. દિવ્ય જીવન સંઘના નેજા હેઠળ આયોજિત આ પરિષદનું ઉદ્‌ઘાટન કરી સ્વામીશ્રીએ તા. ૯/૨ના રોજ ભાવપુરા ગામના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજને પ્રતિષ્ઠિત કર્યા.

ત્યારબાદ સભામાં પહોંચેલા તેઓ, અહીં મંચની ધારે બેસી સૌને વ્યક્તિગત દર્શન આપવા લાગ્યા ત્યારે તેઓના ખોળામાં ચિઠ્ઠી નાંખતાં એક ભક્તે કહ્યું: 'સ્વામી! આ નારાયણભાઈ મિસ્ત્રીએ મોકલી છે.'

સાધારણ સ્થિતિના આ નારાયણભાઈને કાષ્ઠના કોતરકામમાં સારી ફાવટ હોવાના નાતે તેઓ અમદાવાદના મંદિરે સિંહાસન વગેરે બનાવવાની સેવા કરતા. જો કે પક્ષાઘાતનો હુમલો આવ્યા બાદ તો તે કાર્ય પણ બંધ થયેલું.

એ સત્સંગીની ચિઠ્ઠી પર કોઈ અનેરી ઉત્સુકતા સાથે સ્વામીશ્રીની નજર ફરવા માંડી, પરંતુ પત્રના અક્ષરો ગરબડિયા હોવાને કારણે તેઓની આંખો તણાવા લાગી. તે જોઈ બાજુમાં બેઠેલા એક સંતે કહ્યું: 'લાવો, સ્વામી! હું પત્ર વાંચી વિગત આપને જણાવું.'

આ સાંભળી સ્વામીશ્રીએ પત્ર તો તે સંતને આપ્યો પણ તેઓની આંખો એ પત્ર પરથી ન હટી.

થોડી વારમાં સભા પૂર્ણ થતાં તેઓ શ્રી જીવાભાઈ પટેલના ઘેર ઠાકોરજી જમાડવા પધાર્યા. અહીં જમવાનું પીરસાઈ ગયું છતાં ભોજન શરૂ ન કરનારા સ્વામીશ્રી આસપાસ જોવા લાગ્યા. એટલામાં જ ઈશ્વરચરણદાસ

સ્વામી આવતાં તેઓએ પૂછ્યું: 'નારાયણભાઈ માટે દવા અને અનાજની જોગવાઈ મંદિર તરફથી થાય છે કે નહીં?'

આટલું પૂછતાં તો ભીની થઈ ગયેલી સ્વામીશ્રીની આંખોમાંથી એક સામાન્ય ભક્ત પ્રત્યેનો પ્રેમ નીતરી રહ્યો.

સામાન્ય રીતે સૂકા સરોવરને પંખીઓ તજી દે; રસરહિત ફૂલને ભમરાઓ છોડી દે; બિનઉપયોગી કર્મચારીને અધિકારી રુખસદ આપી દે; પરંતુ આ દોષથી મુક્ત સ્વામીશ્રી અનુપયોગી સાથે પણ આત્મીયતાથી વર્તી શકતા. તેથી જ્યારે 'દવા-અનાજનો પુરવઠો ચાલુ છે અને કૃષ્ણસ્વરૂપદાસ સ્વામી પણ દસ-પંદર દિવસે ખબર-અંતર પૂછવા જાય છે' એવો ખુલાસો સાંભળવા મળ્યો ત્યારે જ તેઓને સંતોષ થયો. તે પછી જ તેઓએ ભોજનનો કોળિયો મુખમાં મૂક્યો!

અમારી એ જ તો મોટપ છે

તા. ૯/૨ની સાંજે ભાવપુરાથી વિદાય થયેલા સ્વામીશ્રી પલિયડના મંદિરનું ખાતમુહૂર્ત કરી અમદાવાદ અને નવાગામને લાભ આપતાં તા. ૧૧/૨ની સવારે નાયકા પહોંચ્યા.

અહીં તેઓ જે ઘરમાં ઊતર્યા તે સાંકડું હતું. વળી, અગાશીમાં મૂકેલી ટાંકીમાંથી ઝરતું પાણી સ્વામીશ્રીના ઓરડામાંયે ટપકતું હતું. આ જોઈ આજની રાત્રે પોઢવા જતા સ્વામીશ્રીને એક સંતે પૂછ્યું: 'બાપા! આવી રૂમમાં આપને ફાવે છે?'

'અમને તો બધે ફાવે. અમે ક્યાં રાજા છીએ? ઢોરાં ચારતાં આવ્યા છીએ.'

સ્વામીશ્રીના આ પ્રતિભાવમાંથી કેફની સાથે તેઓની સરળતા અને અહંશૂન્યતા પણ છલકાઈ ઊઠ્યાં.

તે સાથે જ તા. ૧૨/૨ની સવારે ગામની સીમમાં આવેલા શિવાલયે પધારેલા તેઓએ આજની શિવરાત્રિ નિમિત્તે શિવલિંગનું વિધિવત્ પૂજન કર્યું. તેને અનુસરતાં તેઓએ તા. ૧૩/૨ના રોજ નાયકાના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજને પ્રતિષ્ઠિત કર્યા.

ત્યારબાદ ધરમપુરા થઈને આજની સાંજે માતર પધારેલા સ્વામીશ્રી અત્રે સત્સંગ-સભા સંબોધી એક અક્ષરવાસી ભક્તના ઘેર આશ્વાસન અને આશીર્વાદ આપવા જઈ પહોંચ્યા.

અહીંનો કાર્યક્રમ પૂરો કરી તેઓ જે ઘેર ભોજન ગોઠવાયેલું તે તરફ જવા નીકળ્યા ત્યારે તેઓની નજર એક સંત પર પડી. સરતચૂકને કારણે અન્ય સંતોથી વિખૂટા પડી ગયેલા તેઓને પોતાની ગાડીમાં બેસાડી સ્વામીશ્રી જગદીશભાઈ પટેલના ઘેર પધાર્યા.

અત્રે તેઓએ કાર્યક્રમ ગોઠવનારા સંતને ગમ્મતમાં કહ્યું: 'તમે પેલા સાધુને લેવા ગાડી કેમ ન ઊભી રાખી?'

આ સાંભળી એ સંતે પણ સખાભાવે સ્વામીશ્રીને જણાવ્યું: 'હું ગાડીમાં એટલે જ વધારાને લેતો નથી. એ આવ્યા કે નહીં એનું ધ્યાન આપણે ક્યાં રાખવું?'

'પણ સુખે-દુઃખે તો મદદ કરવી જોઈએ ને!' સ્વામીશ્રી બોલ્યા.

તે વખતે એ સંતે પૂછ્યું: 'પછી એ રહી ગયેલા સાધુ શેમાં આવ્યા?'

'અમે બેસાડી દીધા. અમારી એ જ તો મોટપ છે.' સ્વામીશ્રીએ કહ્યું.

હા, રસ્તે રઝળી પડેલાને ઠેકાણે પહોંચાડવા એ તેઓનું કામ. જેને સૌ ભૂલી જાય તેને યાદ રાખી ઉગારી લેવા એ તેઓની મોટપ!

તે સાથે તા. ૧૪/૨ની સવારે લીંબાસી પધારેલા સ્વામીશ્રીની જાહેર-સભા અહીંની અંબિકા સોસાયટીમાં યોજાઈ. તેમાં સમીપવર્તી સાયલા ગામના એક હરિભક્તની ઓળખ આપતાં સ્થાનિક સંતે કહ્યું: 'સ્વામી! આ બહુ ગરીબ છે...'

'હા, હા. ઓળખું છું ને! એના બાપા જેઠા ભગત બહુ શૂરવીર હતા. પહેલેથી એ ગરીબ છે, પણ ધર્માદો આપવામાં ઉત્સાહ બહુ છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

ગામોગામ વસતા ગરીબ ભક્તો પણ તેઓની વિશેષતા સાથે સ્વામીશ્રીના ચોપડે અંકિત રહેતા. આ પણ સ્વામીશ્રીની આગવી મોટપ.

ધન્ય ધન્ય તે ભૂમિનાં ભાગ્ય

લીંબાસીથી પુરુષોત્તમપુરા પધારેલા સ્વામીશ્રી અહીં તા. ૧૫/૨ની સવારે શ્રી ભાઈલાલભાઈના ઘેરથી ડાહ્યાભાઈના મકાને જવા તૈયાર થયા ત્યારે ગાડી ઊભેલી જ, પરંતુ 'ચાલતાં જ જવું છે' કહેતાં સ્વામીશ્રી પગલાં માંડવા લાગ્યા. અહીં પથરાયેલી શાસ્ત્રીજી મહારાજની રમણરેતીને તેઓ જાણે પોતાના શિર પર ઝીલવા માંગતા હતા. તેની સાથે ગુરુની અનેક લીલાઓની

સ્મૃતિ તેઓના મુખેથી સરતી રહી.

આ રીતે તેઓ જ્યારે મકાન પાસે પહોંચ્યા ત્યારે આશ્ચર્ય પામતાં શ્રી રમણભાઈ બોલ્યા : 'ઓહો ગુરુ ! ચાલીને આવ્યા !'

'અહીં તો ડગલે ડગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મળે. તીરથમાં તો ચાલીને જ આવવું પડે ને !' સ્વામીશ્રીએ જણાવ્યું.

ગુરુના પ્રસાદીભૂત સ્થાન વિષે આવી મહિમાદૃષ્ટિ ધરાવતા તેઓ તા. ૧૬/૨ના રોજ રસિકપુરા, રઢુ અને ધોળકાને પાવન કરતાં સાંજે સારંગપુર આવી પહોંચ્યા.

આ ગામની સીમમાં ગુજરાત વિદ્યુત બૉર્ડ દ્વારા ૬૬ કિલોવૉટનું નવું વીજમથક બનવાનું હતું. તેનો ખાતવિધિ તા. ૧૭/૨ની સવારે કરી સ્વામીશ્રી આજની સાંજે સ્મૃતિમંદિરે જવા નીકળ્યા ત્યારે આ સંકુલની લૉનમાં બેઠેલા હીરા ભરવાડને જોતાં તેઓ તેની નજીક જઈ પહોંચ્યા.

તાજેતરમાં જ મંદિરના આ જૂના સેવકે મોતિયો ઉતરાવેલો. આ શસ્ત્રક્રિયાથી માહિતગાર સ્વામીશ્રી એ ગોકળીએ પહેરેલા ગોગલ્સ પોતાના હાથે જ કાઢતાં બોલ્યા : 'મોતિયો બરાબર ઊતર્યો છે ને ! લાવ, જોવા દે તો જરા.'

આમ કહેતાં સ્વામીશ્રીએ આ સામાન્ય સેવકની આંખ તપાસી તેને આશીર્વાદ આપ્યા.

ભક્તો પ્રત્યે આવી આત્મીયતા ધરાવતા તેઓ સ્મૃતિમંદિરે પહોંચ્યા ત્યારે ગાંઠ વાળેલું ગાતરિયું ધારણ કરી શાસ્ત્રીજી મહારાજ થાળ આરોગી રહેલા. આ દર્શન કરતાં જ મલકી ઊઠેલા સ્વામીશ્રી બોલ્યા : 'હતા ત્યારે ક્યારેય આવું સુખ લીધું નથી. તે દા'ડે તો દાંડિયા કરી-કરીને ગાતરિયું પહેરતા.'

ગુરુએ વેઠેલાં કષ્ટો અને તેઓની સ્મૃતિમાં સ્વામીશ્રીનું મન રમી રહ્યું.

તે સાથે જ તા. ૨૦/૨ની સવારે રોહીશાળા પધારી અહીંના નૂતન મંદિરનો ખાતવિધિ કરનારા તેઓએ તા. ૨૬/૨ની સાંજે યજ્ઞપુરુષ વાડીએ પધારી સંતસભાનું સુખ પણ આપ્યું. તેને અનુસરતાં સ્વામીશ્રીએ તા. ૨૮/૨ના રોજ પ્રાગજી ભક્ત જયંતી અને તા. ૧/૩ના દિવસે ફૂલદોલોત્સવ ઊજવી સૌને રંગે રમાડ્યા.

આજના આ અવસરને અનુલક્ષી આત્મદર્શનદાસ સ્વામીએ એક વિશિષ્ટ માટલું બનાવેલું. તેમાં જડેલી ઠીકરાંની બારીઓ ઊઘડતાં જ અંદર ભરેલો ફગવાનો પ્રસાદ દૃષ્ટિગોચર થતો. આ રીતે દરેક ખાનામાં ગોઠવેલી

પ્રસાદી સ્વામીશ્રીએ ગ્રહણ કરી. જો કે તેમાંથી પોતે તો અલ્પ જ જમ્યા અને બાકીની વાનગી પડખે બેઠેલા રાજ્યના વહીવટી વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી વર્માને આપી. તે સાથે તેઓએ આ ઉચ્ચ પદાધિકારીને માટલી બનાવનારા પેલા સંતની ઓળખાણ પણ કરાવી.

આમ, નાની-શી કલાનેય બિરદાવી જાણનારા સ્વામીશ્રીનું પ્રત્યેક ચરિત્ર ચિરંતન બની રહે એમાં શું આશ્ચર્ય !

સાક્ષરતા અભિયાનને સધ્ધર પીઠબળ

સન ૧૯૯૦-'૯૧ને યુનો દ્વારા 'વિશ્વ સાક્ષરતા વર્ષ' તરીકે ઘોષિત કરવામાં આવ્યાં હોવાથી ભારતનાં વિવિધ રાજ્યોમાં સાક્ષરતા અભિયાનની પ્રવૃત્તિ ગતિશીલ બનેલી. તે અંતર્ગત ભાવનગર અને ગાંધીનગરને સંપૂર્ણ સાક્ષર કરવાની હામ ભીડનારા સરકારી અધિકારીઓએ સ્વામીશ્રી સમક્ષ સહકારની અપેક્ષા સાથે હાથ લંબાવેલો. સ્વામીશ્રીએ પણ આ કાર્યમાં પૂરતો ટેકો આપવાની ખાતરી ઉચ્ચારતાં, તા. ૧/૩ની સાંજે સાક્ષરતા અભિયાનમાં જોડાનારા સંસ્થાકીય સ્વયંસેવકોની ખાસ સભા યોજાઈ. તેમાં હાકલ મારતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'નિરક્ષરતા એ આપણા સમાજનું એક કલંક છે. એને મિટાવવું જ જોઈએ. માણસો અભણ રહી જાય તે કઈ રીતે ચલાવી લેવાય ? આ સેવાનું કાર્ય છે. આમાં કોઈ આર્થિક લાભ નથી, પરંતુ બીજાને તૈયાર કરવા એ પણ ભગવાનની જ સેવા છે. આપણે પ્રામાણિક કામ કરવું છે. આપણે ઓછું હોય તો વાંધો નહીં, પણ વ્યવસ્થિત કરવું છે. ભગવાનની જ નોકરી માનીને કરવું. ભેગેભેગું સંસ્કાર અને સત્સંગની વાત પણ કરવી.'

સ્વામીશ્રીનું આ માર્ગદર્શન ઝીલીને ૩૦૧ પુરુષો અને ૨૧૨ મહિલાઓએ ભાવનગરનાં ૧૧૫ ગામોમાં શિક્ષણની સરવાણી વહેતી કરી દીધી. અલબત્ત, પાકા ઘડે કાંઠલા ચઢાવવા જેવા આ કાર્યમાં, નિરક્ષરોનું 'હોતા હૈ, ચલતા હૈ'નું વલણ સ્વયંસેવકોને નિરાશ કરે તેમ હતું, છતાં સંતો અને સ્વયંસેવકોએ પેઢીઓથી અશિક્ષિત હોય તેવા વર્ણ અને સમાજના કહેવાતા નીચલા વર્ગને પણ ભણવા માટે સંમત કર્યા. અભ્યાસનીયે એવી સરળ અને રસાળ તરકીબો શોધી કાઢી કે જેથી નિરક્ષરોને ભણવાનો ઉત્સાહ જાગે. તે માટે સંતોએ ચિત્રાત્મક રજૂઆતવાળી પાતળી પુસ્તિકાઓ વિકસાવી. તે તો

ભણેલાઓને પણ ભાવી જતાં તાલુકા વિકાસ અધિકારીઓએ તેને છપાવી-છપાવીને પોતાના તાલુકાઓમાં વહેંચી. સ્વામીશ્રીનું આ કાર્ય જોઈ અમલદારો બોલી ઊઠ્યા: 'મહિને દસ હજારનો પગાર આપતાં જે કામ ન થાય તે કામ પ્રમુખસ્વામીના સંતો કરે છે.'

સ્વામીશ્રીની આજ્ઞા ઝીલીને નીકળી પડેલા આ સાક્ષરવીરોને ક્યારેક સરકાર તરફથી સમયસર પાટી-પેન ન મળ્યાં તો તેઓએ પતરાંનાં સૂપડાં પર ઈંટાળાથી લખાવવાનું ચાલુ કરી અભિયાનને વેગીલું રાખ્યું. ક્યાંક શેરીની બત્તીના અજવાળે તો ક્યાંક માતાજીના મઢની પરસાળમાં, ક્યારેક ઘરના ખૂણે તો ક્યારેક ગામના ચોકમાં ચાલતા થયેલા વર્ગ ગામોગામ સ્વર્ગની અનુભૂતિ કરાવી રહ્યા. ત્રણ મહિનાના આ સળંગ પુરુષાર્થના પરિપાકરૂપે ૫,૦૦૦ ઉપરાંત શિક્ષિતોની ભેટ સમાજને મળતાં સમાજસેવાનું વધુ એક સફળ અભિયાન સ્વામીશ્રીનો સાથ પામી ધન્ય બન્યું. તે જોઈ ભાવનગરના કલેક્ટર શ્રી ગુપ્તા તો સ્વામીશ્રી સમક્ષ અહોભાવ ઉચ્ચારી ગયા કે 'સરકાર ગમે એટલા પૈસા ખર્ચે પણ આ કામ ન થઈ શકે. આપે સહકાર આપ્યો તે બદલ આભાર.'

દુઃખીને દ્યો છો તમે આનંદ

સારંગપુરથી ગઢડા પધારેલા સ્વામીશ્રીના હસ્તે તા. ૩/૩ની સવારે ઘેલા નદી પર નિર્માણાધીન ચેકડેમનો ખાતવિધિ સંપન્ન થયો. રાજ્યના સિંચાઈ-મંત્રી સહિત જિલ્લા અને તાલુકાના અનેક અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ સમારંભ યોજાયો હતો. તેમાં બંધને કારણે ઊભા થનારા ઘાટનું નામાભિધાન સ્વામીશ્રીના સૂચનથી 'અક્ષરઘાટ' રાખવાનું નક્કી થતાં સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યું: 'આ અક્ષરઘાટમાં જે ના'શે, દર્શન કરશે, એ બધાને આ પાણી પવિત્ર કરશે અને કલ્યાણ થશે.'

આવી જ કલ્યાણ-ભાવના સાથે આજની સાંજે ગામના આયરવાસમાં અમૃતધારા વહાવનારા સ્વામીશ્રીના સાંનિધ્યમાં ગઢડા મુકામે મુક્તાત્મા શ્રી હીરાબાની સ્મૃતિમાં પારાયણ પણ યોજાયેલું. તેની પૂર્ણાહુતિ તા. ૪/૩ના રોજ થઈ ત્યારે સ્વામીશ્રીએ મંદિરના વ્યવસ્થાપક અક્ષરપ્રસાદદાસ સ્વામીને કહ્યું:

'આવા પ્રસંગે ગામમાં રામજી મંદિર છે તો ત્યાં બુંદીનો પ્રસાદ પહોંચાડજો. આપણી પાસે કંઈ નો'તું ત્યારે એમણે ઘણી મદદ કરી છે. પાંચ-છ

વખત તો હું ત્યાં જમેલો છું. શાસ્ત્રીજી મહારાજ આવે ત્યારે કેશવદાસ મહંત પોતાની ઘોડાગાડી આપતા, તો આપણે ધ્યાન રાખવું. યાદ કરવા.'

સંબંધશાસ્ત્રના વિશારદ સ્વામીશ્રી કર્યા કૃત્યને જાણે એવા કૃતજ્ઞ હતા.

પોતાની આ સ્વાભાવિક પ્રકૃતિ સાથે તેઓ ગઢડાથી વિદાય લઈ ઉમરાળા, ભાવનગર, વરતેજ અને નવાગામને પાવન કરતાં તા. ૫/૩ની સાંજે જાળિયા પધાર્યા.

અહીં તેઓનું પ્રથમ આગમન ગામના બે અગ્રણી દરબારો વચ્ચે પડેલી તડ સાંધનારું બની રહ્યું. તે જોઈ ગામના અન્ય કેટલાક ક્ષત્રિયબંધુઓએ પણ સત્સંગ સ્વીકાર્યો. તેના ફળરૂપે તેઓની ધાક-હાકથી ઉચાળા ભરીને આસપાસ રવડતી આ ગામની અન્ય કોમો માટે ગામવાપસીની ફાટક ખૂલી ગઈ.

આમ, માનવ-માનવ વચ્ચે ચણાઈ ગયેલી દીવાલોને માત્ર સવા કલાકમાં જ ધ્વસ્ત-અસ્ત કરી સ્વામીશ્રી વિદાય થયા ત્યારે સૌ ગામવાસીઓ ગાઈ રહ્યા : *'દુ:ખીને દ્યો છો તમે આનંદ, એવા પરમાર્થી મુનિ ઈંદ...'*

દેવો કરી દર્શન સૌ સિધાવ્યા

જાળિયાથી ભાવનગરને ધન્ય કરતાં તા. ૮/૩ની સવારે જૂનાગઢ પધારેલા સ્વામીશ્રીનો લાભ લેવા જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી ભક્તો વારાફરતી ઊમટતા.

તે ક્રમમાં તા. ૧૦/૩ના રોજ આવેલા સત્સંગીઓએ પોતાના ગામમાં સંપ્રદાયની કેટલીક શાખાઓ દ્વારા સત્સંગ કરવા બાબતે થતી કનડગતને રજૂ કરી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'એ ભલે વિક્ષેપ કરે, આપણે કાંઈ બોલવું નહીં. થોડા દિવસ ચાલશે પછી એની જાતે સમજશે. કોઈના વિક્ષેપથી આપણે દૂબળા ન પડવું. વિરોધ તો થવાનો જ, પણ હિંમત રાખજો.'

વિરોધના વિષને સહજતાથી પચાવતાં શીખેલા સ્વામીશ્રી પાસે કદી ઉશ્કેરણીજનક વાત ન મળે.

આ રીતે ચાલતી મુલાકાતોના ક્રમમાં તા. ૧૧/૩ના દિવસે આવેલા વિસાવદરના શ્રી હરિભાઈએ કહ્યું : 'બાપા ! આપની કૃપાથી ગામમાં જમીન તો મળી છે, પણ મંદિર કરવાની પહોંચ અમારી પાસે નથી. માટે આપ કોઈ પૈસાવાળાને કહી દો તો મંદિર થઈ જાય.'

'અમારે તો તમે જ પૈસાવાળા. પૈસા આપનારા તો મળશે, પણ તમારા

જેવા નિષ્ઠાવાન ન હોય તો મંદિર શું કામનું? મંદિર તો દૂબળી ભટ્ટના સાત દોકડાથી થાય.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓએ જાણે પોતાના દ્વારા નિર્માણ પામતાં મંદિરોનો પાયો ખુલ્લો કરી આપ્યો.

નિષ્ઠાનો આ પાયો મજબૂત કરવા ઘૂમતા સ્વામીશ્રી તા. ૧૪/૩ની સાંજે જૂનાગઢથી ધારી જવા નીકળ્યા ત્યારે ગિરિપંથકના નિર્જન અને ડુંગરાળ વિસ્તારમાંથી પસાર થતી તેઓની ગાડીને પ્રકૃતિ અને પશુપાલકોનો સંગાથ મળી રહેલો. તે વખતે જ દૂરથી ઊડતાં આવતા છ બગલા અચાનક વળાંક લઈને એક આડી હરોળમાં સ્વામીશ્રીની ગાડીની બરાબર સામે આવી જતાં સૌને લાગ્યું કે 'હમણાં તેઓ કાચ સાથે અથડાશે.' પરંતુ વિમાનની ગતિએ જ અને વિમાનની જેમ જ તે બગલાઓ નીચે ઊતરી પુનઃ ઉપર ચડી ગયા.

આ જોઈ આશ્ચર્ય પામેલા સહપ્રવાસીઓએ પૂછ્યું: 'સ્વામી! કોણ હતું એ? દેવતાઓ કે...?'

'હા.' સ્વામીશ્રી એક જ શબ્દ બોલ્યા.

તે સાંભળી સૌ વિચારી રહ્યા કે 'ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શને આવેલા દેવો આજે પણ એ જ ગુણાતીતની ઝાંખી કરી ગયા કે શું?'

સદ્‌ગુરુ સર્વના સુખદ

તા. ૧૫/૩ની સવારે ધારીનાં પ્રાસાદિક સ્થાનોમાં દર્શન કરી ગોંડલ જવા તૈયાર થયેલા સ્વામીશ્રીએ સ્થાનિક મંડળને વિદાયનું ભાથું બંધાવતાં કહ્યું:

'આપણા મંડળનો સંપ સચવાય એ ખાસ કરવું. કથા-કીર્તન વડે જાગૃતિ રાખવી. અંદરોઅંદર મનદુઃખ ન થવા દેવું. ભેગા રહેવામાં બોલવાનું થાય પણ સંપથી કાર્ય કરવું. ઘણી વાર સામાન્ય બાબતમાં મન દુખઈ જાય છે. અહીં અમે આવ્યા ને પધરામણીનું 'ના' પાડીએ એમાં કંઈક થઈ જાય. પણ હવે મારું શરીર ચાલતું નથી, મનમાં તો થાય. સારું હતું ત્યારે બધાને ત્યાં ફર્યા છીએ. વળી, અહીં થોડા ટાઇમ માટે આવ્યા છીએ, છતાં થાય કે 'મારે ત્યાં કેમ ન આવ્યા?'

આટલું કહી એક વ્યક્તિ તરફ નિર્દેશ કરતાં સ્વામીશ્રી બોલ્યા: ''આ ભાઈને ત્યાં જ્યારે આવીએ ત્યારે ગયો છું. છતાં એને એમ થાય કે 'મારે ત્યાં આવવું જ જોઈએ.' ભ'ઈ! સત્સંગ રાખો ને ભક્તિ કરો એટલે આવ્યા જ

છીએ. સમજણ કરે તો વધારે સુખ રહે.''

શારીરિક પરવશતા અને ભક્તોના દુરાગ્રહની ભીંસ વચ્ચે પીસાતા સ્વામીશ્રીના મુખેથી ક્યારેક સરી પડતાં આવાં અમૃતબિંદુઓ તેઓની વેદના અને સંવેદનાને દર્શાવી જતાં.

આ લાગણી સાથે તેઓ ધારીથી ગોંડલ થઈને ભાદરા પધાર્યા ત્યારે અહીં તા. ૧૭/૩ના રોજ રાજકોટના શ્રી સુરેન્દ્રસિંહ તરફથી રસોઈ હતી. તે નિમિત્તે અત્રે આવેલા આ હરિભક્ત જમ્યા બાદ સ્વામીશ્રીને મળી ઓરડાની બહાર નીકળ્યા ત્યાં જ સ્વામીશ્રીએ ધર્મચરણદાસ સ્વામીને પૂછ્યું: 'આ બાપુને પ્રસાદી આપી ?'

'ના.'

'જાઓ, આપી આવો.'

સ્વામીશ્રીનો આ આદેશ ઝીલી ઉતાવળે બહાર આવેલા આ સંતે સુરેન્દ્રસિંહને અટકાવી પ્રસાદ આપ્યો ત્યારે એ હરિભક્ત બોલ્યા: 'સારું થયું કે બાપાએ યાદ કરાવ્યું! ઘેર હું બધાને કહીને આવેલો કે પ્રસાદી લઈને જ આવીશ, પણ આ વાત હુંયે ભૂલી ગયો હતો.'

સૌ ભૂલે, પરંતુ સ્વામીશ્રી કદી ન ભૂલે.

તેઓના આવા સ્નેહનો સ્વાદ ભાદરા બાદ ધ્રોળ, ડાંગરા અને રાજકોટનેય ચાખવા મળ્યો.

આ ક્રમમાં સુરેન્દ્રનગર પધારેલા સ્વામીશ્રીની સત્સંગ-સભા તા. ૨૦/૩ની સવારે મંદિરના પ્રાંગણમાં યોજાયેલી. વિવિધ કામ અને વિવિધ કોમના આગેવાનોથી ઊભરાતા આ સમારોહ પછી સૌ પ્રતિષ્ઠિતોની ભોજન-વ્યવસ્થા પણ અહીં જ રાખેલી. તેથી એક મૌલવીને સ્વામીશ્રીએ મહાપ્રસાદ લઈને જવાની વાત કહી ત્યારે એ બિરાદરે જણાવ્યું: 'મારે રોજા છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ એક સંતને ભલામણ કરી કે 'આમને બોક્સમાં પ્રસાદ લાવી આપો અને કહેજો કે રાત્રે ચંદ્ર ઉદય થયા પછી ખાજો.'

સ્વામીશ્રીની આ સંભાળ અને સરભરાથી ખુદાના એ બંદા ભીંજાઈ ગયા.

આમ, *'સદ્‌ગુરુ સર્વના સુખદ...'* ઠરતા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૨૨/૩ના રોજ અહીંના નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરનો પથ્થર પ્રસ્થાપન વિધિ સંપન્ન થતાં જયજયકાર પ્રવર્તી રહ્યો.

સાદી છતાં જુદી

સુરેન્દ્રનગરથી વિદાય લઈ વઢવાણ અને લીંબડીને લાભ આપતાં પાળજ પહોંચેલા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા અહીંના નવનિર્મિત મંદિરમાં તા. ૨૩/૩ના રોજ અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા.

ત્યારબાદ મહેળાવ થઈને અમદાવાદ પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૪/૩ની સવારથી જ શ્રી સ્વામિનારાયણ જયંતીની ધામધૂમ વર્તાવા લાગી.

તેની વચ્ચે ભગવાં કુર્તા-પાયજામામાં સજ્જ થઈ શ્રી નવીનભાઈ સોની પણ પોતાની નવી ગાડીનું પૂજન કરાવવા વડોદરાથી આવી પહોંચ્યા. તેઓના વાહનને ચાંદલા કરતાં સ્વામીશ્રીએ આ હરિભક્તને તેઓનો પહેરવેશ જોઈ કહ્યું: 'મહાજન ! ધીમે ધીમે આ બાજુ આવવું છે કે શું ?'

આટલું કહી સ્વામીશ્રી તો હસતાં-હસતાં ઉતારામાં પધારી ગયા, પણ તેઓના આ શબ્દોએ હૈયું વીંધ્યું હોય તેમ પેલા સત્સંગીએ સ્વામીશ્રીના નિવાસસ્થાને આવી કહ્યું: 'બાપા ! આપની રુચિ જાણીને હવે જિંદગીપર્યંત આવાં સાદાં જ કપડાં પહેરવાનો નિયમ લઉં છું.'

સ્વામીશ્રીની સાદી વાણી અહીં જુદી પડતી.

આ જુદી વાણીના જાદુથી ઘાયલ થયેલા અમદાવાદના એક અભ્યાસુ મુમુક્ષુ શ્રી અમીન રોજ સ્વામીશ્રીના આશીર્વાદ સાંભળવા આવતા. તેઓએ પણ સ્વાનુભૂતિ વ્યક્ત કરતાં કહ્યું: 'હું અહીં રોજ સાંજે આવું છું. સ્વામીજીનું પ્રવચન સાંભળવાની એટલી મજા આવે છે ! શાંતિ થઈ જાય છે. એ જે કહે છે એ હું બધું જ જાણું છું, પણ એમની વાણીમાં જે જાદુ છે એ જુદો છે.'

આપનો ફોટો જોઈને જ આકર્ષાઈ જવાય છે

તા. ૨૮/૩ની સવારે દર્શને આવેલા શ્રી ઉપેન્દ્રભાઈ પટેલ સાથે તેઓના બે જ દીકરાઓ હતા. છતાં સ્વામીશ્રી બોલ્યા: 'આવો, શિરીષ, ગિરીશ અને બંકિમ.'

આ સાંભળી એકે પૂછ્યું: 'બાપા ! ગિરીશ ક્યાં છે ?'

'ભલે એ વડોદરા હોય, પણ યાદ તો કરવો પડે ને !' સ્વામીશ્રીએ કહ્યું.

કોઈનેય ઓછું ન આવે એ રીતે વરસતા રહેતા તેઓનાં પ્રેમ-પીયૂષ. તેનું પાન કરીને ઉત્તરોત્તર વિકસતી જતી સંસ્થાકીય બાળપ્રવૃત્તિને આ

અરસામાં રાજ્ય સરકાર દ્વારા શ્રેષ્ઠ પુરસ્કાર આપીને નવાજવામાં આવેલી. એક દબદબાભર્યા સમારંભમાં રાજ્યપાલ શ્રી ડૉ. સ્વરૂપસિંહના હસ્તે આ પારિતોષિક એનાયત થયું ત્યારે સૌએ એ ક્ષણને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી.

પરંતુ સ્વામીશ્રી વ્યાપની સાથે સૌમાં ઊંડાણ પણ એટલું જ લાવતા. તેથી તા. ૨૯/૩ની સાંજે ભ્રમણ કરી રહેલા તેઓ સમક્ષ કાર્યકરો દ્વારા થઈ રહેલી વિવિધ રજૂઆતોમાં દરજીનો વ્યવસાય કરતા શ્રી કિશોરભાઈએ પ્રાર્થના કરી કે 'બાપા ! આપની કૃપાથી મારી દુકાન એટલી બધી ચાલે છે કે હું સત્સંગની સેવા જોઈએ એવી નથી કરી શકતો. મને એવા આશીર્વાદ આપો કે દુકાન જરા ઓછી ચાલે.'

આ સાંભળતાં જ ભ્રમણ થંભાવી એ કાર્યકર પાસે પહોંચી ગયેલા સ્વામીશ્રી તેઓના માથે હાથ મૂકી આશીર્વાદ આપતાં બોલ્યા : 'આવી પ્રાર્થના લોકો ઓછી કરે.'

*'કે દિ' દેશો મા સંસારી સુખ...'*ની આવી અરજ તો જ્યાં શ્રીજીનું પ્રાગટ્ય હોય ત્યાં જ શક્ય બને ને !

સ્વામીશ્રી દ્વારા અનુભવાતા પ્રભુના પ્રગટપણાના આવા પુરાવા જોઈ આજે તો હાઈકૉર્ટના વકીલ શ્રી નાણાવટીએ પણ જણાવી દીધું : 'સ્વામીજી ! આ કળિયુગમાં આપના જેવો દીવો જ ઘણો છે. દુનિયાનું બૅલેન્સ (સંતુલન) એનાથી રહે છે. આપનો ફોટો જોઈને જ આકર્ષાઈ જવાય એવું છે.'

એક ઍડવોકેટના આ અભિપ્રાય દ્વારા સ્વામીશ્રીની દિવ્યતાનો દસ્તાવેજ થઈ ગયો.

તમે અધિક હિંમત આપનાર

આ સમયમાં અમેરિકા ખાતે ઊજવાનારા સી.એફ.આઈ. ઉત્સવના દિવસો નજીક આવી રહેલા, પરંતુ ઉત્સવ-ભૂમિનો પ્રશ્ન હજીયે અધ્ધર લટકતો હોવાથી 'નગર'ની રચના કરવાનું કામ કટોકટીભર્યું બની રહેલું. આ પરિસ્થિતિ થાળે પાડવા સ્થાનિક કાર્યકરો સ્વામીશ્રીને વારંવાર ફોન કરતા, પરંતુ કોઈ પણ આયોજકની ઊંઘ ઊડી જાય એવા આ મામલામાં સ્વામીશ્રી તો કાયમ ઠાકોરજી પાસે ધૂન કરે-કરાવે. તેની સાથે કાર્યકરોને બળ પ્રેરે કે 'કસોટી તો છે પણ આપણે શ્રદ્ધા રાખવી. હિંમત હારવી નહીં. આખો દિવસ મહેનત

કરીને રાત્રે નિરાંતે સૂઈ જવું અને સવારે ઊઠીને ભગવાન જે પ્રેરણા આપે એ કામ કરવું. કામ થઈ જવાનું એ ચોક્કસ છે.'

આમ, પ્રાર્થના અને પુરુષાર્થનાં હલેસે વિઘ્નોની વૈતરણીને પાર કરવા કટિબદ્ધ બનેલા સ્વામીશ્રી. આ તેઓની કાયમી શૈલી.

તેના આધારે કંઈક પેચીદી સમસ્યાઓને હલ કરતા સ્વામીશ્રી પાસેથી માર્ગદર્શન લેવા તા. ૧/૪ની રાત્રે તો રાજ્યના મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલ નાણામંત્રી, ઉદ્યોગમંત્રી, મહેસૂલમંત્રી વગેરે સાથે આવી પહોંચ્યા. આ બેઠકને અનુસરતાં તા. ૨/૪ની સવારે શિક્ષણમંત્રી પણ સ્વામીશ્રીનાં સોનેરી સૂચનો લઈ વિદાય થયા.

તે પછી મુલાકાત-સત્રમાં પરોવાયેલા સ્વામીશ્રી સમક્ષ આવેલા એક આગંતુકનો જીવ પડીકે બંધાઈ ગયેલો. તેણે કહ્યું: 'બાપા! મારા કાકા મને ડરાવે છે કે હું મંત્રેલું કોડિયું ઊંધું વાળી દઈશ તો તારું ધનોત-પનોત નીકળી જશે.'

'એક શું, એને કહેવું કે હજાર કોડિયાં ઊંધાં વાળ. હું ગભરાતો નથી.' પેલા થથરતા મુમુક્ષુના ખભે જોશથી થાપો આપતાં આટલું કહી સ્વામીશ્રી બોલ્યા: 'અમથા બી જઈએ એટલે ભૂત વળગે, પણ બેધડક કહી દેવું. કોઈના હાથમાં મારવાનું છે જ નહીં. ભગવાન બધું કરે છે. લે, આ પ્રસાદીનું પાણી. છાંટજે ઘેર. કશું નહીં થાય.'

સ્વામીશ્રીના આ શબ્દોથી વહેમની નાગચૂડમાં ફસાયેલો એક જીવ છુટકારો પામ્યો.

'જે હોય બીકણ જનો ડરી ભાગનાર, તેને તમે અધિક હિંમત આપનાર...' સમા સ્વામીશ્રી દ્વારા ચાલેલું વહેમ-મુક્તિનું અભિયાન પણ પુસ્તકનું કદ રોકે એવું વિરાટ અને વિરલ છે.

અમે તો બધે જ છીએ

તા. ૨/૪ની સાયંસભામાં 'મોરે તો મુમુક્ષુ...' એ 'સ્વામીની વાત'ના આધારે અમૃતધારા રેલાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

'મોરે તો મુમુક્ષુઓને એક જ તમન્ના હતી કે ભગવાનનો સાક્ષાત્કાર કરવો, ને અત્યારે તો 'પૈસા ક્યાં મળશે? અમેરિકા કેવી રીતે જવાશે?' એ જ મુમુક્ષુતા. આજે લોકોને બાર મહિનાનું વરસ અને તેર મહિનાનું કામ.

મહારાજે એટલે સંતોને ઘેર-ઘેર મોકલી સામેથી મુમુક્ષુતા ઉત્પન્ન કરી. આજે સંતો-કાર્યકરો સંપર્ક કરે છે એમાં એમને શું સ્વાર્થ છે? કાર્યકરો ઘણા સાધારણ સ્થિતિના છે, છતાં તેઓ નોકરીમાં ઓવર-ટાઈમને બદલે સત્સંગ કરાવવામાં ટાઈમ કાઢે છે. ગરીબ જેવા ભગવાન ભજે છે એવા પૈસાવાળા નથી ભજતા. શાસ્ત્રીજી મહારાજે પણ સામેથી મુમુક્ષુ શોધ્યા ને અત્યારે પણ એ જ કામ ચાલે છે. ભાવડા જેવા પકડી લાવીએ ને માંડ માંડ માણસ બનાવીએ. ભગવાનનો મારગ હાથમાં આવે તો જ માણસ.'

મનુષ્યની આ એક નૂતન ઓળખ આપી ઉતારે પધારેલા સ્વામીશ્રી પાસે તા. ૩/૪ની સવારે જી.એમ.ડી.સી.ના ચૅરમેન શ્રી જયરામભાઈએ અહોભાવ ઉચ્ચાર્યો કે 'આપની જે પ્રવૃત્તિ છે એ તો અદ્‌ભુત છે.'

'યોગીબાપાની પ્રવૃત્તિ છે. અમારી કંઈ નથી.'

સ્વામીશ્રીએ કરેલી આ ચોખવટ તેઓની નમ્રતા અને નિર્લેપતા સૂચવી ગઈ.

તે સાથે પ્રત્યેક કાર્ય હાથ ધરતા સ્વામીશ્રીની પ્રેરણાથી અમેરિકામાં ઊજવાનારા ઉત્સવમાં મદદરૂપ થવા દેશમાંથી ઘણા સંતો જવાના હતા. તેમાંના એક અનંતચરણદાસ સ્વામી વિઝા સંબંધી કાર્યવાહી આટોપી તા. ૫/૪ની સવારે મુંબઈથી અમદાવાદ આવી પહોંચ્યા ત્યારે તેઓને જોતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'તમે કેમ આવી ગયા? ત્યાં જ રહેવું'તું ને!'

'આપ અહીં હતા એટલે આવ્યો.'

'તો અમે ત્યાં મુંબઈમાં ન'તા? અમે તો અમેરિકા, લંડન ને બધે જ છીએ, એટલે તો તમારે ત્યાં જવાનું. જો ભગવાન અને સંત ત્યાં ન હોય તો જવાની જરૂર શું?' પોતાનું સર્વવ્યાપક બ્રહ્મસ્વરૂપ ખુલ્લું કરતાં સ્વામીશ્રી બોલ્યા.

શ્રીજીમહારાજ ચાલ્યા ગયા એમ નથી

તા. ૫/૪ની સાયંસભામાં 'પ્રગટ ભગવાન મળ્યા છે એથી પરિપૂર્ણ કલ્યાણ માનવું...' એ 'વાત' નિરૂપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

''આપણને ઘણી વાર એમ થાય કે 'શું થશે? કેમ થશે? કલ્યાણ થશે કે નહીં?' પણ યોગીબાપા જેવા સંત દ્વારા ભગવાન મળ્યા એટલે પરિપૂર્ણ જ માનવું. કાંઈ અધૂરું નથી. ઉપાસના દૃઢ હોવી જોઈએ. ઉપાસના એટલે ભગવાન સર્વોપરી છે, સર્વકર્તા છે. જુઓ, આ રમણભાઈ બેઠા. શેઠનું બિરુદ

છે પણ પાસે કંઈ છે જ નહીં. છતાં કેફ એટલો ને એટલો જ. બાકી એમ થઈ જાય કે આટલો બધો સત્સંગ કર્યો ને કાંઈ ધોળ્યું નહીં.

વ્યવહાર તો દુખિયો(દુઃખમય) છે જ. શરીરમાં પણ રોગ આવવાના જ. એટલે કંઈ ભજન મૂકી દેવું? આપણે અન્ય આશરો થવો જ ન જોઈએ. ભગવાનની કંઠીમાં બધું આવી ગયું. રોગ મૂક્યો છે એણે ને મટાડશે પણ એ જ. બીજે ક્યાં ફાંફાં મારવાં? એક જ આશરો. સુખ આવે તો પણ 'મેં કર્યું' કે 'ફલાણાએ કર્યું' એમ ના માનવું. 'એનામાં ભગવાનનો પ્રવેશ છે એટલે થયું છે' એમ માનવું. એ રીતે દુઃખ આવે તો એ પણ ભોગવી લેવું. બીજે માનતા કરવા જવું નહીં. 'સંસારમાં કુટારો કરવો એના કરતાં વહેલા ધામમાં બેસીશું' એમ માનવું. 'ભગવાન જે કરે છે એ સારું હશે' એમ કર્તા માનવા.

એ જ રીતે સાકાર અને પ્રગટ માનવા. ભગવાન પરોક્ષ થતા જ નથી. શ્રીજીમહારાજ આવ્યા અને ચાલ્યા ગયા એમ નથી. છે, છે ને છે જ! ગુણાતીત સંત દ્વારા પ્રગટ જ છે. વળગી રહેશો તો પાર પડી જ ગયું છે. બુદ્ધિનાં તર્ક મૂકી, એક જ વિશ્વાસ રાખી કામ કરીએ તો વાંધો ન આવે.''

તેણે ત્યાગી તનની આશ

તા. ૮/૪ની સવારે નારણપુરાની સુદર્શન સોસાયટીમાં તૈયાર થયેલા સંસ્કારધામનું ઉદ્‌ઘાટન કરી, સ્વામીશ્રીએ તા. ૧૧/૪ના રોજ કરાઈ ગામમાં પગલાં પાડ્યાં.

અહીં કેટલીક જમીનોનું નિરીક્ષણ કરી મંદિરે પધારેલા તેઓના સાંનિધ્યમાં તા. ૧૨/૪ની સાંજે કીર્તન આરાધના યોજાઈ. તેમાં સંતો વચ્ચે, ભોંય પર જ પાથરેલી ગાદીએ પલાંઠી વાળી બિરાજેલા સ્વામીશ્રી *'યોગી આવો તે રંગ...'* કીર્તન લલકારવા લાગ્યા. તેની મધ્યમાં તેઓએ જ્યારે હાથમાં કરતાલ લીધી ત્યારે તો સમગ્ર સભા હિલોળે ચડી ગઈ.

આવા બ્રહ્મકિલ્લોલથી સતત ત્રણ સપ્તાહ સુધી અમદાવાદને તરબતર કરનારા સ્વામીશ્રી તા. ૧૪/૪ની સવારે રાંદેસણની સીમમાં આવેલી એક જમીન નિહાળી ગાંધીનગર પહોંચ્યા.

અત્રે તેઓનો નિવાસ જે ઘેર હતો તેના માલિક ડૉ. મંગળભાઈ સ્વામીશ્રીને તકલીફ ન પડે તે સારુ અહીંનો કાર્યક્રમ નિશ્ચિત થયો ત્યારથી દર ત્રણ દિવસે ઘર ખાલી કરાવી ધોવડાવતા. આ જાણી સ્વામીશ્રી બોલ્યા:

'અમારે સાધુને કોઈ તકલીફ ન હોય. અમે તો ગામડે-ગામડે ફરતા હોઈએ એટલે બધું અનુકૂળ જ આવી જાય. જેને પહેલેથી જ એવી સિસ્ટમ રહી હોય કે 'આમ જ જોઈએ,' એને એવું જોઈએ.'

ભક્તોને ગુરુભાવ સહજ, પણ સ્વામીશ્રીને સમભાવ સહજ. તેથી પોતાની વ્યવસ્થા અંગે તેઓનાં કોઈ જ સલાહ-સૂચન ન રહેતાં.

તેઓનો આવો પ્રતિભાવ સાંભળી સંતોએ કહ્યું: 'પણ સ્વામી! મંગળભાઈને કેફ કે મારે ઘેર કોણ આવે છે!'

'સાધુ આવે છે. બીજું કોણ?' પોતાની અસલ ઓળખ સ્વામીશ્રીએ જણાવી દીધી.

તે સાથે વિચરતા તેઓ તા. ૧૫/૪ની રાત્રે નાણાંમંત્રી શ્રી છબીલદાસ મહેતાના ઘેર ઠાકોરજી જમાડવા પધાર્યા ત્યારે તો અત્રે મુખ્યમંત્રી સહિત ગુજરાતનું પ્રધાનમંડળ એકત્રિત થઈ ગયું હોય તેવો માહોલ જામી ગયો. તે સૌ સાથે ભોજન કર્યા બાદ સ્વામીશ્રીએ મુખ્યપ્રધાન શ્રી ચીમનભાઈ પટેલના બંગલે પધરામણી કરી. તે પછી તેઓ તા. ૧૬/૪ના રોજ સમર્પણ મૂક-બધિર શિશુવિહારને પાવન કરતાં પેથાપુરની જી.ઈ.બી. કૉલોનીમાં પણ સભાલાભ આપી આવ્યા.

Million dollar decision

ગાંધીનગર મુકામે અક્ષરધામના નિર્માણ સંબંધી બેઠકોના અવિરત ચાલતા દોરમાં આ સ્મારકની ફરતે રચાનારી પ્રદક્ષિણાનો વિમર્શ લંબાણપૂર્વક થયો. છેલ્લા સાતેક મહિનાથી અનિર્ણિત રહી જવા પામેલી આ બાબતે કેટલાક નિષ્ણાતો પ્રદક્ષિણાને સંપૂર્ણ જોડીને વચ્ચે મોટો દરવાજો કરી દેવાનો અભિપ્રાય આપી રહેલા. આ મત તા. ૧૬/૪ની રાત્રે સ્વામીશ્રી સમક્ષ રજૂ થયો ત્યારે તેઓએ કહ્યું: 'કાલે સવારે હું સ્થળ પર આવીશ. તે વખતે ચર્ચા કરીશું.'

તે મુજબ તા. ૧૭/૪ની સવારે સ્વામીશ્રી જ્યારે પરિસરમાં પધાર્યા ત્યારે હાલ જ્યાં શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે ત્યાં ઊભા રહી તેઓએ જણાવ્યું: 'રાત્રે સૂતાં-સૂતાં મને એક વિચાર આવ્યો.'

આમ કહી સ્વામીશ્રી નકશા પર આંગળીઓ ફેરવતાં બોલવા લાગ્યા:

'આ જગ્યાએ તમે પરિક્રમાના છેડા ભેગા કરવાને બદલે ખુલ્લા છોડી દો, રસ્તા પરથી મહારાજની મૂર્તિનાં દર્શન થાય. અક્ષરધામની સામેના

ભાગમાં પ્રવેશદ્વારની ઈમારતની કંઈ જરૂર નથી. એના બદલે અહીં સાવ ખુલ્લું રાખી ૫૮ x ૩૦ ફૂટનું એક પૉડિયમ બનાવો. તેની ઊંચાઈ પરિક્રમાની ઊંચાઈ જેટલી જ રાખો, વધુ ઊંચાઈ કરવાની જરૂર નથી. અહીં બે દીપસ્તંભ મૂકો અને પ્રવેશદ્વાર 'જ' રોડ બાજુ ગોઠવી દો. ત્યાં નાનો સરખો હૉલ બનાવો. તેમાં થઈને લોકો આ તરફ આવે. આ તો મને જેમ લાગ્યું તેમ મેં કહ્યું. પછી બધા કહે એમ કરીએ.'

સ્વામીશ્રીનો આ પ્રસ્તાવ અનુભવી સ્થપતિઓ સહિત સૌએ Million dollar decision – મહામૂલો નિર્ણય કહીને વધાવી લીધો. આજે પણ સ્વામીશ્રીની અપૂર્વ કલાસૂઝનું દર્શન કરાવતી એ ખુલ્લી પ્રદક્ષિણા અક્ષરધામના સૌંદર્યને અનેકગણું વધારી રહી છે.

સ્વામીશ્રીની માન્યતા

ગાંધીનગરથી વિદાય લઈ સ્વામીશ્રી ગોઝારિયામાં ડૉ. જિતુભાઈ પટેલની પ્રમુખસ્વામી સર્જિકલ હૉસ્પિટલમાં પગલાં પાડી મહેસાણા પધાર્યા. અહીં તેઓ તા. ૧૯/૪ની બપોરે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યાં જ અમેરિકાથી ફોન આવ્યો. તેથી ભોજન વિસારી સી.એફ.આઈ.ના આયોજનનો વિમર્શ કરવા માંડેલા સ્વામીશ્રીને વાતચીતમાં સમય ઘણો જતાં પત્તરમાં પીરસાયેલી રોટલી પણ સુકાઈ ગઈ. તોય તેઓ વાત પૂરી થતાં તે સૂકી રોટલી જ જમવા ગયા. તે વખતે સંતોએ કહ્યું : 'રહેવા દો એને. બીજી ગરમ મૂકીએ.'

'ના, જે આવી એ જ ચલાવો. જે વખતે જે હોય એનાથી ચલાવતાં આવડવું જોઈએ.' સ્વામીશ્રી બોલ્યા.

આ વલણ સાથે વિચરતા તેઓ તા. ૧૯/૪ની સાંજે મહેસાણાથી વિદાય લઈ પેટલાદને પાવન કરતાં બોચાસણ આવી પહોંચ્યા.

અહીં સ્વામીશ્રી ચૈત્રી પૂનમના સમૈયે પધાર્યા નહોતા અને વળી આગામી દિવસોમાં તેઓ વિદેશયાત્રાએ પધારવાના હોવાથી તા. ૨૦/૪ના રોજ દર્શનાર્થીઓની ગિરદી બેસુમાર બની રહી. તેની વચ્ચે રંગમંડપમાં દર્શન કરીને બહાર નીકળતાં સ્વામીશ્રી સ્વયં ભીંસાયા અને દીવાલ સાથે અથડાતાં માંડ બચ્યા !

આ વાત આજની બપોરના ભોજન દરમ્યાન નીકળી, ત્યારે એક સંતે સ્વામીશ્રીને પૂછ્યું : 'શ્રીજીમહારાજના વખતમાં આવો જ ભીડો હતો ? તે

વખતે માઇક વગર કઈ રીતે સંભળાતું હશે ?'

'જોરથી બોલે એટલે અવાજ સંભળાય.'

'તોય અવાજની પણ મર્યાદા હોય ને !'

'શ્રીજીમહારાજ તો ભગવાન હતા. ભગવાનનો અવાજ બધે જ પહોંચે. એ બોલે, હોઠ ફફડાવે, એમાં જ બધું સમજાઈ જાય.' સ્વામીશ્રીએ કહ્યું.

ભગવાનનાં ચરિત્રો વિષે સદા આવી નિસ્તર્ક મતિ ધરાવતા તેઓ આજની સાંજે વિદ્યાનગર પધાર્યા. અત્રે સ્કૂલ ઑફ આર્કિટેક્ચરમાં તૈયાર થયેલા પ્રમુખસ્વામી ઑડિટોરિયમના ઉદ્‌ઘાટન નિમિત્તે આયોજિત સભામાં પૂર્વ નાણાંમંત્રી શ્રી એચ. એમ. પટેલે જણાવ્યું :

'અત્યાર સુધી મેં જોયું નથી કે જે પૈસા પોતા માટે આવ્યા હોય એ બીજાને આપે. જ્યારે પ્રમુખસ્વામીએ અમને પૈસા આપીને દેશ માટે એક સારી અને આગવી પ્રણાલી પાડી છે. આ રીતે દેશની શિક્ષણ સંસ્થાઓને મદદ કરવાની પ્રેરણા પ્રમખસ્વામીને કોણે આપી ?...'

'ભગવાને આપેલી છે.' બાજુમાં બેઠેલા સ્વામીશ્રી તરત બોલી ઊઠ્યા.

પોતાના આશીર્વાદમાંયે આ જ સૂર વહાવતાં તેઓએ કહ્યું : 'હમણાં સાહેબે વાત કરી પણ અમારી માન્યતા છે કે તમારા ને અમારા દરેકમાં પ્રેરણા ભગવાનની છે.'

રક્ષા ભક્તોની નિશદિન કરતા

પ્રભુપ્રેરણા અનુસાર હરતા-ફરતા સ્વામીશ્રી વિદ્યાનગરથી વિદાય લઈ અટલાદરાને લાભ આપતાં તા. ૨૨/૪ની સવારે ટ્રેન દ્વારા મુંબઈ પહોંચ્યા.

યોગી શતાબ્દી મહોત્સવ ઉપક્રમે અહીં વિવિધ વિસ્તારોમાં ગોઠવાયેલી જાહેર-સભાઓ નિમિત્તે સ્વામીશ્રી પણ તે તે પરાંઓમાં જ રોકાઈને ધર્મલાભ આપવાના હતા.

આ શૃંખલાનો પ્રારંભ કરતાં તેઓ તા. ૨૩/૪ના રોજ બોરીવલી પધાર્યા. અત્રે શ્રી ચંપકભાઈ અજમેરાના ફ્લેટમાં રોકાયેલા તેઓ સમક્ષ આજની રાત્રે ભોજન બાદ આઇસક્રીમ ધરવામાં આવ્યો, પરંતુ ઠાકોરજી પોઢી ગયા હોવાથી સ્વામીશ્રીએ તે ન સ્વીકાર્યો.

આ ભક્તિભાવ સાથે તા. ૨૪/૪ની સવારે યોગી નગરમાં નિર્માણાધીન અજમેરા હાઈસ્કૂલના મેદાનમાં સત્સંગ-લાભ આપનારા તેઓએ સભા બાદ

અહીંના સત્સંગ ભુવનમાં ચિત્રપ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરી.

આ જ રીતે આજની સાંજે જી. એચ. હાઈસ્કૂલના પ્રાંગણમાં અમૃતધારા વરસાવી તેઓ તા. ૨૫/૪ના રોજ આવી પહોંચ્યા કાંદિવલીમાં.

અહીં સ્વામીશ્રી તા. ૨૬/૪ની સવારે ભુરાભાઈ આરોગ્ય ભુવનમાં ધર્મલાભ આપી શ્રી ધરમશીભાઈ પટેલના ઘેર ઉતારે પધાર્યા ત્યારે પત્રકાર શ્રી કાંતિ ભટ્ટે ઔપચારિક વાર્તાલાપમાં પૂછ્યું: 'ઈરાક-અમેરિકાના યુદ્ધ વખતે અખાતી દેશોમાં વસતા આપના ભક્તો તરફથી સંદેશા આવતા ત્યારે આપ શું કહેતા?'

'આપણે કહેતા કે ગભરાતા નહીં. કશું થવાનું નથી.'

સ્વામીશ્રીની આ સલાહ સમય જતાં ક્રાંતદર્શી પુરવાર થઈ રહેલી.

જે સમયે યુદ્ધની આગ ગમે ત્યારે અખાતી દેશોને લપેટમાં લઈ લે તેમ હતી, તે સમયે રોજગાર માટે અહીં આવેલો માનવ-સમુદાય પોતપોતાના દેશ ભણી ઉચાળા ભરવા માંડેલો. પરંતુ આવા કટોકટીના કાળમાં સ્વામીશ્રીએ સત્સંગીઓને પોતે જે-તે દેશમાં વસતા હોય ત્યાં જ રોકાવાનો આદેશ આપેલો. તેઓની આ આજ્ઞાથી અચંબો પામી ગયેલા કેટલાય આરબ ઉમરાવો સ્વામીશ્રીના ગુણાનુરાગી થઈ રહ્યા. સ્વામીશ્રીની આર્ષદૃષ્ટિમાંથી નીકળેલી આ સલાહ મુજબ રોકાયેલા હરિભક્તો યુદ્ધની તનાવભરી પરિસ્થિતિમાં પણ સંપૂર્ણ સલામત રહ્યા. તેઓનાં રોજી-રોજગારનેય ઊની આંચ ન આવી.

જેમાં રુચિ હોય એમાં કંટાળો ન આવે

તા. ૨૬/૪ની સાંજે મલાડના રામલીલા મેદાન ખાતે પહોંચેલા સ્વામીશ્રીની અહીંની જાહેર-સભા પ્રારંભથી જ હકડેઠઠ હતી. તેમાં યુવકો દ્વારા ૧,૭૫,૦૦૦ તલ ગૂંથીને તૈયાર કરેલો હાર અર્પણ થયો. તેને અનુસરતાં શંકર ભુવન, કીર્તિકુંજ અને ધનજીવાડીનાં બાળકો વિવિધ વાદ્યો બનાવીને લઈ આવ્યાં. તેઓની આ કલાસૂઝ અને પ્રેમને બિરદાવતાં સ્વામીશ્રીએ પૂંઠાંમાંથી બનાવેલી ગિટાર ભરસભામાં રણઝણાવી, તો દોરીવાળા ઢોલકને પોતાના ગળામાં પહેરી વગાડ્યું. તેઓની આ ચેષ્ટાથી સમગ્ર સભામાં આનંદના સૂર ફરી વળ્યા.

આ સૂર મલાડ બાદ પાર્લાના યશોદા રંગમંદિરમાં પણ બે દિવસ સુધી વહાવી સ્વામીશ્રી સાંતાક્રુઝ પધાર્યા.

અત્રે તેઓ તા. ૨૯/૪ના રોજ પ્લાઝા એશિયાડમાં યોજાયેલી સભામાં યોગી શતાબ્દીનો ઉદ્‌ઘોષ કરી શ્રી રમેશભાઈ પટેલના ઘેર પહોંચ્યા ત્યારે દિવ્યપુરુષદાસ સ્વામીએ પૂછ્યું : 'સ્વામી ! આપ આટલું બધું વિચરો છો તો આપને કંટાળો નથી આવતો ?'

'એટલું સમજી રાખવું કે જેમાં રુચિ હોય એમાં કોઈ દા'ડો કંટાળો ન આવે. ભગવાન વિષે રુચિ થઈ એને કંટાળો આવે જ નહીં. આપણા ગુરુઓને કંટાળો ન આવ્યો તો આપણને ક્યાંથી આવે ?' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ હતા *'એક પ્રભુપદ અનુરાગી.'* તે સામર્થ્યના જોરે જ ૭૦ વર્ષની જૈફ વય અને અનેક બીમારીઓને ફંગોળતાં સ્વામીશ્રી તા. ૩૦/૪ની સવારે સાંતાક્રુઝથી ઘાટકોપર પહોંચ્યા.

અહીંના બે દિવસના રોકાણ દરમ્યાન તેઓએ જોલી જિમખાનામાં પ્રાતઃપૂજા અને જાહેર-સભાનો લાભ આપી યોગી શતાબ્દીનો નાદ ગુંજાવ્યો. તેની વચ્ચે તા. ૧/૫ના રોજ સોમૈયા વિદ્યાવિહારના સંકુલને પણ પાવન કરી તેઓ તા. ૨/૫ની સવારે મુલુંડ પધાર્યા.

અત્રે શ્રી અશ્વિનભાઈ પોપટના બંગલે બીજા માળે રખાયેલા નિવાસે પહોંચવા સ્વામીશ્રીને લિફ્ટના અભાવે ખુરશીમાં બેસવું પડ્યું. તે જોઈ દીનભાવ સાથે યજમાન બોલ્યા : 'બાપા ! આપને ઘણી તકલીફ પડી.'

'જ્યાં ભાવ છે ત્યાં તકલીફ છે જ નહીં અને ભગવાન ભજવા હોય એને અગવડ જોવાય જ નહીં. શરીરનો તો નિર્વાહ જ કરવાનો હોય. મુખ્ય તો ભજન છે. બાકી તો ઝાડ નીચે હોય તોય ચાલે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓની આ અલમસ્તાઈ સૌને પ્રભાવિત કરી ગઈ.

અમે તો ઠારવા આવ્યા છીએ

તા. ૩/૫ની સવારે મુલુંડમાં વિદ્યમાન મધ્વ સંપ્રદાયની સત્યધ્યાન વિદ્યાપીઠમાં પધરામણી કરનારા સ્વામીશ્રી આજની સાયંસભા માટે કાલિદાસ નાટ્યગૃહમાં પધાર્યા. અત્રે અમૃતધારા વહાવી તેઓ તા. ૪/૫ની સવારે દાદર મંદિરે આવી પહોંચતાં યોગી શતાબ્દી નિમિત્તે ગોઠવાયેલા વિચરણનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો.

તેને અનુસરતાં તા. ૫/૫ની સાંજે શિવાજી વિદ્યાલય ખાતે યોજાયેલી રવિસભામાં સ્વામીશ્રી બોલ્યા :

'યોગીબાપાએ આ મુંબઈમાં મંદિર કરી આપ્યું છે એ બદરિકાશ્રમ અને શ્વેતદ્વીપથીયે અધિક છે. પરમ શાંતિનું ધામ છે. આજ્ઞાથી દર રવિવારે સભામાં આવો તો કલ્પ પૂરો થઈ ગયો. આ કોઠારી સ્વામીનો સમાગમ તે મુક્તાનંદ સ્વામી ને સ્વરૂપાનંદ સ્વામીનો સમાગમ. મનાય એવું નથી, પણ આટલું કરીએ તો કામ થઈ જાય.'

સત્સંગનો આ મહિમા દઢાવવા સ્વામીશ્રી તા. ૬/૫ની સાંજે જઈ પહોંચ્યા – દક્ષિણ મુંબઈના રંગભુવનમાં. પ્રતિષ્ઠિતોના પરા તરીકે ઓળખાતા આ વિસ્તારમાં સત્સંગનો શંખ ફૂંકી તેઓ શ્રી સાધુરામભાઈ પટેલના ઘેર પધાર્યા. અત્રે યજમાનના પુત્રો શ્રી માર્કંડભાઈ તથા યોગેશભાઈ સહિત સમગ્ર પરિવારના ભક્તિભાવને સાર્થક કરી સ્વામીશ્રી પેડર રોડ પર આવેલા બેલાવિસ્ટા બંગલે પહોંચ્યા.

અહીં તેઓ તા. ૭/૫ની સાંજે પ્રસાદ ગ્રહણ કરી રહેલા ત્યારે સંસ્થાકીય દિવાળી કાર્ડની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા જ્ઞાનયજ્ઞદાસ સ્વામી બોલ્યા: 'સ્વામી! મુંબઈમાં હરીફાઈ એટલી છે કે અમારો નંબર લાગે તેમ નથી. આપ લગાડો તો લાગે.'

'અમે ક્યાં લગાડવા આવ્યા છીએ? અમે તો ઠારવા આવ્યા છીએ.' શબ્દોનો શ્લેષ કરી સ્વામીશ્રીએ પોતાના પ્રાગટ્યનું પ્રયોજન જણાવી દીધું.

તે સિદ્ધ કરવા વિચરતા તેઓએ અહીં તા. ૮/૫ની બપોરે એક પૂર્વસ્મૃતિ વાગોળતાં કહ્યું:

''ગોંડલના મંદિરે સરભરામાં હું ને એક હરિભક્ત બે હોઈએ. અમે ચાર દા'ડા રાતોરાત બેસીને કોને ક્યાં ઉતારા આપવા વગેરેનું લિસ્ટ કરીએ, પણ પેલા બાપુ દરબારી રીતે રહેલા એટલે કો'ક આવે ને કહે કે 'અહીં નથી ફાવતું. બીજે આપો.' તો કડકાઈથી કહી દે કે 'એ નહીં બને. અહીં જ તમારું નક્કી થયું છે.' પછી વાજતું-ગાજતું મારી પાસે આવે. હું જઉં ને બાપુને સમજાવું. પછી એ ફેરફાર કરે.

ઉતારામાં આવી માથાકૂટ બહુ રહે. લોકો રાતે બે વાગે, વહેલી સવારે આવે અને માંગે. તે વખતે તકેદારી રાખવી પડે. એટલે સમૈયો હોય ત્યારે હું સભામંડપ આગળ બેઠો જ હોઉં. હું જાણું ને! હમણાં આવશે. વ્યવહાર એ રીતે કરવો. અતિ છલકાઈ પણ ના જવું ને સંકોચ પણ ના રાખવો. મંદિરને ખર્ચો બહુ ન આવે એનું પણ ધ્યાન રાખવું. યોગીબાપાનું કામ એવું. બધાને

રાજીપે રાખે. પેલો ઉકળાટનો ટોપલો ઠાલવવા લઈને આવ્યો હોય એ એમ ને એમ જ રહે.''

આ સાંભળી કો'ક બોલ્યું : 'અત્યારે પણ એવું જ છે ને !'

'આપણે તો યોગીબાપા આગળ હિસાબમાં નહીં.'

સ્વામીશ્રીની ગુરુભક્તિનો આ ઉછાળ સૌને તરબતર કરી ગયો.

સેવામાં નુકસાન હોય નહીં

દક્ષિણ મુંબઈમાં વિચરણ કરીને દાદર મંદિરે પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૯/પની સાંજે વડાલામાં નિર્માણ પામેલા ઉત્સવ-સ્થળ 'બ્રહ્મધામ'નું ઉદ્‌ઘાટન થયું. ૯૯મી યોગી જયંતી નિમિત્તે અહીં ઊજવાનારા ચતુર્દિવસીય મહોત્સવ નિમિત્તે તૈયાર થયેલા આ ચાર એકરના મેદાન પર ૧૯૫ x ૧૮૦ ફૂટનો સ્તંભરહિત સભામંડપ ઊભો કરાયેલો. તેની સાથે સમૂહલગ્ન, સમૂહ યજ્ઞોપવીત, રક્તદાન યજ્ઞ, રોગનિદાન યજ્ઞ વગેરે સમાજ-સેવાની સરવાણીઓ પણ મહોત્સવના મેદાનમાં વહેવાની હતી.

આ વિવિધ વિભાગોમાં તા. ૧૦/પની સવારે પગલાં કરવા પધારેલા સ્વામીશ્રીને અર્પણ બ્લડ બેંકના ડૉ. કારિયાએ કહ્યું કે 'સ્વામીજી ! ગયા વર્ષે મફત લોહી આપવામાં અમારી બ્લડ બેંકને દોઢ લાખ રૂપિયાનું નુકસાન થયું.'

'નુકસાન શબ્દ ન વાપરવો. આ તો સેવા છે. એમાં નુકસાન હોય નહીં.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની નિઃસ્વાર્થ ભાવનામાં પૈસાનાં તો લેખાં-જોખાં હોય જ ક્યાંથી ?

અહીં જ રાખ થવું

સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાતી ૯૯મી યોગી જયંતીનો લાભ લેવા વિવિધ મંદિરોમાંથી ઊમટેલા સંતો પૈકીના એક સ્વામીશ્રીના ભોજન વખતે પાછળ બેઠેલા. તેઓને ઊભા કરી આગળ બેસાડતાં સ્વામીશ્રીએ કહ્યું : 'મહેમાનને આગળ બેસાડવા જોઈએ ને !'

તેઓનો આ વિવેક જોઈ કો'ક બોલ્યું : 'પહેલે દિવસે મહેમાન.'

'એ તો કહે છે ને કે *પહેલે દિ' પરોણો ને બીજે દિ' પઈ, ત્રીજે દિ' રહે એની અક્કલ ગઈ !'* સ્વામીશ્રીએ જણાવ્યું.

પ્રાસંગિક પુષ્ટિ કરવામાં તો તેઓ અજોડ. જે વિષય ચાલતો હોય તેને

સુસંગત ઉક્તિ ઉચ્ચારી સ્વામીશ્રી વાત અને વાતાવરણના રંગ પલટી દેતા.

તા. ૧૦/૫ના રોજ પણ તેઓ સમક્ષ વંચાઈ રહેલા ગ્રંથમાં યોગીજી મહારાજે લખેલા એક પત્રની વિગત આવતાં સ્વામીશ્રી બોલ્યા :

'આપણે ભક્તિ થાય એ હેતુ માટે સાધુ થયા છીએ. માટે સત્પુરુષ કહે એટલું કરવું. જે વિષયમાં પડે એ હેરાન થશે. માટે ગમે એટલું દુઃખ પડે પણ અહીં જ રાખ થવું. રડતી'તી ને પિયરિયા મળ્યા તે વધારે રોવરાવે, એવું ન કરવું. બીજો મૂંઝાતો હોય એને બળ આપવું. બીજાને સાધુ થવા માટે ઊભા કરવા.'

આ જ રીતે આજની વાળુ વેળાએ થઈ રહેલા ગ્રંથપઠનમાં યોગીબાપાએ સત્સંગ પત્રિકા માટે પ્રયોજેલો 'રહસ્યમય વાતો' શબ્દ વંચાતાં સામે બેઠેલા ઘનશ્યામચરણદાસ સ્વામીએ કહ્યું : 'આ તો બાપાએ અલંકાર...'

તેઓ જ્યાં આટલું બોલ્યા ત્યાં તો એકદમ હસી પડેલા સ્વામીશ્રીએ મુખમાં લીધેલો ઉકાળાનો ઘૂંટડો માંડ ગળા હેઠે ઉતાર્યો અને એ જ હાસ્યરસમાં તરબોળ રહી જણાવ્યું : 'ઘનશ્યામબાપા ! આ અલંકાર ન કહેવાય. આ તો હૃદયના ભાવ છે. ઊભરો આવી જાય. આપણે લખીએ એ અલંકાર ને બાપા લખે એ બ્રહ્મની જ વાણી.'

ગુરુનાં ચરિત્રોને નીરખવાની અનેરી દિવ્ય દૃષ્ટિ સ્વામીશ્રી પાસે હતી.

સ્વામીશ્રીનું ઓળખપત્ર

તા. ૧૧/૫ના રોજ યોગી જયંતીનો દિવસ હોવાથી યોગીજી મહારાજની પ્રફુલ્લિતતાને પડઘાવતાં પુષ્પોની શોભા ઉત્સવ-મંચની પિછવાઈમાં ખીલી ઊઠેલી. ફૂલદાનીમાંથી કમાનાકારે ઊગી નીકળેલાં એ વિરાટ પુષ્પો અન્ય ફૂલદાનીઓ સાથે અનુસંધાન મેળવી, સુહૃદભાવની સુગંધ પણ પ્રસરાવી રહેલાં. એ સુવાસમાં સ્વામીશ્રીની પ્રાતઃપૂજા અને ઉત્સવ-સભાના રંગો ભળતાં દસ હજારની જનમેદની માટે આજની સવાર સ્મરણીય બની રહી.

એવી જ યાદગાર નીવડેલી આજની સંધ્યાએ દર્શને આવેલા વિખ્યાત રેકોર્ડિસ્ટ શ્રી દામન સૂદે વાતચીતમાં પોતાનું ઓળખપત્ર (વિઝિટિંગ કાર્ડ) સ્વામીશ્રીને ધર્યું. તે વખતે સ્વામીશ્રીએ પણ બાજુમાં મૂકેલાં પૉકેટ કૅલેન્ડરમાંથી શ્રીજીમહારાજની મૂર્તિ બતાવતાં કહ્યું : 'હમારા કાર્ડ યે હૈ.'

ભગવાનથી ભિન્ન પોતાની કોઈ આગવી ઓળખ સ્વામીશ્રીએ રાખી

જ નહોતી.

આ મર્મની વાત સમજાવીને તેઓ યોગી જયંતીની રાત્રિસભામાં પધાર્યા ત્યારે આ સમારંભમાં યોગીજી મહારાજના અનુભવી સંતો-મહાનુભાવોએ યોગીસ્મૃતિ રજૂ કરી. તેને અનુસરતાં સ્વામીશ્રીએ પણ મહિમાગાન કર્યું કે –

'આવા ઉત્સવો લાખો વર્ષ સુધી કરીએ, ગુણ ગાઈએ તોય ઓછું છે. યોગીજી મહારાજનું વિસ્મરણ ક્યારેય થાય એમ નથી. એ નિર્દોષમૂર્તિ ભુલાય એમ નથી. એમનાં ચરિત્રો સાંભળીએ ત્યારે એ નજીક જ લાગે છે. એમનો ઉપકાર છે એટલે જ આપણું અસ્તિત્વ છે. એમનો મહિમા પ્રવર્તાવવો એ આપણી ફરજ છે. દેશ-પરદેશમાં ડંકો વગાડવો છે.'

આમ, શબ્દે-શબ્દે યોગીજી મહારાજની ઋણાભિવ્યક્તિ અદા કરનારા સ્વામીશ્રી તા. ૧૨/૫ની સવારે યોજાયેલી અંતિમ ઉત્સવ-સભામાં પણ એટલા જ ભાવસભર બની ગયા. એ જ અવસ્થામાં તેઓએ મહોત્સવને સાકાર કરવામાં સહયોગ આપનારા સૌને સન્માનિત કર્યા.

આ સમૈયાનો પડઘો સમગ્ર મુંબઈમાં પડ્યો હોવાથી ઉત્સવ પછીયે સૂરથી ખેંચાતાં હરણાંની જેમ કંઈક પ્રતિષ્ઠિતો મંદિરમાં દર્શન માટે આવતા રહ્યા. તેમાંના એક ભારતીય વિદ્યાભવનના આચાર્ય શ્રી રામરૂપ મિશ્રે સ્વામીશ્રીને કહ્યું: 'मैंने सारे जीवन में यह पहला आश्रम ऐसा देखा, जहाँ हर एक के लिए सोचा जाता है।'

*'કરવી સહુ જનની રખવાળ...'*ની પ્રકૃતિ ધરાવતા સ્વામીશ્રીને અપાયેલી આ એક સાર્થક અંજલિ. ખરેખર, ગલકાના ફૂલથી ગુલાબના ફૂલ સુધી સૌનું જતન કરી જાણનારા માળી હતા સ્વામીશ્રી.[૨]

ચાલ્યો બ્રહ્મરસ રેલી રે

મુંબઈથી વિદાય લઈ મનોર, અંબોલી, સેલવાસ, લવાછા, પારડીને પાવન કરતાં તીથલ પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીં તા. ૧૬/૫, અખાત્રીજના રોજ કોસંબાના સાગરકિનારે શિખરબદ્ધ મંદિરનો ખાતવિધિ

---

૨. મુંબઈમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાયેલી ૯૯મી યોગી જયંતીનો આનંદ માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

યોજાયો. આ પ્રસંગે સ્થાનિક ટંડેલ વર્ગનો ઉત્સાહ દરિયાનાં મોજાંની જેમ જ ઊછળી રહેલો. તેઓના ચહેરા પર, હાલકડોલક થતી જીવનનૈયાને સ્થિર કરનારા સુકાનીરૂપે સ્વામીશ્રી મળી ગયાનો આનંદ ઝળકી રહેલો. એ આનંદ વચ્ચે સ્વામીશ્રીએ ૪,૫૦૦થી વધુ ભક્તોની ઉપસ્થિતિમાં ખાત કર્યું ત્યારે દરિયાના ઘુઘવાટ જેવા જ જયનાદો ગાજી રહ્યા.

આ રીતે ભવસાગરની દીવાદાંડી સમા એક મંદિરના શ્રીગણેશ કરી તેઓએ આજે અહીં સ્વાધ્યાય પરિવાર દ્વારા સંચાલિત અમૃતાલય તથા જૈન બંધુત્રિપુટીની દોરવણી હેઠળ કાર્યરત શાંતિ નિકેતન સાધનાશ્રમને પણ પાવન કર્યાં.

ત્યારબાદ આજની રાત્રે સાંકરીમાં સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા છઠ્ઠી સંતશિબિરનો દીવો પ્રગટી ચૂક્યો. તેના ઉજાસમાં ૩૫૫ શિબિરાર્થીઓને આવકારતાં સ્વામીશ્રી બોલ્યા : 'અહીં જે કોઈ કોઠારી, ભંડારી, પૂજારી અને જે સંતો આવ્યા છે એ બધાને સાષ્ટાંગ પ્રણામ સાથે જય સ્વામિનારાયણ.'

સ્વાગતના આ ભાવવાહી સૂરો સાથે તા. ૧૭/૫ની સવારે સૌને અમૃતપાન કરાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

"સર્વોપરી સંકલ્પ કરવો કે શ્રેષ્ઠ સંત બનીને ભગવાન ને સંતની સેવા કરવી છે. દરેક કાર્યમાં આપણી કાર્યકુશળતા વ્યવસ્થિત હોવી જ જોઈએ. કરોડ રૂપિયા આપતાં જે વાતો ન મળે એ વાતો આપણી આગળ થાય છે. માટે એક પણ શબ્દ જવા ન દેવો. એક શબ્દ જશે તો મહા ખોટ જશે. મજબૂત થવાની, ઘડતર થવાની ને બ્રહ્મરૂપ થવાની આ શિબિર છે.

પહેલાં તો મારેય એક-બે વખત શિબિર જતી રહી, પણ ગઈ વખતે (મધુવનની શિબિરમાં) આવ્યો ત્યારે કાંટો ચડ્યો તે હજી સુધી ચાલ્યો ને આ વખતે પાછો પંપ વાગશે એટલે આગળ ધક્કો વાગશે. મધુવનમાં બહુ સારાં પ્રવચનો, ભજન ને કથાવાર્તા થયાં. એ સાંભળીને થયું કે આગળની બે શિબિરમાં હાજર ન રહ્યા એ ખોટ ગઈ. એટલે મનમાં થાય છે કે ગમે તેમ કરીને પણ શિબિરોમાં જવું.

આજે સવારે ડૉક્ટર સ્વામીએ સારી વાતો કરી, પણ હું એમાં રહી ગયો. મારે કાલે અહીં વૉકિંગ રાખવું છે એટલે મને સંભળાય. આજનું મારે આળસમાં જતું રહ્યું. ખબડદારી ન રાખીએ તો ધોયેલા મૂળા જેવા રહી જઈએ. આ બ્રહ્મરસ ચાલે છે એમાં રહી ન જવાય એ ખાસ ધ્યાન રાખજો

ને બધા રાજી રહેજો, કારણ, મારો સ્વભાવ સહેજ જોવાનો ને કહેવાનો છે, પણ આપણે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનું નામ દીપાવીએ ને આપણો સંપ્રદાય સર્વોપરી બને એવી ભાવના છે, એટલે થોડું કહેવાયું હોય તો માફ કરજો.''

સ્વતઃ સિદ્ધ હોવા છતાં સદા સાધક બનીને રહેતા સ્વામીશ્રીનો ખટકો અને ઉમળકો આજે તેઓની વાણીમાં ઊભરાઈ આવ્યો.

શ્રુતિ-સ્મૃતિની સમજ

શિબિરમાં અમૃતધારા વહાવી સવારે અગિયાર વાગ્યે શ્રી સોમાભાઈના બંગલે પધારેલા સ્વામીશ્રીને હવે પત્રકચેરી ખોલવી હતી. તેથી સંતોએ ભોજનકક્ષનો નાનો મંચ બતાવી કહ્યું : 'અહીં લખવા બિરાજો.'

'પણ ત્યાં ઠાકોરજીને થાળ ધરાવવાનો બાકી હશે ને ?'

'એ તો નીચે આસન પાથરીને થાળ ધરાવી દઈશું.'

'આપણે ઉપર ચઢી બેસીએ ને ઠાકોરજીને નીચે બેસાડાય ? આપણે બહારની રૂમમાં બેસીએ.' આમ કહેતાં સ્વામીશ્રી બહાર આવી ગયા, પણ ત્યાં તો સખત ગરમી હતી, છતાં તેઓને એ માન્ય રહી.

તેઓની આ પરાભક્તિનું તેજ જ તા. ૧૭/૫ના સાયંસત્રમાં રેલાવા માંડ્યું કે –

''વચનામૃત સિવાય બીજે માલ મનાય એ મોહ છે. કોણ બોલ્યું છે આ ? ગુણાતીતાનંદ સ્વામી. આપણી વાતને પુષ્ટિ થતી હોય તેવાં પુસ્તકોનો આધાર લેવો, પણ એમાં માલ મનાય કે 'વાહ ! આ તો સારું છે' તો થઈ રહ્યું ! 'સારું છે' એટલું કહો તોય આપણો નંબર નીકળી ગયો. સારી છે એટલી વાત લેવાની છે ને આપણી વાતને પુષ્ટિ કરવાની છે. પણ એ વાતને લઈને એ રસ્તે ચાલવાની વાત નથી. 'ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી છે' એમાં શંકાનું સ્થાન હોવું ન જ જોઈએ. એમણે જે કાર્ય કર્યું છે એમાં સંપૂર્ણ વિશ્વાસ. એમાં તર્ક-વિતર્ક થાય તો પછી આપણે સમજ્યા શું ? વચનામૃતમાં કોઈ વાત અવિદ્વાન રાખી નથી. એમાં બીજો વિચાર આપણે કરવાનો ન હોય, પણ એમાં પુષ્ટિ કરવાની હોય.

આપણે સામાજિક, લૌકિક પ્રવૃત્તિ કરીએ છીએ તે એનું પ્રાધાન્ય કે મોક્ષદાયી સમજીને નહીં, પણ 'લોકોને ગુણ આવે તો એનું કલ્યાણ થાય'

એવો મોટો આશય રાખીને, મળતું રાખીને કરીએ છીએ. દુનિયામાં ગમે ત્યાં જાવ, ગમે તે વાંચો, ગમે તેને મળો, એમાં ઘણી બધી સારી વાતો હોય, પણ જોગી મહારાજની તોલે આવે એવી એકેય વાત નથી. 'એમના જેવું કોઈ રૂપ નથી, એમના જેવું કોઈ સુખ નથી, એમના જેવો કોઈ આનંદ નથી,' આટલું તો હોવું જ જોઈએ. પુસ્તકો વાંચી-વાંચીને, ખોતરી-ખોતરીને કાઢીએ એમાં કાંઈ નીકળવાનું નથી. 'વચનામૃત' એ શ્રુતિ (વેદ-વેદાંત) છે ને 'સ્વામીની વાતો' એ સ્મૃતિ(ગ્રંથ) છે. તે ન સમજાય તો વિશ્વાસથી માનવાનું.''

પરિવર્તન થાય એ જ અનુભવ

તા. ૧૮/૫ની સાંજે શિબિરના સત્રમાં ત્યાગવલ્લભદાસ સ્વામી સાથે યોજાયેલી સેવા સંબંધી પ્રશ્નોત્તરીના અનુસંધાનમાં પરાવાણી વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'ત્યાગવલ્લભ સ્વામીએ ઘણા પ્રશ્નોના જવાબ આપ્યા, એમાં એક જ અનુસંધાન આવ્યું કે 'મોટાપુરુષ રાજી થાય તેનાથી શાંતિ, તેમાં આનંદ.' યોગીબાપાએ કંઈ ભડકો તો દેખાડ્યો નથી. પાછળ ચક્કર ફરતું'તું તેવું જોયું નહોતું, પણ આજ્ઞા પાળવી તે જ વાત તેમાં આવી. આધ્યાત્મિક અનુભવની આપણે વાત કરીએ છીએ, પણ તમારું પરિવર્તન થાય એ જ તમારો અનુભવ. આપણે ભગવાન ભજીએ, કથા-વાર્તા કરીએ, સેવા કરીએ, દરેકનો મહિમા સમજીએ – આ બધો અનુભવ. બાકી બીજા અનુભવ આપણને કોઈ નહીં દેખાય. સત્પુરુષને વિષે જેટલી આત્મબુદ્ધિ એટલું જ આપણું શુદ્ધ થવાનું. તેટલો જ આપણને ઉત્સાહ-ઉમંગ થવાનો.

આપણા બધા પ્રશ્નોનું એક જ સમાધાન છે, એક જ લિંક (કડી) આવે છે કે 'મોટાપુરુષ રાજી થાય તેમાં બધું જ સુખ.' તેના રાજીપામાં બધુંય જ્ઞાન થઈ જશે, ભક્તિ આવી જશે, વૈરાગ્યેય આવી જશે ને અનંત ગુણો આવી જવાના અને આપણું પરિવર્તનેય થઈ જશે. આપણે જેટલી સેવા કરી તેટલો આનંદ, ફુવારા, અનુભવ.''

આ જ રીતે તા. ૧૯/૫ના રોજ પ્રાપ્તિનો મહિમા સમજાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'મહારાજ-સ્વામી મળ્યા એનાથી આપણી મોટપ છે. એમાં જેટલી આત્મબુદ્ધિ થાય એટલી મોટપ. પ્રભુદાસ લાલા કંઈ કરોડપતિ માણસ નથી

પણ કેફમાં વર્તે છે. એ કહે છે કે 'આફ્રિકા ધોતિયું પહેરીને ગયો હતો ને પાટલૂન પહેરીને આવ્યો! શાસ્ત્રીજી મહારાજ મને મળ્યા ને 'ડોબો' કહ્યો.' આપણને કહે તો હાલતા થઈએ કે 'શાસ્ત્રીજી મહારાજને કંઈ જ્ઞાન નથી.' એમ કેટલાય સંકલ્પ થઈ જાય.

મારા જીવનમાં પણ પ્રશ્નો આવ્યા છે, પણ એક શાસ્ત્રીજી મહારાજ રાખ્યા છે, બીજી કોઈ વસ્તુ નહીં. પૃથ્વીનું વેજું કર્યા પછી નિશાન ખાલી જાય જ નહીં. માટે નકામા, હલકટ વિચારો કરવાના જ ન હોય. બુદ્ધિનાં તર્કો અહીં મૂકી દેવાનાં. લૉક મારી દેવાનું.

ગીરના પાણીથી અવયવો ફરે તો સત્પુરુષના સેવનથી ન ફરે? ફરે જ! આપણને વિશ્વાસ દૃઢ હોવો જોઈએ. અહીંયાં જ આપણે સોનાના છીએ. બહાર જઈશું તો ટકાના ત્રણ શેર. ગમે તેટલા ડાહ્યા ને હોશિયાર હશે તોય પછડાઈ જવાના. સત્પુરુષ વિષે પોણી સોળ આના ભાવ ન થવો જોઈએ.'

એક નિશાન રાખવું જોઈએ

શિબિર દરમ્યાન તા. ૧૯/૫ની સાંજે યોગાસનો સંબંધી સમજૂતી આપતાં મુંબઈથી આવેલા શ્રી જયંતભાઈ મહેતાએ પશ્ચિમોત્તાન આસનનો લાભ વર્ણવ્યો કે 'પેટની ચરબી ઘટાડવા માટે આ સારું છે.'

ઉત્તમ મુમુક્ષુતા રાખી શિબિરનો લાભ લેતાં સ્વામીશ્રીને તો દરેક વાત પોતા પર જ લેવાની વૃત્તિ. તેથી તેઓએ 'આ આસન પોતાને ઉપયોગી છે' તે ભાવાર્થની વાત કહી ત્યારે પેલા યોગશિક્ષકે જણાવ્યું: 'બાપા! આપ તો યોગના આચાર્ય છો.'

'એ વાત સાચી છે, પણ આપણે આવું કહીએ તો બીજાને હિંમત રહે ને!' સ્વામીશ્રી બોલ્યા.

અષ્ટાંગ યોગના ફળરૂપ નિર્વિકલ્પ સમાધિની સ્થિતિમાં અખંડ રહેતા તેઓને સકળ યોગકળા હસ્તામલકવત્ છે એ મર્મ તેઓએ સમજાવી દીધો.

તે પામી આગળ સરકેલા આસન-પ્રશિક્ષણના આ વર્ગમાં, અધ્યાપક જે કહેતા જાય તે મુજબ બે પાર્ષદો મંચ પર જે-તે આસનનું નિદર્શન કરતા હતા. તેમાં એક આસન ટેકો લીધા વિના ન થઈ શકે તેવું આવતાં મૈત્રેય ભગત સ્વામીશ્રીના ઢોલિયે ટેકો દેતાં અચકાયા, ત્યારે સ્વામીશ્રીએ તેઓને સામેથી

બોલાવ્યા, એટલું જ નહીં, પોતાનો તકિયો પણ ધર્યો !

શિષ્યોને ટેકા દેવા સદા તત્પર તેઓની આવી વિનમ્રતાનું દર્શન તા. ૨૧/૫ના રોજ પણ લાધ્યું. આ દિવસે આવેલા ૪૨મા પ્રમુખવરણી દિનને અનુલક્ષી સ્વામીશ્રીને વિનંતી કરવામાં આવી કે 'બાપા ! આપના જીવનમાં અનેક પ્રશ્નો આવ્યા છતાં આપે એક શાસ્ત્રીજી મહારાજ સમક્ષ જ દૃષ્ટિ રાખી, તો એની વાત કરો.'

સંતોની આ જિજ્ઞાસા સંતોષતાં સ્વામીશ્રીએ પોતાના જીવનમાં આવેલી મુશ્કેલીઓનાં પ્રકરણો અતિ સંકોચ સાથે વર્ણવી મુદ્દો સંભળાવ્યો કે –

"એ બધામાં એક જ વસ્તુ હતી કે 'સ્વામી કહે એમ કરવું છે ને બધા કહે તોય સહન કરીને દરેકની સાથે ભળી જવું ને દરેકને અનુકૂળ થઈને રહેવું' એ ધ્યેય હતું. આપણે જાણીએ કે 'આપણાથી બધા વડીલ છે. આપણે નાના છીએ ને કાલ સવારના આવેલા છીએ ને એમણે વરસોથી તન તોડી નાંખ્યાં છે. માટે એમને કહેવાનો અધિકાર છે ને કામ બતાવે એ કરવું જોઈએ, મોટા થઈ ગયા એટલે નહીં કરીએ એમ નહીં. મોટા તો આપણે સ્વામીને લઈને હતા.' એ રીતે કામકાજ થયેલું.

જોગી મહારાજે અનેક પ્રશ્નો-મૂંઝવણોમાં સાથ-સહકાર આપ્યો એ એમની દયા. સ્વામીની આજ્ઞાથી ભાર ઉપાડ્યો હતો, આપણે ઉપાડતા નથી. એટલે અત્યાર સુધી ક્યારેય બોજ પણ લાગ્યો નથી, મુશ્કેલી પણ લાગી નથી. આમાં આપણે સહન કરવું પડ્યું પણ સ્વામીનો રાજીપો હતો તો વાંધો આવ્યો નથી. મૂળ વસ્તુ શું કે એક નિશાન રાખવું જોઈએ – સ્વામીના ઉપર છોડી દો, તો સ્વામી જ એનું નિરાકરણ લાવે. ગૂંચવાડો પણ એ કરે ને નિરાકરણ પણ એ જ કરે.

એટલે ઘણા-ઘણા પ્રશ્નો આવી ગયા, પણ એક જોગી મહારાજની દયા ને શાસ્ત્રીજી મહારાજની દયાથી બધું સારું થઈ ગયું. ને એવું સુખ કરી આપ્યું કે તમે બધા ખૂબ બળ ને ઉત્સાહથી કાર્ય કરો છો એટલે મને બોજ નથી લાગતો. નિષ્ઠા એક હશે તો કોઈ વાંકો વાળ કરનારો નથી. માટે એ પ્રમાણે કરવું."

વિઘ્નોના વાયરાઓએ સ્વામીશ્રીને હચમચાવવા ઘણા પ્રયત્નો કરેલા, પરંતુ ગુરુનો ખીલો પકડી બેઠેલા તેઓ લેશ ચલાયમાન થયા નહોતા. પોતાનો આ જીવનક્રમ વર્ણવી રહેલા સ્વામીશ્રી આજે ગુરુકૃપા સંભારતાં ગદ્‌ગદ કંઠ બની ગયા.

કથા વિષે જો રુચિ છે તમારી

તા. ૨૨/૫ની સવારે સ્વામીશ્રીનું પ્રાતઃભ્રમણ પૂરું થયું ત્યારે પણ મહંત સ્વામીનું પ્રવચન ચાલુ હોવાથી સ્વામીશ્રીએ સ્પીકરને ઓરડામાં મંગાવી લીધું અને આસન વગેરે દૈહિક ક્રિયા આટોપતાં-આટોપતાં તેઓએ સમગ્ર વક્તવ્ય સાંભળ્યું.

આમ, પ્રથમથી છેલ્લા દિવસ સુધી એક આદર્શ શ્રોતા તરીકે શિબિરનો લાભ લઈને સ્વામીશ્રી આજે કડોદરા તથા લીંગડને પાવન કરતાં સાંજે નવસારી પહોંચ્યા.

અત્રે તેઓ બીમાર ભક્ત શ્રી ડાહ્યાભાઈના ઘેર ખબર-અંતર પૂછવા જઈ પહોંચ્યા ત્યારે આ હરિભક્ત તો જ્યાં સ્વામીશ્રીનો નિવાસ રખાયેલો તે બંગલે દોડી ગયેલા. તે વખતે સ્વામીશ્રી ઘરમાં રહેલા આ સત્સંગીના ફોટાનો સ્પર્શ કરતાં બોલ્યા : 'પ્રત્યક્ષ ના મળ્યા તો આ રીતે મળી લઈએ.'

ભક્તોની સંભાળ લેવાની તેઓની પ્રકૃતિ અવનવા સ્વરૂપે પ્રકાશતી જ રહેતી.

તે મુજબ સ્વામીશ્રીએ તા. ૨૪/૫ના રોજ સુપાના ગુરુકુળ તથા ખડસુપાને પણ લાભ આપ્યો. તેને અનુસરતાં તેઓએ તા. ૨૫/૫ની સવારે નવસારી-સ્થિત આશાપુરા માતાના મંદિરમાં નિર્માણ પામેલા પ્રમુખસ્વામી મહારાજ સત્સંગ ભુવનનું ઉદ્‌ઘાટન કર્યું. તે પછી તેઓ ઉભરાટ તેમ જ ડુમ્મસને ડોલાવતાં સુરત પધાર્યા.

અત્રે તા. ૨૬/૫ની બપોરે ભોજન કરવા બિરાજેલા સ્વામીશ્રી બોલ્યા : 'આપણે એવો કોઈ ગ્રંથ શોધો તો જમતી વખતે વાંચી શકાય.'

૩,૭૦૦ પાનાંમાં પ્રકાશિત થયેલું યોગીજી મહારાજનું દળદાર જીવન-ચરિત્ર વંચાઈ ગયા બાદ પણ તેઓની શ્રવણભૂખ શમી નહોતી!

પરંતુ તેને ઠારે તેવો ગ્રંથ, એક દિવસ વીતી ગયો છતાં હાથ ન લાધતાં તા. ૨૭/૫ની સવારે અલ્પાહાર લેવા બિરાજેલા સ્વામીશ્રીએ કહ્યું : 'બીજો કોઈ ગ્રંથ ન હોય તો વચનામૃત તો છે જ, પહેલેથી વાંચીએ એટલે આખો પાઠ થઈ જાય.' આમ કહી તેઓએ વચનામૃતના પરથારાથી વાંચન શરૂ કરાવ્યું.

કથા-વાર્તાના આવા વ્યસની સ્વામીશ્રી તા. ૨૯/૫ની સવારે માત્ર પંદર મિનિટની એક પધરામણી માટે સુરતથી કીમ થઈને અંકલેશ્વરની ઔદ્યોગિક

વસાહતમાં જઈ પહોંચ્યા. આવવા-જવાની આ ૧૬૦થી વધુ કિ.મી.ની મુસાફરી ખેડી સુરત પરત પધારેલા તેઓ ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે બપોરના પોણા બે વાગી ચૂક્યા !

હીરાનગરીમાં હરિની હીરકતુલા

આ અરસામાં સ્વામીશ્રી સમક્ષ થઈ રહેલા વચનામૃતના વાંચન દરમ્યાન તા. ૩૧/૫ના રોજ શ્રીજીમહારાજનાં વિવિધ બેઠક સ્થાનોની વાતો નીકળી. તે અંતર્ગત દાદાખાચરના દરબારમાં આવેલી ઉતારાની મેડીનો ઉલ્લેખ થયો ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અત્યારે અક્ષર ઓરડીની પછવાડે નવા ઉતારા કર્યા છે ત્યાં પહેલાં દાદાખાચર રહેતા. ત્યાં મેડી હતી ખરી.'

આમ, ઇતિહાસની ઘણી અકબંધ કડીઓને સહજમાં ખોલનારા તેઓએ તા. ૧/૬ના રોજ સુરતમાં આવેલા શ્રીજીમહારાજનાં પ્રાસાદિક સ્થળોએ જવાની ઇચ્છા વ્યક્ત કરી, પરંતુ આ દિવસે નીકળનારી એક રાજકીય રેલીને કારણે ટ્રાફિક વધી જવાની શક્યતા જોઈ સંતોએ આવતીકાલ પર કાર્યક્રમ મુલતવી રાખવાનું જણાવ્યું. ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'કાલે રવિવારે રજા એટલે હરિભક્તો મળવા વધારે આવશે.'

'એ મુલાકાતો તો બંધ રખાય.'

'કોઈ બંધ કરતું નથી. સવાર-સાંજ ચાલ્યા જ કરે છે. મારે ઝાડે ફરવું હોય તોય કેટલું ઠેલવું પડે છે !' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓનું આ વિધાન વીજળીના ઝાટકાની જેમ સૌને હચમચાવી ગયું. આકરા તાપ વેઠીનેય સૌને શાતા આપતા વૃક્ષની જેમ, સ્વામીશ્રી પણ કેટકેટલી તકલીફો ઉઠાવીને સૌને સુખ-સંતોષ આપતા રહેલા !

અંતે તેઓના સૂચન મુજબ તા. ૧/૬ની સાંજે જ ગોઠવાયેલી દર્શન-યાત્રા બાદ સ્વામીશ્રીએ એક વાળંદની દુકાનમાં પધરામણી કરીને શ્રી જગદીશભાઈ પટેલના બંગલે ઠાકોરજી જમાડ્યા. અહીંથી તેઓ મંદિરે જવા નીકળ્યા તે વખતે સાથે બેઠેલા એક સ્થાનિક સંતે જે માર્ગે ગાડી લેવડાવી તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'આ રસ્તે મંદિરે પહોંચાય જ નહીં.'

... અને બન્યું પણ તેઓએ કહ્યું તેમ જ ! અડધે રસ્તેથી ગાડી પાછી વાળવી પડી. ત્યારપછી મંદિર સુધીનો માર્ગ સ્વામીશ્રીએ જાતે જ બતાવ્યો !

આ રીતે મંદિરે પહોંચેલા તેઓના સાંનિધ્યમાં તા. ૨/૬ની

સાંજે હરિકૃષ્ણ મહારાજની હીરકતુલાનો તખ્તો ગોઠવાઈ ચૂક્યો. આ અવસરે મંદિરના પ્રાંગણમાં ઊભા કરાયેલા મંચ પર આકર્ષક તુલા મૂકવામાં આવેલી. મંદિરના પરિસરમાં નગરયાત્રારૂપે ફરી, પાલખીમાં બિરાજેલા ઠાકોરજી આ મંચ પર પધાર્યા ત્યારે સ્વામીશ્રીએ આસન પરથી ઊભા થઈ તેઓને પોતાના હાથે તુલામાં પધરાવી ચાંદલો કર્યો. ત્યારબાદ તેઓ ઉપસ્થિત દસેક હજાર સત્સંગીઓની ભક્તિના પ્રતીકરૂપ હીરા ઠાકોરજીના સામા પલ્લે મૂકવા લાગ્યા. આ ક્રમ સતત તેર મિનિટ સુધી ચાલ્યો. તેના અંતે ઠાકોરજી તોળાતાં હર્ષોલ્લાસથી સંકુલ ગાજી ઊઠ્યું.

તેની વચ્ચે અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આજના સમયે નાનાં-મોટાં, બાઈ-ભાઈ, સંતોએ ખૂબ દાખડો કર્યો છે. એ દાખડાથી મહારાજ આપણા પર ખૂબ ખૂબ રાજી થયા છે. તેઓ આપણને બધાને અક્ષરધામના અધિકારી બનાવશે. આ ઉત્સવનાં દર્શન કરશે, તેની સ્મૃતિ કરશે, તેનું પણ ભગવાન કલ્યાણ કરશે. ધાર્યો નહોતો એવો અદ્ભુત આપણો આ સમૈયો થયો.'

સંદેશો શ્રીજીનો જગમાં ફેલાવે

તા. ૩/૬ની સવારે સુરતના નવનિર્મિત છાત્રાલયનું ઉદ્ઘાટન કરી સ્વામીશ્રી સયાજી એક્સપ્રેસ દ્વારા તા. ૪/૬ની બપોરે ત્રણ વાગ્યે મુંબઈ આવી પહોંચ્યા.

અહીંથી તેઓ હવે શ્રીજીનો સંદેશો જગમાં ફેલાવવા પરદેશ પધારવાના હતા. તે નિમિત્તે તા. ૭/૬ના રોજ યોજાયેલી વિદાય-સભામાં ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ આપતાં તેઓએ જણાવ્યું :

"વચનામૃત લોયા ૩માં કહ્યું કે 'મહિમા સહિત નિશ્ચય હોય તો એને અર્થે શું ન થાય?' નિશ્ચય એટલે ફેરફાર નહીં. મનુષ્ય-ચરિત્ર કરે તોય એ ભગવાન છે. કાઠી દરબારો બીજું ન સમજે, પણ જેમ હીરની દોરી ને તેલનો ટીપો મૂકે પછી કોઈ છોડી શકે નહીં, એવો જીવમાં નિશ્ચય હતો. 'શ્રીજીમહારાજ ભગવાન નથી' એમ કોઈ કહેવા આવે તો એનું માથું ઊડી જાય એવો નિશ્ચય. 'અમે તમણા ને તમે અમણા' એટલું જાણે. એવા ભક્તો આજે પણ છે."

આવા ભક્તોએ વિદેશમાં તૈયાર કરેલાં કંઈક મંદિરો અને ઉત્સવને સાર્થક કરવા સ્વામીશ્રીએ તા. ૮/૬ની સવારથી તેઓની ૧૪મી વિદેશ-ધર્મયાત્રાનો પ્રારંભ કરી દીધો.

આ મુસાફરી દિવસની હોવાથી સાથે લીધેલી રસોઈ સમય થતાં તેઓને જમાડવામાં આવી. આ ભોજન બાદ સ્વામીશ્રીનાં ચોકઠાં ધોવાના હોવાથી તે લેવા માટે સેવકે હાથ લંબાવ્યો ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'તમે પાણી નાંખો, હું ધોઈ નાંખીશ.'

'આપ તકલીફ ન લો. હું ધોઈ નાંખીશ.'

'ના, સ્વયંસેવક થવાનું છે. હું ધોઈશ.' આમ કહી સ્વામીશ્રીએ ચોકઠું ધોવાનું શરૂ કર્યું, પણ જાણ્યું કે સેવક મિનરલ વૉટરથી ચોકઠાં ધોવરાવી રહ્યા છે, ત્યારે તેઓએ ટકોર કરતાં કહ્યું: 'આ પીવાનું પાણી છે, તે મોંઘું હોય. સમજ્યા? સાદું પાણી લાવો.'

આમ, સેવા અને સાદગીની પાંખે શ્રીજીનો સંદેશો ફેલાવવા નીકળેલા સ્વામીશ્રી સ્થાનિક સમય અનુસાર બપોરે પોણા ત્રણ વાગ્યે નૈરોબી આવી પહોંચ્યા.

'બાપા'ના બે બોલ

યોગી શતાબ્દીના ઉદ્‌ઘોષરૂપે આરંભાયેલી સ્વામીશ્રીની સાંપ્રત વિદેશ-યાત્રા. તેથી તા. ૧૦/૬ના રોજ આવેલી યોગી જયંતીની સવારે સ્વામીશ્રીએ એક યોગીસ્મૃતિને ચિરંજીવ કરી. અહીં મંદિર પરિસરમાં યોગીજી મહારાજે ચૂસેલી કેરીના ગોટલામાંથી ફાલેલું વિશાળ આમ્રવૃક્ષ હતું. તેની છાયા તળે તૈયાર થયેલા આરસના ઓટા પર ચરણારવિંદ પધરાવતાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે 'આ આંબાના ફળ ખાય, એની છાયા નીચે જે બેસે એ સૌનું કલ્યાણ થશે.'

આ વરદાન વરસાવી તેઓ વિસા ઓસવાલ મહાજન વાડીમાં પહોંચ્યા ત્યારે અત્રે જૈન મુરબ્બીઓએ સ્વામીશ્રી સારુ કલાત્મક આસન સજાવેલું, પરંતુ ઠાકોરજીની પીઠિકા સ્વામીશ્રીની નજરે ન ચડતાં પોતાના સિંહાસન પર ઠાકોરજીને પધરાવી તેઓ એક સાદી ખુરશી પર બિરાજ્યા.

સ્વામીશ્રીની આ પરાભક્તિના પ્રવાહમાં તેઓની ગુરુભક્તિની છોળ્યો ભળી આજની સાંજે.

આ સમયે પ્રીમિયર ક્લબના ગીતા હૉલમાં આયોજિત યોગી જયંતીનો ઉત્સવ-રંગ માણવા કેન્યાના પ્રધાન શ્રી ટીમથી મ્બિયા સહિત ત્રણેક હજારની મેદની ઉપસ્થિત રહી. તેમાંયે કેન્યાના લશ્કરી બૅન્ડે સતત વીસ મિનિટ સુધી

વિવિધ સૂરાવલિઓ છેડી યોગીજી મહારાજને આપેલી અંજલિ તો અદ્ભુત અને અભૂતપૂર્વ બની રહી. આ ધ્વનિમાં પોતાના આનંદનો સૂર મિલાવતાં દેશના પર્યાવરણ મંત્રી શ્રી જરોગે મુન્ગાઈ બોલી ઊઠ્યા: 'મારા જીવનમાં આ વેસ્ટલેન્ડ વિસ્તારમાં આટલી ભવ્ય સભા પહેલી જ વાર જોઈ રહ્યો છું. કોઈ પણ જાહેરાત વગર આટલો ભવ્ય કાર્યક્રમ થયો એ અભિનંદનીય છે. આ સમારંભને મારી જિંદગીમાં ક્યારેય નહીં ભૂલું.'

આવી અવિસ્મરણીય સભા બાદ સ્વામીશ્રી ચંદુભાઈ પટેલના ઘેર ઉતારે પધાર્યા ત્યારે રાત્રિના અગિયાર વાગી ચૂકેલા. આ સમયે ઉત્સવ-ઉજવણી નિમિત્તે બનાવેલી મોટી કેક તેઓ પ્રસાદીભૂત કરે પછી સૌને વહેંચવાની હતી. આ લાભ લેવા પણ ઘણા ભક્તો ઉપસ્થિત હોવાથી સમયને લક્ષમાં રાખી ઉદ્ઘોષકે જાહેરાત કરી કે 'બાપા હવે બે શબ્દો કહેશે.'

આ સૂચનાનો અક્ષરશઃ અમલ કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'બ્રહ્મ સત્ય, જગત મિથ્યા.'

તેઓનો આ પ્રતિભાવ એટલો સહજ, સચોટ અને સત્વરે આવ્યો કે સૌ હાસ્યના હિલોળે ચડી ગયા. તે દ્વારા યોગી જયંતીનું આનંદમય સમાપન કરતાં સ્વામીશ્રી સૌને પ્રસાદી વહેંચી પોઢવા પધાર્યા.

કે દિ' ન કરે વચનનો ભંગ

તા. ૧૨/૬ની સવારે નૈરોબીથી નીકળેલા સ્વામીશ્રીની જાહેર સન્માન સભા આજની સાંજે નકુરુમાં પટેલ સમાજના હૉલ ખાતે યોજાઈ. તેમાં ધર્મલાભ આપી સ્વામીશ્રી કનુભાઈ પટેલના ઘેર ઉતારે પધાર્યા ત્યારે અહીં મકાનની પાછળ જ ઊભેલા મંદિરના હૉલમાં તા. ૧૩/૬ની સાંજે કીર્તન આરાધનાનો આરંભ થયો. તેના ભાગરૂપે આફ્રિકન મુમુક્ષુ નેલ્સન કબાસાએ *'હાં જી ભલા સાધુ...'* અને *'ભગવાન સૌનું ભલું કરો...'* પદ ગાયાં ત્યારે સ્વામીશ્રીએ આ ભજનો ઘરની પગથાર પર ઊભા રહી સાંભળ્યાં.

અંતે પેલા ગાયકને આશીર્વાદ આપી તેઓ તા. ૧૪/૬ની સવારે ઍલ્ડોરેટ જવા નીકળ્યા ત્યારે એલ્ડામા રેવીન અને કામવોસોર સેન્ટરની વચ્ચેના પર્વતીય પ્રદેશમાંથી પસાર થતો આ રસ્તો કલ્પનાઓને ઊડવા માટે રન-વેની ગરજ સારે એવો હતો. આ સમયે પૃથ્વીએ ઓઢી લીધેલા લીલા પાનેતર પર ટીબકડીઓની ભાત ઉપસાવતાં ફૂલો ખીલી ઊઠેલાં. ગાયનાં

આઉમાંથી દૂધની સેરો છૂટતી હોય તેમ સૂર્ય તેજરશ્મિઓ છોડી રહેલો. તેની તીવ્રતાને ઠારતો શીતળ પવન વેગપૂર્વક વહી રહેલો.

સૌ આ પ્રકૃતિનું પંચામૃત પીવામાં મસ્ત હતા ત્યાં જ આશરે સાડા દસ વાગ્યે એક જળપ્રવાહ જોઈ સ્વામીશ્રીએ કહ્યું : 'ગાડી ઊભી રાખો. શૌચ કરવા જવું છે.'

પરંતુ અહીં તો ચારેકોર ખુલ્લું વાતાવરણ હતું. શૌચવિધિ માટે બેસવા આડશ મળે એવો કોઈ ખડક દેખાતો નહોતો. છતાં રસ્તાની જમણી ધારે સ્વામીશ્રી નીચે ઊતર્યા. ત્યાં સંતોએ મોટા બે પથરા ગોઠવી પાયખાનું બનાવી દીધું. ચાર સંતોએ ગાતરિયાં પકડી દીવાલ ઊભી કરી. તેની ઓથે સ્વામીશ્રીએ દેહક્રિયા આટોપી.

આ શૌચવિધિ બાદ સૌએ તેઓને સ્નાનવિધિ મોકૂફ રાખવા કહ્યું, કારણ કે લાલ માટીના ડુંગરાઓમાંથી વહી આવતાં ઝરણાંનાં જળ ખૂબ ઠંડાં હતાં. તેમાં વળી આશરે આઠ હજાર ફૂટની ઊંચાઈએ જોરથી ફૂંકાતો પવન ટાઢા પાણીને વધુ કાતિલ બનાવી રહેલો. પરંતુ *'કે દિ' ન કરે વચનનો ભંગ...'*ની રીતે રહેનારા સ્વામીશ્રી તો એક સપાટ શિલા પર બિરાજી ગયા અને ટાઢાબોળ પાણીથી ૧૭ વાર ધૂળે હાથ ધોયા. તે પછી ઝરણાંનાં જળ વડે તેઓ લોટે-લોટે ન્હાયા. પવનના ઠંડા સુસવાટા ખાળવા સંતોએ અહીં પણ ચારેકોર ગાતરિયાંની આડશ કરી, પરંતુ પવન પાલવની પ્રીતને ગાંઠે એમ ન હોવાથી ઠંડી આબોહવામાં જ સ્વામીશ્રીએ સ્નાનવિધિ આટોપી. ૭૦ વર્ષની વૃદ્ધ વયે વિષમ પરિસ્થિતિમાંયે આજ્ઞા પાળવાનું તેઓનું આ તાન જોઈ સૌ ચકિત રહી ગયા.

આ રીતે સ્નાન બાદ ધોતિયું ધારણ કરતી વેળાએ સ્વામીશ્રી હસતાં-હસતાં બોલ્યા : 'ભગવાનનું આપેલું પાણી ને કુદરતી સ્થળ. ખુલ્લી હવા. બધું ઑપન. ચિંત્યા નહીં. આનંદમંગલમ્...'

આજ્ઞા પાળવાના આ આનંદ-મંગલ સાથે આગળ વધેલા સ્વામીશ્રીએ માર્ગમાં આવતા આઈનાકબોઈ મુકામે ઊતરી વિશ્વપ્રસિદ્ધ કિરીયો ખીણને પણ દૃષ્ટિપ્રસાદીભૂત કરી.

વાત સહેજમાં સમજાઈ જાય એ જૂના

તા. ૧૪/૬ની સવારે સાડા અગિયાર વાગ્યે ઍલ્ડોરેટ પહોંચેલા

સ્વામીશ્રીને સત્કારવા મેયરશ્રી સ્વયં ઉપસ્થિત હતા. તેઓથી દોરાતા મંદિરે પહોંચેલા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલા યજ્ઞની શિખાઓ પ્રજ્વલિત થઈ ઊઠી. તેના પ્રકાશમાં આજની સાંજે નગરયાત્રા અને રામ મંદિરમાં જાહેર-સભા યોજાઈ. તેને અનુસરતાં તા. ૧૫/૬ની સવારે વેદમંત્રોના ધ્વનિ વચ્ચે સ્વામીશ્રીના વરદહસ્તે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા. યોગાનુયોગ આજનો દિવસ તિથિ અનુસાર ૪૨મો પ્રમુખવરણી દિન હતો. આ ધન્ય સંગમને સૌએ જયનાદોથી વધાવી લીધો.

આ અરસામાં જ યુગાન્ડા દેશ તેના શાસકની દમન-નીતિના ક્રૂર પંજામાંથી મુક્ત થયેલો. તેથી હવે તે વસવાટ-યોગ્ય બનતાં સ્થાનિક સરકાર જપ્ત કરી લેવાયેલાં ધર્મસ્થાનો જે-તે ધર્મસંસ્થાનોને સોંપી રહેલી. આ ક્રમમાં સંસ્થાને સુપ્રત થયેલી કંપાલાના મંદિરની ચાવી આજે જ સ્વામીશ્રીને અર્પણ થઈ. તેને ઠાકોરજીનાં ચરણે મૂકતાં સ્વામીશ્રી તા. ૧૬/૬ના રોજ કેરિચોને લાભ આપી તા. ૧૭/૬ની સવારે કિસુમુ પહોંચ્યા.

અહીં તો મગનભાઈનું ઘર જ મંદિર અને ઉતારો. તેથી સ્વામીશ્રીના આગમન સાથે જ યોજાઈ ગયેલી સભામાં સંતોએ સંબંધનો મહિમા સમજવા વિષે પ્રેરક વાતો સંભળાવી. તે સંદર્ભમાં શ્રી મહેન્દ્રભાઈ પટેલે પૂછ્યું : 'બાપા ! આ બધા સંબંધવાળા હરિભક્તો જૂના છે કે નવા ?'

'જેને આ વાત સમજાઈ જાય તો એ જૂના જ છે. ઘણા હોય જૂના પણ આ વાત જ ના સમજાય, એ નવા જ છે. એટલે જૂના છે એ નવા છે ને નવા છે એ જૂના. વાત સહેજમાં સમજાઈ જાય એ જૂના. આ વાત સમજાય તો બેડો પાર. કથા-વાર્તા, ધ્યાન-ભજન કરીને 'આ ભગવાન છે' એટલું સમજાઈ ગયું એમાં સારમાત્ર આવી ગયો.'

કેફ ચોવીસ કલાક રહેવો જોઈએ

તા. ૧૮/૬ના રોજ સનાતન હિંદુ મંદિરમાં સત્સંગ-લાભ આપનારા સ્વામીશ્રી તા. ૧૯/૬ની સવારે લિબર્ટી પ્રાથમિક શાળામાં બદામના છોડનું વાવેતર કરી કાકામેગા જઈ પહોંચ્યા. કિબોસ હિલની ખુશનુમા ઊંચાઈએ વસેલા આ સ્થળે શ્રી લાલજીભાઈ દીવેચાની મહેનતથી ગાંધી મૅમોરિયલ હૉલ ખાતે સભા યોજાયેલી. તેમાં પધારતાં પૂર્વે સ્વામીશ્રીએ અહીં નિર્માણ પામેલા સ્વામિનારાયણ હૉલનું ઉદ્‌ઘાટન કર્યું.

આ રીતે કાકામેગાને એક દિવસનું સુખ આપી રાત્રે પુનઃ કિસુમુ પધારેલા તેઓ તા. ૨૦/૬ના રોજ અહીંથી મોમ્બાસા જવા નીકળ્યા.

આ હવાઈ-પ્રવાસમાં સામેલ શ્રી હર્ષદભાઈ રાણાએ વાતવાતમાં પ્રસ્તાવ મૂક્યો કે 'બાપા! આપને માટે એક હેલિકોપ્ટર જ લાવી દઈએ, જેથી વિચરણમાં સુગમતા રહે.'

આ સાંભળતાં જ માળા ફેરવી રહેલો હાથ ઊંચો કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'આપણે તો ભજન થાય એવું કરવું. પેલા બધામાં ભજન ઓછું થાય. ઊડવાનું વધારે થાય. નાનાં સેન્ટરો રહી જાય ને શહેરો જ થાય. નાનાં ગામોમાં સત્સંગ હોય એ ન થાય. માટે જે મળે તે ચલાવી લેવું. પ્લેન મળે તો પ્લેન ને ગાડું મળે તો ગાડું. ચાલવાનું થાય તોય તેમાં નાનપ ન માનવી. જમવામાં પણ જે આવે એ રીતે થઈ જવું જોઈએ.'

સગવડોની સીડી ભારે લલચાવનારી હોય છે, પરંતુ સત્સંગ અને સત્સંગીઓ માટે તેને ઠોકરે ચઢાવનારા સ્વામીશ્રીની આવી લગની જોઈ શ્રી રાણાએ પૂછ્યું: 'બાપા! સત્સંગ કરાવવામાં અમારું મન પાછું કેમ પડી જાય છે?'

'ઇશક નથી એટલે! હમણાં પૈસા લેવા જવાનું હોય ને તાવ હોય તોય જવા દો? તાવ હોય તોય જાવ, કારણ ઇશક છે.'

'એવો ઇશક જગાડવા શું કરવું?'

'ભગવાન ને સંતને રાજી કરવા છે – એ ધ્યેય હોય તો એની મેળે ઇશક જાગે.'

'આપ હો ત્યારે ઇશક એકદમ રહે છે. પછી પાછું...'

'કેફ ચોવીસ કલાક રહેવો જોઈએ. આપણે પરોક્ષ ક્યાં છે? સાથે જ છીએ. જ્યારે સંભારીએ ત્યારે આવીને ઊભા રહે, દર્શન થાય, તો પછી એવું કેમ લાગે કે આપણી પાસે નથી? આપણે સાચે ભાવે ભક્તિ કરીએ તો હાજર થાય જ!'

વિમાનની ઘરેરાટી વચ્ચે પણ મનમાં ઘર કરી જાય એવા ખુલાસા સ્વામીશ્રીના મુખેથી સરતા રહ્યા અને સવા બાર વાગ્યે મોમ્બાસા આવી ગયું.

અહીં શ્રી દિનકરભાઈ ઠક્કરના ઘેર પધારેલા તેઓ બપોરે પોણા બે વાગ્યે જમવા બિરાજ્યા. તે પછી અલ્પ વિશ્રામ લઈ સાંજે હિંદુ યુનિયનના હૉલમાં ધર્મલાભ આપનારા તેઓનો વિશેષ લાભ લેવા મોમ્બાસા મંડળે

તા. ૨૨/૬ના રોજ પર્યટનનો કાર્યક્રમ યોજેલો. તે મુજબ કિલિન્ડિની બંદરે સ્વામીશ્રી પધારતાં જ, સૌ પોતાનાં વાહનો સાથે માલવાહક જહાજમાં પ્રવેશી ગયા અને આ મહાકાય સ્ટીમર સાગર-સપાટી પર સરકવા લાગી. તે વખતે પંદરેક મિનિટની આ દરિયાઈ સફર માણવા સૌ પોતપોતાની ગાડીઓમાંથી ઊતરી જહાજમાં અહીં-તહીં મહાલવા લાગ્યા, પણ સ્વામીશ્રી તો ગાડીમાં જ બેસી ભક્તોના પ્રશ્નો હલ કરતા રહ્યા.

આ રીતે ટૂંકી સામુદ્રી સફર ખેડી તેઓ શેલી બીચના કિનારે ઊભેલા રિલાયેબલ કોટેજિસમાં પધાર્યા ત્યારે અહીં સત્સંગ-સભાની સર્વ તૈયારીઓ થઈ ચૂકેલી. તેમાં સૌને કથારસથી તરબોળ કર્યા બાદ સ્વામીશ્રીએ પ્રતીક ફૂલદોલ ઊજવી દરેકને રંગમાં પણ રસબસ કર્યા.

પોતે પોતાના ગુરુ થવાની વાત

તા. ૨૩/૬ની સવારે પોણા દસ વાગ્યે સ્વામીશ્રીએ મોમ્બાસાથી નૈરોબી ભણી ગતિ સાંધી ત્યારે આ હવાઈયાત્રામાં સંતોએ પૂછ્યું કે 'સ્વામી ! ભક્તચિંતામણિના રાગ-ઢાળ આપને શાસ્ત્રીજી મહારાજે શિખવાડેલા ?'

'ભક્તચિંતામણિમાં તો ખાસ છે નહીં, પણ હરિલીલામૃતના બધા રાગ સ્વામીએ શિખવાડેલા અને કોઈ વાંચે એના ઉપર ધ્યાન આપવાની ટેવ, એને લીધે ઘણા આવડી ગયા.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તે પછી આરતી-કથા વગેરે આહ્નિકની વાત નીકળતાં તેઓ બોલ્યા :

"એમાં તો પોતે પોતાના ગુરુ થવાની વાત છે. પોતાને જ ખટકો જોઈએ. આપણે બધું આળસમાં જાય છે. કેટલીક વાર તો કાંઈ કામ ના હોય ને બેસી રહે, ગપ્પાં મારે, પણ આરતીનો ડંકો વાગે એટલે પહોંચી જ જવાનું. કોઈ ના હોય તો આપણે કથા શરૂ કરવી. ખટકો રાખે તો આળસ જતી રહે. સ્વભાવ વધાર્યા વધે ને ઘટાડ્યા ઘટે છે. નિદ્રા ઉપર પણ ખટકો રાખવો. સવારે પાંચ વાગ્યે ઊઠવું એટલે ઊઠી જ જવું. અત્યારે જુવાનીમાં આળસ રાખીશું તો ભવિષ્યમાં મુશ્કેલી ને નુકસાન બહુ. કથા, વાર્તા, ભજન, કીર્તનની રમઝટ બોલાવવી. ઈશક હોય તો કથા-વાર્તા વગર રહેવાય નહીં. પહેલેથી જ અંગ એવું સરસ રાખવું કે આપણને ખબરદારી જ રહે.

સાધુતા રાખવી એટલે ખમવું. કોઈ બોલી જાય તો ભૂલી જવું. આપણે દરેકની સાથે ફાવે, દરેક સ્થાને ફાવે, ગમે ત્યાં ફાવે. ન ફાવે એવી વસ્તુ જ

નહીં. ન આવડે એવી વાત જ નહીં. બધું જ આવડે. કથા-કીર્તન જેવાં આવડે એવાં કરવા મંડીએ તો આવડી જાય. ગમે એવો સ્વભાવવાળો હોય એની સાથે પણ ફાવે. સામાનો સ્વભાવ સુધરે એમ ના હોય તો આપણે આપણો સુધારવો. થોડી વાતમાં ખોટું લાગી જાય, વસમું લાગી જાય, રીસ-આંટી થઈ જાય, એવું નહીં. આપણે ભગવાનને રાજી કરવા છે.

કોઈ સ્થાનમાં બંધાવું નહીં, વ્યક્તિમાં બંધાવું નહીં. ભગવાન અને સંતમાં બંધાવું. ફ્રેન્ડશિપ, ઊઠવું, બેસવું, બોલવું બધા સાથે, પણ બંધાઈ ના જવું. આના વગર ન રહેવાય કે ન ચાલે એવું નહીં. સમૂહમાં છીએ એટલે બધું કરવું, પણ બંધન નહીં. બીજા સાથે હેત રાખી કામ લેવું. ભગવાનની ભક્તિમાં વિઘ્ન ન આવે એ માટે સમૂહમાં રહેવું. એવો મહિમા સમજવો કે ભગવાન પાસે આવ્યા છે એ બધા સારા છે.''

આમ, આજે ગગનવિહારની સાથે અલૌકિક જ્ઞાનવિહાર કરાવી રહેલા સ્વામીશ્રીને સંતોએ પૂછ્યું કે 'બાપા! આપમાં એવું તે શું છે જેથી બધા આકર્ષાય છે?'

'એ તો બધું તમને ખબર પડે. અમને શું ખબર?' એમ સહજ રમૂજ કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'આપણે તો ગુરુની દૃષ્ટિ ને ભગવાન રાખ્યા એટલે બધું થાય. ગુરુ રાજી થયા એટલે બધા અમારા ઉપર હેત કરે. મહારાજને હૃદયમાં ધાર્યા એટલે બધાને હેત થાય. બાકી બીજી કોઈ આવડત નથી. ગુરુઓનો પ્રેમ અને દૃષ્ટિ છે તો રાજીપો છે. બાકી આપણામાં શું હતું?'

સ્વામીશ્રીના મુખેથી સરતી આવી દિવ્ય વાણી સાંભળવામાં સમય ક્યાં સરકી ગયો તેનો કોઈને ખ્યાલ ન રહ્યો અને નૈરોબીનું પાદર ઢૂંકડું થતાં વિમાન નીચે ઊતરવા લાગ્યું. તે વખતે સ્વામીશ્રીએ કેન્યા પર ઠાકોરજીની દૃષ્ટિ કરાવતાં સૌના દેશકાળ સુધરે તેવી પ્રાર્થના ઉચ્ચારી.

આફ્રિકામાં સ્પેશિયલ ટ્રેનયાત્રા

પ્રાર્થનાના સૂરો સાથે નૈરોબી પધારેલા સ્વામીશ્રી ઍરપોર્ટથી સીધા જ લોહાણા મહાજન વાડીમાં પહોંચ્યા. અત્રે તેઓનાં કરકમળો દ્વારા રામ, લક્ષ્મણ, જાનકીજીની મૂર્તિઓ પ્રતિષ્ઠિત થઈ ત્યારે આ અવસરે સ્વામીશ્રીએ આશીર્વાદની સાથે આર્થિક અનુદાન પણ આપ્યું.

આ રીતે જ્યાં જાય ત્યાં સૌને ઉપકૃત કરતા તેઓ તા. ૨૭/૬ના રોજ

ટ્રેન દ્વારા નૈરોબીથી ક્વાન્ઝા જવા નીકળ્યા. યુવકો માટે મર્યાદિત આ યાત્રાના પ્રારંભે વિવિધ અખબારોના આફ્રિકન ખબરપત્રીઓ સ્વામીશ્રીનો ઇન્ટરવ્યૂ લઈ બ્રહ્મસંદેશ પામ્યા.

ત્યારબાદ સવા બાર વાગ્યે સ્વામીશ્રીએ જ ફરકાવેલી લીલી ઝંડીના ઇશારે દોડતી થયેલી ટ્રેનની સાથે સ્વામીશ્રીની કથા-વાર્તા પણ સરકવા લાગી. એક કલાક સુધી વણથંભી ચાલેલી આ જ્ઞાનની કવાયત બાદ બપોરના દોઢ વાગ્યે યુવકો સ્વામીશ્રીને ટ્રેનના ડબ્બાઓની મુલાકાતે લઈ ગયા.

ઈંગ્લેન્ડની રાણી માટે ખાસ સ્વિટ્ઝરલેન્ડથી મંગાવેલી આ ટ્રેનમાં દૃષ્ટિ કરી સ્વામીશ્રીએ પોણા બે વાગ્યે ઠાકોરજી જમાડ્યા. તેના અંતે ક્વાન્ઝા સ્ટેશને ટ્રેન ઊભી રહી. અહીં બે કલાકનો વિરામ હોવાથી સૌ સંતો-ભક્તો પ્લૅટફૉર્મ પર નિરાંતે જમ્યા. તે દરમ્યાન ક્વાન્ઝાના ડુંગરાળ પ્રદેશને સ્વામીશ્રીએ અમીદૃષ્ટિ સીંચી પ્રસાદીભૂત કર્યો. તે પછીયે આજે મુલાકાત, મીટિંગ, સભા વગેરે કોઈ કાર્યક્રમ ન હોવાથી સ્વામીશ્રીનો અંગત લાભ આશરે પોણા બસો યુવકોને સારી રીતે મળી રહ્યો. તેને માણતાં-માણતાં જ સાંજે સવા ચાર વાગ્યે ક્વાન્ઝાથી નૈરોબી તરફની મુસાફરી શરૂ થઈ.

આખો યુરોપ સર કરવો છે

યોગી શતાબ્દીના ઉદ્‌ઘોષથી આફ્રિકાને ગજવી સ્વામીશ્રી આ જ કાર્ય માટે તા. ૨૯/૬ની સાંજે સ્થાનિક સમય મુજબ સાડા ચાર વાગ્યે લંડન આવી પહોંચ્યા.

અહીં તેઓને સત્કારવા તા. ૩૦/૬ના રોજ મંદિરે યોજાયેલી સ્વાગત-સભા પ્રારંભ પૂર્વે જ ખીચોખીચ થઈ ગઈ. તેમાં અમેરિકાના ઉત્સવ માટે જઈ રહેલા દેશના સંતો પણ બેઠા હતા. તેઓને જોઈ મંડળના અગ્રણી શ્રી સી. એમ. પટેલે સ્વાગત-પ્રવચનમાં કહ્યું: 'સ્વામી! જેવી રીતે CFIમાં જતા સંતોનો અમને લાભ મળી ગયો, એમ જ્યારે અહીં મંદિર થાય ત્યારે આપ બધા જ સંતોને લઈને પધારો એવી અમારી વિનંતી અને આમંત્રણ છે.'

આ સૂરને પકડી આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે – 'શતાબ્દી નિમિત્તે પ્રોગ્રામ આફ્રિકાથી શરૂ થયો. અહીં પણ આમંત્રણ આપ્યું, પણ અહીંથી ૫૧ (સંતો) કરવા છે, તો એ પણ તૈયાર રાખજો. આપણે આખો યુરોપ સર કરવો છે, એટલે અહીંની ભાષા સમજતા હોય એવા જોઈશે ને!'

યુરોપને સર કરવાનું પોતાનું આ લક્ષ્ય સિદ્ધ કરવા સ્વામીશ્રીએ એક નક્કર પગલું ભર્યું – તા. ૭/૭ના રોજ.

આ ઐતિહાસિક દિવસે તેઓએ લંડનના શિખરબદ્ધ મંદિરનું ખાતમુહૂર્ત યોજેલું. આ માંગલિક વિધિના સ્થળની પસંદગી માટે બે દિવસ પહેલાં અહીં પધારેલા સ્વામીશ્રીએ જાતે જ નીચા નમીને હોકાયંત્ર દ્વારા દિશાને પસંદ કરેલી, સ્વયં જ ડગલાંથી માપ ભરી બતાવેલું અને પોતે જ ગર્તના લીટા અંકાવેલા. તે મુજબ નિર્માણાધીન મંદિર-સંકુલના એક ભાગરૂપ બનનારી આર્લિંગ્ટન કંપનીની આ જમીન પર આજે ખાતવિધિની તૈયારીઓ થઈ ચૂકેલી. તત્કાલીન મંદિરની સામે જ આ સ્થળ હોવાથી સ્વામીશ્રી ચાલતાં-ચાલતાં જ ત્યાં પહોંચ્યા.

તેઓના આ ગમનમાર્ગ પર હરિભક્તોએ નાની પણ દબદબાભરી નગરયાત્રા યોજી દીધી. તેને અનુસરતાં મુખ્ય દરવાજેથી પ્રવેશેલા સ્વામીશ્રી લાલ જાજમ પર કુમકુમ પગલીઓ પાડતાં મંચ પર બિરાજ્યા. તે સાથે જ નવ વાગ્યે ગુંજવા લાગેલા મંત્રોચ્ચાર મુજબ ૭૮૦ યજમાનો વિધિમાં જોડાઈ ગયા. આ સમગ્ર પ્રસંગનું જીવંત પ્રસારણ 'સનરાઇઝ રેડિયો' દ્વારા થઈ રહેલું. તેના સંવાદદાતાની ઇચ્છાથી વિધિના મધ્યમાં સ્વામીશ્રીએ ગાયેલો આજના અવસરનો મહિમા નભોમંડળમાં ગુંજી રહ્યો.

આ ઘટનાના સાક્ષી બનવા ભારતીય રાજદૂત શ્રી લક્ષ્મીમલ સિંઘવી, બ્રૅન્ટ બરોના મેયર શ્રી ટેલર તથા બ્રિટનની લેબર, લિબરલ અને કન્ઝર્વેટિવ પાર્ટીનાં સ્થાનિક પુરુષ-મહિલા નેતાઓ સહિત પાંચેક હજાર ભક્તો-ભાવિકો ઊમટી પડેલાં. તેની સાથે દોઢસો સંતોની ઉપસ્થિતિ નોંધનીય બની રહી. આજના 'રવિ'વારે રવિ પણ બરાબર ખીલતાં સૌને ખાતવિધિનું ખૂબ સુખ આવ્યું. સ્વયં સ્વામીશ્રીનો ઉત્સાહ અવર્ણનીય હતો. તે સાથે તેઓએ મંચ પર બિરાજી એક કલાક વિધિ કર્યા બાદ એટલા જ ઉમંગથી ગર્તમાં ઊતરી શેષવિધિ સંપન્ન કર્યો.

અમેરિકામાં અજાયબીનું અવતરણ

રણના રહેવાસીને રેતીનો પરિચય આપવાનો ન હોય અને જે ઉપવનમાં ઊછરતો હોય તેની સમક્ષ સુગંધનું ગાણું ગાવાનું ન હોય, તેમ અમેરિકાને અજાયબી શું બતાવવી? અજાયબી તો આ દેશ પોતે જ. છતાં તે પણ આ સમયે એક અજાયબી જોઈને મંત્રમુગ્ધ હતો.

તેના એડિસન શહેરની મિડલસેક્સ કાઉન્ટી કૉલેજના હરિયાળા મેદાન પર ખડી થયેલી આ અજાયબી એટલે કલ્ચરલ ફેસ્ટિવલ ઑફ ઇન્ડિયા (CFI) ઉપક્રમે તૈયાર થયેલું 'સ્વામિનારાયણ નગર.' આ રચનાને કારણે લીલીછમ ધરતીનો ૪૦ એકરનો એ ટુકડો અમેરિકનોની આંખોના આકર્ષણરૂપ બની બેઠેલો અને ગાર્ડન સ્ટેટ તરીકે ઓળખાતું ન્યૂજર્સી રાજ્ય પણ ભારતીય સંસ્કૃતિનું ઉદ્યાન બની ગયેલું.

'જાણે હમણાં ટહુકી ઊઠશે'ની અનુભૂતિ કરાવતા ૨૬ મયૂરોથી મઢેલા ૧૧૦ x ૪૦ x ૮ ફૂટના કલાત્મક દ્વારમાંથી અતિથિઓ આ 'નગર'માં પ્રવેશ કરતા ત્યારે તેઓને આવકારતી નમસ્કારની મુદ્રાકૃતિ. તે દ્વારા ગુલાબી કમળ-કળીઓની વચ્ચેથી ખીલતાં કંકણબદ્ધ કરજુગલ એકમેક સાથે મળીને ભારતીય પદ્ધતિથી આગંતુકનું અભિવાદન કરતાં. સંસ્કૃતિના આ નમસ્કાર ઝીલી દર્શક આગળ વધતો ત્યારે નજરે ચઢતી નટરાજની નરાકૃતિ. અજ્ઞાન અને અનિષ્ટનાં નિવારણ માટે તાંડવ નાચી રહેલા આ શંકરની ભાવભંગિમા જોઈ કોઈ કલ્પી ન શકે કે આ કૃતિ વાંસ-વૃક્ષનું સર્જન છે!

આ શિવસૃષ્ટિની જમણે નજર કરતાં નયનગોચર થતો ૨૫ x ૧૯ ફૂટનો સૂર્યરથ. હણહણતા સાત શ્વેત અશ્વોથી દોરાતો આ રથ લીલુડી ધરતી પર પથરાયેલી પીળાં પુષ્પોની પથારી સાથે એ રીતે ઊભો હતો કે અનંત સૂર્યરશ્મિઓ નીકળી રહ્યાનો ભાસ થાય! રથમાં બેઠેલા રત્નજડિત મુકુટધારી સૂર્યદેવ અને સારથિ અરુણની અદલ આકૃતિઓ પણ સૌનું ધ્યાન ખેંચે એવી મનમોહક હતી.

આ સૂર્યરથની પરિક્રમા કરીને આગળ ડગ માંડતાં જ ૪૭ x ૩૪ x ૬ ફૂટનું ગજદ્વાર નજરે ચઢતું. અહીં ફૂલમાળભરી સૂંઢ ઉછાળતા ગજરાજ, નાગરવેલનાં પાન અને શ્રીફળથી સંપૂર્ણ થયેલા મંગળકુંભ તથા ઝુમ્મરો વગેરેની શોભા એવી આબેહૂબ હતી કે આ રચના શણ-સૂતળી અને કાષ્ઠ-કાગળ જેવા પદાર્થોમાંથી બની છે તે માનવું અઘરું થઈ પડે!

આવા ગજદ્વારમાંથી પસાર થતાં જ અતિથિને દૃષ્ટિગોચર થતું ૩૫ x ૨૦ ફૂટનું રથમંદિર. સમયનાં ચક્ર પર વહેતા અને બે હાથી દ્વારા ખેંચાતા આ મંદિરમાં બિરાજમાન રાધાકૃષ્ણ દેવને નમન કરી આગળ વધેલો મુલાકાતી આદિ સ્થપતિ વિશ્વકર્મા, આદિ વૈદ્ય અશ્વિનીકુમારો અને ધન્વંતરિ, હરિયાળા ઢોળાવ પર ઊભેલા ચતુર્મુખ બ્રહ્મા તથા ૫૦ x ૩૫ ફૂટનું પરિમાણ ધરાવતા

ઉત્તુંગ શિવમંદિરને નજરમાં ભરતો. તેને અનુસરતાં માફા, માણકી અને ગજરાજ પર બિરાજમાન ભગવાન સ્વામિનારાયણની સાથે ૨૨ કલામંડિત સ્તંભ દ્વારા મહાલય સમા લાગતા પંચશિખરીય અક્ષર-પુરુષોત્તમ મંદિરનાં દર્શનનો લાભ મળતો.

૫૯ X ૬૪ X ૫૪ ફૂટની આ અદકેરી સ્થાપત્ય-સૃષ્ટિને સંગત આપતાં નૃત્યમસ્ત ગણેશજી, ૪૦ X ૪૪ ફૂટના રામમંદિર, રાસલીલા, લક્ષ્મી-સરસ્વતીનાં સુરમ્ય શિલ્પો, અમેરિકાની સ્વાતંત્ર્ય દેવીની ૨૧ ફૂટ ઊંચી આબેહૂબ પ્રતિકૃતિ, ૩૫ X ૪૨ ફૂટના હંસદ્વાર અને ૪૨ X ૩૨ X ૪ ફૂટનું માપ ધરાવતા સિંહદ્વારનાં ચિત્તાકર્ષક સર્જન પણ 'નગર'નું નયનરમ્ય નજરાણું બનેલાં.

આ મનભાવન માહોલમાં પ્રેરણાનો પરિમલ પ્રસરાવવા ખડી થયેલી પ્રદર્શનની દુનિયા. ૭૫,૦૦૦ ચોરસ ફૂટમાં વિસ્તરેલી આ પ્રેરક પ્રસ્તુતિમાં સુંદર સીમારહિત વિશ્વ, સાંસ્કૃતિક ધનકુબેર ભારત અને 'બીજાના સુખમાં આપણું સુખ' વિષયક સંદેશાઓ સુચારુ રીતે માણવા મળતાં. તેની સાથે નૃત્યના થૈકારાથી ધમધમતો રંગમંચ પણ ભારતીય કલાને પીરસતો રહેતો.

આમ, આ 'નગર' દ્વારા અમેરિકાને પહેલી વાર ભારતની ભવ્યતાનો પરિચય થઈ રહેલો. એટલું જ નહીં, આ વૈશ્વિક મહાસત્તાને 'નગર'ના માધ્યમથી ભારતીય તાકાતનો પરચો મળી રહેલો, ભારતીય આત્મવિશ્વાસની ઝલક પ્રાપ્ત થઈ રહેલી, તો ભારતીય ક્ષમતાનો સ્વાદ પણ ચાખવા મળી રહેલો. ભારતીય મૂલ્યોની પિછાણ અને ભારતીય કલાનું ઊંડાણ જણાવતું હતું આ 'નગર.' તેથી જ તો અચંબિત થયેલા સૌ શોધી રહેલા આ દિવ્ય સૃષ્ટિના સર્જકને.

અમેરિકાની આ આતુરતાનો અંત લાવવા સ્વામીશ્રી તા. ૯/૭ની બપોરે ૩:૨૨ વાગ્યે લંડનથી ઊડ્યા. ઍર ઇન્ડિયાના વિમાન દ્વારા કપાતી સાતેક કલાકની આ હવાઈયાત્રામાં સાંજના ૭ વાગ્યે તેઓ શૌચ-સ્નાનથી પરવાર્યા ત્યાં જ થોડી વારમાં આવેલા કૅપ્ટન શ્રી મુખરજી તેઓને કૉકપીટમાં લઈ ગયા. અત્રે પોતાની બેઠક પર જ સ્વામીશ્રીને બેસાડી આ વિમાનચાલક ઉડ્ડયનની ગતિવિધિ સમજાવવા લાગ્યા. સ્વામીશ્રી પણ આશરે પાંચેક મિનિટ સુધી પાઇલટની બેઠક પર બિરાજી યાંત્રિક રચના સમજી રહ્યા. તે વખતે ૩૫,૦૦૦ ફૂટની ઊંચાઈએ ૫૫૦ માઇલની ગતિ સાથે આગળ ધપતું હવાઈયાન કેનેડાના પોર્ટ મનીઆર પરથી ઊડી રહેલું.

અંતે સ્થાનિક સમય અનુસાર વિમાન સાંજે ૫:૦૮ વાગ્યે ન્યૂયોર્કના JFK ઍરપોર્ટ પર આવી પહોંચ્યું ત્યારે અહીં પણ ભારતની હવા પ્રસરી ગયેલી. વિવિધ વેશભૂષામાં શોભતાં ૨૦૦ બાળકોના મંત્ર-નૃત્યના ગાનની સંગતમાં ગુંજતી ડલાસના બૅન્ડની સૂરાવલિ અને ભક્તોના જયનાદ વગેરેથી હવાઈમથક ગાજી ઊઠ્યું.

આ અભિવાદન સ્વીકારી અહીંની મહારાજા લાઉન્જમાં સોથી અધિક મહાનુભાવોને વ્યક્તિગત મળીને સ્વામીશ્રી ઊભા થયા ત્યારે જ 'Eye on Asia' ટી.વી.ના ખબરપત્રીએ પૂછ્યું : 'આપને આ ઉત્સવ ઊજવવાનો વિચાર ક્યાંથી આવ્યો ?'

'આ વિચાર ભગવાનની પ્રેરણાથી જ આવે છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

અમેરિકાની ધરતી પરના એક અભૂતપૂર્વ ઉત્સવનું સંપૂર્ણ શ્રેય શ્રીજીમહારાજનાં ચરણે ઢોળી તેઓએ ઍરપોર્ટ પરથી વિદાય લીધી.

મહિમા સહિત નિશ્ચયના પ્રત્યક્ષ દાખલા !

તા. ૧૦/૭ની સવારે સ્વામીશ્રી ઉત્સવ-સ્થળના નિરીક્ષણ માટે જવા નીકળ્યા ત્યારે આ મુસાફરીમાં શ્રી કે. સી. પટેલે સ્વયંસેવકોના સમર્પણની જે વાતો માંડી તે સત્યુગની ઝાંખી કરાવે તેવી બની રહી, કારણ કે આ સ્વયંસેવકોમાં કો'ક ૧૫-૧૫ મોટેલોના માલિક હતા, તો કો'ક અમેરિકી અવકાશી સંસ્થા નાસાના વૈજ્ઞાનિક; કો'ક મોટોરોલા, ABC, GE, બોઈંગ જેવી ખમતીધર કંપનીઓના કાર્યવાહકો, તો કો'ક પીએચ.ડી. થયેલા બુદ્ધિજીવી; કો'ક નામાંકિત ડૉક્ટરો, તો કો'ક માલેતુજાર ઉદ્યોગપતિઓ.

પરંતુ આ સૌએ હોદ્દા, ભણતર, સંપત્તિ વગેરે સામે ન જોતાં ઉત્સવના 'નગર'ને ઊભું કરવા હાથે પાવડા કે રંધા ઝાલેલા, કચરા ભરેલાં ડબલાં કે રેતી ભરેલાં તગારાં ઉપાડેલાં, જાતને વરસાદી વાયરામાં વીંઝેલી કે પગને કાદવ-કીચડમાં ફંગોળેલા. આ સ્વયંસેવકોએ માત્ર એક મહિનામાં સાડા ત્રણ લાખ ફૂલછોડની સૃષ્ટિ ખડી કરી 'નગર'ને રંગબેરંગી કરી દીધેલું, તો ૨,૦૦૦ કિલોવૉટ વીજળીના જંગી જથ્થાનું આયોજન અને ૯૦,૦૦૦ ફૂટનું કેબલિંગ કરી 'નગર'ને ઝળાંહળાં કરી મૂકેલું.

જ્યાં મોટા ભાગનાં સંતાનો મા-બાપ માટે પણ એક ઘડી કાઢવા રાજી ન હોય ત્યાં એક-એક કે દોઢ-દોઢ વર્ષ સુધી ઉત્સવ-સેવા માટે ભેખ લેનારા

આ સ્વયંસેવકો !

નોકરીઓમાં લાંબા ગાળાની રજાઓ ન મળી તો મંદીનાં મોજાંમાંયે રોજગારીને ઠોકરે ચઢાવનારા આ સ્વયંસેવકો !!

સેવા માટે વ્યવહારની પળોજણમાંથી છૂટવા હજારો ડૉલરની ખોટ ખાઈને ધીકતા ધંધા વેચી મારનારા આ સ્વયંસેવકો !!!

આવા ૩,૨૦૦ સ્વયંસેવકોના સમર્પણની ગાથાઓ સાંભળી સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'આપણે લોયાના ત્રીજા(વચનામૃત)ની વાતો તો સાંભળીએ જ છીએ, પણ આ બધાએ તો આ સિદ્ધ કરી બતાવ્યું. એકેએકના દાખલા જુઓ. આ દેશમાં આવું કરવું બહુ કઠણ પડે. મહિમા સહિત નિશ્ચયના પ્રત્યક્ષ દાખલા !'

આવાં ઉદાહરણરૂપ સ્વયંસેવકોની વિશિષ્ટ સભા આજની સાંજે 'નગર'ના સ્તંભરહિત યોગી હૉલમાં યોજાઈ. તેમાં શિસ્તબદ્ધ ગોઠવાઈ ગયેલા આ સેવાધારીઓએ સ્વામીશ્રી પધારતાં જ ગગનભેદી જયનાદોથી પોતાની આ પ્રેરણામૂર્તિને વધાવી. પરંતુ સ્વામીશ્રીનું મન ક્યારેય પોતાના સત્કારમાં ન રાચે. તેઓ તો સૌની વ્યવસ્થામાં જ ડૂબેલા હોય. તેથી મંચ પર પગ મૂકતાં જ તેઓએ બંને બાજુ ઊભી કરેલી સુંદર દેરીઓ જોઈ વ્યવસ્થાપકોને પૂછ્યું : 'આ શેના માટે છે ?'

'એક દેરીમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને એકમાં પરંપરાની મૂર્તિઓ છે.'

'આવું કેવું ? જુઓ, બેય દેરીની બરાબર લાઇનમાં બધાં સ્પીકરો ગોઠવેલાં છે. કોને આ મૂર્તિનાં દર્શન થશે ? વચ્ચે રાખવી જોઈએ ને !'

'પણ અહીં પાછા રાસ થવાના, એટલે ફાવે એમ નથી.'

'અમે બેસીએ છીએ ત્યાં એ રાખવું.'

'એવું કરીએ તો આપ પાછા બાજુમાં થઈ જાઓ.'

'પહેલાં મારું જોવું કે એનું ? એ ઢંકાઈ જાય એનો શો અરથ ? મેઇન (મુખ્ય) તો એ છે. આપણને કોણ પૂછે છે ? ભગવાન અને સંતને સાઇડ ઉપર રહેવા ન દેવાય. નહીં તો આપણે સાઇડમાં થઈ જઈએ. યોગીબાપા મુખ્ય છે ને મહત્તા એમની છે. એમની મહત્તા વધે એ જ કરવાનું છે.'

સ્વામીશ્રીની આ રુચિ જોઈ તે અનુસાર ટૂંક સમયમાં જ વ્યવસ્થા ગોઠવાઈ ગઈ. પરંતુ મહોત્સવના મંચ પર પ્રથમ પદાર્પણ કરતી વખતે સ્વામીશ્રીએ વહાવેલી આ ભાવના તેઓની પ્રવૃત્તિનું ચાલકબળ સૂચવી ગઈ.

કોઈ પણ કાર્યમાં તેઓ ઈષ્ટદેવ અને ગુરુદેવનો પડછાયો બનીને જ રહેવા માંગતા.

આ તાન સાથે તેઓએ સ્વયંસેવકોને દિશાદર્શન આપતાં જણાવ્યું :

'આ ઉત્સવમાં આપણે બ્રહ્મરૂપ જ થવાનું છે. ગમે તે કાર્યમાં આપણી સાધુતા-નમ્રતા ન જાય એનું અખંડ જાણપણું રાખવું. રસોઈ કરી છે, હવે પ્રેમથી જમાડવી છે. એક જ વાત – ભૂલને ભૂલી જવી. ભૂલને ગાઈએ તો આપણે કંઈ સમજ્યા જ નથી. આ ઉત્સવમાં આપણને સંતોષ થશે. હવે બીજાં સાધન કરવાં નહીં પડે. આ સાધન થઈ ગયું.'

સરળતાનું સીમાચિહ્ન

મહોત્સવ દરમ્યાન સ્વામીશ્રી 'નગર'માં રોકાઈને મીટિંગ, મુલાકાત કે ભોજનનો ક્રમ આટોપી શકે તે હેતુસર અહીં 'પ્રમુખ કુટિર' બનાવવામાં આવેલી. તેમાં તા. ૧૧/૭ની સવારે અલ્પાહારથી પરવારેલા સ્વામીશ્રીને એક સંતે મીઠાનું પાણી આપ્યું. તે વડે કોગળા કરતાં સ્વામીશ્રીએ બે વાર પૂછ્યું : 'આ મીઠું છે?'

'હા, આજે બોટલમાં નવું જ ભર્યું છે.'

પેલા સંતનો આ જવાબ સાંભળી સ્વામીશ્રી કાંઈ ન બોલ્યા, પણ તેઓએ બે વાર કરેલી પૂછપરછથી પાણી લાવનારા સંતને શંકા જતાં તેઓએ રસોડામાં જઈ ચાખી જોયું તો ખબર પડી કે 'એ પાણીમાં મીઠું નહીં, પણ લીંબુનાં ફૂલ હતાં. સાઈટ્રિક ઍસિડ હતો!'

પરંતુ સ્વામીશ્રીએ આ બાબતે તે સંતને ત્યારે કે જીવનપર્યંત કદી કોઈ ટીકા-ટકોર ન કર્યાં ! *'નથી જોવી જીવની કરણી, રીતિ આ વારની દોષહરણી...'*ની જ શૈલી રહેલી તેઓની.

આવા ઉદાર સ્વામીશ્રી અલ્પાહાર બાદ 'નગર'ના વિવિધ વિભાગોનું નિરીક્ષણ કરતાં-કરતાં ઉતારા વિભાગમાં પધાર્યા. અત્રે તેઓએ નિખિલેશદાસ સ્વામીને જોતાં જ સખાભાવથી પૂછ્યું : 'અમારો ઉતારો ક્યાં છે?'

'ઝાડ નીચે.'

'વાહ! અમે તો ત્યાંય ચલાવી લઈશું. તમને પૂરો સહકાર આપીશું.'

આ વાર્તાલાપ ગમ્મતનો જ હતો, પણ તેમાંયે સ્વામીશ્રીની સરળતા છલકાઈ ઊઠી! તે સાથે તેઓએ આજની સાંજે 'નગર'નાં ચાર મંદિરમાં

વિધિવત્ પ્રતિષ્ઠા કરી.

ભારતની દિવ્યતા અમેરિકાની ધરતી પર

છેલ્લાં ત્રણ વર્ષથી સ્વામીશ્રીએ ગતિશીલ કરેલાં ચક્રો પર સવાર થઈને CFIની સવારી આખરે તા. ૧૨/૭ની સવારે 'નગર'ના મેદાન પર આવી ગયેલી. અહીં તેને આવકારવા અગિયાર વાગ્યાના સુમારે ભારતીય રાજદૂત ડૉ. આબિદ હુસૈન, ફ્લોરિડાના કોંગ્રેસમેન શ્રી બિલ મેક્કોલમ, એડિસનના મેયર શ્રી સેમ્યુઅલ કન્વેરી વગેરે મહાનુભાવો ઉપસ્થિત હતા.

આ સૌ અતિથિઓને કાંડે સ્વામીશ્રીએ મહોત્સવના પ્રવેશદ્વાર સમા મયૂરદ્વાર પાસે વૈદિકવિધિ સાથે રક્ષાસૂત્ર બાંધ્યાં તથા મેયર અને એલચીને શ્રીફળ આપી ઈશારા દ્વારા વધેરવાની સૂચના કરી. તે વખતે મહાવરાના અભાવે મેયર ન ફાવ્યા ત્યારે સ્વામીશ્રીએ તે શ્રીફળ પોતાના હાથમાં લઈ એક જ ઝાટકે વધેરી નાખ્યું !

તે જોઈ વ્યાપી વળેલા હર્ષોલ્લાસ વચ્ચે સ્વામીશ્રી સહિત મહાનુભાવોએ નાડાછડી ખેંચીને દ્વારને અનાવૃત્ત કરતાં જ સૌ માટે 'નગર' ખુલ્લું થઈ ગયું. આ સમયે કોને કલ્પના હશે કે માત્ર એક જ મહિનામાં દસ લાખ લોકો આ દ્વારમાંથી પ્રવેશી ભારતની સાંસ્કૃતિક સુગંધને માણશે !

'નગર'ના ઉદ્‌ઘાટન બાદ સ્વામીશ્રી અને કોંગ્રેસમેન ખુલ્લી બ્યુક ગાડીમાં બેસી નગર-દર્શન કરતાં-કરતાં અક્ષર-પુરુષોત્તમ મંદિરે આવી પહોંચ્યા. અત્રે શીશ ઝુકાવનારા મહાનુભાવોએ પ્રદર્શન વગેરે નિહાળી ખુલ્લા નૃત્યમંચ પર સ્થાન લીધું.

અહીં યોજાયેલા ઉદ્‌ઘાટન સમારોહમાં ભારતીય સંસ્કૃતિનો શાંતિ-સંદેશ સમગ્ર વિશ્વમાં પ્રસરે તે હેતુસર ૧૦૦ શ્વેત પારેવાંને ઉડાડવાનો કાર્યક્રમ હતો. આ વિધિને દરેક મંચસ્થ મહેમાન અનુસર્યા. તે ક્રમમાં છેલ્લા પારેવાને ઉડાડવા સ્વામીશ્રીએ તેને પોતાના જમણા હાથ પર બેસાડી હળવો હડસેલો માર્યો, પરંતુ તે ન ઊડ્યું. આ રીતે ત્રણ વાર તેઓએ પ્રયત્ન કર્યો, પણ તે પારેવું જાણે સ્વામીશ્રીના હાથે ચોંટી ગયું હોય તેમ ઊડતું જ નહોતું.

તે જોઈ બાજુમાં ઊભેલા ભારતીય રાજદૂત સ્વામીશ્રીની નજીક સરકી બોલ્યા : 'वो आपसे इतना प्रेम करता है, वो भी जानता है कि शांति आपके पास है, वो आपको छोड़कर कहीं नहीं जाएगा...'

સાચે જ, એ પારેવું શાંતિના સરોવર સમા સ્વામીશ્રીને છોડીને જગતના ઝંઝાવાતોમાં જવા માંગતું જ નહોતું. તેથી સ્વામીશ્રીનો આદેશ ઝીલીને તે ઊડ્યું તો ખરું, પણ સીધું જ પિછવાઈ પર જઈને બેસી ગયું !

આ પ્રસંગે મહેમાનોએ ઉડાડેલાં અન્ય પારેવાંઓ પણ મહોત્સવના છેલ્લા દિવસ સુધી અક્ષર-પુરુષોત્તમ મંદિર અને નૃત્યમંચની આસપાસ જ રમતાં રહેલાં. મહોત્સવ સંકેલાઈ ગયાના બે મહિના પછીયે એ શ્વેત પારેવાંઓ મહોત્સવ સ્થળની હરિયાળીમાં જ રવડતાં રહેલાં !

સ્વામીશ્રીની આ સત્ત્વશુદ્ધિ સાથે સૌની સેવાભાવનાને બિરદાવતાં કોંગ્રેસમેન શ્રી બિલે જણાવ્યું : 'મારી સરકાર વતી હું એ હજારો સ્વયંસેવકોનો આભાર માનું છું, જેમણે પોતાના અસંખ્ય કલાકો આ કામમાં ખર્ચ્યા છે. રાષ્ટ્રપ્રમુખ શ્રી બુશ હજારો જ્યોતિબિંદુઓ તરીકે તેમનો ઉલ્લેખ કરે છે.'

એડિસનના મેયર શ્રી કન્વેરીએ પણ કહ્યું : 'આ ઉત્સવમાં સ્વયંસેવકોનું સમર્પણ અમેરિકનો માટે ઉદાહરણ બની રહેશે.'

ભારતીય રાજદૂત શ્રી આબિદ હુસૈને સૂર ઘૂંટ્યો કે 'મેં ઘણાં પ્રદર્શનો જોયાં છે પણ તેમને સરકારોનો અને ધનિકોનો સાથ હોય છે. પરંતુ અહીં તો સ્વામીજીના એક બોલે સેંકડો યુવકો, યુવતીઓ અને હરિભક્તોએ સ્વયં-સેવકરૂપે ભગીરથ પ્રયાસ કર્યો છે. સ્વામીજી અને તેમના ભક્તોએ અહીં ગજબ કામ કર્યું છે. તેમણે ભારતની દિવ્યતા અમેરિકાની ધરતી પર ઉતારી છે.'

આ અહોભાવ ઝીલતાં સ્વામીશ્રી આશીર્વાદમાં બોલ્યા : 'સંપ્રદાયની મહત્તા વધારવા માટે આ ઉત્સવ નથી, પણ મનુષ્ય એકબીજાને સમજી શકે, એકબીજાની નજીક આવે એ માટે આ ઉત્સવ છે.'

આવા ઉદાત્ત હેતુ સાથે આરંભાયેલા આ મહોત્સવમાં આજની સાંજે ચાર વાગ્યે ન્યૂજર્સીના ગવર્નર શ્રી જીમ ફ્લોરિયો ઉપસ્થિત થયા. આ રાજ્યપાલ તો ઉત્સવની પૂર્વતૈયારીથી જ એટલા અભિભૂત થઈ ગયેલા કે તેઓએ તા. ૧/૭ના રોજ રાજધાની ટ્રેન્ટનમાં એક ખાસ સમારંભ યોજી આ આખા મહિનાને 'ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ (CFI) માસ' તરીકે ઘોષિત કરી દીધેલો. તેઓ સાથે આજની સાંજે પૂજ્ય ચિદાનંદ સ્વામી પણ હાજર હતા. સવારની જેમ જ સ્વામીશ્રીએ ગવર્નરશ્રી સાથે ખુલ્લી ગાડીમાં બેસી નગર-દર્શન કર્યું. આ વખતે પણ તેઓએ મંચ પરથી ઉડાડેલું પારેવું યોગીજી મહારાજની મૂર્તિના મસ્તકે જઈ બેસી ગયું. તેનેય ખબર પડી ગઈ કે

'સ્વારથની આ દુનિયામાંહી, આશા એક તમારી...'

આવો સુખદ અનુભવ માણવા આજની રાત્રિસભામાં કોંગ્રેસમેન શ્રી સોલાર્ઝ આવી પહોંચ્યા. તેઓને સાથે રાખી સ્વામીશ્રીએ મહોત્સવના સભાગૃહનું દ્વાર ખોલ્યું.[3]

સ્વભાવને નભાવતાં આવડવું જોઈએ

મહોત્સવના પ્રારંભ સાથે જ પૂરના પ્રવાહની જેમ 'નગર'માં ઊમટવા લાગેલી માનવમેદનીની સમાંતર સભાગૃહમાં વિવિધ પરિષદો, ચર્ચાસત્રો, અધિવેશનો પણ યોજાવાનાં હતાં. તેના પ્રથમ ચરણરૂપે આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક એકતા સંમેલનનું ઉદ્‌ઘાટન કરવા માટે સ્વામીશ્રી તા. ૧૩/૭ની સવારે 'નગર' તરફ જવા નીકળ્યા.

તે વખતે ગાડીમાં બેઠેલા એક સહયાત્રીએ કો'ક હરિભક્તની ઘસાતી વાતનો સહેજ ઉલ્લેખ કર્યો ત્યાં જ સ્વામીશ્રીનો પુણ્યપ્રકોપ ઝળકી ઊઠ્યો કે 'તમે સમજ્યા વગર બોલ-બોલ ના કરો. તમે જેની વાત કરો છો એનો ભોગ તો જુઓ! સ્વભાવ તો હોય. એની સામું ના જોવાય. એ સ્વભાવને નભાવતાં આવડવું જોઈએ. બધા વચ્ચે આ વાત ના કહેવાય. આની ચર્ચા અંદરોઅંદર પણ ન થવી જોઈએ.'

એકતાને તોડનારા અભાવ-અવગુણ પ્રત્યે સખત નારાજગી દર્શાવી સ્વામીશ્રીએ એકતા સંમેલનનો દીપ મંચ પર પ્રગટે તે પહેલાં તો મોટરમાં પ્રગટાવી દીધો!

તેના ઉજાસમાં શરૂ થયેલા એકતા સંમેલનમાં આજે ઉદ્‌ઘાટક શ્રી આબિદ હુસૈન તથા પૂજ્ય ચિન્મયાનંદજી, પૂજ્ય ચિદાનંદ સ્વામી, પૂજ્ય સ્વામી સચ્ચિદાનંદજી, પૂજ્ય દેવપ્રસાદજી, પૂજ્ય ચિત્રભાનુજી વગેરે ધર્મગુરુઓની સાથે અમેરિકામાં પથરાયેલી ૧૫૦ અગ્રણી ભારતીય સંસ્થાઓના ૫૦૦ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા.

અમેરિકામાં પ્રથમ વાર સાકાર થયેલી આ ઘટનાને સંબોધતાં પૂજ્ય

---

૩. અમેરિકામાં ઊજવાયેલા ભારતીય સાંસ્કૃતિક મહોત્સવના ઉદ્‌ઘાટન સમારોહને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

મુનિશ્રી આચાર્ય સુશીલકુમારજીએ જણાવ્યું: "કોઈ કહે કે 'મેં ભારત જોયું નથી.' પણ આ દિવસમાં એનો ઉત્તર છે. અહીં પ્રમુખસ્વામી અને એમના ભક્તોએ ઊભા કરેલા કલ્ચરલ ફેસ્ટિવલ ઑફ ઇન્ડિયામાં આવીને જુઓ: 'આ રહ્યું ભારત.' પ્રમુખસ્વામી એક વ્યક્તિ જ નથી, તે ભારતના પ્રતિનિધિ છે. તે ગમે ત્યાં ભારતનું દર્શન કરાવી શકે એમ છે."

આ પ્રસંગે પરમાર્થ નિકેતનના ધુરાવાહક પૂજ્ય ચિદાનંદ સરસ્વતીજીએ પણ કહ્યું કે 'જેવી રીતે રાજા ભગીરથ પોતાના પૂર્વજો માટે ગંગાને પૃથ્વી પર લાવ્યા હતા તેમ આજે પ્રમુખસ્વામી મહારાજ સંસ્કૃતિગંગાને પૂર્વમાંથી પશ્ચિમની દુનિયામાં લાવ્યા છે.'

આ અવસરે આશીર્વાદનું અમીસિંચન કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'જેમ પાંચ આંગળીઓ ભલે જુદી હોય પણ હાથ સાથે જોડાયેલી છે, એમ આપણે જુદા સંપ્રદાયના હોઈએ પણ પરમાત્માનાં સંતાનો છીએ. વૃક્ષની અનેક શાખાઓ એક મૂળના આધારે છે. બધાને પુષ્ટ કરી શકીએ એના માટેનું આ આયોજન છે.'

રહસ્ય તો એવા ગુરુ

તા. ૧૩/૭ની સાંજે પાંચ વાગ્યે એકતા સંમેલનના પ્રથમ દિવસની સમાપ્તિ થતાં જ 'નગર'માં પ્રારંભ પામેલી ભવ્ય રથયાત્રાએ સૌ દર્શનાર્થીઓને મુગ્ધ કરી દીધા. મહોત્સવના મેદાન પર અઠવાડિયાના ચાલુ દિવસોમાં મુલાકાતીઓના ૭૦% અને શનિ-રવિના દિવસોમાં આગંતુકોના ૫૦% તો અમેરિકનો જ રહેતા. તે સૌ પણ આજે 'નગર'યાત્રાના ભાગરૂપ હંસરથ, મયૂરરથ, મંજીરાં રણઝણાવતાં રાજસ્થાની નૃત્ય, ધરતી ધ્રુજાવતી ભાંગડાની ભંગિમાઓ, રાસ-દાંડિયાની રમઝટ, સકળશ મહિલાવૃંદ વગેરે સહિતની આ શોભાયાત્રાને કૌતુકભરી કીકીઓથી નિહાળી રહ્યા.

આમ, મહોત્સવના માંડવે એક પછી એક કાર્યક્રમોની ગૂંથાતી શૃંખલાને જન-જન સુધી પહોંચાડવા રોજેરોજ પત્રકારોનો પ્રવાહ પણ 'નગર'માં પ્રવેશતો રહેતો. તે પૈકીના એક શ્રી ભાલચંદ્ર જાનીએ તા. ૧૪/૭ની સવારે ચિત્રલેખા સામયિક વતી સ્વામીશ્રીને પૂછ્યું: 'હું એક સંવાદદાતા તરીકે અનેક સંસ્થાઓમાં ફર્યો છું, પરંતુ આવા સમર્પિત સ્વયંસેવકો મેં ક્યાંય જોયા નથી. એનું રહસ્ય શું?'

'રહસ્ય તો બીજું શું? પણ એવા ગુરુ. ભગવાન અને સંત માટે કરી છૂટવાની ભાવના જાગવી એમાં ભગવાનની કૃપા અને ગુરુનો પ્રતાપ એ બે જ રહસ્ય છે.'

સૌના આશ્ચર્યનો આ ઉકેલ આપતાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં આજની સાંજે એકતા સંમેલનનું સમાપન થયું; પરંતુ તેને અનુસરતાં જ તા. ૧૫/૭થી આરંભાઈ – માનવ ઉત્કર્ષ વ્યાખ્યાનમાળા.

તેમાં આજના પ્રથમ દિવસે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેલા ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખ અને વિપક્ષ નેતા શ્રી રીચર્ડ ગેફર્ડે સભા સમક્ષ ભાવોર્મિ પ્રગટ કરી: 'આ ઉત્સવ પછી એમ લાગે છે કે બીજાં પચીસ વર્ષ સુધી આવો મહોત્સવ અમેરિકાને આંગણે ઊજવાશે કે કેમ?'

તેઓનું આ અનુમાન સમયાંતરે બિલકુલ સત્ય ઠર્યું.[૪]

આટલું જ જાણવાનું છે

અમેરિકાના ઉત્સવનો લાભ લેવા અન્ય દેશોમાંથીયે ઊમટી રહેલા સત્સંગીઓના ક્રમમાં તા. ૧૫/૭ની સવારે નૈરોબીથી શ્રી ઘનશ્યામભાઈ, સુરેશભાઈ, શાંતુભાઈ વગેરે આવી પહોંચતાં તેઓને સ્વામીશ્રીએ મીઠો આવકાર આપ્યો કે 'ઓહોહો! આ તો આખું કુટુંબ આવી ગયું.'

આટલું કહી સૌને વ્યવસ્થાલક્ષી માર્ગદર્શન આપતાં તેઓએ જણાવ્યું: 'જુઓ! જમવાનું અહીં છે. ઊતરવાનું મોટલમાં છે. આ સામે પ્રદર્શન છે...'

આ સાંભળી ઘનશ્યામભાઈ બોલ્યા: 'જે છે એ બધું અહીં આપનામાં જ છે.'

'આટલું જ જાણવાનું છે, આ જણાઈ જાય તો વાંધો ન આવે.' એ ભક્તના વાંસે થાપો મારતાં સ્વામીશ્રી બોલી ઊઠ્યા.

ઉપનિષદ કહે છે: 'तमेवैकं जानथ ...अन्या वाचो विमुञ्चथामृतस्यैष सेतुः...'[૫] અર્થાત્ 'ભગવાન સુધી પહોંચવાના સેતુરૂપ એક અક્ષરબ્રહ્મને તમે

---

૪. અમેરિકામાં શાનદાર ઊજવાયેલા ભારતીય સાંસ્કૃતિક મહોત્સવના પ્રભાવ અને પરિચયને પામવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

૫. मुण्डकोपनिषद्: ૨/૨/૫.

જાણો. તે સિવાયની બીજી વાતો છોડો.' ઉપનિષદનો આ મંત્ર આજે સરળ ભાષામાં સ્વામીશ્રીના મુખેથી વહી રહ્યો.

અમેરિકાના આકાશમાં ભારતીય આબોહવા

મહોત્સવના કાર્યક્રમોમાં સમયસર પધારતા સ્વામીશ્રી વચગાળામાં મીટિંગ અને મુલાકાતો ઉપરાંત 'નગર'ના વિવિધ વિભાગોમાં જઈ સૌને પુષ્ટિ પમાડતા. તેઓની આ કૃપાવર્ષામાં પપેટ શૉ, ઇન્ડિયા વિલેજ, ભારત સંબંધી જિજ્ઞાસા સંતોષતાં કોમ્પ્યુટર-કક્ષ, નૃત્યમંચ વગેરે પણ બાકાત નહોતાં રહેતાં. તેઓ સાથે આવી એક લટાર મારતાં જ સમજાઈ જતું કે અમેરિકાને ભારતની ભાતીગળ કલાનો આસ્વાદ પમાડવામાં સ્વામીશ્રીએ કોઈ કસર છોડી નથી.

તેથી જ અહીં નિર્જીવ કઠપૂતળીઓનો વિચારપ્રેરક ખેલ જોઈ ભારતીય મૂળના અમેરિકન નાગરિક શ્રી ક્રિષ્ના સ્વામી લખી ગયા: 'આજથી હું અને મારો પુત્ર શાકાહારી થઈએ છીએ એની પાછળ આપની આ કઠપૂતળીઓની પ્રેરણા છે.'

આ જ રીતે, અત્રે ગોઠવેલાં પ્રદર્શનોની સૃષ્ટિને પણ કોઈ નિર્જીવ કહી શકે તેમ નહોતું. ૪૯ ત્રિપારિમાણિક દશ્યાવલીઓ, જીવંત કદનાં ૯૮ પૂતળાંઓ, ભવ્ય ૫૦૦ ચિત્રો, ટ્રાન્સલાઇટ્સ, પેનલો, વિરાટ છબીઓ સહિત ૭ વીડિયો શૉ અને જુદી જુદી ૩૫ સૂરાવલિઓના સુચારુ સંયોજનથી ખડી થયેલી આ પ્રદર્શન-રચનાએ અનેકને ઝંકૃત કર્યા. તેમાં મૂકેલા શ્રવણના દશ્યને નિહાળી મિડલસેક્સ કાઉન્ટી કૉલેજના સેક્રેટરી શ્રીમતી સિલ્વિઆ તો પોતાનાં વૃદ્ધ માતા-પિતાને ઘરડાંઘરમાંથી લઈ આવી સેવા કરવા લાગ્યાં.

આ 'નગર'માં ગોઠવાયેલાં ઉપાહાર-ગૃહોમાં પીરસાતું ભારતીય શાકાહારી ભોજન પણ અમેરિકનોની દાઢે એવું વળગતું કે માત્ર શનિ-રવિના બે દિવસોમાં જ ૨૦૦ ગેલનની લીલી ચટણી સફાચટ થઈ જતી! મેટુચનમાં રહેતા અમેરિકન શ્રી જહોન તો બોલી ઊઠ્યા: 'હું છેલ્લા દસ-બાર દિવસથી ઘેર જમ્યો જ નથી. અહીં આવીને અહીંનું જ જમું છું. મને ભારતીય વાનગીઓ ફાવી ગઈ છે.'

વિશ્વવિખ્યાત અમેરિકી અખબાર ન્યૂયોર્ક ટાઇમ્સે પણ છાપી દીધું કે 'આ મહોત્સવની મુલાકાતે આવો તો ખાલી પેટે આવજો. અહીંની વાનગીઓને

પેટ ભરીને માણી શકાય એટલે...!'

તેની સાથે ઇન્ડિયા વિલેજમાં ઘૂમતા પ્રજાપતિના ચાકડા પરથી ઊતરતાં માટીનાં કુંજા-કોડિયાં અને માટલાં, નેતરની પટ્ટીઓમાંથી પળવારમાં બનતી આકર્ષક કલાકૃતિઓ, વિવિધ પ્રકારના ૬૫ કુદરતી રંગોમાંથી કપડાં પર ઊપસતી નયનરમ્ય ભાત-છાપ, શણ-સૂતળીમાંથી ઘડીભરમાં બની જતાં પગલૂછણિયાં, ખટાક્... ખટાક્... બોલતી હાથશાળ દ્વારા વણાતું કાપડ કે હાથ પર ઊપસતા મેંદીના શૃંગાર વગેરેને જોતાં તો અમેરિકનો અને મૂળિયાં ખોઈ બેઠેલા ભારતીયોનાં નેત્રો પણ વિસ્મયથી વિસ્ફારિત થઈ જતાં.

અહીં આવી હજારો અમેરિકનો પોતાના હાથ પર મેંદી મુકાવતા ત્યારે તેઓનાં હૈયે સ્વામીશ્રીએ આંકી દીધેલી ભારતીય સંસ્કૃતિની દીર્ઘજીવી છાપનો અહેસાસ થતો. ભારતીય હસ્તકલાની જુદી જુદી નીપજોને અમેરિકનો પોતાનાં ઘરમાં ગોઠવતા ત્યારે અમેરિકાના ઘર-ઘર સુધી ભારતને પહોંચાડનારા સ્વામીશ્રીનો નૂતન પરિચય મળતો.

વળી, મહોત્સવ દરમ્યાન સૌને માણવા મળતી રહેલી સોળ લોકનૃત્યોની રમઝટ અને સીતાહરણ તથા શહેનશાહ-એ-આલમ જેવા સંવાદોની છટાદાર પ્રસ્તુતિ.

તેની સાથે સંગીતમાર્તંડ પંડિત જસરાજની શાસ્ત્રીય ગાયકી, સુરેશ વાડકરના સુગમ સંગીતની રેવાળ ગતિ તેમ જ પ્રફુલ્લ દવે અને બાલકૃષ્ણ દવેના લોકડાયરાએ પણ ખાસ્સું આકર્ષણ જમાવ્યું. તે ઉપરાંત, શિવકુમાર શર્માના સંતૂરવાદન, પંડિત હરિપ્રસાદ ચૌરસિયાના બંસરીવાદન તથા ઝાકીર હુસૈનના તબલાંવાદનની ત્રિવેણી દ્વારા પણ અમેરિકા ભારતીય સંગીતના તાલે ઝૂમી ઊઠ્યું.

તે જોઈ તા. ૧૮/૭ની સાંજે આવેલા જૈનમુનિ શ્રી કીર્તિચંદ્રવિજયજી બોલી ગયા :

'આ ધરતી પર ભારતીયતાના સંદેશને ગુંજતો કરનાર વિવેકાનંદે જે મંગલાચરણ કરેલું એ કાર્યને ૧૦૦ વર્ષ પૂરાં થવા આવ્યાં છે, ત્યારે પ્રમુખસ્વામીએ અહીં ભારતીય સંસ્કૃતિનું એવું પ્રદર્શન યોજ્યું છે કે જે જોઈને અહીં વસતા લોકોમાં ભારત અને ભારતીયતાનું ગૌરવ જાગી ઊઠશે. આ જોયા પછી હજારો અમેરિકનો પણ ભારત વિષેની અનેક ભ્રમણાઓથી મુક્ત થઈને એના વારસા પ્રત્યે આકર્ષિત થયા વિના રહેશે નહીં.'

... એટલે બધે જ પ્રેમ રહે છે

અનેકવિધ રીતે ભારતીયોનું મસ્તક ઊંચું કરે એ રીતે પ્રસિદ્ધિ પામી રહેલા ભારતીય સાંસ્કૃતિક મહોત્સવના એક ભાગરૂપે 'માનવ ઉત્કર્ષ વ્યાખ્યાનમાળા' પણ આરંભાયેલી. તેના પ્રત્યેક દિવસે શ્રીજીમહારાજ અને ગુરુપરંપરાને અનુલક્ષી ક્રમાનુસાર રજૂઆતો થતી હતી. તે મુજબ આવનારા 'યોગી દિન' નિમિત્તે યોજાયેલી કીર્તન આરાધનામાં સ્વામીશ્રી પણ ભજન રેલાવવાના હતા. પરંતુ કાચું કામ તેઓને ન ફાવે, તેથી તેઓ તા. ૧૮/૭ના રોજ યોગી હૉલની પાછળ આવેલી યોગી કુટિરમાં કીર્તનની પ્રૅક્ટિસ કરવા સંતો સાથે બિરાજ્યા. મહોત્સવની અનેક પ્રવૃત્તિ વચ્ચે આવેલા ભજનગાનના નાના કામને પણ સ્વામીશ્રી ચોકસાઈપૂર્વક કરવાનું ન ચૂક્યા !

આવા ચીવટભર્યા તેઓનાં દર્શને તા. ૧૯/૭ની સવારે આવી પહોંચ્યા – વિશ્વવિખ્યાત વનસ્પતિ-શાસ્ત્રી ડૉ. કર્ક સ્ટ્રોન. વિવિધ ભાતનાં ૫૦ કમળોની ભેટ વિશ્વને ધરનારા આ વનસ્પતિવિદે છેલ્લે વિકસાવેલા કમળનું નામ 'યોગીજી' રાખી સ્વામીશ્રીની પ્રસન્નતા મેળવી.

તેઓને અનુસરતાં આવેલા એટલાન્ટાના પ્રાધ્યાપક શ્રી પૉલ કૉર્ટરાઈટ હિંદુ ધર્મના પ્રખર અભ્યાસી હતા. તેઓ આજની સાંજે સ્વામીશ્રીને મળતાં બોલ્યા : 'મૂળમાં તમે ગુજરાતી છો, પણ આપની દૃષ્ટિ વૈશ્વિક છે. આપની પાસે નોંધપાત્ર શક્તિ છે. આટલી પ્રવૃત્તિમાં પણ કેટલું શાંત ચિત્ત ! મને ખાતરી છે કે આપનાથી શાંતિ પ્રવર્તશે.'

આ સ્વાનુભવનો પ્રતિભાવ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'ભગવાનની દયા અને ગુરુના આશીર્વાદથી શાંતિ રહે છે.'

'કોઈ વખત આપ આ બધું જગત જુઓ તો કંઈ આશ્ચર્ય જેવું લાગે ?'

'એમાં શું આશ્ચર્ય ? બધું ભગવાનનું જ કરેલું છે. 'ભગવાનની સઘળી રચના છે' એ મનાયું છે એટલે બધે જ પ્રેમ રહે છે.'

સ્વામીશ્રીનો આ ખુલાસો પેલા પ્રૉફેસરને આશ્ચર્ય ઉપજાવી ગયો. તેઓએ કહ્યું : 'જેને કોઈ બંધન ન હોય તેને આવી દૃષ્ટિ રહેતી હશે તેવું હું તારણ કાઢું છું !'

આ નક્કર નિષ્કર્ષ સાથે સંસ્થાનું અભિવાદન સ્વીકારી તેઓ વિદાય થયા બાદ સ્વામીશ્રીએ આજની રાત્રિસભામાં *'વંદન વારંવાર...'* કીર્તન ગાઈ

સૌને હિલોળે ચડાવી દીધા.[૬]

પ્લેટિનમ તુલા નહીં, પણ પ્રેમતુલા

કીર્તન આરાધનામાં સ્વામીશ્રીએ રેલાવેલો બ્રહ્મરસ હજી તો સુકાયો નહોતો ત્યાં જ તા. ૨૦/૭ના રોજ ફૂટી નીકળેલી 'ગુરુભક્તિ દિન'ની સવાર માટે 'સોનેરી' વિશેષણ પણ વામણું પડે એમ હતું, કારણ કે આ દિવસે સ્વામીશ્રીની પ્લેટિનમ તુલા યોજાવાની હતી. તેમાં સમયસર પહોંચવા માટે તેઓનો નિવાસ તા. ૧૯/૭ની રાત્રિએ હોલીડે ઈન હૉટેલના ૧૨૧૩ ક્રમાંકિત ઓરડામાં હતો. અહીંથી વેળાસર પરવારી સ્વામીશ્રી રેરીટન નદીના કાંઠે ઊભેલા ૯૪,૦૦૦ ચો.ફૂ.ના ઍક્સ્પો હૉલ પાસે સવારે આઠ વાગ્યે પહોંચ્યા ત્યારે તે દસેક હજાર ભક્તોથી ચિક્કાર હતો.

આ મેદની વચ્ચે સ્વામીશ્રીને લઈ આવવા માટે તૈયાર રાખેલી સુશોભિત પાલખી, આઠ સ્વયંસેવકોએ ૮:૦૮ વાગ્યે ખભે લીધી ત્યારે આખો હૉલ જયનાદોથી ગાજી ઊઠ્યો. તેની સાથે જ બાળકોનાં નર્તન, *'વાલમ વધામણાં...'* કીર્તન અને બૅન્ડના નાદ-નિનાદ વહેવા લાગ્યાં. આ ભક્તિપ્રવાહમાં દસેક મિનિટ સુધી તરતી રહેલી પાલખીયાત્રા વિરમતાં સ્વામીશ્રીએ પ્રથમ શ્રોતાઓ સાથે બેસી ગુરુભક્તિ નૃત્ય નિહાળ્યું. *'પ્રમુખસ્વામીનો જય બોલો...'*ની આ સૂરાવલિ શમતાં જ ૮:૩૫ વાગ્યે મંચ પર પધારેલા તેઓને મહંત સ્વામી અને ડૉક્ટર સ્વામીએ તથા શ્રી કે. સી. પટેલે હારતોરા દ્વારા સત્કાર્યા. આ પળને વધાવતાં ઊઠેલા તાળીનાદની વચ્ચે ભક્તચિંતામણિ ગ્રંથના દ્વિતીય પ્રકરણમાં આલેખેલા સંતમહિમાનું સમૂહગાન સંતોના કંઠે રેલાવા લાગ્યું.

ગવાતાં જતાં આ સંતલક્ષણોના સાકાર સ્વરૂપ સમા સ્વામીશ્રીને તુલામાં બિરાજવાની વિનંતી થતાં તેઓએ હરિકૃષ્ણ મહારાજની સાથે યોગીજી મહારાજની છબી પણ મંગાવી. તે નજીકમાં ઉપલબ્ધ ન હોવાથી તેને લાવવા દોડાદોડી મચી ગઈ.

અંતે એ છબી આવી ત્યારે તેને તુલામાં પોતાની આગળ પધરાવતાં

---

૬. ભારતીય સાંસ્કૃતિક મહોત્સવના મંચ પરથી થયેલી વિવિધ પ્રેરક પ્રસ્તુતિઓને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

સ્વામીશ્રી બોલ્યા : 'બસ, ગુરુ ને ગોવિંદ બંનેનાં દર્શન આખી દુનિયાને થાય એટલે આપણને આનંદ. આપણી તુલા નથી, તેમની છે. આપણે સેવક છીએ. તેમણે આ સેવા આપી છે.'

સ્વામીશ્રીને મન આનંદ સન્માનનો નહીં, પણ ભક્તિનો હતો. એ જ ઉમંગ તેઓના સંગે સૌનાં હૈયાંમાં ફરી વળેલો. તેથી એ ભક્તિભીનાં હૈયાં ગુરુને તોળવા આતુર બનેલાં.

બરાબર ૯:૦૮ વાગ્યે વૈદિક સંકલ્પ સાથે તુલાવિધિ શરૂ થતાં ડાબા પલ્લે બેઠેલા સ્વામીશ્રીના સામે ત્રાજવે ભક્તો સાકરના પડા પધરાવવા લાગ્યા. આ ઉત્સવમાં ઉપસ્થિત ૧૮૦ સંતો વતી વડીલ સંતોએ પણ આ લાભ લીધો. તે સૌના પ્રેમભાવથી ૯:૨૭ વાગ્યે સ્વામીશ્રીનું પલ્લું ઊંચકાયું એ ક્ષણ સૂર્ય-ચંદ્રની જેમ ચિરંજીવ બની ગઈ!

આ સમયે કવિ શ્રી હરીન્દ્રભાઈ દવેની ભાવોર્મિઓ *'હરિ અક્ષર હળવા ફૂલ અમે સૌ ભારી; ત્રાજવડે બેસીને સૌને તોલે છે અવતારી...'* સભાખંડમાં ફરી વળી. હજારો હૈયે થઈ રહેલી આ અનુભૂતિ વચ્ચે સ્વામીશ્રી પલ્લામાંથી ઊતરી પોતાના આસન પર બિરાજ્યા અને તુલામાં તેઓના સ્થાને પ્લેટિનમના સિક્કા મુકાવા માંડ્યા.

આ ક્રમ ૯:૪૮ વાગ્યે પૂર્ણ થતાં જ પ્રાર્થનાપદ *'ભૂલીશ હું જગતની માયા...'*નું વૃંદગાન શરૂ થયું. તે ગાતાં ગાતાં સૌ સ્વામીશ્રી અને આજના અણમોલ અવસરને હૃદયમાં ભરતા રહ્યા.

કીર્તનગાન વિરમતાં જ શરૂ થયેલાં પ્રાસંગિક પ્રવચનોના ક્રમમાં મહંત સ્વામીએ જણાવ્યું : 'આપણને લાગ્યું કે આ તુલા પ્રમુખસ્વામીની થઈ, પણ ખરેખર તો તેઓમાં બિરાજેલા શ્રીજીમહારાજની તુલા થઈ કહેવાય. સ્વામીશ્રી આપણા પ્રેમથી તોળાયા છે, બાકી આવા પુરુષના પલ્લા સામે મહારાજ જ આવી શકે. એ સિવાય પ્લેટિનમની તાકાત શું? આ તો પ્લેટિનમનાં ભાગ્ય કે આપણે એને સ્વામીનાં ચરણોમાં પહોંચાડ્યું.'

આ મહિમામંડિત વચનો બાદ આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'અમેરિકા જેવા દેશમાં આપણે આ ભક્તિ કરી શકીએ છીએ એ યોગીબાપાનો પ્રતાપ છે. બાકી તન, મન, ધનથી આવી સેવા ન થઈ શકે. અહીં આવ્યા, નથી આવ્યા, જ્યાં હશે ત્યાં, બધાનું કલ્યાણ જ છે.'

આ અમૃતધારાના આચમન સાથે બપોરે બાર વાગ્યે પ્લેટિનમ તુલા

મહોત્સવનું સમાપન થયું ત્યારે પ્રત્યેક ભક્ત અતુલનીય આનંદ અનુભવી રહ્યો.[૭]

રાખો છો ખબર સારી

એડિસનમાં સંસ્થાએ સંપાદિત કરેલી છ એકરની ભૂમિ પર તા. ૨૧/૭ની સવારે સ્વામીશ્રી વિશ્વશાંતિ મહાયાગની અગ્નિશિખાઓ પ્રગટાવી 'નગર'માં પધાર્યા. અહીં આજની સાંજે ઉપસ્થિત થયેલા વિખ્યાત આર્કિટેક્ટ શ્રી ઓરુ બોઝ બોલી ઊઠ્યા: 'આ આયોજન એટલું સર્વાંગ સંપૂર્ણ છે કે આમાં ભૂલ કાઢી શકાય નહીં. આ બધાની પાછળ જરૂર એક એવી વ્યક્તિનું માર્ગદર્શન હશે કે જે ઊંડી ચોકસાઈનો આગ્રહ રાખતી હોય. બાકી હું કોઈ ભારતીય મહોત્સવોમાં જતો નથી.'

આ અનુભૂતિ સાથે તેઓ અભિવાદન સ્વીકારવા સાયંસભામાં મંચ પર બેઠા ત્યારે મહિલા વિભાગમાં સ્થાન લેનારાં તેઓનાં અમેરિકન પત્નીને સાંપ્રદાયિક સ્ત્રી-પુરુષ મર્યાદા ખૂંચી રહેલી. એ બળતરાને બાજુમાં બેઠેલી કો'ક મહિલાએ વધુ ભડકાવતાં આ વિદેશી બાઈ તો ધૂંવાંપૂંવાં થઈ ગયાં. તેમ છતાં તેઓએ સ્વામીશ્રી સાથે પોતાના પતિની છબી લેવા માટે પોતાનો કૅમેરો એક સ્વયંસેવક દ્વારા આગળ મોકલાવ્યો.

તે કાર્યકરે આ કૅમેરા વડે જેવી તસવીર ઝડપી કે સ્વામીશ્રીએ એ કૅમેરો પ્રસાદીભૂત કરવા નજીક મંગાવ્યો અને તેની પર એક ફૂલ મૂક્યું. જ્યારે એ પ્રાસાદિક પુષ્પ સાથે કૅમેરો પેલાં અમેરિકન મહિલા પાસે પરત આવ્યો ત્યારે તેઓની સઘળી શંકાઓનું નિરસન થઈ ગયું. તેથી તેઓએ પોતાને ઉકસાવનારાં પેલાં મહિલાને જણાવી દીધું: "તમે કહેતાં હતાં કે 'આ સંતોને મહિલાઓનો તિરસ્કાર છે.' પણ સ્વામીશ્રીનું પુષ્પ પામવાનો આવો લાભ સ્વામીજીની આજુબાજુ બેઠેલા કેટલા લોકોને સાંપડ્યો હશે ?!"

આમ, પોતાના પવિત્ર જીવનથી કંઈકના પૂર્વગ્રહ ગાળતા સ્વામીશ્રીએ તા. ૨૨/૭ની સવારે બાળ-સંસ્કારના જતન સંબંધી પરિષદનો દીપ પ્રગટાવ્યો.

---

૭. ગુરુભક્તિના એક અણમોલ અવસર સમા પ્લેટિનમ તુલા મહોત્સવના સાક્ષી બનવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

સ્ટુન્ડન્ટ્સ સેન્ટર ઑડિટોરિયમમાં યોજાયેલા આ દ્વિદિવસીય ચર્ચાસત્રમાં બાળમાનસના અભ્યાસુઓએ બાળઉછેર બાબતે મનનીય વિચારો રજૂ કર્યા.

અણુવૈજ્ઞાનિકને અવિસ્મરણીય અનુભવ

અમેરિકાના ખૂણે-ખૂણે પથરાઈને આ દેશ અને વિશ્વના ઉત્કર્ષમાં બહુમૂલ્ય યોગદાન આપનારા ભારતીય મૂળના સિતારાઓને સન્માનવાનું સૌજન્ય સ્વામીશ્રીએ ઉત્સવ દરમ્યાન દાખવેલું. આ માટે મહોત્સવના સંશોધક વૃંદે છેલ્લા એક વર્ષની મહેનતના અંતે તૈયાર કરેલી ૪૦ વ્યક્તિઓની યાદીમાં સ્વાસ્થ્ય અને સ્થાપત્ય, રમત અને રાજનીતિ, વિજ્ઞાન અને વાણિજ્ય વગેરે વિવિધ ક્ષેત્રોના મહાનુભાવોનો સમાવેશ કરવામાં આવેલો.

તેમાંના એક વિખ્યાત અણુવૈજ્ઞાનિક ડૉ. પ્યારેલાલ જૈન તા. ૨૨/૭ની સાંજે સ્વામીશ્રીને મળતાં બોલ્યા : 'હું આવા ઉત્સવમાં પહેલી જ વાર આવ્યો છું, પણ ખૂબ જ પ્રભાવિત થયો છું.' આટલું કહી તેઓએ સ્વામીશ્રીને પણ જણાવ્યું કે 'અહીં આપ મારી સાથે જે વાત કરો છે એ મારા હૃદયને સ્પર્શી જાય છે.'

આ હૃદયસ્પર્શી અનુભૂતિ સાથે મહોત્સવના મંચ પર અભિવાદન સ્વીકારવા ઉપસ્થિત થયેલા તેઓએ સભાને સંબોધતાં કહ્યું : 'મારી આટલી જિંદગીમાં મને પ્રયોગશાળામાં જે અનુભવ નથી થયો તે આજે પ્રમુખસ્વામીજીની ઉપસ્થિતિમાં થઈ રહ્યો છે. મને ભગવાનમાં શ્રદ્ધા થઈ છે. સ્વામીજીના આદેશથી હું પ્રાર્થના શરૂ કરીશ. અહીં જે સમર્પણ અને દિવ્યતા જોયા છે એને હું ક્યારેય ભૂલી શકીશ નહીં.'

આમ, સૌ માટે અવિસ્મરણીય બની રહેલા આ ઉત્સવના આંગણે સ્વામીશ્રીએ તા. ૨૪/૭ની સવારે આંતરરાષ્ટ્રીય યુવા અધિવેશનને ખુલ્લું મૂક્યું. બે દિવસની સમયાવધિ ધરાવતી આ પરિષદ્‌માં સંસ્થાના ૧૮૦૦ યુવકો ઉપરાંત અમેરિકાની જુદી જુદી કૉલેજોમાંથી ૫૦૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા. તેઓને યુવાજગતના મર્મજ્ઞ વક્તાઓએ સંબોધ્યા.

આ પરિષદોની સાથે 'નગર'ના નેજા નીચે દ્વિદિવસીય વ્યસનમુક્તિ પરિષદ, સામાજિક પરિવર્તનોના ઝડપી યુગમાં ધાર્મિક પરંપરાઓના પરિવહન સંબંધી ચર્ચાસત્ર અને યુવતી તથા મહિલા અધિવેશન પણ સફળતાપૂર્વક સંપન્ન થયાં. આમ, આ ઉત્સવ સમાજના સર્વાંગી વિકાસનો પોષક બની રહ્યો.

પ્રીત પૂરવની જાગી

મહોત્સવમાં મુલાકાતીઓનો ધસારો બેહદ રહેતાં ઘણી વાર તો સ્વામીશ્રીને સળંગ ત્રણ-ત્રણ કલાક સુધી સૌને મળવા બેસવું પડતું. તા. ૨૪/૭ના રોજ પણ આવા જ એક મેરેથોન મુલાકાત-સત્ર બાદ ઊભા થતાં તેઓ બોલ્યા : '(પત્રલેખન, મીટિંગ વગેરે) બીજું કાંઈ કામ જ થતું નથી.'

'બાપા ! આપણે બપોરનું ભોજન 'નગર'ને બદલે ઉતારે જ ગોઠવી દઈએ. તો આ મુલાકાતની લપ જશે.' સેવકે સૂચવ્યું.

પરંતુ તેઓનું આ વલણ ખૂંચતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'આ લપ નથી, સેવા છે. એમ ઓછું સેવા મૂકીને જતું રહેવાય ? કોઈને કાંઈ પૂછવું કરવું હોય ને આપણે અહીં ન હોઈએ તો તેઓને કેટલું દુઃખ થાય !'

જેમ આઘાત સહન કરીનેય સિતારના તાર મધુર સંગીત જ સંભળાવે, તેમ સ્વામીશ્રીની જીવનવીણા પણ ભીડો વેઠીને સૌને સુખની સરગમ સંભળાવતી રહેતી.

તેથી આકર્ષાઈને આજની સાંજે આવેલા શ્રી રોન પટેલ પત્રકારત્વના ક્ષેત્રે પ્રતિષ્ઠિત ગણાતા પુલિત્ઝર પ્રાઇઝને જીતનારા એકમાત્ર ગુજરાતી અમેરિકન હતા. વળી, તેઓ દસ લાખથીયે વધુ નકલોનો ફેલાવો ધરાવતા અખબાર ફિલાડેલ્ફિયા ઇન્ક્વાયરરના પણ સહ-તંત્રી. તેઓએ અહીં થયેલી બે હૃદયસ્પર્શી અનુભૂતિઓમાંથી એકનો ઉલ્લેખ કરતાં સ્વામીશ્રીને કહ્યું :

'હું પત્રકાર તરીકે ઘણી જગ્યાએ ફર્યો છું. મોટે ભાગે પ્રતિષ્ઠિત અખબારના તંત્રીને બોલાવવા પાછળનો ઉદ્દેશ એનો ઉપયોગ કરવાનો હોય છે, પરંતુ અહીં ડૉક્ટરો, એન્જિનિયરો અને અન્ય શિક્ષિતો જે રીતે ભોગ આપે છે એ ક્યાંય નથી જોયું. આ સ્વયંસેવકો આપનો ચમત્કાર છે. આ સૌને આપ સેવામાં જોડી શક્યા એ અદ્‌ભુત શક્તિ કહેવાય.'

'એ બધી શક્તિ ભગવાનની છે.'

'આપની મૅનેજ કરવાની શક્તિ પણ એમાં ભળે છે. આજે હું અહીં આવ્યો. મને કંઈક જુદો જ અનુભવ થાય છે.'

આ અલગ અનુભવ બાદ આવી જ બીજી એક આગવી અનુભૂતિની પૂર્વભૂમિકા બાંધતાં આ ખ્યાતનામ ખબરપત્રીએ તેઓની કુટુંબકથા કહેવી ચાલુ કરી કે 'મારા પિતાજી વડોદરા બાજુના હતા. તેઓ સન ૧૯૨૦માં

અભ્યાસ માટે અહીં આવ્યા પછી અમેરિકન બાઈને પરણતાં તેઓના પિતાશ્રીથી બહિષ્કૃત થઈ ગયા. તેથી હું મારા પિતાના દેશમાં જઈ શક્યો નથી ને જવાશે પણ નહીં. પરંતુ આપે આ ઉત્સવ દ્વારા મારા માટે જ ભારતને અહીં લાવી દીધું, જેથી હું મારા ઘેર પહોંચી શક્યો.'

'સારું થયું કે તમને ભારત વિષે ખ્યાલ આવ્યો. હવે એના વિષે થોડું લખતા રહેજો.'

આટલી ભલામણ સાથે સ્વામીશ્રીએ આ સંવાદદાતાને પ્રસાદ આપ્યો, પરંતુ તેની સાથે રહેલા પૉકેટ કેલેન્ડરમાં સ્વામીશ્રીની છબી જોતાં જ શ્રી રોન પટેલે સંતોને જણાવ્યું : 'કદાચ મને આભાસ થતો હશે, પણ આ સ્વામીજીનો ફોટો જોતાં મને મારા પિતાની યાદ આવે છે.'

આ સુખદ અનુભૂતિને હૈયે સંઘરતાં એ પ્રસિદ્ધ પત્રકાર વિદાય થયા ત્યારે સૌને સ્વામીશ્રીની પ્રતિભાનો પ્રકાશ વિશેષ અનુભવાયો.

જેને થયો છે સંબંધ, તેનાં છૂટિયાં છે ભવબંધ

તા. ૨૫/૭ની સવારે સ્વામીશ્રીને મળવા દોડી આવેલા ફોર્ટલીના મેયર શ્રી ક્વોરી ભાવસભર મુલાકાત બાદ ઊભા થતાં બોલ્યા : 'આપને ફરી મળવાની મારે ઇચ્છા છે. જો અહીં નહીં, તો સ્વર્ગમાં.'

'હા, આ દર્શન-મુલાકાત થયાં તે સત્સંગમાં જન્મ થશે ને બે જન્મે અક્ષરધામમાં મળશું.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓના આ વચનમાં *'જેને થયો છે સંબંધ રે, તેનાં છૂટિયાં છે ભવબંધ રે...'*ની બાંયધરી હતી.

તે સાંભળી ઝૂમી ઊઠેલા સંતો-ભક્તો દ્વારા આ અરસામાં સ્વામીશ્રી સમક્ષ અવારનવાર ખાબકતા વરસાદ પર રોક લગાવવાની વિનંતીઓ થતી રહેતી. તે વખતે સ્વામીશ્રી હળવાશથી કહેતા : 'અહીં લોકો વિનંતી કરે છે કે 'વરસાદ બંધ કરો.' ને દેશમાંથી સમાચાર આવે છે કે 'વરસાદ પાડો.' બેય બાજુથી આવું દબાણ આવે છે, તેમાં આપણે પ્રાર્થના તો કરીએ, પણ પછી કનેક્શન અવળહવળ થઈ જાય છે. એટલે પડવાનો હોય ત્યાં ન પડે ને જરૂર ન હોય ત્યાં પડ-પડ કરે. આવું થાય છે! કરવું શું?'

આમ, અસામર્થ્યનો અંચળો ઓઢી આનંદ કરાવતા સ્વામીશ્રી ક્યારેક વળી એમ પણ જણાવતા કે 'વરસાદ તો ભગવાનનું કાર્ય છે. એ આપણા સારા

માટે કરતા હશે. એમની ઈચ્છા હશે એમ થશે ! આ જોગીબાપાનો ઉત્સવ છે. જોગીબાપાની પ્રકૃતિ બધાને હલબલાવવાની હતી. એટલે એવું થવાનું જ !'

આ ક્રમમાં તા. ૨૬/૭, ગુરુપૂનમના રોજ તો સ્વામીશ્રીએ વરસતા વરસાદને રોકવા હરિભક્ત શ્રી સી. ટી. પટેલને આજ્ઞા કરી કે 'જાઓ, ઈન્દ્રને દૂધી મારી ભગાડી આવો.'

વરસાદની સાથે સ્વામીશ્રીની આવી મનુષ્યલીલામાં ભીંજાવાનું સુખ પણ સૌને અનેરું આવતું.

દુનિયા આવો બીજો મહોત્સવ નહીં જુએ

તા. ૨૭/૭ના રોજ 'નગર'ના અતિથિ બનેલા શ્રી શંભુ બનિક અમેરિકન રાષ્ટ્રપ્રમુખની એક રાષ્ટ્રીય સલાહકાર સમિતિના નિયામક હતા. તેઓએ ઉત્સવની અનુભૂતિ ઉચ્ચારી કે –

'જ્યારે થોડાં વર્ષો પહેલાં અહીં વૉશિંગ્ટનમાં ફેસ્ટિવલ ઑફ ઈન્ડિયા કર્યો હતો ત્યારે તેમાં મેં આગળ પડતો ભાગ લીધો હતો. હું માનું છું કે આપનો આ ઉત્સવ તેના કરતાં કરોડ દરજ્જે સારો છે. મારી પાસે આનું વર્ણન કરવાની ભાષા નથી. દુનિયા આવો બીજો મહોત્સવ નહીં જુએ. આ મહોત્સવ '૯૧ની મોટામાં મોટી અજાયબી છે. ભારતે એનો કોહિનૂર ગુમાવ્યો, પણ સ્વામીજી ! આપે યુવકોરૂપી હજારો-લાખો કોહિનૂર અહીં ઊભા કર્યા છે.'

આ જ રીતે અમેરિકન નૌકાદળની સૌથી વિશાળ હૉસ્પિટલના નિયામક તથા નૌકાદળમાં મૅડિકલ કૉરના કેપ્ટન તરીકે ફરજ-પરસ્ત ડૉ. ઠાકોરભાઈ પટેલ પણ આજે બોલી ઊઠ્યા : 'મૅનેજમેન્ટ કેવું હોવું જોઈએ તેના ઉત્તમ નમૂનારૂપ આ ઉત્સવ છે. ઘણા લોકો જાપાનીઝ મૅનેજમેન્ટનો વિચાર કરી રહ્યા છે, પણ આ ઉત્સવનું આયોજન બેનમૂન છે. મને લાગે છે કે તે બધી પ્રકારનાં મૅનેજમેન્ટથી આગળ છે.'

આવો જ અનુભવ વાગોળ્યો – ભારતીય ઉદ્યોગ મંત્રાલયના પૂર્વ ઉપસચિવ શ્રી કરતારસિંઘ લુથરાએ. તા. ૨/૮ની સાંજે 'નગર'દર્શન માટે આવેલા તેઓ ભારત અને ભારત બહાર ઊજવાયેલા ઈન્ડિયા ફેસ્ટિવલના નિયામક તરીકે રહી ચૂકેલા, પરંતુ તેઓએ અહીં જે જોયું તે જણાવતાં કહ્યું :

'मैं डिरेक्टर के रूप में भारत की ओर से ५१ देशों में गया हूँ, कई उत्सवों का आयोजन मैंने किया है, लेकिन ऐसा कहीं नहीं देखा। हमने

मोस्को, जापान, यहाँ अमरिका में सब जगह पर उत्सवों में भारत का पैविलियन किया था, लेकिन इतना कभी नहीं कर सके। अति उत्तम! इसकी सफाई, आयोजन, स्वयंसेवक – सब कुछ बेजोड़ है। जापान के एक्स्पो में भी मैं गया हूँ, वहाँ भी इतना मैनेजमेन्ट नहीं है।'

હજી તો આ પ્રશંસાનો પડઘો શમ્યો નહોતો ત્યાં જ આજે સ્વામીશ્રીને મળવા દોડી આવેલા ઇન્ડિયા ફેસ્ટિવલના અન્ય એક નિયામક શ્રી સંતસિંહ ચટવાલ બોલી ઊઠ્યા: ''प्रमुखस्वामीजी ने यह जो कार्य किया है उनको भारत सरकार की ओर से कम से कम ऑफिशियल प्रमाण दिया जाए। मुझे शब्द नहीं मिलते। मेरे पाकिस्तानी दोस्त भी पूछते हैं कि 'यह कौन-सी संस्था है?' मेरा लड़का मैनेजमेन्ट पढ़ता है लेकिन मैं सोचता हूँ कि 'आपके पास से मैनेजमेन्ट सिखना है।' भारत के लिए आपने जो किया है वह इन्डिया की गवर्नमैन्ट भी नहीं कर सकती।''

વિરાટ કદના પ્રકલ્પ સંભાળતા કારભારીઓ સ્વામીશ્રી અને તેઓના કાર્યને વધુ સારી રીતે સમજી શકતા, કારણ કે 'जानन्ति हि गुणान्वक्तुं तद्विधा एव तादृशम्।' – ગુણવાન જ ગુણવાનને ઓળખી શકે ને!

તેથી જ તા. ૪/૮ના રોજ આવેલા પેન્સિલવેનીયા રાજ્યના કોંગ્રેસમેન શ્રી કર્ટ વેલ્ડને પણ સ્વામીશ્રીને કહ્યું: 'એકદમ અસાધારણ આયોજન છે. આપના ઉપદેશ દરેકને સ્પર્શી જાય એવા છે. મને અહીં શાંતિ થઈ છે.'

ઉત્સવ દરમ્યાન આવા તો કંઈક અમેરિકન રાજદ્વારીઓ સ્વામીશ્રી પાસે આવીને પોતાના મનોભાવ અને અહોભાવ પ્રગટ કરતા રહ્યા. કેટલાયે તેઓને સન્માનપત્રો આપી બિરદાવ્યા. સૌને સૂર એક જ રહેતો: 'This will never happen again.' - આ ઉત્સવ પુનરાવર્તિત નહીં થાય.

અમને છોડતા નહીં

ઉત્સવ-સ્મૃતિને ચિરંજીવ કરવાના હેતુસર વિવિધ સેવા-વિભાગોના સ્વયંસેવકો સાથે સ્વામીશ્રીની સમૂહછબી લેવાનો કાર્યક્રમ કેટલાક દિવસોથી ચાલતો થયેલો. આ ક્રમમાં નૃત્ય, સંવાદ વગેરેની પ્રસ્તુતિ માટે ભારતથી આવેલા યુવકોનો વારો તા. ૭/૮ની સવારે આવ્યો, પરંતુ તસવીર લેવાઈ ગયા પછી પણ આ યુવાનો એમ ને એમ બેસી રહેતાં સ્વામીશ્રી બોલ્યા: 'હવે ફોટા પડી ગયા હોય તો ઊભા થાવ.'

'બાપા ! આપનું સાંનિધ્ય એવું છે કે આપનો ખોળો છોડવાનું મન જ થતું નથી.' જયૂર મોદીએ કહ્યું.

ત્યારે સ્વામીશ્રીએ તેના ખભે હાથ મૂકીને જણાવ્યું: 'અમારે પણ તમને છોડવા નથી. બધું જ કરજો, પણ અમને છોડતા નહીં.'

આ સૂચક સંદેશની સાથે ઉપાસનાનો સંદેશ પણ સૌને કાયમ મળતો રહે તે માટે, સ્વામીશ્રીએ તા. ૮/૮ની સવારે એડિસનના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરી દીધા. આ અવસરે ત્રણેક હજારની ભક્તમેદનીને સંબોધતાં કોંગ્રેસમેન શ્રી ટોરીસેલીએ કબૂલાત કરી કે 'આ એક અદ્‌ભુત મહોત્સવથી ભારતની મહાનતા સ્વીકારવા માટે હું સંમત બન્યો છું.'

એ જ રીતે સ્ટેટન આઈલેન્ડ બરૉના પ્રમુખ શ્રી મોલિનારી બોલ્યા: 'આ પ્રકારના કાર્યથી અમેરિકા વધારે મહાન બની રહ્યો છે.'

જેમ નદીની પાછળ કાંપ ઢસડાતો આવે તેમ સ્વામીશ્રીની વાંસે પ્રશંસા પણ ખેંચાતી આવતી.

તા. ૯/૮ની સવારે તેઓ બ્લેઅર્સ ટાઉન મુકામે યોજાયેલી જૈન વર્લ્ડ કૉન્ફરન્સનું ઉદ્‌ઘાટન કરવા પધાર્યા ત્યારે પણ આમ જ બની રહ્યું. આ પરિષદના આયોજક જૈનાચાર્ય મુનિ શ્રી સુશીલકુમારે સ્વામીશ્રીનો પરિચય આપતાં જણાવી દીધું કે – 'પ્રમુખસ્વામી એક એવા સંત છે જેમણે આખી દુનિયામાં ભારતમાતાનો ધ્વજ લહેરાવ્યો છે. આપણે જેટલું કાર્ય નથી કરી શકતા એટલું આ પ્રમુખસ્વામી કરી રહ્યા છે. प्रमुखस्वामी को तो हम भगवान की तरह मानते हैं।'

ડંકો વાગ્યો છે એ હકીકત છે

તા. ૧૦/૮ની સવારે શાસ્ત્રીજી મહારાજની નિત્યપૂજામાં રહેતી કેટલીક મૂર્તિઓને જોતાં જ ચાર દાયકા પહેલાંના અતીતમાં સરી પડ્યા હોય તેમ સ્વામીશ્રી બોલવા લાગ્યા:

'શાસ્ત્રીજી મહારાજ એક કટોરી રાખતા. એમાં પાણી ભરીને આપીએ એટલે ડાબે હાથે લઈને જમણે હાથે ચંદન ઘસી તિલક કરતા. શાસ્ત્રીજી મહારાજે પૂજાની બધી વસ્તુ છેલ્લે વહેંચી દીધી હતી. એ જેની પર પૂજા કરવા બેસતા એ પાથરણાં, અત્યારે જેની ઉપર હું ઠાકોરજી પધરાવું છું એની અંદર રાખેલાં છે.'

આટલું કહેતાં આ છબીઓ લઈ આવનારા યુવાન શ્રી પ્રણવ પટેલને આશીર્વાદ આપી મુલાકાતીઓને સંતોષ દેવા બિરાજેલા સ્વામીશ્રી ૩૫૦ આગંતુકોને એક બેઠકે મળ્યા.

તેઓની આ ભીડાભક્તિને અનુસરતાં, ઊગેલો તા. ૧૧/૮નો દિવસ ભારતીય સાંસ્કૃતિક મહોત્સવનો અંતિમ દિન હતો. તેની સવારે મહોત્સવના મેરુદંડ સમા સ્વયંસેવકોની વિશિષ્ટ સભા યોજાયેલી. તે માટે ૩૬ સેવા-વિભાગોમાં વહેંચાયેલા આ કાર્યકરો ગણવેશમાં સજ્જ થઈ યોગી હૉલમાં ગોઠવાઈ ગયેલા.

અલ્પાહાર બાદ સ્વામીશ્રી જ્યારે આ સભામાં પધાર્યા ત્યારે પોતાની ખુરશી પર ઊભા થઈ ગયેલા પ્રત્યેક સ્વયંસેવકે તાળીઓના પ્રચંડ ગડગડાટથી સ્વામીશ્રીનું અભિવાદન કર્યું. તે નતમસ્તકે ઝીલી સ્વામીશ્રી આસન પર બિરાજતાં જ, દરેક વિભાગોની પ્રાર્થનાઓ લાગણીસભર સૂરોમાં વહેવા લાગી. આ પ્રાર્થના વિરમતાં તે-તે વિભાગના સ્વયંસેવકો પોતાના સ્થાન પર ઊભા થઈ સ્વામીશ્રીના આશીર્વાદ મેળવતા.

આ રીતે સૌને ધન્ય કરી સ્વામીશ્રીએ પ્રત્યેક સ્વયંસેવકને સ્મૃતિરૂપે અપાનારા મણકાઓને ખોબામાં ભરી-ભરીને ઠાકોરજી સમક્ષ ધર્યા. તે વખતે એક મણકો નીચે પડી ગયો ત્યારે તેઓએ જાતે જ નીચા નમીને તેને પાછો યથાસ્થાને મૂકી દીધો. એક વાર શરણે લીધા તે કદી છૂટી-છટકી ન જાય તેની તકેદારી રાખવાની તેઓની પ્રકૃતિ માણસથી મણકા સુધી એકસમાન જ !

આ ખેવના સાથે સ્વયંસેવકો પર અમૃતધારા ઢોળતાં સ્વામીશ્રી બોલ્યા :

‘‘આપ બધાની પણ જય. ખરું કામ તો આપ બધાએ કર્યું છે. એટલે ખરી જય તો આપની છે. આપે યોગીબાપાના આદેશ મુજબ કર્યું તો ડંકો વાગ્યો છે એ હકીકત છે. આપને તો કરોડ દંડવત કરીએ તોય ઓછા છે. કરોડો વંદન કરીએ તોય ઓછાં છે. બધાના મુખે એક જ વાત છે : ‘અદ્‌ભુત... અદ્‌ભુત... અદ્‌ભુત...’ આ યશ આપ સૌને ફાળે જાય છે. હજી આપણે આગળ જવું છે. હજી ઉત્સાહ સવાયો થવો જોઈએ. અમેરિકા અને બીજા દેશો કવર કરીએ. આપ સૌ નોકરી-ધંધા મૂકીને આવ્યા છો. ગયા પછી ‘ક્યાં બેસશું ?’ એ વિચાર થતો હશે, પણ આશીર્વાદ છે કે ‘સૌને નોકરી-ધંધા મળી જાય.’’

સ્વામીશ્રીનો આ ભાવપ્રવાહ સૌનાં હૃદયને ભીંજવી ગયો. તેથી આશીર્વાદ બાદ વ્યક્તિગત દર્શને આવી રહેલા એકેય સ્વયંસેવકની આંખો

કોરી ન રહી.[૮]

યુગ-પરિવર્તન અને યુગ-પુનરાવર્તન

સ્વયંસેવક સભા બાદ સ્વામીશ્રીનાં દર્શને આવેલા વિશ્વપ્રસિદ્ધ ટેનિસ ખેલાડી શ્રી વિજય અમૃતરાજે ભાવોર્મિ વહાવી કે 'આ ઉત્સવ મને ખૂબ જ પ્રભાવિત કરી ગયો. તેણે મને સમૃદ્ધ કર્યો. આ જોયા પછી મને ઘણું શીખવા મળ્યું. ભારત માટે ગૌરવ ઉપજાવે એવી આ વાત છે.'

આમ, વિશ્વમાં ભારતનું નામ રોશન કરનારા આ ઉત્સવની સુરક્ષા જાળવવામાં એક મહિના સુધી ખડે પગે રહેલા પોલીસ વડા શ્રી એલનની ચાંપતી નજરે સ્વામીશ્રીના હીરને પણ પારખી લીધેલું. તેથી ૩,૦૦૦ સંત્રીઓના એ ઉપરી આજે પોતાના પોલીસ ઍસોસિયેશનના સ્મૃતિચિહ્નરૂપે પીન, પેન અને પાકિટની ભેટ સ્વામીશ્રીને ધરવા આવી પહોંચ્યા. તે આપતાં તેઓએ સ્વામીશ્રીને કહ્યું: 'અમારી આ નાની ભેટ સ્વીકારશો.'

'ભેટ ભલે નાની હોય, પણ તમારા હૃદયનો પ્રેમ છે એ વધારે મહાન છે. તમારી મદદ અમારે મન અધિક છે.'

આટલું કહી તેઓને યોગીજી મહારાજનું પૉકેટ કેલેન્ડર આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'અમે બીજું તો નહીં, પણ અમારા ગુરુજી તમને આપીએ છીએ. કંઈ મુશ્કેલી આવે ત્યારે તેઓને સંભારજો.'

સ્વામીશ્રીના આ અમૂલ્ય ઉપહારને શિરે ચઢાવતાં એ પોલીસ વડાએ કહ્યું: 'અત્યાર સુધી મારા ખિસ્સામાં એકપણ ચિત્ર મેં રાખ્યું નથી, પરંતુ આ આપે આપ્યું છે એટલે રાખીશ જ !'

અલબત્ત, સ્વામીશ્રીએ કેવળ ખિસ્સામાં નહીં, પણ તેઓના હૃદયમાં સ્થાન મેળવી લીધેલું. અને ફક્ત એલન જ શું, ઉત્સવ દ્વારા તો તેઓની છબી અનેકનાં હૃદયમાં બિરાજી ગયેલી. તેથી જ તો એક અમેરિકન મહિલા 'નગર' જોયા બાદ બોલી ઊઠ્યાં કે 'મારે આ પછીનો જન્મ ભારતમાં લેવો છે.'

યુગો પહેલાં સ્વર્ગના દેવોએ 'अहो अमीषाम्...' કહી ભારતમાં જન્મ

---

૮. અમેરિકામાં અભૂતપૂર્વ ઊજવાયેલા આ મહોત્સવના મેરુદંડ સમા સ્વયંસેવકોની સેવા-સુગંધને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

લેનારાને ભાગ્યવંત ગણેલા. આજે દેવલોક સમા અમેરિકામાં રહેતા લોકોને પણ આવા કોડ જાગી ગયા તે સ્વામીશ્રીએ કરેલું યુગ-પુનરાવર્તન અને યુગ-પરિવર્તન નહીં તો બીજું શું ?

તેથી જ મહોત્સવ દરમ્યાન 'નગર' નિહાળવા આવેલા એક અમેરિકને ચિઠ્ઠીમાં કંઈક નોંધેલું, પણ તેનું ઉચ્ચારણ કઠિન લાગતાં તેઓએ સંતોની મદદ લીધી. તે દ્વારા કાગળ પર નોંધેલું 'સરસ્વતી' નામ બરાબર ગોખી ચાલવા માંડેલા તેઓએ જણાવેલું : 'મારે મારી દીકરીનું નામ 'સરસ્વતી' રાખવું છે.'

આ સાંભળતાં જ સંતોના ચહેરા પર આશ્ચર્યચિહ્ન અંકાઈ ગયેલું.

ખરેખર, CFIનું વર્ણન શબ્દોની સાથે આવા ચિહ્ન દ્વારા વિશેષ થઈ શકે તેમ છે.

અંતર અજવાળતો ઉત્સવનો ઉજાસ

તા. ૧૧/૮ની રાત્રે 'નગર'નો પૂર્ણાહુતિ સમારંભ નૃત્યો માટે આરક્ષિત રખાયેલા ખુલ્લા મંચ પર યોજાયેલો. ત્યાં સુધી સ્વામીશ્રીને લઈ આવવા માટે આયોજિત રંગીન અને સંગીન નગરયાત્રા ૭૦,૦૦૦થી વધુ મુલાકાતીઓને મંત્રમુગ્ધ કરતાં આગળ વધી રહી. તેના માર્ગમાં અક્ષર-પુરુષોત્તમ મંદિર આવતાં સ્વામીશ્રીએ પોતાનો રથ ઊભો રખાવી મૂર્તિઓનાં દર્શન કર્યાં. તે પછી ૮:૨૫ વાગ્યે તેઓ મંચ પર પધાર્યા ત્યારે સૌનાં હૈયાં મીઠો ઉદ્વેગ અનુભવી રહેલાં, કારણ કે આ 'નગર' હવે જમીનનો ટુકડો ન રહેતાં જિગરનો ટુકડો બની ગયેલું. તેથી નિકટના સ્વજનને છોડતાં જે વેદના થાય તેવી જ પીડા સૌને થઈ રહેલી. તેને શમાવતી અમૃતધારા વહાવી સ્વામીશ્રીએ મંચ પરથી વિદાય લેતાં સંકેલણીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ.

તેને કારણે તા. ૧૨/૮ની સાંજ સુધીમાં તો વનરાવન સમું મેદાન વેરાન જેવું થઈ રહ્યું. તે પર પણ એક દૃષ્ટિ કરીને સ્વામીશ્રી રાત્રે દસ વાગ્યે ઉતારા તરફ જવા મોટરમાં બિરાજ્યા ત્યારે ગાડીચાલક શ્રી જયમીને કહ્યું : 'બાપા ! અહીં હવે અંધારું થઈ ગયું.'

'પણ અહીં અજવાળું થઈ ગયું ને !' તે યુવકની છાતી પર હાથ મૂકતાં સ્વામીશ્રી બોલ્યા.

હા, અંતર અજવાળી દેવાં એ જ તેઓનું કામ અને કમાલ ! દુનિયાને તો દીવો કે દિવાકર અજવાળી દે, પણ દિલડાંને કોણ અજવાળે ? પોતાની

પ્રવૃત્તિથી ત્યાં પ્રકાશ પહોંચાડનારા હતા સ્વામીશ્રી.

તેથી અંજાઈ ગયેલા એક અમેરિકન ગૅરેજની માલિકી ધરાવતા હતા. એક વાર તેઓ દ્વારા પોતાને ત્યાં નોકરી કરતા સત્સંગી યુવાન શ્રી પંકજભાઈ રાયને પગારમાં ૮૪ ડોલર વધારે અપાઈ ગયેલા, પરંતુ તે રકમ પાછી આપવા પહોંચેલા આ યુવકને જોઈ આશ્ચર્યમાં ડૂબી જનારા પેલા માલિકે કહેલું: 'મારી જિંદગીમાં આવો પહેલો માણસ મળ્યો જેણે નાણાં પાછાં આપ્યાં હોય !'

આ પ્રામાણિકતાના પુરસ્કારરૂપે તેઓએ આ યુવકને ૧૦૦ ડૉલરનો માસિક પગાર વધારી આપેલો. વળી, આ અમેરિકને ઉત્સવમાં પણ ગૅરેજની નિઃશુલ્ક સુવિધા આપવાની સાથે ૪,૦૦૦ ડૉલરની સેવા નોંધાવેલી. તે જોઈ તેઓના સાથીદારોયે વિસ્મિત થઈ ઊઠેલા, કારણ કે ખ્રિસ્તી હોવા છતાં આ અમેરિકને અત્યાર સુધી ચર્ચમાં પણ કોઈ આર્થિક અનુદાન આપ્યું નહોતું !

આમ, અનેકનાં હૈયે સેવા-શ્રદ્ધાના દીવડા જલાવી દેનારા સ્વામીશ્રીના ઉત્સવનો ઉજાસ ચારેકોર પથરાઈ રહ્યો.

વાલી અને વડીલથી વિશેષ

તા. ૧૪/૮ની સવારે અમેરિકાના દક્ષિણ-પૂર્વનાં સત્સંગ-કેન્દ્રોની એક બેઠકમાં પ્રાસંગિક વાતો કરતાં સ્વામીશ્રીના મુખેથી શબ્દો સરી પડ્યા: 'જે-જે નોકરી-ધંધો છોડીને આ ઉત્સવની સેવામાં આવ્યા છે એ બધાનું ભગવાન સાચવશે. હું પૂજામાં રોજ તમારી પાંચ-છ માળા કરું છું. જેમ હનુમાનજીને લંકા મોકલ્યા પણ વિચાર કર્યા વગર ઊપડ્યા, રામનો આદેશ ઝીલી લીધો; એમ તમે બધાએ કૂદકો જ માર્યો છે !'

આ જ રીતે તા. ૧૮/૮ની સાંજે મહોત્સવના મેદાન પર જ યોજાયેલી રવિસભામાં પણ પ્રસન્નતા વરસાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'આવો સમૈયો ઊજવાયો ને આપ બધાએ સેવા કરી એટલે સ્વભાવ, દોષો બધું ઘસાઈ જશે. વ્યવહારમાં પણ વાંધો નહીં આવે.'

સેવાના વ્રતધારીઓને આ વરદાન આપી તા. ૧૯/૮ના રોજ મેનાસ્ક્વેન પધારેલા સ્વામીશ્રીએ અત્રે મેનાસ્ક્વેન નદી અને દરિયાના સંગમ-સ્થળે ઠાકોરજીને સ્નાન કરાવ્યું. કોઈ પણ જગ્યાએ જવાનું તેઓનું પ્રયોજન આટલું જ રહેતું કે જે તે જળ-સ્થળને ઠાકોરજીનો સંબંધ પમાડવો.

તે કાર્ય કરી અત્રે ડૉ. યશવંતભાઈના સમર હાઉસમાં રોકાયેલા

સ્વામીશ્રી એડિસન પરત પધાર્યા ત્યારે અહીં તેઓને મળવા એક યુવાન આવી ચડ્યો. તેને એનાં માતા-પિતાએ ધામધૂમથી પરણાવેલો, પરંતુ લગ્ન બાદ આ યુવકે પત્નીને દેશમાંથી અહીં બોલાવવા અંગે સ્પષ્ટ નનૈયો ભણી દેતાં આખું કુટુંબ કફોડી હાલતમાં મુકાઈ ગયેલું. એકના એક દીકરાને નાતે મા-બાપ ઝાઝું કહી શકતાં નહોતાં. સગાં-વહાલાં પણ તેને સમજાવીને થાકેલાં.

આ સમયે જ ઉત્સવ આવી પહોંચતાં ગાડી ચલાવવાના નિમિત્તે એ યુવાનને સ્વામીશ્રીનો સહવાસ સાંપડ્યો. તેથી તેના શ્વાસમાં ભળવા લાગેલી સ્વામીશ્રીના સ્નેહની સુગંધને કારણે આજે તેણે સામેથી સ્વામીશ્રીને કહ્યું: 'લગ્ન બાબતે આપ કહો એ કરવા તૈયાર છું.'

તે સાથે જ એક પરિવારનો પેચીદો પ્રશ્ન પળમાં પીગળી ગયો! વાલી અને વડીલોનાં વહાલ કરતાં સ્વામીશ્રીનું હેત વિશેષ છે તેનો અનુભવ સૌ કરી રહ્યા.

આવી જ કંઈક અનુભૂતિ સાથે તા. ૨૦/૮ની સાંજે અમેરિકન શ્રી જીમ સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા. ઉત્સવ-સ્થળના તે પાડોશી. ઘણી વાર 'નગર'ના મુલાકાતીઓ ગિરદીવશાત્ પોતાનાં વાહનો આ મુરબ્બીની શેરીમાં મૂકી આવતાં. તેથી પરેશાન થઈને એ શેરીના રહેવાસીઓએ મહોત્સવની વિરુદ્ધમાં મોરચા કાઢેલા, છાપાંમાંયે ચીતરેલું. પરંતુ આજે આ આદમીનો મિજાજ કંઈક જુદો જ જણાતો હતો. તેઓએ સ્વામીશ્રીને કહ્યું: 'આપના વિરોધમાં અમે ઘણું કર્યું, પણ અમારી એ ભૂલ હતી એ હવે અમને સમજાય છે. અમે ખોટો ઊહાપોહ કરેલો. આજે માફી માંગવા આવ્યો છું. અમારી સોસાયટીના સૌ વતી હું આપને અભિનંદન પાઠવવા આવ્યો છું. આપે અમને જે આપ્યું છે એ અમારાં હૃદયમાં કાયમ રહેશે.'

પૂર્વગ્રહને હઠાવવો એ પર્વતને ખસેડવા કરતાં અઘરું કામ છે, પરંતુ સ્વામીશ્રીની સાધુતા તેને તણખલાની જેમ ઉડાડી મૂકતી.

અમારા અંતરમાં શાંતિ છે

તા. ૨૧/૮ની સવારે ન્યૂજર્સીને અલવિદા આપતાં પૂર્વે એડિસનના મંદિરે પ્રાતઃપૂજા કરી સ્વામીશ્રીએ ગાડીને ઉત્સવ-સ્થળ તરફ લેવડાવી. તેઓ જ્યારે અહીં પહોંચ્યા ત્યારે 'નગર' અને તેની આનુષંગિક વ્યવસ્થાઓ જ્યાં વિસ્તરેલી તે મિડલસેક્સ કાઉન્ટી કૉલેજના ૨૦૦ એકરના પ્રાંગણમાં બધું

સૂમસામ હતું. એ સન્નાટાને અનંત સ્મૃતિઓની પાંખે વિહરી રહેલાં પેલાં શ્વેત પારેવાંઓ પોતાના કલશોરથી ભરી રહેલાં.

તેઓ પર અમીદૃષ્ટિ વેરી સ્વામીશ્રી 'નગર'ની ભૂમિને વંદના કરતા હોય તેમ બોલવા લાગ્યા: 'જય કૉલેજ! જય સ્વામિનારાયણ! કૉલેજે આપણને જગ્યા આપી તો એનું સારું થાય, એમાં ભણે એનું પણ સારું થાય, કૉલેજવાળાને પૈસાની તાણ પડે નહીં. જય મિડલસેક્સ કાઉન્ટી! એનું પણ સારું થાય. સહજાનંદ સ્વામી મહારાજની જય! હવે પાછું આવવાનું નથી.'

આમ, સૌનું ભલું ઈચ્છતા ન્યૂજર્સીથી ન્યૂયોર્ક પધારેલા સ્વામીશ્રીએ અહીં મંદિરમાં ભરાયેલી સાયંસભામાં પણ ભલાઈનો જ સૂર વહાવતાં જણાવ્યું કે –

"મહારાજનું કાર્ય જગતના બધા જ મનુષ્યો માટે છે. CFI થયો એમાં સામાવાળાએ વિરોધ કરેલો, પણ એ જ ભાઈએ રૂબરૂ આવીને માફી માંગી અને મહિમા કહ્યો. જોયા વગર ઘણા બૂમો પાડતા હતા. ઘણા કહે છે કે 'પૈસા ભેગા કરવા માટે આ ઉત્સવ કર્યો છે.' પણ જુએ તો ખબર પડે. આ કાર્ય દરેકના કલ્યાણ માટેનું છે. શ્રીજીમહારાજ અને ગુણાતીત સંતનું કાર્ય બ્રૉડગેજનું છે, નૅરોગેજનું નથી. અંતકાળે આ ઉત્સવ યાદ આવી જાય તો કલ્યાણ થઈ જાય – એ માટે આ ઉત્સવ છે. આ પ્રૉપેગન્ડા (પ્રચાર) નથી. આપણે અમેરિકાનું રાજ લેવા નથી આવ્યા. ભગવાનનો આશ્રિત થાય એને જ આ વાત સમજાય."

આ ઉમદા આશય સાથે સ્વામીશ્રી સભા બાદ મંદિરની સામે આવેલા યહૂદીઓના કેન્દ્રમાં પધાર્યા ત્યારે અત્રે સ્થાનિક કાર્યવાહકોએ તેઓને સત્કાર્યા. આ અભિવાદન સ્વીકારી સંકુલમાં પગલાં કરવા નીકળેલા સ્વામીશ્રીને અહીંના પ્રમુખે પૂછ્યું: 'ભારતમાં કેમ છે?'

'શાંતિ છે.'

'ભારત ખરેખર! શાંતિનો દેશ છે.'

'અમારા અંતરમાં શાંતિ છે એટલે અમારે બધે જ શાંતિ છે.' સ્વામીશ્રીના મુખેથી તેઓની આંતરિક સ્થિતિ સરી પડી.

રહે સદા શીતળ ચિત્ત ગાત્ર

તા. ૨૨/૮ની સવારે સ્વામીશ્રીના અલ્પાહાર દરમ્યાન એક વ્યક્તિએ સંસ્થા વિરુદ્ધ બહાર પાડેલી પત્રિકાની વાતો નીકળી, પરંતુ અપશબ્દોથી

ભરેલા એ ફરફરિયાનું કેવળ આઘાતજનક મથાળું જ વંચાયું ત્યાં તો સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા! એ હાસ્ય એવું મુક્ત હતું કે તેઓના મુખમાંથી ખાખરાનો ટુકડો પણ પડી ગયો!

સામાન્ય રીતે પોતાના અપમાનની વાત સાંભળી માનવી અકળાઈ જાય, મુરઝાઈ જાય; પણ અહીં તો મલકી ઊઠેલા સ્વામીશ્રીને જોઈ સંતોએ કહ્યું: 'બાપા! આપણે આ લખનારાને કહેવું જોઈએ કે તે આવું શા માટે કરે છે?'

'ના, આપણે આપણું કાર્ય કરતા જવું. કોઈનોય વિરોધ કરવો નહીં. ભગવાન બધું જુએ છે.'

'પણ આપણે કહીએ તેમાં વિરોધ ક્યાં છે? તેને જાણ તો થવી જોઈએ ને કે તે ખોટું કામ કરે છે. ફૂંફાડો તો રાખવો.'

'ફૂંફાડામાં પણ મોઢું દુઃખે. શાસ્ત્રીજી મહારાજની એ પૉલિસી (નીતિ) નથી. આપણે પહેલેથી જ વિરોધ કર્યો નથી. કોઈ કહે, મારે, પણ સામે પ્રતિકાર કરવો નહીં. આપણે તો ક્ષમા...'

'પણ શાસ્ત્રીજી મહારાજના વખતમાં સાધુ કેટલા? પાંચ સાધુમાં કોઈ નવરું હોય તો કાંઈ કરે ને! અત્યારે તો અમે ઘણા છીએ એટલે...'

'આપણે નવરા હોઈએ તો ભજન કરવું, વિરોધ ન કરવો.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની આ ક્ષમાશીલતા સૌ માટે અહોભાવનો વિષય બની રહી.

ભજનની ટ્રાય કરો ને!

તા. ૨૩/૮ની સવારે ન્યૂયોર્કથી ટોરોન્ટો જવા સ્વામીશ્રી મંદિરેથી વિદાય લેવાની તૈયારી જ કરી રહેલા ત્યાં સમાચાર આવ્યા કે 'વિમાન મોડું છે. હવે સાડા બાર વાગ્યે ઊપડશે.'

આ સાંભળી એક સંતે કહ્યું: 'બાપા! હજી સમય છે. રસોઈ માટે ટ્રાય (પ્રયત્ન) કરીએ.'

'દેહ માટે શું ટ્રાય કરવાની? એના કરતાં ભજનની ટ્રાય કરો ને! કંઈક એવું કરીશું તો પેટ ભરાશે. પેલામાં શું પેટ ભરાવાનું?'

આમ કહેતાં માઇક મંગાવી સ્વામીશ્રીએ શરૂ કરાવી દીધેલી કથા-વાર્તાનો દોર બપોરે બાર વાગ્યા સુધી ચાલ્યો! પરંતુ અંતે વિમાન રદ થવાથી

સાંજે ચાર વાગ્યે બીજા વિમાનમાં જવાના સમાચાર આવતાં સ્વામીશ્રીએ રસોઈની તજવીજને લીલી ઝંડી આપી.

ભજન કરવા-કરાવવાના આવા તાન સાથે ટોરોન્ટો આવી પહોંચેલા તેઓનાં કરકમળો દ્વારા તા. ૨૫/૮, રક્ષાબંધનની સવારે અહીંના મંદિરમાં આરસના અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા. ત્યારબાદ સ્વામીશ્રીએ આજની સાંજે રિચમન્ડ હિલના વિષ્ણુ મંદિરમાં યોજાયેલા ભાગવત પારાયણમાં લાભ આપી રેસ્ટ હિલની નોર્થ એલ્બિયન સ્કૂલમાં ભરાયેલી ધર્મસભાને પણ સંબોધી.

ભૂત ભવિષ્યની વારતા, સરવે જાણે છે ગુરુરાજ

તા. ૨૬/૮ની સવારે રાઉનટ્રીમાં આવેલા શ્રી જયંતીભાઈ બ્રહ્મક્ષત્રિયના ઘેરથી નીકળેલા સ્વામીશ્રી બ્રૉકપોર્ટ ડ્રાઈવ પર ઊભેલા આપણા મંદિરે જવા નીકળ્યા ત્યારે ગાડીચાલક શ્રી નીલેશ મહેતાએ મૂંઝવણ વ્યક્ત કરી કે 'બાપા ! અત્યારે હું ભાડૂતી અપાર્ટમેન્ટમાં રહું છું, પણ હવે મારે પોતાનું મકાન ખરીદવું છે, પરંતુ મને ઠીક પડે એવો વિસ્તાર જડતો નથી.'

જ્યાં આ અવઢવ રજૂ થઈ ત્યાં જ ટ્રાફિક સિગ્નલ આવતાં ગાડી થોભી. તે વખતે જમણી તરફ અંગુલિનિર્દેશ કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ બાજુ ઘર લેજો, તો મંદિરે ચાલીને જવાશે.'

આ સાંભળતાં પેલા ગાડીચાલકની વિમાસણ વધી ગઈ, કારણ કે તેઓ જ્યાં ઊભેલા ત્યાંથી તત્કાલીન મંદિરે પહોંચવામાં મોટરમાર્ગે પણ ઘણો સમય જાય એમ હતું, તો ચાલીને જવાની વાત જ ક્યાં રહી? તેથી આ બાબતે તે યુવાન કંઈ પૂછવા જાય તે પહેલાં તો સ્વામીશ્રીએ વાતનો વિષય બદલી નાંખ્યો અને આગળ વધેલી મુસાફરીમાં તેઓ જઈ પહોંચ્યા મંદિરે.

અહીં સ્વામીશ્રીથી છૂટા પડી ઘેર પરત ફરેલા આ યુવકે સ્વામીશ્રીએ ચીંધેલા વિસ્તારની વાત પોતાના વાલીને કહી ત્યારે તેઓએ ત્યાં જ મકાન લેવાનો નિર્ધાર જણાવતાં શોધખોળ શરૂ થઈ. અંતે સન ૧૯૯૫માં આ પરિવારને સ્વામીશ્રીએ દર્શાવેલી જગ્યાની સમીપમાં જ એક સુંદર મકાનનો મેળ પડી ગયો, છતાં અહીંથી મંદિરે ચાલીને જવાનું તો ખાસ્સું દૂર પડે એમ હતું.

પરંતુ સન ૧૯૯૬માં ઇટોબિકોક વિસ્તારના ૪૨૭ ક્રમાંકિત હાઈવેની

નિકટમાં વસેલી ૨૩ એકર જમીન ટોરોન્ટોના શિખરબદ્ધ મંદિર માટે સંસ્થા દ્વારા સંપાદિત થઈ. આ સમાચાર સાંભળતાં શ્રી નીલેશભાઈના આશ્ચર્યનો પાર ન રહ્યો, કારણ કે આ ભૂમિ તેઓના ઘેરથી ચાલીને જઈ શકાય એટલી નજીકમાં હતી. તે પર જ્યારે સન ૨૦૦૭માં મંદિરની પ્રતિષ્ઠા થઈ ત્યારે ગુંજી ઊઠેલા આરતીના ડંકાની સાથે આ પરિવારના સભ્યોના કાનમાં સ્વામીશ્રીનું વાક્ય પણ પડઘો પાડી રહ્યું: 'આ બાજુ ઘર લેજો, તો મંદિરે ચાલીને જવાશે.'

સ્વામીશ્રીની આ આગાહી અક્ષરશઃ સત્ય ઠરતાં આ પરિવારની સાથે સૌ ગાઈ ઊઠ્યા: *'ભૂત ભવિષ્યની વારતા, સરવે જાણે છે ગુરુરાજ...'*

સત્સંગના વિકાસની રૂપરેખા સ્વામીશ્રીના મનમાં કેટલી સ્પષ્ટ હતી તેનું જ એક સ્મારક બની રહ્યું છે – ટોરોન્ટોમાં સર્જાયેલું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર.

અણતેડે આંગણે આવે

તા. ૨૬/૮ની સવારે ટોરોન્ટોથી એલ.એ. પધારેલા સ્વામીશ્રી અત્રે તા. ૨૭/૮ની સવારે પધરામણીઓ કરવા નીકળ્યા ત્યારે એક જગ્યા તરફ નિર્દેશ કરતાં સહયાત્રીએ કહ્યું: 'બાપા! નાસામાં ફરજ બજાવતા જિતુભાઈ મહેતાનું ઘર આ બાજુ છે.'

'ત્યાં જવાનું છે?'

'ના, બધાં મંદિરે સેવામાં છે એટલે ઘેર કોઈ નથી.'

છતાં સ્વામીશ્રી બોલ્યા: 'આપણે જઈ આવીએ.'

આમ કહી ગાડીને ગલીમાં વળાવતાં તેઓએ બંધ બારણાંના એ ઘર આગળ જઈ કહ્યું: 'કંકુની ડબ્બી લાવો.'

તેઓનો આ આદેશ ઝીલી સંતોએ ઠાકોરજીની થાળીમાં રખાતી ડબલી આપી. તે લઈ સ્વયં જ *'શ્રીવાસુદેવવિમલામૃત...'* શ્લોક ગાતાં-ગાતાં સ્વામીશ્રીએ દરવાજે તથા બારસાખે ચાંદલા કર્યા અને પુષ્પો વેર્યાં.

એક બંધ ઘરની પધરામણીમાં આટલું પૂરતું નહીં, ઘણું હતું. પરંતુ ભક્તને રાજી કરવામાં સ્વામીશ્રીને સંતોષ કેવો? તેથી તેઓ મકાનની પાછળ આવેલા બગીચે પહોંચ્યા. અહીં હિંડોળો જોઈ તે પર ઠાકોરજી પધરાવ્યા, પછી પોતે પણ બિરાજ્યા અને કીર્તન ઉપાડ્યું: *'આજ મારે ઓરડે રે...'*

આ ભજન પૂરું થતાં તેઓએ સહપ્રવાસી સંતોને આસપાસ ઊભા રાખી ફોટોગ્રાફરને સૂચના આપી કે 'ફોટો પાડી દો. જિતુને સ્મૃતિ રહે ને કે સ્વામી ને સંતો આવેલા!'

આ તસવીર લેવાઈ ગયા બાદ સ્વામીશ્રીએ આગળ દરવાજે ઊભા રહીને પણ એક છબી લેવડાવી. તે વખતેય છબીકારને સૂચના આપી કે 'યાદ રાખીને આ ફોટા અહીં પહોંચાડી દેજો.'

ચૂંટનારો કોઈ હોય કે ન હોય, ફૂલ તો તેની ફોરમ ઢાળી જ દે. તેમ હાજરી-ગેરહાજરી જોયા વિના રેલાઈ જતા સ્વામીશ્રીને જોઈ ભક્તો ગાઈ ઊઠતા: *'મોટા મુનિના ધ્યાનમાં ના'વે, અણતેડે આંગણે આવે...'*

અમેરિકા રંગાઈ ગયું

એલ.એ.થી સાનહોઝે આવી પહોંચેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીં તા. ૨૮/૮ની સવારે નવનિર્મિત મંદિરમાં પ્રતિષ્ઠા થઈ. આ નિમિત્તે આજની સાંજે હેવર્ડ ટાઉનના સેન્ટેનિયલ હૉલમાં યોજાયેલી સભામાં મેયર શ્રી પીટર મેક્હ્યુ સજોડે ઉપસ્થિત રહ્યા. તેઓએ મંદિરની પરવાનગી આપતી વખતે થયેલા મતદાનની નિર્ણાયક ઘડીએ કંઈક આધ્યાત્મિક ચમકારો થતાં મંદિરની તરફેણમાં મત આપેલો. એ દિવ્ય અનુભૂતિના મૂળ સમા સ્વામીશ્રીના આજે દર્શન થતાં આ નગરપતિ ખુશ હતા.

તેઓની જેમ કેલિફોર્નિયા રાજ્યના ગવર્નર શ્રી લીઓ મેકાર્થી પણ સ્વામીશ્રીની પ્રતિભાથી આકર્ષાયેલા. તેઓએ 'આપના જેવા ગતિશીલ, માનાર્હ વ્યક્તિનું રાજ્ય તરફથી સન્માન કરી રહ્યો છું...' જેવી કંઈક ભાવનાઓ સન્માનપત્ર દ્વારા સ્વામીશ્રી સુધી પહોંચાડી.

આ જ રીતે નેશનલ ફૅડરેશન ઑફ ઇન્ડિયન ઍસોસિયેશનના પ્રમુખ શ્રી જાફરાએ સ્વામીશ્રીને કહ્યું: 'આપનો ઉત્સવ જીવનભર ભૂલી શકાય એમ નથી. આપના સ્વયંસેવકોનું સમર્પણ જોઈને હું ખૂબ જ પ્રભાવિત થયો છું.'

આ અનુભવને અનુસરતાં સાન મેટીયો સિટી સ્કૂલના નાયબ સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી રાજેન્દ્રપ્રસાદે જણાવ્યું: 'તમે કોઈ પણ ભારતીય મહોત્સવમાં જાઓ અને તમને ગંદકી ના મળે એવું બને જ નહીં! જ્યારે CFIના આટલા મોટા વિસ્તારમાં એક પણ કાગળિયું જોઈ શકાયું નહોતું!! આ સંસ્થામાં મેં જોયું કે યશ લેવા માટે કોઈ તત્પર નથી. બધા જ અન્ય પર યશ ઢોળે છે. આ

સંસ્થા ખૂબ જ સમર્પિત છે. મને પોતાને ભારતીય હોવાનું ગૌરવ સાંપડ્યું છે.'

આવા અનેકાનેક અહોભાવને સ્વીકારી તા. ૨૯/૮ના રોજ સાનફ્રાન્સિસ્કો પહોંચેલા સ્વામીશ્રી અહીંથી વિદાય લઈ તા. ૩૦/૮ની સવારે ન્યૂયોર્ક પધાર્યા.

અત્રે તા. ૩૧/૮ના પ્રભાતે વિદાય-સભામાં સૌને હેતભર્યા આશીર્વાદ આપતાં તેઓ બોલ્યા: "અમેરિકા મંડળની જય. અહીં અદ્ભુત ઉત્સવ ઊજવાયો. ખરેખર ડંકો જ વાગ્યો છે. અમે હમણાં જ્યાં ગયા ત્યાં બધે જ સૌ બે મુખે પ્રશંસા કરતા હતા. યોગીબાપા કહેતા: 'અમેરિકા રંગવું છે.' તે ખરેખર રંગાઈ ગયું! જ્યાં જાઓ ત્યાં સંતોના ઢગલા. આપ સૌને ધન્યવાદ છે. દરેકના નોકરી-ધંધા માટે અમે પ્રાર્થના કરીએ છીએ, ને સંતો! તમે પણ બે મહિના માળા ફેરવવાની રાખજો."

આમ, ભક્તોનાં યોગ-ક્ષેમની રખેવાળી કરતા સ્વામીશ્રી આજની સાંજે સવા સાત વાગ્યે ઍરપોર્ટ પર પધાર્યા ત્યારે અહીંના પ્રતીક્ષાલયમાં પણ વિદાય-વચનો ઉચ્ચારતાં તેઓએ કહ્યું: 'આપણો આ સમૈયો એટલો સરસ થઈ ગયો કે બધાને ઠેઠ સુધી યાદ રહેશે. વર્ષો જાય પણ આ સમૈયાની વાત થવી જોઈએ. જે જોયું એનું મનન કરવું, સાક્ષાત્કાર કરવો. જ્યાં જાઓ ત્યાં, જ્યાં બેસો ત્યાં, એક વાર તો આ વાત કરવી જ!'

સ્મૃતિનો આ સંદેશ આપતા સ્વામીશ્રી રાત્રે ૯:૩૪ વાગ્યે ૧૭૧ સંતો સાથે લંડન જવા નીકળ્યા ત્યારે આભારવશ અમેરિકા તેઓને ભીની આંખે નીરખી રહ્યું.

જેને પ્રીત્ય છે પ્રભુજીમાંઈ

સ્વામીશ્રીને લઈ ઊડેલા વિમાને આકાશમાં નિશ્ચિત ઊંચાઈ મેળવી લીધી ત્યારે સેવકે સ્વામીશ્રીને જમી લેવા વિનંતી કરી. તે વખતે સ્વામીશ્રીએ બાજુમાં બેઠેલા સંતને ધીરા સાદે પૂછ્યું: 'આરતી થઈ ગઈ?'

'હા.'

આ સાંભળી સ્વામીશ્રી પાંચ-દસ મિનિટ બાદ ભોજન લેવાની વાત જણાવી નેત્રો મીંચી આરતી ગાવા લાગ્યા. પરંતુ તેઓ જો આરતી બાદ અષ્ટકો પણ ગાય તો ભોજનમાં વિલંબ થાય તેમ હોવાથી, સંતોએ જેવું આરતી-ગાન પૂરું થયું તે સાથે જ જયનાદ બોલાવી દીધા, પરંતુ તે વિરમ્યા ત્યાં

જ આંખો મીંચી *'કૃપા કરો મુજ ઉપરે...'* એમ અષ્ટકગાન આરંભી દેનારા સ્વામીશ્રી એકતાર થઈ સ્વતઃ સંપૂર્ણ અષ્ટકો બોલી ગયા. ત્યારબાદ તેઓએ ઠાકોરજીનો ચરણસ્પર્શ કરી સૌને 'જય સ્વામિનારાયણ' પાઠવ્યા. તે પછી જ રાહ જોઈ રહેલા ભોજનનો વારો આવ્યો.

અનેકને ઉત્સવનો રંગ લગાડનારા સ્વામીશ્રી તો તેથી તદ્દન નિર્લેપ જ રહેલા. તો જ રાત્રે દસ વાગ્યે ગળા નીચે કોળિયો ઉતારતાં પહેલાં સંધ્યા આરતી અને અષ્ટકનું આહ્નિક કરવાનો વિચાર આવે ને!

ભગવાન તાવી-તાવીને કામ લે છે

તા. ૧/૯ની સવારે અમેરિકાથી લંડન આવી પહોંચેલા સ્વામીશ્રીએ ભક્તોનું ભવ્ય સ્વાગત સ્વીકારી અમૃતધારાની રસલહાણ કરાવતાં કહ્યું:

'અમેરિકામાં ઉત્સવ કર્યો તે ત્યાંના કાયદા વગેરે જુઓ તો શક્ય જ ન લાગે. છેલ્લા ટાઈમ સુધી જગ્યા જ નક્કી ન'તા કરી શક્યા. કોઈ પ્રશ્ન હોય તો એની મીટિંગ (સરકારમાં) મહિના પછી ભરાય. ત્યાં સુધી આપણે માળા ફેરવવાની. લ્યા ભ'ઈ! અમે તાત્કાલિક લગન લીધાં છે ને આટલી રાહ શું કામ જોવડાવે છે? પણ ભગવાન તાવી-તાવીને કામ લે છે ને ટાઈમ પર કામ કરે પણ છે. પણ પહેલાં તો ધ્રુજાવી નાંખે.'

'પણ હવે એવું ના કરશો.' સી. એમ. પટેલ વચ્ચે જ બોલ્યા.

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'એની રીત પહેલેથી જ એવી ચાલે છે.'

'પણ હવે જમાનો ફરી ગયો છે.'

'ભગવાનનો કાયદો ફરે જ નહીં. કસોટી તો કરવી જ પડે. કસોટી કોની થાય? સોનાની, પિત્તળની નહીં. જે ભક્ત થઈ ગયા એને ભગવાને તાવ્યા છે. ભક્તો પણ એવા કે છાતી કાઢીને ઊભા રહ્યા. ભગવાનને પણ પાછા પાડ્યા! ઊંચે બાંધી નીચે અગ્નિ મેલશે, એટલું તો નથી થયું એ સારું છે. મુશ્કેલી તો આવે પણ આપણે દૃઢતા-નિષ્ઠા સર્વોપરી રાખવાં. અમેરિકામાં બધાના મુખે વન્ડરફુલ (અદ્ભુત) શબ્દ હતો. ભગવાન છેવટ સુધી હલબલાવે પણ આપણે મજબૂત હોઈએ તો વાંધો ન આવે. ભગવાન બધું બૅલેન્સ રાખે છે, જેથી બંધન ન થાય. મોક્ષમાં ખામી ન આવે એનું નિરંતર ધ્યાન એમને છે. માટે એમને રાજી કરવાનો વિચાર રાખવો.'

એમાં કરોડગણું વૉર્કિંગ આવી ગયું

લંડનમાં થોડા સમય પહેલાં જ એક પ્રતિષ્ઠિત બેંકનું ઉઠમણું થઈ જતાં ઘણા ભક્તોને તગડી રકમોથી હાથ ધોવા પડેલા. આ દુઃખ હળવું કરવા સૌ સ્વામીશ્રી પાસે દોડી આવતા ત્યારે સ્વામીશ્રી સૌને ધીરજનું ભાથું બંધાવી ધૂન-પ્રાર્થના કરતા, આશીર્વાદ આપતા. પરંતુ આ કષ્ટ તેઓના અંતરને ઘણું પીલતું. તેથી તેઓ તા. ૨/૯ની બપોરે તો પોતાનું પીરસેલું ભાણું ઠેલતાં બોલી ઊઠ્યા: 'લોકોની વાતો સાંભળીને ખાવાનું હરામ થઈ ગયું.'

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે 'કાળ પડશે તો સત્સંગી દુઃખ પામશે ને આપણાથી દાણા ખવાશે ? નહીં ખવાય...'[૯] આ ગુણાતીત રીત-પ્રીત આજે સ્વામીશ્રીમાં જોવા મળી.

તેને માણવા આજની રાત્રે યોજાયેલી જન્માષ્ટમીની ઉત્સવ-સભામાં પાંચેક હજાર ભાવિકોની સાથે ખ્યાતનામ ક્રિકેટર શ્રી સચિન તેંડુલકર પણ ઉપસ્થિત થયા. આવા નામાંકિત મહાનુભાવોની આવન-જાવન વચ્ચે તા. ૭/૯ની સવારે સ્વામીશ્રી પાસે દોડી આવેલા બાળક ઋષિ દેપાલાએ કહ્યું: 'બાપા ! આજે મારો જન્મદિવસ છે. આશીર્વાદ આપો.'

'જા, આશીર્વાદ છે, સાધુ થજે.' આમ બોલતાં સ્વામીશ્રીના વરદહસ્તની ટપલી એ બાળકના માથે પડી અને સમય જતાં એ સાચે જ સાધુ બની રહ્યો ![૧૦] સ્વામીશ્રીના હળવા વેણની પણ કેવી ભારે અસર !!

આ અસરને અનુભવતા યુવકો તા. ૮/૯ના રોજ સ્વામીશ્રીને ઈસ્ટ લંડનમાં આવેલ ફેન્ટસીઝમાં લઈ ગયા. આ સંકુલના એક હોજમાં સ્વામીશ્રીએ ઠાકોરજી સહિત સ્નાન કરી સૌને સ્મૃતિજળથી ભીંજવી દીધા.

ત્યારબાદ આજની સાંજે મંદિરની સામે આવેલી શાળાના જિમખાનામાં આયોજિત યુવકોની વિશિષ્ટ સભામાં જ્ઞાનજળ વરસાવતાં તેઓએ કહ્યું:

'આપણી સેવામાં સમર્પણ, શુદ્ધભાવ ને ભગવાન રાજી થાય એ ભાવના જોઈએ; બાકી પાછું પડી જવાય. આપણે જે સેવા કરીએ એની પછવાડે રાગ, દ્વેષ કે અહં ન હોવા જોઈએ. અંદરોઅંદરનો પ્રેમ હોવો જોઈએ. સેવામાં કોઈ ઇચ્છા નહીં અને કોઈ ન કરતો હોય એના માટે દ્વેષભાવ નહીં.

---

૯. સ્વામીની વાતો: ૫/૨૯૭.

૧૦. તેઓનું દીક્ષિત નામ સાધુ તપોવત્સલદાસ રાખવામાં આવ્યું.

આ ભાવના હોય તો સત્સંગમાં ખોટો કુસંપ ઊભો ન થાય. આપણા વર્તનથી કોઈ પાછો પડતો હોય તો એ આપણી અસેવા છે. બધાને પગે લાગીને કામ લેતાં શીખવું. વડીલોની આમાન્યા રાખવી. સેવા કરીએ એટલે ખોટા પાવરમાં ન આવી જવું. કોઈના અવગુણને ઢાંકી જ દેવા. ગટર ભેગું ચાલ્યું જાય.

આપણને જે મળ્યું છે એ ખોઈ ના નાંખવું. સત્પુરુષ પ્રધાન રાખવા. એ કહે એમાં આપણો અહં આડો ન આવવો જોઈએ. સાથે રવિસભાનું ભૂલવું નહીં. આપણે મહારાજ-સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપાની પ્રતિષ્ઠા જેટલી વધારીશું એટલી આપણી વધશે.'

સ્વામીશ્રીની અમૃતવાણી એકધારી વરસી રહી. તેમાં તેઓના સાયં-ભ્રમણનો ક્રમ ખોરવાઈ જતાં ઉદ્‌ઘોષક યુવક શ્રી તરુણે કહ્યું : 'બાપા પોતાના વૉકિંગનો સમય કૅન્સલ કરીને આપણી સભામાં પધાર્યા એ બદલ એમનો આભાર !'

આ સાંભળતાં જ સ્વામીશ્રી 'લાવો, માઇક' કહેતાં માઇક હાથમાં લઈ બોલ્યા : 'વૉકિંગનો ટાઇમ બંધ રહ્યો એનું અમને દુઃખ નથી. મેં હમણાં જે વાત કરી એ જો રાખશો તો મારું વૉકિંગ થયેલું જ છે. તમે આટલો ટાઇમ કાઢીને સેવા કરો છો તો મારે પણ સમય આપવો જ જોઈએ. આમાં કશું દુઃખ જેવું નથી. તમે સૌ સંપ રાખીને, ભેગા રહીને કામ કરો એમાં કરોડગણું વૉકિંગ આવી ગયું.'

સત્પુરુષના સ્વાસ્થ્યની સારપ્ય સત્સંગીઓના સંપના સમપ્રમાણમાં ચાલે છે. આ મુદ્દો પ્રવચનની પુષ્ટિમાં જણાવી સ્વામીશ્રીએ વિદાય લીધી.

અમારે મન તમે બધા સરખા છો

લંડનમાં કાર્યરત સંસ્થાકીય શાળાના સંચાલન વિષે તા. ૯/૯ની રાત્રે યોજાયેલી મીટિંગમાં માર્ગદર્શન આપ્યા બાદ સ્વામીશ્રીએ કાર્યકરોને જણાવ્યું કે –

'જુઓ, ફીઝીકલ (શારીરિક) દુઃખને અમે દુઃખ માન્યું નથી. શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપા જેવા ગુરુ સેવ્યા છે, એમને પણ એ જ રીત હતી. અમારે પણ એ જ રીત છે. તમે બધા સ્વામીના શરીરના દુઃખની વાત કરો છો પણ એના મનની વાત કરો. તમે લોકો શરીરને કંઈક ભીડો પડે ને બધે વાતો કરો પણ એમાં કેટલાય પાછા પડે. મારે પાછળથી બધાને સમજાવવાના,

બધાને પગે લાગવાનું. કદાચ તમને એવું લાગે તો મને વાત કરો. તમારા માટે હું રાતના બાર વાગ્યા સુધી બેઠો છું. અમારી મોટપ ગાદી-તકિયાથી નહીં, નીચે સૂઈ રહેવામાં છે. આજ્ઞા-ઉપાસનાથી છે.

ગુરુ છે એટલે દેહે કરીને ભીડો ન પડે - એ તમે કરો એ ખોટું નથી, ફરજ છે, પણ એને લીધે અંદરોઅંદર કુસંપ ન થવો જોઈએ. અમને રોલ્સમાં બેસાડો કે ડમણિયામાં, અમારે કોઈ વાંધો નથી. આ બાબતમાં કુસંપ થાય એનું અમારે દુ:ખ વધારે છે. વડીલોને ગૌણ કરશો નહીં. તમે એ કરશો તો ભવિષ્યમાં તમે પણ થવાના. પહેલી આપણી જ ભૂલ જોઈને આગળ ચાલવાનું છે. શરીરને દુ:ખ ન પડે એની સાથે મનને પણ દુ:ખ ન પડે એ કરજો. અમારે મન તમે બધા સરખા છો. કોઈ વહાલા-દવલા નથી. ભૂલ દરેકની થાય પણ એને સુધારવી એ માણસનું કામ છે. તમે અમારા છો એટલે કહેવાનું મન થાય છે.'

સત્પુરુષની સેવાની સાચી રીત સમજાવતા સ્વામીશ્રીના આ શબ્દોમાંથી તેઓનું વિરલ વ્યક્તિત્વ પણ ખીલી ગયેલું જણાય છે.

રોતલ નહીં, ખડતલ યુવાની

તા. ૧૨/૯ની સવારે આવેલા ગુણાનુરાગી શ્રી દાદુભાઈએ સ્વામીશ્રીને કહ્યું : 'આપ બહુ કામ કરો છો. હું સભામાં બેઠો બેઠો જોઉં છું કે આપ લખ્યા જ કરો છો. નવરા રહેતા જ નથી.'

'ભગવાને કામ આપ્યું છે તો કરીએ છીએ. તમારે જેમ પેલો બિઝનેસ તેમ અમારે આ બિઝનેસ.'

'પણ આટલું બધું કષ્ટ ઉઠાવવાની જરૂર શું?'

'આ ક્યાં કષ્ટ છે? અને ભગવાને શરીર આપ્યું છે તો એમને માટે કષ્ટ પડે તો પણ વાંધો નથી.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ કર્મઠતા સાથે તા. ૧૩/૯ના રોજ મિડલેન્ડના પ્રવાસે નીકળેલા તેઓ પ્રથમ આસ્ટન પધાર્યા ત્યારે અહીં આજની બપોરે ભોજન બાદ એક સત્સંગી પિતાએ વાત માંડી કે 'બાપા! મારો દીકરો રોજ તિલક-ચાંદલો કરે છે. તેથી તેને કોઈ છોકરી આપતું નથી.'

'એવું કેમ?'

'તેની સાથે બહાર જવામાં શરમ આવે, તેથી!'

આ ક્ષુલ્લક કારણ સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'એવા આવે તે અત્યારે તિલક-ચાંદલો કરવાની ના પાડે. કાલે ઊઠીને 'મંદિરે નથી જવું, ઘરમાં મા-બાપની સાથે નથી રહેવું, પાર્ટીમાં જવું છે...' એવું કહે તો એય કરવું પડે. એને બીજો વાંધો નહીં હોય પણ તિલક-ચાંદલાવાળો મંદિરે લાવે ને બીજે ફરવા જવાય નહીં એ વાંધો છે. તમારે સમજાવવું કે 'તિલક-ચાંદલો નહીં જાય.' ન માને તો કંઈ વાંધો નહીં. દેશમાં જજો. ત્યાં સંસ્કારી કન્યા મળી જશે. નોકરી-ધંધામાં ક્યાંય તિલક-ચાંદલો નડતો નથી તો આમાં શું કામ નડે?'

સ્વામીશ્રીએ મોળપ ખંખેરી મક્કમતા સીંચી આપી. તેઓ રોતલ નહીં, પણ ખડતલ યુવાનીના સર્જક.

પૂરી જનના મનની આશ

આસ્ટનથી લેસ્ટર થઈને તા. ૧૪/૯ની બપોરે લંડન આવી પહોંચેલા સ્વામીશ્રીએ અહીંથી પણ તા. ૧૭/૯ની રાત્રે વિદાય લીધી અને તા. ૧૮/૯ની સવારે પોણા નવ વાગ્યે પધાર્યા – જોહાનિસબર્ગની ધરતી પર.

સળંગ સવા બાર કલાકની આ મુસાફરીને અનુસરતાં તેઓએ તા. ૧૯/૯ના દિવસે આવેલી જળઝીલણી એકાદશીનો સમૈયો શ્રી મણિભાઈના ઘેર હિલોળતા તરણહોજમાં કર્યો.

આજે સ્વામીશ્રી સિવાય અન્ય કોઈ સંતોને ફરાળ કરવાનું નહોતું. તેથી જેઓના ઘેર સ્વામીશ્રીનું ભોજન ગોઠવાયેલું તેઓને જ વિચાર આવ્યો કે સ્વામીશ્રીના ઉતારે જ ફરાળી વાનગીઓ પહોંચાડી દેવી. તે અનુસાર સ્વામીશ્રીના નિવાસે ભોજન મંગાવી પણ લેવામાં આવ્યું, પરંતુ ભોજન આપવા આવનારા એ ભક્તનાં માતુશ્રીને વિચાર આવ્યો કે 'સ્વામીશ્રી મારા ઘેર આવીને જ જમે.'

તેઓનું ઘર જે વિસ્તારમાં હતું ત્યાં બીજા દિવસે પધરામણીઓ ગોઠવાયેલી જ, તેથી તે વખતે ઘેર આવવાની વાત થઈ; છતાં પોતાનો પ્રેમાગ્રહ ચાલુ રાખતાં એ મહિલાએ કો'ક હરિભક્ત દ્વારા સ્વામીશ્રી સુધી પોતાની વાત પહોંચાડી.

આ ખબર સ્વામીશ્રીને બપોરે સાડા બાર વાગ્યે મળતાં જ તેઓએ દિવ્યપુરુષદાસ સ્વામીને કહ્યું: 'તમે જે વાનગીઓ અહીં આવી છે તે લઈને એ ઘેર ઊપડો. હું પાછળ આવું છું.' આમ કહેતાં સ્વામીશ્રીએ સંતોને રવાના

કર્યા. સંતોએ ત્યાં જઈ થાળ ગાયો તેની થોડી વારમાં જ પધારેલા સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે બોલ્યા : 'હવે શાંતિ થઈ !'

જ્યારે હરિભક્ત રાજી થાય ત્યારે તેઓને શાંતિ વળતી. તે માટે તેઓ પોતાની અનુકૂળતાને વેરવિખેર કરી મૂકતા.

દક્ષિણ આફ્રિકામાં દિગ્વિજય

તા. ૨૦/૯ની સવારે લેનેશિયાના હાઈડ્રેન્જિયા એવન્યૂ પર આવેલી ૩,૬૦૦ ચો.મી.ની જમીન પર નૂતન મંદિરનો ખાતવિધિ સંપન્ન કરતાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે 'આપણે ભારતીય છીએ એટલે મંદિર કરવાનું મન થાય છે.'

આ શબ્દો સાથે એક મંદિરનો પાયો નાંખ્યા બાદ તેઓએ સીમાચિહ્ન રોપ્યું – મેફેર વિસ્તારમાં. અત્રે ઊભેલું ડચ રીફોર્મ ચર્ચ મંદિરરૂપે નવો અવતાર પામી ચૂકેલું. તેમાં પ્રતિષ્ઠાના પર્વે યોજાયેલાં વૈદિક યજ્ઞ અને દબદબાભરી નગરયાત્રા તા. ૨૧/૯ના રોજ દૂરદર્શનની ઈમ્પ્રેશન ટી.વી. શ્રેણી દ્વારા દસ લાખ ઘરો સુધી પહોંચી ચૂકેલાં.

તેથી તા. ૨૨/૯ની સવારે આવેલી મૂર્તિપ્રતિષ્ઠાની ઘડીએ ભક્તો ઉપરાંત ભાવિકોની ઉત્સુકતા પણ ચરમસીમાએ પહોંચેલી. તેઓના હર્ષોલ્લાસ વચ્ચે સ્વામીશ્રીએ મૂર્તિઓમાં પ્રાણ પૂરતાં જોહાનિસબર્ગમાં અક્ષર-પુરુષોત્તમનો જયજયકાર થઈ ગયો.

આ નિમિત્તે યોજાયેલી સભામાં આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'ભગવાનની ઈચ્છા ને આપ બધાના પ્રયત્નથી મંદિર થયું. મઢી નાની ને બાવો મોટો છતાં બાવો સમાઈ જાય છે. અનંત બ્રહ્માંડોમાં જે સમાય નહીં એ ભગવાન આપણા જેવા થઈને આપણા આ નાના મંદિરમાં બેસી ગયા છે. આપણને એ શિખવાડે છે કે ગમે એવા મોટા હોઈએ, પણ એકબીજામાં સમાતાં શીખવું જોઈએ. નહીં તો મોટી જગ્યામાં પણ સંકડાશ લાગે. સંકોચ અને વિકાસ બેય શીખવું જોઈએ. દરેકને આપણે સમાવવા છે તો આપણે પણ કેટલુંક સહન કરવું પડે. જો એકબીજા પ્રત્યે પ્રેમ રાખીએ તો આ થાય છે. ભાવના આવી વિશાળ હશે તો કાર્ય પણ વિશાળ થશે. 'હું જ કરું' એ ભાવના હશે તો કંઈ નહીં થાય. અહીં ભગવાન બેઠા છે એમાં પથ્થર ન જોતાં 'સાક્ષાત્ ભગવાન બિરાજ્યા છે' એમ માનીને દર્શન કરીએ.'

સ્વામીશ્રીના શબ્દે-શબ્દે આસ્તિકતા અને અહંશૂન્યતાનું અમીસિંચન થતું રહ્યું.

મોટામાં મોટી કમ્પ્લેન

તા. ૨૧/૯ની રાત્રે શ્રી મૂકેશભાઈના ઘેર પધારેલા સ્વામીશ્રીને કેટલાક ઉત્સાહી યુવકોએ કહેલું: 'સ્વામી! અમને ચિંતા છે. મનનો સંકોચ દૂર કરવા અમે આવ્યા છીએ.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ વાત ઉપાડી લીધેલી કે –

'આપણે પોતે ચિંતા માથે લઈને ફરવું નહીં. સેવા જે સોંપી એ કર્યે રાખવી. સોંપ્યું એ પાર પાડવું. ભજન અને સત્સંગ કરીએ તો ભગવાન ચિંતા ટાળે. તમે જેટલા છો એટલા બધા જીવનમાં પવિત્રતા રાખજો.

આપણામાં ઈગો (અહંકાર) આવવો જ ન જોઈએ. આ સત્સંગ જ ઈગો કાઢવા માટે છે. સત્સંગમાં ઈગો કામમાં નહીં આવે. આપણે તો બધાને આગળ લેવા છે.

તમે બધા ભજન કરવા જાઓ છો એ સારું છે, પણ ભજનમાં પાછી બીડી ન આવવી જોઈએ. એવા ભજનનો કશો અરથ નથી. તમે કમ્પ્લેન (ફરિયાદ) કરવા આવ્યા છો એ સારું છે પણ અમારા તરફથી મોટામાં મોટી કમ્પ્લેન આ છે. આપણે ભજન ભગવાનને પહોંચાડવું છે. લોકો વાહ... વાહ... કરે એ માટે ભજન નથી કરવું.'

સ્વામીશ્રીને ભજનમાં ભેળસેળ ન ગમતી. યુવાનોને પણ આ ગમ્યું. એટલે તેઓએ સભામાં ભજન સંભળાવવાની વિનંતી કરી ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'અત્યારે તબિયત સારી નથી, પણ જો તમે રાજી થતા હો તો ગાઈશું.'

યુવકોને આપેલા આ વચન મુજબ તેઓએ તા. ૨૨/૯ની રાત્રિસભામાં પોતાની મીઠી હલકે *'ક્યા તન માંજતા રે...'* કીર્તન ગાયું ત્યારે સમગ્ર સભા સમાધિમાં સરી પડી. ભજન પૂરું થતાં તો સૌએ ઊભા થઈને તાળીઓના ગડગડાટથી સ્વામીશ્રીને વધાવી લીધા.[૧૧]

---

૧૧. દક્ષિણ આફ્રિકામાં સ્વામીશ્રીએ આપેલા દિવ્ય લાભની રસ-લહાણ માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

એવો બીજો કોણ દયાળ

જોહાનિસબર્ગથી તા. ૨૫/૯ના રોજ પ્રિટોરિયા પધારેલા સ્વામીશ્રી અત્રે બે દિવસનો લાભ આપી તા. ૨૭/૯ની બપોરે ડર્બન પહોંચ્યા. અહીંથી તેઓએ તા. ૨૮/૯ના રોજ લા મર્સીમાં આવેલા શિવાનંદ કલ્ચરલ સેન્ટરમાં પગલાં કરી પીટરમેરીટ્‌સબર્ગને પાવન કર્યું.

અત્રે શ્રી હિંમતભાઈ સોનીના ઘેર પોણા બાર વાગ્યે પધારેલા સ્વામીશ્રી માંડ બેઠા ત્યાં જ એક મુમુક્ષુએ પધરામણી અંગે વિનંતી કરી. તેથી 'ચાલો, ઠાકોરજીને થાળ થાય ત્યાં સુધીમાં જઈ આવીએ' કહેતાં ઊઠેલા તેઓ જઈ પહોંચ્યા પેલા આગંતુકના ઘેર.

આ મકાનની બાજુમાં જ તેઓની મીઠાઈની દુકાન હોવાથી ત્યાં પણ પહોંચેલા સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ દુકાન કેવી છે ?'

'શુદ્ધ શાકાહારી.'

'તમારે કેવું છે ?'

સ્વામીશ્રીના આ સવાલથી પેલા મુરબ્બી ઝંખવાઈ ગયા. પરંતુ તેઓના જીવનમાં સદાચારની ચમક ભરતાં સ્વામીશ્રી બોલ્યા : 'દુકાન જેમ વેજિટેરિયન છે તેમ જીવન પણ એવું બનાવો. કો'કને મારીને આપણે જીવવાનો અર્થ ખરો ? કોઈનું સારું કરવું એ આપણો ધર્મ છે.'

સ્વામીશ્રીની આ વાતથી વીંધાયેલા યજમાને માંસાહારને તિલાંજલિ આપી દીધી.

આમ, એક જીવને મનુષ્યના નોરમાં લાવી ઉતારે પરત ફરેલા સ્વામીશ્રી અત્રે બપોરનું ભોજન લેવા બિરાજ્યા ત્યારે તેઓએ પોતાની સાથે હરિભક્તોને પણ જમવા બેસાડી દેવાની સૂચના એક સંતને આપી. તે સાંભળી એ સંતે કહ્યું : 'અહીં પૂરતાં ડિશ-વાટકી નથી, બુફે ડિનર માટે ટેબલ આવ્યાં નથી. એટલે પછી જમવા બેસાડીશું.'

'પણ અહીં જગ્યા છે તેટલાને તો બેસાડી દો.' સ્વામીશ્રીએ જણાવ્યું.

પરંતુ તેમ કરવામાં અવ્યવસ્થા ઊભી થવાની શક્યતા જોતાં પેલા સંતે કોઈને જમવા ન બેસાડ્યા. તે જોઈ સ્વામીશ્રી કંઈ ન બોલ્યા.

બપોર વીતી. સાંજે રાધાકૃષ્ણ મંદિરમાં સભા કરી સ્વામીશ્રી વાળુ માટે બિરાજ્યા ત્યારે તેઓએ બે-એક હરિભક્તોને જાતે જ સામે જમવા બેસાડ્યા

અને પેલા સંત સામે જોતાં પ્રેમથી બોલ્યા: 'હું જમવા બેસાડું તેમાં તમને કંઈ વાંધો નથી ને!' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'હરિભક્તને પ્રેમથી જમાડીએ તો મહારાજ રાજી થાય. માટે પ્રેમથી સેવા કરવી.'

આમ કહી તેઓએ પોતાના થાળમાંથી શાક, ચોપડા વગેરે ભક્તોનાં ભાણાંમાં પીરસાવ્યાં.

સ્વામીશ્રીની આ રુચિ જોઈ પેલા સંતે બીજા દિવસે હરિભક્તોનાં ભોજનની વ્યવસ્થા કરી દેતાં બપોરે સ્વામીશ્રી જમવા પધાર્યા ત્યારે સામે ડિશ-વાટકી વગેરે ગોઠવાઈ ગયેલાં. તે જોઈ સ્વામીશ્રીએ પેલા સંતને હળવાશથી કહ્યું: 'અહો! આજે દયાવાન થઈ ગયા! આજે ડિશ મળી! વાટકી મળી! પાથરણાં મળ્યાં! ગઈકાલે જમાડવા ન હતા તો ડિશ નહોતી, જગ્યા નહોતી. આજે બધું આવી ગયું! જમાડવા હોય તો બધું મળે. ન જમાડવા હોય તો વસ્તુ હોય તો પણ ન મળે.'

સૌને આજે *'પળે પળે કરો પ્રતિપાળ, એવો બીજો કોણ દયાળ...'*ની સ્વામીશ્રીની પ્રકૃતિ જણાઈ રહી. ભક્તોને જમાડીને તેઓ ખૂબ હરખાતા.

દાસત્વનો દાખલો

તા. ૨૮/૯ની રાત્રે ડર્બન પરત ફરેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં અત્રે તા. ૨૯/૯ની સવારે દરિયાકાંઠે આવેલા વિલેજગ્રીનમાં વિશાળ તંબુ હેઠળ મહાપૂજા યોજાઈ. તેમાં ઉપસ્થિત ૨૫૦ યજમાનોને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'હૃદયમાં ભગવાન બિરાજે એના માટે આ વિધિ છે. આપણાં પાપના નિવારણ માટે મહાપૂજા કરીએ છીએ. મહાપૂજા કરાવવાથી મુશ્કેલી પણ દૂર થાય છે.'

મહાપૂજાનો આ મહિમા વર્ણવી સ્વામીશ્રી તા. ૩૦/૯ની સવારે ચેટલવર્થના રજપૂત ઍસોસિયેશન હૉલમાં પગલાં પાડતાં યુનિવર્સિટી ઑફ ડર્બનમાં પધાર્યા.

અહીં વિદ્યાર્થીઓને ધર્મલાભ આપી આજની સાંજે પધરામણીઓ દરમ્યાન તેઓ શ્રી નટુભાઈના ઘેર પહોંચ્યા ત્યારે અત્રે ઘરમંદિરમાં મહારાજની મૂર્તિ બાજુમાં અને પોતાની છબી મધ્યમાં જોતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'આપણા ઈષ્ટદેવ હંમેશાં વચમાં હોય. સેવક તો બાજુમાં હોય. એ પ્રમાણે મૂર્તિઓ ગોઠવી દો.'

આમ, દાસત્વભક્તિનો વધુ એક દાખલો બેસાડતાં તેઓ અહીંથી પુનઃ જોહાનિસબર્ગને લાભ આપી તા. ૪/૧૦ના રોજ ઝિમ્બાબ્વે આવી પહોંચ્યા.

આગવી કક્ષાના સંત

ઝિમ્બાબ્વેમાં હરારેના હિંદુ સોસાયટી હૉલ ખાતે તા. ૪/૧૦ની સાંજે યોજાયેલી સ્વાગત-સભા બાદ આ સંકુલના કાર્યવાહકો સ્વામીશ્રીને રૂબરૂ મળવા શ્રી હસમુખભાઈ પટેલના ઘેર આવ્યા. તે સમયે તેઓએ નવનિર્મિત હિંદુ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા અંગે સલાહ માંગી ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'કાલે મંદિર જોઈને વાત કરીશું.'

તે મુજબ તેઓ તા. ૫/૧૦ની સવારે હિંદુ મંદિરમાં પધાર્યા. અંગ્રેજ સ્થપતિ દ્વારા નિર્મિત સુંદર બાંધણી ધરાવતા આ ધર્મસ્થાનમાં યોગ્ય સંકલનના અભાવે હજી સુધી કોઈ દેવ પ્રતિષ્ઠિત નહોતા થયા. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું: 'શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવને પૂજ્ય લખ્યા છે. તેની સાથે હનુમાનજી પધરાવો. આ સ્વરૂપો બધાને માન્ય રહેશે.'

આ સાંભળી સ્થાનિક ગુજરાતી સાંસદ શ્રી કાંતિભાઈએ માર્મિક મૂંઝવણ વ્યક્ત કરી કે 'સ્વામીજી! અમે અહીં બધા ભગવાનને પધરાવીએ, પછી એ અંદરોઅંદર લડશે નહીં ને?'

'જુઓ! ભગવાન તો મોટા મનના છે. એ ક્યારેય લડતા નથી. સંકુચિત તો આપણે માણસો છીએ એટલે એમના નામે લડતા રહીએ છીએ. ભેદ તો આપણામાં છે, એ બધા તો એક જ છે.' સ્વામીશ્રીના મુખેથી અધ્યાત્મનો મર્મ સરી પડ્યો.

આકાશ તો એક જ છે, પરંતુ તેને જોનારાની બારીઓનાં કદ વત્તાં-ઓછાં હોવાથી આકાશના નામે વિખવાદ વકરે છે. સ્વામીશ્રી ઓરડામાંથી નહીં, અગાશીમાંથી આકાશ જોવાની શીખ આપી વિદાય થતાં વિવાદનું સ્થાન સંવાદે લઈ લીધું.

આ પ્રસંગે તેઓની પ્રતિભા અને પ્રતિભાવથી અંજાયેલા પેલા સંસદસભ્ય રાત્રે અગિયાર વાગ્યે સ્વામીશ્રી પાસે આવીને કહી ગયા: 'મેં ઘણા સંતોને નજીકથી જોયા છે, પણ આપની કક્ષાના સંતો મેં જોયા નથી. આપ અને આપના સંતોની વાત જુદી છે.'

જે મળ્યા છે એ બરાબર છે

તા. ૬/૧૦ની બપોરે બે વાગ્યે ઝિમ્બાબ્વેથી વિદાય લઈ મલાવી જવા નીકળેલા સ્વામીશ્રીના વિમાનની આંતરિક સજાવટના એક ચિત્રમાં પથ્થરિયા કિલ્લા જેવા સ્મારકનું દૃશ્ય મૂકેલું. તેની નીચે ધ ગ્રેટ ઝિમ્બાબ્વે (મહાન ઝિમ્બાબ્વે) લખેલું. પોતાની બરાબર સામે જ આ ભીંતચિત્ર જોઈ સ્વામીશ્રીએ બાજુમાં બેઠેલા શુકમુનિદાસ સ્વામીને પૂછ્યું : 'ધ ગ્રેટ ઝિમ્બાબ્વે એટલે શું ?'

આ પૂછપરછનું યથામતિ અર્થઘટન કરી તે સંતે કહ્યું : 'બાપા ! આપ પણ ગ્રેટ (મહાન) જ છો ને !'

આ સાંભળી બેઠકનો ટેકો છોડી એકદમ આગળ આવી ગયેલા સ્વામીશ્રી બે હાથે ઠાકોરજીનો નિર્દેશ કરતાં બોલ્યા : 'ગ્રેટ તો આ ભગવાન છે. તમે બધા કહો છો ને – ગ્રેટ્સ... ગ્રેટ્સ...'

'ગ્રેટેસ્ટ (સૌથી મહાન)!'

'હા, એ ! ગ્રેટેસ્ટ તો ભગવાન છે. આપણે તો એમના સેવક છીએ, દાસ છીએ. એમને લઈને છીએ. અમારી પાસે કાંઈ છે ? પણ ગુરુ શાસ્ત્રીજી મહારાજ એવા ગ્રેટ મળી ગયા, યોગીબાપા એવા ગ્રેટ મળી ગયા તો એમણે ગ્રેટ બનાવી દીધા ને આજે અહીં બેઠા છીએ ! હું આવ્યો ત્યારે એક શાસ્ત્રીજી મહારાજ સામે જ દૃષ્ટિ હતી. નાનો હતો. ઘણા વઢે, ટીકા કરે, અપમાન કરે, અડચણ કરે, પણ શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા આવ્યો હતો તો મનમાં કાંઈ ધાર્યું જ નહોતું. કોઈનોય અભાવ આવ્યો નહોતો. કોઈને કાંઈ કહ્યું નથી. ઉચ્ચ સ્વરે પણ ક્યારેય બોલાયું નથી. ભૂંડું વિચારાયું પણ નથી. શાસ્ત્રીજી મહારાજે જે સેવા આપી એ કરતો ગયો. એ રાજી થાય એ જ દૃઢતા કરેલ, તો વાંધો ન આવ્યો. આજે અહીં બેઠા છીએ ! બધા રાજી થાય છે. અખંડ આનંદ-સુખ વર્તે છે. તમનેય ગ્રેટ મળ્યા છે તો ગ્રેટ બનાવી દેશે.'

પોતાની જીવનપોથીનું આ એક પાનું ઉઘાડી સ્વામીશ્રી ક્ષણભર મૌન સેવી રહ્યા. ત્યારબાદ સત્સંગ-પ્રસાર સંબંધી પોતાની ભાવના રજૂ કરતાં તેઓ બોલવા લાગ્યા :

'ફરે એ ચરે ને બાંધ્યું ભૂખે મરે; એમ ફરે તો સત્સંગ વધે. અત્યારે જાહોજલાલી થઈ ગઈ એટલે મન પાછું પડી જાય, પણ પોતાનો ઉમંગ હોય તો જ કામ થાય. થાકી જાય તો કામ ન થાય. આપણે સંતોને બીજો બિઝનેસ

શું ? ભગવાનની આ નોકરી. મૂળ વસ્તુ ફોલો-અપ જોઈએ.'

વિમાન અંતર કાપતું હતું, સ્વામીશ્રીની વાણી અંતર ભેદતી હતી. તે વખતે સંતો બોલ્યા : 'બાપા ! અખંડ દૃષ્ટિ રાખજો.'

'સત્પુરુષની દૃષ્ટિ અખંડ આપણા ઉપર છે જ ! ક્યારેય ઊઠતી નથી.' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું :

'બસ ! આપણે એમને રાજી કરવા મંડ્યા રહેવું. સત્સંગમાં ઘણા પ્રકારના માણસો હોય, એને ઓળખી રાખવા. પદાર્થની પાછળ પડેલા જતા રહ્યા, નિયમમાં કાચા જતા રહ્યા, અભાવ લેનારા જતા રહ્યા. આ જાણી રાખ્યું હોય તો વાંધો ન આવે. સારાનો સંગ રાખવો. બધા સાથે હળી-મળીને રહેવાનો સ્વભાવ, પણ કોઈમાં હેત-પ્રીત નહીં. બસ ! એક ભગવાન અને સંતમાં જ હેત-પ્રીત. બળના શબ્દો સાંભળવા અને બળના શબ્દો બોલવા. અભાવની વાત સાંભળવી નહીં, બોલવી કે વિચારવી નહીં. ઠઠ્ઠા-મશ્કરીમાં પડવું નહીં. ક્યારેક આનંદ બરાબર છે, પણ જાણપણું રાખીને કામ કરતા રહેવું. આળસવાળું જીવન ન થાય. બીજા ભલે ને પડ્યા રહે. આપણે સ્વામીને રાજી કરવા આવ્યા છીએ, તો આપણું મનગમતું મૂકીને એમની રુચિમાં ભળી જવું. એમની આજ્ઞા સામે જ તાન. આપણે પોતાનો સત્સંગ કરવા આવ્યા છીએ. પ્રથમ સાધુતા. આ શરીર સેવામાં પડતું મૂકી દેવું. ખમીને સેવા કરતા રહેવું, તો અખંડ આનંદ, ઉત્સાહ, શાંતિ રહેશે. સારા સાધુ થવું છે. સત્પુરુષ જોઈને રાજી થાય એવા. એમને વિશ્વાસ આવે. કથા-વાર્તાનું અંગ બાંધવું. નિયમિત ચેષ્ટા બોલી લેવી. જે મળ્યા છે એ બરાબર છે.'

તમારી સ્મૃતિ માટે જ અમે આવ્યા છીએ

તા. ૬/૧૦ની બપોરે પોણા ત્રણ વાગ્યે મલાવીના લિલોન્ગ્વેમાં પધારેલા સ્વામીશ્રીનું ભાવભીનું સ્વાગત શ્રી નરસિંહભાઈ પટેલે કર્યું. તેઓની જ જહેમતથી અત્રે રાધાકૃષ્ણ મંદિરમાં યોજાયેલી સાયંસભામાં ધર્મ-લાભ આપી સ્વામીશ્રી તા. ૭/૧૦ની સાંજે ૫:૨૦ વાગ્યે બ્લેન્ટાયર પહોંચ્યા.

અહીં તેઓએ માત્ર ચાર જ કલાકના રોકાણમાં દસ પધરામણીઓ, સત્યનારાયણ હિંદુ મંદિરમાં જાહેર-સભા, લિમ્બીમાં પદાર્પણ તથા યજમાન શ્રી જશભાઈ પટેલના ઘેર ભોજન સંપન્ન કર્યાં અને રાત્રે અગિયાર વાગ્યે પુનઃ લિલોન્ગ્વે આવી ગયા ત્યારે આજના એક દિવસની મુસાફરી ૭૧૦

કિ.મી.ની થઈ રહી!

ભક્તો માટે આવો ભીડો ઉઠાવતા સ્વામીશ્રીને હવે મલાવીથી ટાન્ઝાનિયા જવાનું હતું, પરંતુ તેઓની આ વિદાય યજમાનના પુત્ર શ્રી જિતુભાઈ માટે વસમી થઈ પડતાં તેઓએ કહ્યું: 'બાપા! અહીં રહી નથી જવું?'

તેઓની આ પૃચ્છામાં છુપાયેલી વેદના વાંચી ગયેલા સ્વામીશ્રી આ યુવકની વિરહઝાળને જ્ઞાનવૃષ્ટિથી શમાવતાં બોલ્યા: 'અહીં અખંડ રહ્યા છીએ. અમે રોજ આ ઘરની સ્મૃતિ કરશું કે 'અહીં ના'તા... અહીં જમતા...' તમે પણ સ્મૃતિ કરજો. તમારી સ્મૃતિ માટે જ અમે આવ્યા છીએ.'

ભક્તોનાં અંતરમાં પોતાની મૂર્તિ તથા ચરિત્રો નિરંતર રમ્યાં કરે અને તે દ્વારા તેઓ અક્ષરધામને પામે, એ જ હતું સ્વામીશ્રીનાં અવતરણ અને વિચરણનું પ્રયોજન.

તે સિદ્ધ કરવા તેઓ ટાન્ઝાનિયા જવા તૈયાર થયા ત્યારે આ દેશમાં પ્રવેશવા માટે જરૂરી એક પત્રક પર હસ્તાક્ષર લેવા પ્રેમવદનદાસ સ્વામી આવ્યા. તેઓએ ધરેલા કાગળમાં સ્વામીશ્રીએ *'શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ ગુરુ યજ્ઞપુરુષદાસ'* લખી તે કાગળ પરત કરવા હાથ લંબાવ્યો, પરંતુ બીજી જ ક્ષણે તેને ખેંચી લેતાં તેઓએ ગુરુના નામના અંતે *'જી'* શબ્દ ઉમેરી તે પત્રક પાછું આપ્યું. કેવી ગુરુભક્તિ!

આપણે તો બધાને સુખિયા કરવા છે

તા. ૮/૧૦ની બપોરે ૧૨:૩૭ વાગ્યે મલાવીથી દારેસલામ જવા નીકળેલા સ્વામીશ્રીના હાથમાં માળા ફરી રહેલી. એ જ અવસ્થામાં થોડી વારે તેઓએ ઠાકોરજીને પોઢાડવાની સૂચના આપતાં સંતોએ કહ્યું: 'બાપા! આપને ઠાકોરજીનું ખૂબ જ અનુસંધાન રહે છે.'

'આ તો સાક્ષાત્ શ્રીજીમહારાજ છે. આપણને મૂર્તિ જેવું લાગે, પણ ભગવાન જ છે. જેમ આપણને જરૂર પડે એમ એમનેય જરૂર પડે ને!'

આટલું કહી સ્વામીશ્રી બોલ્યા: 'આપણને ભગવાનમાં સતત અનુસંધાન રહે તે માટે તો આવ્યા છીએ. આપણે બીજું બધું ભૂલવાનું છે. જગત છે જ નહીં. આ બધે ફરીએ છીએ, જોઈએ છીએ, એ બધું ને કલાક પહેલાંનુંય ભૂલી જવાનું. ચાલતા જોયા છે, સૂતા જોયા છે, જમતા-રમતા,

ખાતા-પીતા જોયા છે, વૉકિંગ-આસન કરતા જોયા છે. આ બધી સ્મૃતિ પળે-પળે કરવાની છે, તો મહારાજનું સુખ આવે.'

'આ બધું અઘરું પડે એવું છે.'

'આપણે સતત પ્રયત્ન કરીએ તો થઈ જાય. કોઈ વસ્તુ અઘરી નથી. ગુરુનાં ચરણમાં દૃઢ પ્રીતિ રાખીને મંડી પડવું. જે મળ્યા છે એ માયા પર છે; દિવ્ય, ચૈતન્ય છે. એમાં રાગ-દ્વેષ નથી.'

સ્વામીશ્રીનો વાક્પ્રવાહ વણથંભ્યો વહી રહ્યો. તેથી જેમ નદી કાંઠે સૌ પાણી ભરવા ઝૂક્યા હોય તેમ સ્વામીશ્રીની આસપાસ સંતો-ભક્તો ટોળે વળી ગયા, પરંતુ એટલામાં જ જાહેરાત થઈ: 'Fasten your seat belt.' ગંતવ્ય હવે નજીક હોવાથી સૌ પોતપોતાની બેઠકો પર બેસી ગયા.

તે સમયે સ્વામીશ્રીની પાસે બેઠેલા શુકમુનિદાસ સ્વામીએ પૂછ્યું: 'બાપા ! આપે હમણાં મહિમા ગાવાની વાત કરી, તો આપને કેવા સમજવા ?'

'પૂર્ણ પુરુષોત્તમ નારાયણ શ્રીજીમહારાજ સર્વોપરી સાક્ષાત્ જ છે. રોમેરોમમાં મહારાજ છે. શ્રીજીમહારાજના અખંડ ધારક છે.'

વિમાનની ઘરેરાટીમાં પણ સ્પષ્ટ સંભળાય તેમ સ્વામીશ્રી બોલ્યા. વળી, ઉમેર્યું:

'તમે ગાવ છો ને કે *'સંત તે સ્વયં હરિ...'* એમની આંખમાં જોનારા ભગવાન છે. બોલનારા, જમનારા, સાંભળનારા ભગવાન જ છે. એમાં રોમનોય ફેર નથી. આ તો દેહ જુદો દેખાય છે, પણ સાક્ષાત્ મહારાજ જ છે. કોઈ રાગ, દ્વેષ, દોષો છે જ નહીં. નિર્મળ, પવિત્ર અંતઃકરણ છે. મનુષ્યભાવ બતાવે, પણ દિવ્ય જ છે. આ સર્વોપરી નિશ્ચય છે. આપણે જે જીવનો સત્સંગ કરવાનો છે એ જીવનો સત્સંગ આવી દૃઢતા થાય એ છે. ક્યારેય ન ડગે એવી જીવમાં નિષ્ઠા થાય એ સત્સંગ સાચો. બીજે ક્યાંય હેત, પ્રીત, આત્મબુદ્ધિ નહીં. અહીં જ ! આ સર્વોપરી છે. આ સાક્ષાત્ મહારાજ છે. આ દૃઢતા હોય તો ક્યારેય મૂકીને ચાલ્યું ન જવાય. અખંડ આજ્ઞામાં રહેવાય. મનધાર્યું ન થાય. મહિમા રહે. શંકા-કુશંકા ન થાય. બધું દિવ્ય દિવ્ય જ દેખાય. બધાને એમ કે 'અમે અંતર્યામી નથી.' પણ અમે અંતર્યામી છીએ. તમે દુનિયાને છેડે જઈને જે કરો છો તે હું જાણું છું, દેખું છું.'

સ્વામીશ્રીના મુખેથી રેલાઈ ગયેલી તેજના પ્રવાહરૂપ આ વાણી જેની પર તેઓની કૃપા થાય તેથી જ ઝિલાય-જીરવાય. કઠ ઉપનિષદ પણ કહે છે ને

કે 'यमेवैष वृणुते तेन लभ्य:...'

આવી વાતો સાંભળી હરખાઈ ઊઠેલા એક સહયાત્રીએ પૂછ્યું: 'સ્વામી ! આપ સંતો-ભક્તોને કેવી રીતે જુઓ છો ?'

'બસ ! બધા મહારાજને આશરે આવ્યા છે તો અંતરમાં રહ્યા કરે કે 'કેમ એમનું હિત થાય, તે કેમ સુખી થાય, કેમ એના જીવનમાં શાંતિ થાય, સત્સંગમાં કેમ આગળ વધે ?' બધાનું કલ્યાણ તો મહારાજ કરવાના જ છે. આપણે તો બધાને રાજી કરવા છે, સુખિયા કરવા છે, સર્વોપરી બનાવવા છે.'

સ્વામીશ્રીની કરુણા આમ રેલાઈ જ રહી. તેના પ્રવાહમાં તરતું વિમાન દારેસલામના હવાઈ મથકે આવી પહોંચ્યું ત્યારે બપોરના બે વાગી ચૂકેલા.

નવો અવતાર પામવા જેવું

દારેસલામમાં સ્વામીશ્રીનો સત્સંગ માણવા શહેરના શિશુકુંજનું પ્રાંગણ ત્રણ દિવસ સુધી ઊભરાતું રહ્યું. તેમાં ભક્તો-ભાવિકોની સાથે દેશના શ્રમમંત્રી શ્રી કીઉલા, માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન શ્રી વિલિયમ મયાકા, વયોવૃદ્ધ સ્પીકર શ્રી આદમ સાપી સહિત ભારતીય એલચી શ્રી ભટનાગર વગેરે કંઈક મહાનુભાવોએ લાભ લીધો. સ્પીકર તો દવાખાનામાં દાખલ થયેલા દર્દી હતા, છતાં ડૉક્ટરોની મનાઈને ઉલ્લંઘીને તેઓ શ્રી નીતિનભાઈ ગઢિયાના ઘેર રખાયેલા ઉતારે તથા તા. ૯/૧૦ની જાહેર-સભામાં દોડી આવ્યા.

સ્વામીશ્રી પ્રત્યેની આવી લાગણીથી છલકાતા અન્ય એક રાજકીય અગ્રણી હતા – શ્રી જે. કે. ચાંદે. તેઓ ટાન્ઝાનિયા સરકારના દરેક પ્રધાનના આદરણીય વડીલ. વળી, એકથી વધુ સરકારી નિગમો તથા ડેઇલી ન્યૂઝ અખબારના ચૅરમેનપદે પણ આરૂઢ. તેઓએ તા. ૧૦/૧૦ની રાત્રિસભામાં જણાવ્યું કે –

"હું પ્રમુખસ્વામીજીને ડિવાઇન (દિવ્ય) કહીને સંબોધું છું, કારણ કે લાખો ભક્તોએ એમનામાં ભગવાનના શબ્દોનો અનુભવ કર્યો છે. એમના સ્પર્શમાં ભગવાનની હૂંફ અનુભવી છે. તેમ છતાં તેઓ તો એમ જ કહે છે કે 'હું તો ભગવાનનો નમ્ર સેવક છું.' ગઈકાલે રાત્રે મને એમની સાથે થોડી વાર બેસવાનો લાભ મળેલો. તે વખતે મેં વાત કરી કે 'મારો એક મિત્ર અત્યારે ગંભીર માંદગીમાં છે અને ઇન્ટેન્સિવ કેર યુનિટમાં છે.' સ્વામીજીએ મને કહ્યું :

'એમાં ચિંતા ન કરશો. અમે એમના માટે પ્રાર્થના કરીશું.' આજે વહેલી સવારે હું ત્યાં મળવા ગયો ત્યારે ડૉક્ટરોએ મને કહ્યું કે 'આપના મિત્રને આવતીકાલે અમે રજા આપવાના છીએ, કારણ કે તેઓ હવે ગંભીર હાલતમાં નથી.' આ સ્વામીજી સાધુતાના બધા જ ગુણોથી યુક્ત છે. એમને મળવું એ નવો અવતાર પામવા જેવું છે.''

સાચે જ, સ્વામીશ્રીને મળ્યા પછી કોઈ જેવા હતા તેવા રહી ન શકતું. *'મારાં સર્વે તે કારજ સીધાં...'*નો અનુભવ સ્વામીશ્રીને મળનારા દરેકને થતો.

જીમંત નાથ સમરાથ સંત હાથ સુંદરે

તા. ૧૧/૧૦ની સવારે સ્વામીશ્રી દારેસલામથી વિદાય લેવાના હોવાથી સમયસર પરવારી જવાય તે હેતુસર સંતોએ હરિકૃષ્ણ મહારાજનો થાળ શરૂ થયો તે સાથે જ સ્વામીશ્રીને જમી લેવા વિનંતી કરી, પણ સ્વામીશ્રી બોલ્યા: 'ઠાકોરજીને થાળ થઈ જાય પછી જમીએ.' આમ કહી સેવાકાર્યમાં પરોવાયેલા તેઓના આ વિલંબનું રહસ્ય ટૂંક સમયમાં જ છતું થયું.

ઠાકોરજીને થાળ થઈ ગયા બાદ જમવા બિરાજેલા સ્વામીશ્રીને યોગીચરણદાસ સ્વામીએ સમાચાર આપ્યા કે 'આજે હરિકૃષ્ણ મહારાજ થાળ જમી ગયા છે!'

અહીંના મંદિરમાં પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓની સાથે જ સ્વામીશ્રીના ઠાકોરજીને પણ થાળ આરોગવા પધરાવેલા. તે વખતે ચારેક થાળ ગવાયા બાદ જ્યારે સંતોએ પડદો ખોલ્યો ત્યારે હરિકૃષ્ણ મહારાજના હાથે-હોઠે શીખંડ ચોંટેલો માલૂમ પડ્યો. તે જોઈ સૌમાં 'ઠાકોરજી થાળ જમી ગયા'નો રોમાંચ પ્રસરી ગયો. વ્યવસ્થિત રીતે ચકાસણી થતાં આ વિગત ટકોરાબંધ જણાઈ. તેથી ઠાકોરજીને એ જ અવસ્થામાં રાખી સૌ સ્વામીશ્રી પાસે લઈ આવ્યા.

સ્વામીશ્રી પણ ખૂબ ભાવપૂર્વક અને ઝીણવટથી દર્શન કરી બોલ્યા: 'થાળ જમ્યા એ બહુ સારું થયું. જાઓ, બધાને દેખાડો. વ્યવસ્થિત જમ્યા છે. સંતોનો પ્રેમ એવો... આમ તો રોજ ભગવાન જમે જ છે. આજે ઝાંખી કરાવી બતાવ્યું.'

થાળ આરોગી રહેલા ઠાકોરજીની સમાંતર જમવાની સ્વામીશ્રીએ 'ના' પાડેલી. તેઓની આ લીલાનો તાળો અત્યારે મળ્યો. ભગવાનની પ્રસાદીના અભિલાષી તેઓ ભગવાનની ભેળા જમવામાં રાજી નહોતા.

અતિ નમ્ર પુરુષ

દારેસલામથી બપોરે સવા વાગ્યે ફૉકર ફ્રેન્ડશિપના ચાર્ટર્ડ હવાઈ જહાજ દ્વારા ઊડેલા સ્વામીશ્રી સાડા ત્રણ વાગ્યે મ્વાન્ઝાની ધરતી પર ઊતર્યા.

અત્રે તેઓ તા. ૧૨/૧૦ના રોજ મંદિરે પ્રાતઃપૂજા પૂર્ણ કરી સૌને મળી રહેલા ત્યારે એક જૂના હરિભક્તના દીકરાનો હાથ પકડી તેઓએ પૂછ્યું: 'મંદિરે આવવાનું કેમ છે? અને પેલા દારૂ વગેરેનું?'

સ્વામીશ્રીની પૂછપરછથી પેલો યુવક ગેંગેંફેંફેં થઈ ગયો ત્યારે રોટરી ક્લબના આગેવાન તેઓને સ્વામીશ્રીએ હેતથી કહ્યું: 'તમે સોશિયલ થાવ એનો અમને જરાય વાંધો નથી, પણ જીવન પવિત્ર રાખો. ક્લબમાં તમે સેવા કરો પણ એમાં દારૂ-માંસ ઘુસાડવાની શી જરૂર? તમે એક બાજુ માણસને બચાવવાની સેવા કરો અને બીજી બાજુ પશુઓને મારીને ખાઓ તો સેવા શેની કરો છો? એકને મારીને બીજાને જિવાડવાનો કોઈ અરથ ખરો?'

તેઓ સાથે આવેલા અન્ય મિત્રોને પણ સ્વામીશ્રીએ જણાવ્યું: 'પશુઓએ તમારું શું બગાડ્યું છે? એ તો બિચારા ખાઈને પડી રહે છે. એને તમે શું કામ હેરાન કરો છો? એનેય જીવવા દો. ભગવાને એને પણ જીવવાનો અધિકાર આપ્યો છે.'

સ્વામીશ્રીની વાણીમાંથી કરુણાનો ધોધ છૂટ્યો. તેણે સૌનાં કાળજાં ધોઈ કાઢ્યાં.

આ જ રીતે આજે શ્રી કાંતિભાઈ પટેલની ફૅક્ટરીમાં યોજાયેલા કાર્યક્રમ દરમ્યાન ઝાંઝીબારના રાષ્ટ્રપ્રમુખ શ્રી સલ્મીન એમોર પણ સ્વામીશ્રીનો જીવનસંદેશ મેળવી ધન્યભાગી થયા. આ સમયે ઉપસ્થિત રિજનલ કમિશનર શ્રી મુંગુલે તો મંદિરે યોજાયેલી આજની રાત્રિસભામાં પણ દોડી આવ્યા અને સ્વાનુભૂતિ રજૂ કરી કે 'હું સ્વામીજીના નમ્ર મુખ સામે જોઈ જ રહું છું. અતિ નમ્ર પુરુષને મેં આ પહેલાં ક્યારેય જોયા નથી.'

યુગાન્ડામાં પુનઃ પદાર્પણ અને પુનઃ પ્રતિષ્ઠા

તા. ૧૪/૧૦ના રોજ મ્વાન્ઝાથી વિદાય લેતાં પૂર્વે સ્વામીશ્રી મંદિરે દર્શન કરવા પધાર્યા ત્યારે અહીં બાળકોની સમૂહપૂજા ચાલી રહેલી. આ દૃશ્ય જોઈ રાજી થઈ ગયેલા તેઓ એકેએક બાળક પાસે પહોંચ્યા અને દરેકના

કપાળે પોતાનો અંગૂઠો અડાડતાં-અડાડતાં તિલક-ચાંદલો કરવાનો આદેશ આપ્યો. આ રીતે ઊગતી પેઢીના ભાગ્યપ્રદેશને પાવન કરી સ્વામીશ્રી ૧૧:૦૫ વાગ્યે કંપાલા આવી પહોંચ્યા.

યુગાન્ડાની ડામાડોળ રાજકીય પરિસ્થિતિને કારણે ૨૧ વર્ષ પછી આ દેશને ગુણાતીત સંતનું સાંનિધ્ય મળી રહ્યું હોવાથી તેઓને આવકારવા સત્સંગીઓની સાથે સ્થાનિક અગ્રણીઓ પણ ઉપસ્થિત હતા.

તેઓનું અભિવાદન સ્વીકારી સ્વામીશ્રી પ્રથમ સનાતન મંદિરે પધાર્યા. ત્યારબાદ આપણા મંદિરે પગલાં પાડ્યાં. અહીં આજની સાંજે ભવ્ય સ્વાગત-સભા યોજાઈ. વિષમ દેશકાળના સમયમાં અત્રે જે શાળા કાર્યરત હતી તેને સ્થળાંતરિત કરી આ મંદિરનું નવેસરથી રંગરોગાન કરવામાં આવેલું. કાયાપલટ પામેલા આ મંદિરમાં યોજાયેલી આજની હકડેઠઠ સભાને સંબોધતાં યુગાન્ડાના આર્ચ બિશપ ઑફ કેથલિક ચર્ચ શ્રી ઈમેન્યુઅલ વમાલીએ કહ્યું : 'પ્રમુખસ્વામીને મળતાં હું મારી જાતને મહાન અનુભવી રહ્યો છું. પ્રકાશના પંથે ચાલી રહ્યો હોઉં એવું મને અનુભવાય છે.'

અહોભાવના આવા જ ઉદ્‌ગારો વિદેશમંત્રી શ્રી કિરુન્ડુ કીવેઝીન્ઝા તેમ જ રાષ્ટ્રપ્રમુખની કચેરીનો કારભાર સંભાળનારા મંત્રી શ્રી એન્થની બુટેલે પણ વહાવ્યા.

અંતે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે 'આ દેશનું ભગવાન ચોક્કસ ભલું કરશે. આજે અમે અહીં ચાલતી સ્કૂલના દસ છોકરાઓને ચાર વર્ષ સુધી સ્કોલરશિપ મળતી રહે એ જાહેરાત કરીએ છીએ. દેશ જેવો છે એથી પણ સુંદર બને એ પ્રાર્થના.'

સ્વામીશ્રીએ કરેલી આ શિષ્યવૃત્તિની ઘોષણાથી ભારતીય એલચી શ્રી નિરંજન દેસાઈ ખુશ થઈ ગયા. તેઓ તા. ૧૫/૧૦ની સવારે સ્વામીશ્રી પોતાના ઘેર પધાર્યા ત્યારે બોલ્યા : 'આપની આ જાહેરાતથી અહીંના લોકોમાં ભારતીયોની છાપ સુધરશે. હજી અહીં લોકોને એવી જ છાપ છે કે એશિયનો આપણને લૂંટવા જ આવે છે.'

આમ, પોતાની સહજ ક્રિયાઓ દ્વારા દૂરગામી અસરો ઉપજાવનારા સ્વામીશ્રી કંપાલાથી જિન્જા પહોંચ્યા.

આ શહેરનું મંદિર પણ સરકારે સંસ્થાને પરત કરેલું. જીર્ણોદ્ધાર પામેલા તેમાં વિધિવત્ પુનઃ પ્રતિષ્ઠા કર્યા બાદ કકીરા અને લુગાઝીને પાવન કરતાં

સ્વામીશ્રી પુનઃ કંપાલા આવી ગયા.

અત્રે નવસંસ્કરણ પામેલા મંદિરમાં તા. ૧૬/૧૦ની સવારે વેદોક્ત-વિધિપૂર્વક મૂર્તિઓની પુનઃ પ્રતિષ્ઠા થઈ ત્યારે મહિલા મંડળે સ્વામીશ્રી માટે પુષ્પમુકુટ બનાવેલો. આવા જ શણગારથી અહીં સન ૧૯૭૦માં યોગીજી મહારાજને સૌએ વધાવેલા. તે ઈતિહાસ આજે પુનરાવર્તિત કરવાની સૌની નેમ હતી, પણ 'આ તો ઠાકોરજીને શોભે, આપણે તો સેવક છીએ' કહી સ્વામીશ્રીએ તે કુસુમ-કિરીટને ઠાકોરજી સમક્ષ મુકાવી દીધો.

સંસ્કૃતિ-પુરુષનું સન્માન

કંપાલાથી નૈરોબી પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૧૭/૧૦ના રોજ દશેરા ઊજવી. આ નિમિત્તે મંદિરના સંકુલમાં જ યોજાયેલી નગરયાત્રામાં લાભ આપી સભાગૃહમાં બિરાજેલા તેઓની ફરતે યુવક મંડળે રાસ લીધો ત્યારે આ રાસરમણ દરમ્યાન એક નાનકડો બાળક હાથમાં દાંડિયા લઈ સ્વામીશ્રી સમક્ષ ઊભો રહી ગયો. સ્વામીશ્રી પણ પોતાના દાંડિયા વડે તેને તાલ દેતા ગયા. છેલ્લે યુવકોની વિનંતીથી ઊભા થયેલા તેઓ સૌની સાથે રાસ રમ્યા.

૧૪મી વિદેશયાત્રાની આ વધુ એક રસમય સ્મૃતિ આપી સ્વામીશ્રી તા. ૧૮/૧૦ની રાત્રે એક વાગ્યે ઍર ઇન્ડિયાના નર્મદા વિમાન દ્વારા ભારત આવવા નીકળ્યા ત્યારે નવખંડ ધરતી યોગી શતાબ્દીની આલબેલથી ગાજી રહેલી. ગુરુની શતાબ્દીનો આ નાદ રાત્રે બે વાગ્યે સ્વામીશ્રીએ વિમાનના સહપ્રવાસી બનેલા શ્રીલંકન વડાપ્રધાન શ્રી ડી. બી. વિજયતુંગના કાનમાં પણ ગુંજાવ્યો.

ત્યારબાદ અઢી વાગ્યે પોઢેલા તેઓ તા. ૧૯/૧૦ની સવારે, ચાર મહિના અને દસ દિવસની વિદેશયાત્રા પૂર્ણ કરી મુંબઈ પધાર્યા ત્યારે અહીં ભારે ભક્તભીડ તેઓને વધાવવા આતુર હતી. પ્રમુખસ્વામી સન્માન સમિતિના સંયોજકો શ્રી દામજીભાઈ ઍન્કરવાલા તથા મહીપતભાઈ શાહ વગેરેએ તો તા. ૨૦/૧૦ની સાંજે આઝાદ મેદાનમાં ભવ્ય સન્માન સમારોહ યોજી દીધેલો.

આ બહુમાન ઝીલવા સ્વામીશ્રી પધાર્યા ત્યારે મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી સી. સુબ્રહ્મણ્યમ્ સહિત અનેક પ્રધાનો, ઉદ્યોગપતિઓ, કલાકારો, સમાજ-સેવકો, ફિલ્મનિર્માતાઓ, તંત્રીઓ વગેરે ૧૨,૦૦૦ ભાવિકોની મેદનીથી

મેદાન ઊભરાતું હતું. વિદેશમાં ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વધારનારા સ્વામીશ્રી પ્રત્યે નતમસ્તક આ સૌ વતી સાહિત્યકાર શ્રી હરીન્દ્ર દવેએ કહ્યું: 'સામાન્ય રીતે સાધુ સેવા લે પણ સેવા કરનારા સંતો પ્રમુખસ્વામીએ ઊભા કર્યા છે.'

મુંબઈના સાંસદ શ્રી રામ નાઈક પણ બોલ્યા: 'મારી દૃષ્ટિએ સ્વામીજી ભારતના રાષ્ટ્રદૂત છે. આ સદીના અંતમાં સ્વામીજીએ વિવેકાનંદથી ઘણું અધિક કાર્ય વિદેશની ધરતી પર કર્યું છે.'

મહારાષ્ટ્રના મંત્રી શ્રી અરુણ ગુજરાતીના ઉદ્ગાર રહ્યા કે 'આ સન્માન વિશ્વપુરુષનું છે. પ્રમુખસ્વામી સેવામૂર્તિ, ભક્તિમૂર્તિ, ધર્મમૂર્તિ અને કર્મમૂર્તિ છે. વિશ્વ છે ત્યાં સુધી સૌ પ્રમુખસ્વામીને યાદ કરશે.'

આ અવસરે રાજ્યપાલે પણ 'આપણી ખરેખરી મૂડી તો આ સ્વામીજી જેવા સંતો જ છે' કહી સ્વામીશ્રીને બિરદાવ્યા. આ વાક્પુષ્પાંજલિની સાથે તેઓએ સન્માનપત્ર અને ગુલાબના ભવ્ય હારથી સ્વામીશ્રીને વધાવ્યા ત્યારે ઊઠેલો તાળીઓનો ગડગડાટ ગગનભેદી બની રહ્યો.

સ્વામીશ્રીની આ સત્કાર-વર્ષામાં નહાતી આજની સંધ્યા ઢળી ત્યારે સન્માન-સભાના એકેએક વક્તા-શ્રોતા ગદ્ગદ હતા.[૧૨]

રહી હરિમાંહી આઠું જામ

તા. ૨૧/૧૦ની સવારે મુંબઈથી રાજકોટ થઈને ગોંડલ પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૨/૧૦ના રોજ ગુણાતીત જન્મોત્સવ ધામધૂમથી ઊજવાયો. વિદેશયાત્રાએથી પરત ફરેલા સ્વામીશ્રી તરત જ અહીં આવતા હોવાથી આખો સૌરાષ્ટ્ર દર્શને ઊમટી પડેલો.

તે સૌને પૂર્ણ સુખ-સંતોષ આપનારા સ્વામીશ્રી સમક્ષ આજે પૂર્વ મહેસૂલમંત્રી શ્રી અમરસિંહ વાઘેલાએ અહોભાવ વ્યક્ત કર્યો કે 'બાપા ! આપે તો દિગ્વિજય કર્યો.'

'દિગ્વિજય ભગવાનનો. આપણે તો શું ?' સ્વામીશ્રી બોલ્યા.

આ નમ્રતા સાથે તેઓએ તા. ૨૪/૧૦ની સવારે ચેન્નાઈના મંદિરનું

---

૧૨. સ્વામીશ્રીના મુંબઈમાં યોજાયેલા આ દબદબાભર્યા સન્માન સમારોહના સાક્ષી બનવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

ખાતમુહૂર્ત કર્યું. તેને અનુસરતાં તા. ૨૬/૧૦ની એક ખાસ સભામાં ગોંડલના નગરપતિ શ્રી ગોવિંદભાઈ દેસાઈ બોલ્યા: 'ઇરાક પર અમેરિકાએ આક્રમણ કર્યું તેને તો દુનિયાએ જાણ્યું, પણ આ પ્રમુખસ્વામીના સેનાપતિ-પદ નીચે ભારતે અમેરિકા પર જે આધ્યાત્મિક આક્રમણ કર્યું એની કોઈને ખબર જ ન પડી! પ્રમુખસ્વામીએ કીર્તિના કોટડા ઊભા કર્યા છે. ભારતનો સુવર્ણકાળ ફરીથી ખડો થઈ રહ્યો હોય એવું લાગે છે.'

વિદેશથી પરત ફરેલા સ્વામીશ્રી પર વધામણીનો આવો વરસાદ સતત વરસી રહેલો, પરંતુ તેથી લેશ ભીંજાયા વિના વિચરતા તેઓ તા. ૨૭/૧૦ના રોજ યોગી સ્મૃતિમંદિરનું નિરીક્ષણ કરવા નીકળ્યા.

અત્રે પ્રદર્શનમાં ગોઠવેલી યોગીજી મહારાજની છબીઓ જોતાં-જોતાં આગળ વધી રહેલા સ્વામીશ્રી, વચ્ચે-વચ્ચે આવતાં યોગીજી મહારાજનાં સુવાક્યો પર પ્રાસંગિક વિવરણ પણ કરતા જતા.

તે ક્રમમાં તેઓએ 'સહનશક્તિ એ જબરો ગુણ છે' વિધાન વાંચી, સામે ઊભેલા ભદ્રેશદાસ સ્વામીને કહ્યું: 'આ શું આવ્યું? સહનશક્તિ એ જબરો ગુણ છે. આનંદના ફુવારા છૂટે. કઈ બાજુ છૂટે? એક લાફો લગાવ્યો હોય તો...'

આમ કહેતાં સ્વામીશ્રીએ લાફો ઉગામવાનો અભિનય કર્યો, ત્યારે તે સંતે કહ્યું: 'આપ મારો તો સારું લાગે.'

'અમે લગાવીએ તો તો સારું લાગે, પણ આવાયા (બીજા) લગાવે ત્યારે સહન થાય તો ખરું! ધણીના ખમાય પણ શોક્યના ન ખમાય. તે વખતે ફુવારા છૂટવા જોઈએ.'

સહનશીલતાનો આ મર્મ સમજાવી આગળ વધેલા સ્વામીશ્રી પોણા અગિયાર વાગ્યે સભામાં પધાર્યા ત્યારે કથા કરતા જ્ઞાનપ્રિયદાસ સ્વામી કહી રહેલા: 'સ્વામીશ્રીની ઊઠવા-બેસવા, ના'વા-ધોવા, હરવા-ફરવા વગેરે બધી જ ક્રિયામાં...'

'ભગવાન છે, બીજું શું?' વાક્યપૂર્તિ કરતાં સ્વામીશ્રી જ બોલી ગયા. તે દ્વારા *'હરે-ફરે કરે કંઈ કામ, રહી હરિમાંહી આઠું જામ...'*ની તેઓની સ્થિતિ છતરાઈ થઈ રહી.

શ્રેષ્ઠ ફિલ્ડ, શ્રેષ્ઠ શિલ્ડ

તા. ૨૭/૧૦ની પ્રાતઃ સભા બાદ ભંડારમાં દૃષ્ટિ કરવા પધારેલા

સ્વામીશ્રીએ અત્રે રોટલી, બુંદી વગેરે વ્યંજનો હાથમાં લઈને ચકાસ્યાં. તે વખતે વાનગીની ગુણવત્તાથી રાજી થયેલા તેઓ આમંત્રિતોની ભોજનશાળામાં પધાર્યા ત્યારે અહીં કડીના શ્રી રામભાઈ અને માણેકભાઈ જમી રહેલા. તે જોઈ દૂર પડેલા તબાસરામાંથી ચમચો બુંદી ભરી લાવી આ ભક્તોને પીરસતાં સ્વામીશ્રીએ કહ્યું : 'લો, આ અક્ષર મંદિરની પ્રસાદી !'

તેઓની આ સરભરામાંથી ભક્ત અને ભોજન – બંનેનો મહિમા દર્શાઈ રહ્યો.

તે દ્વારા સૌને સ્મૃતિના સ્વાદ પમાડતા સ્વામીશ્રી ઉતારે આવી જમવા બિરાજ્યા ત્યારે વિદ્યાનગરના છાત્રાલયમાંથી આવેલા યુવકોએ કરેલી વિશિષ્ટ રજૂઆતનો ભાવાર્થ એવો નીકળતો હતો કે 'સ્વામીશ્રી દુનિયાના કોઈ પણ ક્ષેત્રમાં ગયા હોત તો તે ક્ષેત્રમાં અત્યારે સર્વોચ્ચ સ્થાને બેઠેલા કરતાં પણ આગળ નીકળ્યા હોત.'

આ પ્રસ્તુતિના અંતે યુવકોએ પૂછ્યું : 'સ્વામી ! અમારે કયા ક્ષેત્રમાં આગળ વધવું ?'

'અમે જેમ બીજા ફિલ્ડમાં ગયા નહીં ને આ (સાધુના) ફિલ્ડમાં આવી ગયા તેમ તમારે પણ ભગવાનનું ભજન કરવું ને કરાવવું એમાં આવી જવું. એ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ફિલ્ડ. એમાં બધાં જ ફિલ્ડ આવી જાય.'

'પણ બાપા ! કોઈ પણ વ્યક્તિ કોઈ પણ ફિલ્ડમાં આગળ વધે તો એને શિલ્ડ કે મેડલ મળે. આપ આ ક્ષેત્રમાં આગળ વધ્યા તો એમાં કયો મેડલ મળે ?'

'અક્ષરધામ છે ને !' સ્વામીશ્રી તરત બોલ્યા. પછી ઉમેર્યું : 'એ મેડલ મોટામાં મોટો. એ આપણે મેળવવાનું છે.'

સ્વામીશ્રીએ યુવાનોને નિશાન રોપી આપ્યું.

સ્ત્રીનો મોક્ષ જરૂર થાય છે

સ્વામીશ્રીના સત્સંગથી પરિવર્તન પામેલા ગોંડલના યુવાન શ્રી વિક્રમસિંહ રોજ કથામાં હાજર થઈ જતા. સાથે પોતાના સાગરીતોનેય લાવતા. તે સૌને પણ સ્વામીશ્રી સદાચારના પાઠ શિખવાડી વેર-વ્યસનનાં વિષથી મુક્ત કરતા.

આ જોઈ તા. ૨૮/૧૦ના રોજ આવેલા ડેપ્યુટી કલેક્ટર શ્રી ગિરીશભાઈ શાહ બોલી ઊઠ્યા : 'સ્વામીજીએ આ જબરજસ્ત કામ ઉપાડ્યું છે ! અહીં

ટોળીયુદ્ધ (ગેંગ વૉર) જેવી પરિસ્થિતિ હતી. તે ટાળીને તેઓએ સૌને સુધાર્યા છે. સ્વામીબાપાએ અમારું કામ ૮૦% સરળ કરી દીધું છે.'

આમ, પોતાનાં કાર્યોથી સમાજની સુખાકારી વધારતા સ્વામીશ્રી પાસે આજની સાંજે ગોંડલના કેટલાક વકીલો આવ્યા. તેઓએ 'અમારે એક પ્રશ્ન ઊભો થયો છે' કહી પૂછ્યું કે 'આપણા હિંદુ ધર્મમાં સ્ત્રી મોક્ષની અધિકારી ખરી કે એને પછી પુરુષનો જન્મ લેવો પડે ?'

'એવું કશું નથી. સ્ત્રીનો મોક્ષ જરૂર થાય છે. જે ભક્તિ કરે એનો મોક્ષ થાય જ !'

આ શકવર્તી ચુકાદો આપી સ્વામીશ્રી તા. ૩૦/૧૦ની સાંજે ભાદરા પહોંચ્યા. અહીં તા. ૩૧/૧૦ની સવારે તેઓના સાંનિધ્યમાં સંસ્થા-સંચાલિત શાળામાં નિર્માણ પામેલા પ્રમુખસ્વામી પ્રાર્થના મંદિરનું ઉદ્‌ઘાટન થયું.

આ ઘટનાને અનુસરતાં, તા. ૧/૧૧ના રોજ ઊંડ નદીના કિનારે પધારેલા સ્વામીશ્રી અત્રે પ્રાસાદિક ઓટે પ્રદક્ષિણા કરી ગામમુખે બિરાજ્યા.

તે વખતે વડનો અમુક ભાગ સુકાયેલો જોઈ તેઓએ 'આ વડલો સાવ જાય નહીં એ જોજો' કહી તેને લીલો રાખવાની તજવીજ કરવા વ્યવસ્થાપકોને સૂચના આપી. તે પછી પુરાણી સ્મૃતિ ઉલેચતાં તેઓ બોલ્યા : 'અમે આ મંદિર કર્યું ત્યારે રોટલા ને છાશ ખાતા. સાથે ગાજરનું અથાણું હોય.'

આ સ્મૃતિપ્રસાદ વહેંચી પાછા વળતાં સ્વામીશ્રીએ દેવીપૂજકોના વાસમાં દરેક કૂબે પધરામણી કરી. તે દરમ્યાન એક ભાઈની ઓળખ આપતાં સ્થાનિક સંતે કહ્યું : 'સીમમાં મોર અને સસલાં આણે જ ખાલી કર્યાં છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ એ શિકારીને શીખ આપી કે 'જો ભ'ઈ ! આપણે એવું કરવું જ નહીં. રોટલા ખૂટે તે દિ' કોઠારી પાસે જજે, પણ મૂંગાં પશુને મારતો નહીં.'

સ્વામીશ્રીના સ્નેહવર્તુળમાં પશુ-પંખીઓનો પણ સમાવેશ થઈ જતો. તેની એક વિગત આજની બપોરે તેઓ ભોજન કરવા બિરાજ્યા ત્યારે પણ ઊઘડી.

આ સમયે વંચાઈ રહેલા 'પ્રકાશ'ના વિશેષાંકમાં CFIના ઉદ્‌ઘાટન સમારંભ વખતે સ્વામીશ્રીના હાથ પરથી પારેવું ન ઊડ્યું તે વાત આવી. તે સાંભળી એક હરિભક્તે પૂછ્યું : 'બાપા ! એ કબૂતર કોણ હતું ?'

'કોઈ મુક્ત હશે. સંસ્કારી જીવને સમાગમ કરવો હતો એટલે એ એકલું જ રહી ગયું; બાકી બધાં ઊડી ગયાં.' આટલું કહી સ્વામીશ્રીએ જણાવ્યું :

'અમને ખબર પડી કે બધાં જ કબૂતરો ત્યાં જ રહી ગયાં છે. એટલે રોજ ખાવાનું નંખાવતા. એમાં એક માંદું થયું એ ખબર પડી, એટલે પ્રફુલ્લભાઈ રાજાને સોંપી દવાખાને મોકલ્યું, પણ સાજું ના થયું, મરી ગયું. એની પાછળ ૪૦૦ ડૉલરનો ખર્ચ કર્યો.'

એક અપરિચિત પંખીની ખેવના કરવામાં વીસેક હજાર રૂપિયા વાટી નાંખતાં સ્વામીશ્રીને ખચકાટ ન થયો. કેવી જીવદયા !

હમ કહતે હૈ નૈનન કી દેખી

ભાદરાથી ધ્રોળ અને ડાંગરા થઈને રાજકોટ પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીંના રજપૂતપુરામાં આવેલા મંદિરની મૂર્તિઓનો વિસર્જનવિધિ તા. ૧/૧૧ની રાત્રે થયો. તેને અનુસરતાં, તા. ૨/૧૧ની સવારે નિર્માણાધીન મંદિરની બાજુમાં તૈયાર થયેલા હરિમંદિરમાં એ મૂર્તિઓની પુનઃ પ્રતિષ્ઠા પણ થઈ ગઈ. તેની સાથે અતિથિ-નિવાસનો વાસ્તુવિધિ પણ યોજાયો.

આ પ્રસંગે ઊભાં-ઊભાં જ આશીર્વાદ આપવા સ્વામીશ્રીએ માઇક હાથમાં લીધું, પણ તે ઠપ થઈ જતાં આ યાંત્રિક ખામી દૂર કરવા ઘણી મથામણ ચાલી.

તે દરમ્યાન સ્વામીશ્રીએ ધૂન શરૂ કરાવી. જ્યાં માઇક ચાલુ થયું ત્યાં સૌએ ધૂન અટકાવી. ત્યાં જ વળી માઇક બંધ થતાં સ્વામીશ્રી બોલ્યા : 'ભગવાનના નામ સિવાય બીજું બોલીએ, તો બધું બંધ થઈ જાય. એટલે ભગવાનનું સ્મરણ ખાસ કરવું.'

કોઈ કુશળ સેલ્સમેન મોકો મળતાં જ ઉત્પાદનનો પ્રચાર કરી દે, તેમ સ્વામીશ્રી ભજનનો આગ્રહ દૃઢાવવાની એક પણ તક ન છોડતા.

આ જ વાત તેઓએ તા. ૨/૧૧ની સાંજે રાષ્ટ્રીય શાળાના મેદાનમાં યોજાયેલી ભવ્ય સન્માન-સભામાં પણ ઘૂંટી.

આ અવસરે ધારાસભ્ય શ્રી વજુભાઈ વાળાએ આદર અને અનુભવ વ્યક્ત કર્યાં કે 'જેને ભગવાન સાથે સરખાવાય એવી વ્યક્તિ આ પ્રમુખસ્વામી છે. એને સન્માન હોય કે અપમાન – સરખું જ છે. એ ગમે ત્યાં બેઠા હોય પણ શાંત ચિત્તે બેઠા હોય છે.'

આ અહોભાવ ઝીલીને મંદિરે પધારેલા સ્વામીશ્રીને એક અજાણ્યા યુવાને કહ્યું : 'મારે પ્રશ્ન છે.'

'પૂછ' કહેતાં સ્વામીશ્રી તેને એક બાજુ લઈ ગયા, ત્યારે તે યુવકે પૂછ્યું: 'આપે ભગવાનનાં દર્શન કર્યાં છે?'

'કર્યાં છે ત્યારે તો આનંદ છે. એને જોયા છે એટલે તો વાત કરીએ છીએ.'

'આપને તાદૃશ છે?'

'હા, તાદૃશ છે જ!'

સ્વામીશ્રીના પ્રત્યેક ઉત્તરે પ્રતીતિ પડઘાતી રહી. તેથી વીંધાયેલા એ યુવાને પૂછ્યું: 'તો મને ભગવાન દેખાશે?'

'એમનેમ ન દેખાય. ગુરુના વચનમાં વિશ્વાસ રાખીને મંડવું પડે. મને તો ગુરુમાં સાક્ષાત્ ભગવાનનાં દર્શન થાય છે.'

સ્વામીશ્રીએ સાધના અને સાક્ષાત્કાર – બંને સ્પષ્ટ કરી આપ્યાં.

પરભાવ ન જણાય એ મોટું પાપ

રાજકોટના રોકાણ દરમ્યાન નિર્માણાધીન મંદિરની જગ્યામાં જ યોજાયેલા પારાયણમાં તા. ૩/૧૧ની સવારે અમૃતલાભ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'જેના થકી મોક્ષ છે એ સ્વરૂપ ઓળખાય નહીં એ અજ્ઞાન છે. આજે મધ્યે સૂર્ય આવ્યો છે છતાં ઘુવડ જેવા હોય એને આ કાર્ય સમજાય નહીં. અમેરિકામાં ફેસ્ટિવલ કેટલો અદ્ભુત થઈ ગયો! ખોટી વાત હોત તો આગળ પ્રસરત જ નહીં. શાસ્ત્રીજી મહારાજે આપણને આ વાત આપી. ભગવાન તો એક સહજાનંદ સ્વામી. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી છે ને એનું સ્વરૂપ યોગીજી મહારાજ છે. એનો જબરજસ્ત પ્રભાવ કેવો છે!

છતાં પરભાવ નથી જણાતો એ મોટું પાપ છે. એનો કોઈ ઉપાય જ નહીં. આ સ્વરૂપનો નિશ્ચય હશે તો જ ધામમાં જવાશે. માટે એ સ્વરૂપમાં ફેર પડવા દેશો નહીં. આવો સમય ફરી મળે કે કેમ? આ યોગ થયો એ સચવાઈ ગયું તો બેડો પાર. અહીં જે બ્રહ્મ-પરબ્રહ્મની વાત થાય છે એ બીજે ક્યાંય થતી નથી. સ્વામીએ આપણી ઉપર દયા કરી છે તો દર રવિવારે જરૂર આવવું.'

પરભાવની આ પરાવાણી વહાવી સ્વામીશ્રી રાજકોટથી વિદાય લઈ બાબરાને પાવન કરતાં ગઢડા પધાર્યા.

આ વર્ષે કાળી ચૌદશ અને દિવાળી એક જ દિવસે હોવાથી દુર્ગપુરને તા. ૫/૧૧ની સવારે દીપાવલી ઊજવવાનો લાભ મળ્યો અને આ ઉત્સવની

સાંજનું સદ્ભાગ્ય સારંગપુરને સાંપડ્યું.

ગુરુપદે બિરાજમાન થયા પછી સ્વામીશ્રી સારંગપુરમાં પહેલી વાર દિવાળી-અન્નકૂટનો લાભ આપી રહ્યા હોવાથી આ વિસ્તારના ભક્તો વિશાળ સંખ્યામાં ઊમટી પડેલા. તેઓના હર્ષોલ્લાસ વચ્ચે આજે સ્મૃતિમંદિરના પ્રાંગણમાં થયેલા ચોપડા પૂજનને અનુસરતાં તા. ૬/૧૧ના રોજ અન્નકૂટ અને તા. ૭/૧૧ના રોજ વિ.સં. ૨૦૪૮ના આરંભનો ઉત્સવ પણ ધામધૂમથી ઊજવાયો.

હાસ્ય-વિનોદ પરસ્પર કરતા

સ્વામીશ્રીના સાંનિધ્યમાં નવા વર્ષનો પ્રારંભ કરવા માટે પરદેશથી આવેલા ઘણા ભક્તો પૈકીના એક શ્રી હર્ષદભાઈ રાણાએ સંસ્થાના તમામ સંતોને ધોતિયાં ઓઢાડવાની સેવા તો કરી, પણ તેઓનો સંકલ્પ હતો કે 'જેટલા અગ્રણી હરિભક્તો અત્યારે સ્વામીશ્રીનો લાભ લેવા ભેગા ફરે છે તેઓ વ્યવહારમાંથી નિવૃત્ત જેવા છે. તેથી તેઓને પણ ધોતિયાં ઓઢાડી દેવાં.'

આ સંબંધી જાહેરાત કરતાં તેઓએ તા. ૮/૧૧ના રોજ સ્વામીશ્રીની પ્રાતઃપૂજા બાદ કહ્યું કે 'અમેરિકાના કે. સી. પટેલ, મુંબઈના ભાનુભાઈ વગેરેને સ્વામીબાપા ધોતિયાં ઓઢાડશે. તેઓ રોજ ધોતિયાં પહેરે. એમ કરતાં જો સંતોષ થશે તો સાધકના ઝભ્ભા આપવામાં આવશે ને પછી મુંડન કરાવવામાં આવશે. સૌ વારાફરતી સ્વામીશ્રી પાસે આવીને ધોતિયાં લઈ જાય.'

આ આહ્વાન મરક-મરક હસતાં સાંભળી રહેલા સ્વામીશ્રીએ, જેવું પેલા હરિભક્તનું બોલવાનું પૂરું થયું કે તરત જ હાથમાં માઈક લઈ જાહેરાત કરી: 'રાણાનો સંકલ્પ સારો છે પણ મૂળ બીજાને સંન્યાસી કરવાની વાત છે.'

આમ કહી તેઓએ શ્રીજીમહારાજના સમયમાં સુરાખાચરે બાપુભાઈને સાધુ થવા ચઢાવી દીધા તે પ્રસંગ એવી મજેદાર શૈલીમાં રજૂ કર્યો કે ચોમેર રમૂજની છોળ્યો ઊછળી રહી. તેની વચ્ચે પોતાની વાણી વહેતી મૂકતાં સ્વામીશ્રી બોલ્યા: 'એમ રાણા! પહેલાં તમારે તૈયાર થવું પડશે. બારોબાર વાત ન ચાલે. બોલો, શું વિચાર છે?'

સ્વામીશ્રીના શબ્દોનો સકંજો આમ ગળામાં આવતાં પેલા હરિભક્ત માર્ગ શોધવા લાગ્યા. તેઓની મૂંઝવણ જોઈ હાસ્યના હડસેલે સ્વામીશ્રીનું ઉદર ઊછળવા લાગ્યું. તે આનંદ સમગ્ર સભામાં ફરી વળ્યો. તેમાં જ પોતાના શબ્દોને ઝબોળતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ગોધલાં પહેલાં ધૂંસરી મૂકવા ન દે, તેમ

રાણાને કહીએ છીએ પણ એ કાઢી નાંખે છે, પણ તમે પહેલો વિચાર કરો, પછી આગળ ચાલીએ.'

સ્વામીશ્રીના આ પ્રસ્તાવને સભાસદોનો પૂરો ટેકો મળતાં હર્ષદભાઈને ન છૂટકે આગળ આવવું પડ્યું. તાળીઓના નાદ વચ્ચે સ્વામીશ્રીએ તેઓને ધોતિયું ઓઢાડ્યું. તે પછી અન્ય હરિભક્તોને પણ ઓઢાડ્યાં.

ત્યારબાદ હસતાં હસતાં સ્વામીશ્રી બોલ્યા : 'ડભાણમાં એક વાર યોગી બાપાએ ઘરડાંઓને સાધુ થવા હાથ ઊંચા કરાવેલા ત્યારે ૭૫ નામ નોંધાઈ ગયાં, પણ કોઈ સાધુ થયા નહીં! એમ અમે આ ધોતિયાં ઓઢાડ્યાં પણ અમારે આમાંથી કેટલા સમજવા ? અમારાં ધોતિયાંય જશે કે પછી ?'

સ્વામીશ્રીના એક-એક શબ્દે સભામાં હાસ્યનો ફુવારો વધુ ને વધુ ઊંચે ચઢતો ગયો. તેથી ભીંજાયેલા સૌ હજી તો માંડ કોરા થયા હશે ત્યાં જ સાડા દસ વાગ્યે સભામાં પધારેલા સ્વામીશ્રીએ સૌને નિષ્ઠાનાં નીરમાં ઝબકોળી દીધા.

આ સમયે તેઓ જેવા સભામાં પ્રવેશ્યા કે એક ઉત્સાહી ભક્તે 'પરદેશી સાધુ પ્રમુખસ્વામી મહારાજની જય' એમ ઘોષ કર્યો. આ સાંભળી સ્વામીશ્રીએ તેઓને પૂછ્યું : 'હમણાં પરદેશ ગયા હતા એટલે પરદેશી સાધુ કહો છો ?'

'ના, બાપા ! આ તો આપ અક્ષરધામમાંથી સાજ લઈને પધાર્યા છો તેથી.'

'તો ઠીક ! બાકી આ બધા તો પેલું જ સમજે છે.'

સ્વ-સ્વરૂપ સંબંધી આટલું સ્પષ્ટ વિવરણ કરી સ્વામીશ્રીએ 'જેમ છે એમ કહેવાય નહીં...' એ 'સ્વામીની વાત' નિરૂપતાં કહ્યું : 'શું આવ્યું ? જો કહેવા માંડીએ તો આ પરદેશી સાધુની જય પણ ઊડી જાય. એટલે જ પચે એમ વાત કરે છે. નહીં તો સહેવાય એવું નથી.'

જીવનું કલ્યાણ ન બગડે તેની ખૂબ તકેદારી રાખીને સત્પુરુષ વિચરે છે.

આ ભાવના સાથે જીવવાનું છે

તા. ૧૧/૧૧ના રોજ આવેલી લાભ પાંચમથી વિચરણનું પૈડું ફરતું કરી દેનારા સ્વામીશ્રીએ આજની સવારે લાઠીદડમાં મંદિરનો ખાતવિધિ કર્યો. તેને અનુસરતાં સાંજે વલભીપુર મુકામે ભૂતનાથ મહાદેવના મેદાનમાં આયોજિત ભાગવત પારાયણનો દીપ પ્રગટાવી આગળ વધેલા તેઓ, માર્ગમાં રોજીદને લાભ આપી ધંધુકા પધાર્યા. અહીં એક ઘરનો વાસ્તુવિધિ કર્યા બાદ રાયકા, ખડોળ અને બાવળાને પાવન કરતાં, સ્વામીશ્રી અમદાવાદ થઈને

ગાંધીનગર પહોંચ્યા.

અત્રે નિર્માણાધીન અક્ષરધામમાં પ્રદર્શિત થનારા મલ્ટિ-મીડિયા શૉ માટે સ્વામીશ્રીનું કેટલુંક ફિલ્માંકન તા. ૧૩/૧૧ના રોજ થયું. આ ગતિવિધિના ક્રમમાં તેઓ અક્ષરધામ સ્મારકમાં પધાર્યા ત્યારે અહીં શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીની મૂર્તિઓની આબેહૂબ પ્રતિકૃતિઓ મૂકવામાં આવેલી.

તેની આરતી ઉતારી, સ્વામીશ્રીએ મહારાજના પાયજામામાં કરચલીઓ નથી તે તરફ મૂર્તિકારનું ધ્યાન દોર્યું. વળી, ચક્ષુઓમાં ઊંડાણ લાવવા અને મૂર્તિઓની પીઠિકા ઊંચી કરવાનો વિચાર પણ રજૂ કર્યો.

આ જ રીતે તા. ૧૪/૧૧ના રોજ અમદાવાદના મંદિરે મલ્ટિ-મીડિયા શૉ સંબંધી કેટલુંક ફિલ્માંકન થયું.

ત્યારબાદ સ્વામીશ્રી તા. ૧૫/૧૧ની સવારે ઉતારામાં મુલાકાતો આપી રહેલા ત્યારે આવેલો IASનો એક પરીક્ષાર્થી આર્થિક સંકડામણ અનુભવતો હતો, તેને સ્વામીશ્રીએ યોગ્ય નાણાંકીય વ્યવસ્થા કરી આપી. તે વખતે આ યુવાને પૂછ્યું : 'સ્વામીજી ! માણસ મરવાનો જ હોય તો જીવે છે શા માટે ?'

'બીજાને મદદ કરવા અને ભક્તિ કરીને પોતાના આત્માનું કલ્યાણ કરવા. આ ભાવના સાથે જીવવાનું છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓના મતે જીવતરના હેતુરૂપે હતાં – પરાભક્તિ અને પરોપકાર.

મોહક વ્યક્તિત્વની મહેક

અમેરિકામાં સ્વામીશ્રીએ ઊજવેલા ઉત્સવથી વધેલી ભારતની પ્રતિષ્ઠાને જોઈ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલના સૂચનથી સ્વામીશ્રીનો સન્માન સમારંભ તા. ૧૬/૧૧ના રોજ અમદાવાદના મંદિરે યોજાયો. આ નિમિત્તે ઊભરાયેલી જંગી મેદનીને સંબોધતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે – 'પ્રમુખસ્વામી મહારાજની સાધુતા, વ્યવહાર-કુશળતા અને વિદ્વત્તા કોઈને પણ સ્પર્શી જાય એમ છે. એમનું વિરલ વ્યક્તિત્વ એટલું બધું મોહક, સાદું ને પ્રભાવશાળી છે કે સંવેદનશીલ કોઈનેય અસર કર્યા વગર રહે નહીં.'

સ્વામીશ્રીના આવા વ્યક્તિત્વની મહેક અનુભવી સૌ વીખરાયા, પરંતુ તા. ૧૭/૧૧ના રોજ યોજાયેલી યોગી શતાબ્દી નિમિત્તેની સ્વયંસેવક સભા તો ગઈકાલની સન્માન સભાને પણ નાની કહેવડાવે તેવી વિરાટ બની રહી.

તેમાં *'પ્રમુખસ્વામીની હાકલ વાગી, યોગી શતાબ્દી આવી...'* કડી ગુંજતી હતી ત્યારે જ મંચ પર પધારેલા સ્વામીશ્રીએ હાથ ઊંચો કરી ગવાતી પંક્તિને સમર્થન આપ્યું. તેને પ્રતિભાવ આપતાં આખી સભાએ પણ હાથ ઊંચા કરી સેવામાં ઝંપલાવવાની તત્પરતા દાખવી.

પરંતુ સૌની આ તાલાવેલીને યોગ્ય દિશાદર્શન આપવાની વાત કરતાં સ્વામીશ્રીએ તા. ૧૭/૧૧ની રાત્રે સંતોને કહ્યું :

'સ્વયંસેવકો એવા કરો કે તે પાકા હોય, નિષ્ઠાવાળા હોય, કંઠી-માળા, પાઠ-પૂજા નિયમિત કરતા હોય; એવા જ પસંદ કરવા. અમુક નિયમો રાખવા જ. સો તો સો પણ પાકા હોવા જોઈએ. મહિમાથી સેવા કરતા હોય એવા જ આપણું શોભાડે. નમ્રતા, વિનય-વિવેક અને નિયમ-ધર્મવાળા હોવા જોઈએ. જેટલું કરવું એટલું સાચું જ કરવું, સારું જ કરવું. જરૂર હોય એમ બોલાવવા; વગર ફોગટના બોલાવી બહુ યુવકો ભેગા કરવાની જરૂર નહીં.'

સ્વામીશ્રીએ જાણે સ્વયંસેવક દળ માટે આલેખ દોરી આપ્યો.

કરોડો રૂપિયાથી અધિક વાત

આ અરસામાં યોગી શતાબ્દીએ સો શિક્ષિત યુવાનોને ભગવાં ઓઢાડી યોગીજી મહારાજને અંજલિ આપવાનો સ્વામીશ્રીનો સંકલ્પ સત્સંગમાં ફરી વળેલો. તેથી તેઓ પાસે એકત્રિત થવા લાગેલા દેશ-પરદેશના દીક્ષાવાંછુ યુવકોના ક્રમમાં, તા. ૧૮/૧૧ની સવારે પોતાના પુત્ર સંદીપને અર્પણ કરતાં પિતા શ્રી જીવણભાઈએ કહ્યું : 'બાપા ! અમે બીજી તો શું સેવા કરીએ, પણ...'

'તમે છોકરો આપો એ તો અમારે મન કરોડો રૂપિયાથી અધિક છે.' સ્વામીશ્રી બોલી ઊઠ્યા.[૧૩]

આ જ રીતે અમદાવાદના નિકટવર્તી રાયપુર ગામમાંથી સાધુ બનવા તૈયાર થયેલા યુવાન હિતેષને ધામધૂમથી વિદાય આપવાનો વિચાર ગામવાસીઓનો હતો. આ અવસરે સ્વામીશ્રી પણ ગામમાં પધારે તેવો મનોરથ સેવી રહેલા તેઓને સ્વામીશ્રીએ જણાવેલું : 'આ સન્માન વગેરે કરો એ તો સારું જ છે, પણ તમે આ દીકરો આપ્યો એ જ અમારે તો કરોડો રૂપિયા બરાબર છે.'[૧૪]

---

૧૩. સમયાંતરે દીક્ષિત થયેલા આ યુવાનનું નામાભિધાન સાધુ કૃષ્ણપ્રેમદાસ થયું.

૧૪. સમયાંતરે દીક્ષિત થયેલા આ યુવાનનું નામાભિધાન સાધુ હરિસ્મરણદાસ થયું.

દીક્ષાર્થી યુવાનો પ્રત્યેની સ્વામીશ્રીની આ મહિમાદૃષ્ટિ કારોલના દયારામનું કાંડું તેઓના હાથમાં સોંપાયું ત્યારે પણ ઝળકી ઊઠી. આ સમયે યુવકના પિતા શ્રી જીવરાજભાઈએ પૂછેલું કે 'સ્વામી ! આ દીકરાના ૫,૦૦૦ રૂપિયા લેણાં નીકળે છે એનું શું કરવું ?'

'તમારે જરૂર હોય તો રાખી લેજો.'

'મારે જરૂર નથી.'

'તો મંદિરમાં લખાવી દેજો. બાકી તમે દીકરો આપ્યો એ કરોડ રૂપિયા બરાબર છે.' સ્વામીશ્રી બોલેલા.[૧૫]

આ ભાવના સાથે તેઓએ દીક્ષિત કરેલા એક હજારથીયે વધુ સંતોને !

અહીં તો એક થવાની વાતો છે

યોગી શતાબ્દી મહોત્સવના ઉદ્‌ઘોષ માટે નિમાયેલાં સંતમંડળોની જાહેરાત, તા. ૧૮/૧૧ની રાત્રે યોજાયેલી એક ખાસ સભામાં ઈશ્વરચરણદાસ સ્વામી દ્વારા થઈ ત્યારે આ સંતોને પ્રેરણાપીયૂષ પિવડાવતાં સ્વામીશ્રી બોલ્યા :

'આ સેવા યોગીબાપાએ આપી છે. માટે ભીડો આવે તો બીજો વિચાર ન કરવો. આપણી પરંપરાએ આ ભીડા વેઠ્યા છે. એ જ આપણને આ વાત કરે છે. બાકી મારા જેવા સૂઈ રહેતા હોય એની અસર ન થાય. આપણે મનમાંદા ન થવું; ઉત્સાહ જ રાખવો. જ્યાં જેની જોડે જવું પડે ત્યાં એકબીજાને અનુકૂળ થઈને સેવા કરવી. મોળી વાત કે સંકલ્પ કરવો નહીં. સ્વામી આપણી ચિંતા કરે છે. એ આપણને લાવ્યા છે ને એ જ સાચવશે. બધાને એકાંતિક કરવા છે. છેલ્લો જન્મ થવાનો છે એ નિશ્ચિત વાત છે.'

આ ખાતરી ઉચ્ચારતા સ્વામીશ્રી તા. ૧૯/૧૧ની સવારે અમદાવાદથી વિદાય લઈ ખેડા અને બોચાસણને લાભ આપતાં સાંજે દાવોલ પહોંચ્યા.

અહીંના શ્રી બેચરભાઈ પટેલની વરણી અમૂલ ડેરીના ચૅરમેનપદે થયેલી. તેઓએ સ્વામીશ્રીને સત્કારતાં ભરસભામાં કહ્યું : 'આ બધું પ્રમુખસ્વામીના પ્રતાપે છે. એ તો મારા ગુરુ છે. હું તો એમને ભગવાન જેવા માનું છું ને માળા કરતી વખતે રોજ એમને યાદ કરું છું.'

સમાજના એક પ્રતિષ્ઠિત મહાનુભાવનો આ આદર ઝીલી સ્વામીશ્રી બોચાસણ પરત પધાર્યા. અત્રે તા. ૨૦/૧૧ની સવારે મંદિરમાં દર્શને પહોંચેલા

---

૧૫. સમયાંતરે દીક્ષિત થયેલા આ યુવાનનું નામાભિધાન સાધુ અભયરત્નદાસ થયું.

તેઓએ દંડવત કરવા પાથરણું પથરાવ્યું અને આજે વિશિષ્ટ તિથિ, ઉત્સવ, આગમન, વિદાય વગેરે કોઈ નિમિત્ત ન હોવા છતાં છ દંડવત કર્યા. તે જોઈ સેવકે પૂછ્યું : 'આમ કેમ ?'

'આ તો ગઈકાલે બહાર ગયેલા એના.' સ્વામીશ્રીએ ફોડ પાડ્યો.

આવી અપૂર્વ શ્રદ્ધા-ભક્તિ સાથે વર્તતા તેઓએ તા. ૨૧/૧૧ના રોજ કાર્તિકી પૂર્ણિમાની સભામાં આશીર્વાદ આપ્યા કે –

''હમણાં યોગી શતાબ્દીની વાતો થઈ. આ ઉત્સવો નવરાનું કામ નથી. આ તો આત્મદૃષ્ટિની વાત છે. અમેરિકામાં એટલા માટે CFI કર્યો હતો. 'બીજાને કેમ શાંતિ થાય' એ વિચારો આપણે કરવાના છે. એ વિચારો સત્સંગમાં મળશે. બીજે તો 'લડવાળ કેમ થાય' એવી જ વાતો છે, જ્યારે અહીં તો એક થવાની વાતો છે. સંપ કરવો હોય તો પહેલાં પોતાની વાત મૂકી દેવી જોઈએ. આપણે ખોટી વાત ન પકડવી. બધું જ સમજતા હોઈએ છતાં બધા પાસે નમ્ર થઈને કામ લેવાનું છે. જેટલા નમીને ચાલશું એટલા તમને પૂછવા આવશે. આપણે કડક થઈએ તો બીજો વધારે કડક થાય.

સત્સંગ અનન્યભાવે કરવો. બાકી આપણે દૂરથી 'જય જય' કરીએ તો ભગવાન પણ એવું જ કરે ! અનન્યભાવે ભજો તો ભગવાન પણ એ રીતે ભજે. આપણે તો માથું દુખ્યું ને મંદિર પડ્યું રહે ! શરદી થાય એમાં પૂજા જાય ! પછી ભગવાન આપણને ભૂલે કે નહીં ? ગમે એવી પરિસ્થિતિમાં *'મોહે તો એક આધાર'* થવું જોઈએ. યોગીબાપાને મૂકીને બીજે ફાંફાં ન મારવાં. એક આધાર રાખીશું તો એ સામે જોશે જ ! ગમે એ મુશ્કેલીમાં માળા ફેરવીએ તો આપણી માળા એ ફેરવે. એમણે આપણા સામે દૃષ્ટિ ખૂબ રાખી છે. હવે આપણે એમના સામી દૃષ્ટિ રાખીએ.''

મંદિર એ આત્માનું પાવર સ્ટેશન

બોચાસણથી નડિયાદ પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અત્રે તા. ૨૩/૧૧ના રોજ નવનિર્મિત અક્ષર-પુરુષોત્તમ છાત્રાલયનો ઉદ્‌ઘાટન-વિધિ યોજાયો. આ પ્રસંગે વિશેષ સહયોગી શ્રી નરેન્દ્રભાઈ દેસાઈ, સ્થાનિક ઉદ્યોગપતિ શ્રી ઇન્દુભાઈ પટેલ વગેરેને સન્માનવામાં આવ્યા, પરંતુ આયોજકો છાત્રાલયની ભૂમિ આપનારા દેવીપૂજક શ્રી જલુભાઈને ભૂલી ગયા ત્યારે આ બાબતે સ્વામીશ્રીએ વ્યવસ્થાપકોનું ધ્યાન દોર્યું. અલબત્ત, આ વ્યક્તિએ

જમીન તો વેચાણમાં જ આપેલી, છતાં *'સૌને સરખા જાણું...'*ની રીત રાખનારા સ્વામીશ્રી સન્માનમાં કોઈને ન ભૂલતા.

આવા સમતાધારી તેઓનો ભવ્ય સન્માન સમારંભ ખેડા જિલ્લાના નાગરિકો વતી તા. ૨૪/૧૧ની સાંજે યોજાયેલો. તે માટે વિદ્યાનગરનું શાસ્ત્રી મેદાન કોઈ સમૈયો હોય તેવા સાજ સજીને શોભી રહેલું. વળી, આ વિશાળ પ્રાંગણ ખેડા જિલ્લાના સાંસદો, ધારાસભ્યો, તાલુકા તેમ જ જિલ્લા અને નગર પંચાયતોના પ્રમુખો સહિત અમૂલ, રામકૃષ્ણ સેવામંડળ, ચારુતર વિદ્યામંડળ, એન.ડી.ડી.બી. જેવી સંસ્થાઓના કાર્યવાહકો તથા નામાંકિત ઉદ્યોગપતિઓ, પ્રાધ્યાપકો વગેરે સાથે હજારોની મેદનીથી ઊભરાઈ ગયેલું. આ માહોલમાં રાજ્યના મુખ્યપ્રધાન વતી મંત્રી શ્રી દિનશા પટેલે રજત-રસિત સન્માનપત્ર સ્વામીશ્રીને અર્પણ કર્યું.

આ બહુમાન સ્વીકારી તા. ૨૬/૧૧ની સવારે સારસા થઈને ઓડ પહોંચેલા સ્વામીશ્રીએ અત્રે ગામના ગોંદરે મળેલી જમીન પર નૂતન મંદિરનું ખાતમુહૂર્ત કર્યું.

ત્યારબાદ તા. ૨૭/૧૧ના રોજ વિદ્યાનગરમાં નિર્માણાધીન બાવીસ ગામ ચરોતર લેઉઆ પાટીદાર સમાજના શૈક્ષણિક સંકુલનો ખાતવિધિ કરી તેઓ આજની સાંજે માલવણ અને સેવાલિયાને પાવન કરતાં વણાકબોરી પધાર્યા.

અહીં થર્મલ પાવર સ્ટેશનના અનેક અગ્રણી ઇજનેરોની ઉપસ્થિતિમાં તા. ૨૮/૧૧ની સવારે નૂતન મંદિરનું ખાતમુહૂર્ત કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ વણાકબોરીમાં પાવર સ્ટેશન છે તેમ મંદિર એ આત્માનું પાવર સ્ટેશન છે. એ થશે એટલે આત્માનો વિકાસ થશે.'

આ મંદિર-મહિમા ઉચ્ચારી શ્રી ચંદ્રકાંતભાઈના બંગલે ઠાકોરજી જમાડવા બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ અહીં વિચરણ કરતા એક સંતે શ્રી ધીરુભાઈને વળગેલા વ્યસનની વાત કરી. તે સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'એને તો ઓળખું. એના બાપાના દાદા વખતનો સત્સંગ. ગિરધરભાઈના ગોવિંદભાઈ અને ચતુરભાઈ. ચતુરભાઈના રમેશ, મૂળજી અને ગોવિંદના અમૃત, ચીમન, હરિ અને રમણ. એમાં અમૃતનો આ ધીરુ. અમારે જૂનો સંબંધ છે. એને સાંજે લાવજો.'

સ્વામીશ્રીની ખરી વિશેષતા આ હતી. નવખંડ ધરામાં હિલોળા લઈ રહેલા સત્સંગ-સાગર પર સવાર તેઓ છેવાડાના છીપલાને પણ ન ભૂલતા.

તેથી તેઓ આજની સાંજે આ ગુણાનુરાગીને વ્યસનમુક્ત કરીને જ રહ્યા.

ખમીરવંતી યુવાનીના વિશ્વકર્મા

વણાકબોરીથી જાનીપુરા થઈને રાત્રે વિદ્યાનગર આવી પહોંચેલા સ્વામીશ્રીએ અત્રે તા. ૨૯/૧૧ની સવારે ગઈકાલની મુસાફરીના સંદર્ભમાં વ્યવસ્થાપકનું ધ્યાન દોરતાં કહ્યું: 'નાનું ગામ હોય તોય હરિભક્ત ઊભા હોય ત્યાં ઊભું રહેવું. કાલે તમે 'ક' ગામમાં સીધા જતા રહ્યા. ખાલી મોટા માણસને સાચવીએ ને નાનાને ઠેબે ચડાવીએ એવું થાય આ તો!'

સ્વામીશ્રીની આ ટકોરમાંથી તેઓની સમતા અને મમતા નીતરી રહ્યાં.

આવી ટકોરનો તમતમાટ આજે અલ્પાહાર દરમ્યાન છાત્રાલયના વિદ્યાર્થી સંદીપને પણ ચાખવા મળ્યો. તિલક-ચાંદલો કરવામાં કાયરતા અનુભવી રહેલા આ છાત્રને સ્વામીશ્રીએ આ અંગે પૂછ્યું ત્યારે એ બોલ્યો: 'મનમાં એવું રહે છે કે જે કરવું તે વ્યવસ્થિત કરવું.'

પોતાની અનિચ્છાને વ્યવસ્થિતતાનો વાઘો પહેરાવી તેણે રજૂ કરી!

પરંતુ આ તો સ્વામીશ્રી! તેઓના ભાથામાં વજ્ર જેવા કવચને પણ છેદે એવા તર્કનાં તીર મળે. તેથી તેઓએ એ યુવકને કહ્યું: 'એ તો તિલક-ચાંદલો કરીશ તો વ્યવસ્થિત થવાશે. તું ભણવા બેઠો તો આવડ્યું ને?!'

'પણ અમે અભ્યાસ અંગે પ્રવાસમાં જઈએ ત્યારે જમવામાં ડુંગળી-લસણનો પાઉડર નાંખેલો હોય. ખાધા વગર છૂટકો જ ન થાય. તે વખતે એમ થાય કે તિલક-ચાંદલો ન કરવો સારો.'

'તને આ વિચાર આવે છે એના કરતાં, 'પેલું ખાવા જેવું નથી' એમ વિચાર કર ને! એવું આવે ત્યારે એક દા'ડો ઉપવાસ કરી નાંખવો. દૂધ ઉપર રહેવું. દૂધ ને બીજા પર તો મહિના સુધી રહેવાય. મનને બરાબર રાખવું તો ભગવાન મદદે આવે જ!'

એક યુવાનની ખોખલાઈને ખંખેરતાં સ્વામીશ્રી બોલ્યા. આ રીત રાખી તેઓએ સર્જેલી ખમીરવંતી યુવાની.

તે માટે જ છાત્રાલયનું સંકુલ જોવા નીકળેલા સ્વામીશ્રી નૂતન સભાગૃહનું બાંધકામ જોઈ 'બી' બ્લૉક તરફ વળ્યા. અહીં તેઓ સીધા જ એક ઓરડાની ગૅલેરીમાં જઈ પહોંચ્યા. ત્યાં સાબુ વગેરે અસ્તવ્યસ્ત પડેલું. ખૂણામાં કપડાનું મેલું મસોતું પણ હતું. તેને સ્વામીશ્રીએ ઊંચક્યું તો થોડા

મચ્છર ઊડ્યા. તેથી એ રૂમના રહેવાસીઓને સ્વામીશ્રીએ કહ્યું : 'આવું રાખો પછી બીમારીને આમંત્રણ આપવા જવું પડે? અત્યારથી સાબુ, શીશી બધું વ્યવસ્થિત મૂકવાની ટેવ પાડવી.'

સ્વચ્છતાની આ શીખ આપતાં દવાખાનામાં પહોંચેલા તેઓએ અત્રે ટેબલ પર પડેલી ચરક તરફ ધ્યાન દોર્યું.

તેઓની આ ઓચિંતી મુલાકાતના સમાચાર વાયુવેગે છાત્રાલયમાં પ્રસરી જતાં હવે સૌ છાત્રો પોતપોતાના ઓરડાઓ ઠીકઠાક કરવા મંડી પડ્યા. તેથી સ્વામીશ્રી બીજા એક ઓરડામાં પ્રવેશ્યા ત્યારે ત્યાં સાફસૂફી સારી રીતે થઈ ગયેલી, પણ સ્વામીશ્રીએ અહીં ઓરડો ન જોતાં કબાટ ખોલ્યું તો ઉતાવળે મૂકી દીધેલાં કપડાંના ડૂચા અને બીજી વસ્તુઓ નજરે પડી! એટલે આ છાત્રોને પણ સુઘડતાનો 'સા' ઘૂંટાવતાં તેઓ ત્રીજી રૂમમાં ગયા ત્યારે અહીં વિદ્યાર્થીઓએ કબાટ બાબતે પણ સાવધાની રાખી દીધેલી. પરંતુ ત્યાં સ્વામીશ્રીએ છત પર નજર ઠેરવી તો કેટલાંક બાવા-જાળાં જોયાં. તેનો નિર્દેશ કરી તેઓએ કહ્યું : 'ઉપર-નીચે બધું સાફ કરવું.'

હવે તેઓનાં પગલાં ચોથા ઓરડામાં પડ્યાં ત્યારે અગાઉની ત્રણ રૂમોમાં તેઓએ કરેલાં સૂચનોના આધારે બધી તકેદારી લેવાઈ ચૂકેલી, પણ ત્યાં બલ્બની આજુબાજુ વળગેલું જાળું જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'રોજ સાફસૂફી થતી હોય તો આવું ન હોય.'

આમ, યુવાનોની ચાલાકી આગળ સ્વામીશ્રીની ચોકસાઈ એક ફર્લાંગ આગળ જ રહી! યુવકોને ગમ્મતની સાથે સ્વામીશ્રીનું માઇક્રો-મૅનેજમેન્ટ પણ માણવા મળ્યું.

મારે તમારી ચિંતા છે

તા. ૧/૧૨ની સવારે આણંદના ખેતીવાડી સંકુલમાં તૈયાર થયેલા મંદિરમાં સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થતાં જ સ્થાનિક ભક્તોનો પુરુષાર્થ પૂર્ણપણે ખીલી ઊઠ્યો.

એ જ રીતે તા. ૨/૧૨ના રોજ વિદ્યાનગર, આણંદ, કણજરી, વરતાલ, મહેળાવ, બાંધણી, મોગરી, ગાના અને બોચાસણ – આ નવ ગામોને લાભ આપનારા સ્વામીશ્રીનો પરિશ્રમ પણ સોળે કળાએ પ્રકાશી રહ્યો. તેના ઉજાસમાં તા. ૪/૧૧ના રોજ બામણગામના મંદિરનો ખાતવિધિ કરી સ્વામીશ્રી

ગંભીરા અને બોરસદને પાવન કરતાં બોચાસણ આવી પહોંચ્યા.

અહીં તા. ૬/૧૨ની બપોરે ભોજન લઈ રહેલા તેઓને મંદિરના સેવક શ્રી હરમાનભાઈએ પૂછ્યું: 'ભગવાનનું જ કર્યું બધું થાય છે તો કોઈ ખરાબ કરતો હોય તો એ ભગવાન જ કરે છે?'

'ભગવાન તો સારું જ કરાવે છે. ભગવાને આપણને બુદ્ધિ આપી છે. એમાં ખબર તો પડે છે કે 'આ ખોટું થાય છે.' છતાં કરીએ એ આપણી આસક્તિ છે. એમાં બંધન થાય ને ભોગવવું પડે.'

આટલો સચોટ ખુલાસો આપી ધર્મજ અને પોરડાને સુખ આપતાં વસો પધારેલા સ્વામીશ્રી, અત્રે તા. ૭/૧૨ની સવારે શ્રી ગિરીશભાઈના ઘેર અલ્પાહારથી પરવાર્યા ત્યારે મુલાકાતીઓ કીડિયારાની જેમ ઊભરાયેલા. તે સૌ જ્યારે મળવા માટે પડાપડી કરવા લાગ્યા ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'બધા બેસી રહો. હું બધાને મળીશ. મળ્યા વગર ઊભો નહીં થઉં. તમે શું કામ ચિંતા કરો છો? મારે તમારી ચિંતા છે.'

ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે 'આપણા સ્વામી છે તેને આપણી ચિંતા છે...'[૧૬] આ રીત રાખી વર્તનારા સ્વામીશ્રીએ આશ્રિતોના શિરે કોઈ ચિંતા રહેવા દીધી નહોતી.

દિયે સુખ થાય જે દેતાં

વસોથી વિદાય લઈ માતર અને અમદાવાદને લાભ આપતાં તા. ૮/૧૨ની સવારે કોબા પહોંચેલા સ્વામીશ્રીના વરદહસ્તે અત્રે શ્રીમદ્ રાજચંદ્ર સાધનાકેન્દ્રમાં વિદ્યા-ભક્તિ-આનંદધામ હૉલનું ઉદ્ઘાટન થયું.

સ્થાનિક કાર્યવાહક પૂજ્ય આત્માનંદજીનો આ મનોરથ પૂર્ણ કરી, પુનઃ અમદાવાદ પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૯/૧૨ની સવારે સંસ્થાકીય પ્રકાશન ગૃહ અક્ષરપીઠના ભુવનનો વાસ્તુવિધિ કર્યો. ત્યારબાદ સંકુલમાં પગલાં કરીને બહાર આવેલા તેઓ સંબંધિત સૌને મળવા લાગ્યા ત્યારે એક નાનો બાળક ઘડીએ-ઘડીએ જયનાદ કરી રહ્યો, પણ પ્રત્યેક જય બોલાવ્યા બાદ એ તેના પિતા તરફ ફરીને નિરાશાભર્યો સૂર કાઢતો કે 'બાપા મારી સામું જ નથી જોતા.'

પરંતુ છેલ્લે નીકળતી વખતે એ બાળક પાસે આવી ઊભા રહેલા

---

૧૬. સ્વામીની વાતો: ૪/૭૬.

સ્વામીશ્રીએ પોતાના હાથમાં રાખેલાં પુષ્પો શિશુના શિરે પધરાવતાં સંતોને કહ્યું : 'આને પ્રસાદ આપજો.'

તેઓની આ દરકારથી એ બાળક સહિત સૌને ખ્યાલ આવ્યો કે સ્વામીશ્રીની મીઠી નજરમાંથી કોઈ બાકાત નથી.

આ પ્રતીતિ વિશેષ મજબૂત થાય એવું ચરિત્ર આજની સાંજને જોવા મળ્યું.

આજે સવારે અમદાવાદથી રકનપુર જઈ આવેલા સ્વામીશ્રીને બપોરે વિશ્રામમાં જવામાં વિલંબ થયેલો, તેમ છતાં પોણા ચાર વાગ્યે તો તેઓ મંદિરમાં ઠાકોરજીનાં દર્શને પહોંચી ગયા! 'તેઓ હવે ક્યાંક બહાર જઈ રહ્યા છે' તેનું આ ઇંગિત હતું; પરંતુ હજી તો સૌ આ અટકળનો તાળો મેળવે તે પહેલાં જ સ્વામીશ્રી ગાડીમાં બેસી વિદાય થઈ ગયા.

અત્યંત ચુપકીદી અને ચપળતાથી તેઓએ ગોઠવેલા આ કાર્યક્રમ અનુસાર મોટર વડોદરા તરફ ગતિ કરવા માંડી. અહીંની હૉસ્પિટલમાં સરકારી નિગમ GEDA(જેડા)ના નિયામક શ્રી કે. એસ. રાવ સારવાર લઈ રહેલા. આંધ્રપ્રદેશના વતની આ અધિકારીને પૂર્વ-સંસ્કારના પ્રતાપે સ્વામીશ્રીમાં અનહદ સ્નેહ બંધાઈ ગયેલો. તેના નાતે તેઓએ સંસ્થાનાં અનેક મંદિરોમાં સૌર શક્તિનાં મથકો ઊભા કરવામાં ઘણી મદદ કરેલી. તેઓના બનેવીએ ગઈકાલે સ્વામીશ્રીને જણાવેલું કે 'રાવસાહેબનું લીવર બંધ પડી જવાને કારણે પરિસ્થિતિએ ગંભીર રૂપ ધારણ કર્યું છે. છતાં તેઓ રાત-દિવસ આપનું ભજન કરે છે. અંતરમાં એમ રહ્યા કરે છે કે હવે દર્શન નહીં થાય.'

બસ! આ સાંભળ્યું ત્યારથી તે ભક્તની સુધ લેવાનું વિચારી લેનારા સ્વામીશ્રીએ આ માટે આવવા-જવાના આશરે ૨૫૦ કિ.મી.ના અંતરને વાટી દેવાની તૈયારી કરી દીધેલી.

આટલો ભીડો વેઠી તેઓ જ્યારે વડોદરાની ભાઈલાલભાઈ અમીન હૉસ્પિટલના પહેલા માળે પધાર્યા ત્યારે શ્રી રાવ તો ભાવવિભોર થઈ ગયા. ખાટલેથી ઊભા ન થવાય તેવી પરિસ્થિતિ હોવા છતાં તેઓએ પલંગ પરથી નીચે ઊતરીને ઠેઠ નીચા વળી સ્વામીશ્રીનો ચરણસ્પર્શ કર્યો. સ્વામીશ્રીએ તેઓને પાછા પલંગ પર બેસવામાં અને સૂવામાં મદદ કરી. ત્યારબાદ સમગ્ર શરીરે પોતાનો અભયહસ્ત પ્રસારતાં ધૂન આદરી. અંતે ઠાકોરજીનાં દર્શન કરાવી ભગવાનને શ્રી રાવના માથે પધરાવ્યા. તેની સાથે પ્રાસાદિક હાર પણ પહેરાવ્યો.

સ્વામીશ્રીની આ મમતાને આ અધિકારીનાં પરપ્રાંતીય સ્વજનો તો નિહાળી જ રહ્યાં. કોઈ ભગવાંધારી સંત એક ગૃહસ્થનું ટાણું આ રીતે સાચવે તે વાત જ તેઓને સમજ બહારની લાગી રહી. તેમાંય સ્વામીશ્રીએ જ્યારે મગસની ચપટી ભરી સ્વહસ્તે રાવસાહેબના મોંમાં મૂકી ત્યારે તો સૌને સ્વામીશ્રી જ સાચા સ્નેહી જણાયા.

પ્રસાદ જમાડી સ્વામીશ્રીએ આ મરણાસન્ન મુમુક્ષુને કહ્યું: 'આપને દર્શનની ઇચ્છા હતી, અમારે પણ હતી. બેઉની પૂરી થઈ! અમદાવાદથી ખાસ એટલે જ આવી ગયો. આપે ભગવાનની સારી સેવા કરી છે. બધાં મંદિરોમાં ગયા છો તો તેની સ્મૃતિ કરજો.'

સ્વામીશ્રીની આ કૃપાથી ગદ્‌ગદ શ્રી રાવ તૂટ્યા-ફૂટ્યા શબ્દોમાં હાથ જોડતાં આભાર માનવા લાગ્યા. પોતાની અલ્પ સેવાનું સ્વામીશ્રી આવું મહત્ ફળ આપશે તેની તો તેઓને કલ્પના જ નહોતી. પરંતુ પચીસેક મિનિટ સુધી રોકાઈને સ્વામીશ્રીએ આ ભક્તહૃદયને અહીં જ અક્ષરધામનો અનુભવ કરાવી દીધો.

આ રીતે એક ભક્તનો મનખો સુધારી તેઓ અમદાવાદ પરત ફર્યા ત્યારે રાત્રિના પોણા દસ વાગી ચૂકેલા. આ સમયે ઠાકોરજી જમાડી સ્વામીશ્રી પોઢ્યા. પરંતુ આ પ્રસંગ બન્યાના ચોથા જ દિવસે શ્રી રાવ અક્ષરવાસી થયા. તે વખતે *'કો'ય રોગી જોગી જાણી, જાય પોતે તિયાં તાણી; ખરી ખબર તેની લેતાં, દિયે સુખ થાય જે દેતાં...'* એ શ્રીજીમહારાજ માટે લખાયેલી પંક્તિઓ સ્વામીશ્રીમાં પણ અક્ષરશઃ સાર્થક થતી સૌ અનુભવી રહ્યા.

૭૧મો જન્મજયંતી મહોત્સવ

તા. ૧૦/૧૨ની સવારે અમદાવાદથી નીકળેલા સ્વામીશ્રી ગાંધીનગર અને રૂપાલને લાભ આપતાં રાત્રે પલિયડ પહોંચ્યા.

અત્રે તેઓએ તા. ૧૧/૧૨ની સવારે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી ગામવાસી હરિભક્તોનો દાખડો સુફળ કર્યો. આ જ હેતુસર આજની સાંજે ખોરજ ગામમાં પ્રથમ વાર પગલાં પાડી સ્વામીશ્રી રાત્રે સવા નવ વાગ્યે સારંગપુર પધારી ગયા.

અહીં સંતોએ તેઓના પ્રતીક જન્મોત્સવનો સાજ ગોઠવી રાખેલો. તે મુજબ સૌએ ફૂલના હિંડોળે સ્વામીશ્રીને પધરાવી તેઓને ફૂલની ચાદર

ઓઢાડી અને ફૂલની મોજડી પહેરાવી.

આ પગરખાં ધારણ કરીને જ સ્વામીશ્રી પોતાના નિવાસકક્ષમાં પધાર્યા ત્યારે અહીં સંતોએ પુષ્પમુગટ પહેરવા પ્રસ્તાવ મૂક્યો, જે સ્વામીશ્રીએ તરત જ ઉડાડી દીધો. છેવટે સૌએ 'મસ્તકથી એક વેંત અધ્ધર મુગટ પકડી રાખીશું' એમ કહેતાં ખૂબ આગ્રહ કર્યો ત્યારે સ્વામીશ્રી સંમત થયા. પરંતુ પ્રેમભક્તિ પાળ કૂદી ગઈ અને શીશથી અધ્ધર રાખેલો એ મુગટ બે-ચાર સેકન્ડ માટે સ્વામીશ્રીના શિરે સ્થપાઈ ગયો !

આ ઘટનાથી ઊઠેલા હર્ષોલ્લાસ વચ્ચે સ્વામીશ્રીએ તા. ૧૨/૧૨ની સવારે સારંગપુરની સીમમાં તૈયાર થયેલા વિદ્યુતમથકનું ઉદ્‌ઘાટન કર્યું.

ત્યારબાદ તેઓ બોટાદ થઈને ગોંડલ પહોંચ્યા ત્યારે આ નગર તેઓની ૭૧મી જન્મજયંતી ઊજવવા હિલોળે ચડેલું.

આ ભાવોર્મિઓ ઝીલતા સ્વામીશ્રીએ તા. ૧૩/૧૨ની સવારે ગુરુકુળના સંકુલમાં વિદ્યમાન હાઈસ્કૂલની નૂતન ઈમારતને ખુલ્લી મૂકી.

આ ગુરુકુળના બાળકોએ ઉઘરાવેલા ફાળાથી જન્મજયંતીની ઉત્સવ-સભાના મંચનું સુશોભન દીપી રહેલું.

આ સજાવટ તા. ૧૪/૧૨, માગશર સુદ આઠમના રોજ સ્વામીશ્રી બિરાજતાં જ સાર્થક થઈ રહી. તેને પાર્શ્વભૂમાં રાખી સંતો-ભક્તોએ સ્વામીશ્રીના ગુણાનુવાદ ગાયા.

ત્યારબાદ જન્મોત્સવ નિમિત્તે હારતોરા-વિધિ શરૂ થયો. તે વખતે ઈશ્વરચરણદાસ સ્વામી સ્વામીશ્રીને ધાણીનો હાર પહેરાવી પાછા ફરતા હતા ત્યાં જ તેઓને કઠોળનો હાર પણ પહેરાવવા માટે અપાયો. આ વજનદાર હારને સ્વામીશ્રીના કંઠમાં આરોપતાં એ વડીલ સંત બોલ્યા: 'બાપા ! આ હાર બહુ ભારે છે. નહીં પહેરી શકાય.'

'હલકો ને ભારે બંને પહેરવા પડે. સુખ ને દુઃખ બંને જોઈએ.' આમ કહેતાં સ્વામીશ્રીએ તે હાર પણ પ્રેમથી અંગીકાર કર્યો. તે વખતે *'સુખ-દુઃખ મેં સમતા સાધ રહે...'*નું સંતપણું તેઓના મુખારવિંદ પર ઝળકી રહ્યું.[17]

---

૧૭. સ્વામીશ્રીના ૭૧મા જન્મજયંતી મહોત્સવનો ઉલ્લાસ માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

અજન્મા જન્મ લે ત્યારે સુખ આવે

તા. ૧૪/૧૨ના રોજ ઊજવાયેલી ૭૧મી જન્મજયંતીની રાત્રે અગિયાર વાગ્યે સ્વામીશ્રી આરામમાં જવા ઊભા થયા. તે વખતે તેઓએ શાલ ઓઢીને સામે ઊભેલા યુવક સુરેશને જોઈ પૂછ્યું: 'કેમ, ઠંડી લાગે છે?'

'આ શાલ તો આપે આપી છે એટલે ઓઢું છું.'

'અમારે તો હજી આજે સાલ બેઠી.'

'શાલ' શબ્દનો શ્લેષ કરતાં સ્વામીશ્રી આમ બોલ્યા ત્યારે પેલા યુવકે કહ્યું : 'આપ તો અજન્મા છો.'

'અજન્મા જન્મ લે ત્યારે તો સુખ આવે છે. બાકી શું સુખ આવે?' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓના આ શબ્દો *'નિજજનના સુખ સારુ, ઈયાં આવવું છે તમારું...'*ના મર્મને ખુલ્લો કરી ગયા.

પરચા પર પરાભક્તિનો પડદો

આ અરસામાં યોગી શતાબ્દી નિમિત્તે યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં પદયાત્રાનું વાતાવરણ ખૂબ જામેલું. તે અંતર્ગત અઢીસો સંતો પણ ગોંડલથી ધારી સુધીની યાત્રા ખેડવાના હતા. તેનો ઉમંગ સ્વામીશ્રીને ઘણો હોવાથી તેઓએ તા. ૧૫/૧૨ની સવારે વ્યવસ્થાપક સંતોને કહ્યું: 'કાલે સંતોની પદયાત્રા નીકળવાની છે, તો અત્યારે બધા સાથે મંદિર ફરતી પાંચ પ્રદક્ષિણા ફરી લઈએ. બધી તૈયારી કરો.'

તેઓની આ ઇચ્છા અનુસાર ઠાકોરજીનો રથ, સંદેશસૂત્રો વગેરે સહિત પદયાત્રાનો તખ્તો ગોઠવાઈ ગયો. સ્વામીશ્રી પણ શિવરાજગઢના મંદિરમાં પ્રસ્થાપિત થનારી મૂર્તિઓમાં દૈવત પૂરી, સાડા અગિયાર વાગ્યે અક્ષર મંદિરના પ્રાંગણમાં આવી ગયા.

અહીં ઠાકોરજીનું પૂજન થયા બાદ મહંત સ્વામીએ સ્વામીશ્રીને ચાંદલો કર્યો. તે સાથે જ ઢોલ, ઝાંઝ વગેરે વાંજિત્રો ગુંજી ઊઠ્યાં. ધૂન રેલાવા લાગી. સ્વામીશ્રી પણ તાળીના તાલે ધૂન ઝીલતાં પ્રદક્ષિણા ફરવા લાગ્યા. તેઓને સંત-સમુદાય અનુસર્યો. આ રીતે અપૂર્વ હર્ષોલ્લાસ વચ્ચે પાંચ પ્રદક્ષિણા પૂરી થઈ ત્યારે સ્વામીશ્રીએ વધુ એક પ્રદક્ષિણા ફરવા ઈશારો કર્યો.

આમ, યોગીજી મહારાજનાં ચરણે ભક્તિઅર્ઘ્ય અર્પણ કરી તેઓએ આજની સાંજે અહીંથી વિદાય લીધી. પ્રયોજન હતું – મોખાસણના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા.

આ ગામના ભક્તોને સ્વામીશ્રીએ જણાવેલું કે 'મારે આ બહુ લાંબું પડશે. દોડાદોડી નહીં ફાવે. માટે પ્રતિષ્ઠા થોડી પાછળ રાખો કે ડૉક્ટર સ્વામી દ્વારા વિધિ કરાવી લો.' પરંતુ સૌના પ્રેમાગ્રહ આગળ ઝૂકેલા તેઓ આજની રાત્રે ગાંધીનગર રોકાઈને તા. ૧૬/૧૨ની સવારે મોખાસણ પધાર્યા.

અત્રે પ્રતિષ્ઠાવિધિનો સમૈયો શોભાવી પુનઃ ગાંધીનગર થઈને લીંબડી તથા રાજકોટને લાભ આપતાં, સ્વામીશ્રી તા. ૧૭/૧૨ની સવારે જામનગર પહોંચ્યા. અહીં આણદાબાવા આશ્રમમાં ચાલતા ભાગવત પારાયણને ધન્ય કરી તેઓ તા. ૧૮/૧૨ની સવારે રામકબીર હૉસ્પિટલમાં પધાર્યા.

આ સંકુલમાં સઘળે ફરી તેઓએ બાજુમાં આવેલી ગૌશાળાને પણ પાવન કરી. ત્યાં ત્રણ ગાયોને રોટલા અને ગોળ ખવડાવી તેઓ વિદાય લેવા તૈયાર થયા ત્યારે પૂજ્ય રામસ્વરૂપદાસજીએ ભેટ ધરી, પરંતુ તે ન સ્વીકારતાં સ્વામીશ્રી બોલ્યા : 'આપનો ભાવ-પ્રેમ છે એ ઘણું છે.'

તેઓ કદી કોઈ ધાર્મિક કે સામાજિક સેવાભાવી સંસ્થાની ભેટ ગ્રહણ ન કરતા. કદાચ કોઈ આગ્રહપૂર્વક આપે તો તેમાં સંસ્થા તરફથી રકમ ઉમેરાવી આપનારાને જ તે ભેટ પરત કરી દેતા.

આવા સૌજન્ય-સંપન્ન સ્વામીશ્રી આજની સાંજે સોનીની વાડીમાં સ્થાનિક શિક્ષકોના સંમેલનને સંબોધી બાલા હનુમાન સંકીર્તન મંદિરમાં પધાર્યા.

અહીં ચાલતી અખંડ રામધૂનનો આજે ૯,૯૯૯મો દિવસ હતો. તેને પોતાની પુનિત ઉપસ્થિતિથી સ્મરણીય બનાવી સ્વામીશ્રી શામજીભાઈ વેકરિયાના ઘેર પહોંચ્યા ત્યારે આ અગ્રણી સત્સંગીએ કહ્યું : 'બાપા ! આજે સવારે અમે ૧,૨૦૦ ભાવિકોની ધારણા રાખી રસોઈ કરેલી, પણ ૩,૫૦૦ જમી ગયા ! શહેરમાં લોકોને ચમત્કાર જ લાગે છે. આપે લાજ રાખી.'

'આપનો ભાવ હતો એટલે ભગવાને લાજ રાખી.' પરચા પર પરાભક્તિનો પડદો પાડતાં સ્વામીશ્રી બોલ્યા.

રસ્તાની વાતોમાં રમૂજ અને રહસ્ય

તા. ૧૯/૧૨ના રોજ પ્રાતઃપૂજા બાદ ઉપસ્થિત સૌને સ્વામીશ્રીએ

વ્યક્તિગત દર્શનનો લાભ આપ્યો, તેમ છતાં તેઓ દસ વાગ્યે જામનગરથી વિદાય લેવા તૈયાર થયા ત્યારે ચરણસ્પર્શ માટે પડાપડી થઈ રહી. તે સંભારતાં સ્વામીશ્રી ચાલુ ગાડીએ બોલ્યા: 'નીકળતી વખતે ગિરદી ન થાય એટલે તો પૂજા પછી સૌને મળી લઈએ છીએ, તોય લોકો ગિરદી કર્યા કરે છે. ટાઈમ ન હોય તોય પડાપડી કર્યા કરે.'

'એને જે જોઈએ એ આપી દો ને!' ગાડીચાલક ઈન્દ્રવદને કહ્યું.

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'એ તો આપીએ તોય ખૂટે તેમ નથી. આપીએ એમ વધારે માંગે. ગોપાળાનંદ સ્વામીની વાત તમને નથી ખબર?'[૧૮]

'તો સંતોષરૂપી ધન આપી દો.'

'એ વાત સાચી. એની તો અમે વાત કરીએ જ છીએ, પણ તે લેવા કોણ તૈયાર છે?'

'આપ બધા ગુણોની મોનોપોલી (એકાધિકાર) રાખીને બેઠા છો. નિર્માનીપણાની મોનોપોલી તમારી, પંચવર્તમાનની મોનોપોલી તમારી... પછી બીજામાં ક્યારે આવશે? હવે કાંઈ પોટલાં છોડો તો સારું.'

ગાડીચાલકનો આ મર્મ સાંભળી સ્વામીશ્રીના પુરાણા વિચરણના સાથીદાર દેવચરણદાસ સ્વામી બોલ્યા: 'પહેલાં તો ભેગા જ ફરતા તોય કોઈ આવતું નહીં ને અત્યારે અવસ્થા થઈ ત્યારે પડાપડી થાય છે.'

'યોગીબાપા કહેતા એવું છે!' આમ જણાવી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'પહેલાં ગામડે ફરતા ત્યારે સામેથી બોલાવીએ તોય માંડ આવતા ને અત્યારે તો પડાપડી.'

રસ્તાની આ વાતોમાં રમૂજ અને રહસ્ય – બંને છલકાઈ રહ્યાં. તે દ્વારા જીવ અને સ્વામીશ્રી – બેયની પ્રકૃતિનું દર્શન થતું રહ્યું. તે આજના પ્રવાસમાં રસ્તે આવેલાં ખંભાળિયા, ભાટિયા, બાંકોડી, રોઝીધાર અને લામધારને પણ માણવા મળ્યું.

આ પંથકમાંથી પ્રથમ વાર પસાર થઈ રહેલા સ્વામીશ્રીને વધાવવાનો સૌનો ઉત્સાહ અનેરો હતો. તેથી દરેક ગામે તેઓના સ્વાગતમાં આકર્ષક કમાનો ઊભી કરેલી. ઢોલ-ત્રાંસાંના ગડગડાટ સાથે શાળાના વિદ્યાર્થીઓ

---

૧૮. પાંચેક હજાર રૂપિયા મળી જાય એવી આશા સાથે ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદ લેવા આવેલા મુમુક્ષુની તૃષ્ણા વધતી જ ગયેલી તે પ્રસંગ સંપ્રદાય-પ્રસિદ્ધ છે.

તેમ જ સકળશ મહિલાઓ વગેરે પણ સ્વામીશ્રીના સત્કારમાં ખડે પગે હતાં.

આ ભક્તિભાવ અંગીકાર કરતાં કરતાં સ્વામીશ્રી બપોરે બાર વાગ્યે ખાખરડા પહોંચ્યા ત્યારે અત્રે ખુલ્લા ભાલા સાથે કેસરિયા સાફાધારીઓએ દરબારી સ્વાગત કર્યું. આ અભિવાદન સ્વીકારી સ્વામીશ્રી નવનિર્મિત શારદામંદિર હાઈસ્કૂલના પ્રાંગણમાં પધાર્યા.

અત્રે ધારાસભ્ય, જિલ્લા પંચાયત પ્રમુખ, સરપંચ વગેરે આગેવાનોની ઉપસ્થિતિમાં હાઈસ્કૂલનું વિધિવત્ ઉદ્‌ઘાટન કર્યા બાદ તેઓ નળિયાંવાળા બે ઓરડાના ખોરડામાં ઠાકોરજી જમાડી આજની સાંજે દ્વારકા પહોંચ્યા.

દ્વારામતીમાં સન્માન

દ્વારકામાં લોહાણા વાડી ખાતે યોજાયેલા જાહેર સન્માન સમારંભમાં પધારી રહેલા સ્વામીશ્રીને, સાવધાનની અદામાં ઊભા રહી ગયેલા હોમગાર્ડ્‌સના સંત્રીઓએ બંદૂકોનાં નાળચાં ખભે ઊંચાં કરીને 'ગાર્ડ ઑફ ઑનર'થી આવકાર્યા. તેઓને આશીર્વાદ આપી સૌના સ્નેહ-સત્કાર ઝીલનારા સ્વામીશ્રી રાત્રિરોકાણ માટે સર્કિટ હાઉસમાં પહોંચ્યા.

અત્રે શ્રી મોતીભાઈ પટેલ તથા શ્રી મગનભાઈ સોનીએ ગોઠવેલી વ્યવસ્થા અનુસાર પરવારેલા તેઓએ તા. ૨૦/૧૨ની સવારે દમ્માણી અતિથિ-ગૃહમાં પ્રાતઃપૂજા કરી મોરબી હાઉસને પાવન કર્યું.

અહીંથી ગોમતીના ઘાટે જઈ ગુગળીઓ દ્વારા કરાવવામાં આવતો પારંપરિક પૂજનવિધિ કર્યા બાદ સ્વામીશ્રીએ દ્વારકાધીશના મંદિરે આરતીનાં દર્શનનો લાભ લીધો. તે પછી દેવકી મંદિર, શારદાપીઠ વગેરે સ્થળોએ વંદન કરી તેઓ પુનઃ મંદિરના ૬૦ સ્તંભવાળા ઘુમ્મટ તળે પધાર્યા.

અત્રે સ્થાનિક પૂજારીએ સંકલ્પવિધિ સાથે ઠાકોરજી અને તેઓનું પૂજન કરી વૈષ્ણવી ખેસિયું ઓઢાડતાં શુભકામના વ્યક્ત કરી ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'અહીં એવો સંકલ્પ કરો કે મત્સ્ય-ઉદ્યોગ દૂર ચાલ્યો જાય. જય દ્વારકાધીશ ! આ અરજી ધ્યાનમાં લેજો.'

તીર્થની પવિત્રતા સંબંધી આ ખેવના સાથે તેઓ મીઠાપુરમાં આવેલા ટાટા કેમિકલ્સના ઔદ્યોગિક ગૃહમાં પધાર્યા. આ સંકુલને પાવન કરી આરંભડા અને સૂરજકરાડીને લાભ આપી સ્વામીશ્રી પુનઃ મીઠાપુર આવ્યા ત્યારે આજની સાંજે એફ.એચ.ટી.પી. મેદાનમાં તેઓનો ભવ્ય સન્માન સમારંભ યોજાયો.

નગરની વિવિધ સામાજિક સંસ્થાઓના અગ્રણીઓથી ભરચક આ સમારોહમાં સ્વામીશ્રીને સન્માનપત્ર આપી સૌએ નવાજ્યા.

મોટામાં મોટી માનતા

મીઠાપુરથી દ્વારકા પધારી ગયેલા સ્વામીશ્રીએ અત્રે તા. ૨૧/૧૨ની સવારે પ્રાતઃવિધિ પૂર્ણ કરી વિદાય લીધી. આ મુસાફરીમાં રસ્તે આવેલા જામરાવલ ખાતે જી. એલ. હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને ધર્મોપદેશ આપી તેઓ ગોરાણા પધાર્યા ત્યારે સ્થાનિક ભાવિકોએ તેઓનું ઉમંગભેર સ્વાગત કર્યું.

એ જ ઉત્સાહનાં મોજાં પર સવાર એક યુવાને સ્વાગત-સભા બાદ શ્રી નવલભાઈના ઘેર ઠાકોરજી જમાડતા સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આજે અમુક સંતોને પૂનમનો ઉપવાસ છે, તો તેઓ અહીં જમી લે એમ આજ્ઞા કરો.'

'સારું, આજે જમી લે. કાલે બીજો ઉપવાસ કરશે.' સ્વામીશ્રી સંમતિ આપતાં બોલ્યા. પરંતુ આટલું કહી તેઓએ ઉમેર્યું : 'હવે અડધો દરિયો તર્યા ને અડધો બાકી રહે તો ડૂબવા જેવું થાય.'

'પણ બાપા ! આપ મળ્યા ને ડૂબવાની વાત આવે તો તો થઈ રહ્યું ને !'

'તો તો અમારી મોટી ખામી કહેવાય.'

સ્વામીશ્રીના આ સહજ પ્રતિભાવમાંથી પોતાના આશ્રિતોને ઉગારવાની તેઓની ટેક દર્શાઈ રહી.

તે સાથે વિચરતા તેઓ ભોજન બાદ ગોરાણામાં જ અલ્પ વિશ્રામ લઈ સાંજે બાબડા પધાર્યા.

અત્રે બાબડેશ્વર મહાદેવમાં દર્શન-પૂજન કરી સ્વામીશ્રી ભારતીય સંસ્કૃતિ સંવર્ધક ટ્રસ્ટ દ્વારા સંચાલિત પાઠશાળામાં પહોંચ્યા. અહીં તેઓને શાળાના પંડિત-વેશધારી છાત્રોએ પુરુષસૂક્તનું ગાન કરી વધાવ્યા. ઢળતી સંધ્યાએ સામૂહિક વેદગાનના આ સૂરો સુંદરની સાથે સાર્થક પણ નીવડ્યા.

આ જ રીતે અહીંથી પોરબંદરના બિરલા હૉલમાં પધારેલા સ્વામીશ્રીનું નગરની પંદરથી વધુ સંસ્થાઓએ સત્કારના સૂરો રેલાવી બહુમાન કર્યું.

શહેરવાસીઓનું આ સન્માન સ્વીકારી ગુણાનુરાગી શ્રી રમેશભાઈ સિંધવના ઘેર રોકાયેલા સ્વામીશ્રીને મળવા તા. ૨૨/૧૨ની સવારે એક યુવક આવી ચડ્યો. તેણે કહ્યું : 'સ્વામી ! નાનપણથી હું અક્ષર દેરીની માનતા માનતો આવ્યો હતો. એ મારી ડાયરી ખોવાઈ ગઈ છે. મને હવે યાદ પણ નથી કે મેં

કેટલી માનતા માની હશે ! આપ કંઈક પ્રાયશ્ચિત્ત આપો.'

આ યુવાનને અક્ષર દેરીની દોઢસો પ્રદક્ષિણા ફરવાનું જણાવી સ્વામીશ્રીએ પૂછ્યું : 'તું રવિસભામાં જાય છે ?'

'ના.'

'મોટામાં મોટી માનતા એ ! નિયમિત રવિસભામાં જજે.'

સ્વામીશ્રીના મુખેથી રવિસભાનો મહિમા આગવી રીતે સરી પડ્યો.

અપમાનથી શોક ન થાય

પોરબંદરના નિવાસ દરમ્યાન તા. ૨૨/૧૨ની સવારે જૂના મંદિરે દર્શન કરવા ગયેલા સ્વામીશ્રીએ પુરાણી સ્મૃતિ વાગોળી કે 'પહેલાં પોરબંદર પથ્થર લેવા આવવાનું થતું ત્યારે અહીં જ ઊતરતો. તે વખતે કારભારી નરભેરામભાઈ હતા, એ મદદ કરતા.'

આ રીતે સુદામાપુરીનું સંભારણું યાદ કરી આગળ વધેલા તેઓ રાણા કંડોરડા, કુતિયાણા અને ઉપલેટાને પાવન કરતાં તા. ૨૩/૧૨ની સવારે ડુમિયાણી પહોંચ્યા.

અત્રે પીપલ્સ વેલફેર સોસાયટીના ૫૦ એકરના સંકુલને પાવન કરી જેતપુર પધારેલા સ્વામીશ્રી અહીં એક મંદિરના કોળીમંડપમાં રાજભોગ આરતી વખતે પ્રવેશવા ગયા, પરંતુ કો'ક સ્થાનિક સાધુએ તેઓને તોછડાઈથી રોક્યા અને અવિવેક દાખવતાં જાળી એવી રીતે બંધ કરી કે સ્વામીશ્રીને વાગતાં વાગતાં રહી ગયું ! આ બેહૂદા વર્તનથી સૌ સમસમી ઊઠ્યા.

તેના અનુસંધાનમાં જ એક ભક્તે શ્રી વિનુભાઈ બોસમિયાના ઘેર પહોંચેલા સ્વામીશ્રીને પૂછ્યું : 'આવા સ્થાનમાં જવાથી શું ફાયદો ?'

'દર્શન થાય એ ફાયદો.' શાંતિથી આટલું કહી વાતને યુક્તિપૂર્વક બીજા પાટે ચડાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'અમારે પહેલાં ગોંડલ જવું હોય તો મેઈલમાં બેસીએ ને અહીં જેતપુર સ્ટેશને ઊતરી જઈએ. અહીંથી ઘોડાગાડીમાં બેસીને અહીંના જ બીજા નવાગઢ સ્ટેશને પહોંચીએ. તો જ નજીક આવેલા જેતલસર જંક્શનેથી કીર્તિ મેલ પકડી શકાય. જો ચૂકી જઈએ તો ગોંડલ પહોંચતાં રાતના બે વાગી જાય. કીર્તિ મેલમાં આઠ-નવ વાગ્યે પહોંચી જવાય.'

આમ, પોતાના ચરિત્રમાં સૌના મનને પરોવી સ્વામીશ્રીએ પેલા

અપમાનની અકળામણ ઠારી દીધી. તેઓ દ્વેષી-દોષીની નિંદાને પણ કાઢું કાઢવા ન દેતા. *'અપમાનથી શોક ન થાય, કદી કોઈ સાથે ન રિસાય...'* એ સ્વામીશ્રીની કાયમી શૈલી.

આ દેખાય છે એ અક્ષરધામ છે

જેતપુરથી ગોંડલ આવેલા સ્વામીશ્રી સમક્ષ તા. ૨૫/૧૨ની સવારે અલ્પાહાર દરમ્યાન વ્યસનોથી થતા નુકસાનનું એક અખબારી લખાણ વંચાઈ રહેલું. તે સાંભળી સુરેન્દ્રસિંહે પૂછ્યું : 'બાપા ! એવું એકેય ડ્રગ છે કે જેનો કેફ ક્યારેય ઊતરે નહીં ?'

આ પ્રશ્નના ઉત્તરમાં સ્વામીશ્રીના મુખેથી ભક્તગાથા સરવા લાગી. તેઓએ કહ્યું :

''જે ભક્ત થયા એને ક્યાં કોઈ દિવસ કેફ ઊતર્યો છે ? જગતના પ્રશ્નો આવે તો પણ ક્યાં અસર થઈ ? જ્યાં જાય ત્યાં ભજન કરે ને કેફમાં ને કેફમાં રહે. અંબાલાલ કલ્યાણ યોજનાને આટલી ઉંમરે એટલો જ કેફ. *'યોગી તારાં ગાવામાં ગુણગાન...'* એ ગાયા જ કરે. આત્મશક્તિ જબરી. સી. ટી. (પટેલ) છે જ ને ! જ્યાં બેઠા ત્યાં સત્સંગની વાત ચાલ્યા જ કરે. ખાખરડાવાળા પથુભા છે ને ! અમદાવાદમાં બાજડિયા છે, ગમે એવો ડૉક્ટર હોય પણ એ સીધી વર્તમાનની જ વાત કરે.

કેનેડાવાળો ઉપેન્દ્ર છે, બે કિડની ફેઈલ છે ને ડાયલિંગ (ડાયાલિસીસ) કર્યા કરે છે, પણ 'જેવી મહારાજની મરજી,' ભજનમાં એ જ અલમસ્તાઈ ! 'મને કેમ દુઃખ આપ્યું ? હવે શું થશે ?' એવો કોઈ વિચાર જ નહીં. એને જોઈને આપણને વિચાર આવી જાય, પણ એને કાંઈ જ નહીં. વીરચંદ મોદીનો કેફ પણ ઊતરતો નથી...''

આમ, ભક્તમાળના એક-એક મણકા સ્વામીશ્રી ફેરવવા માંડ્યા, પણ ઘડિયાળ આડી આવતાં તેઓને અટકવું પડ્યું.

તે પછી શરૂ થયેલી મુલાકાતોમાં આવેલા બાળક હર્ષનીલે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! મને અક્ષરધામ બતાવો.'

'આ દેખાય છે એ અક્ષરધામ છે.'

સ્વામીશ્રીની આ સ્પષ્ટ વાણી બુદ્ધિમાનને પણ સમજવી અઘરી, તો બાળકનો શું ગજ વાગે ? તેથી તેણે કહ્યું : 'એવું નહીં. અંદર મહારાજની મૂર્તિ

દેખાય એવું અક્ષરધામ બતાવો.'

તે વખતે પણ સ્વામીશ્રી બોલ્યા: 'આ એ જ તો છે. બધું એકનું એક છે.'

પરંતુ સ્વામીશ્રીની ભૂમિકાએ પહોંચવું એ બાળક માટે કઠણ જ રહ્યું. એટલે તે ફરી બોલ્યો: 'એમ નહીં. મને આકાશનું અક્ષરધામ બતાવો.'

'એ મોટો થા પછી બતાવીશું.' આમ કહી તેને પ્રસાદનું બૉક્સ આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'લે, અત્યારે આ પ્રસાદ લઈ જા અને મંદિરમાં ઘનશ્યામ મહારાજનાં દર્શન કર.'

સ્વામીશ્રીના ઉપરોક્ત વાર્તાલાપમાંથી તેઓના સ્વરૂપનો ઉઘાડ ફૂટી નીકળ્યો. તે સમયાંતરે સમજાતાં આ બાળક સ્વામીશ્રીના વરદહસ્તે દીક્ષિત થઈ ગયો.[૧૯]

દિલ અતિ સ્વામીનું દિસે દયાળુ

ગોંડલના નિવાસ દરમ્યાન એક વાર સ્વામીશ્રીએ મેતા ખંભાળિયાના શ્રી ગાંગજીભાઈને યાદ કરતાં મંદિરના વ્યવસ્થાપકોને કહ્યું: 'એ હરિભક્તને હું બે-ત્રણ દિવસથી જોતો નથી. થોડા દિવસ પહેલાં મળેલા. જો આવે તો મને ભેગા કરજો.'

આ સૂચના અનુસાર મંદિરના કારભારીઓ બે-ત્રણ દિવસ સુધી નજર દોડાવતા રહ્યા, પણ પેલા હરિભક્ત ન દેખાતાં સ્વામીશ્રીએ કહ્યું: 'એમના ઘેર સ્કૂટર લઈને જાવ અને પૂછો કે શું તકલીફ છે?'

આ આદેશ મુજબ જ્યારે એક કાર્યકર્તા એ હરિભક્તના ઘેર પહોંચ્યા ત્યારે તેઓએ તરેહ-તરેહના કારણસર કશું કહેવાનું અને મંદિરે આવવાનું ટાળ્યું. છતાં સ્વામીશ્રીએ ફરી વાર તેઓના ઘેર કાર્યકરને મોકલ્યા.

આ બીજી વખતનું કહેણ જોઈ તે ભક્ત બીજા દિવસે આવ્યા ત્યારે સ્વામીશ્રીને આ અંગે વાકેફ કરવામાં આવ્યા. તે વખતે તેઓએ કહ્યું: 'મારા ઉકાળા-પાણી પછી એમને રૂમમાં લઈ આવજો.'

આ વ્યવસ્થા પ્રમાણે ગાંગજીભાઈને લઈ કાર્યકર સ્વામીશ્રી પાસે પહોંચ્યા ત્યારે એ હરિભક્તના હૈયાબંધ છૂટી ગયા. તેઓ સ્વામીશ્રીના ખોળે માથું મૂકી રડવા લાગ્યા. તેઓને સાંત્વન આપી સ્વામીશ્રીએ કહ્યું: 'શું થયું તે વાત કરો.'

---

૧૯. તેઓનું નામાભિધાન સાધુ અનંતનયનદાસ રાખવામાં આવ્યું.

તે વખતે ડૂસકાં ભરતાં એ હરિભક્ત કહેવા લાગ્યા: ''બાપા! મારે ખેતીની સાથે બોર કરવાનો ધંધો છે, પણ થોડાં વર્ષોથી બેય પડી ભાંગતાં મારા માથે દેવું થઈ ગયું છે. મેં થોડા દા'ડા પહેલાં આપની પાસે યોગી શતાબ્દી નિમિત્તે ૫૧,૦૦૦ રૂપિયાની સેવા લખાવી છે, પણ તે હું હાલ આપી શકું તેમ નથી. એટલે મને થયા કરતું કે 'મંદિરમાં કોઈ સેવાનું પૂછશે તો હું શું જવાબ આપીશ?' તેથી આવતો નહોતો.''

આ વીતક સાંભળી સ્વામીશ્રીએ કહ્યું: 'ભલા માણસ! તમે તો યોગી બાપાના વખતના છો. મને વાત કરી હોત તો! તમે ચિંતા ન કરો. તમારી બધી સેવા થઈ ગઈ.' આમ કહી સ્વામીશ્રીએ પૂછ્યું: 'અત્યારે કેટલી રકમ ખિસ્સામાં છે?'

'પચાસ રૂપિયા.'

'એ રકમ અક્ષર દેરીની ગલ્લાપેટીમાં નાંખી દેજો. તેમાં તમારી ૫૧,૦૦૦ રૂપિયાની સેવા આવી ગઈ અને કંઈ તકલીફ હોય તો અહીં મંદિરે આવી મળજો. જાઓ, આશીર્વાદ છે. મહારાજ સુખિયા કરશે.'

સ્વામીશ્રીના આ શબ્દો સરકતા સમયે સત્ય ઠરતાં ગાંગજીભાઈના કુટુંબનો વ્યવહાર સુધર્યો. પરંતુ આજનો આ આખો ઘટનાક્રમ જોઈ સૌ ચકિત રહી ગયા.

એક ભક્તને કનડતી વ્યથા અંતર્યામીપણે જાણી સ્વામીશ્રીએ જે રીતે તેઓની સંભાળ લીધી તે જોનારા ગાઈ ઊઠ્યા: *'દિલ અતિ સ્વામીનું દિસે દયાળુ, જન દુઃખ દેખી જણાય તે દુખાતું...'*

સંસાર છોડવાની વાતો સત્પુરુષ પાસે

તા. ૨૭/૧૨ની સવારે સાડા અગિયાર વાગ્યે સ્વામીશ્રી સભામાં પધાર્યા ત્યારે બાલમુકુંદદાસ સ્વામી કથા કરી રહેલા. પરંતુ સ્વામીશ્રીએ કહ્યું: 'લાવો, માઈક.' એમ કહી તેઓએ જ્યાં 'સ્વામીની વાત' સમજાવવી શરૂ કરી ત્યાં જ શાળાના બાળકો લઈને આવી પહોંચેલા શ્રીકૃષ્ણ પંડ્યા બોલ્યા: 'આજે સંસ્કાર-સિંચનની સભા હતી. એના વતી વિદ્યાર્થી આપને ફૂલ આપે છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ પૂછ્યું: 'શેની સભા? સંસાર છોડાવાની?'

'ના, સંસ્કાર-સિંચનની.'

'ઓહો! હું તો સંસાર છોડાવાની સભા સમજ્યો.' આટલું કહી

સ્વામીશ્રીએ ઉમેર્યું :

"મને થયું કે 'સંસાર છોડાવાની સભા વળી કોણ કરે?' એક જોગીબાપા કરી શકે, બાકી બીજું કોણ કરે? ગુણાતીત સ્વામીએ પેલા બ્રાહ્મણને કહ્યું ને કે 'ચોરાશીમાંથી બીજો કોણ કાઢી શકે?' એમ સંસાર છોડવાની વાતો સત્પુરુષ પાસે છે. બાકી તો બધે વિષયના આદર છે. બીજે ખંડન કરે તો પહેલાં પોતાને પાળવું પડે ને! જ્યારે અહીં તો મૂક્યું છે એટલે ખંડન કરે છે! અહીં તો આવે એટલે તરત પૂછે: 'નહાયા-ધોયા?' એટલે આ સંપ્રદાય ઊજળો કહેવાય છે. કેટલીક જગ્યાએ તો તમે જેમ કરો એમ! કલ્યાણ થવાનું હોય કે નહીં! વર-કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો. જ્યારે અહીં તો શિક્ષાપત્રી ઓપન રાખી છે. હરિભક્તો પણ સાધુના ધર્મ વાંચે. આચાર્યને પણ કહી શકાય કે 'આ શું થાય છે?'

મહારાજે બધું ચોખ્ખું કરી આપ્યું, જેથી ડાઘ લાગે નહીં. આપણને ચોખ્ખા બનાવીને લઈ જવા છે, એટલે જ ગુણાતીતને સાથે લાવ્યા છે. એમણે જ વાત કરી છે કે 'મારા કે'વાયા છો એમાં કસર રાખવી નથી.' એમના થયા હઈશું તો ભગવાનને ફિકર છે. બાકી ઉપરચોટિયા હઈશું તો એવા જ રાખશે. 'આવો... બેસો...' એમ કરે, પણ અંતરથી નહીં. અને જો ખરેખરા થયા હોઈએ તો ભક્તના પણ ભક્ત છે. એમના થઈશું તો છેલ્લી ઘડીએ પણ કસર કાઢશે. એ ગુના સામું જુએ એમ નથી. મંડીએ નહીં ને આઘાપાછા થઈએ તો સામુંય ના જુએ. પડ્યો રહે તો મોજ આવી જાય. આપણો પ્રયત્ન સો ટકા હશે તો દયા થશે જ!"

અમે તો ઠેકાણાવાળા માણસ છીએ

તા. ૨૮/૧૨ના રોજ ગોંડલથી વિદાય લઈ હવાઈમાર્ગે મુંબઈ પધારેલા સ્વામીશ્રીનાં દર્શને આજે જ પરણેલા યુવક શ્રી બિમલ મહેતા આવ્યા. તેઓને મોટો હાર પહેરાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આજે જેમ વ્યવહારનો ભાર ઉપાડ્યો એમ આ ભગવાનનો ભાર આપ્યો. આ ભાર રાખશો તો પેલો સંસારનો ભાર હળવો થઈ જશે. જીવનમાં કાયમ ભગવાનનો ભાર રાખજો.'

સ્વામીશ્રીની આ શીખમાં સાંસારિક ઉપાધિઓનું શમન અને સમાધાન છે.

આ રીતે સહજ વાર્તાલાપમાં પણ સૌને સુખિયા કરતા તેઓ તા. ૨૯/૧૨ની સાંજે ઘાટકોપરના જોલી જિમખાનામાં પધાર્યા.

અત્રે અજમેરા પરિવાર દ્વારા આયોજિત એક માંગલિક પ્રસંગને શોભાવી પુનઃ મંદિરે પહોંચેલા સ્વામીશ્રી પત્રવાંચનમાં પરોવાયા ત્યારે લંડનવાસી જયંતીભાઈનો ફોન આવ્યો. આ મુમુક્ષુએ થોડા સમય પહેલાં જ સ્વામીશ્રીને લખેલા પત્રમાં જણાવેલું: 'હું પહેલી તારીખે આપને ફોન કરીશ.'

તેથી સ્વામીશ્રીએ પૂછ્યું: 'તમે પહેલીએ ફોન કરવાનું કહેલું ને આજે કેમ કર્યો ?'

'પણ બાપા ! પછી આપના કાર્યક્રમનું ઠેકાણું નહીં ને !'

'અરે, હોય ! અમે તો ઠેકાણાવાળા માણસ છીએ.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના જીવનની આ જ એક ખૂબી હતી. તેઓ જેવું કોઈ ગતિશીલ નહીં અને તેઓ જેવું કોઈ સ્થિર પણ નહીં. શ્રીજીમહારાજની જેમ ગોદોહન-માત્ર એક ઠેકાણે ઠરનારા સ્વામીશ્રી, ઠાકોરજીનું ઠેકાણું મૂકી કદી આમ-તેમ ડોલ્યા નહોતા, પોતાની સાધુતામાંથી તસુભાર પણ ખસ્યા નહોતા.

તેથી જ તેઓની આવી આગવી શૈલી ધરાઈને જોનારી સન ૧૯૯૧ તા. ૩૧/૧૨ની રાત્રે બાર વાગ્યે વિદાય થઈ ત્યારે તે સ્વામીશ્રીને કહી રહી: *'મોટું ભાગ્ય માન્યું આજ મારું, મને દર્શન થયું તમારું...'*



થાય યોગીનો જયજયકાર

સન ૧૯૯૨

કરવું તો સાચું જ કરવું

'આ સાલ યોગીબાપાનો શતાબ્દી ઉત્સવ છે, તો એમના માટે જે બને એ આપણે કરવાનું છે, કારણ કે એમણે આપણા માટે બહુ કર્યું છે. દેહને ઘસી નાંખ્યો છે. એમણે આપણને ભગવાનનું સુખ આપ્યું એ ઓછી વાત નથી.'

તા. ૧/૧ની સાયંસભામાં આ હેતભરી હાકલ લગાવી સૌને શતાબ્દીની સેવા માટે કટિબદ્ધ કરતા સ્વામીશ્રી, તા. ૨/૧ની સવારે મુંબઈની ખ્યાતનામ હરકિસનદાસ હૉસ્પિટલમાં પધાર્યા.

અહીં તેઓનાં પગલાં ઝંખી રહેલા વહીવટકર્તાઓનું અભિવાદન સ્વીકારી આ રુગ્ણાલયને પાવન કરવા નીકળેલા તેઓ જ્યાં ગરીબ દર્દીઓને સારવાર અપાતી હતી તે વૉર્ડ નં. ૧માં તો ખાટલે-ખાટલે જઈ દરેકને મળ્યા.

તેઓની આવી પરગજુ પ્રકૃતિને કારણે જ તા. ૪/૧ની સવારે બોટાદની વડોદરિયા હૉસ્પિટલના ટ્રસ્ટીઓ પોતાની અસ્પતાલ સંસ્થાને સમર્પિત કરવાના હેતુથી દોડી આવ્યા. તેઓ સાથેની બેઠકમાં સ્વામીશ્રીએ જણાવ્યું:

'કોઈ પણ કામમાં અમારો તો સિદ્ધાંત જ છે કે કરવું તો સાચું જ કરવું. દેખાવની ભક્તિ નહીં, હૃદયની કરવી. લોકોને છેતરવાનો કોઈ અરથ નથી.

અમે હૉસ્પિટલનું હાથમાં લઈશું તો એ પણ સારું જ ચાલશે.'

હા, સારું કરવું અને સાચું કરવું – આ હતો સ્વામીશ્રીનો મુદ્રાલેખ.

તમે વહાલની છોળ, અમે તો છાંટો

તા. ૪/૧ની સાંજે સ્વામીશ્રી સભામાં પધાર્યા ત્યારે સભાગૃહ ૨,૦૦૦ બાલ-બાલિકાઓથી છલકાતું હતું. તેમાં શરૂ થયેલા કાર્યક્રમોની શૃંખલામાં 'અક્ષરધામ-પ્રાપ્તિ'ની રમત રમાડતાં સ્વામીશ્રી પોતે જ પ્રશ્નો પૂછતા ગયા અને પોતે જ ગુણાંક આપતા ગયા. આ સમયે તેઓ બાળકો સાથે એટલા ઓતપ્રોત થઈ ગયા કે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત જાણીતા કવિ અને નિબંધકાર શ્રી અનિલ જોષીને તેઓનું શૈશવ સાંભરી આવ્યું!

તેઓએ બાળકોને સંબોધતાં કહ્યું: 'હું ગોંડલમાં તમારા જેટલો હતો ત્યારે નિશાળેથી રોજ અક્ષર મંદિરે જતો. યોગીબાપા અમને ધબ્બો મારીને પ્રસાદ આપતા. એક બાળક જેવી પ્રકૃતિથી એમણે નિર્દોષતાનો જે સ્પર્શ આપ્યો છે એ આજે પણ લોહીમાં ભળી ગયો છે. હું એમના માટે એટલું જ કહીશ કે – *તમે વહાલની છોળ, અમે તો છાંટો; તમે સફરની રાત, અમે તો આંટો.*'

આવી હૃદયસ્પર્શી અનુભૂતિઓને ઘૂંટતાં સમાપ્ત થયેલી આજની બાળસભાને અનુસરતાં, તા. ૫/૧ની સવારે આવી પહોંચી યુવા-યુવતીઓની વિશેષ સભા. તેમાં રજૂ થયેલી ચર્ચા – 'આંતરિક વિકાસ માટે શું શ્રેષ્ઠ? પ્રવૃત્તિ કે નિવૃત્તિ?'નો નિવેડો લાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

'આપણે તો પ્રવૃત્તિમાં જ નિવૃત્તિ અને નિવૃત્તિમાં જ પ્રવૃત્તિ છે. ભગવાન અને મોટાપુરુષની આજ્ઞાથી જે જે કરીએ એમાં આંતરિક અને બાહ્ય વિકાસ છે અને મનની રીતે કરીએ તો નિવૃત્તિ પણ પ્રવૃત્તિ જ છે; એ બાહ્યવૃત્તિ જ કહેવાય. મનની રીતે સત્સંગની જ સેવા ભલે કરતો હોય, કથા-વાર્તા કરતો હોય કે વાસણ ઊટકતો હોય, તોય બંધન થવાનું જ છે! મે'તે આંખ મીંચીને બેસી રહે તોય ન્યૂન છે. 'હું જે કંઈ કરું છું એ આજ્ઞા મુજબ છે કે નહીં?' એ ધ્યાન રાખીને કરો એ શ્રેષ્ઠ છે. બેય માર્ગે બ્રહ્મરૂપ થવાય છે.'

આ જ રીતે આજની સાંજે આયોજિત રવિસભામાં પણ સ્વામીશ્રીએ કહ્યું: 'ભગવાને આ શરીર આપ્યું એ મોટામાં મોટી કૃપા. સાથે આવા સંતનો યોગ આપ્યો ને રહેવા-ખાવાની સાનુકૂળતા કરી આપી! આવું મંદિર આપ્યું! આ મૂકીને બીજે ફાંફાં મારીએ તો આપણા જેવા કોઈ મૂરખ નહીં. માટે

ભગવાનની કૃપાનો ઉપયોગ કરી લેવો, જેથી છેલ્લો જનમ થઈ જાય.'

संस्कृति के सबसे बड़े प्रचारक

તા. ૬/૧ની સવારે મલબાર હિલના એક આલિશાન ભુવનમાં પહોંચેલા સ્વામીશ્રીને અહીં નામાંકિત જૈન શ્રેષ્ઠી શ્રી મફતલાલ મહેતાએ પોતાના ૭૫મા વર્ષની પૂર્ણાહુતિ પ્રસંગે ખાસ નોંતરેલા. ઝગમગતાં ઝુમ્મર, ચકચકિત ફર્શ, કલાત્મક સુશોભન, આકર્ષક મંચ વગેરેથી ઓપતા તેઓના મહાલયમાં પહેલા માળે સ્વામીશ્રીના સ્વાગતનો માંગલિક વિધિ થયો. આ અવસરે હારને અનુરૂપ તોરાની જેમ અહીં મહાનુભાવોના મેળાવડા જેવું વાતાવરણ જામેલું. તેમાંના કેટલાક અગ્રણીઓએ અહોભાવ ઉચ્ચાર્યો કે 'પ્રમુખસ્વામી પોતે જ આજે જૈન સ્વરૂપે આવી ગયા છે. ભલે એ સ્વામિનારાયણના હોય, પણ એમનામાં કોઈ ભેદ નથી. બધા સાથે એકસરખો વર્તાવ અમે જોયો છે. રોજ હજારોની લાઇન લાગે, પણ બધાને પ્રેમથી મળે.'

આ બિરદાવલીઓ વચ્ચે યજમાનને તેઓના જન્મદિન નિમિત્તે આશીર્વાદ આપી, મંદિરે પરત આવેલા સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે મંદિરનો રસોઇયો હીરો મગસ લઈને આવ્યો. તેમાંથી ચપટી મિષ્ટાન્ન અંગીકાર કરનારા સ્વામીશ્રી આ રસોઈયાના વ્યવહાર સંબંધી વિગતમાં તો ઘણા ઊંડા ઊતર્યા. તે વખતે કલાકેક પહેલાં મલબાર હિલના શેઠિયાઓ સાથે જોવા મળેલી આત્મીયતા જ તેઓના આ રસોઇયા સાથેના વર્તાવમાં પણ જણાઈ આવી.

આવા જ પ્રેમભાવથી સ્વામીશ્રી તા. ૭/૧ની સવારે ઔદ્યોગિક ક્ષેત્રે નામાંકિત હિંદુજા પરિવારનું નિમંત્રણ સ્વીકારીને જૂહુના દરિયાકિનારે આવેલા તેઓના ઘેર પહોંચ્યા.

અહીં કુટુંબના અગ્રણીઓ શ્રી અશોકભાઈ અને પ્રકાશભાઈએ કરેલા યથોચિત સત્કારમાં કનખલ-સ્થિત અવધૂત આશ્રમના મહામંડલેશ્વર પૂજ્ય મહેશ્વરદેવ શાસ્ત્રી પણ જોડાયા. આ મહાત્માએ તો વાક્પુષ્પાંજલિ સમર્પિત કરી કે 'भारत में संस्कृति के सबसे बड़े प्रचारक प्रमुखस्वामी ही हैं।'

આ અહોભાવ ઝીલતાં સ્વામીશ્રી અત્રે સત્સંગનો લાભ આપી વિદાય થયા ત્યારે યજમાનના વિદુષી દીકરીએ શ્રી મહેશ્વરદેવજીને પૂછ્યું કે 'સ્વામીજી અમારી સામું ન જુએ ને અમને તેઓનો ચરણસ્પર્શ પણ ન કરવા દે તે કેવું ?'

આ ગડમથલને ઉકેલતાં પૂજ્ય મહેશ્વરદેવજીએ જણાવ્યું કે 'આ તો અમારી મૂળ પરંપરા છે. એને વળગી રહેનારા તો અમારા માટે પણ પૂજ્ય છે. જેમ આ ઘરમાં તમે ચોકીદાર રાખ્યો છે કે જે જેને-તેને અંદર આવવા ન દે. એ જે રીતે તમારી પ્રણાલી છે તે રીતે આ (સ્ત્રી-સાધુ મર્યાદા) એ એમની (સ્વામીજીની) પ્રણાલી છે.'

એક માન્યવર મહાત્માનો આ સંતોષકારક ખુલાસો સ્વામીશ્રીના શુદ્ધ વર્તન વિષે ઘણું કહી ગયો.

સહેજમાં આવ્યા સાગર પાર

તા. ૧૪/૧ની સવારે ઉત્તરાયણની પુણ્યપર્વણી ઊજવનારા સ્વામીશ્રી અલ્પાહાર બાદ મુલાકાતીઓને મળી રહેલા ત્યારે એક સંન્યાસી આવી પહોંચ્યા. ૩૬ વર્ષની ઉંમરે સંસારનો અંચળો ઉતારી અલફી પહેરનારા તેઓ હતા – હિમાલયની બર્ફીલી ગિરિમાળાના રહેવાસી. સત્યાનંદજી તેઓનું નામ. ગંગોત્રી, ગૌમુખ અને તપોવનમાં એકલા રહેનારા તેઓએ સંગ રાખેલો કેવળ સત્શાસ્ત્રોનો. પીગળેલા બરફના પાણીથી જ સ્નાન કરનારા તેઓ રોજ 'ૐ શ્રીકૃષ્ણાય નમઃ'નો જપયજ્ઞ ચલાવતા. પ્રતિદિન વિષ્ણુસહસ્રનામના ૧૦૮ પાઠની સાધના પણ તેઓએ કરેલી.

આમ, તપ, ભક્તિ અને જ્ઞાનના ત્રિવેણી સંગમે જ દોઢેક દાયકો વિતાવ્યો હોવા છતાં તેઓએ આજે સ્વામીશ્રીને પૂછ્યું: 'ભગવાનને પામવાની દિશામાં પ્રગતિ કેમ થતી નથી? આપ કહો તો ધ્યાનમાં ફેરફાર કરું. આપ જે કહો એ ઉપાય કરું.'

તેઓનો આ નિષ્કપટ ભાવ જોઈ કરુણાર્દ્ર થઈ ગયેલા સ્વામીશ્રીએ પૂછ્યું: 'તમે મૂર્તિ સામે રાખીને ધ્યાન કરો છો?'

'ના. રાસપંચાધ્યાયીની લીલાનું રોજ ધ્યાન કરું છું.'

આ સાંભળી સ્વામીશ્રીએ તે સંન્યાસીને પંચમૂર્તિ આપતાં કહ્યું: 'હવે આ મૂર્તિ સામે રાખીને ધ્યાન કરજો.'

સ્વામીશ્રીએ સંન્યાસીની વૃત્તિને પરોક્ષ ભક્તિમાંથી પ્રત્યક્ષ તરફ વાળી આપી, કારણ કે ભગવાનના સાક્ષાત્કારવાળા ગુરુ દ્વારા જ ભગવાનને પમાય.

તેઓની આ કૃપાથી ગદ્ગદ શ્રી સત્યાનંદજીએ પૂછ્યું: 'સ્વામીજી! મારી કસર ક્યાં છે એ બતાવો.'

'અત્યારે તો કશી કસર નથી, પણ જે છે એ પૂર્વનું છે. માટે દૃઢ વિશ્વાસ અને શ્રદ્ધા રાખીને આગળ વધજો. વાંધો નહીં આવે.'

સ્વામીશ્રીના આ માર્ગદર્શનથી એ સંન્યાસી નવી ઊર્જા પામ્યાના અનુભવ સાથે પ્રફુલ્લિત થઈ ગયા. કૃતજ્ઞભાવે વિદાય લેનારા તેઓના ઉરમાં પંક્તિઓ ગુંજી રહી: *'ભવસાગરમાં રે ગુરુ નાવે હું ચઢ્યો, સહેજમાં આવ્યા સાગર પાર...'*

આપ તો સત્સંગનું જીવન છો

તા. ૧૯/૧ના રોજ પવઈની સંસ્થાકીય વાડીએ ગુણાતીત દીક્ષાદિનનો ઉત્સવ ઊજવનારા સ્વામીશ્રીએ આજે અહીંના પ્રમુખસ્વામી સભાગૃહમાં ચિત્રપ્રતિમાઓનો પ્રતિષ્ઠાવિધિ પણ સંપન્ન કર્યો.

તેને અનુસરતાં, તા. ૨૦/૧ની સવારે દાદરના મંદિરની સમીપવર્તી જમીન પર તેઓના વરદહસ્તે યોગી સભાગૃહનું ખાતમુહૂર્ત થયું. તે દ્વારા મુંબઈના સત્સંગને વેગ આપી, સ્વામીશ્રી તા. ૨૧/૧ની બપોરે ત્રણ વાગ્યે ઊપડતી સયાજી ઍક્સપ્રેસ દ્વારા વલસાડ આવી પહોંચ્યા.

અત્રે કોસંબાના દરિયાકિનારે નિર્માણાધીન મંદિરની ખુલ્લી પ્લીન્થ પર જ તા. ૨૨/૧ની સાંજે યોજાયેલી સભામાં સૌને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આ તો મોટું યાત્રાધામ થશે. લાખો અહીં આવશે. તેનું પુણ્ય તમને મળશે.'

જે અદૃશ્ય હોય તેને પણ તાદૃશ જોતા હોય તેમ સ્વામીશ્રી બોલતા.

આવી આર્ષદૃષ્ટિ સાથે વિચરતા તેઓ કોસંબાથી નવસારી આવ્યા ત્યારે તેઓને અહીં તા. ૨૪/૧ની સવારે સંપ્રદાયના વયોવૃદ્ધ સદ્‌ગુરુ સંતવલ્લભ સ્વામીને હૃદયરોગનો હુમલો આવ્યાના ખબર મળ્યા. તેથી અન્ય કાર્યક્રમો મુલતવી રાખીને સ્વામીશ્રી હિંડોલિયા, બાજીપુરા, વ્યારા, બોચાસણ થઈ તા. ૨૫/૧ની સાંજે સારંગપુર આવી પહોંચ્યા.

તેઓ અને સંત સ્વામી દરેક મિલન વખતે પરસ્પર દંડવત કરતા, પરંતુ આજે સંત સ્વામી અસહાય હતા. છતાં સ્વામીશ્રીએ તો તેઓને બે દંડવત કરી જ લીધા. તે પછી તેઓ ખબર-અંતર પૂછવા લાગ્યા ત્યારે શ્રીજીમહારાજના જ્ઞાનને આત્મસાત્ કરનારા સંત સ્વામી તો જાણે કંઈ બીમારી જ નથી તેમ સ્વામીશ્રીને કહેવા લાગ્યા: 'આ (રોગ) તો શરીરના

ભાવ છે. (ધામમાં) લઈ જાઓ તોય દુઃખ નથી ને રાખો તોય દુઃખ નથી. આપનાં દર્શન થઈ ગયાં એટલે અક્ષરધામમાં બેઠા છીએ. તમારા જેવા પુરુષે દયાદૃષ્ટિ રાખી છે એટલે કોઈ અપૂર્ણપણું નથી.'

આ કૃતાર્થતા સાથે સ્વામીશ્રીનો વિશેષ મહિમા રેલાવતાં સંત સ્વામીએ કહ્યું: 'આપ તો શાસ્ત્રીજી મહારાજના જીવનપ્રાણ. આપનાં દર્શને અમર થઈ ગયો! પહેલેથી જ આપે મારી બહુ રક્ષા કરી છે. આફ્રિકામાં ફર્યા ત્યારેય રક્ષા કરી. શાસ્ત્રીજી મહારાજ સોંપીને ગયા ત્યારથી જ મારા પર આપની બહુ દૃષ્ટિ છે. એને લઈને જ શાંતિ છે. આપ તો સત્સંગનું જીવન છો. આખું વિશ્વ ડોલાવી દીધું. પહેલાં શાસ્ત્રીજી મહારાજ, જોગીબાપા, નિર્ગુણ સ્વામી... બધાયના ભાગ પડતા. આ તો બધાયને એક જ ભાગ. બધાયને દૃષ્ટિ આપના પર. શ્રીજીમહારાજનો, શાસ્ત્રીજી મહારાજનો પાવર ને શક્તિ; એટલે આટલી પ્રવૃત્તિ, કાર્ય કરી શકો, બીજાનું ગજું નથી. આખી દુનિયા ઝૂકી ગઈ. બધા હાથ જોડી ગયા કે 'પ્રમુખસ્વામી જૈસા હમારાથી કામ નહીં થઈ શકે. પ્રમુખસ્વામીએ હમારા ભેખની લાજ રાખી.'

ડૉક્ટરો અને સ્વામીશ્રી સ્વયં સંત સ્વામીને ન બોલવા વીનવી રહેલા, પરંતુ સ્વાસ્થ્યની પરવા તજી તેઓ સ્વામીશ્રીનાં ગુણગાન ગાતા રહ્યા.

ત્રેવીસ મિનિટની આ ભાવસભર મુલાકાત બાદ સભામાં પધારેલા સ્વામીશ્રીએ પણ આ વડીલ સદ્‌ગુરુનો ગુણભંડાર ખોલતાં કહ્યું કે –

'સંપ્રદાયમાં સંત સ્વામીનું મહત્ત્વનું સ્થાન. એમનામાં સાધુતા, કથા-વાર્તાનું અંગ અને જ્ઞાન તો ભરપૂર. હાર્ટ એટેક આવ્યો હોય એવું લાગે જ નહીં. આસક્તિનું વચનામૃત છે ને! ગમે એવા રોગમાં પણ કથા વખતે જાણે રોગ છે જ નહીં, એ અત્યારે જોયું. તેઓ આવ્યા ત્યારથી એક જ રહેણી-કરણી. આત્મારામ એટલે કાંઈ જોઈએ જ નહીં. આખા સત્સંગને એમના પર પ્રેમ. નવરા થાય એટલે વચનામૃત વગેરે વાંચ્યા જ કરે. શાસ્ત્રીજી મહારાજના વખતથી આ એમનું અંગ.

મારે પણ અહીં આવવાનું થાય ત્યારે રાતની કથા પછી આ સભા-મંડપના પહેલા થાંભલે બેસીએ, તે બાર વાગે. મહિમાની ને કેટલીક વ્યવહારની વાતો કરી એમાં માર્ગદર્શન મેળવું. યોગીબાપા ધામમાં ગયા પછી મોટી ચિંતા સંતોની (હતી પણ), અહીં ટ્રેનિંગ સેન્ટર ખૂલ્યું. એમણે તૈયાર કરેલા સંતો જ્યાં ગયા ત્યાં સારું કામ કરે છે. આવા સંતનાં દર્શન થતાં રહે એ

મોટી વાત છે. આવાં દર્શન કરીને શાંતિ થઈ ગઈ.'

સ્વામીશ્રીના મુખેથી અસ્ખલિતપણે 'સંત'મહિમા સરી રહ્યો.

સર્વાધાર સર્વના કર્તા

સંત સ્વામીના સ્વાસ્થ્ય-સમાચાર જાણી મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી વગેરે વરિષ્ઠ સંતો પણ સારંગપુર મુકામે આવી પહોંચેલા. તેઓ સહિત સૌ સંપ્રદાયના સ્તંભ સમાન આ વડીલ સદ્‌ગુરુની સુખાકારી માટે પ્રાર્થનારત હતા. તે જ વખતે, તા. ૨૬/૧ની રાત્રે સંત સ્વામીની તબિયત વધુ લથડતાં સ્વામીશ્રી રાત્રે પોણા અગિયાર વાગ્યે તેઓના ઓરડામાં જઈ પહોંચ્યા. અહીં નેત્રો મીંચી એકધારી ચાર મિનિટ સુધી ધૂન કરનારા તેઓ પોતાના ઉતારે આવ્યા પછીયે રાત્રે એક વાગ્યા સુધી પ્રાર્થના કરતા રહ્યા.

તેના પ્રતાપે જ તા. ૨૭/૧ની સવારે સમાચાર આવ્યા કે 'સંત સ્વામીના હૃદયમાં થયેલા બે બ્લૉકમાંથી એક અનિવાર્ય બ્લૉક એની જાતે જ છૂટો થઈ ગયો છે !'

તબીબો માટે પણ આશ્ચર્યરૂપ આ ઘટના જોઈ સૌએ સ્વામીશ્રીને કહ્યું : 'આપે પરચો પૂર્યો ખરો !'

'હા, એ થયું. પ્રાર્થના કરેલી.' સ્વામીશ્રીએ ટૂંકમાં જણાવ્યું.

સારંગપુરમાં આવતાંવેંત તેઓએ ઇચ્છા પ્રગટ કરેલી કે 'સંત સ્વામી યોગીબાપાની શતાબ્દી સુધી તો રહે.' તેઓના આ સંકલ્પ અનુસાર સુધરવા માંડેલા સંત સ્વામીના સ્વાસ્થ્યને જોઈ, 'સૌનાં નાડી-પ્રાણ સ્વામીશ્રીના નિયમનમાં છે' તે વાત ફલિત થઈ રહી.

આવા 'સર્વાધાર સર્વના કર્તા...' તેઓ પાસે આજે પોતાના પુત્રને લઈ આવેલા બોટાદના એક રહીશે કહ્યું : 'બાપા ! આ છોકરો આબુમાં ભણે છે, પણ એને સંડાસ જવાની સેન્સ (ગતાગમ) જ નથી. આપણે કહીએ ત્યારે જાય નહીં. પોતેય ના જાય ને પછી ચડ્ડી બગાડે.'

કોઈને પણ કંટાળો ઊપજે એવી આ વાતનો શાંતિથી પ્રતિભાવ આપતાં સ્વામીશ્રી પેલા નાદાન બાળકને સમજાવવા લાગ્યા કે 'હવે એવું ના કરતો, હોં ! જાજરૂ જવાની ઇચ્છા થાય તો તરત કહેવું અને તેં જોયું હોય તો ત્યાં પહોંચી જવું ને કામ પતાવી દેવું. એવું કરજે, હોં ! દબાવી ન રાખતો.'

સ્વામીશ્રીની સમજાવટમાંથી માતાનો પ્રેમ નીતરી રહ્યો. નાડી-પ્રાણના

નિયંતા તેઓ સંસારીઓની ક્ષુલ્લક સમસ્યાઓ પણ રસ લઈને ઉકેલતા !

અંતરે ઉદાસી રહે અભંગ જી

આ અરસામાં ડૉક્ટરની સૂચના મુજબ સ્વામીશ્રીને ગાજરનો રસ પીવા માટે અપાતો, પરંતુ તેઓ જાણે કોઈ દવા ગટગટાવતા હોય તેમ તેને એકધારો પી જતા. તેથી તા. ૨૮/૧ની સવારે આ રસનો પ્યાલો તેઓના હાથમાં આપતાં સેવકે કહ્યું : 'જરા ધીમે ધીમે પીઓ.'

'એક જ વખતે પી લેવું પડે. બાકી એક વાર મોઢું હટાવીએ તો પછી લેવાનો વિચાર ન થાય.' સ્વામીશ્રી બોલ્યા.

આ વૈરાગ્યવૃત્તિ સાથે ઔષધ અને અલ્પાહાર ગ્રહણ કર્યા બાદ તેઓ ઉતારાના હૉલમાં બિરાજી સૌને મળવા લાગ્યા. તે સમયે મંદિરમાં કામ કરનારા અનુસૂચિત જનજાતિના બે બંધુઓ દૂર ઊભા રહી દર્શન કરતા હતા. તેઓ પર નજર પડતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'આવો.'

'બાપજી ! ઝાડુ વાળવાવાળા છીએ.' તે બંનેએ દૂરથી જ પગે લાગતાં કહ્યું.

પરંતુ અગ્નિ અને આકાશને ભેદ શાના ? તેથી અગ્નિ જેવા પવિત્ર અને આકાશ જેવા અસંગી સ્વામીશ્રીએ, એ બંનેને પાસે બોલાવી આશીર્વાદ આપ્યા તથા કંઠી પહેરાવી.

આ કૃપાવર્ષાથી ઝૂમી ઊઠેલા તેઓને સ્વામીશ્રીએ હળવે રહીને બીડીનું વ્યસન છોડવા કહ્યું ત્યારે તેઓ બોલ્યા : 'અરે, મા-બાપ ! હમણાં જ બધું બાળી દઈશું. આપે અમને આપની નજીકમાં રાખ્યા એટલું ઘણું છે.'

સ્વામીશ્રીની હૂંફમાં વ્યસનોની ફૂંક તો ક્યાંય તણાઈ ગઈ !

આ રીતે સૌને સહજમાં સુખિયા કરતા સ્વામીશ્રીને પોષની કડકડતી ટાઢમાં ગરમાટો રહે તે માટે ઊનમાંથી બનાવેલાં રુંવાટાંવાળાં પગરખાં, તેઓ મંદિરના ઠંડા આરસ પર પગ મૂકે ત્યારે પહેરાવવામાં આવતાં. તે મુજબ તા. ૨૯/૧ની સવારે તેઓનાં ચરણ પાસે પગરખાં મૂકવામાં આવ્યાં ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આના કરતાં ચીંથરાનાં બનાવી દો ને !'

સ્વામીશ્રીને વિરક્તભાવ એવો સહજ કે તેઓની જીભે 'કપડાંનાં બનાવી દો'ને બદલે 'ચીંથરાંનાં બનાવી દો' એમ ફૂટી નીકળ્યું !

પરંતુ તેઓની આ વાત સાંભળી સંતોએ કહ્યું : 'બાપા ! આ છે તે ચીંથરાનાં જ કહેવાય ને !'

'પણ આ બધાં રુંવાટાં ને બધું શોભે નહીં. એના કરતાં ચીંથરાનાં સારાં.' સ્વામીશ્રી બોલ્યા.

ભગવાન વિષે દાસભાવ અને ભોગ વિષે ઉદાસભાવ તો તેઓને જીવનપર્યંત ટળ્યો નહોતો.

મુદ્દાની વાત

તા. ૩૦/૧ની સવારે સ્વામીશ્રી સંત સ્વામીના ખબર-અંતર પૂછવા પધાર્યા ત્યારે કાર્ડિયોગ્રામ લેવાનું નવું યંત્ર આવેલું. તેને સ્વામીશ્રી દ્વારા પ્રસાદીભૂત કરાવવાના હેતુથી ડૉક્ટરોએ સંત સ્વામીના શરીર પર નોબ લગાવીને તૈયાર રાખેલા. સૌનો મનોરથ પૂરતાં સ્વામીશ્રીએ પણ ગળામાં ડૉક્ટરની જેમ સ્ટેથોસ્કોપ ભરાવીને યંત્રની ચાંપો વારાફરતી દબાવી હૃદયના બધા જ પ્રકારના ગ્રાફ લીધા. ત્યારબાદ સ્વાસ્થ્ય-પત્રકમાં દર્દીના નામ તરીકે પૂજ્ય સંત સ્વામી અને તારીખમાં અંગ્રેજી આંકડા લખી વિગતેય ભરી.

તે પછી સ્ટેથોસ્કોપ વડે સંત સ્વામીની છાતી તપાસી તેઓએ બ્લડ પ્રેશર માપ્યું, ત્યારે સંત સ્વામીએ પૂછ્યું : 'શું આવ્યું ?'

'૧૧૫-૭૦.' કુશળ તબીબની જેમ સ્વામીશ્રી બોલ્યા.

આ સમયે આસપાસ બેઠેલા સંતોને ઉદ્દેશી સંત સ્વામી કહેવા લાગ્યા :

'બધા એક વાત સાંભળજો. થોડી વાત કરું છું. શ્રીજીમહારાજ અને ગુણાતીત સ્વામીની ૨૦૦મી જયંતી ઊજવી. શાસ્ત્રીજી મહારાજની ૧૦૦મી જયંતી ઊજવી. યોગીબાપાની ૧૦૦મી (જયંતી) ઊજવવા તૈયાર થયા છીએ. આવી હજારો જયંતીઓ ઊજવીએ, પણ એ પુરુષો આપણને માર્ગદર્શન આપવા નહીં આવે. એ બધા જ આ પુરુષ (સ્વામીશ્રી) દ્વારે પ્રગટ છે, તો એમના આદેશ પ્રમાણે જીવન બને એમ કરવું. દુર્લભમાં દુર્લભ સત્સંગ ને આ શરીર અને એથીય દુર્લભ આવા પુરુષ દ્વારા એકાંતિક ધર્મ સિદ્ધ કરવો, એ છે. ખોટું હોય તો પાછું આલજો.'

'ના, બરાબર છે. મુદ્દાની વાત થઈ !' શાખ પુરાવતાં સ્વામીશ્રી બોલ્યા.

શ્રીજીમહારાજે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૧માં પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંતની નિષ્ઠાને જ મુદ્દો ગણાવ્યો છે. એ મુદ્દા પર સ્વામીશ્રીએ આજે મહોર મારી આપી.

કોઈ દુઃખ ન થાય એ જીવનો સત્સંગ

સારંગપુર એટલે સંતો-સાધકોનું તાલીમ કેન્દ્ર. દીક્ષા લેવા ઇચ્છતા નવલોહિયા અહીં આવી એક વર્ષની સઘન તાલીમ લે. તે પછી તેઓ વણસીવ્યાં વસ્ત્રો ધારણ કરે. આ હેતુસર વિદ્યાનગરના છાત્રાલયમાંથી આવેલા કેટલાક યુવકો અત્રે સાધનાના પાઠ ભણી રહેલા. તે યુવાનોને સંભારતાં તા. ૩૦/૧ની રાત્રે ભોજન બાદ સ્વામીશ્રીએ કહ્યું : 'વિદ્યાનગરથી સાધુ થવા આવેલા યુવકોને બોલાવો.'

આ આદેશ અનુસાર સૌ એકત્રિત થયા એટલે તેઓને શીખ આપતાં સ્વામીશ્રી બોલ્યા :

''આપણે સાધુ થવાનો વિચાર કરીને આવ્યા છીએ તો દઢતા બરાબર રાખવી. મંદ વિચાર ના થવા દેવો. યોગીબાપા રાજી થાય એમ કરવું. હિંમત રાખવી. સેવા સોંપે એ કરવી. સાધુતાનો માર્ગ એ બેઝ (પાયો) છે. કથા ને સેવા એ અંગ દઢ કરવું. આરતીમાં, કથામાં આળસ ના કરવી. પોતાના સામી ને ભગવાન ને સંત સામી દૃષ્ટિ રાખવી. એ કેમ રાજી થાય એ જ કરવું. જ્ઞાનની દઢતા કરવી જેથી મન પાછું ના પડે. એમ કરતાં કરતાં આગળ વધાશે. આપણને સંભાળનાર ભગવાન છે.

કોઈ આળસ કરતા હોય એની સામું ન જોવું. જેમ સ્કૂલમાં પહેલો નંબર લાવવાની ઇચ્છા હોય, એ પ્રમાણે અહીં દૃષ્ટિ રાખીને કામ કરવું. યોગીજી મહારાજનું જીવનચરિત્ર, ભગતજી મહારાજનાં દૃષ્ટાંતો છે એનું વાંચન રાખવું. હળીમળીને રહેવું. આપણે ભગવાન ભજવા આવ્યા છીએ. જેમ-તેમ, જેવું-તેવું ચલાવી લેવું. એ ધ્યેય સાથે રહીએ એટલે વાંધો ન આવે. તુચ્છ પદાર્થ સારુ મન ખાટું ના કરવું. કોઈ દુઃખ ન થાય એ જીવનો સત્સંગ. જે પુરુષ મળ્યા છે એ સાચા છે. એમને આશરે બેઠા છીએ. આપણી મોટપ સેવામાં છે. પ્રવચન કરવું વગેરે તો જરૂરિયાત છે, પણ મોટપ તો આજ્ઞા પાળવામાં જ છે. શબ્દો વિચારવા ને ધારવા. ભક્તિ કરીને આગળ વધવું છે. ભગતજીને કેટલાં કષ્ટ આવ્યાં ? પણ સ્વામી રાજી હતા તો કંઈ ટોચો ન લાગ્યો. બીજું ગૌણ બની ગયું. સત્સંગ ચાલુ રહ્યો.

સત્સંગમાં પણ કુસંગ હોય. કથા કરતા હોય, સેવા કરતા હોય, પણ સાથે મોળી વાત કરે ને મોળા પાડે, એ પણ કુસંગ છે. એને જાણી રાખવા.

ઠાકોરજીના થાળમાં આવે એ જમી લેવું. ઓછામાં ઓછી વસ્તુથી કેમ ચાલે એ જોવું. ન મળ્યું તો ધોખો નહીં.

અહીં રજોગુણ-તમોગુણવાળા પણ હોય. ટકરામણ થાય, પણ જાણી લીધું હોય તો વાંધો ન આવે. આપણે મમત્વ ભગવાન અને સંતનો રાખવો. સરળતા રાખવી. આધ્યાત્મિક માર્ગે આ કામ લાગે. આપણું આ ઘર છે એને સ્વચ્છ રાખવું. તૂટે-ફૂટે નહીં એ ધ્યાન રાખવું. એ ભાવથી જોડાઈએ તો વાંધો નહીં. સૌનો મહિમા સમજવો.

સારા સંતોનો સમાગમ ને ઉત્તમ વિચાર રાખવો. રુચિ સારી હોય તો અંતે સહાય કરે. મોળો વિચાર હોય તો બધી રીતે મોળા પડી જવાય. બીમાર પડીએ ત્યારે વિચાર આવે કે 'કોણ સેવા કરશે?' પણ બધાની સેવા થઈ છે અને થાય છે. કોઈ પ્રશ્ન ઊભો ન થવા દેવો. શૂરવીર થયા છો તો હવે વિઘ્ન ન આવવા દેવું. પાછા ન પડવું."

સ્વામીશ્રીની વાતનો પ્રવાહ અખંડ ચાલુ હતો ત્યાં જ લંડનથી બે હરિભક્તના ફોન આવ્યા. એકને છૂટાછેડાની તકલીફ હતી, તો બીજાના લાખ પાઉન્ડ કોઈ ઉઠાવી ગયા હતા. તેઓને માર્ગદર્શન આપ્યા બાદ સ્વામીશ્રી યુવકોને કહેવા લાગ્યા :

'પૈસા ને બૈરાંનો મોહ જબરજસ્ત છે. એ બે છૂટે એટલે સુખિયો. શ્રીજીમહારાજે બેનો ત્યાગ કરાવીને સુખિયા કર્યા છે. રોટલા ખાવા છે એ તો ભગવાન આપે છે. હમણાં ફોન આવ્યો ને! ધંધામાં એવું છે. આપણે ભજનનો ધંધો સારો. *કર મન ભજનનો વેપાર.* એ વેપાર જેટલો કરીએ એટલો ખપે ને ના ખપે તોય વાંધો નહીં. ખબડદાર રહીને ભજન કરવું જોઈએ. બધા શૂરવીર થઈ જાઓ.'

સાધકોની ગળથૂથીમાં સ્વામીશ્રીએ અમૃતના ઘૂંટડા ઉતારી દીધા.

ભક્તવત્સલતા ભલી તારી રે

તા. ૨/૨ની સવારે સંત સ્વામીના ખબર-અંતર પૂછી સ્વામીશ્રી સંતોના વાચનાલયની પરસાળવાળા રસ્તેથી પોતાના ઉતારા તરફ જઈ રહેલા. તે વખતે અગાશી તરફ ઝૂકેલા લીંબડાની એક ડાળનો સહેજ ઊંચા થઈ સ્પર્શ કરતાં તેઓ બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજ કાયમ આ લીમડાને પાણી પાતા. જાતે જ ઉછેર્યો છે.'

ગુરુના સંબંધને પામેલાં વૃક્ષ-વેલીને પણ દિવ્ય, પૂજ્ય સમજતા સ્વામીશ્રી તા. ૬/૨ના રોજ બોટાદ પધાર્યા ત્યારે અત્રે વડોદરિયા હૉસ્પિટલને તેના ટ્રસ્ટીઓએ સંસ્થાને સુપ્રત કરી. હૉસ્પિટલના સંકુલમાં જ આ હસ્તાંતરણ સમારોહ યોજાયો હતો.

તે દ્વારા સમાજસેવાના ક્ષેત્રે એક નવું કદમ ઉઠાવી, સારંગપુર પરત ફરેલા સ્વામીશ્રી તા. ૭/૨ની સવારે અલ્પાહાર બાદ સૌને મળી રહેલા ત્યારે તેઓએ અચાનક એક સંતને બોલાવી કહ્યું : 'હમણાં નાસ્તા વખતે જમવામાં પૂલ્લા (પૂડલા) હતા. તે અને ગઈકાલે મેસુબ હતો એ, એક બોક્સમાં ભરીને લાવો. તાજપુરવાળા જીવરાજભાઈ માંદા છે તે આવી શક્યા નથી. એનો દીકરો આવ્યો છે, તો એની સાથે પ્રસાદી મોકલવી છે.'

આ લાગણી સાથે સ્વામીશ્રીએ મોકલાવેલા પ્રસાદને મમળાવતાં પેલા હરિભક્તનું હૈયું ભરાઈ આવ્યું. એક-એક સત્સંગીની સંભાળ લેવામાં પરોવાયેલા સ્વામીશ્રી સમાજસેવાને વીસર્યા નહોતા અને સમાજસેવામાં ઓતપ્રોત થવા છતાં તેઓ એકેય સત્સંગીને ભૂલ્યા નહોતા !

આ સંતુલન સાથે તા. ૭/૨ની સવારે સારંગપુરથી નીકળેલા સ્વામીશ્રી બોચાસણ અને સુંદલપુરાને લાભ આપતાં રાત્રે અટલાદરા પહોંચ્યા.

અત્રે તા. ૮/૨ની સવારે તેઓના વરદહસ્તે યોગી શતાબ્દી નિમિત્તે તૈયાર થયેલી અક્ષર પત્રિકાઓનું ઉદ્‌ઘાટન થયું. તેને ઘરોઘર પહોંચાડવાની હાકલ લગાવી સ્વામીશ્રી આજની બપોરે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે પોણા બે વાગી ચૂક્યા.

તેઓની આ ભીડાભક્તિ તા. ૯/૨ના રોજ વિશેષ ખીલી ઊઠી.

આજે વસંત પંચમીનો ઉત્સવ ઊજવ્યા બાદ બપોરે સવા એક વાગ્યે જમવા બેઠેલા સ્વામીશ્રી વિશ્રામ માટે પોઢ્યા ત્યારે તો બે વાગી ગયેલા. છતાં સાંજે વહેલા જાગેલા તેઓ પોતાની ક્રિયામાં ઉતાવળા જણાતા હતા. તેનો ઘટસ્ફોટ કરતાં તેઓએ જ વૉકિંગ બાદ આસન-પ્રાણાયામ વખતે કહ્યું : 'આપણે હરીશભાઈ દવેના કાર્યક્રમમાં જવું છે. એમણે તો કોઈ જાતનો આગ્રહ રાખ્યો નથી, પણ એમનાં ભોગ-સમર્પણ તો જુઓ !'

સંસ્થાના સેક્રેટરી તરીકે સેવા આપી રહેલા શ્રી હરીશભાઈ દવેના પુત્ર ચિંતનને યજ્ઞોપવીત આપવાનો કાર્યક્રમ અત્યારે આણંદની ઠક્કરવાડીમાં ચાલી રહેલો. તેમાં સ્વામીશ્રીની આજ્ઞાથી સદ્‌ગુરુ સંતો, કોઠારી સંતો તથા

અન્ય કાર્યવાહક સંતો ઉપસ્થિત હતા જ; પરંતુ ભક્તો પ્રત્યે અખૂટ અને અતૂટ પ્રીતિ ધરાવતા સ્વામીશ્રી આ અવસરે પહોંચવા અધીરા બની રહ્યા. આ તાલાવેલી સાથે તેઓ પોણા આઠ વાગ્યે પ્રસંગના સ્થળે જઈ પહોંચ્યા ત્યારે યજમાન સહિત સૌ પરિવારજનો ગદ્ગદ થઈ ગયા.

આંખમાંથી હર્ષાશ્રુ ખેરવતાં તેઓએ કરેલું સ્વાગત સ્વીકારી સ્વામીશ્રીએ બાળબટુને આશીર્વાદ આપ્યા. તે વખતે જનોઈધારી આ કુમારને ભેટ ધરવા કો'ક સંતે એક છબી સ્વામીશ્રીને આપી, પરંતુ તે અવળી હોવાથી સહજ જિજ્ઞાસા સાથે સ્વામીશ્રીએ તેને સવળી કરી તો પોતાની જ તસવીર જોતાં તેઓ બોલ્યા : 'આમાં શું આપવાનું ? મહારાજની મૂર્તિ આપો ને !'

આમ કહેતાં તેઓએ શ્રીજીમહારાજની છબી ભેટ ધરી સૌને આશીર્વાદ પાઠવ્યા. તેમાં યજમાનની સેવાને બિરદાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'હરીશભાઈ પહેલેથી જ સંસ્કારી જીવ. ભાવના બહુ સારી. સેવામાં જોડાયા ત્યારથી એકધારું જીવન. દરેક બાબતમાં ચોકસાઈ બહુ. આળસ નહીં. સરળતાથી, દરેકને સંતોષ થાય એ રીતે રહેવાનું. સંસ્થાનો હિસાબ-કિતાબ ચોક્કસ રાખે. દિવસે કામ અધૂરું રહી ગયું હોય તો રાત્રે ઘેર લઈ જઈનેય બાર વાગ્યા સુધી પૂરું કરીને પછી જ સૂએ.'

આ અંજલિ સાથે એક ભક્તનો અવસર ચિરસ્મરણીય બનાવી અટલાદરા પહોંચેલા સ્વામીશ્રીની ગાડી મંદિરે થંભી ત્યારે રાત્રિના સવા નવ વાગેલા, પરંતુ વાંચવા માટે હાથમાં લીધેલો પત્ર અધૂરો હોવાથી સ્વામીશ્રી તે ટપાલ પૂરેપૂરી વાંચ્યા પછી જ ગાડીમાંથી નીચે ઊતર્યા ! કામને અધૂરાં છોડવાની તેઓને આદત નહોતી.

દુઃખનો વિષય

તા. ૧૧/૨ની સવારે ચાણસદમાં સ્વામીશ્રીના પ્રાગટ્યસ્થાને તેઓની આરસ-પ્રતિમા મહંત સ્વામી દ્વારા પ્રતિષ્ઠિત થતાં સર્વત્ર આનંદ-ઉલ્લાસ ફરી વળ્યો. આ રીતે ભારતભરમાં સ્વામીશ્રી પહેલી વાર બિરાજતાં આ પ્રસંગે હાજર રહેલા સંતો જ્યારે આજની બપોરે અહેવાલ આપવા લાગ્યા ત્યારે તે સૌ પણ ઉત્સાહમાં હતા. પરંતુ સ્વામીશ્રી પ્રતિભાવશૂન્ય રહ્યા. હા, છેલ્લે તેઓ એટલું બોલ્યા કે 'બધું જરૂર વગરનું કરે છે.'

આવા નિરપેક્ષ અને નિરભિમાની સ્વામીશ્રી પાસે આજની સાંજે

આવેલા શ્રી રમેશભાઈ પટેલના ઘેર આવતીકાલે સાંજે સ્વામીશ્રી અને સંતોના ભોજનનો કાર્યક્રમ સરતચૂકથી ગોઠવાઈ ગયેલો, કારણ કે આ દિવસે સુદ નોમની તિથિ હોવાથી સંતોને તો ઉપવાસ હોય. તેથી પેલા ગુણાનુરાગીએ કહ્યું: 'સ્વામી ! મારી વિનંતી છે કે સંતોને કાલે જમવાની છૂટ આપો.'

'કાલે ભલે ઉપવાસ કરતા. બીજે દા'ડે તમારે ત્યાં સંતોને જમવા મોકલીશ.'

'પણ સ્વામી ! આપની સાથે સૌ જમે એ જોઈને મને આનંદ થશે.'

'પણ અહીં અમને દુ:ખ થાય છે ને !' સ્વામીશ્રી બોલ્યા.

તેઓને ઉપવાસમાં કાપ મૂકવા માટે આવતી વિનંતીઓ પ્રત્યે અરુચિ રહેતી. તેથી તેઓ ઉપવાસમાં છૂટ આપવા બાબતે ઝટ મચક ન આપે. ક્યારેક હરિભક્તના પ્રેમાગ્રહ સામે નમતું જોખી જમવાની સંમતિ આપે, પણ તે વખતે વિષાદની ઝાંય સ્વામીશ્રીના અંતરમાં ફરી વળે.

મહિમા વગરનું કરે એ વૈતરું

તા. ૧૨/૨ની સવારે સ્વામીશ્રીના અલ્પાહાર વખતે વંચાઈ રહેલા ગ્રંથમાં વાત આવી કે 'વૈતરું ના કરવું...'

યોગીજી મહારાજના આટલા જ ઉદ્‌ગારના આધારે સ્વામીશ્રીના મુખેથી સેવાનો સદ્‌બોધ વહેવા લાગ્યો કે –

''મહિમા વગરનું કરે એ વૈતરું. 'આવી પડ્યું એટલે કર્યા વગર છૂટકો નહીં' એવી ભાવનાથી થાય એ વેઠ કહેવાય. જિંદગી સુધી સેવા કર્યા જ કરવી. અખંડ રાજીપો લેવો હોય તો મનનું મૂકીને કરવું. સેવાનો દેખાવ ના કરવો. સ્વામી બેસે ત્યાં સુધી આઘા-પાછા થાય ને પછી સૂઈ જાય, એવું નહીં. સ્વામી બધે દેખે જ છે. સેવામાં યુક્તિ ના કરવી. વારે વારે કામ ચીંધવું ના પડે. સમૈયા-ઉત્સવમાં ઓળખીતા આવ્યા હોય તો સેવામાં મંડી પડવું. આ કામ સોંપવાનું જ ના હોય. સેવાથી જ્ઞાનનો પ્રકાશ થઈ જાય. સેવક થાય તો બધાને પ્રેમ થાય. પગે લાગીને સેવા કરીએ તો મોટપ.''

સ્વામીશ્રીએ આજે છેડેલી સેવાની સરગમ તેઓની જીવનવીણામાંથી ઊઠેલી છે તે તેઓની આ સમયની શારીરિક સ્થિતિ જોતાં સહેજે કળાઈ આવે એમ હતું.

આ અરસામાં સ્વામીશ્રીના નાકમાં તકલીફ થવાને કારણે નિયમિતરૂપે

ટીપાં નાંખવામાં આવતાં. તેથી કેટલીક વાર છીંકાછીંક થતી. તે અળસાવવા દવા ચોપડવાનું શરૂ થયેલું. વળી, આંખોના લેન્સ પણ અવારનવાર ખૂંચતા રહેતા. ક્યારેક તો ચાલુ સભા કે મુલાકાતો વખતે તે કાઢી નાંખવા પડતા. તે પછી સ્વામીશ્રી જાડા કાચનાં ચશ્માં પહેરી કામ ચલાવતા. યોગ્ય ચોકઠાંના અભાવે ખાવા-પીવામાં તો મુશ્કેલી હતી જ! સતત વિચરણને લીધે વારંવાર કફ, શરદીની બીમારી પણ આવતી. જો કે તેને તો સ્વામીશ્રીએ માંદગીનો દરજ્જો જ નહોતો આપ્યો. 'એ તો એક જગ્યાએ બેઠા હોય તોય થાય' – એમ કહી તેઓ આવી તકલીફોને ગણકારતા જ નહીં.

તેથી જ તો સ્વામીશ્રી તા. ૧૪/૨ના રોજ ભાંગતી તબિયતે પણ મોભા ગામમાં સંસ્કારધામનું ખાતમુહૂર્ત કરી પુનઃ અટલાદરા આવી પહોંચ્યા.

પ્રભુ નિજજનને હમેશ પાળે

અટલાદરામાં તા. ૧૫/૨ની સવારે અલ્પાહાર બાદ સ્વામીશ્રી ભોંય પર જ પાથરેલી ગાદી પર બિરાજી મુલાકાતીઓને માર્ગદર્શન આપી રહેલા. તે વખતે તેઓની નજર દૂર ઊભેલા નાગજીભાઈ પર જતાં તેઓએ મંડાળાના આ અશક્ત અને થોડા લકવાગ્રસ્ત ભક્ત માટે ખુરશી મંગાવી. તે પર બેઠેલા એ હરિભક્ત જ્યારે ક્રમાનુસાર સ્વામીશ્રીને મળવા આવ્યા ત્યારે તેઓ ખુરશીમાં હતા અને સ્વામીશ્રી નીચે! આ રીતે તેઓ સાથે થઈ રહેલા વાર્તાલાપમાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'શેમાં આવ્યા?'

'સ્કૂટર ઉપર. મારો દીકરો લઈ આવ્યો.'

હરિભક્તનો આ ઉત્તર સાંભળી સ્વામીશ્રી મૌન સેવી રહ્યા, પરંતુ જ્યારે એ ભક્ત મળીને ઓરડાના બારણે પહોંચ્યા ત્યારે કાર્યકરો માટે તેઓના મુખમાંથી બે ભલામણો સરી પડી – એક તો એ કે 'આ બિચારા સ્કૂટર પર કેવી રીતે આવ્યા હશે? કોઠારીને કહો કે તેઓને ઘેર જવા માટે મોટરની વ્યવસ્થા કરે.' બીજી એ કે 'એ અહીં આવ્યા છે તો એમને ખુરશીમાં બેસાડી ઠાકોરજીનાં દર્શન કરાવવા લઈ જજો.'

સંતાન સાથે ઓતપ્રોત થયેલી 'મા'ની જેમ સત્સંગીઓની સગવડ સાચવતા સ્વામીશ્રી.

આ ખેવના સાથે તેઓ આજની રાત્રે સવા દસ વાગ્યે પોઢવા પધાર્યા ત્યારે સેવકે કહ્યું: 'સ્વામી! આપને વહેલા સૂઈ જવાનું મન નથી થતું?'

'ના, કોઈ દા'ડો વહેલા સૂવાનું મન જ નથી થતું.' સ્વામીશ્રી બોલ્યા.

આમ, સમાજની સુખાકારી માટે સતત જાગ્રત તેઓનાં કરકમળો દ્વારા વડોદરા મુકામે તા. ૧૬/૨ની સવારે 'પ્રમુખસ્વામી હૉસ્પિટલ ઍન્ડ રીસર્ચ સેન્ટર'નો પ્રારંભ થયો. આ સેવાકાર્યની વિશેષતા જણાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'ઘણા વખતથી વિચાર હતો ને ભગવાનની ઇચ્છાથી હૉસ્પિટલનું સારું ગોઠવાઈ ગયું. અહીં આવશે એને દેહનાં દર્દ મટશે અને આત્માનાં પણ મટશે.'

સ્વામીશ્રીનાં કાર્યોમાં આત્માની માવજતનો મુદ્દો તો હોય જ!

તેથી તા. ૧૮/૨ની સવારે તેઓએ નેપાળી યુવાન શ્રી લાલબહાદુર ભંડારીને જોતાં કહ્યું: 'કેમ અત્યાર સુધી દેખાતો નહોતો? છેલ્લા ચાર દિવસથી હું રોજ યાદ કરતો હતો. મનમાં વિચાર આવે ને પાછું પૂછવાનું ભૂલી જવાય. રોજ તારે આવી જવું.'

આવી જ લાગણીથી તેઓ આજે એક દેવીપૂજકને પણ સ્પર્શ્યા. આ ફાળિયાબદ્ધ હરિભક્ત જ્યારે દર્શને આવ્યા ત્યારે તેઓની ઓળખ આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ સોખડાનો મંગળ. યોગીબાપાના આશીર્વાદથી સત્સંગી થયો, બાકી ઊડતાં પંખી પાડતો હતો.'

આટલું કહી તેઓની આંખે હાથ ફેરવતાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'હવે બરાબર દેખાય છે ને?'

હા, તેઓની આ દરકાર જોઈ સૌને *'પ્રભુ નિજજનને હમેશ પાળે...'*નું દર્શન સ્વામીશ્રીમાં બરાબર દેખાઈ રહ્યું.

માન્યામાં ન આવે એવું

સ્વામીશ્રીના અટલાદરામાં રોકાણ દરમ્યાન યોગી શતાબ્દીનો નાદ સમગ્ર શહેરમાં ગુંજે તે હેતુસર, તા. ૧૨/૨ના રોજ અલકાપુરીના વિશ્વાસ કૉલોની મેદાન, તા. ૧૭/૨ની સાંજે માંજલપુરના ગજાનન ગ્રાઉન્ડ, તા. ૧૮/૨ના દિવસે IPCL વસાહતના પ્રાંગણ તથા તા. ૧૯/૨ની સંધ્યાએ કારેલીબાગની આમ્રપાલી સોસાયટીના મેદાનમાં ભવ્ય જાહેર-સભાઓ થઈ.

તે દ્વારા શહેરવાસીઓમાં સારો સમાસ કરાવી સ્વામીશ્રી તા. ૧૯/૨ની રાત્રે મંદિર-સંકુલના વિસ્તરણ સંબંધી એક મીટિંગમાં બિરાજ્યા. તેના અંતે સંનિષ્ઠ યુવકો શ્રી ભરતભાઈ દેસાઈ તથા દિલીપભાઈને પ્રસાદ આપતાં તેઓ

બોલ્યા : 'બેય મંદિર માટે જ જન્મ્યા છે.' વળી, ઉમેર્યું : 'બે નહીં, ચારેય.'[૨૦]

સૌની સેવાને સંભારવી-બિરદાવવી એ સ્વામીશ્રીનો સહજ સ્વભાવ.

તે સાથે તેઓ તા. ૨૦/૨ની સવારે કરાલી પહોંચ્યા ત્યારે અહીં તેઓને જોઈ પોલીસ સબ ઇન્સ્પેક્ટર શ્રી હિંમતસિંહ વાળા આશ્ચર્ય પામતાં બોલી ઊઠ્યા : 'મને માન્યામાં નથી આવતું કે આપ આવા અંદરના ગામ સુધી પધારો.'

જ્યાં રખડતો માણસ પણ ન પહોંચે તેવા આ અંતરિયાળ ગામમાં કોળી ભક્તો વિશેષ માત્રામાં હતા. તેઓને સભાલાભ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આવા જંગલના પ્રદેશમાં રહીને આપ સંસ્કારને જાળવી રહ્યા છો. આ સંસ્કાર સાચવીએ તો ઝૂંપડામાં રહીએ કે મહેલમાં, મોટા જ છીએ. ઝૂંપડામાં આ સંસ્કાર હશે તો એ મહેલ કરતાં પણ અધિક છે.'

માનવીય મોટપના આ માપદંડ સાથે વિચરતા સ્વામીશ્રી. તેથી અહીં જ બપોરનાં ભોજન-વિશ્રામ લઈ તેઓએ સાંજે ચૂડેલ ગામની એક ઝૂંપડીમાં પધરામણી કરી આદિવાસી ભક્તનો મનોરથ પૂર્યો.

એ જ હેતુસર પાવી-જેતપુર પધારેલા સ્વામીશ્રી અત્રે સંસ્થાએ સંપાદિત કરેલી દસ એકરની જમીન પર, સામાજિક ઉત્કર્ષના કેન્દ્રનું ભૂમિપૂજન કરવા ઉપસ્થિત થયા ત્યારે બત્તીઓના અજવાળે મગતરાં-મસીઓનો જાણે વરસાદ શરૂ થઈ ગયો! શરીરને વાગે તેમ આ જંતુઓનો ધોધ વછૂટ્યો હોવાથી સ્વામીશ્રીની આંખોમાં તે જીવાત ઘૂસી ન જાય એ હેતુથી તેઓને અંધારામાં પણ ગોગલ્સ પહેરાવવા પડ્યા. આ અવસ્થામાંયે સ્વામીશ્રી તો સ્વસ્થતાપૂર્વક પોતાનું કામ કરતા રહ્યા.

આ રીતે ભૂમિપૂજન કર્યા બાદ તેઓ બાજુમાં આવેલી શંકર ટેકરી ઉપર વસેલા પુરાતન શિવમંદિરે પધાર્યા ત્યારે તેઓના આગમનથી હરખાઈ ઊઠેલા મહંત શ્રી કુમાર સ્વામીએ જણાવ્યું : 'आज हमारे गुरुजी तो नहीं हैं। आप ही हमारे गुरुदेव हैं। भगवान कैसे हैं? तो स्वामीजी! आप जैसे हैं! भगवान तो मेरे लिए बाद में हैं, आप ही पहले हैं।'

સ્વામીશ્રી દ્વારા ગુરુ-ગોવિંદ બેય પામ્યાનો આનંદ અનુભવતા આ મહંતજીએ સ્વામીશ્રીની સ્મૃતિ સાચવી રાખવા પાદુકાઓ તૈયાર રાખેલી. તે ઠાકોરજીને ધરાવ્યા બાદ સ્વામીશ્રીએ પોતાનાં ચરણ મૂકી પ્રસાદીભૂત કરી

---

૨૦. આ યુવકોના અન્ય ભાઈઓ શ્રી ભૂપેન્દ્રભાઈ તથા નિખિલેશદાસ સ્વામીના સંદર્ભમાં

અને રાત્રે આઠ વાગ્યે જઈ પહોંચ્યા – માર્કેટ યાર્ડના પ્રાંગણમાં.

અત્રે પાંચ કલાકથી રાહ જોઈને બેઠેલા સભાસદોએ તેઓને જયનાદોથી વધાવ્યા. પાવી-જેતપુરના નગરપતિથી લઈને જિલ્લા પંચાયત પ્રમુખ સહિતના કંઈક આગેવાનોથી ભરચક આ સભામાં સૌને રૂડા આશીર્વાદ પાઠવી સ્વામીશ્રી રાત્રે જ બોડેલી પહોંચી ગયા.

અહીં તા. ૨૧/૨ની સવારે જલારામ નેત્ર ચિકિત્સાલયના દર્દીઓને આશીર્વાદ પાઠવી તેઓ વાસણાને લાભ આપતાં કોસીન્દ્રા પહોંચ્યા. આ ગામમાં પણ સંસ્કારધામનો ખાતવિધિ કરી સ્વામીશ્રી અટલાદરા અને વાસદ થઈને તા. ૨૨/૨ની રાત્રે બોચાસણ પધાર્યા.

અમે ક્યાં કોઈ દા'ડો મનધાર્યું કર્યું છે !

બોચાસણમાં તા. ૨૩/૨ની સવારે ગામના રણછોડજી મંદિરમાં પુનઃ પ્રતિષ્ઠા કરી ધર્મજ પધારેલા સ્વામીશ્રીએ અહીં જલારામ નેત્ર ચિકિત્સાલયના ઑપરેશન થિયેટરનું ઉદ્‌ઘાટન કર્યું.

તે પછી આજની સાંજે વિદ્યાનગર-સ્થિત છાત્રાલયના વાર્ષિકોત્સવ પ્રસંગે પધારેલા તેઓના વરદહસ્તે, તા. ૨૫/૨ની સવારે હાડેવાના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા.

તે દ્વારા ગામવાસી ભક્તોની સેવાને સાર્થક કરતા સ્વામીશ્રી અત્રે બપોરનો વિશ્રામ લઈ જાગ્યા ત્યારે તેઓનું સાયંભ્રમણ નૂતન મંદિરના હૉલમાં ગોઠવાયેલું. આ માટે પહેરવાના બૂટ કાપડના જ હોવાથી ઠાકોરજીની મર્યાદાનો ભંગ થાય તેમ નહોતું. છતાં તે પહેરીને વૉકિંગ કરવામાં સ્વામીશ્રીનું મન ન માન્યું અને તેઓએ ભોજનશાળાનાં મેલાં પાથરણાં પર ખુલ્લા પગે ભ્રમણ આરંભ્યું.

તેના પ્રત્યેક પગલે પરાભક્તિની છાપ છોડતા સ્વામીશ્રીએ આજની સાંજે લીંબાસી, ત્રાજ અને માતરને લાભ આપતાં પુરુષોત્તમપુરાને પાવન કર્યું.

અહીં તેઓ કેવળ પ્રાસાદિક સ્થાનનાં દર્શનનો હેતુ રાખીને જ આવેલા, છતાં ઔપચારિક રૂપે યોજાયેલી સભામાં વગર માઇકે તેઓએ ૪૦ મિનિટ સુધી આશીર્વર્ષા કરી.

ત્યારબાદ ઠાકોરજી જમાડી પરવારેલા સ્વામીશ્રીને સંતોએ પૂછ્યું: 'અહીં જ બેસવું છે કે અંદર રૂમમાં તૈયારી કરી છે ત્યાં જવું છે?'

આ સાંભળી સ્વામીશ્રીએ કોઈ પ્રતિભાવ ન આપ્યો, પણ છેવટે સૌની ઇચ્છા જાણી તેઓ ઓરડામાં જવા ઊભા થયા. તે વખતે ભગવત્ચરણદાસ સ્વામીએ મર્મ કર્યો કે 'તૈયારી હોય ત્યારે મનનું ધાર્યું મૂકવું પડે.'

આ સાંભળી ચાલી રહેલા સ્વામીશ્રી સહેજ અટકીને બોલ્યા: ''અમે ક્યાં કોઈ દા'ડો મનધાર્યું કર્યું છે! તમે કહ્યું કે 'અંદર ચાલો', તો આ અંદર આવ્યા.''

ગુરુપદે હોવા છતાં સ્વામીશ્રી હંમેશાં શિષ્યોનું કહ્યું જ કરતા રહેતા. તેઓનાં ભોજન, ઉતારા, વાહન, આસન, સભા-કાર્યક્રમ, દૈનિક ક્રમ વગેરે બધું જ સંતો-ભક્તો ગોઠવે તેમ ચાલતું. સભામાં પણ ક્યાં બેસવું? કેટલા સમય સુધી બોલવું? વગેરેનો નિર્ણય આયોજકો કરે. તેઓના વપરાશની વસ્તુઓ જેવી કે પેન-પગરખાં, પલંગ-પથારી, ચશ્માં-વસ્ત્ર વગેરે પણ સંતો જ નક્કી કરે. કોઈ પ્રકારની પસંદગી સ્વામીશ્રીએ પોતાના કબજામાં રાખી નહોતી.

જે રીતે માનવીને એક અઠવાડિયું પસાર કરવું મુશ્કેલ થઈ પડે તે રીતે ૪,૯૪૦ અઠવાડિયાં સંપૂર્ણ સરળતા સાથે વિતાવનારા હતા સ્વામીશ્રી.

ચાર દરદો સાથે ચાલે છે

તા. ૨૫/૨ની રાત્રે પુરુષોત્તમપુરાથી રઢુ પધારેલા સ્વામીશ્રી અત્રે શ્રી હર્ષદભાઈ પટેલના ઘેર પોઢવાની તૈયારી કરતા હતા ત્યારે તેઓનાં નેત્ર વગેરે અંગોમાં જુદી જુદી પ્રકારનાં ઔષધીય ટીપાં નાંખવામાં આવ્યાં. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'અત્યારે ચાર દરદો સાથે ચાલે છે. દાંતનું છે, ગળાનું છે, આંખનું છે ને કાનનું પણ છે.[૨૧] ભગવાનને સંભારીને કામ ચાલે છે.'

દર્દોના હુમલાઓની વચ્ચે અપૂર્વ આત્મનિષ્ઠા અને અખંડ ભગવત્-સ્મરણ રાખી કામ કરતા સ્વામીશ્રી.

આ રીત સાથે તા. ૨૬/૨ની સવારે કાછિયા પંચની વાડીનું ઉદ્‌ઘાટન કર્યા બાદ તેઓ અત્રે રઢુમાં પારાયણનો લાભ આપી રસિકપુરા થઈને વૌઠા પહોંચ્યા. અહીં સંસ્થાકીય વાડી યજ્ઞપુરુષ બાગને પાવન કરી દહેગામ પધારેલા સ્વામીશ્રીએ તા. ૨૭/૨ની સવારે મંદિરનું ખાતમુહૂર્ત કર્યું.

તે પછી નિકટવર્તી નાંદોલ ગામમાં સત્સંગનો લાભ આપી, તેઓ તા.

---

૨૧. આ અરસામાં સ્વામીશ્રીને નાકની દવા પણ ચાલુ હતી.

૨૮/૨ની સવારે ગોધમજી(ગાંઠીઓલ) અને આજની સાંજે બ્રહ્મપુરી તથા કુકડિયાને પાવન કરતાં ખેડબ્રહ્મા પધાર્યા.

અત્રે મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે આગમન હોવાથી સૌએ સ્વામીશ્રીને ઉત્સાહભેર વધાવ્યા. તેને અનુસરતાં, યોજાયેલી સ્વાગત-સભામાં તલોદથી આવેલા મૂક-બધિર વિદ્યાલયના કિશોરોએ *'થઈ રહ્યો છે જયજયકાર...'* કીર્તનના તાલે રાસ રજૂ કર્યો.

તેઓનો આ ભક્તિભાવ સ્વીકારી શ્રી સુમનભાઈ પટેલના ઘેર પધારેલા સ્વામીશ્રીએ રાત્રે અગિયાર વાગ્યે પોઢતી વખતે વાત કરી કે 'ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી બેય મહાસમર્થ. એ આજ્ઞા કરે કે 'આમ વરસાદ જા', તો થાય! પણ બેયના દેશમાં વરસાદનાં ઠેકાણાં નહીં. આ બાજુ ભાદરા ને આ બાજુ ઈડરિયા પથરા.'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગારમાં હાલારથી લઈને સાબરકાંઠા સુધીના સૂકા પ્રદેશની ચિંતા ડોકાઈ રહી.

આવાં કંઈક કષ્ટો અને માનસિક બીમારીથી પીડાતા સમાજને ઉગારવા માટે જ તેઓએ તા. ૧/૩ની સવારે ખેડબ્રહ્માના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. આ અવસરે નગરની હાઈસ્કૂલમાં સંસ્થા વતી બંધાયેલા બે ઓરડાઓનું પણ ઉદ્‌ઘાટન કરી સ્વામીશ્રી સાંજે હિંમતનગર પધાર્યા.

અગવડોની ઐસી-તૈસી

હિંમતનગરમાં મંદિરની દશાબ્દીના પ્રસંગે પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨/૩ની સવારથી હિંમત હાઈસ્કૂલના પ્રાંગણમાં ભાગવત પારાયણનો પ્રારંભ થયો. તેની સાથે આ શાળાએ તા. ૪/૩ના રોજ વાર્ષિકોત્સવ ઊજવવાની તક પણ ઝડપી લીધી.

તેમાં ધર્મલાભ આપી ગુણાનુરાગી શ્રીચંદભાઈ તલરેજાના બંગલે પધારેલા સ્વામીશ્રીને મળવા આજની સાંજે શ્રી અરુણભાઈ આવ્યા. અક્ષરધામનાં ઉદ્યાનોની ગોઠવણીમાં માર્ગદર્શન આપનારા આ નિષ્ણાતને સ્વામીશ્રીએ કહ્યું : 'બગીચાનું કામ એવું કરો કે આવનાર લોકોને કાયમ માટે લાગે કે બસ! અહીં જ બેસીએ.'

આમ, અક્ષરધામને સર્વાંગ સુંદર બનાવવાની નેમ રાખી કાર્ય કરતા

સ્વામીશ્રીને આ સમયે આંખોમાં થયેલી ફોલ્લીઓ એ હદે કનડી રહેલી કે તે માટે મુંબઈથી ડૉક્ટરને બોલાવવા પડ્યા. છતાં તા. ૪/૩ની રાત્રે તેઓએ સૂઝેલી આંખે અને સભામાં રહેલા ઓછા-આછા અજવાળે ટપાલોનું કામ હાથમાં લેતાં પત્ર-પરિચારક ધર્મચરણદાસ સ્વામીએ પૂછ્યું: 'આવા ઝાંખા પ્રકાશમાં વાંચતા ફાવશે?'

'વાંધો નહીં આવે.' દૂર ઝગતી ટ્યૂબલાઇટ બતાવતાં સ્વામીશ્રીએ કહ્યું.

વ્યવસ્થાની ઊણપ તેઓની સેવામાં કદી મોળપ લાવી ન શકતી.

તાજેતરમાં રઢુ મુકામે પણ અપૂરતા પ્રકાશમાં પત્રો લખતા સ્વામીશ્રીને એક સંતે કહેલું: 'હું તો આટલા અજવાળામાં ન વાંચી-લખી શકું. તમને કેમનું ફાવે છે?'

'એમાં શું ન ફાવે? બધું ફાવે. હવે કામની વાત કરો.' આમ કહેતાં સ્વામીશ્રીએ અગવડની વાત જ ઉડાવી દીધેલી.

જેમ પર્વતોને ચીરતી નદી ચાલી નીકળે તેમ અગવડોની ઐસી-તૈસી કરતી સ્વામીશ્રીની સેવા-સરિતા હરદમ વહેતી રહેતી.

અમને બોલાવ્યા શું કામ?

હિંમતનગરના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ તા. ૫/૩ની સાંજે હાઈવે પર આવેલી મૂક-બધિર શાળાને પાવન કરી, તો તા. ૬/૩ની સાંજે તેઓએ સાંબરકાઠા જિલ્લાના સર્વપ્રથમ કેન્દ્રીય વિદ્યાલયને પણ ઉદ્‌ઘાટિત કર્યું.

પારાયણની સમાંતર યોજાતા રહેલા આવા વિવિધ કાર્યક્રમોની શ્રૃંખલામાં, તા. ૭/૩ના રોજ મંદિરનો દશાબ્દી દિન આવી પહોંચ્યો. આ દિવસ પાટોત્સવનો હોવાથી ઠાકોરજીનું વિધિવત્ પૂજન કરવાની ઇચ્છા સ્વામીશ્રીને હતી, પરંતુ તેઓ પ્રાતઃપૂજાથી પરવારી મંદિરે પધાર્યા ત્યારે અહીં તો ૩૦૦ યજમાનોની ઉપસ્થિતિમાં સઘળો વિધિ પૂર્ણ થઈ ચૂકેલો અને ઠાકોરજી સમક્ષ અન્નકૂટ પણ ગોઠવાઈ ગયેલો. સ્વામીશ્રીને અલ્પાહારમાં મોડું ન થાય તે હેતુથી વ્યવસ્થાપકોએ આવી તકેદારી રાખેલી.

જો કે તે સ્વામીશ્રીને ખટકતાં તેઓએ સંબંધિત સંતોને ટકોર કરી કે "તમે લોકોએ ક્યારેય ઠાકોરજી આગળ પહેલો અન્નકૂટ ગોઠવાયેલો જોયો છે? વિધિ એટલે વિધિ. રીતસર થવી જ જોઈએ. 'સ્વામીને તકલીફ ન પડવી જોઈએ' એટલું જ સમજ્યા છો. અમારી સગવડ સાચવવા માટે

તમે ભગવાનને ગૌણ કરો છો. તેમાં કોઈ દિવસ સુખી નહીં થાવ એ સમજી રાખવું. તમારે ઉતાવળે પતાવવું હતું તો અમને બોલાવ્યા શું કામ ? દશાબ્દીનો પથારો શું કામ કર્યો ? ભગવાનની સગવડ સાચવો. એ પહેલાં. વિધિ પૂરેપૂરી થવી જ જોઈએ.'

સ્વામીશ્રીના શબ્દે-શબ્દે આસ્તિકભાવ અને સેવકભાવ નીતરી રહ્યો. તેઓને મન વિધિ-વિધાન એ કેવળ કર્મકાંડ નહોતો, પરંતુ ભગવાનની સેવાનો મોકો હતો.

દેવા ટેવ તુજને સદા

હિંમતનગરમાં દશાબ્દીનો જયકાર ગુંજાવી સ્વામીશ્રી ગાંધીનગર, અડાલજ, કલોલ, પલસાણા, કડી, મહેસાણા અને વીસનગરને લાભ આપતાં તા. ૧૦/૩ની સાંજે ઊંઝા પધાર્યા.

અત્રે તેઓ ઉમિયા માતાનાં દર્શન કરી આ જ મંદિરના પ્રાંગણમાં યોજાયેલી સભામાં પહોંચ્યા ત્યારે શિસ્તબદ્ધ ઉપસ્થિત સૌએ તેઓને વિવિધ ઉપચારોથી આવકાર્યા. આ સત્કાર સ્વીકારી સ્વામીશ્રીએ તા. ૧૧/૩ના રોજ તત્કાલીન એશિયાની મોટામાં મોટી બજાર તરીકે વિખ્યાત અહીંના ગંજમાં પધરામણી કરી ત્યારે પણ સૌએ બૅન્ડ-વાજાં ગગડાવી તેઓને વધાવ્યા. આ આદર ઝીલતાં સ્વામીશ્રી ગાડીમાં બેઠાં બેઠાં દુકાને-દુકાને દૃષ્ટિ કરતા ગયા.

આ રીતે અક્ષત-પુષ્પોની વર્ષા વચ્ચે વીસેક મિનિટ સુધી વિહરીને દાસજ પધારેલા તેઓના સાંનિધ્યમાં ગામની પ્રાથમિક શાળામાં જંગી સભા થઈ. તેની સમાપ્તિના સમયે સત્સંગ મંડળ તરફથી ઘણી મોટી રકમની સેવા ઠાકોરજીનાં ચરણે ધરવાની જાહેરાત કરવામાં આવી; પરંતુ આ વિપુલ ધનરાશિ સ્વામીશ્રીએ એ જ ક્ષણે ગામમાં બંધાતી માધ્યમિક શાળા માટે અનુદાનરૂપે આપી દીધી! *'દેવા ટેવ તુજને સદા...'*ની તેઓની આ પ્રકૃતિએ દાસજવાસીઓને દંગ કરી દીધા.

પરોપકારના આ પંથે દાસજથી સિદ્ધપુર પહોંચેલા સ્વામીશ્રી અત્રે યોજાયેલી જાહેર-સભામાં સાંખ્યની શીખ આપી શ્રી શંભુભાઈ પટેલના ઘેર પધાર્યા. અહીંથી તા. ૧૨/૩ની સવારે માર્કેટિંગ યાર્ડમાં પધરામણી કરી તેઓએ શહેરનાં સાંપ્રદાયિક, પૌરાણિક અને ઐતિહાસિક સ્થાનોને પાવન કર્યાં. તે વખતે ક્યાંક પગલાં પાડ્યાં, તો ક્યાંક દૃષ્ટિ ઠેરવી.

ત્યારબાદ અન્ય એક પુરાતન નગર પાટણ જઈ પહોંચેલા સ્વામીશ્રી અહીં સંતોકબા હૉલ ખાતે યોજાયેલી સભામાં અમૃતધારા વરસાવી તા. ૧૩/૩ની સવારે પધરામણીઓ કરવા નીકળ્યા. આ સમયે નાકમાંથી દદડતું પાણી સતત લૂછતા તેઓને જોઈ ગાડીચાલકે કહ્યું : 'શરદીનું તો બહુ ચાલ્યું !'

'આ શરદીનું નથી, પણ ના'યા પછી રોજ નાકમાં દવા નાંખે છે એને લઈને થોડી વાર બળે ને આ રીતે પાણી નીકળ્યા કરે છે.'

સ્વામીશ્રીએ જણાવેલી આ વાસ્તવિકતા સાંભળી પેલા યુવાને પૂછ્યું : 'આપ મહારાજનું આટલું બધું કામ કરો છો તો ભગવાન આ બાબતમાં કન્સેશન (રાહત) ન આપે ?'

'બીજાને આપે, પણ જે પોતાના હોય તેને તો આપે જ નહીં. જે પોતાના હોય એને તો નિચોવી જ નાંખે.' ભગવાનની રીત પ્રગટ કરતાં સ્વામીશ્રી બોલ્યા.

વિનયસભર વર્તણૂક

પાટણથી જંગરાલ થઈને ડીસા પધારેલા સ્વામીશ્રીની જાહેર-સભા અહીં બટાટા સંશોધન કેન્દ્રમાં યોજાયેલી. તેમાં સ્વામીશ્રીને આવકારતાં કૃષિ યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી વનરાજસિંહ ઝાલા બોલી ઊઠ્યા: 'મારી દૃષ્ટિએ પ્રમુખસ્વામી પધાર્યા એ પરમેશ્વર જ પધાર્યા છે.'

આવી કંઈક વધામણી ઝીલતાં સ્વામીશ્રી આજની સાંજે દાંતીવાડા થઈને પાલનપુરમાં પ્રવેશ્યા ત્યારે અત્રે કીર્તિસ્તંભ ચોકમાં જાહેર-સભા ભરાયેલી. તેમાં હજારોની મેદની વચ્ચે નગરપતિ દ્વારા સ્વામીશ્રીને સન્માન-પત્ર એનાયત થયું.

તે સ્વીકારી તા. ૧૪/૩ની સવારે આબુ આવી ગયેલા સ્વામીશ્રીનું આગમન અણધાર્યું હોવાથી સંસ્થા-સંચાલિત છાત્રાલયમાં ભણતા બાળકો વિશેષ હરખાઈ ઊઠ્યા. અહીં અડધા દિવસના રોકાણમાંયે સભા, પ્રસાદ વગેરે દ્વારા છાત્રો પર વહાલ વરસાવી સ્વામીશ્રી સાંજે છ વાગ્યે વિદાય લેવા તૈયાર થયા ત્યારે સૌ વિદ્યાર્થીઓ પુનઃ એકઠા થઈ ગયા. તેઓને છેલ્લે-છેલ્લે પણ હિતોપદેશ સાથે ચોકલેટ આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'અમે ખાસ તમને મળવા આવ્યા હતા. તે મળી લીધું. હવે અમે રજા લઈએ ?'

આ પૂછપરછના જવાબરૂપે બાળકોએ 'ના, બાપા ! તમે રોકાઈ જાઓ'

કહેતાં પ્રાંગણ ગજવી મૂક્યું. એક છોકરો તો રોકવાનો અંતિમ ઉપાય વર્ણવતાં બોલી ઊઠ્યો : 'હું બધી ગાડીને પંક્ચર કરી નાંખું. પછી બાપા કેવી રીતે જશે ?'

આ સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'ભાવના સારી રાખવી, પણ કોઈનું ખરાબ થાય એવો વિચાર ન કરવો. આદર્શ જીવન બનાવવું. અમે ફરી જરૂર આવીશું ને તમને રાજી કરીશું, એટલે અત્યારે રજા આપો.'

નાદાન બાળકો સાથે પણ કેવી વિનયસભર વર્તણૂક !

તે સાથે આજની સાંજે જેથી ગામે આવેલા સ્વામીશ્રી અત્રે શ્રી ઠાકોરભાઈ અને પ્રવીણભાઈના ઘેર તા. ૧૫/૩ની સવારે પ્રાતઃપૂજા કરવા બિરાજ્યા ત્યારે ફક્ત બે જ દર્શનાર્થી હાજર હતા ! તેઓ સમક્ષ ખુલ્લા ખેતરમાં ઊભેલા લીંબડાની છાંયે પૂજાવિધિથી પરવારેલા સ્વામીશ્રી બોલ્યા: 'આ એકાંતનું સ્થાન બહુ સારું છે. ભજન કરવા જેવું છે.'

તેઓ સારા સ્થાનનો લાભ અહીં-તહીં ફરીને નહીં, પણ ભજન કરીને ઉઠાવવામાં માનતા.

વ્યસન મુકાવવાના વ્યસની

જેથીથી મહેસાણા પધારેલા સ્વામીશ્રી અત્રે તા. ૧૫/૩ની રાત્રે શ્રી ચંદુભાઈ પટેલના ઘેર આવ્યા ત્યારે અહીં ઊમટેલા દર્શનાર્થીઓના ક્રમમાં પોલીસ કોન્સ્ટેબલ શ્રી બારોટ સાથે તેઓનો ડ્રાઈવર રમેશ પણ હતો. 'તે રોજના સો રૂપિયા વ્યસનોમાં વેડફી નાંખે છે' તે જાણી સહેજ ટટ્ટાર થતાં સ્વામીશ્રીએ તેને પૂછ્યું : 'તારે લગન કરવાનાં છે કે સાધુ થવાનું છે ?'

'હમણાં જ લગન છે.'

'તો પછી સમજ. તારી જવાબદારી વધશે. તું પરણે ને પાલવવાનું થાય તારા બાપને, એ કેવું ? કાલે સવારે છોકરાં થશે એનો ખર્ચો કોણ કાઢશે ? હજી ઘણાં આગળ વધવાનું છે. બચત હશે તો મકાન પણ કરી શકીશ. આ તો વ્યસનમાં ગુમાવી દે ને પછી બૈરાં માંગે ત્યારે ઝઘડો થાય. એના કરતાં હું કહું છું કે રોજના એ ખર્ચા સીધા બેંકમાં મૂક. પાછલી અવસ્થામાં હાથ-પગ હાલશે નહીં ત્યારે એ કામ લાગશે.'

આ રીતે એક સામાન્ય ગાડીચાલકને અડધા કલાક સુધી સમજાવી સ્વામીશ્રીએ વ્યસનમુક્ત કર્યો !

વ્યસનમુક્તિ માટે તેઓની ઝુંબેશ હંમેશાં જુસ્સાભરી રહેતી. તેઓ

ક્યારેક તો લઘુશંકા કરવા જતા હોય ને રસ્તામાં કોઈ વ્યસની મળી જાય તો કાન પર ચઢાવેલી જનોઈ એમ ને એમ રહે. વાતો કરી વ્યસનની બલા કાઢે પછી જ તેઓને સંતોષ થાય. મોટરમાં બેસવા જતા હોય ને એક પગ બહાર હોય ત્યાં કોઈ કહે: 'બાપા! આને આશીર્વાદ આપો કે દારૂ છૂટી જાય,' તો સમજી લેવાનું કે હવે કાર્યક્રમ વિલંબાશે. પોતે કઈ સ્થિતિમાં ઊભા છે તે પણ સ્વામીશ્રી વીસરી જાય અને વ્યસન મુકાવ્યે પાર કરે! ક્યારેક તો વ્યસનમુક્તિની વાત કરવામાં જમવાનુંયે ઠેલાય.

તમને આ સ્વામિનારાયણ મળી જ ગયા

તા. ૧૬/૩ની બપોરે મહેસાણાના નિર્માણાધીન મંદિર સંબંધી એક બેઠક પૂરી કરીને જમવા બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ પાટલો ગોઠવાઈ ગયેલો, પરંતુ હજી ભોજન આવ્યું નહોતું. તેથી અનાયાસે પણ સહજ રીતે સ્વામીશ્રી પાટલા પર આંગળી વડે તબલાં વગાડવા લાગ્યા. તે જોઈ કોઈ બોલ્યું: 'આપ તબલાં તાલમાં વગાડો છો!'

'હા, કોઈ ના હોય ત્યારે વગાડીએ, પણ બહુ ફાવે નહીં. હીંચ જેવું ફાવે. અમારે એક ડાહ્યાભાઈ આંધળા હતા. તે તબલાં એવાં વગાડતા કે બધા ખુશ થઈ જાય! મોટી ઉંમરના હતા. દોરીને લાવવા પડતા.'

શૈશવની સ્મૃતિનો આટલો તાલ વગાડી, સ્વામીશ્રી તા. ૧૭/૩ના રોજ મહેસાણાથી વિદાય લઈ રાજપુરને લાભ આપતાં ગાંધીનગર પધાર્યા.

અત્રે તા. ૧૮/૩ની સવારે નિર્માણાધીન અક્ષરધામની મુલાકાતે નીકળેલા તેઓ મુખ્ય સ્મારકમાં પધાર્યા ત્યારે અહીં ભોંય પર પથરાયેલા આરસની વચ્ચે પિત્તળની પટ્ટીઓ જડવામાં આવેલી. ત્યાં આરસ અને પિત્તળનો સાંધો બરાબર જડાયો છે કે નહીં તે જોવા સ્વામીશ્રીએ ચંપલ કાઢીને ચરણને ફર્શના સાંધા પર ફેરવ્યાં.

આવી સૂક્ષ્મ ચોકસાઈ સાથે નિરીક્ષણ કરી રહેલા તેઓ સંકુલમાં સજ્જ થતાં સ્થાયી પ્રદર્શનોના ખંડોમાં પહોંચ્યા તે વખતે ઉપનિષદકાલીન સત્યકામ જાબાલિના પ્રસંગનું ચિત્રણ ચાલી રહેલું. તેમાં એક ઝૂંપડીની બારી જાતે જ દોરી સ્વામીશ્રીએ આ પ્રદર્શનને ચિરંતન સ્મૃતિ આપી દીધી.

આમ, અક્ષરધામના ખૂણે-ખૂણે પોતાની કુશળતાની છાપ મૂકતા તેઓ બપોરે પોણા એક વાગ્યે અમદાવાદ પધાર્યા.

અહીં મંદિરની પ્રદક્ષિણામાં યોગીજી મહારાજના ખંડ આગળ દર્શન કરી રહેલા તેઓને એક અજાણ્યા ભાવિકે રજત-રસિત શ્રીફળ અને રુદ્રાક્ષનો મણકો ભેટ ધરતાં કહ્યું : "હું આજે સવારે નવ વાગ્યે ઑફિસે જવા નીકળ્યો ત્યારે રસ્તામાં સ્વામિનારાયણના એક સાધુએ મને દર્શન દીધાં. તેઓને જોઈ મારું સ્કૂટર અટકી ગયું. મને તેઓએ કહ્યું : 'લે આ શ્રીફળ ને બાર વાગ્યે દર્શને આવજે.' તેના આધારે હું અત્યારે આવ્યો છું."

આ બયાન સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'તમને આ સ્વામિનારાયણ મળી જ ગયા ! એનો આશરો કરો.'

તેઓના આ સૂચક શબ્દોમાંથી *'સર્વસ્વ હરિનું સંત છે...'*નો શાસ્ત્ર-સિદ્ધાંત પડઘાઈ રહ્યો.

આપણે સબ બંદર કા વેપારી

તા. ૧૮/૩ની સાંજે અમદાવાદ મુકામે યોજાયેલી પ્રાગજી ભક્તના જન્મોત્સવની સભામાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીના વચનમાં ક્યારેય આનાકાની કે શંકા કરી નહીં. ગુરુ કહે એમ કરવું એ આપણી ફરજ છે. વિમુખ થવાનું થયું તોય ગુણાતીતાનંદ સ્વામી વિષે ભાવફેર નહીં. આપણને તો થઈ જાય કે 'આટઆટલું કર્યું તોય ગુરુએ સામું જોયું નહીં.' અજ્ઞાની ગમે એમ કરે - ગમે એમ બોલે, એમાં ગુરુનો શો દોષ ? બોલનાર ગમે એ બોલે તે મનમાં લાવવું જ ના જોઈએ. બ્રહ્મરૂપ કરવા છે એટલે પ્રસંગો એ જ યોજે છે. સો ટચના બનવું છે તો અગ્નિમાં તપવું જ પડે ! પરીક્ષામાં ભગતજીનો ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ આવી ગયો. 'આમ કેમ કર્યું ?... આમ કેમ બોલ્યા ?...' એ સંશય થાય તો નાપાસ. ગુરુની પરીક્ષા અઘરી છે. એમાં પાસ થયો એનો બેડો પાર. આપણાં ઠરાવ, આયોજન મોટાપુરુષ તોડી પાડે એમાં કઠણ ન પડે એ બ્રહ્મરૂપ.'

બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિનો આ માર્ગ ચીંધી સ્વામીશ્રીએ તા. ૧૯/૩ના રોજ ૨૨,૦૦૦થી વધુ ભક્તોની ઉપસ્થિતિમાં ફૂલદોલોત્સવ પણ રંગે-ચંગે ઊજવ્યો. મંદિર દ્વારા સંપાદિત થયેલા મેદાનમાં યોજાયેલા આ ઉત્સવમાં તેઓએ અધિક ઉમંગ દાખવી, મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી સહિત સંતોનેય તરબતર કરી મૂક્યા. સ્વયં પણ ભક્તોના હાથે રંગાયા.

ત્યારબાદ સ્વામીશ્રી એક હરિભક્તના ઔદ્યોગિક સંકુલનું ખાતમુહૂર્ત

કરવા સાવલી થઈને તા. ૨૨/૩ના રોજ પોઈચા પાસે આવેલા કનોડા ગામે પહોંચ્યા. અહીં આ માંગલિક વિધિ પૂર્ણ કરી મોકસીને લાભ આપતાં તેઓ રાત્રે અમદાવાદ આવી ગયા ત્યારે એક ભક્તનો ભાવ પૂરો કરવા સ્વામીશ્રી ૨૫૦ કિ.મી.નો ફેરો ખાઈ ચૂકેલા!

આમ, ભીડાભક્તિના નિત નવા ઇતિહાસ સર્જતા તેઓનાં દર્શને તા. ૨૩/૩ની રાત્રે સમાજ-કલ્યાણ તેમ જ વન-મત્સ્ય વિભાગના મંત્રી આવી પહોંચ્યા. ઘણો લાંબો વિમર્શ કરી તેઓ વિદાય થયા ત્યાં જ હાઈકોર્ટના એક જજ આવી રહ્યા છે તે સમાચાર મળતાં સ્વામીશ્રી બોલ્યા: 'પોલિટિકલ સાહેબ ગયા ને ન્યાય (ન્યાયાધીશ) સાહેબ આવશે. આપણે *'સબ બંદર કા વેપારી.'* બધા જ આવે.'

આ ઉદ્‌ગારમાંથી તેઓની સર્વદેશી અને સર્વસ્વીકૃત પ્રતિભા ઝળકી રહી.

તેના ઉજાસમાં તા. ૨૪/૩ની સવારે ભારતીય જનતા પાર્ટીની કારોબારીના અગ્રણી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વામીશ્રી પાસેથી આશીર્વાદ મેળવી કૃતાર્થતા અનુભવી.

આવી જ અનુભૂતિ તા. ૨૫/૩ના રોજ અમદાવાદની સિવિલ હૉસ્પિટલના દર્દીઓને પણ થઈ રહી, જ્યારે અત્રે નામાંકિત ડૉ. એચ. એલ. ત્રિવેદીએ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ ઍન્ડ રિસર્ચ સેન્ટરનો શુભારંભ સ્વામીશ્રીના વરદહસ્તે કરાવ્યો.

તેને અનુસરતાં સ્વામીશ્રી આજની સાંજે આંબાવાડી વિસ્તારમાં આવેલા શ્રી અરુણભાઈ પટેલના બંગલે પધાર્યા. સિન્ટેક્સ ટાંકી બનાવતી કંપનીના આ માલિકે યોગી શતાબ્દીનો સંદેશ આપવા શહેરના અગ્રણીઓને નોતરેલા. તે નિમિત્તે એકત્રિત થયેલા અમદાવાદના આગેવાનોને આશીર્વાદ આપી, સ્વામીશ્રી તા. ૨૭/૩ની સવારે લાલ દરવાજે આવેલા હૉમગાર્ડ્ઝ મેદાનમાં પહોંચ્યા. અત્રે આયોજિત સર્વધર્મ-સમભાવ અભિયાનને તેઓએ પોતાનાં શબ્દ અને સાંનિધ્યથી ધન્ય કર્યું.

જેનો પ્રેમ પ્રભુપદે અતિ

તા. ૨૮/૩ની બપોરે સ્વામીશ્રી સમક્ષ વંચાઈ રહેલા ગ્રંથમાં આણંદવાસી હરિભક્ત શ્રી જીવાભાઈ પટેલના પુત્રો તરીકે ભીખુભાઈ અને

સુરેશભાઈનો ઉલ્લેખ આવતાં સ્વામીશ્રી બોલ્યા: 'એમના દીકરા સુરેશ નહીં, પણ શશિકાંત.'

સ્વામીશ્રીના સ્મૃતિપ્રદેશમાં નવી-નવી વ્યક્તિઓ ઉમેરાતી જ રહેતી, છતાં જૂની વ્યક્તિઓ કદી વીસરાતી નહીં!

તેથી જ તેઓ તા. ૩૦/૩ની સવારે ઍલિસબ્રિજ વિસ્તારમાં આવેલા મૉડર્ન પ્રિન્ટર્સમાં સાંધ્ય દૈનિક જન્મભૂમિના છાપકામનો આરંભ કરાવી શ્રી ગુલઝારીલાલ નંદાની તબિયત જોવા મીઠાખળી પહોંચી ગયા.

શાસ્ત્રીજી મહારાજના આ ૯૪ વર્ષીય ભક્તને આશીર્વાદ આપી મંદિરે પરત પધારેલા સ્વામીશ્રીએ, અત્રે તા. ૧/૪ની સવારે મંદિરમાં દર્શન બાદ દંડવત માટે પાથરણું બિછાવવા ઈશારો કર્યો. તેથી સૌને નવાઈ લાગી, કારણ કે આજે કોઈ ખાસ તિથિ, ઉત્સવ કે વિદાયની વેળા નહોતી.

એટલે જ સ્વામીશ્રીને પૂછ્યું ત્યારે તેઓ બોલ્યા: 'આજે નવું વરસ ખરું ને!'

'આજે શેનું નવું વરસ?'

'ઠાકોરજી પણ કલ્યાણનો વેપાર કરે છે ને! એમને પણ ગઈકાલે માર્ચ મહિનો પૂરો થતાં નવું વરસ આજથી શરૂ થાય ને!'

'એ તો ઠાકોરજી માટે. આપણે શું? અમુક ઠાકોરજી ઉપર રાખવું.'

'આમ તો બધા કહો છો કે એક જ છે! મજિયારો વેચાય એવો નથી.'

સ્વામીશ્રીની આ દલીલનો કોઈ પાસે જવાબ નહોતો. તેથી તેઓને દંડવત કરતાં કોઈ ન રોકી શક્યું.

આ ભક્તિભાવ સાથે તેઓ આજની સાંજે બોપલ રોડ પર આવેલા શ્રી નટુભાઈ પટેલના ફાર્મ હાઉસમાં પધાર્યા. અમદાવાદના આ પ્રખ્યાત બિલ્ડરે અત્રે યોજેલી શહેરના પ્રતિષ્ઠિત મહાનુભાવોની સભામાં એક વીડિયો શૉ શરૂ થતાં સભા-સ્થળે અંધારું છવાઈ ગયું, પરંતુ અત્યારે અમુક સંતો સારંગપુર જતા હોવાથી સ્વામીશ્રી કેટલીક તાકીદની ટપાલો બેટરીના અજવાળે લખતા રહ્યા. તેઓની આ કર્મઠતા ઘણાને સ્પર્શી ગઈ. યજમાન તો બોલી જ ઊઠ્યા: 'પ્રમુખસ્વામીમાં ભગવાન છે એ હું જોઈ શક્યો છું.'

તમે બિરુદ પાળ્યું તમારું

તા. ૨/૪ની સવારે નિત્યક્રમથી પરવારી સ્વામીશ્રી મુલાકાતો માટે

બિરાજ્યા ત્યારે મહીજડાના એક આગેવાન ભક્તને જોઈ તેઓએ એમના દીકરા વિશે પૂછપરછ કરી કે 'તે કેમ ન આવ્યો?'

આટલું સાંભળતાં જ એ વડીલની આંખોમાંથી દડ... દડ... આંસુ સરી પડ્યાં. પુત્રે મંદિરનું પગથિયું નહીં ચઢવાની જે જીદ પકડી છે એ વાત તેઓ કહી ન શક્યા; પરંતુ સાથે આવેલી એક વ્યક્તિએ ઘટસ્ફોટ કર્યો કે 'બાપા! તેઓના દીકરાને મંદિરમાં વ્યવસ્થા અંગે ઓછું આવવાથી તે સત્સંગમાંથી પાછો પડી ગયો છે.'

આ જાણી સ્વામીશ્રી બોલ્યા: 'જોગીબાપા મળ્યા પછી બીજો સંકલ્પ શું કામ થાય? ભૂલ તો બધાની થાય. બધા કંઈ ઓછા સરખા હોય છે? તમારું કુટુંબ તો અમારા ઘર જેવું છે, એટલે ફોન કરીને એને બોલાવો. મનદુઃખ થયું હોય તો રૂબરૂ વાત કરી લઈએ. એના મનમાં રહેતું હોય તો હું વાત કરું. વ્યવહારનું કામ વ્યવહારે હોય. ભગવાન અને ગુરુનાં દર્શને જતી વખતે એ બધું ઓછું આડું લવાતું હશે? કદાચ દુઃખ થયું હોય તો બોલાવીને અમે માફી માંગીએ. પગે લાગીએ. આ તો હેત છે એટલે...'

આમ, એક જીવનું કલ્યાણ ન બગડે તે માટે વગર વાંકે માફી માંગવા તત્પર બનેલા સ્વામીશ્રીને જોઈ સાંખેજના શ્રી અશોકભાઈએ કહ્યું: 'બાપા! આપે માફી માંગવાની ન હોય.'

'એમાં ક્યાં નાનું થઈ જવાય છે? એમના દીકરા એ અમારા દીકરા છે. એને કેમ મૂકી દેવાય?'

'પણ બાપ દીકરાની માફી માંગે?!'

'માંગે એ તો, જો ભૂલ હોય તો! એના મનમાંથી બોજો નીકળી જશે એટલે આવશે જ! એને જોગીબાપાનાં દર્શન છે ને પ્રેરણા છે એટલે વેગ ઊતરી જશે.'

સ્વામીશ્રીના મુખેથી ભૂલભરેલા યુવાન માટે પણ કડવાશ નહીં, કરુણા જ વરસતી રહી. દુનિયાભરની ખારાશ સમાવી અમીવાદળી વરસાવનારા સાગર-શા સ્વામીશ્રીની આ ઉદારતાએ સૌને ભીંજવી મૂક્યા. હઠે ચડેલા દીકરાના બાપ તો બોલી ઊઠ્યા: 'બાપા! હવે તો મોત થાય એવું આપો. આવું નથી જોવાતું.'

એક સત્સંગી પિતાના હૈયે જલી રહેલા દુઃખના આ દાવાનળને અમૃત-વર્ષાથી ઠારતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આપણે પ્રેમ રાખીને એને શાંતિ થાય એમ

કરવું. અમે મહારાજને પ્રાર્થના કરીશું.'

સ્વામીશ્રીના મુખેથી ફરી એક વાર તેજાબની સામે ગુલાબજળ વરસી ગયું !

તેઓના આ વલણની વિગત કો'ક દ્વારા પેલા ઉદ્દંડ યુવાન પાસે પહોંચી જતાં એ આશ્ચર્ય અને પશ્ચાત્તાપના પ્રવાહમાં ખેંચાવા લાગ્યો. પોતાના બેફામ વર્તન બદલ સ્વામીશ્રીએ કોઈ દોષ-દાઝ ન કાઢ્યાં એ તો ઠીક, પણ તેઓએ પોતાનું સારું જ જોયું, ઇચ્છ્યું એ વર્તણૂકે આ યુવાનનું હૈયું વીંધી નાખ્યું. તે એ દિવસની આખી રાત ઊંઘી ન શક્યો. સ્વામીશ્રીનાં ક્ષમા-સૌજન્યથી ઘાયલ થયેલો તે બીજા દિવસનો પોહ ફાટતાં જ સ્વામીશ્રી પાસે દોડી આવ્યો.

તેને જોતાં સ્વામીશ્રીના મુખેથી મીઠો આવકાર સરી પડ્યો: 'આવી ગયો !'

ખોવાયેલો દીકરો 'મા'ને પાછો મળતાં તેના હૈયે જે ઉમળકો ઊછળી આવે, તેવો જ ભાવ સ્વામીશ્રીના આ બે શબ્દોમાં હતો. તેણે એ યુવાનની આંખો છલકાવી દીધી. એ જ અવસ્થામાં, જેમ 'મા'ના ખોળે છોકરું પડતું મૂકે તેમ તેણે સ્વામીશ્રીના ખોળે માથું ઢાળી દીધું. ધીમે ધીમે તે ખોળો ભીંજાવા લાગ્યો.

તે જોઈ સ્વામીશ્રીએ એ યુવાનની પીઠ પ્રેમથી પસવારતાં કહ્યું: 'દુઃખી ન થઈશ. તને દુઃખ થાય એ અમને થાય છે. જોગીબાપાના જોગમાં આવેલો છે ને અમારી સાથે પણ આત્મબુદ્ધિ છે. પેલો પ્રસંગ હવે ભૂલી જવો. આ સત્સંગ આપણું કુટુંબ છે. દાદાખાચર ૫૦૦ સંતોની સાથે જ રહેતા. એમને આવા પ્રસંગો નહીં બન્યા હોય?! તોય કેટલો મહિમા! એવી દૃષ્ટિ રાખવી. અમને મનમાં નથી. આવું કંઈ પણ હોય તો અમારી પાસે આવી જવું. અમને કહી દેવું. તું આજે અહીં આવી ગયો. અમને બહુ શાંતિ થઈ ગઈ. મનમાં રાખવું નહીં.'

સ્વામીશ્રીના શબ્દોમાંથી નીતરતા પ્રેમમાં એ યુવાનનો પૂર્વગ્રહ તો ક્યાંય તણાઈ ગયો! આ જોઈ પિતાનું હૈયું પુલકિત થઈ ઊઠ્યું. તેઓએ દીકરાને કહ્યું: 'આ બાપાએ તને પોતાનો દીકરો ગણ્યો છે તો હું હઉં કે ન હઉં, પણ એમનો થઈને રહેજે.'

જેને બ્રહ્માંડોની ગણતરી નહીં એવા સ્વામીશ્રી એક-એક ભક્તની કેવી ગણતરી રાખતા! તેથી જ તો સૌ સત્સંગી ગાતા રહેતા: *'તમે બિરુદ પાળ્યું તમારું, જોયું નહીં કર્તવ્ય અમારું...'*

નાશવંત નાશ પામે એનો શોક શું ?

તા. ૨/૪ના રોજ મુલાકાતે આવેલા એક મુમુક્ષુ શ્રી વિનોદભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું : 'માનસિક શાંતિ અખંડ કઈ રીતે રહે ?'

'ભગવાનની પ્રાર્થના. આપણા ગ્રંથોનું વાંચન રોજ થોડું-થોડું કરવું તો સહેજે શાંતિ રહે.' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું :

''બીજું, સર્વકર્તા ભગવાનને માનવા. 'જે થાય એ સારા માટે જ છે. આપણને ક્યાંક બંધન થવાનું હોય એટલે કામ અટકાવી દીધું હશે !' – આવું માનીએ તો હરખ-શોક ન થાય. આપણી મહેનત ક્યારેય ખોટી જવાની નથી, પરંતુ 'ન થયું તોય સારા માટે જ હશે' એમ માનવું; એટલે બોજો ન રહે.''

વ્યક્તિથી માંડી વિશ્વ સમસ્તને તણાવમુક્ત કરતો આ ઇલમ બતાવનારા સ્વામીશ્રીને આજે એક હરિભક્તે સમાચાર આપ્યા કે 'બાપા ! અમેરિકામાં મારા કુટુંબીના ઘેર પૌત્રનો જન્મ થયો છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ અમેરિકામાં જન્મેલા એ શિશુને વર્તમાન ધરાવતા હોય તે ભાવના સાથે ખબર આપનારા પેલા હરિભક્તના જમણા હાથમાં જળ આપ્યું ! જીવને શક્ય એટલો વહેલો ભગવત્સંબંધ કરાવવાનું કેવું તાન !

તે સાથે વિચરતા સ્વામીશ્રી આજની સાંજે પ્રસિદ્ધ અખબાર જૂથ ઍક્સપ્રેસના ભાગરૂપ જનસત્તાના પ્રેસને પાવન કરી સનરાઇઝ સોસાયટીના મેદાનમાં પધાર્યા.

અત્રે તેઓએ યોગી શતાબ્દીના ઉદ્‌ઘોષ નિમિત્તે શહેરના જાણીતા આવકવેરા નિષ્ણાત શ્રી કે. સી. પટેલે યોજેલી આમંત્રિતોની ખાસ સભાને સંબોધી. તે પછી મંદિરે પરત ફરેલા સ્વામીશ્રીની નિશ્રામાં, અહીં તા. ૩/૪ની સાયંસભા બાદ ઉદ્‌ઘોષક બોલ્યા : 'એક બાળક સ્ટેજ પર આવ્યું છે, એના પિતાશ્રી ખોવાયા છે.'

આ જાહેરાતને જ પ્રવચનની પીઠિકા બનાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આ જમાનો એવો છે ને, કે છોકરાઓ તો ખોવાય, પણ મા-બાપેય ખોવાઈ જાય ને એનેય ગોતવાનાં. બાપ બીજે હરે-ફરે એટલે ખોવાયેલા જ છે ને !'

આટલો મર્મ કર્યા પછી 'અમદાવાદમાં એક એંશી વરસના વાણિયાને...' એ 'વાત' પર નિરૂપણ કરતાં તેઓએ જણાવ્યું :

''બીજું બધું મળે પણ અવસર ના મળે. જો ભગવાન અને સંતને સર્વકર્તા માન્યા હોય તો વાંધો ન આવે. ગમે એ પ્રસંગ બને પણ મનની સ્થિરતા ન ગુમાવવી. કરોડપતિ થઈએ કે આવેલું ચાલી જાય તોય દુઃખી થવાની જરૂર નથી. માણસને મરવાનું તો છે જ! આ જ્ઞાન હોય તો શોક ન થાય. ભગવાનના મારગમાંથી પડીએ ત્યારે શોક કરવો. નાશવંત વસ્તુ નાશ પામે એનો શોક શું? આત્મારૂપ થયા હોઈએ તો કોઈ વસ્તુમાં ક્લેશ ન થાય. નહીં તો પાછા પડી જવાય કે આટલી બધી ભક્તિ કરી છતાં અમને જ આવું દુઃખ કેમ આવ્યું? પછી બુદ્ધિમાં જડતા આવી જાય કે 'ઠીક છે, આ બધાને સમજાવવાની વાત છે.'

આજે ઘરમાં કારણ વગરના ક્લેશ થાય છે, કારણ કે સ્વભાવ મૂકી ના શકે. પણ જો આ જ્ઞાન હોય તો એકબીજાને સમજી શકે, સહન કરે ને સમજણ રાખે એટલે બધા પ્રશ્નો ઊકલી જાય. બાકી વટમાં ને વટમાં કટ થઈ જાય. એટલે જ્ઞાનમાં સુખ છે.''

મને મળવાને હાથ તમે લંબાવ્યા નાથ!

તા. ૩/૪ની સાયંસભા બાદ ભોજન માટે બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ એક મુમુક્ષુએ પ્રાર્થના કરી કે 'બાપા! કાંડું પકડ્યું છે તો મૂકશો નહીં. ભૂલ હોય તો કાન પકડીનેય કહેજો.'

'ભૂલ હોય તોય કેટલીક વાર કહીએ ત્યારે દુઃખ થાય. 'કહેજો' એમ કહે ખરા, પણ સમય આવે ત્યારે ઊંચું-નીચું થઈ જાય. મનાય નહીં. રૂંવાડાં ઊભાં થઈ જાય. બહુ કહીએ તો મૂકીને વયા જાય.'

જીવની આ નબળાઈ સ્વામીશ્રીએ વર્ણવી ત્યારે કો'ક બોલ્યું : 'અમુકનાં કાંડાંને તો બે હાથે પકડવાં પડે!'

''બે શું, ચાર હાથે પકડીએ તોય ના રહે. સમયે જાણપણું રહેવું અઘરું! કહીએ ત્યારે થાય કે 'મારો જ વાંક?' પછી એમ થાય કે 'બધાના કહેવાથી કહે છે ને બધા પાછળ પડી ગયા છે.''

સ્વામીશ્રીએ છતી કરેલી આ વાસ્તવિકતામાંથી મુમુક્ષુ ઘણું સમજી શકે એમ છે.

ઠેર ઠેર પથરાયેલા આવા મુમુક્ષુઓના હિત માટે વિચરતા સ્વામીશ્રી તા. ૪/૪ની સાંજે અમદાવાદથી મુંબઈ પધાર્યા.

અત્રે તેઓ ઍરપોર્ટથી સીધા જ જુહૂના આનંદ હૉલ મુકામે યોજાયેલી નામાંકિત ઉદ્યોગપતિઓની સભા તરફ ગતિ કરી રહેલા ત્યારે વચમાં ટ્રાફિક સિગ્નલ આવતાં ગાડી ઊભી રહી. તેની બાજુમાં જ અજમેરા પરિવારના ડ્રાઈવર મોત્તુએ પોતાની ગાડી ઊભી કરી દીધી. સ્વામીશ્રી તેને જાણે. તેથી તેઓએ જાતે જ ગાડીનો કાચ ઉતારી એ ડ્રાઈવર તરફ હાથ લંબાવ્યો. તે જોઈ ડ્રાઈવરે સામે હાથ લંબાવી દેતાં થયેલા એ હસ્તધૂનનથી મત્તુનો હાથ જ નહીં, પરંતુ હૈયું પણ હલી ગયું અને તે ગાઈ ઊઠ્યું : *'ક્યાં તમે ને ક્યાં અમે, તે તો કૃપા કરી છે તમે...'*

ખરેખર, પ્રત્યેક માનવી તરફ પોતાનો હાથ લંબાવવાની કૃપા કરનારા હતા સ્વામીશ્રી !

કલ્યાણ કરનાર આ પુરુષ જ છે

મુંબઈમાં તા. ૫/૪ની સવારે 'એક દિવસ શિવલાલને...' એ 'વાત'ના આધારે અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

"કેટલીક વાર કામ કરીએ ત્યારે એનો બોજો આપણે માથે લઈએ છીએ કે 'હું ના હોત તો કંઈ ન થાત.' પણ ગમે એ કાર્ય કરીએ એમાં ભગવાનની ઇચ્છા જ માનવી. આપણને તો નિમિત્ત બનાવ્યા છે. જેની જે રીતે સેવા લેવી હોય એ પ્રમાણે એ પ્રેરણા કરે છે. આપણને એમ થઈ જાય કે 'સ્વામી વ્યવહારમાં સમજતા નથી. આટલું કર્યું તોય આભાર પણ માન્યો નહીં.' પણ ઘેર તમારું બધું આપો છો તોય બૈરાં કોઈ દિવસ કહે છે કે 'થેંક યુ.' એય જાણે છે ને આપણે પણ જાણીએ છીએ કે 'આ આપણી ફરજ છે.' એમ આપણે જોગીબાપાને રાજી કરવા ભક્તિ કરીએ છીએ. એમાં આપણું નામ આવ્યું કે નહીં એ વિચાર ના કરવો. ભગવાન અંતર્યામી છે એટલે હિમાલયની ટોચે કે પાતાળમાં બેસીને કરતા હશો એ બધું એ જાણે છે ! ભગવાન કોઈને ભૂલતા નથી.

યોગીબાપાએ આપણને ખૂબ રાજી કર્યા છે. એમનું ઋણ વાળવાનું છે, તો જેનાથી જે બને એ રીતે સેવામાં કૂદી જ પડવું. આ આપણો જ સત્સંગ છે. ભાવ, પ્રેમ અને મહિમાથી સેવા કરી લેવી. ગવર્નર આવવાનો હોય તો એના માટે આખું મુંબઈ ચકડોળે ચઢી જાય. તો આ તો ભગવાનના ધારક સંત છે, તેના માટે શું ન થાય ! આપણે સમય કાઢીને પણ છેલ્લો જન્મ થાય એવું કરવું

છે. એમણે પોટલાં માથે ઉપાડીને રાત-દિવસ જોયાં વિના ગામોગામ ફરીને કાર્ય કર્યું છે, તો આપણે થોડાંમાં થાકવું નહીં. મહિમાનો વિચાર આવે તો મન મોળું પડે નહીં. બધા ભાવોને દાબીને આત્મારૂપ થઈ સેવા કરી લેવી.

લોકના મોટાનો કેટલો મહિમા હોય છે! અહીં આપણી આગળ ઊંચો ચાલે. 'લ્યા, ભ'ઈ! અહીં શું કામ ઊંચો થાય છે?' એના જેવા તો કેટલાય અહીં આવી ગયા! કોણ પૂછે છે? જે કંઈ એનામાં છે એ બધું ભગવાનનું આપેલું છે. આપણને જરાક ક્યાંક માન-પાન મળે એટલે થઈ જાય કે 'અહોહો... બહુ મોટા...!' અહીં ભલે માન ન થાય, પણ કલ્યાણ કરનાર આ પુરુષ જ છે. જો પેલાનો ગુણ પેસે તો અહીં ગૌણ થઈ જ જાય ને જીવમાંથી સત્સંગ જાય. આવા પુરુષનો અભાવ આવી જાય તો ચકલીએ નાહી નાંખ્યું. પચીસ વર્ષ એનું રાખ્યું હોય પણ ચાના પ્યાલામાં સત્સંગ જતો રહે! પછી સમજાવતાં સમજાવતાં બે વરસ નીકળી જાય. કેટલોય કાફલો ભેગો કરીએ ત્યારે મન ઠેકાણે આવે, પણ જો 'અહીં કલ્યાણ માટે જ આવ્યા છીએ' તે વાત દૃઢ હોય તો મન પાછું પડે નહીં."

શાસ્ત્રીજી મહારાજ મળ્યા એ જ પરચો!

તા. ૫/૪ની સાંજે બિરલા ક્રીડાકેન્દ્રમાં પહોંચેલા સ્વામીશ્રીએ અત્રે લોહાણા સેવા ટ્રસ્ટના રજત જયંતી સમારોહને પોતાની ઉપસ્થિતિથી ધન્ય કર્યો.

તે પછી તેઓ મંદિરે પરત ફર્યા ત્યારે અહીં તા. ૯/૪ની સાંજે બાળકોને પ્રોત્સાહન મળે તે હેતુસર તેઓના આશીર્વાદ ધ્વનિમુદ્રિત કરવાના હતા. તે માટે સ્ટુડિયોમાં પધારેલા સ્વામીશ્રીએ પોતાની સમક્ષ બેસાડવામાં આવેલા બાળકો સાથે ગોઠડી કરતાં-કરતાં સુંદર પ્રેરણાઓ વહાવી.

પરંતુ જ્યારે આશીર્વચન પૂરાં થયાં ત્યારે ખબર પડી કે 'કંઈક ગફલતને લીધે રેકોર્ડિંગ તો થયું જ નથી!' છતાં મહેનત માથે પડ્યા જેવી આ પરિસ્થિતિથી લેશ અકળાયા વગર સ્વામીશ્રી નવી વ્યવસ્થા ન ગોઠવાઈ ત્યાં સુધી બાળકો સાથે વાતે વળગ્યા.

કાર્યક્રમોની જે વ્યસ્તતા વચ્ચે તેઓએ આ ધ્વનિમુદ્રણ માટે સમય ફાળવેલો તે આમ વ્યર્થ જતાં કોઈ પણ વ્યક્તિ ખિન્ન થઈ જાય તેમ હતું. તે વખતે બાળકો સાથે હળવાશથી ગમ્મત કરવાનું તો સૂઝે જ નહીં! પરંતુ સ્વામીશ્રીની સ્થિતપ્રજ્ઞતા આવા નાના પ્રસંગોમાં પણ ઝળકી ઊઠતી. ફૂલ નાનું

હોય એટલે ફોરમ ઓછી હોય એવું ગણિત ક્યાં સાચું છે !

આ રીતે પોતાના સદ્‌ગુણોની સૌરભ ફેલાવતા સ્વામીશ્રી બાળકો સાથે વાર્તાલાપ કરી રહેલા તે વખતે જ તેઓ પર અમેરિકાથી ફોન આવ્યો. તેમાં સામે છેડે રહેલી વ્યક્તિને અંગત વાત કરવી હતી. તેથી બાળકોને બહાર જવાનું ન કહેતાં પોતે જ ઊઠેલા સ્વામીશ્રીએ બાજુના ઓરડામાં જઈ વાત કરી !

આ સરળતા અને અહંશૂન્યતા સાથે તેઓએ તા. ૧૧/૪ના રોજ માટુંગાની શિવાજી હાઈસ્કૂલના મેદાનમાં શ્રીજીમહારાજનો જન્મોત્સવ ઊજવ્યો. તેને અનુસરતાં, તેઓ તા. ૧૨/૪ની બપોરે ભોજન માટે બિરાજ્યા ત્યારે તેઓ સમક્ષ પરચા સંબંધી એક પુસ્તકનું વાંચન શરૂ થયું. તેના અનુસંધાનમાં સંતોએ પૂછ્યું : 'સ્વામી ! આપને કંઈ પરચો થયો હતો ?'

'શાસ્ત્રીજી મહારાજ મળ્યા એ જ પરચો !' સ્વામીશ્રી બોલ્યા.

ત્યારે એક સંતે કહ્યું : 'આપ ધૂન કરાવો છો, પણ વરસાદ નથી પાડતા.'

'આપણે બધું એવું ! ધૂન કરીએ ને વરસાદ આઘો જાય. અમેરિકામાં જોઈતો નહોતો ને પડ્યા જ કરે. લંડનમાં અમે ધૂન કરીએ એમ વરસાદ ચાલુ જ રહે. આપણા પરચા એવા સર્વોપરી !'

સ્વામીશ્રીની આ વાત સાંભળી સંતોએ ૧૯૮૦માં લંડન મુકામે વરસાદમાં નીકળેલી સવારીને યાદ કરી. તેમાં હાસ્ય સાથે સ્વામીશ્રીએ સાયદી પુરાવી કે 'એ જ પરચો ને ! વરસતા વરસાદમાં નગરયાત્રા નીકળે એ પરચો નહીં ?'

આમ, પોતાની સામર્થી ઢાંકવા પર જ તાન રાખનારા તેઓ મનુષ્ય-ભાવ પ્રગટ કરવા માંડ્યા, પરંતુ આ પેચમાં ન આવતાં સંતોએ સ્વામીશ્રીના ઐશ્વર્યથી કયાં કયાં કાર્યો સિદ્ધ થયાં તેની તવારીખ રજૂ કરી. ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'ક્યારેક કરી દઈએ, પણ યોગીબાપા જેવું કાયમ ન થાય.'

આ રીતે પરચા-પ્રકરણ પર ગુરુભક્તિનું પૂર્ણવિરામ મૂકી ઊભા થયેલા તેઓ બપોરે અઢી વાગ્યે ઊપડતી કર્ણાવતી ઍક્સપ્રેસ દ્વારા ગુજરાત જવા નીકળ્યા.

સ્વામિનારાયણ સંસ્થાનો પરિચય જ પ્રમુખસ્વામી

ટ્રેનમાં સુરત સ્ટેશન વટાવ્યા બાદ સ્વામીશ્રીએ પત્રકચેરી ખોલી દીધી. તેની સાથે મુસાફરો પણ તેઓનાં દર્શને આવવા માંડ્યા. પરંતુ દોડતી ગાડીએ

પત્રવ્યવહારમાં પરોવાયેલા સ્વામીશ્રીને જોઈ તે દરેકના મોંમાંથી ઉદ્‌ગારો નીકળી જતા કે 'ટ્રેનમાં પણ લખ્યા કરવાનું ?'

'હા, હરિભક્તોની ટપાલોના જવાબ લખીએ એ પણ ભગવાનની સેવા છે.' સ્વામીશ્રી જવાબ આપતા.

આ રીતે ભક્તની સેવામાં ભગવાનની સેવાનો આનંદ માણતા તેઓ વડોદરા ઊતરી રાત્રે સવા આઠ વાગ્યે સારસા જઈ પહોંચ્યા.

અત્રે સત્‌કૈવલ જ્ઞાનપીઠના શતાબ્દી મહોત્સવ નિમિત્તે પધારેલા સ્વામીશ્રીએ તા. ૧૩/૪ના રોજ ઉત્સવ-સ્થળ તરીકે રખાયેલા નરદેવ નગરના મુખ્ય પ્રવેશદ્વારે કળશપૂજન કર્યું. ત્યારબાદ તેઓએ મહોત્સવના સૂત્રધાર પૂજ્ય અવિચલદાસજી મહારાજ સહિત અનેક સંતો-મહંતોની ઉપસ્થિતિમાં દીપ-પ્રાગટ્ય કરી આજના સમારોહનો પ્રારંભ કરાવી આપ્યો.

અહીં એક જૂની સ્મૃતિ વાગોળતાં સ્વામીશ્રીએ વક્તવ્યમાં કહ્યું : 'આ સારસાપુરી પવિત્ર તીર્થ છે. અમારે આ સ્થાન સાથે જૂનો સંબંધ છે. બોચાસણ મંદિર થતું ત્યારે શાસ્ત્રીજી મહારાજ અહીં પધારતા. હું પણ આવતો. તળાવે ના'વા જતા ત્યારે અહીં દર્શન કરીને જતા.' આટલું કહી સ્વામીશ્રીએ પૂજ્ય અવિચલદાસજીને હાર તથા શાલ અર્પણ કરી સન્માન્યા.

તેઓના આ સૌજન્યથી ગદ્‌ગદ થયેલા એ ગાદીપતિ આજની સાંજે શ્રી સતીષભાઈ પટેલના ઘેર રખાયેલા ઉતારે આવી સ્વામીશ્રીને કહેવા લાગ્યા : 'આપે અહીં પધારી અમારી શોભા વધારી. આપ બોલ્યા પણ બહુ સરસ !'

'ભગવાનની ઇચ્છાથી બોલાયું ! બાકી હાર્ટ(ની બીમારી)ને લીધે શ્વાસ તૂટતાં શબ્દો એ (ત્રૂટક-ત્રૂટક) થઈ જાય. ભગવાનને આ શરીરથી કામ લેવું હશે એટલું લેશે ! લોકો સુખી થાય એ કામ આ શરીરથી કરવાનું છે, બીજું શું ?'

સ્વામીશ્રીની આ જીવનભાવના સાંભળી ભાવવિભોર થઈ ગયેલા પૂજ્ય અવિચલદાસજીએ જણાવ્યું : 'અત્યારે તો સ્વામિનારાયણ સંસ્થાનો પરિચય જ પ્રમુખસ્વામી છે. અહીં ને પરદેશમાં, નોકરી-ધંધાની પરવા કર્યા વગર સેવામાં લાગી જવું, એ ભાવના યુવાનોમાં વિકસાવવાનું કામ આપે ખૂબ જબરજસ્ત કર્યું છે !'

'એ ભાવના યોગીજી મહારાજની પ્રેરણાથી થઈ છે.'

આટલું કહી યશકળશ ગુરુચરણે ઢોળી દેનારા સ્વામીશ્રીને શાલ દ્વારા સન્માની અવિચલદાસજી મહારાજ દક્ષિણા આપવા ગયા. તે વખતે સ્વામીશ્રી

તે સ્વીકારવા આનાકાની કરવા લાગ્યા. છતાં જ્યારે આગ્રહપૂર્વક ભેટ ધરવામાં આવી જ ત્યારે તેમાં સંસ્થા વતી માતબર રકમ ઉમેરાવી સ્વામીશ્રીએ તે દક્ષિણા સત્‌કૈવલ મંદિરમાં મોકલાવી દીધી.

કલ્પતરુ તુલ્ય તમે

સારસાથી વિદાય લઈ સ્વામીશ્રી ભરૂચ અને અંકલેશ્વરને લાભ આપતાં તા. ૧૫/૪ની બપોરે સાંકરી આવી ગયા. અત્રે તેઓ ભોજન કરવા બિરાજ્યા ત્યારે સ્થાનિક સંતો વિચરણનો અહેવાલ આપવા માંડ્યા. તેમાં એક વાત સાંભળી રમૂજનો ઘોડો છૂટો મૂકતાં સ્વામીશ્રીએ કહ્યું : 'તમારે પરચો થાય છે કે નહીં? પરચો કરો ને !' આટલું કહી પોતે જ જણાવ્યું : 'સૌને સત્સંગ કરાવવો એ પરચો જ છે. પટેલોને પણ સત્સંગ કરાવવો ને આદિવાસીમાં પણ કરાવવો.'

જેમ મનુષ્યને પોતાની બેય આંખો સરખી, તેમ સ્વામીશ્રીને પણ ધૂળિયાત કે ઉજળિયાત – બેય સમાન.

આવી સમદૃષ્ટિ રાખી વિચરતા તેઓ તા. ૧૭/૪ના રોજ ચૈત્રી પૂનમનો સમૈયો ઊજવી વરાડ તથા રાયમને પાવન કરતાં તા. ૨૦/૪ની સાંજે સમથાણ પહોંચ્યા.

અત્રે યોજાયેલી જાહેર-સભામાં આયોજક શ્રી મોહનભાઈના કુટુંબી એવા બે નાના બાળકો સ્વામીશ્રીને હાર પહેરાવવા આવ્યા, પરંતુ તેઓ વચ્ચે જે એક હાર હતો તે મોટા બાળકે સ્વામીશ્રીના કંઠમાં આરોપી દેતાં નાનો બાળક ઝંખવાણો પડી ગયો. તેની આ ઉદાસી સ્વામીશ્રીના સંવેદનશીલ હૃદયમાં ઝીલાઈ ગઈ. તેથી તેઓએ તે બાળકને પોતાની બાજુમાં ઊભો રાખી એક સંત પાસે ઠાકોરજીને પહેરાવેલો મોટો હાર મંગાવ્યો. તે હાર પેલા બાળકને આપી પોતાને પહેરાવવાનું કહ્યું. આ લાભ મળી જતાં તે બાળક ખુશ ખુશ થઈ ગયો.

સ્વામીશ્રી કદી કોઈને ઓછું ન આવવા દે. તેઓની આ અલૌકિક રીત જોનારા સૌ ગાઈ ઊઠતા : *'કલ્પતરુ તુલ્ય તમે, ચિંતવે જે જનને જેવું ગમે...'*

સત્યુગની સમજ

સમથાણથી સાંકરી આવેલા સ્વામીશ્રી તા. ૨૧/૪ની સવારે અલ્પાહાર લઈ રહેલા ત્યારે ગોવિંદપ્રસાદદાસ સ્વામીએ પૂછ્યું કે 'બાપા ! સત્યુગના

નિયમો શું ?'

'આપણા સાધુના તો જે છે એ જ !' સ્વામીશ્રીએ જણાવ્યું.

સાધુતાને કાળનો કાટ નડતો નથી, તે કહેવાનો તેઓનો હાર્દ હતો.

તે સાંભળી પેલા સંતે ફરી પૂછ્યું : 'લોકો માટે સત્યુગના નિયમો શું ?'

'ના'વું-ધોવું, પૂજા-પાઠ કરવાં વગેરે. શ્રીજીમહારાજે જે નિયમો કહ્યા છે એ જ !'

'નવા સત્યુગમાં બીજા ન હોય ?'

'આ તો લોકો અત્યારે નિયમો નથી પાળતા એટલે કળિયુગ છે. બાકી નિયમો તો સત્યુગના જ છે.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓનું વલણ જીવન-પરિવર્તન દ્વારા યુગ-પરિવર્તનનું રહેલું. શ્રીજી-મહારાજ પણ વચનામૃત વરતાલ પ્રકરણ ૬માં કહે છે કે 'જ્યારે ઘણાક મનુષ્ય ભગવાનના એકાંતિક ભક્ત થાય છે ત્યારે કળિયુગને વિષે પણ સત્યુગ થાય છે.'

આ રીતે પૃથ્વીપટે સત્યુગ પ્રગટાવવા વિચરતા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૧/૪ની સવારે સુરત જિલ્લા ખાંડ ઉદ્યોગના અગ્રણીઓની વિશેષ સભા સાંકરીના સભાગૃહમાં યોજાઈ. તેમાં ઉપસ્થિત થયેલા મહુવા સુગર ફેક્ટરીના મૅનેજિંગ ડિરેક્ટર શ્રી નાગરાજ તો સમગ્ર સભા દરમ્યાન આંખો મીંચીને જ બેસી રહ્યા. તેથી કેટલાકને એમ લાગ્યું કે 'આ દક્ષિણ ભારતીય વહીવટ-કર્તાને ગુજરાતી નહીં સમજાતું હોવાથી ઊંઘ લઈ રહ્યા છે.'

પરંતુ સભા બાદ ભોજન લેતી વખતે એ મહાશયે ખુલાસો કરતાં કહ્યું :

'કાંચીના વૃદ્ધ શંકરાચાર્યનો મેં બહુ સમાગમ કર્યો છે. એમની પ્રતિભા જ એવી કે એમને જોઈને, 'ભગવાન હોવા જોઈએ' એવી પ્રતીતિ થાય. આજે વર્ષો થયાં, એમનાં દર્શન તો થયાં નથી, પણ આજે પ્રમુખસ્વામીનાં દર્શન કર્યાં ને મને એવી જ અનુભૂતિ થઈ ! એ જ લાગણી ઊભરી આવી !! સભામાં હું એનો જ વિચાર કરતો હતો.'

ખરેખર, સ્વામીશ્રીને મળ્યા બાદ કોઈ દેવ, અવતાર કે ગુરુ પરોક્ષ લાગતા જ નહીં.

આદિવાસીઓના આકાશમાં શિક્ષણનો સૂર્યોદય

તા. ૨૧/૪ના રોજ વિહાણને લાભ આપનારા સ્વામીશ્રી તા. ૨૨/૪ની સાંજે બારડોલીની કેશવનગર સોસાયટીના સમીપવર્તી મેદાનમાં પધાર્યા ત્યારે

આ પ્રાંગણ જનમેદનીથી ચિક્કાર હતું. તેમાં નગરપાલિકાએ એનાયત કરેલું સન્માનપત્ર સ્વીકારી, સ્વામીશ્રી તા. ૨૩/૪ની સવારે આદિવાસી વિસ્તારના અંતરિયાળ ગામ કાટસકુવા જઈ પહોંચ્યા.

અહીં તાપી કાંઠા રચનાત્મક ટ્રસ્ટ દ્વારા નિર્માણ પામી રહેલા 'નારાયણ-સ્વરૂપ (ઉત્તર બુનિયાદી) વિદ્યાધામ'નું ખાતમુહૂર્ત તેઓનાં કરકમળો દ્વારા થયું.

પરંતુ આ વિધિ બાદ અતિથિપોથીમાં આશીર્વાદ લખતાં સ્વામીશ્રીએ એક સંતને કહ્યું : 'વિદ્યાલયનું નામ બહુ લાંબું લાગે છે. એના કરતાં ખાલી 'નારાયણ' નામ સારું ! તમે ટ્રસ્ટીઓને આ વાત કરો.'

આ આદેશ અનુસાર આચાર્ય શ્રી સૈયદના કાને સ્વામીશ્રીનું સૂચન પહોંચાડવામાં આવ્યું, ત્યારે તેઓ બોલ્યા : 'મારી ઇચ્છા તો 'પ્રમુખસ્વામી વિદ્યાલય' નામ રાખવાની જ છે.'

આ સાંભળી સ્વામીશ્રી તેઓને પણ સમજાવવા લાગ્યા કે 'નારાયણ સર્વવ્યાપક કહેવાય અને તમારામાં ને અમારામાં, બધામાં એમનો વાસ કહેવાય, એટલે એ નામ સારું પડશે !'

ગમે તે રીતે પણ પોતાના નામને આગળ આવતું અટકાવવાનો પ્રયાસ સ્વામીશ્રીનો રહેતો. અલબત્ત, તેઓનો આ જ ગુણ તેઓનું નામ લોકહૈયે વધુ ને વધુ ઘૂંટતો રહ્યો છે.

આવા સ્વામીશ્રી કાટસકુવાથી સોનગઢને પાવન કરતાં ઉકાઈ પધાર્યા ત્યારે અત્રે સુપ્રિન્ટેન્ડન્ટ ઍન્જિનિયર શ્રી રાવના ઘેર બિરાજેલા તેઓને મળવા બાલુભાઈ આડતિયા આવી પહોંચ્યા. એક સ્થાનિક અતિથિગૃહના મૅનેજરની ફરજ બજાવતા તેઓએ પોતાનો પરિચય આપતાં સ્વામીશ્રીને કહ્યું : 'હું મૂળ ગોંડલનો છું. હરિભાઈ મારા પિતાજી.'

'પેલા ડાઈનિંગ કારવાળા ?'

'હા.'

'એમણે તો શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપાની બહુ સેવા કરી છે ! અમને પણ જ્યારે જરૂર પડે ત્યારે ડાઈનિંગ કારમાં બેસાડી જતા. લાંબો કોટ ને ટોપી પહેરતા.'

વેશ-વિશેષતા સહિત સ્વામીશ્રીએ આમ કહી દેખાડ્યું, તે સાંભળી આવનારા મુલાકાતી સહિત સૌ આશ્ચર્ય સાથે આનંદ પામ્યા !

આવો જ આનંદ તા. ૨૪/૪ની સવારે અહીંની જીવનસાધના વિદ્યાલયના

ટ્રસ્ટીઓ પણ અનુભવી રહ્યા.

તેઓ આજે પોતાનું આ વિદ્યાધામ સંસ્થાને સમર્પિત કરવાના હતા. સ્વામીશ્રીની કાર્યનિષ્ઠા, સુ-આયોજન અને પારદર્શકતાની આબોહવા સમાજમાં એવી જામેલી કે છાત્રાલયો, શાળાઓ, હૉસ્પિટલો વગેરેનાં સંચાલન કરતી કંઈક સમાજસેવી સંસ્થાઓ પોતાનાં ધમધમતાં સંકુલો સ્વામીશ્રીના સલામત હાથોમાં સોંપવા તત્પર રહેતી. તે ક્રમમાં આજે એક વિદ્યાલયના હોદ્દેદારોએ આ પગલું ભરી રાહતનો દમ લીધો.

તેની સાથે સ્વામીશ્રીએ આજે સંસ્થા દ્વારા નિર્માણાધીન 'અક્ષર-પુરુષોત્તમ કુમાર છાત્રાલય'નો ખાતવિધિ પણ કર્યો. આ પ્રસંગે તેઓએ આશીર્વાદમાં જણાવ્યું કે 'અહીં એક આદિવાસી છાત્રાલય ચલાવતા, પણ પૂરતી સુવિધા ન હતી. આજે મોટા મકાન માટેનું ખાત થયું. આ કંઈ બિઝનેસ નથી. આમાં રહેલા વિદ્યાર્થીઓ સારું જ્ઞાન મેળવીને સમાજની સેવાનું કાર્ય કરશે.'

છાત્રાલયોના નિર્માણ સંબંધી આ વિચાર ધરાવતા સ્વામીશ્રીએ આજે વિશ્વ હિંદુ પરિષદ દ્વારા નગરમાં બંધાનારા કન્યા છાત્રાલયનું ભૂમિપૂજન પણ કર્યું. આમ, તેઓના સંગે આજની સવાર આદિવાસીઓના આકાશમાં શિક્ષણનો સૂર્યોદય લઈને આવનારી બની રહી !

કર્યું હિત અતિ આ સમે

તા. ૨૪/૪ની સાંજે ઉકાઈથી સેલવાસ જઈ રહેલા સ્વામીશ્રીને વલસાડ પાસે આવેલા શ્રીજી પેટ્રોલિયમ પર રોકાવાનું હતું, પરંતુ સડસડાટ દોડતી ગાડી આ સ્થાનથી આઠેક કિ.મી. આગળ નીકળી ગઈ ત્યારે ગાડીચાલકને સ્થળ ચુકાઈ ગયાનું ભાન થયું. પત્રવાંચનમાં મશગૂલ સ્વામીશ્રીએ આ જાણ્યું ત્યારે તેઓએ ગાડી પાછી લેવડાવીનેય પેટ્રોલપંપના માલિક શ્રી આસિતભાઈ ગાંધીનો સંકલ્પ પૂરો કર્યો. સોળ કિ.મી.નો ધક્કો ખાઈને પણ તેઓએ એક ભક્તના હૃદયને ધક્કો લાગવા ન દીધો !

આ રીતે વલસાડથી સેલવાસ જઈ રહેલા સ્વામીશ્રીના આગમનની જાણ અહીં કોઈને ન હતી, કારણ કે તેઓએ આજની બપોરે જ આ નિર્ણય લીધેલો. તે સમયે સેવકોએ કહેલું કે 'આપણે સેલવાસ ફોન કરીને ખબર આપી દઈએ.'

ત્યારે સ્વામીશ્રીએ પ્રતિભાવ આપેલો : 'કંઈ જરૂર નથી. સંતો બહાર

ગયા હોય તોય કંઈ મંદિર સાથે લઈને તો નહીં ગયા હોય ને!'

આમ, સેલવાસના કાર્યક્રમની ગુપ્તતા તેઓએ એ હદે રાખેલી કે ઠાકોરજીને થાળ તૈયાર કરવા માટે આગળ જતી ગાડીના સંતોનેય સ્વામીશ્રીએ ઉકાઈથી જ જરૂરી શાકભાજી વગેરે લઈ જવા જણાવેલું.

પણ હા, પોતાના આયોજન અંગે આજે સૌ કોઈને અજાણ રાખતાં તેઓએ ફક્ત એક વ્યક્તિને પોતાના આગમનની આગોતરી જાણ કરી દીધેલી. તે હતા – મસાટ ગામના સરપંચ શ્રી રમેશભાઈ પટેલ.

ગામના આ મોવડી દારૂ-તાડીના અઠંગ વ્યસની. અભક્ષ્ય આહાર પણ તેઓના જીવનમાં પગદંડો જમાવી ચૂકેલો. વળી, તેઓ વખતોવખત મારામારીના માર્ગે પણ ધસી જનારા. આસપાસનાં કારખાનાંમાં કામ કરતા કર્મચારીઓને ઉશ્કેરી પોતાના મનની મેલી મુરાદો બર લાવવી એ જાણે તેઓનો વ્યવસાય.

આવા આ ઉપદ્રવી તા. ૨૩/૪ની રાત્રે ગામમાં ખોડાયેલા એક લગ્નના માંડવે ભરચક ઢીંચીને આશરે બારેક વાગ્યાના સુમારે ખાટલા પર ઢળી પડેલા ત્યારે તેઓને સ્વપ્નમાં દર્શન આપી સ્વામીશ્રીએ કહેલું : 'હું કાલે સેલવાસ આવું છું. તમે મંદિરે આવી જજો.'

સ્વામીશ્રીનું આ નિમંત્રણ સાંભળી ચોંકી ઊઠેલા એ સરપંચે પરોઢિયું થતાં જ સ્નાનાદિકથી પરવારી સેલવાસના અગ્રણી ભક્ત શ્રી રતિભાઈ પટેલના ઘેર જઈ પૂછેલું : 'પ્રમુખસ્વામી મહારાજ ક્યારે આવવાના છે?'

'અહીં તેઓનો કોઈ કાર્યક્રમ નથી.' હરિભક્તે જણાવેલું, કારણ કે તેઓ સ્વામીશ્રીના આગમનથી બેખબર હતા. આ તબક્કે સરપંચે તેઓને પોતાના સ્વપ્નની વાત કરેલી, પણ તે સત્સંગીના ગળે ન ઊતરતાં સરપંચે વાટ પકડેલી મંદિરની. પરંતુ અહીં સંતોએ પણ કહેલું : 'સ્વામીશ્રી અત્રે પધારવાના કોઈ સમાચાર નથી.' સ્વપ્નદર્શનની વાતમાં તેઓને પણ વિશ્વાસ નહોતો બેઠો.

આ રીતે બંને ઠેકાણેથી નકાર સાંભળી પોતાના ગામ રવાના થઈ ગયેલા સરપંચને સવાર પછી બપોર વીતી અને સાંજ પડી. આ વખતે સેલવાસમાં રહેતા વેદપુરુષદાસ સ્વામી અને આનંદમૂર્તિદાસ સ્વામી નિર્ધારિત કાર્યક્રમ મુજબ ગામડે જવા મેટાડોરમાં બેસવા જતા હતા ત્યાં જ સ્વામીશ્રીના સહવાસી સંતોની ગાડી આવી પહોંચી. તેઓ દ્વારા સમાચાર મળ્યા કે 'બાપા ટૂંક સમયમાં જ પધારી રહ્યા છે.' તેથી તાબડતોબ સ્વામીશ્રીનો ઉતારો સાફસૂફ કરી દેવાયો. તે દરમ્યાન સંતોએ પેલા સરપંચને પણ અહીં આવી

જવા ખબર મોકલાવી દીધા.

તેડું આવતાં તેઓ સ્વામીશ્રી પધાર્યાની થોડી વારમાં તો હાજર થઈ ગયા. સમય થયેલો રાત્રિના નવેક વાગ્યાનો! આ ટાણે તેઓને સંતો સ્વામીશ્રીનાં દર્શન કરાવવા લઈ ગયા ત્યારે શ્રી રમેશભાઈ બોલી ઊઠ્યા: 'આ જ સ્વામીએ મને ગઈકાલે દર્શન આપેલાં!'

તેઓની આ કબૂલાતનો મર્મ ખોલતાં સંતોએ તેઓના સ્વપ્નની વાત જણાવી ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'એના માટે જ આવ્યા છીએ!'

તેઓની આ કરુણાથી પેલા વ્યસની વ્યક્તિની આંખો ઊભરાઈ આવી. એ અશ્રુપ્રવાહમાં જીવનનાં બધાં બદી-બગદા ધોવાઈ ગયાં. તેઓને સ્વામીશ્રીએ કંઠી બાંધી પવિત્ર જીવનના માર્ગે ચઢાવી દીધા. એક જીવને ઉગારવા માટે સ્વામીશ્રીનો કેટલો દાખડો!

બેય પુરુષોના હાથ અહીં છે

તા. ૨૫/૪ની બપોરે સેલવાસથી મુંબઈ પહોંચેલા સ્વામીશ્રી એકધારું પોણા બસો કિ.મી.નું અંતર કાપીને આવ્યા હોવા છતાં ખૂબ હળવા હતા. તે હળવાશ સાથે જ આશીર્વાદ આપતાં તેઓએ જણાવ્યું:

'બધાને જય સ્વામિનારાયણ! અમારે અહીં ગઈકાલે રાત્રે પહોંચવાનું હતું, પણ વચ્ચે વિસામાનો વિચાર આવી ગયો એટલે સેલવાસ રોકાઈ ગયા અને અત્યારે અહીં આવી ગયા. ગઈકાલે ઉકાઈમાં આદિવાસીઓ માટેના છાત્રાલયનો ખાતવિધિ પણ થઈ ગયો. આપણે તો ઘરના ભૂવા ને ઘરનાં ડાકલાં. બ્રાહ્મણેય લેવા જવા પડે નહીં. દરેકનો હવાલો સંતો જ લઈ લે. દરેકમાં બધા તૈયાર. ઑલ કંપની આપણી. શ્રીજીમહારાજે એવું કર્યું કે કોઈ વાત અવિદ્વાન ન રાખી. જોગી મહારાજે બધા એવા પકવ્યા છે. આ લાલ ફોજ જ્યાં ઊતરે ત્યાં બધું સરખું કરી આપે. ત્યાં આદિવાસી એરિયામાં સંતો સારું કામ કરે છે. આજે બધા સાહેબો મળ્યા. સૌને કામથી સંતોષ છે. અહીં મુંબઈમાંય કામ ચાલે છે. અહીં બંગલામાં આદિવાસીઓ બેઠા છે ને ત્યાં ઝૂંપડાંમાં; બધાને સત્સંગ કરાવવો છે.'

આવતાંવેંત સ્વામીશ્રીએ પોતાનું અભિયાન અને અભિગમ સ્પષ્ટ કરી આપ્યાં.

તે મુજબ તેઓએ અહીંના રોકાણ દરમ્યાન ઘણી સભાઓ ગજવી.

મુલાકાતો વણથંભી અને પત્ર-ફોનનો પ્રવાહ પણ અવિરત ચાલતો રહ્યો. આ ભીંસ વચ્ચે, હાથ ધરેલાં કાર્યોને નિશ્ચિત સમયાવધિમાં પૂર્ણ કરવા સ્વામીશ્રીનું કૌશલ્ય અનેક રીતે ખીલી ઊઠતું. તે અનુસાર તા. ૨૬/૪ની રાત્રે તો તેઓએ એક ફોનમાં વાત કરતાં કરતાં વિવિધ પ્રશ્નોવાળા ૯૭ પત્રોના જવાબ લખી દીધા !

આ કુશળતા સાથે કાર્ય કરતા સ્વામીશ્રી તા. ૨૭/૪ની સવારે પ્રસિદ્ધ સંગીત નિયોજક શ્રી કલ્યાણજી આણંદજીનું નિમંત્રણ સ્વીકારી તેઓના ઘેર પધાર્યા. સરકાર દ્વારા પદ્મશ્રીના ખિતાબથી પુરસ્કૃત આ બંધુ-બેલડીને આશીર્વાદ આપી આગળ વધેલા સ્વામીશ્રી આજની રાત્રે પેડર રોડ પર આવેલા શ્રી પરમાનંદભાઈ પટેલના બંગલે પહોંચ્યા.

અહીં શહેરના શ્રેષ્ઠીઓને ધર્મલાભ આપી તેઓ જમવા બિરાજ્યા ત્યારે એક સંતે કહ્યું : 'મને તો પાંચ જણા મળવા આવે એટલે કંટાળો આવવા મંડે, જ્યારે આપને તો ચાલુ ને ચાલુ હોય. તોય આપ હળવા.'

આ સાંભળી પોતાનો ડાબો હાથ પોતાના શિર પર મૂકતાં સ્વામીશ્રી બોલ્યા : 'બેય પુરુષો(શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ)ના હાથ અહીં છે.' આટલું કહી તેઓએ ઉમેર્યું : 'કરવાનું એ છે કે આપણે કંઈ જ કરતા નથી, તો શાંતિ રહે. સારું થાય કે નરસું, એની ઇચ્છા !'

'कर्ता बहिरकर्तान्तर्लोके विहर राघव!' – બહારથી કર્તા અને અંદરથી અકર્તા બની રહેવાના યોગવસિષ્ઠ રામાયણના આ સંદેશનું સાકાર સ્વરૂપ હતા સ્વામીશ્રી !

રાખે ટેક તો મળે અનેક

તા. ૩/૫ની રાત્રે લગભગ પોણા બે કલાક સુધી એકધારું પત્રવાંચન અને લેખન કરી ૧૦:૪૦ વાગ્યે આરામમાં જવા ઊભા થયેલા સ્વામીશ્રી બોલ્યા : 'આજે ભગવાન ભજવાનું સુખ સારું આવ્યું.'

આમ, ભક્તોની સેવાને પણ ભક્તિ જ સમજતા તેઓ તા. ૪/૫ની રાત્રે પૂના પહોંચ્યા. અહીંથી તા. ૫/૫ની સવારે સનસવાડી મુકામે પધારેલા તેઓએ અત્રે અજમેરા પરિવારના બે ઔદ્યોગિક પ્રકલ્પોને ગતિ આપી, આજની સાંજે નહેરુ મેમોરિયલ હૉલમાં શહેરની અગ્રણી સંસ્થાઓનું સન્માન સ્વીકાર્યું.

તેને અનુસરતાં તા. ૬/પની સવારે યોગી પાર્કમાં યોજાયેલી સત્સંગ-સભામાં એકનિષ્ઠાનો એકડો ઘૂંટાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'ઘરમાં અડધો કલાક રોજ ભેગા બેસીને કીર્તન, વાતો, ધૂન કરીએ તો આત્મીયતા વધે. આપણો સત્સંગ વધારે દૃઢ થાય. બહારલા વાતાવરણની અસર ન થાય. એનો ફેર ન ચઢે એ માટે ઘરસભા છે. ઘરના સભ્યો ભેગા બેસીએ તો અણસમજણ નીકળી જાય. જેટલો ઘરસભાનો આગ્રહ રાખીશું એટલું સુખ આવશે.

આપણી નિષ્ઠા ને સમજણમાં ફેર ન પડવો જોઈએ. ઘણા જેમ-તેમ વાતો કરીને આપણી નિષ્ઠામાં વિક્ષેપ ઊભા કરે, પણ સુખ આવે તો સુખ ને દુઃખ આવે તો દુઃખ, બધું ભગવાનની ઇચ્છાથી આવે છે. બાળકને સુખ-દુઃખ માતા-પિતાને આધીન છે. એમ આપણાં મા-બાપ ભગવાન શ્રીજીમહારાજ છે. એમના સિવાય કોઈ કર્તા-હર્તા નથી. માટે કોઈ વહેમ રાખવા નહીં, બધું મટાડનાર ભગવાન છે. સુખ-દુઃખ તો આવ્યાં કરે. રાખે ટેક તો મળે અનેક. પૂનાનો સત્સંગ વધે, અહીં મંદિર થાય એ પ્રાર્થના.'

આ અમૃતધારા વહાવ્યા બાદ સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન ભુવન તથા ગુજરાતી કેળવણી મંડળના સંકુલને પાવન કરી સ્વામીશ્રી પુનઃ ઉતારે પધાર્યા ત્યારે યજમાન શ્રી અજમેરા પરિવારના સભ્યો તેઓને વીંટળાઈ વળ્યા. તે સૌને હિતોપદેશ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આપણા ભગવાન સ્વામિનારાયણ અને કુળદેવી ભક્તિમાતા. એટલે વહેમમાં પડવાની જરૂર જ નહીં. એનો પાર જ ન આવે. મૈત્રી કરવી પણ કુટુંબમાં વિક્ષેપ થાય એવી નહીં. ભગવાન શ્રીજીમહારાજ ને ગુરુ યોગીજી મહારાજ જ આપણાં સાચાં મા-બાપ ને દોસ્ત છે. જેનાથી આ વાતમાં ઘસારો આવે એવા મિત્રો મૂકી દેવા. આપણામાં અંદર કુસંપ ના પેસવો જોઈએ. જે જવાબદારી માથે છે એ બરાબર અદા કરવી.'

સ્વામીશ્રીએ સંભળાવેલી આ 'ગૃહગીતા' પ્રત્યેક કુટુંબને કિલ્લોલતા કરી મૂકે એમ છે.

આજ ભક્તની કરવા સાર...

તા. ૬/પની સાંજે પૂનાથી વિદાય લઈ મુંબઈ પધારેલા સ્વામીશ્રી અહીંથી પણ તા. ૭/પની બપોરે ઊપડતી કર્ણાવતી ઍક્સપ્રેસ દ્વારા સુરત

આવી પહોંચ્યા.

અત્રે તા. ૯/૫ની સવારે પ્રાતઃપૂજા બાદ મંદિર તરફ જઈ રહેલા તેઓએ એક જૂના સત્સંગીનો હાથ પકડી લીધો. 'આ મુમુક્ષુ માનસિક તાણને હડસેલવા વ્યસનના રવાડે ચઢી ગયા છે' તેની ખબર સ્વામીશ્રીને મળેલી. તેથી તેઓને સીધી જ વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આવું કેમ થાય? હવે તો આપણે બીજાનું કાઢવાનું હોય. આપણે તો પેસવું જ ના જોઈએ...'

આમ વાતો કરતાં કરતાં ઠાકોરજી સુધી આવી ગયેલા તેઓ અહીં ભગવાનને સંબોધતાં હોય તેમ બોલ્યા : 'જય મહારાજ! આ ભાઈના જીવનમાંથી બધું નીકળી જાય.'

પછી તે હરિભક્તને પણ કહ્યું : 'આજથી આ પાપ ગયું. ટેન્શન થાય તો અહીં આવી સેવામાં જોડાઈ જવું. ઘરના સાથે થોડું એવું હોય પણ દારૂ પીવાથી ઓછું મટવાનું છે! એક વાર સ્વભાવ જાણી લીધો પછી એનું દુઃખ ના થવું જોઈએ. અમારી આગળ તો એવા હજારો આવે છે. અમે જો આવું કરીએ તો અમારું શું થાય? 'બધું ભગવાનની ઇચ્છા પ્રમાણે થાય છે' એમ સમજીને ચાલવું, તો ટેન્શન નહીં રહે.'

આમ, એક હરિભક્તના માથેથી તાણનો કાંટાળો તાજ ઉતારી સ્વામીશ્રી ઉતારા તરફ જવા નીકળ્યા. તે વખતે વૃદ્ધ સત્સંગી શ્રી અંબાલાલકાકાએ કહ્યું : 'બાપા! મારે બે મિનિટ વાત કરવી છે.'

આ ટહેલ નાંખનારની વૃદ્ધાવસ્થા જોઈ તે ભક્ત પોતાના ઉતારાના દાદરા ચડીને ઉપર આવે તે સ્વામીશ્રીને મુનાસિબ ન લાગતાં તેઓ ત્યાં ને ત્યાં જ વાત કરવા તત્પર થઈ ગયા. પરંતુ તેમ કરવામાં અલ્પાહાર ઠેલાશે તે વિચારથી એક સંતે જણાવ્યું : 'સ્વામી! આપ પધારો. અમે તે હરિભક્તને દાદરા ચઢાવી દઈશું.'

આ સાંભળી સહેજ અકળાઈને સ્વામીશ્રી બોલ્યા : 'બે મિનિટમાં શું ખાટું-મોળું થઈ જવાનું છે? એક વાર કહીએ એટલે સરળતા થઈ જવી જોઈએ. ઉપર આવવામાં એ બિચારાને કેટલી તકલીફ પડે!'

આમ કહેતાં તેઓએ પોતાનો અલ્પાહાર ઠેલીનેય તે વૃદ્ધની વાત સાંભળી તેઓને સંતોષ પમાડ્યો.

આ રીતે આજની સવારથી જ ઝળકી રહેલી સ્વામીશ્રીની ભક્તવત્સલતા બપોરે તો જાણે ચરમસીમાએ પહોંચી.

આ સમયે તેઓએ ગઢડાના મંદિરમાં રહી ગામડે વિચરણ કરતા ભક્તિતનયદાસ સ્વામીને ફોનમાં જણાવ્યું કે 'ખાંભાના હરિભક્તોની ઈચ્છા તાલડા અને તાતણિયાનો પ્રોગ્રામ થાય એવી હતી, તો તમે જઈને સર્વે (તપાસ) કરી આવજો.'

પરંતુ તપાસ વગર પણ ખબર પડી જાય તેવી વાત કરતાં એ સંતે કહ્યું : 'બાપા ! ત્યાં ગરમી બહુ હશે !'

'એનો વાંધો નહીં આવે. હરિભક્તોનો સંકલ્પ પૂરો થઈ જાય તે સારું ને !'

આટલી વાત કરીને સ્વામીશ્રીએ આ ગામો શોધવા નકશા મંગાવ્યા, પણ નકશામાંયે તે ગામોનો પત્તો ન લાગ્યો. ભૂગોળમાં ટપકુંય ન આવે એવાં ગામોની ભાગોળે ભર ઉનાળામાં પહોંચવા તૈયાર થયેલા સ્વામીશ્રી જાણે કહી રહેલા : *'આજ ભક્તની કરવા સાર, અમે લીધો છે આ અવતાર...'*

વળ રાખ્યો છે જ ક્યાં ?

તા. ૧૧/૫ની બપોરથી સ્વામીશ્રીના શરીરમાં ઝાડાનો ઉપદ્રવ શરૂ થઈ ગયો. તેની સાથે માથાનો સખત દુખાવો, કેડનું પકડાઈ જવું અને ૧૦૧ ડિગ્રીની નજીક પહોંચેલો તાવ તેઓના સ્વાસ્થ્યને રગદોળવા લાગ્યો. આ કથળેલી તબિયતને થાળે પાડવા બે દિવસ દરમ્યાન જુદાં જુદાં સ્વાસ્થ્યલક્ષી પરીક્ષણો થયાં. તેમાં માંદગીના મૂળ તરીકે ગરમીનો પ્રકોપ કારણભૂત જણાતાં તબીબોએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! સૌરાષ્ટ્રનો પ્રોગ્રામ કેન્સલ કરો અને મુંબઈ પધારો.'

'હા, એ રીતે કરવું જોઈએ.' ઘનશ્યામચરણદાસ સ્વામીએ આમ ટાપશી પૂરી, ત્યાં જ સ્વામીશ્રીએ તેઓને સખાભાવથી મુદ્દાની વાત કરતાં કહ્યું : 'બે વાત કરતા હોય એમાં આપણે વચ્ચે ન બોલવું.'

'પણ સારી વાત હોય તેમાં ટેકો તો આપવો જોઈએ ને !'

'જરૂર વગર ટેકો આપીએ તો નકામા અથડાઈ પડીએ.'

'પણ જોગી મહારાજ કહેતા : 'કટ વળી જવું.' આપણે આગ્રહ ના રાખવો.'

'એ તો છે જ નહીં ! વળ રાખ્યો છે જ ક્યાં ? પહેલેથી જ નથી રાખ્યો, તો અત્યારે ક્યાંથી હોય ?'

સ્વામીશ્રીના મુખેથી તેઓની 'સદા સરળ' પ્રકૃતિ સરી પડી.

જીવનચરિત્ર તો બધા વાંચ્યે જ રાખે

આ અરસામાં ઉજ્જૈન મુકામે ચાલી રહેલા કુંભમેળામાં પહોંચેલા સંતોએ ક્ષિપ્રા નદીનું જળ મોકલાવેલું. તે વડે તા. ૧૬/૫ની સવારે ઠાકોરજીને સ્નાન કરાવી સ્વામીશ્રી પોતે પણ નહાયા. એટલું જ નહીં, યોગી શતાબ્દી મહોત્સવ ઉપક્રમે નિર્માણ પામનારા 'સ્વામિનારાયણ નગર'નું ખાતમુહૂર્ત તા. ૧૫/૫ના રોજ યોજાયેલું. તે માટે પણ તેઓએ આ જળ મોકલાવેલું.

આ કુંભજળનો છંટકાવ સૌ પર કરવાનીયે સ્વામીશ્રીને ઇચ્છા થઈ આવતાં તેઓ તા. ૧૬/૫ની પ્રાતઃપૂજા બાદ મંચની ધારે ગોઠવાઈ ગયા અને આસોપાલવ તથા પીપળાનાં પાંદડાં દ્વારા આશરે ૩૦૦ હરિભક્તો પર સ્વહસ્તે જલપ્રોક્ષણ કર્યું. 'यत्तीर्थबुद्धिः सलिले...' મુજબ જળને વિષે તીર્થની બુદ્ધિ ધરાવનારા સ્વામીશ્રીની આ આસ્તિકતા સૌનાં હૈયે કોતરાઈ ગઈ.

તે સાથે તા. ૧૫/૫ની સાંજથી ડુમ્મસમાં બિરાજતા તેઓનો લાભ માણવા ઘણા સંતો એકત્રિત થઈ ગયેલા. આ સંત-સંઘને જોઈ સ્વામીશ્રીએ તા. ૧૬/૫ના અલ્પાહાર બાદ એક વ્યવસ્થાપક સંતને બોલાવી કહ્યું :

'આપણે આટલા બધા સંતો આવ્યા છે ને અહીં રહે છે તો પીઠાવાલાના કુટુંબમાં સત્સંગ દૃઢ થાય એવું આયોજન કરો. બાળકો છે એમાં થોડા સંતો જાય. યુવકો હોય એને થોડા વાત કરે. હરિભક્તોને પણ બેસાડવા. ખાલી આવ્યા, ગયા ને હોહા થઈ ગઈ એવું નહીં. સત્સંગ ટકી રહે તે માટે દરેક ઘરના મંદિરમાં મૂર્તિઓ બેસાડી દેવી. બે દા'ડા રહીએ એમાં કામ થવું જોઈએ. બાકી આવ્યા ને અહોહો... થયું એમાં કાંઈ વળે નહીં! અમારે નવરાશ ન હોય. હરિભક્તોને મળવામાં મોટા ભાગનો સમય જાય છે. સત્સંગની સૂઝવાળાં કોઈ એવાં બૈરાં હોય તો તેઓ પણ બૈરાંઓને ભેગાં કરીને વાત કરે એમ કહેવડાવવું. બધી બાજુનો પ્રયત્ન થાય ત્યારે ઘરમાં સત્સંગ દૃઢ રહે. બાકી કુસંગ ઘૂસતો જાય.'

જ્યાં જાય ત્યાં સત્સંગ દૃઢ કરાવવાની સ્વામીશ્રીને નેમ. તેમાં પણ ઉપરચોટિયો નહીં, ઊંડાણવાળો સત્સંગ તેઓને ગમે. તે માટે તેઓ વ્યક્તિગત સંપર્ક પર ભાર મૂકતા.

તેની સાથે અન્ય એક ઉપયોગી ઉપદેશ આપતાં પણ સ્વામીશ્રીએ તા. ૧૭/૫ની રાત્રે કહ્યું :

'દરેક કાર્યકરે યોગીજી મહારાજનું જીવન જોવું. કામ કરવામાં બોલવાનું તો થાય, પણ આપણું મમત્વ મૂકી દેવું. જીવનચરિત્ર તો બધા વાંચ્યે જ રાખે, તો અંતરમાં ખૂબ શાંતિ રહેશે. આપણે જશ માટે નહીં, સેવા કરવા આવ્યા છીએ. કો'કના સ્વભાવ હોય પણ જો આવડત હોય તો પેલું ખમીને ચાન્સ આપવો. કાર્યકરો બાંધછોડ કરી શકે એવા હોય તો વાંધો જ ન આવે.'

કાર્યકરોનાં વાંચન, વલણ અને વર્તણૂક સંબંધી આટલું માર્ગદર્શન આપી સ્વામીશ્રીએ તા. ૧૮/૫ની સવારે યજમાન શ્રી પીઠાવાલા તથા તેઓના પુત્રોને સ્વહસ્તે તિલક-ચાંદલા કરી દીધા. તેની સાથે 'વચનામૃત' અને 'સ્વામીની વાતો'ના ગ્રંથ આપી નિત્યવાંચન કરવા પણ જણાવ્યું. તે વખતે પોતાનું અહીંનું રોકાણ સાર્થક થયાનો આનંદ સ્વામીશ્રીના મુખારવિંદ પર તરવરી રહ્યો. તેઓ જ્યાં રોકાતા ત્યાં સત્સંગની વસંત ખીલવી દેતા.

જીવન-નૃત્યની તાલીમ

તા. ૧૯/૫ની સવારે ડુમ્મસથી વિદાય લઈ સ્વામીશ્રી મગદલ્લા અને સુરતને પાવન કરતાં બોચાસણ પહોંચ્યા.

અહીં આ સમયે ૪૫ બાળકો યોગી શતાબ્દી પ્રસંગે પ્રસ્તુત થનારાં લોકનૃત્યોની તાલીમ લઈ રહેલા. તેઓએ જ ભેગા મળી સ્વામીશ્રીને અહીં પધારવાનું આમંત્રણ પાઠવતો પત્ર લખેલો. તેઓની એ ભાવનાને પ્રતિસાદ આપતાં કોઈ આગોતરી જાણ વિના અત્રે આવી ગયેલા સ્વામીશ્રીની તા. ૨૦/૫ની પ્રાતઃપૂજા અને અલ્પાહારનાં સત્રોમાં આ બાળકોનો જ કલશોર છવાયેલો રહ્યો.

તે પછીયે, જેમ ઘરના બાલગોપાલ વડીલને વીંટળાઈ વળે તેમ સૌ બાળકો સ્વામીશ્રીની આસપાસ ગોઠવાઈ ગયા. આ સમયે બાળમાનસમાંથી ફૂટવા માંડેલી એક પછી એક જિજ્ઞાસાઓમાં એક બાળક ટહુક્યો કે 'બાપા! આપ બોચાસણ આવવાના જ હતા તો અમને કેમ ન જણાવ્યું?'

'તમને વધારે લાભ મળે એટલે! આગળથી જણાવ્યું હોત તો કેટલો સમૂહ ભેગો થઈ જાત? અત્યારે તમારા માટે જ આવ્યા છીએ.'

સ્વામીશ્રીનો આ ખુલાસો સાંભળી તાળી પાડી ઊઠેલા બાળકોમાંના એકે પૂછ્યું: 'બાપા! આપ અમને કયું નૃત્ય શિખવાડશો?'

'ભગવાન રાજી થાય એ જ નૃત્ય. આપણું નૃત્ય તો ભગવાનની

આજ્ઞામાં રહીને જીવન જીવવું એ! આ નૃત્ય તો થોડા દા'ડા છે. પેલું નૃત્ય સાચું છે.' સ્વામીશ્રીએ જીવન-નૃત્યના ઠેકા(steps) શિખવાડતાં કહ્યું. વળી, બોલ્યા: 'તમારા કાગળો આવ્યા ત્યારથી તમારા માટે પ્રાર્થનાઓ કરીએ છીએ. તમારાં નૃત્યથી હજારોને શાંતિ થાય. બધાને ગુણ આવે કે બાળકો આવા તો જોગીબાપા કેવા હશે?!'

આ રીતે બાળસખાના બાગમાં ખરેખરા ખીલેલા સ્વામીશ્રીએ બાળકોની ઇચ્છા જાણી સાંજે પણ ખાસ સભા ગોઠવાવીને તેમાં નૃત્યો રાખવાનું સૂચવ્યું. સ્વયં પણ તે જોવા બિરાજ્યા. તે વખતે ભાંગડા અને ઉત્સવ-નૃત્ય રજૂ કરનારા બાળકોની સામે જ સ્વામીશ્રી બેઠા હોવાથી, શશીને જોઈ સાગર હિલોળે ચડે તેમ શિશુઓ ઊછળી-ઊછળીને થૈકારા કરી રહ્યા.

તેથી છેલ્લે તેઓને સ્વામીશ્રીએ પૂછ્યું: 'થાક લાગ્યો?'

ત્યારે સૌએ તાણીને 'ના' કહેતાં પ્રસન્ન થયેલા સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાનને સંભારીને કરવું, એટલે થાક જ ના લાગે.'

પોતાની આ ટેક્નિક (કરામત) બાળકોને શિખવાડી તેઓએ ઉત્સવ-નૃત્યના અનુસંધાનમાં કહ્યું: 'આપણને સુખ આવે એટલે ભગવાન આપણા જેવા થાય છે. ૬૦ વર્ષના ડોસા સાથે તમને ફાવે?'

'નાઆઆ...' સૌએ આમ નકાર ભણ્યો ત્યાં જ કુલદીપ નામનો બાળક બોલ્યો: 'પણ બાપા! તમારી જોડે તો અમને મજા આવે છે.'

'એ જ કહું છું. આપણા જેવા થાય તો જ મજા આવે.' સ્વામીશ્રીએ પોતાના પ્રાગટ્યનું પ્રયોજન જણાવી દીધું.

આ હેતુ તેઓએ અહીંના એક દિવસના રોકાણ દરમ્યાન બરાબર સિદ્ધ કરતાં બાળકોને અનેરું સુખ આપ્યું. તેથી તા. ૨૧/૫ની સવારે સ્વામીશ્રી વિદાય થયા ત્યારે પ્રત્યેક બાળક અને તેઓને તાલીમ આપનારા નૃત્ય-દિગ્દર્શક શ્રી જયેન્દ્રભાઈ કલ્યાણી સહિત સૌ ગાઈ રહ્યા: *'સ્વામીબાપાના બાળ મંડળમાં તો મજા પડે ભાઈ! મજા મજા...'*

જે ભાર આપી ગયા તે જ ઉપાડે છે

બોચાસણથી સારંગપુર જવા નીકળેલા સ્વામીશ્રીની આ સફરમાં બે વાર ગાડીનું એ.સી. બંધ થઈ જતાં મોટર ઊભી રાખી મરામત કરવી પડી. વળી, પીપળી પાસે પાછલું પૈડું ફાટ્યું! પરંતુ આટલી ખોટકામણો સ્વામીશ્રીની

પત્રધારાને અવરોધી ન શકી. તેઓ તો જાણે કોઈ તકલીફ જ નથી એમ પોતાનું કામ કરતા રહ્યા.

આસપાસના વાતાવરણથી અલિપ્ત રહીને સેવામાં ડૂબી જવાની તેઓની કાર્યકળા સાચે જ અલૌકિક હતી. ઘણી વાર તેઓ પોતાના ઓરડામાં બિરાજી પત્રો વાંચતા-લખતા હોય કે મુલાકાતો આપતા હોય, ત્યારે પણ તેઓની ચારેકોર ખાસ્સો કોલાહલ મચી રહ્યો હોય. ક્યારેક કંઈક ભાંગ્યું-તૂટ્યું હોય તો તેની મરામતના અવાજ થતા હોય. તેની વચ્ચે પણ સ્વામીશ્રી પૂરી એકાગ્રતાથી વર્તી શકતા. જે કોઈનાયે કુતૂહલ કે કકળાટનો વિષય બને તેવી ઘટનાઓ તરફ કાર્યમાં ખૂંપેલા તેઓનું લક્ષ્ય સુધ્ધાં ન જતું !!

આવા કાર્યકેન્દ્રી સ્વામીશ્રીને મળવા તા. ૨૨/૫ની સવારે સંત સ્વામી આવ્યા. તેઓએ વાતચીતમાં કહ્યું કે ‘આપ આત્મબળને લઈને ફરો છો. બાકી હવે તો આપનું શરીર થાકી જાય છે. આપને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, નિર્ગુણ સ્વામી બધાનો ભાર એકલાએ ઉપાડવાનો.’

‘એ તો જે ભાર આપી ગયા એ જ ઉપાડે છે અને મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી એ બધાએ ઉપાડી લીધો છે.’ સ્વામીશ્રી બોલ્યા.

કાર્યભારને કદી ન અનુભવનારા તેઓને ભાર લાગતો જશ ઝીલવામાં. તેથી એ ભાર અન્યને સોંપી દેવામાં સ્વામીશ્રી ક્ષણનોયે વિલંબ ન કરતા.

બધામાં ફર્સ્ટ ક્લાસ લાવવો

આ અરસામાં ગ્રીષ્મઋતુને કારણે ઠાકોરજીને ધરવામાં આવતા ચંદનમાંથી બનેલી ગોટીઓનું એક બૉક્સ સંતોએ તા. ૨૨/૫ની બપોરે સ્વામીશ્રીને આપ્યું. તે જોઈ એક પુરાણી સ્મૃતિ ઉલેચતાં સ્વામીશ્રીએ કહ્યું: ‘જૂના સંપ્રદાયમાં ભક્તિજીવનદાસ ગવૈયા સ્વામી હતા. શાસ્ત્રીજી મહારાજના ગુરુભાઈ. એમને સ્વામી પ્રત્યે પ્રેમ બહુ. એ જાતે જ ચંદન ઘસીને ઠાકોરજીને ધરાવીને સ્વામી માટે મોકલતા. સ્વામી બહુ રાજી થતા.’

ગુરુની આ સ્મૃતિ-સુગંધ પ્રસરાવી સ્વામીશ્રીએ સામે બેઠેલા સંતો-સાધકોને સંબોધતાં કહ્યું :

‘‘આપણે જે કંઈ છીએ એ ભગવાનની કૃપાથી છીએ, એટલે એમને રાજી કરવા બુદ્ધિનો ઉપયોગ કરવાનો. જો એમાં ‘હું’ આવી જાય તો પાછી ગરબડ. આપણે કંઈ છીએ જ નહીં. જો બહાર જઈએ તો રસ્તો જ ના સૂઝે.

આ બધી ભગવાનની બુદ્ધિ છે. આ (ભગવાં) કપડાં ઉતારે તો પાછા હતા એના એ જ! એટલે આપણને અવસર આપ્યો છે તો સેવા કરી લેવી. સાત સમેલિયા થવું, જેથી ક્યાંય પાછા ન પડાય. જે સોંપે એમાં ચાલુ થઈ જાય. જેમ ભણવામાં બધા વિષયો તૈયાર કરવા પડે છે, એક-બેમાં નપાસ થઈએ તો પાસ કહેવાય? એમ આપણે બધામાં ફર્સ્ટ ક્લાસ લાવવો.

મોટાપુરુષોએ દરેક અંગની વાતો કરી છે. એમાં એક જ વાતનું પૂંછડું પકડવું જ નહીં. મુખ્યપણે કોઈ વાર વાત કરી હોય, પણ એ પ્રસંગ પૂરતી હોય. 'એમની રુચિ આ જ છે' એમ નહીં. શબ્દો વિચારવા. કોઈ કહી જાય તો પોતાને આત્મારૂપ માનવું. સેવા મૂકી ન દેવી. આપણે આપણા જ સ્વભાવ ટાળવા આવ્યા છીએ – એ જ વિચાર કરવો. એવા તૈયાર થાઓ કે ટોચો જ ન લાગે. અહીંનો માલ ગમે ત્યાં જાય, કિંમત પૂરી જ આવે. કઈ યુનિવર્સિટીનો માલ છે? તો હાર્ડવેર (હાર્વર્ડ). તેમ આ સારંગપુરની યુનિવર્સિટીમાં તૈયાર થયેલા પાછા જ ન પડે.''

સ્વામીશ્રીએ આજે એક અધ્યાપકની અદાથી પરાવિદ્યાના પાઠ ભણાવી દીધા.

ચતુરાઈ ઘણી એમાં માનું

તા. ૨૬/૫ના રોજ સ્વામીશ્રી સારંગપુરથી ગઢડા પધાર્યા ત્યારે અત્રે ભક્તિનંદનદાસ સ્વામીના માર્ગદર્શન મુજબ ચિત્રકાર શ્રી ફતેસિંહ વાળાએ શ્રીજીમહારાજના પટ્ટાભિષેક અને નિંબતરુ નીચે બેસી વાતો કરી રહેલા શ્રીજીમહારાજનાં રેખાચિત્રો કંડારેલાં. તેના આધારે તૈયાર થનારાં વિશાળ ચિત્રો અક્ષરધામમાં મુકાવાનાં હતાં. પરંતુ આજની સાંજે આ બે રેખાંકનો જોવા પધારેલા સ્વામીશ્રીએ, પટ્ટાભિષેક કરવા જઈ રહેલા રામાનંદ સ્વામી મંચથી દૂર લાગતાં સૂચન કર્યું કે 'રામાનંદ સ્વામીને થોડા વધુ નજીક લઈ જવા. તેમના હાથમાં હાર હોય અને મુક્તાનંદ સ્વામી પાછળ પૂજાપો લઈને ઊભા હોય તથા હાથ ઉપર મહારાજને ઓઢાડવાની શાલ હોય તેવું બતાવવું. રામાનંદ સ્વામીના ભક્તો – પર્વતભાઈ, ગોરધનભાઈ, આણંદજી તથા ઉનડ-ખાચર વગેરેનાં ચિત્રો મળતાં હોય તો એ રીતે થાય એવું કરવું.'

આ દિશાદર્શન સાંભળી શ્રી વાળા બોલી ઊઠ્યા: 'બાપાની દૃષ્ટિ એકદમ ચોકસાઈવાળી છે. સૂચન પરફેક્ટ છે!'

કોઈ પણ ક્ષેત્રના નિપુણને પણ સ્વામીશ્રી વિષે *'ચતુરાઈ ઘણી એમાં માનું...'*ની પ્રતીતિ આવ્યા વિના ન રહેતી.

આવા જ અહોભાવ સાથે આજે પેલા ચિત્રકારે શીશ ઝુકાવ્યું ત્યારે તેઓને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'કામ સમયસર કરો અને એવું બનાવો કે બધા છક થઈ જાય !'

યોગીજી મહારાજના સંકલ્પે તૈયાર થઈ રહેલા અક્ષરધામના એકેએક કાર્ય અંગે તેઓનો ઉમંગ અનેરો જણાતો. એ જ ઉત્સાહ સાથે તેઓ ગઢડાથી અમરેલી થઈને તા. ૨૭/૫ની રાત્રે ધારી આવી પહોંચ્યા.

થાય યોગીનો જયજયકાર

યોગીજી મહારાજનો શતવાર્ષિક મહોત્સવ ઊજવવા ધારી પધારેલા સ્વામીશ્રીને આવકારવા અહીં મુખ્ય રસ્તે કલાત્મક કમાનની સાથે ભવ્ય 'યોગી નગર' પણ ખડું થઈ ગયેલું. ખોજા ભાઈઓએ પ્રેમપૂર્વક આપેલી ખેતરાઉ જમીન પર રચાયેલું આ ઉત્સવ-સ્થળ ૧,૩૦૦ બાઈ-ભાઈ સ્વયંસેવકોનાં શ્રમ-સમર્પણથી સિંચાયેલું. તેની સાથે નગરપતિ શ્રી કેશુભાઈ પટેલ સહિત શહેરવાસીઓનાં સેવા-સહકારની સરવાણી પણ આ 'નગર'ને ખીલવવામાં ભળેલી. ઉનાળાની ઋતુમાં ઊજવાતા આ ઉત્સવ પર કોઈ જળસંકટ ન તોળાય તે માટે પંચાયતે છ બોર કરવાની જહેમત ઉઠાવેલી, તો શહેરના સજ્જનો અને વિવિધ જ્ઞાતિની વાડીઓએ સમૈયામાં પધારનારા સેંકડો હરિભક્તોના ઉતારાની વ્યવસ્થા ઉપલબ્ધ કરી આપેલી.

આમ, સંપ-સુહૃદભાવના સૂત્રથી ગૂંથાયેલા યોગીજી મહારાજના આ મહોત્સવમાં, તા. ૨૮/૫ની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે 'યોગી નગર'નું ઉદ્‌ઘાટન થતાં જ ઉત્સવનો પ્રારંભ થઈ ગયો. 'નગર'ના મુખ્ય દ્વારે દેરીમાં બિરાજતા યોગીજી મહારાજનું પૂજન સ્વામીશ્રીએ મહંત સ્વામી પાસે કરાવ્યું. આ પૂજન થતાં જ મૂર્તિમાં પ્રાણ પુરાયા હોય તેમ તે ડોલવા લાગી અને બોલવા લાગી. તે દર્શનથી હર્ષિત થઈ ઊઠેલા સ્વામીશ્રીએ અહીંથી 'યોગી દર્શન' પ્રદર્શન નિહાળી ત્રણ કમાનોમાં વિસ્તરેલા યોગી દ્વારનું ઉદ્‌ઘાટન કર્યું.

આ દ્વારની રચના એવી કલાત્મક હતી કે સભામંડપમાં પ્રવેશનારી પ્રત્યેક વ્યક્તિ વીસ ફૂટ ઊંચી અને પાંત્રીસ ફૂટ પહોળી યોગીજી મહારાજની મૂર્તિના હૃદયાકાશમાં સમાઈ ગઈ હોય તેવો ભાસ થાય !

એ રીતે સભાગૃહમાં પધારેલા સ્વામીશ્રી માટે સભામંચ પર યોગીજી મહારાજના અમૃત મહોત્સવ વખતે બનાવેલા કમલાકાર આસન જેવી શોભા કરવામાં આવેલી. તે પર બિછાવેલી પાટ પર બિરાજી પ્રાત:પૂજા કર્યા બાદ સ્વામીશ્રીએ જ્ઞાનજીવન યજ્ઞશાળામાં પહોંચી વિશ્વશાંતિ યોગીરાજ મહાયાગનો પ્રારંભ કરાવ્યો. અહીં પણ તેઓએ ઉજ્જૈનના કુંભમાંથી આવેલા ક્ષિપ્રાના જળ વડે ઠાકોરજીનાં ચરણ પખાળી તે જળ ૧૫૨ યજમાનો પર છંટાવ્યું.

આ રીતે સ્મૃતિજળથી સૌને ભીંજવી સભામંડપમાં પધારેલા તેઓ અત્રે યોજાયેલી ભવ્ય સભામાં બોલ્યા : 'ધારી પવિત્ર ગામ છે અને રહેશે. અયોધ્યા, છપૈયા ને વૃંદાવન જેવો એનો મહિમા છે.'

આવા મહિમાવંતા સ્થાનમાં આજની સાંજે નીકળનારી નગરયાત્રા અને સમગ્ર મહોત્સવ પર, અચાનક ફરેલા વાતાવરણને કારણે વરસાદ તથા વાવાઝોડાનાં વિઘ્નો મંડરાઈ રહેલાં. તેથી ૧૫૦ મણની પૂરીઓ તૈયાર કરીને બેઠેલા રસોડાથી માંડીને એકેએક વિભાગ ભયના ઓથાર નીચે આવી ગયેલા ! પરંતુ નગરયાત્રા પૂર્વે સ્વામીશ્રીએ વચનો ઉચ્ચાર્યાં કે 'મહારાજની કૃપાથી કાંઈ નહીં થાય, વરસાદ આજુબાજુ નીકળી જશે.' આ વાણી અક્ષરશ: સત્ય થતાં ધારીની બેય બેજુ આવેલાં ગઢડા અને કુંડલા સુધી દેમાર વરસાદ ત્રાટક્યો, પણ વચમાં આ નગર કોરું રહી ગયું !!

તે જોઈ *'તમારા ભયથી સૂર્ય શશી, ફરે કાળશક્તિ અહોનિશી...'*નો અનુભવ સ્વામીશ્રીમાં કરી સૌ દંગ રહી ગયા.

તેની સાથે અત્રે આયોજિત વ્યસનમુક્તિ યજ્ઞ પણ સૌને પ્રભાવિત કરી રહ્યો, કારણ કે આ પ્રવૃત્તિ હેઠળ ઉત્સવના ફક્ત બે જ દિવસમાં ૮૬૭ વ્યક્તિઓએ વ્યસનોને તિલાંજલિ આપી નવજીવનનો શ્વાસ લીધો.

સ્વામીશ્રીનાં આ પ્રદાન-પ્રભાવ જોઈ તા. ૨૮/૫ની રાત્રિસભામાં ધારાસભ્ય શ્રી પુરુષોત્તમ રૂપાલા બોલી ઊઠ્યા : 'કરોડોના ખર્ચે સરકાર જે કરી શકતી નથી તે કાર્ય આજે આ બી.એ.પી.એસ. સંસ્થા કરે છે. અહીં લોકો સહજભાવે વ્યસન મૂકી દે છે.'

સંસદસભ્ય શ્રી દિલીપભાઈ સાંઘાણીએ પણ કહ્યું : 'જેમણે જીવન સંસ્કૃતિ અને સંસ્કાર માટે અર્પણ કર્યું છે એવા પ્રમુખસ્વામી જે રીતે ઘૂમી રહ્યા છે એ આજની અકળાવનારી સ્થિતિમાં શાંતિ આપનારી બાબત છે.'

આમ, સમાજસેવા અને સત્સંગના બે કિનારા વચ્ચે વહેતી આ ઉત્સવ-ધારામાં તા. ૨૯/૫ના રોજ યોગીજી મહારાજનો ૧૦૦મો જન્મદિન આવી પહોંચ્યો.

યોગીજી મહારાજ શતવાર્ષિક મહોત્સવ

યોગીજી મહારાજના શતાબ્દી દિને ૨૫,૦૦૦થીયે વધુ ભક્તોથી ખીચોખીચ ભરાયેલી ઉત્સવ-સભા યોગીજી મહારાજના ગુણાનુવાદથી અનુપમ બની રહી. આ અવસરે સોરઠ અને કાઠિયાવાડ પંથકના પ્રસિદ્ધ ધર્મગુરુઓ સહિત જિલ્લા પંચાયતના પૂર્વપ્રમુખ, તાલુકા પંચાયતના પ્રમુખ વગેરેની ભાવસભર અંજલિઓએ પણ આજના ઉત્સવ-રંગને વિશેષ ઘેરો બનાવ્યો. પરંતુ સૌને અભિભૂત કરી ગયો – સ્વામીશ્રીનો સર્વધર્મ-સમાદર. તેઓએ આ પ્રસંગે ધારીનાં મંદિર-મસ્જિદ સહિત પ્રત્યેક ધર્મસ્થાનોમાં સંસ્થા વતી રસોઈ અને દક્ષિણા અપાવી.

તે ઉપરાંત, સ્વામીશ્રીએ સમસ્ત ધારીવાસીઓને ભોજન લેવા નિમંત્રણ આપ્યું હોવાથી ૫૦,૦૦૦થીયે વધુ ભાવિકોને ૨૨,૦૦૦ લિટર કેરીના રસ સહિતનું જમણ પીરસવામાં આવ્યું! સૌને જમાડીને રાજી કરતા યોગીજી મહારાજના ઉત્સવમાં સ્વામીશ્રીએ પણ ભરપૂર ભોજનથી સૌને તૃપ્ત કરી યોગીબાપાની ઝાંખી કરાવી દીધી.

તેઓનાં આવાં લાડ-કોડનો આસ્વાદ શ્રી દિનેશભાઈ વાઘેલાને અનેરી રીતે ચાખવા મળ્યો.

ઉત્સવમાં હિસાબી વિભાગની સેવામાં પરોવાયેલા આ કાર્યકરને ઉપરી સંતોની તાકીદ હતી કે 'સ્વામીશ્રી સાંજે વિદાય લે તે પૂર્વે આપણે તેઓને સમૈયાનો હિસાબ બતાવી દેવો છે.' તેથી આજની બપોરે ઉત્સવ પૂરો થયા બાદ આ કાર્યકર્તા, મદદનીશ તરીકે શ્રી કાંતિભાઈ મકવાણાને સાથે રાખી, હિસાબ-કિતાબની કાર્યવાહીમાં એવા પરોવાઈ ગયેલા કે તેમાં બપોરનું ભોજનેય ચુકાઈ ગયું. અંતે સાંજે પાંચ વાગ્યે તેઓ શ્રી વલ્લભભાઈ લાતીવાલાના ઘેર રોકાયેલા સ્વામીશ્રી પાસે પહોંચ્યા ત્યારે સંતોએ કહ્યું: 'બાપા! આ સ્વયંસેવકો હિસાબ લઈને આવ્યા છે.'

પરંતુ આ સાંભળી સ્વામીશ્રીએ પૂછ્યું: 'તમે બેય જમ્યા કે નહીં?'

આ પૂછપરછમાં પેલા બંને કાર્યકર્તાઓને સ્વામીશ્રીની આત્મીયતા

સાથે અંતર્યામીપણું પણ અનુભવાયું.

તેઓ ખરેખર ભૂખ્યા હતા. તેથી સ્વામીશ્રીએ એક સંતને બોલાવી તેઓને જમાડી દેવા સૂચના આપી. તે મુજબ આ કાર્યકરોને સાંજે સવા પાંચ વાગ્યે ગરમાગરમ ભોજન પીરસાયું ત્યારે એ બંનેનાં હૈયાં સ્વામીશ્રીને કહી રહ્યાં : *'મારા સાચા છો સનેહી, જોઈ જોઈ જોયું તેહી...'*

આ અનુભવ સૌને કરાવતા સ્વામીશ્રી ધારીમાં એક અભૂતપૂર્વ ઉત્સવ ઊજવી આજની સાંજે જ બગસરા થઈને ગોંડલ પધારી ગયા.[22]

કાયાનું કીધું કચુંબર

ગોંડલમાં તા. ૩૦/૫ની રાત્રે આઠ વાગ્યાથી આરંભાયેલી આઠમી સંતશિબિરમાં સ્વામીશ્રીએ તા. ૩૧/૫ના રોજ ત્રણેય સત્રમાં પધારી જ્ઞાન-દાનની લહાણી કરી. પરંતુ આ દિવસની રાત્રે તેઓને બાર વખત ઊલટી થઈ. વળી, તાવ તેમ જ ઝાડાની બીમારીએ પણ શરીરને ભરડો લેતાં, સ્વામીશ્રી તા. ૧/૬ના રોજ ઉતારે જ રહ્યા. અલબત્ત, ત્યાં આરામ કરવો એવું તો નહીં જ ! આવી માંદગીમાં પણ તેઓએ આજની સવારે ૮૦થી વધુ પત્રોના પ્રત્યુત્તર પાઠવી દીધા !

તેઓનો આવો દાખડો જોઈ વડીલ સંત બાલમુકુંદદાસ સ્વામીએ વિનંતી કરી કે 'બાપા ! આપ અહીં પંદર દિવસ રોકાઈને આરામ કરો. આપને ભીડો બહુ રહે છે.'

'ભીડો તો જેટલો વેઠવો પડે એટલો વેઠવાનો જ છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ હિંમત સાથે તા. ૨/૬ની સવારે અલ્પાહાર લઈ રહેલા તેઓ સમક્ષ રાજકોટના આગેવાન હરિભક્તોએ પણ આરામનો આલાપ છેડતાં કહ્યું : 'બાપા ! આપ શ્રમ બહુ લો છો. આરામ કરો.'

'આરામ જ છે ને ! બે દા'ડાથી અંદર પૂર્યા છે. બહાર જ નથી જતા.' આટલું કહી સ્વામીશ્રી બોલ્યા :

---

૨૨. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના શતવાર્ષિક મહોત્સવનો લહાવો લૂંટવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

'અસમર્થ થઈ ગયા. પહેલાં આપણે એમની (બીમારી) સામે જોર કરતા, હવે એ આપણી સામે જોર કરે છે. પહેલાં તો તડકા, વરસાદ ને કડકડતી ઠંડીમાં કામ કર્યું છે. કોઈ દા'ડો કાંઈ થાય નહીં. (યોગીજી મહારાજના) અમૃત મહોત્સવ, (શાસ્ત્રીજી મહારાજની) શતાબ્દીમાં કેટલી દોડધામ ને રાત-દિ'ના ઉજાગરા. વાઈરલ કે માથું દુઃખવું, કશું જ નહીં! સામું આવે તો ખરું? ભાગે સો ગઉ! હવે સામું પડ્યું છે. શરીરની પ્રતિકાર-શક્તિ ઘટી જાય એટલે થોડી ગરમી થાય એમાં તરત ઝાડા થઈ જાય.'

લોકકલ્યાણ માટે જાતને નિચોવી નાંખનારા સ્વામીશ્રીના શરીરમાં કોઈ કસ રહ્યો નહોતો તે હકીકત તેઓના જ મુખેથી સરી પડી. આવી કંતાયેલી કાયાને પણ તેઓ બીજાં પચીસ વર્ષ સુધી સેવામાં લસોટતા રહેલા. તે વખતે તેઓના દેહ પર શું શું નહીં વીત્યું હોય?!

એ વાતને તો સો વરસેય સંભારવી નહીં

તા. ૨/૬ની રાત્રે એક મીટિંગમાં બિરાજેલા સ્વામીશ્રીને સંસ્થાકીય સચિવ શ્રી હરીશભાઈ દવેએ માહિતી આપી કે 'સરકારના અહેવાલ અનુસાર ગુજરાતનાં ૯૦,૦૦૦ જાહેર ટ્રસ્ટોમાં આપણી સંસ્થાનો વહીવટ પ્રથમ સ્થાને છે.'

સ્વામીશ્રીના અનુભવી માર્ગદર્શનનો જ આ પ્રતાપ અને પરિણામ હતાં. પરંતુ આ બાબત પર કોઈ વિશેષ લક્ષ્ય ન આપતાં, તેઓ તા. ૩/૬ની સવારે ગુરુકુળના સંકુલમાં યોજાયેલી સંતશિબિરના સમાપન-સત્રમાં આવી બિરાજ્યા.

અહીં તેઓએ પ્રથમ તો દિલગીરી વ્યક્ત કરી કે 'મારી તબિયત નરમ થઈ ગઈ એટલે મને શોક જેવું થયું કે આપણે શિબિરમાં હાજર ના રહી શક્યા.' કથાશ્રવણના આ ઈશક સાથે સ્વામીશ્રીએ આજે આશીર્વર્ષા વરસાવી ૨૯૨ શિબિરાર્થી સંતોને તૃપ્ત કર્યા. તેની સાથે તેઓએ આ વર્ષે વરસાદ સારો થાય અને યોગી શતાબ્દીનો સમૈયો સર્વોપરી ઊજવાય તે હેતુથી, સૌને અક્ષર દેરીની ૧૨૫ પ્રદક્ષિણા કરવાનો આદેશ પણ આપ્યો.

તેને અનુસરતાં, સ્વામીશ્રીએ તા. ૪/૬ના રોજ આવેલા ૪૩મા પ્રમુખવરણી દિને અમૃતધારા વહાવી કે –

'મહારાજ-સ્વામી સાક્ષાત્ બિરાજેલા છે, સાક્ષાત્ મળેલા છે. એ વિચાર

કરી મહારાજનો આનંદ લઈને ફરીશું તો ગમે ત્યાં જઈશું સુખ, સુખ ને સુખ. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને કોઈ દિવસ કંટાળો નહીં. વાતો, ભજન, સેવા, ઉત્સવ કરવામાં થાક્યા જ નથી. આપણે એના વારસદાર છીએ. એનું શોભાડવાનું છે. એને ડાઘો લાગવો ન જોઈએ. ભગવાન અને સંતનો મહિમા હશે તો કોઈ દુઃખ જ નથી.

કોઈ પણ વાતમાં 'ના શું થાય?' આપણે મજબૂત મનના થઈએ. મહિમાની જ વાતો કરવી. આપણે એવું કરવું છે કે મંદિરમાં બધા ગુણ લઈને જાય. દેહ તો સાંઢલિયું બળદિયું. કામ લઈ જ લેવું. 'આ ફાવશે ને આની જોડે જ ફાવશે' એ વિચાર કરવાનો જ નથી. આ દેહ યોગીબાપાને સોંપી દેવું. પેલા નદી ઉપર પુલ બાંધતા'તા ને નીચે જાળી મૂકી, એમ શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપા ગમે ત્યાં સંભાળ રાખનારા છે. પછી ચિંતા શેની? આ પાર કે પેલે પાર! કંઈ મળ્યું કે ન મળ્યું, એ વાતને તો સો વરસેય સંભારવી નહીં. દર્શન, કથા, સેવા મળી એ જ સંભારવી. તો સુખ, સુખના ઢગલા. આનંદ, આનંદ ને આનંદ.'

ભગવાનનો વંશ સત્પુરુષ છે

તા. ૪/૬ની સાંજે સ્વામીશ્રી પાસે આવેલા નૈરોબીના એક ગુણાનુરાગીએ ત્યાંની રાજકીય અસ્થિરતાની વિગતો જણાવી કહ્યું : 'બાપા! અમારું ટૉપ રાખો. બીજા દેશોમાં જે થવાનું હોય એ થાય.'

'એવું શું કામ બોલો છો ભલા! બધા જ સુખી થાય એવું બોલો ને! બધા સુખી હોય તો જ આપણે સુખી થઈએ. માટે એકલા સુખી થવાનો વિચાર ન કરવો.' સ્વામીશ્રી બોલ્યા.

આ સિદ્ધાંત સાથે વિચરતા તેઓએ તા. ૫/૬ની રાત્રે વાળુ બાદ જમણી આંખનો લેન્સ કઢાવ્યો. તે વખતે તેઓએ સેવકને કહ્યું : 'બપોરે લેન્સ નાંખ્યો ત્યારથી ખૂંચતો હતો.'

'તો કહેવું હતું ને!'

'મને એમ કે બેસી જશે.'

સ્વામીશ્રીના આ ઉત્તરમાંથી તેઓની સહનશીલ પ્રકૃતિ સરી પડી.

ખૂંચતા-ખટકતાનું ખમીને પણ સેવાનો દોર અતૂટ રાખનારા તેઓ તા. ૮/૬ની બપોરે ભોજન લઈ રહેલા ત્યારે જ્ઞાનપુરુષદાસ સ્વામીએ પૂછ્યું :

"સ્વામી! અહીં ગોંડલમાં એક વાર હૉલેન્ડવાસી હરિભક્ત હન કોપે આપને કહેલું કે 'આપમાં ભગવાન અખંડ છે.' તે વખતે આપ બોલેલા કે 'અખંડ નહીં, સમ્યક્ છે.' તો અખંડ અને સમ્યક્ વચ્ચે શું ભેદ?"

'ભગવાન અખંડ તો જીવ-પ્રાણીમાત્રમાં રહેલા છે, પણ સમ્યક્ એટલે બધાં જ અંગેઅંગમાં રહ્યા છે. એકરૂપ જ થઈ ગયા. ભગવાનનું સ્વરૂપ બની ગયા.'

આ સમ્યક્ સમજ પીરસવાની સાથે આજની સાયંસભામાં પણ સ્વામીશ્રીએ જણાવ્યું: 'ભગવાન આપણી નજીક જ છે. એ આવતા કે જતા નથી. સત્પુરુષ દ્વારા છે, છે ને છે જ! તમારો વંશ રહે છે તો ભગવાનનો વંશ ચાલે કે નહીં? ભગવાનનો વંશ સત્પુરુષ છે. એ જતા જ નથી. એ દૃઢતા હોય તો આગળ વધાય. આપણો પ્રગટનો સંપ્રદાય છે, પ્રગટની ઉપાસના છે ને પ્રગટની ભક્તિ છે.'

મમતાનો મહેરામણ

તા. ૧૦/૬ની સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં *'અમારા તારક શ્રી...'* કીર્તન ગાઈ રહેલા ભીમજીભાઈ પરમારના રાગ કે કંઠમાં કોઈ વિશેષ દૈવત જણાતું નહોતું. સામાન્ય સ્થિતિના એ ગાયકની ગાયકી પણ એવી જ હતી. પરંતુ તેઓ આશીર્વાદ લેવા આવ્યા ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું: 'તમે પર્વતભાઈનું કીર્તન કેમ ના ગાયું?'

આ પ્રશ્ન સાંભળી જે જાણકાર હતા તેઓની નજર સમક્ષ અઢી-ત્રણ દાયકા પહેલાંની સ્મૃતિ તાદૃશ થઈ ગઈ! યોગીજી મહારાજના વખતમાં આ સત્સંગી *'ભક્ત પર્વતભાઈ પ્યારા...'* કીર્તન પૂજામાં ગાવા આવતા. એ વિગત હજી સ્વામીશ્રીની સ્મૃતિમાં અકબંધ હતી. પ્રાતઃપૂજામાં રોજના છ-સાત ગાયકો લેખે ૨૫-૩૦ વર્ષમાં તો તેઓ સમક્ષ કેટલા ગાયકો ગાઈ ચૂક્યા હશે? તેમાંયે આંતરરાષ્ટ્રીય કક્ષાના કંઈક દિગ્ગજ કલાકારોએ કંઠનાં કામણ પાથર્યાં હતાં. તેની વચ્ચે સાધારણ દરજ્જાના એક ગાયકની કલાને પણ વર્ષો સુધી યાદ રાખવા મેધા નહીં, મમતા જોઈએ. આવી મમતાનો મહેરામણ સ્વામીશ્રીમાં અહોનિશ હડુડ્યા કરતો.

તેઓની આવી મમતાના માંડવે જ તા. ૧૦/૬ના રોજ મેતા ખંભાળિયાના સત્સંગ ભુવનની મૂર્તિઓનો પૂજનવિધિ થયો. ત્યારબાદ

આ દિવસે શ્રીજીમહારાજની અંતર્ધાનતિથિ નિમિત્તે યોજાયેલી સભામાં સ્વામીશ્રીએ કહ્યું: 'ભગવાનનો આપણા પર એટલો મોટો ઉપકાર છે કે એમના માટે તો હજારો, લાખો નહીં, પણ અબજો વરસ સુધી ભક્તિ કરીએ તોય પૂરું થઈ શકે એમ નથી. જો આ વસ્તુ મનાય તો ભક્તિ કરવામાં કંટાળો આવે નહીં.'

સ્વામીશ્રીની ભક્તિના સાતત્યનું રહસ્ય આજે ખૂલી ગયું!

મરતાં પહેલાં ઘોર ન ખોદ

જેમ જોડણીકોશ સાચી જોડણી બતાવે, શબ્દકોશમાંથી શબ્દનો યોગ્ય અર્થ જાણવા મળે, વિશ્વકોશ વિશ્વની માહિતી આપે; તેમ સ્વામીશ્રી પાસેથી કોઈ પણ સમસ્યાનું સમાધાન મળે. તેથી જ તેઓ જ્યાં હોય ત્યાં મુલાકાતીઓની ભીડ ઊભરાતી રહે. તરસ્યો જન પરબે આવી જેવી હાશ અનુભવે તેવી શાતા તેઓ પાસે મળતી.

તે પામવા તા. ૧૨/૬ની સવારે દોડી આવેલો એક યુવાન ભણતો હતો દાક્તરી વિદ્યાશાખામાં, પરંતુ તે ખુદ દર્દી બની ગયેલો! તેણે સ્વામીશ્રીને કહ્યું: 'હું સાવ હતાશ થઈ ગયો છું. 'શું થશે?' એવું થઈ ગયું છે!'

તેનો આ રોતલ રાગ સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'હજી જીવનમાં ઘણા પ્રશ્નો આવશે. અત્યારથી સામનો કરતા નહીં શીખે તો આગળ શું કરીશ? આમાં ગભરાવાનું શું? ગભરાવાથી તો જિંદગી ખરાબ થઈ જાય. માટે ભગવાનનું બળ રાખ. મહેનત કર. જે પરિણામ આવે એ ભોગવી લે. મરતાં પહેલાં ઘોર ન ખોદ. વર્તમાનમાં રહે. ભવિષ્યની ચિંતા છોડી દે. થવાનું હશે એ થશે!'

સ્વામીશ્રીએ એ યુવાનને સમસ્યાઓ સામે શિંગડાં ભેરવતાં શીખવ્યું. તેઓ ઠાલાં આશ્વાસન કે આશીર્વાદ આપી યુવાનોનાં કાંડાં ન કાપતા, પણ વાસ્તવિકતાનું જ્ઞાન-ભાન કરાવી એ કાંડાંને કૌવતયુક્ત બનાવતા.

આ યુવાનની જેમ આજની સાંજે સ્વામીશ્રી પાસે પહોંચી ગયેલા બે બાળકોની જિજ્ઞાસા જરા જુદી હતી. તેઓએ પૂછ્યું: 'સ્વામી! આપ અક્ષર દેરીમાં આરતી ઉતારો છો ત્યારે ભગવાનનો કેવો અનુભવ થાય છે?'

'ભગવાન સાક્ષાત્ બેઠા હોય એવાં દર્શન થાય છે. તમે જેમ સામે બેઠા છો ને વાતો થાય છે ને, એ રીતે!'

'બાપા ! આપનામાં ને શ્રીજીમહારાજમાં ફેર શું છે ?'

'શ્રીજીમહારાજ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ ને આપણે એમના દાસ, સેવક છીએ.'

સ્વામીશ્રીનો આ જવાબ તેઓની અખંડ બ્રહ્મસ્વરૂપી સ્થિતિનો ઉદ્‌ઘોષ કરી રહ્યો. શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૭માં કહે છે કે 'જે જે ભગવાનના ભક્ત બ્રહ્મસ્વરૂપ થયા છે તો પણ ભગવાનના દૃઢ દાસ થઈને ભગવાનનું ભજન કરે છે.'

જ્યારે સ્વામીશ્રી તો સાક્ષાત્ અનાદિ બ્રહ્મ. તેઓના દાસભાવનું તો કહેવું જ શું !

વળી અંતકાળે આવો છો

તા. ૧૩/૬ની સવારે સ્વામીશ્રીએ આંખો ખોલી ત્યારે તેઓને મુંબઈના સત્સંગી યુવાન શ્રી હરીશ દવેની આંખો મીંચાઈ ગયાના સમાચાર મળ્યા. 'ભુલા'ના હુલામણા નામે ઓળખાતા આ યુવકની ખેદજનક ખબર સાંભળી દુઃખ અનુભવનારા સ્વામીશ્રીની વેદના શૌચ બાદ હાથ ધોતી વખતે પણ વ્યક્ત થઈ રહી. આજે સેવક સ્વામીશ્રીને જાગ્યા પછી ચશ્માં પહેરાવવાનું ભૂલી ગયેલા. આ વાત તેઓએ હસ્તપ્રક્ષાલન કરતા સ્વામીશ્રીને જણાવી ત્યારે તેઓ બોલ્યા : 'ચશ્માં રહી ગયાં એનો વાંધો નહીં, પણ બિચારો ભુલો જતો રહ્યો.'

પંચતારક હોટલોના કલ્ચરમાં રાચતા આ યુવાનને સ્વામીશ્રી પોતાના લાડની લગામથી સત્સંગની સંસ્કૃતિમાં લઈ આવેલા. તેની પુણ્યસ્મૃતિમાં તેઓએ આજે પોતાની પ્રાતઃપૂજા બાદ ધૂન કરાવી. તે પછી તેઓ ઉતારે પધાર્યા ત્યારે પણ આ અક્ષરનિવાસી યુવકની વાત નીકળતાં સેવકે સ્વામીશ્રીને પૂછ્યું : 'ગઈકાલે રાત્રે ત્રણ વાગ્યે આપ જાગતા'તા તે ભુલાને લેવા ગયા'તા ?'

ગત રાત્રિએ ત્રણ વાગ્યે સ્વામીશ્રી શારીરિક અસ્વસ્થતાને કારણે પલંગ પર જાગતાં જ પોઢેલા. શ્રી હરીશભાઈ પણ રાત્રે ત્રણ વાગ્યે જ અક્ષરવાસ પામેલા. તે સંદર્ભમાં પુછાયેલા આ પ્રશ્નનો ઉત્તર આપતાં સ્વામીશ્રીએ 'મહારાજ લેવા ગયા' કહી ઉમેર્યું : 'લેવા તો જવું જ પડે ને ! એની ભક્તિ એવી હતી.'

સ્વામીશ્રીના મુખેથી *'વળી અંતકાળે આવો છો, રથ વે'લ વિમાન લાવો છો; તેને તેડી જાઓ છો સાથે, બેસારી રથ વિમાન માથે...'*ની પોતાની રીત સરી પડી.

હરિવર અંગોઅંગ બિરાજે

તા. ૧૬/૬ની સવારે અલ્પાહાર દરમ્યાન ચાલી રહેલા વાર્તાલાપમાં સ્વામીશ્રીએ એક પુરાણી સ્મૃતિ વાગોળતાં કહ્યું કે 'હું અક્ષર સ્વામી સાથે ફરતો ત્યારે સીધું લેવા ને રસોઈ મૂકવા મારે જ જવાનું. આણંદ, નાપા, નગાસર, આશી બધે એવું કરતો. હું એકલો એટલે રસોઈ મૂકવામાં બે-ત્રણ આંટા થાય. ઘેર તો આપણે ક્યારેય કરેલું નહીં, પણ એકાદ વાર કરીએ એટલે વાંધો ન આવે.'

વખતોવખત સ્વામીશ્રીના મુખેથી સરી પડતાં આવાં સ્મૃતિબિંદુઓના આસ્વાદ અને આનંદ અનેરા રહેતા.

આવા જ અનુભવની એક લહેર તા. ૧૭/૬ની પ્રાતઃકથામાં પણ ફરી વળી. આ સમયે 'ભગવાનનો દીકરો હોય તો પણ...' એ 'વાત' સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ભગવાનને ત્યાં જન્મ લીધે કાંઈ ભગવાન થવાય? પ્રિન્સિપાલનો દીકરો પ્રિન્સિપાલ થાય એવું ખરું? એમ ભગવાનના દીકરા થઈએ તો જ્ઞાન ના થઈ જાય. એ તો સાધુ છે એ ભગવાનના પ્રૉફેસર છે. એની પાસે જવું જ પડે! યોગીબાપાની YYUC(યોગી યુવક ઉપવાસ કૉલેજ)માં જાય તો જ જ્ઞાન મળે...'

સ્વામીશ્રી આમ નિરૂપણ કરી રહેલા ત્યાં જ સામે બેઠેલા એક ભક્ત બોલ્યા: 'હવે PYUC (પ્રમુખ યુવક ઉપવાસ કૉલેજ).'

પરંતુ આ વિધાનને રદિયો આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આ વળી પાછું વચ્ચે ક્યાં લાવ્યા? બેય એક જ છે, પછી નામ ફેરવવાનું ક્યાં રહ્યું?! જુદા પાડવામાં જ આપણે દુઃખી થઈએ છીએ. જે જ્ઞાન મહારાજે આપ્યું છે એ જ જ્ઞાન ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપાએ આપ્યું છે. જુદું પાડીએ તો પરંપરા રહે નહીં. બધું એક જ છે એટલે જ પ્રગટ કહીએ છીએ.'

પ્રગટનો આટલો મર્મ સમજાવી પોતાના નખથી શિખાપર્યંત અંગુલિ-નિર્દેશ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

''મહારાજ ધામમાં બેઠા છે તો અહીંથી અહીં બેઠા છે એવા ને એવા બેઠા છે! અંગોઅંગમાં એમનો જ વાસ છે. જુદું તત્ત્વ રહેતું જ નથી. સાધુ સમાગમ ના હોય તો આવો ગરબડગોટો થઈ જાય. સૌ પોતાની મેળે ગોઠવી

દે. 'હમ ભી ડીચ' એવા કેટલાય ભગવાન થઈ પડ્યા છે ને ગોટાળા ચલાવે છે. સાચા તો યોગીબાપા. એની જાહેરાત કરવી ના પડે.

શાસ્ત્રીજી મહારાજને કોઈએ કહ્યું: 'વરતાલ સંસ્થામાં ભળીએ ને આપણી મિલકત પડાવી લે ને પછી કાઢી મૂકે તો શું કરશો?' સ્વામી કહે કે 'એ જ મોઈ ને એ જ દંડો. ફરીથી બધું કરશું.' આવા સંતને બનાવટ કરવાની જરૂર ખરી? જેને કંઈ જોઈતું જ નથી એને કોઈ ચિંતા ખરી? સ્વાર્થ હોય એ બનાવટ કરે.''

રે'વું સદા ધર્મ માંઈ

આ અરસામાં રચાયેલા ગુજરાતના નવા મંત્રીમંડળમાં નિયુક્તિ પામેલા ૩૧ પ્રધાનોને સ્વામીશ્રીના લેખિત આશીર્વાદ મોકલવાના હતા. તે માટે તૈયાર થયેલો પત્ર અમદાવાદના મંદિરે છપાઈને સ્વામીશ્રીના હસ્તાક્ષર સાથે પ્રત્યેક પ્રધાન સુધી પહોંચવાનો હતો. પરંતુ આ અંગે સંબંધિત વ્યક્તિને સૂચના આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'બે મહિલા પ્રધાનોને આ પત્ર સંસ્થા વતી સંસ્થાના સેક્રેટરીના નામે જાય એનું ધ્યાન રાખજો.'

તેઓની રીત *'રે'વું સદા ધર્મ માંઈ...'*ની! ધર્મને છોડીને તેઓ કોઈ કામ ન કરતા. તેની સાથે ધર્મમાં રહીને તેઓ બનતું બધું કરી છૂટતા.

તેથી જ તા. ૧૭/૬ની સાંજે સત્સંગી શ્રી નંદલાલભાઈએ તેઓની દીકરીને બોરસદની પી.ટી.સી. કૉલેજમાં પ્રવેશ મળી જાય તે અંગે વાત કરી ત્યારે સ્વામીશ્રીએ આ વિષે ત્યાગવલ્લભદાસ સ્વામી પર પત્ર લખી દીધો. તેમાં આ યુવતીની ફી તથા રહેવાની વ્યવસ્થા પૂરી પાડવા પણ ભલામણ કરી.

આમ, મર્યાદા અને મદદનું સુયોગ્ય સંતુલન ધરાવનારા સ્વામીશ્રીનાં દર્શને આજે એક ધારાસભ્ય આવવાના હતા. તેઓને બેસવા સારુ સ્વામીશ્રીએ જ રજાઈ પાથરવાની સૂચના આપી ત્યારે એક વ્યવસ્થાપક બોલ્યા: 'ચાલશે, એ તો યુવાન જ છે.'

'એ ભલે ને ગમે એ હોય. શ્રીજીમહારાજે કહ્યું છે[૨૩] એટલે વિવેક

---

૨૩. શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૩માં કહે છે કે 'સંસારમાં મોટો મનુષ્ય કહેવાતો હોય ને તે જ્યારે સભામાં આવે ત્યારે તેને આદર કરીને સર્વ સભાને મોઢા આગળ બેસાર્યો જોઈએ અને એ વ્યવહાર છે તે જ્ઞાની હોય, ત્યાગી હોય તેને પણ રાખ્યો જોઈએ.'

રાખવો.' સ્વામીશ્રીએ જણાવ્યું.

માર્ગ લૌકિક હોય કે આધ્યાત્મિક, પણ તેઓનું પગલું કદી શ્રીજી-મહારાજની આજ્ઞા બહાર ન પડતું.

મૂર્તિ મંગળમૂળ

તા. ૨૦/૬ની સાંજે ગાજવીજ સાથે મેઘરાજાની સવારી આવી પહોંચતાં સ્વામીશ્રી વરસાદી જલધારામાં ઠાકોરજીને સ્નાન કરાવી, સ્વયં પણ નહાયા. તે દ્વારા સમાજને શુભ સંકેત આપતા તેઓ પાસે તા. ૨૧/૬ની સવારે રાજકોટના સિંધી વેપારી શ્રી કિસનજી દોડી આવ્યા.

આ મુરબ્બીને કો'ક સત્સંગી પાડોશીએ સ્વામીશ્રીની છબી આપેલી. એ છબીની છત્રછાયા પામી આ સંતપ્ત સિંધી સજ્જનને ઘણી જ શાંતિ મળેલી અને તેઓ જે કામ ઇચ્છે તે પાર પડવા લાગેલાં. ફક્ત ફોટાનો આ પ્રભાવ એ મહાશયને આજે સ્વામીશ્રી પાસે ખેંચી લાવેલો. અહીં તેઓએ વર્તમાન ધરાવી સત્સંગ સ્વીકાર્યો.

'*માટે મૂર્તિ મંગળમૂળ, એથી પામ્યાં સુખ અતૂળ...*'નો આવો અનુભવ ઘણાને સ્વામીશ્રીનો યોગ કરાવી આપતો. તેઓની આવી પ્રભાવક છબીનાં કામણ-આકર્ષણ હજીયે ક્યાં ઓસરવાનું નામ લે છે !

છતાં સ્વામીશ્રીની વિશેષતા હતી – વિશેષતા છુપાવી રાખવામાં. તે આજની સાયંસભામાં છતી થઈ રહી.

આ સમયે આશીર્વાદ આપતાં તેઓ કહી રહેલા કે 'યોગીબાપા આમ જુઓ તો સાદા-સિમ્પલ સંત, પણ એમનું આકર્ષણ કેટલું ! રસ્તે નીકળવાના હોય તોય લોકો ઝાંખી માટે પાંચ કલાક રાહ જોઈને ઊભા રહે...!'

'આજે પણ એવું જ છે ને !' કો'ક બોલ્યું.

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'આપણી ક્યાં વાત છે ? ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી ! આપણે તો એમના દાસ ને સેવક છીએ.'

આ પરભાવની વાત છે

તા. ૨૨/૬ની બપોરે ભોજનમાં ટીંડોરાંનું શાક જોઈ શૈશવની સ્મૃતિ પીરસતાં સ્વામીશ્રી બોલ્યા : 'પૂર્વાશ્રમમાં ગિલોડાં તો માંડવે હોય જ ! તોડીને કાચાં પણ ખઈએ. બટાકા રોજ ના હોય. ગામડે વેચવા આવે ત્યારે જ (તેનું

શાક) થાય. બીજું ચોળી(નું શાક) થાય.'

આમ કહી દૈનિક ક્રમમાં પરોવાયેલા તેઓ તા. ૨૪/૬ની સવારે કથામાં પધાર્યા ત્યારે સામેથી જ 'લાવો, મને (માઇક) આપો...' કહેતાં પચાસ મિનિટ સુધી અનરાધાર વરસી પડ્યા. તેમાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'મહારાજ તો પ્રગટ છે, છે ને છે જ! આ પરભાવની વાત છે. આપણા જેવા થઈને ફરતા હોય પછી ક્યાંથી સમજાય? આપણને થાય કે 'મહારાજનાં દર્શનની ઇચ્છા અધૂરી રહી ગઈ.' હજુ વિચાર થાય છે, પણ અત્યારે એ જ છે! એ જ દર્શન, એ જ લાભ ને એ જ સમાગમ છે. આ વાત સમજાય તો અહોહો થઈ જાય. એ દિ' કે આજે, લાભ લેશો તો કામ થશે. હવે કશું જોવા-પામવાનું બાકી નથી.'

સ્વામીશ્રીના આજના શબ્દો *'ઉધારો ન રહ્યો એહનો...'*ની અનુભૂતિ કરાવનારા હતા.

આ રોકડો લાભ અનેકને પમાડવા તેઓ તા. ૨૫/૬ની સવારે ગોંડલથી વિદાય લઈ ભાદરા પહોંચ્યા. અહીં તેઓએ પોણા બાર વાગ્યે દર્શનાદિકથી પરવારીને સંતો સમક્ષ પ્રસ્તાવ મૂક્યો કે 'કાલે એકાદશી છે, એટલે આજે સાંજે ગામના ઘર દીઠ એક વ્યક્તિ તથા મંદિરમાં આવતાં હોય તેવાં બાળકો, યુવકો, વડીલો, મહિલાઓ વગેરેને જમાડીએ.'

સ્વામીશ્રીનો આ અકારણ ઉમળકો જાણી સંતોએ કમર કસી અને માત્ર છ કલાકમાં તો સૌ માટે મોહનથાળ, ગાંઠિયા, તીખી પૂરી વગેરેનું જમણ તૈયાર થઈ ગયું. શાળાના વિદ્યાર્થીઓને પણ સ્વામીશ્રીએ આ પંગતમાં સામેલ કરી દીધા.

આમ, સૌનાં મોં મીઠાં અને ઉદર ભરપૂર કરી તેઓ તા. ૨૬/૬ના રોજ ડાંગરા પધાર્યા ત્યારે આ પ્રસાદ તેઓએ અહીં પણ વહેંચાવ્યો.

અત્રે રહેતા પાર્ષદો પૂજ્ય ભરત ભગત અને કપિલ ભગતને પ્રેમથી મળતા સ્વામીશ્રીએ ગોંડલના જ્ઞાનપ્રસાદદાસ સ્વામીને પૂછ્યું: 'આ બે ભગતો માટે કેરીના ટોપલા લાવ્યા છો ને? થોડા થોડા ટાઈમે અહીં કેરીઓ પહોંચાડતા રહેવી.'

દૂર ખૂણામાં રહી સેવા કરતા સંતો-પાર્ષદો પણ સ્વામીશ્રીના પ્રેમ-પરિઘની બહાર ન રહેતા. તેઓનું આવું સમત્વ અને મમત્વ એકાંત સ્થળમાં પણ અક્ષરધામનો અનુભવ કરાવતું.

ભક્તિભીના કીધા વા'લમ

ડાંગરાથી રાજકોટ પધારેલા સ્વામીશ્રીનાં દર્શને તા. ૨૭/૬ની સવારે રાજકોટના નામાંકિત સદ્‌ગૃહસ્થ શ્રી કિશોરભાઈ આવ્યા ત્યારે તેઓનાં કપડાં સાવ મેલાં-ઘેલાં થઈ ગયેલાં, કારણ કે કિશોર પરમાર મંડપ સર્વિસના આ માલિક આજે બે કલાકની ગબડયાત્રા કરતાં કરતાં મંદિરે પહોંચેલા!

સ્થૂળ કાયા અને તેમાં ઘણા રોગો હોવા છતાં તેઓએ કરેલો આ દાખડો જોઈ રાજી થયેલા સ્વામીશ્રી તેઓને પ્રેમથી ભેટ્યા અને ચાંદલો કરી હાર પહેરાવ્યો. સાથે આશીર્વાદ પણ વરસાવ્યા કે 'કિશોરભાઈનું શરીર એવું ને પાછા પ્રતિષ્ઠિત હોય એટલે શરમ બહુ લાગે, પણ એમણે લાજ મૂકી. એમને અનંત જાત્રાનું ફળ મળ્યું! હવે આ છેલ્લો જનમ. બીજા તો ગોદડાં બાંધે પણ એમણે તો કંઈ જ બાંધ્યું નહીં. ખરેખરો ડંકો મારી દીધો.'

સ્વામીશ્રીનાં ચરણોમાં શ્રદ્ધાળુ હૃદયના આવા ભક્તિકુંભ હંમેશાં ઢળતા રહેતા. તાજેતરમાં ધારી મુકામે ઊજવાયેલા યોગીજી મહારાજના શતવાર્ષિક મહોત્સવમાં પણ ચંદ્રપુર અને અમલનેરના યુવાનો ૧,૪૦૦ કિ.મી.ની પદયાત્રા કરીને પહોંચેલા, તો ગોંડલના પચીસ યુવાનો છપૈયાથી ૨,૦૦૦ કિ.મી.ની દોડયાત્રા કરતાં આવેલા. ગોંડલમાં સ્વામીશ્રી રોકાયા તે વખતેય રાજકોટના યુવાનો રાજકોટથી ગોંડલ સુધી દંડવત કરતાં-કરતાં ગયેલા.

સ્વામીશ્રી જ્યાં હોય ત્યાં આસપાસ કે દૂર-દૂરનાં સ્થળેથી પદયાત્રાઓનો પ્રવાહ તો નિરંતર વહેતો જ રહેતો. તેમાં કેટલાક નિર્જળ ઉપવાસ તો કેટલાક સજળ ઉપવાસ કરીને ચાલતા. કંઈક પદયાત્રીઓ ખુલ્લા પગે ધરતી ધમરોળતા.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૫માં કહે છે કે 'શુક-સનકાદિક જેવા જે મોટાપુરુષ તેની જે સેવા ને પ્રસંગ તેમાંથી માહાત્મ્યે સહ વર્તમાન એવી જે ભક્તિ તે જીવના હૃદયમાં ઉદય થાય છે.' આ વિધાન સ્વામીશ્રીના સાંનિધ્યમાં સત્ય અનુભવાતું. તેઓના સંગે-પ્રસંગે ન કેવળ ગુજરાત, પરંતુ પરદેશમાંયે અનેરાં ભક્તિ-આંદોલનો પ્રસરી ગયેલાં. સ્વામીશ્રી ભક્તિના લેખક કે વિવેચક નહીં, પણ પ્રેરક હતા.

સાંદર્ભિક સૂઝનો રંગ

રાજકોટથી ગોંડલ થઈને તા. ૨૮/૬ની સવારે ગઢડા પધારેલા

સ્વામીશ્રીએ ગાડીને સીધી જ ઘેલાના ખળખળિયા તરફ લેવડાવી. અત્રે તેઓ સડસડાટ વહેતું પાણી જોઈ બોલ્યા: 'એમ થાય છે કે ખળખળિયો વહે છે, પાણી સારું છે તો જરા નાહી લઈએ.'

આમ કહેતાં નદીમાં સ્નાન કરવા ઊતરી પડેલા તેઓએ ડાબા હાથમાં ઠાકોરજી લઈ જમણા હાથ વડે જળ પધરાવતાં ખાસ્સી વાર સુધી ભગવાન પર અભિષેક કર્યો. ત્યારબાદ સારા વરસાદ માટે ધૂન કરાવી પોતે પણ લોટે-લોટે નહાયા.

આ તીર્થસ્નાનના આનંદ સાથે મંદિરે પધારેલા સ્વામીશ્રી અહીં અક્ષરધામમાં મૂકવા માટેના એક ચિત્રનું રેખાંકન નિહાળવા બિરાજ્યા. દાદાખાચરના દરબારમાં વચનામૃત ઉદ્‌બોધી રહેલા શ્રીજીમહારાજનું એ રેખાચિત્ર નીરખી તેઓએ ચિત્રકાર શ્રી ફતેસિંહ વાળાને પૂછ્યું: 'આ લીમડો ગાંઠાળો અને પાંખો કેમ છે?'

તે વખતે ચિતારાએ દરબારના લીંબડાનો ફોટો બતાવ્યો. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'આ તો હમણાંનો ફોટો છે. આ લીમડો તો ઘણાં વર્ષો જૂનો છે, એટલે તે વખતે ત્રીસ-ચાલીસ વર્ષનો હશે! એ રીતનો લીલો, ઘટાદાર કરજો. દાદાના દરબારમાં આવ્યા હોય એવો જ અનુભવ થવો જોઈએ.'

સ્વામીશ્રીના આ સૂચને ચિત્રમાં સાંદર્ભિક સૂઝનો રંગ પૂરી આપતાં તેની શોભા કંઈક આગવી જ બની રહી.

આમ, પોતાની એક નજર દ્વારા ચિત્રો પલટતા સ્વામીશ્રી ગઢડાથી બોટાદ પધાર્યા. અહીં મંદિરે દર્શન કરી તેઓ સારંગપુર જવા માટે ગાડીમાં બિરાજ્યા ત્યારે ગાડીચાલકને પૂછ્યું: 'નાળા નીચેનો રસ્તો સૂઝશે?'

'હા, આપ ભોમિયા છો ને!'

'હું ભોમિયો મટી ગયો. હવે રિટાયર (નિવૃત્ત) થવું પડે ને!' આમ ગમ્મત કરતાં સ્વામીશ્રી સારંગપુર આવી પહોંચ્યા.

આપણા માટે દુનિયા છે જ નહીં

સારંગપુરમાં સ્વામીશ્રીની કથાની રંગત કંઈક જુદી જ રહેતી. જેમ દુકાનદાર ગ્રાહકની ક્ષમતા જોઈ તાકા કાઢે, તેમ અહીં સંતોના પ્રશિક્ષણ કેન્દ્રને લક્ષમાં રાખી સ્વામીશ્રી સઘન જ્ઞાન વરસાવતા.

તેની એક ઝલક બતાવતાં તેઓએ તા. ૨૯/૬ના રોજ વચનામૃત

ગઢડા અંત્ય પ્રકરણ ૧૧ સમજાવતાં જણાવ્યું કે –

"આ વચનામૃત છે છેલ્લા(પ્રકરણ)નું, પણ એ સિદ્ધ થાય તો પહેલો નંબર આવી જાય. એનું બરાબર મનન કરવાનું છે, તો સત્સંગમાંથી મન ઢીલું ન પડે. કંટાળો ન આવે. કોઈનો અભાવ-અવગુણ ન આવે. શાંતિ ને બળ રહે. ગુણાતીત સ્વામીએ ભગતજીનું બખ્તર ઘડેલું એમ બૂલેટપ્રૂફ કરવાના છે. આપણને કોઈ બોલી જાય તોય વાંધો ન આવે. જ્યારે ખરેખરું સુખ લેવાનું થયું ત્યારે જ રામની આજ્ઞા થઈ, છતાં સીતાજી વનમાં ગયાં. ભગવાન અને સંત વિષે ભક્તિ હોય તો આવા પ્રસંગોમાં આ રીતે એક સંકલ્પ ન નીકળવો જોઈએ. એની વરાળ પણ ન નીકળે, તો એ ભક્તિ કહેવાય.

ભગવાનની જે આજ્ઞા થાય એમાં જ સુખ આવે. આદેશ એટલે આદેશ. ગમે ત્યારે વટહુકમ નીકળે એવું આ કામ છે. મજબૂત પાયો થયો હોય તો મન ડગમગ થાય નહીં. શબ્દને કાપી નાંખે. ઓરસિયે ચંદન જેમ જેમ ઘસાય એમ સુગંધ આવે છે, એમ કથા, કીર્તન, સેવા, માન-અપમાન બધાંમાં ઘસાઈ જવું. પછી મહિમા ને જ્ઞાનની જે છટા આવે એ જુદી જ હશે ! 'આપણા માટે દુનિયા છે જ નહીં' એમ માનીને મંડીએ તો બેડો પાર થઈ જાય.'

હાથોહાથ સોંપે હરિને

તા. ૨૯/૬ની સવારે સભામાં અમૃતરસ રેલાવ્યા બાદ સ્વામીશ્રી ભોજન લઈ આરામમાં પધારી રહેલા ત્યારે સેવક તેઓની આંખોમાંથી નેત્રમણિ કાઢવા ગયા, પરંતુ તે વખતે જ ડાબી આંખમાં સ્વામીશ્રીને કંઈક એવું ખૂંચ્યું કે તેઓ આંખો દબાવતાં બેઠા થઈ ગયા અને એ જ અવસ્થામાં થોડી વાર બેસી રહ્યા. પછી જોયું તો તેઓની આંખોમાં લોહી ધસી આવેલું. તેથી ઠંડા પાણીએ આંખ ધોઈ ત્યારે કંઈક રાહત થઈ.

આવી કંઈક આકસ્મિક ઉપાધિઓને હસતા મુખે સહેતા સ્વામીશ્રી જાણે કંઈ જ બન્યું ન હોય તેમ બીજી જ ક્ષણથી પોતાના દૈનિક ક્રમમાં પરોવાઈ જતા.

તે મુજબ તેઓ તા. ૩૦/૬ના રોજ પ્રાતઃકથા બાદ વ્યક્તિગત દર્શનનો લાભ આપી રહેલા ત્યારે સોની ભક્ત શ્રી બચુભાઈ પોતાની પૌત્રીનાં લગ્નનો દિવસ ગોઠવવા આવી પહોંચ્યા. આ અંગે યોગ્ય નિર્ણય જણાવતાં સ્વામીશ્રીએ કંકોત્રી પર ચાંદલા કરી તેઓને એક પુષ્પ આપ્યું. તે સાથે

બાજુમાં ઊભેલા એક હરિભક્તને પણ ફૂલ આપતાં સ્વામીશ્રીએ પેલા સોની મહાજનને પૂછ્યું: 'આ તમારા ગોર ને ?'

'અમારા ગોર તો આપ છો.' બચુભાઈ બોલ્યા.

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'આ (લોકનું) ભેગું એ કરે ને ભગવાન સાથેનું ભેગું અમે કરીએ છીએ.'

તેઓ *'હાથોહાથ સોંપે હરિને...'*ની જેમ જીવનો હથેવાળો હરિ સાથે કરી આપતા.

પ્રભુ વિના ન રહેવાય પળ

તા. ૨/૭ની સાંજે સારંગપુરમાં બરાબર જામેલા રથયાત્રાના માહોલ વચ્ચે સૌ સ્વામીશ્રીને કલાત્મક રથમાં પધરાવી મંદિરની પ્રદક્ષિણા ફરવા આતુર હતા. અશ્વોની અસવારી, સંત-સાધક વૃંદ અને ગામોગામથી ઊમટેલા ભક્તોની ત્રિવેણીમાં મંદિર-પરિસર તરબતર થઈ રહેલું. તે વખતે પોતાના ઉતારામાં સાયંભ્રમણ કરી રહેલા સ્વામીશ્રીએ નારાયણમુનિદાસ સ્વામીને કહ્યું: 'રથમાં ઠાકોરજીનું આસન ખાસ રખાવજો અને યોગી શતાબ્દી ચાલે છે એટલે યોગીબાપાની મૂર્તિ પણ મૂકજો.'

આ સૂચના મુજબ વ્યવસ્થા તો થઈ ગઈ; પરંતુ છેલ્લી ઘડીનો આ ફેરફાર જોઈ પેલા સંતે સ્વામીશ્રીને ગમ્મતમાં કહ્યું: 'આપને છેલ્લે આવા સંકલ્પો થાય છે!'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'એક વાત સમજી જ રાખવી – રથમાં કે ગમે ત્યાં, ગુરુ અને ભગવાન આગળ જોઈએ જ! એ કરવું એટલે કરવાનું જ! મારે કહેવું જ ના પડે. એક વાર આવું આયોજન કર્યું એટલે ઠાકોરજીનો વિચાર થવો જ જોઈએ. નહીં તો પછી એમ ને એમ (મારા વગર) ચલાવી લેવું.'

ફક્ત આજની રથયાત્રાના રથમાં જ નહીં, પરંતુ પોતાની જીવન-યાત્રામાંયે સ્વામીશ્રીએ ભગવાન અને ગુરુને કાયમ આગળ રાખેલા. તેથી જ તો તેઓનો જીવનરથ વિરમ્યો પણ ભગવાન અને ગુરુના દૃષ્ટિપથ પર જ ને!

સ્પર્શથી જ પરિવર્તન થાય એવા સંત

સારંગપુરના એકાંત સ્થળમાં સ્વામીશ્રીનો લાભ લૂંટવાનો આનંદ

અનેરો રહેતો. તેથી દેશ-પરદેશના બાળકો, યુવકો અને વડીલો અહીં હોંશે-હોંશે દોડી આવતા.

આ ક્રમમાં અમેરિકાથી આવેલો બાળક યોગી તા. ૩/૭ની સવારે નજરે ન ચડતાં સ્વામીશ્રીને થયું કે 'એ સૂઈ ગયો હશે !' એટલે તેઓએ તેની સાથેના બાળકોને કહ્યું : 'સવારે વહેલા ઊઠવું જોઈએ. લાભ લેવા આવ્યા છીએ તો લઈ લેવો.'

આ શીખ આપી દૈનિક ક્રમમાં પરોવાયેલા સ્વામીશ્રીએ રાત્રે જ્યારે યોગીને જોયો ત્યારે તેને પણ પૂછ્યું : 'સવારે કેમ આવ્યો નહોતો ?'

'એક બાળક બીમાર હતો એટલે એની સેવામાં હતો.'

'એમ ? very good (બહુ સરસ) ! મને તો એમ કે 'તું સૂઈ રહ્યો હોઈશ.' તેં સેવા કરી એ સારું થયું ! અમારી ભૂલ થઈ ગઈ.'

'બાપા ! તમારી ભૂલ ન હોય.'

'અમારી પણ હોય તો અમારેય માફી માંગવી પડે.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓની નમ્રતા અને નિખાલસતાની કક્ષા એવી ઉચ્ચ હતી કે બાળકની માફી માંગતાંય તેઓને સંકોચ ન થાય.

આવી અલૌકિક રીતથી વર્તતા સ્વામીશ્રીને મળવા આવેલા મહેસૂલ-મંત્રી શ્રી દલસુખભાઈ ગોધાણીએ તા. ૫/૭ની રવિસભામાં જણાવ્યું :

'એક વાર મારે ખાખરિયા ગામે કથા પ્રસંગે જવાનું થયેલું, ત્યારે મેં નાના માણસો સાથેનું પ્રમુખસ્વામીનું મિલન જોયેલું. ગામડાનો સામાન્ય ખેડુ હોય કે શ્રીમંત હોય – સ્વામીજીને કોઈ ભેદ નથી. આજે વિશ્વ પ્રમુખસ્વામીને ભગવાનની દૃષ્ટિએ જુએ છે. એમનાં દર્શને આવવું એ લહાવો છે. જેના સ્પર્શથી જ પરિવર્તન થાય એવા આ સંત છે.'

એક મંત્રી મહોદય આજે સ્વામીશ્રી માટે *'આ મૂર્તિ સહુથી ન્યારી, શું હું કહું વડાઈ વિસ્તારી...'*નો અહોભાવ વ્યક્ત કરી વિદાય થયા.

દૂરંદેશી

તા. ૮/૭ના રોજ આવેલા સ્વયંસેવક દળના સંતોએ યોગી શતાબ્દી માટે સ્વયંસેવકોની નોંધણી અંગે કરેલી શિબિરોનો અહેવાલ રજૂ કર્યો ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : '૫૦૦ સ્વયંસેવકો રિઝર્વ્ડ ફોર્સ(અનામત દળ)માં રાખવા.'

તેઓએ જાણે એક નવો સેવા-વિભાગ ખોલી આપ્યો !

અગાઉના એકેય ઉત્સવમાં આ વિભાગનું પાટિયું ઝૂલ્યું ન હોવાથી સ્વયંસેવક દળના સંતો વિચારે ચડી ગયા કે 'આ રિઝર્વ્ડ ફોર્સની અને તેમાં આટલી મોટી સંખ્યાની શું જરૂર ?'

પરંતુ ચાર મહિના બાદ સ્વામીશ્રીનું આ સૂચન સૌને સોનાનું લાગ્યું. આ સમયે અક્ષરધામનું ઉદ્‌ઘાટન થતાં જ તે જોવા માટે ઊમટવા લાગેલા થોકબંધ મનુષ્યોને સંકુલની મર્યાદાને કારણે સમાવવા અશક્ય બનતાં દર્શનાર્થીઓની લાંબી-લાંબી હારમાળા ખડકાવા માંડેલી. તેની વ્યવસ્થા સાચવવા મહોત્સવના અન્ય કોઈ વિભાગમાંથી સ્વયંસેવકો ખેંચી શકાય એમ નહોતું, કારણ કે તે-તે વિભાગો પણ પુરજોશમાં ધમધમતા હતા. તે વખતે સ્વામીશ્રીના કહ્યા મુજબ રિઝર્વ્ડ ફોર્સમાં ફાળવાયેલા સ્વયંસેવકો જ ખપમાં આવેલા. તેઓની આ દૂરંદેશિતા અનુભવી સૌ સ્વામીશ્રીને નમી પડેલા.

પરંતુ વિરાટ સમૈયા કે વિશાળ સંકુલોની સાથે એક-એકને જાળવવા એ સ્વામીશ્રીની ખાસિયત. તે તા. ૧૧/૭ની સાંજે ઝળકી ઊઠી.

આ સમયે સ્મૃતિમંદિરે જઈ રહેલા સ્વામીશ્રીના માર્ગમાં થોડે દૂર ચાલ્યાં જતાં એક વૃદ્ધાને જોઈ કો'ક વ્યવસ્થાપકે તેઓને બાજુમાં ખસવાની સૂચના આપવા એક યુવકને કહ્યું. પરંતુ તે યુવાન જે વેગથી ઊપડ્યો તે જોઈ સ્વામીશ્રીએ 'લ્યા, રહેવા દે...' કહેતાં પેલા વ્યવસ્થાપકને જણાવ્યું: 'આવા છોકરાને મોકલવા જ નહીં. હમણાં કાંડું પકડીને ઉસેડશે. આવું હોય ત્યારે આપણે ધીમા ચાલીએ. એમાં ક્યાં વાંધો આવવાનો છે ? નકામા માજી પડે-આખડે.'

મર્યાદા જાળવનારા સ્વામીશ્રી મહિલાઓની માવજતનો પૂરતો ખ્યાલ રાખતા.

કોટ ઉઘાડ્યા કલ્યાણના

તા. ૧૨/૭ની સાંજે સારંગપુરથી વિદાય લઈ સ્વામીશ્રી ધોલેરાના શ્રીજીનિર્મિત મંદિરમાં દર્શન કરી બોચાસણ પહોંચ્યા.

અહીં તેઓના સાંનિધ્યમાં, તા. ૧૩/૭ની સાંજે સંસ્થાકીય મીટિંગ શરૂ થઈ. તેમાં થોડી વારે સંસ્થાના કાયદાકીય સલાહકાર તરીકે સેવા આપતા શ્રી હરિકૃષ્ણભાઈ પટેલ અચાનક જ શારીરિક અસ્વસ્થતા અનુભવવા માંડ્યા. તેથી તેઓ મીટિંગમાંથી ઊભા થઈ બાજુના ઓરડામાં સૂઈ ગયા. અહીં તબીબી

તપાસમાં હૃદયરોગના હુમલાનું નિદાન થતાં તાબડતોબ ઉપચાર શરૂ થઈ ગયા, પણ ડૉક્ટરોની કોઈ કારી ફાવતી નહોતી.

આ સમાચાર મળતાં જ મહંત સ્વામી અને ડૉક્ટર સ્વામીને સાથે લઈ સ્વામીશ્રી ચાલુ મીટિંગે એ હરિભક્ત પાસે દોડી ગયા અને તેઓની બાજુમાં જ પલાંઠી વાળી તેઓના મસ્તકે હાથ ફેરવતાં ધૂન કરવા લાગ્યા. આ કલ્યાણકારી સ્પર્શ અને સ્વરનો અનુભવ કરતાં કરતાં જ હરિકૃષ્ણભાઈનાં નાડી-પ્રાણ સ્વામીશ્રીમાં લીન થઈ ગયાં !

તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'નિષ્ઠાવાળો જીવ જતો રહ્યો. ઘરના જેવો માણસ ગયો !'

આ શાબ્દિક અંજલિ સાથે તેઓ તા. ૧૪/૭, ગુરુપૂનમની સવારે આ ભક્તની સેવાને સાર્થક કરવા અંતિમવિધિ માટે પણ પધાર્યા. આ સમયે તેઓએ હરિકૃષ્ણભાઈના પાર્થિવ શરીરને પંચામૃત અને શુદ્ધ જળથી નવડાવ્યું. હાર તથા કંઠી ધારણ કરાવ્યાં. ચંદનની અર્ચા કરી સુખડનાં કાષ્ઠ પણ શરીર પર મૂક્યાં. અંતે નનામી ઊંચકી સ્વામીશ્રી ત્રીસેક ડગલાં ચાલ્યા ત્યારે ભક્તોની અંતિમયાત્રા વખતે પોતાનો ખભો ધરતા આ ગુરુને જોઈ સૌની ગુરુપૂર્ણિમા સાર્થક થઈ રહી !

બધા રણકે તો ડંકો વાગે

આ અરસામાં વરસાદની ખેંચને કારણે ગુજરાતના અમુક જિલ્લાઓમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિ પ્રવર્તતી હતી. તેમાં રાહત આપવા સ્વામીશ્રીએ ઘાસ-છાશ તથા સુખડી-અનાજનાં વિતરણ કેન્દ્રો ખોલી દીધેલાં. તે દ્વારા રોજ ૧૫ મણ સુખડી વહેંચાતી અને પ્રતિદિન પંદર હજારથી વધુને છાશ અપાતી. મંદિરોની વાડીઓમાં તૈયાર થયેલી આશરે ૧૮,૦૦૦ મણ લીલી-કૂણી શેરડી પણ સ્વામીશ્રીએ પશુઓને ખાતે કરી દીધેલી. છતાં વરસાદ વરસાવવાની વિનંતીનો વરસાદ તો તેઓ સમક્ષ થતો જ રહેતો. તે સાંભળી સ્વામીશ્રી 'બત્રીસ આની વરસ થશે' તેવા આશીર્વાદ આપતા. તેઓની આ આર્ષવાણી અનુસાર હવે મેઘરાજાની પધરામણી થવા માંડતાં તેનો સૌથી વધુ આનંદ સ્વામીશ્રીના મુખ પર વર્તાઈ રહ્યો.

તેની સાથે અત્યારે ચાલતા હિંડોળા પર્વમાં ઠાકોરજીને ઝુલાવવાનો આનંદ પણ તેઓના હૈયે ઊભરાતો હતો. તેથી તેઓ રોજેરોજ તૈયાર થતા

એકેએક હિંડોળાને બારીકાઈથી જોઈ તેની ખૂબીઓને વખાણતા.

આ ક્રમમાં તા. ૧૫/૭ના રોજ સંતોએ બનાવેલા ટેલિફોનના હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવવાની દોરી તરીકે ટેલિફોનનો વાયર રાખેલો. તેને સ્વામીશ્રી ખેંચે એટલે એક ટેલિફોન રણકે તેવી ગોઠવણ કરેલી. તે મુજબ સ્વામીશ્રીએ વાયર ખેંચતાં જ ફોન રણકી ઊઠ્યો, પણ તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'કેમ એક જ રણક્યો ? બધા નથી રણકતા ? બધા રણકે તો ડંકો વાગે.'

હા, 'બધા રણકવા જોઈએ' – આ તેઓની અપેક્ષા ! કોઈ માંદું-મૂંગું રહે તે સ્વામીશ્રીને ન ગમે, પછી ભલે ને તે જડ વસ્તુ જ કેમ ન હોય !

તેઓની આ ઇચ્છા જાણી તા. ૧૭/૭ના રોજ બધા ફોન રણકે તેવી ગોઠવણી સંતોએ કરી દેતાં રાજી થઈ ગયેલા સ્વામીશ્રી બોલ્યા: 'વાહ ! દુનિયાના ફોન આવી ગયા.'

સંતો-ભક્તોની નાની-શી કલા પર પણ તેઓના પ્રોત્સાહનનાં પૂર ફરી વળતાં.

સંત સુખી સંસાર મેં

તા. ૧૯/૭ની સવારે આવેલા સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ શ્રી દિલાવરસિંહ જાડેજાએ સ્વામીશ્રીને કહ્યું: 'અત્યારે સરકારે નીતિ ખુલ્લી કરી છે અને સરકારી નિયંત્રણથી મુક્ત યુનિવર્સિટી કરવાની તે છૂટ આપશે, તો અમારી ઇચ્છા છે કે આપ વિદ્યાનગરની આજુબાજુ એક એવી યુનિવર્સિટી સ્થાપો કે જેમાં બ્રહ્મવિદ્યાને કેન્દ્રમાં રાખીને બીજી બધી વિદ્યા ભણાવાય.'

'બીજ વવાયાં છે તો ક્યારેક ઝાડ થશે.' સ્વામીશ્રી બોલ્યા.

આ ઉદ્‌ગાર દ્વારા સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિઓનું ઉજ્જવળ ભવિષ્ય ભાખનારા તેઓના નિવાસ દરમ્યાન, ભક્તો દ્વારા પારાયણની પરંપરા સાથે જીવતક્રિયાઓનો વિધિ પણ ચાલતો રહેતો. તે માટે જ્યારે સ્વામીશ્રી રંગમંડપમાં દર્શને પધારે ત્યારે તમામ ઘરવખરી ભરેલી શય્યા મુકાઈ ગઈ હોય. તે પર સ્વામીશ્રી પુષ્પો પધરાવે ત્યારે ભક્તને ભવજળ પાર પામ્યાનો અનુભવ થઈ રહે.

શ્રદ્ધાના આ વિષયમાં એક હરિભક્તને સંશયની સોય ખૂંચતાં તેઓએ તા. ૨૦/૭ની રાત્રે સ્વામીશ્રીને પૂછ્યું: 'આ જીવતચર્યામાં ખાટલો ને ફાનસ ને જોડાં ને બધું કેટલુંય મૂકે છે ! એની જરૂર શું છે ? અક્ષરધામમાં તો એ બધું

વાપરવાની જરૂર નથી પડતી.'

'આ તો આપણને જેમાં આસક્તિ હોય એ બધાંનો મરતાં પહેલાં જ ત્યાગ કરી દઈએ તો પાછું જોડે ન આવે ને! બધું અર્પણ થઈ જાય એટલે પાછળ ન આવે તે માટે કરવાનું!' શંકાનું સમાધાન કરતાં સ્વામીશ્રીએ કહ્યું.

આમ, એક મૌલિક અર્થઘટન દ્વારા પરંપરામાં વિશ્વાસ દૃઢાવતા તેઓને તા. ૨૨/૭ના રોજ દ્વિધાથી ઘેરાયેલા એક યુવાને પૂછ્યું: 'હું નક્કી નથી કરી શકતો કે પરણવું કે સાધુ થવું?'

આ અવઢવને ટાળતાં સ્વામીશ્રી બોલ્યા: 'તું તારી રીતે વિચાર કરજે, પણ જો અમને પૂછતો હોય તો અમે તો કહીએ છીએ કે 'સુખ આમાં (સાધુમાં) જ છે.' પેલામાં સુખ દેખાય છે, પણ નથી. આમાં દેખાતું નથી પણ છે. ભલે અત્યારે આમાં રસ ન લાગતો હોય, પણ મોટા થઈશું પછી સાંભરશો કે 'આ કર્યું એ સારું કર્યું!' જ્યારે પેલામાં તો પાછળથી ઝેર પ્રસરે ત્યારે થાય કે 'માળું! આ શું કરી બેઠા?'

સ્વામીશ્રીએ *'સંત સુખી સંસાર મેં...'*નો સૂર રેલાવી દીધો.

દયાનિધિ સ્વામી દયા કરે છે

બોચાસણમાં હરિભક્તોને સ્વામીશ્રીનો લાભ સારી રીતે મળી રહે તે હેતુસર વિભાગવાર મુલાકાતો રાખવામાં આવેલી. છતાં રોજેરોજ સેંકડો મુલાકાતીઓ ઊમટતા. તોયે દરેકને સંતોષ આપતા સ્વામીશ્રી હરિભક્તની નાનામાં નાની વિગતમાં પણ ઊંડા ઊતરે.

તા. ૨૪/૭ના રોજ તો કપડવંજ ક્ષેત્રના ભક્તો મળવા આવ્યા ત્યારે ઘણા સત્સંગીઓએ કૂવા કરવા વિષેનું માર્ગદર્શન માંગ્યું. તે વખતે સ્વામીશ્રી પ્રત્યેકને પૂછતા ગયા કે 'જમીનનો ઢાળ કઈ તરફ છે? પાણી ખેતરમાં બધે જ ફરે છે? વધારે ઝાડ ક્યાં છે?...' આવી પૂછપરછ બાદ તેઓ આશીર્વાદ આપતા.

રોજના આશરે બસો લેખે મુલાકાતીઓ ઊભરાતા હોય ત્યારે દરેક સાથે આવી ધીરજ અને આત્મીયતાથી વર્તવું એ ભક્તોનો અસાધારણ મહિમા હોય તો જ શક્ય બને.

મહિમાની આ મીઠપ દિવસ દરમ્યાન સ્વામીશ્રીના મુખેથી સરતી ભલામણોમાં પણ માણવા મળતી. કોઈ વૃદ્ધ-અશક્ત ભક્ત લાભ લેવા આવ્યા હોય તો સ્વામીશ્રી તેઓનો ઉતારો ભોંયતળિયા પર જ ગોઠવાવે. ઉતારામાં

પણ ડોલ-ટમલર, પલંગ-પાગરણ અને મચ્છરદાની સુધીની ખેવના જાતે રાખે-રખાવે. અરે! વૃદ્ધ ભક્તોનાં તો કપડાં ધોવડાવવા સુધ્ધાંનું ધ્યાન રાખે. નાના બાળકોનેય સમયે-કસમયે દૂધ મળી જાય તેવો બંદોબસ્ત કરાવે. ખીચડીમાં ઘી પીરસવાની વાત પણ ન ભૂલે. કો'ક કંઈક ચરી-બીમારી લઈને આવ્યું હોય તો તેને અનુકૂળ ભોજનની ભલામણ ભંડારીને કરી દે.

કોઈ રસોઈ નોંધાવનારા સંજોગોવશાત્ હાજર રહી શકે એમ ન હોય અને તે જો નજીકમાં જ રહેતા હોય તો સ્વામીશ્રી તેના ઘેર ટિફિન મોકલવાની વ્યવસ્થા કરાવે. પોતાનાં દર્શન કરીને આગળ વધનારા સત્સંગી યાત્રાળુઓના સંઘ માટે, આખે રસ્તે ઉતારા-ભોજનની વ્યવસ્થાઓ માટે તેઓ પત્રો લખી દે કે ફોન કરી દે. તેઓએ ધરેલા આ છત્રના છાંયે આબાલવૃદ્ધ સૌની યાત્રા હેમખેમ પૂરી થાય. અભ્યાસ, નોકરી વગેરે માટે પણ સ્વામીશ્રી પ્રેમપૂર્વક ભલામણ ચિઠ્ઠીઓ લખતા જ રહે; તેમાં પારકા-પોતાનાનો ભેદ કદી ન રાખે.

તા. ૨૭/૭ની સવારે ચાલતી થયેલી આવી મુલાકાતોમાં હરિભક્ત શ્રી દોલતસિંહે સ્વામીશ્રીને કહ્યું કે 'બાપા! વિરોજામાં આપણી સંસ્થાના મકાનમાં જે રહે છે તેને ખાલી કરાવીને મકાન વેચીએ તો લાખ રૂપિયા આવે એવું છે.'

પરંતુ લાખના લાભની આ વાત સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'એને આપણે ખાલી તો નથી કરાવવું. બિચારા ગરીબ છે! ક્યાં જાય? એ લોકોએ સંસ્થાની સેવા કરી છે તો ખાલી એટલું કહેજો કે 'ઠાકોરજીનું ઋણ માથે ન રાખતાં, જેટલી શક્તિ હોય એટલી સેવા કરી જજો.'

કોઈને જાકારો આપવામાં સ્વામીશ્રીનું મન કદી રાજી નહીં. તેઓનાં સાંનિધ્ય-સરભરાનો સ્વાદ ચાખનારો અવશ્ય બોલી ઊઠતો: *'દયાનિધિ સ્વામી દયા કરે છે, મનોરથો ભક્તતણા પૂરે છે...'*

આવાં ઐહિક-દૈહિક જતનની સાથે ભક્તો જ્ઞાનામૃતથી ભીંજાય તેનો ખટકો પણ સ્વામીશ્રી પોતે જ રાખે. સમાગમ કરવા આવનારા જો સભામાં ન દેખાય તો જાહેરમાં કે વ્યક્તિગત પૂછપરછ કરવાનું ન ચૂકે. સભા-લાભ છોડીને કોઈ ઓરડે સૂઈ રહે કે આડા-અવળા આંટા મારતા ફરે તે બાબત તેઓની અણગમતી.

આમ, વ્યવહાર અને મોક્ષ – બેયને જાળવતી તેઓની રીત ગુણાતીતની યાદ અપાવે તેવી જ હતી.

અબુધાબીમાં શિખરબદ્ધ મંદિરની આગાહી

તા. ૨૭/૭ની સાંજે બોચાસણથી વિદાય લઈ વિદ્યાનગર અને આણંદને લાભ આપતાં સ્વામીશ્રી તા. ૧/૮ની સાંજે જઈ પહોંચ્યા ગાંધીનગર.

અત્રે તેઓએ યોગી શતાબ્દી નિમિત્તે આકાર પકડી રહેલા 'નગર' અને અક્ષરધામના બાંધકામને ઝીણવટથી જોયાં. અક્ષરધામમાં દરેક વિભાગનું નિરીક્ષણ કર્યા પછી તે તે સેવાના સૂત્રધાર સંતોને તેઓનો પહેલો પ્રશ્ન રહેતો કે 'તમારું કામ ક્યારે પૂરું થશે ?'

હંમેશાં સમય-મર્યાદા બાંધીને કામ કરવાની રીત રાખનારા સ્વામીશ્રીને અક્ષરધામનું કાર્ય સપ્ટેમ્બર માસના અંત સુધીમાં પૂરું કરવાની નેમ હતી. આ અંગે ચિત્રકામથી ચોટકકામ સુધીના સૌને સજાગ કરતાં, તેઓએ તા. ૨/૮ની રાત્રે યોજાયેલી કાર્યવાહક સંતોની બેઠકમાં કહ્યું : 'ભગવાનની દયાથી બનશે બહુ જ સારું, પણ હવે ટાઈમટેબલ કરો. જોગીબાપાનો સમૈયો છે ને ભગવાનના હાથની વાત છે. બેય ઉપરથી ધ્યાન રાખે છે એટલે થઈ જ જશે !'

આ વિશ્વાસ સાથે તા. ૩/૮ની બપોરે અમદાવાદ પધારેલા સ્વામીશ્રી સાંજે સભામાં આવતાં પહેલાં મંદિરે દર્શન કરવા જઈ રહેલા. તે વખતે ખુરશી પર બેસી પગથિયાં ચઢતાં તેઓએ તે પગથિયાં આગળની ઘૂમટીનું રૂપકામ જોઈ પૂછ્યું : 'આ રૂપ બહારથી ઘડીને ચોંટાડ્યાં છે કે એના એ પથ્થરને ઘડ્યા ?'

આમ પૂછતી વખતે સ્વામીશ્રીએ જ્યાં નિર્દેશ કર્યો તે જગ્યાએ અગાઉ ચોરસ પથ્થર જ હતો. થોડા સમય પહેલાં જ તે પથ્થર કંડારીને આકૃતિઓ ઊભી કરવામાં આવેલી. પરંતુ છત-છાપરે થયેલો આ ફેરફાર પણ સ્વામીશ્રીની ચકોર અને ચોક્કસ નજરમાંથી છટકી ન શક્યો.

આવા નિપુણ તેઓનાં દર્શને તા. ૬/૮ની સાંજે વિમાની કંપની ગલ્ફ ઍરના ઉપપ્રમુખ શ્રી મહંમદ નૂર સુલતાન સપરિવાર આવી પહોંચ્યા. તેઓએ પોતાની ભાવોર્મિ પ્રગટ કરતાં જણાવ્યું : 'પ્રમુખસ્વામીનો ફોટો ઘણી વાર જોયો હતો એટલે દર્શનની ઇચ્છા જાગી. હું આજે ખાસ પ્રમુખસ્વામીને મળવા જ આવ્યો છું.'

આ અતિથિને તા. ૭/૮ની સવારે અક્ષરધામનાં દર્શને મોકલી સ્વામીશ્રી મુલાકાતોમાં પરોવાયા ત્યારે અબુધાબીમાં રહેતા શ્રી રાજેન્દ્રભાઈ દવેએ કહ્યું : 'બાપા ! અબુધાબીમાં શિખરબદ્ધ મંદિર કરવું છે. એને માટે કંઈક

નિયમ આપો.'

આ વિનંતી સાંભળી સ્વામીશ્રીએ 'આપણે આપણી રીતે મહેનત કરવી, ભગવાનનો સંકલ્પ છે એટલે એ બધું કરશે,' કહી હસતાં હસતાં ઉમેર્યું : 'પહેલાં શેખને દર્શન આપવાં પડશે ને !'

ઉપરોક્ત શબ્દો દ્વારા સ્વામીશ્રીએ આજે અખાતી દેશમાં પણ શિખરબદ્ધ મંદિરનું સંકલ્પખાત કરી દીધું !

'પ્રવેશ'ની પરિભાષા

અમદાવાદમાં મહદંશે અક્ષરધામ અને યોગી શતાબ્દી સંબંધી બેઠકોમાં રોકાયેલા રહેતા સ્વામીશ્રી, રોજ જુદા જુદા સેવા-વિભાગો સાથે બેસતા અને તેઓનું આયોજન સમજતા. તેમાં જરૂરી માર્ગદર્શન આપતી વખતે તેઓ અક્ષરધામની કાર્યવાહીમાં સપ્ટેમ્બરની આખર તારીખનો લક્ષ્યાંક વિશિષ્ટ રીતે દૃઢાવતાં કહેતા : 'તમામ ખાતાંવાળાઓ ત્રીસમીએ કમ્પ્લીટ કરીને મને ચાવી આપી દે.'

આ સમયે જો કોઈ 'કામ ઘણું બાકી છે...' એમ મોળું વાટે તો સ્વામીશ્રી તરત કહે : 'કામ ઘણું કાંઈ નથી. તમે ધારો તો એક રાતમાં બ્રહ્માંડ આખું ઊભું થઈ શકે ! એટલે વિચાર કર્યા સિવાય મંડી જ પડો.'

એક વાર અક્ષરધામના પ્રદર્શન ખંડમાં મુકાનારું એક વિશાળ ચિત્ર તૈયાર કરી રહેલા કૃષ્ણસ્વરૂપદાસ સ્વામીએ 'પ્રવેશ કરજો' એમ અરજ કરી, તો સ્વામીશ્રીએ જણાવ્યું : 'પ્રવેશ એટલે કંઈ મંઈ થોડું પેસી જવાય છે ? પહેલું અહીં (બુદ્ધિમાં) ફિટ થઈ જવું જોઈએ ને અહીં (હૃદયમાં) ઉમળકો આવવો જોઈએ, તો પ્રવેશ જ છે !'

'પ્રવેશ'ની આ પરિભાષા સમજાવનારા સ્વામીશ્રી સમક્ષ એકે શરત મૂકી કે 'વચ્ચે વિઘ્ન ન આવે તો કામ થઈ જાય...' ત્યારે સ્વામીશ્રીએ હિંમત સિંચી કે ''આપણું મન ચોક્કસ જોઈએ તો કોઈ વિઘ્ન જ નથી. જો તમારા બધાનાં મગજમાં ફિટ હોય તો હું છાતી ઠોકીને કહું છું કે 'કામ થઈ જ જશે.''

આમ, નિર્માણની સમયાવધિ બાબતે તેઓ કોઈ રીતે નમતું જોખવા તૈયાર નહોતા. તેથી એક તબક્કે તો કો'કે સખાભાવથી સ્વામીશ્રીને કહ્યું કે 'બધાને છેલ્લી ઘડી સુધી ઊંચા-નીચા કરવામાં આપને શું મજા આવે છે ?'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અમેય કામ કર્યું છે ને અમેય ઊંચા-નીચા

થયેલા છીએ. આ બધું કામ તો ભગવાન કરે છે.'

આ રીતે ભગવાનના ભરોસે અને પુરુષાર્થની પાંખે સવાર રહેતી તેઓની કાર્યપદ્ધતિને કારણે 'નગર' અને અક્ષરધામની સૃષ્ટિ રોજેરોજ નવાં ને નવાં રૂપ-રંગ ધારણ કરતી. બાંધકામની આ ઝડપ જોઈને નગરવાસીઓ તો દંગ જ રહી જતા!

ગુરુભક્તિનું 'વ્યવસ્થિત' દર્શન

અમદાવાદમાં ચાલી રહેલા શતાબ્દી મહોત્સવ સંબંધી બેઠકોના દોર વચ્ચે જ, સ્વામીશ્રીએ તા. ૮/૮ની સવારે મંદિરમાં બનેલા રેકોર્ડિંગ સ્ટુડિયોનું ઉદ્‌ઘાટન કર્યું. તે પછી તેઓ બપોરે જમવા બિરાજ્યા ત્યારે જનરલ સ્ટોરની સેવા સંભાળતા કૃષ્ણચરણદાસ સ્વામીએ અહેવાલ આપ્યો કે 'બાપા! અમને ઋષિજીવનદાસ સ્વામીએ સ્વચ્છતા માટે મૂકવાનાં પીપડાં સેવામાં ભેગાં કરી આપ્યાં છે.'

'તે પીપડાં આવે એવાં જ મૂકશો કે પછી રંગ કરશો?'

'જે વિભાગ કહે તેને તેની પસંદગીનો રંગ કરી દઈશું.'

'એ રંગેલાં પીપડાં સેવા કરનારા ભાઈ પાછા લેશે?' સ્વામીશ્રીએ પૂછ્યું.

સમૈયામાં કચરાપેટી તરીકે મુકાનારાં પીપડાંની બાબતે આટલા ઊંડા ઊતરનારા તેઓ પાસે તા. ૯/૮ની બપોરે ઈશ્વરચરણદાસ સ્વામી તથા નિખિલેશદાસ સ્વામી આવ્યા. તેઓના હાથમાં સ્મૃતિભેટ માટે તૈયાર કરાયેલી અક્ષરધામની પ્રતિકૃતિ હતી. તેમાં અક્ષરધામની બાજુમાં પોતાનો ફોટો જોઈ સ્વામીશ્રીએ કહ્યું: 'આ ભેટ યોગી શતાબ્દી નિમિત્તે છે એટલે યોગીજી મહારાજનું પણ આવવું જોઈએ.'

'એમનું નામ તો આવશે જ ને!'

'એવું નહીં. મૂર્તિ જેવું (આવવું જોઈએ)!'

'સારું. ક્યાંક ગોઠવી દઈશું!'

'ક્યાંક નહીં, વ્યવસ્થિત આવે એ રીતે કરજો.' સ્વામીશ્રી બોલ્યા.

આ સૂચના દ્વારા તેઓની ગુરુભક્તિ પણ 'વ્યવસ્થિત' રીતે ચમકી ઊઠી.

કહી વાતું ને સુખિયા કીધા

તા. ૯/૮ની સાંજે 'સ્વામીની વાતો'નું નિરૂપણ કરતાં સ્વામીશ્રી

કહેવા લાગ્યા:

"જ્ઞાન ને સમજણ હોય નહીં એટલે ગાંડપણ આવી જાય. જ્ઞાન ના હોય ને ખોટના વિચારમાં ઊંડો ઊતરી જાય તો આપઘાત પણ કરે. સંસાર તો ઊંટનાં બેસણાં જેવો છે એટલે હેલા આવે જ! એમાં ભગવાન મૂકી ન દેવા. શરીરમાં તો મુશ્કેલી આવે જ; એને લઈને ભગવાન ખોટા નથી થતા. મોટા રાજાઓ હતા એનાય લાલ બૉર્ડ નીકળી ગયાં અને સામાન્ય નાગરિક થઈ ગયા! અંગ્રેજોનું આખી દુનિયામાં રાજ હતું પણ આજે એના દેશમાંય બેકારી છે.

એટલે દુનિયાની વસ્તુમાં હરખ-શોક કરવા જેવો નથી. ટેન્શનમાં ખોટે રસ્તે ન જવું. જે સ્થિતિ હોય એમાં ભગવાનને જ કર્તા માનવા. હરખ-શોક બેયમાં તણાવું નહીં. જો તણાઈએ તો અત્યાર સુધી સત્સંગ કર્યો એનો અરથ શું? આ ન સમજીએ તો બુદ્ધિમાં જડતા આવી જાય ને ભગવાન ને બધું ધતિંગ લાગે! 'ભગવાન જે કરે છે એમાં આપણું હિત છે' એમ માનીને રાજી રહેવું..."

સ્વામીશ્રીની આ અમૃતધારા જેમ-જેમ વહી રહી, તેમ-તેમ એક યુવકના અંતરમાં શાંતિનો શેરડો પડતો ગયો. રાજકીય કાવાદાવાનો ભોગ બનીને નોકરીથી વંચિત રહી ગયેલી પોતાની પત્નીના મામલે આ યુવાનના હૈયે દાવાનળ ભભૂકી રહેલો. તેથી તેનું ભીતર એટલું ધૂંધવાતું હતું કે તે આ બાબતે અદાલતનાં દ્વાર ખટખટાવવાં ઊપડવાનો હતો. પરંતુ તેઓને સ્વામીશ્રીની આજની વાણીએ ચંદનલેપ બનીને શાતા પમાડી દીધી! તેઓએ આ અનુભવ સંતોને જણાવ્યો ત્યારે સૌને ગુણાતીતાનંદ સ્વામીના શબ્દો યાદ આવી ગયા કે 'અંતર પકડે તેને ભગવાન કહીએ.'[૨૪]

પૂરણ પ્રેમે રીઝું

યોગી શતાબ્દી મહોત્સવમાં ખડી થનારી બાળનગરીમાં સેવા આપનારા બાળસેવકોએ, તા. ૧૦/૮ની સાયંસભામાં આદર્શ બાળક અને અણસમજુ બાળકનાં વાણી-વર્તનમાં પડતો તફાવત એક પ્રેરક પ્રહસન દ્વારા રજૂ કર્યો. 'નગર'માં ચાલતા ઉપાહાર ગૃહને નિમિત્ત બનાવી થયેલી આ પ્રસ્તુતિ શ્રોતાઓ વચ્ચે બેસી નિહાળ્યા બાદ સ્વામીશ્રી મંચ પર પધાર્યા ત્યારે તેઓનું

૨૪. સ્વામીની વાતો: ૫/૧૨.

આસન પેલા ફૂડ સ્ટોલની બાજુમાં જ મુકાયું. તેની પાસે સંવાદમાં જાડિયા છોકરાનું રમૂજી પાત્ર ભજવનારો બાળક હેમંત ખંભોળિયા પણ ઊભેલો. માથા પર ટોપી પહેરેલા તેને જોતાં જ સ્વામીશ્રી હસી પડ્યા અને તેઓએ હળવેથી પેલી ટોપીને થાપટ મારતાં તે ઊડી.

તેઓની આ બાળસહજ ચેષ્ટાએ શિશુઓ સહિત સભાસદોનાં મુખ પણ મલકાવી દીધાં. આ કિલ્લોલને વધુ વેગ આપતાં સ્વામીશ્રી આશીર્વાદના પ્રારંભમાં બોલ્યા : 'બાળ મંડળની જય...! સંવાદ કર્યો એની જય...! તોફાન કર્યું એનીયે જય ! ને આ જાડિયાની પણ જય...!'

સ્વામીશ્રીના આ આરંભથી ખરેખરો બ્રહ્માનંદ છવાઈ ગયો. એ જ માહોલમાં આશીર્વાદ પૂરા કરી સ્વામીશ્રી ઉતારે જવા ઊભા થયા ત્યારે પેલા હેમંતે પૂછ્યું : 'બાપા ! અમારા આ સ્ટોલમાંથી આપને શું જોઈએ ?'

'તારો પ્રેમ અને તું વ્યવસ્થિત સેવા કરે એ !'

સ્વામીશ્રીએ આજે બાળકને નિમિત્ત બનાવી સૌ સત્સંગીઓ પાસેથી પોતાની અપેક્ષા જાહેર કરી દીધી. *'પૂરણ પ્રેમે રીઝું...'*નો આ સંદેશ આપી તેઓ ઉતારે પધાર્યા.

સહજાનંદી રસધાર

યોગી શતાબ્દીના નિર્માણાધીન 'નગર'માં સ્વામીશ્રીએ કાઢી આપેલા મુહૂર્ત મુજબ તા. ૧૪/૮ના રોજ રસોડાનો ચૂલો પ્રગટી જતાં ઉત્સવની ગતિ-વિધિ વિશેષ વેગવંતી બની. તેની સમાંતર, આ અરસામાં મહોત્સવ નિમિત્તે આર્થિક સેવાઓ ધરવા આવી રહેલા હરિભક્તોના ક્રમમાં, તા. ૧૬/૮ની સવારે એક યુવાનને જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'તું કોનો દીકરો ?'

'ગઢડાવાળા જેઠાભાઈનો.'

આ ખુલાસો થયો છતાં બાજુમાં ઊભેલા વિવેકસાગરદાસ સ્વામીને જોઈએ તેવી સ્પષ્ટતા ન થઈ. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'ગઢડામાં જૂના મંદિર આગળ જ એમની દુકાન હતી. આપણા મંદિરે બહુ આવતા. રાજકોટવાળા પેલા જેઠાભાઈ હતા ને ! કીર્તનો ગાતા તે; એના જેવા જ આ થોડા જાડા ને ગોળ મોઢાવાળા હતા.'

ગુણાતીત બાગના એકેએક ફૂલનાં રંગ-સુગંધ, આકાર-પ્રકારને ઓળખે એવા માળી હતા સ્વામીશ્રી !

આ ઉપવનને પોષણ આપવા તેઓ તા. ૧૭/૮ની સાયંસભામાં અમૃતધારા વરસાવવા લાગ્યા, પરંતુ આજે વિસ્મૃતિના વાયરે ચડેલી તેઓની આ ધારા આમથી તેમ વીંઝાઈ રહી. તેથી પ્રવચનમાં તેઓએ ભાગવતની શ્લોકસંખ્યા ૧૮,૦૦૦ને બદલે ૩૩,૦૦૦ કહી, 'વચનામૃત'ની કુલ સંખ્યા પણ ૨૧૨, ૨૬૫, ૨૬૨ એમ ગોળવ્યા કરી, તો તાજેતરમાં તેઓને મળી ગયેલા નાસાના વૈજ્ઞાનિક શ્રી કમલેશ લૂલાનો ઉલ્લેખ 'લૂલા લખા' તરીકે કર્યો.

અલબત્ત, સૌને આ વિસ્મરણ-લીલાનો અનેરો આનંદ આવ્યો, કારણ કે શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૨માં કહે છે: 'ભગવાન જીવના કલ્યાણને અર્થે દેહ ધરે છે ત્યારે મનુષ્યના જેવી જ સર્વે ક્રિયા હોય, તેને દેખીને જે ભગવાનના ભક્ત હોય તે તો ચરિત્ર કરી જાણે અને વિમુખ જીવ હોય અથવા કાચો-પોચો હરિભક્ત હોય તે તો તે ચરિત્રને વિષે દોષ પરઠે.'

તેથી સ્વામીશ્રી સભા બાદ જમવા પધાર્યા ત્યારે પણ દર્શનાર્થી સંતોમાં તેઓની વિસ્મૃતિની સ્મૃતિને કારણે ઘણો કિલ્લોલ થઈ રહ્યો. તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું: 'આ શાનો ગોકીરો?'

સૌએ ફોડ પાડ્યો ત્યારે સ્વામીશ્રી સ્વયં હસી પડતાં બોલ્યા: ''મારા ભ'ઈ! અમારે તો અવળહવળ ચાલે. આપણે બહુ ભણેલા નહીં એટલે આડું-અવળું બોલઈ જાય. વિદ્વાન હોય ને અવળહવળ થાય તો તરત થઈ જાય કે 'છાપ અવળી પડશે. શું થશે?' ને આપણે તો છાપ અવળી પડે કે સવળી, ભગવાનને સંભારીને જે આવે એ બોલીએ.''

નિર્દંભતા અને નિખાલસતાના બે કિનારા વચ્ચે વહેતી સ્વામીશ્રીની અમૃતધારાનો મહિમા એટલે તેને સાંપડેલો અખંડ ભગવત્સંબંધ.

નડે એવું કશું છે જ નહીં

તા. ૧૯/૮ની સવારે મણિનગરમાં તૈયાર થયેલા સંસ્કારધામની પ્રતિષ્ઠા કરવા પધારેલા સ્વામીશ્રીની ઇચ્છા હતી કે આ મંદિર બન્યા પહેલાં જ્યાં મંડળની સભા થતી તે સરદાર પટેલના ભત્રીજા શ્રી શંભુભાઈના ઘેર પધરામણી કરવી. આ મકાન નૂતન સંસ્કારધામને અડીને જ આવેલું. તેથી પ્રતિષ્ઠાની સભા બાદ સ્વામીશ્રી આ સ્થળે જવા ગયા, પણ ત્યાં જ મંડળનાં મહિલાઓ એકત્રિત થયાં હોવાથી પગલાં કરવાનું શક્ય ન બન્યું.

તેથી ગાડીમાં બિરાજી ડૉ. મનસુખભાઈના ઘેર ઠાકોરજી જમાડવા

જઈ રહેલા સ્વામીશ્રીને વિવેકસાગરદાસ સ્વામીએ પૂછ્યું: 'શંભુભાઈના ઘર પર દૃષ્ટિ કરી?'

'આમ કરી ખરી, પણ ઠેઠ સુધી જઈ ના શકાયું.'

મકાનના આંગણામાં મહિલાઓ બેઠાં હોવાથી પધરામણી શક્ય ન થતાં સ્વામીશ્રી આમ બોલ્યા. ત્યારે ગાડીચાલકે હળવાશથી કહ્યું: 'પણ બાપા! આપને ક્યાં બાધ છે!'

''આપને' બાધ ના હોય, પણ તારા જેવા વળગી પડે ને! એટલે રાખવું પડે.' આમ જણાવી સ્વામીશ્રીએ તે યુવાનના ખભે હળવો થાપો મારતાં ઉમેર્યું: 'નડે એવું કશું છે જ નહીં, પણ મહારાજની આજ્ઞા છે એટલે રાખવું પડે.'

સ્વામીશ્રીના આ ખુલાસામાંથી તેઓની નિર્વિકારી છતાં નિયમધારીની છબી ઊપસી આવી.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે 'મહારાજ ને આ સાધુ સર્વેથી પર છે ને સમર્થ છે તો પણ વેદની તંતીમાં રહે છે, તે બીજાને ગુણ આવવા સારુ ને ઘણા જીવના કલ્યાણને સારુ છે, પણ પોતાને કાંઈ બાધ અડતો નથી.'[૨૫]

આવા સમર્થ સ્વામીશ્રી આજે અમદાવાદથી વિદાય લઈ તા. ૨૦/૮ની સાંજે આણંદની દરબાર ગોપાળદાસ ક્ષય નિવારણ હૉસ્પિટલમાં પહોંચ્યા. દર્દીઓની ગણતરીના દૃષ્ટિકોણથી તત્કાલીન એશિયાની મોટામાં મોટી આ ક્ષય નિવારણ અસ્પતાલમાં શરૂ થઈ રહેલો – પ્રમુખસ્વામી ઍક્સ-રે વિભાગ. તેના ઉદ્‌ઘાટન નિમિત્તે ઉપસ્થિત અનેક મહાનુભાવો વચ્ચે સમાજ-સેવાનું એક નવું સોપાન સર કરી સ્વામીશ્રી અટલાદરા આવી ગયા.

સિંહના સુત સિંહ જ થાય

અટલાદરામાં તા. ૨૧/૮ના રોજ લાભ લેવા આવેલા બાહરીનના ધનાઢ્ય વ્યવસાયી શ્રી રાજીવ સહાનીએ આજે ચાણસદનાં દર્શને જતાં પહેલાં સ્વામીશ્રીને કહ્યું: 'જો આપ કહેતા હો તો આપના આ સ્થાનમાં આખું મંદિર બનાવી દઉં.'

'અમારું સ્થાન તો આ (અટલાદરા) છે.' સ્વામીશ્રી બોલ્યા.

દુનિયાના ખૂણે ખૂણે મંદિરો બાંધનારા અને વિકાસનાં અનેક કાર્યો

---

૨૫. સ્વામીની વાતો: ૫/૧૩૪.

હાથ ધરનારા તેઓ પોતાના જન્મસ્થાન બાબતે બિલકુલ નિઃસ્પૃહ રહેલા. 'જ્યારે પોતાને આત્મારૂપે માનીએ ત્યારે તે આત્માની જન્મભૂમિ કેઈ? ને તે આત્માનું સગું કોણ?' એ શ્રીજીવચનનું જીવંત સ્વરૂપ હતા સ્વામીશ્રી!

તેઓના સાંનિધ્યમાં આજની રાત્રે યોજાયેલી જન્માષ્ટમીની ઉત્સવ-સભામાં વિખ્યાત ક્રિકેટર શ્રી કિરણ મોરેએ સંબોધન કરતાં જણાવ્યું: '૧૯૯૦માં ભારતીય ક્રિકેટ ટીમ લંડન ગયેલી ત્યારે અમને પ્રમુખસ્વામીનાં દર્શન કરવાનું આમંત્રણ મળેલું. આવાં ઘણાં નિમંત્રણ અમને મળતાં હોય છે, પણ એ બાબતમાં અમે ખૂબ વિચાર કરીએ છીએ. પરંતુ આ આમંત્રણમાં અમે બધાએ એક અવાજે 'હા' પાડી દીધી. તે વખતે મને મળેલો પ્રમુખસ્વામીનો ફોટો હું કાયમ સાથે રાખું છું. તમને કદાચ નહીં ખબર હોય, પણ અમારી ટીમના શ્રી મનોજ પ્રભાકરના ગળામાં રહેતા પેન્ડન્ટમાં આ પ્રમુખસ્વામીનો ફોટો છે. તેઓએ મને કહેલું: 'હું જે ઉપર આવ્યો છું એ એમની કૃપાથી આવ્યો છું.'

આ જ રીતે સ્વામીશ્રીથી અભિભૂત થઈને તા. ૨૭/૮ની સવારે આવેલા ડૅપ્યુટી કલેક્ટર શ્રી આર. જે. પટેલ પાસે સ્વામીશ્રીને બિરદાવવાનું એક આગવું કારણ હતું. તે જણાવતાં તેઓએ કહ્યું: 'આ વખતે એસ.એસ.સી. બૉર્ડની પરીક્ષાઓના સમયે શિક્ષકો અને કર્મચારીઓ હડતાલ પર ઊતરી ગયા ત્યારે આપની સંસ્થાએ જ મદદ કરી. મેં ફોન કર્યો ને બીજે દિવસે ૪૦૦ સ્વયંસેવકો આવી ગયા. તેમાંના ઘણા તો સારું ભણેલા હતા તોય તેઓએ પ્યૂન(પટાવાળા)નું કામ કર્યું!'

*'સિંહના સુત સિંહ જ થાય...'*ની જેમ સ્વામીશ્રીના સત્સંગીઓનો પ્રભાવ પણ અછતો ન રહેતો.

પાળે સદાચાર વિશેષ પ્રીતે

તા. ૨૯/૮ની સાયંસભામાં પધારેલા સ્વામીશ્રીએ ખૂંચતો લેન્સ કઢાવી જાડા કાચનાં ચશ્માં પહેરેલાં. તેની આરપારથી સભાસદો પર એક દૃષ્ટિ કરી આસન પર બેસતાં તેઓએ એક સંતને કહ્યું: 'ત્યાં મંદિર આગળ મેં સોલિસિટર રજનીકાંત મહેતા અને કિશોરભાઈ તથા રમેશભાઈ દવેને ઊભેલા જોયા. તેઓ અમદાવાદ જાય છે. તેઓ જો ન જમ્યા હોય તો જમાડી આવો.'

આ સૂચના અનુસાર હરિભક્તો પાસે પહોંચેલા પેલા સંતે પૂછપરછ

કરી તો સાચે જ એ સત્સંગીઓ જમ્યા વિના જ નીકળી રહેલા. તેઓને જમવા માટે બેસાડવામાં આવ્યા ત્યારે લાગણીવિવશ બનેલા તેઓ કોળિયે-કોળિયે સ્વામીશ્રીની આત્મીયતાને જ મમળાવી રહ્યા.

ભક્તો પ્રત્યેની પ્રગાઢ પ્રીતિને કારણે કહ્યા વિનાયે સઘળું સમજી જતા સ્વામીશ્રી સઘળું સાચવી પણ લેતા.

મનુષ્યની જેમ મર્યાદાઓનેય અભંગ સાચવતા તેઓએ તા. ૩૧/૮ની સાયંસભામાં જણાવ્યું:

"અત્યારે ઘણાને સ્ત્રી-સાધુ મર્યાદા અંગે બહુ થાય કે 'આમ કેમ?' પરંતુ જે આનંદ ને જે જ્ઞાન નજીકથી મળે છે એ જ દૂરથી પણ મળે છે. ભગવાનની આજ્ઞામાં રહે તો બેયનું (સ્ત્રીઓનું અને સાધુઓનું) સારું રહે. કોઈને ડાયાબિટીસ થયો હોય ને તમે આગ્રહ કરો કે 'દૂધપાક ખાઓ ને ખાઓ જ,' તો એ મરે જ ને! એવા હોય એને અનુકૂળ થવું જોઈએ. એમ નિયમને અનુકૂળ થવું જોઈએ. તમારે કામ સાથે કામ છે ને! ભેળસેળ કરવાથી મજા શું? નજીક જઈને મળવું, વાતો કરવી એનો અરથ શું? લોકો કહે કે 'તમે વાત નથી કરતા એ તમારી નબળાઈ છે.' સારું ભ'ઈ! નબળાઈ તો નબળાઈ ગણ. અમને તો શ્રીજીમહારાજનો આશરો છે એટલે બળ પૂરેપૂરું છે."

ધર્મપાલન બાબતે સ્વામીશ્રીના અભિપ્રાય ચોખ્ખા અને ચોટદાર રહેતા.

અમારે ગામ જ ક્યાં છે?

તા. ૪/૯ની સવારે અટલાદરાથી વિદાય લઈ બોચાસણ પધારેલા સ્વામીશ્રી અહીં બપોરે જમવા બિરાજ્યા ત્યારે તેઓનાં દર્શને સમીપવર્તી સત્સંગ-કેન્દ્રોના ઘણા સંતો બેઠા હતા. તે સૌ તરફ જોતાં સ્વામીશ્રી બોલવા લાગ્યા: 'નડિયાદી આવી ગયા, વિદ્યાનગરી આવી ગયા, ગાંધીનગરી પણ આવી ગયા. યોગનિધિ (સ્વામી)! તમે કયા ગામના?'

'આપનું ગામ એ મારું ગામ.'

'અમારે ગામ જ ક્યાં છે?' સ્વામીશ્રી બોલ્યા.

આ શબ્દોમાંથી *'આતમાને નહીં ધરા ધામ, આતમાને નહીં દેશ ગામ...'*ની તેઓની આત્મારૂપ સ્થિતિ સરી પડી.

તે સાથે આજની સાંજે સારંગપુર પહોંચેલા સ્વામીશ્રી અહીં ઠાકોરજીનાં દર્શન કરવા પધારે ત્યારે બોટાદના મગનભાઈ ભડલીવાળા પોતાના બુલંદ

અવાજે મૂર્તિનાં પદો લલકારે. આ ક્રમાનુસાર તેઓ તા. ૬/૯ના પ્રભાતે પણ, પાંચેય ખંડમાં સ્વામીશ્રીએ દર્શન કર્યાં ત્યાં સુધી *'શ્રીજીમહારાજ માંગું, શરણ તમારું...'* ભજન ગાતા રહ્યા. આ કીર્તનમાં આવેલી *'દીધું મોક્ષપદ પ્યારું... ભવજળ તરવાનું છે આ નાવ અતિ સારું... મળ્યા સહજાનંદ સ્વામી અધમ ઉધારા...'* વગેરે કડીએ-કડીએ સ્વામીશ્રી લટકાં કરી સુખ આપતા રહ્યા. તે વખતે કોને ખબર હતી કે તેઓની આ ચેષ્ટા મગનભાઈના કલ્યાણનો કોટ ઉઘાડી રહી છે !

પરંતુ તેનો ઘટસ્ફોટ ત્યારે થયો જ્યારે સ્વામીશ્રી મંદિરની પ્રદક્ષિણા ફરીને હનુમાનજી-ગણપતિજીનાં દેરે પધાર્યા. અહીં જેવા તેઓ આવ્યા ત્યાં જ મગનભાઈએ ઊંચે સાદે 'પ્રમુખસ્વામી મહારાજની જય' બોલાવી. બસ ! આ શબ્દો તેઓના જીવનના અંતિમ ઉદ્ગાર બની રહ્યા ! આ જયનાદ ગુંજાવતી વખતે તેઓ આગળથી પસાર થતા સ્વામીશ્રી એ તે હરિભક્તની આંખે જોયેલું છેલ્લું દૃશ્ય ! થોડી જ ક્ષણો પૂર્વે આ ભક્ત જે *'મોક્ષપદ પ્યારું...'* માંગી રહેલા તે સ્વામીશ્રીએ તેઓને આપી દીધું.

તેથી જ આ ઘટનાના સંદર્ભમાં આજે સંત સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું કે 'એક જીવને ધામમાં મોકલીને આવ્યા ને ?'

'હા.'

સ્વામીશ્રીના આ એક જ અક્ષરના પ્રતિભાવમાંથી ભક્તોને અક્ષરધામ આપવાનું તેઓનું સામર્થ્ય પ્રકાશી રહ્યું. તેના ઉજાસમાં અક્ષરવાસી મગનભાઈને અંજલિ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આ તો એકદમ ભાગ્યશાળી ! છેવટનું સ્થાન મંદિર અને સાજા-સમા જ ધામમાં. માખણમાંથી મુવાળો નીકળે એમ થયું ! દેશકાળ સામાન્ય, પણ એમની નિષ્ઠા કોઈ દા'ડો ફરી નથી. શિર સાટે પક્ષ.'

આ ભક્ત-મહિમા સાથે સ્વામીશ્રીએ આજે સ્મૃતિમંદિરે દર્શન કર્યા બાદ ટાવરવાળા ઓરડે જઈ આ દિવંગત ભક્તના પાર્થિવ શરીરને ફૂલહાર પહેરાવ્યો. તે વખતે સૌ *'તમે અગમ સુગમ થઈ, આવી જન ઉદ્ધાર્યા કંઈ...'*નું દર્શન સ્વામીશ્રીમાં કરી રહ્યા.

અક્ષરધામનો હેતુ

ગાંધીનગરના અક્ષરધામમાં મુકાનારા એક તામ્રપત્ર પર અંકિત કરવા

માટે સ્વામીશ્રીએ તા. ૬/૯ની સાંજે સ્વ-હસ્તાક્ષરમાં લખ્યું :

'આ અક્ષરધામમાં દરેકને જીવન-ઘડતરની પ્રેરણા મળે અને જીવન દિવ્ય બને એ જ ભગવાનને પ્રાર્થના.'

આ શુભ, શુદ્ધ અને ઉદાત્ત હેતુ સાથે પ્રત્યેક કાર્ય કરતા સ્વામીશ્રીના સાંનિધ્યમાં, તા. ૭/૯ના રોજ જળઝીલણી ઉત્સવ પણ ધામધૂમથી ઊજવાયો. આ વર્ષે સારા વરસાદને કારણે ઉતાવળી નદી અને યજ્ઞપુરુષ સરોવરમાં ભરપૂર જળ હોવાથી નારાયણ કુંડની પૂર્વ દિશામાં નદી મધ્યે જ નાનકડો મંચ બનાવેલો. ત્યાં પહોંચવા તૈયાર કરાયેલાં લાકડાંની પાટોના પુલ પર પગલાં પાડતાં સ્વામીશ્રી મંચ પર બિરાજ્યા.

તે સાથે જ આરંભાયેલી પરંપરાગત મહાપૂજાવિધિ બાદ બોટમાં બિરાજી તેઓએ ઠાકોરજી સાથે જળવિહાર કર્યો. તે દરમ્યાન એક વાર તો દૂર નહાતાં ટાબરિયાંઓ પાસે જઈ કાકડીની લહાણી કરનારા સ્વામીશ્રીએ આજે નદીના તીર્થોદકમાં સ્નાન પણ કર્યું. તે પછી તરાપા પર બિરાજી શુદ્ધ જળથી નહાયેલા તેઓએ છેલ્લે ભીનું ધોતિયું ઉતારી ગાતરિયાને જ શરીર પર વીંટાળી દીધું અને ખભે કટકો નાંખી ગાડી દ્વારા મંદિરે આવી પહોંચ્યા.

અત્રે ઉદ્યાનમાં સંતોએ બનાવેલી પર્ણકુટીઓને પણ સ્વામીશ્રીએ તા. ૯/૯ની સવારે પાવન કરી. આ વખતે સરુનાં વૃક્ષોને ગોળાકારે વાળીને તૈયાર કરાયેલા કૂબા તળે બિરાજી તેઓ બોલ્યા : 'અહીં (સારંગપુરમાં) અક્ષરધામ જેવું છે. ભગવાન ભજવાનું સુખ આવે. કોઈ દુઃખ જ નહીં. માટે ભગવાન ભજી જ લેવા. અહીં ગમે ત્યાં બેસીએ પણ સુખ, સુખ ને સુખ. લોકો કાશ્મીર જોવા જાય, પણ આ કાશ્મીર જ છે ને !'

સ્વામીશ્રીના મુખેથી *'માન્યું તમે અક્ષરધામ ગામ...'* તરીકે સારંગપુરની સ્તુતિ સરી પડી.

ગુરુના વચનમાં રહેવું એ બ્રહ્મવિદ્યા

તા. ૯/૯ના રોજ તૃણની ઝૂંપડીમાં છેડેલો ભજનનો સૂર તા. ૧૦/૯ની પ્રાતઃકથામાં પણ રેલાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

''આપણે તો કથા-વાર્તા, કીર્તન-ભજનમાં તૃપ્તિ માનવી નહીં. આપણે એકાંતિક ધર્મ સિદ્ધ કરવો છે. 'કંઈ બને એવું નથી... ક્યારે થશું ?...' એવા વિચાર કરીએ તો પડ્યા હેઠા. મોળી વાત ન થાય. હાડકાં તોડવાં પડે. મંદિર

વાળવું પડે. બેઠાં બેઠાં માળા ફેરવે એવું નહીં. યોગીબાપાની કેવી ભાવનાઓ હતી! 'શાસ્ત્રીજી મહારાજની જયંતી ઊજવવાની હોય તો માથું આપી દઉં.' ગુરુ માટે શું ન થાય! એમનો ઉપકાર કેટલો!

પાછા તેઓ કહે છે કે 'મારી જયંતી ઊજવે એ મને ગમે નહીં.' આપણે તો દરેક બાબતમાં પોતાની મહત્તા કંઈક વધે તો જ કરવાનું મન થાય, પણ આપણે આપણી ભાવના કરીએ છીએ એટલે પાછા પડીએ છીએ. સેવા કરશો તો લોકો એની મેતે આવશે. અહં મિટાવીશું તો બધું આવશે, પણ જે માન ઇચ્છે એનું અપમાન થાય જ! આપણે તો ગુરુની મહત્તા વધે એ જ કરવાનું છે. ગુરુના વચનમાં રહેવું એ બ્રહ્મવિદ્યા.

આપણને કોઈ વઢે-ટોકે તો ક્યાં નાના થવાના છીએ? આપણી મોટાઈ ભગવાન અને સંતના પ્રતાપે છે. એમની મહત્તા મનમાં રાખીને નાનામાં નાના રહી સેવા કરીએ તો દુઃખ ન આવે. યોગી શતાબ્દી ઊજવવાની છે. એમાં લાખો આવશે, પણ અંદરનો સ્વભાવ ફેરવવાની ભાવના ઉત્પન્ન થાય તો જાણવું – યોગી જયંતી ઊજવાઈ છે.''

સ્વામીશ્રીએ આગવી શૈલીમાં ઉત્સવ-મર્મ સમજાવી દીધો.

ચીવટનો એક બેનમૂન નમૂનો

સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વનો ઉત્સવ ઊજવી તા. ૧૬/૯ની સવારે વિદાય થયેલા સ્વામીશ્રી બોટાદ થઈને તાજપુર પધાર્યા.

અત્રે તેઓનું આગમન ઘણાં વર્ષો બાદ થતું હોવાથી સૌએ પ્રેમપૂર્વક કરેલો સત્કાર ઝીલી સ્વામીશ્રીએ મંદિરે દર્શન કર્યાં. ત્યારબાદ તેઓ જીવરાજભાઈના ઘેર પધરામણી કરી કરમશીભાઈના ઘેર જવા નીકળ્યા ત્યારે તેઓને યોગમુનિદાસ સ્વામી દોરી રહેલા, પરંતુ આ સ્થાનિક સંતની ગાડી ગામની નિશાળેથી જમણી બાજુએ વળતાં સ્વામીશ્રી બોલ્યા: 'એ ત્યાં કેમ વળ્યા?' આમ કહેતાં તેઓએ પોતાની ગાડી ડાબી બાજુ લેવડાવી અને નિર્ધારિત હરિભક્તના ઘેર પહોંચી ગયા!

વર્ષો પછી અહીં આવવા છતાં તેઓના મનમાંથી આ ગામની ભૂગોળ ભૂંસાઈ નહોતી.

ધૂળિયાં ગામડાંનાં ઘર-ગલીનો આટલો ગાઢ પરિચય ધરાવનારા સ્વામીશ્રી, વિચરણના આગામી ચરણમાં ગઢપુર અને માલપરને લાભ આપતાં

તા. ૧૮/૯ની બપોરે ભાવનગર પધાર્યા.

અત્રે તેઓના વરદહસ્તે તા. ૨૦/૯ની સવારે નિર્વાણતીર્થ ટ્રસ્ટ દ્વારા નિર્માણ પામેલા વિદ્યુત સ્મશાનગૃહનો અર્પણવિધિ યોજાયો. આ અવસરે સંકુલના હૉલમાં પ્રતિષ્ઠિત થયેલા અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને અન્ય દેવો-અવતારોનું પૂજન કરી સ્વામીશ્રીએ લોકાર્પણના પ્રતીકરૂપે દીવો પ્રગટાવ્યો.

તેની સાથે ઠેર ઠેર જ્ઞાનદીપક પ્રગટાવી રહેલા તેઓને, આ સમયે મળેલા એક પત્રમાં લખનારે જણાવેલું કે 'આપ મારા ઘેર પધરામણી કરો તો હું મારું વ્યસન મૂકું.'

આ ભાવિકને સ્વામીશ્રીએ તા. ૨૨/૯ના રોજ રૂબરૂ મળવા મંદિરે બોલાવ્યા. તે મુજબ તેઓ આવ્યા ત્યારે સ્વામીશ્રી કહેવા લાગ્યા : 'તમે પત્ર લખ્યો તે સારું કર્યું. આપણે મળાયું. પધરામણીનો તમારો સંકલ્પ છે એ તો વહેલો-મોડો પૂરો થશે, પણ તમારે દારૂ છોડવો જ છે એમ મનમાં દૃઢ કરો. અમે મહારાજને પ્રાર્થના કરી છે. માટે રાજી થાવ. આ મૂકવું અઘરું નથી. તે દૂષણ છે.'

સ્વામીશ્રીની આ શાંતિપૂર્ણ સમજાવટથી પેલા આગંતુક તો દિગ્મૂઢ જ થઈ ગયા. તેઓએ ધાર્યું નહોતું કે પોતાના જેવા નાના માણસની આટલી નાની વિગત પર સ્વામીશ્રી આવી ગંભીરતાથી વર્તશે અને વિચારશે ! તેઓએ એ જ ઘડીએ વ્યસનોને તિલાંજલિ આપી દીધી.

પોતાના પર આવતા પ્રત્યેક પત્ર સ્વામીશ્રી કેટલા આદરથી માથે ચઢાવતા તેનો આ બેનમૂન નમૂનો ! વિશ્વવિખ્યાત અક્ષરધામના નિર્માણમાં ઊંડા ઊતરનારા તેઓ, ખૂણે રહેતી એક ત્રાહિત વ્યક્તિના જીવનમાંયે આટલો ઊંડો રસ લઈ શકતા.

જે સત્સંગીઓની છાયા છે

તા. ૨૨/૯ની સવારે મંદિરેથી નીકળેલા સ્વામીશ્રીએ ભાવનગર વૃદ્ધાશ્રમમાં પધરામણી કરી શહેરના હિલ ડ્રાઇવ વિસ્તારમાં આવેલી ૩૬ વીઘાની એક વાડીમાં પગલાં પાડ્યાં. અત્રે વડલા નીચે બિરાજી, તેઓએ સમગ્ર જગ્યાને નિરાંતે નિહાળી. આ જ રીતે કાળિયાબીડ વિસ્તારમાં આવેલી સાગવાડીનુંયે નિરીક્ષણ કરી સ્વામીશ્રીએ ગાડીને ત્રાપજ તરફ લેવડાવી.

આ ગામમાં રહેતા કવિ શ્રી ત્રાપજકરના નામે પ્રસિદ્ધ ૯૧ વર્ષીય

પરમાનંદ ભટ્ટે સ્વામીશ્રીને દર્શન દેવા પધારવાની અરજ ગુજારતો પત્ર લખેલો. તેનો પ્રત્યુત્તર રૂબરૂ પાઠવવા સ્વામીશ્રી જઈ રહેલા.

પરંતુ આ કવિના સરનામાથી સ્થાનિક વ્યવસ્થાપક સોમપ્રકાશદાસ સ્વામી પણ અજાણ હતા. છતાં ઘર પૂછતાં-પૂછતાં સ્વામીશ્રી ઠીક ઠેકાણે જઈ પહોંચ્યા ત્યારે ત્રાપજકર તો માંદગીને કારણે સંપૂર્ણ પથારીવશ હતા. તોયે સ્વામીશ્રીનાં દર્શનમાત્રથી ઝણઝણાટી અનુભવી ઊભા થઈ ગયેલા તેઓએ સ્વામીશ્રીને એક દંડવત કરી દીધો.

પોતાના પત્રનો સ્વામીશ્રીએ આપેલો આ લાગણીસભર જવાબ જોઈ તેઓ વર્ષો પહેલાં પોતે જ લખેલી પંક્તિઓ *'મને સંત મળ્યા, ભગવંત મળ્યા; મારાં જનમોજનમનાં પુણ્ય ફળ્યાં...'*ને સાક્ષાત્ અનુભવી રહ્યા! તેથી ગદ્‌ગદ હૃદયે તેઓ એટલું જ બોલી શક્યા: 'સ્વામી! આપની બહુ કૃપાદૃષ્ટિ છે.'

ભાવનગરના મહારાજા અહીં આવતા ત્યારે તેઓ સમક્ષ કલાકોના કલાકો સુધી અસ્ખલિત વાક્પ્રવાહ વહેવડાવતા આ કવિને આજે સ્વામીશ્રીના પ્રેમે મૂક કરી દીધા! એ જ અવસ્થામાં તેઓને આશીર્વાદ આપી સ્વામીશ્રી વિદાય થયાના અઢારમા દિવસે કવિ શ્રી ત્રાપજકર અક્ષરવાસી થયા. આ સમયે સૌને ઘર પૂછતાં-પૂછતાં તેઓ પાસે પહોંચેલા સ્વામીશ્રીની ક્રિયાનો મર્મ વધુ પકડાયો.

આમ, સત્સંગની સેવાનું અમૂલ્ય ફળ અચૂક આપનારા તેઓ ત્રાપજથી તળાજા પધાર્યા ત્યારે આજની સાંજે વ્યાયામ મંદિરમાં જાહેર-સભા યોજાયેલી, પરંતુ તેમાં સ્વામીશ્રી પધાર્યાના થોડા સમયમાં જ તીડનું ટોળું ત્રાટક્યું. આમથી તેમ કૂદાકૂદ કરતા તે ટોળાએ મંચ પર અને સભામાં એવો તરખાટ મચાવી દીધો કે અડધી સભા ઊઠીને નાસવા માંડી. સ્વામીશ્રીની આસપાસ અને ઉપર પણ આ આક્રમણ હતું જ; છતાં તેઓ તો સ્વસ્થતાપૂર્વક પત્રો વાંચતા રહ્યા! તેઓની આ સ્થિતપ્રજ્ઞતા સૌના આશ્ચર્યનો વિષય બની રહી.

બધું હસ્તામલક

તા. ૨૩/૯ના રોજ તળાજાથી વિદાય લઈ મહુવા પહોંચેલા સ્વામીશ્રી અત્રે નગરના ગોકુલધામને પાવન કરી આપણા મંદિરે પધાર્યા. અહીંથી તેઓ ઉતારા તરફ જઈ રહેલા ત્યારે ગાડીમાં ગુરુપરંપરાનાં જન્મસ્થાનોની વાતો નીકળતાં સ્વામીશ્રીએ કહ્યું: 'મહારાજ સહિત જેટલા જન્મ્યા (તેટલા) બધા જ

ગરીબીમાં જ જન્મ્યા છે. બધાનાં જન્મસ્થાન જુઓ. આ ભગતજી મહારાજનું કેવું છે !'

આ વાત સાંભળી ગાડીચાલક યુવાન ઈન્દ્રવદન બોલ્યો: 'આગળ જઈને આટલું મોટું તંત્ર ચલાવવાનું હતું તોય...'

'હા, શૂન્યમાંથી સર્જન એનું જ નામ ને !'

'ત્યાં અક્ષરધામમાં સત્સંગ-વિકાસના પ્લાનિંગ માટે વર્લ્ડ(દુનિયા)નો નકશો રાખ્યો છે ?'

'નકશાની શું જરૂર પડે ? બધું હસ્તામલક.' સ્વામીશ્રી બોલ્યા.

આ રીતે બ્રહ્માંડમાત્રને હથેળીમાં જોનારા તેઓનો નિવાસ શ્રી જગજીવનભાઈ ગોહિલના નવા ઘેર મુકરર થયેલો, પણ અહીં પડતી કેટલીક અગવડને જોઈ એક હરિભક્તે સ્વામીશ્રીને કહ્યું: 'બાપા ! અમને ઉતારા તરીકે સારું મકાન મળેલું, પણ એક ભાઈએ એ મકાન-માલિકને બિવડાવી દેતાં આપને અહીં ઉતારો કરવો પડ્યો. તેમાં આપને અત્યારે તકલીફ જેવું પડે છે, તો...'

આ ખરખરો સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'પેલા ઉતારાવાળા ભલે લાખોપતિ હોય, પણ સત્સંગ તો નહીં ને ! એના કરતાં આ નિષ્ઠાવાળો જીવ ને ઘણા વખતની એની ઇચ્છા હતી તે પૂરી થઈ. સત્સંગી તો ખરો !'

આ જ ભાવનાથી તેઓએ તા. ૨૪/૯ના અલ્પાહાર અને બપોરના ભોજન અનુક્રમે સુરેશભાઈ દેસાઈ તથા વિનુભાઈ સાવલિયાનાં સાંકડાં ઘરોમાં ગ્રહણ કર્યાં. આમાંથી એક જગ્યાએ તો ફક્ત ચાર જ જણ સમાઈ શકે એવો નાનો ઓરડો હતો, પણ તેમાંયે સ્વામીશ્રી પ્રેમથી જમવા બિરાજ્યા.

તેઓને સગવડ નહીં, સત્સંગ ખપે. તેથી જ તો *'સ્થાવર જંગમ વિશ્વ વ્યાપી રહ્યા...'* એવા અક્ષરબ્રહ્મ તેઓ, ભક્તોનાં ખોબા જેવાં ખોરડાંઓમાં પણ સમાઈ જતા.

૭૧મા વર્ષે જુવાનનું જોમ

તા. ૨૪/૯ના રોજ ભગતજી મહારાજના પ્રાગટ્ય-સ્થાનની આસપાસ વસેલાં મકાનોનું નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રીને, અત્રે કેટલાંક ઘર જોયા બાદ બાકીની ઈમારતો જોવા માટે ફરીને જવું પડે એમ થતાં ગુણવંત દાણીએ કહ્યું: 'બાપા ! અહીંથી જ બધી ખબર પડી જાય એમ છે. ફરીને નહીં

જુઓ તો ચાલશે.'

પરંતુ આ ભલામણથી સહેજ અકળાઈને સ્વામીશ્રી બોલ્યા: 'તમે કાલના મને આમ કહ્યા કરો છો. એક ને એક વાત તમે મને ચાર વાર કહી અને મેં ચારેય વાર એકસરખો ઉત્તર આપ્યો છે. મકાન પૂંઠેથી નહીં, મોઢેથી જ જોવાય. શું પરિસ્થિતિ છે તેનો ખ્યાલ તો જ આવે. તમારા પગ દુખતા હોય તો તમે ઊભા રહો. અમે આ ચાલ્યા.'

૭૧મા વર્ષે પણ જુવાનનું જોમ ધરાવતા સ્વામીશ્રીમાં ઉલાળિયાવૃત્તિ કદી જોવા ન મળે. તેથી બધાં મકાનોને ફરી-ફરીને જોનારા તેઓએ દરેકના તાગ-તાળો મેળવ્યા. તેમ કરવામાં ભાદરવાના તાપને લીધે તેઓ પરસેવે રેબઝેબ થઈ ગયા. પાઘની અંતરવર્તી ટોપી પણ અડધી પલળી ગઈ. કપાળે બાઝેલાં પ્રસ્વેદબિંદુઓ મોતીની જેમ ચમકી રહ્યાં. પરંતુ તેથીયે અધિક સ્વામીશ્રીની ધગશ તો આજે હીરાની પેઠે ઝગારા મારી રહી!

તનથી પ્રીત નથી જ રાખતા

તા. ૨૪/૯ની સાંજે વૃંદાવન ધામના પરિસરમાં મહુવા નગરપાલિકા સહિત શહેરની અગ્રણી સામાજિક સંસ્થાઓએ સ્વામીશ્રીને સન્માનવા ભાવ-વંદના સમારંભ યોજેલો. તેમાં નગરપતિ શ્રી ચંપકલાલ વગડા, ઉપનગરપતિ શ્રી રસિકભાઈ ઊનવાલા વગેરે શ્રેષ્ઠીઓનો સત્કાર ઝીલી સ્વામીશ્રીએ તા. ૨૫/૯ની સવારે અમેરિકાની ચૂંટણીના ઉમેદવાર શ્રી બિલ ક્લિન્ટનને આશીર્વાદ-પત્ર મોકલતાં લખ્યું:

'આપ જ્વલંત વિજય મેળવો, અમેરિકાના પ્રમુખ તરીકે ખૂબ જ ભવ્ય સિદ્ધિ હાંસલ કરો, આખો દેશ આપના માર્ગદર્શન હેઠળ વધારે ને વધારે સમૃદ્ધ અને પ્રગતિશીલ બને, ત્યાં વસતા દરેક પ્રજાજનો ઉપર આપનો સરખો પ્રભાવ રહે એવી ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના સહ આશીર્વાદ છે.'

સ્વામીશ્રીના આ શબ્દોની સત્યતા સરકતા સમયે સમગ્ર વિશ્વે નિહાળી.

આમ, માંધાતાઓના જીવનના નકશા આંકતા તેઓ આજની સવારે મહુવાથી વિદાય લઈ નીકળ્યા ત્યારે વાટમાં ભાદરા આવ્યું. અહીં રસ્તા પર જ આવતી શ્રી પોપટલાલ દાણીની વાડી જોઈ તેઓ બોલ્યા: 'આ વાડી યોગીબાપાની પ્રસાદીની. અહીં અમે લીમડા નીચે ઊભા રહેતા. પડી રહેતા.'

આવી એ પ્રાસાદિક વાડી પર દૃષ્ટિ કરતાં, સ્વામીશ્રી મોટી વડાળ અને બાઢડાને પાવન કરી સાવરકુંડલા પહોંચ્યા. અત્રે તેઓએ કબીર આશ્રમને લાભ આપી સાંજે વ્યાયામ મંદિરના પ્રાંગણમાં આયોજિત જાહેર-સભામાં અમૃતધારા વહાવી.

ત્યારબાદ તા. ૨૬/૯ની સવારે અમરેલી પધારેલા સ્વામીશ્રી આજની સાંજે ઔદીચ્ય બ્રાહ્મણ બૉર્ડિંગમાં ધર્મલાભ આપી રાત્રિ-રોકાણ માટે શ્રી રમેશભાઈ કોટકના ઘેર પહોંચ્યા.

અહીં તેઓ જ્યારે સૂતા ત્યારે ચરણસેવા કરવા બેઠેલા સંતોએ સ્વામીશ્રીના ધોતિયામાં સલવાઈ ગયેલું એક તીડ જોયું ! કોણ જાણે એ ક્યારથી ભરાઈ રહ્યું હશે. પણ તીડ તો જ્યાં બેસે ત્યાં ખૂંચે. છતાં *'તનથી પ્રીત નથી જ રાખતા...'*ની રીતે રહેનારા સ્વામીશ્રીને તેનું કંઈ ભાન જ નહોતું.

સાધુનો કસબ સારામાં સારો

તા. ૨૭/૯ની સવારે શ્રી શરદભાઈ રાવલના ઘેર અલ્પાહાર માટે પધારેલા સ્વામીશ્રીની સાથે સંતો-ભક્તોનીયે પંગત પડેલી. તેમાંની એક વ્યક્તિએ પીરસનારાની થાળીમાંથી ડાબા હાથે વાનગી ઉપાડતાં સ્વામીશ્રીએ ટકોર કરી કે 'આ રીતે સ્વભાવ પ્રમાણે ઉપાડીએ, પણ તે વિવેક ન કહેવાય. આ સારું ન લાગે. પીરસવા નીકળ્યા હોય તો માંગી લેવું. એના માટે તો એ ફરે છે. વળી, ડાબા હાથે લેવું એય દોષ !'

આત્મા-અનાત્માનો અતિ ઉચ્ચ આધ્યાત્મિક વિવેક ધરાવતા સ્વામીશ્રી પાસેથી આવા લૌકિક વિવેક પણ શીખવા મળતા.

આ અર્થમાં હરતી-ફરતી વિદ્યાપીઠ સમા તેઓ આજે શહેરની દીપક હાઈસ્કૂલમાં પગલાં પાડી લાઠી પહોંચ્યા. અત્રે રાત્રે ક્લબ ગ્રાઉન્ડમાં જાહેર-સભા યોજાઈ. તેમાં અમૃતધારા રેલાવી સર્કિટ હાઉસના ઉતારે પધારેલા સ્વામીશ્રી યુવકો સાથે ગોષ્ઠિ કરવા માંડ્યા ત્યારે સાથે ફરતા પરદેશી યુવાન પરેશે પોતે દોરેલાં ચિત્રો કાઢ્યાં. તેના આ હુન્નરને બિરદાવી સ્વામીશ્રીએ સામે બેઠેલા મુંબઈવાસી યુવાન શ્યામને પૂછ્યું : 'આવી કળા તને આવડે છે ?'

'આપ આશીર્વાદ આપો.'

'પહેલો પોતાનો સત્સંગ બરાબર થાય એ ખરેખરી કળા ! પછી આશીર્વાદ ને દૃષ્ટિ થાય એટલે આ બધી કળા આવે. બધી કળા આવે, પણ

સાધુનો કસબ સારામાં સારો. એ શીખવો.' સ્વામીશ્રી બોલ્યા.

આ કસબ સૌને સિદ્ધ થાય તેવા ઉમદા હેતુસર તેઓએ અહીંની મુખ્ય બજારમાં મંડળે ખરીદેલી જમીન પર તા. ૨૮/૯ની સવારે મંદિરનો ખાત-વિધિ કર્યો. ત્યારબાદ મૂળધરાઈને લાભ આપતાં તેઓ સાંજે ગાંધીનગર આવી પહોંચ્યા.

અમે તો જાગતા જ છીએ

ગાંધીનગરમાં પૂર્વ મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ પટેલના ઘેર રોકાયેલા સ્વામીશ્રી સમક્ષ તા. ૨૮/૯ની રાત્રે અક્ષરધામના નિર્માણ સંબંધી એક મીટિંગ શરૂ થઈ. તેમાં સ્વામીશ્રી દ્વારા અવાર-નવાર થતી રહેલી સમયસર કામ પૂરું કરવાની ટકોરના સંદર્ભમાં શ્રી હર્ષદ ચાવડાએ કહ્યું: 'બાપા! અમે તો મોડા જાગ્યા, પણ આપેય મોડા જાગ્યા! અમને જો આપે પહેલેથી જ ટોક્યા કર્યું હોત તો કામ પતી જાત.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'ભલા માણસ! અમે તો જાગતા જ છીએ. ઊંઘીએ છીએ જ ક્યારે?'

સ્વામીશ્રીનું આ વિધાન પ્રાસંગિક હતું, પણ તેમાં પડઘાતી તેઓની રીત કાયમી હતી. તેઓની અખંડ જાગૃતિ જ સૌમાં પ્રાણ ફૂંકતી રહેતી. તેથી જ સંસ્થાના પ્રત્યેક વિભાગ ધબકતા રહેતા. તેઓએ રાખેલી સજાગતાને કારણે જ હવે અક્ષરધામનું નિર્માણ પણ પૂર્ણતાના આરે પહોંચેલું.

તેનું નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રીએ તા. ૨૯/૯ની સવારે સીસમ અને પિત્તળમાંથી બનેલા દોઢ ટનના વજનદાર દરવાજાનું પૂજન કરી તેને ખુલ્લું કર્યું. આ દ્વાર ઊઘડતાં જ સામે શ્રીજીમહારાજની મૂર્તિ પધરાવવા માટે તૈયાર થઈ ગયેલી પીઠિકા નજરે ચડી. ત્યાં પહોંચેલા સ્વામીશ્રીને સૌએ કહ્યું: 'બાપા! આપ ઉપર ચઢીને જુઓ તો ખરા!'

'આપણે શું જરૂર છે? મહારાજ બેસવાના છે.' સ્વામીશ્રી બોલ્યા.

જીવનના કોઈ પણ પગલે દાસત્વભક્તિ ન ચૂકનારા તેઓ આ જ સેવકભાવ સાથે અક્ષરધામના ખૂણે-ખૂણે વિચર્યા. આ જ રીત સાથે તેઓએ તા. ૩૦/૯ની સવારે યોગી શતાબ્દી નિમિત્તે તૈયાર થઈ રહેલા 'સ્વામિનારાયણ નગર'ને પણ દૃષ્ટિમાં લીધું.

અત્રે સેવા કરી રહેલા ૧,૨૦૦ સ્વયંસેવકોને આશીર્વાદ પાઠવતાં

સ્વામીશ્રીએ કહ્યું : 'અહીં અમે જોયું, મહંત સ્વામી વગેરે સંતો અને તમે સૌ ઓતરા-ચીતરાના તાપમાં પણ સેવા કરી રહ્યા છો. આ સેવા નહીં મળે. આપ આ સેવા કરો છો એનાથી હૃદયમાં મૂર્તિ બેસશે. હવે બે મહિના ને બે દિવસ બાકી છે. ચપટી વગાડતાં જતા રહેશે. અત્યારે નવરાત્રિ ચાલે છે, પણ આ સેવા કરો છો એ મોટામાં મોટો ગરબો જ છે.'

લખી કંકોતરી એવી રીતે...

તા. ૧/૧૦ની સવારે સ્વામીશ્રી નિત્યક્રમથી પરવાર્યા ત્યારે તેઓ સમક્ષ યોગી શતાબ્દી મહોત્સવની આમંત્રણ પત્રિકાઓ ધરવામાં આવી. તે ઠાકોરજીને ધરતાં સ્વામીશ્રીએ પ્રાર્થના કરી કે 'જય મહારાજ! સમૈયો નિર્વિઘ્ને થાય. ડંકો વાગે.'

ત્યારબાદ પત્રિકાના પરબીડિયા પર લાલ શાહીથી જાતે જ શ્રીજીમહારાજને નિમંત્રણ મોકલતાં તેઓએ લખ્યું :

'સાક્ષાત્ અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી હરિકૃષ્ણ મહારાજ.'

તે પછી સંતોની વિનંતીથી, મોકલનાર તરીકે પોતાનું નામ લખી સ્વામીશ્રીએ આજની તારીખની મિતિ પણ મારી. એ જ રીતે તેઓએ બીજી પત્રિકા ગોંડલના ઘનશ્યામ મહારાજ પર લખી. આ અવસરે ઈશ્વરચરણદાસ સ્વામીએ પણ સ્વામીશ્રીનું નામ લખી તેઓને એક પત્રિકા અર્પણ કરી.

આમ, બ્રહ્મ અને પરબ્રહ્મને લખાયેલી આ કંકોત્રીથી યોગી શતાબ્દીના ઉત્સવનું મંગલ મુહૂર્ત થઈ ગયું. તેને અનુસરતાં, સ્વામીશ્રી લીંબડી, અચારડા અને સુરેન્દ્રનગરને લાભ આપી તા. ૪/૧૦ની સવારે રાજકોટ પધાર્યા.

અત્રે નિર્માણાધીન મંદિરના આંગણે જ રોપાયેલા માંડવા તળે સવાર-સાંજ કથા-વાર્તાની રમઝટ બોલવા લાગી. તેની વચ્ચે તા. ૫/૧૦ની સવારે આવેલા રીબડાના એક રહેવાસીએ કો'ક મંદિરમાં પોતાની યોગ્ય વ્યવસ્થા ન સચવાયા અંગે ફરિયાદનો સૂર કાઢ્યો. તેઓની આ વાત સાવ વાહિયાત હોવા છતાં સ્વામીશ્રી બોલ્યા : 'અમારા કાર્યકરોની ભૂલ એ અમારી જ ભૂલ કહેવાય. અમે માફી માંગીએ છીએ.'

જેટલી સાહજિકતાથી સ્વામીશ્રી બીજાના શિરે યશ ઢોળી શકતા, એટલી જ સહજતાથી તેઓ બીજાની ભૂલ પોતાના શિરે ચઢાવી શકતા!

આવી વિરલ પ્રકૃતિ ધરાવતા તેઓ તા. ૬/૧૦ની સવારે રાજકોટથી વિદાય લઈ ડાંગરા અને ભાદરાને સુખ આપતાં તા. ૮/૧૦ના રોજ ગોંડલ પધાર્યા.

ભાસે કથા ઉપર તીવ્ર ભાવ

ગોંડલમાં તા. ૯/૧૦ની રાત્રે સ્વામીશ્રીના શરીરને માંદગીએ ભરડો લેતાં, તા. ૧૦/૧૦ની સવારે તેઓ જાગ્યા ત્યારે શરીર ૧૦૨ ડિગ્રી તાવમાં ધખતું હતું અને નાડીના ધબકારા ૧૨૦ની ગતિએ દોડતા હતા.

આવી પરિસ્થિતિમાં પણ તેઓએ, તા. ૧૧/૧૦ના રોજ આવેલી શરદપૂર્ણિમાએ અક્ષર દેરી અને મંદિરમાં છ-છ દંડવત કર્યા. તેની સાથે તેઓ પ્રાતઃકાળની પારંપરિક મહાપૂજા સહિત સવારે યોજાયેલી સભામાં હાજર રહ્યા બાદ સાંજની સભામાંયે પધાર્યા. આ તબક્કે પ્રવચન કરવા અંગે તબીબોની મનાઈ હોવા છતાં સ્વામીશ્રીએ સાયંકાળની સભામાં કથામૃત રેલાવી દીધું કે –

''આ જગત જ એવું છે કે ભક્તને પણ દુઃખ આવે. અમનેય આવ્યું છે ને મહારાજનેય આવ્યું છે! જગતનું ઝેર પચાવે તો જ ભજનનું સુખ આવે. આપણે ભક્તિ કરવા આવ્યા છીએ. માટે સંપીને કામ કરવું. એના માટે યોગીબાપા ઢોલ પીટીને ચાલ્યા ગયા, તોય ખોદણી ચાલે, અભાવ-અવગુણની વાતો થયા કરે, તો સત્સંગ શું કર્યો? ખટપટ ને આઘું-પાછું કરીને કોઈકને પાછો પાડવો એ બધું તો દુનિયામાં ચાલે જ છે. એવું અહીં શા માટે રાખવું?! આપણું ધાર્યું થયું કે ના થયું, સરળ રહીએ તો વાંધો નહીં. બહાર કરતાં ઘરનો કુસંપ મારી પાડે. સુખ ન લેવા દે. ખાતાં-પીતાં ને બધે ટક-ટક ચાલ્યા જ કરે. ઘરનો ચોર ન પકડાય એમ સત્સંગનો કુસંગ નડે. માટે આપણે તો મહિમાની જ વાતો કરવી. મહિમા ગાવામાં ક્યાં વાંધો છે? આ તો માંહી વેર કરાવે. પાર્ટી પડે– 'આ મારું ટોળું ને આ તારું...' ભ'ઈ! ટોળાંને શું કરવાનાં? સો-સો વાતો સાધીને ભગવાન ભજી લેવા.''

માંદગીની અશક્તિમાં પણ કેફપૂર્વક આટલી વાત કરી ઉતારે પધારેલા સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે તેઓનાં પેઢાં તપાસી ડૉક્ટર બોલ્યા: 'પેઢાં સાવ ખલાસ થઈ ગયાં છે.'

'હવે ધીરે-ધીરે બધું ખલાસ થઈ ગયું. શરીરેય ખલાસ થઈ ગયું ને બધું જવાનું!'

સ્વામીશ્રીએ આમ અચાનક સાંખ્યનો સૂર છેડી દીધો, જે કોઈને ન ગમ્યો. તેથી સંતોએ કહ્યું : 'બાપા ! આપ ધ્યાન રાખીને શરીર ચલાવશો એટલું ચાલશે.'

'ગમે એટલું ચલાવો (સાચવો) ને, જે દિવસ નક્કી છે એ છે જ !'

'તોય માંદગીમાં આરામ તો કરવો જોઈએ ને !'

'સૂઈ રહેવાનું હશે તો એની જાતે જ સૂઈ જશે. બહાર જ નહીં આવે.'

આટલું કહેતાં સ્વામીશ્રી ગુણાતીત જન્મોત્સવની સભામાં જઈ બિરાજ્યા.

દેહાતીત સ્થિતિનો પુરાવો

ઉત્સવ પછીના દિવસે સ્વામીશ્રી વિદાય લેનારા ભક્તો પોતાને મળી શકે તે રીતે દૈનિક ક્રમ આટોપતા. તેઓ પાસે આવકાર ઉમળકાભર્યો મળે, તો વિદાય પણ પ્રેમસભર ! તેથી તા. ૧૨/૧૦ની સવારે સ્વામીશ્રી દર્શને પધાર્યા ત્યારથી સ્થાનિક સંતોને સૌનાં પ્રસાદ, ભોજન વગેરે સંબંધી સૂચના આપતા રહ્યા.

આ રીતે સ્મૃતિમંદિરે જઈ રહેલા તેઓને પગે લાગવા અચાનક ધસી આવેલા એક વડીલને કાર્યકરો વારે તે પહેલાં તો તેઓ સ્વામીશ્રીનાં ચરણને પામી ગયા. તેઓને જોઈ સ્વામીશ્રી પણ બોલ્યા : 'લખતરનો બ્રાહ્મણ છે. જૂનો છે. શાસ્ત્રીજી મહારાજના વખતમાં મિત્રની જેમ વર્તતા'તા ને ! અત્યારે પ્રેમ આવી ગયો.'

સરકતો સમય પણ સ્વામીશ્રીની સ્નેહગાંઠને શિથિલ ન કરી શકતો.

આવા પરમ સનેહી તેઓ તા. ૧૩/૧૦ની સવારે ધૂંધળાશ જોઈ બોલ્યા : 'આ ધુમ્મસ આવ્યું એટલે હવે વરસાદ ગયો ને ઠંડી આવશે.'

તેઓના મુખેથી સમયે-સમયે વાતાવરણ સંબંધી વર્તારા સરતા રહેતા. પલટાતી આબોહવાને અનુલક્ષી તેઓ જેમ ભાખતા તેમ બનતું પણ ખરું !

આમ, સર્વજ્ઞ હોવા છતાં જિજ્ઞાસુ બનીને રહેતા સ્વામીશ્રી પાસે તા. ૧૩/૧૦ની સવારે આવેલા પ્રખ્યાત વૈદ્ય શ્રી માહેશ્વરજીએ વીસેક મિનિટ સુધી પ્રશ્નો પૂછી-પૂછીને ઘણી સલાહ આપી. તેમાં છેલ્લે કહ્યું : 'ત્રણ વાતમાં બાંધછોડ ન કરવી – એક, આરામના સમયમાં; બીજું, શૌચાદિક ક્રિયામાં અને ત્રીજું, ભોજનમાં.'

નિરામય સ્વાસ્થ્ય માટે આવશ્યક આ ત્રણ વાતમાં સ્વામીશ્રીને સમયનો

મેળ કદી ન મળતો. સૌને સંતોષ આપવા આ ત્રણેય ક્રિયાઓને આગળ-પાછળ કરતા રહી, તેઓ ૯૫ વર્ષ સુધી કાર્ય કરતા રહ્યા. તેઓની દેહાતીત સ્થિતિનો આ જ પુરાવો !

આ અવસ્થામાં અખંડ વર્તતા સ્વામીશ્રી તા. ૧૬/૧૦ની સવારે મોવિયા અને મેતા ખંભાળિયાને લાભ આપી તા. ૧૭/૧૦ની સાંજે કેરાળા થઈને ગાંધીનગર આવી પહોંચ્યા.

આપણે સિંહ છીએ

ગાંધીનગરમાં શ્રી ગોરધનભાઈ પટેલના ઘેર રોકાયેલા સ્વામીશ્રી તા. ૧૮/૧૦ની સવારે અલ્પાહારથી પરવાર્યા ત્યારે એક અંતેવાસીએ પૂછ્યું : 'હવે શું કાર્યક્રમ છે ?'

'બેઠા છીએ. ભજન કરીએ છીએ. કોઈ આવે ને આમંત્રણ આપે તો જઈશું, નહીં તો અહીં ભજન કરશું.' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું : 'અત્યારે કોઈ આમંત્રણ આપવામાં રાજી નથી કે મારા વિભાગમાં જોવા આવો !'

તેઓના ઉપરોક્ત વિધાન અને વિનોદમાંથી તેઓની નિર્લેપતા સાથે નિપુણતા પણ ઝળકી ઊઠી !

ચોત્રીસ દિવસના એક વિરાટ મહોત્સવનો ભાર ખભે હોવા છતાં સ્વામીશ્રી ભજનમાં સ્થિર હતા. આ ઉત્સવ અને તે નિમિત્તે ઉદ્‌ઘાટિત થનારા અક્ષરધામમાં ધમધમતા વિવિધ સેવાવિભાગોના સંતો-સ્વયંસેવકો પૂર્વ-તૈયારીઓને પૂર્ણવિરામ સુધી પહોંચાડવા રાત-દિવસ એક કરી રહ્યા હતા. પરંતુ તે દરેકને ખ્યાલ હતો કે સ્વામીશ્રીની નજર જેટલી અમીસભર છે એટલી જ ચોકસાઈસભર પણ છે. એટલે જ કામ સંપૂર્ણ કર્યા વિના કોઈ પોતાના વિભાગમાં સ્વામીશ્રી પધારે તેવું ઇચ્છતા નહોતા. સૌનાં હૈયે વર્તતી આ ફડક સ્વામીશ્રીની કુશળતાનો પડઘો પાડતી.

આમ, ભજનની ભાવના અને કાબેલિયતના દુર્લભ સમન્વય સાથે વિચરતા તેઓ અત્રે એક પ્રાસંગિક વાર્તાલાપમાં બોલ્યા: 'આગલા બેય સમૈયા(ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીતાનંદ સ્વામીના દ્વિશતાબ્દી મહોત્સવ)માં હું સમૈયાના આગલા દિવસે જ આવ્યો હતો. આ વખતે જ આટલો વહેલો આવ્યો છું.'

આ શબ્દો દ્વારા યોગી શતાબ્દી મહોત્સવ ઊજવવાનો તેઓનો ઉમંગ

પરખાઈ રહ્યો. આ ઉત્સાહની ચિનગારી હજારો સ્વયંસેવકોમાં પ્રગટાવતાં, તેઓએ તા. ૧૮/૧૦ની સાંજે યોજાયેલી એક ખાસ સભામાં કહ્યું :

"આ 'નગર'માં સેવા કરવા આવ્યા છીએ એટલે આપણા માટે આ જ દિવાળી ! મરાઠીમાં કહે છે ને કે સંતનાં દર્શન થાય એ જ દશેરા ને દિવાળી. સમય આપણી પાસે થોડો છે, કામ ઘણું છે. છતાં એક માણસ પોતે ધારે તો લાખથી પણ વધારે કામ થઈ શકે. એટલે આપણે કંઈ ઘેટાં-બકરાં નથી કે બેં-બેં કરીને હાલ્યા જઈએ. આપણે સિંહ છીએ. આપણામાં ભગવાનનું બળ છે. ગમે એવું કામ આગળ દેખાય તોય પાર પડી જાય. આપણે ધારીએ તો આ તો શું, આનાથી પણ વિશેષ હોય તોય ફડાકમાં ઊકલી જાય, ને ઊકલી ગયાં છે. માટે મોળા વિચાર ન કરવા. *આ અવસર આવ્યો રણ રમવા તણો...* આ સો વર્ષનો પ્રસંગ આપણા માટે ફરી આવવાનો નથી."

સ્વામીશ્રીનાં આ અમીસિંચનથી સૌનો તરવરાટ વિશેષ વૃદ્ધિ પામ્યો.

આ મૂર્તિ સહુથી નોખી

તા. ૨૧/૧૦થી 'નગર'નાં વિવિધ સ્થળોએ નિરીક્ષણ માટે જવાનું શરૂ કરનારા સ્વામીશ્રી પોતાની આ મુલાકાતથી સેવાકાર્ય ન ખોરવાય તે હેતુથી ગાડીમાં જ ફરતા. અલબત્ત, જરૂર જણાય ત્યાં ઊતરતા પણ ન ખચકાતા.

આ રીતે તેઓની સૂક્ષ્મ દૃષ્ટિનો ચરખો તા. ૨૨/૧૦ના રોજ અક્ષરધામમાં પણ ફરી વળ્યો. અહીં તેઓ મુખ્ય સ્મારકમાં પધાર્યા ત્યારે ત્યાં ધામ, ધામી અને મુક્તની મૂર્તિઓ બિરાજી ગયેલી. તેમાં ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીની સુવર્ણમંડિત મૂર્તિઓ ગોઠવવામાં સ્વામીશ્રીએ ઘણો રસ લીધો. આ બંને મૂર્તિનાં મુખદર્શનનું સુખ દર્શનાર્થીને આવે અને તે બંને પરમહંસો પણ શ્રીજીમહારાજનાં દર્શન એકીટશે કરતા હોય તેમ લાગે, એ રીતે મૂર્તિઓની ગોઠવણી કરવામાં સ્વામીશ્રી ઘડીક શ્રીજીમહારાજની સામે ઊભા રહે, તો ઘડીક બંને બાજુએ ઊભા રહે. દૃષ્ટિ મેળવવાની બાબતમાં સૂચનો આપતાં બંને મૂર્તિઓ ફેરવાવે.

આ રીતે મૂર્તિઓની વ્યવસ્થિત ગોઠવણી કરાવીને તેઓ આજની સાંજે ઉતારા વિભાગની મુલાકાતે નીકળ્યા ત્યારે તેઓએ એક સહપ્રવાસીને પૂછ્યું : 'સી. એમ. પટેલને ઉતારો આપ્યો છે એમાં સંડાસ ઊભાં છે કે બેઠાં ?'

એ સંત પાસે આ વિષે માહિતી ન હોવાથી સ્વામીશ્રી બોલ્યા :

'બધો ખ્યાલ રાખવો. એમને ઘૂંટણનું દર્દ છે અને પેલામાં બેસતાં ફાવે નહીં. ઘરડાનું ખાસ ધ્યાન રાખજો. મને બે-ત્રણ દિવસથી વિચાર ચાલતો હતો, પણ પૂછવાનું રહી જતું હતું.'

જે સ્વામીશ્રી સવારે અક્ષરધામની પીઠિકા પર મૂર્તિઓ કેવી રીતે બેસે તેની વિગતમાં ઊંડા ઊતરેલા, તે સ્વામીશ્રી સાંજે પાયખાનામાં હરિભક્ત કેવી રીતે બેસે તેની વ્યવસ્થામાં રસ લઈ રહ્યા! આ જોઈ તેઓ વિષે આટલું જ કહી શકાય કે *'આ મૂર્તિ સહુથી નોખી, ચોક્કસ વાત કહું છું ચોખ્ખી...'*

અવ્વલ આયોજક

તા. ૨૩/૧૦ની રાત્રે વાળુથી પરવારેલા સ્વામીશ્રી પાસે 'નગર'ના બાંધકામની જવાબદારી સંભાળતા જ્ઞાનેશ્વરદાસ સ્વામી, નિખિલેશદાસ સ્વામી વગેરે આવ્યા. તેઓના મનમાં ચિંતા ઘૂમરાતી હતી કે 'સમયસર કામ પૂરું થશે કે નહીં?'

તે જાણી સ્વામીશ્રીએ નિખિલેશદાસ સ્વામીને કહ્યું: 'ચિંતા ન કરવી, સમજ્યા? જાઓ, તમારામાં વાસુદેવનો પ્રવેશ[૨૬] કરવો છે. બધું કામ પતી જશે.'

આ શબ્દોમાં હળવાશ અને વિશ્વાસ હતાં. પરંતુ પેલા સંતે દલીલ કરી કે 'મારા એકલાથી થોડું બધું થવાનું છે?'

'બધામાં મહારાજ સો ટકા પ્રવેશ કરશે. આપણે ક્યાં કંઈ કરનાર છીએ? બધું એમને માથે છોડી દેવું.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની રીત એવી કે વ્યક્તિને આત્મવિશ્વાસ અને ભગવાન પર વિશ્વાસ – બંને દૃઢ થાય.

તે મુજબ હૂંફ પમાડી સ્વામીશ્રીએ માર્ગદર્શન આપ્યું કે 'જુઓ, ઉદ્‌ઘાટન થાય એટલો ભાગ પહેલાં તૈયાર કરી રાખવો. સ્ટોલ અને ફૂડસ્ટોલનું કામ ધીરે-ધીરે ચાલ્યા કરે. એકસાથે જ બધું કરવું એવું ઓછું છે? મહારાજને ધારીને મંડવું. યોગીબાપાનો ઉત્સવ છે, એ જ બધું પાર પાડી આપશે.'

સ્વામીશ્રીએ આપેલા આ દિશાદર્શનથી સંતોની તાણ વરાળ બનીને ઊડી ગઈ! સૌમાં એવો ઉત્સાહ ફરી વળ્યો કે રાત-દિવસ જાગીને કામ પૂરાં

---

૨૬. ભાગવતના તૃતીય સ્કંધના પચીસમા અધ્યાયમાં વર્ણન આવે છે કે વૈરાટ પુરુષ પાસે પ્રાણ, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ બધું હતું, છતાં વાસુદેવ ભગવાનના પ્રવેશ વિના તે ઊભા થવા સમર્થ ન બન્યા.

થઈ ગયાં.

જે પરિસ્થિતિમાં નેતા સ્વયં દબાણમાં આવી અનુયાયીઓને દાટી દે તે સંજોગોમાં સ્વામીશ્રી હળવાફૂલ રહી સૌને થનગનતા કરી દેતા. પોતાની આવી આગવી કાર્યપદ્ધતિને કારણે તેઓ ઍન્જિનની પાછળ ઢસડાતા ડબ્બા નહીં, પણ ડબ્બાને ખેંચી જતા ઍન્જિન તૈયાર કરતા.

આ સંત ગુણાતીત છે

તા. ૨૫/૧૦ના રોજ આવેલી દિવાળીની સવારે સ્વામીશ્રી અક્ષરધામના ભાગરૂપ સહજાનંદ વનમાં પધાર્યા ત્યારે પંદર એકરમાં પથરાયેલું આ હરિયાળું ઉપવન ફુવારાઓ, જળધોધ, તળાવો, સઘન વૃક્ષઘટાઓ, રંગબેરંગી ફૂલોની વિશિષ્ટ ભાત, ઔષધ-ઉદ્યાન, સૂર્યરથ તથા સમુદ્રમંથન અને ગંગા, યમુના, સરસ્વતીની પ્રતિકૃતિઓ વગેરે મનોહારી સૃષ્ટિથી શોભી રહેલું. આવા નૈસર્ગિક વાતાવરણમાં વિકસેલો ૯,૦૦૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતો ખુલ્લો નૈમિષારણ્ય સભાગૃહ, ઉત્સવના ૩૪ દિવસ સુધી મહિલામંચની ભૂમિકા ભજવવાનો હતો. ત્યાં બિરાજી સ્વામીશ્રીએ પ્રાત:પૂજા કરતાં આજે સહજાનંદ વનનું પણ ઉદ્‌ઘાટન થઈ ગયું. તે સાથે અત્રે ઉપસ્થિત ૭,૦૦૦ સ્વયંસેવકોને દિવાળીના આશીર્વાદ પાઠવનારા સ્વામીશ્રીએ આજની સાંજે અમદાવાદના મંદિરે જઈ ચોપડા પૂજનનો ઉત્સવ ઊજવ્યો.

તેને અનુસરતાં આવેલી તા. ૨૬/૧૦ના રોજ ફૂટેલા વિ.સં. ૨૦૪૯ના પ્રથમ પ્રભાતે પણ સ્વામીશ્રીની પ્રાત:પૂજાથી સહજાનંદ વન ધન્ય થયું. અહીંથી સ્વામીશ્રી અન્નકૂટોત્સવ કરવા અમદાવાદ પધાર્યા ત્યારે અત્રે પ્રાસંગિક સભા પૂર્ણ થઈ ગયેલી, પરંતુ તેને પુનઃ ગોઠવાવી સ્વામીશ્રી સભામંડપમાં બિરાજ્યા ત્યારે સંતોએ *‘જેને જોઈએ તે આવો મોક્ષ માંગવા...’* કીર્તન ગાયું.

તેના આધારે જ નૂતન વર્ષની પ્રથમ અમૃતધારા વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું: ‘મોક્ષ માંગવા ક્યાં જવાનું? બજારમાં? ના, આમ.’ એમ કહી પોતા તરફ નિર્દેશ કરતાં સ્વામીશ્રી બોલ્યા: ‘મોક્ષના વાવટા આજે છૂટા મૂક્યા છે. આપણે તો મોક્ષનું દ્વાર ઉઘાડું જ છે. તે સુખ લેવાનું છે. એક જ આધાર, ઝાઝા નહીં. બીજે મમરા મૂકવા જ નહીં. બીજા હથેળીમાં ભગવાન દેખાડે તોય જે મળ્યા છે એ સર્વોપરી માનવા. ખાલી ભગવું જ છે એમ ન માનવું. આ સંત ગુણાતીત સંત છે. આજે નવા વરસે પ્રાર્થના કરવી કે મહારાજનો દૃઢ

આશરો રહે.'

આમ, મોક્ષનો મજકૂર બતાવી સ્વામીશ્રી અન્નકૂટની આરતી ઉતાર્યા બાદ આજની સાંજે સહજાનંદ વનમાં આયોજિત સભામાં પધાર્યા. અત્રે સ્વયંસેવકો પર નવા વર્ષના શુભાશિષ વરસાવી તેઓએ સવા કલાક સુધી સૌને વ્યક્તિગત દર્શનનો લાભ પણ આપ્યો.

મૅનેજમેન્ટનું શિક્ષણ અને મમતાનું લક્ષણ

તા. ૨૭/૧૦ની સવારે સ્વામીશ્રી અક્ષરધામ સ્મારકમાં પધાર્યા ત્યારે અહીં ગુરુપરંપરાની મૂર્તિઓ બિરાજી ચૂકેલી. તે મૂર્તિઓનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરનારા સ્વામીશ્રી પોતાની મૂર્તિ આવતાં તે તરફ નજર નાંખ્યા સિવાય આગળ વધી ગયા. તે જોઈ વિશ્વવિહારીદાસ સ્વામીએ પૂછ્યું : 'બાપા ! આ મૂર્તિ બરાબર છે ? ફેરફાર હોય તો કહી દેજો.'

'એ બધું મહંત સ્વામી જોશે.'

આ સાંભળી મહંત સ્વામી પણ બોલ્યા: 'એ તો આપ (મૂર્તિની) બાજુમાં ઊભા રહો તો ખબર પડે ને ! એમનેમ શું ખબર પડે ?'

આ માર્મિક પ્રતિભાવથી હસી પડેલા સ્વામીશ્રી અહીંથી સચ્ચિદાનંદ પ્રદર્શન ખંડના દ્વારે પહોંચ્યા.

અનંત જન્મોથી શાશ્વત શાંતિને ઝંખતા મનુષ્યની શોધનો અંત લાવતા આ પ્રદર્શન ખંડમાં અધ્યાત્મ અને વિજ્ઞાનના સંયોજનની અદ્ભુત કમાલ સર્જાયેલી. ઝેકોસ્લોવેકિયાના વિશ્વપ્રસિદ્ધ દિગ્દર્શક શ્રી યારોસ્લાવ ફ્રિચે અત્રે રજૂ થતા શૉમાં ૭૦ કલાકની દૃશ્યાવલિઓને માત્ર સાડા પંદર મિનિટમાં જ આવરી લઈ હેરત પમાડનારું કાર્ય કરેલું ! છતાં આ શૉમાં ક્યાંય પોતાના નામની છાપ ન છોડનારા તેઓએ એક મુલાકાતમાં પત્રકારોને જણાવી દીધેલું કે 'આ શૉ પ્રમુખસ્વામી અને તેમના સંતોની અથાગ મહેનતથી તૈયાર થયેલો છે. તેમાં મેં બજાવેલી કામગીરી બહુ નાની કહેવાય. વળી, પ્રમુખસ્વામીએ આટલું મોટું અક્ષરધામ બાંધ્યું, છતાં તેમાં તેઓએ ક્યાંય પોતાનું નામ મૂક્યું નથી અને આ સંદેશાને અંતે હું મારું નામ મૂકું તો મારે શરમાવું પડે.'

સ્વામીશ્રીના સહવાસમાં 'હું' અને 'મારું'ની વજ્રસાર સમી માયા કેટલી સહજતાથી ખરી પડતી તેનું આ ઉદાહરણ !

આવા સ્વામીશ્રીને શ્રી ફ્રિચે જ આજે પ્રદર્શન ખંડના પ્રવેશદ્વારે

આવકાર્યા. સ્વામીશ્રીએ પણ તેઓ તથા તેઓના સહાયકોને ચાંદલા કરી રક્ષાસૂત્ર બાંધ્યાં. હાથમાં જળ આપી ઉદ્‌ઘાટનનો સંકલ્પ કરાવ્યો. ત્યારબાદ નાડાછડી છોડી તેઓએ થિયેટરમાં પ્રવેશ કર્યો ત્યારે શૉના પ્રારંભ પૂર્વે યોજાયેલી ઔપચારિક સભામાં ભાવોર્મિ વ્યક્ત કરતાં શ્રી ફ્રિચે જણાવ્યું: 'પ્રમુખસ્વામીના આશીર્વાદથી જ આ કામ શક્ય બન્યું છે. મેં દર વખતે તેઓનાં પ્રેમ અને કરુણા અનુભવ્યાં છે.'

આ અનુભૂતિ સાથે તેઓએ આજે સ્વામીશ્રીને પોતાના દેશમાં પધારવાનું આમંત્રણ પાઠવી દીધું. તેના પ્રતિભાવરૂપે મંદ સ્મિત વેરતાં સ્વામીશ્રીએ બાવીસ પ્રૉજેક્ટર દ્વારા ચૌદ પડદાઓ પર પ્રસ્તુત થવા માંડેલો શૉ નિહાળી સૌનો દાખડો સુફળ કર્યો.

એ જ હેતુસર તેઓ અહીંથી ઑડિયો એનિમેટ્રોનિક્સ શૉના થિયેટરમાં પધાર્યા. અહીં સેકન્ડના સોમા ભાગની ગણતરી રાખી કાર્ય કરતા કમ્પ્યૂટર દ્વારા સંચાલિત હાલતાં-ચાલતાં પૂતળાંઓની એક અભિનવ સૃષ્ટિ પ્રેક્ષકોને ઓગણીસમી સદીના પ્રારંભકાળમાં લઈ જતી હતી. દાદાખાચરના દરબારમાં નિંબતરુ નીચે બિરાજેલા શ્રીજીના સાંનિધ્યમાં થતાં કથા-કીર્તનની આબેહૂબ ઝલક આપતી આ પ્રસ્તુતિ જોઈને પણ સ્વામીશ્રીએ પ્રસન્નતા વ્યક્ત કરી.

આ જ રીતે આજની સાંજે 'નગર'ચર્યા કરવા નીકળેલા તેઓની ગાડી રસોડા વિભાગના મીઠાઈઘર પાસે આવી ત્યારે અહીં રોજ સરેરાશ દોઢસો મણ લોટના લાડુ બની રહેલા. તેના ચૂરમાનો ભુક્કો સ્વામીશ્રીએ અત્રે સેવારત ભક્તિતનયદાસ સ્વામી પાસે મંગાવી ચોળી જોયો. પછી તેઓ બોલ્યા: 'આ ચૂરમું જરા વધારે જાડું છે. મારા જેવા દાંત વગરના વડીલો આવે તેને જમતાં ફાવે નહીં. માટે થોડું ઝીણું થાય તેવું કરો.'

સ્વામીશ્રીના આ સૂચનમાંથી મૅનેજમેન્ટના શિક્ષણની સાથે મમતાનું લક્ષણ પણ ઝળકી ગયું. ૧૮૦ એકરમાં પથરાયેલા મહોત્સવ અને ૨૩ એકરના અક્ષરધામની કાર્યવાહી પર નજર રાખનારા તેઓની દૃષ્ટિમાંથી ખૂણે પડેલું ચૂરમું પણ બાકાત નહોતું રહેતું!

યોગી શતાબ્દી મહોત્સવનો શુભારંભ

જ્યાં કોલાહલ નહીં પણ કિલ્લોલ, દોડધામ નહીં પણ ગતિવિધિ, લીલોતરી નહીં પણ હરિયાળી... એવું એ 'સ્વામિનારાયણ નગર.'

જેના પ્રદર્શનમાં 'દર્શન'ની કક્ષા, જેના બગીચાના કાંટામાંયે કૂંપળની કોમળતા, જેની જડ સૃષ્ટિમાં ચેતનનો ધબકાર... એવું એ 'સ્વામિનારાયણ નગર.'

જેની રજમાં સૂરજની કાંતિ, જેની ક્ષણમાં શાશ્વતીનો વાસ, જેની લટારમાં સફરનો અહેસાસ... એવું એ 'સ્વામિનારાયણ નગર' તા. ૨૯/૧૦ની સવારે દસ વાગ્યે ઉદ્‌ઘાટિત થવાનું હતું.

પરંતુ જેમ મેઘાડંબર જોતાં જ વરસાદની ઇંતેજારી તીવ્ર બની જાય તેમ આ 'નગર'ની પૂર્વતૈયારીનો ધમધમાટ જોઈને જ સૌમાં તેના ઉદ્‌ઘાટનની ઉત્સુકતા જાગી ગયેલી ! તેથી ઉદ્‌ઘાટનના ધન્ય મુહૂર્તે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલ સહિત અનેક પ્રધાનો અને શ્રેષ્ઠીઓ 'નગર'ના પ્રાંગણમાં ઉપસ્થિત થઈ ગયા.

અહીં હાથમાં માળા સાથે પરિવ્રાજક મુદ્રામાં ઊભેલી ૧૮ ફૂટ ઊંચી યોગીજી મહારાજની તામ્રવર્ણી મૂર્તિને પુષ્પાંજલિથી વધાવી સ્વામીશ્રી સહિત સૌ પહોંચ્યા હંસદ્વાર પાસે. કલાકૃતિના ઉત્તમ ઉદાહરણરૂપ 'નગર'ના આ પ્રવેશદ્વારે મુખ્યમંત્રીએ વિધિપૂર્વક શ્રીફળ વધેર્યું અને નાડાછડી છોડીને 'નગર'નું ઉદ્‌ઘાટન કરતાં જ સૌની નજર સમક્ષ એક પ્રેરક અને પ્રભાવક સૃષ્ટિ ઊઘડી ગઈ. તેમાં કઈ બાજુ પગલું ભરવું તે દ્વિધા થઈ જાય એટલી રમણીયતા ઠેર ઠેર વેરાયેલી હતી. પરંતુ લેસ્ટરના બૅન્ડની સૂરાવલિઓ સૌને યુવાદ્વાર તરફ દોરી ગઈ.

યુવકોને પોતાનું હૃદય ગણીને તેઓના ઉત્કર્ષ માટે આગવું અભિયાન ચલાવનારા યોગીજી મહારાજની શતાબ્દીએ આ 'નગર'માં યોજાયેલું યુવા પ્રદર્શન તેઓને એક ઉચિત અંજલિરૂપ હતું. તેના પ્રવેશદ્વારે ઊબડ-ખાબડ પહાડની ઊંચી કેડીએ ભારતીય પરિધાનમાં સજ્જ એક યુવા મોરચો નજરે ચઢતો, જે સંસ્કૃતિનો સંદેશ લઈ વિશ્વ ખૂંદવા નીકળી પડેલો. આ પૂતળાં હતાં તો વાંસ-કાગળમાંથી બનેલાં, પણ તેમાં કંડારાયેલા તરવરાટે તેને ચેતનવંતાં કરી મૂકેલાં. નાણાંમંત્રી શ્રી છબિલદાસ મહેતા દ્વારા થયેલા આ પ્રદર્શનના ઉદ્‌ઘાટન બાદ તેમાં પ્રવેશેલા મહાનુભાવો બહાર નીકળ્યા ત્યારે બોલી ઊઠ્યા : 'આ પ્રદર્શન કાયમ રહે તો કેવું ?'

આવી જ અનુભૂતિ મહોત્સવ દરમ્યાન આ પ્રદર્શનને નિહાળનારા અગિયાર લાખ દર્શનાર્થીઓ પણ કરી રહ્યા !!

આ યુવા પ્રદર્શનમાંથી બહાર નીકળતાં જ આગંતુક આપમેળે વ્યસન-મુક્તિ યજ્ઞનો યજમાન બની જતો. તેની રહી-સહી પામરતા આ યજ્ઞની જ્વાળાઓમાં ભસ્મીભૂત થઈ જતી. તેથી મહોત્સવના ૩૪ દિવસમાં અહીં ૫૪,૩૦૦ વ્યક્તિઓ વ્યસનમુક્ત થતાં, સમાજને વર્ષે-દહાડે ૯,૯૨,૮૭,૧૫૪ (નવ કરોડ, બાણું લાખ, સત્યાશી હજાર, એકસો ચોપન) રૂપિયાની ભેટ મળતી થઈ ગઈ!

વ્યસનમુક્તિ યજ્ઞની પાવક જ્વાળાઓથી શુદ્ધ થયેલો અતિથિ આવી પહોંચતો 'નગર'ના કેન્દ્રબિંદુ સમા મંદિરના દ્વારે. અહીં મધ્યખંડમાં શ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજ તથા ડાબે-જમણે આવેલાં શિખરોમાં શ્રી રાધા-કૃષ્ણ અને શ્રી સીતા-રામ દર્શન આપતાં હતાં. ઉદ્‌ઘાટક આમંત્રિતો અહીં પુષ્પાંજલિ તેમ જ દીપપ્રાગટ્ય કરી ભાવલીન બન્યા.

એ જ અવસ્થામાં તેઓ મંદિરની પ્રદક્ષિણામાં પહોંચ્યા ત્યાં જ થોડે દૂર આવેલી અખંડ સત્સંગની કુટિરોમાંથી ઊઠતા ભક્તિતરંગોથી સૌ ભીંજાઈ ગયા. 'ભગવાન ભજી લેવા'ના યોગીજી મહારાજના જીવનસૂત્રને ચરિતાર્થ કરવા કથા, ધૂન, કીર્તન, જપ, ધ્યાન, લેખન, વાંચનથી અખંડ ગુંજતી એ સાત ઋષિકુટિરો, સપ્તરંગી મેઘધનુષની જેમ 'નગર'ના શણગારરૂપ બની રહેલી. મહોત્સવના ૩૪ દિવસ દરમ્યાન સવા લાખ લોકોએ આ કુટિરોમાં બેસી જીવનની ઘડીઓને લેખે લગાડતાં કુલ પિસ્તાલીસ કરોડ 'સ્વામિનારાયણ' મહામંત્રનું લેખન થયું!

આ સત્સંગધૂણીની ધૂપસુરભિથી તરબતર થનારા અગ્રણીઓ, આગળ જતાં સહેજ ઢાળ ચઢ્યા કે ત્યાં જ તેઓ બાળસેવકોનું મીઠું અભિવાદન પામ્યા. લાલ-બદામી પહેરણ અને આછા પીળા ક્રીમ કલરના ઝભ્ભા-સુરવાળ ધારણ કરેલા આ બાળકોએ મહોત્સવ દરમ્યાન ૩૨,૮૬,૩૦૦ અતિથિઓને બાળનગરીમાં આવકાર્યા! ૫૦૦ બાળસેવકો દ્વારા સંચાલિત અને સાડા ત્રણ એકરમાં ફેલાયેલી આ બાળનગરીના ૭૦ x ૩૫ ફૂટના મત્સ્યદ્વારનું ઉદ્‌ઘાટન, માર્ગ-મકાન મંત્રી શ્રી દિનશા પટેલ દ્વારા થયું. તે સાથે જ, બાળ-પ્રદર્શન, બાળ નિયમકુટિર, આનંદ-પ્રમોદ કરાવતી વિવિધ રમતો, પપેટ શૉ, બાળ નૃત્યમંચ વગેરેની રંગીન દુનિયા ખૂલી ગઈ! આ દુનિયાના દ્વારે ઊભા રહી સ્વામીશ્રીએ બાળકોને સાથે રાખી ફુગ્ગાઓને ગગનગામી કરતાં આકાશ પણ રંગબેરંગી બની રહ્યું!!

તેના છત્ર નીચે 'નગર'માં પથરાયેલી ૨,૭૦,૦૦૦ ચો.ફૂ.ની લીલીછમ હરિયાળી અને ૧,૧૦,૦૦૦ ફૂલ-છોડ પર ખીલી ઊઠેલાં વિવિધરંગી પુષ્પો સૌને પ્રફુલ્લિત કરતાં હતાં. તેની સાથે ૨૦ ફૂટ ઊંચી લતાનિર્મિત પિછવાઈઓથી શોભતા સંતઝરૂખા, ખળખળ જળથી છલકાતો 'માનવકુંભ' ફુવારો અને વહેતાં ઝરણાંઓ 'નગર'ના વાતાવરણને શીતળ રાખતાં. એ જ રીતે, ખુલ્લા નૃત્યમંચ પર પ્રતિદિન થતી પ્રાંતીય લોકનૃત્યોની પ્રસ્તુતિ આબોહવાને આહ્‌લાદક બનાવતી.

'નગર'નાં આ આકર્ષણો પર દૃષ્ટિ કરતાં સ્વામીશ્રી અને મહાનુભાવો આવી પહોંચ્યા – યોગી સભાગૃહના દ્વારે.

૧૩ ફૂટ ઊંડે ધરબાયેલા લોખંડી તાણિયાબંધના ટેકે ઊભેલી જૂજ સ્તંભપંક્તિઓ પર ખડા થયેલા આ સભામંડપનું પ્રવેશદ્વાર પણ એટલું જ ભવ્ય હતું. ૧૦૦ ફૂટની ઊંચાઈ અને ૨૦૦ મીટરની પહોળાઈ ધરાવતા આ દ્વારમાં, યોગીજી મહારાજની હસતી મુખાકૃતિનાં ૧૫ ફૂટ ઊંચાં ચાર ભવ્ય તૈલચિત્રો શોભી રહેલાં. તેની સાથે બે ઝરૂખામાં નંદ પરમહંસો દર્શન આપી રહેલા. આવા યોગીદ્વારમાંથી પસાર થઈ અતિથિ ૩૫,૦૦૦ની ક્ષમતા ધરાવતા સભામંડપમાં પ્રવેશતો. અહીં તે બંગાળી કૂચીકામની કરામતથી શોભતા મંચ પર પ્રતિષ્ઠિત થયેલા વિરાટ કદના અક્ષર-પુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજની કૃપાદૃષ્ટિ પામતો.

એ નજરને ઝીલતાં, મહાનુભાવો આજે સભાગૃહની મધ્યમાં આવેલા ખુલ્લા પથ પર ડગ માંડી મંચ પર પહોંચ્યા. તે સાથે જ વેદગાનથી મહોત્સવની પ્રથમ સભાનો પ્રારંભ થયો.

તેને અનુસરતાં, મહંત સ્વામીએ સ્વામીશ્રીને ભવ્ય પુષ્પહારથી વધાવ્યા બાદ યુવકોએ લોકગરબી *'જાવું છે... જાવું છે...'*ના આધારે રઢિયાળી રમઝટ મચાવી. તેથી ઝૂમી રહેલા સૌ ૮૪૦ કિ.મી.નું અંતર કાપી મુંબઈથી આવેલી અક્ષરજ્યોતના ઉજાસથી અંજાઈ ગયા.

આમ, એક પછી એક ચાલેલા કાર્યક્રમોની સાંકળના અંતે સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવ્યા કે 'આજનો પ્રસંગ ગુજરાત અને ભારત માટે દિવ્ય છે, કારણ કે આજે એવા દિવ્ય મહાપુરુષના શતાબ્દી મહોત્સવનો પ્રારંભ થાય છે.'

મહોત્સવના આ પ્રથમ સમારોહને પગલે-પગલે આવેલી આજની સાયંસભામાં ઉપસ્થિત રહેલા પૂર્વ ગૃહમંત્રી શ્રી પ્રબોધભાઈ રાવલના હસ્તે

બાળનગરીના ઘનશ્યામ મંદિરનું દ્વાર ખૂલ્યું.[૨૭]

અક્ષરના વાસી અવની પર

તા. ૨૯/૧૦ના રોજ થયેલું 'નગર'નું દબદબાભર્યું ઉદ્‌ઘાટન હજી તો આખી આલમ અખબારોનાં મથાળે વાંચી રહેલી ત્યાં જ તા. ૩૦/૧૦, લાભ પંચમીના દિવસે અન્ય એક દિવ્ય પ્રસંગ આવી પહોંચ્યો.

એંસી લાખ કલાકો સુધી વહેલી માનવશક્તિના ટાંકણે ઘડાયેલા અને ગોઠવાયેલા ૧,૬૦,૦૦૦ ઘનફૂટ પથ્થરમાંથી નિર્માણ પામેલા અક્ષરધામમાં આજે ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રતિષ્ઠિત થવાના હતા. તે માટે સવારે દસ વાગ્યે સ્વામીશ્રી મુખ્ય ઘુમ્મટ તળે પધાર્યા ત્યારે અહીં ત્રણ ફૂટ ઊંચી પીઠિકા પર સાત ફૂટ ઊંચાઈ અને એક ટન વજન ધરાવતી શ્રીજીમહારાજની સુવર્ણરસિત મૂર્તિ બિરાજમાન થઈ ગયેલી. આસનસ્થ આ સ્વરૂપની અખંડ સેવામાં અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી અને અક્ષરમુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામી પણ કરબદ્ધ મુદ્રામાં શોભી રહેલા.

આ ત્રિમૂર્તિ સમક્ષ દોઢસો જેટલા અગ્રણી યજમાનોની ઉપસ્થિતિમાં પ્રતિષ્ઠાનો વૈદિકવિધિ આરંભાઈ ગયેલો. તેથી પ્રસરેલા માંગલિક વાતાવરણમાં સવા અગિયાર વાગ્યે સ્વામીશ્રીએ મૂર્તિમાં પ્રાણનું આવાહન કર્યું. તેને અનુસરતાં મહંત સ્વામીએ નેત્રોનું અનાવરણ કરીને શ્રીજીમહારાજના લલાટમાં કુમકુમનો ચાંદલો કર્યો. તે પછી તેઓ તથા ડૉક્ટર સ્વામીએ ગુલાબનો ભવ્ય હાર તેમ જ લવિંગનો કલાત્મક હાર મહારાજને પહેરાવ્યો. છેલ્લે સૌ સાથે સ્વામીશ્રીએ આરતી ઉતારી ત્યારે તેઓના મુખારવિંદ પર અપૂર્વ કૃતજ્ઞતા ઊભરાઈ આવી. તે જોઈ સૌનાં હૈયે ઊભરી આવેલો ભક્તિભાવ બુલંદ જયઘોષ દ્વારા વ્યક્ત થઈ રહ્યો. તેને ૨૪૦ x ૧૩૧ x ૧૦૮ ફૂટનું પરિમાણ ધરાવતા અક્ષરધામના વિશાળ ગુંબજે પ્રચંડ પ્રતિસાદ આપતાં અવની-આકાશ ગાજી ઊઠ્યાં !

આ અભૂતપૂર્વ ક્ષણના સાક્ષી બનનારા સૌ પર આશીર્વર્ષા કરતાં

---

૨૭. યોગી શતાબ્દી મહોત્સવના શાનદાર શુભારંભને નિહાળવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

સ્વામીશ્રીએ જણાવ્યું :

"શ્રીજીમહારાજનો ૨૦૦મો મહોત્સવ થયો ત્યારે આપણને સંકલ્પ થયો કે 'એમનો દિવ્ય સંદેશ, સિદ્ધાંત સૌને સમજાય.' એટલા માટે અક્ષરધામનો આરંભ થયો. મહારાજ કહે છે તેમ આપણે દેહ મૂકીને અક્ષરધામમાં જવું છે એમ નથી, પણ દેહ છતાં જ અક્ષરધામમાં બેઠા છીએ એવું સુખ, એવો અનુભવ થાય એવું આ આયોજન થયું! આ મૂર્તિ બેઠી છે ને અક્ષરધામમાં જે મૂર્તિ છે એમાં કોઈ ફેર નથી. ધામ, ધામી અને મુક્ત આ સર્વે બિરાજ્યા છે. લાખો માણસો અહીં આવશે, એ સ્વરૂપોનું જ્ઞાન થશે ને માયાના ભાવથી મુક્ત થઈ પરમ પદવીને પામશે.

અક્ષરધામની વાતો કરીએ પણ અક્ષરધામ એટલે આવી રીતે જ ત્યાં ભગવાન બેઠા છે. અક્ષરધામમાં ચારે બાજુથી ભગવાનનાં દર્શન થાય, એમ અહીંયાં ચારે બાજુ ભગવાન છે. ભગવાન સિવાય કોઈ વસ્તુ રાખી નથી. માયાનો ભાવ છે જ નહીં! આજે આ ખંડમાં જ્યાં બેઠા છીએ ત્યાં કોઈ માયાનો પ્રવેશ નથી. મહારાજનો સંકલ્પ છે કે 'બધા મારા ધામનાં દર્શન કરે.' પણ એમાં તો બહુ વાર લાગે, પણ આ ધામ જુએ એટલે અક્ષરધામનાં દર્શન થઈ ગયાં!

આ કાર્યમાં જે કોઈએ તન, મન, ધનથી સહકાર આપ્યો છે, જેણે મજૂરીથી પણ કામ આપ્યું છે એ દરેકને ભગવાન અક્ષરધામના અધિકારી બનાવે."

શ્રીજીમહારાજ પ્રત્યેની ભક્તિએ આજે સ્વામીશ્રીને ઠરવા ન દીધા. તેથી મૂર્તિ સમક્ષ ઊભાં-ઊભાં જ આ અમૃતધારા વહાવી તેઓ ગુરુપરંપરાની મૂર્તિઓમાં પ્રાણ પૂરવા પધાર્યા ત્યારે સૌ સાચે જ અવની પર અક્ષરધામની અનુભૂતિ કરી રહ્યા!

મુખડાની માયા લાગી રે

'નગર'ના ઉદ્‌ઘાટનની સાથે જ તા. ૨૯/૧૦થી મહોત્સવના મંચ પર પ્રભાતે સ્વામીશ્રીની પ્રાતઃપૂજા, સાંજે યોગી ચરિતમ્‌નું પારાયણ અને રાત્રે રસપ્રદ સભાઓની ત્રિવેણી રેલાવા માંડેલી. તેમાં પ્રસંગોપાત્ત ભળતી પ્રાતઃસભાની ધારામાં તા. ૩૧/૧૦ની સવારે સરદાર પટેલ જયંતી નિમિત્તે વિશેષ કાર્યક્રમ સંપન્ન થયો.

તેને પોતાના શબ્દ-સાંનિધ્યથી ધન્ય કરી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે અત્રે આજની સાંજે આવેલા ઑસ્ટ્રેલિયન આગંતુક ડૉ. નેવીલ હેકરે કહ્યું: 'મારી પાસે ચર્ચમાં જવાનો સમય નથી. મારા કાર્યને જ પ્રાર્થના સમજું છું.'

તેઓનો આ મત સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'ધર્મ માટે થોડો સમય કાઢવો જોઈએ. સવારે અને સાંજે પ્રાર્થના કરવી જોઈએ. તમે જે કરો છો એ લોકોની સેવા છે અને પ્રાર્થના આધ્યાત્મિક વિકાસ માટે છે, આત્મકલ્યાણ માટે છે. પ્રાર્થનાથી માનસિક શાંતિ મળે છે ને કાર્ય સારું થાય છે.'

સ્વામીશ્રીનો અભિપ્રાય 'જનસેવા એ જ પ્રભુસેવા' નહીં, પણ 'જનસેવા અને પ્રભુસેવા.'

તેઓની આ કાર્યપદ્ધતિથી આકર્ષાઈને આજની રાત્રિસભાના અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત થયા – શ્રી રોહિતભાઈ મહેતા. ૧૭૭ દેશોમાં વિસ્તરેલી લાયન્સ ક્લબના આંતરરાષ્ટ્રીય પ્રમુખપદે આરૂઢ થનારા આ પ્રથમ ભારતીયે પોતાની અનુભૂતિ ઉલેચી કે 'હું તો દુનિયામાં બધે ફર્યો છું, પણ અહીં જે કાર્ય કરવામાં આવ્યું છે તે દુનિયાના કોઈ પણ ભાગ કરતાં વધારે સારું છે. અહીંથી મનુષ્ય વધારે સારો મનુષ્ય થશે.'

આ હેતુ સિદ્ધ કરવા જ, તા. ૧/૧૧ની સવારથી આરંભાઈ – માનવીય એકતા પરિષદ. યોગીજી મહારાજની જીવનભાવના – સંપ, સુહૃદભાવ અને એકતાને ઘૂંટાવતા આ સંમેલનનો દીપ આજની પ્રાતઃસભામાં રાજ્યપાલ ડૉ. સરૂપસિંહ દ્વારા પ્રગટી ગયો. તેના ઉજાસમાં સાંજે મધ્વ સંપ્રદાયના પ્રખર આચાર્ય પૂજ્ય શ્રી વિશ્વેશતીર્થજી મહારાજે વક્તવ્ય આપ્યું.

તેને અનુસરતાં ઊગેલું તા. ૨/૧૧નું પ્રભાત અક્ષરધામના ઉદ્‌ઘાટનની અલૌકિક ક્ષણનું સાક્ષી બનવાનું હતું. આ શુભ દિવસે સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં અક્ષરધામના આગવા આકર્ષણ સમા મલ્ટિ-મીડિયા શૉના સર્જક શ્રી ફ્રિચ અને તેઓના સાથીદારોનું શાલ તથા સ્મૃતિભેટ દ્વારા સન્માન કરવામાં આવ્યું. તે સ્વીકારી પોતાની હૃદયોર્મિ વહાવતાં આ જગવિખ્યાત ફિલ્મ દિગ્દર્શકે જણાવ્યું કે –

"હું પ્રમુખસ્વામીને મળ્યો ને મારું જીવન પલટાઈ ગયું! મારા ઘરની દીવાલો પર ભગવાન સ્વામિનારાયણ અને પ્રમુખસ્વામીના ફોટા લગાવેલા છે. મારા પરિવારના સભ્યો પૂજ્ય સ્વામીજીથી ખૂબ પરિચિત છે. આ સ્મારક બનાવીને પ્રમુખસ્વામીએ ગાંધીનગરને વિશ્વના નકશામાં સ્થાન અપાવી દીધું.

મેં આજ સુધીમાં ઘણાં મહારાજા, રાણી અને મહાનુભાવોના ફોટા લીધા છે. તેમાંથી ૭૦% ફોટા પસંદગી પામ્યા નથી; પણ સ્વામીજીના ૬૦૦ ફોટા લીધા, એમાંથી એક પણ ફોટો નકામો નથી, કારણ કે દરેક ફોટામાં એમના મુખ પર શાંતિ ને આશીર્વાદ જ દેખાય, જે મેં કોઈના મુખ પર જોયાં નથી.''

એક પ્રતિષ્ઠિત પરદેશીનો આ અનુભવ આજેય સ્વામીશ્રીના મુખારવિંદને નિહાળતાં સાર્થક જણાય છે.

આજ ખોલ્યાં અક્ષરનાં દ્વાર

તા. ૨/૧૧ની સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજા પૂર્ણ થતાં જ હજારો ભક્તોનો સમુદાય અક્ષરધામના પ્રાંગણમાં ગોઠવાવા માંડ્યો. આ ભાવિકો પોતાના જીવનની જ નહીં, પરંતુ સ્વામિનારાયણ સંપ્રદાય અને ભારતીય સંસ્કૃતિની અમર ઘડીઓને નજરમાં ભરવા આતુર હતા. સમય પણ આજે અક્ષરધામનો ઉદ્‌ઘાટન સમારંભ માણવા થંભી ગયેલો જણાતો હતો.

બારિક રૂપકામથી અલંકૃત ૯૭ સ્તંભો, પથ્થરપાટના ૨૨૦ મોભ, ૧૭ ઘુમ્મટ-ઘુમ્મટીઓ, ૮ સુશોભિત ગવાક્ષો સહિતનું આ અક્ષરધામ દેવ, દેવી અને દિગ્પાલો; ઋષિ, મુનિ અને વિભૂતિઓ; ફળ-ફૂલ, લતા-પત્ર અને તોરણો વગેરેનાં નકશીકામથી એવું અલંકૃત હતું કે પથ્થરમાં કલ્યાણની કવિતા કંડારાઈ ગઈ હોય તેમ જણાતું હતું !!

આ કાવ્યના શાશ્વત ગાનને વહેતું કરવા સ્વામીશ્રીએ અક્ષરધામના મુખ્ય પ્રવેશદ્વારે પૂજનવિધિ કરી પરિસરમાં પ્રવેશ કર્યો. અહીંથી છેક અક્ષરધામની સોપાનપંક્તિ સુધી પોતાના પ્રાણને જ પુષ્પરૂપે પાથરી ભક્તોએ પુષ્પપથ સજાવી રાખેલો. તેની પર ડગ માંડતાં સ્વામીશ્રી ચાલવા લાગ્યા ત્યારે એ સુદીર્ઘ ધોરીમાર્ગની બેય બાજુ ઊભેલા દેવતાઈ બાળકો તેઓને પુષ્પ-પાંખડીઓથી વધાવી રહ્યા. આ અભિવાદન સ્વીકારતાં સ્વામીશ્રીએ તોરણદ્વારે જઈ શ્રીફળ વધેર્યું અને અક્ષરધામના વિશાળ દ્વારને ઉદ્‌ઘાટિત કર્યું. આ ઐતિહાસિક ક્ષણને સૌએ હર્ષોલ્લાસથી વધાવી લીધી.

તેની વચ્ચે સ્મારકમાં પ્રવેશેલા સ્વામીશ્રીએ ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ સમક્ષ દીપ પ્રગટાવી આરતી ઉતારી અને પુષ્પાંજલિ પધરાવી. તે પછી ગુરુપરંપરાની મૂર્તિઓ પાસે પણ આ વિધિને અનુસરતાં તેઓ સાડા દસ વાગ્યે તોરણદ્વાર નીચે તૈયાર કરાયેલા ઊંચા સિંહાસન પર આવી બિરાજ્યા.

આ દર્શનને પ્રચંડ ભક્તમેદનીએ તાળીઓના ગડગડાટ અને જયનાદોથી વધાવી લીધું. તેની વચ્ચે મહંત સ્વામીએ હજારીના ગલગોટાની ચાદરથી સ્વામીશ્રીને મઢી દીધા, તો ઈશ્વરચરણદાસ સ્વામી તથા અક્ષયમુનિદાસ સ્વામીએ ગુલાબી પથ્થરનું આ નયનરમ્ય નજરાણું ધરનારા સ્વામીશ્રીને ગુલાબનો હાર પહેરાવી સન્માન્યા.

ગંગાને પૃથ્વી પર લાવનારા ભગીરથની તપશ્ચર્યા ઇતિહાસનું અમરપૃષ્ઠ બની હોય, તો અષ્ટાવરણ પાર રહેલા અક્ષરધામને અવની પર અવતારનારા સ્વામીશ્રીની તપશ્ચર્યા ઇતિહાસનો અમરગ્રંથ કેમ ન બને! આ જ ભાવ સ્વામીશ્રીના આજના સન્માનની પાર્શ્વભૂમાં હતો.

આ સત્કારને તેઓ જે મંચ પર બિરાજી સ્વીકારી રહેલા તે ઘણો નાનો હતો, છતાં સ્વામીશ્રીએ મહંત સ્વામીને પોતાની બાજુમાં બેસાડ્યા.

તે પછી, અક્ષરધામનું બીજ વવાયું ત્યારથી આજે કળશ ચડ્યા ત્યાં સુધીની નિર્માણયાત્રાને નજરે નિહાળનારા પૂર્વ મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલના વક્તવ્ય બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા કે –

'અક્ષરધામ ભૌતિક મકાનો જેવું નથી. ત્યાં માયાનો ભાવ નથી. એ ધામમાં આપણને બેસવાનું મળે, એ કેવું હશે એવું થાય, પણ એનો પ્રત્યક્ષ અનુભવ થાય એવું આ અક્ષરધામ અહીં બનાવ્યું છે! આ હૃદયનો પ્રેમ વ્યક્ત કર્યો છે, પણ કોઈને દેખાડવા કે વાહ... વાહ... થાય એ માટે નથી. અહીં કોઈએ માન, મોટપ, કીર્તિ માટે મહેનત નથી કરી, પણ યોગીજી મહારાજને રાજી કરવાના ભાવથી કર્યું છે. જેવી અક્ષરધામમાં દિવ્યમૂર્તિ છે તેવી જ આ છે, તેમાં કાંઈ ફેર નથી. આ અક્ષરધામની સ્મૃતિ થઈ એટલે આપણો છેલ્લો જન્મ. અહીં જે આવ્યા ને આવશે એમણે બીજો જન્મ નહીં લેવો પડે. અંત સમે સ્મૃતિ થઈ જશે તો પણ બેડો પાર!'

આ શબ્દો સાથે અક્ષરધામનો ઉદ્‌ઘાટન સમારોહ પૂર્ણ થતાં જ વિશ્વ-વાસીઓ માટે એક આધ્યાત્મિક અજાયબી ખૂલી ગઈ.

દ્રષ્ટા અને સ્રષ્ટા

અક્ષરધામનું લોકાર્પણ કર્યા બાદ સ્વામીશ્રી અક્ષરધામના ઉપલા મજલે આવેલા વિભૂતિ મંડપમાં પધાર્યા. પૃથ્વી પર જળકમળવત્ થઈને રહેલા શ્રીજીમહારાજની પ્રતિભાને તેઓના જ પ્રાસાદિક શબ્દો દ્વારા અહીં પિત્તળનાં

કમળપુષ્પો પર ઉપસાવવામાં આવેલી. કાચની કલાત્મક બહુરંગી રજૂઆત દ્વારા વ્યક્ત થતું શ્રીજીમહારાજનું આ વિભૂતિમત્ત્વ નિહાળી સ્વામીશ્રી અક્ષરધામના ભૂગર્ભમાં બનેલા પ્રસાદી મંડપમાં પહોંચ્યા.

અત્રે ભગવાન સ્વામિનારાયણના પ્રાગટ્યના પુરાવારૂપ તેઓનાં પ્રાસાદિક નખમણિ, દાંત, વસ્ત્ર, વાસણ, પાવડી, પાઘડી, કેશ, કાગળ વગેરેને દર્શનીય રીતે મૂકવામાં આવેલાં. શ્રીજીમહારાજની પ્રસાદીભૂત વસ્તુઓનું આવું સંગ્રહાલય સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં સૌપ્રથમ બની રહ્યું. તેના સર્જક તરીકેનું યશતિલક સ્વામીશ્રીના ભાલપ્રદેશમાં અંકિત થયું. જો કે કેવળ આ સંગ્રહાલય જ નહીં, પરંતુ સમગ્ર અક્ષરધામ તેઓનાં સોનેરી સૂચનોનું સ્મારક બની રહેલું.

અક્ષરધામમાં પગ મૂકતાં જ આવતા સહજાનંદ વનની સંકલ્પના વાવનારા સ્વામીશ્રી હતા, તો પરિસરમાં પ્રવેશ પછી અક્ષરધામ સુધી દોરી જનારા ગમનપથની બંને બાજુ છાંયડાવાળા માર્ગો(પરગોલા) ઊભા કરવાની પ્રેરણા પણ તેઓની જ હતી.

અક્ષરધામની ચોતરફ ફેલાયેલી હરિયાળીમાં 'જો પીળાં, જાંબલી તથા ગુલાબી રંગનાં ઝીણાં ફૂલોના નાના-નાના છોડ હોય તો શોભા બહુ જ વધી જાય, એના માટે પ્રયત્ન કરજો,' કહી હરિયાળીને રંગીન બનાવનારા સ્વામીશ્રી હતા, તો સ્મારકની ભીતરી દીવાલો પર 'અહીં જેસલમેરનો પીળો પથ્થર જ વધુ શોભશે,' જણાવી સંકુલની સુંદરતા વધારનારા પણ તેઓ સિવાય બીજું કોઈ નહીં.

અક્ષરધામના શિખરને ચતુષ્કોણીયને બદલે અષ્ટકોણીય ઘાટ આપીને કે નાની-નાની ઘુમ્મટીઓ કરાવી તે પર સુવર્ણકળશ પધરાવી આ ધામની કાંતિ ઝળહળાવનારા પણ સ્વામીશ્રી હતા, તો પરિક્રમા પર ઘુમ્મટ-ઘુમ્મટીઓ મુકાવી ઝીણી જાળીઓ જડવાનું સૂચન કરી પરિક્રમાને અક્ષરધામની કંઠમાળ બનાવનારા પણ તેઓ.

'૨૦ ઈંચના પીલર્સ પરિક્રમામાં ખૂબ જાડા લાગશે, અહીં તો નાજુક ૧૦ થી ૧૨ ઈંચના જ પીલર્સ જોઈએ' કહી પરિકમ્માને કમનીય કરનારા વિશ્વકર્મા સ્વામીશ્રી, તો 'આ સ્મારક ઇન્ટરનેશનલ છે, માટે એ રીતે વિચાર કરી બેઠકવાળાં સંડાસ પણ રાખો' કહી સ્વાગત-કક્ષમાં સુવિધાજનક સંડાસ ઊભાં કરાવનારા પણ તેઓ.

અક્ષરધામના પૂર્વનિર્ધારિત પૂર્વમુખના પ્રવેશદ્વારને ૯૦ ડિગ્રી ડાબી તરફ ફેરવાવી ઉત્તરમુખે કરી સ્મારકની શોભાને અનેકગણી વધારી દેનારા સ્થપતિ પણ સ્વામીશ્રી, તો સહજાનંદ વનના તળાવમાં તરતાં બતકો માટે યોગ્ય આહાર અને પાંજરાની વ્યવસ્થા અંગે ધ્યાન દોરનારા વિશ્વંભર પણ તેઓ.

'પ્રદક્ષિણામાં છેક સુધી આરસ ન પાથરતા, રંગ જુદો રાખજો' – સ્વામીશ્રીએ આપેલી આ સૂચના અનુસાર, અક્ષરધામની પ્રદક્ષિણામાં વચ્ચે આરસ અને બેય બાજુ અલગ રંગના પથ્થર જડવામાં આવ્યા. તેથી ફાયદો એ થયો કે આ સ્મારકની પ્રદક્ષિણામાં કઠેડા ન હોવા છતાં ચાલતાં-ચાલતાં નીચે પડવાની એક પણ ઘટના નોંધાઈ નથી !

આમ, આ પરિસરનાં પુષ્પ, પથ્થર, પ્રદર્શન, પરિક્રમા વગેરે એકેએક સ્વામીશ્રીની સૂઝનો સ્પર્શ પામી અધિક સંદેશપ્રદ બની રહેલાં. ધૂળિયાં ગામડાંઓ ખૂંદતા સ્વામીશ્રીએ આટલી ચીવટ-ઝીણવટ રાખી, ક્યારે અક્ષરધામ ખડું કરી દીધું તેની કોઈનેય ખબર ન પડી !![૨૮]

'નગર' કે મહાનગર ?!

'નગર' અને અક્ષરધામ – બંનેનાં ઉદ્‌ઘાટન થઈ જતાં આ બેય ઠેકાણે ઊમટવા માંડેલા માનવપૂરને કારણે દર્શનાર્થીઓની બે-બે કિલોમીટર લાંબી હારમાળા ખડકાવા લાગેલી. લોકો રસ્તા પર જ રાત્રિઓ વિતાવતા, પણ દર્શન કર્યા વિના ન ખસતા. અક્ષરધામ તો કાયમી હોવા છતાં તેને જોવા માટેના આ ધસારાએ વ્યવસ્થાપકોને વિમાસણમાં મૂકી દીધા.

પરંતુ બે ધસમસતી નદીઓ જ્યારે એકબીજા સાથે હાથ મિલાવતી આગળ વધે ત્યારે જે મહાનદ સર્જાય તેની ઝાંખી થતી રસોડાના દરવાજે ! 'નગર' અને અક્ષરધામ જોનારા અહીં એકઠા થતા. તે વખતે ગણતરીની મિનિટોમાં એક લાખ ઉપરાંતની જનસંખ્યાને જમાડવાની વ્યવસ્થા ધરાવતું તંત્ર પણ હાંફી જતું.

તેનો અહેવાલ જ્યારે એક વાર રસોડા વિભાગના યજ્ઞપ્રિયદાસ સ્વામી,

---

૨૮. અક્ષરધામના લોકાર્પણ સમારોહને માણી આ સંકુલની દર્શન-યાત્રા કરવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

બ્રહ્મતીર્થદાસ સ્વામી, ઘનશ્યામપ્રસાદદાસ સ્વામી વગેરેએ જણાવ્યો ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા: ''બધા કહેતા હતા કે 'ઐશ્વર્ય દેખાડો.' લો, આ છૂટું મૂક્યું !''

આ અનુભવ 'નગર'માં કાર્યરત ૪૨ સેવા-વિભાગોમાં સામેલ સૌનો પણ બની રહ્યો. 'નગર'ના નૃત્યમંચ સામે આવેલું ખુલ્લું મેદાન હોય કે બંધ સભામંડપ, સ્વાગત-કક્ષ હોય કે પ્રદર્શન-કક્ષ, બાળનગરી હોય કે ઉપાહાર ગૃહ – સર્વત્ર માનવ-મહેરામણ હિલોળતો જ હોય. એક મિનિટના ૨૦૦ આગંતુક લેખે ૩૪ દિવસમાં સાઠ લાખથી વધુ દર્શનાર્થીઓ આ 'નગર'ને નજરમાં ભરી વિદાય થયા, તો બાવન લાખ અતિથિઓએ અહીં સ્વામિનારાયણીય મહાપ્રસાદનો આસ્વાદ ચાખ્યો અને ગાંધીનગરની કુલ વસ્તીના ત્રણ ગણા એટલે કે ત્રણ લાખ સાઠ હજાર આગંતુકોને આવાસની વ્યવસ્થા પૂરી પાડવામાં આવી !

આટલી પ્રચંડ મેદનીમાં પણ આયોજન એવું અસરકારક રહેતું કે ક્યાંય અકળામણ કે અથડામણ ન થાય.

પાર્કિંગ વિભાગે ૨,૫૦,૦૦૦ ઉપરાંત વાહનોની જાળવણી કરી, તોય એક સાઇકલ સુધ્ધાં ન ખોવાઈ !

૭૦,૦૦૦ દર્દીઓની ચિકિત્સા સાથે ૮,૩૧,૬૦૦ સી.સી.નું વિક્રમસર્જક રક્તદાન એકત્રિત કરનારો તબીબી વિભાગ એવો તો સ્વચ્છ-સુઘડ કે સાજાને સૂવાનું મન થઈ આવે !

જે ધરતીને દિવસ દરમ્યાન લાખોની જનસંખ્યા ધમરોળી ગઈ હોય તે સવારે પાંચ વાગ્યે તો એવી ચોખ્ખી-ચણાક દીસે કે જાણે આજે જ આ 'નગર'નું ઉદ્‌ઘાટન ન હોય! મધરાતે બાર વાગ્યાથી મળસ્કે ચાર વાગ્યા સુધી મચી પડતા સ્વચ્છતા વિભાગના સ્વયંસેવકોની આ કમાલની આરતી ચાંદ-સિતારા આખી રાત ઉતારતા રહેતા !

આમ, એક મહાનગરપાલિકાથીયે અધિક કાર્યવાહી અહીં એટલી સરળતાપૂર્વક ચાલતી હતી કે મહોત્સવના મહેમાન બનેલા વિખ્યાત અર્થશાસ્ત્રી શ્રી દિનેશ વ્યાસ તો બોલી ઊઠ્યા :

'કેવી સુંદર વ્યવસ્થા! કેવું સુંદર આયોજન! આ વ્યવસ્થા પર મેગ્નિફાઇંગ ગ્લાસ (બૃહદ્‌દર્શક કાચ) મૂકીને મોટું બનાવો ને દેશની કક્ષા પર લઈ જાઓ. શું પરિણામ આવશે તે મને ને તમને ખબર પડી જશે !'

ભગવાનની ઈચ્છા એ જ જીવન

તા. ૨/૧૧ની સાયંસભામાં વિખ્યાત વ્યાખ્યાતા પૂજ્ય સ્વામી સત્યમિત્રાનંદજી તથા ભાગવત કથાકાર શ્રી રમેશભાઈ ઓઝાએ પ્રેરણા પીરસ્યા બાદ પ્રસિદ્ધ ગાયક શ્રી પંકજ ઉધાસે પોતાનાં કંઠ અને કલાનાં કામણ પાથર્યાં.

તેને અનુસરતાં તા. ૩/૧૧ની સવારે યોજાયેલા માનવીય એકતા પરિષદના સમાપન સત્રમાં કેન્દ્રીય મંત્રી શ્રી વિદ્યાચરણ શુક્લે વક્તવ્ય આપ્યું.

તેઓએ વહાવેલો અહોભાવ ઝીલી સ્વામીશ્રી આજની રાત્રે શ્રી દેવદત્ત દીવાનના ઘેર જમવા બિરાજ્યા તે વખતે વિશ્વવિહારીદાસ સ્વામીએ તેઓને અક્ષરધામના પ્રદર્શન ખંડ 'સહજાનંદ'માં પધારવા વિનંતી કરી, પરંતુ આજની રાત્રિસભામાં યુવકો દ્વારા કૃષ્ણલીલાનો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થવાનો હોવાથી કો'ક બોલ્યું : 'આજે પ્રદર્શનમાં જવાનું કેન્સલ. પછી ગોઠવજો.'

આ સાંભળી આમંત્રણ આપનારા પેલા સંતે પુનઃ પૂછ્યું : 'બાપા ! આપની શું ઈચ્છા છે ?'

'અમે કંઈ ઈચ્છા જ નથી કરતા. ભજન કરીએ છીએ. ભગવાનની ઈચ્છા એ જ જીવન.' સ્વામીશ્રી બોલ્યા.

આ શૈલીથી ઉત્સવ ઊજવી રહેલા તેઓએ આજની રાત્રિસભામાં કૃષ્ણલીલા નિહાળી ૧,૪૩૦ ચો.મી.માં પથરાયેલા 'સહજાનંદ' પ્રદર્શન ખંડને પણ પાવન કર્યો.

અહીં હિમાલયની ગિરિકંદરાઓ, આસામનાં ગાઢ જંગલો, સૌરાષ્ટ્રનું ગ્રામીણ વાતાવરણ, પથ્થરનાં પ્રભાવક શિલ્પ, ૪૦ x ૮ ફૂટની કાચભીંત પર આલેખાયેલાં ઝળહળતાં ચિત્રો (ગ્લાસ મ્યૂરલ્સ), ત્રિપારિમાણિક રચનાઓ વગેરે વિવિધ માધ્યમો દ્વારા શ્રીજીમહારાજનાં જીવન-કાર્યની પ્રસ્તુતિ કરવામાં આવેલી. તેને આકાર આપવામાં જહેમત ઉઠાવનારા શ્રીજીસ્વરૂપદાસ સ્વામી પાસેથી સઘળું વિગતવાર સમજતા સ્વામીશ્રી, આ પ્રદર્શનમાં સહકાર આપનારા સંતો-સ્વયંસેવકોને આશીર્વાદ આપી વિદાય થયા.

સામૂહિક તપશ્ચર્યાનો અનોખો અધ્યાય

તા. ૪/૧૧ની સવારે મહોત્સવના મંચ પરથી ભાગવત રસજ્ઞ શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીએ વિદ્વત્તાસભર વ્યાખ્યાન આપ્યા બાદ આજની સાયં-

સભામાં ઉપસ્થિત થયા – શ્રી એમ. બી. નિર્મલ.

લોકસમુદાયમાં જાગૃતિ લાવી પર્યાવરણના જતનનું અભિયાન ચલાવનારી એક્સનોરા ઇન્ટરનેશનલ સંસ્થાના આ સ્થાપક અને ચૅરમેન બે લાખથી વધુ મનુષ્યોને પોતાના કાર્યમાં સામેલ કરી ચૂકેલા. તેઓએ આજે હૃદયોર્મિ વહાવી કે 'ગઈકાલે અમે સ્વામીજીનાં દર્શને ગયા ત્યારે તેઓ વૉકિંગ કરી રહેલા. અમે કોઈની નજરે ન ચડીએ એવી જગ્યાએ બેઠેલા, પણ સ્વામીજીએ અમને શોધી કાઢ્યા અને બોલાવીને આશીર્વાદ આપ્યા. અક્ષરધામની મુલાકાત પછી લાગ્યું કે તે દુનિયાની આઠમી અજાયબી છે.'

આ અજાયબીનો એક ભાગ એટલે ૨,૮૫૮ ચો.મી.માં વિસ્તરેલો નિત્યાનંદ પ્રદર્શન ખંડ. ઉપનિષદ, રામાયણ અને મહાભારતનાં ગુરુકુળ તથા અશોકવાટિકા તેમ જ દ્યૂતસભા વગેરેને આબેહૂબ ખડી કરી, સંદેશ-સરિતા વહાવતા આ પ્રદર્શનનો એક ઉપખંડ એટલે પ્રેમાનંદ. તે ભારતના મહાન ભક્તકવિઓના કાવ્યવારસાને સંભળાવતો હતો, તો નિજાનંદ ઉપખંડ વિશ્વધર્મોએ વહાવેલી સંવાદિતાની સુગંધ પમાડતો હતો.

પ્રદર્શનની આ સૃષ્ટિને તા. ૫/૧૧ની રાત્રે પોતાની અમીનજરથી પાવન કરનારા સ્વામીશ્રીની મીઠી નજરથી મહોરેલા યોગી શતાબ્દી મહોત્સવમાં તા. ૬/૧૧ના રોજ આવી પહોંચી પ્રબોધિની એકાદશી. આ તિથિએ ૧૮,૦૦૦થી વધુ સ્વયંસેવકો અને હરિભક્તોએ નિર્જળ ઉપવાસ કરી યોગીજી મહારાજની તપઃપ્રિય પ્રકૃતિને અંજલિ આપી. કોઈ ઉત્સવમાં જોવા ન મળે એવી આ ઘટનામાં, પરદેશી પ્રૉફેસર શ્રી ક્રિચથી માંડી રાજ્યના આરોગ્યમંત્રી શ્રી કરસનદાસ સોનેરી પણ હોંશે-હોંશે સામેલ થયા.

આ સામૂહિક તપશ્ચર્યાના કારણે વિશેષ ઝળહળી ઊઠેલા ઉત્સવમાંથી શ્રી ક્રિચ આવતીકાલે સ્વદેશ જઈ રહેલા. તેથી આજની સાંજે વિદાય લેવા આવેલા તેઓએ વાતચીતમાં સ્વામીશ્રીને કહ્યું : 'આ ઉત્સવમાં લાખો લોકોના ચહેરા પરનો આનંદ હું જોઈ શકું છું. લાખો લોકો માને છે કે આપ કહો એ જ કાયદો. આપને હું અત્યંત ચાહું છું. આપ મારા ગુરુ છો. ભગવાન સ્વામિનારાયણની જેમ આપ પણ સમર્થ છો.'

ત્રણેક વર્ષ પૂર્વે તદ્દન અપરિચિત એવી આ વિશ્વકક્ષાની વ્યક્તિના હૈયે આજે સ્વામીશ્રી જડાઈ ગયેલા. સ્વામીશ્રી સાથે કાર્ય કરનારા દરેકની આ જ સ્થિતિ બની રહેતી.

એ અવસ્થામાં શ્રી ફિચે સ્વામીશ્રીના વરદહસ્તે કંઠી ધારણ કરી. તેની સાથે પત્ની અને પુત્ર માટે પણ કંઠી લેતાં તેઓ બોલ્યા : 'સ્વામીજી ! હું બીજી ડિસેમ્બરે ઊજવાનારા આપના જન્મદિવસે નહીં આવી શકું.'

'આપની હાજરી છે જ, કારણ કે હૃદય એક થઈ ગયાં છે !'

સ્વામીશ્રીના આ શબ્દોએ શ્રી ફિચમાં આવેલા આમૂલ પરિવર્તન અને તેઓને ચડેલા સત્સંગ-રંગ પર મહોર મારી આપી.

હું તો એક નાનો સેવક છું

તા. ૬/૧૧ની સવારે મહોત્સવના માંડવે મહેમાન બનેલા ડૉ. કુરિયનના ગુરુ શ્રી ત્રિભુવનદાસ પટેલની સાથે જાણીતા નેત્રચિકિત્સક ડૉ. રમણીકભાઈ દોશી પણ ઉપસ્થિત હતા. તેઓએ પોતાના અંતરમાં ઊભરાતી ઊર્મિઓને વાચા આપતાં જણાવ્યું કે 'આપણી દૃષ્ટિ ભગવાન ને ચમત્કારને શોધે છે, પણ અહીં આવ્યા પછી શું ઈશ્વરનાં દર્શન નથી થતાં ? ઘણા કહે છે કે 'યુવાન બગડી ગયો છે.' પણ અહીં જોયું ત્યારે પ્રશ્ન થયો કે 'કોણ કહે છે યુવાશક્તિ બગડી ગઈ છે ?' અહીં યુવાનો ચોવીસ કલાક સેવા કરે છે ! આવા ઉત્સવમાં હજારો પોલીસ રાખવા પડે, પણ અહીં કેમ નથી ? આ પ્રશ્ન આપની સામે મૂકું છું. આજે હું અહીં પ્રમુખસ્વામીનાં દર્શન કરવા જ આવ્યો છું. વિરાટ અને વામન ક્યાં છે તેનો જવાબ મેળવવા આવ્યો છું.'

સ્વામીશ્રી અને સમૈયાનો આ મહિમા હજી તો હવામાં ગુંજી રહેલો ત્યાં જ તા. ૭/૧૧ના રોજ યોગીરાજ સંસ્કૃત સમારોહનો આરંભ થઈ ગયો.

સંસ્કૃત પાઠશાળાના પ્રખર પુરસ્કર્તા યોગીજી મહારાજે સંપ્રદાયને ધરેલી અનેક વિદ્વાનોની ભેટનું ઋણ અદા કરવા યોજાયેલા આ સમારંભમાં વિદ્યાનિવાસ મિશ્ર, હરિનારાયણ મિશ્ર, ગુલામ દસ્તગીર, કૌંડિન્ય શાસ્ત્રી વગેરે પંડિત-પ્રતિભાઓએ ગીર્વાણગિરાના મહિમાને ઉજાગર કર્યો. તેની વચ્ચે જામેલી આજની રાત્રિસભામાં સંગીત-સમ્રાટ પંડિત શ્રી જશરાજના શાસ્ત્રીય ગાયનથી શ્રોતાજનો સૂરસમાધિમાં સરી પડ્યા.

તેઓને જાગ્રત કર્યા તા. ૮/૧૧ની સવારે પ્રગટેલા સંત સંમેલનના ઝળહળતા દીપકે.

ભારત સાધુ સમાજના અધ્યક્ષ પૂજ્ય મંગલાનંદજી મહારાજના હસ્તે ઉદ્‌ઘાટિત થયેલા આ સંતસત્રમાં હરિદ્વાર, હૃષીકેશ, બિહાર, ઈન્દોર, જયપુર,

ઉદેપુર, નાસિક વગેરે સ્થળોએથી પચાસ જેટલા શ્રદ્ધેય સંતો ઉપસ્થિત હતા. તે સૌને ઝૂકી ઝૂકીને પ્રણામ કરતા સ્વામીશ્રી સૌની વચ્ચે જ સભામંડપના ઉપમંચ પર બિરાજતાં પોણા દસ વાગ્યે સંમેલનનો શુભારંભ થયો.

તેના પ્રથમ ચરણરૂપે ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વાગત પ્રવચન કર્યા બાદ પૂજ્ય ગણેશાનંદજી, પૂજ્ય કેશવદાસજી મહારાજ, મહામંડલેશ્વર પૂજ્ય અખંડાનંદજી વગેરે મૂર્ધન્ય મહાત્માઓનાં વક્તવ્યોની પ્રલંબ શૃંખલા રચાઈ રહી. તેમાં સૌનો મુખ્ય સૂર રહ્યો કે ‘आज प्रमुखस्वामी महाराज देदीप्यमान नक्षत्र के रूप में आध्यात्मिक जीवन को सारे विश्व में प्रसारित कर रहे हैं। प्रमुखस्वामी महाराज ने देश-विदेश में आध्यात्मिक दृष्टि से जितना प्रसार और प्रचार का कार्य किया है, शायद इतना कोई महात्मा ने नहीं किया!’

પરંતુ આ બિરદાવલીના અંતે અધ્યક્ષીય પ્રવચન કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

‘આજે બધા સંતો-મંડલેશ્વરો પોતાનું કાર્ય મૂકીને અહીં પધાર્યા એ આનંદ-ગૌરવની વાત છે. હું તો એમની આગળ ખૂબ નાનો છું, છતાં પણ સંતની મહત્તા કે ‘નાનાને મોટો કરી બતાવે.’ તેમ મને અહીં અધ્યક્ષપદે બેસાડ્યો, પણ હું તો એક નાનો સેવક છું. એ મારા કરતાં અનંતગણા મોટા છે. એમની અનંતગણી વિશેષતા છે. છતાં જેમ જોગીબાપા બીજાને માન આપતા એમ મારા કરતાં અનંતગણા મોટા મંડલેશ્વરો, સંતો-મહંતોએ અહીં આવીને અમને પવિત્ર કર્યા છે ને સ્મૃતિ આપી છે, એ કદી ભુલાશે નહીં.’

આ નમ્રતા સાથે સ્વામીશ્રીએ સૌ સંતોને શાલ ઓઢાડી સ્મૃતિભેટ આપી. તે વખતે પણ તેઓ સૌને લળી-લળીને પગે લાગતા ગયા.

આમ, *‘મન કર્મે કરે સેવકાઈ…’*ની રીતે આ સંત સંમેલન પૂર્ણ કર્યા બાદ સ્વામીશ્રીએ આ સંતો-મહંતો સાથે જ ઠાકોરજી જમાડ્યા. તે પછી શરૂ થયેલી સાધુ સમાજના કેન્દ્રીય સભ્યોની બેઠક બપોરે ત્રણ વાગ્યે સમાપ્ત થતાં સ્વામીશ્રીને આ સમયે આરામમાં જવાનો મેળ પડ્યો.

નમ્રતાની પ્રતિમૂર્તિ

યોગીજી મહારાજની ગુણગ્રાહક પ્રકૃતિને અંજલિ આપવા વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનારા નિષ્ણાતોને ‘નગર’ના મંચ પર રોજ સન્માનવામાં આવતા. આ રીતે સમગ્ર ઉત્સવ દરમ્યાન બહુમાન પામેલા

૬૦થી વધુ પારંગતો પર અલગ-અલગ અંદાજમાં 'નગર' અને અક્ષરધામનો જાદુ પથરાતો. તેની અભિવ્યક્તિ સભામાં કરતાં આ મહાનુભાવો ભાવવિભોર બની જતા.

તે ક્રમમાં તા. ૮/૧૧ની રાત્રે 'ચકોર'ના ઉપનામથી વિખ્યાત વ્યંગ્ય-ચિત્રકાર શ્રી બંસી વર્માએ કહ્યું: 'આ સંપ્રદાય પ્રત્યે મને કોઈ વસ્તુએ આદર પ્રેર્યો હોય તો તે એ કે અહીં સંત આળસુ નથી. કામ કરવામાં તેઓને જરાયે શરમ નથી. એ જ કારણે પ્રમુખસ્વામીએ થોડા જ વખતમાં વિશ્વવિજય મેળવ્યો છે.'

સ્વામીશ્રીની આવી વિશ્વવિજયી પ્રતિભાને બિરદાવતાં આજની રાત્રિ-સભામાં સંતૂરવાદક શ્રી શિવકુમાર શર્માએ વિશ્વસંમોહિની રાગ છેડી સૌને સંમોહિત કરી મૂક્યા.

એ જ રીતે તા. ૯/૧૧ની પ્રાતઃસભામાં ભારત સાધુ સમાજના મહામંત્રી પૂજ્ય હરિનારાયણાનંદજીએ વહાવેલી ભાવોર્મિએ પણ શ્રોતાઓને ગદ્ગદ બનાવી દીધા. આ માન્યવર મંડલેશ્વરે જણાવ્યું:

'પ્રમુખસ્વામીને હું સંત શિરોમણિ કહું છું. હું આ વિશેષણ વખાણ કરવા નથી વાપરતો. મારા પણ ૮૦,૦૦૦ શિષ્યો છે અને સાધુ સમાજની જવાબદાર વ્યક્તિ તરીકે હું આ કહું છું. આપ સૌમાં જે દિવ્યતા જોઉં છું એ પણ અવર્ણનીય છે. પ્રમુખસ્વામીના સહકર્મી સંતો જુઓ. ખૂબ ભણેલા છે છતાં અપરિગ્રહ. કોઈમાં માત્સર્ય નહીં દેખાય. પ્રમુખસ્વામીમાં તો અહંકારની કોઈ ભાવના જ નથી. તેઓ નમ્રતાની પ્રતિમૂર્તિ છે.'

અક્ષરધામની આહ્લાદક આબોહવા

મહોત્સવમાં ઊમટતા મનુષ્યો અને મહાનુભાવો સ્વામીશ્રીને મળી શકે તે હેતુસર 'નગર'માં પણ સ્વામીશ્રીનો નિવાસ તૈયાર કરવામાં આવેલો. તેઓ યોગીજી મહારાજના સર્વસ્વ હોવાથી આ ઉતારાનું નામાભિધાન પણ 'સર્વસ્વ' જ રખાયેલું. તેમાં ભોજન, મીટિંગ, મુલાકાત વગેરે કાર્યો કરતા સ્વામીશ્રીનાં દર્શને તા. ૯/૧૧ના રોજ શ્રી ગૌરાંગ ચટ્ટોપાધ્યાય આવી પહોંચ્યા.

રાષ્ટ્રીય કક્ષાના મૅનેજમેન્ટ સલાહકાર અને કેળવણીકારની નામના ધરાવતા તેઓ આજની સાંજે સ્વામીશ્રીને મળ્યા ત્યારે અક્ષરધામ નિહાળીને આવ્યા હોવાથી તેની જ અનુભૂતિમાં તરબતર હતા. આ સાંસ્કૃતિક સ્મારક

અંગે અભિપ્રાય આપતાં તેઓએ જણાવેલું :

'અહીંથી હું બે મહાન ભેટ લઈને જાઉં છું. પ્રથમ ભેટ – અક્ષરધામનાં પ્રદર્શનોમાંથી પસાર થયા પછી મને પોતાની જાતને શૂન્ય સમજવાનો એક સાચો અર્થ સમજાયો. આજ સુધી હું એમ જ સમજતો હતો કે કોઈ માણસ સ્વમહત્તામાં ન માનતો હોય તો એ માણસમાં કંઈક ખૂટે છે. પરંતુ આજે હું એવા એક વૈચારિક સોપાન પર આવીને ઊભો રહ્યો છું કે જ્યાં સુધી આ વિશ્વમાં હું મારી જાતને શૂન્ય ન સમજું ત્યાં સુધી હું કશું જ પ્રતિષ્ઠાપાત્ર કાર્ય નહીં જ કરી શકું ! અક્ષરધામમાંથી પસાર થતાં મારી જાત ઓગળી રહી હોય એવો મને અનુભવ થયો.

બીજી ભેટ – આજે હું આધેડ વયનો થયો છું, પણ આ ઉંમરે અત્યંત તાજગીપૂર્વક કાર્ય કરવાનું પ્રેરકબળ અક્ષરધામે મને આપ્યું છે.

આ બે ભેટ આપવા બદલ પ્રમુખસ્વામીજીનો હું અત્યંત ઋણી છું.'

આ જ અનુભવ સ્વામીશ્રી સમક્ષ ઘૂંટતાં પણ શ્રી ચટ્ટોપાધ્યાય બોલ્યા :

'વીસ વર્ષ સુધી હું મારા વ્યક્તિત્વના ઘડતર માટે જ પ્રયત્ન કરતો રહ્યો, પણ પરિણામ ઊંધું જ આવતું હતું. હવે મને લાગે છે કે માણસ અહંનો ત્યાગ કરે ત્યારે જ સાચું ઘડતર થઈ શકે છે. આપના આશીર્વાદથી એ થશે. અત્યાર સુધી એમ હતું કે 'હું કંઈ જ નથી' એ ભાવનાથી જીવીએ તો જીવનમાં કંઈ જ મેળવી ન શકાય, પણ અક્ષરધામ જોયા પછી લાગે છે કે આ (હું કંઈ જ નથી) સમજણથી જ શાંતિ મળે છે.'

આમ, અક્ષરધામની આહ્‌લાદક આબોહવામાં આવતાં જ વ્યક્તિના આચાર-વિચાર ધરમૂળથી બદલાઈ જતા. આ આબોહવામાં આજની રાત્રિએ પ્રસિદ્ધ પાર્શ્વગાયક શ્રી અનુપ જલોટાએ વહેતો મૂકેલો ભજનરસ ભળતાં તે વિશેષ આસ્વાદ્ય બની રહી.

નવજીવનનો અનુભવ કરાવતો મહોત્સવ

'નગર'માં પ્રતિદિન યોજાતી સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં રોજ ધ્વનિમુદ્રણના માધ્યમથી યોગી વાણીનો રણકો સાંભળવા મળતો કે 'હાલો, કથામાં...' આ સાંભળી સૌથી વધુ જો કોઈ હરખાતું હોય તો તે સ્વામીશ્રી સ્વયં. યોગીજી મહારાજના ઘેરે સ્વરે અને મીઠી હલકે ગવાતાં ભજનો કે કહેવાતા કથાપ્રસંગોનું તેઓ *'જેમ મેઘ ધ્વનિ સુણે મોર...'*ની પેઠે શ્રવણ

કરતા. આવી પ્રાત:પૂજા બાદ તેઓના વરદહસ્તે વિવિધ સત્સંગ ક્ષેત્રોની સ્મરણિકાઓનું વિમોચન થતું.

તા. ૧૦/૧૧ની સવારે પણ સંપન્ન થયેલા આવા કાર્યક્રમને અનુસરતાં યોજાયેલી પ્રાત:સભામાં ગાંધીનગર વસાહત મહામંડળ તથા નગરની આશરે ૭૦ સંસ્થાઓ દ્વારા સ્વામીશ્રીનો ભવ્ય સન્માન સમારંભ યોજાયો. તેમાં સમાજના પ્રત્યેક વર્ગ-વર્ણનો સત્કાર સ્વીકારી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે આજની સાંજે આવી પહોંચ્યા – આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક ડૉ. પીશારોટી.

ખ્યાતનામ અવકાશી વિજ્ઞાન સંસ્થા ઈસરોના સંસ્થાપકો પૈકીના એક અને રિમોટ સેન્સિંગ ઉપગ્રહ ટેકનોલોજીના ક્ષેત્રે પિતામહ ગણાતા તેઓ અક્ષરધામનાં દર્શનથી પ્રભાવિત હતા. તેથી સ્વામીશ્રીને મળતાંવેંત અહોભાવ ઉચ્ચારવા લાગ્યા કે –

'ભગવાન એમનામાં આવે એટલે એ શું ન કરી શકે? મેં રોમના બેઝીલિકા અને લંડનના સેન્ટ પૉલના ગુંબજો જોયા છે, પણ આ અક્ષરધામ તો એનાથીયે મહાન છે. હું માની જ નથી શકતો કે ભારતમાં આટલું સુંદર થઈ શકે! જો પોપ આ જુએ તો એ પણ અનુસરણ કરે. અહીં આવ્યા પછી હું પૂર્ણ આધ્યાત્મિક થઈને જઈશ એવું અનુભવી રહ્યો છું.'

'નગર'ની આવી અનુભૂતિમાંથી આજના અન્ય અતિથિવિશેષો શ્રી લક્ષ્મીકાંત-પ્યારેલાલ પણ પસાર થયા. આ વિશ્વપ્રસિદ્ધ સંગીત દિગ્દર્શકો પૈકીના શ્રી લક્ષ્મીકાંતજીએ તો ભરસભામાં જણાવ્યું કે 'आज मैं मेरी आयुष्य का सब से पहला दिन मानता हूँ।'

આમ, મજૂરથી માંધાતા સુધીના સૌને નવી જિંદગી શરૂ થયાનો અહેસાસ કરાવતાં આગળ વધી રહેલો યોગી શતાબ્દી મહોત્સવ.

આ તો છેલ્લો જન્મ છે

તા. ૧૧/૧૧ની પ્રાત:પૂજામાં સ્વયંસેવકોને વિશેષ લાભ મળે તેવું આયોજન ગોઠવાયું હોવાથી રાબેતા મુજબ થતા કીર્તનગાનમાં આજે સેવાના સિંધુડા ગરજ્યા. તે પછી મહંત સ્વામીએ પ્રાસંગિક વાત કરી કે 'સ્વયંસેવકોને ધાર્યા બહાર ભીડો છે. બધું માપ બહાર જતું રહ્યું છે, પણ ભીડા વગર ઘડતર થાય એવું જ નથી. આ ભીડાથી એકાંતિક થવાશે. સ્વયંસેવકોનું સ્થાન સ્વામીબાપાના હૃદયમાં છે. મળ્યા છે તે પરિપૂર્ણ છે તો આપણે શું કામ કાચું

રાખવું ? 'સો ટકા લેવા છે' તેવું નક્કી કરીને મંડી પડો.'

મહંત સ્વામીની આ પ્રેરણા સાથે જ વિરમેલી પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ પણ અમૃતધારા વહાવતાં 'સ્વયંસેવકોની જય...' બોલાવી જણાવ્યું :

'અમે તો બેઠાં બેઠાં ભજન કરીએ છીએ, પણ સેવા તમે કરો છો એટલે જય તમારી. આ તો છેલ્લો જન્મ છે. કરોડો રૂપિયા શું, પણ જિંદગીની જિંદગી આપી દઈએ તોય આ વાત મળે એમ નથી. માટે આ સમૈયા સુધી જગતના સંકલ્પ બંધ કરી દેવા. ભગવાન ને સંતનો રાજીપો થાય તે જ આપણા માટે સુખ, તે જ શાંતિ અને તે જ આનંદ છે.'

આવી અમૃતવર્ષાની સાથે ઉત્સવના વિવિધ સેવા-વિભાગોમાં થતી સ્વામીશ્રીની પધરામણી શક્તિનો સંચાર કરતી રહેતી. પોતાનાં ભોજન દરમ્યાન પણ સ્વામીશ્રી સંતો અને કાર્યકરો પાસેથી તેઓનો વિભાગીય અહેવાલ સાંભળી સૌને પ્રોત્સાહિત કરતા. તેથી આ મહોત્સવમાં એકેએક સ્વયંસેવક ઊર્જાથી ઊભરાતો જ જોવા મળતો.

વર્તમાન સદીના અત્યંત પવિત્ર સંત

તા. ૧૧/૧૧ની રાત્રિસભાથી આરંભાયેલી ચારિત્ર્ય નિર્માણ પરિષદના પ્રથમ વક્તા તરીકે સંસ્થાના વિદ્વાન સંત આનંદસ્વરૂપદાસ સ્વામીનું વક્તવ્ય પૂરું થતાં પ્રવચન કરવા ઊભા થયા – વિખ્યાત કાર્ડિયોલોજિસ્ટ ડૉ. ગુરુમુખ સૈનાની. મુંબઈની જસલોક હૉસ્પિટલમાં માનદ સેવા આપનારા આજના આ અતિથિવિશેષે હૃદયોર્મિ વહાવી કે –

'સવારે પૂજ્ય સ્વામીજી સાથે થયેલી મુલાકાત મારા જીવનની અતિ ઉત્તમ ઘટના હતી. હું ખૂબ જ પ્રભાવિત થયો છું. અમારે ફિઝિશિયનને છ જ્ઞાનેન્દ્રિયો હોય છે, જેનાથી સામેની વ્યક્તિને પ્રથમ મુલાકાતે પારખી જઈએ. પરંતુ આ સંતની લાગણી હું વર્ણવી શકું એમ નથી.'

આવા અવર્ણનીય સ્વામીશ્રીને આજની રાત્રિસભામાં મૈસુર-સ્થિત સુત્તુર મઠના અધ્યક્ષ પૂજ્ય શિવરાત્રિ-દેશિકેન્દ્ર સ્વામીએ પણ બિરદાવ્યા. ત્યારબાદ તા. ૧૨/૧૧ની રાત્રે યોજાયેલા ચારિત્ર્ય નિર્માણ પરિષદના વધુ એક સત્રમાં જૈનમુનિ શ્રી જિનચંદ્રજી મહારાજે સંબોધન કરતાં કહ્યું :

''અઠવાડિયા પહેલાં તીથલના અમારા આશ્રમમાં એક ભાઈએ મને પૂછેલું કે 'ક્યાં તમારી વિચારધારા ને ક્યાં આ સંપ્રદાયની વિચારસરણી ?

છતાં તમે ગાંધીનગરના ઉત્સવમાં જવાના છો?' ત્યારે તેને મેં જણાવેલું કે 'હું કોઈ સમારંભમાં નથી જતો, પણ વર્તમાન સદીના અત્યંત ઉચ્ચ અને પવિત્ર સંતનાં દર્શને જઈ રહ્યો છું.'

આ આયોજન એ કોઈ સાંપ્રદાયિક પ્રવૃત્તિ નથી, આ કોઈ પૈસાનો ધુમાડો નથી, પરંતુ હું જરૂર કહીશ કે હજારો વર્ષોથી ચાલી આવતી ઋષિ-પરંપરા, હજારો વર્ષથી ચાલી આવતી ભારતીય સંસ્કૃતિને, હજારો વર્ષ સુધી જીવંત રાખવા માટે પાયાનું કાર્ય આજે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા થઈ રહ્યું છે.''

સ્વામીશ્રીના આવા દીર્ઘજીવી કાર્યના એક ભાગરૂપે તા. ૧૩/૧૧ની સવારે યોજાયાં – સંતગોષ્ઠિ અને અનુસૂચિત જનજાતિનું સંમેલન. તેને શોભાવવા પધારેલા પૂજ્ય અમરા બાપુ, પૂજ્ય વલ્કુ બાપુ, પૂજ્ય લાલ બાપુ, પૂજ્ય બળદેવદાસજી, પૂજ્ય દુર્ગાપ્રસાદજી, પૂજ્ય ઝીણારામ બાપુ વગેરેએ વક્તવ્યો આપ્યા બાદ તે સૌએ સ્વામીશ્રીને શાલ ઓઢાડી સન્માન્યા.

રાષ્ટ્રીય પારિતોષિકથી પુરસ્કૃત પ્રવૃત્તિ

તા. ૧૩/૧૧ના રોજ 'નગર' અને અક્ષરધામનાં દર્શનથી પ્રભાવિત થયેલા પ્રસિદ્ધ ઉદ્યોગપતિ શ્રી રામકૃષ્ણ બજાજ જેવી જ અનુભૂતિ રામાનુજ સંપ્રદાયના વરિષ્ઠ આચાર્ય પૂજ્ય ચિન્ના જિયર સ્વામી પણ કરી રહ્યા.

આજની રાત્રિસભાના આ અતિથિવિશેષ ઉત્સવ માટે જ મોટરમાર્ગે ૧,૫૦૦ કિ.મી.નું અંતર કાપીને આવી પહોંચેલા. તેઓએ સ્વામીશ્રીએ કરેલો યથોચિત સત્કાર સ્વીકારી સભાને સંબોધતાં જણાવ્યું: 'પ્રાચીન જ્ઞાન અને અતિ આધુનિક વિજ્ઞાન વચ્ચે સ્વામીશ્રીએ સેતુ બાંધ્યો છે. તેઓ સાચે જ આધ્યાત્મિક શિલ્પી છે.'

સ્વામીશ્રીની આ બિરદાવલીમાં તા. ૧૪/૧૧ની સવારે કલકત્તા મંડળના બૅન્ડની સૂરાવલિ ભળી. તે સાથે આરંભાયેલી સ્વામીશ્રીની પ્રાતઃપૂજાને અનુસરતાં આવી પહોંચી અન્ય એક પ્રેરક પરિષદ.

ધર્મ અને શિક્ષણનું સહ-અસ્તિત્વ વિષયક આ સંમેલનના આજના પ્રથમ દિવસે જ ભારત સરકારે નેશનલ ઍવૉર્ડ ફોર ચાઇલ્ડ વેલફેર (બાળકલ્યાણનું રાષ્ટ્રીય પારિતોષિક) બી.એ.પી.એસ. સંસ્થાને એનાયત કર્યો. તે દ્વારા પ્રશાસને સંસ્થાકીય બાળપ્રવૃત્તિના સ્થાપક યોગીજી મહારાજને

તેઓની શતાબ્દીએ સુયોગ્ય શ્રદ્ધાંજલિ ધરી દીધી.[૨૯]

તેથી ચોમેર વ્યાપી વળેલા હર્ષોલ્લાસ વચ્ચે આગળ વધેલી ધાર્મિક-શૈક્ષણિક પરિષદને કોઠારી સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી સહિત શ્રી ગુણવંત શાહ, શ્રી રઘુવીર ચૌધરી, શ્રી યશવંત શુક્લ, શ્રી રામલાલ પરીખ વગેરે નીવડેલા કેળવણીકારોએ સંબોધી.

ખપે ન યશ કે નામ

ઉદ્‌ઘાટનના પ્રથમ દિવસથી જ યોગી શતાબ્દી મહોત્સવમાં સમાજની શ્રેષ્ઠતમ વ્યક્તિઓ આમ આદમીની જેમ ઘૂમતી મળી આવતી. તેની સાથે વિવિધ અખબારો, સામયિકો, ટી.વી. ચેનલના ખબરપત્રીઓની પણ મુલાકાત માટે ઠઠ જામતી.

મહાનુભાવોના આ આવાગમનમાં તા. ૧૪/૧૧ની સાંજે વિપક્ષ નેતા શ્રી એલ. કે. અડવાણી આવી પહોંચ્યા. શ્રી નરેન્દ્રભાઈ મોદી વગેરે સાથે ઉપસ્થિત થયેલા આ લોકનેતાનાં દિલ-દિમાગ પર અક્ષરધામની પ્રદર્શન-સૃષ્ટિ છવાઈ ગયેલી. તે જોતાં-જોતાં જ તેઓએ સ્વયંસેવકોને પૂછેલું : 'यह प्रदर्शनी सुंदर है। किसने बनाई ?'

'संतों ने।'

સ્વયંસેવકો તરફથી આ જવાબ મળ્યાની થોડી વારમાં શ્રી અડવાણીને પ્રદર્શન વિભાગના કાર્યવાહક સંતોનો ભેટો થઈ જતાં તેઓએ સંતો સમક્ષ કુતૂહલ પ્રગટ કરેલું કે 'प्रदर्शनी के इतने सुंदर आइडिया आपने कहाँ से लिये ? ये किसकी कल्पना है ?'

'हमसे कुछ नहीं होता। यह सब प्रमुखस्वामी महाराज की प्रेरणा से हुआ है।'

સંતોનો આ ઉત્તર સાંભળી સ્વામીશ્રી પાસે પહોંચેલા શ્રી અડવાણીએ અહીં પ્રાસંગિક વાર્તાલાપમાં સ્વામીશ્રીને જ પૂછ્યું : 'आपने तो कमाल कर दिया! विश्व के अलग-अलग भाग में मैंने कईं प्रदर्शनियाँ देखी हैं, मगर आज

---

૨૯. મહોત્સવના ભાગરૂપ બાળનગરીમાં છવાયેલા બાળકિલ્લોલમાં સહભાગી થવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

जो देखा वह वास्तव में अद्भुत है!'

'योगीजी महाराज की इच्छा थी। प्रयत्न किया है और भगवान की कृपा से लोगों को प्रेरणा मिलती है।'

'वह तो ठीक है। प्रेरणा स्वामिनारायणजी की, लेकिन मल्टी-मीडिया स्वामिनारायणजी की बात नहीं है।'

'भगवान के मगज (दिमाग) में सब बात है ना! ब्रह्मांड की बात उनके पास...'

સ્વામીશ્રીનો આ ખુલાસો સાંભળી શ્રી અડવાણીએ જણાવ્યું : 'यह भी इस संप्रदाय की विशेषता है कि इतना सुंदर कार्य हुआ है पर इसका यश लेने के लिए कोई तैयार नहीं है!'

સૌ સંત-સત્સંગીમાં સ્વામીશ્રીએ સિંચેલી ઉચ્ચ સેવાભાવના જોઈ આ રાષ્ટ્રીય નેતા દંગ જ રહી ગયા. આ ભાવ સાથે જ તેઓએ આજની રાત્રિસભામાં કહ્યું કે –

'अक्षरधाम को देखने के लिए भारतवासी तो लालायित होंगे, लेकिन विश्वभर से भारत में आनेवाला हर कोई व्यक्ति संतोष नहीं कर पायेगा, भारत को समझ नहीं पायेगा, जब तक वो अक्षरधाम को नहीं देखेगा। मैं नहीं मानता हूँ कि भारतीय संस्कृति को प्रस्तुत करने के लिए इससे बढ़कर और कोई प्रदर्शनी हो सके। मेरी यह मान्यता है कि नीति के सुधार में लगे हुए राजनैतिक दल या सरकार जितना समाज का भला नहीं कर सकती, उतना यह संस्था कर सकती है।'

સોનેરી સ્પર્શવાળું સ્મારક

તા. ૧૫/૧૧ના રોજ મહોત્સવના મંચ પર આવેલા ભારતીય મૂળના અમેરિકન તબીબ શ્રી રાજ બોથરા એઈડ્ઝના રોગચાળા અને નશીલા પદાર્થો સામે મનુષ્યોને જાગ્રત કરવાના ક્ષેત્રે નોંધનીય યોગદાન આપનારા હતા. તેઓએ મહોત્સવમાં જે અનુભવ્યું તેની વાત કરતાં સ્વામીશ્રીને કહ્યું :

'આખી દુનિયામાં ફર્યો છું, પણ અક્ષરધામ જેવું પ્રદર્શન ક્યાંય જોયું નથી. હું બીજા ધર્મોમાં ગયો છું, પણ અહીંના જેવી સહિષ્ણુતા મેં જોઈ નથી. બીજું, સ્વયંસેવકોની ઊંચી સમર્પણ ભાવના મને સ્પર્શી ગઈ. હું કેફી પદાર્થોની વિરુદ્ધમાં કામ કરું છું, પણ આઠ વર્ષમાં મેં જે કર્યું હશે તે આપ એક દિવસમાં

કરો છો. બીજી ધાર્મિક, સામાજિક, રાજકીય સંસ્થાઓ કરતાં આપનામાં ધાર્મિક બળ વધુ દેખાય છે.'

સ્વામીશ્રીની પ્રશંસાના આ સૂરોની સંગતમાં સરતી આજની રાત્રિને વિખ્યાત વાંસળીવાદક શ્રી હરિપ્રસાદ ચૌરસિયાએ પોતાની કલા દ્વારા વિશેષ સંગીતમય બનાવી દીધી, તો આજના રવિવારે રસોડા વિભાગે પણ ૧,૩૨,૦૦૦ અતિથિઓને ભોજન પીરસી વિક્રમ સર્જી દીધો.

આવી જ અન્ય એક વિક્રમજનક તવારીખ જોઈ તા. ૧૬/૧૧ના રોજ શ્રી સુદર્શન બિરલા ચકિત થઈ ઊઠ્યા.

આ ટોચના ઉદ્યોગપતિ અક્ષરધામમાં પ્રવેશની પ્રથમ ક્ષણથી જ કંઈક મીઠો અજંપો અનુભવી રહ્યા, કારણ કે બરાબર ત્રણ મહિના પહેલાં તા. ૧૪/૮ના રોજ આ ધનકુબેર અહીં આવેલા ત્યારે તેઓએ ચારેકોર પુરજોશમાં ઊપડેલું કામ જોયેલું. તે વખતે અધૂરા કામનો વ્યાપ જોઈ તેઓ માની જ શક્યા નહોતા કે ત્રણ મહિના બાદ આ સ્મારકનું ઉદ્‌ઘાટન થઈ શકશે! પરંતુ આજે પરિપૂર્ણ સંકુલ જોઈ શ્રી બિરલા બોલી ઊઠ્યા:

'અમે લોકો ઉદ્યોગો સ્થાપીએ છીએ, મોટી-મોટી ઈમારતો બનાવીએ છીએ એટલે અમને નિર્માણકાર્યનો અનુભવ છે. મને તો લાગતું હતું કે છ મહિના કે બાર મહિનાનું આ કામ છે; પરંતુ આજે જોયું કે ખૂબ સુંદરતાથી કાર્ય પૂર્ણ થયેલું છે! ક્યાંય અપૂર્ણતા નથી. મારા ખ્યાલથી આવું સ્મારક હિંદુસ્તાનમાં છેલ્લી કેટલીય સદીઓથી બન્યું નથી. આજના યુગમાં આટલી ભવ્ય, આટલી સુંદર, ગોલ્ડન ટચ (સોનેરી સ્પર્શ)વાળી ચીજ મેં જોઈ નથી.'

અલ્પ સમયાવધિમાં ગંજાવર કામ પાર પાડવાની સ્વામીશ્રીની કુનેહ, જે આવે તેને મંત્રમુગ્ધ બનાવી મૂકતી. એક-બે ઘોડે જોડેલા રથને હંકારવો તે સહેલું કામ છે, પરંતુ હજાર ઘોડે જોતરેલા રથને ચલાવવો તે અલગ કુશળતાની અપેક્ષા રાખે છે, કારણ કે દરેક ઘોડાની ગતિ-મતિ નોખી-નોખી રહેવાની. તેને એક ધરી પર લાવી ઘુમાવવાનું ગજું કોઈ વિરલ અતિરથી પાસે હોય. સ્વામીશ્રી એવા મહારથી હતા કે તેઓએ નિર્માણમાં જોડાયેલા હજારો મનુષ્યોને એક દિશા અને સમાન ગતિથી દોડતા રાખીને, અક્ષરધામનો રથ નિશ્ચિત દિવસે ઉદ્‌ઘાટનના ઝાંપે પહોંચાડી દીધેલો!

આવા કાર્યકુશળ સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી તા. ૧૬/૧૧ની રાત્રિસભામાં, વિજ્ઞાન અને ધર્મના સમન્વય સંબંધી પરિષદનો મંગલદીપ

પ્રગટી જતાં તે વધુ દેદીપ્યમાન ભાસી રહી. આંધ્રપ્રદેશના રાજ્યપાલ શ્રી કૃષ્ણકાંતજી દ્વારા પ્રારંભ પામેલી આ દ્વિદિવસીય પરિષદમાં વિચક્ષણ વૈજ્ઞાનિકોએ પોતાના વિચાર-વૈભવને વિસ્તાર્યો. તેમાંના એકેય વિદ્વાન પોતાના વક્તવ્યમાં વિજ્ઞાન અને ધર્મના સમન્વય સમા અક્ષરધામનો ઉલ્લેખ કરવાનું ટાળી ન શક્યા.

આવી જ અનુભૂતિ તા. ૧૬/૧૧ની રાત્રિસભામાં ઉપસ્થિત થયેલા નિષ્ણાત નેત્રચિકિત્સક ડૉ. દલજીતસિંઘ અને વિખ્યાત તબલાંવાદક ઉસ્તાદ અલ્લારખાં પણ કરી રહ્યા.[૩૦]

બીજા થકી તો ન બને જ આમ

મહોત્સવના માંડવે પરિષદોની સમાંતર શરૂ થયેલી પરિણયની પ્રવૃત્તિના ક્રમમાં, તા. ૧૭ થી ૧૯ નવેમ્બર સુધી સરકારી માધ્યમિક શાળાના આંગણે દહેજમુક્ત સમૂહ લગ્નોત્સવ યોજાયો. તેના ત્રણેય દિવસે ઉપસ્થિત રહી સ્વામીશ્રીએ વરરાજાઓને આશીર્વાદ આપ્યા. તે વખતે તેઓના વરદહસ્તે મીંઢળ પામ્યાનો આનંદ સૌના મુખ પર તરવરી રહ્યો. સદ્‌ગુરુ સંતોના હાથે વરરાજાના ભાલમાં કંકુ-ચોખા ચોડાયાં અને મો મીઠાં થયાં ત્યારે વર-કન્યા પક્ષના સંબંધીઓ પણ ગદ્‌ગદ થઈ ગયા. આ મંગલ પ્રસંગે સંસ્થા તરફથી નવવધૂઓને પણ પાનેતર અને મંગલસૂત્રની ભેટ આપવામાં આવી.

આ માંગલિક વિધિને અનુસરતાં ઊગેલી તા. ૧૮/૧૧ના રોજ મહોત્સવનો મંચ ભારત સાધુ સમાજના પૂર્વ અધ્યક્ષ પૂજ્ય રામસ્વરૂપ શાસ્ત્રીજી, વિખ્યાત જૈનાચાર્ય મુનિ શ્રી સુશીલકુમારજી, પરમાર્થ નિકેતનના પૂજ્ય ચિદાનંદ સરસ્વતીજી જેવા ધર્માચાર્યોથી શોભી રહ્યો.

તેની સાથે આજે મંચ પર ખડી થયેલી ઉદ્યોગપતિઓની હારમાળા પૈકીના એક રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શ્રી રમણીકભાઈ અંબાણીએ જણાવ્યું: 'અહીંની વ્યવસ્થા, સ્વચ્છતા અને જે કાર્ય થઈ રહ્યું છે તે જોતાં વિચાર થઈ જાય છે કે આવું કોઈથી થઈ શકે નહીં. છતાં અહીં જુઓ તો ક્યાંય ટેન્શન

---

૩૦. મહોત્સવના મંચ પરથી રજૂ થયેલા રસપ્રદ કાર્યક્રમોની ઝાંખી કરવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

(રઘવાટ) નથી. આપણે સૌ ડબ્બા જેવા છીએ અને ઍન્જિનના સ્થાને પ્રમુખસ્વામી મહારાજ છે.'

આ રીતે *'બીજા થકી તો ન બને જ આમ...'* જેવા નીવડેલા આ ઉત્સવમાં સ્વામીશ્રીની દોરવણી હેઠળ કાર્ય કરતા બાળસેવકોએ, વિખ્યાત વૈજ્ઞાનિકોને નિત્યપૂજાના નિયમ આપી ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય સાધી આપેલો, તો ધારાસભ્યોને પણ વ્યસનમુક્ત કરેલા.

આમ, કુલ ૫૧,૬૩૨ લોકોને સદાચારના માર્ગે વાળનારા આ બાળ-વિરલાઓનો અહેવાલ તા. ૧૮/૧૧ના રોજ શરૂ થયો ત્યારે સ્વામીશ્રી તેને ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યા. તેમાં એક બાળકે મુલાકાતીનો પ્રતિભાવ વાંચ્યો કે 'પ્રમુખસ્વામીને ભારતનો કારભાર સોંપાય તો બગાડ નીકળી જાય.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'આપણે તો ભજન કરવા આવ્યા છીએ.'

તેઓનો આ ઉદ્ગાર વિચાર માંગી લે તેવો બની રહ્યો. જ્યારે ચારે બાજુ પ્રવૃત્તિનો ધમધમાટ પ્રવર્તી રહેલો ત્યારે પણ સ્વામીશ્રી તો ભજનના ટાપુ પર નિરાંતે બેઠા હતા! ઉત્સવ હોય કે એકાંત, તેઓનું લક્ષ્ય સદા એક જ રહેતું – ભજન!

ગરવી ગોવર્ધનલીલા

તા. ૧૮/૧૧ના રાત્રિભોજન વખતે બાળનગરીની સાથોસાથ અહેવાલ આપવા માટે ઉપસ્થિત થયેલા બાંધકામ વિભાગના કાર્યકર શ્રી મહેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટે સ્વામીશ્રીને પ્રાર્થના કરેલી કે 'બાપા! આજે વાદળ ચઢ્યાં છે, માટે દૃષ્ટિ રાખજો.'

તે વખતે સ્વામીશ્રીએ ધરપત આપેલી કે 'તામિલમાં અને આંધ્રમાં પડવાનું હતું તે પડી ગયું. હવે નહીં આવે.'

પરંતુ દેશ-પરદેશમાં ઊજવાતા સ્વામીશ્રીના સમૈયાને પખાળવાની પ્રતિજ્ઞા લઈને બેઠેલો ઇન્દ્ર, *'માન ન માન, મૈં તેરા મહેમાન'*ની જેમ રાત્રે સાડા અગિયાર વાગ્યે આભની અટારીએથી ડોકિયાં કરવા લાગ્યો. આ સમયે યોગીનગરમાં ૧૮,૦૦૦ હરિભક્તો અને યોગીહૃદય તથા યોગીનિકુંજમાં ૧૭,૦૦૦ સ્વયંસેવકો પથારી પાથરીને સૂતેલા. તે સૌની ઊંઘ ઇન્દ્રની આ અનિચ્છનીય પધરામણીએ ઉડાડી દીધી. જો કે ઊડેલી ધૂળ થોડી વારમાં ઠરી જાય તેમ વરસાદ બંધ થયા પછી એકાદ કલાકમાં બધું થાળે પાડી સૌ સૂઈ ગયા.

પરંતુ આકાશની અગાશીએ ચઢ્યા પછીયે 'નગર' અને અક્ષરધામનાં આકર્ષણોને એકસાથે આંખમાં સમાવવા ઇન્દ્ર અસમર્થ પુરવાર થયો હશે. તેથી તે પરોઢિયે ચારેક વાગ્યે ફરી ફૂંફાડા મારતો આવી પહોંચ્યો. આ વખતે તેનો વેગ પ્રચંડ હોવાથી પળવારમાં જ જળબંબાકાર જેવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ.

પાણીના ભરાવાથી મંડપ બેસી ન જાય તે માટે માંડવાની છત પર છિદ્રો કરી દેવાયાં. નીચે પાથરેલાં પ્લાસ્ટિકથી સામાન અને છાપરાં છાંદવામાં આવ્યાં. તેમ છતાં દોઢેક કલાક ચાલેલું આ તાંડવ ઘણી તબાહી લઈ આવ્યું. 'નગર'નો સભામંડપ તો નાના સરોવર જેવો બની ગયો. ઠેર ઠેર ખાબોચિયાં ભરાઈ ગયાં.

આ આકસ્મિક હોનારતમાંથી વ્યવસ્થા-તંત્રને ઉગારી તેને પુનઃ ધબકતું કરવા તા. ૧૯/૧૧ના એક દિવસ માટે 'નગર' અને અક્ષરધામનાં દર્શન બંધ કરવાનો નિર્ણય લેવાયો. તેની સમાંતર બાઈ-ભાઈ સૌ પાણી ઉલેચવા મંડી પડ્યાં. કાદવ-કીચડ પર રેતી-છારું પથરાવા લાગ્યાં. શક્ય એટલી સહાય સરકાર તરફથી પણ પહોંચવા માંડી. આ સમયે તા. ૧૯/૧૧ની પ્રાતઃપૂજા પૂર્વે 'નગર'ની મુશ્કેલીઓનું નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રીનાં દર્શન સૌ માટે પ્રેરણાનો સ્રોત બની રહ્યાં. તેથી માત્ર અડધા દિવસમાં તો પરિસ્થિતિ પૂર્વવત્ ગોઠવાઈ ગઈ અને બપોરે અઢી વાગ્યાથી 'નગર'નું દર્શન રાબેતા મુજબ શરૂ થઈ ગયું !

સ્વામીશ્રીએ તોળેલા યોગી શતાબ્દીના ગોવર્ધનને ઇન્દ્રદેવ હેઠો ન લાવી શક્યા !

પોતે ધરેલા નિયમો ન મૂકે

તા. ૧૯/૧૧ની સવારે સચ્ચિદાનંદ હૉલમાં અક્ષરધામના નિર્માણમાં સહયોગ આપનારા સૌનો આભારવિધિ સમારોહ યોજાયેલો. તેમાં ઉપસ્થિત અઢીસો જેટલા ભક્તો-ભાવિકો પર આશીર્વર્ષા વરસાવી સ્વામીશ્રી 'નગર'માં પધાર્યા. અત્રે આજની રાત્રિસભામાં વિશ્વ હિંદુ પરિષદના અગ્રણી શ્રી અશોક સિંઘલના વક્તવ્ય બાદ દ્વિદિવસીય વ્યસનમુક્તિ પરિસંવાદનો પ્રારંભ થયો.

તેના દ્વિતીય દિન તા. ૨૦/૧૧ની સવારે સ્વાતંત્ર્યસેનાની સન્માન સમારોહ પણ યોજાઈ ગયો. તેમાં પુરુષોની સાથે મહિલા સ્વાતંત્ર્ય-સેનાનીઓનું પણ ખાસ સમારંભ ગોઠવી અભિવાદન કરવામાં આવ્યું ત્યારે

એક વિરક્ત સંત દ્વારા થયેલી આવી પહેલ સૌને વિશિષ્ટ લાગી રહી !

આમ, પ્રત્યેકને પોતાના સૌજન્યનો સ્પર્શ આપતા સ્વામીશ્રી તા. ૨૦/૧૧ની રાત્રે યુવા જાગૃતિ પ્રદર્શન નિહાળવા પધાર્યા. તેના એક દૃશ્યમાં ઝોળી માંગતા યોગીજી મહારાજ દર્શાઈ રહેલા. પરંતુ તેઓને સીધાં-સામગ્રી આપતા પુરુષની અડોઅડ મહિલાનું પૂતળું પણ મૂકેલું જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'આમ કેમ કર્યું ? મર્યાદાનો ખ્યાલ ન રાખ્યો ?'

આટલું કહેતાં તેઓએ નિર્જીવ પૂતળાંઓની સૃષ્ટિમાં પણ ધર્મમર્યાદાની વાત ઉમેરાવી.

સુખાનુભૂતિ અને સ્વર્ગાનુભૂતિ

તા. ૨૧/૧૧ના રોજ મહોત્સવના મંચને પાવન કરનારા હરિદ્વારના મહામંડલેશ્વર પૂજ્ય મહેશ્વરતીર્થ શાસ્ત્રીજી તથા અયોધ્યાના મહામંડલેશ્વર પૂજ્ય નૃત્યગોપાલજી મહારાજને સ્વામીશ્રીએ શાલ ઓઢાડી આવકાર્યા.

આ આદર સ્વીકારી પૂજ્ય મહેશ્વરતીર્થ શાસ્ત્રીજીએ અંતરનો અનુભવ વહેતો કર્યો કે 'प्रमुखस्वामीजी की महान कृपा से यह नगरी स्वर्ग और वैकुण्ठ धाम के रूप में दिखाई देती है।'

એ જ રીતે મહંતશ્રી નૃત્યગોપાલજીએ પણ જણાવ્યું: 'साधु संसार का भार नहीं, शृंगार है। हमारे प्रमुखस्वामी महाराज सभी वर्ग के लोगों को प्रेम से मिलते हैं, सब को अपनाते हैं।'

આ સંતવાણીમાં સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રી આસિત દેસાઈએ વહાવેલી ભક્તિસંગીતની સરવાણી ભળતાં આજનો સભા-કાર્યક્રમ હૃદયંગમ બની રહ્યો.

ધર્મગુરુઓ અને કલાકારોની સાથે અનેક રાજનેતાઓનું પણ પ્રાંગણ બનેલા મહોત્સવના મંચ પર તા. ૨૨/૧૧ની સવારે યુગાન્ડાના ઉપપ્રમુખ શ્રી સેમસન કિશેકા ઉપસ્થિત થયા. તેઓએ પોતાના દેશની રાજકીય અરાજકતાનો ભોગ બનીને જપ્ત થઈ ગયેલાં કંપાલા, જિન્જા, ટરોરો અને ગુલુનાં મંદિરોના દસ્તાવેજો સ્વામીશ્રીને સુપ્રત કર્યા. જે દેશમાં યોગીજી મહારાજે મૂર્તિપ્રતિષ્ઠાઓ કરી ધર્મધજા ફરકાવેલી તે દેશનાં મંદિર-મિલકત યોગીબાપાના જ શતાબ્દી પ્રસંગે પરત કરી ઉપપ્રમુખે પણ ધન્યતા અનુભવી.

આવી જ લાગણી અનુભવતાં ભારતના મહાન અણુવૈજ્ઞાનિક શ્રી આર. ચિદમ્બરમે આજની પ્રાતઃસભામાં જણાવ્યું: 'અક્ષરધામનો ઓડિયો

એનિમેટ્રોનિક શૉ મને અમેરિકાના ડિઝનીલૅન્ડ અને અબ્રાહમ લિંકનના શૉ કરતાં પણ વધુ સારો લાગ્યો.'

અક્ષરધામની આવી આરતી આજની રાત્રિસભામાં ડેરી ઉદ્યોગના માંધાતા ડૉ. કુરિયન, પીઢ રાજનેતા અને કેળવણીકાર શ્રી એચ. એમ. પટેલ તથા પ્રખ્યાત ઉદ્યોગપતિ શ્રી નરેન્દ્રભાઈ દેસાઈએ પણ ઉતારી.

આ અવસરે દિવ્ય જીવન સંઘના અધ્યક્ષ પૂજ્ય ચિદાનંદ સ્વામીએ કહ્યું: 'મારા પ્રિય પ્રમુખસ્વામીજીની કૃપાથી અક્ષરધામનાં દર્શનનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. બે-અઢી કલાક સુધી આ બધું જોતાં જાણે સ્વર્ગમાં જઈને આવ્યા હોય એવું લાગ્યું. અહીં સમર્પણભાવ જોયો, હૃદયની પૂરી સચ્ચાઈ જોઈ, કર્તવ્યપરાયણતા અને પુરુષાર્થ જોયો.'

આવાં જ દર્શનથી આશ્ચર્યચકિત બનેલા લોક-કલાકારો શ્રી પ્રફુલ્લ દવે તથા શ્રી રામભાઈ કાગે આજની સભામાં ગીત, સંગીત અને સાહિત્ય પીરસી કૃતાર્થતા અનુભવી.

ભૂલેલાને તમે ઠામ લાવો

તા. ૨૪/૧૧ની સવારે અમેરિકાથી આવેલા ભારતીય મૂળના પ્રખ્યાત પત્રકાર શ્રી રોનાલ્ડ પટેલ ભોગવાદની ભઠ્ઠીમાં ઓગળી પોતાના વતનને પણ વીસરી ગયેલા, પરંતુ ગત વર્ષે અમેરિકાના ઉત્સવ પ્રસંગે સ્વામીશ્રીના યોગમાં આવેલા તેઓના વતનની ભાળ કાઢવાનો પુરુષાર્થ સ્વયં સ્વામીશ્રીએ આદરેલો, કારણ કે તેઓ સમજતા હતા કે મૂળ વતનની ધૂળમાં સંસ્કૃતિની સુગંધ હોય છે. જો વ્યક્તિ તેની સાથે સંલગ્ન રહે તો સંસ્કૃતિ સાથે પણ તેનો સંબંધ ટકી રહે અને સૌનો સાંધો સંસ્કૃતિ સાથે મારી આપવો તે સ્વામીશ્રીનું કામ !

તેથી તેઓએ જૂના પત્રવ્યવહારના આધારે સરસવણીના સત્સંગીઓ દ્વારા આ અમેરિકન સંવાદદાતાના મૂળ ગામને શોધવાનાં ચક્રો ગતિમાન કરેલાં. છેવટે એક વર્ષની મથામણના અંતે જાણવા મળ્યું કે 'એ પત્રકારનું ગામ પાદરા પાસે આવેલું મેઢાદ છે.'

આ તપાસ કરાવીને સ્વામીશ્રીએ આ વર્ષની તા. ૨/૯ના રોજ શ્રી રોન પટેલનાં સગાંઓને અટલાદરા મંદિરે બોલાવેલાં. તેઓ પણ આ ખબરપત્રીની ખોજમાં હતાં. તેની ભાળ સ્વામીશ્રીએ કાઢી આપતાં તે સૌ ગળગળાં થઈ

ગયેલાં. તેઓને સ્વામીશ્રીએ બળની વાતો સંભળાવી સત્સંગી કરેલાં અને ઘણાંને વ્યસન પણ મુકાવેલાં.

આ સમાચાર અમેરિકામાં શ્રી રોન પટેલને મળતાં જ તેઓએ અન્ય કાર્યક્રમો પડતા મૂકી સ્વામીશ્રીનો આભાર માનવા ભારત આવવાનું આયોજન ગોઠવી દીધેલું. તે મુજબ તેઓ આજે સ્વામીશ્રીને મળ્યા ત્યારે અત્યંત આભારવશ હતા. તેથી ૭૨ વર્ષે પોતાના કુટુંબીઓ સાથે મેળ કરાવી આપનારા સ્વામીશ્રીને બિરદાવવા માટે આ કલમવીરના હોઠે શબ્દો જ ન ફૂટી શક્યા! તેઓ માત્ર આટલું બોલી શક્યા કે "સ્વામીજી! મારે તો આપને જોવા છે. આપના સાંનિધ્યમાં હું મારા અંતરનો વિકાસ કરી રહ્યો છું. આપનો ખૂબ આભાર કે આપે મને જ્ઞાન આપ્યું કે 'હું ઇન્ડિયન છું."

આ સમયે સ્વામીશ્રીએ શ્રી રોન પટેલના પિતરાઈ ભાઈને બોલાવી રાખેલા. તેઓનો મેળાપ થતાં બંને બંધુઓની આંખો તરલ બની ગઈ. સ્વામીશ્રીએ શ્રી રોનને તેઓના ગામ સુધી જવાની વ્યવસ્થા પણ કરી આપી. તે મુજબ આ પરદેશી માદરેવતન પહોંચ્યા ત્યારે ગામવાસીઓએ તેઓને ઉત્સાહભેર આવકાર્યા. મૂળને પામતાં આ પત્રકાર પણ ગદ્ગદ બની ગયા. આ સંવેદનાનો અનુભવ સ્વામીશ્રી વિના શક્ય જ નહોતો.

તેથી પાંચ દિવસના રોકાણ બાદ ભારત છોડતાં પહેલાં સ્વામીશ્રી પાસે પુનઃ દોડી આવેલા શ્રી રોનાલ્ડ પટેલે કૃતજ્ઞતાથી નમી પડતાં કહ્યું: "હું જ્યારે અમેરિકા હતો ત્યારે લોકો કહેતા કે 'ભારતના બાવાનો વિશ્વાસ ન કરવો.' પણ મેં જો આપનો વિશ્વાસ કર્યો ન હોત તો મને મારા મૂળની ખબર જ ન પડત. ગામનું સ્વાગત માણ્યા પછી અંતરમાં લાગણી થઈ આવી કે 'આપનો આભાર માનવા પાછા આવવું."

આટલું બોલતાં શ્રી રોન ભાવપ્રવાહમાં ખેંચાઈ ગયા. તેઓને સ્વામીશ્રીએ વર્તમાન ધરાવી કંઠી પહેરાવી અને માંસાહારનો ત્યાગ કરાવ્યો.

આમ, વિખૂટા પડી ગયેલા એક સંતાનને સ્વામીશ્રીએ સંસ્કૃતિમાતાના ખોળે રમતું મૂકી દીધું!

ધૂન અખંડ ન ભૂલત એક ઘડી

તા. ૨૪-૨૫ નવેમ્બર દરમ્યાન મહોત્સવનો મંચ મહિલા કાર્યક્રમો માટે આરક્ષિત હોવાથી સ્વામીશ્રી આ સમયગાળામાં બાળસેવકોના ઉતારા,

બાળનગરી વગેરે વિભાગોની મુલાકાતે નીકળ્યા. તે ઉપરાંત, તેઓએ મહોત્સવના મીટિંગ હૉલ અને સંત આશ્રમના સભામંડપમાં સંતોને પણ ધર્મલાભ આપ્યો. તેની વચ્ચે સ્વામીશ્રી તા. ૨૫/૧૧ના રોજ તો શેરથા અને ઉવારસદ મુકામે સદ્‌વિચાર પરિવાર દ્વારા સંચાલિત સંકુલોમાં વૃક્ષારોપણ કરી આવ્યા.[૩૧]

તે પછી ઊગેલી તા. ૨૬/૧૧થી આરંભાયેલું મહોત્સવનું અંતિમ અઠવાડિયું ચતુર્દિવસીય યોગી પર્વ લઈ આવ્યું.

તેના પ્રથમ દિવસે બાળકોએ વિવિધ કાર્યક્રમો રજૂ કરી બાળપ્રવૃત્તિના સ્થાપક યોગીજી મહારાજને વધાવ્યા. તેની સાથે આજની સવારે સરકારી પ્રાથમિક શાળામાં વિશ્વશાંતિ યોગીરાજ મહાયાગની પાવક જ્વાળાઓ પણ પ્રગટી ગઈ. તેને ૧,૨૪૦ યજમાનોએ હુતદ્રવ્યો હોમી સંતોષી.

આ અગ્નિદેવની સાથે સ્વામીશ્રીએ વરુણદેવની સેવામાં વિદેશીઓને જોડ્યા. તે ઉપક્રમે, યોગીજી મહારાજની તીવ્રતમ ઇચ્છા સમી નર્મદા યોજનાને આર્થિક રોકાણ દ્વારા વેગવંતી બનાવવા, પરદેશમાં વસતા હરિભક્તોની ખાસ સભા આજની સાંજે નૈમિષારણ્ય સભાગૃહમાં યોજાઈ. તેમાં મુખ્યમંત્રી અને નાણાંમંત્રીની સાથે સ્વામીશ્રીએ પણ સૌને સેવા સંબંધી પ્રેરણા આપી.

તેઓના આ અનુરોધને અનુસરતાં આવેલી રાત્રિસભાને બાળકોની કીર્તન આરાધનાએ ગજવી મૂકી. શિશુઓની આ સૂરસરિતામાં ગોરખપુર-સ્થિત નાથ સંપ્રદાયના મહંત પૂજ્ય અવૈદ્યનાથજીના વક્તવ્યની અંજલિ ભળતાં તે વિશેષ ઘૂઘવી ઊઠી.

તેનો નાદ શમ્યા બાદ ફૂટેલો યોગી પર્વનો બીજો દિવસ યોગીબાપાના હૃદય સમા યુવકોની રજૂઆતોથી ધબકતો રહ્યો. તા. ૨૭/૧૧ના આ દિને પણ ૧,૨૪૦ યજમાનોએ યજ્ઞનારાયણને આહુતિ આપી. એ બ્રહ્મજ્યોતિના ઉજાસમાં યોજાયેલી આજની રાત્રિસભામાં એક આમંત્રિત અતિથિ સંજોગોવશાત્ ન આવી શકતાં સભા સાડા નવ વાગ્યે સમાપ્ત થઈ ગઈ. તે વખતે સ્વામીશ્રીએ ગાડી અખંડ સત્સંગની કુટિરો તરફ લેવડાવી.

---

૩૧. મહોત્સવમાં આયોજિત મહિલા કાર્યક્રમોની મહેક માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

અત્રે એક કુટિરમાં અમરેલીના યુવકો *‘સોના અંબાડીએ...’* કીર્તનની રમઝટ બોલાવી રહેલા. સ્વામીશ્રી પણ ત્યાં ખુરશી નંખાવી સૌની વચ્ચે બિરાજ્યા અને હાથમાં મંજીરાં વગાડતાં કીર્તન ઝીલી એક રણકતી સ્મૃતિ આપી દીધી.

અહીંથી તેઓએ મંત્રલેખનની કુટિરમાં જઈ ‘સ્વામિનારાયણ’ મહામંત્ર ઘૂંટ્યો. ત્યાંથી અખંડ જાપની કુટિરમાં પધારી માળા ફેરવી, અખંડ કથાના યજ્ઞમાં પાટ પર બિરાજી કથામૃત પીરસ્યું અને અખંડ વાંચનની પર્ણકુટીમાં પગલાં પાડી ‘ભગવાન સ્વામિનારાયણ’ ગ્રંથનો એક ફકરો વાંચ્યો. છેલ્લે અખંડ ધૂન-ધ્યાનના વિભાગોમાં જઈ સ્વામીશ્રીએ રાત્રે દસ વાગ્યે ધૂનની કડકડાટી બોલાવી અને ધ્યાનસ્થ મુદ્રામાં પણ દર્શન દીધાં !

આમ, સભા વહેલી પૂરી થતાં ઊભા થયેલા ફાજલ સમયનો ઉપયોગ ભજન-ભક્તિમાં કરી તેઓ અક્ષરધામના મુખ્ય સ્મારકમાં પહોંચ્યા. અત્રે તેઓએ પીઠિકા પર ચઢી શ્રીજીમહારાજની મૂર્તિને ચાંદલો કર્યો.

આજની સવારે યજ્ઞવિધિમાં સ્વામીશ્રી બોલેલા કે ‘ભગવાનની મૂર્તિમાં જેવું સુખ છે તેવું બીજા કશામાં નથી. માટે જેટલું જરૂરનું છે તેટલું કરવાનું, પણ બાકીના ટાઈમમાં ભજન કરવાનું.’ આ શબ્દો તેઓએ આજે અક્ષરશઃ સત્ય કરી બતાવ્યા !

ગુણો આવે ત્યારે ઉત્સવ ઊજવ્યો સાચો

યોગી પર્વના ત્રીજા દિવસ તરીકે આવેલી તા. ૨૮/૧૧ની સવારે ગાંધીનગરની જિલ્લા પંચાયતે સ્વામીશ્રીને સન્માની ઋણાભિવ્યક્તિ અદા કરી. તે પછી આરંભાયેલી પ્રાતઃસભામાં શ્રી પાંડુરંગ આઠવલેજીએ યોગીજી મહારાજને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં.

તેને અનુસરતાં આજની સાંજે સરકારી પ્રાથમિક શાળામાં સમૂહ યજ્ઞોપવીત અને સમૂહ લગ્નનો કાર્યક્રમ યોજાયો.[૩૨] તે નિમિત્તે ગુંજેલાં ધોળ-મંગળનો ઘોષ વિરમ્યો ત્યાં જ મહોત્સવના મંચ પર રાત્રિસભા શરૂ થઈ.

---

૩૨. મહોત્સવના માંડવે યોજાયેલા વૈદિક અને માંગલિક કાર્યક્રમોમાં સામેલ થવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

તેમાં અમેરિકાથી આવેલા એડિસનના મેયર શ્રી સેમ્યુઅલ કન્વેરીએ પોતાની લાગણીને વાચા આપી.

તે પછી ઊગેલો તા. ૨૯/૧૧નો દિવસ યોગી શતાબ્દી દિન તરીકે ઘોષિત થયેલો. વળી, આજે મહોત્સવનો છેલ્લો રવિવાર હોવાને કારણે સવારથી જ હકડેઠઠ થઈ ગયેલા 'નગર'માં સાંજ પડી ત્યાં સુધીમાં તો મુલાકાતીઓનો આંકડો ત્રણ લાખની સંખ્યાને આંબી ગયો !

આવા ભરચક ઉત્સવમાં ગુરુહરિનાં ચરણે અંજલિ ધરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'યોગીજી મહારાજ રસઘન મૂર્તિ હતા. બ્રહ્મનો આનંદ એમની હાજરીમાં અનુભવાતો. આટલા શિષ્યો છતાં સેવકભાવ. આવા સ્વામીની શતાબ્દી ઊજવીએ છીએ તો એમના જેવા ગુણો આવે તેવો નિરંતર વિચાર કરવો. આ ગુણો આવે ત્યારે ઉત્સવ ઊજવ્યો સાચો ગણાય. એમની સાધુતાના પ્રભાવે આ થયું છે ! અહીં અક્ષરધામનું, બાળકો, યુવકો, 'નગર' જે જેનું દર્શન કરશે તેનું મહારાજ કલ્યાણ કરશે.'

પ્રમુખસ્વામીએ બાજી પલટી નાંખી

જેમ યોગીજી મહારાજની જીવનલીલા સ્વામીશ્રી દ્વારા આગળ વધી તેમ યોગી પર્વ તા. ૩૦/૧૧થી ગુરુહરિ પ્રાકટ્ય પર્વ સાથે ગૂંથાઈ ગયું. સ્વામીશ્રીના ૭૨મા જન્મદિન નિમિત્તે શરૂ થયેલા આ ત્રિદિવસીય પર્વના પ્રથમ દિવસે જ ગુજરાતની સમસ્ત જનતા વતી સ્વામીશ્રીને સન્માનવા ગુજરાતનું મંત્રીમંડળ આવી પહોંચતાં એક અભૂતપૂર્વ દૃશ્ય સર્જાઈ ગયું.

આ ઐતિહાસિક અવસરે યોજાયેલા શાનદાર સમારંભમાં મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલે જણાવ્યું કે 'અમે સન ૧૯૯૫ સુધીમાં અહીં ૩૮ લાખ વૃક્ષો વાવી ગાંધીનગરને Greenest city of the world (દુનિયાના સૌથી હરિયાળા નગર) તરીકે વિશ્વના નકશા પર મૂકવાની કલ્પના કરીને આગળ વધતા હતા, પરંતુ પ્રમુખસ્વામીજીએ બાજી પલટી નાંખી છે. એમણે અમને ત્રણ વર્ષ સુધી રાહ જોવાની ના પાડી દીધી. એમના આશીર્વાદથી અક્ષરધામના કારણે ગાંધીનગર ત્રણ વર્ષ વહેલું દુનિયાના નકશા પર આવી ગયું તેનો અમને ખૂબ આનંદ અને સંતોષ છે. અમે ગાંધીનગરના નાગરિકો તરફથી, ગુજરાતના નાગરિકો તરફથી, મંત્રીમંડળના સભ્યો વતી, અમારી સરકારમાં કામ કરનારા સમસ્ત કર્મચારીઓ વતી આભારની લાગણી વ્યક્ત

કરીએ છીએ. તે સ્વામીશ્રી સ્વીકાર કરે તેવી વિનંતી.'

મુખ્યમંત્રીના આ ભાવવાહી પ્રવચન બાદ નાણામંત્રી શ્રી છબિલદાસ મહેતાએ સન્માનપત્રનું વાંચન કર્યું. તે પછી મુખ્યમંત્રીએ શાલ અને પુષ્પહારથી સ્વામીશ્રીને વધાવી સન્માનપત્ર અર્પણ કર્યું ત્યારે સમગ્ર 'નગર' ગગનભેદી જયનાદોથી ગાજી ઊઠ્યું. રાજ્યસત્તા તરફથી સ્વામીશ્રીની ધર્મસત્તાના સત્કારની આ ક્ષણ સૌ ગદ્‌ગદભાવે નિહાળી રહ્યા.

આ અણમોલ ઘડીએ પૂર્વ મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ પટેલે પણ રુદ્રમાળનું સ્મૃતિપ્રતીક સ્વામીશ્રીને ભેટ ધર્યું. ત્યારબાદ ઉપસ્થિત મંત્રીઓ ક્રમશઃ આવી સ્વામીશ્રીના કંઠમાં ફૂલમાળ આરોપતા ગયા અને આશીર્વાદ મેળવતા રહ્યા.[૩૩] તે દરમ્યાન ડલાસ, લેસ્ટર, નૈરોબી અને કલકત્તાનાં બૅન્ડની સૂરાવલિઓ સાથે તાળીઓના ગડગડાટ સતત ગુંજતા રહ્યા.

પરંતુ આ અદ્વિતીય સન્માન ઈષ્ટદેવ અને ગુરુદેવનાં ચરણે ધરતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવ પ્રસંગે આ સ્વાગત છે એ ભગવાન સ્વામિનારાયણ અને યોગીજી મહારાજનું છે. એમની પ્રેરણા અને બળ વગર આ કાર્ય થઈ શકે નહીં. પૂજ્ય મહંત સ્વામી અને ઈશ્વર સ્વામી તથા સંતો, યુવકોએ આ કાર્ય કર્યું છે એટલે સન્માન એમનું છે.'

આટલું કહી રાજસત્તાને તેની ફરજ પ્રત્યે સભાન કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'હવે અહીંયાં મુખ્યમંત્રી અને બધા મંત્રીઓ છે તો એક સૂચન કરવાનું મન થાય છે કે અહીંયાં કોઈ દારૂની દુકાન ન હોય, માંસાહારની દુકાન ન હોય. અહીં એકપણ કતલખાનું ન જોઈએ. ગુજરાત અને પરદેશમાં પણ આવાં આદર્શ ગામ જોયાં છે. બાહ્ય શુદ્ધિની સાથે આંતરિક શુદ્ધિની આ વાત છે. દ્વારકા અને પ્રભાસપાટણમાં મત્સ્યોદ્યોગ ચાલે છે. દુર્ગંધ, દુર્ગંધ ને દુર્ગંધ! તીર્થોમાં આ ન જોઈએ. ગાંધીનગર પણ અક્ષરધામ બનવાથી તીર્થ

---

૩૩. આ પ્રસંગે મંત્રીઓ શ્રી દલસુખભાઈ ગોધાણી, શ્રી દિનશા પટેલ, શ્રી શંકરભાઈ ઠાકોર, શ્રી મધુભાઈ ભૂવા, શ્રી પ્રબોધભાઈ પંડ્યા, શ્રી કરમશી મકવાણા, શ્રી રામસિંહ પરમાર, શ્રી નરહરિ અમીન, શ્રી કુરજી ભેંસાણિયા, શ્રી મોહનસિંહ રાઠવા, શ્રી ગુમાનસિંહ ચૌહાણ, ડૉ. દિનેશભાઈ, શ્રી જયંતીભાઈ પટેલ, શ્રી નવીનભાઈ શાસ્ત્રી, શ્રી મનુભાઈ પરમાર, શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી વગેરેએ સ્વામીશ્રીને સત્કાર્યા.

બને છે એટલે એ દૂષણ ન પેસી જાય એવું બંધારણ કરજો, જેથી ભવિષ્યમાં આવનારા પણ પેસાડી ન શકે. સરકારે અહીં બધી સુવિધા સાથે ગાંધીજીનું નામ જોડ્યું છે. સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય એ તેઓના પાયાના સિદ્ધાંતો છે. તે સાથે જૈન, વૈષ્ણવ ધર્મનો પણ સદાચાર ફેલાય એ માટે પ્રયત્ન છે. માટે અહીં એક પણ કતલખાનું કે દારૂ-માંસની દુકાન ન જોઈએ. ભગવાન બળ આપશે. ગુજરાતનો વિકાસ અટક્યો નથી ને અટકશે નહીં.'

સ્વામીશ્રીની આજની વાણીમાં એવી વેધકતા હતી કે તેઓના આશીર્વાદ બાદ સંસદીય સચિવ શ્રી ખુમાનસિંહ ચૌહાણ સીધા જ તેઓ પાસે પહોંચી ગયા અને પોતાનાં વ્યસનોને તિલાંજલિ આપી દીધી.

આમ, સ્વામીશ્રીના ૭૨મા પ્રાકટ્ય પર્વે એક અવિસ્મરણીય પ્રસંગ ઊજવાઈ ગયો. કોઈ ધર્મગુરુને સત્કારવા આટલી મોટી સંખ્યામાં સત્તાધીશ પ્રધાનો ઉપસ્થિત રહ્યા હોય તેવી ઘટના રાજ્યના દફતરે પહેલી વાર નોંધાઈ ![૩૪]

સંતસેનાના વિનાયક

ગુરુહરિ પ્રાકટ્ય પર્વના દ્વિતીય દિવસ તા. ૧/૧૨ની સવારે 'નગર'નું આકાશ સૂર્યની કેસરી આભાથી નહીં, પણ આજે સ્વામીશ્રીના હસ્તે દીક્ષિત થનારા ૮૧ સાધકો અને ૪૮ પાર્ષદોના વૈરાગ્યની લાલીથી રંગાઈ ગયું ! એ પ્રભા અને પ્રભાતને વિશેષ પ્રતિભાવંત કરતા સ્વામીશ્રી પ્રાતઃપૂજા માટે બિરાજ્યા ત્યારે ગાયક સંતોએ ત્યાગના ખલમાં વૈરાગ્યના અમલને ઘોળતાં પ્રાસંગિક પદો ગાયાં.

આજના આ અવસરે સ્વામીશ્રીના ખોળે પોતાના લાડકવાયાને ધરનારી મેનાવતીતુલ્ય માતાઓએ પુષ્પચાદર ગૂંથેલી. તેમાં સોળે કળાએ ખીલેલા ચંદ્રરૂપી સ્વામીશ્રીની આસપાસ ટમટમતા તારલારૂપે પોતાના દીકરાઓને જડેલા. આ ચાદર પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ ઓઢી ત્યારે મંચની જમણી કોરે બેઠેલી એ મદાલસાઓનાં આંખ અને અંતર ઊભરાઈ આવ્યાં.

આમ, આજની સવારે પસાર થતી પ્રત્યેક ક્ષણે વાતાવરણમાં પ્રીતિ

---

૩૪. મહોત્સવના વિવિધ આકર્ષક અને આહ્લાદક કાર્યક્રમોને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

અને વિરક્તિના રંગો ઘૂંટાતા ચાલ્યા. તેની વચ્ચે સ્વામીશ્રી અલ્પાહાર કરવા પધાર્યા તે દરમ્યાન શિખાવર્જિત મુંડન સાથે દીક્ષાર્થીઓ ઉપમંચ પર ગોઠવાવા લાગ્યા. માયા સામે મોરચો માંડવા તૈયાર થયેલા આ યોદ્ધાઓને દર્શકોએ તાળીઓના પ્રચંડ ગડગડાટથી વધાવી લીધા. આ હર્ષનાદ સાડા નવ વાગ્યે સ્વામીશ્રી પધારતાં જ વિશેષ ગાજ્યો. તેની વચ્ચે આરંભાયેલા દીક્ષાવિધિ માટે મુખ્ય મંચ પર સજાવેલી ગાદી પર સ્થાન ગ્રહણ કરનારા સ્વામીશ્રીના મુખ પર પણ આજે અવર્ણનીય આનંદની સુરખી ફરી વળેલી. એ આનંદ હતો – યોગીજી મહારાજને ભક્તિસભર અંજલિ આપ્યાનો !

સુશિક્ષિત યુવાનોને ભગવાં ઓઢાડવાની યોગીજી મહારાજે શરૂ કરેલી સદ્પ્રવૃત્તિની દિશામાં આજે એક હરણફાળ ભરાઈ રહેલી. તેથી જેમ જેમ વિધિ આગળ વધતો ગયો તેમ તેમ દીક્ષાર્થી અને દર્શકો – બંનેની ઉત્સુકતા વધતી ચાલી. અંતે જે ઘડીએ સાધકોને પહેરેલા ઝભ્ભા ઉતારવાનો આદેશ અપાયો ત્યારે સાપ કાંચળી ઉતારે એમ સૌએ સીવણયુક્ત વસ્ત્રોનો પરિત્યાગ કરી દીધો !

સૌની કીકીઓમાં નહીં, પણ કાળજે કેદ થઈ ગયેલી આ ક્ષણ પસાર થતાં જ સ્વામીશ્રી મુમુક્ષુઓને દીક્ષિત કરવા લાગ્યા. કોઠારી સ્વામી પાસેથી કંઠી, ડૉક્ટર સ્વામી પાસેથી ગાતરિયું અને મહંત સ્વામી પાસેથી પાઘ ધારણ કરીને આવતા એક-એક દીક્ષાર્થીના કાનમાં તેઓ ગુરુમંત્ર ફૂંકતા ગયા. દીક્ષાર્થીના વાલીને ત્યાગવલ્લભદાસ સ્વામી આશીર્વાદપત્ર આપતા રહ્યા.

આમ, ક્રમવાર ૧૨૯ નવલોહિયા ત્યાગની વેદી પર સમર્પિત થતાં યોગી શતાબ્દી મહોત્સવ સ્મરણીય બની ગયો.

આ પ્રસંગે સૌને રૂડા આશીર્વાદ પાઠવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

"આજે આપણને સૌને આનંદ થાય એ સ્વાભાવિક છે. માતા-પિતાને ખૂબ ધન્યવાદ છે કે દીકરાઓને યોગીબાપાના કાર્યમાં અર્પણ કર્યા. જે કોઈ મા-બાપે અહીં દીકરા અર્પણ કર્યા છે એમને કંઈ ખૂટવાનું નથી. બીજો વાંધો પણ આવવાનો નથી. એમના સંકલ્પમાં ભળ્યા એટલે મોક્ષ થઈ ગયો. આ સંતો સેવા કરશે એ મહાન સેવા થશે. સંતોને પણ ધન્ય છે અને પાર્ષદો પણ એવા સમર્થ છે.

ઘણાને એમ થાય કે 'છોકરાને યુવક મંડળમાં મોકલીએ, હૉસ્ટેલમાં ભણવા મોકલીએ તો સાધુ થઈ જાય.' પણ એમ થતું હોય તો આ બધાને

આમ ભૂરકી નાંખું, પણ એકેય આમ ન આવે. હમણાં ભજન ગાયું: *'હાલો જુવાનડા...'* પણ એકેય ઊભો ન થયો! એ તો જેના નસીબમાં હોય એ જ આવે. પરાણે લઈએ તો અહીં રહી નહીં શકે ને આવવું હશે તો પરાણે તમે રોકી નથી શકવાના. એ બેય સનાતન સત્ય છે.

ફરીથી, આ બધા ખૂબ સારા સંત બને, સારામાં સારું કાર્ય કરી શકે, જોગી મહારાજની સેવા કરે. આ જોઈને જે રાજી થયા એ બધાને ધન્યવાદ છે.''

ઉત્સાહથી છલકાતા આ આશીર્વાદ આપી સ્વામીશ્રી પોણા એક વાગ્યે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે તેઓને સમાચાર મળ્યા કે 'આજની બપોરે મહોત્સવના રસોડે ૧,૪૫,૦૦૦ ભાવિકો જમ્યા.'

ઉત્સવ દરમ્યાન એક ટંકે જમેલા ભોજનાર્થીનો આ સર્વોચ્ચ આંક સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આજે આ બધા સાધુ થયા એટલે લોકો વધારે જમ્યા.'

તેઓ આજના દિવસની સઘળી વિશેષતા દીક્ષા સમારોહના ખાતામાં જમા કરી રહ્યા. તે પરથી આ ઉત્સવ નિમિત્તે તેઓનો ઉત્સાહ પરખી શકાતો હતો. એ જ ઉમંગ સાથે સૌએ આજની રાત્રિસભામાં સ્વામીશ્રીને સમૂહ આરતીનાં અર્ઘ્યથી વધાવ્યા.[૩૫]

૭૨મો જન્મજયંતી મહોત્સવ

દીક્ષાદિનની દિવ્યતાના પડઘા હજી તો ડૂબ્યા નહોતા ત્યાં જ તા. ૨/૧૨ના રોજ ગુરુભક્તિનો જબરજસ્ત ઉછાળ આવ્યો. મહોત્સવની કલગી સમાન આ દિવસે સ્વામીશ્રીનો ૭૨મો જન્મોત્સવ હોવાથી દિવાળી કરતાંય અધિક ઉલ્લાસ સાથે સૌ સ્વામીશ્રીનાં દર્શનની પ્રથમ ઝાંખી માટે સભાગૃહ તરફ દોડી રહેલા. સભામંડપની શોભા સજવામાં બાઈ-ભાઈ ભક્તોએ આજે કોઈ કસર છોડી નહોતી. મંડપની મધ્યમાં આવેલો મુખ્ય પથ પુષ્પ-પાંખડીઓ અને દીપમાળાથી કલાત્મક રીતે શણગારેલો. મંચ પણ ભાતીગળ સજાવટ અને શુભેચ્છાપત્રોથી ભરચક હતો.

તેની વચ્ચે બિરાજી સ્વામીશ્રીએ કરેલી પ્રાત:પૂજા બાદ જન્મોત્સવની

૩૫. મહોત્સવના ભાગરૂપ ઐતિહાસિક દીક્ષા સમારોહની દિવ્યતા માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

સભા આરંભાઈ. તેમાં ભારતીય ટપાલ વિભાગ તરફથી પ્રકાશિત કરવામાં આવેલી યોગીજી મહારાજની સ્મૃતિરૂપ ટપાલ ટિકિટનું ઉદ્‌ઘાટન, ગુજરાતના મુખ્ય પોસ્ટ માસ્તર જનરલ શ્રી આર. એસ. ગુપ્તાએ કરાવ્યું. તેની સાથે અક્ષરધામની છાપ ધરાવતું ફર્સ્ટ ડે કવર પણ પ્રકાશિત થતાં, પત્રની પાંખે બેસી યોગીબાપા ઘેર-ઘેર પહોંચવા લાગ્યા.

ગુરુનો આ મહિમા પ્રસરાવનારા સ્વામીશ્રીને પણ આજે ભવ્ય હારતોરાથી વધાવવામાં આવ્યા. તે અભિવાદન સ્વીકારી સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે "યોગીજી મહારાજની કૃપાથી અને સૌના સહકારથી આ (યોગી શતાબ્દી) ઉત્સવ સારી રીતે ઊજવાયો. યોગીજી મહારાજ સર્વના હતા. તેથી મહાનુભાવો, પ્રતિષ્ઠિતો અને નાનામાં નાની વ્યક્તિએ પણ અહીં લાભ લીધો. બીજું, તેઓ કહેતા: 'આજ તો સર્વને ભીડામાં લેવા છે.' એટલે આ ભીડો આપણે વેઠ્યો છે તો ગર્ભવાસ, જન્મ-મરણ, લખચોરાશીનો ભીડો ટળી ગયો! અક્ષરધામની પ્રાપ્તિ થશે."

આ આશીર્વાદ બાદ દેશ-વિદેશથી આવેલો ભક્તિભાવ સ્વીકારવા સ્વામીશ્રી સતત એકવીસ મિનિટ સુધી ઊભા રહ્યા, જે દરમ્યાન તેઓને ૭૨ કલાત્મક હાર અર્પણ થયા!

આ અપ્રતિમ સન્માન ઝીલી તેઓ સુશોભિત રથમાં બિરાજી સૌને વ્યક્તિગત દર્શન આપવા નીકળ્યા. આજે ઊમટેલા વિશાળ માનવ-મહેરામણને લક્ષમાં રાખી આ આયોજન વિચારાયેલું; પરંતુ સન્માનને વહેંચવામાં રાચતા સ્વામીશ્રીએ રથમાં એકલા ન બેસતાં મહંત સ્વામી તથા ડૉક્ટર સ્વામીને સાથે લીધા અને બૅન્ડની સૂરાવલિઓથી દોરાતો રથ ધીરે-ધીરે સભામંડપમાં નિશ્ચિત પથ પર સરકવા લાગ્યો.

તે વખતે હાથ જોડી, નતમસ્તકે સૌનો પ્રેમ સ્વીકારી રહેલા સ્વામીશ્રીની નજર એક વ્યક્તિ પર પડી. તેઓને જોતાં સ્વામીશ્રીએ રથ ઊભો રખાવ્યો અને તે વ્યક્તિને નજીક બોલાવી, તેઓના માથે અભયહસ્ત મૂકી આશીર્વાદ આપ્યા.

આ સમયે તે વ્યક્તિ 'ભરચક ભીડમાં સ્વામીશ્રીએ મને કેવી રીતે ખોળી કાઢ્યો'નું આશ્ચર્ય અનુભવી રહી! તેમાંથી તે હજી બહાર આવે તે પહેલાં તો સ્વામીશ્રીએ આગળ વધી ગયેલો રથ ફરી અટકાવ્યો. આ વખતે તેઓએ ડૉક્ટર સ્વામી પાસે મંગાવેલો હાર પેલી વ્યક્તિને નજીક બોલાવી નીચા નમીને પહેરાવી દીધો. સ્વામીશ્રીની આ પ્રેમવર્ષાએ અક્ષરધામના

નિર્માણમાં સહયોગ આપનારા એ વિખ્યાત કલા-નિર્દેશક શ્રી દશરથભાઈને નખશિખ ભીંજવી દીધા. અક્ષરધામમાં સેવા આપનારી વ્યક્તિઓના સન્માન સમારોહ વખતે સંજોગોવશાત્ ઉપસ્થિત ન રહી શકનારા આ મુરબ્બીને સ્વામીશ્રી ન ભૂલ્યા !

તેઓની આ દરકારે દશરથભાઈનું હૈયું વલોવી નાંખ્યું. તેઓ પોતાની જગ્યા પર બેસી ક્યાંય સુધી માથું નીચું ઢાળી અશ્રુ સારતા રહ્યા.[૩૬]

ઉત્સવના અંતિમ ઉદ્ગાર

સભામંડપમાંથી સ્વામીશ્રીનો રથ 'નગર'માં વિહરવા નીકળ્યો. જો કે ઊંચા આસનેથી બને એટલા વહેલા નીચે ઊતરવા તલપાપડ રહેતા સ્વામીશ્રીને તો 'નગર'ના વિહારની ઇચ્છા ક્યાંથી હોય? પરંતુ ભક્તોની પ્રેમદોરીથી ખેંચાતા રથ પર આજે તેઓનો પણ કાબૂ ન રહેતાં સૌ તેઓને 'નગર'માં લઈ ગયા. અહીં પંદરેક મિનિટ સુધી ચાલેલી 'નગર'યાત્રાના વિરામ સાથે જ બપોરે ૧૨:૫૫ વાગ્યે સમૈયાનું સમાપન થયું.

તે પછી આવેલી ક્ષણો પ્રત્યેક સંત, સત્સંગી અને સ્વયંસેવક માટે કસોટીરૂપ બની રહી. સંતાનના શરીર પર ઘસરકા પડે તે કઈ મા ખમી શકે? તેમ ૩૪ દિવસમાં તો આ 'નગર' સૌનાં કાળજાનો કટકો બની ગયેલું. તેને વીંખતાં કોનું જિગર ચાલે? પરંતુ *'અચળ સ્થિતિ તો ન કોઈને...'*નો કાયદો આ લોકમાં અફર હોવાથી સમૈયાની સંકેલણી શરૂ થઈ જતાં દર્શનાર્થીઓ પણ 'નગર' પર છેલ્લી નજર ઠેરવી વિદાય થવા લાગ્યા.

વિસર્જનના આ યજ્ઞ વચ્ચે જ તા. ૩/૧૨ની સવારે સ્વામીશ્રીએ સેટેલાઇટ સ્ટેજ પર પ્રાતઃપૂજા સંપન્ન કરી. તેથી આ મંચ સતત ૩૪ દિવસ સુધી ૨૭ લોકનૃત્યોના થૈકારાથી જેટલો નહોતો ડોલ્યો તેટલો આજે ડોલી ગયો. એ જ સ્થિતિ દર્શનાર્થી સ્વયંસેવકોની પણ બની રહી. તેઓમાં બેઠેલા સંયોજકો, નિર્દેશકો અને સહ-નિર્દેશકોને આજે સ્વામીશ્રીના હસ્તે શતાબ્દીનાં સ્મૃતિચિહ્ન એનાયત થયાં.

---

૩૬. સ્વામીશ્રીના ૭૨મા જન્મજયંતી મહોત્સવની ભવ્ય ઉજવણીને નિહાળવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

આવી મૂલ્યવાન સ્મૃતિ સૌને આપવાના હેતુસર જ આજની સાંજે સેટેલાઇટ સ્ટેજના સ્થળે સ્વયંસેવક સભા યોજાઈ. તેમાં ઉપસ્થિત ૧૨,૫૦૦ સ્વયંસેવકો, ૪,૨૦૦ સ્વયંસેવિકાઓ અને ૫૦૦ બાળસેવકોએ આ સમૈયો શોભાડવા માટે વ્યવસાય અને વ્યવહાર વિસારેલા, શરીર અને પરિવારની પરવા તજેલી, પગાર અને રોજગારની ચિંતા કોરે મૂકેલી.

અહીં સમૈયામાં પણ ઠંડી-વરસાદ, થાક-ઉજાગરા, ભૂખ-તરસ જેવી કંઈક હાડમારીઓ વેઠેલી. જેમ પાયો શિખર જોવા ન પામે તેમ દૂર દૂર સેવામાં ઊભા રહેતા આ સ્વયંસેવકોએ સભાના રસપ્રદ કાર્યક્રમો તો ઠીક, સ્વામીશ્રીના લાભને પણ જતો કરેલો.

આમ, સેવા-સમર્પણની મશાલ બનેલા આ મરજીવાઓની સભાએ આજે 'નગર'ની આબોહવા બદલી નાંખેલી. તેમાંયે તેઓએ સ્વામીશ્રીને અર્પેલી પુષ્પાંજલિની સુવાસ ભળતાં તો વાતાવરણ વિશેષ મઘમઘી ઊઠ્યું.

એ ફોરમના ફાલ વચ્ચે આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા :

''યોગીજી મહારાજનો સંકલ્પ હતો કે 'દુનિયામાં ડંકો મારવો છે.' તે આ ઉત્સવથી વાગ્યો છે. આ સમૈયાનો પડઘો આખી દુનિયામાં પહોંચી ગયો. એમાં આપ બધાનો પરિશ્રમ. આપ બધાએ શ્રદ્ધા, પ્રેમ, મહિમાથી, માન-અપમાન, સુખ-દુ:ખને ગણ્યાં સિવાય સેવા કરી છે. કેટલાંકનાં (સગાંનાં) મરણ થયાં, છતાં સેવા ન મૂકી. ઘણાંને અજ્ઞાની મુલાકાતીઓએ ધક્કા-તમાચા પણ માર્યા, છતાં હાથ જોડીને કામ કર્યું. એ જોગી મહારાજને ખૂબ ગમ્યું છે. દેહના સુખનો ત્યાગ કર્યો, ઊંઘનો ત્યાગ કર્યો, સંસાર-કુટુંબ, નોકરી-ધંધાની પરવા કરી નથી ને છ મહિના કે ચાર મહિના કે બે મહિના, કોઈ વરસથી જોડાયા એ નાની-સૂની વાત નથી. બાલનગરીએ તો ડંકો માર્યો! આપણે આપણને ગમે એવું તો અનાદિકાળથી કર્યું છે, પણ આ વખતે સ્વામીને ગમે તેવું કર્યું છે. આ આપણી કાયમની મૂડી થઈ ગઈ!

આપે અદ્‌ભુત કાર્ય કર્યું છે. એનું વર્ણન પણ થઈ શકે નહીં. બધાંને લાખો વંદન કરીએ તોય ઓછાં છે. દંડવત કરીએ તોય પણ ઓછા છે. સુખ-દુ:ખ પડ્યું હોય તો બધા માફ કરશો ને આવો ભાવ રાખશો. આપ બધાએ અમને પુષ્પાંજલિ તો કરી, પણ અમારે તમને પુષ્પાંજલિ કરવી છે...''

આટલું કહેતાં સ્વામીશ્રીના અંતરમાં ઊમટેલા ભાવપૂરમાં ડૂબી ગયેલા શબ્દો તેઓના હોઠ પર ન આવી શક્યા. ભીતરનો ભાવ સ્વામીશ્રીની

આંખોના ખૂણા ભીંજવતો નીતરી રહ્યો. એ બિંદુ સિંધુ બનીને સૌ પર છાઈ વળ્યું. તેથી બાઈ-બાઈ સૌની આંખોમાં પણ ધન્યતાનાં મોતીબિંદુ ઊપસી આવ્યાં. સ્વામીશ્રી મૌન ! સ્વયંસેવકો મૌન ! છતાં વિનિમય ચાલુ રહ્યો ! તેની વચ્ચે સ્વામીશ્રીએ સ્વયંસેવકો પર પુષ્પો વેરીને તેઓને અંજલિ અર્પણ કરી. પુષ્પાંજલિ કરતી સ્વામીશ્રીની એ છબી કોઈ ન ભૂંસી શકે એ રીતે સૌનાં હૈયે જડાઈ ગઈ !

તેના ઉજાસમાંથી જ હજારો જ્યોતિ ઝળહળી ઊઠી. સૌએ સ્વામીશ્રીને વધાવવા સમૂહ આરતીઓ પ્રગટાવી, પરંતુ ત્યારે સ્વામીશ્રી 'જોગીબાપાની છેલ્લી આરતી મારે ઉતારવી છે' કહેતાં ઊભા થઈ ગયા. આ રીતે પોતા તરફ આવતું ભક્તિપૂર તેઓએ યોગીજી મહારાજ ભણી વાળી દેતાં, સ્વામીશ્રીની ગુરુભક્તિની ગંગોત્રીમાંથી ઉદ્ભવેલો યોગી શતાબ્દી મહોત્સવ તેઓની ગુરુભક્તિના ગંગાસાગરમાં જ સમાયો !

આરતી બાદ સાંજે સાત વાગ્યાથી સૌ સ્વયંસેવકોને વ્યક્તિગત દર્શન આપવા બિરાજેલા સ્વામીશ્રી ઊભા થયા ત્યારે રાત્રિના ૯:૨૦ વાગ્યા હતા. આ સમયે સ્વયંસેવકોએ 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવની જય'ના નારાઓથી 'નગર' અને ગગન ગજવી મેલ્યું. આ જયનાદ અસીમ આકાશમાં વિલીન થઈ ચિરંજીવ બની ગયો.[૩૭]

કર્યો સુંદર સારો સમૈયો

સમૈયાને કારણે એક સ્થળે સ્થગિત જણાતી સ્વામીશ્રીરૂપી સંતસરિતા તા. ૪/૧૨થી જ પૃથ્વીપટે ઘૂમવા લાગી.

તે ક્રમમાં આજે સ્વામીશ્રી અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠમાં આયોજિત સર્વધર્મ સંત સંમેલનનો મંગલદીપ પ્રગટાવી ગાંધીનગર પરત ફર્યા.

અહીં તેઓને મળવા આજની રાત્રે વિશ્વ હિંદુ પરિષદના અગ્રણીઓ શ્રી કે. કા. શાસ્ત્રી વગેરે આવી પહોંચ્યા. તેઓએ સ્વામીશ્રી સમક્ષ અયોધ્યા મુકામે કારસેવામાં જનારી વ્યક્તિઓ માટે ભાથાંની વ્યવસ્થા કરી આપવાની

---

૩૭. મહોત્સવમાં પ્રસરેલી સ્વયંસેવકોની સેવા-સુવાસને શ્વાસમાં ભરવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

વિનંતી ઉચ્ચારી. આ વખતે સમૈયામાં આવેલા મોટા ભાગના રસોઇયાઓ વિદાય થઈ ગયેલા, વાસણોયે રવાના કરી દેવાયેલાં અને સ્વયંસેવકો પણ 'નગર'ને અલવિદા કરી નીકળી ચૂકેલા. છતાં સ્વામીશ્રીએ એક જ દિવસમાં ૩૦૦ મણ સુખડી, ૨૦૦ મણ ભૂસું અને ૧૦૦ મણ બુંદીના લાડુ તૈયાર કરાવી પરિષદના કાર્યકરોને મોકલી આપ્યા!

ટાંચાં સાધનો અને અપૂરતી સગવડો વચ્ચે પણ કાર્યોને પૂરાં કરવાની તેઓની બેનમૂન સૂઝ-શક્તિનો વધુ એક નમૂનો સૌને જોવા મળ્યો.

આવા સત્ત્વશીલ સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૫/૧૨ના રોજ કડી-સ્થિત સર્વવિદ્યાલયના સંકુલમાં પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજનું ઉદ્‌ઘાટન થયું.

ત્યાંથી પુનઃ ગાંધીનગર પધારેલા સ્વામીશ્રી તા. ૬/૧૨ની સવારે શ્રી જયંતીભાઈ પારેખના ઘેર અલ્પાહાર લઈ રહેલા ત્યારે રસોડા વિભાગે અહેવાલ આપ્યો કે 'સમૈયામાં આશરે ૨,૩૩,૦૦૦ લિટર દૂધ અને ૬,૦૦,૦૦૦ લિટર છાશ વપરાઈ.'

આ સાંભળી મંદ મંદ હસતાં સ્વામીશ્રી બોલ્યા : 'આગળના બે સમૈયાઓ કરતાં આ સમૈયામાં 'उदाराय नमः' સારું રહ્યું. જોગીબાપા જમાડવામાં ઉદાર બહુ હતા એટલે છૂટ સારી રહી.'

ખરેખર, સાગર-શી ઉદારતા સાથે સ્વામીશ્રીએ ઊજવેલો આ સમૈયો! તેથી જ તો *'કર્યો સુંદર સારો સમૈયો, તે તો ન જાય મુખથી કહિયો...'*નો માહોલ સર્વત્ર છવાઈ રહ્યો.

ભગવાનથી ભર્યા ભર્યા

તા. ૬/૧૨ની સાંજે ગાંધીનગરથી વિદાય લઈ રહેલા સ્વામીશ્રીએ ગાડીને અક્ષરધામ તરફ લેવા સૂચના આપી ત્યારે ગાડીચાલકે પૂછ્યું : 'કયા ગેટ (દ્વાર) પર?'

'ગેટ નંબર ૪.'

સ્વામીશ્રીનો આ ઉત્તર સાંભળી ચાલકે તે દિશામાં સ્ટિયરિંગ ફેરવતાં હળવાશથી પૂછ્યું : 'ઉપર અક્ષરધામમાં પણ આવા ગેટ હશે?'

'ત્યાં આવી કોઈ ગરબડ જ નહીં. ચારેય બાજુ વેલકમ (સ્વાગત). ત્યાં તો દર્શનનું સુખ લેવું એટલું જ! કોઈ ધક્કામુક્કી જ નહીં. ભગવાને એટલા માટે જ કોઈ બૉર્ડર રાખી નથી. બૉર્ડરલેસ (સીમારહિત) છે.'

મજાકમાં પણ આ મર્મ સમજાવતાં સ્વામીશ્રી અક્ષરધામનાં દ્વારે આવી પહોંચ્યા. અત્રે તેઓ મુખ્ય સ્મારક અને ત્રણેય પ્રદર્શન ખંડોમાં દર્શન-દૃષ્ટિ કરી બહાર પધાર્યા ત્યારે રાત્રિના અંધકારમાં અક્ષરધામ રોશનીથી નાહી રહેલું. એ અદ્‌ભુત દૃશ્ય પર એક નજર નાંખી સ્વામીશ્રી ગાડીમાં બિરાજ્યા અને જઈ પહોંચ્યા નડિયાદ.

અહીં તેઓ ફક્ત એક રાત રોકાવાના હોવાથી તેઓએ જ આ કાર્યક્રમની જાહેરાત ન કરવાની તાકીદ સ્થાનિક સંતોને કરેલી. તેથી સ્વામીશ્રી ડી.ડી.આઈ.ટી. કૉલેજના આચાર્ય શ્રી હર્ષદભાઈ દેસાઈના ઘેર ઉતારે પહોંચ્યા ત્યારે સામે પાંચ સંતો અને યજમાન તથા તેઓના એક મિત્ર જ ઉપસ્થિત હતા. આ જોઈ જનમંગલદાસ સ્વામીએ પૂછ્યું : 'બાપા ! આપને અહીં ખાલી ખાલી લાગે છે ? 'નગર'માં તો રોજ લાખો માણસો, ને અહીં પાંચ જણ છે !'

'અમે ભગવાન રાખ્યા છે તેથી ભર્યું ભર્યું જ છે. નહીં તો આખી દુનિયા હોય તોય ખાલી છે.' સ્વામીશ્રી બોલ્યા.

આમ, ભીતરમાં ભગવાનથી ભર્યા-ભર્યા તેઓ તા. ૭/૧૨ની સવારે નડિયાદની જે. ઍન્ડ જે. સાયન્સ કૉલેજના પરિસરમાં ધર્મલાભ આપી ચકલાસી પહોંચ્યા.

અહીં સ્વામીશ્રી સત્સંગીઓની સેવાથી તૈયાર થયેલા મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજને પ્રતિષ્ઠિત કરી ભારતી વિનય મંદિરમાં યોજાયેલી સભામાં પધાર્યા ત્યારે મંચ પર પોતાની બેઠક જોતાં જ તેઓએ વૈરાગ્યનિધિદાસ સ્વામીને કહ્યું : 'હવે પછીની પ્રતિષ્ઠાઓમાં તમે સાથે રહેવાના હો તો આટલું ધ્યાન રાખજો. અહીં ઠાકોરજીનું આસન મારા ઢોલિયા કરતાં પાછળ છે. લોકો ઢોલિયાનાં નહીં, ઠાકોરજીનાં દર્શન કરે છે. માટે એમનું આસન હંમેશાં આગળ હોવું જોઈએ.'

આ જ ભક્તિભાવથી સ્વામીશ્રીએ તા. ૮/૧૨ની સવારે ચાંગાના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. તે દ્વારા ભક્તોના સમર્પણને સાર્થક કરતા તેઓ તા. ૯/૧૨ની સવારે કરમસદ થઈને મહેળાવ પહોંચ્યા.

આ જ દિવસે, આજથી છવીસ વર્ષ પૂર્વે યોગીજી મહારાજે શાસ્ત્રીજી મહારાજ સમક્ષ કરેલી ઐતિહાસિક પ્રાર્થનામાં મહેળાવ મુકામે ત્રણ શિખરનું મંદિર થાય તેવો સંકલ્પ કર્યો હતો. તેની પરિપૂર્તિની દિશામાં પ્રથમ પગલું

ભરતાં, સ્વામીશ્રીએ આજે ગામની ભાગોળે સંપાદિત થયેલી ભૂમિ પર મોટા મંદિરનો ખાતવિધિ કર્યો.

પ્રેરણાનું પ્રભાવક પરિણામ

તા. ૧૦/૧૨ની વહેલી સવારે સાડા ત્રણ વાગ્યાથી સાત વાગ્યા સુધી વિદ્યાનગરમાં ગ્રહણનો સમૈયો ઊજવ્યા બાદ સ્વામીશ્રી આજની રાત્રે ભોજન કરવા બિરાજ્યા ત્યારે શતાબ્દીના રસોડા સંબંધી અહેવાલ સંતો આપવા લાગ્યા. તેમાં તેઓએ સાથે આવેલા એક હરિભક્તની વાત કરતાં જણાવ્યું: 'આણંદના આ ચીમનભાઈએ આખા સમૈયા દરમ્યાન એક વાર પણ સ્ટેજ જોયું નથી.'

હરિભક્તની આ કર્મઠતાથી પ્રસન્ન થયેલા સ્વામીશ્રી બોલ્યા: 'ખરું સન્માન તો એમનું કરવું જોઈએ. આટલી ધીરજ રહેવી અઘરી.' આમ કહી બીજા દિવસે એ હરિભક્તને હાર પહેરાવી સન્માનતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આ દાખલો બધાએ લેવા જેવો છે. ચીમનભાઈને પહેલેથી જ એ અંગ. જે કામ સોંપ્યું એ પ્રામાણિકપણે કરે.'

આ રીતે મૂક સેવાને વધાવતાં, આખડોલ પહોંચેલા સ્વામીશ્રીએ અહીં ભક્તોના સમર્પણથી તૈયાર થયેલા મંદિરમાં તા. ૧૧/૧૨ના રોજ અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા.

તે પછી તા. ૧૨/૧૨ની સવારે વરતાલમાં દર્શન કરી તેઓ તા. ૧૩/૧૨ના રોજ મોરડ ગામમાં પધાર્યા ત્યારે અત્રે પ્રમુખસ્વામી આરોગ્ય કેન્દ્ર તૈયાર થઈ ગયેલું. તેનાં દ્વાર ખોલી બાંધણી પહોંચેલા સ્વામીશ્રીએ અહીં ભક્તોના પરિશ્રમથી થયેલા નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા.

આ જ હેતુસર તેઓએ તા. ૧૪/૧૨ની સવારે ચીખોદરાને પાવન કર્યું.

અત્રે નાના-મોટા તમામ ભક્તોના સક્રિય સહકારથી તળાવ કિનારે નિર્માણ પામેલા નાજુક મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી સ્વામીશ્રી સભામાં બિરાજ્યા ત્યારે સુપ્રસિદ્ધ સમાજસેવક ડૉ. રમણીકભાઈ દોશીએ કહ્યું કે 'પ્રમુખસ્વામી આઠ વર્ષ પહેલાં અહીં પધારેલા ત્યારે નાનાં બાળકોને અંધ થતાં અટકાવવાનો સંકલ્પ એમણે આપેલો. આજે એમના આશીર્વાદથી અમે દર વર્ષે ૩,૦૦૦ બાળકોને અંધ થતાં અટકાવીએ છીએ.'

સ્વામીશ્રીએ સીંચેલી પ્રેરણાનું કેવું પ્રભાવક અને હિતકારક પરિણામ !

તે માટે જ ઠેર ઠેર વિચરતા તેઓ તા. ૧૫/૧૨ની સવારે ઈસણાવ પહોંચ્યા. અત્રે તેઓ સત્સંગીઓની ભક્તિથી તૈયાર થયેલા નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સભામાં પધાર્યા તે વખતે સમીપવર્તી પીપળાવ ગામના બે-ચાર દેવીપૂજકોએ કહ્યું: 'બાપા! અમારા વાસમાં દર વર્ષે એક પાડો વધેરાય છે. નાના-મોટા પ્રસંગોમાં બકરાં તો આઠ-દસ વધેરાય છે. જો આ સભા બાદ આપનાં પગલાં ત્યાં પડે તો ભૂમિ પવિત્ર થાય.'

આ કાર્યક્રમમાં સામેલ થવું સ્વામીશ્રી માટે હિતાવહ નહોતું, કારણ કે ગઈકાલની રાતથી જ તેઓના શરીરમાં ઉધરસે ઉપાડો લીધેલો. તેથી તેઓ ત્રણ વાગ્યા સુધી તો સૂઈ જ નહોતા શક્યા. છતાં તેઓ ઈસણાવમાં સભા અને ભોજનથી પરવારી બપોરે સવા વાગ્યે પીપળાવ પધાર્યા !

અહીં તેઓને ગાડીમાં જ બેસી રહેવા સંતોએ વિનંતી કરી, પરંતુ સ્વામીશ્રી નીચે ઊતર્યા અને દેવીપૂજકોના પુષ્પહાર સ્વીકાર્યા. તે પછી ઊભાં-ઊભાં જ આશીર્વાદ આપ્યા કે 'સંતો અહીં રોકાય છે. સૌ સભાનો લાભ લેજો. કોઈ પણ વ્યસન હોય તો કાઢી નાંખજો ને બધા અમારા સગરામ જેવા ભક્ત થઈ જાવ.'

સ્વામીશ્રીનાં આ આગમન અને આશીર્વાદથી દેવીપૂજકોની વસાહતમાં સત્સંગની સરવાણી ફૂટી નીકળતાં સૌના મેલ ધોવાયા અને પશુહિંસા પર પૂર્ણવિરામ મુકાયું. તે પાછળ વપરાતું ધન બચતાં સૌ સદ્ધર બન્યા. સત્સંગ થતાં મોક્ષભાગી પણ થયા.

ભવ્ય પણ ભીડાભર્યો ભૂતકાળ

તા. ૧૬/૧૨ની સવારે સ્વામીશ્રી પેટલી પહોંચ્યા ત્યારે અત્રે તૈયાર થયેલા મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે ગામવાસીઓનો ઉત્સાહ અનેરો હતો. ગઈકાલે યોજાયેલા યજ્ઞના યજમાન તરીકે તો અનુસૂચિત જનજાતિની વ્યક્તિઓ અને મુસ્લિમો સહિત ઘણાએ સેવા લખાવી લાભ લીધેલો ! એ જ રીતે પ્રતિષ્ઠાના દિવસની રસોઈનો ખર્ચ પણ વિવિધ કોમના ગામવાસીઓએ ફાળો નોંધાવીને એકત્રિત કરેલો. સૌની આ સેવા અને સંઘભાવનાને સાર્થક કરતા સ્વામીશ્રી નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજને પધરાવી તા. ૧૭/૧૨ની સવારે વાસણા(બોરસદ) પહોંચ્યા.

અહીં પણ સત્સંગીઓની ભક્તિથી સાકાર બનેલા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી તેઓ બોરસદમાં શ્રી અરવિંદભાઈ પટેલના ઘેર બપોરના વિશ્રામ માટે પધાર્યા. પરંતુ અત્રે સંતો પોઢવા માટે ઓરડો તૈયાર કરે ત્યાં સુધી તેઓને બહાર ઊભા રહેવું પડ્યું. તે જોઈ સાથે આવેલા યુવક શ્રી હરેશ મોરડિયાએ પૂછ્યું: 'આ રીતે વ્યવસ્થામાં ખલેલ પહોંચે ત્યારે અપસેટ (પરેશાન) ન થઈ જવાય ?'

'આટલાં વર્ષો વિચરણ કર્યું ત્યારે બધું અપસેટ થયેલું (અગવડ ભરેલું) જ હતું ને !' સ્વામીશ્રી બોલ્યા. વળી, ઉમેર્યું: 'પહેલાં જ્યારે ફરતા ત્યારે આવું સૂવાનું ઠેકાણું ક્યાં હતું ? આનાથી વધારે અપસેટ(મુશ્કેલીઓ)માં ફર્યા છીએ. ખેડૂતના ઘરમાં ઘાસ જ ભર્યું હોય. આપણે જઈએ એટલે આઘું-પાછું કરીને સૂવાની જગ્યા કરી આપે. ના'વાનું, સંડાસ જવાનું બહાર. ચરોતરમાંયે બહાર જતો ને ! વિરોજામાં જમીન પર ગાતરિયું પાથરીને સૂતેલા.'

સ્વામીશ્રીનો ભવ્ય પણ ભીડાભર્યો ભૂતકાળ કોઈનોય વર્તમાન કે ભવિષ્ય ન બની શકે એવો અજોડ છે !

સંત-સહાયથી બધુંયે સુધર્યું

તા. ૧૭/૧૨ની રાત્રે પણ સ્વામીશ્રીને ઊપડેલી ખાંસીના ઉપદ્રવે તેઓની ઊંઘ વેરણ કરી દેતાં, તા. ૧૮/૧૨ની સવારે તેઓને કરમસદની હૉસ્પિટલમાં લઈ જઈ ઍક્સ-રે લેવામાં આવ્યો. તેમાં થયેલા નિદાન અનુસાર ઉપચાર શરૂ થયા, પરંતુ આવી અસ્વસ્થ તબિયતમાંયે તા. ૧૮/૧૨ની બપોરે બોચાસણ પહોંચેલા સ્વામીશ્રીએ રોજિંદી સભા, મુલાકાત વગેરે પ્રવૃત્તિ તો યથાવત્ જ ચાલુ રાખી.

તે ક્રમમાં તા. ૨૦/૧૨ની બપોરે તેઓ પાસે આવેલા એક ભૂવા પોતાના વર્તુળમાં વડીલ જેવા ગણાતા હતા. લોકમાન્યતા મુજબ એમનું સત્ ભારે કહેવાતું. એમના પંડમાં આવતી માતાજીની મહેર પામવા સૌ તલપે. દર વર્ષે નવરાત્રિમાં અંગત રીતે એક બકરો વધેરીને કાચાં માંસનો પ્રસાદ સૌને વહેંચવાનો અને લોહી પૃથ્વીમાતાને ચડાવવાનો તેઓનો રિવાજ. આ સિવાય માનતાના બોકડા આવે તે અલગ.

પરંતુ ગત વર્ષે ગોંડલમાં ઊજવાયેલી ૭૧મી જયંતીએ થયેલાં સ્વામીશ્રીનાં દર્શનમાત્રથી આ ભૂવાને પોતાની પ્રપંચ-પ્રવૃત્તિ ફગાવી દેવાનો જુવાળ જાગી ગયેલો. તેથી તેઓએ ગામમાં આવી ભૂવાકર્મના ભાગરૂપ

પશુહિંસા તજી જાતે જ કંઠી ધારણ કરી લીધેલી.

પરંતુ ઉદા નામધારી તેઓ આમ જુદા પડ્યા તે તેઓના સંબંધીઓ અને ચાહકવર્ગને ન પચ્યું. કેટલાક સ્થાપિત હિતોને તો પોતાની આજીવિકા જતી હોય તેમ લાગતાં આ ભૂવા પર પસ્તાળ પડી ગઈ. છતાં સ્વામીશ્રીનાં દર્શને તેઓમાં એવી નૈતિકતા સીંચી દીધેલી કે તેઓ બલિ ચડાવી માંસાહારની જ્યાફત ઉડાવવા બાબતે તો સંમત ન જ થયા.

પોતાનો આ સંઘર્ષ તેઓએ આજે જણાવ્યો ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'એટલું સમજી રાખો કે જે સત્‌ના માર્ગે ચાલે એનો વિરોધ થવાનો, પણ ભગવાનને સંભારીને દૃઢતા રાખશો તો અંતે વિજય થશે.' આમ, બળ પ્રેરી સ્વામીશ્રીએ તેઓને કંઠી ધારણ કરાવી.

આ રીતે સ્વામીશ્રીનાં દર્શનની જેમ તેઓ દ્વારા નિર્મિત મંદિરોનાં દર્શન પણ પરિવર્તનની છડી પોકારી દેતાં. તેનો સ્વર સાંભળી, આજની સાંજે બલુભાઈ નામના એક પરદેશી સ્વામીશ્રી પાસે દોડી આવ્યા.

લંડનના આ રહેવાસી, ઉત્તર ભારતના એક તીર્થસ્થાનમાં ગયેલા ત્યારે ત્યાંના પૂજારીઓએ આ યાત્રિકના ૨૫,૦૦૦ રૂપિયા પડાવી લેવા કારસો રચ્યો હતો. તે જોઈ હેબતાઈ ગયેલા આ પ્રવાસીને ધર્મ પરથી જ આસ્થા ડગવા માંડેલી, પરંતુ તે વખતે જ દૈવયોગે એક સત્સંગી મિત્ર દ્વારા તેઓ અક્ષરધામમાં જઈ પહોંચ્યા. અહીં તેઓના મનમાં ઘૂમરાતી સઘળી શંકાઓનું સમાધાન થઈ ગયેલું. તેથી આજે અહોભાવ સાથે સ્વામીશ્રીનાં દર્શને આવી પહોંચેલા તેઓએ પોતાની વીતક કથા કહી ત્યારે સ્વામીશ્રી બોલ્યા :

''પાંચ-દસ માણસના કુટુંબમાં એક વ્યક્તિ ખરાબ હોય તો એમ ન માની લેવું કે 'આખું ઘર ખરાબ છે.' આવા અનુભવો તો બધા દેશોમાં થતા હોય છે. એમાં ભારત વિષે ગેરસમજણ ન કરવી. એમાં કંઈ ધર્મ ખરાબ નથી થઈ જતો, તીર્થ એવાં નથી હોતાં.'

આમ, તર્કબદ્ધ વાત દ્વારા સ્વામીશ્રીએ શ્રદ્ધાનો ખીલો મજબૂત કરી આપતાં, એ આગંતુકના અંતરમાં ઘણો સદ્‌ભાવ પ્રગટ થયો. તેઓ કંઠી પહેરી વિદાય થયા.

પરિપક્વ પરાભક્તિ

તા. ૨૧/૧૨ના રોજ બોચાસણથી વિદાય લઈ સ્વામીશ્રી ડભાણ,

નવાગામ અને નાયકાને પાવન કરતાં તા. ૨૨/૧૨ની સવારે શ્રીજીપુરા પહોંચ્યા.

અહીં તૈયાર થયેલા નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમની પ્રતિષ્ઠા કરી શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક જૂના મંદિરે પધારેલા તેઓ, અત્રે દર્શન કરતાં જ અતીતમાં સરી પડી બોલવા લાગ્યા: 'આ મંદિર, જો કે હમણાં થોડું નવું કર્યું પણ પહેલાં નળિયાં ને ખપાટની જાળીવાળું હતું. અહીં જ સંતો રહેતા.'

આમ બોલતાં-બોલતાં મંદિરના ઓટલે ચડેલા સ્વામીશ્રી અત્રે કહેવા લાગ્યા: 'શાસ્ત્રીજી મહારાજ અહીં બેસતા. દેશી નળિયાંનો ઢાળ હતો. ત્યાં બેસી હરિભક્તો આવે એને મળતા.'

આટલું જણાવતાં તેઓ એ જ ઓટલે છેલ્લા ઓરડામાં પ્રવેશીને બોલ્યા: 'અહીં કોઠાર હતો. અહીં અમે સૂઈ રહેતા. રાત્રે ઉપરથી ઉંદરડા પડે એ આ જગ્યા.'

આ રીતે ભીડાભર્યા ભૂતકાળનું વધુ એક પાનું ઉઘાડતાં, સ્વામીશ્રી વિદ્યાનગર આવી પહોંચ્યા.

યોગી શતાબ્દીના સખત પરિશ્રમભર્યા દોઢ મહિના બાદ પણ આરામ કરવાનું નામ ન લેનારા તેઓએ પ્રતિષ્ઠાઓ નિમિત્તે લાગલગાટ પંદર દિવસ સુધી ધૂળિયાં ગામોમાં વિચરણ કરી દીધેલું. પરંતુ હવે તેઓના શરીરને આરામ આપવો જરૂરી હોવાથી વિદ્યાનગરના રોકાણ દરમ્યાન આયોજકો દ્વારા મુલાકાતો, સભા વગેરે પર રોક લગાવી દેવામાં આવી. તોયે ઓરડામાં બેઠાં-બેઠાં પત્રો કે ફોન દ્વારા તો સ્વામીશ્રીની કરુણાગંગા વહેતી જ રહી.

તા. ૨૩/૧૨ની બપોરે આવી જ સેવાથી પરવારેલા તેઓ એક પ્રાસંગિક વાતચીતમાં બોલી ઊઠ્યા: 'હવેથી જાહેર-સભાઓ ને સ્વાગત-સભાઓ રદ કરો. એમાં બધાના ટાઈમ સાચવવાના એ બધું હવે ફાવે નહીં. હવે સત્સંગ-સભાઓ થાય એ જ કરવું. કોઈ આવે તો કહી દેવું કે 'તમારો ભાવ છે એ મોટામાં મોટું સન્માન છે.'

સ્વામીશ્રીના આ ઉદ્ગારમાંથી સન્માન પ્રત્યે રહેલો તેઓનો અણગમો છતો થઈ ગયો.

આ શૈલી સાથે સતત સેવારત તેઓ તા. ૨૪/૧૨ની રાત્રે વિશ્રામમાં જઈ રહેલા ત્યારે યોગીચરણદાસ સ્વામીએ પૂછ્યું કે 'બાપા! આપનો મૂળ સ્વભાવ કેવો હતો? અત્યારે છે એવો કે કંઈક જુદો?'

'પહેલાં તો સ્વભાવ સાવ નરમ. બે જણા ઝઘડતા હોય તો ત્યાંથી જતો રહું એવો! પ્રવૃત્તિમાં પણ બહુ ભળવું એવું નહીં.'

'તો પછી આવો (પ્રવૃત્તિશીલ) સ્વભાવ ગ્રહણ કઈ રીતે કર્યો?'

'સ્વામીએ (શાસ્ત્રીજી મહારાજે) સોંપ્યું એટલે કરવું પડે ને! તેમાં કો'કને કહેવુંયે પડે. કડક થવું પડે.'

સ્વામીશ્રીના આ ઉત્તરમાંથી તેઓની પરિપક્વ પરાભક્તિ સરી પડી.

શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૩માં કહે છે કે 'જેને પરિપક્વ નિશ્ચય હોય અને તે પોતે અત્યંત ત્યાગી હોય તોય પણ તે પાસે ગમે તેવી પ્રવૃત્તિમાર્ગની ક્રિયા કરાવીએ તો તે કરે, પણ તેમાંથી પાછો હઠે નહીં અને કચવાઈને પણ કરે નહીં, રાજી થકો કરે.'

આ વચન મુજબ સ્વામીશ્રી ગુરુની આજ્ઞાથી પોતાની સ્વાભાવિક શાંત પ્રકૃતિ બદલી પ્રવૃત્તિરૂપ ભક્તિમાર્ગમાં પરોવાઈ ગયેલા.

... તો પ્રાપ્તિ સાચી

તા. ૨૫/૧૨ની સવારે સ્વામીશ્રી ઉતારાના ઓરડામાં જ પ્રાતઃપૂજા કરી રહેલા ત્યારે સંતો દ્વારા છેલ્લે કીર્તન ગવાયું: *'મારી નાડ તમારે હાથ, હરિ સંભાળજો રે...'*

તેના અનુસંધાનમાં સ્વામીશ્રી બોલ્યા: 'મહારાજ-સ્વામી, શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપાએ (નાડ) સંભાળી જ છે ને! એટલે તો અહીં બેઠા છીએ. લાપસીમાં લીટા જેવું છે. મહારાજના વખતમાં ખાવા-પીવા, હરવા-ફરવાની કઠણાઈ હતી.'

આ સાંભળી એક સંતે પ્રતિભાવ આપ્યો કે 'અત્યારે તો સુખપાલમાં બેસીને ભગવાન ભજવાના. પ્રાપ્તિ મોટી થઈ છે.'

'લાભ મોટો છે, પણ એમાં કંઈ ન કરીએ તો એ લાભ ખોટો. કથા-વાર્તા, ભક્તિ-સેવા, સાધુતા એ બધું કરવું જોઈએ. એકબીજા પ્રત્યેનો પ્રેમ, મહિમા વધવો જોઈએ. જો એ ન થાય ને ઘટે તો પ્રાપ્તિનો અરથ શું? મહિમા વધે, સેવા વધે, સહનશીલતા વધે, આ બધું જીવમાંથી થવું જોઈએ, તો પ્રાપ્તિ સાચી.'

'કૃપા કરો તો આવી સાધુતા આવે એવું છે. જો કે વહેલા-મોડા થઈ જશે એવી શ્રદ્ધા તો છે જ!'

'વહેલા-મોડા શું કામ? આ જ જન્મે થઈ જવાનું. ગમે એવો ભીડો વધે, દુઃખ પડે પણ ઉં કે ચૂં કર્યા વગર સહન કરવાનું. બ્રહ્મરૂપ થઈ જવાનું.'

'હું વહેલા-મોડા એટલે પાંચ-દસ વરસની જ વાત કરું છું!'

'નિશ્ચય હશે તો હમણાં જ કરી નાંખશે. એમાં વાર થોડી છે? નિશ્ચય ન હોય તો આઘું-પાછું થયા કરે. આપણે તો આજ્ઞામાં ટૂક ટૂક. દેહ ઘસી નાંખવો. ખાસડાં જેવું કરી નાંખવું, માટલા જેવું નહીં. એ તો તૂટી જાય. આ પરપોટો ફૂટી જાય એ પહેલાં કામ થઈ જવું જોઈએ.'

'અત્યારે દેહનો કોઈ ભીડો નથી.'

'હવે અંદરનો જ ભીડો છે. આ તો 'એને મળ્યું ને મને ના મળ્યું, એની સગવડ સાચવી ને મારી નહીં, એને આપ્યું ને મને નહીં...' આ બધી માથાકૂટમાંથી જ ઊંચા નથી આવતા. એ બધો દેહભાવ છે. બીજાનું જે હોય એ! એ બધું જોયા સિવાય આપણે ધમાધમ મંડવું. ત્યાગવલ્લભ સ્વામી, કોઠારી સ્વામી કોઈનું જુએ છે? એ જેમ મંડ્યા છે એમ કરવું.'

હળવે હળવે સ્વામીશ્રીએ આજે સાધનાનાં ઘણાં પગથિયાં ચડાવી દીધાં.

કાર્યકરનું કલેવર

તા. ૨૧/૧૨ના રોજ સ્વામીશ્રી જ્યારે ડભાણ પધારેલા ત્યારે સ્થાનિક જિલ્લા વિકાસ અધિકારીએ ખેડા જિલ્લામાં સાક્ષરતા અભિયાન અંગે તેઓ સમક્ષ મદદ માટે હાથ લંબાવેલો. તે વખતે ઘટતું કરવાની બાંયધરી આપીને નીકળેલા તેઓએ આ કાર્યના અનુસંધાનમાં તા. ૨૫/૧૨ના રોજ સત્સંગ પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલયના સંતોને બોલાવ્યા. તેઓ સાથે રાત્રે જમ્યા બાદ સ્વામીશ્રીએ સાક્ષરતા અભિયાન સંબંધી વિશદ વિચારણા કરી ત્યારે આ સંતોએ સત્સંગ પ્રવૃત્તિના આગામી કાર્યક્રમોની માહિતી પણ આપી.

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: "દરેક મંડળમાં એક કાર્યકર થાય એ બહુ જ જરૂરી છે. બધા બોલતા થાય. શરૂઆતમાં વાંચીને તૈયાર થઈને પ્રવચન કરે. ફોલો-અપ કરે. કોઈ ફોલો-અપ ન કરે તો મંડળ પડી ભાંગે. એક જો ઉત્સાહી કાર્યકર થાય તો તે આખા ગામને હલાવે. નિષ્ઠાવાળા હોય, જ્ઞાનવાળા હોય, આપણું ધ્યેય પાકું હોય એવા કાર્યકર તૈયાર કરવા. આદર્શ કાર્યકર તૈયાર થાય. ગામડે જઈને 'આ જોઈએ ને તે જોઈએ' એવું નહીં. એ તો 'કાયર-કર' કહેવાય. સામાને કાયર કરી નાંખે. જે સગવડ મળે,

સામાવાળાની જે પરિસ્થિતિ હોય એને આધીન થઈને કામ કરે એવા જોઈએ.''

કાર્યકરનું કલેવર દર્શાવતાં સ્વામીશ્રી આટલું એકશ્વાસે બોલી ગયા. તે પછીયે જ્યારે સંતો દ્વારા હરિભક્તોને સવાર-સાંજની આરતી અને થાળનું આહ્નિક દૃઢ કરાવવાના આયોજનની વાત થઈ ત્યારે પણ તેઓએ જણાવ્યું :

'આ બધું કરી શકાય એવું જ છે, પણ નિયમિત કરવું એ લોકોને ના ફાવે. અત્યારે બહારની પ્રવૃત્તિ ને રજોગુણ એટલો છે કે આ જાતનો સ્પિરિટ (જુસ્સો) ઊભો નથી થતો. પણ સો જણને કહીને થોડાને દૃઢ થાય તોય ઘણું છે. થાકવું નહીં. શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપા ફર્યા એમ ફર્યે જ રાખવું.'

સંતશિલ્પોના સ્થપતિ

તા. ૨૬/૧૨ની બપોરે સ્વામીશ્રી સમક્ષ વંચાઈ રહેલા એક પુસ્તકના આધારે લીંપણ કરવાની વાત નીકળી ત્યારે સંતોએ પૂછ્યું : 'સ્વામી ! આપે લીંપણ ક્યાં કરેલું ?'

'સારંગપુરમાં કરતો. અટલાદરામાં પણ કરેલું. સંતો કરતા હોય એને ગાર બનાવીને આપીએ. એમ કરતાં કરતાં શીખી ગયા. ઓળિયા પણ પાડવાના.' ઓળિયો પાડવાનો અભિનય કરતાં સ્વામીશ્રી બોલ્યા.

તે વખતે સંતોએ પૂછ્યું : 'લીંપણ હોય ત્યાં ચોકો (ભોજનશાળા સ્વચ્છ) કેવી રીતે કરે ?'

આ જિજ્ઞાસા સંતોષતાં સ્વામીશ્રીએ કહ્યું : 'પહેલાં તો જમી રહ્યા પછી આખી ભોજનશાળામાં અબોટ કરે. છાણમાં પાણી નાંખીને આખું લીંપે. નિર્ગુણ સ્વામી, અક્ષર સ્વામી બધા સંતો સમૈયામાં હરિભક્તોને ધર્મશાળામાં જમાડે પછી અબોટ કરે. ભંડારમાં તો રોજ કરે.'

'આપે કરેલું ?'

'હા, અમે પણ કરતા.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તા. ૨૭/૧૨ના રોજ પણ આવા જ એક પ્રાસંગિક વાર્તાલાપમાં તેઓએ કહ્યું : 'અહં-મમત્વ મૂકીને કામ કરે એટલે શાંતિ, શાંતિ ને શાંતિ. આપણે બીજું શું કરવાનું છે ? બીજું શું લઈ જવાનું છે ?'

આ રીતે આજની સાંજે પણ ચાલતી થયેલી એક ગોષ્ઠિમાં ભગવત્-ચરણદાસ સ્વામીએ અવલોકન રજૂ કર્યું કે 'સ્વામી ! આપે સંતો-હરિભક્તો બધાને એક્ટિવ (સક્રિય) બહુ કર્યા. ૭૦૦ સંતો કરવા સહેલા છે, પણ એ

બધાને તૈયાર કરવા એ મોટું કામ.'

'ભગવાનની દયાથી બધા વ્યવસ્થિત થઈ ગયા.' શ્રીજીશિરે આ યશકલગી મૂકતાં સ્વામીશ્રી બોલ્યા :

'સારંગપુરમાં ટ્રેનિંગ ખોલી એ બહુ સારું થયું. બેઝ (પાયો) ત્યાં પાકો થાય. પછી તો પોતાનાં બળ અને ઉત્સાહ હોય એટલું આગળ સારું રહે. નાના હોય ત્યાં સુધી ટેકા આપવા પડે, પણ ચાલતા થાય પછી પોતાની શક્તિ પ્રમાણે આગળ વધે. બેઝ તૈયાર થયા પછી પોતાનો ઉત્સાહ ને ખટકો કામ કરે છે. આ બધું ભગવાનનું કામ છે. મંડીએ તો થાય જ ! આળસ રાખે ને મોળા વિચારો કરે તો કામ ના થાય. માટે આપણે મંડવું. આ વખતે ના થાય તો બીજી વખત, ત્રીજી વખત; એમ કરતાં-કરતાં થઈ જાય. કોઈને સમાસ ન થાય તો કંઈ નહીં, આપણને તો સમાસ થાય ! એનું સીધું થાય કે ન થાય, આપણું તો સીધું થાય જ ! આપણી સેવા થઈ જાય. બધા ક્યાં જનમતાં જ શીખીને આવે છે ? પણ જાણીને નાગડદાઈ કરે એ વાત જુદી. વસ્તુ બધી જ છે, પણ કરવી જોઈએ. અમે પણ અટલાદરામાં કપાસ વીણવા જતા હતા.'

આ સાંભળી નારાયણમુનિદાસ સ્વામીએ કહ્યું : 'બાપા ! આપે ક્યારેય પોતાપણું રાખ્યું જ નથી. જે વિચાર લઈને આવે એને પ્રોત્સાહન જ આપ્યું છે. આટલા યુવાન સંતો કોઈ સાચવી ન શકે.'

'આ બધા મુમુક્ષુ છે. ખપ છે એટલે જે કરવા આવ્યા છે એ સમજે છે.'

સ્વામીશ્રીના અંતરમાં રમતો સંતમહિમા ઊછળી આવ્યો. તે સાથે તેઓએ આજે કરેલી હૃદયસ્પર્શી વાતોમાંથી સંતશિલ્પોના સ્થપતિ તરીકેની તેઓની છબી પણ ઊભરી આવી.

માર્ગ ગોખરુનો, મિજાજ ગુલાબનો

વિદ્યાનગરમાં સળંગ છ દિવસનો વિશ્રામ મળતાં સ્વામીશ્રીના સ્વાસ્થ્યમાં ઘણો સુધારો આવી જતાં તેઓ તા. ૨૮/૧૨ના રોજ આગામી કાર્યક્રમો માટે પ્રસ્થાન કરવાના હતા. રોકાણના આ છેલ્લા દિવસે સ્વામીશ્રીના પ્રાતઃભ્રમણ અને પ્રાતઃપૂજાનાં દર્શનનો લાભ સૌને મળવાનો હોવાથી છાત્રાલયનું પ્રાંગણ ભક્તોથી ભરચક થઈ ગયું. છ દિવસ સુધી તેઓએ જાળવેલી શિસ્તનો શિરપાવ આપતા હોય તેમ સ્વામીશ્રી આજે પૂજાવિધિ બાદ વ્યક્તિગત દર્શન આપવા માટે પણ બિરાજ્યા.

સૌને લાભનું આ ભાથું બાંધી આપી વડોદરા પધારેલા તેઓ અત્રે ટાગોર નગરમાં શ્રી રાવજીભાઈ પટેલના ઘેર પહોંચ્યા. આ હરિભક્તે દીકરીના લગ્નપ્રસંગે સ્વામીશ્રી આશીર્વાદ આપવા પધારે તેવો મનોરથ સેવેલો. તેને પૂરો કરવા આવી ગયેલા સ્વામીશ્રીને જોઈ યજમાનના પુત્ર શ્રી પ્રફુલ્લભાઈ તો ગદ્ગદ થઈ ગયા. તેઓનો અશ્રુભીનો સત્કાર સ્વીકારી સૌને રાજી કરતા સ્વામીશ્રી આજની સાંજે સારંગપુર આવી પહોંચ્યા.

અત્રે દર્શન બાદ ભોજન માટે બિરાજેલા તેઓએ જૂની સ્મૃતિ વાગોળતાં કહ્યું: 'પહેલાં અહીં લાઇટ જાય એટલે પાવર હાઉસમાં મશીન ચાલુ કરતી વખતે આંતરડાં ઊંચાં થઈ જાય એવું ભારે ચકરડું હતું. બે જણને સાથે રાખીએ. બે સાથી પણ હોય. અમે એક જીપગાડું લાવેલા. એય સવારે ઠંડું થઈ જાય તે ફુદેડા બહુ લેવડાવે.'

જ્યારે જ્યારે સ્વામીશ્રી તેઓનો 'સ્મૃતિ'ગ્રંથ ખોલતા ત્યારે તેના પ્રત્યેક પાને તેઓએ વેઠેલી અપાર હાડમારીની છાપ સ્પષ્ટપણે દેખાઈ આવતી. તે વખતે, ગોખરુભર્યા માર્ગે ચાલવા છતાં સ્વામીશ્રી મિજાજથી આટલા ગુલાબી કેવી રીતે રહી શક્યા તેનું આશ્ચર્ય સૌ અનુભવતા.

કીધો કીધો રે જન્મ સફળ

સારંગપુરને બે દિવસનો લાભ આપી તા. ૩૦/૧૨ના રોજ અત્રેથી વિદાય લેતાં પૂર્વે સ્વામીશ્રી સંત સ્વામીને મળવા પધાર્યા ત્યારે આ સદ્ગુરુએ પૂછ્યું: 'આપનો પ્રોગ્રામ ?'

'આપનાં દર્શન થાય એ પ્રોગ્રામ.'

જ્યાં સ્વામીશ્રી આમ બોલ્યા ત્યાં કો'કે સંત સ્વામીને ભલામણ કરતાં કહ્યું: 'જામનગરના પારાયણ પછી અહીં પધારે એવું કહો.'

આ વખતે પોતાના હૃદય તરફ આંગળી ચીંધતાં સંત સ્વામી કહેવા માંડ્યા: 'અહીં અખંડ ભેગા જ છે. એમનું સુખ આવે છે. કંઈ અપૂર્ણ નથી. બધા સંતોને રાજી કર્યા છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપા ને પ્રમુખસ્વામીની મારા પર દૃષ્ટિ છે એટલે એ...ય શાંતિ છે. હવે ઇચ્છા હોય એમ એ કરે. કોઈ હરખ-શોક નથી.'

હૃદયરોગ સહિતની અનેક બીમારીઓ શરીરને પીડતી હોવા છતાં સંત સ્વામીના મુખેથી નીકળેલો પ્રત્યેક શબ્દ પૂર્ણકામપણાનો પડઘો પાડી રહ્યો.

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આટલી તકલીફ છે છતાં જાણે કંઈ જ નથી એવું છે એમને. આપણને લાગે કે સાજા છે, પણ કેવો દુખાવો થાય એનો મને અનુભવ છે.'

આટલું કહી તેઓએ આસપાસ ઊભેલા સૌને શીખ આપતાં જણાવ્યું: 'સૌ સાંભળો! આપણે તો આટલો અમથો ગરાસ હોય તોય બાઝીએ કે મને મુકાવી દીધો, જ્યારે સંત સ્વામીને તો એક ભગવાન સામે જ દૃષ્ટિ.' વળી, સ્વામીશ્રીએ સંત સ્વામીને પણ કહ્યું: 'તમે બધા ઉપર એવી દૃષ્ટિ કરજો કે આપની જેમ બધા રાજી કરી શકે, સૌને આપના જેવી સમજણ થાય.'

આ વાર્તાલાપ બાદ સારંગપુરથી નીકળેલા સ્વામીશ્રી રાજકોટ અને તરઘડીને પાવન કરતાં તા. ૩૧/૧૨ની બપોરે બાર વાગ્યે જામનગર પધાર્યા.

અહીં આજની રાત્રે બાર વાગ્યે સ્વામીશ્રીથી અળગી થતી સન ૧૯૯૨ કૃતાર્થતા અનુભવી રહી, કારણ કે તેને સ્વામીશ્રીએ છતી દેહે 'અક્ષરધામ'ના સુખની અનુભૂતિ કરાવી દીધેલી. તેથી જ આજે વિદાય થયેલું યોગી શતાબ્દીનું વર્ષ ગાતું ગયું:

'કીધો કીધો રે જન્મ સફળ, શ્રીહરિ સંત મળી;
પીધો પીધો રે રસ અમળ, શ્રીહરિ સંત મળી...'



આ છે અનંત કળાઓનું પાત્ર

સન ૧૯૯૩

સાધુસમાજનો સૂર્ય

સન ૧૯૯૩ના પ્રથમ પ્રભાતથી જ, આણદાબાવા અનાથ આશ્રમના આંગણે આરંભાયેલા સપ્તદિવસીય પારાયણમાં, નગરની જનતા વિશાળ માત્રામાં ઊમટવા માંડતાં સત્સંગનો શમિયાણો સાંકડો સાબિત થઈ રહ્યો. તેની સાથે બ્રહ્મક્ષત્રિયની વાડીમાં પ્રતિદિન યોજાતી સ્વામીશ્રીની પ્રાતઃપૂજા પણ ભક્તમેદનીથી ચિક્કાર રહેતી.

તેની વચ્ચે સ્વામીશ્રી તા. ૪/૧ની સવારે ભાગવત કથાકાર શ્રી મનહરલાલજી મહારાજ દ્વારા સ્થપાયેલાં ગીતા મંદિર અને ગીતા વિદ્યાલયના ભુવનનું ઉદ્‌ઘાટન કરી જૂના સ્વામિનારાયણ મંદિરે પધાર્યા. અત્રે દર્શન બાદ તેઓ આજની સાંજે પારાયણમાં પહોંચ્યા ત્યારે અહીં શહેરના પ્રતિષ્ઠિત કબીર આશ્રમના મહંત પૂજ્ય રામસ્વરૂપદાસજી પણ ઉપસ્થિત હતા. તેઓએ કથાસત્ર બાદ વક્તવ્યમાં જણાવ્યું કે 'પરમાત્માનું દર્શન કરવું હોય તો એનો અરીસો સંતોનું દેહ છે. એવા મહાપુરુષ પ્રમુખસ્વામી છે. તેઓ એક આદર્શ સંત છે. હું પ્રશંસા નથી કરતો, પણ તેઓ સાધુસમાજમાં સૂર્યની જેમ પ્રકાશી રહ્યા છે. મહાપાપમાંથી પ્રમુખસ્વામી સૌને છોડાવે છે.'

આ અનુભવનો પુરાવો તા. ૫/૧ની સાંજે જ મળી રહ્યો. આ સમયે પારાયણના યજમાન શ્રી મગનભાઈ સામાણી તથા તેઓના ચારેય દીકરાઓએ સ્વાનુભવ વર્ણવતાં સ્વામીશ્રીને કહ્યું: 'બાપા! અમારા ધાર્યા બહાર આ પારાયણ થયું. અમે આ આયોજન કર્યું એના વિરોધમાં કેટલાકે સમાંતર પારાયણ ગોઠવ્યું હતું. પરંતુ એ બિચારાનો ફિયાસ્કો થઈ ગયો!'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'જેણે જે કર્યું એ સારું જ કર્યું. સૌ ભલે ને ભગવાન ભજે! જેટલા વધારે ભગવાન ભજે એટલા અમે રાજી. આપણે તો ભગવાનને રાજી કરવા કર્યું છે.'

આમ, અનુકૂળ કે પ્રતિકૂળ – સૌ પર એકસમાન વરસતા સ્વામીશ્રી તા. ૬/૧ની સવારે શહેરની વિખ્યાત સમર્પણ હૉસ્પિટલના સંકુલને પાવન કરવા પધાર્યા.

અહીં બધા વૉર્ડમાં પગલાં કરી તેઓ વિદાય લઈ રહેલા ત્યારે હૉસ્પિટલના ટ્રસ્ટી શ્રી જેઠાભાઈએ સ્વામીશ્રી સહિત સૌ સંતો માટે તૈયાર રાખેલાં દક્ષિણાનાં પરબીડિયાં ધર્યાં, પરંતુ આ રકમ ઠાકોરજી આગળ મુકાવતાં સ્વામીશ્રીએ સાથેના હરિભક્તને કહ્યું: 'આ બધાં જ કવર અહીંની હૉસ્પિટલમાં આપી દો. અહીં ગરીબની સારવાર થાય છે, તો એ કામ માટે વાપરવા પાછાં આપી દો.'

આ બાબતે ટ્રસ્ટીએ ઘણી આનાકાની કરી, પણ સ્વામીશ્રી તે સઘળી ભેટ પાછી અપાવ્યે જ રહ્યા.

સૂર્ય તો શોષે અને પોષે, પરંતુ સાધુસમાજના સૂર્ય સમા સ્વામીશ્રી પાસે તો હરહંમેશ બીજાને પોષવાની જ વાત રહેતી.

આમ, સૌના સંપોષક બની રહેલા તેઓની નિશ્રામાં ચાલતા પારાયણ દરમ્યાન આશરે દોઢસો સંતોની ઉપસ્થિતિ હતી. તેથી તેઓ જ્યાં રોકાયેલા તે શ્રી શામજીભાઈ વેકરિયાના બંગલાનું 'સંતસાગર' નામ સાર્થક થઈ રહ્યું. વિવિધ મંદિરોમાંથી આવેલા આ સંતો પૈકીના એકે તા. ૭/૧ની બપોરે સ્વામીશ્રી સમક્ષ અવલોકન રજૂ કર્યું કે 'મેં આ આખું મકાન જોયું. બધું જ વ્યવસ્થિત છે, સરસ છે. આપને કેવું લાગ્યું?'

'અમારે તો બધું સરખું છે. બંગલા શું ને બંગલી શું? સારું શું ને નરસું શું?' સ્વામીશ્રી બોલ્યા.

જેમ સૂર્યનાં તેજ સર્વત્ર સમાનભાવે રેલાય તેમ મહેલ કે મઢૂલીમાં એક

જ ભાવથી વિચરતા તેઓ તા. ૭/૧ની સાંજે ભાદરા પહોંચ્યા.

ગુણાતીત દીક્ષાનો મર્મ

ભાદરામાં તા. ૮/૧ના રોજ આવેલી પોષી પૂનમની સવારે સ્વામીશ્રી પ્રાતઃપૂજા બાદ જન્મસ્થાનના ઓટાની પ્રદક્ષિણા ફરી રહેલા ત્યારે આવી ચડેલા મોરબીના એક મુમુક્ષુ શ્રીમદ્ રાજચંદ્રના સ્વાધ્યાયી હતા. તેઓએ સ્વામીશ્રીને કહ્યું: ''રાજચંદ્ર કહેતા કે 'જૈનનો અનેકાંતવાદ સમજવો હોય તો ખરેખરા આત્મજ્ઞાની વિદ્યમાન પુરુષને મળવું જોઈએ.' મારી દૃષ્ટિએ આપ અત્યારે એવા પુરુષ છો, એટલે આપને મળવા આવ્યો છું. અમારામાં આત્મદર્શનનાં ચાર સ્થાનો કહ્યાં છે, એમાંના એક આપ છો.''

જેમ સૂર્ય ઊગતાં જ કમળ ખીલી ઊઠે, તેમ પોતાનાં દર્શનમાત્રથી કંઈકનાં જ્ઞાનકમળ ખીલવતા સ્વામીશ્રીએ આજની ઉત્સવ-સભામાં અમૃતધારા વહાવી કે –

'સવારે પૂજા થઈ ત્યારથી બધા અકબંધ બેઠા છે. વક્તા બદલાયા કરે પણ આપણે તો એમ ને એમ જ રહેવાનું. બ્રહ્મરૂપ થવું છે એટલે ભીડા વગર તો થવાય જ નહીં ને! કારખાનામાં સુખ માન્યું છે તો એ ભીડો નથી લાગતો, એમ કથા-વાર્તામાં ભલે એની એ જ વાત હોય, પણ સુખ મનાય તો આનંદ આવે. આઘા જઈએ કે પાછા, દુનિયા પાર જાઓ, હિમાલયની ટોચે જાઓ કે પાતાળમાં જાઓ, પણ નિશ્ચય થશે ત્યારે જ ધામમાં જવાશે. આ વાતો તો બ્રહ્મરૂપ કરે એવી છે, માટે સોપો જ ન પડવા દેવો. સતત એનું સેવન કરતા રહેવું. આ વાતની દૃઢતા કર્યે જ છૂટકો છે. અકીકના પથરાની જેમ આપણે સ્વભાવને લીધે રફ (બરછટ) જ છીએ, પણ ભીડામાં મહિમા સમજાય, દાસભાવ આવે ને ધીમે ધીમે અંદરના અવયવો ફરતા જાય, જ્ઞાન થાય ને અંતરમાં શાંતિ થઈ જાય.

હમણાં વિવેકસાગર સ્વામીએ બધાને દીક્ષા લેવાની વાત કરી. શાંતિભાઈ (છનિયારા)! તૈયારી છે?'

'હા.'

'કોઠારી! આ બધા આવે તો કપડાં તૈયાર છે?'

'હા.'

'લ્યો, બધું તૈયાર છે, પણ આ તો ગુણાતીત દીક્ષાની વાત છે. વાસના

ને સ્વભાવ નાશ થાય એ દીક્ષા લેવાની વાત છે. પછી ભલે ને કોઈ પણ કપડાંમાં હો ! જો કે જેની ઇચ્છા હોય ને અનુકૂળતા હોય તેણે તો (સાધુદીક્ષા લેવા) આવી જ જવું. આપણે એવી દીક્ષા લઈએ કે શાંતિ ને આનંદ જ રહે, ગુણાતીતના ગુણ પ્રાપ્ત થાય.'

નથી જોતા નરસા ને સારા રે

પોષી પૂનમની રાત્રે વાળુ-પાણીથી પરવારેલા સ્વામીશ્રી પત્ર-વ્યવહારમાં પરોવાયા ત્યારે મંદિરનો એક સેવક ભરત સામે બેઠો હતો. તેને અને બુદ્ધિને બાર ગાઉનું છેટું, પણ તેની સાથેય ગોઠડી માંડતાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'અહીં કોનું જન્મસ્થાન છે ?'

'ભાદલા(ભાદરા)નું.'

'ભાદરાનું નહીં, ગુણાતીતાનંદ સ્વામીનું જન્મસ્થાન છે.' આ વાત સ્વામીશ્રીએ ભરતના મુખે પાંચ વાર ઘૂંટાવી. તે પછી તેઓએ પૂછ્યું કે 'ઉપર કોની મૂર્તિઓ છે ?'

તો જવાબ મળ્યો કે 'જન્મસ્થાનની.'

ભરતના ભેજામાં સ્વામીશ્રીની વાત ઊતરતી જ નહોતી. છતાં ધીરજ ધારી સ્વામીશ્રીએ કહ્યું: 'ના, એમ નહીં. બોલ, પહેલી મૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની. બીજી – શ્રીજીમહારાજની અને ત્રીજી – ગોપાળાનંદ સ્વામીની.'

આ પાઠ પણ સ્વામીશ્રીએ પાંચ વાર બોલાવી ભરતને પૂછ્યું: 'ઉપર મંદિરમાં કોની મૂર્તિઓ છે ?'

ત્યારે વધુ એક વાર ખત્તું ખાતાં ભરત બોલ્યો: 'શ્રીજીમહારાજ, મહારાજ અને ગોપાળાનંદ સ્વામી.'

આ સાંભળી સ્વામીશ્રીએ તે મતિમંદને શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી – એમ પ્રેમપૂર્વક શિખવાડ્યું. ગોખાવ્યું પણ ખરું. તે પછી મૂર્તિઓનાં નામ બોલવા કહ્યું ત્યારે બુદ્ધિનું દેવાળું ફૂંકતાં ભરત તો 'મહારાજ, શ્રીજીમહારાજ અને ગોપાળાનંદ સ્વામી' જ બોલ્યો.

છતાં ન કંટાળેલા સ્વામીશ્રીએ તેની પાસે પાંચ વાર મૂર્તિઓનાં નામ બોલાવ્યાં, તોય દાણો ન ચડતાં તેઓએ પટમૂર્તિ મંગાવી નિદર્શન પણ કરી બતાવ્યું. તે વખતે તો ગુણાતીતાનંદ સ્વામીનું નામ દસ વખત બોલી-બોલીને ઘૂંટાવનારા સ્વામીશ્રીએ અંતે ત્રણેય મૂર્તિનાં નામ ફરી બોલવા કહ્યું, ત્યારે

પેલા સેવકે એનું એ કુંડાળું કર્યું. જેમ મીણિયામાં પાણી પેસે નહીં, તેમ ભરતની બુદ્ધિમાં જ્ઞાન ઊતરતું જ નહોતું. છતાં સ્વામીશ્રી તેને 'અક્ષર'જ્ઞાન આપવા કટિબદ્ધ હતા.

ખરેખર, *'નથી જોતા નરસા ને સારા રે...'* મુજબ મોક્ષનું મિશન (અભિયાન) આદરીને બેઠેલા સ્વામીશ્રી.

માઈકના મિષે અમાયિક મર્મ

તા. ૯/૧ની સવારે ભાદરાથી ગોંડલ પધારેલા સ્વામીશ્રી સમક્ષ અહીં સ્વાગત-સભામાં માઈક ગોઠવાયું ત્યારે તે આશીર્વાદની શરૂઆતમાં જ નમવા લાગ્યું. તે જોઈ સામે બેઠેલા શ્રીકૃષ્ણ પંડ્યા તેને સરખું કરવા ઊઠ્યા ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'તમે કેમ ઊભા થયા?'

'માઈક પકડવા.'

'માઈક તો મૂકવાનું છે ને તેને પકડવાનું કેમ કહો છો?'

'માઈક'નો 'માયિક' એમ શ્લેષ કરતાં સ્વામીશ્રીએ વાત મૂકી.

તે સાંભળી પેલા હરિભક્તે માઈક તરફ હાથ લંબાવી કહ્યું: 'હું આ માઈકની વાત કરું છું.'

પરંતુ તેઓના આ નિર્દેશને પોતા પર લેતાં સ્વામીશ્રીએ સૂચક પ્રશ્ન કર્યો કે 'આ માયિક છે?'

પોતાની આ ગમ્મતથી ઊછળેલાં રમૂજનાં મોજાંની વચ્ચે જ ઉપદેશ-ગંગા વહેતી મૂકતાં સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાન અને સંતનો આશરો થાય એટલે બધું અમાયિક થાય છે. બાકી ગમે એટલાં વ્રત, દાન, પુણ્ય કરીએ તોય માયાના ગુણો ભેગા જ રહે. ભગવાન અને સંત મળે તો માયા ટળી જાય, દેહભાવ જાય.'

આ સાંભળી પેલા ભૂદેવ ભક્તે કહ્યું: 'I am not Pandya!' (હું પંડ્યા નથી.)

પરંતુ તેઓના આ નમૂળિયા જ્ઞાનને કાપતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

''અત્યારે તો બોલાય પણ કોઈ કહે કે 'પંડ્યા તો મૂરખ છે ને સમજતા નથી' ત્યારે કંઈ ન થાય તો બરાબર! બાકી માયાના જ ભાવ કહેવાય. આપણને યોગીબાપા જેવા પુરુષ મળ્યા છે, વાતો કરી છે, કાનમાં ફૂંકો મારી છે, રમાડ્યા-જમાડ્યા છે ને સુખ આપ્યું છે, છતાં આ રહી જાય તો કશું જ

કામનું નહીં. માટે જે કરવાનું છે એ કરી લેવું. જીવમાંથી ગયું હોય તો મૂકતાં વાર ન લાગે, બાકી મૂકી ન શકાય. જીવાખાચર ટેકરો આપી ન શક્યા ને દાદાખાચરે તરત લખી આપ્યું. ઓધવજીભાઈએ ગાંધીનગરમાં જમીન લખી આપી. જીવમાં ભગવાન ને સંત છે એ આ રીતે કહેવાય.''

સહજ વાતમાં ગહન જ્ઞાનને સરળ રીતે પીરસી દેવામાં સ્વામીશ્રી કુશળ હતા. એ પદ્ધતિ અખત્યાર કરી તેઓએ આજે 'માઈક'માંથી અમાયિક બનવાની શીખ આપી દીધી.

આપણે ક્યાં લોકોનું ધ્યાન ખેંચવું છે ?

તા. ૧૦/૧ની સવારે સ્વામીશ્રી સમક્ષ આવેલા ન્યૂયોર્કના યુવાન શ્રી ભાવેશભાઈ પાસે ગુલાબ ગૂંથેલો ભવ્ય હાર હતો, પરંતુ તે સ્વામીશ્રીને પહેરાવવા જ્યાં તેઓ તત્પર થયા ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા: 'આ હાર ઘનશ્યામ મહારાજ માટે રાખીએ તો?' આમ કહી તેઓએ એ કલાત્મક પુષ્પહાર પોતે ન પહેરતાં પૂજારીને આપી દીધો.

આ ભક્તિભાવ સાથે આજની સાંજે ગઢડા પધારેલા સ્વામીશ્રીએ તા. ૧૧/૧ની સાંજે અક્ષર ઓરડીમાં ઠેઠ અંદર જઈ દર્શન કર્યાં. ત્યારબાદ બોટાદ થઈને સારંગપુર આવેલા તેઓ અત્રે દર્શન કરી સંત સ્વામીના ઓરડે ખબર-અંતર પૂછવા પહોંચ્યા. અહીં સ્વામીશ્રીને પહેરાવવા ગુલાબનો હાર તૈયાર હતો, પણ સૌએ કહ્યું: 'નીચે સભામાં પહેરાવીએ.'

'સભા જ છે ને! લાવો, અહીં જ.'

'નીચે સભામાં હાર પહેરો તો સૌને સ્મૃતિ થાય ને!'

'સ્મૃતિ જ છે ને! આપણે ક્યાં દેખાડો કરવો છે? આપણે ક્યાં લોકોનું ધ્યાન ખેંચવું છે? લાવો, હું જાતે પહેરી લઉં.' આમ કહેતાં સ્વામીશ્રીએ સભાનું સન્માન ખૂણામાં જ સ્વીકાર્યું.

*'માન મોટાઈ મનમાં ન ભાવે...'*ની આ રીત સાથે સભામાં લાભ આપી તેઓ જમવા બિરાજ્યા ત્યારે એક સંતનાં નવાં ચોકઠાં કરાવવાની વાત નીકળી. તેના અનુસંધાનમાં સ્વામીશ્રીએ જણાવ્યું:

'મારે તો પેઢાં જ ખલાસ થઈ ગયાં છે એટલે ચોકઠાં સેટ (બંધબેસતાં) જ નથી થતાં. પણ આપણે તો યોગીજી મહારાજ મળ્યા એટલે સેટ થઈ ગયું. સત્સંગમાં આવ્યા ને ચોકઠું બેસી ગયું. સ્વભાવ તો મહારાજ દયા કરે ને

ખટકો રાખે તો ટળે. આજ્ઞા પાળવાનો ખટકો હોય તો ટળે, નહીં તો સ્વભાવ વધાર્યે જઈએ તો વધી જાય. માટે આપણે ઊંચા-નીચા ન થવું. ભગવાન અને સંતની કૃપા વરસે છે તો એના પાત્ર થઈ જવું, એટલે કોઈ વાંધો ન આવે.'

જીવનમુક્તની વિદેહમુક્તિ

તા. ૧૩/૧ની સવારે પોતાનો નિત્યક્રમ ઉતાવળે આટોપવા લાગેલા સ્વામીશ્રીની આ ગતિવિધિ સૌને અણધારી જણાઈ રહી, પણ સ્વામીશ્રી માટે તો તે પૂર્વનિર્ધારિત જ હતી. તે મુજબ તેઓ પ્રાતઃપૂજા બાદ દર્શન કરીને સીધા જ પહોંચ્યા સંત સ્વામી પાસે.

આ વખતે સમય થયેલો – ૮:૨૦ વાગ્યાનો !

તે ક્ષણે ડાબે પડખે સૂતેલા આ સમર્થ સદ્‌ગુરુની અંત અવસ્થાને જાણી ગયા હોય તેમ સ્વામીશ્રીએ પોતાનો ડાબો હાથ સંત સ્વામીના પડખા પર મૂક્યો અને જમણા હાથે કૃત્રિમ શ્વાસ માટેની તૈયારી કરતા હોય એ રીતે તેઓ છાતી દબાવવા લાગ્યા. તેની સાથે એક શ્વાસે અને ત્વરાથી 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' ધૂન કરવા માંડેલા સ્વામીશ્રી, વચ્ચે-વચ્ચે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજને સંભારીને તેઓ જાણે ત્યાં હાજર જ હોય એ રીતે સંબોધન પણ કરતા રહ્યા.

તેઓની આ ચેષ્ટાઓ એક જીવનમુક્ત મહાપુરુષની વિદેહમુક્તિનો માર્ગ મોકળો કરી રહી છે તેની ખબર ચાર જ મિનિટમાં પડી ગઈ, જ્યારે લાભ ચોઘડિયામાં ૮:૨૪ વાગ્યે સંત સ્વામીનો આત્મા અક્ષરધામની વાટે પ્રયાણ કરી ગયો.

જેઓની બ્રાહ્મીસ્થિતિ મુમુક્ષુઓ માટે ઉદાહરણરૂપ હતી, જેઓનું જીવન શ્રીજીમહારાજના પરમહંસોની યાદ અપાવે એવું હતું, યોગીજી મહારાજના સમયમાં ચીંથરે વીંટ્યા રતનની જેમ રહેલા સ્વામીશ્રીના ઝળહળાટની જેઓએ છડેચોક આલબેલ પોકારી હતી અને સ્વામીશ્રીથી વયમાં પંદર વર્ષે મોટા હોવા છતાં જેઓએ સ્વામીશ્રી વિષે અપાર ગુરુભાવ દાખવી દાખલો બેસાડ્યો હતો, તેવા સંત સ્વામીએ છેલ્લો શ્વાસ લેતાં જ ખુરશી પર બેઠેલા સ્વામીશ્રી નેત્રો મીંચી ધૂન કરવા લાગ્યા.

થોડી પળો આમ જ વિતાવ્યા બાદ, તેઓએ સાંજે પાંચ વાગ્યે ઉત્તર-ક્રિયા કરવાનું જણાવી મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી વગેરે વરિષ્ઠ સંતો તથા

ગામોગામના હરિભક્તોને બોલાવી લેવા સંદેશા જારી કરી દીધા. તેની સાથે આજે સવારની ટ્રેન દ્વારા ઉત્તરાયણની ઝોળી નિમિત્તે લીંબડી, સુરેન્દ્રનગર તરફ ગયેલા સંતોનેય સ્વામીશ્રીએ પાછા બોલાવી લીધા. સ્વયં પણ સભામંડપના સિંહાસનની જમણી બાજુની નવી પરસાળમાં બિરાજી પ્રાર્થનારત થઈ ગયા.

આ સમયે સભામંડપ ધૂનના ઘોષથી ગાજતો હોવા છતાં જાણે તે ગમગીન જણાતો હતો. ખાસ કરીને સ્વામીશ્રી જ્યાં બિરાજેલા તેની ડાબી બાજુએ આવેલો સભામંડપનો બીજો થાંભલો વધુ સ્તબ્ધ ભાસી રહ્યો. આ એ જ સ્તંભ હતો કે જેના ટેકે બેસી સંત સ્વામી પહેલા થાંભલાના ટેકે બેઠેલા સ્વામીશ્રી સાથે મધરાત સુધી ગોષ્ઠી કરતા. એ જોડી આજે ખંડિત થતાં જડ થાંભલો પણ હચમચી ઊઠ્યો !

આવા શોકમગ્ન વાતાવરણમાં બપોરે ત્રણેક વાગ્યે સ્વામીશ્રીએ સંત સ્વામીને તેઓના ઓરડામાંથી નીચે લેવડાવ્યા. અહીં નવી પરસાળમાં પેલા બે થાંભલાની વચ્ચે આવે તેમ સંત સ્વામીની પાટ રખાવી તેઓ બોલ્યા: ‘યોગીબાપાને પણ આજે જ (તા. ૧૩/૧/’૭૧) એટેક આવેલો. એમણે દસ દિવસ ખેંચ્યું ને આમણે નહીં.’

આમ કહેતાં સ્વામીશ્રીએ પૂર્વમુખે પધરાવેલા સંત સ્વામીના પાર્થિવ શરીરને શુદ્ધ જળ તથા પંચામૃતથી સ્નાન કરાવ્યું. ઉપસ્થિત સંતો-ભક્તોને પણ આ લાભ અપાવ્યો. ત્યારબાદ તેઓએ સંત સ્વામીના શ્રીવિગ્રહને કંઠી પહેરાવી અને બીજી કંઠી મહંત સ્વામીના હાથે પહેરાવડાવી. તે પછી સ્વામીશ્રીએ યજ્ઞોપવીત અર્પણ કરી ચંદનનું લેપન પણ કરાવ્યું અને પાલખી આકારે તૈયાર થયેલા વિમાનમાં સંતો દ્વારા પાર્થિવ દેહને પધરાવ્યો. સંત સ્વામી માથે છોગલિયાળું ફાળિયું બાંધતા તેવું જ ફાળિયું સ્વામીશ્રીએ આજેય બંધાવડાવ્યું.

આ રીતે સંત સ્વામીને સજ્જ કરી, પુષ્પહાર તથા પુષ્પચાદરથી મઢી, જમણા હાથે પાલખીને કાંધ આપતાં સ્વામીશ્રી ૩૨ ડગલાં ચાલીને બહાર આવ્યા અને કોઠારની ઓસરી આગળ દેહને પધરાવ્યો.

આ વખતે પ્રાંગણમાં એકત્રિત થયેલા ત્રણેક હજાર હરિભક્તોના ધૂનનો ઘોષ ચાલુ હતો. તેઓ સમક્ષ સ્વામીશ્રીએ આ ‘સંત’ મુક્તાત્માની આરતી ઉતારી. આ ઘડીએ સંત સ્વામીના સેવકો નિર્માનજીવનદાસ સ્વામી, મંગલતીર્થદાસ સ્વામી અને ડૉ. કનુભાઈ ધાનાણી પાસે પણ આરતી ઉતરાવ્યા બાદ, સ્વામીશ્રીએ માથે લૂગડું ઓઢી પાલખીને મંદિરની પાંચ પ્રદક્ષિણા કરાવી.

તે વખતે પાલખીની ડાબે તેઓએ અને જમણે મહંત સ્વામીએ ખભો ધર્યો. તેમાં વારાફરતી સંતો જોડાતા ગયા.

આ રીતે મંદિર બાદ સ્મૃતિમંદિરની એક પ્રદક્ષિણા ફરી શ્રીજીમહારાજની પ્રાસાદિક ધોળાવાડીમાં તૈયાર કરેલી ચિતા પર સંત સ્વામીના દેહને સુવડાવવામાં આવ્યો.

અત્રે પણ પ્રાસંગિક વિધિ બાદ સ્વામીશ્રી પાર્થિવ શરીરની પ્રદક્ષિણા કરવા લાગ્યા. લૌકિક રીત મુજબ જમણા અંગૂઠેથી ડાબા અંગૂઠા સુધીની પ્રદક્ષિણા કરવાની હોય, પરંતુ સ્વામીશ્રીએ કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ વખતે મેં અને યોગીબાપાએ પાંચ પ્રદક્ષિણા (આખી) જ કરી હતી. એવું જ કરીશું.'

આ સ્મૃતિ સાથે તેઓએ પાંચ પ્રદક્ષિણા ફરી, જમણા અંગૂઠે અગ્નિ-સ્પર્શ કરાવ્યો તેની થોડી જ ક્ષણોમાં જ્વાળાઓથી શરીર વીંટળાઈ વળ્યું. તે નીરખતાં, સતત ધૂન કરતાં, સ્વામીશ્રીએ પોતાના આ ગુરુભાઈને ચિર-વિદાય આપી ત્યારે તેઓ પણ લાગણીવિવશ બની ગયા. આ સ્નેહને કારણે જ, તેઓ આજે સવારથી પાણીનું ટીપું પણ મોંમાં મૂકી શક્યા નહોતા. બપોરે સંતોએ આરામ કરાવવા આગ્રહપૂર્વક તેઓને પલંગ પર પોઢાડેલા, પરંતુ સ્વામીશ્રી સૂઈ શક્યા નહોતા.

આમ, આખા દિવસના ઉપવાસ પછી તેઓ સ્નાનાદિકથી પરવારી સાંજે ૬:૨૫ વાગ્યે ભોજન માટે બિરાજ્યા, પણ અતિ અલ્પ જમી ઊભા થઈ ગયેલા સ્વામીશ્રી મંદિરની પાછળના ચોકમાં ભરાયેલી શ્રદ્ધાંજલિ સભામાં આવી બિરાજ્યા.

સંત સ્વામી આ મંદિરનું ધબકતું હૃદય હતા

હકડેઠઠ હોવા છતાં સન્નાટાસભર જણાતી શ્રદ્ધાંજલિ સભામાં મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, કોઠારી સ્વામી વગેરે સંતો-ભક્તોની ભાવાંજલિ બાદ ગદ્‌ગદભાવે સંત સ્વામીને શ્રદ્ધાસુમન સમર્પિત કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

"પૂજ્ય સંત સ્વામી આ મંદિરનું એક ધબકતું હૃદય હતા. મંદિરમાં દરેકને થાય કે 'સંત સ્વામીનાં દર્શન થશે ને વાતો સાંભળવા મળશે.' એમણે ખૂબ સારી રીતે સંતો તૈયાર કર્યા એ મોટામાં મોટું કાર્ય. દરેકને એમના પ્રત્યે પ્રેમ. સંતોને 'અહીં સંત સ્વામી છે' એમ આનંદ હતો. દરેકના ખુલાસા મળે. મનમાં શાંતિ થાય.

એમને ત્યાગ-વૈરાગ્યની છટા. કોઈ પણ જાતની સ્પૃહા, ઇચ્છા જ નહીં. જે વખતે જે મળે એનો સંતોષ. શાસ્ત્રીજી મહારાજને વિષે એવો ભાવ કે 'કેમ રાજી થાય ?' શાસ્ત્રીજી મહારાજે જે સેવા સોંપી તે ઉમંગથી, શ્રદ્ધાથી કરી.

એ વખતે ભંડાર કરવો એટલે છાણાંમાં ફૂંક મારી-મારીને આંખોમાંથી પાણી વહ્યાં જાય. રાત્રે ઊઠીને પણ ખળાંમાં જાય. ઘણા વખત હું આવતો તો બેસતા. કથા-વાર્તામાં રાત્રે બાર - સાડા બાર થાય. પછી કહે, 'ચાલો, મંદિરને આંટો મારીએ.' મને ભેગો લે. રાતના બબ્બે વાગ્યે પણ મંદિરની ફરતે ફર્યા છે. કથા-વાર્તાય ચાલુ ને સેવાય ચાલુ. કથા-વાર્તા, જ્ઞાન, સેવાની છટા જેમ યોગીજી મહારાજને હતી તેવી એમને હતી.

સાચી વાત કહેવામાં કોઈની મો'બત નહીં. સ્પષ્ટ વક્તા હતા. દરેકના જીવમાં સત્સંગ દૃઢ કરાવ્યો, પણ લાલચુ કોઈને બનાવ્યા નથી. આજે ૮૭ વર્ષ થયાં, પણ એક નાનું સરખું પદાર્થ પણ પોતાની ઝોળીમાં થવા દીધું નહીં !

એમનું એકધારું જીવન. વચનામૃતના પગી. એમનું પ્રમાણ લઈ શકાય. છેલ્લે એ જ કહ્યું, 'મારે કંઈ બાકી નથી. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજને રાજી કર્યા છે. સંતો-હરિભક્તોનો રાજીપો છે. મહારાજની સેવામાં બેસવું છે.' આ જ રટના હતી. એમની કોઈ ફરિયાદ નહોતી. એમની ખોટ જણાય.''

આમ, ખૂબ ભાવવાહી કંઠે સ્વામીશ્રીએ સંત સ્વામીનાં જીવન-કાર્યને બિરદાવ્યું.[૩૮]

શરીરની શોભા ભજન છે

સંત સ્વામીના અક્ષરવાસ નિમિત્તે સ્વામીશ્રીએ તા. ૧૪/૧થી પારાયણનો પ્રારંભ કરાવી દેતાં, મહંત સ્વામી વચનામૃતની કથાનો લાભ આપવા માંડ્યા. તેઓની સાથે સ્વામીની વાતોના પારાયણ માટે અલગ-અલગ સંતવક્તાઓ ગોઠવવામાં આવેલા, પરંતુ પ્રથમ દિવસે 'આજે મારે 'વાત' સમજાવવી છે' એમ કહી સ્વામીશ્રીએ સંત સ્વામીને જે વિશેષ પ્રિય હતી

૩૮. એક જીવનમુક્ત સંતની વિદેહમુક્તિના આ દિવ્ય પ્રસંગને નિહાળવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

તે પહેલા પ્રકરણની છેલ્લી વાતના આધારે નિરૂપણ કર્યું.

આ પારાયણની સમાંતર વચનામૃત, સ્વામીની વાતો, શિક્ષાપત્રી, ભક્તિચિંતામણિ વગેરેના અખંડ પાઠનું આયોજન પણ સ્વામીશ્રીએ જ ગોઠવાવેલું. તે મુજબ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના પ્રાસાદિક ઓરડાઓમાં તથા સંત સ્વામીના ઓરડે આ પાઠ ચાલતો.

તે ક્રમાનુસાર તા. ૧૫/૧ની સવારે આ પારાયણમાં પધારેલા સ્વામીશ્રીએ 'ઇન્દ્રિયારામ હોય તે દબાય...' એ 'વાત' નિરૂપતાં જણાવ્યું :

'શરીર ટકે એ માટે ખાવાનું છે, ખાવા માટે શરીર નથી. એ જ રીતે શરીર ઢંકાય એ માટે કપડાં છે, શરીરને શણગારવા માટે નહીં. શરીરની શોભા શણગાર નહીં, ભજન કરો એ છે. આજે બ્યૂટીફૂલ(સૌંદર્ય)ની હરીફાઈઓ ચાલે છે, પણ એને શું કરવાનું? અંતે રાખ થવાનું છે.

જેને લાલચ હોય એ દબાતો ફરે, કારણ કે પદાર્થ મેળવવા કો'કને કહેવું પડે. પછી એ આવે ત્યારે સરભરા કરવામાં મંદિરમાંથી આઘું-પાછું કરીને એને રાજી કરવો પડે. વસ્તુઓ મળે એ માટે ફ્રેન્ડશિપ કરવી પડે. માટે ભગવાનની ઇચ્છાથી જે મળે એનાથી નિર્વાહ કરી લેવો. આપણે કંઈ સરવણીમાં મૂકવાનું નથી. એટલે નકામો સંઘરો કરવો નહીં. તમે મને ગમે એટલી લાખ રૂપિયાની પેન આપો તોય મારા અક્ષર એવા જ આવવાના. એટલે મોંઘી પેનનો અરથ શું? આ તો કો'કનું જુએ એટલે મન થઈ જાય. સંત સ્વામીને કોઈએ આંગળી ચીંધી? બધું ત્યાગીને એક (ભગવાન અને સંત) રાખીએ તો પરમ શાંતિ રહે.'

નિર્મત્સર નીતિ

તા. ૧૬/૧ની રાત્રે સ્વામીશ્રીને મળવા આવેલા સારંગપુર ક્ષેત્રના કાર્યકરોમાંથી એકની વાત કરતાં સંતોએ કહ્યું : 'બાપા! આ જયરામભાઈ ગામડે જાય છે પણ એ જાય ત્યાં સુધી જ મંડળ ચાલે ને પાછું પડી ભાંગે છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ તે કાર્યકરને જણાવ્યું : ''તમે હિંમત હારશો નહીં. મૂળ સ્થાનિક કાર્યકરને ઊભા કરો. તમને જેમ લાગણી છે કે 'ગામોગામ જઈને મંડળ વધારવું છે,' એવી સ્થાનિક કાર્યકરમાં થવી જોઈએ. સભા વખતે ઘેર-ઘેર જઈને સૌને મળે, બધાને ભેગા કરે, મંડળ ચલાવે. જેટલો સત્સંગ કરાવો એટલું તમને વધારે બળ મળે. માટે એમાં થાકવું નહીં.

આપણે પાયો નાંખતા જવો. ચણતર કરનારા મળી રહેશે. નાંખેલું બીજ ક્યારેય નિષ્ફળ જતું નથી. ધીરે ધીરે પાંચમાંથી પચીસ થાય જ ! જ્યાં જઈએ ત્યાં કથાની તૈયારી કરીને જવું એટલે સામેવાળાને રસ પડે.''

કાર્યકરો માટે સેવાનો આલેખ સ્વામીશ્રીએ દોરી આપ્યો. આ રીતે તેઓએ ઠેર-ઠેર નાંખેલા પાયા પર આજે સત્સંગની સુદૃઢ ઇમારતો ઊભી થયેલી છે.

આવા મજબૂત પાયાની એક ઈંટનું દર્શન તા. ૧૭/૧ની રાત્રે અનાયાસે લાધી ગયું ! આ સમયે અમેરિકાથી આવેલા શ્રી મનુભાઈ ખમારે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! એટલાન્ટામાં આપણી બાજુમાં જ એક બીજું મંદિર બંધાયું. એને લીધે આપણા મંદિરમાં લોકોની અવરજવર ઓછી થઈ ગઈ છે.'

'એની ચિંતા ન કરવી. ત્યાં જઈને ભગવાન તો ભજે છે ને ! તમે સ્થાનિક જાગ્રત થાઓ ને જેટલી એક્ટિવિટી (સેવા-પ્રવૃત્તિ) કરો એટલા લોકો વધારે આવશે. સૌ સૌનાં ભાગ્ય લઈને આવ્યા છે. સાચું હોય એ વધવાનું જ છે.'

સ્વામીશ્રી બોલ્યા. તેમાંથી તેઓની નિર્મત્સર નીતિ પ્રકાશી રહી.

સંસારની સંજીવની સમા સમૈયા

તા. ૧૯/૧ની રાત્રે આવેલા નવરંગપુરાના શ્રી મયૂરભાઈનાં વાણી અને વદનમાં સ્વામીશ્રી પ્રત્યે કૃતજ્ઞતા છલકાઈ રહેલી, કારણ કે રોજનો બસો રૂપિયાનો દારૂ ગટગટાવી જવાની તેઓની લત યોગી શતાબ્દી મહોત્સવમાં આવવાથી છૂટી ગયેલી. તેની સાથે ભંગાણના આરે પહોંચેલું લગ્નજીવન પણ પુનઃ સ્નેહગાંઠથી બંધાઈ ગયેલું. તેનું શ્રેય પણ શતાબ્દીના ઉત્સવને આપતાં આ ભાવિક આભાર માનવા લાગ્યા ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'તમને સમૈયામાં સારી પ્રેરણા મળી એટલે અમારો સમૈયો સફળ ! હવે વ્યસન ફરી પેસવા દેશો નહીં અને રોજ સ્વામિનારાયણની માળા ફેરવજો.'

આમ, સંસારની સંજીવની સમા સમૈયાઓ દ્વારા કંઈક મૃતઃપ્રાયને ચેતનવંતા કરતા સ્વામીશ્રી, તા. ૨૦/૧ની સવારે ઠાકોરજીનાં દર્શને પધાર્યા ત્યારે બુલંદ અવાજે છડી પોકારતાં પાર્થ ભગત બોલ્યા : '...અનંત કોટી બ્રહ્માંડના નિયંતા પ્રમુખસ્વામી મહારાજને ઘણી ખમ્મા...!'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ તે પાર્ષદની પાસે જઈ સ્પષ્ટતા કરી કે

'અનંત કોટી બ્રહ્માંડના નિયંતા એવું ન બોલવું. અનંત કોટી બ્રહ્માંડના નિયંતા ભગવાનનું સ્વરૂપ... એવું બોલવું.'

આ ચોખવટે સ્વામીશ્રીના દાસભાવની સાથે તેઓના સ્વરૂપની છડી પણ પોકારી દીધી.

તેના ઘોષ વચ્ચે જ આજની પ્રાતઃસભામાં પારાયણના પૂર્ણાહુતિ પ્રસંગે સ્વામીશ્રીએ જણાવ્યું :

'મહારાજ ઠેઠ અક્ષરધામમાંથી આવ્યા એમાં આપણું કયું સાધન? ક્યાં હાથી ને ક્યાં કીડી? આ તો એમણે દયા કરી એટલે મેળાપ થયો. આપણે બગાસું આવ્યું ને સાકરનો ગાંગડો આવી ગયો છે. આપણું જનમવું ને શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપાનો યોગ થઈ ગયો. એમની કૃપા છે તો આપણે હવે *'મરજી સમજીને રહેવું આઠો જામ.'* આપણે એમને નથી વર્તાવવાના. એ આપણા સારુ કેટલો દાખડો કરે છે! મનધાર્યું ને એમની ઇચ્છાથી કરીએ એમાં ઘણો ફેર પડી જાય.'

સમાપનનો આ સંદેશ સંભળાવનારા સ્વામીશ્રીએ આજે ગામધુમાડો બંધ રખાવી સમસ્ત ગ્રામજનોને જમાડ્યા. જેઓ સંજોગોવશાત્ ન આવી શક્યા તેઓનાં ઘેર ટિફિન પણ મોકલાવ્યાં.

આમ, સંત સ્વામીના ધામગમન નિમિત્તે અપૂર્વ જ્ઞાનયજ્ઞ કરી તેઓ આજની સાંજે અટલાદરા આવી પહોંચ્યા.

કેળવણીકારોના કેળવણીકાર

અટલાદરામાં તા. ૨૧/૧ની સવારે શાસ્ત્રીજી મહારાજના ઓરડે દર્શન કરવા પધારેલા સ્વામીશ્રીએ એક પુરાણી સ્મૃતિ ઉખેળી કે 'આ પાંચેય ઓરડા શાસ્ત્રીજી મહારાજે બનાવેલા. એની ઉપર ઢાળિયું હતું. ઢાળિયાવાળી જ ઓસરી બહાર પડતી. ત્યાં બેસીને સ્વામી કથા કરે, હરિભક્તોને મળે. '૫૫માં યોગીબાપા પરદેશ ગયા ત્યારે અહીં રહીને મેં આ સભામંડપ ને ઉપરનો માળ કરાવેલો. દૂધવાડાના મહીજીભાઈ એ એન્જિનિયર ને કારીગર.'

સ્વામીશ્રીની આવી શ્રમસભર સેવાથી ખીલેલા અટલાદરાના મંદિરે તા. ૨૪/૧ની સાંજે ગુજરાત આલ્કલીઝ ઍન્ડ કેમિકલ્સના માર્કેટિંગ ડાઈરેક્ટર શ્રી વિજયસિંહ પરમાર આવ્યા. આ સત્સંગી અમલદારને જોતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું : 'તમે શતાબ્દીના સમૈયામાં કેમ દેખાયા નહીં?'

'સ્વામી! હું ત્રણ વખત આવેલો, પણ ગિરદી હોવાથી આપને મળવા નહોતો આવ્યો.'

પદાધિકારીનો આ ખુલાસો તો સૌના ગળે ઊતર્યો, પણ જે ઉત્સવમાં સાઠ લાખથી વધુ મનુષ્યો ઊભરાયેલા તેમાં એક-એક સત્સંગીની હાજરી-ગેરહાજરી નોંધતી સ્વામીશ્રીની નજરમાં રહેલાં સ્નેહ અને સૂક્ષ્મતા તો સૌની સમજ બહારનો વિષય જ બની રહ્યાં.

પરંતુ તે દ્વારા પ્રત્યેકનું જતન કરતા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૫/૧ના રોજ છાત્રાલયનો વાર્ષિકોત્સવ ઊજવાયો. તેમાં રજૂ થયેલા કાર્યક્રમોથી અભિભૂત બનેલા એમ. એસ. યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી સબનીસે જણાવ્યું: 'અહીં આવતાં પહેલાં મેં છાત્રાલય જોયું. યુનિવર્સિટીમાં પણ આવાં પાંચ-દસ છાત્રાલયો હોય તો કેવું સારું! અહીં એક જાતની સેન્સ ઑફ બિલોન્ગીંગ (ધણીપણાની ભાવના) છે. યુનિવર્સિટીની હૉસ્ટેલોમાં આ ભાવના નથી. હવે અમે પણ આ સંસ્થા પાસેથી શીખીશું. આ સંસ્થા પાસેથી ઘણું લેવાનું છે. ખાસ તો શિસ્ત લેવાની છે.'

સ્વામીશ્રીનું જીવન અને કાર્ય નવાથી નીવડેલા સુધીના સૌને કંઈક ને કંઈક શિખવાડતું રહેતું.

પ્રથા અને પરંપરાના પાલક તથા પોષક

છાત્રાલયના વાર્ષિકોત્સવ નિમિત્તે યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં ઝંપલાવનારા હરીફો સહજાનંદ, યોગી અને પ્રમુખ નામનાં ત્રણ વૃંદમાં વહેંચાયેલા. તેઓ વચ્ચે ખેલાયેલી રમતોમાં યોગી વૃંદ વિજેતા બનતાં તેના સભ્ય ખેલાડીઓએ ઉત્સાહભેર વિજયની ઉજવણી કરેલી. સ્વામીશ્રીના હાથે આજે તેઓને ઇનામો પણ એનાયત થયેલાં.

આ પારિતોષિક વિતરણ બાદ સ્વામીશ્રીના રાત્રિભોજન વખતેય વિદ્યાર્થીઓ પોતાની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કરવા લાગ્યા. તેઓની વિગતો ધ્યાનપૂર્વક સાંભળતા સ્વામીશ્રીએ અંતે કહ્યું: "આપ સૌ જુદી જુદી પ્રવૃત્તિ કરો એ સારું છે, પણ મારું એક સૂચન છે કે 'સહજાનંદ, યોગી એમ જુદાં જુદાં ગ્રૂપ પાડવાને બદલે સહજાનંદ, ઘનશ્યામ, નીલકંઠ સારું.' હું પણ જાણું છું કે આ વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધા હતી, પણ સહજાનંદ, યોગી એમ ગ્રૂપ પાડવાથી આપણા ગુરુઓ અને મહારાજ વચ્ચે હરીફાઈ ઊભી થઈ જાય,

જે આપણા સિદ્ધાંતથી વિરુદ્ધ છે.''

સ્વામીશ્રીની આ સોનેરી સલાહમાં ઝીણો, ઊંડો અને દૂરનો વિચાર હતો. વળી, મુદ્દો મૂકવાની રીત મર્મભેદક છતાં મૃદુ હતી. તેથી સૌને પોતાની ભૂલ સમજાતાં છાત્રો વતી જ્ઞાનપુરુષદાસ સ્વામીએ કહ્યું : 'બાપા ! હવે અમે ધ્યાન રાખીશું. આપનો આભાર.'

'ના, આભાર મારે તમારો માનવાનો કે તમે અમારી સલાહ સ્વીકારી. બાકી મનમાં ભૂસું ભરાયું હોય એને કાઢવું કઠણ પડે.'

આટલું કહી સ્વામીશ્રી બોલ્યા : 'સંપ્રદાયમાં સમજી રાખવું કે કોઈની ગૌણતા ન થાય. આપણે તો એક જ સંસ્થા, એક સત્પુરુષ ને એક જ ભગવાન છે. એની મહત્તા રહે એ જ રીતે ચાલવું. સંપ્રદાયની પ્રથામાં બાધ ન આવી જાય એનું ધ્યાન રાખવું. આજે આ સંપ્રદાયનું ચાલ્યું એટલા માટે કે શાસ્ત્રીજી મહારાજે બધી જ પ્રથા ચાલુ રાખી. મહારાજને સર્વોપરી માનીએ, પરંતુ અવતારો અને દેવોનો આદર પણ કર્યો. જન્માષ્ટમી ને રામનવમીના ઉત્સવો પણ કર્યા. એમાં આપણી ભક્તિ ખોટી થઈ જતી નથી. નિયમ-ધર્મ ને સાધુતાની મહત્તા છે. બાકી બીજું કરવા જાય તો થૈ થૈ થઈ જાય. સમજ્યા ને બધા ?'

પ્રથાપાલન સંબંધી આ સચોટ માર્ગદર્શન આપી સ્વામીશ્રીએ તા. ૨૬/૧ના રોજ મંદિરના પ્રાંગણમાં જ પ્રજાસત્તાક દિન નિમિત્તે યોજાયેલો ધ્વજ-વંદનનો કાર્યક્રમ સંપન્ન કર્યો.

ત્યારબાદ તેઓ તા. ૨૭/૧ની બપોરે ભોજન કરવા બિરાજ્યા ત્યારે તેઓ સમક્ષ સામયિક 'પ્રકાશ'ના યોગી શતાબ્દી વિશેષાંકનો પાઠ શરૂ થયો. તેમાં ઉત્સવ પ્રસંગે પધારેલા વિવિધ સંતો-મહંતોની વિગતો આવી. તે સાંભળી સાધુની ફકીરી વર્ણવતાં સ્વામીશ્રી બોલ્યા :

'સાધુને તો તંબુનીયે જરૂર નહીં. 'ક્યાં ગયા'તા ?', તો કે 'વીરપર'; 'ક્યાં ના'યા ?', તો 'નદી પર'; 'ક્યાં સૂતા ?', તો કે 'સાથર (ઘાસની પથારી) પર'; શું ખાધું ?, તો કે 'સેવ ને પાપડ.'

આ હળવી રજૂઆતથી સૌને આનંદ પમાડતા સ્વામીશ્રી મુલાકાતોમાં પરોવાયા.

આ શ્લોકમાં બધું જ આવી ગયું

તા. ૨૮/૧ના રોજ વસંત પંચમી નિમિત્તે હજારો હરિભક્તોથી ઊભરાતા

મંદિરમાં સૌનું અભિવાદન ઝીલતાં, સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધાર્યા. અત્રે તેઓએ આજના ઉત્સવદિને દંડવત દ્વારા ભક્તિ અદા કરી ત્યારે રોજના ક્રમ મુજબ અગ્રણી સત્સંગી શ્રી મનુભાઈ પટેલે 'નિજાત્માનં બ્રહ્મરૂપં...' શ્લોક[૩૯] લલકાર્યો. તે સાંભળી કો'ક બોલ્યું : 'હવે એનાથી આગળ વધો.'

'આનાથી આગળ વધવાનું છે જ નહીં. આ શ્લોકમાં બધું જ આવી ગયું ! આ શ્લોક દૃઢ થાય એ જ કરવાનું છે.' સ્વામીશ્રીએ કહ્યું.

જ્ઞાનની આ સીમા સુધી સૌને પહોંચાડવા વિચરતા તેઓએ આજની ઉત્સવ-સભામાં પણ જણાવ્યું કે "આ જ્ઞાન શૂરવીરોના કામનું છે. શૂરવીર એટલે ઘરમાં ને ગામમાં તોફાન કરે એ નહીં, પણ ભગવાનના નિયમોમાં દૃઢતા રહે ને ઇન્દ્રિયો થર-થર ધ્રૂજે. ગમે એવા સંજોગો આવી પડે પણ જ્ઞાન ન સ્રવે, બીજે વિશ્વાસ ન બેસે એ ! શૂરવીરતા આ છે. શૂરા સંત મળે એ જ આપણને શૂરવીર બનાવે. શાસ્ત્રીજી મહારાજે અદ્‌ભુત જ્ઞાન આપ્યું છે. હવે એ પચાવવાનું છે. એ પચે પછી અલમસ્તાઈ આવી જાય. આ જ્ઞાન અદ્‌ભુત, દિવ્ય, અલૌકિક છે. એમાં ઊંડા ઊતરવું. એ પ્રવર્તાવવા પ્રયત્ન કરવો."

ગુણાતીત જ્ઞાનનો આ મહિમા ગાઈ સ્વામીશ્રી તા. ૩૧/૧ની બપોરે સવા બાર વાગ્યે ઊપડેલી જમ્મુ-તાવી ઍક્સપ્રેસ દ્વારા સાંજે સાત વાગ્યે મુંબઈ પધાર્યા.

૭૧ કિલોના ઠાકોરજી !

મુંબઈમાં તા. ૧/૨ના રોજ પત્રવ્યવહારની સેવામાં પરોવાયેલા સ્વામીશ્રી સમક્ષ બેસી દર્શનસુખ લઈ રહેલા સંતોમાં કેટલાક વિશેષ શાસ્ત્રાભ્યાસ કરનારા પણ હતા. તેઓને એક પત્રના અનુસંધાનમાં સ્વામીશ્રીએ જણાવ્યું :

"વચનામૃતમાં બધા જ શબ્દો આવી જાય છે. કોઈ વાત અવિદ્વાન રાખી નથી. એના જેવો એકેય ગ્રંથ નથી. આપણે 'વચનામૃત' ને 'વાતો'ને મુખ્ય રાખીને ભણવું. બીજા ગ્રંથ ભણવા, પારાયણ કરવું પણ એમાંય વચનામૃત મુખ્ય રાખવું. મહારાજ સર્વોપરી સિવાય બીજી વાત ન નીકળે. વેદ-વેદાંતનો સાર મહારાજે બતાવ્યો એ છે. ઘણી વાર બીજા ગ્રંથો વાંચીને એમ ન થઈ જવું

---

૩૯. निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम्। विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा॥ અર્થાત્ ત્રણ દેહથી વિલક્ષણ પોતાના જીવાત્માને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરવી. (શિક્ષાપત્રી : ૧૧૬)

જોઈએ કે 'આવી વાત તો મહારાજે કરી નથી !' શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુ કરતાં બીજા કોઈનો વિશેષ મહિમા સમજાવો ન જોઈએ, તો જ પાયો મજબૂત કહેવાય.''

શાસ્ત્ર-અધ્યયનની આ દિશા ચીંધ્યા બાદ સ્વામીશ્રી તા. ૪/૨ની સવારે શ્રી પરમાનંદભાઈ પટેલના ઘેર પધાર્યા. અહીં તા. ૬/૨ની રાત્રે વાળુ-ચળુંથી પરવારેલા તેઓ પર કલકત્તાના કાર્યક્રમ બાબતે પુરુષોત્તમજીવનદાસ સ્વામીનો ફોન આવ્યો. તેમાં તેઓએ ઠાકોરજીની સુવર્ણતુલા સંબંધી વાત કરતાં સ્વામીશ્રીને જ પૂછ્યું : 'ઠાકોરજીનું પેટી સહિત વજન કેટલું થાય છે ?'

'ઠાકોરજીનું વજન તો ૭૧ કિલો છે.' સ્વામીશ્રીએ અણધાર્યો ઉત્તર આપ્યો.

આ સમયે તેઓનું વજન ૭૧ કિલો હતું. તે સંદર્ભમાં તેઓએ જણાવેલી આ વાત ગમ્મતભરી હતી, છતાં તેમાંથી *'સદ્‌ગુરુ સાહિબ એક...'*નો મર્મ ફૂટી રહ્યો.

આ તો લઈને દેવાની વાત છે

મુંબઈ મુકામે રોજ સાંજે ચાલતા શિક્ષાપત્રીના પારાયણમાં તા. ૮/૨ના રોજ ગૃહસ્થ ભક્તોને આર્થિક ઉત્કર્ષનું માર્ગદર્શન આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'આપણે ધર્માદો આપીએ એમાં ભગવાનને ભાગીદાર બનાવીએ છીએ. (ધર્માદો) માનો તો ફરજિયાત છે અને ન માનો તો મરજિયાત છે. આગ્રહ નથી, પણ આપીએ તો અનંતગણું મળવાનું છે. ભગવાનને અંતર્યામી જાણીને પ્રામાણિકપણે આપવું. અત્યાર સુધી જેણે-જેણે આપ્યું છે એને કાંઈ ખોટ આવી નથી. આ તો લઈને દેવાની વાત છે. આવક પ્રમાણે ખર્ચ કરવો. કોઈનો વાદ ન લેવો. દેખાવ ન કરવો. 'બાપનું બારમું પેલાએ કર્યું, મારેય કરવું છે,' પણ તેવડ જોવી. ગયેલો બાપ પાછો આવવાનો નથી કે કુરાજી થવાનો નથી. લગ્નમાં પણ સાદાઈ. ખોટા ખર્ચા શા માટે ? ગજા બહાર ન કરવું, તો જ ઈકોનોમી (આર્થિક માળખું) સારી રહે. ભગવાન લે છે કણ, પણ આપે છે...'

'મણ !' સૌ બોલ્યા.

ત્યારે સ્વામીશ્રીએ પોતાનું અનોખું ગણિત સમજાવતાં કહ્યું : 'લે છે કણ, પણ આપે છે ટન, મણ નહીં.'

તેઓની આ ગણતરીને સૌએ ઉત્સાહભેર વધાવી લીધી.

આ જ રીતે સ્વામીશ્રીએ તા. ૯/૨ના રોજ વિશેષ અભ્યાસ કરનારા સંતોનેય સીધી લીટી દોરી આપતાં કહ્યું:

'આપણે સાધુતા, નિયમ-ધર્મ, મર્યાદા બરાબર સાચવવાં. આરતી, પૂજા, કથા-વાર્તા, નિયમ-ચેષ્ટા બરાબર રાખવું. આપણું કામકાજ સાથે મળીને કરી લેવું. અભ્યાસ ખંતથી કરવો. બીજું, જ્ઞાનની, સમજણની દૃષ્ટિ રાખવી. ગડબડ ગોટા ન કરવા. આપણી સીધી લાઇન છે. શાસ્ત્રીજી મહારાજે જે સિદ્ધાંત આપ્યો છે તે આપણી સમજણ. યોગીજી મહારાજે ૨૪ ગુરુ કર્યા પણ શાસ્ત્રીજી મહારાજ મુખ્ય રાખ્યા. સમજણ જુદી થઈ તો સંપ ન રહે. ભણી-ગણીને આપણામાં અહંભાવ ન આવે. હેત દરેક સાથે રાખવું, પણ સમજણ સિદ્ધાંત પ્રમાણે રાખવી.'

આદર્શની ઓળખ

તા. ૧૧/૨ની બપોરે સ્વામીશ્રીના ભોજન દરમ્યાન વંચાઈ રહેલા તદ્રૂપાનંદ સ્વામીની વાતોના પુસ્તકમાંથી પાઠકે વાંચ્યું કે "રણમલસિંહે શ્રીજીમહારાજને પૂછ્યું: 'શાસ્ત્રમાં ૮૪ અવતાર કહ્યા છે તે કેવા હશે?"

'૮૪ કે ૨૪?' સ્વામીશ્રીએ પૂછ્યું.

'૨૪.' વાચકે પોતાની ભૂલ સુધારતાં કહ્યું.

આમ, ભોજન વખતે પણ એકાગ્રતાપૂર્વક કથાશ્રવણ કરતા સ્વામીશ્રી તા. ૧૧/૨ની રાત્રે બાળ કાર્યકરોની મીટિંગમાં પધાર્યા ત્યારે સૌએ આદર્શ કાર્યકર્તા થવાના આશીર્વાદ માંગ્યા. તેઓની આ પ્રાર્થનાને લક્ષમાં લેતાં સ્વામીશ્રીએ પણ જણાવ્યું:

'આપણે ભક્ત થવું તો સાચા થવું. આપણને જોઈ લોકોને શાંતિ થાય અને લોકોને જોઈ આપણને શાંતિ થાય એ આદર્શ. ઘરમાં શાંતિ રહે એ આદર્શ. બ્રહ્મરૂપ થવું એ આદર્શ. આદર્શ થવા નિયમ-ધર્મ, કથા-વાર્તા, કીર્તન-ભક્તિ, તિલક-ચાંદલો આ બધું કરવું પડે. આપણને કોઈ ભગતડા કહે તો શરમ લાગે, પણ કોઈ ડૉક્ટર હોય એને ડૉક્ટર કહે તો ખોટું લાગે? એ તો હોદ્દો છે. એમ ભગત કહે તો સારું. રાજી થવું. તિલક-ચાંદલો આપણું ચિહ્ન છે. તેની દઢતા રાખવી. નિયમો પાળીએ તો આદર્શ બનાય. સદ્ગુણો, કલ્યાણકારી ગુણો આવે તો આદર્શ બનાય. આદર્શ બન્યા પછી પણ પાળવાનું છે, બીજાને પ્રેરણા આપવી છે ને?! ભગવાન આગળ જઈએ ત્યારે દંડવત કરવા જ.

'કેડ દુઃખે છે' એમ બહાનાં કાઢી છટકી ન જવું. આપણે પહેલાં આદર્શ બનીએ તો બીજાને આદર્શ બનાવી શકાય. ગુરુપરંપરાનાં જીવનચરિત્રોમાં ઊંડા ઊતરવું, સિદ્ધાંતો પણ સમજવા.'

આમ, કાર્યકરોના અંતરમાં આદર્શનો ઉજાશ ભરી આપનારા સ્વામીશ્રી સમક્ષ, મીટિંગ બાદ કાર્યકર્તાઓનો પરિચય અપાવા માંડ્યો. તેમાં શ્રી ગિરીશભાઈ પરીખની ઓળખ આપતાં એક સંતે કહ્યું: 'બાપા ! આમણે જો આપનું વચન માન્યું હોત તો સંતો બાજુ હોત !'

'વચન માન્યું છે, માન્યું છે. સત્સંગમાં તો રહ્યા જ છે ને !' સ્વામીશ્રી બોલ્યા.

પેલા યુવાનનું મન ક્ષોભ અનુભવે તે પહેલાં તો તેઓની પ્રશસ્તિનાં પૂર ફરી વળ્યાં. યુવાનો તો શું, કોઈનેય કદી ઓછું આવવા ન દે એવા હતા સ્વામીશ્રી.

વેગની વાતો અને વાતોનો વેગ

તા. ૧૧/૨ની રાત્રે યોજાયેલી સંતસભામાં વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૯ના આધારે યોજાયેલી પ્રશ્નોત્તરીના સંદર્ભમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું:

''વચનામૃત, સ્વામીની વાતોની ગોષ્ઠિ કર્યા કરવી. તેથી ખટકો રહે. ખટકો હોય તો નિયમ-ધર્મ પળે. આરતી, દર્શનનો ખટકો હોય તો પહોંચી જવાય. ગમે તેવી ઊંઘ હોય તો પડી મૂકે. પારણાં માટે ઊંઘને લાત મારો કે નહીં ? એ વખતે વેગ રહે છે. દરેક બાબતમાં ખટકો રાખે તો વેગ લાગે. આરતી, કથામાં ન જઈએ તો ઓછા ભૂખે મરીએ છીએ ? પણ એ તો કૂતરાં-બિલાડાંય ખાય છે, પણ આપણી ભક્તિ શું ? માટે આપણું બગડે નહીં એ જોવું.

વચનામૃત તૈયાર કર્યું તે સારી વાત છે. જૂના સંતો મથાળાં જાણી રાખતા, અંદરના મુદ્દા જાણી રાખતા. આ આપણું ભૂષણ છે, ઘરેણાં છે. માટે આ કર્યું તે સારું છે. શાસ્ત્રીજી મહારાજ કહેતા: 'હું જે વાત ભગતજી પાસેથી સાંભળું તે રામરતનને કરું, ભૂલી ન જવાય.'

હું અમદાવાદ ભણતો. એક બ્રહ્મચારી પણ સાથે હતા. એની ગ્રહણ-શક્તિ ઓછી. મને વિચાર આવ્યો કે 'બ્રહ્મચારીને ભણાવું.' મને ખબર કે 'આ બિચારાને સમજાતું નથી. ભૂલી જાય છે.' ભણાવ્યા પછી પણ અડધા

કલાકે એવું ને એવું! છતાંય હું ભણાવતો. એમાં મારું પાકું થઈ ગયું. એમ બીજાને વાત કરવી. કંટાળવું નહીં. એની એ વાત ઘૂંટ્યા કરો. 'વચનામૃત, વાતો, જીવનચરિત્રો વારે-વારે શું વાંચવાં!' એમ નહીં. દુનિયાની વાતો લોકો ફરી-ફરી વાંચે જ છે ને!''

સ્વામીશ્રીની આજની વાતોનો વેગ અને વેગની વાતો – બંને ખૂબ પ્રેરક રહ્યાં.

બીજાને આગળ કરે તે આગળ વધે

તા. ૧૨/૨ના રોજ નવી પેઢીની વચ્ચે આસન માંડીને બેઠેલા સ્વામીશ્રીને કિશોરોએ પૂછ્યું કે 'સ્વામી! આ ઉંમરમાં અમે મહત્ત્વાકાંક્ષાનો વિચાર કરીએ છીએ...'

હજી તો આ પ્રશ્ન પૂરો થાય એ પહેલાં જ સ્વામીશ્રી બોલ્યા: 'આ દુનિયાની કોઈ મહત્ત્વાકાંક્ષા રહી નથી ને રહેવાની નથી. ભક્તિ કરવી ને રાજી કરવા એ મહત્ત્વાકાંક્ષા કામની છે, છતાં સારા થવાની મહત્ત્વાકાંક્ષા જરૂર રાખવી.'

આ ખુલાસો સાંભળી કિશોરોએ પૂછ્યું: 'બાપા! આપ કેવી રીતે આગળ વધ્યા?'

'નાનામાં નાના રહીએ તો બધાથી મોટા થવાય, પણ જે બધાથી મોટા થવા પ્રયત્ન કરે તે નાનો થાય. કોઈને પાછા પાડીને આગળ ન વધાય. બીજાને આગળ કરે તે આગળ વધે.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓના ઉત્તરો પોકળ તત્ત્વચર્ચા નહીં, પણ નક્કર જીવનચર્યામાંથી આવતા. તેથી દુનિયાને નવી દિશાઓ મળી રહેતી.

આ પરિણામ માણતાં કિશોરોએ આજે આગળ પૂછ્યું: ''સ્વામી! અમને લાગે છે કે 'અમારાં માતા-પિતા જુનવાણી વિચારનાં છે.' માતા-પિતાને લાગે છે કે 'અમે બગડી ગયા છીએ.' તો અમારી વચ્ચે પડેલી આ ખાઈને પૂરવા અમારે શું કરવું?''

ઘર-ઘરમાં ધૂંધવાતી આ સમસ્યાનું સચોટ સમાધાન આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'બધાં માતા-પિતા જુનવાણી નથી, પણ આપણે માની બેઠા છીએ. આપણને સારા કરવા, ગુણિયલ કરવા મા-બાપ ટોકતાં હોય, પણ આપણે એને સમજવાનો પ્રયત્ન કરવો. એમના ઉપકારને ભૂલવો નહીં. ઉપકારને યાદ

રાખીએ તો શાંતિ રહે.'

આમ, ઊગતી પેઢીને વિદ્રોહની વાટેથી પાછી વાળી કૃતજ્ઞતાની કેડીએ ચડાવી દેનારા સ્વામીશ્રીને કિશોરોએ વધુમાં પૂછ્યું: 'બાપા! અમારા જેવા કિશોરો પાસેથી આપની શું અપેક્ષા છે?'

'અપેક્ષા શું? માથું દબાવે, હાથ-પગ દબાવે, શરીર દબાવે એવું નથી. સાધુ થઈ જાવ એમ પણ નથી, પણ સારામાં સારા ભક્ત બનો, અભ્યાસ કરો, સમાજ અને દેશની સેવા કરો. સારો સમાજ તૈયાર કરવો છે. ભ્રષ્ટાચાર ન કરે, પ્રામાણિકતાથી નોકરી-ધંધો કરે, એવો સમાજ તૈયાર થાય.'

સમાજની સુખાકારી માટે જ આયખું ઓગાળનારા સ્વામીશ્રીને અંગત કોઈ અપેક્ષા નહોતી. જેમ વૃક્ષનું વિસ્તરવું અન્યને કાજે, તેમ સ્વામીશ્રીનું વિચરવું પણ જનહિતાર્થે.

નાગપુરમાં મંદિર-પ્રવૃત્તિના શ્રીગણેશ

તા. ૧૫/૨ની સાંજે મુંબઈથી નાગપુર પધારેલા સ્વામીશ્રી તા. ૧૬/૨ના રોજ અહીંથી ૫૦ કિ.મી. દૂર વસેલા મોહપા પાસે મધુગંગા બંધના કિનારે પહોંચ્યા. અત્રે તેઓએ ૩૦ એકરમાં નિર્માણ પામી રહેલા ભારતરત્ન અનુસંધાન સંસ્થાનનું ખાતમુહૂર્ત કર્યું.

ત્યારબાદ દોઢ વાગ્યે નાગપુર પરત ફરેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીંના વર્ધમાનપુર વિસ્તારમાં સંસ્થાએ સંપાદિત કરેલી ૩૭,૦૦૦ ચો.ફૂ. જમીન પર આવતીકાલે મંદિરનો ખાતવિધિ થવાનો હતો, પરંતુ સ્વામીશ્રીએ સંતોને સૂચના આપી કે 'ખાત માટે પાયો આજથી ન ખોદાવતા. આજે મંગળવાર છે. એ ભૂમિપુત્ર કહેવાય. એટલે ભૂમિને દુઃખ થાય.'

તેઓની આ સૂક્ષ્મ સંભાળથી ધરતીમાતા પણ પુલકિત થઈ ઊઠી.

આ રીતે જડ-જીવંત સહિત સૌનું જતન કરતા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા તા. ૧૭/૨ની સવારે નિર્માણાધીન મંદિરનું વિધિવત્ ખાતમુહૂર્ત થયું. તેની સાથે નિકટવર્તી જમીન પર બંધાનારી પાટીદાર સમાજની વાડીનુંયે ભૂમિપૂજન કરનારા સ્વામીશ્રી આજની બપોરે ગુણાનુરાગી શ્રી યોગેશભાઈના ઘેર ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે તેઓએ સંતોને પૂછ્યું: 'ખાડો પૂરી દીધો ને?'

આજની સવારે ખાતવિધિ વખતે સ્વામીશ્રીએ સંતોને ઈંટ, ચૂનો,

સિમેન્ટ નંખાવીને જળ વડે આખો ગર્ત ભરી દેવાની સૂચના આપેલી. તે સંદર્ભમાં તેઓએ અત્યારે પૂછ્યું ત્યારે સંતો બોલ્યા : 'હા, બાપા ! ખાડો પુરાઈ ગયો અને પાણી પણ બહાર નીકળી ગયું.'

'વાહ ! હવે લક્ષ્મી પણ છલકાઈ જશે.'

આ આર્ષવાણી સાથે નાગપુરમાં મંદિર-પ્રવૃત્તિના શ્રીગણેશ કરતા સ્વામીશ્રી આજની સાંજે કલકત્તા આવી પહોંચ્યા.

અમે ધારીએ તોય દયા ઓછી થાય એમ નથી

કલકત્તામાં શ્રી ચીમનભાઈ દાણીના બંગલે રોકાયેલા સ્વામીશ્રી સમક્ષ તા. ૧૮/૨ની સવારે સ્થાનિક સંતો તથા રશ્મિભાઈ વગેરે અગ્રણી સત્સંગીઓએ પ્રસ્તાવ ધર્યો કે 'બાપા ! આવતીકાલે શિવરાત્રિ નિમિત્તે મંદિરમાં અન્નકૂટ રાખ્યો છે, તો ત્યારે જ દર્શને પધારશો. આજે નહીં આવો તો વાંધો નથી.'

'તમે બધા કામમાં હો તો અહીં રોકાજો. હું એકલો જઈ આવીશ.'

સ્વામીશ્રીના આ પ્રતિભાવમાં રહેલો મર્મ વેધક હોવાથી મંદિરે જવાની વ્યવસ્થા તરત જ ગોઠવાઈ ગઈ. તે મુજબ મંદિરમાં ભાવપૂર્વક દર્શન કરી ઉતારે પધારેલા સ્વામીશ્રીને શ્રી નટુભાઈ મોદીએ પ્રાર્થના કરી કે 'બાપા ! દયા રાખજો.'

'સંતના જીવનમાંથી દયા ઓછી થતી જ નથી. જે સેવા-ભક્તિ કર્યાં હોય એ કંઈ એ ઓછા ભૂલે છે ? આપણા જીવનમાં ઓછું-વત્તું થયા કરે, પણ સંતને એવું થતું જ નથી ! હવે તો અમે ધારીએ તોય દયા ઓછી થાય એમ નથી.' સ્વામીશ્રી બોલ્યા.

પુષ્પ ઇચ્છે તોય તે પોતાની સુગંધ અળગી ન કરી શકે, કારણ કે તે તેનો અંગભૂત ગુણ. તેમ દયા એ સ્વામીશ્રીનો જન્મજાત ગુણ.

તે સાથે વિચરતા તેઓ પાસે આજની સાંજે પહોંચેલા કેટલાક સંતો નાગપુરથી ટ્રેન દ્વારા આવ્યા હતા. આ સંઘ સાથે ગોંદિયાના હરિભક્તોએ મોકલાવેલો હાર પણ હતો, પરંતુ તે ચીમળાઈ ગયો હોવાથી સૌ તે પહેરાવવાની 'ના' પાડતા હતા.

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'લાવો, હાથ અડાડીએ. ગોંદિયાવાળાએ પ્રેમથી બનાવ્યો છે એટલે એમને આશીર્વાદ છે.'

ભક્તોની ભેટ નહીં, પણ ભાવ સામે જોઈ તેઓએ દયા વરસાવી દીધી. સ્વામીશ્રીને અર્પણ કરેલું કશું એળે ન જતું.

વિપદ પડે પણ વણસે નહીં

કલકત્તા પધારેલા સ્વામીશ્રીના શરીરમાં પ્રવેશેલી ચક્કર આવવાની તકલીફ તેઓના જ શબ્દોમાં કંઈક આવી હતી: 'શબાસન પછી બેઠા થતી વખતે મગજ જરા બે સેકન્ડ માટે ગુમ થઈ ગયું હોય એવું લાગે છે. બે સેકન્ડ પછી કાંઈ જ નહીં. તે પણ આસન પછી જ થાય છે. બાકીના વખતમાં કાંઈ થતું નથી.'

આ માંદગીની ગંભીરતા જોઈ તા. ૨૦/૨ના રોજ MRI પરીક્ષણ સહિતની જરૂરી તમામ તબીબી તપાસ કરી લેવામાં આવી. તેના તારણરૂપે સારવાર માટે બને એટલું વહેલું મુંબઈ પહોંચી જવાનો મત નિષ્ણાત તબીબોએ આપ્યો, કારણ કે આ બીમારીના ઉપચારમાં વિલંબ થાય તો પક્ષાઘાતનો હુમલો પણ આવવાની શક્યતા હતી. છતાં તે સાંભળી લેશ વ્યગ્ર થયા વિના સ્વામીશ્રીએ જણાવ્યું: 'અહીં બે-ચાર દા'ડા અગત્યના પ્રોગ્રામો છે, એ પતી જાય પછી મુંબઈ જવાનું રાખીએ.'

'પણ જે મુશ્કેલી થવાની હોય એ બે-ચાર દા'ડામાં જ થઈ શકે એમ છે. એટલે તો...'

'આપણે ભગવાનને સંભારીને બધાને આશીર્વાદ આપીએ છીએ તો ભગવાન આપણને નહીં આપે? તમે પણ રોજ માળા કરજો. તમે આશીર્વાદ આપો એટલે બધું સારું થઈ જશે. હરિભક્તોએ અહીં બધી તૈયારી કરી છે, તો એ બધું પૂરું થઈ જાય પછી ત્યાં જઈએ.'

'પણ જે તાત્કાલિક જોવાનું છે એ હમણાં જ જરૂર છે.'

સત્સંગી ડૉક્ટરોની ઉપરોક્ત દલીલો સામે સહેજ અકળાઈને સ્વામીશ્રી બોલ્યા: 'ઉતાવળ કરવાની કંઈ જરૂર નથી. આપણે આટલે દૂર આવ્યા છીએ. આ બધાએ બધું માંડ ભેગું કર્યું છે, તો બધાને સંતોષ થઈ જાય ને!'

ડૉક્ટરોની આંખ સામે સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય હતું, પરંતુ સ્વામીશ્રીની નજર સમક્ષ સત્સંગીઓ હતા. એ હરિભક્તો માટે તેઓ કટોકટીમાંથી પસાર થઈ રહેલા શરીરની પણ ઐસી-તૈસી કરી રહ્યા.

હકીકતે તો આ બીમારી સ્વામીશ્રીને ગાંધીનગરમાં ઊજવાયેલા યોગી

શતાબ્દી મહોત્સવ વખતે પણ કનડતી રહેલી, છતાં તેઓએ આ વિગત દાબી રાખેલી; પરંતુ હવે પરિસ્થિતિ જોખમ ન ઉઠાવી શકાય એવી નાજુક હોવાથી તા. ૨૧/૨ના રોજ ઠાકોરજીની સુવર્ણતુલાના કાર્યક્રમ બાદ સ્વામીશ્રીને મુંબઈ લઈ જવામાં આવ્યા.

અહીં મંદિરે દર્શન બાદ નબળા સ્વાસ્થ્યને જોતાં દંડવત કરવા હિતાવહ નહોતા, છતાં સ્વામીશ્રીનો ભક્તિપ્રવાહ કોઈનો રોક્યો ન રોકાયો. તેઓએ છ દંડવત કરી જ લીધા.

પરંતુ તેઓ અચાનક મુંબઈ આવતાં સત્સંગ-સાગરમાં ઊઠેલા ચિંતાના મોજાને કારણે સ્વામીશ્રીના સ્વાસ્થ્યની વિગત જાણવા દેશ-વિદેશના ફોનની ઘંટડીઓ સતત રણકવા માંડી. જો કે સ્વામીશ્રી તો તદ્દન ચિંતામુક્ત રહી સૌને જવાબ આપતા કે "બધાને કહેજો, 'ચિંતા ન કરે.' આ શરીર તો રોગનું ઘર છે એટલે બધું થયા કરે. એ તો મટી જશે. શરીરનું કામ છે એટલે આવું થયા કરે. સંતોની અને હરિભક્તોની પ્રાર્થનાથી સારું જ છે. બહુ બીમારી નથી. દેહ તો સાજો-માંદો થાય. આપણે આપણું કામ કર્યે રાખવું."

સ્વામીશ્રીના જીવનમાં છેક છેલ્લે સુધી સૌએ જોયેલું કે ગમે તેવી ભયંકર બીમારી પણ તેઓને લેશ અસ્વસ્થ કરી શકી નહોતી. જે સાંભળી માનવીનાં હાંજાં ગગડી જાય ત્યાં તેઓ પૂરેપૂરા પ્રફુલ્લિત રહેતા.

સમતા અને સ્વસ્થતા

મુંબઈ આવેલા સ્વામીશ્રીની તબીબી તપાસ તા. ૨૪/૨ના રોજ બોમ્બે હૉસ્પિટલમાં થઈ. અહીં એક કલાક સુધી વિશિષ્ટ યંત્ર દ્વારા ચાલેલા પરીક્ષણમાં કશું જ ચિંતાજનક ન જણાતાં સૌ હાશ પામ્યા. ત્યારપછી ડૉક્ટરને પ્રસાદ આપી સવા બાર વાગ્યે વિદાય લેતા સ્વામીશ્રી હૉસ્પિટલના ચોકીદારને પણ પ્રસાદ આપવાનું ન ભૂલ્યા!

આ સમતા અને સ્વસ્થતા સાથે મંદિરે પધારેલા તેઓ આજની રાત્રે ભોજન બાદ દસ વાગ્યા સુધી મીટિંગમાં વ્યસ્ત રહ્યા. આ બેઠક પૂરી થતાં સંતોએ કહ્યું: 'હવે આરામ કરો.'

'ના, હજી સમય છે. થોડા પત્રો લખી લઈએ.' આમ કહી સ્વામીશ્રી આરામના નિયત સમય સાડા દસ વાગ્યા સુધી કાર્યરત રહ્યા.

આ કર્મઠતા સાથે વર્તતા તેઓએ સાડા દસ વાગ્યે આરામમાં જતી

વખતે પૂછ્યું: 'લંડનના મોરઝરિયા આજે જવાના છે ને હમણાં અહીં આવવાના હતા. છતાં કેમ આવ્યા નહીં?'

આમ પૂછતા સ્વામીશ્રી આરામમાં પધાર્યાની થોડી જ ક્ષણોમાં પેલા હરિભક્ત આવી પહોંચતાં, સ્વામીશ્રીએ તેઓને એક પત્ર લખી આપ્યો. પથારીમાંથી બેઠા થઈ-થઈને ભક્તોની ચિંતા કરતા તેઓની આ મમતા જોઈ સૌ ચકિત રહી ગયા.

આમ, બીમારીની પ્રત્યેક પળ સ્વામીશ્રીની સ્વસ્થતા પર મહોર મારતી રહી. તેઓએ અંગીકાર કરેલી માંદગીની મનુષ્યલીલા તેઓને પ્રત્યેક પળે દિવ્ય સાબિત કરતી ગઈ.

સત્પુરુષમાં આત્મબુદ્ધિ કરવી એ જ સાર

તા. ૨૫/૨ની સવારે હરકિસનદાસ હૉસ્પિટલમાં થયેલા પરીક્ષણ બાદ ડૉ. શ્રી વેણીભાઈ પંચાલે કરેલી વ્યવસ્થા મુજબ વધુ એક તપાસ માટે સ્વામીશ્રી નાયર હૉસ્પિટલમાં પધાર્યા. અહીં તેઓનો બેરા (BERA) ટેસ્ટ શરૂ કરતાં પૂર્વે ડૉ. આર. કે. જગદીશે સ્વામીશ્રીને કોઈ જ વિચાર કર્યા વિના સૂઈ રહેવા સૂચના આપી, પરંતુ આ સમયે થયેલા પરીક્ષણનું પરિણામ સંતોષકારક ન જણાતાં ડૉક્ટરે કહેવડાવ્યું કે 'આ પ્રક્રિયા વખતે સ્વામીશ્રી કંઈક વિચારમાં હોવાથી ફરી વાર ટેસ્ટ કરવો પડશે.'

આ વિગત તા. ૨૬/૨ની રાત્રે સંતોએ સ્વામીશ્રીને જણાવી ત્યારે તેઓ બોલ્યા: 'ના, ના. આપણે વળી શું વિચાર હોય!' પછી ઉમેર્યું: 'આપણે અક્ષર દેરીમાં બેસીને દર્શન કરતા હોઈએ એ કંઈ વિચાર કહેવાય?'

તેઓનો આ ઉદ્‌ગાર સાંભળી સૌને ખ્યાલ આવ્યો કે બેરા ટેસ્ટ દરમ્યાન સ્વામીશ્રી અક્ષર દેરીમાં બિરાજમાન મૂર્તિઓનાં મનોમન દર્શન કરી રહેલા. તેઓને મન નિર્વિચાર રહેવું એટલે વિચારશૂન્ય અવસ્થા નહીં, પણ ભગવાનના જ વિચાર કરવા તે! જેમ ક્રિયાશૂન્ય સ્થિતિમાંયે માનવી શ્વાસોચ્છ્‌વાસ વિના રહી ન શકે, કારણ કે તે તેનું જીવન છે; તેમ નિર્વિચાર સ્થિતિમાં પણ સ્વામીશ્રી ભગવાનના વિચાર કર્યા વિના રહી ન શકતા, કારણ કે ભગવાન તો હતા તેઓનું જીવન!

આવા સ્વામીશ્રીને આજે યોગીચરણદાસ સ્વામીએ પૂછ્યું: 'બાપા! આપને ક્યારેય એમ થયું છે કે હું જ શાસ્ત્રીજી મહારાજ છું?!'

"આપણે પહેલેથી જ એમની સાથે પેલી રીતે (શિષ્યભાવે) રહ્યા હોઈએ એટલે એવું ન થાય, પણ જ્યારે મોટાં-મોટાં કાર્યો થાય ત્યારે એમ થાય કે 'મારી પોતાની તાકાત બહારની આ વાત છે. એટલે આપણામાં રહીને શાસ્ત્રીજી મહારાજે જ આ કાર્ય કર્યું છે. જ્યારે આસન કરતી વખતે ૐ પ્રાણાયામ કરતો હોઉં છું ત્યારે એમ અનુભવાય કે 'શાસ્ત્રીજી મહારાજ જ આ બોલી રહ્યા છે."

સ્વામીશ્રીની આ વાત સાંભળી પેલા સંતે પૂછ્યું: 'આપણા સંપ્રદાયના જ્ઞાનનો સાર આ જ છે? 'નિજાત્માનં...' શ્લોકનો અર્થ આ જ છે કે આનાથી વિશેષ પણ જ્ઞાન છે?'

'ના, આ જ સાર છે! સત્પુરુષમાં આત્મબુદ્ધિ કરવી એ જ સાર છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

સાધુતાના ભોગે અભ્યાસ નહીં

ચક્કરની બીમારી સંબંધી તમામ તબીબી તપાસ પૂર્ણ કર્યા બાદ ડૉક્ટરોએ સૂચવેલા વિવિધ વ્યાયામને સ્વામીશ્રી આદર આપવા માંડેલા. તેની સાથે તેઓએ આ અરસામાં વિશેષ શાસ્ત્ર-અધ્યયન માટે બૅંગ્લોર જઈ રહેલા ભદ્રેશદાસ સ્વામી, ભક્તિસાગરદાસ સ્વામી, પ્રભુચરણદાસ સ્વામી અને રસિકવિહારીદાસ સ્વામીને કહ્યું:

'તમે ન્યાય, વેદાંત, વ્યાકરણ ગમે એટલું ભણશો, પણ સત્પુરુષ વિના સમજાશે નહીં. સાધુતા હોય તો વિદ્વત્તા શોભે. માટે તે ઉપર તાન રાખવું. કરકસરથી ભણજો. આપણું જીવન સાદાઈથી જીવીએ, રજોગુણ ના આવી જાય. ઠાકોરજીને ભીડો ઓછો પડે એમ કરવું. જૂનાગઢની રીત, સારંગપુરની રીત. ખાવા-પીવાના ઠઠારા કરીએ તો ભણીએ ક્યારે? અમે ભણ્યા જ છીએ ને! આપણે નવા તુક્કા પેસવા દેવા જ નહીં. આપણું સાધુતાનું ધ્યેય સચવાય એમાં જ શોભા છે. એક રાગ, એક રુચિ રાખવાં.

બહારનું બહુ વાંચવું નહીં. આપણું જ વાંચવું. આપણને આપણાં સાહિત્ય અને ધર્મગ્રંથોની જરૂર છે. બીજા એવા ગ્રંથ વાંચવામાં ટાઇમ ના બગાડવો. અધ્યયનલક્ષી હોય એ ગ્રંથો અને એને પુષ્ટિ કરતા ગ્રંથોનું જ વાંચન કરવું. બીજા બહારના નાસ્તિકના ગ્રંથમાં પડવું નહીં. એવા ગ્રંથોથી મગજ ફરી જાય. હાલ જાણવા માટે પણ તેમાં દૃષ્ટિ ન કરવી. મહારાજનો સિદ્ધાંત સાચો

છે. સંપ્રદાયની પુષ્ટિના ગ્રંથો વાંચવા, જેથી વિચારો બદલાઈ ન જાય.

ભગવાન અને સંતને ગમે એમ કરવું, મનધાર્યું નહીં. ઊંઘવામાં ટાઇમ ઓછો જાય એ ધ્યાન રાખવું. 'કંઈ કામ છે નહીં ને વહેલા ઊઠીને શું કરશું?' એવો વિચાર ન કરવો. વહેલા ઊઠીને પાછા સૂઈ જવું એવું નહીં. મહારાજે આપેલી અસલ રીત પર જવું. નકલમાં મોહ પામવો નહીં. અસલ ભગવાન છે, એ રાજી થાય એમ કરવું. જે ધ્યેય લઈને ગયા છીએ એ પૂરો પાડવો. સાધુતા ને નિયમના ભોગે અભ્યાસ નહીં. સમૂહમાં સેટ થવાનું (ગોઠવાવાનું) છે. 'બધા ભેગું સૂવાનું ફાવે નહીં' એવી ટેવ ના પાડવી. ના કેમ ફાવે? સાધુ થયા એનો સાર શું? આપણે સર્વદેશી થવું. સ્વામીનો સંકલ્પ છે એ પાર પાડવો. ભણવાના નિમિત્તે જાઓ છો પણ ભેગું સત્સંગ કરાવજો.'

અધ્યયનનો આ એકતારો એકધારો બજાવી સ્વામીશ્રીએ સંતોને ફૂલહાર પહેરાવ્યા. તે વખતે પણ તેઓએ મધમીઠા શબ્દો ઉચ્ચાર્યા કે 'સારી રીતે ભણીને આવજો. આવો ત્યારે પાછા ફૂલહાર કરીશું.'

આમ, અભ્યાસ-યાત્રાનું ભરપૂર ભાથું ભરી આપી સ્વામીશ્રીએ સંતોને કેળવણીની કેડીએ વળાવ્યા.

અતિ પ્રેમી સનેહી અમળ

તા. ૧/૩ની સવારે અલ્પાહાર કરવા બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ એક ભક્તે દેશના આર્થિક અંદાજપત્ર સંબંધી અખબારી લેખ વાંચવાની શરૂઆત કરી, પરંતુ તેઓને અટકાવતાં સ્વામીશ્રીએ ભોજન પૂર્વે ગવાતો *'શ્રીમદ્-સદ્‌ગુણશાલિનં...'* શ્લોક બોલાવ્યો. તેનું ગાન પૂરું થયું ત્યારે તેઓ બોલ્યા: 'પહેલાં ભજન થાય પછી રૂપિયાનું તો આવે જ! નારાયણને સંભારીએ એટલે લક્ષ્મી એની મેતે પાછળ આવે. એ પતિવ્રતા છે એટલે બીજે જાય નહીં.'

ભક્તિસંબંધી પરંપરાનો આવો ખટકો રખાવનારા સ્વામીશ્રી, તા. ૪/૩ની બપોરે ભોજન બાદ ગ્રંથશ્રવણ કરી રહેલા ત્યારે મોટી લિફ્ટના દરવાજે સામાન્ય સ્થિતિનો એક યુવક ફળ ભરેલી થેલી લઈને આવી ચડ્યો. પરંતુ સ્વામીશ્રીની બીમારીમાં પળાતી શિસ્ત અનુસાર એક વ્યવસ્થાપકે તે યુવાનને દરવાજે જ અટકાવી તેની થેલી લઈ લીધી અને તેમાં રહેલાં ફળ રસોડામાં ઠાલવીને તેઓ ખાલી થેલી પાછી આપવા નીકળ્યા.

આ સમગ્ર ગતિવિધિ જોઈ રહેલા સ્વામીશ્રીએ તેઓને કહ્યું: 'થેલી

ખાલી ન આપવી. અંદર પ્રસાદી મૂકો.'

પેલા વ્યવસ્થાપક આ પ્રમાણે કરે ત્યાં તો સ્વામીશ્રીએ પૂછ્યું: 'આ ફળ કોણે મોકલાવ્યાં ?'

આ બાબતે વ્યવસ્થાપક બેખબર હોવાથી સ્વામીશ્રી બોલ્યા: 'લ્યો, આવું છે! કોઈ આપવા આવે તો પૂછવું જોઈએ. સંભાળ રાખવી. વસ્તુ લઈ લીધી ને એમ ને એમ મોકલી દેવો એવું નહીં.'

તેઓની આ ટકોર મુજબ આજે ફળ લાવનારા પેલા યુવકની ભાળ કાઢતાં ખબર પડી કે 'તે તો એક સામાન્ય ફેરિયો હતો અને સ્વામીશ્રીની બીમારીના સમાચાર સાંભળી ફળ આપવા જ આવેલો.'

અંતર્યામીપણે સ્વામીશ્રીએ તેનું ધ્યાન રાખતાં તે ગળગળો થઈ ગયો.

કોઈનુંયે દિલ ન દુભાય તેવી જીવનશૈલી હતી સ્વામીશ્રીની!

સમયે મોતી ભરડી લેવાં

તા. ૪/૩ની રાત્રે ભોજન બાદ આરંભાયેલી સંતસભામાં વિવિધ સંતો સ્વામીશ્રીના હૃદયસ્પર્શી પ્રસંગોનું ગાન કરવા લાગ્યા. તે ક્રમમાં, ગોંડલ મુકામે સ્વામીશ્રીએ કહેલું કે 'શાસ્ત્રીજી મહારાજની કૃપાથી લાખ માણસ આવે તોય ગભરાઈએ નહીં ને પહોંચી વળીએ...' એ પ્રસંગ કહેવાયો ત્યારે તેના અનુસંધાનમાં સ્વામીશ્રી બોલ્યા:

''શાસ્ત્રીજી મહારાજ હંમેશાં હિંમતની વાતો કરતા, તે એ રીતે પાઠ પઢેલા. શાસ્ત્રીજી મહારાજની શતાબ્દી અને અમૃત મહોત્સવ વખતે તો બધી જ જવાબદારી માથે. ત્યારેય રાતોરાત માથે ઊભો રહેતો. હાથિયા ધરાની પાછળ કો'કની વાડી હતી. ત્યાંથી પાણી લાવતા. માંડ સમું પડે ત્યાં કંઈક વિઘ્ન આવીને ઊભું રહે! તે દા'ડે લાખો માણસોને ટાંકાં વડે જ પાણી પૂરું પાડેલું. તે દા'ડે માથું દુઃખવું કે ઊંઘ, ભૂખ, થાક કશું જ લાગતાં નહીં. ઉજાગરાને ગાંઠીએ જ નહીં. શરીર હળવું ફૂલ રમકડા જેવું! ખૂબ કામ થતું. શાસ્ત્રીજી મહારાજ કહેતા કે 'સમયે મોતી ભરડી લેવાં.' આવા સમયે શરીર સાચવવા રહીએ તો સેવા ન થાય ને રાજીપો રહી જાય. આવા પ્રસંગે કોઈ બોલે, ટોકે, તે સાંભળી લઈએ, નહીં તો કામ રહી જાય.''

સેવાનાં આવાં સીમાચિહ્નો રોપનારા સ્વામીશ્રીએ આ અરસામાં ગ્રહણ કરેલી માંદગીને કારણે પ્રતિવર્ષ સારંગપુરમાં ઊજવાતો ફૂલદોલોત્સવ

આ વખતે મુંબઈમાં યોજાયો. તેથી તા. ૮/૩ના રોજ આવેલી ફાગણ વદ પડવાની તિથિએ મંદિરના મંચ પર જ વિવિધરંગી પુષ્પો, બહુરંગી પાણીથી ભરેલા પ્યાલાઓની હારમાળા, રંગબેરંગી ફુગ્ગાઓ વગેરેના સાજ દ્વારા ઉત્સવિયું વાતાવરણ ખડું થઈ ગયું. તેમાં સ્વામીશ્રીના આશીર્વાદ બાદ, ઠેર ઠેર ગોઠવેલા ફુગ્ગાઓમાંથી રંગો ઊડવા માંડ્યા અને સ્વામીશ્રીએ પણ ચાંપ દબાવતાં, સભાગૃહમાં બેઠેલા સૌ પર ફુવારા વડે રંગ છંટાવા લાગ્યો.

તે દ્વારા પાંચેક હજાર ભક્તોને તરબતર કરી ઉતારે પધારેલા સ્વામીશ્રી, અહીં તા. ૯/૩ની રાત્રે આરામમાં જતાં પૂર્વે તબીબી સૂચના અનુસાર વ્યાયામ કરી રહેલા. તે વખતે જ બોસ્ટનથી જે હરિભક્તનો ફોન આવ્યો તેઓના ભત્રીજાને મગજનું ઑપરેશન કરાવવાનું હતું. તેઓએ આ અંગેની વાત સ્વામીશ્રીની કસરત પૂરી થાય ત્યાં સુધી બાજુમાં ઊભેલા કોઠારી સ્વામીને જણાવતાં કહ્યું : 'મારા ભત્રીજાને તકલીફ છે.'

'એમને કહો કે બાપાનેય તકલીફ છે. એય ચક્કર ચક્કરમાં પડ્યા છે.' કસરત કરતાં કરતાં સ્વામીશ્રી બોલ્યા.

મનુષ્યભાવને પ્રગટ કરતા તેઓના આ બોલ સાંભળી સૌ હાસ્યના હેલે ચડી ગયા. તેની વચ્ચે પેલા હરિભક્તને આશીર્વાદ પાઠવી સ્વામીશ્રી શયનાધીન થયા.

આ તો ફરતા દેવ છે

તા. ૧૦/૩ની સવારે દર્શને આવેલા ભારતની ઇન્કમટેક્સ ટ્રિબ્યુનલના પ્રમુખ શ્રી કૃષ્ણમૂર્તિએ સ્વામીશ્રીને જણાવ્યું કે 'अक्षरधाम भारत का श्रेष्ठ स्थापत्य है। वहाँ जाने से भक्तिभाव स्वयं ही प्रकट हो जाता है। कम्पलीट परफेक्शन! आप जैसे हैं तो भारत में शांति है। आप बहुत ही महान काम कर रहे हो।'

આ અહોભાવનું ચૂકવણું કરીને આવકવેરાના અધિકારી વિદાય થયા બાદ તા. ૧૧/૩ની રાત્રે સંતસભામાં પધારેલા સ્વામીશ્રી સમક્ષ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૮ના આધારે પ્રશ્નોત્તરી ચાલી. તે વિરમી ત્યારે આ વચનામૃતમાં શ્રીજીમહારાજે વર્ણવેલાં દુ:ખનાં છ કારણો નિરૂપતાં સ્વામીશ્રીએ કહ્યું :

"આ છ વસ્તુ બધાએ સમજવાની છે. માન, પદાર્થ કે ભેટ આવે પણ એનો સંકલ્પ જ ન કરવો. ગામડેથી આવો ને જો પૈસા હોય તો સીધા જઈને

ઑફિસમાં જમા કરાવી દેવા. એક દા'ડો રાખે તો વાસના વધે. બે દા'ડા રાખીએ ને એમ થાય કે 'કોણ પૂછે છે?' પણ ભગવાન બધું જાણે જ છે. માટે સમજીને જે આવ્યું એ મૂકી જ દેવું. કેટલાકને આમ કંઈ ન હોય પણ સ્ત્રીને વિષે બેસવા-ઊઠવાની વાસના હોય. આંખથી સુખ લેતા હોય. એટલે એ બાબતમાં ખબરદારી રાખવી, લપટાવાય નહીં. ખાવા-પીવામાંય બગડે. હરિભક્તોને કંઈક બનાવવાનો ઑર્ડર આપીએ એ સ્વાદ જ છે. એમાં ગૃહસ્થ જોડે સંબંધ વધે ને પછી ખુવાર. ભગવાનના દરબારમાં જે મળે એ ખઈ લ્યો ને! થોડું ખવાય તો શરીર સારું રહે.

માન હોય એટલે બધાના અવગુણ આવ્યા જ કરે ને બધું જ પેસે. 'મેં આટલી સેવા કરી ને મેં આવો સભામંડપ બનાવ્યો ને મારું જ નામ મંઈ નહીં?' આવું થાય, પછી પછડાટ લાગે કે નહીં? પણ આપણે યાદ રાખવું કે 'આપણાથી સૂકું પાંદડું પણ હાલતું નથી.' આપણે ગમે એટલું કરીએ પણ ભગવાન કરે ત્યારે જ થાય છે. એટલે આપણે માન લેવા જઈએ તો વધારે ગોથાં ખાય ને લોકો વધારે ગોદા મારે. એટલે આવા સ્વભાવ હોય એને જીવતેય ને મરતાંય દુઃખ.

નિવૃત્તિપર થવું એટલે 'હાથ-પગ ઝાલીને બેસી રહેવું' એવું નહીં, 'માળા-ભજન ન કરવું' એવું નહીં, પણ ઉપર જે છ વાત લખી એ સ્વભાવમાંથી નિવૃત્ત થવાની વાત છે. એ વસ્તુ જીવમાં જ ન રહે એ કરવાનું છે.''

બ્રહ્મરૂપ થવાની આ અદ્ભુત વાતો વિરમતાં કોઠારી સ્વામી બોલ્યા: 'હવે આવતી સંતસભામાં કયું વચનામૃત રાખીશું એ સ્વામીશ્રી કહેશે.'

'અમારે એ કહેવું નથી. અમારે અહીં રહેવું કે નહીં એ નક્કી નથી, એટલે કહીએ એ નકામું થાય. સ્થાનદેવતા કહે એ સાચું. આ તો ફરતા દેવ છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આમ, આનંદ સાથે પોતાની ઓળખ આપતાં તેઓ પોઢવા પધાર્યા.

સત્પુરુષ બધાના રોગ કાઢે ને પોતાના રાખે

તા. ૧૨/૩ના રોજ કોમી વૈમનસ્યને કારણે મુંબઈમાં થયેલા શ્રેણીબદ્ધ બોંબવિસ્ફોટથી વ્યથિત થઈ ઊઠેલા સ્વામીશ્રી, આ હિંસાની હોળીમાં હોમાયેલા સૌ માટે પ્રાર્થના કરી તા. ૧૩/૩ની સવારે એક મીટિંગમાં બિરાજ્યા.

દેશની જેમ પરદેશમાં પણ સત્સંગ-પ્રસારનું વ્યવસ્થિત માળખું ગોઠવવા

યોજાયેલી આ બેઠકમાં એક તબક્કે કો'કે કહ્યું: 'અત્યારે આપણે કાર્યકર તરીકે નિષ્ઠાવાળાને કહી જોઈશું. બહુ ફોર્સ (આગ્રહ) નહીં કરીએ.'

'નિષ્ઠાવાળો હોય તેને તો ફોર્સ પણ કરવો પડે. કામ તો જ થાય ને!' આટલું જણાવી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'આજે કોઈનેય ટાઇમ નથી. બૈરાં-છોકરાંનું કરવું એમાં ટાઇમ મળે, પણ આમાં ક્યાં મળે એમ છે? વ્યવસ્થિત માળખું થાય પછી બે-બે મહિને શિબિરો પણ થતી રહે, તો જ જાગૃતિ રહે.'

પરદેશના જબરજસ્ત નિષ્ઠાપ્રવાહને દિશા અને ગતિ આપવા માટે આ એક અગત્યનો મુદ્દો જણાવી સ્વામીશ્રી દિવસ દરમ્યાન વિવિધ સેવા-કાર્યોમાં પરોવાયેલા રહ્યા. અંતે વાળુ-પાણીથી પરવારી તેઓને પોતાના નિવાસકક્ષમાં જવા ઊભા થવું હતું. તે વખતે હાથે ટેકો દેવા આવી પહોંચેલા મજબૂત બાંધાના ધર્મસુતદાસ સ્વામીને જોઈ સ્વામીશ્રીએ રમૂજ કરતાં પોતાના હાથ ઢીલા કરી દીધા. પેલા સંત ટેકો આપી ઊભા કરવા પ્રયત્ન કરે, પણ સ્વામીશ્રી શરીરનું વજન તેઓના હાથ પર મૂકે જ નહીં. થોડી વાર સુધી આવી લીલા કર્યા બાદ જાતે જ વજન દઈ ઊભા થતાં તેઓ બોલ્યા:

''આમની આગળ બહુ ગમ્મત સારી નહીં. નકામો આપણો હાથ ક્યાંક ખડી જાય. એટલે હટ ઊભા થઈ જવું સારું!

એક વાર એક જણે કો'કનો કાન ખેંચ્યો તે તૂટી ગયો. એટલે પેલાએ રાવ-ફરિયાદ નોંધાવી. કાન ખેંચનારને કોર્ટમાં હાજર કરવામાં આવ્યો. જજે પૂછ્યું: 'આનો કાન કેમ તોડ્યો?' તો પેલો કહે કે 'સાહેબ! મેં નથી તોડ્યો. એ તો ચોંટાડેલો હતો. આ જુઓ...' એમ કહી બીજો કાન પકડીને ખેંચ્યો તે એય છૂટો પડી ગયો! તે જોઈ જજ પેલાને કહે: 'લ્યા, જતો રહે. નહીં તો તારો હાથ પણ ખેંચી લેશે.''

આમ, ગમ્મત-ગુલાલ વેરતાં સ્વામીશ્રી ઓરડામાં જવા નીકળ્યા ત્યારે લંડન જઈ રહેલા હરિભક્ત શ્રી બચુભાઈ પટેલે પૂછ્યું: 'બાપા! આપની તબિયત કેવી છે?'

'સારી છે. ત્યાં બધાને એ જ વાત કરજો.'

'પણ મને સારી લાગતી નથી.'

'સારી જ છે. સારી હોય એટલે શું કૂદકા મારવા મંડી પડવા? મૅડિકલી (તબીબી રીતે) સારી છે એટલે બસ!'

'બધાના રોગ આપ કાઢી નાંખો છો તો આપનો આ રોગ પણ કાઢો.'

'આ બધું એવું ! સત્પુરુષ બધાના રોગ કાઢે ને પોતાના રાખે.'

'એવું હોય તો અમને આપી દો.'

'તમે માંદા હો તો પડ્યા રહો, કોઈ સેવા કરનાર હોય નહીં, ને મારે તો સેવા કરનાર ઘણા છે. વાંધો આવતો નથી.'

સ્વામીશ્રીનો આ વાર્તાલાપ રમૂજભર્યો હતો, છતાં તેમાંથી તેઓની શૈલી અને સમજણ સરી રહ્યાં.

ભક્તિભરપૂર જ્ઞાની

તા. ૧૫/૩ની સવારે સ્નાનવિધિ કરી રહેલા સ્વામીશ્રીની જમણી કાખના ખૂણે સહેજ છાતી તરફના ભાગે થયેલી એક ફોડલી સંતોની નજરમાં આવી. ચારેકોરથી લાલઘૂમ એ ફોડલીમાં વચ્ચે સફેદ દાણો પણ ઊપસી આવેલો. તે પરથી એ ઘણા દિવસથી થઈ હોવાનું અનુમાન લગાવી શકાય એમ હોવાથી સંતોએ પૂછ્યું : 'આ ફોડલી થઈ છે તે દુખતી નથી ?'

'ના.'

'એવું બને નહીં ! આ તો પાકી જવા આવી છે, તે દુખ્યા વિના રહે જ નહીં.'

'તમે કહ્યું ત્યારે ખબર પડી ! બાકી મને દુખતું નથી.' સ્વામીશ્રી બોલ્યા. વળી, ઉમેર્યું : 'ફોલ્લી થાય ને ફોલ્લા પણ થાય. એમ કરતાં કરતાં ઊપડવાનાં નિશાન આ બધાં !'

જેમ ૩૫,૦૦૦ ફૂટ ઊંચે ચઢેલાને ધરતી પર રઝળતું તણખલું નજરમાં ન નોંધાય, તેમ આત્મનિષ્ઠાની અતિ ઉચ્ચ સ્થિતિમાં વર્તતા સ્વામીશ્રીને દૈહિક કષ્ટોનું કોઈ લેખું ન રહેતું.

પરંતુ તેઓની આત્મનિષ્ઠા કે સાંખ્યનિષ્ઠા લૂખી નહીં, તેમાં ભક્તિની ભીનાશ ભારોભાર વર્તાય. તેથી જ ભોજન વખતે વંચાતાં શ્રીજીચરિત્રોમાં તેઓ પતંગિયું ફૂલ પર બેસે એમ લયલીન બની જાય. વચ્ચે-વચ્ચે શ્રીજી-મહારાજનો મહિમા સમજાવવાની એક તક ન છોડે !

આ ક્રમમાં તા. ૧૭/૩ની રાત્રે વાળુવેળાએ વંચાતા ગ્રંથમાં ભુજના દીવાન જગજીવને કરેલા શ્રીજીમહારાજના દ્રોહની વાતમાં વર્ણન આવ્યું કે 'શ્રીજીમહારાજે સુંદરજી સુથારના ઘેરથી ગંગારામ મલ્લને ત્યાં જવા માટે દીવાનનાં પત્ની પાસેથી જ ગાડી મંગાવી.'

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'ભાથીને ત્યાં ભાલો. એક તો જગજીવન ખિજાયેલો, એમાં એને ત્યાંથી ગાડી મંગાવી! મહારાજનું કામ એવું!' આટલું મહિમાગાન કરતાં તો સ્વામીશ્રીના મુખ પર ભક્તિની સુરખી છવાઈ ગઈ.

જેમ નમ્ર વિદ્વાન, સાદગીભર્યો ધનવાન અને ક્ષમાવાન બળવાન મળવો મુશ્કેલ; તેમ ભક્તિભરપૂર જ્ઞાની પણ દુર્લભ. સૃષ્ટિનું સદ્‌ભાગ્ય કે આ દુર્લભ સમન્વય ધરાવનારા સ્વામીશ્રી તેના આંગણે વિચરી ગયા.

કાયમ આનંદ ને આનંદ જ રહ્યા કરે છે

તા. ૧૮/૩ની રાત્રે સ્વામીશ્રીનાં દર્શને આવેલા જાણીતા સાહિત્યકાર તથા વિખ્યાત સાપ્તાહિક ચિત્રલેખાના તંત્રી શ્રી હરકિસન મહેતા યોગી શતાબ્દીથી અભિભૂત હતા. તેથી તેઓએ કહ્યું: 'આપે અદ્‌ભુત આયોજન કર્યું હતું. સુંદર હતું બધું. આપે ત્યાં કર્યું તો મુંબઈનો શો વાંક? અમને પણ લાભ આપો.'

'આપની ભાવના છે તો ક્યારેક થશે!' ભવિષ્યને સ્પષ્ટ કરતાં સ્વામીશ્રી બોલ્યા.

તે સાંભળી એ પત્રકારે જિજ્ઞાસા પ્રગટ કરી કે 'સ્વામીજી! આપના જીવનનો કોઈ પ્રસંગ છે કે જે આપને ખૂબ જ ગમી ગયો હોય?'

'પ્રસંગ તો એ જ કે ગુરુ સાક્ષાત્ મળ્યા અને એમણે આ સેવા સોંપી. એ જ અમારા માટે મુખ્ય વસ્તુ છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ થકી પ્રેરણા મળી છે એટલે જીવન ધન્ય બનાવી શક્યા છીએ.'

'એવી કોઈ ઘટના છે જે યાદ આવતાં દુઃખ થાય?'

'ના, એવો કોઈ પ્રસંગ નથી. આનંદ ને આનંદ જ રહ્યા કરે છે કાયમ.'

'ક્યારેક કોઈ ઉપર રોષ થાય એવી ઘટના?'

'રોષનું કોઈ ખાસ કારણ નથી. દરેક માણસ ભૂલને પાત્ર છે.'

'ક્યારેય કોઈને ઠપકો આપવાનો પ્રસંગ?'

'કહેવાનું થાય તો હેત-પ્રીતથી કહીએ, જેથી એને સાચી પ્રેરણા મળે. એને દુઃખ ન થાય એ રીતે કહીએ, જેથી એનું મન પાછું ન પડે.'

'આપની કોઈ નિંદા કરે ત્યારે?'

'એની તો બહુ પડી જ નથી. આપણે ભગવાનની દૃષ્ટિએ સાચા હોઈએ પછી લોકો ભલે ને ગમે એ બોલે. એને અજ્ઞાન છે તો ક્યારેક સમજાશે.'

'ટીકાની સ્પષ્ટતા કરવાની જરૂર લાગે?'

'સહેજ પણ નહીં!' સ્વામીશ્રીએ કહ્યું.

છોડવે ઊગતા ફૂલની જેમ તેઓના હોઠેથી સહજપણે ફૂટેલા આજના ઉત્તરોએ પેલા લબ્ધપ્રતિષ્ઠ લેખકને આશ્ચર્યમાં ગરકાવ કરી મૂક્યા. તેઓને સ્વામીશ્રીનું વ્યક્તિત્વ લોકોત્તર લાગ્યું.

માનને અડવા જ ન દેવું

તા. ૨૦/૩ની સાંજે એક મંદિરના ઠાકોરજી માટે ખરીદાયેલાં આભૂષણોને જોઈ રહેલા સ્વામીશ્રીને સંતોએ પૂછ્યું: 'બાપા! આપે વીંટી પહેરેલી?'

'હા.'

'કઈ આંગળીએ?'

'અહીં.' અનામિકા આંગળીનો નિર્દેશ કરતાં સ્વામીશ્રી બોલ્યા.

ત્યારે સંતોએ પૂછ્યું: 'ડાબે કે જમણે હાથે?'

'જમણે.'

'કંદોરો પહેરેલો?'

'ના.'

શૈશવની સ્મૃતિનો આ સ્વાદ ચખાડી રાત્રિભોજન માટે બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ વંચાતા પુસ્તકમાં મૂળજી બ્રહ્મચારીનું આખ્યાન આવ્યું. આ કથાનક તો સ્વામીશ્રી માટે સાકરનો કટકો. તેને ચૂસતાં-ચાવતાં તેઓ કદી ન થાકે. તેથી આજે પણ સ્વામીશ્રી સહજપણે બોલવા લાગ્યા:

''બ્રહ્મચારીની સહેજ પણ ભૂલ ન'તી, તોય ખોટું ન લાગ્યું, ને આ તો સહેજ કહે તોય ખોટું લાગી જાય! બ્રહ્મચારીને મહારાજનો થોડોય અવગુણ ન આવ્યો. વાંક નહોતો છતાં અપમાન સહન કર્યું. ઊલટા ત્યાં જઈનેય મહારાજના એમણે ગુણ જ ગાયા. જો મોક્ષનો ખપ હોય તો વાંક વગર વઢે-ટોકે તોય દુઃખ ના થવું જોઈએ. ખપ ના હોય ને મોક્ષ અહીં ના માન્યો હોય તો એમ થઈ જાય કે 'અહીં ઓછું કલ્યાણ છે?' આ ઊપડ્યા. ભગવાન તો ગમે ત્યારે પરીક્ષા કરે ને આપણા સ્વભાવ ટાળવાય પ્રસંગ ઊભો કરે. સેવાનું માન આવી જાય કે 'હું હજૂરી.' એ ટાળવા પણ આવી પરીક્ષા કરે!

ગમે એટલી સેવા કરીએ પણ એમ ન માનવું કે 'આપણાથી જ થાય

છે.' એવું માન ન આવવા દેવું. નહીં તો સેવાભાવ મટે ને 'હું ભાવ' આવી જાય. સત્સંગમાં તો ગમે એટલાં માન-સન્માન મળે તોય દાસભાવ. આ બધું કોને લઈને મળે છે? ભગવાનને લઈને. બાકી આપણને કોણ પૂછે છે? ટકાના ત્રણ શેર પણ ન આવે. જે કંઈ આવડે છે એ કંઈ આપણી બુદ્ધિ છે? બહાર જઈએ તો હમણાં બુદ્ધિ બહેર મારી જાય. માટે અભિમાન ન આવવા દેવું. દેખાવ ન આવવા દેવો. એવી ઇચ્છા પણ ના રાખવી. ઝાડાને ગાંઠે બાંધવાનું મન થાય? એમ પદાર્થ કે રૂપિયાનું પણ મન ન થવા દેવું.

સાધુને તો જ્યાં જાય ત્યાં માન, ફૂલહાર ને ચકાચક સહેજે જ મળે. એમાં કાગનો વાઘ થઈ જાય. એટલે માન પેસવા જ ન દેવું. એવા માને કરીને કેટલાય ગયા. એમાં ભગવાનને વિષે પણ મનુષ્યભાવ આવે. માટે માનને અડવા જ ન દેવું. બહુ પ્રશંસાથી અળગા રહેવું. એવાનો સંબંધ ઓછો કરવો. ભગવાન અને સંતમાંથી હેત ન તૂટે અને મહિમા રહે એ પાકું રાખવું. અભાવ ન આવે એ જાણપણું રાખવું. આપણે જે કરવા આવ્યા છીએ એ સુખ-દુઃખ વેઠીને કરી લેવું.''

વાતે-વાતે માનને વાટતા રહેતા સ્વામીશ્રીએ આજે પણ પ્રેરક વાતો કરી સૌને દાસભાવની દિશામાં દોડતા કરી દીધા.

એ છે સર્વજ્ઞ સર્વના સ્વામી

તા. ૨૪/૩ની સવારે સ્વામીશ્રી અજમેરા પરિવારે પાર્લામાં તૈયાર કરેલા પ્રમુખ પેલેસમાં પધારતાં જ આ સંકુલના ગૃહપ્રવેશનો વિધિ સંપન્ન થયો. તે પછી ચાર મજલાની આ આલિશાન ઇમારતના એક-એક માળે આવેલા શ્રી છોટુભાઈ, ભોગીભાઈ, રસિકભાઈ અને રજનીભાઈના ફ્લેટમાં પગલાં કરી સ્વામીશ્રીએ પહેલા માળે ઠાકોરજી જમાડ્યા.

ભોજન બાદ તેઓ અહીં જ બપોરના વિશ્રામ માટે પોઢ્યા ત્યારે સામે ઊભેલા એક ભક્તને તેઓએ પૂછ્યું : 'તને અહીં ફાવ્યું?'

'અહીં તો ફાવે જ ને!' આમ કહી તે યુવાને સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા! આપને ફાવ્યું?'

'ભગવાન ભજાય એટલું ફાવ્યું જ છે આપણે તો.'

આમ, હરહંમેશ ભજન-સ્મરણમાં જ લયલીન સ્વામીશ્રી તા. ૨૫/૩ની સાંજે બોમ્બે હૉસ્પિટલમાં સ્વાસ્થ્ય-પરીક્ષણ માટે પધાર્યા. અહીં વિવિધ તપાસના

અંતે ડૉ. સિંઘલ અને સત્સંગી ડૉક્ટરો અંગ્રેજીમાં જ વિમર્શ કરવા લાગ્યા, પરંતુ તેનો ટૂંક અહેવાલ મંદિરે આવેલા સ્વામીશ્રીએ સંતોને કહી સંભળાવ્યો. તે જોઈ અચંબો પામેલા ડૉક્ટરોએ પૂછ્યું: 'સ્વામી ! અમે ઈંગ્લિશમાં બોલતાં હતા એ આપને સમજાતું હતું ?'

'બધું જ સમજતા'તા. ડફોળ જેવા ઓછા છીએ કાંઈ!' સ્વામીશ્રી પરભાવમાં બોલ્યા.

તેઓનો આ ઉદ્‌ગાર *'એ છે સર્વજ્ઞ સર્વના સ્વામી...'*નો અનુભવ કરાવી ગયો.

દીન દુર્બળ તણી પીડ જાણી તમે

તા. ૨૬/૩ની સવારે સ્વામીશ્રીને મળવા આવી ચડેલો એક મા-બાપ વિહોણો યુવાન દાદાના ઘેર રહી ઊછરતો હતો. શરીરે અપંગ છતાં બુદ્ધિથી સક્ષમ તેણે સિમલામાં ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગ વિદ્યાશાખામાં પ્રવેશ મેળવી લીધેલો; પરંતુ કૉલેજનું પહેલું પગથિયું ચડતાં પૂર્વે જ તેની ટેકણલાકડી ખસી ગયેલી. દાદાની મિલકતને હડપી લેવા તત્પર બનેલા કાકાએ આ યુવકને સ્પષ્ટ સંભળાવી દીધેલું કે 'હવે તું મોટો થયો. તારી રીતે કમાવા માંડ.'

એક બાજુ શિક્ષણનાં દ્વાર ખૂલ્યાં પણ બીજી બાજુ સવલતનું બારણું ભીડાતાં, ફસડાઈ પડેલો તે વિકલાંગ યુવક 'અભ્યાસ કરવો કે નોકરી? અભ્યાસ કરવો તો કેવી રીતે?...' વગેરે મૂંઝવણોના બોજા નીચે કચડાઈ રહેલો. પોતાની આ વીતક કથા સ્વામીશ્રીને કહેતાં તેની આંખો દદડી પડી. તે વખતે એ યુવાનને ટેકો ધરતાં સ્વામીશ્રીએ જરૂરી તમામ વ્યવસ્થા કરવાની બાંયધરી આપી.

વૃક્ષનો વિસામો પરિચયનો ઓશિયાળો નથી હોતો. તે તો જે આવે તેને છાંયો આપે. તેમ સ્વામીશ્રી પણ જાણ્યા-અજાણ્યા સૌને સહારો દઈ દેતા. તે પામી આજે એક અપરિચિત અપંગ યુવાન કારકિર્દીની કેડીએ દોડવા માંડ્યો.

સ્વામીશ્રીની આવી જ દયા-માયા આજે અક્ષરવાસી થનારા શ્રી બાબરભાઈના કુટુંબીઓ પણ અનુભવી રહ્યા. મંદિરમાં વર્ષોથી દૂધની સેવા કરતા આ હરિભક્તને અંજલિ આપતાં સ્વામીશ્રી બોલ્યા: ''જૂના હરિભગત. નિયમિત બહુ. સેવાભાવી પણ એવા. આટલી સેવા કરે તોય નિર્માની કેટલા! કોઈ દખલ જ નહીં. મંદિરમાં આવે, સભા કે સમૈયામાં આવે, પણ 'મને

બોલાવ્યો કેમ નહીં?' એવી અપેક્ષા જ નહીં...''

સ્વામીશ્રીના મુખેથી પ્રસંગોપાત્ત ભક્તોનો મહિમા સરી પડતો ત્યારે ખ્યાલ આવતો કે તેઓ હરિભક્તોના કેવા અંતરંગ સ્વજન બનીને રહ્યા છે!

આ તો બધું દિવ્ય

આ અરસામાં, ખેડા જિલ્લામાં ચાલી રહેલા સાક્ષરતા અભિયાનમાં સેવારત સંસ્થાના સંતો-સ્વયંસેવકોની કાર્યવાહીથી સરકાર ઘણી જ પ્રભાવિત થયેલી. તેથી જ સરકારના સાંસ્કૃતિક વિભાગે વ્યક્તિને સાક્ષર કરવાની સફળ પદ્ધતિના પ્રેરકરૂપે સ્વામીશ્રીના આશીર્વાદ દિલ્હીથી પ્રસારિત કરવાનો કાર્યક્રમ ઘડેલો.

તે મુજબ તા. ૨૬/૩ની રાત્રે આશીર્વચનોનું ફિલ્માંકન થયા બાદ સ્વામીશ્રી તા. ૨૯/૩ની રાત્રે ભોજન કરી ઓરડામાં બિરાજ્યા ત્યારે અમેરિકાના એક સત્સંગ-કેન્દ્રમાંથી અગ્રણી હરિભક્તોનો ફોન આવ્યો. આ કાર્યકરોને સંપ-સુહૃદભાવ રાખી સેવા કરવા અંગે સ્વામીશ્રીએ અગાઉ પત્ર લખેલો. આ શીખ શિરે ચડાવી તે સૌ સંપીને કાર્ય કરવા કટિબદ્ધ થયેલા.

આ વિગતની વારાફરતી વાત કરી આશીર્વાદ માંગતા એ ભક્તોએ આજે સ્વામીશ્રીની તબિયત વિષે પણ પૂછ્યું, ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'તમે બધા ભેગા થયા અને કાર્ય કરો છો, તેથી મારી તબિયત વધારે સારી રહે છે.'

સત્પુરુષનું સ્વાસ્થ્ય ઔષધ-ઉપચારથીયે વિશેષ સંત-સત્સંગીના પારસ્પરિક સંપ પર આધારિત છે.

આ રહસ્ય પ્રગટ કરનારા સ્વામીશ્રી તા. ૩૦/૩ની રાત્રે શયનાધીન થવાની તૈયારીમાં હતા ત્યારે તેઓને તાજેતરમાં આવેલી ચક્કર સંબંધી બીમારીની વાતો નીકળી. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: ''શાસ્ત્રીજી મહારાજ બહુ એવું કરે. ગરમીમાં કહે કે 'જો, આઈ... આઈ... ટાઢ આઈ...' એમ કહી બધાને બતાવે, પણ ટાઢ કંઈ દેખાતી હશે? પાછા સગડી મંગાવે ને થોડી વારમાં કહે, 'જો, ગઈ... ગઈ...''

આ સાંભળી ડૉ. કિરણભાઈએ પૂછ્યું: 'એમને મેલેરિયા જેવું હતું?'

'ના, ના. મેલેરિયા શું ભલા'દમી! આ તો બધું દિવ્ય. બધી અલૌકિક લીલાઓ ચાલે.'

ગુરુની પ્રત્યેક ક્રિયા સ્વામીશ્રીને મન દિવ્ય અને અલૌકિક હતી.

આ જ ભાવથી તા. ૩૧/૩ના રોજ ભગતજી મહારાજનું ચરિત્ર વર્ણવતાં તેઓએ કહ્યું :

"ભગતજીએ સ્વામીની મરજી સાચવી અને મનધાર્યું કંઈ ન કર્યું. 'નિર્દોષ, સર્વજ્ઞ, અંતરાય ટાળે...' આ ભાવથી જ સેવા કરી. આમાં સ્વામી કહે, 'ભગતજીને ના ફાવે તો ઘરભેગો થાય.' સાંધા તૂટી જાય એવી આ વાત છે! આપણને આવું કહે તો હાલતો જ થાય. 'આપણે આટલું બધું કરીએ છીએ છતાં સ્વામીને ક્યાં પડી છે?' એવું થઈ જાય! 'સ્વામીને આપણી ક્યાં ગરજ છે? આપણે તૂટી મરીએ ને આપણા માટે આવું બોલ્યા?' એવું થઈ જાય ને! પણ આપણે આપણી ગરજે રાજી કરવા આવ્યા છીએ. સ્વામી ભલે ને ગમે એ કહે. સ્વામીને તો ગરજ છે જ, આ તો આપણે રાખવાની છે. બીજો વિચાર જ ન થાય.

આજ્ઞા થાય એટલે મનની તમામ વાતો મૂકી દેવી પડે. ભલે આપણને દેખાતું નથી, પણ એમને દેખાય છે. વિશ્વાસ રાખીએ તો જ આજ્ઞા પળે. આત્મદૃષ્ટિ જ રાખવી. આત્મદૃષ્ટિ રાખીએ એમાં કામ બધાં જ થાય, તોયે અંતર્દૃષ્ટિમાં જ વર્તાય. ગમે એટલા મોટા થાય પણ દાસ જ રહે."

સોનાની ખાણના સર્જક!

તા. ૧/૪ના રોજ શ્રીહરિ જયંતીની સવારે દર્શન માટે આવેલા અગ્રણી જૈન મુરબ્બી શ્રી મહિપતભાઈ શાહે સ્વામીશ્રીને જણાવ્યું કે 'આપની પાસે કાર્યકર્તાઓ છે એવા મુંબઈમાં ક્યાંય નથી. બધા સોનાની ખાણ જેવા છે! એટલું સરસ કામ કરે છે કે સત્યની પ્રતીતિ કરાવે. આપે ગાંધીનગરમાં યોગી શતાબ્દીનું આયોજન કર્યું એવું દુનિયાના ઇતિહાસમાં ક્યારેય થશે નહીં.'

સ્વામીશ્રી દ્વારા નિર્મિત મંદિરો અને ચૈતન્યમંદિરો – બંને અદ્વિતીય પુરવાર થતાં રહેતાં.

તેઓના સંગે આજની રાત્રે શ્રીજીમહારાજનો જન્મોત્સવ ધામધૂમથી ઊજવી સ્વામીશ્રી તા. ૨/૪ની બપોરે ભોજન માટે પધારી રહેલા ત્યાં જ નૈરોબીવાસી શ્રી નાગજીભાઈએ રસોઈની સેવા અંગે પૂછ્યું. આ સમયે સ્વામીશ્રીએ જે આંકડો કહ્યો તે સાંભળી પેલા હરિભક્ત ચકિત થઈ ગયા, કારણ કે તેઓ જેટલી રકમ લઈને આવ્યા હતા તેટલી જ સેવા નોંધાવવા સ્વામીશ્રીએ જણાવેલું, તેમાં એક આના કે પાઈનોયે ફરક નહોતો!

આ વાત નાગજીકાકાએ આસપાસ ઊભેલા સંતોને જણાવી ત્યારે હસતાં હસતાં સ્વામીશ્રી બોલ્યા : 'લ્યો, જુઓ ! આય પરચો.'

તેઓનાં આ ઉદ્‌ગાર અને હાસ્ય જણાવી રહ્યાં કે ચમત્કારની વાતને સ્વામીશ્રી ક્યારેય ગંભીરતાથી લેતા જ નથી.

એ જ રીતે તેઓ વિઘ્નોનીયે વિડંબના કરતા રહેતા. તેઓની આ શૈલી આજની રાત્રે એક વાર્તાલાપમાં પ્રકાશી રહી.

આ સમયે મળવા આવેલા મુંબઈના એક પ્રતિષ્ઠિત ગુણભાવી શ્રી બચુભાઈ ડ્રેસવાલાના પુત્ર શ્રી ગિરીશભાઈએ વ્યથા વ્યક્ત કરી કે 'ઝંઝાવાત બહુ જ આવે છે.'

'એ તો આવવાના જ. રામ, કૃષ્ણ અને સ્વામિનારાયણનેય ઓછા આવ્યા છે ?' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું : 'સંસાર છે એટલે વણમાંગી ઉપાધિ આવે જ ! સારું કરીએ છતાં બોલનારા બોલે. અજ્ઞાન છે ને ! પણ આપણે ભગવાન પર છોડી દેવું એટલે વાંધો ન આવે ને હિંમત રહે.'

વાવાઝોડા વચ્ચેય વિચલિત ન થવાય એવો આ બોધ સ્વામીશ્રીએ આપ્યો ત્યાં જ શ્રી બચુભાઈએ વિનંતી કરી કે 'સ્વામી ! હવે આપ ગામડે વિચરવાનું ઓછું કરો.'

'ફરવાનું બહુ થતું જ નથી.'

'છતાંય આપ ગરમીમાં ગામડે જાઓ છો તો ખરા જ. એટલે એ બોજો પણ...'

'બોજો તો એ (શ્રીજીમહારાજ) ઉપાડે છે. એ ન ઉપાડતા હોત તો આપણે શું કરી શકવાના હતા ? એમના સંકલ્પથી જ બધું થાય છે. એ કહે એટલી સેવા કરવાની છે.' સ્વામીશ્રી બોલ્યા.

આ અકર્તાભાવથી અહોનિશ સેવારત તેઓ તા. ૫/૪ની બપોરે સવા ત્રણ વાગ્યે બાંદરાથી ઊપડેલી સયાજી ઍક્સપ્રેસ દ્વારા નવસારી ઊતરીને સાંકરી આવી પહોંચ્યા.

સૂક્ષ્મતા અને વિશાળતા

સાંકરીમાં સ્વામીશ્રીનાં દર્શન-સમાગમ માટે દક્ષિણ ગુજરાતનો સત્સંગ હિલોળે ચડતાં ગામોગામથી ટેમ્પા-ટ્રેક્ટર ભરીને સૌ ઊમટતા. તેઓને સઘન આમ્રકુંજમાં હરિરસનું પાન કરાવી સ્વામીશ્રી તૃપ્તિ પમાડતા.

આ ક્રમમાં તેઓએ તા. ૧૦/૪ની સવારે એક હરિભક્તને ઉમળકાભેર આવકારતાં કહ્યું: 'આવો, ચીમનભાઈ!'

સ્વામીશ્રીનો આ સ્નેહભર્યો સાદ સાંભળી ગળગળા થઈ ઊઠેલા એ સત્સંગી બોલ્યા: 'બાપા! તમે તો બહુ યાદ રાખો છો.'

'કેમ ન રાખીએ? તમે તો જૂના છો.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આમ, નવા-જૂના સૌને જાળવતા તેઓની અમૃતધારાનો ઓડકાર ખાનારા બે યુવાનો તો તા. ૧૨/૪ની સવારે અલ્પાહાર કરવા જઈ રહેલા સ્વામીશ્રીની પાછળ-પાછળ ઠેઠ ઓરડા સુધી આવી પહોંચ્યા. અહીં તેઓએ સામેથી જ બીડી-બાકસ સ્વામીશ્રીનાં ચરણે ધરી કંઠી પહેરી. તેઓની બીડીની ઝૂડી સ્વામીશ્રીએ સામે ઊભેલા યુવક શ્રી ધર્મેશને બતાવતાં કહ્યું: 'આને બહાર જઈને નાંખી આવ.'

આ કામ પતાવી એ યુવક પરત ફર્યો ત્યારે સ્વામીશ્રીએ પોતાના બે હાથ મસળતાં પૂછ્યું: 'બરાબર વાળી-ચોળીને નાંખી દીધી છે ને?'

'હા.'

'તેં હાથ ધોયા કે નહીં?' આટલું પૂછી સ્વામીશ્રી બોલ્યા: 'દીવાસળી નાંખી નથી દીધી ને?'

'ના.'

'તો બરાબર. એની વસ્તુનો ભગવાન માટે એટલો ઉપયોગ થાય તો સારું ને! એટલી ભગવાનની સેવા થઈ જાય. એને વ્યસન છોડવામાં બળ મળે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

વસ્તુ-વપરાશ સંબંધી કેટલી સૂક્ષ્મ તકેદારી! જીવનું રૂડું કરવા સંબંધી કેટલી વિશાળ ભાવના!! બેહિસાબ રીતે રાત-દિવસ ચાલતા વ્યસનમુક્તિના કામમાં આટલી સૂક્ષ્મતા અને વિશાળતા ટકવી અઘરી.

પરંતુ આ સમન્વય સાથે વર્તતા સ્વામીશ્રી આજની સાંજે ઠાકોરજીનાં દર્શને પધાર્યા ત્યારે ત્યાં થાળ શરૂ થવાની તૈયારીમાં હતો, પણ હરિકૃષ્ણ મહારાજનું આસન એવું હતું કે પાછળ રહેલી શાસ્ત્રીજી મહારાજની મૂર્તિનું મુખ ઢંકાઈ જાય. તેથી સ્વામીશ્રીએ પૂજારી પ્રિયવદનદાસ સ્વામીને પાસે બોલાવી કહ્યું: 'જુઓ, પેલું શું છે? ઠાકોરજી એ રીતે ગોઠવવા કે પાછળ શાસ્ત્રીજી મહારાજને પણ જમતાં ફાવે. આમાં તો (ભોજન) દેખાતું જ નથી, એટલે જમતાં કઈ રીતે ફાવે?'

શાસ્ત્રીજી મહારાજ હાજરાહજૂર બિરાજ્યા હોય એ રીતે સ્વામીશ્રીએ સૂચના આપી. જે કરવું તે ઊંડાણપૂર્વક અને ભક્તિભાવથી – આ હતી તેઓની જીવનશૈલી.

તમે તો નિરલેપ સદાય

તા. ૧૩/૪ની બપોરે ઠાકોરજી જમાડતા સ્વામીશ્રીને આજના વિદાય દિનને અનુલક્ષી વર્ણીનાથદાસ સ્વામીએ પૂછ્યું : 'બાપા ! હવે પાછા અહીં પધારવાની ઇચ્છા ક્યારે છે ?'

'અમે ઇચ્છા કરતા જ નથી. ભગવાનની ઇચ્છા હોય એ મુજબ ફરીએ છીએ.' સ્વામીશ્રી બોલ્યા.

શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૩માં કહે છે કે 'આપણે પોતાના દેહને ભગવાનના ગમતામાં વર્તાવવો છે, તે જેમ એ ભગવાનનું ગમતું હોય તેમ જ આપણે ગમે છે, પણ ભગવાનના ગમતા થકી પોતાનું ગમતું લેશમાત્ર પણ નોખું રાખવું નથી.'

આ વચન અનુસાર ઈશ-ઇચ્છાને આધીન થઈ વિચરતા સ્વામીશ્રીને સંતોએ પ્રાર્થના કરી કે 'અમારો સત્સંગ દૃઢ થાય એવું કરજો.'

'એ તો જેટલો બીજાને કરાવીએ એટલો દૃઢ થાય.'

આ અનોખો ઉત્તર દઈ નવસારી આવી પહોંચેલા સ્વામીશ્રી અહીં તા. ૧૫/૪ની સવારે હરિભક્ત શ્રી ચંદુભાઈ પટેલના ઘેર બિરાજી સૌને મળવા લાગ્યા. તે વખતે એક વ્યક્તિએ પોતાના જીવનમાં જડ ઘાલી ગયેલી જૂની આદતો અને મજબૂરીની બળતરા વ્યક્ત કરી, ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'એક વાર વાઘ, સિંહ, સાપને જાણ્યા હોય પછી નજીક ફરકવાનું મન થાય છે ? એવો ભાવ વ્યસનો અને કુટેવો વિષે કેળવવો. અમે અત્યારે આ ઉકાળો પીએ છીએ, પણ જો એમ લાગે કે 'લોકમાં કંઈક જુદી વાત થાય છે' તો એક ઘડીમાં ફગાવી દઈએ. મૂકતાં આટલીયે વાર ન લાગે !'

સ્વામીશ્રીના આ અભિપ્રાયમાંથી *'તમને ન બંધન થાય, તમે તો નિરલેપ સદાય...'*ની તેઓની સ્થિતિ ઝળકી ઊઠી.

ધર્મ વગરનું જીવન જ નકામું

તા. ૧૬/૪ની સાંજે નવસારીથી સુરત પધારેલા સ્વામીશ્રીની

પદરજથી નદીકિનારે બાંધેલો સભામંડપ નારાયણ કથાકુંજ તા. ૧૭/૪ની સવારે પ્રથમ વાર પાવન થયો. તેમાં બિરાજી કથામૃતની લહાણી કરવા માંડેલા સ્વામીશ્રી તા. ૧૯/૪ની સાયંસભામાં લાભ આપી ઉતારાના મકાને પહોંચ્યા ત્યારે અત્રે અનાજના કોઠારનું બારણું ખુલ્લું જોઈ તેઓ નિરીક્ષણ માટે ત્યાં પહોંચી ગયા.

અહીં સીધાં ભરેલા ડબ્બાઓ પર જે-તે સામગ્રીનાં નામ લખેલાં. તે વાંચવા માંડેલા સ્વામીશ્રી એક ડબ્બા પર દળેલી ખાંડ માટે લખેલો 'બૂરું' શબ્દ જોઈ બોલ્યા : 'બૂરું શું કામ લખ્યું ? રૂડું લખવું હતું ને !'

બીજાનું ભલું કરવા જ વિચરતા-વિચારતા તેઓને, કામમાં તો શું, નામમાં પણ બૂરું પસંદ નહીં.

ભલાઈની આ ભાવના શબ્દના શ્લેષ દ્વારા સમજાવતા સ્વામીશ્રી પાસે તા. ૨૦/૪ની બપોરે આવી પહોંચેલા શહેરના પ્રસિદ્ધ પત્રકારોએ પ્રશ્નોત્તરી માંડી દીધી. તેમાં એક ખબરપત્રી પૂછવા ગયા કે 'રાજકારણમાં ધર્મ...'

'હોવો જ જોઈએ. ધર્મ એટલે સદાચાર. તે વગરના રાજકારણથી શાંતિ ન જ થાય. ધર્મ વગરનું જીવન જ નકામું અને ખલાસ છે.' અડધા જ પ્રશ્ને સ્વામીશ્રી બોલી ઊઠ્યા.

સત્સંગીને વારે-વારે શું કહેવું ?

ધર્મની જેમ ભક્તિના વિષયમાં પણ સ્વામીશ્રીની વિચારધારા ખૂબ જ સ્પષ્ટ અને સચોટ રહેતી. તેથી જ આજની સાયંસભામાં પુરાણીએ કરેલા પ્રાતઃપૂજાના પ્રતિપાદનને પુષ્ટિ આપતાં તેઓએ અમૃતધારા રેલાવી કે –

''નિત્યપૂજા ઘણા કરે છે. ઉત્સાહથી બધાએ હમણાં હાથ ઊંચા કર્યા, પણ નવી પૂજા ચાલુ કરવા માંગતા હોય એવા ઓછા હતા. બધાને એમ લાગ્યું હશે કે 'આમાં વસમું પડશે.' પણ તિલક-ચાંદલો કરવામાં શું વાંધો છે ? લગનમાં તો તરત કપાળ ધરે. ત્યાં વિચાર નથી આવતો કે દુઃખ આવશે. આપણે કરીએ એમાં કોઈનું નુકસાન તો કરતા નથી, તો પછી હિંમત શા માટે ન રાખવી ?

સોનાનો દોરો કેટલા ઉત્સાહથી પહેરીએ છીએ ? જ્યારે આ તો અક્ષરધામની કંઠી છે. આપણને શંકા થાય કે 'કંઠી પહેરીએ ને કંઈક ખોટું થાય તો ?' પણ એટલું સમજવું કે 'એ પહેરીશું તો ખોટું કરતાં રોકશે.'

મંદિરે આવીએ ને લોકો ભગત કહે એમાં શરમ લાગે છે, પણ એમાં ખોટું શું છે? ભગત થયા એમાં આબરૂ ગઈ કે વધી? 'સત્સંગ કરીએ એ યોગ્ય જ છે' એમ માનીને કરીએ તો વાંધો ન આવે. ભગવાનને અર્થે થોડું કરશો તોય રાજી થઈ જશે. એ રાજી ન થાય તો કરેલું બધું ફોગટ જ છે. વ્યવહાર તો આપણે નહીં હોઈએ તો બીજા કરનારા મળશે, પણ મોક્ષનું કામ આપણે જ કરવું પડે. બીજો ઓઢે ને આપણી ઠંડી ન જાય.

સત્સંગીને વારે-વારે શું કહેવું? પૂજા કરવાની જ હોય! અમુક વગર તો ન જ ચાલે એ સમજી રાખવું. એમાં કોઈ દુઃખ નથી છતાં ગૂંચવણ થાય છે, કારણ કે બરાબર વિશ્વાસ નથી આવતો."

આમ, હરિભક્તોના આધ્યાત્મિક ઉત્કર્ષ માટે આટલી ખેવના કરનારા સ્વામીશ્રી તેઓની આર્થિક ઉન્નતિ માટે પણ એટલા જ સજાગ. તેથી તા. ૨૧/૪ના પારાયણમાં તેઓએ જણાવ્યું કે 'સરકારને આપણે ટેક્સ ફરજિયાત આપવો પડે છે ને! તો ભગવાન કે જે આપણી ખેતીમાં પાક પકવે છે, ધંધામાં બરકત લાવે છે એના માટે આપતાં વિચાર ન થવો જોઈએ, પણ અહીં કહીએ તો કહે, 'સ્વામી! કંઈક ઓછા રાખો.' ભ'ઈ! સ્વામીને ક્યાં બૈરાં-છોકરાં પરણાવવાં છે? તમારે માટે કરીએ છીએ. તમારાં છોકરાં અહીં આવે ને સુખી થાય એ માટે આ બધું થાય છે. સદાવ્રત ચાલે છે. તમે આપો ને તમે જમો. ભગવાને આપ્યું હોય તો આપવું જ!'

સત્સંગ કરાવવો એ ઉત્તમ સમાજસેવા

તા. ૨૫/૪ની સવારે સ્વામીશ્રી સુરતના સમીપવર્તી પિંજરત ગામની સીમમાં નિર્માણાધીન એક ઔદ્યોગિક સંકુલનો ખાતવિધિ કરી તા. ૨૬/૪ની સવારે લસકાણા પહોંચ્યા.

અત્રે ગુણાનુરાગી શ્રી ભીમજીભાઈએ વસાવેલા ડાયમંડ નગરના ફાર્મ હાઉસમાં તેઓનો નિવાસ હતો. ગીચ વનરાજીથી ઘેરાયેલા આ સ્થળમાં, પુરાણી શૈલીની બાંધણીવાળા ઓસરીબંધ ઓરડા, નકશીદાર થાંભલા, નળિયાં, ગવાક્ષદીપ, ચોક, ચોકની મધ્યે ગુલમહોરનું વૃક્ષ, ટોડલા, કાંગરા વગેરેથી ગ્રામીણ વાતાવરણની ઝાંખી થતી હતી.

તેમાં સ્વામીશ્રીને લાવવાનું મુખ્ય પ્રયોજન તો વિશ્રામનું હતું, પરંતુ તેઓએ તો આવતાંવેંત જ વ્યવસ્થાપક સંતો દ્વારા સવાર-સાંજ કથા-વાર્તાનું

આયોજન ગોઠવાવી દીધું. તેથી આ નગરમાં વસતા ૨,૦૦૦ વસાહતી પરિવારો તથા યજમાનના સંપર્કમાં આવેલા શહેરના શ્રેષ્ઠીઓની સભાઓ યોજાવા માંડી.

તે ઉપરાંત, સ્વામીશ્રીની રુચિ કે 'નિવાસ દરમ્યાન યજમાનને પણ સત્સંગનો રંગ લાગવો જોઈએ.' તેથી આ સંબંધી પ્રેરક માર્ગદર્શન આપતાં તેઓએ તા. ૨૭/૪ના રોજ સ્થાનિક સંતોને વાત કરી કે –

'ગમે ત્યાં નવા ઘેર જવાનું થાય ત્યાં મુખ્ય માણસને સત્સંગ થઈ જ જવો જોઈએ. એના કુટુંબના સભ્યોને પણ બેસાડીને વાતો કર્યે રાખવી. સત્સંગ કરાવવા આવો ત્યારે એમના ટાઈમ સાચવવા. એના (યજમાનના) બીજા મળનારા આવે તો એનેય વાત કરવી. વાતો કરીએ તો બીજું જીવમાં પેસે નહીં. જેટલા મુખ્ય હોય તેને સ્મૃતિ અને ભક્તિ માટે આપણી મૂર્તિઓ પણ આપવી. અમે પડ છાંટીને જતા રહીએ પછી 'જય સ્વામિનારાયણ!' એવું ન થવું જોઈએ. મોટાને સત્સંગ થાય તો ધીરે-ધીરે એમની નીચેનાને પણ થાય. કાર્યકર તૈયાર થઈ જાય એનું પણ ધ્યાન રાખવું.'

પોતાના જીવનકાળ દરમ્યાન લાખો ગુણભાવીઓને સત્સંગીની કક્ષામાં લાવી દેનારા સ્વામીશ્રીએ સત્સંગ-વિકાસની પરિપાટી શીખવી દીધી.

તે અનુસાર તા. ૨૮/૪ના રોજ અત્રે એકત્રિત થયેલા સુરત શહેર તથા ગ્રામ્ય વિસ્તારના કાર્યકરોને સંબોધતાં તેઓએ જણાવ્યું કે –

"આપણે તો ભગવાન રાખે એમ રહેવું. આપણે શ્રીજીમહારાજનો આશરો છે એટલે એ જે કરે એ સારું જ છે. બહુ પૈસાદાર બનાવે તો નવરા જ ન થાય; પણ જેટલું જોઈએ છે એટલું આપ્યું છે. ભગવાને રોટલા માથે રાખ્યા જ છે. આશ્રિતના હિત સામે ભગવાન જુએ છે. દેહ કરતાંય આત્માને બંધન ન થઈ જાય એ દૃષ્ટિ રાખે છે. તમે જે સેવા કરો છો એ પણ એમની નજર બહાર નથી. જે ખરા ભક્ત થયા એની વ્યાવહારિક સ્થિતિ બહુ (સારી) નહોતી, પણ એ અમર થઈ ગયા, કારણ કે ભગવાનને રાખ્યા હતા. વિશેષતા એ જ છે.

તમે સત્સંગ કરાવો છો એ પણ એક ઉત્તમ સમાજસેવા જ છે. માણસ સુધરે તો ટંટા-ક્લેશ બધું જ મટી જાય. એક માણસને રોગમાંથી મુક્ત કરો તો કેટલો આભાર માને? એમ આ જન્મ-મરણના રોગમાંથી મુક્ત કરવાની વાત છે. માટે કોઈ ગમે એ કહે, એ મનમાં રાખ્યા સિવાય કામ કર્યા કરવું. માર્ગ સાચો છે. ભગવાન અને ગુરુ પણ સાચા મળ્યા છે. બધા જ ભગવાન

સ્વામિનારાયણમાં આવી ગયા. પગે બધાને લાગીએ, પણ નિષ્ઠા તો એક જ. આ કામ કરવામાં કંટાળો ન લાવવો. પચાસ સત્સંગી થાય એ પાંચ લાખ બરાબર છે. 'આપણે ક્યારેય નિષ્ફળ નથી ગયા' એમ માનવું.

ભગવાન જે સ્થિતિમાં રાખે એમાં રહીને આ જન્મે એવું કાર્ય કરી લેવું કે મહારાજ-સ્વામી રાજી થઈ જાય. તમારા પરિવારમાં પણ આ જ વસ્તુ રહે એ આશીર્વાદ છે.''

કાર્યકરોને આ કાર્યરીતિ શિખવાડ્યા બાદ આજની સાંજે યોજાયેલી જાહેર-સભામાં મુમુક્ષુઓને જીવનરીતિ ભણાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'વ્યવહાર કરવાની 'ના' નથી, પણ જે જગ્યાએ કાયમ બેસવું છે એ માટે પણ કંઈક કરવું. વ્યવહાર રાખવો પણ 'એક દિવસ મૂકીને જવાનું છે' એ વિચાર રાખવો, જેથી આઘાત ન લાગે. બીજા બધા ચમત્કારો કરતાં ભગવાનનો ચમત્કાર મોટો છે. માતાના ઉદરમાં શરીર ઘડ્યું ત્યાં ટાંકણું લઈને કોણ ગ્યા'તા? એ કેવો ચમત્કાર છે! એટલે એમાં આસ્થા રાખીને એમના આધારે નાવ ચલાવવું. બીજે ફાંફાં ન મારવાં.'

અક્ષરધામ છે ઘર તમારું

તા. ૨૯/૪ની સવારે સુરતથી વિદાય લઈ ભરૂચ પહોંચેલા સ્વામીશ્રી અત્રે શાલિમાર થિયેટરમાં સાયંસભાનો લાભ આપી ઉતારે આવ્યા. અહીં કરણ નામનો એક બાળક વર્તમાન ધરાવવા આવી ચડ્યો, પરંતુ સ્વામીશ્રીએ તેને હાથમાં જળ આપ્યું તે એ સીધો પી જ ગયો. આ જોઈ હસી પડેલા સ્વામીશ્રી બોલ્યા : 'સત્સંગ જીવમાં ઊતરી ગયો.'

તેઓની આ ગમ્મત પણ સૌના જીવમાં ઊતરી ગઈ.

આમ, રમૂજ સાથે ભગવાન આપતા સ્વામીશ્રીએ તા. ૩૦/૪ની સાંજે અહીંથી વિદાય લીધી ત્યારે રસ્તામાં આવેલું ઝાડેશ્વરનું પાટિયું વાંચી તેઓ બોલ્યા : 'ભરૂચ સ્ટેશને ઊતરી ગાડામાં બેસીને શાસ્ત્રીજી મહારાજ ઠચૂક... ઠચૂક... અહીં આવતા. એક વાર ભરૂચ આવ્યા પછી સ્વામીની તબિયત બગડી. ઝાડા થઈ ગયેલા. હું સાથે હતો. પછી અહીં લઈ આવ્યા અને આરામ કરાવ્યો.'

ગુરુસ્મૃતિ એ સ્વામીશ્રી માટે પ્રાણવાયુ હતી. તે વડે તેઓ વાત અને વાતાવરણને હંમેશાં ભરતા રહેતા.

આ રીતે ભરૂચથી પોર થઈને અટલાદરા પધારેલા તેઓએ અહીં પણ

એક સ્મૃતિપૃષ્ઠ ઉઘાડતાં કહ્યું : 'આ ગામનું તળાવ છે એ આપણે જ ખોદેલું. ત્યાંથી માટી કાઢી-કાઢીને અહીં મંદિરમાં બધું પૂરેલું. તગારાં અમે ભરીને આપતા.'

આવી સ્મૃતિસડક પર સરકતાં સરકતાં સ્વામીશ્રી તા. ૧/૫ની સવારે અટલાદરાથી બોચાસણ આવ્યા. અહીં તા. ૪/૫ના રોજ તેઓ પર વેનેઝુએલાથી જુઆન મોન્ટીલા નામની મહિલાનો પત્ર આવ્યો. સંસ્થાના કાર્યથી પ્રભાવિત તેઓએ કાગળમાં લખેલું :

'Our world is uncertain, materialistic. A true master can turn a stone into dimond. So please send me a photograph of your master, his master and your home.'

– 'આ દુનિયા અનિશ્ચિત અને ભૌતિકવાદી છે. સાચા ગુરુ જ પથ્થરને હીરામાં ફેરવી શકે છે, તો આપના ગુરુનો, તેમના ગુરુનો અને આપના ઘરનો ફોટો મોકલી આપજો.'

આ માંગણીના અનુસંધાનમાં સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું કે 'છેલ્લી બાબતમાં કયો ફોટો મોકલવો ?'

'અક્ષરધામનો મોકલી આપજો.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓને અભિપ્રેત હતું – અષ્ટાવરણ પાર આવેલું દિવ્ય અક્ષરધામ. પરંતુ સ્થૂળભાવમાં વર્તતાં પેલાં વિદેશી મહિલાને સમજાય તે માટે તેઓએ ગાંધીનગરના અક્ષરધામનો ફોટો મોકલી આપવા જણાવ્યું. જો કે મર્મના માલમીઓને તો સ્વામીશ્રીના આ ખુલાસામાંથી તેઓનું અસલી અને કાયમી સરનામું હાથ લાગી જ ગયું !

યૌવનવનના માળી

તા. ૫/૫ની સાંજે એક પ્રેમી ભક્તનો ભાવ પૂરો કરવા ભાદરણ પધારેલા સ્વામીશ્રી ત્યાંથી બોચાસણ પરત ફર્યા ત્યારે અહીં તા. ૭/૫ની સવારે એક સંત અહેવાલ આપતાં બોલ્યા : 'હમણાં-હમણાં માતરમાં બાલમુકુંદ સ્વામી, મહંત સ્વામી ને ડૉક્ટર સ્વામી ઉપરાઉપરી આવી ગયા.'

'ઉપરાઉપરી ન બોલવું. છાપો મારવો હોય ત્યારે એ શબ્દ વપરાય. અહીં 'વારાફરતી' શબ્દ વાપરવો.'

આ સુધારો સૂચવનારા સ્વામીશ્રી હતા – ભાષાવિજ્ઞાનના વિશારદ.

વર્તન અને વ્યવહારમાં યોગ્ય રીત ધરાવતા તેઓ, વાણીમાં પણ યોગ્ય શબ્દ પ્રયોજાય તેનો ખટકો રાખતા.

આમ, સઘળું સુયોગ્ય ધરાવતા તેઓ પાસે માર્ગદર્શન લેવા ઊમટતા થોકબંધ મનુષ્યોમાં આજે કીર્તિ પુરોહિત પણ આવી ચડ્યો. છેલ્લા એક જ વર્ષથી સત્સંગમાં જોડાયેલા આ કિશોરના માથેથી તાજેતરમાં પિતાનું છત્ર હટી જતાં તે સંસારના તીખા તાપમાં શેકાવા માંડેલો. પોતાના અને બહેનના ભરણ-પોષણ માટે તે ભણતરને તિલાંજલિ આપી ગામોગામ કાપડની ફેરી કરવા લાગેલો, પરંતુ વય કાચી અને અનુભવ ઓછો હોવાથી ગામોગામ ભટકવા છતાં બે છેડા ભેગા નહોતા થતા.

આ ખબર સ્વામીશ્રીને મળતાં તેઓએ આજની સવારે એ કિશોરને પોતાની પાસે બોલાવી કહ્યું : 'તું અને તારી બહેન ભણો, ખર્ચો સંસ્થા આપશે.'

'પણ બાપા ! ભણવાનું તો પછી, ખાવું શું તે પ્રશ્ન છે.'

એ કિશોરની આ કરુણ વાસ્તવિકતા સાંભળી સ્વામીશ્રીએ જરૂરી સીધાં-સામગ્રી તેના ઘેર પહોંચાડવાનો બંદોબસ્ત પણ કરાવી દીધો. આ કિશોર પગભર ન થાય ત્યાં સુધી તેને સીધું મળતું રહે તેની તકેદારીયે તેઓએ આ જ ઘડીએ રાખી દીધી.

આટલું કર્યા પછી તે કિશોરને આર્થિક રીતે આત્મનિર્ભર કરવાની દિશામાં પગલું ઉપાડતાં સ્વામીશ્રીએ તેને કહ્યું : 'તું બ્રાહ્મણ છે તો તને અમે મહાપૂજા શિખવાડીએ. તારે સવારની કૉલેજમાં ભણવું અને પછી વિધિ-વિધાન કરાવવાં.'

આમ જણાવી તેઓએ, 'આ કિશોરને મહાપૂજા શીખવા માટે સારંગપુરના સંત તાલીમ કેન્દ્રમાં મોકલવો, ત્યાં સુધી જવાનું ભાડું આપવું' વગેરે તજવીજ પણ કરાવી. તેની સાથે તેઓએ ગામડે ફરતા સંતોનેય કહ્યું : 'આ છોકરો મહાપૂજા શીખીને આવે એટલે એની પાસે વિધિઓ કરાવવી. દરેક વિધિએ સો રૂપિયા અને સીધું અપાવવું.'

સંભાળનો એકેય છેડો સ્વામીશ્રીએ ન છોડ્યો. તે જોઈ તેઓને પ્રથમ વાર જ મળતો પેલો કિશોર તો અવાક્ જ બની ગયો. તેને સ્વામીશ્રી પોતાના દિવંગત પિતાથીયે અધિક જણાયા.

સ્વામીશ્રીએ તેના માથે ધરી દીધેલા છત્રના છાંયે આ અનાથ કિશોર ભણી-ગણી એમ.એ. (M.A.) થયો. વિધિ-વિધાન શીખીને આજીવિકા રળતો

પણ બન્યો. એટલું જ નહીં, સ્વામીશ્રીએ ખીલવેલાં અભ્યાસ અને આવડતને આધારે એ કિશોર સમય જતાં પરદેશ પહોંચી વસ્યો.

ધૂળમાં રગદોળાતાં આવાં કંઈક ગુલાબોને ઉઠાવી, પંપાળી, તેને ખીલવી દેનારા સ્વામીશ્રી યૌવનવનના માળી હતા, યૌવનમનના વનમાળી હતા !

ગૌણતાનું ગાણું

બોચાસણથી વિદાય લઈ તા. ૭/૫ની સાંજે જીટોડિયા પધારેલા સ્વામીશ્રીએ અહીં આજની સવારે જ જ્યાં નૂતન મંદિરનો ખાતવિધિ થયેલો ત્યાં પહોંચી પુષ્પો પધરાવ્યાં. ટ્રેક્ટરની બત્તીના અજવાળે થયેલી આ પધરામણીમાં પણ ખાતમુહૂર્તના ગર્તમાં રહેલું એવું ને એવું જ પાણી તેઓની નજર બહાર ન ગયું. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'ભૂમિ સ્થિર છે એટલે મંદિર અને મંડળ પણ સ્થિર થશે.'

આ એક જ વાક્ય દ્વારા સ્થાનિક સત્સંગને જબ્બર પ્રેમ-પ્રોત્સાહન પૂરાં પાડી સભામાં પધારેલા સ્વામીશ્રી જ્યાં આશીર્વાદનો પ્રારંભ કરવા ગયા ત્યાં જ એક નાનો બાળક હાર લઈને તેઓ પાસે જઈ પહોંચ્યો. પરંતુ તેને સ-જોડે આવેલો જોઈ સ્વામીશ્રીએ કહ્યું : 'બૂટ કાઢીને આવ.'

આ સૂચના મુજબ તે બાળક પગરખાં ઉતારી આવ્યો ત્યાં સુધી સ્વામીશ્રીએ તેની રાહ જોઈ. ત્યારબાદ તેના હાથે હાર પહેરી તે જ હાર તેને પાછો પહેરાવી રાજી કર્યો.

બાળકની રાહે બેઠેલા 'બાપા'નું આ વહાલભર્યું વર્તન સૌનાં હૈયે વસી ગયું. મંદિરના આરંભ જેવા મોટા કામ વખતેય સ્વામીશ્રીને નાનાની ગણતરી રહેતી. ઈમારત અને ઈંટ – બંનેને જાળવી જાણનારા હતા તેઓ !

આ રીત અનુસાર વર્તતા તેઓના વરદહસ્તે તા. ૮/૫ની સવારે વિદ્યાનગરના છાત્રાલયમાં તૈયાર થયેલા નૂતન સભાગૃહનું ઉદ્‌ઘાટન અને આણંદના નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરનો ખાતવિધિ સંપન્ન થયાં.

આ બંને કાર્યોને ગતિ આપી સ્વામીશ્રી બપોરે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે એક સંતે કહ્યું : 'મને ઘણી વાર વિચાર આવે છે કે આપને કેટકેટલું સહન કરવાનું ?'

આ સાંભળી પોતાની ગૌણતાનું ગાણું ગાતાં સ્વામીશ્રી બોલ્યા : 'આપણે તો શું સહન કર્યું છે ? શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજ કરતાં

હજારમા ભાગનું પણ નહીં. તેઓને તો પગે ચાલવું પડતું, ખાવા-પીવાનું ઠેકાણું નહીં.'

'પણ આપને અત્યારે મનનો ભીડો વધારે નહીં ?'

'તે વખતેય ઓછો હતો ? તે વખતે માણસ નહીં, પૈસા નહીં. કંઈ મળે નહીં. ઝોળી માંગી લાવે ત્યારે ખાવા મળે. પગાર ક્યાંથી ચૂકવવા ? આ બધો મનનો ભીડો નહીં ? એ બધા અલૌકિક પુરુષ હતા એટલે કંઈ જ અડ્યું નહીં. આનંદ જ.'

આમ કહી પોતાની મહત્તાને ચોળી નાંખનારા સ્વામીશ્રી ભોજનના કોળિયે-કોળિયે ગુરુજનોનાં ગુણગાનનો આસ્વાદ માણી રહ્યા.

નિનાદપ્રિય

છાત્રાલયમાં નિર્માણ પામેલા નૂતન સભાગૃહમાં, જે મંચ પર ઠાકોરજીનું સિંહાસન પધરાવેલું તે જ મંચ રોજબરોજની સભા-પ્રસ્તુતિ માટે પણ વપરાવાનો હતો. આ વ્યવસ્થા અનુચિત લાગતાં, સ્વામીશ્રીએ તા. ૯/૫ની સવારે વ્યવસ્થાપક સંતોને સૂચના આપી : 'અત્યારે સ્ટેજ છે એનાથી થોડુંક નીચું એવું એક સ્ટેજ કરો. કાયમ ત્યાં જ સભા થાય. અહીં ઠાકોરજી બેસવાના છે, એટલે યુવકો ને બધા જ અહીં આવીને બેસે એ બરાબર નહીં. આ મંદિર છે, એટલે આવું આડમટોડમ (યોગ્ય મેળ વગરનું) ચાલે નહીં.'

મૂર્તિ હોય કે મંદિર, મંચ હોય કે માંડવો, માનવી હોય કે મર્યાદા – દરેક બાબતે સ્વામીશ્રી ઘણું ઝીણું વિચારતા. તેથી જ સંસ્થામાં કશું ખોરવાતું-ખરડાતું નહીં.

આમ, એક સક્ષમ સુકાની સમા તેઓ તા. ૯/૫ની સાંજે વિદ્યાનગરથી વિદાય લઈ લીંબડીને લાભ આપતાં ગોંડલ પધાર્યા.

અત્રે તેઓએ મંદિરના પ્રથમ ખંડ આગળ લટકતા ઘંટના ત્રણ ડંકા વગાડી સૌને રણકતી સ્મૃતિ આપી દીધી. સ્વામીશ્રીને સૂનું-સૂનું ન ગમે. તેથી નિનાદપ્રિય તેઓ તક મળે ત્યારે ઘંટડી, ઝાલર, નગારું, ઘંટ, કરતાલ વગેરે વગાડીને નાદબ્રહ્મ વહેતો કરી જ દે. આમેય ડંકા વગાડવાનું તેઓનું સ્વાભાવિક અંગ તો ખરું જ ને !

તે સાથે તેઓ તા. ૧૦/૫ની સવારે ગુરુકુળના પ્રાંગણમાં યોજાયેલા જૈનોના વરસીતપ પારણાં મહોત્સવમાં જઈ પહોંચ્યા. અહીં ઉપસ્થિત

થયેલા ગોંડલગચ્છના અધિપતિ શ્રી રતિલાલ મહારાજ તેઓની સાંપ્રદાયિક પ્રણાલી અનુસાર હાર નહોતા પહેરતા. તેથી તેઓના પગ આગળ હાર મૂકી સ્વામીશ્રીએ આદરભાવ પ્રદર્શિત કર્યો. દરેકનાં મોભા-મર્યાદા જાળવતી તેઓની આ નમ્રતાએ સૌનાં કાળજાં કોરી નાંખ્યાં.

આ હૃદયભેદક વર્તન સાથે સ્વામીશ્રી આજની રાત્રે જમવા બિરાજ્યા ત્યારે વંચાવા માંડેલા અક્ષરતીર્થ પુસ્તકમાં વાત આવી કે 'ગોંડલની જમીન હરિભાઈએ લીધી અને શાસ્ત્રીજી મહારાજને સોંપી દીધી.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આપણી સંસ્થાની તે દા'ડે શક્તિ નહીં. પણ શાસ્ત્રીજી મહારાજનો પ્રતાપ એવો કે *'વિના નાણે જગ જાણે...'* મહારાજની જેમ – પહેલું નોંતરું ને પછી સીધું; એમ વગર પૈસે ને વગર માણસે સ્વામીએ કામ કર્યાં!'

શાસ્ત્રીજી મહારાજનું આટલું મહિમાગાન કર્યા બાદ અક્ષરતીર્થ પુસ્તકના આધારે યોગીજી મહારાજનું યશોગાન કરતાં પણ સ્વામીશ્રીએ તા. ૧૩/૫ના રોજ કહ્યું: 'યોગીબાપા લેખક તરીકેય બહુ સારા છે.'

ગુરુગુણ ગાતા જ રહેવું એ સ્વામીશ્રીનું જીવિતવ્ય.

સેવા-સરભરામાં મૂર્તિનું સુખ

તા. ૧૩/૫ની સવારે સ્મૃતિમંદિરેથી પાછા વળી રહેલા સ્વામીશ્રીના દર્શને ઊભેલા બે વૃદ્ધ ભક્તો જેવા સ્વામીશ્રીની સમીપે ધસવા ગયા ત્યાં જ તેઓને હળવેથી રોકતાં એક કાર્યકરે પૂછ્યું: 'ક્યાંના છો?'

'આ તો ઊંટવાડાના જૂના જોગી. શાસ્ત્રીજી મહારાજના વખતના છે.' આટલો પરિચય આપતાં, સ્વામીશ્રી જ એ ઘરડેરા પાસે જઈ પહોંચ્યા અને તેઓને પ્રેમથી મળ્યા ત્યારે પેલાં બેય બોખાં મુખમાંથી હાસ્ય ઊભરાઈ આવ્યું.

સ્વામીશ્રીની કાળજી આબાલવૃદ્ધ સૌને મલકતા રાખતી.

તેનો અનુભવ તા. ૧૪/૫ની સવારે અમદાવાદથી આવેલા જજ શ્રી બિપીનચંદ્ર સોનીને આગવી રીતે થયો. આ સમયે પ્રાતઃ ભ્રમણ કરી રહેલા સ્વામીશ્રીએ એક સ્થાનિક કાર્યકરને બોલાવી પૂછ્યું: 'ગઈકાલથી પેલા જજ આવ્યા છે એમને ઓળખો છો?'

'ના.'

'ઓળખી રાખવા જોઈએ. ખાલી દર્શન કર્યા ન કરવાં. સામે રાયણ

નીચે ઊભા છે. સફેદ ઝભ્ભો-લેંઘો પહેર્યા છે. ચશ્માંવાળા ને પાતળા છે. એમને અહીં બોલાવીને વ્યવસ્થિત બેસાડો. ધ્યાન રાખવું. મહેમાનને સાચવી લેવા.'

આ જ રીતે તા. ૧૬/૫ની સવારે પૂજા બાદ એક મંત્રીના સચિવપદે રહેલા શ્રી વ્યાસને મળી સ્વામીશ્રી સ્મૃતિમંદિરે પધાર્યા ત્યારે પણ પેલા કાર્યકર નજરે ચડતાં તેઓએ સૂચના આપી કે 'ત્યાં વ્યાસ સાહેબ આવ્યા છે એમને વ્યવસ્થિત ઉકાળા-પાણી, નાસ્તો કરાવો, દર્શન કરાવો. એમાં મૂર્તિનું સુખ આવી જશે. અત્યારે એમાં પ્રગટનું સુખ છે, જાઓ.'

ભગવાનનું સુખ ભક્તોની સેવામાં છે – આ દિશા ચીંધી આગળ વધેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં, આ દિવસો દરમ્યાન સૌરાષ્ટ્રના નિર્દેશકો અને સહનિર્દેશકોની એક વિભાગીય શિબિર અત્રે યોજાયેલી, પરંતુ આ જ સમયમાં સ્વામીશ્રીને અતિસારની બીમારી વળગેલી. તેથી આયોજકોએ તેઓને સભામાં ન પધારવા વિનંતી કરી ત્યારે સહેજ અકળાઈને સ્વામીશ્રી બોલ્યા : 'હું મારું બધું સંભાળી લઈશ. મારે અહીં ઉતારામાં બેસવું ને ત્યાં કથામાં બેસવું એમાં શું ફેર પડી જવાનો છે?'

આ ઈશક સાથે શિબિરમાં પધારેલા તેઓએ અમૃતધારા વહાવી દીધી કે 'દૃઢ સંકલ્પ હોય તો બધું જ અનુકૂળ થઈ જાય છે. દૃઢતા હોય તો કોઈ કામ કરવામાં આળસ-પ્રમાદ ન થાય. આપણે ગામડે જઈએ ત્યારે કોઈનાં ખંડન-મંડનમાં પડવું નહીં. 'શ્રીજીમહારાજ સર્વોપરી છે' એ એમના કાર્યથી કહેવું. ત્યાં જઈએ એટલે નમ્રતા રાખવી. નિયમ-ધર્મમાં ગમે એમ ચલાવી ન લેવું. પરોક્ષનાને એ રીતે વાત કરવી કે ગુણ આવે. તૂટી ના જાય. દેહના સુખને માટે ખોટાં ધતિંગોમાં આસ્થા બેસવી ન જોઈએ. જોગીબાપા સિવાય બીજે માથું નમે નહીં. માન-સન્માન કરનારા મળશે, પણ લલચાવું નહીં. આપણે બીજાનો આપેલો ઈલ્કાબ જોઈતો જ નથી. બધાને જોગીબાપાનું બંધાણ કરાવી દેવું. ઊંડાણનો સત્સંગ થાય. સંપ, સુહૃદભાવ ને એકતાનું સૂત્ર દૃઢ રાખવું.'

સ્વામીશ્રી સ્વયં એક આદર્શ કાર્યકર હોવાથી કાર્યકરનાં કક્ષા-નકશા સારી રીતે સમજતા. તે મુજબ તેઓ કાર્યકરોને ઘાટ આપતા રહેતા.

'સરળયોગ'ની સમજ

ગોંડલમાં તા. ૧૮/૫ના રોજ ૧૦૧મી યોગી જયંતી ધામધૂમથી ઊજવી સ્વામીશ્રી તા. ૧૯/૫ની સવારે તેઓના મુલાકાત કક્ષમાં બિરાજમાન હતા

ત્યારે આવી ચડેલા એક વૃદ્ધ મુમુક્ષુ ગોવિંદભાઈ સથવારાએ પૂછ્યું: 'મારે અષ્ટાંગયોગ સાધવા શું કરવું ?'

આ પ્રશ્ન સાંભળી સ્વામીશ્રી ઘડીભર તો અષ્ટાંગયોગની સાધનાનો ભાર ઝીલવા અસમર્થ તે વ્યક્તિની જરા-જર્જરિત કાયાને જોઈ રહ્યા. પછી બોલ્યા: 'હવે તો ભગવાનનો યોગ સાધવો. પેલું તો અધવચ્ચ અટકી પડે. એના કરતાં ધ્યાન, ભજન, માળા કરવાં.'

'એ તો છે જ !'

'એ જ છે ! સરળયોગ શું ? મોટાપુરુષ મળ્યા, એમની આજ્ઞા પાળવી ને એમાં જોડાવું ને ભગવાનની ભક્તિ કરવી.' સ્વામીશ્રીએ જણાવ્યું.

જેમ નાવ મળતાં સામુદ્રી સફર સરળ બની જાય તેમ સત્પુરુષના સંગે અષ્ટાંગયોગ પણ સરળયોગ થઈ જાય છે. આનું જ નામ જોગની જુગતિ !

તેનો લાભ ઉઠાવવા અત્યારના રજાના દિવસોમાં દોડી આવેલા કેટલાક યુવકોએ તા. ૨૫/૫ના રોજ ફૂટેલા સ્વામીશ્રીના પ્રમુખવરણી દિને સ્વામીશ્રીને છત્ર, ચામર વગેરે ધરવાનો ઠાઠ રચેલો. તે મુજબ આજે જ્યારે સ્વામીશ્રી સ્મૃતિમંદિરે જવા નીકળ્યા ત્યારે પેલા યુવાનો છત્ર વગેરે રાજોપચાર સાથે હાજર થઈ ગયા. પરંતુ તેઓએ ગોઠવેલા ઠઠારાની ઠાઠડી કાઢતા હોય તેમ સ્વામીશ્રીએ કહ્યું: 'અહીંથી આઘા જાઓ. આપણે દેખાવની ભક્તિ ન કરવી. અંતરથી પ્રેમ કરતાં શીખવો.'

'બાપા ! ફોટો પાડી લેવા દો. પછી જતા રહીશું.'

'અંતરમાં પાડતાં શીખો ને ! આ ચામર હલાવ્યા વગર આગળ ચાલો. દંડવત કરો એમાં બધું જ આવી ગયું !'

સહેજ ઊંચા સૂરમાં બોલાયેલા સ્વામીશ્રીના આ શબ્દોથી સૌના સંકલ્પ વિરામ પામી ગયા.

જે મળ્યા છે એ મહારાજના અખંડ ધારક છે

તા. ૨૫/૫ની સવારે યોજાયેલી પ્રમુખવરણી દિનની ઉત્સવ-સભામાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'આ સંસ્થાનો જે કંઈ વિકાસ કે ઉન્નતિ છે એ બંને ગુરુઓ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના પ્રતાપે અને મહારાજના આશીર્વાદથી છે. શાસ્ત્રીજી મહારાજે સેવા સોંપી એ વખતે યોગીજી મહારાજનો એટલો જ

રાજીપો રહ્યો. એમણે મને ખૂબ સાચવ્યો ને મોટી વાત તો એ છે કે ભણેલા સંતો તૈયાર કરીને આપ્યા. હરિભક્તોનો પણ એટલો જ સાથ.

આપણને જે મળ્યા છે એ મૂકે એવા નથી. મળ્યા છે એ મહાન છે. મહારાજના અખંડ ધારક છે. એ જે ધારે એ કરી શકે એમ છે જ! ભલે વહેલું કરે કે મોડું, આપણે તો શ્રદ્ધા રાખીને મંડવું. જે પુરુષ મળ્યા છે એ સમર્થ છે. શંકા રાખ્યા વગર એમના માર્ગે ચાલવું. રસ્તો અને પુરુષ બંને સાચા છે. એમાં સહેજ પણ શંકા નથી. મારગ એટલે સત્પુરુષ. એમનું એક જ નિશાન રાખવું. આવું મળ્યા પછી પણ આડું-અવળું થાય તો એ કમનસીબ! આપણે બિલાડીનાં બચ્ચાં જેવું થવું, જેથી એ જ આપણું ધ્યાન રાખ્યા કરે. આપણને તો આનંદ કે એવા પુરુષનો સંબંધ થયો છે, એટલે આપણે કંગાલ નથી. માટે કલ્યાણની ચિંતા ન રાખવી. વગર દાખડે આ મળ્યું છે તો આનંદમાં રહીને સુખનો અનુભવ કરવો.'

સ્વામીશ્રીના આ બળભર્યા આશીર્વાદ સાંભળી છકમાં આવી ગયેલા કેટલાક સાધકોએ આજે રાત્રે સ્વામીશ્રી સમક્ષ જ એક સંવાદ ગોઠવી દીધો. શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે અક્ષરધામમાંથી નીકળેલા તેઓ જુદાં જુદાં ધામોમાં સ્વામીશ્રીનો મહિમા સાંભળતાં-સાંભળતાં અહીં આવ્યા હોય તેવો વિષયવસ્તુ ધરાવતી આ પ્રસ્તુતિ ખૂબ જોશીલી રહી. પરંતુ તેની સામે સ્વામીશ્રીનો પ્રતિભાવ એટલો જ ઠંડો રહ્યો. તે સાથે તેઓએ કહ્યું :

'આવું બનાવટી ગોઠવવું જ નહીં. ઠેઠ ત્યાંથી પ્રગટ સત્પુરુષનો લાભ લેવા અહીં આવ્યા એ બધી વાતો કેવી લાગે? પ્રતીતિ ન આવે. લોકોને એમ લાગે કે પોતાનો મહિમા વધારવા આવાં ટીખળ કરાવે છે. એટલે સહેજે-સહેજે મહિમા ગવાય એવું કરવું. આ નાટક ખોટું છે. વચનામૃતનો આધાર રાખીને વાત કરવી.'

અતિરેક એ સ્વામીશ્રીને મન અણગમતી બાબત હતી.

ગાવત સદા હરિગુન ગીતકું જી

તા. ૨૬/૫ની સવારે અલ્પાહાર વખતે સ્વામીશ્રીએ એક પુરાણી સ્મૃતિ વાગોળી કે 'શરૂઆતમાં (ભાગવતી દીક્ષા બાદ) અહીં દોઢેક મહિનો ભણેલો. તે વખતે સભામંડપ બંધાતો હતો. સારંગપુર અને ગોંડલના સભામંડપ સાથે જ થયેલા. એનાં સાગનાં લાકડાં સોનગઢથી લાવેલાં. ગુજરાત(ચરોતર)ના

મિસ્ત્રીઓ નકશીકામ કરતા. તે દા'ડે બેન્સા નહીં. હાથે જ વહેરવાં પડે. પથ્થરનું પણ એવું જ.'

આ સ્મૃતિપ્રસાદ વહેંચતાં, આજની સવારે ભાદરા પહોંચેલા સ્વામીશ્રીએ અહીં ચાણસદની ભજન મંડળીને સંભારતાં કહ્યું: 'અમે એ મંડળી સાથે આજુબાજુનાં ગામોમાં પણ જતા અને રાતોરાત ભજન કરતા.'

બાલ્યકાળની તેઓની ભજની પ્રકૃતિ ઠેઠ સુધી એવી જ જળવાયેલી રહેલી.

તે મુજબ તા. ૨૭/૫ની સવારે સ્વામીશ્રી પ્રાતઃપૂજા કરવા બિરાજ્યા ત્યારે તેઓ સમક્ષ ગોઠવેલી મૂર્તિઓને ચઢાવેલાં ગુલાબોનું હરણ કરી જવા વેગભેર ફૂંકાતો પવન તત્પર થયો, પરંતુ જેવો તે ગુલાબની ઉઠાંતરી કરવા જાય તે જ વખતે સ્વામીશ્રીનો અભયહસ્ત ફૂલની રક્ષામાં આવી જાય. આ લીલાદર્શન આખી પૂજા દરમ્યાન ચાલતાં સૌ માટે આજની સવાર વિશેષ સ્મરણીય બની રહી.

આવા એ પ્રભાતના સાડા દસ વાગ્યે સ્વામીશ્રીએ સેવકોને કહ્યું: 'ચાલો, સભામાં જઈએ.'

'કોઈ નવા આવ્યા નથી. એના એ જ છે. જવું છે ?'

'ભલે ને એ જ હોય ! સભામાં જઈને બે શબ્દો બોલીએ, ચાલો.' આમ કહેતાં સભામાં પધારેલા સ્વામીશ્રીએ ઉમંગભેર કથામૃત પીરસ્યું.

તેઓનું ભજન મેદની નહીં, પણ શ્રીજીમહારાજની સાથે નિસ્બત ધરાવનારું. તેથી જ તેના લય-તાલ કદી ખોરવાયા નહોતા.

આપના આશીર્વાદનો પ્રતાપ

તા. ૨૭/૫ના રોજ દર્શને આવેલા સિક્કા નગરની જી.ઈ.બી. શાળાના આચાર્ય શ્રી નટુભાઈએ સ્વામીશ્રીને કહ્યું: 'મને છેલ્લાં વીસ વર્ષથી તમાકુના મસાલાનું વ્યસન હતું. મારા મનથી જ હું અપમાનિત થતો. ચાર વર્ષથી છોડવાનો પ્રયત્ન કરતો, પણ છૂટતું જ નહીં. આપે મને એક વર્ષ પહેલાં આશીર્વાદ આપ્યા અને ત્યારથી એવું છૂટી ગયું કે હવે સાંભરતું જ નથી ! આપના આશીર્વાદનો જ આ પ્રતાપ છે !!'

હા, 'આપના આશીર્વાદનો જ આ પ્રતાપ છે !' – આ વાક્ય સ્વામીશ્રીના સાંનિધ્યમાં રોજેરોજ હજારો હોઠે બોલાતું રહેતું.

જ્યાં નિષ્ણાત તબીબોએ દર્દીના બચવાની શક્યતાઓ શૂન્ય સમજીને હાથ હેઠા મૂકી દીધા હોય, ત્યારે સ્વામીશ્રીના સ્પર્શ અગર તો તેઓએ આપેલાં પ્રાસાદિક પુષ્પ-જળના સેવનથી સ્વસ્થ બનેલા કે જીવલેણ અકસ્માતોમાંથી વાળ વાંકો ન થાય તે રીતે ઊગરી જનારા કંઈક મનુષ્યો બોલતા રહેતા: 'આપના આશીર્વાદનો જ આ પ્રતાપ છે!'

કોઈ પણ રાજકીય, સામાજિક, શૈક્ષણિક, વ્યાવસાયિક કાર્યોના પ્રારંભ કરવાના હોય ત્યારે આશાભર્યા હૈયે સ્વામીશ્રી પાસે દોડી આવતા રાજનેતાઓ, સમાજસેવકો, શિક્ષણવિદો, ઔદ્યોગિક માંધાતાઓ પોતાના શિરે સ્વામીશ્રીના આશીર્વાદનો અભયહસ્ત પામી સફળતા માટે નિશ્ચિંત બની જતા.

પરીક્ષાના ભયથી ફફડતાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ હોય કે સંતાનપ્રાપ્તિ ઝંખતાં દંપતીઓ હોય;

મનોરથોની સિદ્ધિ માટે તડપતા આર્ત-અર્થાર્થીઓ હોય કે લગ્ન વગેરે પ્રસંગો વખતે આર્થિક સંકટમાં ભીંસાતા કુટુંબના મોભીઓ હોય;

આકસ્મિક આપત્તિઓના પ્રહારથી તૂટન-ઘૂંટન અનુભવતાં બાઈ-ભાઈ હોય કે વ્યસનની ચુંગાલમાં ફસાઈને પાયમાલ થતા પરિવારજનોને બચાવવા માટે સ્વામીશ્રી સમક્ષ પાલવ પાથરીને પ્રાર્થના કરતી મહિલાઓ હોય;

તનતોડ પ્રયત્નો પછી પણ વેંત દૂર રહી જતી ધ્યેયસિદ્ધિથી ભાંગી પડેલા ધંધાદારીઓ હોય કે રાજદ્વારીઓ હોય;

– આ સૌ સ્વામીશ્રીનાં પત્ર, ફોન, મુલાકાત કે મનોમન સ્મરણ-માત્રથી આશીર્વાદ મેળવીને વિપત્તિઓની વૈતરણીને હેમખેમ પાર ઊતરી જતા. તે વખતે આંખમાં હર્ષાશ્રુ સાથે તેઓ સ્વામીશ્રીને કહેતા: 'આપના આશીર્વાદનો જ આ પ્રતાપ છે!'

બળતા-ઝળતા આત્મા પર વરસતી સ્વામીશ્રીની આવી સંજીવનીના પ્રતાપે સુખી થયેલા મનુષ્યોની પ્રસંગમાળા જો આલેખવામાં આવે, તો વિશ્વકોશ પણ ટૂંકા-ટચ ભાસે. જો કે આમ કહેવું તેય અતિશયોક્તિ નહીં, અલ્પોક્તિમાં ખપે એવું છે!

પૈસાથી જ સુખી થવાતું નથી

તા. ૨૮/૫ની સાંજે ભાદરાથી રાજકોટ પધારેલા સ્વામીશ્રીના શરીરને મરડાએ ભરડામાં લેતાં સ્વામીશ્રીને ઘણી જ અશક્તિ અનુભવાતી હતી.

છતાં તા. ૩૦/૫ની રવિસભામાં બાળકોએ તૈયાર કરેલા સંવાદને નિહાળવા તૈયાર થયેલા તેઓને આ સભામાં ન આવવા હરિભક્તોએ વિનંતી કરી ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'આપણે આવવાના હોઈએ એટલે બાળકોએ તૈયારી કરી હોય ને આપણે અહીં બેસી રહીએ એ કેવું લાગે?'

પળે પળ બીજા માટે જ જીવવાની આ ભાવના સાથે આજે સભામાં પધારી સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે 'બાળકોને સંસ્કાર આપીએ એ મોટામાં મોટી સેવા છે. જો એ નહીં આપીએ તો બીજી બધી જ સંપત્તિ કામ નહીં આવે. આપણે કમાવું છે જ, પણ છોકરાં ક્યાં જાય છે એ તો ધ્યાન રાખો! પૈસાથી જ સુખી થવાતું નથી. લાખોને જોયા છે કે જે પૈસા હોવા છતાં શાંતિથી સૂઈ શકતા નથી. સંસ્કાર અગત્યના છે. સત્સંગથી જ શાંતિ મળશે. જ્ઞાનની ભૂખ જાગશે તો સત્તા અને પૈસાની ભૂખ નહીં લાગે, બધાં જ દુઃખ ટળી જશે.'

આ દિશાસૂચક આશીર્વચન ઉચ્ચારી ઉતારે આવતા સ્વામીશ્રી પાંચેક હજારની ભક્તમેદનીથી ચિક્કાર મંદિર પરિસર જોઈ બોલ્યા: 'મંદિર થતાં પહેલાં જ નાનું પડવા માંડ્યું. જેટલી સગવડ વધારો એટલો સત્સંગ વધે જ.'

સત્સંગવૃદ્ધિનો આ એક ઉપાય ચીંધતાં ઉતારે આવેલા સ્વામીશ્રી સમક્ષ તિલક-ચાંદલો કરવામાં શરમાતા એક યુવાનને ધરવામાં આવ્યો. આ યુવકની દલીલ હતી: 'જીવનમાં વર્તાય તો જ તિલક-ચાંદલો કરવો.'

તેની સામે સ્વામીશ્રીએ કહ્યું: 'પચાસ લાખ મળે પછી જ ધંધો કરું તેવો વિચાર આવે છે? એમ તિલક કરવા મંડશો તો વર્તાશે.'

'પણ મારા વર્તનને લીધે સંસ્થાનું ખોટું દેખાય એવું શું કામ કરવું?'

'તું લોકોની દયા શું કરવા ખાય છે? ભગવાન અને સંત દુઃખી ન થાય એ જોવું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓ સત્સંગવૃદ્ધિ માટે સગવડની સાથે સમજણ પણ પૂરી પાડતા.

શાસ્ત્રવિવેકની સૂક્ષ્મ અને સુંદર સમજ

તા. ૩૧/૫ની બપોરે રાજકોટથી સારંગપુર પધારેલા સ્વામીશ્રી અત્રે આજની રાત્રે વાળુ બાદ એક મીટિંગમાં બોલ્યા: "બધા કહે છે કે 'આરામ કરો', પણ કેટલું સુવાય? (અમે) રહ્યા માણસૂડા. બહુ એકલવાયું ફાવે નહીં."

સંતો-સત્સંગીઓ માટે દેહને કૃષ્ણાર્પણ કરી દેનારા તેઓને ભક્તોની

ભીડમાં જ રહેવું ગમતું.

તે અનુસાર સારંગપુરમાં વરસવા માંડેલા સ્વામીશ્રીએ તા. ૩/૬ના રોજ શિક્ષાપત્રીના પારાયણમાં છેડાયેલી માંસાહાર-નિષેધની વાતનો દોર પકડી રાખતાં કહ્યું :

"અત્યારે તો જ્યાં જુઓ ત્યાં માંસ ખાનારા જોવા મળે. અત્યારના બુદ્ધિવાદના જમાનામાં આપણને પણ સંશય થઈ જાય કે 'કદાચ આ પણ સાચું હોય.' બહુ વાંચીએ એટલે અસર થઈ જાય. એટલે જ કહ્યું છે કે 'પહેલાં તો આપણી સમજણ અને નિષ્ઠા દૃઢ કરીને પછી જ બીજું વાંચવું, જેથી મન ડગી ન જાય.' આજે તો ડૉક્ટરો પણ દારૂ-માંસ લેવાનું કહે, પણ દેહને માટે આજ્ઞાનો લોપ ન થવો જોઈએ. શ્રીજીમહારાજે કંઈ જેમ-તેમ લખી નથી નાંખ્યું. દુનિયાના શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ બુદ્ધિશાળી એ હતા. ભગવાન તો હતા જ! એટલે 'એ સમજ્યા નથી' એવો જરા પણ વિચાર સ્વપ્નમાં પણ ન આવવો જોઈએ. શ્રીજીમહારાજે સ્વપ્નું આવ્યું ને લખ્યું કે કવિની જેમ કલ્પના કરી એવું ન હતું.

હિંસાની વાતો શાસ્ત્રમાંથી મળી આવે, પણ એ ઝાઝી હિંસા અટકાવવા થોડી કરવાનું કહ્યું હોય. માણસ પોતાની રુચિનું ગ્રહણ કરી લે, પણ મારવા હોય તો તારા દીકરાને માર ને! જેમ આપણું શરીર છે તેમ પશુ-પંખીનુંય શરીર છે. માટે શાસ્ત્રમાં એવી વાતો હોય તોય અર્થના અનર્થ ન કરવા. આપણે તો મહારાજે જે વાત લખી છે એમાં સંશય ન કરવો. એમાં ઉદ્ધાર થાય જ નહીં. આ સત્સંગ આજ્ઞા અને ઉપાસનાથી જ વધ્યો છે. અનેકને સમાસ કરાવવા ભગવાન ને સંત અનેક રીતે વાત કરે, પણ આપણે એમનું જીવન જોવું. જે વખતે જેનું પ્રતિપાદન કરવાનું હોય એનું બોલવું પડે, એટલે આપણે એવી ગોઠવણી ના કરી લેવી."

શાસ્ત્રવિવેકની સૂક્ષ્મ અને સુંદર સમજ સ્વામીશ્રીએ આપી દીધી.

તેને અનુસરતાં તેઓ તા. ૪/૬ની સાંજે ૪:૪૦ વાગ્યાથી ૭:૪૦ વાગ્યા સુધી ચંદ્રગ્રહણનો સમૈયો ઊજવી, તા. ૫/૬ની સવારે કેટલાક મહાનુભાવોને લઈ મંદિરે દર્શન કરવા પધાર્યા. અહીં આ ગુણભાવીઓ સમક્ષ શ્રીજીમહારાજના મહિમાની વાત માંડતાં, સ્વામીશ્રીએ પુલહાશ્રમમાં નીલકંઠવર્ણીએ કરેલી તપશ્ચર્યાની વિગત કહેતી વખતે તો તપની માળા ફેરવવાની મુદ્રા કરી સૌને વિશિષ્ટ દર્શન આપ્યાં.

સ્નેહ અને સાંખ્યનો સમન્વય

તા. ૬/૬ની સવારે લાખણકાના મંદિરનું ખાતમુહૂર્ત કરનારા સ્વામીશ્રીનાં દર્શને તા. ૭/૬ના રોજ આવેલા શ્રી હસમુખભાઈએ પોતાની ઓળખ આપતાં કહ્યું: 'સ્વામી! હું હરિભાઈ ત્રિકમભાઈનો પૌત્ર.'

'નારની અમરશીની ખડકીવાળા ને?' સ્વામીશ્રી તરત બોલ્યા.

આ સાંભળી પેલા આગંતુકની તો રોમાવલિ ખડી થઈ ગઈ.

હરિભક્તો સાથે તાણાવાણાની જેમ ઓતપ્રોત સ્વામીશ્રીને નામ-ઠામ સહિતનું સઘળું સ્મૃતિમાં રહેતું.

તે સાથે સૌને મળતા તેઓને શરીરમાં વળગેલા કફના પ્રકોપને કારણે તા. ૮/૬ની સવારે ગળું સાફ કરવાનું થયું. તે જોઈ હરિપ્રકાશદાસ સ્વામી બોલ્યા: 'હવે ગળફા નીકળવા માંડ્યા.'

'હા, હવે તો એવું જ ને! ઊપડવાનો સમય થયો.' સ્વામીશ્રીએ કહ્યું.

શ્રીજીમહારાજની જેમ જ તેઓને સાંખ્યનું અનુસંધાન સતત રહેતું.

તે સાથે સંસારમાં વિચરતા સ્વામીશ્રીનાં દર્શને તા. ૧૨/૬ની સાંજે વિખ્યાત જાદુગર શ્રી કે. લાલ આવી પહોંચ્યા. મુલાકાત બાદ સભામાં ઉપસ્થિત થયેલા તેઓએ જાદુપ્રયોગો બતાવી સૌને ચકિત કરી મૂક્યા.

આ જાદુગરી જોનારા સંતો આજની રાત્રે સ્વામીશ્રીનાં શયનદર્શનનો લાભ લેવા આવ્યા ત્યારે તેઓને સ્વામીશ્રીએ પૂછ્યું: 'કે. લાલને જોયા ને?'

'હા.'

'બસ! તો એમાં બધું આવી ગયું.'

'ના.'

'અમને તો એમના જેવું કંઈ બતાવતાં આવડતું નથી, એટલે એવું જ કે'વાય ને?'

સ્વામીશ્રીનો આ મનુષ્યભાવ જોઈ સંતસ્વરૂપદાસ સ્વામી બોલ્યા: 'આપ ગાતરિયું ખંખેરો ને! એમાંથી જાદુ થશે.'

'અમે ગાતરિયું ખંખેર્યું એમાંથી તો આ બધા નીકળ્યા.' સામે બેઠેલા સંતો-પાર્ષદો તરફ નિર્દેશ કરતાં સ્વામીશ્રી બોલ્યા.

તેઓએ ખૂબ જ સહજતાથી પોતાના જાદુની વાત કરી દીધી. કોઈ હાથચાલાકી કે નજરબંધી વિના લાખોનાં હૈયાંને ભગવાનના માર્ગે વાળી

દેવાના સ્વામીશ્રીએ ચલાવેલા જાદુનો જોટો જડે એમ નથી.

વરાળ નીકળે નહીં ત્યારે આત્મનિષ્ઠા ખરી

અક્ષરવાસી સદ્‌ગુરુ સંતવલ્લભ સ્વામીના ઓટા પર તા. ૧૩/૬ના રોજ ચરણારવિંદની સ્થાપના કરી સ્વામીશ્રી તા. ૧૪/૬ની સવારે મંદિરમાં દર્શને પધાર્યા. અહીં વરસાદી વાતાવરણને લક્ષમાં રાખી ઠાકોરજીને ખેડૂતના વાઘા ધરાવવામાં આવેલા. હાથમાં ડાંગ પણ આપેલી.

આ શણગાર જોઈ એક સંત બોલ્યા : 'હરિ આતા.'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'હાથમાં ડાંગ છે ને આતા કેમ કહેવાય? ખેડૂતના હાથમાં ડાંગ ન હોય. ડાંગ તો ભરવાડના હાથમાં હોય !'

પોતાની આ કલાસૂઝથી સૌને મુગ્ધ કરતા તેઓએ આજની સભામાં આહ્‌નિકની વાત દૃઢાવતાં કહ્યું :

"ગમે તેવું કામ પડતું મૂકીને ચેષ્ટામાં આવી જ જવું. ચેષ્ટા વખતે મહારાજની મૂર્તિ, મહારાજનાં અંગો બધું મગજ પર આવી જવું જોઈએ. હરિભક્તોને પણ મહારાજની આજ્ઞા છે એટલે કરજો બધા. ચેષ્ટા ન કરી તો ભૂખ્યા રહીએ છીએ ? માંદા થઈએ છીએ ? પણ ભગવાનના દરબારમાં નંબર નહીં લાગે. મોટાપુરુષનો રાજીપો આપણા ઉપર નહીં થાય. મોટાપુરુષ તો હસાવશે, બોલાવશે, આનંદ કરાવશે, પણ એમના મનમાં જે સાધુતાના ગુણો છે તે આવવા જોઈએ. એક વખત આજ્ઞા થઈ પછી જિંદગીભર ફરી કરવી ન પડે, ત્યારે જાણવું જે, ભગવાનનો, સંતનો, આજ્ઞાનો મહિમા સમજ્યા છીએ.

નાના-મોટા બધાએ ચેષ્ટા અને કથા વખતે કામ મૂકી જ દેવું. પાછું ચેષ્ટા કે કથા વખતે વાતો ન કરવી. કથા વખતે વચમાં આવે એમાં પણ કેટલાને વિઘ્ન થાય. ગામડે પણ ભેગા બેસીને ચેષ્ટા બોલી લેવી જોઈએ. જ્યાં સુધી હાથ-પગ ચાલે છે ત્યાં સુધી આ કરવાનું છે. નવરા બેસી રહેવા આવ્યા છીએ ? ભક્તિ કરવા જ આવ્યા છીએ. અંતર્દૃષ્ટિ નહીં થાય ત્યાં સુધી આ થશે નહીં. વસ્તુ મળી, ન મળી પણ ભક્તિ અને કથા-વાર્તામાં ઉત્સાહ રાખવો. બીજાને પણ કહેવું નહીં. 'જોયું, હવે તારો વારો છે' એટલી પણ વરાળ (બળાપો) નીકળે તો આત્મનિષ્ઠાની ખામી ! 'વસ્તુ માટે સાધુ નથી થયા, પણ ભગવાનને રાજી કરવા માટે થયા છીએ' – એ નક્કી હોય તો વરાળ નીકળે જ નહીં. ત્યારે આત્મનિષ્ઠા ખરી !"

નમ્રતા, નિર્દંભતા અને નિખાલસતાનું પ્રયાગ

વરસાદનું આગમન સ્વામીશ્રી માટે હંમેશાં આનંદનો વિષય રહેતું. વરસતી વૃષ્ટિમાં તેઓને પ્રજાની હાલાકીનો ઉકેલ દેખાતો. તેથી તેઓ ખૂબ હરખાતા. એ હરખનો ઉછાળો ક્યારેક તેઓને વરસાદી સ્નાન માટે ખેંચી જતો.

તા. ૧૭/૬ની સવારે આ દર્શનનું સુખ સૌને મળ્યું. આ સમયે સ્વામીશ્રી વરસી રહેલાં વાદળાં જોઈ બાથરૂમની બહાર પાછળના ઓટલે આવી ગયા. અત્રે અગાશીમાંથી બે ધૂધવા પડી રહેલા. તેની નીચે ઊભા રહી તેઓએ મહારાજ-સ્વામીનાં સ્મરણ સાથે શરીર પર હાથ ફેરવતાં અને ક્યારેક ડાબા હાથનાં અંગૂઠા અને તર્જની આંગળી વડે આંખોને દાબતાં ચાર-પાંચ મિનિટ સુધી સ્નાનલીલા કરી સૌને સ્મૃતિભીના કરી દીધા.

વરસાદની જેમ જ તા. ૧૯/૬ની પારાયણમાં સ્વામીશ્રી અમીવૃષ્ટિ કરવા માંડ્યા. આ વખતે તેઓનો બોલવાનો ઉમંગ એવો હતો કે ચોસઠપદીની એક પંક્તિ ટાંકતાં તેઓએ *‘સ્વાદે સહુ એકઠું કરી અન્ન, જળ નાંખી જન જમે...’*ની જગ્યાએ *‘સ્વાદે સહુ એકઠું કરી અન્ન, અન્ન નાંખી જળ જમે...’* એમ ગાયું. શબ્દોની આ અવળ-સવળ સાંભળી સામે બેઠેલા કેટલાક સંતોને હસવું આવી ગયું. તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું: ‘શું થયું ?’

‘કંઈ નહીં !’ કોઈએ ફોડ ન પાડ્યો.

પરંતુ વિચક્ષણ સ્વામીશ્રી હાસ્યનો મર્મ પકડતાં બોલ્યા: ‘કંઈક ભૂલ થઈ હોય તો કહેજો. વાંધો નથી. આપણે પૂર્ણ નથી. ભૂલ થાય પણ ખરી !’

આ વાક્યોમાંથી પ્રગટેલી તેઓની નિર્માનિતા, નિર્દંભતા અને નિખાલસતાની ત્રિવેણીમાં સૌ ડૂબી જ ગયા.

એ જ રીતે તા. ૨૦/૬ની સવારમાં ફૂટી નીકળેલું સ્વામીશ્રીના સ્નેહનું ઝરણું પણ સૌને ભીંજવી ગયું.

આ સમયે ઉદ્યાનમાં પ્રાતઃ ભ્રમણ કરી ઉતારે આવી રહેલા સ્વામીશ્રીએ, વચમાં આવતા લીંબડા આગળ ઊભેલી ગાડીમાં બેઠેલા એક વૃદ્ધ ભક્તને જોયા. તેથી તેઓ ‘કેમ, રમણભાઈ !’ કહેતાં એ સત્સંગીની પાસે પહોંચી ગયા. અમદાવાદથી આવેલા આ મિસ્ત્રી ભક્ત બોલી શકતા નહોતા. તોયે હમણાં જ પૂર્ણ થયેલા ભ્રમણને કારણે હાંફ ચડ્યો હોવા છતાં અને પરસેવે રેબઝેબ હોવા છતાં, સ્વામીશ્રી ગાતરિયા વડે મુખ લૂછતાં-લૂછતાં પેલા

હરિભક્તને મળતા રહ્યા.

'અતિ તમને લડાવવા લાડ, મારા મનમાં છે ઘણી ચાડ...' સમા તેઓની મમતાનું આ દર્શન સૌને ઊગતા સૂર્યથીયે અધિક દેદીપ્યમાન જણાયું.

વહાલભર્યો વટહુકમ

તા. ૨૧/૬ની સાંજે સ્મૃતિમંદિરના પ્રાંગણમાં રથયાત્રાનો ઉત્સવ ઊજવી ઉતારે પધારેલા સ્વામીશ્રીને અહીં તા. ૨૨/૬ની રાત્રે વિશ્રામમાં જતાં પૂર્વે ઊલટ આવી ગઈ. તેથી શયનખંડના દરવાજા આગળ ઊભા રહી ગયેલા તેઓની અમૃતધારા સામે બેઠેલા સંતો, પાર્ષદો અને સાધકો પર વરસવા લાગી કે –

"આજે મારે તમને એક વાત કહેવી છે. એને શું કહેવાય? વટહુકમ. ના, સંતો ઉપર વટહુકમ ના હોય. એને દુઃખ થાય એવું આપણાથી ના કરાય, પણ એક વિનંતી કરવાની છે. આરતીમાં જવાની મહારાજની આજ્ઞા છે. જીવીએ ત્યાં સુધી આ કરવાનું છે. જે સાજા હોય, હરી-ફરી શકે એવા હોય ને ગમે એ મંદિરમાં હોય ત્યાં મંગળા, શણગાર અને સંધ્યા આરતીમાં જવું જ જોઈએ. કમ્પ્લીટ લખી રાખો અને પૂજામાં મૂકીને, શિક્ષાપત્રીની જેમ આ વાતને રોજ વાંચો. આ મંદિર કરીને પાણા પધરાવ્યા નથી. એટલે કોઈ પણ ભોગે આરતીમાં પહોંચી જ જવું! ત્યાં ગયા પછી અષ્ટક સુધી ઊભા રહેવું. ગમે એ કામ હોય, આ વખતે મૂકી જ દેવું. સંગીતવાળા હોય તો એમણે સંગીત મૂકી દેવું. સંગીત ક્યારે ટકશે? આરતી-અષ્ટક રહેશે તો ટકશે.

હું આ વાત બધા માટે કરું છું. આ જિંદગીભરની વાત છે. આ વાત જીવમાં ઊતરે એ મોટામાં મોટી વાત છે. ચોથી વાત ચેષ્ટાની છે. સભામાં ટાઈમસર પહોંચી જ જવું, પછી જે કરવું હોય એ કરો. ગુરુ હોય કે સદ્‌ગુરુ હોય, પણ ચેષ્ટામાં, અષ્ટકમાં ઊભા જ રહેવું જોઈએ.

આ હુકમ નથી. પ્રાર્થના કરીએ છીએ, કારણ કે આપણું આ ધ્યેય છે. આમાં આળસ-પ્રમાદ ન ચાલે. આ બાબતમાં બીજાની સામું જોવાનું હોય નહીં. બીજો નહીં કરે તો ભોગવવાનું એને થશે. મહારાજે સંધ્યા સમયે મંદિરે જવાની વાત કરી છે, એ બધા માટે છે. એટલે આરતીમાં પહોંચી જ જવું. કોઈને કહેવું જ ના પડે. માંદા હોય એને માટે રાહત છે. આમેય પગથિયાં બે-ત્રણ વાર ચઢશો તો કસરત થશે. સારું રહેશે. માણસને અમથા ડુંગરા

ચઢવાની મજા આવે પણ આ ડુંગરો ચઢતાં થાક લાગે.

આપણે મંદિરે દર્શને જઈએ તો તોફાની તત્ત્વ ના થવું. ધીરે ધીરે ચઢવું. ફાળ ન મારવી. આપણું જીવન ઠરેલ જોઈએ. ઉદ્ધતાઈ નહીં. તમે કરશો તો તમારી પછવાડેનાને દૃઢતા થશે. તમે નહીં કરો એ તમારી અસેવા છે. જોગીબાપાએ કેટલો આગ્રહ રાખ્યો છે. જેનો રાજીપો મેળવવો છે તો એને માટે કંઈ કરવું કે નહીં? આ આજનો આદેશ છે. સૌ સ્વીકારજો.''

શિલામાંથી શિલ્પ સર્જવા સજ્જ થયેલા શિલ્પીના ભાવથી સ્વામીશ્રી બોલી ગયા.

આ જ આપણું ઘી

સ્વામીશ્રીની પ્રકૃતિ *'લેઈ લેઈ ભોજનનાં નામ, આપે ઘણે હેતે ઘનશ્યામ...'* સમા શ્રીજીમહારાજ જેવી જ! તેથી તા. ૨૩/૬ના રોજ તેઓને પીરસવાનો ઉમંગ આવી જતાં તેઓ સંતોની ભોજનશાળા બહાર આવેલી ઓસરીએ બિરાજી દરેક સંત-પાર્ષદને ચાર-ચાર પૂરણપોળી આપવા લાગ્યા. કોઈ ખમતીધર આવે તો તેને યથાશક્તિ પણ આપે.

આ રીતે શ્રદ્ધાપૂર્વક સૌને પીરસી સ્વામીશ્રી ઉતારે જવા નીકળ્યા ત્યારે ભોજનશાળામાં સંતપંક્તિ પડી ગયેલી. તેમાં બેઠેલા અભિમન્યુ ભગતના પત્તરમાં મુકાયેલી પૂરણપોળી પર તરતું પ્રવાહી જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું: 'ઘી છે?'

'ના, પાણી.'

'આ જ આપણું ઘી. ઠાકોરજીના થાળમાં જળ મેળવી જમવું એ ઘી.'

પૂરણપોળીની સાથે આટલી પ્રેરણા પણ પીરસી નિવાસસ્થાનમાં પરત પધારેલા સ્વામીશ્રીને આજની રાત્રે પોઢવાનો સમય થયો ત્યારે એક સંતે કહ્યું: 'બાપા! હવે આરામ કરો. મોડું થયું છે.'

'કથા, નિયમ, ચેષ્ટા વગેરે વાતો જીવમાં ઊતરે એ આરામ જ છે. આ બધું કરવા મંડો એટલે પૂરેપૂરો આરામ. કહેવું જ ના પડે.'

સ્વામીશ્રીના મુખેથી આરામની આગવી ઓળખ સરી પડી.

આ કંઈ રમકડાં નથી પધરાવ્યાં!

સારંગપુરમાં સ્વામીશ્રી હોય ત્યારે સંતો-પાર્ષદો પોતાની વિવિધ કળા-

કુશળતા રજૂ કરી ભક્તિ અદા કરતા રહે. કો'ક ઠાકોરજીનાં વિશિષ્ટ વાદ્ય-આસન કરે, તો કો'ક સૂર-સ્વરથી સ્વામીશ્રીને રીઝવવા પ્રયત્ન કરે. કો'ક રસપ્રચૂર વાનગી બનાવી જમાડવાનો ઉમળકો સેવે, તો કો'ક પ્રવચન કરી આશીર્વાદ મેળવે.

આ ક્રમમાં તા. ૨૪/૬ની સવારે સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધાર્યા ત્યારે ઘુમ્મટની જાળી પાસે ઊભેલા એક પાર્ષદે તેઓનું વર્ણન કરતી છડી પોકારી.

તે સાંભળી ધર્મકુળના ખંડમાં દર્શન કરી રહેલા સ્વામીશ્રી અસ્વસ્થ થઈ ગયા. તેથી દર્શન બાદ સીધા જ પેલા પાર્ષદ પાસે પહોંચી તેઓ કહેવા લાગ્યા : 'આજથી નિયમ લે. આજ પછી આ છડી અહીં ક્યારેય બોલવી નહીં. ઠાકોરજીની સંપૂર્ણ મર્યાદા રાખવી. આપણે એના સેવક છીએ, દાસ છીએ. ભક્તિભાવ પૂર્ણ હોવો જોઈએ. બોલવી હોય તો મહારાજની છડી બોલો, નહીં તો અહીં શાંતિથી દર્શન કરવાં. આ કંઈ રમકડાં નથી પધરાવ્યાં ! સાક્ષાત્ ભગવાન બેઠા છે. એને લઈને આપણે છીએ.'

આ પ્રબળ દાસભાવ સાથે સ્વામીશ્રી પ્રદક્ષિણાની પ્રાસાદિક રૂપચોકીમાં પધાર્યા ત્યારે એક પાર્ષદે પૂછ્યું : 'બાપા ! અહીં શાસ્ત્રીજી મહારાજ બરાબર કઈ જગ્યાએ બેસતા ?'

'એવું કંઈ ફિક્સ (નિશ્ચિત) નહીં ! બેઠક ઉપર ગમે ત્યાં બેસતા.'

'...અને આપ ?'

'આપણે તો નીચે જ હોઈએ ને ! આપણે કંઈ ઓછા ગાદીપતિની જેમ ઉપર ચઢી બેસાય છે ? આપણે તો સેવક. નીચે જ બેસાય ને !' સ્વામીશ્રી બોલ્યા.

ગાદીપતિ હોવા છતાં ગરીબ-ગુલામની જેમ રહેવાની તેઓની વૃત્તિનો મુકાબલો કોઈ કરી શકે એમ નથી.

એ અમારે સુખ

સારંગપુરમાં સમય-સમયનો લાભ લેવા સંતો, પાર્ષદો અને સાધકો તો *'મતવાલા થઈને ફરે, મેલી ન જાયે દૂર રે...'*ની જેમ સ્વામીશ્રીની આસપાસ જ મંડરાતા રહેતા.

તે અનુસાર, તા. ૨૬/૬ની રાત્રે પોણા અગિયાર વાગ્યે પણ સ્વામીશ્રીનો

મુલાકાત કક્ષ દર્શનાર્થીઓથી ભરચક હતો. આ શ્રદ્ધાળુઓની પ્રતીક્ષાનો અંત લાવતાં, સ્વામીશ્રી થોડી વારે ઓરડાના બારણે આવી દર્શનદાન દેવા લાગ્યા. તે જ વખતે એક સંતે પ્રવેશ કર્યો. તેઓ પર સ્વામીશ્રીની દૃષ્ટિ ગઈ. તેમાં પ્રશ્ન હતો: 'કેમ મોડા પડ્યા ?'

તેનો ખુલાસો કરતાં પેલા સંતે કહ્યું: 'સભામાં ગયો હતો, તેથી મોડું થયું !'

આ કારણ સાંભળી રાજી થતાં સ્વામીશ્રી બોલ્યા: 'ધન્યવાદ ! આવી દૃઢતા કાયમ રહે એવું કરજો ને આવું ને આવું સુખ આપજો.'

'સુખ તો બાપા ! આપે આપવાનું હોય.'

'તમે બધા કથા, દર્શન, ચેષ્ટામાં જાઓ એ અમારે સુખ. આપણે સામ-સામે સુખ લેવા-દેવાનું. તમે આ કરો એ અમારે સુખ ને ઊંઘી જાવ એ દુ:ખ.'

સ્વામીશ્રીના મુખે સુખની એક નવી વ્યાખ્યા સરી પડી !

આપણો જન્મ જ ગુરુને રાજી કરવા માટે છે

તા. ૩૦/૬ના રોજ આવેલી દેવશયની એકાદશીએ સ્મૃતિમંદિરે પધારેલા સ્વામીશ્રી પાસે સૌ સંતો, પાર્ષદો, સાધકોએ ચાતુર્માસ નિમિત્તે વિશેષ વ્રત-તપના નિયમો ગ્રહણ કર્યા.

આ વિધિ પણ એક દર્શનીય ઘટના બની રહેતી. આ સમયે વારાફરતી સ્વામીશ્રી પાસે આવતા દરેક પોતાની શ્રદ્ધા અને ક્ષમતા મુજબ ધારણાં-પારણાં, ચાંદ્રાયણ, ખટરસ, એકટાણાં વગેરે વ્રત અંગે કહેતા જાય. તેમાં સ્વામીશ્રી સંમતિ પુરાવતા રહે. ક્યારેક મુમુક્ષુના સંકલ્પમાં વધ-ઘટ પણ કરાવે.

આજેય એ જ રીતે વ્રતોત્સવ પૂર્ણ થયો ત્યાં જ તા. ૧/૭ના રોજ સ્વામીશ્રીનો વિદાય દિન આવી પહોંચતાં સંતસમુદાયે પ્રાત:પૂજાનાં કીર્તનોમાં વિરહવેદનાને વાચા આપી.

અત્રે સતત એક મહિનો રોકાઈને સ્વામીશ્રીએ સૌને ન્યાલ કર્યા હતા. તેથી જ પૂજાવિધિ બાદ એક પાર્ષદે કહ્યું: 'બાપા ! મહિનો ક્યાં પસાર થઈ ગયો એની ખબર જ ન પડી !'

'આવી ને આવી રીતે ભજન-ભક્તિ કર્યા કરો તો જિંદગી પસાર થઈ જશે એય ખબર નહીં પડે !' સ્વામીશ્રી બોલ્યા.

કઠિન સાધનાને સરળ બનાવતો આ સદુપદેશ વહાવી તેઓ દર્શને

પધાર્યા અને સભાગૃહમાં પ્રતીક ગુરુપૂનમની સભાનો શુભારંભ થઈ ગયો. તેમાં નિત્યક્રમથી પરવારેલા સ્વામીશ્રી ઉપસ્થિત થયા ત્યારે સૌએ તેઓને પુષ્પાંજલિથી વધાવ્યા. પુષ્પહારો પણ અર્પણ કર્યા.

આ અભિવાદન સ્વીકારી અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

"આપણો જન્મ જ ગુરુને રાજી કરવા માટે છે. એની મરજી કેમ સચવાય એને માટે જ આપણો જન્મ છે. એમની મરજી આપણું જીવન બની જાય છે. શાસ્ત્રીજી મહારાજે આ સંસ્થા સ્થાપી તેમાં ગુરુનું અને ઇષ્ટદેવનું બળ. ભગવાનને રાજી કરવામાં કષ્ટ આવે છે એ અનાદિની વાત છે. પણ એ કષ્ટમાં ગુરુ વિષે બીજો વિચાર નથી આવ્યો. એમના વચનથી જ ઉપાધિ આવે તો પણ બીજો સંશય નથી કર્યો. એ કહે એ ઉગમણી દિશ. જે સમે જે કરે છે એ સાચું છે. સત્સંગમાં તો વૃદ્ધિ અને હાનિ પણ થાય. 'આ પ્રસંગમાં કેમ આમ ?' એમ થયું એટલે ડૂબ્યા. સત્સંગ તો કાર્ય છે. તમે કારણમાં વળગી રહો ને ! ગુરુને રાજી કરવા માટે અનાદિથી આ જ ચાલ્યું આવે છે.

ગુરુનું વચન એ બ્રહ્મ. ગુરુને વિષે સંપૂર્ણ નિર્દોષભાવ. એમાં સ્વપ્ન કે કારણ શરીરમાં પણ સંકલ્પ ન થાય. આ શિખર સર કરવાના સંકલ્પ સાથે ચાલવાનું છે. ઘણી વાર એમના જીવનમાં ગડબડ ગોટો લાગશે. એ લોકો જ ગડબડ ગોટો કરીને આપણને ભરમાવે. એમાં પણ ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ ડગ્યા નથી. તમારે જે કરવું હોય તે કરો, શરીરના ટુકડા થઈ જાય તો પણ તમને રાજી કરવા છે. આ વાત દૃઢ કરવી ને બીજાને સમજાવવી. આ સેવા છે. ગુરુને રાજી કરવા છે એને સંપ રહેશે.

ગુરુનો આ દિન છે. એવા ગુરુ યોગીજી મહારાજ સાક્ષાત્ મળ્યા છે. બહુ દયાળુ, બહુ કૃપાળુ. માટે આપણે પણ ભગતજીની જેમ મરણિયા થવું. રજોગુણ-તમોગુણવાળા માણસોમાં રહીને બ્રહ્મરૂપ કરશે. સંઘનિષ્ઠા પર દૃઢતા રાખીએ તો આખી દુનિયામાં સત્સંગ ફેલાય."

વિકાસના નકશા

તા. ૧/૭ની સાંજે સારંગપુરથી બોચાસણ પધારેલા સ્વામીશ્રી વાળુ ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે આ સત્સંગ-ક્ષેત્રના કેટલાક વિસ્તારોમાં ચાલેલી પધરામણીની ઝુંબેશનો અહેવાલ રજૂ થયો. તેમાં સંતોએ કરેલો પુરુષાર્થ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'અમે તો એક જગ્યાએ મહિનો બેઠા રહ્યા ને

તમે પધરામણીઓ કરી આવ્યા તો ઠાકોરજીની કેટલી સેવા થઈ !'

'એ તો અમનેય સૌ પ્રમુખસ્વામીના સાધુ જાણીને જ આપે છે.'

જનાર્દનદાસ સ્વામીએ આમ કહ્યું, ત્યાં જ સ્વામીશ્રીએ જણાવ્યું: 'બધું ભગવાનના નામે આવે છે. બાકી પ્રમુખસ્વામીને કોણ પૂછે છે ?'

આ અહંશૂન્યતા સાથે વર્તતા તેઓને વંદન-પૂજનનું અર્ઘ્ય ધરવા તા. ૩/૭ની ગુરુપૂર્ણિમાએ ત્રીસેક હજાર હરિભક્તો ઊમટી પડ્યા. તેઓને અમૃતધારાથી ભીંજવનારા સ્વામીશ્રીના વરદહસ્તે આજે કઠોર ગામના સંસ્કાર-ધામની મૂર્તિઓનું પણ પૂજન થયું.

આ અરસામાં, સંસ્થાના સંચાલનમાં એકસૂત્રતા રહે અને સ્વામીશ્રીનો ભીડો ઓછો થાય તે હેતુસર, વિવિધ કાર્યવાહક સમિતિઓની રચના કરવામાં આવેલી. આ વ્યવસ્થા-તંત્રના અમલીકરણ અંગેની પ્રથમ બેઠક તા. ૪/૭ની સાંજે યોજાઈ ત્યારે તેમાં ઉપસ્થિત સંતો-કાર્યકરોને સંબોધતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'આ એક મોટું જબરજસ્ત તંત્ર છે. તેમાં સંસ્થાનો પહેલો વિચાર કરવો, આપણો વિચાર ન કરવો. જે કોઈ મંદિર છે તે આપણું જ છે. આપણે આખી દુનિયામાં એક જ સંસ્થા રાખી છે. આ સંસ્થામાં અનેક ટ્રસ્ટો થાય એનો વાંધો નથી, પણ મુખ્ય સંસ્થા આ જ. શાસ્ત્રીજી મહારાજે બંધારણ કર્યું છે એ બંધારણ સારામાં સારું બંધારણ છે. આ સંસ્થાને મજબૂત રાખવા માટે પહેલામાં પહેલું આપણું જીવન, આપણું વર્તન. એકબીજાના મનથી જુદા ન પડવું. સદ્‌ગુરુ સંતો જે ફાઇનલ કરે પછી બુદ્ધિ-શક્તિને તાળું મારી દેવાનું. કોઈ પણ કામ થયું કે ન થયું, નિષ્ક્રિય ન થવું. આપણે મરતાં સુધી આ સંસ્થાને વફાદાર રહીને આમાં જ રહીને કામ કરવું છે.'

આ જ રીતે તા. ૫/૭ના રોજ ગ્રામ્ય વિચરણ કરતા સંતોના સત્રમાં પધારીને સ્વામીશ્રીએ કહ્યું કે –

''કાર્ય કરવામાં આપણને ઘણા પ્રશ્નો નડે છે, પણ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને ૫૦૦ પરમહંસોનો વિચાર કરીએ તો અગવડ લાગે જ નહીં. એકબીજાની ભૂલને કેમ ક્ષમા કરવી એ ઉપર તાન નહીં હોય ત્યાં સુધી મનમાં શાંતિ નહીં થાય. સાધુ ગમે એટલા થશે, ખેંચ પડવાની જ છે. એટલે આપણે જ મહેનત એવી કરવી કે પાયા મજબૂત થઈ જાય. ૫૦૦ સંતો છીએ તો પાયા એવા નાંખો કે વર્ષો સુધી વાંધો જ ન આવે. ગામમાં ભલે

એક હરિભગત જ હોય, પણ તમે જાવ. એકમાંથી એકાશી (૮૧) થશે.

આપણે બ્રહ્મરૂપ થઈને જ કામ કરવાનું છે. આટલાં વર્ષો થયાં, હવે સ્વભાવના પ્રશ્નો તો હોવા જ ન જોઈએ. સ્વભાવ મૂકીએ તો જ સ્થિતિ બંધાય. વાતમાં એકબીજાની ગૌણતા આવે એવા શબ્દો નીકળવા જ ન જોઈએ. આપણે પાંચસો છીએ ને જો સંપ, મહિમા, ધર્મ-નિયમ હશે તો ચાર કરોડ જેટલું કામ કરી શકીશું. આપણે જે ધારીએ એ ભગવાનના બળે થઈ જ શકશે. આપણે એવા પાયા નાંખવા કે પાછળના સવાયું કામ કરે.''

સ્વામીશ્રીના મુખેથી જ્યારે કાર્યલક્ષી માર્ગદર્શન નીકળતું ત્યારે તેઓનાં અનુભવ, આચરણ, આપસૂઝ અને આવડતનો ચંદરવો રચાઈ જતો. એ પ્રવચનમાં એક શબ્દનું ઉમેરણ કે બાદબાકી કરવાની આવશ્યકતા ન રહેતી. આ રીતે તેઓએ આંકી આપેલા વિકાસના નકશા કાલાતીત છે.

અપ્રતિમ આકર્ષણ

તા. ૭/૭ની સવારે શહેરી વિભાગના સંતોની શિબિરમાં સ્વામીશ્રીએ વહાવેલી સચોટ પ્રેરણાઓ ઝીલ્યા બાદ, તા. ૮/૭ના રોજ જામનગર જઈ રહેલા ધર્મનિધિદાસ સ્વામી તે શહેરના એક યુવક શ્રી હિતેનના પત્રમાં સ્વામીશ્રીના હસ્તાક્ષર લેવા આવ્યા. પરંતુ તે નામ-ગામ સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'આને કાગળનો જવાબ તો લખ્યો છે.' આમ કહી તેઓએ બે દિવસ પહેલાં આ પત્રનો પ્રત્યુત્તર પાઠવી દીધેલો તે યાદ કરાવી આપ્યું.

દિવસના ૪૦-૫૦ પત્રોની સરેરાશથી જવાબો લખતા સ્વામીશ્રી એક-એક કાગળ અને તેના મોકલનારની વિગતથી કેટલા વાકેફ રહેતા! વખતોવખત જોવા મળતા તેઓની કાર્યશક્તિના આવા ચમકારા જન-મનને આંજતાયે ખરા અને અજવાળતા પણ.

આવું અજવાળું અનુભવી પેન બનાવતી વિખ્યાત વિલ્સન કંપનીના ૮૦ વર્ષીય માલિક શ્રી દ્વારકાદાસ સંઘવી તા. ૯/૭ની રાત્રે આવી પહોંચ્યા. ગુરુપૂનમ નિમિત્તે આશીર્વાદ મેળવવાનો આશય સેવી મુંબઈથી અહીં સુધીની ખેપ મારનારા તેઓએ સ્વામીશ્રીને મળતાં કહ્યું : 'આપનું આકર્ષણ એટલું બધું છે કે આપ મારે ત્યાં પધાર્યા પછી મને રોજ યાદ આવો છો. હું એમ માનું છું કે સંત પ્રસન્ન થાય તો ભગવાન મળે. હું એવા સંત ગોતતો હતો ને તમે મળ્યા.'

સ્વામીશ્રી મળતાં જ સૌને ભવોભવની રઝળપાટ પર પૂર્ણવિરામ મુકાઈ ગયાનો અનુભવ થઈ રહેતો.

આ એક જ આજ્ઞા સર્વોપરી છે

તાજેતરમાં થયેલી ચક્કર આવવાની તકલીફ નિમિત્તે મુંબઈમાં લીધેલી સારવાર પછી સ્વામીશ્રી તબીબી સલાહ મુજબ સવારે અગિયારેક વાગ્યાની આસપાસ દોઢેક કલાક માટે વિશ્રામ લેતા. જો કે આરામને સદા અવગણતા રહેલા સ્વામીશ્રીને આ ક્રમ માફક ન આવતો. તેથી એક વાર તો તેઓ બોલી ગયેલા કે 'મને તો આ બિલકુલ ગમતું નથી ને અનુકૂળ પણ આવતું નથી, પણ ડૉક્ટરોએ કહ્યું એટલે કરવું પડે છે.'

આ રીતે તા. ૧૦/૭ની સવારે અલ્પ આરામ લઈ તેઓ જમવા બિરાજ્યા ત્યારે આણંદવાસી હરિભક્ત શ્રી રમણભાઈ પટેલે પૂછ્યું : 'સ્વામી ! આપની નાની-મોટી આજ્ઞા તો પાળીએ જ છીએ, પણ એવી કોઈ સર્વોપરી આજ્ઞા છે કે જે પાળવાથી આપના અંતરનો રાજીપો મળે ?'

'નિજાત્માનં બ્રહ્મરૂપં... આ આજ્ઞા દૃઢ પળાય એટલે પરમ સુખિયા.' પળનાય વિલંબ વિના આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું : 'આ આજ્ઞા પળાય તો કોઈ બોલે, કોઈ ન બોલાવે, માન-અપમાન કશું લાગે જ નહીં. આ આજ્ઞા અમારે ને તમારે - બધા માટે છે. આ એક જ આજ્ઞા સર્વોપરી છે.'

આ અભિપ્રાય દ્વારા રાજીપાના રહસ્યને મેદાનમાં રમતું મૂકનારા સ્વામીશ્રીનાં દર્શને તા. ૧૧/૭ની સાંજે અમૂલ ડેરીના મૅનેજિંગ ડાઈરેક્ટર શ્રી બી. એમ. વ્યાસ આવી પહોંચ્યા. તેઓએ વાતચીતમાં સ્વામીશ્રીને કહ્યું : 'અમારે ત્યાં બનતું ચીઝ શાકાહારી હોય છે. એમાં રેનેટને બદલે ફોર્મેઝ નામનું તત્ત્વ નાંખવામાં આવે છે.'

આ સાંભળી શ્રી વ્યાસની સાથે આવેલા ડેરીના સત્સંગી કર્મચારી શ્રી અરવિંદભાઈ સ્વામિનારાયણ બોલ્યા : 'સાહેબ ! ખાલી વાત નહીં, તમારે બધા સંતોને ચીઝ જમાડવું જોઈએ.'

'અમારે આની જરૂર નથી.' વાત ઠરે તે પહેલાં જ તેને ઉડાડતાં સ્વામીશ્રીએ જણાવ્યું.

તે જોઈ શ્રી વ્યાસ બોલ્યા : 'તો આ ડેરી કોના માટે છે ?'

'લોકો માટે.' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું : 'વસ્તુ કરતાં એની

આદત બૂરી છે. વસ્તુ ન હોય તો મરી નથી જવાના. એટલે અમારું છે એ બરાબર છે. બીજાની જરૂર નથી.'

સ્વામીશ્રી પાસે માનવીય મનનું સૂક્ષ્મ વિશ્લેષણ રહેતું. તે અનુસાર તેઓ દ્વારા રખાતી તકેદારીથી સાધુતાની સીધી લીટી જળવાઈ રહેતી.

કુટારાનો કૂચો

તા. ૧૨/૭ની સાંજે બોચાસણથી અમદાવાદ પધારેલા સ્વામીશ્રી, અહીં તા. ૧૬/૭ની બપોરે ભોજન લેવા બિરાજ્યા. તે વખતે તેઓએ, શ્રાવણ માસમાં વિચરણ માટે રાજકોટ તરફ જતા નારાયણમુનિદાસ સ્વામીને ગારિયા વગેરે ગામો પણ આવરી લેવા વાત કરી.

આ સાંભળી બાજુમાં બેઠેલા અક્ષરજીવનદાસ સ્વામી બોલ્યા: 'મુનિ ! તમારે તો મોટું લાંભું મળ્યું.'

'તમારે ક્યાં નાનું છે ? બાપુનગર કેવડું મોટું છે !' સ્વામીશ્રીએ કહ્યું.

ત્યારે પેલા સંતે જણાવ્યું: 'એ મોટું છે તેમાં તો મોટો કુટારો.'

મોટા વિસ્તારમાં વાસ્તુ, મહાપૂજા, પધરામણી વગેરે કંઈક ને કંઈક કાર્યક્રમો ચાલ્યા જ કરે તે સંદર્ભમાં કુટારો શબ્દ સંતના મુખમાંથી નીકળી ગયો. પરંતુ તેને પકડતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ભલા'દમી ! આને કુટારો કહો છો ? આ તો મોટી સેવા છે ! શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે આ જ કર્યું છે.'

'બાપા ! ભૂલ થઈ ગઈ.'

'ભૂલ કેમ થાય ? કુટારો તો બધો સંસારિયાને છે. આપણે તો સેવા છે ને એમાં જ આપણું શ્રેય છે.'

આ જ વિષયને બીજા દિવસે દોહરાવતાં પણ સ્વામીશ્રીએ કહ્યું: 'કુટારો શબ્દ જ કેમ નીકળે ? મંઈ પડ્યું'તું, તો બહાર આવ્યું ને ! અમારા જેવા ઢોરાં ચારનારા કદાચ બોલે તો ચાલ્યું જાય. અમારું શું પ્રમાણ ? પણ સાક્ષરે તો વિચારીને જ બોલવું જોઈએ. પ્રવૃત્તિ તો રહેવાની જ. શાસ્ત્રીજી મહારાજ દસ-દસ કામ સાથે કરતા. આપણે મોળી વાત ના નીકળવી જોઈએ.'

આમ, કુટારાનો કૂચો કરતા સ્વામીશ્રીએ માત્ર એ શબ્દ જ નહીં, પણ સાધકના અંતરમાં પડેલી વિચારધારાનેય કચડી નાંખી. તેઓને મન સત્સંગની કોઈ પણ સેવાનો આગવો મહિમા હતો.

પાંદડાંનાં પગરખાં

અમદાવાદમાં વરસી રહેલા સ્વામીશ્રીને જોઈ તા. ૧૬/૭ની રાત્રે વરસાદે પણ તેનો અસલ આષાઢી મિજાજ બતાવી દેતાં સાબરમતીની સપાટી ભયજનક આંકને આંબી ગઈ. છતાં આ પૂર ભક્તોનાં હૈયામાં ઊમટેલાં ભક્તિનાં પૂરને ખાળી ન શક્યાં. તેથી તા. ૧૭/૭ની સવારે વરસાદી વિઘ્નોને ડહોળતાં ઘણા ભક્તો દર્શન માટે આવી પહોંચ્યા.

તેઓની આ શ્રદ્ધા જોઈ સ્વામીશ્રી પણ રાજી થયા હોય તેમ આ દિવસે તેઓએ પ્રાતઃ ભ્રમણ પૂર્ણ કર્યા બાદ ઉતારાનાં પગથિયાં આગળ પડતા એક ધૂધવા નીચે સ્નાન કરી સૌને સ્મૃતિથી તરબતર કરી મૂક્યા. તે વખતે *'ઊંડી નાભિ ઉદર સુંદર... છાતી પહોળી પ્યારી રે...'*નું દર્શન અનાયાસે રોકડું બનતાં સૌ ભક્તો ઝૂમી ઊઠ્યા.

આ આનંદમાં ઊભરો લાવતાં, સ્વામીશ્રીએ તા. ૧૮/૭ની સાયંસભામાં જણાવ્યું કે 'આ વખતે વરસાદે પણ છૂટા વાવટા મૂક્યા છે. મન મૂકીને કામ કરે છે. સૌ શાંતિ રાખીને સાંભળો. પલળાય તો વાંધો નહીં. એ એનું કામ કરે ને આપણે આપણું કરો. અત્યારે સત્સંગની ભરજુવાની છે. નાના-મોટા બધા જ બળમાં છે. જ્યાં આવા પુરુષ છે ત્યાં સત્સંગ લીલો પલ્લવ છે ને 'કલ્યાણ કેમ થાય' એ વિચાર આવે. અત્યારે બધી જ સગવડ છે. હવે ભગવાન ન ભજીએ એ જ ખામી છે. વધારે સગવડ થઈ તો વધારે ભજવા જોઈએ. હવે તો દોડી-દોડીને સભા-આરતીમાં જવું જોઈએ. મરતી-મરતી ન થવું જોઈએ. ફડાકાબંધ થવું જોઈએ. આરતીનો ઘંટ વાગ્યો નથી ને ઊપડ્યા નથી. અત્યારે સગવડ છે, મુશ્કેલી નથી તો કથા-સેવા કરી લેવાં.'

આ અમૃતમેઘ દ્વારા, સુવિધા સાથે ઘૂસી આવતી આળસને ધોનારા સ્વામીશ્રીએ, આ અરસામાં અમદાવાદના મંદિર-સંકુલની વિકાસ યોજના હાથ ધરેલી. તેમાં નાનાં-મોટાં બાઈ-ભાઈ ભક્તો અનેરા ઉત્સાહ સાથે ગજા ઉપરાંત સેવા નોંધાવી સ્વામીશ્રીને પ્રસન્ન કરવા માંડેલાં.

તે ક્રમમાં તા. ૨૧/૭ની સવારે આવેલા સમર્પિત હરિભક્ત શ્રી રાવજીભાઈ પટેલે કહ્યું : 'બાપા ! બધું આપની દયાથી જ છે. બાકી હું વડનાં પાંદડાંનાં ચંપલ બનાવીને ભણવા જતો. અત્યારે મારી પાસે મોટર છે. આપ કહો તે સેવા કરું.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'વડનાં પાનાંની વાત સાચી ! પગના અંગૂઠે દાંડી ભરાવવાની અને છેડે પણ દોરી બાંધવાની. આ રીતે લોકો પહેરતા. અમે પણ નાનપણમાં ક્યાંક દૂર રમવા પહોંચી ગયા હોઈએ ને પાછા વળતાં ગરમી હોય ત્યારે આવું પહેરતા.'

સ્વામીશ્રીની આ શૈશવલીલા સૌને રોમાંચિત કરી ગઈ.

નામ એનો નાશ

તા. ૨૧/૭ની સાયંસભામાં આશીર્વાદનો બળપ્રેરક ઉપાડ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'જે ટેક ન મૂકે એ મરદ.' આટલું કહી બ્રહ્માનંદ સ્વામી, પર્વતભાઈ, દેવજીભાઈ, ઉનાવાના બચુભાઈ, પાટીના રામજીભાઈ વગેરેના પ્રસંગો વર્ણવી તેઓ બોલ્યા : 'ભૂવો ધૂણે એમાં શું હોય છે ? પણ જેમ સંગીત વાગે ત્યારે કેવા ડોલવા માંડીએ છીએ ? એમ ડાકલું વાગે ત્યારે સાથે-સાથે આપણે પણ 'હઉ... હઉ...' કરવા માંડીએ.' આમ બોલતાં સ્વામીશ્રીએ સ્વયં ધૂણવાનો અભિનય કરી સમગ્ર સભા ડોલાવી દીધી.

ત્યારબાદ મુદ્દો સમજાવ્યો કે 'આ જગત નાશવંત છે પછી ટેક શા માટે ફરે ? ઘણા કહે, 'સ્વામિનારાયણના થયા એટલે દુઃખ આવ્યું.' પણ જે સ્વામિનારાયણના નથી એને દુઃખ નથી આવતું ? દિલ્હીમાં બેઠેલાઓ પણ આજે તાંત્રિકોનો આશરો રાખે છે, પણ જો જંત્ર-મંત્રથી દેશ ચાલતો હોય તો લશ્કર શું કામ રાખવું પડે ? માટે આ બધા ખોટા વહેમ છે. કીડીને કણ ને હાથીને મણ આપનારા ભગવાન છે; પણ આપણને એમનો ભરોસો નથી આવતો એટલે દોડાદોડ કરીએ છીએ. નામ એનો નાશ છે.'

વ્યસનમુક્તિની જેમ વહેમમુક્તિનું અભિયાન સ્વામીશ્રી સતત ચલાવતા.

તેની સાથે ભક્તોની સંભાળ-સરભરાનું તેઓનું કામ પણ કાયમ ધમધમતું રહેતું. તેથી જ તા. ૨૨/૭ની રાત્રે ઝાડેશ્વરથી શ્રી મોતીભાઈ પટેલ અને નારાયણભાઈ પટેલ આવ્યા ત્યારે તેઓની નબળી શારીરિક સ્થિતિના સંદર્ભમાં કો'ક બોલ્યું : 'જુઓ, બાપા ! આ ભાંગલી ગાડી આવી.'

'જેને ભગવાન અને સંત ના મળે એનું બધું ભાંગલું કહેવાય. બાકી તો બધું સાજું જ છે.'

આટલી સ્પષ્ટતા કરી તા. ૨૩/૭ની સવારે પ્રાતઃપૂજા કરવા બિરાજેલા સ્વામીશ્રીની નજર શાસ્ત્રીજી મહારાજના સમકાલીન શ્રી તુલસીભાઈ અને

લલ્લુભાઈ પર પડતાં જ તેઓએ સેવકોને ભલામણ કરી કે 'એમણે ઠાકોરજીનાં દર્શન કર્યાં નહીં હોય, એટલે ખુરશી પર બેસાડીને દર્શને લઈ જવાની વ્યવસ્થા કરજો અને નાસ્તો કરાવીને મારી પાસે લઈ આવજો.'

આ રીતે જ્યારે તે સત્સંગીઓ સ્વામીશ્રીને મળ્યા ત્યારે જાણવામાં આવ્યું કે 'એ ભક્તો તો ગાડી ભાડે કરીને આવેલા છે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'દર્શન કરવા આવવું હોય તો અહીંથી ગાડી મંગાવી લેવી. માંદા-સાજા હોય તો ફોન કરી દેવો. ડૉક્ટરને લઈને ત્યાં આવી જશે. તમને આ કહી રાખ્યું ! હજી આપણું ભેગું જ ચાલે છે.'

ભક્તોથી કદી અળગા ન થઈ શકેલા સ્વામીશ્રીનું જીવન ગુણાતીતાનંદ સ્વામીની વાત – 'આપણે જાણીએ છીએ જે, આપણને ભગવાનમાં હેત છે પણ આપણા કરતાં તો આપણા ઉપર ભગવાને ને સાધુને ઝાઝું હેત છે'નો[૪૦] પડઘો પાડતું રહેતું. એ પડઘા હજી ડૂબ્યા નથી.

હું છું અજન્મા અવિનાશી આપ

તા. ૨૪/૭ની સવારે દર્શને આવેલા સોજિત્રાના હરિભક્ત શ્રી પ્રફુલ્લભાઈને જોતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'આ તો જૂનું નાણું. ઝવેરભાઈ વિઠ્ઠલભાઈનો પરિવાર. ચતુરભાઈ અને પુરુષોત્તમ, બેય એમના દીકરા. આમ વરતાલના મૅનેજર, પણ ત્યાંય અક્ષર-પુરુષોત્તમનો ધડાકો કરે. અંગ્રેજીમાં જ બોલે. ચતુર પોલીસ ઇન્સ્પેક્ટર હતા. એનો પાવર આ પુરુષોત્તમને. ચતુર-પુરુષોત્તમની જોડી કહેવાય. *'બાલ્યાવસ્થા છતાં...'* એ (શાસ્ત્રીજી મહારાજનું અષ્ટક) એમનું બનાવેલું.'

પોતાના ઘર સાથેનો આ ઘનિષ્ઠ ઘરોબો જોઈ પેલા ભક્ત બોલી ઊઠ્યા: 'બાપાને તો બહુ યાદ છે !'

સ્વામીશ્રી પાસે આ અનુભવ એકનો નહીં, અનેકનો રહેતો. એક વાર નહીં, વારંવાર થતો.

તેથી જ સૌ તેઓનો લાભ લૂંટવા દોડી-દોડીને આવતા. બાળકો કાલીઘેલી રજૂઆતો કરી રાજીપો રળતા, તો કિશોરો-યુવાનો જોશભર્યાં નર્તન-કીર્તન કે વાત-વક્તવ્ય દ્વારા કૃપાની કમાણી કરતા. મહિલાઓ રંગોળી, ઠાકોરજીના વાઘા-અલંકાર કે કલાત્મક હાર વગેરે દ્વારા પોતાના શ્રદ્ધાળુ

---

૪૦. સ્વામીની વાતો: ૧/૧૯૬.

દિલનો ઉમળકો વ્યક્ત કરતી, તો બુઝુર્ગો સેવા-સત્સંગથી પ્રસન્નતાનાં પાત્ર બનતા. દરેકના માર્ગ જુદા જુદા, પણ મંજિલ એક જ – સ્વામીશ્રીને રીઝવવા.

તે અનુસાર તા. ૨૬/૭ની સાયંસભામાં કિશોરોએ ગોઠવેલા વિશિષ્ટ કાર્યક્રમની સમજૂતી આપવા આ દિવસની સવારે આવેલા સંતો-કાર્યકરોએ કહ્યું : ''બાપા ! સાંજની સભાના સંવાદમાં કૉર્ટનું દૃશ્ય રાખેલું છે. 'નાની ઉંમરે ભગવાનનું ભજન કરવું કે નહીં ?' તે વિષય પર બે વકીલો દલીલ કરશે. ન્યાયાધીશ છેલ્લે કહેશે : 'ચિરંજીવી સ્વામીશ્રી એનો ન્યાય આપશે.''

આ રજૂઆત સાંભળી સ્વામીશ્રીએ પૂછ્યું : 'ચિરંજીવી એટલે શું ?'

'જે ભૂત, ભવિષ્ય અને વર્તમાન એમ ત્રણેય કાળમાં હોય તે !'

'ના, ચિરંજીવી તો નાના બાળકને કહેવાય.'

સ્વામીશ્રીની આ વાત સાંભળી કો'કે કહ્યું : 'ચિરંજીવી એટલે તો લાંબું જીવનારા.'

આ ખુલાસો પણ સ્વામીશ્રીને અધૂરો જણાતાં સામે બેઠેલો કિશોર જયેશ માંડણકા બોલ્યો : 'બાપા ! અમે આપને અવિનાશી કહીએ ?'

'હા, એ બરોબર ! એ રાખજો ને એ જ કહેજો. અમારા માટે એ જ યોગ્ય છે.'

સ્વામીશ્રીની આ સંમતિમાંથી *'હું છું અજન્મા અવિનાશી આપ...'* તરીકે તેઓનો પરિચય છતો થઈ રહ્યો.

સેવક જ, સંચાલક નહીં

આ અરસામાં સ્વામીશ્રીનો જમણો ઘૂંટણ કષ્ટાતો હતો. તેનું બયાન કરતાં તેઓએ ડૉક્ટરને જણાવ્યું કે 'ત્રણ દિવસથી સવારે ઊઠ્યા પછી જમણો ઘૂંટણ દુઃખે છે. ચાલવા (વૉકિંગ કરવા) જઉં ત્યાં પણ પાંચ-છ આંટા તો લંગડાવા જેવું જ રહે. ફર્યા પછી ઓછું થઈ જાય. સાંજે પણ એવું થાય. પથારીમાં ઊઠીએ ત્યારે એવું થોડું-થોડું ચાલુ થઈ જાય.'

આ વિગત સ્વામીશ્રીએ ઘટસ્ફોટ કર્યો ત્યારે જ પ્રકાશમાં આવી. આવું તો કેટકેટલુંય તેઓ મૂંગે મોઢે જીરવી જાણતા. સુખને જ વહેંચવાનું શીખેલા સ્વામીશ્રી દુઃખ-દર્દને તો પોતામાં જ સમાવી લેતા.

આવા સહનશીલ તેઓ પાસે, તા. ૨૮/૭ની સવારે ચાલી રહેલી સેવાની લખણી વખતે શ્રી ગણેશભાઈ આવી પહોંચ્યા. તેઓ હતા ઝૂંપડાવાસી,

છતાં તેઓએ સેવા નોંધાવી સ્વામીશ્રીને કહ્યું: 'મારે બે દીકરા છે. એક મંદબુદ્ધિનો છે. જે સાચો રૂપિયો છે એને આપ લઈ લ્યો. ખોટો રૂપિયો ભલે અમારી પાસે રહ્યો.'

આ અરજીએ સ્વામીશ્રીને ગળગળા કરી મૂક્યા. કોઈ શિલ્પી પોતે ઘડેલી મૂર્તિને અહોભાવથી જોઈ રહે તેમ તેઓ આ ભક્તને નીરખી રહ્યા!!

તે પછી તા. ૩૦/૭ની સવારે અક્ષરપીઠના નૂતન ભવનનું વિધિસર ઉદ્‌ઘાટન કરી સ્વામીશ્રીએ આ સંકુલમાં આવેલાં પ્રેસ, પ્રકાશન વિભાગ, ગોડાઉન સહિત દરેક ઠેકાણે પુષ્પો વેરતાં-વેરતાં પગલાં પાડ્યાં.

આ ક્રમમાં તેઓ ત્રીજા માળે આવેલા વહીવટી વિભાગમાં પધાર્યા ત્યારે અત્રે તેઓને બેસવા માટે તૈયાર રાખેલી ખુરશી દર્શાવી ઈશ્વરચરણદાસ સ્વામીએ વિનંતી કરી: 'બાપા! અહીં બિરાજો.'

'પહેલા ઠાકોરજી પધરાવો. બધું ધ્યાન એ રાખે છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ હંમેશાં પોતાને સેવક જ સમજતા, સંચાલક નહીં.

આ ભાવ સાથે આજની સાયંસભામાં પધારેલા તેઓએ ધર્મનિષ્ઠા અને સ્વરૂપનિષ્ઠાનું સંતુલન જાળવવાનો બોધ આપતાં કહ્યું:

'આજ્ઞા અને ઉપાસનાને ગૌણ કરી શકાય એમ જ નથી. એકેયને ગૌણ કરીને ભગવાન પમાતા નથી. જ્યારે ભગવાન પ્રગટ હોય, ત્યારે એ બોલે એ જ ધર્મ થઈ જાય છે. અર્જુનને યુદ્ધ કરવાનું કહ્યું તો એમાં બાધ ના થયો, પણ એ વાતને અત્યારે લઈએ ને કો'કને કાપી નાંખીએ તો પાપી જ કહેવાઈએ. ભગવાને જ્યારે જે આજ્ઞા કરી, એમના વચનમાં રહેવું એ જ વેદ.'

શિશુની સૂચનાનો સ્વીકાર

તા. ૧/૮ની રાત્રે સભામાં ધર્મલાભ આપી ઉતારે પધારેલા સ્વામીશ્રી અહીં મુલાકાત કક્ષમાં ફરતા પાંખાળા મકોડા જોઈ બોલ્યા: 'આ આયા એટલે બે-પાંચ દા'ડામાં વરસાદ થઈ જવો જોઈએ.'

જંતુ-ઋતુના અનુબંધ સંબંધી પોતાના જ્ઞાનનો આટલો ઝબકારો બતાવનારા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨/૮ના રોજ રક્ષાબંધનનું પર્વ આવતાં, મંદિર સવારના પહોરથી જ ભરચક થઈ ગયું. આ ભક્તભીડ વચ્ચેથી માર્ગ કાઢતા સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન બાદ સભાગૃહ તરફ જઈ રહેલા. ત્યાં જ સ્વયંસેવકોની નજર ચૂકવી પાંચેક વર્ષનો મંદાર નજીક જઈ પહોંચ્યો.

તેણે સ્વામીશ્રીના હાથમાં ગુલાબ આપી પોતાના પગના પંજા પર ઊંચા થતાં કહ્યું : 'બાપા ! તમે થોડા નીચા નમો ને !'

શિશુની આ સૂચનાને શિરે ચઢાવતાં સ્વામીશ્રી ઝૂક્યા ત્યારે પેલા બાળકે તેઓના કાનમાં કંઈક વાત કહી. તે સાંભળી તેના મસ્તકે આશીર્વાદનો વરદહસ્ત પ્રસારતા સ્વામીશ્રી આગળ વધ્યા તે વખતે તેઓની સરળતા જોઈ હજારોની મેદની તાળી પાડી ઊઠી.

તેના ગડગડાટની વચ્ચે જ પ્રાતઃપૂજા માટે બિરાજેલા સ્વામીશ્રીએ ધર્મચરણદાસ સ્વામીને બોલાવી કહ્યું : 'પેલી રાખડી લાવો.'

એક હરિભક્ત ગઈકાલે ચાંદી પર સોનાનો ઢોળ ચડાવેલી રાખડી ઠાકોરજીને ધરાવવા આપી ગયેલા. તે સ્વામીશ્રીએ આ સેવકને આપતાં કહેલું : 'કાલની પૂજામાં આ મૂકજો.' પરંતુ આજે તે રાખડી ન જોતાં સ્વામીશ્રીએ તેને યાદ કરાવીને મંગાવી અને ઠાકોરજી પાસે મુકાવી.

તેઓ પાસે જે પહોંચે તે ભગવાન સુધી પહોંચ્યા વિના ન રહેતું. પછી ભલે ને તે વસ્તુ હોય કે વ્યક્તિ !

આમ, દરેકને ભગવાનનાં ચરણારવિંદ સુધી પહોંચાડનારા સ્વામીશ્રીની નિશ્રામાં પ્રાતઃપૂજા બાદ રક્ષાબંધનનો ઉત્સવ ઉત્સાહભેર ઊજવાયો. આ અવસરે સ્વામીશ્રીની પ્રાસાદિક રાખડી સંતો દ્વારા પોતાના કાંડે બંધાવનારા પાંચેક હજાર હરિભક્તો કૃતાર્થ થઈ ગયા. તેની સાથે સ્વામીશ્રીના હાથે રક્ષા બંધાવવા કંઈક મંત્રીઓની આવન-જાવન પણ ચાલુ રહી.

આ ક્રમમાં સાંજે પોણા સાત વાગ્યે આવેલા નાણાંમંત્રી શ્રી છબીલદાસ મહેતાએ જણાવ્યું કે ''આજે કેબિનેટમાં એક સંપ્રદાયની બહેનો મને રાખડી બાંધવા આવ્યાં હતાં. તેઓને મેં કહ્યું, 'તમે મને હાથમાં જ રાખડી આપી દો. હું તો પ્રમુખસ્વામી પાસે જ પહેરવાનો છું.' એટલે જ હજુ સુધી મેં રાખડી બાંધી નથી !''

સ્વામીશ્રીના હાથે કાંડું બંધાવવાનો મનોરથ મજૂરથી માંડી મંત્રી સુધીના સૌને રહેતો.

ભારત ધર્મપ્રધાન દેશ છે

તા. ૨/૮ની સ્વામીશ્રીની રાત્રિનિદ્રાને ઝાડા-ઊલટીની બીમારીએ વેરણ કરી નાંખતાં, તા. ૩/૮ની સવારે વડીલ સંતોએ આગળનો કાર્યક્રમ રદ

કરી અહીં જ આરામ કરવા સ્વામીશ્રીને વીનવ્યા. ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'કંઈ વાંધો નથી આવવાનો. આ તો બધું વારે-વારે થયા કરે છે. વિચરણ ના કરીએ તોય થઈ જાય છે.'

આટલું કહેતાં તેઓ વિશ્રામની વાતનો વીંટો વાળી મીટિંગ અને મુલાકાતોના ક્રમમાં પરોવાઈ ગયા. તેથી પરવારી સ્વામીશ્રી ભોજન લેવા બિરાજ્યા ત્યારે એક સંતે સાહજિક પૂછ્યું : 'તબિયત કેમ છે ?'

'તમે કથા વાંચો એટલે સારી રહે છે, પણ આવવામાં મોડું કરો છો એટલે સારી નથી રહેતી.' સ્વામીશ્રીએ જવાબ વાળ્યો.

સમયપાલનના આ સદાગ્રહ સાથે વિચરતા તેઓ તા. ૪/૮ની સાંજે કલોલ થઈને મહેસાણા પધાર્યા.

અત્રે તા. ૫/૮ની સવારે સ્વામીશ્રી નિર્માણાધીન છાત્રાલયના એક ઓરડામાં અલ્પાહાર ગ્રહણ કરી, ઔદ્યોગિક ગૃહ વિમલ ઑઇલ ઍન્ડ ફૂડ્સ લિ.નું ઉદ્‌ઘાટન કરવા નીકળ્યા. તે વખતે ઍસ્કોર્ટ તરીકે આવેલાં પોલીસનાં વાહનો સ્વામીશ્રીની ગાડીની આગળ-પાછળ ચાલી રહેલાં. તે જોઈ સ્વામીશ્રીએ મોટર હંકારનારા યુવક શ્રી નરેન્દ્રસિંહને કહ્યું : 'બાપુ ! તમે ભાગ્યશાળી. આગળ ને પાછળ પોલીસ સેવામાં હાજર છે.'

'એ આપનો પ્રતાપ ! બાકી અમારે તો પહેલાં પાછળ જ આવતી.' ગાડીચાલકની આ નિર્દોષ ગમ્મતથી સ્વામીશ્રી હસી પડ્યા.

આ રીતે રમૂજ સાથે રસ્તો કાપતા તેઓએ નિયત મુહૂર્તમાં પેલા વ્યાવસાયિક સંકુલનાં દ્વાર ખુલ્લાં મૂકી પ્રાસંગિક સભામાં આશીર્વાદ આપ્યા કે "ધર્મ વિનાનું જીવન એ જીવન નથી. ધર્મથી જ આપણી શોભા છે. ધર્મ વગરનું રાજકારણ પણ નકામું છે. ધર્મનું ફળ સુખ છે. કોઈ કહેતું હોય કે 'ધર્મથી રાષ્ટ્રને નુકસાન છે', તો એ કેવળ બુદ્ધિનો ડોળ છે. ધર્મને લીધે જ એકતા આવે છે. ભારત ધર્મપ્રધાન દેશ છે. સ્વાર્થ માટે ધર્મ વગરનું રાષ્ટ્ર કરી નાંખે તો એનાથી કેટલી અશાંતિ થશે ? વ્યવહારમાં પણ ધર્મ સાથે રાખીએ, જેનાથી આપણને અને બીજાને પણ લાભ થાય."

પહેલેથી જ ભૂખની ધમાલ નહીં

તા. ૬/૮ની સવારે મહેસાણા મુકામે જ સિદ્ધપુરના સમીપવર્તી રાજપુરના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કરી, સ્વામીશ્રી આજની સાંજે

શ્રી નારાયણભાઈ પટેલના ઘેર પ્રસાદ ગ્રહણ કરતા હતા. ત્યારે એક સ્થૂળકાય વ્યક્તિના આહારની વાત માંડતાં કો'કે કહ્યું: 'તેઓને ઘણી વાર રાત્રે એવી ભૂખ ઊઘડે કે ખાધા વિના ન રહેવાય.'

આ સાંભળી એક સંતે સ્વામીશ્રીને પૂછ્યું: 'બાપા! આપને એ રીતે ભૂખ લાગે?'

'અમારે પહેલેથી જ ભૂખની ધમાલ જ નહીં. સમયે જે આવે એ જમી લેવાનું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

*'રસકસ ન જમે કદી માગી, ત્યારે તેને કહીએ ખરો ત્યાગી...'*નું સંતલક્ષણ તેઓમાં પૂર્ણપણે પ્રકાશતું હતું.

તેથી દેદીપ્યમાન તેઓના વરદહસ્તે તા. ૭/૮ના રોજ ચાંદખેડાના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા. તે પછી યોજાયેલી પ્રાસંગિક સભામાં બિરાજેલા સ્વામીશ્રીને એક સંતે કહ્યું: 'બાપા! આ સભા બાદ વ્યક્તિગત દર્શન આપવાની જરૂર નથી.'

આ પ્રસ્તાવ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'તમારા ને મારા જ્ઞાન કરતાં આ હરિભક્તોનું જ્ઞાન જુદું છે. કલાક કથા કરે એના કરતાં પણ વ્યક્તિગત દર્શનમાં સમાસ વધારે થાય. એટલે એ તો રાખવાં જ!'

દરેકને સંતોષ થાય એમ જ સ્વામીશ્રી વર્તતા. તે મુજબ આજે તેઓ ચાંદખેડાને ખેડી ગાંધીનગર આવી પહોંચ્યા.

આ છે અનંત કળાઓનું પાત્ર

ગાંધીનગરમાં શ્રી ગોરધનભાઈ પટેલના બંગલે રોકાયેલા સ્વામીશ્રી સમક્ષ તા. ૮/૮ની સવારે એક મુલાકાતીએ યાચના કરી કે 'અમે વંથળીથી આવીએ છીએ. મારાં બહેન બહેરાં-મૂંગાં છે. એને આશીર્વાદ આપજો.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'હમણાં જ પુરુષોત્તમભાઈનો કાગળ હતો. તમારું નામ કિશોરભાઈ ને!'

આ રીતે સ્વામીશ્રી પોતાને ઓળખી ગયા તેનું આશ્ચર્ય પેલા આગંતુકના મોં પર પૂરની પેઠે પ્રસરી ગયું! આસપાસ ઊભેલા પણ સ્વામીશ્રીની તીવ્ર મેધાને મમળાવતા રહ્યા. તેની વચ્ચે સ્વામીશ્રી જઈ પહોંચ્યા – અક્ષરધામના સંકુલમાં તૈયાર કરાયેલી લોહભઠ્ઠી પાસે.

પંચધાતુની મૂર્તિઓ બનાવવા માટે વપરાનારી આ ભઠ્ઠીનું ચાંપ દબાવી

ઉદ્‌ઘાટન કર્યા બાદ સ્વામીશ્રી અત્રે ભક્તિનંદનદાસ સ્વામીએ બનાવડાવેલી ગુરુ-પરંપરાની મૂર્તિઓનું નિરીક્ષણ કરવા સોફા પર બિરાજ્યા. તેમાં ભગતજી મહારાજની મૂર્તિ જોઈ તેઓ બોલ્યા: 'મોઢાનો ભાગ નાજુક છે ને એ દૃષ્ટિએ પાઘ બહુ મોટી લાગે છે.'

આ જ રીતે તેઓએ અવલોકન રજૂ કર્યું કે 'શાસ્ત્રીજી મહારાજની મૂર્તિના કાન સહેજ આગળ-પાછળ છે. યોગીજી મહારાજનાં હાથનાં આંગળાં પ્રમાણમાં લાંબાં લાગે છે.'

વિદ્યાનગરના છાત્રાલયમાં બિરાજનારા અક્ષર-પુરુષોત્તમ મહારાજ જોઈને પણ સ્વામીશ્રીએ બંને મૂર્તિમાં ડાબી આંખ જમણી કરતાં નાની હતી તે તરફ ધ્યાન દોર્યું.

આમ, પળવારમાં તેઓની નજર જે રીતે ફરી વળી, તે જોઈ સૌ ગાઈ ઊઠ્યા: *'આ છે અનંત કળાઓનું પાત્ર, કળા ચોસઠ તે કોણમાત્ર...'*

આવા સ્વામીશ્રી નિરીક્ષણના આગામી ક્રમમાં સહજાનંદ વનના ઝાંપા આગળ જઈ ઊભા. અહીંથી તેઓએ બગીચામાં મૂકેલા સમુદ્રમંથનના દૃશ્યનું એક પૂતળું જોઈ પૂછ્યું: 'એની ઉપર સફેદ ડાઘ છે એ શું છે?'

'થોડો રંગ ઊખડી ગયો છે.' કાર્યવાહકે ફોડ પાડ્યો.

આ સાંભળી સ્વામીશ્રીએ તે વિભાગ સંભાળતા સંતને બોલાવી કહ્યું: 'તમે અંદર ફરો છો કે બહાર? આપણે બધું જ કમ્પ્લીટ (સંપૂર્ણ) જોઈએ. નજરમાં આવે પછી એક દા'ડોય જવા ન દેવું. ઠૂંઠે ઠેલ્યા કરે કે 'ઠીક છે! આવનારા ક્યાં જુએ છે? બધા વખાણ જ કરે છે ને!' પણ એવું નહીં. વસ્તુને મેઇન્ટલન(મેઇન્ટેઇન) કરવી એ અગત્યનું છે. જેને જે કામ સોંપ્યું એમાં બરાબર સંલગ્ન રહેવું અને બીજાના કામમાં દખલ ન કરવી.'

રોજેરોજ કાર્ય સંબંધી નવા-નવા પાઠ શિખવાડતું સ્વામીશ્રીનું જીવન કાર્યકળાના વિશ્વવિદ્યાલય સમું હતું.

ટીકા વધારે સાંભળીએ એમાં વધારે બળ આવે

તા. ૮/૮ની રાત્રે ગાંધીનગરના ટાઉન હૉલમાં ધર્મલાભ આપનારા સ્વામીશ્રી તા. ૯/૮ની સવારે અલ્પાહાર આરોગી રહેલા, ત્યારે તેઓ સમક્ષ અક્ષરધામના મુલાકાતીઓની અનુભૂતિનું વર્ણન કરતાં કાર્યકર શ્રી નિશીથભાઈ આચાર્યે કહ્યું કે ''અહીં આવેલા હાઈકૉર્ટના જજ શ્રી અભિચંદાની

પથ્થરોના સારા જ્ઞાતા હતા. તેઓ અક્ષરધામનો પથ્થર જોઈ ખૂબ ખુશ થતાં બોલેલા કે 'હું કેટલાય વખતથી જે પથ્થર શોધતો હતો તે જ આ છે. મારે નટરાજની મૂર્તિ બનાવવી છે.''

આ વિગત સાંભળી સ્વામીશ્રીને પોતાના જશમાં નહીં, પણ પેલા જજની જરૂરિયાતમાં રસ પડ્યો. તેથી તેઓએ પૂછ્યું : 'પછી પથ્થરનું શું થયું ?'

'કાંઈ નહીં.'

આ જવાબ સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'પથ્થરનો એક સારામાં સારો ટુકડો શોધીને એમને આપજો.'

કોઈની પણ ઇચ્છા ન સંતોષે ત્યાં સુધી સ્વામીશ્રીને ચેન ન પડે. તેથી તેઓએ આટલી તજવીજ કરાવી ત્યારે આનંદસ્વરૂપદાસ સ્વામી બોલ્યા : ''એ જજ પૂછતા હતા કે 'આ પથ્થર કોણે પસંદ કર્યો ?' ત્યારે મેં કહ્યું કે 'પ્રમુખસ્વામી મહારાજે.''

'મેં ક્યાં કર્યો છે ? હર્ષદે કર્યો છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

પરંતુ તે વખતે ત્યાં જ બેઠેલા હર્ષદભાઈ ચાવડાએ ખુલાસો કર્યો કે 'બાપા ! પથ્થર આપે જ પસંદ કર્યો છે. અમદાવાદમાં આપની પાસે જુદા જુદા પથ્થર લાવવામાં આવેલા ત્યારે આપે આ પથ્થર પસંદ કરેલો.'

આમ, સાક્ષી સહિત સજ્જડ પુરાવો મળી જતાં સ્વામીશ્રી અન્યને યશ આપવામાં ન ફાવ્યા.

પરંતુ તેઓએ તરત જ દિશા ચીંધી આપી કે 'જેમ આ સારી સાઇડ (બાબત) નોંધો છો, એમ પેલી સાઇડ (એટલે કે કોઈના સૂચનની વાત) પણ નોંધવી. એના ઉપર બધાએ ભેગા મળીને વિચાર કરવો. આપણે સુધરવાનો પ્રયત્ન કરવો પડે ને ! સારું-સારું જ સાંભળ્યા કરીએ તો પછી લેઝી (પ્રમાદી) થઈ જવાય. 'કંઈ નહીં... થાય છે...' એવું થઈ જાય. ટીકા વધારે સાંભળીએ એમાં વધારે બળ આવે.'

સ્વામીશ્રીનું તો ગણિત જ જુદું ! તેઓ કદી પોતાના કાર્યમાં હુંહું આવવા ન દેતા. તેથી જ તો તેઓની પ્રતિભા વિશ્વ પણ સાંકડું સાબિત થાય એમ વિકસતી રહી છે.

આપણે બધા એક કુટુંબ છીએ

તા. ૯/૮ની સવારે સાડા દસ વાગ્યે અક્ષરધામનું નિરીક્ષણ કરવા

નીકળેલા સ્વામીશ્રીની સૂક્ષ્મ નજર, મૂર્તિથી માંડીને મુતરડી સુધી માર્ગદર્શન આપતી રહી. એ દૃષ્ટિ ખૂણાથી લઈને ખુલ્લા ચોક સુધી વિસ્તરતી ચાલી.

તે ક્રમમાં તેઓ જ્યારે ચાર નંબરના પ્રવેશદ્વારેથી અંદર પધાર્યા ત્યારે અહીં દરવાજાની ઉપર કાંગરા અને ઘુમ્મટી કરવાનાં સૂચન કર્યાં. તે પછી પ્રવેશતાં જ આવેલા હૉલની છતમાં કરેલી કોતરણી જોઈ સ્વામીશ્રીએ કહ્યું: 'ત્યાં જુઓ, ચકલીએ માળો કર્યો છે. આ બાબતનો ખટકો રાખજો.'

આ ચીવટ સાથે સઘળે ઘૂમી 'સચ્ચિદાનંદ' પ્રદર્શન ખંડમાં યોજાયેલી સ્વયંસેવક સભામાં પહોંચેલા તેઓ અત્રે અક્ષરધામના વ્યવસ્થાપનમાં સેવારત ૨૪૩ સેવાભાવીઓને મળતાં જ બોલ્યા:

'જેમ કોઈ સ્વજન કે મિત્રોને મળતાં આનંદ થાય એવો આનંદ આપ સૌને મળતાં થાય છે. આપણે બધા એક કુટુંબ છીએ. અહીં આપણે સંસ્થા અને ગુરુની પ્રતિષ્ઠા વધે એ જોવાનું છે. સંસ્થાની પ્રતિષ્ઠા વધે એમાં આપણી જ પ્રતિષ્ઠા વધે છે. અહીં દેશ-પરદેશથી આવે એ સંતોષ લઈને જાય છે એનો યશ તમને જ છે. શિસ્ત અને સ્વચ્છતા એ બે અગત્યનું છે. કામ પણ વિનમ્રતા અને વિવેકથી કરવું. તમારા વર્તનથી બહારના પ્રવાસીઓ ઉપર ભારતની છાપ સુધરે એ પણ મોટી સેવા થઈ જાય.'

આ જ રીતે તા. ૧૦/૮ના રોજ નિરીક્ષણના બીજા તબક્કામાં નીકળેલા સ્વામીશ્રી 'પ્રેમવતી'ના સ્થળે નકશા સમજી, સામે ઊભેલા બુકસ્ટૉલ પર નજર ઠેરવતાં બોલ્યા: 'આનું એક નળિયું તૂટેલું છે.'

આ ચોકસાઈ સાથે મુલાકાતનો ક્રમ આટોપી આજે પણ અક્ષરધામના કાર્યવાહકોને સેવાલક્ષી સૂઝ સિંચતાં તેઓએ જણાવ્યું કે 'નાનો હોય કે મોટો માણસ, બધાને સાચવવા. નાના કંઈ ઢોર નથી, બધા આપણા જ છે. અહીં શ્રીજીમહારાજ સાક્ષાત્ બેઠા છે. આ (અક્ષરધામની) મૂર્તિ અનંત બ્રહ્માંડને જુએ છે. માટે દેખાવની ભક્તિ નહીં. કાયમ માટે સારું જ કરવું.'

આવી ભાવનાઓના સહારે કાર્ય કરતા સ્વામીશ્રીએ સર્જેલાં સ્મારકો સૃષ્ટિની શાન બની રહે તેમાં શું આશ્ચર્ય !

... તો જ સંસ્થાને સમજ્યા છીએ

તા. ૧૦/૮ની સાંજે ગાંધીનગરથી અટલાદરા પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં અહીં તા. ૧૧/૮ના રોજ જન્માષ્ટમીનો ઉત્સવ પરંપરાગત

રીતે ઊજવાયો. તેને અનુસરતાં તા. ૧૨/૮ની રાત્રે પ્રેરક પ્રવચન કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

"આપણે જે કરીએ છીએ એ કામ ભગવાનનું જ છે. તેમાં કોઈની સારી વસ્તુ હોય એ સ્વીકારવી જોઈએ. સાધુતા રાખીને, સહન કરીને, સંસ્થા અને ગુરુને મુખ્ય રાખીને કામ કરવું. આપણે કાંઈ ગરાસ છે નહીં, એટલે આંટી રાખવી નહીં. એકબીજાને હલકા પાડવાની વૃત્તિ ના હોય તો જ સંસ્થા અને યોગીજી મહારાજને સમજ્યા છીએ.

'આજે કથામાં કેમ ના જવાયું? આરતીમાં કેમ ના જવાયું?...' એમ ખટકો હશે તો જ દર્શન, ભજન, ચેષ્ટાનું થશે. દરેક વખતે ઢોલક શું વગાડવાનું? વાતો કરીએ ને એમ વિચારે કે 'એના ઉપર વાત કરી,' તો ચકલી નાહી નાંખી.

એક સેવામાંથી બીજી સેવામાં મૂકીએ એમાં ગરાસ જતો નથી રહેતો. જે ક્રિયા સોંપીએ તે સારી રીતે થાય એમ કરવી. ક્રિયા મૂકી ના દેવી. મૂકીશું તો ભક્તિ આપણી જશે, ભગવાનનું કામ અધૂરું રહેવાનું નથી. શાસ્ત્રીજી મહારાજને અપમાન કેટલાં આવ્યાં? પણ કોઈના સામું જોયું છે? ન ગમે એવા સાથે પણ કામ લીધું છે. આપણે કરીએ છીએ સારું, પણ 'હું' આવી જાય છે એટલે દુઃખ થઈ જાય છે. આ બધું ભગવાનનું છે, પછી વચ્ચે આપણે શું કામ જશ લેવો? આપણને કોણ પૂછે એવું છે? બધું એમનું છે, તો બધો જશ ભગવાનને કેમ ન આપવો? આપણે તો જે વખતે જે મળે એનાથી સુખી રહેવું. આપણે એવું વર્તીએ કે નવાનેય પ્રેરણા મળે, નહીં તો આપણી પછીનાય ઢસડાતા થઈ જાય."

સ્વામીશ્રીનો એક-એક શબ્દ પ્રેરણાપુંજ બની પથરાઈ રહ્યો – ઓરડામાં અને સૌનાં અંતરમાં પણ.

એની કરુણાનાં શિયાં કરું વખાણ

અટલાદરાના રોકાણ દરમ્યાન શ્રાવણ માસમાં વિચરણ કરવા સારંગપુરથી આવેલા સંતો, પાર્ષદો સ્વામીશ્રી સમક્ષ પોતાના વિચરણનો અહેવાલ આપતા રહેતા.

તે ક્રમમાં તા. ૧૩/૮ની સવારે જંત્રાલના બાળ મંડળની વાત કરતાં એક પાર્ષદે કહ્યું : 'ત્યાં બધાને પ્રસાદ વહેંચાઈ જાય પછી એકસાથે જ બધા પ્રસાદ જમે.'

'અમે નાના હતા ત્યારે ભજન મંડળીમાં જતા. તે વખતેય પ્રસાદ વહેંચે તે બધા હાથમાં પકડી રાખે ને છેલ્લે બાલ ભગવાનની જય બોલાવે, પછી જ બધા મોઢામાં મૂકે.'

સ્વામીશ્રીએ વહેંચેલો આ સ્મૃતિપ્રસાદ પણ સૌ મનમાં મૂકી મમળાવવા લાગ્યા.

આવો મનનીય પ્રસાદ અવિરત વહેંચતા રહેતા સ્વામીશ્રી તા. ૧૪/૮ના રોજ દાંડિયા બજારની એક હૉસ્પિટલમાં જઈ પહોંચ્યા.

અત્રે ભારતના પૂર્વ નાણાંમંત્રી અને સ્વામીશ્રીના અત્યંત ગુણાનુરાગી શ્રી એચ. એમ. પટેલને દાખલ કરેલા. અલબત્ત, આ મહાનુભાવ તો સંપૂર્ણ બેહોશ અવસ્થામાં જ હતા. તેઓની આ પરિસ્થિતિથી સ્વામીશ્રી પણ સંપૂર્ણ માહિતગાર હતા, કારણ કે આ દર્દીની સારવાર કરી રહેલા ડૉ. શેઠે જ બે દિવસ પૂર્વે જણાવેલું કે 'સાહેબ હજી ભાનમાં નથી.'

તે વખતે સ્વામીશ્રી બોલેલા: 'ભાનમાં નથી એ બરાબર, પરંતુ જૂના માણસ છે. અમારા આત્મસંતોષ માટે પણ આવવાનો વિચાર છે.'

કોઈ બાહ્યાચાર કે શિષ્ટાચારમાંથી નહીં, પરંતુ હૃદયના અતલ ઊંડાણમાંથી ફૂટતો સ્વામીશ્રીનો સ્નેહ અન્યના ભાવ-પ્રતિભાવથી નિરપેક્ષ રહેતો. તેથી જ તો તેઓ આજે અહીં ખબર-અંતર પૂછવા આવી પહોંચેલા.

તેઓને જોઈ તબીબોએ દર્દીની આંખો ખોલાવવા સંબોધનો કર્યાં, પરંતુ કશું ન વળ્યું. છતાં સ્વામીશ્રીએ તો પ્રત્યક્ષ વાર્તાલાપ થતો હોય એ ભાવથી જ ઠાકોરજીનો હાર પથારીવશ શ્રી પટેલ સાહેબને પહેરાવ્યો. ધૂન કરતાં-કરતાં મસ્તક અને છાતી પર પોતાના હાથે ઠાકોરજી પણ પધરાવ્યા. અંતે, 'તેઓ સુખેથી ધામમાં પધારે' એવો સંકલ્પ કરી આશીર્વાદ આપ્યા.

એક પ્રતિભાવશૂન્ય વ્યક્તિ માટે પણ સ્વામીશ્રીએ લીધેલી આ કાળજી અને તેઓએ વેઠેલો ભીડો જોઈ સૌનાં હૈયાં ગદ્ગદ થઈ ગયાં.

સ્વભાવ પણ ધારે તો ટળે

તા. ૧૭/૮ની રાત્રે સ્વામીશ્રી વાળુ કરવા બિરાજે તે પૂર્વે મળવા દોડી આવેલા શ્રી સાહિબરાવ પવાર સ્વામીશ્રી પ્રત્યે ઋણભારથી નમેલા હતા. યોગી શતાબ્દીના પ્રસંગે ફાયર બ્રિગેડના બંબા સાથે ફરજ પર મુકાયેલા આ વડોદરાવાસીને ઉત્સવની પવિત્રતા પરચો પૂરી ગયેલી. તેને કારણે સમૈયામાંથી

પાછા ફરેલા અગ્નિશામક વિભાગના આ કર્મચારી વ્યસનમુક્ત બની ચૂકેલા. તેથી થયેલી આર્થિક બચતને કારણે આ નોકરિયાત મહિનામાં જ પોતાના ઘેર ફ્રિજ વસાવી શકેલા. આમ, લાય ઓલવવાવાળાને ઘેર સ્વામીશ્રીએ ખરેખરી ઠંડક કરી દેતાં તેઓ આજે સ્વામીશ્રીનો આભાર માની ગયા.

સ્વામીશ્રીનું આ વ્યસનમુક્તિનું કાર્ય વધુ વ્યાપક બનાવવા સંતોએ આ અરસામાં એક મોબાઈલ વાનની ગોઠવણ કરવાનું વિચારેલું. તે મુદ્દો આજની રાત્રે નીકળતાં સ્વામીશ્રી બોલ્યા : 'ગમે એવું વ્યસન હોય, ભગવાનના પ્રતાપે શું ના નીકળે ! અરે ! મરી જવાય તો બહેતર છે. ક્યાં વાંધો આવવાનો છે ? ધામમાં જવાશે. આ તો જીવની નાગડદાઈ છે. શ્રદ્ધા ને વિશ્વાસ જ ક્યાં છે ? સત્સંગમાં રહીનેય આટલું ના કરી શકે એને જોઈને વધારે લાગી આવે. સ્વભાવ પણ ધારે તો ટળે, પણ મનમાં ધાર્યું નથી.'

'મુખથી મોળી વારતા, ભૂલ્યે ભાષણ કરવી નહીં...' – આ હતો સ્વામીશ્રીનો સિદ્ધાંત. તેથી જ તેઓના મુખેથી અવિરત વહેતી બળભરી વાતોના વહેણમાં તણાયેલા કંઈક જીવ ભવપાર ઊતરી જતા.

અમારો જન્મ કથા-વાર્તા માટે જ છે

તા. ૧૮/૮ની રાત્રે મીટિંગ અને મુલાકાતોથી પરવારી સ્વામીશ્રી આરામ માટે જઈ રહેલા ત્યારે તેઓના ધબ્બાની અપેક્ષા સાથે એક યુવાન ઊભેલો. તેનો મનોરથ સ્વામીશ્રીએ પૂર્ણ કરતાં કો'કે બાજુમાં ઊભેલા પાંચ વર્ષીય ભગવતનો નિર્દેશ કરી કહ્યું : 'આને પણ ધબ્બો આપો.'

ત્યારે તે બાળકની રમતિયાળ વૃત્તિથી વાકેફ સ્વામીશ્રી બોલ્યા : 'એને ધબ્બો નહીં, એને તો થપ્પડ આપવા જેવી છે.' આમ કહેતાં તેઓએ ડાબા હાથે તે બાળકની હડપચી પકડી જમણા હાથે જોરથી તમાચો વળગાડ્યો, પરંતુ એ શિશુના ગાલ પર નહીં, પણ પોતાના ડાબા હાથ પર જ !

તેઓની આ વીજળીક, વિરલ અને વાત્સલ્યભરી ચેષ્ટાએ આસપાસ ઊભેલા સૌને પણ બાળક બનાવી મૂકતાં, સૌએ કિલ્લોલ કરી મૂક્યો.

આવો બ્રહ્માનંદ આ વખતે અહીં અટલાદરામાં અધિક માસની આંગળી પકડીને આવ્યો હતો. તેથી દિવાળી, અન્નકૂટ, રથયાત્રા, ફૂલદોલ, વસંત પંચમી, યોગી જયંતી, પાટોત્સવ વગેરેના પ્રતીક ઉત્સવોની પરંપરા ચાલેલી. સ્વામીશ્રી પણ ઉત્સવને અનુરૂપ આ આયોજનમાં ભળી સૌને સુખ આપતા.

તેમાં તેઓને વિશેષ ઉમંગ હતો – ભક્તિ કરવાનો. સામાન્ય રીતે ઉત્સવનો દિવસ હોય ત્યારે તબીબોની સલાહ અવગણીને પણ દંડવત કરતા સ્વામીશ્રી અહીં પ્રતીક ઉત્સવોનું નિમિત્ત લઈ રોજ-રોજ દંડવત માટે પાથરણું પથરાવતા.

આ ક્રમમાં તા. ૨૦/૮ના રોજ ઊજવાયેલા પ્રતીક પાટોત્સવની સભામાં તેઓએ જણાવ્યું કે 'અમે જે પાટોત્સવ (પ્રતિષ્ઠા-ઉત્સવ) કરેલો એની સ્મૃતિ હજી આજેય તાજી છે. ભીનાં લૂગડાં, થાકીને લોથપોથ. મૂર્તિ લેવા સવારના ગયેલા તે થાકીને પાછા આવ્યા. ત્રણ દિવસના સતત ઉજાગરા ને અત્યારે તો એ...ય પંખા નીચે બેઠા છીએ. ઠાકોરજી આગળ થાળ કેટલો મોટો! તે દા'ડે તો થાળ કેવો?'

ભીડાનો આ કથાતંતુ તા. ૨૩/૮ના રોજ ઊજવાયેલા પ્રતીક ફૂલદોલોત્સવની સભામાંયે જાળવી રાખતાં સ્વામીશ્રીએ કહ્યું કે 'તમને કથા-વાર્તામાં બેસવાનો ભીડો અને અમારે કરવાનો ભીડો. ભીડાભક્તિ છે, પણ આ ભીડો જન્મ-મરણ ટાળે એવો છે. અમારો જન્મ કથા-વાર્તા કરવા માટે જ છે ને! આંધળો ગાય કે દળે, એમ અમારે બિઝનેસ શું? ગમે ત્યાં જઈએ પણ કથા-વાર્તા ને ભજન કરવું એ જ! આ એક સેવા છે.'

આ સેવામાં અખંડ પરોવાયેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાતા પ્રતીક-ઉત્સવોની શૃંખલામાં, તા. ૨૪/૮ની સવારે આવેલી તેઓની જન્મ-જયંતીની સભા ખીચોખીચ ભરાયેલી. આજે વળી પાદરા અને ભાયલીનાં સંસ્કારધામોની મૂર્તિઓમાં પ્રતિષ્ઠા થતાં તે તે ગામોનો ભક્તસમુદાય પણ ખાસ્સી સંખ્યામાં ઊમટેલો. અસલ અને પ્રતીક ઉત્સવનો ભેદ ભૂંસતો સૌનો ઉત્સાહ આસમાનને અડી રહેલો, પરંતુ બરાબર એ જ વખતે ઘણા દિવસથી ઝળૂંબી રહેલો વરસાદ વરસવા લાગ્યો. તેથી રંગમાં ભંગ પડતાં સૌના ચહેરા પર ઉચાટ છવાઈ ગયો.

પણ એકનો ચહેરો મલકી ઊઠ્યો – એ હતા સ્વામીશ્રી!

તેઓ આશીર્વર્ષા વરસાવતાં બોલ્યા: 'વાદળાં દેખીને બધાંને ચિંતા થઈ, પણ વરસાદ આવ્યો એ સારું થયું! કાર્યક્રમ બગડે એની ચિંતા ન કરવી. આપણું થોડું બગડશે, પણ કરોડો સુખી થશે એ જોવું. એના માટે આપણે દુ:ખ ભોગવી લેવું.'

સ્વામીશ્રી જ્યાં આટલું બોલ્યા ત્યાં વીજળી પણ ગુલ થઈ. તેથી

તેઓએ જાતે જ ધૂન ઉપાડી. થોડી વારે વીજસંચાર થતાં સ્વામીશ્રી આશીર્વાદ આગળ ધપાવતાં બોલ્યા: 'અટલાદરામાં આ વખતે ઉત્સવો ઊજવ્યા એમાં તિથિનો મેળ તો આવતો જ હતો, પણ આજે તો તિથિ, વાર ને તારીખ કશાનો મેળ નહીં. ગરબડિયો ઉત્સવ થયો.' આમ, પોતાના જન્મોત્સવની ઉઘાડેછોગ ઠેકડી ઉડાડી સ્વામીશ્રી રાજી થયા.

જાણી નિજ જન કરી સંભાળ

તા. ૨૪/૮નો દિવસ અટલાદરાથી વિદાયનો હોવાથી સ્થાનિક આવશ્યક કાર્યોને પૂરાં કરવામાં વ્યસ્ત સ્વામીશ્રી દૈનિક ક્રમમાં સહજ ઉતાવળા હતા. પરંતુ તેમાંયે બપોરે દોઢ વાગ્યે ગાંધીનગરથી આવેલા સંતો નજરે ચડતાં તેઓ બોલ્યા: 'હું ત્યાં હતો ત્યારે કહેવાનું ભૂલી ગયો હતો, પણ અક્ષરધામની પાછલી બાજુએ મધપૂડા છે અને દીવાલો ઉપર વરસાદના પાણીના સફેદ રેલા જેવા ડાઘા પડી ગયા છે. એનો કોઈ વિચાર કર્યો છે?'

પોતાની ચીવટના આ ચમકારાથી સૌને ચકિત કરતા સ્વામીશ્રી આજની રાત્રે વિદ્યાનગર આવી પહોંચ્યા.

અહીં તા. ૨૫/૮ની સવારે તેઓના અલ્પાહાર દરમ્યાન ચંદ્રેશ અને પ્રવીણ નામના વિદ્યાર્થીઓએ ચોસઠપદીનું ગાન રજૂ કર્યું. છેલ્લે તેઓનો પરિચય અપાયો ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'આના (ચંદ્રેશના) દાદા ઈશ્વરભાઈ ને એમના બાપા ફુલાભાઈ મૂળજીભાઈ નિષ્ઠાવાળા સત્સંગી અને આ (પ્રવીણ) ડુંગરી ટીંબાનો.[૪૧] એના બાપા જગદીશ ને એના નાથાભાઈ ને એના બાપા શંકરભાઈ. ભાયલીના જીવાભાઈની દીકરીના દીકરા આ બધા.'

સ્વામીશ્રીના મુખેથી અસ્ખલિત સરેલી આ વંશાવલી સાંભળનારા તો હેતના પર્યાયરૂપ સ્વામીશ્રીની સતેજ સ્મૃતિનો અનુભવ કરી દંગ રહી ગયા.

આ અનુભૂતિ સૌ પચાવે ત્યાં જ દસ વાગ્યે સ્વામીશ્રી હૃદયરોગના હુમલાની સારવાર લઈ રહેલા શ્રી બાબુભાઈ કાપડિયાના ખાટલે જઈ બેઠા.

આણંદની એક હૉસ્પિટલના બિછાને પડેલા આ હરિભક્ત ઉપચારના ભાગરૂપે શરીર પર લગાડેલી નળીઓ વગેરે કશું રહેવા દેતા નહોતા. આ સમાચાર મળતાં જ તેઓ પાસે જઈ પહોંચેલા સ્વામીશ્રીએ પેલા બીમાર ભક્તના શરીરે હાથ ફેરવતાં કહ્યું: 'અમે તમને ખાસ કહેવા આવ્યા છીએ

---

૪૧. તેઓ સમયાંતરે સ્વામીશ્રીના હસ્તે દીક્ષિત થઈ સાધુ યોગીકીર્તનદાસ બન્યા.

કે શાંતિ રાખજો. નળીઓ રાખી મૂકવી. અમેય ત્રણ મહિના સૂઈ રહ્યા'તા. એટલે દેહના ડૉક્ટર અને અમે આત્માના ડૉક્ટર – બેયનું કહ્યું કરવું.'

ભક્તોની સુખાકારી માટે અહીંથી તહીંની દોડાદોડી કરનારા સ્વામીશ્રીના સ્નેહની એક નવી ક્ષિતિજ આજે જોવા મળી.

પ્રવાહી પર તો મહિનો ખેંચી નાંખું

તા. ૨૫/૮થી આરંભાયેલા આણંદ અને વિદ્યાનગર મંડળના સંયુક્ત પારાયણમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેઓના આસનની ગોઠવણી ઠાકોરજીને પીઠ આવે તે રીતે થયેલી જોઈ તેઓ બોલ્યા: 'આ આખું આસન ઉપાડી ઠાકોરજીના સિંહાસનના છેક છેવાડે ક્રોસ(ત્રાંસ)માં મૂકો.' આમ કહેતાં તેઓએ ચાલુ સભાએ જ પોતાની બેઠક-વ્યવસ્થા ફેરવાવી.

તેઓની આવી પરાભક્તિની પીઠિકા પર પાંચ દિવસ સુધી સરકતા રહેલા પારાયણમાં લાભ આપી તા. ૩૧/૮ની સાંજે અત્રેથી વિદાય થયેલા સ્વામીશ્રી ડુમ્મસ થઈને તા. ૨/૯ની સાંજે સુરત પધાર્યા.

અહીંથી તા. ૩/૯ની સવારે સેવણી ગામનો એક જાહેર સમારંભ શોભાવી પુનઃ સુરત પરત ફરેલા તેઓ તા. ૬/૯ના રોજ સયાજીનગરી ઍક્સપ્રેસ દ્વારા બપોરે સાડા ત્રણ વાગ્યે મુંબઈ આવી પહોંચ્યા.

અત્રે તબીબી પરીક્ષણ માટે પધારેલા સ્વામીશ્રીના શરીરની કેટલીક તપાસ તા. ૭/૯ની સવારે પેડર રોડ પર ઊભેલી બ્લૂ સ્ટાર હૉસ્પિટલમાં થઈ. તે પછી ભારતીય વિદ્યાભવનની સામે આવેલા એક દવાખાનામાં અન્ય જરૂરી પરીક્ષણ કરાવી મંદિરે પધારેલા સ્વામીશ્રી, તા. ૮/૯નો સમગ્ર દિવસ પ્રવાહી પર જ રહ્યા.

તેને અનુસરતાં, તેઓ તા. ૯/૯ની સવારે દાદરમાં આવેલા એક રેડિયોલોજી ક્લિનિકમાં બેરિયમ ટેસ્ટ કરાવી અગિયારેક વાગ્યે મંદિરે આવ્યા. અહીં ગઈકાલના પ્રવાહી ઉપવાસને કારણે સંતોએ અલ્પાહાર લેવા વિનંતી કરી, પરંતુ 'જરૂર શું છે? હમણાં થાળ થઈ જશે, પછી જમી લઈશું' કહેતાં સ્વામીશ્રી પત્રવ્યવહારની સેવામાં પરોવાઈ ગયા. તેથી પરવારી તેઓએ સાડા અગિયાર વાગ્યે ઠાકોરજી જમાડ્યા.

આ ભોજન પૂરું થતાં ડૉ. કિરણભાઈએ કહ્યું: 'કાલે આપ સાવ પ્રવાહી પર રહેલા, તો અત્યારે નાસ્તો કરીને સૂઈ ગયા હોત ને પછી જમ્યા હોત તો

સારું થાત.'

આ ભલામણ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આવી રીતે પ્રવાહી પર તો અઠવાડિયું શું, મહિનો ખેંચી નાંખું. આમાં કંઈ વાંધો ન આવે. એ ખોરાક જ છે ને!'

સ્વામીશ્રીનો આ ઉદ્ગાર તેઓની તપસ્વી પ્રકૃતિનો પરિચય આપી રહ્યો.

બોલે છે સ્પષ્ટ વાણી મુખ

આ અરસામાં ગુજરાત સરકારે પસાર કરેલા ગૌહત્યા નાબૂદીના વટહુકમની જાણ એક મંત્રીએ તા. ૯/૯ના રોજ સ્વામીશ્રીને કરી ત્યારે તેઓએ કહ્યું: 'આ કામ સારું કર્યું છે, પણ કાયદાનો અમલ કડકપણે કરાવજો. પોલ ચલાવશો નહીં.'

આ તાકીદ સાંભળી તે મંત્રીએ દલીલ કરી કે 'ગેરકાયદે જતાં ઢોરને રોકવાં બહુ અઘરાં. સરકારને તો ખબર પણ ન હોય.'

'એવું ન ચાલે. પોલીસોને ખબર હોય તો ગૃહમંત્રીને ખબર ના પડે કે કેટલાં અસામાજિક તત્ત્વો ને કતલખાનાં છે? બધા જ સમાચાર સરકારને તો પહેલાં જ મળે એવું હોવું જ જોઈએ.' સ્વામીશ્રીએ ખૂબ ખોંખારીને કહી દીધું.

આ જ રીતે સુરતમાં પણ પોતાના કાર્યકરો સાથે મળવા આવેલા એક નેતાને તેઓએ સ્પષ્ટતાથી સંભળાવેલું કે ''એકબીજાના વિરોધમાંથી જ ઊંચા નથી આવતા. બધા પક્ષો સંપીને કામ કરો. ધ્યેય તો બધાનું એક જ છે કે 'પ્રજા કેમ શાંતિથી રહે.' પણ બધાને એવું છે કે 'અમે કહીએ એ રીતે થવું જોઈએ.' કેટલાક તો રાજકારણમાંથી ધર્મને બહાર કાઢવા બેઠા છે. શાંતિ પછી ક્યાંથી થાય? બુદ્ધિ ક્યાં ગઈ છે? તમને ગરીબોને મદદ કરવાની ભાવના જાગે છે એ ધર્મનો જ વિચાર છે ને?! ધર્મ વગર ચાલશે? વૉટ માટે ધર્મને બહાર કાઢવાની નીતિ કરાય? આવું કરશો તો ક્યાં જઈને ઊભા રહેશું એ ખબર નહીં પડે.''

સ્વામીશ્રી જ્યારે ધારદાર વાતો દ્વારા નીંભર નીતિ અને નેતાને ઠમઠોરતા *'ત્યારે પંડિતનાં તર્ક સર્વ, થાય બંધ ને ન રહે ગર્વ...'*નો અનુભવ સૌ કરી રહેતા.

તેના અનુભવી એક સંતે તા. ૯/૯ના રોજ સ્વામીશ્રીને કહ્યું: 'આજકાલ આપ સ્પષ્ટ કહો છો.'

'કહેવાનું જ ! આમ ને આમ કંઈ સમજે એમ જ નથી.' સ્વામીશ્રી બોલ્યા.

પ્રજાના સાચા હિતરક્ષક બની તેઓએ બજાવેલી આવી કંઈક દેશ-સેવાઓ આજની પ્રજાકીય સુખાકારીના મૂળમાં રહેલી છે.

આ બહુ ખોટો શબ્દ છે

મુંબઈના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીના ભોજન વખતે સ્થાનિક સંતો દ્વારા રજૂ થતા શ્રાવણ-વિચરણના અહેવાલની તા. ૧૦/૯ની સવારે ઇતિશ્રી થતાં સ્વામીશ્રી બોલ્યા: 'બધાને આશીર્વાદ છે. આ વખતે બધે જ બહુ સારું વિચરણ થયું. બાર મહિને આ એક મહિનો સાચવી લેવો. માંદા હોય એણેય ટટ્ટાર થઈ જવું. તે ઘડીએ 'અં... અં...' ન કરવું. દેહ તો સાજું-માંદું રહેવાનું જ ! ન જાઓ એમાં ખોટ આપણને જ છે. ભગવાનના કામમાં યુક્તિ-પ્રયુક્તિ ના કરવી, નહીં તો એવા ને એવા રહેવાય.'

આ જ રીતે આજની સાંજે શિક્ષાપત્રીના પારાયણમાં ખૂલેલા સ્ત્રી-સાધુ મર્યાદાના વિષય સંદર્ભે સ્વામીશ્રીએ કહ્યું :

''નિયમની બાબતમાં કેટલી વાર એમ થાય કે 'એમાં શું ?', પણ એમાં જ ઘણું થઈ જાય છે. શ્રીજીમહારાજે અનુભવ કરીને નિયમ આપ્યા છે. એમાં જરાય સરતચૂક થવી ન જોઈએ. 'ચાલે છે... એમાં શું બગડી જવાનું છે ?' એવું નહીં. ગમે એવો જ્ઞાની હોય એનુંય મન ડગી જાય. એટલે મર્યાદા જરાય લોપવી નહીં. છ હાથથી દૂર ન જોવું એ આજ્ઞા સાધુ, સ્ત્રી ને પુરુષ બધાં માટે છે. 'ભગવાન બધું જ જાણે છે' આટલું જ જાણીએ તોય નિયમ-ધર્મ પળાય. 'એમાં શું ?' – આ બહુ ખોટો શબ્દ છે. ભૂલ ચાલુ ને ચાલુ રાખીએ એ ભગવાન ક્યારેય માફ નહીં કરે.''

જેમ લાકડાને ઊધઈ કોરી ખાય તેમ માનવજીવનને ખોખલું કરતા 'એમાં શું ?'ના વલણ સામે સ્વામીશ્રીએ આજે લાલ બત્તી ધરી દીધી.

કૌટુંબિક ઉત્કર્ષનું રહસ્ય

તા. ૧૧/૯ના રોજ બેરિયમ પરીક્ષણના દ્વિતીય અને છેલ્લા તબક્કા માટે સ્વામીશ્રી દાદરના રેડિયોલોજી ક્લિનિકમાં પુનઃ પધાર્યા. અત્રે વારાફરતી બે વાર થનારી તપાસ વચ્ચે મળનારા અડધા કલાકના સમયગાળા દરમ્યાન તેઓને આરામ કરવાનો હતો. તેથી સ્વામીશ્રી સૂતા, પણ તેઓની કર્મઠતા

તો જાગતી જ રહી. તેથી તેઓ સૂતાં-સૂતાંયે અડધો કલાક સુધી હરિભક્તોને મળતા રહ્યા!

આમ, સત્સંગીઓને સુખિયા કરવામાં સદા જાગ્રત તેઓ તા. ૧૨/૯ની સવારે યુવકોની રવિસભામાં પધાર્યા ત્યારે પ્રશ્નોત્તરીના કાર્યક્રમમાં તેઓને પુછાયું :

- કૌટુંબિક ઉત્કર્ષનું રહસ્ય શું છે?
  'ઘરસભા અને પાઠ-પૂજા.'
- મોટામાં મોટી અસેવા કઈ?
  'અમહિમાની વાતો કરવી તે.'
- સમાજને ગેરમાર્ગે દોરતું ઝેરીમાં ઝેરી દૂષણ કયું?
  'ટી.વી., ખરાબ ચિત્રો અને ખરાબ પુસ્તકોનું વાંચન.'
- સત્સંગમાં દેશકાળ ન લાગે તે માટે શું કરવું?
  'આત્મદૃષ્ટિ અને મહિમાની દૃઢતા.'
- સત્પુરુષને પ્રસન્ન કરવા શું કરવું?
  'તેઓની અનુવૃત્તિ પ્રમાણે વર્તવું.'
- સત્પુરુષમાં હેત ક્યારે થાય?
  'તે કહે તેમ કરીએ તો.'

સ્વામીશ્રી સાદું બોલતા પણ સારું બોલતા, સાચું બોલતા, સચોટ બોલતા, સંક્ષેપમાં બોલતા. તેથી જ તેઓની કથા મોજ અને મોક્ષ – બંને આપતી. આજેય આ અનુભવ સૌ કરી રહ્યા.

સાપના કરંડિયાને ઉખેળવા નહીં

સ્વામીશ્રીના સાંનિધ્યમાં ચાલતા શિક્ષાપત્રીના પારાયણની તા. ૧૬/૯ના રોજ પૂર્ણાહુતિ હતી. આ પ્રસંગે સભાજનોને સંગ-પરીક્ષા શિખવાડતાં સ્વામીશ્રીએ કહ્યું :

"ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે સત્સંગમાં અનેક પ્રકારના મનુષ્યો હોય. કેટલાક માંઈ રહ્યા થકા શત્રુ હોય. આમ હેત બતાવે પણ શત્રુ હોય. એવાની વર્તણૂકથી જ એ ઓળખાય. એવાને ખાલી નમસ્કાર જ કરવા.

કેટલાક પિતરાઈ જેવા હોય. એકબીજાનું કાપતા જ હોય. કંઈક આઘું-પાછું થાય ને ખટપટ કરે. રાઈ ચઢે. એવાને ઓળખવા. સાપના કરંડિયાને

ઉખેળવા નહીં. જોઈ રાખવા ને દૂર રહેવું.

કેટલાક દા'ડિયા ને સાથી જેવા હોય. કામ કરી નાંખવાનું. શું કરે છે ને શું ચાલે છે, મંદિરનું કે પોતાનું ખરાબ દેખાય એ વિચાર જ નહીં. સત્સંગનું મમત્વ નહીં કે 'એનું કેમ સારું થાય?' ગમે એમ બેસવું, ચાલવું એ જ રહે.

કેટલાક મહેમાન જેવા. જમીને ચાલ્યા જ જાય.

કેટલાક ધણી જેવા. બધું પોતાનું જ માને. એને માટે રાત-દિવસ મંડે.

માણસોના આ ભેદ છે એ જાણી રાખવાના.''

સૌને જાગૃતિની આ દીક્ષા આપી સ્વામીશ્રી તા. ૧૮/૯ની બપોરે ત્રણ વાગ્યે હવાઈમાર્ગે ભાવનગર આવી પહોંચ્યા.

અહીં ગણેશ ચતુર્થીનો ઉત્સવ ઊજવી, તા. ૨૨/૯ની સવારે નાની વાવડી પધારેલા તેઓના વરદહસ્તે, મંદિરમાં આરસના અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા.

તે પછી આજની સાંજે દામનગરની પટેલ વાડીમાં લાભ આપી ગઢડા જઈ રહેલા સ્વામીશ્રી, રસ્તામાં ઢસા મુકામે, સ્ટેશનની સામે આવેલી મોતીભાઈ ધરમદાસ ધર્મશાળા તરફ અંગુલિનિર્દેશ કરતાં બોલ્યા: 'પહેલાં અમે ગાડી(ટ્રેન)માં જતા-આવતા ત્યારે ઘણી વાર આ ધર્મશાળામાં સૂઈ રહેતા.'

આમ, સળંગ રસ્તે કંઈક ને કંઈક સ્મૃતિરત્નો પાથરતાં, સ્વામીશ્રી ગઢડા પધાર્યા.

ચડતી-પડતી ન થાય એ અમૃત મહોત્સવ

ગઢડામાં ઠાકોરજીનાં દર્શન બાદ સભાગૃહમાં એકત્રિત થયેલા ભક્તોને આશીર્વાદનો લાભ આપી વાળુ કરવા બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ સંતોએ વિચરણના અહેવાલ રજૂ કર્યા. તે રસપૂર્વક સાંભળી સૌને પ્રોત્સાહિત કરતા સ્વામીશ્રી રાત્રે સાડા દસ વાગ્યે આરામમાં જવા ઊભા થયા ત્યારે એક સંત બોલ્યા: 'મારે હવે એક જ ઇચ્છા છે કે આપનો અમૃત મહોત્સવ ખેડા જિલ્લામાં ઊજવવો છે.'

'આપણે કાયમ અમૃત મહોત્સવ જ છે. સત્પુરુષમાં આવું ને આવું હેત રહે, ઉત્સાહ રહે, ચડતી-પડતી ન થાય એ અમૃત મહોત્સવ!'

ઉત્સવ-ઉજવણીની આ સાચી દિશા ચીંધતા સ્વામીશ્રીના અહીં થયેલા આગમન સાથે જ વરસાદની રેલમછેલ થવા માંડેલી. તે જોઈ હરખાયેલા

સ્વામીશ્રી તા. ૨૩/૯ની સવારે મંદિરમાં દર્શન કરવા પધાર્યા ત્યારે ગણેશજીની મૂર્તિને સંબોધતાં બોલ્યા: 'જય ગણપતિ! તૈયાર થાવ. વિસર્જનના દિવસો નજીક આવે છે. ના'વું છે ને પાછું? ડેમ છલકાવી દો. જળ ઝીલવાનું છે.'

આ રીતે ઘણી વાર પ્રતિષ્ઠિત પ્રતિમાઓ સાથે સંવાદ સાધતા સ્વામીશ્રીના મુખમાંથી નીકળતા શબ્દો પ્રજા પ્રત્યેની અનુકંપા અને પ્રભુ પ્રત્યેની આસ્તિકતાથી નીતરતા જણાતા. તેથી 'મૂર્તિમાં ભગવાન બિરાજે જ છે' તેવી પ્રતીતિ સૌને દૃઢ થઈ જતી.

તે મુજબ આજે પણ સ્વામીશ્રી પ્રાર્થના કરીને આગળ વધ્યા અને તેના પ્રતિસાદરૂપે મેઘરાજા એવા ત્રાટક્યા કે બે જ દિવસમાં તો ઘેલા નદીનો અક્ષરઘાટ ભરાઈ ગયો.

તેથી તા. ૨૪/૯ની સવારે આભાર માનવા દોડી આવેલા ગામના અગ્રણી દેવકુભાએ સ્વામીશ્રીને કહ્યું: 'અમે ઠેઠ અત્યારે આપને બોલાવ્યા એ મોટી ભૂલ કરી! વહેલા તેડાવ્યા હોત તો વહેલો ડેમ છલકાઈ જાત. અમારા હેન્ડપંપ જીવતા થઈ ગયા.'

આ જ રીતે તા. ૨૫/૯ના રોજ ગામના એક પટેલિયાએ પણ ગોંડલથી આવતા સંતોની ગાડી અટકાવીને કહ્યું: 'અહીં તો અતાર લગી દકાળ જ હતો. ઢોરને પાંજરાપોળમાં મૂકવાનું વિચારતા હતા, ત્યાં ખબર પડી કે 'પ્રમુખસ્વામી ગઢડા પધારે છે.' અમને થયું કે 'એમનાં પગલાં થશે એટલે ઘેલો ભરાશે જ !' અને પ્રમુખસ્વામીએ પરચો દીધો.'

પરંતુ આવા અહોભાવના પ્રતિભાવમાં સ્વામીશ્રી તો આટલું જ કહેતા રહ્યા: 'અમારાથી તો વરસાદ કંઈ વરસતો નથી. અમે તો તાળીઓ પાડીએ (ધૂન કરીએ) છીએ. બાકી ભગવાન બધું કરે છે.'

અખંડ ભગવાન સામી દૃષ્ટિ છે

ગઢડાથી સારંગપુર પધારેલા સ્વામીશ્રીને આવકારવા મુખ્ય સ્વાગત-કર્તા તરીકે વરસાદ હાજર થઈ ગયો હોવાથી સ્વામીશ્રી પણ ખૂબ આનંદ પામ્યા.

તે સાથે જ તેઓ તા. ૨૬/૯ના રોજ જળઝીલણી એકાદશીનો ઉત્સવ ઊજવી રહેલા. આ નિમિત્તે મંદિરની જૂની ગૌશાળા આગળ આવેલા પ્રાંગણમાં બપોરે એક વાગ્યાથી મહાપૂજાનો પ્રારંભ થયો. તેમાં વેળાસર આવી ગયેલા સ્વામીશ્રીને નારાયણમુનિદાસ સ્વામીએ કહ્યું: 'મહાપૂજામાં યજમાન તરીકે

અમે અમારી રીતે હરિભક્તોને બેસાડ્યા છે. છતાં કોઈ અન્યને બેસાડવા જેવા લાગતા હોય તો આપ દૃષ્ટિ કરી લો.'

'અમારી તો અખંડ ભગવાન સામી દૃષ્ટિ છે એટલે ઊંચી દૃષ્ટિ થતી જ નથી.'

આ શબ્દો દ્વારા પોતાની સ્થિતિનું દર્શન કરાવી ઉત્સવ-વિધિમાં પરોવાયેલા સ્વામીશ્રીએ ઠાકોરજીને પાંચ આરતી અને પાંચ થાળનાં અર્ઘ્ય ધર્યાં. તે પછી મંચની સામે જ ઊભા કરેલા પચીસ ફૂટના ઘેરાવાવાળા હોજમાં તેઓએ ઠાકોરજીને જળવિહાર પણ કરાવ્યો.

આવા જ ભક્તિભાવથી તેઓ તા. ૨૭/૯ની સવારે સ્મૃતિમંદિરે પધાર્યા ત્યારે અત્રે ખીજડાના થડ પર ગુલાબ ગોઠવી સંતોએ આકર્ષક શોભા રચી હતી. તે જોઈ પ્રદક્ષિણા ફરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'લ્યો, ખીજડાને સાંગરિયું આવે એને બદલે જુઓ, ગુલાબના શણગાર થાય છે. સંબંધનો મહિમા કેવો છે !'

કોઈ પણ વાત, વિગત કે વ્યક્તિના આધારે તત્ક્ષણ સચોટ સંદેશ આપવામાં સ્વામીશ્રી ઘણા જ કુશળ હતા.

તેઓની આ કળા તા. ૨૮/૯ની સવારે પણ ઝળકી રહી. આ સમયે દર્શન કરવા મંદિરમાં પહોંચેલા તેઓ રૂપચોકીમાં પધાર્યા ત્યારે અહીં દેશ અને પરદેશના પાર્ષદો હરોળબંધ ઊભેલા. તે દર્શાવતાં રામાનુજ ભગતે સ્વામીશ્રીને કહ્યું : 'બંનેને જુદા પાડી દીધા.'

'જુદું ન પાડવું. સંપ રહે એવું કરવું.'

'આ તો આ લોકની વાત છે.'

'આ લોકમાંયે ભેગું રહેવું પડે, તો જ ત્યાં (પરલોકમાં) ભેગું રહેવાય એવું છે.'

સંપના સંદેશની કેટલી સહજ અને સરળ છતાં સચોટ રજૂઆત !

અમારી હાજરી ક્યાં નથી ?

આ અરસામાં સ્વામીશ્રીનો અમૃત મહોત્સવ પોતાના આંગણે ઊજવાય તે અંગેના વિમર્શ સત્સંગનાં મુખ્ય મથકોમાં શરૂ થઈ ચૂકેલા. તેથી તે-તે કેન્દ્રમાં સ્વામીશ્રી પધારે ત્યારે તેઓને સ્થાનિક વડીલો દ્વારા આ અંગે વિનંતી થતી રહેતી.

તે ક્રમમાં અત્રે સારંગપુરમાં પણ તા. ૨૮/૯ની બપોરે સંતોએ વાત ઉપાડતાં સ્વામીશ્રીને કહ્યું: 'આપનો અમૃત મહોત્સવ અહીં ઊજવવો છે.'

'ભલે, અમે કોઈને 'ના' જ નથી પાડતા. આપણે બધે જ ઊજવવો છે. એક ઠેકાણે માણસ ભેગું થાય એમાં નકામી ગિરદી થઈ જાય.'

સ્વામીશ્રી દ્વારા પ્રસ્તાવને અપાયેલો આ અવઢવભર્યો આવકાર જોઈ સંતોએ જણાવ્યું: 'પણ ઉત્સવમાં ફાસફૂસિયું ના થવું જોઈએ. યોગીબાપાની આજ્ઞા છે.'

'હજારો જગ્યાએ ઊજવાય એ ફાસફૂસિયું કહેવાય?'

'હજારો જગ્યાએ ભલે ઊજવાય, પણ આપની હાજરી અહીં હોવી જોઈએ.'

'અમારી હાજરી ક્યાં નથી?' સ્વામીશ્રીના મુખેથી શબ્દો સરી પડ્યા. તેમાંથી *'સદૈવ વ્યાપી સર્વત્ર હું છું...'*ની તેઓની ઓળખ પ્રકાશી રહી.

શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૬માં કહે છે કે 'એવું કોઈ પદાર્થ નથી જે, જેને વિષે (ચિદ્) આકાશ ન હોય... અને તે આકાશને બ્રહ્મ કહીએ...'

આ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ સ્વામીશ્રી હોવાથી તેઓની હાજરી ક્યાંયથી બાદ થઈ શકે તેમ નથી.

પારકું દુઃખ સહન ન થાય

તા. ૨૯/૯ની સવારે મુલાકાતો નિયત સમય કરતાં વહેલી પૂર્ણ થઈ જતાં, હજી સેવકો સ્વામીશ્રીને ઊભા કરવા નહોતા આવ્યા. તેથી પોતાના જ હાથ વડે જમણો પગ ઊંચો કરીને તેનું તળિયું જોવા માંડેલા સ્વામીશ્રી, ડાબી આંગળી વડે વિવિધ ભાગો દબાવવા લાગ્યા. તે વખતે જ નારાયણચરણદાસ સ્વામી આવી જતાં સ્વામીશ્રીએ તેઓને પૂછ્યું: 'મને ક્યાં દુખતું હતું?'

'કેમ અત્યારે જાણવાનું થયું?'

'આ તો મેં જોયું ન'તું કે ક્યાં દુઃખે છે?, એટલે થયું કે જોઈ લઉં.'

'અહીં ત્રીજી આંગળીના મૂળ આગળ દુખતું હતું.'

પોતાના દુખાવા અંગે અન્યને પૂછતા સ્વામીશ્રી શરીરની સંભાળ બાબતે જેટલા ઉદાસ વર્તતા એટલા જ અન્યની સંભાળ બાબતે સતર્ક રહેતા.

તેથી જ તા. ૩૦/૯ની વહેલી સવારે મહારાષ્ટ્રમાં આવેલા વિનાશક

ભૂકંપથી માત્ર ધરતી જ નહીં, સ્વામીશ્રી પણ ખળભળી ઊઠ્યા. અનેક ગામો પર ફરી વળેલા કાળના આ ક્રૂર પંજામાંથી લોકોને બચાવવા તેઓની મદદનો હાથ હજારેક કિલોમીટર દૂર સુધી લંબાયો. એ હાથની આંગળીઓ બની મુંબઈના ચાલીસ સંતો અને ૪૫૦ સ્વયંસેવકો અસરગ્રસ્તોની સેવામાં જોડાઈ ગયા.

તેના પ્રતાપે તા. ૧/૧૦થી જ ટનબંધ પૂરી અને શાક ભૂકંપ-પીડિતોની આંતરડી ઠારવા લાગ્યાં. તે માટે પાટોડા ગામના સિંચાઈ સદનમાં સંસ્થાકીય રાહત રસોડાના ચૂલાઓ પ્રજ્વલિત થઈ ગયા. પરંતુ તે પર તૈયાર થતી રસોઈને, દિવસના ત્રણ સમય માટે પાંત્રીસેક કિ.મી. દૂર પહોંચાડવાનો પુરુષાર્થ, સેવાના જોશની કસોટી કરે તેવો હતો. તેમાં અવાર-નવાર આવતા ભૂકંપના આંચકા, વીજળીના કડાકા, વરસાદની દેમાર ઝડીઓ, આશ્રય માટે છત-છાપરાંનો અભાવ વગેરે અગવડો મુશ્કેલીઓને વધારતી હતી. છતાં સ્વામીશ્રીની સહાયનો હાથ હેઠો ન પડ્યો.

એ કરુણાસભર હાથ દ્વારા ગરમાગરમ ભોજનની સાથે જુદી જુદી ૨૬ પ્રકારની ૧૬૦ ટન ખાદ્યસામગ્રીનો પ્રવાહ વહેતો રહ્યો. આ કર્મઠ હાથે લોકોને ટકાવવા ઉપરાંત પગભર કરવાનું પણ કાર્ય કર્યું. તેથી ખેડૂત, દરજી, ધોબી, કુંભાર, મોચી, કડિયા, સુથાર, વાળંદ, લુહાર, કર્મકાંડી બ્રાહ્મણ વગેરેને તેઓનાં વ્યાવસાયિક ઓજારો પ્રાપ્ત થયાં. જીવનનિર્વાહ માટે જરૂરી વસ્ત્ર-વાસણો વગેરેનો પ્રવાહ પણ સ્વામીશ્રીનાં આ કૃપાળુ કરકમળ દ્વારા ગામોગામ પહોંચવા લાગ્યો.

અત્યંત આદર્શ અને અનુકરણીય

મહારાષ્ટ્રના ભૂકંપગ્રસ્તોને સહાયભૂત થવા જુદી-જુદી સેવાભાવી સંસ્થાઓ દ્વારા આવેલી રાહત-સામગ્રીઓથી લદાયેલી ટ્રકો જરૂરિયાતમંદ વિસ્તારોના રસ્તે રવાના થવા માંડેલી, પરંતુ પ્રશાસન દ્વારા વિતરણની યોગ્ય વ્યવસ્થાના અભાવે, આ વાહનો ભાંગલા-તૂટલા રસ્તે હરોળબંધ ખડકાવા લાગેલાં. આવા સમયે સંસ્થા દ્વારા ગતિશીલ થયેલા સુઆયોજિત રાહતકાર્યને જોઈ, અસરગ્રસ્તોની મદદમાં આવેલા લશ્કરના સુકાની મેજર જનરલ શ્રી વી. એસ. કતારિયા બોલી ઊઠ્યા : 'આ સંસ્થાની સંચાલન-શક્તિ, ઝડપી કાર્યવાહી, આયોજન, સ્વયંસેવકો, સંતો વગેરેમાંથી તો અમારા લશ્કરી દળોને પણ પ્રેરણા મળે, શીખવા મળે તેવું છે !'

આવા રાહતકાર્યથી પ્રભાવિત થઈ મહારાષ્ટ્રની સરકારે અમુક ગામો સંસ્થાને સોંપવાનો વિચાર કરી સંતોને પૂછ્યું કે 'તમે શું કામ કરશો ?'

'જે કામ કરવા કોઈ તૈયાર ન હોય તે કામ અમે કરીશું.'

સંતોનો આ ઝિંદાદિલીભર્યો જવાબ સાંભળી મુગ્ધ બનેલી સરકારે સમુદ્રાલ અને કોંડજીગઢ નામનાં અંતરિયાળ ગામોને ઉગારવાનું કાર્ય સંસ્થાને સોંપ્યું. સોંપણીની એ પ્રથમ ક્ષણથી જ, કીચડ-કોહવાટભર્યાં આ ગામોમાં સંસ્થાના સંતો-સ્વયંસેવકોનું દળ દેવદૂત બનીને ઊતરી પડ્યું. તેની કાર્યવાહી જોઈ કડદોરા અને કડદેવ લીંબાળા ગામો પણ સરકારે સંસ્થાને સુપ્રત કર્યાં. અહીં વરસેલી સંસ્થાકીય સેવાની વાદળીથી તરબતર તંત્રે મુર્શીદપુર, ઉદતપુર અને કાળ લીંબાળા ગામો પણ સંસ્થાના ખોળે મૂક્યાં. છેલ્લે તો પંદર ગામોની શેરીઓ સુધી સંસ્થાની સેવાસરિતા ફરી વળી.

તેથી ભીંજાયેલા જાણીતા કેળવણીકાર શ્રી જગન્નાથ સહસ્રબુદ્ધેએ જણાવ્યું :

"જે અક્ષર-પુરુષોત્તમ સંસ્થાનું નામ પણ ઉદતપુર જેવા અતિ દૂરનાં ગામોમાં કોઈ જાણતું નહોતું, ત્યાં સૌથી પહેલા પહોંચી જઈને સંસ્થાના સ્વયંસેવકોએ આવશ્યક તમામ વસ્તુઓનું, ભૂકંપ આવ્યાના ૨૪ કલાકમાં જ પીડિતોને દાન કરીને એક દેવદુર્લભ સત્કર્મનો પ્રારંભ કર્યો હતો. જ્યારે થોડા દિવસો પછી અન્ય સંસ્થાઓ ત્યાં પહોંચી તો તેમને આંખે દેખ્યું દૃશ્ય અને કાને સાંભળી વાતથી અત્યંત આશ્ચર્ય થયું.

ગામડાંનાં આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષોની સમજમાં એ નહોતું ઊતરતું કે 'પ્રમુખસ્વામી મહારાજ રહે છે હજારો કિલોમીટર દૂર અને તેમના સેંકડો સ્વયંસેવકો અહીં નિષ્કામ થઈને પ્રતિફળની સહેજ પણ ઇચ્છા રાખ્યા વગર, અખબાર-આકાશવાણી કે દૂરદર્શન પર જરા પણ રજૂઆતની અપેક્ષા વગર, દિવસ-રાત અથાગ પરિશ્રમ કઈ રીતે લઈ રહ્યા છે ?!' સંસ્થાના સ્વયંસેવકોનું આ મૌન અન્ય તમામ સંસ્થાઓને માટે અત્યંત આદર્શ અને અનુકરણીય છે."

અવિરત વહેતી સ્વામીશ્રીની આ સેવાગંગાએ મૃતકોના મોક્ષનું કામ પણ બાકી ન રાખ્યું. તેના ભાગરૂપે સંસ્થાના સંતો-સ્વયંસેવકોએ જ્યારે ભૂકંપમાં માર્યા ગયેલાની સામૂહિક દ્વાદશાહ-વિધિ કરી સમગ્ર સમુદ્રાલને મિષ્ટાન્ન જમાડ્યું ત્યારે ગામવાસીઓની આંખો હર્ષાશ્રુથી છલકાઈ ગઈ. જીવંતની જ નહીં, દિવંગતની પણ ચિંતા કરનારી બી.એ.પી.એસ. સંસ્થા અને

સ્વામીશ્રી માટે તેઓ બોલી ઊઠ્યા: 'एकमात्र स्वामिनारायण आपले आहे।' (એકમાત્ર સ્વામિનારાયણ આપણા છે.)

સ્વામીશ્રીના કાર્યની આ કક્ષા જોઈ સ્થાનિક સરકાર દ્વારા ભૂકંપધ્વસ્ત સમુદ્રાલ ગામના નવસર્જનની જવાબદારી સંસ્થાના શિરે મુકાઈ. તે સાથે જ ૨૮૦ મકાનો, શાળા, બાલ-ઉદ્યાન, પાણી-પુરવઠો, ગટર વ્યવસ્થા, સાંસ્કૃતિક કેન્દ્ર, શિક્ષક-નિવાસ, માર્ગ, શેરી-બત્તીઓ સહિતની અનેક સુવિધાઓ સાથે નિર્માણ પામનારા નૂતન ગામનાં પગરણ મંડાઈ ગયાં. તેના શિલાન્યાસની ક્ષણે સ્વામીશ્રી દ્વારા પૂજીને મોકલવામાં આવેલી ઈંટો પણ ગર્તમાં પધરાવવામાં આવી.

આ અવસરે હાજર રહેલા લોકસભાના અધ્યક્ષ શ્રી શિવરાજ પાટીલ સહિત અનેક અગ્રણીઓની ઉપસ્થિતિમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી શરદ પવારે જણાવ્યું કે 'ભૂકંપના બીજા જ દિવસથી આ સંસ્થાએ જે કાર્ય ઉપાડ્યું છે તેની કોઈ કિંમત આંકી શકાય એમ નથી.'

મારે તો હરિભક્તોને રાજી કરવા છે

તા. ૩/૧૦ના રોજ સારંગપુરમાં બિરાજમાન સ્વામીશ્રીને મળવા આવેલા ચચાણાના હરિભક્તોને સ્વામીશ્રીએ બાંયધરી આપી કે 'હું તમારે ગામ આવીશ, પણ હમણાં કોઈને આ વાત કહેતા નહીં.'

તેઓની આ સૂચનાનું પાલન કરવા કટિબદ્ધ સત્સંગીઓએ અન્ય કોઈને નહીં, પણ પોતાના ગામમાં સત્સંગ કરાવવા આવતા હરિપ્રકાશદાસ સ્વામીને આ વિગત જણાવી, જેથી આયોજનમાં સરળતા રહે. આ સંત સ્વામીશ્રીએ ગોઠવેલો કાર્યક્રમ જાણી મૂંઝવણમાં મુકાઈ ગયા, કારણ કે તે સમયે સ્વામીશ્રી માટે જોઈએ તેવી વ્યવસ્થા આ ગામમાં મળવી મુશ્કેલ હતી.

તેથી તેઓએ સભામાં બિરાજેલા સ્વામીશ્રી પાસે જઈને વિનંતી કરી કે 'બાપા! આપે ગામડે જવાનો વિચાર કર્યો છે, પણ ત્યાં જરૂર નથી. તાપ ખૂબ છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી અકળાઈને બોલ્યા: 'તમે અહીંથી જતા રહો. આવી વાત મને કરશો જ નહીં. આ દેહને શું કરવાનો છે? તાપ તો પડવાનો જ છે ને! મારે તો હરિભક્તોને રાજી કરવા છે.'

સ્વામીશ્રીની આ ભાવના જીવનપર્યંત તાજી જ રહેલી.

વૈરાગ્ય-ત્યાગ ઉર વિષે

તા. ૪/૧૦ના રોજ શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વનો સમૈયો ધામધૂમથી ઊજવી સ્વામીશ્રી સંતોને પીરસ્યા પછી જમવા બિરાજ્યા. તેઓની રીત *'જમાડીને પોતે જમે રે...'*ની શ્રીજીમહારાજની રીત મુજબ જ!

તે અનુસાર જમી રહેલા સ્વામીશ્રી સમક્ષ કેટલાકની ભોજન-ક્ષમતા સંબંધી વાતો નીકળતાં સંતોએ જિજ્ઞાસા પ્રગટ કરી કે 'સ્વામી! આમ તો આપની પ્રકૃતિ પાણી વધારે પીવાની, તો પારણાં વખતે આપ માત્ર એક વાટકી જ શરબત કેમ પીતા?'

'બસ! અપવાસ બહુ લાગતો ન'તો.' સ્વામીશ્રીએ ટૂંકમાં જ પતાવ્યું.

પોતાની પ્રશંસાનો વિષય તેઓ ઝાઝો ખૂલવા જ ન દેતા.

આ સમયે જ કો'ક ખબર લાવ્યું કે 'ઉપરથી હજારો તીડ પસાર થઈ રહ્યાં છે.'

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'એક વાર પૂર્વાશ્રમમાં હુંય ખેતરમાં તીડ ઉડાડવા ગયેલો. થાળીઓ ને ઢોલાં વગેરે વગાડવાનું. તીડ રાક્ષસી. ફક્ત રાત્રે જ ખાવાનું (રાખે).'

આ સ્મૃતિસુધાનું રસપાન કરાવતા સ્વામીશ્રી, તા. ૬/૧૦ની સવારે લાઠીદડના મંદિરની મૂર્તિઓનું પૂજન કરી ઉતારે પહોંચ્યા ત્યારે અત્રે એક પ્રસ્તાવ લઈને આવેલા સ્થાનિક વ્યવસ્થાપકોએ કહ્યું: 'બાપા! અત્યારનો આપનો આ ઉતારો સભામંડપની નજીકમાં જ હોવાથી સભાના કાર્યક્રમોનો અવાજ અહીં ઓરડામાં આવે છે. તેથી આપને નિદ્રા અને કામકાજમાં વિક્ષેપ થાય છે. વળી, આ ઉતારાના ઉપલા માળે આવેલા ગ્રંથાલયમાં થતી ચહલ-પહલ પણ આપને ખલેલ પહોંચાડે છે. તે ઉપરાંત, મુલાકાતીઓ માટેનો પ્રતીક્ષા કક્ષ પણ ન હોવાથી...'

આટલું કહેવાયું તેમાં જ સઘળું સમજી ગયેલા સ્વામીશ્રી વિશેષ કશું ન સાંભળતાં બોલ્યા: 'મને ઘસઘસાટ ઊંઘ આવી જાય છે. કોઈ અવાજ નડતો નથી, એટલે એની ચિંતા કરવાની જરૂર નથી. ખોટા ખર્ચાની કાંઈ જરૂર નથી.'

શબ્દે-શબ્દે સ્વામીશ્રીના ત્યાગ-વૈરાગ્ય વહી રહ્યા. તેના વહેણમાં વિશેષ સુવિધાઓની વાતો તો ક્યાંય તણાઈ ગઈ અને આજની સાંજે સારંગપુરથી

વિદાય થયેલા સ્વામીશ્રી માર્ગમાં આવતાં રંગપુર, ચચાણા, અચારડા, લીંબડી અને વઢવાણને પાવન કરતાં તા. ૮/૧૦ની સાંજે સુરેન્દ્રનગર પહોંચ્યા.

એમનાથી આગળ નીકળાય એવું છે જ નહીં

સુરેન્દ્રનગરમાં તા. ૯/૧૦ની સવારે ધ્રાંગધ્રાના સંસ્કારધામમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓને પૂજી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે અત્રે આજની સાંજે ગાયત્રી પરિવારના અગ્રણી ડૉ. પ્રણવભાઈ પંડ્યા આવી પહોંચ્યા. તેઓ 'આ સૃષ્ટિને જે એકતાની જરૂર છે એમાં આપ જેવાનું વિચરણ બહુ જરૂરી છે'નો અહોભાવ સ્વામીશ્રી માટે વ્યક્ત કરી વિદાય થયા ત્યાં જ તા. ૧૧/૧૦ની સવારે નાયબ કલેક્ટર શ્રી સંઘવી દર્શને દોડી આવ્યા.

આ અમલદાર સાથે નીકળેલી ફરજ-પરસ્તીની વાતમાં સ્વામીશ્રી બોલ્યા: 'આજે ઘણા લોકોને 'આ દેશ પોતાનો છે' એવી ભાવના જ રહી નથી. ફરજ બજાવવી નથી ને હકની, પૈસાની ને રજાની વાત કર્યા કરે છે. પોતાનાં છોકરાં માટે, પોતાનાં બૈરાં માટે જેમ કામ કરીએ છીએ તેમ પોતાના દેશ માટે કામ કરો ને! હકની શું માંડો છો?'

દેશને ફોલી-ઠોલી ખાતી માનસિકતા સ્વામીશ્રીને ઘણી કઠતી. તેને ટાળવા-બાળવા તેઓ ક્યારેક આમ પુણ્યપ્રકોપ વ્યક્ત કરતા. તેની સામે તેઓની અમીવર્ષા પણ એવી જ વરસતી. તેથી તા. ૧૨/૧૦ની સવાર ભીંજાઈ.

આ સમયે મંદિરમાં દર્શન બાદ રસોડામાં દૃષ્ટિ કરવા પધારેલા સ્વામીશ્રી અહીં ઊકળી રહેલી ચા જોઈને બોલ્યા: 'આને કોઈ ચાખે છે કે નહીં? ચાખીને વ્યવસ્થિત કરવી.'

જેનો સ્વાદ જેઓની જીભે જિંદગીભર ચાખ્યો નહોતો તે ચા બનાવવામાં પણ સ્વામીશ્રી આવી તકેદારી લેતા!

'મા'ના જેવી ચીવટ ચામાં રખાવી તેઓ ઉતારે પધાર્યા ત્યારે શહેરમાં ચાતુર્માસ ગાળવા રોકાયેલા જૈનમુનિ શ્રી ચંદ્રજિતવિજયજી મળવા આવી પહોંચ્યા. તેઓએ પ્રાસંગિક વાર્તાલાપમાં સ્વામીશ્રીને કહ્યું કે 'આપની કાર્ય-શક્તિથી અમે પ્રભાવિત છીએ.'

ત્યારે સ્વામીશ્રીએ સહજપણે નમ્રતા ઉલેચી કે 'ભગવાનનો પ્રભાવ છે ને આગળ ગુરુઓ કાર્ય કરી ગયા છે એટલે થાય છે.'

'પણ બધા ગુરુઓ કરતાં આપ આગળ નીકળી ગયા.'

'એમનાથી આગળ નીકળાય એવું છે જ નહીં. એ પાયા નાંખી ન ગયા હોત તો આપણાથી શું થાત? વિકટ પરિસ્થિતિમાં એમણે આ બધું ઊભું કર્યું છે. આપણે શું આગળ નીકળવાના?'

ગુરુજનો વિષેનો કૃતજ્ઞભાવ સ્વામીશ્રીના શબ્દોમાં છલકાઈ આવ્યો. તેઓની આવી ગુરુભક્તિ જોનારા પણ બોલી ઊઠ્યા કે 'આમનાથી આગળ નીકળાય એવું છે જ નહીં!'

મોદિયાની માવજત

તા. ૧૩/૧૦ની સવારે સુરેન્દ્રનગરથી વિદાય લઈ નીકળેલા સ્વામીશ્રી સીતામઢ, ભાદરા અને ડાંગરાને લાભ આપતાં તા. ૧૬/૧૦ની સાંજે રાજકોટ આવી પહોંચ્યા.

અત્રે તેઓના એક સપ્તાહના રોકાણ દરમ્યાન બાળ, યુવા, વડીલ વગેરેને અનુલક્ષી વિવિધ કાર્યક્રમો યોજવામાં આવેલા. તેની સાથે નિર્માણાધીન મંદિરની ગતિવિધિ વેગ પકડે તેવી પ્રસ્તુતિઓ પણ ચાલતી રહેતી. તેમાં ભળી સ્વામીશ્રી મંદિર અને ચૈતન્યમંદિર – બંનેનાં ઘડતરકામને પ્રોત્સાહન આપવા લાગ્યા.

તે દરમ્યાન તા. ૧૮/૧૦ના રોજ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત 'નિર્ણય' તેઓના હાથમાં આવ્યો. પંચાંગ સંબંધી વિગતો સૂચવતા આ પ્રકાશનમાં અક્ષરધામ વિષયક એક વિગત જણાવતાં 'હાલતાં-ચાલતાં પૂતળાં...' એવો શબ્દપ્રયોગ કરવામાં આવેલો. આ વાંચી સ્વામીશ્રીએ વ્યવસ્થાપકોનું ધ્યાન દોર્યું કે ''અહીં 'હાલતાં-ચાલતાં પૂતળાં...' શબ્દ વાપર્યો છે, પરંતુ એમાં શ્રીજીમહારાજ પણ છે. એટલે એને પૂતળું નહીં, પણ મૂર્તિ લખવું જોઈએ.''

સ્વામીશ્રીનો ભક્તિભાવ અસીમની સાથે સૂક્ષ્મ પણ હોવાથી, જે કોઈને ન સૂઝે તે તેઓને સૂઝતું.

આવી સૂઝ સાથે તેઓ તા. ૧૯/૧૦ની સવારે પ્રાતઃપૂજા માટે બિરાજ્યા તે વખતે પૂજાપાટની બાજુમાં મૂકેલા ઍરકન્ડિશન મશીનમાંથી ટપકતા પાણી પર તેઓની દૃષ્ટિ પડી. એ પાણી નીચે પાથરેલું મોદિયું પલાળી રહેલું. તે જોઈ સ્વામીશ્રીએ પોતાના મગજ તરફ આંગળીનો નિર્દેશ કરતાં કાર્યકરોને કહ્યું : 'કંઈક મગજ તો દોડાવો. આટલી ખબર નથી પડતી કે આ પલળે છે? આ મોદિયું કો'વાય ને નકામું બગડે.'

વિશાળ અને વિશ્વવિખ્યાત સંકુલોના નિર્માતાએ આજે રાખેલી અમુક ચોરસ ફૂટના એક મોદિયાની આ માવજત, સૌનાં મનમાં વિરલ વિશ્વકર્મારૂપે સ્વામીશ્રીની છબી છાપતી ગઈ.

સર્વેના આનંદમાં આપણો આનંદ

તા. ૧૯/૧૦ના દિવસે યુવાદિન નિમિત્તે યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં પોતાનું કૌવત ઝળકાવતા યુવાનો વતી સ્વામીશ્રીને પુછાયું :

- બાપા ! આર્થિક, કૌટુંબિક, સામાજિક અને આધ્યાત્મિક પ્રશ્નોમાં તરત રાહત આપે એવો એક કયો વિચાર છે ?
  'આત્મવિચાર અને 'ભગવાન જે કરે તે સારું જ કરે છે' તે વિચાર.'
- સ્વામી ! કાર્યકરોમાં કાયમ ઉત્સાહ કેવી રીતે ટકી રહે ?
  'સત્પુરુષમાં આત્મબુદ્ધિ અને મહિમાના વિચારથી.'
- બાપા ! મનુષ્ય જીવન ટૂંકું છે, તો બીજાના ઉત્કર્ષ માટે પોતાનું જીવન હોમી દેવું પડે તેમાં પોતાનો વ્યક્તિગત આનંદ શો ?
  'સર્વેના આનંદમાં આપણો આનંદ.'

જીવન ભલે ટૂંકું રહ્યું, પણ જીવનભાવના ટૂંકી ન હોવી જોઈએ – આ સ્વામીશ્રીનો સિદ્ધાંત.

તેથી જ આજે આશીર્વાદમાં હરામવૃત્તિ પર કુઠારાઘાત કરતાં તેઓએ કહ્યું :

'આજે કેટલાંક રાજ્યોમાં સરકાર લૉટરી કાઢે અને એ જ પૈસા વાપરે એ દુઃખની વાત છે. લૉટરી હોવી જ ના જોઈએ. જુગારીવૃત્તિનો અર્થ નહીં. લૉટરી કાઢે એ જે-તે રાજ્યનું કમભાગ્ય છે. ખોટી રીતના પૈસા ખોટી રીતે જ વપરાશે. સૌને વિનંતી કે આ બધું મૂકશો તો જ દેશ આગળ આવશે.

આજે મત્સ્ય-ઉદ્યોગ ચાલે છે તથા કતલખાનાંના પૈસા આવે છે, તેમાં હિંસા થાય છે. માટે એ પૈસા સરકાર વાપરે એટલે એની અને પ્રજાની બુદ્ધિ એવી જ થાય. એટલે વિનંતી છે કે ધર્મમાં રહીને મહેનત કરવી.'

... તો કાલે સભામાં જ નહીં આવું

તા. ૨૧/૧૦ની સવારે પ્રાતઃપૂજામાં બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ કીર્તન લલકારી રહેલા શોભિત ભગતના કંઠે એક કડી ગવાઈ કે *'કોઈ અલબેલી*

મારા હરિના મુખમાં, બીડી બનાવી આપે...'

આ પંક્તિના અનુસંધાનમાં, પૂજા બાદ અલ્પાહાર વખતે સ્વામીશ્રીએ પેલા પાર્ષદને કહ્યું : 'કીર્તનમાં ભલે 'બીડી' આવે, પણ એકલું એમ ન બોલવું. પાનબીડી બોલવું. નહીં તો લોકોને પેલી બીડી લાગે.'

આ સૂચન સાથે સ્વામીશ્રીએ 'પાનબીડી' શબ્દ જોડાવીને કડી ગવડાવી.

આમ, દરેક રીતે સંપ્રદાયની ગરિમાનું જતન કરતા તેઓના સાંનિધ્યમાં રોજેરોજ યોજાતા વિવિધ કાર્યક્રમોમાં તા. ૨૨/૧૦નો દિન સ્વામીશ્રીની પ્રતીક જન્મજયંતીરૂપે ઘોષિત થયેલો, પરંતુ પાણી પહેલાં પાળ બાંધતાં, સ્વામીશ્રીએ તા. ૨૧/૧૦ની સાંજે જ વ્યવસ્થાપક સંતો-કાર્યકરોને બોલાવી સૂચના આપી દીધી કે 'ઉત્સવ સાદાઈથી ઊજવજો. ખોટા ભભકા અને ખર્ચાની જરૂર નહીં. ભભકા કરશો ને આસનો શણગારશો તો કાલે સભામાં જ નહીં આવું. પ્રતીક જયંતીના પાછા ચાલ પડી જાય એનો અર્થ નહીં.'

સન્માનને શક્ય એટલાં ઠેલી રાખવાનો સ્વામીશ્રીનો ચાલ રહેતો.

તેથી જ તા. ૨૨/૧૦ના રોજ તેઓની જન્મજયંતીની ઉજવણીમાં ચોમેર સાદગીનું સૌંદર્ય પથરાઈ રહ્યું. તેની વચ્ચે નોંધનીય ઘટના બની – સ્વામીશ્રીના વરદહસ્તે નિર્માણાધીન મંદિરના પ્રથમ સ્તંભના સ્થાપનની.

આ અવસરે સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા કે 'આજે મોટું મંદિર કરવાનો આરંભ કર્યો. આ મંદિરમાં જે સેવા કરશે એને ભગવાન ધામમાં બેસાડી દેશે. જેણે શિખરની સેવા કરી છે એનું શિખર ભગવાન ચઢાવશે. મશીનરીથી ઊતરેલા થાંભલા જોયા. આ કાર્ય પહેલ-વહેલું રાજકોટથી થાય છે. જેણે-જેણે આ કાર્ય કર્યું છે એને ધન્યવાદ છે.'

રાજકોટવાસીઓ પર આ પ્રસન્નતા વરસાવી સ્વામીશ્રી તા. ૨૩/૧૦ની સાંજે ગોંડલ જવા નીકળ્યા.

નમ્રતાનો નરવો નમૂનો

જ્યારે સ્વામીશ્રી રાજકોટથી ગોંડલ ભણી ગતિ કરી રહેલા ત્યારે સંધ્યા ઢળી ચૂકેલી. આ સમયે દૂર આકાશમાં રખડતાં રૂની પૂણી જેવાં સફેદ વાદળોના ઢગમાં વીજળી ચમકારા વેરવા લાગી. તે તરફ આશ્ચર્યના ભાવ સાથે થોડી વાર જોઈ રહ્યા બાદ પત્રવાંચન શરૂ કરતાં, સ્વામીશ્રીએ ગાડીની બત્તી પેટાવી, પણ તરત જ ગાડીચાલક શ્રી નરેન્દ્રસિંહને પૂછ્યું : 'તમને આ

લાઈટ નડતી તો નથી ને ?'

'ના, બાપા !'

આ ઉત્તર દ્વારા ચાલકની સાનુકૂળતા સુનિશ્ચિત થતાં સ્વામીશ્રીએ આરંભેલું પત્રવાંચન ગોંડલ આવતાં સુધી અવિરામ ચાલ્યું.

અત્રે દર્શન બાદ તેઓ સભામાં આશીર્વાદ વરસાવવા લાગ્યા કે 'અહીં દેરીમાં સાક્ષાત્ ગુણાતીતાનંદ સ્વામી બિરાજમાન છે. મહારાજ પણ બિરાજ્યા છે. શાસ્ત્રીજી મહારાજે અહીં મંદિર કર્યું ને જોગીબાપા એના મહંત...'

આ જ વખતે શ્રોતાવર્ગમાં બેઠેલા એક હરિભક્ત બોલ્યા: 'શાસ્ત્રીજી મહારાજે આપને દીક્ષા પણ અહીં જ આપી હતી.'

'એ બધું તો ઠીક છે. એ તો બધી ઉપરની વાત છે. મૂળ જે છે એ વસ્તુની વાત કરો.' સ્વામીશ્રીએ કહ્યું.

પોતાના જીવનપ્રસંગોમાં તો વ્યક્તિ એટલી ઊંડી ઊતરી જાય કે તેમાંથી તે જીવનભર બહાર ન નીકળી શકે; પરંતુ સ્વામીશ્રીને મન એ ઉપર ઉપરની વાત હતી. પોતાની તવારીખોને તેઓ કદી મહત્ત્વ ન આપતા. આ પણ તેઓની નમ્રતાનો નરવો નમૂનો !

આવા નમ્ર નેતાની નિશ્રામાં તા. ૨૪/૧૦ના રોજ ગુરુકુળનો રજત-જયંતી સમારોહ દબદબાપૂર્વક ઊજવાયો. તેને અનુસરતાં, તા. ૩૦/૧૦ના રોજ ગુણાતીત જન્મોત્સવ આવી પહોંચ્યો.

પરંતુ ચાર દિવસ પૂર્વે જ અડધી રાત્રે સ્વામીશ્રીને થયેલાં ઝાડા-ઊલટી અને તેને કારણે વ્યાપેલાં તાવ-અશક્તિને કારણે આજનો સમૈયો રાત્રે બાર વાગ્યાના બદલે સાડા દસ વાગ્યે સમાપ્ત થઈ જાય તેવું આયોજન સંતોએ ગોઠવેલું. અલબત્ત, તેને તાબે ન થતાં સ્વામીશ્રીએ કહેલું: 'તમે બધા સમૈયાને નથી સમજતા ? યોગીબાપા તો રાત્રે બાર વગાડતા. આપણે એટલું ન કરીએ તો સાડા અગિયાર તો વાગવા જ જોઈએ. આ ભક્તિ છે. એમાં કાપ મૂકીએ તો આપણે કપાઈ જઈએ. સમૈયાના દા'ડે મોડું કહેવાય જ નહીં. એમાં દયા ખાવી જ નહીં.'

આ ઉમંગ સાથે સ્વામીશ્રીએ શરદ પૂનમના સમૈયામાં રાત્રે પોણા બાર વગાડ્યા. ત્યારબાદ ઉતારે પધારી ચોકમાં બિરાજેલા તેઓને અહીં દૂધ-પૌંઆની વાટકી અપાઈ, પરંતુ તેમાંથી બે ચમચી જેટલું અંગીકાર કરી તેઓએ બાકીનો પ્રસાદ સામે બેઠેલા શ્રીહરિદાસ સ્વામીને આપી દેતાં કો'ક બોલ્યું:

'આપ જોગીબાપા જેવું જ હેત કરો છો.'

'એવું આપણને આવડે નહીં. એમના જેવું થાય નહીં. એમની અલૌકિક દૃષ્ટિ !'

સ્વામીશ્રીની આ ગુરુભક્તિને વધાવતાં, સમયદેવતાએ ઘડિયાળમાં બાર ટકોરા વગાડ્યા.

ગંગા ગુણી નિર્ગુણીને નહીં ગણે

તા. ૩૧/૧૦ની રાત્રે વાળુથી પરવાર્યા બાદ વહેતા થયેલા મંદિરોના વહીવટ સંબંધી વિષયના પ્રવાહમાં, પોતાના અનુભવની અમૃતધારા ભેળવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'કોઠારી વગેરેએ રોજ બિલ ચેક કરી જ લેવાં. જેવો ઢાંચો પાડે એવું ચાલે. આળસ રાખે તો આળસ રહે, પણ જવાબદારી લઈને બેઠા તો એ પૂરી કરવી. વિશ્વાસ હોય છતાં ચોકસાઈ કરવી. યોગીબાપાએ લાકડાં જોખાવ્યાં કે નહીં ? એટલે ક્યારે બુદ્ધિ ભ્રષ્ટ થાય એ ખબર પડતી નથી.

અમે મકરાણા મિસ્ત્રીને લઈને જઈએ. એના ઉપર આપણને વિશ્વાસ હોય, પણ એય પેલા સાથે મળીને પોતાનું કમિશન કાઢતો હોય. ભાવમાં કસે ખરો, પણ માપમાં આઘું-પાછું કરી આપે. એવા માણસો પહેલાં તમને વિશ્વાસમાં લઈ લે ને પછી કામ કરી નાંખે.'

સ્વામીશ્રી પાસેથી મોક્ષની જેમ મૅનેજમેન્ટનું જ્ઞાન પણ સચોટ મળતું.

ગુણાતીતનો આ વારસો લઈને વિચરતા તેઓ તા. ૫/૧૧ની સાંજે ગુણાતીતની કર્મભૂમિ જૂનાગઢ જ જઈ પહોંચ્યા.

અત્રે નગરની સીમાએ તેઓનું આગમન થતાં જ મજેવડી દરવાજેથી આરંભાયેલી સ્વાગતયાત્રા મંદિરની નિકટવર્તી દોમડિયા વાડીએ ચાલતી સભામાં વિલીન થઈ રહી.

તેને અનુસરતાં સ્વામીશ્રી તા. ૬/૧૧ની સવારે એક પ્રાસાદિક મંદિરે પધાર્યા ત્યારે પૂજારીએ તેઓને જાળી ખોલી ગર્ભગૃહમાં લઈ જઈને દર્શન કરાવ્યાં. એ જ રીતે, પ્રસાદી મંડપનાં દ્વારેય ખુલ્લાં કરી દેતાં સ્વામીશ્રીએ અહીં પણ અંદર પધારીને દર્શન કર્યાં.

તે પછી આગળ વધેલા તેઓએ સાથે ચાલતા એક ભક્તને કહ્યું : 'આપણે પ્રેમજી બાપા ધામમાં ગયા તે નિમિત્તે અહીં રસોઈ આપવી છે. તો તે

નક્કી કરી આવો.'

સ્વામીશ્રીને મન મંદિરનો પ્રત્યેક સેવક સ્વજન સમો રહેતો. તેથી જૂનાગઢના આપણા મંદિરમાં વર્ષો સુધી સેવા આપનારા એક હરિભક્તની સ્મૃતિમાં તેઓ આ પુણ્યકર્મ કરવા તત્પર થયા.

પરંતુ પેલા ભક્તે મંદિરના વ્યવસ્થાપકને રસોઈ નોંધવા વાત કરી ત્યારે જવાબ મળ્યો: 'હમણાં રસોઈઓ નોંધાઈ ગઈ છે.'

આ વિગત સ્વામીશ્રીને કહેવાઈ ત્યારે તેઓ બોલ્યા: 'ગમે ત્યારે રસોઈ કરે, પણ આપણે સેવા નોંધાવી દો.'

તેઓની આ સૂચના પછીયે પેલા ભક્ત રસોઈની સેવા લખાવી ન શક્યા, કારણ કે વ્યવસ્થાપક તરફથી સંસ્થાના નામે પહોંચ આપવાની 'ના' કહેવામાં આવી.

જ્યારે સ્વામીશ્રીએ આ જાણ્યું ત્યારે તેઓએ કહ્યું: 'એમાં શું? હરિભક્તના નામની પહોંચ ફડાવવી અને રસોઈ આપી દેવી.'

આ રીતે સેવાની પહોંચ ફાટી ત્યારે તેની સાથે સ્વામીશ્રીની અજાતશત્રુતાની રસીદ પણ સૌના હાથમાં આવી ગઈ. *'ગંગા ગુણી નિર્ગુણીને નહીં ગણે, દે સર્વને નીર દયાપણે ઘણે...'* તે આનું જ નામ ને!

લાગે છે સહુને પ્યારા રે

જૂનાગઢમાં પ્રતિવર્ષ કાર્તિક પૂનમથી શરૂ થતી ગિરનારની લીલી પરિકમ્માનો લાભ લેવા આ સમયે ચારેક લાખ ભાવિકો ઊમટતા, પરંતુ જંગલમાંથી પસાર થતી આ પંદર કિ.મી.ની યાત્રા દરમ્યાન વૃક્ષોનો ખોડો નીકળી જતો. આ બાબતે સૌમાં જાગૃતિ લાવવા રાજ્યના માહિતી ખાતા અને એક પર્યાવરણ રક્ષક સંગઠને સ્વામીશ્રીના નિવેદનનું ફિલ્માંકન કરવા વિચારેલું.

સ્વામીશ્રીની પવિત્ર પ્રતિભાનાં કામણ સમાજમાં એવાં પ્રસરેલાં કે સરકારી-બિનસરકારી સંસ્થાઓ પોતાનાં કાર્યોની સફળતા માટે તેઓનાં શબ્દ અને સાંનિધ્યને ઝંખતી. કોમી દાવાનળ ભડકી ઊઠવાની શક્યતા ધરાવતા રથયાત્રા કે મહોરમ જેવા ઉત્સવો વખતે પ્રજા શાંતિ જાળવે તેવી સ્વામીશ્રીની અપીલ સનદી અને સુરક્ષા અધિકારીઓ બહાર પડાવતા, તો ગણેશ ઉત્સવ જેવા પ્રસંગોએ આયોજકો સ્વામીશ્રીને વિનંતી કરતા કે 'આપ પોલીસ વડાઓને

કહેજો કે આ દિવસો દરમ્યાન દારૂબંધીનો જાપ્તો કડક રાખે.' વૃક્ષારોપણ માટે સૌને સતર્ક કરવા વનીકરણ વિભાગના કાર્યવાહકો સ્વામીશ્રીનું નિવેદન લેવા દોડી આવતા, તો રેલ-ભૂકંપ જેવી આપત્તિમાં મંત્રી-મહાનુભાવો સ્વામીશ્રીના મુખેથી સેવાની ટહેલ નંખાવતા.

N.C.C. હોય કે N.S.S. – બંનેના તાલીમાર્થીઓને માથે શિક્ષકો સ્વામીશ્રીનો હાથ મુકાવતા. કેદખાનું હોય કે કારખાનું – બંને ઠેકાણે સ્વામીશ્રીને પધરાવવામાં આવતા. સૌને હૈયે વિશ્વાસ કે 'સ્વામીશ્રીના આદેશને સૌ શિરે ચડાવશે.' તેથી જ ગૌરક્ષાથી લઈને નર્મદાનિધિમાં રોકાણના મુદ્દા-મુસદ્દા માટે, સાક્ષરતાથી માંડીને પોલિયો નાબૂદી જેવાં સરકારી અભિયાનોમાં પ્રાણ ફૂંકવા અંગે સ્વામીશ્રીનાં નિવેદનો પ્રકાશિત કરવામાં આવતાં. આ ક્રમમાં આજે વૃક્ષોની જાળવણી અંગે સ્વામીશ્રીનું પ્રવચન મુદ્રિત કરવામાં આવ્યું.

... તો સત્સંગ કરવાનો અર્થ શું ?

તા. ૮/૧૧ની સવારે જૂનાગઢના મંદિરનો પાટોત્સવ ઊજવી આજની સાંજે વંથળીને લાભ આપનારા સ્વામીશ્રી તા. ૯/૧૧ની સાંજે જેતપુર થઈને ગોંડલ આવી પહોંચ્યા.

અહીં તેઓની પધરામણી સાથે જ દીપોત્સવી પર્વનો માહોલ બરાબર છવાઈ ગયો. દિવસભર મંદિર પરિસર ભક્તો-ભાવિકોથી છલકાતું રહેતું, કથા-કીર્તનથી ગુંજતું રહેતું અને રાત્રે રોશનીથી ઝગમગતું રહેતું.

તેની વચ્ચે તા. ૧૦/૧૧ની રાત્રે અંતર અજવાળે એવી એક શીખ આપતાં સ્વામીશ્રીએ બે અગ્રણી કાર્યકર્તાઓને કહ્યું :

'જે કાર્યકર થયા છે એને તો પહેલો ઈગો(અહંકાર) મૂકવાનો છે. તું-તા કરીએ એનો અર્થ નહીં. કોઈને કામ કરવાની ઇચ્છા હોય તો આપણે ખસી જવું કે 'લે, તું કર.' પણ પ્રસંગ પડ્યે જ્ઞાન કામ આવતું નથી. સત્સંગ કરીને અહં મુકાતો ન હોય તો સત્સંગ કરવાનો અર્થ શું ? આમ જ્ઞાની હોય પણ પાછા મૂકવા તૈયાર ન થાય. દુનિયામાં ગમે ત્યાં ફરો, ડખો મોટાનો જ હોય છે. નાના તો કામ કરે જ છે. યોગીબાપા દરેકને આગળ કરતા, એવું થવું જોઈએ.'

કાર્યકર-લક્ષી આટલું દિશાદર્શન કરી આરામ માટે ઊભા થયેલા સ્વામીશ્રી શયનકક્ષના બારણા આગળ પહોંચ્યા ત્યાં જ સાથે ફરતા યુવકોને

જોઈ અટક્યા. અહીં તેઓએ આજની એકાદશી નિમિત્તે પૂછપરછ કરી તો કેટલાક પ્રવાહી પીનારા નીકળ્યા. શરીર સશક્ત હોવા છતાં કેવળ મનને વશ થઈ આ યુવાનોએ નિર્જળ ઉપવાસ ન કર્યો તે બાબત સ્વામીશ્રીને કઠી. તેથી તેઓ પાણીમાં બેસી ગયેલા એ યુવકોને કહેવા લાગ્યા :

'આટલો વખત ભેગા રહીને શું સમજ્યા? સાથે ફરીને કથા-વાર્તા, ભક્તિ-સેવાનું અંગ શીખી લેવું. સમાગમ જીવમાં થવો જોઈએ, બાકી ભેગા ફરો એનો કોઈ અર્થ નહીં. ગમે ત્યાં જાવ પણ નિયમ-ધર્મ, કથા-સેવામાં પાકું જ રહેવું જોઈએ. બાકી મંદિરમાં ગૌશાળા પણ છે. એનેય (પશુનેય) લાડવા મળે છે. એનાથી અર્થ ન સરે. ઘર મૂકીને અહીં શું કરવા આવ્યા? આદર્શ બનો.'

ઊભાં-ઊભાં સ્વામીશ્રીએ વહાવેલા આ બળભર્યા શબ્દોએ પેલા યુવાનોને સચેત કરી દીધા. તેથી આજની એકાદશી અધિક અજવાળી રહી.

ગુરુઓની મહત્તા વધે એમ કરવું

તા. ૧૧/૧૧ના રોજ આવેલા બદલપુરના સત્સંગ મંડળે સ્વામીશ્રી સમક્ષ વિનંતી કરી કે 'બાપા! ગામના મંદિરમાં આપની આરસની મૂર્તિ પધરાવવી છે.'

પરંતુ આ ઉમળકાને ખાળતાં સ્વામીશ્રી બોલ્યા: 'આપણે જે પ્રણાલી છે એવું જ રાખવું. બીજો વિચાર ના કરવો.'

'આપ રાજી થાવ ને સંમતિ આપો.'

'અમે કહીએ એમ થાય એટલે રાજી જ છીએ. ત્યાં શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ પધરાવો ને! ખરું તો એ જ છે. અમે તો મફતના છીએ.'

'અમારા ઉપર આપ રાજી છો?'

'અમે રાજી થઈને જ 'ના' પાડીએ છીએ.'

'અમારી ભાવના છે તો આપને (મૂર્તિરૂપે) બેસાડવા દો.'

'હું જ્યારે આવું ત્યારે જ્યાં બેસાડો ત્યાં બેસીશ. હવે ટાઈમ નથી, માટે ઊઠો.' આમ કહેતાં સ્વામીશ્રીએ પોતાની મૂર્તિ પધરાવવા બાબતે દાદ જ ન દીધી.

આ જ રીતે તા. ૧૩/૧૧ના રોજ આવેલા રાજકોટના આગેવાન હરિભક્તોએ તો પોતાના આંગણે નિર્માણ પામી રહેલા મંદિરમાં સ્વામીશ્રીની સોનાની મૂર્તિ પધરાવવાનો પ્રસ્તાવ મૂક્યો. તે પર પણ રોક લગાવતાં

સ્વામીશ્રીએ કહ્યું: 'આપણે આવો ને આવો ભાવ રહે, સમજણ અત્યારે છે એવી રહે, એ સોનાથીયે અધિક છે. આપણા ગુરુઓની મહત્તા વધે એમ કરવું.'

'શાસ્ત્રીજી મહારાજ રાજી થાય એ માટે જ કરીએ છીએ આ.'

'હું કહું એમ કરો એમાં એ રાજી જ છે. ચાલો, ઊઠો લ્યો. દિવાળીના દિવસે તમને આ નજીકથી લાભ મળ્યો એ સોનાથીયે અધિક છે.' આમ કહી સ્વામીશ્રીએ વાતને સમેટી લીધી.

ખરેખર, તેઓની ભક્તિ અને નમ્રતા કદી કોઈ કોટમાં કેદ થાય એમ નહોતાં.

આવા ભક્તિનમ્ર સ્વામીશ્રી આજની સાંજે ચોપડા પૂજનનો વિધિ કરી રાત્રે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે પ્રસંગોપાત્ત નીકળેલી વાતોમાં તેઓએ કહ્યું: ''હરજીવનદાસ ખરીદી માટે મને સાથે લઈ જાય. સવારે જાય તે ઠેઠ સાંજે ચાર વાગ્યે આવે. વેપારીનો પૂરો કસ કાઢે. ભેગો આપણોય નીકળે. કેટલીક વાર વેપારીની સાથે એની રીતેય બોલે. હું કહું, 'આ બધી માથાકૂટ શું ? મૂકો ને લપ.' પણ કહે, 'આવું તો કરવું જ પડે.' એવા હુંશિયાર.''

સ્વામીશ્રીની આ સોનલ સ્મૃતિ અંકે કરી સાંપ્રત સંવત સરી ગઈ.

અક્ષરધામના ભુવનમાં છીએ

તા. ૧૪/૧૧ના રોજ ગોંડલમાં વિક્રમ સંવત ૨૦૫૦નો મંગલ પ્રારંભ કરતાં, સ્વામીશ્રીએ સૌ પર અમૃતધારા વરસાવી કે 'આજે નવા વર્ષનો આરંભ થયો. આપણે એક મહારાજનો આશરો દૃઢ રાખવો. સાક્ષાત્ ભગવાનના ધારક સંત મળ્યા છે, માટે ભાગ્ય સમજીને સુખિયા થવું.'

નૂતન વર્ષે ભાગ્યનું આ ભાથું બંધાવી તા. ૧૭/૧૧ની સાંજે ગોંડલથી વિદાય થયેલા સ્વામીશ્રી આટકોટ થઈને રોહીશાળા પધાર્યા.

અહીં તા. ૧૮/૧૧, લાભપાંચમના દિવસે તેઓના વરદહસ્તે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા. તેની સાથે સ્વામીશ્રીએ જ્ઞાનયજ્ઞ પ્રાથમિક કન્યા વિદ્યાલયનાં દ્વાર પણ ખોલ્યાં.

આમ, મંદિર તથા વિદ્યામંદિરની પ્રવૃત્તિને ઉત્તેજન આપી ઉત્સવ-સભામાં બિરાજેલા તેઓએ ગામવાસીઓને આશીર્વાદ આપ્યા કે 'અહીંનો સત્સંગ જૂનો. હું અહીં જ્યારથી આવ્યો ત્યારથી અહીંના હરિભક્તોની નિષ્ઠા અને સત્સંગ દૃઢ જોયાં છે. એમને જોઈને આનંદ થાય છે.'

આ રીતે સૌની ભક્તિને બિરદાવતાં આગળ વધેલા સ્વામીશ્રી આજની સાંજે ચકમપરમાં મંદિરનું ખાતમુહૂર્ત કરી બરવાળા અને ગાંધીનગર થઈને તા. ૧૯/૧૧ની રાત્રે અમદાવાદ આવી પહોંચ્યા.

અહીં અક્ષરપીઠના જે નૂતન ભવનમાં તેઓનો નિવાસ રખાયેલો તેના નિર્માણમાં પુરુષોત્તમચરણદાસ(પી.સી.) સ્વામીનો દાખડો સવિશેષ હોવાથી તા. ૨૧/૧૧ની રાત્રે સ્વામીશ્રીને એક સંતે પૂછ્યું: 'બાપા! આ પી.સી. ભુવનમાં કેમ છે?'

'અમે એમાં છીએ જ નહીં.'

'તો શેમાં છો?'

'અક્ષરધામના ભુવનમાં છીએ. જ્યાં જાવ ત્યાં અક્ષરધામ જ દેખાય તો ક્યાંય વાંધો આવે નહીં. રસ્તામાં, ઝાડ નીચે, બધે ફાવે.' સ્વામીશ્રી બોલ્યા.

આવી અલમસ્ત અને અલૌકિક સ્થિતિમાં અખંડ વર્તતા તેઓનાં કરકમળો દ્વારા તા. ૨૩/૧૧ની સવારે કડીના સંસ્કારધામમાં બિરાજનારી મૂર્તિઓનું પૂજન થયું.

તેને અનુસરતાં આવેલી તા. ૨૫/૧૧ની સવારે અમદાવાદના મંદિરની સંકુલ-વિકાસ યોજનાનું ખાતમુહૂર્ત યોજાયું. તેના પ્રથમ ચરણરૂપે સ્વામીશ્રી જ્યારે સવા સાત વાગ્યે મંદિરમાં દર્શને પધાર્યા ત્યારે અહીં મહંત સ્વામી તથા ઈશ્વરચરણદાસ સ્વામી અનુક્રમે કળશ અને પાંચ ઈષ્ટિકાઓ સાથે આવી પહોંચ્યા. આ સામગ્રીનું મધ્યખંડના સિંહાસનની સોપાન પંક્તિ પર વિધિવત્ પૂજન કર્યા બાદ સ્વામીશ્રીએ શ્રી પરમાનંદ શાસ્ત્રીને કહ્યું: 'આ ઈંટો લઈ જઈને આઠ વાગ્યા પહેલાં એનું સ્થાપન કરી દો અને પછી જે રીતે વિધિ થતી હોય એ ચાલુ કરજો.'

આ સૂચન અનુસાર હાલ જ્યાં મંદિરનો સભામંડપ છે ત્યાં ગાળવામાં આવેલા ચૌદ ફૂટ ઊંડા ગર્તમાં વિધિ શરૂ થયો. તેમાં નિયત સમયે સામેલ થયેલા સ્વામીશ્રીએ ઉપર રહ્યા થકા જ પંચામૃત તથા પૂજાદ્રવ્યો પધરાવી વિધિને સંપૂર્ણ કર્યો.

ત્યારબાદ દસેક હજાર હરિભક્તો પર આશીર્વર્ષા વરસાવી ઉતારે જવા નીકળેલા તેઓએ નિખિલેશદાસ સ્વામીને કહ્યું: 'આ કમ્પાઉન્ડમાં હજીયે જેઓ ઘર ખાલી નથી કરતા એ ખ્રિસ્તી, મુસલમાન વગેરે બધાને આજે અહીં જ જમાડજો. બૈરાંઓ ન આવે તો રસોઈ ઘેર પહોંચાડજો.'

આજે થયેલા સંકુલના ખાતવિધિમાં પૂજાદ્રવ્યોની સાથે સ્વામીશ્રીની આ ઉદારતા પણ ધરબાઈ. અક્ષરધામના ભુવનમાં નિવસતા તેઓને મન કોણ અનુકૂળ અને કોણ પ્રતિકૂળ? કોણ પોતાનું અને કોણ પરાયું?

અક્ષરધામ બન્યું ભારતનું ગૌરવ

તા. ૨૬/૧૧ની સવારે સ્વામીશ્રીનાં દર્શને આવેલા પૉલેન્ડના રાજદૂત શ્રી ક્ષિસ્તોફ બૃસ્કી સરળ અને રસાળ હિંદીમાં વાર્તાલાપ કરતા હતા. તેઓ ભારતમાં જ છ વર્ષ સુધી સંસ્કૃત ભણ્યા હોવાથી વાતવાતમાં એ અભ્યાસની છાંટ પણ વર્તાતી હતી.

તેથી જ્યારે સ્વામીશ્રીએ તેઓને કહ્યું કે 'भगवान में श्रद्धा और धर्म में आस्था बढ़ने से ही जीवन में शांति आती है...' ત્યારે એ રાજદ્વારી ગીતાના સંદર્ભ સાથે બોલ્યા કે 'हम इस आदर्श को मानते हैं कि श्रेयान् स्वधर्मः.. परधर्मो भयावहः...'(પોતાનો ધર્મ શ્રેષ્ઠ, પરધર્મ ભયકારી.)

પરંતુ આ સાંભળી સ્વામીશ્રીએ જણાવ્યું: 'वहाँ धर्म का अर्थ दूसरा है। गृहस्थ, त्यागी सबके जो धर्म है, उसकी बात कही है। बाकी धर्म तो एक ही है। भगवान जुदा जुदा स्वरूप में आते हैं, लेकिन एक ही हैं। जो अपने धर्म को बराबर समझेगा वो सब धर्म को आदर करेगा। जो अपना धर्म समझता नहीं है, वो ही दूसरों से झगड़ा करता है।'

સ્વામીશ્રીએ સંભળાવેલો આ ધર્મ-મર્મ સાંભળી ખૂબ પ્રસન્ન થઈ ઊઠેલા વિદેશી એલચીએ સ્વાનુભૂતિ વ્યક્ત કરી કે 'आपने बहुत ढंग से प्रतिपादन किया। ये बात मेरे मन में गहराई से पहुँच गई है। आपके साक्षात्कार से मैं समृद्ध बनकर लौट रहा हूँ। आपके दर्शन से ही आपके महान व्यक्तित्व का अनुभव कर सकता हूँ।'

સ્વામીશ્રીના આવા મહાન વ્યક્તિત્વના ઉજાસમાં પરવાના થઈને ખેંચાઈ આવેલા અન્ય એક વિદેશી શ્રી ફ્રિચે પણ આજે સ્વામીશ્રીને જણાવ્યું કે 'હમણાં મ્યુનિક(જર્મની)માં મલ્ટિ-મીડિયા શૉની એક સ્પર્ધા હતી. તા. ૨૩ થી ૨૫ સપ્ટેમ્બર દરમ્યાન યોજાયેલી આ હરીફાઈમાં ૧૯ દેશોએ ભાગ લીધેલો. તેમાં જર્મની, ફ્રાન્સ, ઈટાલી, સ્પેન, ઈંગ્લેન્ડ અને અમેરિકામાંથી ચૂંટાયેલા ૧૧ સભ્યોની સમિતિ નિર્ણાયક તરીકે નિમાયેલી.'

સ્પર્ધા સંબંધી આટલી માહિતી આપ્યા બાદ શ્રી ફ્રિચે મહત્ત્વનો મુદ્દો

ખોલ્યો કે 'ફોરમ-દ-ટેકનિક ઑડિટોરિયમમાં ૧૦૦ કલાક સુધી ચાલેલી આ સ્પર્ધાના કાર્યક્રમો વિશાળ જનસમૂહ તેમ જ દુનિયાભરના નિષ્ણાતોએ માણ્યા. આ સ્પર્ધામાં મેં અક્ષરધામનો 'સચ્ચિદાનંદ' શૉ બતાવ્યો. તેનો ૧૫૦ ફિલ્મોમાં ત્રીજો નંબર આવ્યો. આ શૉ ચાલુ હતો તે વખતે પડદા પર આપ પ્રવેશ્યા. તે જોઈ એક જર્મન નાગરિક બોલી ઊઠ્યો: 'ઓ... પ્રમુખસ્વામી!' ત્યારે મને આશ્ચર્ય થયું.'

ભારતની શાન બની ચૂકેલા સ્વામીશ્રીના સર્જનની આ કીર્તિકથા સૌને રોમાંચિત કરી ગઈ.

દે છે દુઃખ દયા કરી

તા. ૨૭/૧૧ની સવારે અમદાવાદથી વિદાય લઈ વસો પધારેલા સ્વામીશ્રી અત્રે પાટોત્સવ ઊજવી સાંજે બોચાસણ પહોંચ્યા.

અહીં તા. ૨૯/૧૧ના રોજ કાર્તિક પૂર્ણિમાનો ઉત્સવ ઉત્સાહભેર ઊજવી તેઓ તા. ૩૦/૧૧ની સાંજે પ્રસાદ અંગીકાર કરી રહેલા ત્યારે એક સંતે કહ્યું: 'હાડેવાના દેસાઈકાકા સાવ છેલ્લી અવસ્થામાં છે. તેઓએ કહેવડાવ્યું છે કે લોકો એમ વાત કરે છે કે સત્સંગી થયો તોય આટલું દુઃખ કેમ પડે છે?'

'છેલ્લો જનમ થાય એ માટે!' સ્વામીશ્રી બોલ્યા.

આત્માના ડૉક્ટર એવા તેઓનું ગણિત *'જે દુઃખે સુખ થાય જનને, તે દે છે દુઃખ દયા કરી...'* અનુસાર ચાલતું.

તે સમજાવી, સ્વામીશ્રીએ આજે પ્રસાદ જમ્યા બાદ કોગળા કરવા માટે પાણી લીધું, પણ તેમાં મીઠાને બદલે સોડા નંખાઈ ગયેલો! તેનો પ્રથમ કોગળે જ ખ્યાલ આવી જતાં તેઓએ થૂંકી નાંખ્યું; પાણીની સાથે દુઃખ પણ!! તેથી જ તો તેઓ આવી ગરબડ બાદ સેવકને કોઈ જ ટકોર કર્યા વિના પોતાની પ્રવૃત્તિમાં પરોવાઈ ગયા.

આ ઉદારતા સાથે વર્તતા સ્વામીશ્રી તા. ૨/૧૨ની સાંજે બોચાસણથી વિદાય લઈ મહેળાવ તથા પીપળાતાને પાવન કરતાં નડિયાદ પહોંચ્યા.

દૃષ્ટિવાન અને શક્તિવાન

નડિયાદના મંદિર-સંકુલમાં નિર્માણ પામેલા નૂતન સભાગૃહ, સંત-

નિવાસ, વહીવટી કાર્યાલય વગેરેનાં ઉદ્‌ઘાટન તા. ૩/૧૨ની સવારે થવાનાં હતાં. તે નિમિત્તે આયોજિત કાર્યક્રમની રૂપરેખા આપવા આવેલા કાર્યકરોએ નિર્માણકાર્ય દરમ્યાન આસપાસ વસતા કેટલાક રહીશો તરફથી ઊભા થયેલા ઉપદ્રવની વાત પણ કરી, પરંતુ તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'કાલે ઉદ્‌ઘાટન પ્રસંગે બધાને જમવાનું આમંત્રણ આપ્યું છે તો એ લોકો(વિરોધ કરનારાઓ)ને આપ્યું છે કે નહીં? કાલે સંતો જાતે જઈને આમંત્રણ આપી આવજો. કાલે પાછું જોવું. તેઓ ન આવે તો ટિફિન ઘેર મોકલી દેવું.'

સ્વામીશ્રીની આવી ક્ષમાભાવનાના પાયા પર ઊભી થયેલી નવી ઈમારતોનો ઉદ્‌ઘાટન સમારંભ, તા. ૩/૧૨ના રોજ ધામધૂમથી સંપન્ન થયો.

આ પ્રસંગે યોજાયેલી સભામાં ઉપસ્થિત રહેલા ડી.ડી.આઈ.ટી. કૉલેજના આચાર્ય શ્રી હર્ષદભાઈ દેસાઈએ જણાવ્યું કે 'આ વિશ્વમાં બે પ્રકારના માણસો છે. કેટલાક અંધ અને કેટલાક પંગુ. કેટલાક પાસે શક્તિ છે પણ દૃષ્ટિ નથી. કેટલાક પાસે દૃષ્ટિ છે પણ શક્તિ નથી. આ બેય જેની પાસે છે એવા પ્રમુખસ્વામી વિરલ વ્યક્તિ છે.'

આ અવસરે એક મંત્રીએ પણ વક્તવ્યમાં કહ્યું: 'હું માનું છું કે રાજકારણ ધર્મના આધાર ઉપર ચાલવું જોઈએ, ધર્મ રાજકારણના આધારે નહીં. આપણો પ્રાચીન ઈતિહાસ આ વાત કરે છે.'

પ્રધાનના આ વિચારને વિશિષ્ટ રીતે અનુમોદન આપતાં સ્વામીશ્રી આશીર્વાદમાં બોલ્યા: 'હમણાં મંત્રીએ જે વાત કરી એ ખરી છે. એ વસ્તુ તેઓ કરે ત્યારે સાચું.'

સ્પષ્ટ વક્તા સ્વામીશ્રીને કેવળ વાતોથી રીઝવી શકાય એમ નહોતું.

તેથી જ તા. ૪/૧૨ના રોજ પ્રૉસ્ટેટનું ઑપરેશન કરાવ્યા બાદ હૉસ્પિટલેથી સીધા જ સ્વામીશ્રીના આશીર્વાદ મેળવવા દોડી આવેલા એક મંત્રીએ જ્યારે મળતાંવેંત કહ્યું: 'સ્વામી! મને આપના પર ખૂબ જ પ્રેમ છે.'

ત્યારે સ્વામીશ્રી બાજુમાં ઊભેલા એક સંતને ઈશારા દ્વારા પૂછી રહેલા કે 'એમનું દારૂ પીવાનું હજી ચાલુ છે?'

પેલા સંતે મંત્રીને જ આ બાબતે પૂછ્યું, ત્યારે તેઓએ કહ્યું: 'હવે નથી પીતો.'

આ સાંભળી સ્વામીશ્રી વિશેષ રાજી થયા.

શુદ્ધ વર્તન જ તેઓની પ્રસન્નતા રળી આપવામાં કારગત નીવડતું.

બ્રહ્મવિદ્યાની આવશ્યકતા

આ અરસામાં સ્વામીશ્રીનો લાભ લેવા આવેલા લંડનવાસી એક મહિલાને શ્વાસની તકલીફ ઊપડતાં સંબંધીઓએ તેઓને સારવાર માટે મુંબઈ લઈ જવા વિચાર કરેલો. તેઓએ આ બાબત સ્વામીશ્રીને જણાવતાં સ્વામીશ્રીએ સંમતિ તો આપી, પણ એ માંદગીગ્રસ્ત મહિલા માટે સુવિધાયે ઊભી કરાવી આપતાં તેઓએ સ્થાનિક સંતોને કહ્યું: 'અત્યારે મુંબઈની ટ્રેનની ટિકિટ મળે એની વ્યવસ્થા આ લોકોને કરાવી આપો. જો વડોદરાથી મળે એમ હોય તો અહીંથી ત્યાં ગાડી મોકલો.'

સ્વામીશ્રીની આ સંભાળે પેલાં મહિલાને ગદ્ગદ કરી મૂક્યાં. વાદળ દૂર રહીને પણ એવું વરસે છે કે આપણને પલાળી દે. સ્વામીશ્રીની રીત પણ એવી જ !

તેથી ભીંજાયેલા અવકાશી સંસ્થા ઈસરોના એક ઈજનેર તા. ૪/૧૨ની સાંજે સ્વામીશ્રી પાસે આવ્યા ત્યારે તેઓએ વાતચીતમાં પૂછ્યું: 'સ્વામીજી ! ઈસરોમાં મારે ઘણી મોટી જવાબદારી છે, તેથી મને મૂંઝવણ રહે છે. આપને ૨૮ વર્ષની નાની ઉંમરે શાસ્ત્રીજી મહારાજે સંસ્થાનું સુકાન સોંપ્યું ત્યારે કેવો અનુભવ થયેલો ?'

"ગુરુની દૃષ્ટિ હતી ને એમણે જ સિલેક્ટ (પસંદ) કરેલા. આપણી તો કંઈ શક્તિ નહોતી, પણ એમણે કહેલું કે 'મહારાજને સંભારીને કામ કરજે.' કરનાર બધું એ જ છે. એ કરે છે." સ્વામીશ્રીએ જણાવ્યું.

આ ભાવથી અહોરાત્ર સેવામય રહેતા તેઓએ સાયંસભામાં અમૃતધારા વહાવી કે –

'આજે આપણે બંગલા-મોટર બધું જ હોવા છતાં જીવન હલબલી જાય છે. એ ન થાય એના માટે બ્રહ્મવિદ્યા છે. દેશમાં કે ઘરમાં અહં-મમત્વને લીધે જ યુદ્ધ થાય છે. તે ટળે નહીં ત્યાં સુધી કદાચ બહારનો વિકાસ થશે, પણ અંદરનું દુઃખ મટશે નહીં. એ માટે બ્રહ્મવિદ્યાની જરૂર છે. કમ્પ્યૂટરમાં વાયરસ આવી જાય છે તો આખો પ્રોગ્રામ ખલાસ થઈ જાય છે; એમ જીવનમાં કુસંગ આવી ગયો તો આપણે પણ ખલાસ. આ વસ્તુ કાઢવા માટે આ બ્રહ્મવિદ્યા છે.'

બ્રહ્મવિદ્યાની આટલી બારાક્ષરી ઘૂંટાવી સ્વામીશ્રી તા. ૫/૧૨ની સવારે નડિયાદથી વિદ્યાનગર જઈ પહોંચ્યા.

અમૃતની ઓળખ

વિદ્યાનગરમાં તા. ૫/૧૨ની સાયંસભામાં યોજાયેલા પ્રશ્નોત્તરીના કાર્યક્રમમાં, સ્વામીશ્રીના પત્ર-પરિચારક ધર્મચરણદાસ સ્વામીને યુવકોએ પૂછ્યું કે 'સ્વામીશ્રી પર પત્રના ઢગલા રોજ આવતા હોય છે. તેમાં અક્ષર ગમે તેવા હોય, લાંબું લખાણ હોય, ક્યારેક શું કહે છે એય ખબર પડે એવું ન હોય, તે વખતે તમે સ્વામીશ્રીને કંટાળતા જોયા છે?'

આ પ્રશ્ન પુછાયો ત્યાં જ સભામાં બિરાજેલા સ્વામીશ્રીએ એક પરબીડિયામાંથી હમણાં જ વાંચેલો પત્ર કાઢ્યો. ફુલસ્કેપ કાગળથી બમણા કદનાં ચાર-પાંચ પાનાંનો એ મોટો પત્ર બે હાથ ઊંચા કરીને સમગ્ર સભાને બતાવતાં તેઓ બોલ્યા: 'જુઓ, આ લાંબો કાગળ. મોરડિયા! તું તો જોઈને જ સ્તબ્ધ થઈ જાય.'

તેઓની આ ચેષ્ટા જ પેલા પુછાયેલા પ્રશ્નના જવાબરૂપ બની રહી. આવા લાખો પત્રો વાંચી, ઉકેલી, તેનો પ્રત્યુત્તર પાઠવનારા સ્વામીશ્રીનાં શ્રદ્ધા અને સ્નેહ સૌને અજોડ જણાયાં.

તે દ્વારા તેઓએ સૌમાં સીંચેલી ભક્તિથી તૈયાર થયેલા વિદ્યાનગરના નૂતન સભાગૃહમાં, તા. ૭/૧૨ના રોજ સ્વામીશ્રીના વરદહસ્તે મૂર્તિપ્રતિષ્ઠા સંપન્ન થઈ. આ દિવસ વળી તારીખ અનુસાર સ્વામીશ્રીનો જન્મદિન હોવાથી સૌનો ઉત્સાહ અનેરો હતો. તેથી તેને અનુરૂપ જ વિધિ અને સભા પણ યોજાયાં. તેમાં ઉપસ્થિત મહામંડલેશ્વર શ્રી ભારતી બાપુએ જણાવ્યું કે 'કોઈને આપણા બનાવાય, પણ આપણે કોઈના થઈ જવું એ ખૂબ અઘરું કામ છે. આ ગુણ પ્રમુખસ્વામીનો છે.'

આવા ગુણિયલ સ્વામીશ્રીની પ્રેરણાથી સંસ્થાએ આજે નર્મદાનિધિમાં જંગી રકમનું રોકાણ કરી આ યોજનાને વિશેષ વેગવંતી બનાવી. સ્વામીશ્રીનું આ યોગદાન સ્વીકારતાં નર્મદા-વિકાસ મંત્રી શ્રી બાબુભાઈ પટેલે આભારની લાગણી સાથે કહ્યું: 'જે મન, કર્મ, વચને ત્રણેય લોકનું કલ્યાણ કર્યા જ કરે, બીજાનું ભલું કરવાનું જ ચિંતન કરે ને બીજાના નાના ગુણનો ખૂબ વિકાસ કરે એવા પ્રમુખસ્વામી અહીં બેઠા છે.'

આવા કંઈક અહોભાવ વચ્ચે પોતાની અમૃતધારા વહાવી સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

અત્રે આજની સાંજે પ્રસાદ ગ્રહણ કરી રહેલા તેઓ સમક્ષ ખેડા જિલ્લામાં તેઓનો અમૃત મહોત્સવ ઊજવાય તે સંબંધી રજૂઆત સંતો દ્વારા થઈ. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાનનાં ભજન, દર્શન, કથા, સેવા થાય એથી વિશેષ અમૃત બીજું કયું? એ થાય એ જ અમૃત મહોત્સવ.'

ઉત્સવ-ઉજવણી બાબતે સ્વામીશ્રીનો ઝોક ભપકા કરતાં ભક્તિ તરફ વિશેષ અનુભવાતો.

પ્રભુચરણે પ્રીત્ય જેની લાગી

તા. ૮/૧૨ના રોજ પ્રાતઃપૂજાથી પરવારી અલ્પાહાર કરવા બિરાજેલા સ્વામીશ્રીના દ્વારે મુલાકાતીઓની ભીડ ઘોડાપૂરની જેમ વધી રહેલી. છતાં ઉકાળા-પાણી બાદ સ્થાનિક પૂજારી આત્મદર્શનદાસ સ્વામી ઠાકોરજી માટે બનાવેલો તરણહોજ લઈ આવ્યા ત્યારે સ્વામીશ્રીએ પાંચેક મિનિટ સુધી ઠાકોરજીને નવડાવ્યા. હરિકૃષ્ણ મહારાજને હાથમાં લઈ પાણી નીચે તરાવ્યા, ઊંચા સ્પ્રીંગ બૉર્ડ પરથી કૂદકા મરાવ્યા અને લપસણી પરથી લપસાવ્યા પણ ખરા. છેલ્લે ફુવારા નીચે સ્નાન કરાવ્યું. ગમતી વાત મળતાં માનવી કામકાજને વીસરી જાય તેમ ઠાકોરજીને લાડ લડાવવામાં સ્વામીશ્રી મુલાકાતને પણ જાણે ભૂલી ગયા.

આ રીતે ઠાકોરજી સહિત સૌને ભક્તિભીના કરી તેઓ મુલાકાતીઓને સંતોષ આપ્યા બાદ કરમસદની 'પ્રમુખસ્વામી મૅડિકલ કૉલેજ'ના સંકુલમાં પધાર્યા. પોતાની સખાવતથી જ શરૂ થયેલી આ વિદ્યાશાખાના પરિસરમાં દાન અર્પણ કર્યા બાદ સ્વામીશ્રી આઠ વર્ષે પ્રથમ વાર પગલાં પાડી રહેલા! દાન આપીને તે વિગતને વીસરી જવાની તેઓની ખાસિયત હતી.

તેથી પ્રભાવિત થયેલા સંકુલના સંચાલકોએ સ્વામીશ્રીને ઉમંગભેર સત્કાર્યા. તેઓનું અભિવાદન સ્વીકારી સ્વામીશ્રીએ મોટરમાં બેઠાં બેઠાં જ કૉલેજ અને હૉસ્પિટલનાં મકાનો પર દૃષ્ટિ કરી. તે ક્રમમાં નવા બંધાયેલા ફિઝીયોથેરાપી વિભાગમાં પણ પધરામણી કર્યા બાદ તેઓએ વિદ્યાર્થીઓ, ડૉક્ટરો, પરિચારકો અને સૂત્રધારોની સભાને સંબોધતાં સૌને સેવાધર્મની પ્રેરક શીખ આપી.

આ જ રીતે આજની સાંજે પણ આ કૉલેજના વિદ્યાર્થી અગ્રણીઓને વિદ્યાનગરમાં પોતાના ઉતારે બોલાવી સંયમના પાઠ ભણાવતાં સ્વામીશ્રીએ

કહ્યું : 'મર્યાદા અને શિસ્ત એ બે સચવાય એવી અમારી ઇચ્છા છે, જેથી કૉલેજ અને હૉસ્પિટલ આગળ આવે. દેશની ઉન્નતિ કરવી છે એ ભાવનાથી અભ્યાસ કરવો. આખા ભારતમાં નંબર આવે એવી કૉલેજ બનાવવી. આપણે આપણી સંસ્કૃતિ નહીં સાચવીએ તો બીજા સાચવશે ?'

વડીલના વહાલથી સ્વામીશ્રીએ વિદ્યાર્થીઓને આ જે હિતોપદેશ આપ્યો તે સાંભળી છાત્રો બોલી ઊઠ્યા : "એચ. એમ. પટેલ સાહેબના ગયા પછી અમે ખૂબ ચિંતામાં હતા કે 'હવે અમારું ભાવિ શું ?' પણ આજે આપ આવ્યા પછી થયું કે 'વાંધો નહીં આવે.' આપ ખૂબ જાગ્રત છો."

સ્વામીશ્રીનું સાંનિધ્ય સૌની સઘળી ચિંતાઓ ઓગાળનારું બની રહેતું.

પંચવ્રતની મૂરતિ

તા. ૯/૧૨ના રોજ દાવોલ અને સીસવાને લાભ આપી તા. ૧૦/૧૨ની સવારે વરતાલમાં દર્શને ગયેલા સ્વામીશ્રી આ દિવસની રાત્રે જ ટ્રેન દ્વારા મુંબઈ જવા નીકળવાના હતા. આ પ્રસ્થાનની પૂર્વ ક્ષણોમાં નૈરોબીના શ્રી અરવિંદભાઈએ કહ્યું : 'બાપા ! મારે મારા ટેબલ પર કાયમ પ્રેરણા મળે એવું એક વાક્ય રાખવું છે. આપ લખી આપો.'

તેઓનો આ મનોરથ પૂરો કરતાં સ્વામીશ્રીએ લખ્યું : 'નિયમ-ધર્મમાં દૃઢતા, ભગવાન અને સંતમાં હેત, કામકાજમાં લગની રાખવી અને અક્ષરરૂપ થઈને પુરુષોત્તમ નારાયણનું ભજન કરવું.'

આ ચાર મુદ્દા દ્વારા જીવન-સાફલ્યનો સાથિયો પૂરી આપતા સ્વામીશ્રી આણંદના રેલવે સ્ટેશને આવી પહોંચ્યા.

અત્રે તેઓ પ્લૅટફૉર્મ નં. ૧ પર આવેલા લીંબડાના ઓટે ગુજરાત મેલની પ્રતીક્ષા કરતાં બિરાજ્યા ત્યારે લગભગ ત્રણસો ભક્તો વળાવવા આવ્યા હોવાથી સભા જ ભરાઈ ગઈ. તેમાં છેલ્લે એક સંતને આભાર માનવાનું મન થઈ આવતાં તેઓ બોલ્યા : 'આ પુરુષ તો પ્લેનમાં ને હેલિકોપ્ટરમાં ફરે એવા છે, પણ આપણી કૃપાએ કરીને ટ્રેનમાં જઈ રહ્યા છે...'

આ સાંભળતાં જ પોતાની સાથળ પર થપાટ મારતાં સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા. આભારવિધિ કરનારને બોલવું હતું : 'આપણા પર કૃપાએ કરીને...' તેને બદલે જીભ લપસતાં બોલાઈ ગયેલું : 'આપણી કૃપાએ કરીને...' આ ગરબડનો સ્વામીશ્રીએ જે હાસ્યસભર લટકા દ્વારા પ્રતિભાવ

આપ્યો તે સૌ માટે આ સ્ટેશનનું સંભારણું બની રહ્યું !

આણંદને આ આનંદમય સ્મૃતિ આપી ટ્રેનમાં બિરાજેલા સ્વામીશ્રીની ગાડી ઊપડતાં થોડી વારે ટિકિટ ચૅકર આવ્યા. તેઓએ કહ્યું ત્યારે સહયાત્રી સંતોને ખ્યાલ આવ્યો કે 'હરિભક્તોએ કઢાવી દીધેલી ટિકિટમાં આરક્ષણના પચાસ રૂપિયા ભરવાના ચુકાઈ ગયા છે.'

આ ચાર્જ ભરી દેવા ટિકિટ ચૅકરે જણાવ્યું પણ સ્વામીશ્રી સાથે ત્રણ સંતો સિવાય કોઈ હરિભક્ત ન હોવાથી સંતોએ કહ્યું: 'સાહેબ! અમે સ્વામિનારાયણના સાધુ હોવાથી પૈસા રાખતા નથી, પરંતુ મુંબઈ સ્ટેશને લેવા આવેલા ભક્તો પાસેથી રકમ અપાવી દઈશું.'

આ સાંભળતાં જ એ ચૅકર ચકિત થઈ ગયા. તેઓ વિચારી જ રહ્યા કે 'કરોડો રૂપિયાની સમાજસેવાઓ કરનારા સ્વામીશ્રી પાસે ૫૦ રૂપિયાની મામૂલી રકમ પણ નથી! શતાબ્દી-દ્વિશતાબ્દીના મહિનાભરના મહોત્સવો ઊજવનારા, અક્ષરધામ જેવાં સંકુલો સર્જનારા, સેંકડો મંદિરોનાં શિખર ચઢાવનારા સ્વામીશ્રી આટલા અકિંચન!!'

દોડતી ટ્રેનની ગતિએ ટિકિટ ચૅકરનું મગજ પણ આમ દોડતું રહ્યું.

સ્વામીશ્રીની આ સહજાનંદી સાધુતાનું દર્શન એક સહપ્રવાસીનેય ડોલાવી ગયું. આ મુરબ્બીએ પોતાના મિત્ર પાસેથી સ્વામીશ્રીનું નામ સાંભળેલું. 'તે જ આ છે' એ વિચારે તેઓએ આરક્ષણની રકમ ભરી દીધી. સંતોએ તેઓનું સરનામું પૂછ્યું ત્યારે 'આ સેવાનો લાભ મને લેવા દો' કહેતાં એ કપોળ સજ્જને કૃતજ્ઞતા અનુભવી.

એ મધરાતે ટ્રેન સડસડાટ દોડતી રહી, પણ સૌની ચિત્તવૃત્તિ તો નિર્લોભી સ્વામીશ્રીમાં જ સ્થિર થઈ રહી.

जैसा नाम वैसे गुण

મુંબઈ પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૧૨/૧૨ના રોજ મંદિરનો દશાબ્દી પાટોત્સવ ઊજવાયો ત્યારે સ્વયં સ્વામીશ્રીએ ગાતરિયું કોરે મૂકી, ધોતિયાના બેય છેડા બે બાજુ ભરાવી ત્રણેય ખંડના ઠાકોરજીને કેસરજળ તથા પંચામૃતથી સ્નાન કરાવ્યું. આજે વળી પાટોત્સવની સાથે સ્વામીશ્રીની પ્રતીક જયંતી અને રવિવારનો મેળ પણ મળી જવાથી મંદિર તો સવારથી જ ઊભરાઈ રહેલું. આ સૌ ભક્તોને આશીર્વર્ષાથી ભીંજવતાં સ્વામીશ્રીએ કહ્યું:

'વાયરો વળે ને વસ્તુ ખેંચાઈ જાય એમ મુંબઈના ભક્તોનો પ્રેમ અને ભાવ એવો, એટલે આવવાનું થયું. પ્રગટ વિના એમનેમ હજારો વર્ષો તપ કરીએ તોય કંઈ કામ ન થાય. પરોક્ષમાં બધા ગબડયાત્રા ને દંડવત્‌યાત્રા કરે જ છે, પણ પ્રગટના વચને કરે તો અનંત જન્મનાં કાર્ય થઈ જાય. બુદ્ધિનું અહં નડે છે એટલે એ થતું નથી. તમે બધા ગૃહસ્થ છો. હિમાલયમાં ક્યાં જશો? કલ્યાણ તો પ્રગટના વચને થાય એટલું જ છે.

અનંત જન્મનું પુણ્ય ભેગું થાય ત્યારે આ ભેટો થાય છે. જે મળ્યા એમાં હેત, આત્મબુદ્ધિ થાય, પછી એ આપણને સામેથી વળગે. આપણી ખબર એ જ રાખે. એટલે મોટાં ભાગ્ય માનીને સેવા કરવી. શંકા ના કરવી. આપણી વિધિ, ભગવાન, સંત ને બધું સાચું જ છે. ભલે ખબર ના પડે. અજ્ઞાનમાં પણ અમૃત પિવાઈ જાય તો અમર થઈ જવાય.'

આ આશીર્વાદ સાથે વિરમેલા પાટોત્સવના પગલે-પગલે આજની સાંજે માટુંગાની શિવાજી હાઈસ્કૂલમાં સ્વામીશ્રીની પ્રતીક જન્મજયંતી પણ ધામધૂમથી ઊજવાઈ. તેમાં ઉપસ્થિત દસેક હજાર ભક્તોનો ભાવ સ્વીકારી, સ્વામીશ્રી તા. ૧૩/૧૨ના રોજ પ્રેમપુરી મહારાજની મૂર્તિના અનાવરણવિધિ પ્રસંગે પ્રેમપુરી આશ્રમમાં પધાર્યા. અહીં તેઓના આગમનને આવકારતાં ટ્રસ્ટના સ્થાયી પ્રમુખ શ્રી ગણેશાનંદજીએ જણાવ્યું કે 'प्रमुखस्वामीजी ने किसी की लकीर को हाथ लगाये बिना अपनी लकीर लंबी कर दी है। इस बात का जीता-जागता उदाहरण अक्षरधाम है। प्रमुखस्वामी अन्वर्थ नाम है। सब संतों में श्रेष्ठ प्रमुखस्वामी हैं। जैसा नाम वैसे गुण।'

આપણે તો એક જ સિદ્ધાંત

મુંબઈને અનુલક્ષી સ્વામીશ્રીનાં દર્શને આવતી રહેતી નામાંકિત વ્યક્તિઓના ક્રમમાં તા. ૧૫/૧૨ની સવારે રોહિત પેપર મિલના શ્રી રોહિતભાઈ આવી પહોંચ્યા. તેઓએ મહારાષ્ટ્રમાં સંસ્થાએ કરેલા ભૂકંપ રાહતકાર્યની મુક્ત કંઠે પ્રશંસા કરી ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'આપણે તો એક જ સિદ્ધાંત – કરવું એટલું સારું કરવું.'

આ સિદ્ધાંત મુજબ કાર્યરત તેઓ તા. ૧૬/૧૨ની સાંજે મુંબઈથી કલકત્તા આવી પહોંચ્યા.

અહીંનું સાત સંતો અને ૨૫૦ બાઈ-ભાઈ સ્વયંસેવકો ધરાવતું સત્સંગ

મંડળ સ્વામીશ્રીની ૭૩મી જન્મજયંતી ઊજવવા થનગની રહેલું. તે માટે નોર્ધન પાર્કના એક ખૂણે 'સ્વામિનારાયણ નગર' ખડું થઈ ગયેલું. તેમાં કંતાન, નેતર અને કાપડનાં કૂચીકામથી રાજમહેલ-શી શોભા સજીને ઊભેલો સભામંડપ કથ્થાઈ પડતા પીળા રંગના વર્ચસ્વને કારણે સ્વર્ણિમ આભા જન્માવી રહેલો. સ્તંભે-સ્તંભે મુકાયેલા આકર્ષક પુષ્પગુચ્છોથી તે વધુ સૌંદર્યવાન બનેલો. મંડપની આ કલામયતા ઝીલતો મંચ પણ દેવ-દરબાર સમો દેદીપ્યમાન જણાતો હતો. તેના મધ્યમાં સ્વામીશ્રીનું સિંહાસન ગોઠવી આજુબાજુમાં ઊભા કરાયેલા ગવાક્ષોમાં શ્રીજીમહારાજની ઉત્સવમૂર્તિ અને અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવવામાં આવેલા.

પરંતુ તા. ૧૯/૧૨ના રોજ પ્રથમ વાર 'નગર'માં પધારેલા સ્વામીશ્રી ઉપરોક્ત શોભા જોતાં જ વ્યવસ્થાપકો પ્રત્યે વેધક વાણી વહાવવા લાગ્યા કે 'તમને લોકોને ભગવાનની મહત્તા જ નથી. આ બધા ઠઠારા શા કામના? આ ઉત્સવ કોના માટે ઊજવાય છે? મહારાજને ખૂણામાં ધકેલી દીધા? મહારાજ તો મધ્યખંડમાં જ શોભે. એમના કરતાં આપણે મોટા છીએ?' આમ કહેતાં સ્વામીશ્રીએ મંચની વ્યવસ્થાને તાબડતોબ ફેરવાવી.

તેઓની ભક્તિના પૂરમાં સઘળું વેરવિખેર નહીં, પણ વ્યવસ્થિત થઈ જતું. આવા ભક્તિભાવથી તેઓએ 'નગર'માં ઊભા થયેલા મંદિરમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓનાં પૂજન-આરતી કર્યાં.

ત્યારબાદ ૧૮૬ યજમાનો સાથે શરૂ થયેલી માંગલિક મહાપૂજાથી ત્રિદિવસીય મહોત્સવનો પ્રારંભ થયો. તેમાં સ્થાનિક ઉપરાંત દેશ-વિદેશથી ઊમટેલા આશરે ૩,૦૦૦ હરિભક્તો તથા ગુજરાતથી આવેલા ૨૦૦ સંતો-પાર્ષદોની ઉપસ્થિતિથી સભામંડપ ચિક્કાર ભરાઈ ગયો.

મહાપૂજા બાદ યોજાયેલી નગરયાત્રા દરમ્યાન પણ નોર્ધન પાર્ક, જસ્ટિસ માધવચંદ્ર માર્ગ, ચક્રબેરિયા માર્ગ, એશ્ટન માર્ગ, પદ્દુપુકુર વગેરે વિસ્તારો જનમેદનીથી ઊભરાઈ રહ્યા. આજની સાંજે યોજાયેલી કીર્તન આરાધનામાં તો ૪,૦૦૦ની ક્ષમતાવાળો સભાગૃહ સાંકડો સાબિત થઈ પડતાં મંડપની બહાર પણ સેંકડોની ઠઠ જામી રહી.

૭૩મો જન્મજયંતી મહોત્સવ

કલકત્તાના આંગણે સરકી રહેલા સ્વામીશ્રીના જન્મોત્સવ પર્વમાં

આમ આદમીઓની સાથે શ્રી સ્વરાજ પોલ, શ્રી એસ. કે. ખૈતાન, શ્રી ગોરધનદાસ જયરામ વગેરે ખ્યાતનામ ઉદ્યોગપતિઓ પણ લહાવો લૂંટવા આવતા રહ્યા.

મહાનુભાવોની આ આવન-જાવન વચ્ચે જ ઊગેલા તા. ૨૧/૧૨ના દિવસે સ્વામીશ્રીનો ૭૩મો જન્મદિન હોવાથી 'નગર'નો સભામંડપ સવારે સાડા ચાર વાગ્યાથી ભરાવા માંડ્યો. પ્રાતઃપૂજા માટે સ્વામીશ્રી પધાર્યા ત્યારે તો તસુભાર જગ્યા ખાલી ન બચી.

આ હકડેઠઠ ભક્તમેદનીના જયઘોષ સાથે આરંભાયેલી સ્વામીશ્રીની પ્રાતઃપૂજાની સમાંતર જ ગુરુપૂજનનો કાર્યક્રમ શરૂ થયો. તે વખતે સ્વામીશ્રીએ પોતાના પર ઝગી રહેલા ચોવીસ બલ્બવાળા ઝુમ્મરના દીવડા બુઝાવવા આદેશ આપ્યો, પરંતુ તેમ કરતાં સામે બેઠેલી સાતેક હજારની જનમેદનીને સ્વામીશ્રીનાં દર્શનમાં ઝાંખપ આવે તેમ હતું. આ કારણ યોગેશ ભગતે સ્વામીશ્રીને જણાવ્યું ત્યારે તેઓ બોલ્યા: 'એ બધાને મારાં દર્શન થાય કે ન થાય, પણ મને ઠાકોરજીનાં દર્શન થવાં જોઈએ ને ?!'

ઝળહળતા ઝુમ્મરમાંથી છૂટતા પ્રકાશના શેરડા પૂજાની મૂર્તિઓ પરથી પરાવર્તિત થવાને કારણે મૂર્તિનાં દર્શનમાં અવરોધ થતો હતો. તેથી સ્વામીશ્રી બત્તીઓ બુઝાવવાનો આગ્રહ સેવી રહ્યા.

તેઓને જન્મદિવસે રસ હતો – ભગવાનનાં દર્શન કરવામાં, નહીં કે સન્માનો ઝીલવામાં.

આવા ભગવન્મય ગુરુને વધાવતાં, આજની ઉત્સવ-સભામાં હાર-તોરાનો ઢગ ખડકાઈ ગયો. સૌના આ ભક્તિભાવને ઊભા થઈને સ્વીકારનારા સ્વામીશ્રીએ દરેકને પોતાની આશીર્વર્ષામાં સ્નાન કરાવ્યું. તેમાં તેઓએ અહીંના સત્સંગ મંડળની સેવાભાવનાને ખૂબ બિરદાવી. અંતે મંચની ધારે બિરાજી સ્વામીશ્રીએ એકેએકને સમીપ દર્શનનું સુખ પણ આપ્યું.

સરિખા રાંક અમીરા

જન્મજયંતીનો સમારંભ દિવ્યતા અને દબદબા સાથે પૂર્ણ થતાં 'નગર'માંથી વિદાય થયેલા સ્વામીશ્રી અમરદીપ નામની ઈમારતના બારમા માળે રહેતા શ્રી નીતિનભાઈ દાણીના ઘેર રખાયેલા ઉતારે પહોંચવા લિફ્ટમાં પ્રવેશ્યા. આ લિફ્ટનો ચાલક પરભાષી હોવા છતાં માત્ર ચાર દિવસના

સ્વામીશ્રીના સહવાસમાં તો તેને સ્વામીશ્રીનું ઘેલું લાગી ગયેલું. મહોત્સવ દરમ્યાન દેશ-પરદેશના સાધન-સંપન્ન સત્સંગીઓ અને કલકત્તાના માલેતુજાર ઉદ્યોગપતિઓનાં અભિવાદન ઝીલનારા સ્વામીશ્રીની, આ સાધારણ લિફ્ટમેન માટે આવ્યા ત્યારથી જ સંતોને સૂચના હતી કે 'આ લિફ્ટવાળાને રોજ જમાડી દેવો અગર તો પ્રસાદ આપવો.'

આ સ્નેહાળ સંભાળથી ભીંજાયેલો તે કર્મચારી, આજે તો પોતાના ત્રણ વર્ષના દીકરા રાજાને પણ લઈ આવેલો. સ્વામીશ્રી લિફ્ટમાં પધાર્યા ત્યારે એ રાજા નીચો નમીને પગે લાગ્યો. તેથી પ્રસન્ન થયેલા સ્વામીશ્રી એ શિશુનાં માથે-ગાલે હાથ ફેરવતાં બોલ્યા: 'અત્યારથી કેવો સંસ્કારી છે!'

આ આદર-પ્રેમના આદાન-પ્રદાનમાં જ બારમો માળ આવી ગયો.

અહીં એક આલિશાન ઘરમાં જવા સ્વામીશ્રી લિફ્ટમાંથી બહાર નીકળ્યા, પણ એકલા નહીં, તેઓએ પેલા બાળ 'રાજા'ને પણ સાથે લીધો. ભલે એ હોય રંકનો દીકરો, પણ સ્વામીશ્રી તો તેને રાજકુંવરની જેમ જ લાભ આપી રહેલા. તેથી એ બાળકને આપવા એક સંત મગસની લાડુડીનું બૉક્સ લઈ આવ્યા ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'આ નહીં, થાળની પ્રસાદી લાવો.'

એ પ્રસાદ આવ્યો ત્યાં સુધી તેઓ બે-ચાર મિનિટ માટે રાહ જોતાં ઊભા રહ્યા. હજી વીસેક મિનિટ પહેલાં જ જે મહાપુરુષનાં દર્શન માટે સાતેક હજારનો સમુદાય તડપતો હતો, તે અત્યારે એક બાળકનું મોં મીઠાશથી ભરવા પ્રતીક્ષા કરી રહ્યા!

વર્ષો પહેલાં બંગાળના મહાકવિ શ્રી ટાગોરની રવીન્દ્રવીણામાંથી પ્રશ્ન ફૂટેલો કે *'કોહો મોરે કાર નામ ઓમોર બીણાર છોન્દે બાજે,*
મહૈશ્વર્યો આચે નોમ્રો, મહાદૈન્યો કે હોય નિ નોતો,
કે પેયે છે સોબ ચેયે, કે દિયેચે તાહાર ઓધિક.'

અર્થાત્ 'એવા કોણ છે જેનાં ચરિત્રો અમર થઈને ગુંજી રહ્યાં છે?
એવા કોણ છે જે મહાન ઐશ્વર્યો હોવા છતાં નમ્ર રહે છે?
એવા કોણ છે જે અતિ કઠણ પરિસ્થિતિમાં અડગ ઊભા રહે છે?
એવા કોણ છે જે સંકલ્પ કરે તે બધું જ તેને મળ્યું છે?
એવા કોણ છે જેણે પોતાને મળ્યું છે તેના કરતાં પણ વધારે આપ્યું છે?'

આ સઘળા પ્રશ્નોના ઉત્તરો આજે સ્વામીશ્રીમાં મળી રહેલા સૌએ અનુભવ્યા. સૌને લાગ્યું: 'આવી વિભૂતિ માટે એક શું, કરોડ જન્મજયંતી

ઓછી પડે !'[૪૨]

મહાવીર અને બુદ્ધની કક્ષાના મહાત્મા

જન્મજયંતીના ઉત્સવથી અભિભૂત થયેલાં કંઈક સામાજિક સંગઠનો સ્વામીશ્રીને વધાવવા તલપાપડ બનેલાં. તેમાં પ્રથમ તક ઝડપી – લોહાણા સમાજે. જન્મજયંતીની સાંજે જ લક્ષ્મીનારાયણ મંદિરમાં આ સમાજના શ્રેષ્ઠીઓએ સ્વામીશ્રીને સન્માનપત્ર આપી નવાજ્યા. આ જ રીતે તા. ૨૬/૧૨ની સવારે કામાણી જૈન ભુવનમાં જૈન મહાજને લાભ લીધો.

આ પ્રસંગે જાણીતા જાદુગર શ્રી કે. લાલે કહ્યું: ''હું દુનિયામાં ફરું છું. કેટલાય સંતોને જોયા છે ને મળ્યો છું, પણ મારા જીવનમાં પ્રમુખસ્વામી જેવી વ્યક્તિ જોઈ નથી. મહાવીર અને બુદ્ધ નીકળતા ત્યારે એની પાછળ જેમ લાખો ફરતા, એમ એવો જ આત્મા આજે અહીં આવ્યો છે. સ્વર્ગ જેવું અક્ષરધામ રચ્યું, છતાં કોઈ અહં નહીં ! સો વર્ષ પછી આપણા બાળકો પૂછશે કે 'આ પ્રમુખસ્વામી અહીં પધારેલા ? શું વાત કરો છો ?''

એક જગવિખ્યાત જાદુગર પર આજે સ્વામીશ્રીનો જાદુ ચાલી ગયો.

આવાં જ કામણ એક બંગાળી બાબુ પર પણ પથરાયાં. તેથી તેઓએ અહીંના ટોલીગંજમાં બાંધેલા જલારામ મંદિરમાં તા. ૨૮/૧૨ની સવારે સ્વામીશ્રીનાં પગલાં કરાવી ધન્યતા અનુભવી.

આ અનુભૂતિ સુલભ કરવા જન્મજયંતી બાદ પ્રતિદિન વળિયા હૉલમાં થતી સ્વામીશ્રીની પ્રાતઃપૂજા અને વિદ્યામંદિરમાં યોજાતી સાયંસભામાં પણ ખાસ્સી મેદની ઊમટતી. તેઓને સુખ-સંતોષ આપતા સ્વામીશ્રીએ અહીંના સંતો-કાર્યકરોને મોટા મંદિર માટેની જમીન શોધવાના કામમાં પણ જોતરેલા. તેની સાથે મહાનગરના જે મહાનુભાવો મળવા આવે તેઓના કાને પણ સ્વામીશ્રી આ વાત નાંખતા રહેતા.

આ ક્રમમાં તા. ૨૯/૧૨ના રોજ તો તેઓ સ્વયં ત્રણેક કલાકનો સમય કાઢી કેટલીક જમીનો જોઈ આવ્યા. છતાં બાકી રહી ગયેલી બીજી કેટલીક

---

૪૨. સ્વામીશ્રીના ૭૩મા જન્મજયંતી મહોત્સવની ભવ્યતા અને દિવ્યતાને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

જગ્યાઓ માટે તેઓએ કહ્યું: 'કાલે એ પણ જોઈ લઈશું.'

તે વખતે સંતો બોલ્યા: 'સ્વામી! પહેલાં બીજા જોઈ આવે તો સારું!'

'એ જુએ ને હું જોઉં એમાં કાંઈ ફરક ખરો કે નહીં?' સ્વામીશ્રીએ જણાવ્યું. વળી, ઉમેર્યું: 'જમીન તો જાતે જુએ એમાં જ વધારે ખ્યાલ આવે.'

આ ઉત્સાહ સાથે સ્વામીશ્રીએ પૂર્વાંચલમાં શિખરબદ્ધ મંદિરના નિર્માણની પ્રક્રિયાને ઘણો વેગ આપી દીધો.

મારે પહેલેથી જ ધર્મના સંસ્કાર

તા. ૩૦/૧૨ની બપોરે સ્વામીશ્રી ભોજન લેવા બિરાજ્યા તે વખતે એક સાપ્તાહિકમાં છપાયેલો તેઓનો ઇન્ટરવ્યૂ વંચાયો, પરંતુ તેમાં પત્રકાર શ્રી મહેતા દ્વારા કો'ક કારણસર લખાઈ ગયેલી કેટલીક ભળતી માહિતી બાબતે સ્વામીશ્રી ઘણી જ નારાજગી વ્યક્ત કરતા રહ્યા.

જેમ કે, આ લેખમાં સ્વામીશ્રીના નામે એક વાક્ય એવું લખાયેલું કે 'મારે પહેલેથી જ મહાન બનવું હતું.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'મહાન બનવાની ક્યાં વાત જ છે? આપણે તો સેવકની વાત છે ને આવું ક્યાં લખ્યે રાખે છે?'

વળી, સ્વામીશ્રીના નામે એક વિધાન આવ્યું: 'મને ધર્મમાં પહેલાં બહુ રુચિ નહીં.'

આ વખતેય સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરી કે 'મારે પહેલેથી જ ધર્મના સંસ્કાર. સાધુ થવાની ઇચ્છા તો હતી જ!'

આ ઉપરાંત, લેખમાં અવારનવાર સ્વામીશ્રીના મુખે 'શાસ્ત્રીજી' શબ્દ ટાંકવામાં આવેલો. આ બાબત તો સ્વામીશ્રીને ઘણી જ વસમી લાગતાં તેઓએ કહ્યું: 'હું મારા ગુરુને 'શાસ્ત્રીજી મહારાજ' કહું. કોઈ દિવસ 'શાસ્ત્રીજી' બોલતો હોઈશ?'

આ રીતે સ્વામીશ્રી એક પછી એક જે-જે ખુલાસા આપતા ગયા તેમાંથી તેઓનો પરિચય વિશેષ પ્રકાશિત થઈ રહ્યો.

તેથી આકર્ષાયેલા ખ્યાતનામ ઉદ્યોગપતિ શ્રી સુદર્શન બિરલાએ તા. ૩૧/૧૨ની સાંજે સ્વામીશ્રીની પધરામણીથી પોતાના ભવનને પાવન કર્યું. આ પ્રસંગે યજમાને નોતરેલા કંઈક ઔદ્યોગિક માંધાતાઓ સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ પામી ધન્ય થયા. તે પછી આરંભાયેલા ભોજન વખતે

સ્વામીશ્રીએ શ્રી બિરલાને પણ પોતાની સાથે જ જમવા બેસવાનું કહ્યું ત્યારે તેઓ બોલ્યા: 'આપ જમી લો ત્યાં સુધી મારાથી જમાય જ નહીં. અમે બધા મહેમાનો પછી જમીશું.'

ભોજન સાથે શ્રી બિરલાનો આવો આદરભાવ સ્વીકારી સ્વામીશ્રી ઉતારે આવવા નીકળ્યા ત્યારે ગાડીચાલક તરીકે રહેલા અહીંના પ્રતિષ્ઠિત ગુણાનુરાગી શ્રી ઉત્સવભાઈ પારેખ આજના આ સમગ્ર પ્રસંગની વ્યવસ્થામાં ખડે પગે હતા. તેઓને સ્વામીશ્રીએ મુસાફરી દરમ્યાન સત્સંગની જે વાતો કરી તેથી આ મુરબ્બીનું દિલ સ્વામીશ્રી તરફ ઢળી ગયું.

તેઓએ ઉતારે પહોંચી કંઠી ધારણ કરતાં સ્વામીશ્રીને કહ્યું: 'બિરલાજીને એમ હતું કે આપના જેવા મોટા સંતની વ્યવસ્થા હું બરાબર સાચવી શકીશ કે કેમ?'

આ સાંભળી સ્વામીશ્રીએ જણાવ્યું: 'અમારે સંતોને તો 'આવું જ જોઈએ ને આના વગર નહીં ચાલે' એવું કશું નહીં. સાદું હોય તોય ચાલે ને જેવું-તેવું હોય તોય ચાલે. શેઠને ત્યાંય જઈએ ને આદિવાસીને ત્યાંય જઈએ. જ્યાં જેવી સગવડ એવું ચલાવી લઈએ તો જ કામ થાય.'

સ્વામીશ્રીની આ શૈલી આજે આથમી રહેલા ૧૯૯૩ના વર્ષને તો પહેલેથી છેલ્લે સુધી માણવા મળેલી. તેથી જ આજની રાત્રે બાર વાગ્યે વિદાય થયેલી સન ૧૯૯૩ સ્વામીશ્રીના સાંનિધ્યનું સરવૈયું માંડતાં ગાતી ગઈ:

'આવા સંત નથી જગમાંય, એનાં દરશન કહો કેમ થાય...'



સૌને રાજી કરે નિરંતર

સન ૧૯૯૪

પ્રભુના પ્રિયતમ

જેમ સૂર્ય પૂર્વ દિશામાં ઉદય પામે છે તેમ સન ૧૯૯૪ના પ્રથમ પ્રભાતે સ્વામીશ્રીરૂપી સૂર્ય પણ પૂર્વ દેશમાં ઝળહળી ઊઠ્યો. તેને પોંખવા-પૂજવા તત્પર સૌએ આજની સાંજે કલકત્તાના સુવિખ્યાત કલામંદિર ખાતે વિશિષ્ટ સભા યોજી સ્વામીશ્રીને પુષ્પાંજલિનાં અર્ઘ્યથી વધાવ્યા. ૭૩મી જન્મજયંતીના સમૈયે વિશેષ સેવા-સમર્પણ કરનારા સ્વયંસેવકોને બિરદાવવાના હેતુસર આયોજિત આ સમારોહમાં સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા કે 'યુવકોએ સારી સેવા કરી છે, તો દરેકના હૃદયમાં ભગવાનનો વાસ થશે.'

આમ, પ્રત્યેકના હૈયે ભગવાનને પધરાવવા જ વિચરતા તેઓ આ પ્રયોજન સિદ્ધ કરવા, તા. ૨/૧ની સવારે બડા બજારના ગીતામંદિરમાં ધર્મલાભ આપી આજની સાંજે ચેન્નાઈ જવા તૈયાર થયા. પરંતુ તેઓની આ વિદાય કલકત્તાવાસીઓ માટે વસમી થઈ પડી. લિફ્ટમાં ઉપર-નીચે લઈ જવાના નિમિત્તે દિવસમાં ફક્ત બે-ચાર મિનિટ પૂરતો જ સંપર્કમાં આવનારો બંગાળી લિફ્ટમેન પણ આ સમયે હિબકે ચડી ગયો, તો સ્વામીશ્રીના ગુણસાગરમાં ગરક હરિભક્તોની વેદનાને તો શી રીતે વર્ણવવી ?

તેથી જ સ્વામીશ્રીને વિદાય આપવા ઊમટેલા ભક્તો-ભાવિકોથી ઉતારાનો હૉલ ભરચક છતાં ગમગીન ભાસી રહેલો. આવા સમયે ઠાકોરજીનો પ્રસાદ સ્વામીશ્રીને ધરવામાં આવ્યો તે વખતે હૉલેન્ડવાસી હરિભક્ત શ્રી હન કૉપે પૂછ્યું: 'સ્વામી! આખા દિવસ દરમ્યાન આપને ગમતો હોય એવો સમય કયો?'

'ભગવાનની સેવા-પૂજા થાય, કથામાં બેસીએ એમાં બહુ આનંદ આવે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓનો આ પ્રતિભાવ *'મમ ગુન મગન ઉદારા... નારદ ઐસે સંત સદા મોહે પ્યારા...'* મુજબ સ્વામીશ્રીને પ્રભુના પ્રિયતમ પુરવાર કરી રહ્યો.

અમે તો સેવક છીએ

તા. ૨/૧ની સાંજે પોણા છ વાગ્યે સ્વામીશ્રીને લઈ ઊડેલા હવાઈયાને કલકત્તાથી ચેન્નાઈ તરફની મુસાફરી આરંભી ત્યારે વિમાનચાલકે અંગ્રેજી, હિંદી અને ગુજરાતીમાં સ્વાગતોર્મિ વહાવતાં જાહેરાત કરી કે 'આજે મારા અને ઍરલાઈન્સ અને આપના સૌનાં સદ્ભાગ્ય છે કે પ્રમુખસ્વામી મહારાજ જેવી વિભૂતિ આ પ્લેનમાં મુસાફરી કરી રહી છે! આપ સૌને તેઓના આશીર્વાદ મળે એવી આશા રાખું છું.'

આ સાંભળતાં જ એક પ્રવાસી શ્રી માઇકલ પોતાની બેઠક છોડીને સ્વામીશ્રી પાસે જઈ પહોંચ્યા. આ ઑસ્ટ્રેલિયનને તેઓના પરદેશી મિત્રે સ્વામીશ્રી સંબંધી પુસ્તિકા આપેલી. એ પુસ્તક-પરિચય આજે અનાયાસે પ્રત્યક્ષ-પરિચયમાં પરિણમતાં આ ગોરો ચહેરો રતૂમડો થઈ ગયો.

આ રીતે અનેકના મુખ પર લાલની લાલી ચડાવવા સ્વામીશ્રી ચેન્નાઈ પધાર્યા ત્યારે સ્થાનિક ભક્તોએ તેઓને ઉમળકાભેર વધાવ્યા.

ભક્તિની આ ભરતી સૌમાં કાયમ ચડતી જ રહે તે માટે સ્વામીશ્રીએ પણ અહીંના એગ્મોર વિસ્તારમાં તૈયાર થયેલા સત્સંગ ભવનમાં તા. ૩/૧ની સવારે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા.

તે દ્વારા ઉપાસનાનું ઊર્જામથક ખોલી તેઓ શ્રી અરવિંદભાઈ શેલતના ઘેર રખાયેલા ઉતારે પહોંચ્યા ત્યારે અત્રે સ્થાનિક જૈન અગ્રણી શ્રી કાંતિભાઈ કામદાર આવ્યા. શહેરના આ નામાંકિત બિલ્ડરે આવતાંવેંત સ્વામીચરણે ભાવોર્મિ વહાવી કે 'જેમ ભગવાને પંચમ કાળમાં તીર્થંકરને મોકલ્યા એમ આ

કળિકાળમાં આપને મોકલ્યા છે. અત્યારે ભારતમાં સારામાં સારું કામ કરતા હો તો આપ જ છો.'

'અમે તો સેવક છીએ. થાય એટલી સેવા કરીએ છીએ.' સ્વામીશ્રી બોલ્યા.

ખારા સમંદરને કાંઠે મમતાની મીઠી છાલક

સેવકભાવ સાથે વિચરતા સ્વામીશ્રી, તા. ૪/૧ની સવારે મહાબલિપુરમ્ પધાર્યા. પુરાતન સાત શિવાલયો, અજન્તા-ઈલોરા શૈલીનાં શિલ્પો, પાંચ પાંડવ કુટિરો વગેરેને કારણે પ્રવાસીઓને આકર્ષનારા આ સ્થળે આવવાનું કારણ હતું – મંદિરની સંભવિત જમીનનું નિરીક્ષણ. આ ભૂમિ અહીંથી પાંચેક કિ.મી.ના અંતરે હોવાથી મહાબલિપુરમ્નાં શિલ્પ-સ્થાપત્ય પર ગાડીમાં બેઠાં-બેઠાં જ દૃષ્ટિ કરી આગળ વધેલા સ્વામીશ્રીએ, મંદિરની જમીન આવી ત્યાં ગાડીને દરિયાના રેતાળ પટ પર લેવડાવી.

અત્રે કિનારાથી થોડે દૂર વસેલા સરુના ઉપવનમાં જઈ તેઓ ઊભા રહ્યા ત્યારે વાતાવરણની નીરવતાને, ઊછળતી સામુદ્રી લહેરો મધુરતાથી ભરી રહેલી. આ મંજુલ ધ્વનિને વૃક્ષોની મરમરનો સાથ સાંપડતાં કર્ણપ્રિય સંગીત નીપજી રહેલું. આવી આહ્‌લાદકતા વચ્ચે, ઝાડ પરથી ખરી-ખરીને પથારીની જેમ પથરાઈ ગયેલી સળીઓ પર ઊભાં-ઊભાં સ્વામીશ્રી, મંદિર માટેની સંભવિત જમીનનો નકશો જોવા લાગ્યા.

તે દરમ્યાન જ તેઓને ઠાકોરજીનું પ્રાસાદિક શરબત ધરવામાં આવ્યું, પરંતુ તે મોઢે માંડતાં પૂર્વે સ્વામીશ્રીએ સાથેના સંતો-ભક્તોનેય આ શરબત પિવડાવવાની આજ્ઞા કરી. તેથી પીરસનારા દરેકને પ્યાલા ભરી-ભરી આપવા લાગ્યા, પણ તેમાં થોડે દૂર ઊભેલા સ્થાનિક ગામઠી ગરીબો બાકાત રહી ગયા. આ વિગત સ્વામીશ્રીની નજરમાંથી છટકવા ન પામી. તેઓએ તરત જ તે ગરીબોનેય શરબત પાવા આદેશ આપ્યો.

ખારા સમંદરને કાંઠે ઊડેલી સ્વામીશ્રીની મમતાની આ મીઠી છાલકે પેલા ગરીબોના કોઠા ટાઢા કરી દીધા. તે જોઈ દરિયાનું દિલ વિશેષ વેગથી ઊછળી ઊઠ્યું; પરંતુ તે તરફ દૃષ્ટિ ન કરનારા વિરક્ત સ્વામીશ્રી, શુભ સંકલ્પોની પરિપૂર્તિ માટે ધૂન ગજવી પુનઃ ચેન્નાઈ આવી ગયા.

તહેવારોના તારણહાર

આ અરસામાં ગુજરાતનાં તીર્થોની યાત્રાએ નીકળેલા સિક્કિમના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી સુરેન્દ્રનાથ ભાર્ગવને રાજ્યના મુખ્ય સચિવ શ્રી વરદરાજને અક્ષરધામનાં દર્શન કરવાની ભલામણ કરેલી. પરંતુ આ ન્યાયમૂર્તિને સમયના અભાવે અક્ષરધામમાં જવાનું મુલતવી રાખવું પડેલું, પણ તે જ વખતે ટ્રેન બે-ત્રણ કલાક મોડી પડવાના સમાચાર મળતાં શ્રી ભાર્ગવ અક્ષરધામના આંગણે જઈ પહોંચ્યા.

અહીં તેઓની સ્થિતિ *'થયા ચકિત ન શક્યા બોલી, હતું પૂછવું તે ગયા ભૂલી...'*ની થઈ ગઈ ! અક્ષરધામ જોયા બાદ તેઓ માત્ર એટલું જ પૂછી શક્યા કે 'આ અક્ષરધામના સર્જક કોણ છે ?'

'પ્રમુખસ્વામી મહારાજ !'

'તેઓ અત્યારે ક્યાં છે ?'

'ચેન્નાઈ.'

કાર્યકર દ્વારા આટલું જાણતાં જ પોતાનો કાર્યક્રમ બદલી ચેન્નાઈની વાટે નીકળી પડ્યા આ વડા ન્યાયમૂર્તિ.

તેઓ જ્યારે અહીં ઊતર્યા ત્યારે સરકારી શિષ્ટાચાર મુજબ તેઓને લેવા આવેલા અધિકારીઓ આ મુખ્ય ન્યાયાધીશને અતિથિગૃહ તરફ લઈ જવા લાગ્યા. તે જોઈ શ્રી ભાર્ગવે કહ્યું : 'મારે તો પ્રમુખસ્વામી પાસે જવું છે.'

આમ કહેતાં તા. ૫/૧ની સાંજે સ્વામીશ્રી પાસે દોડી ગયેલા તેઓના મુખેથી સ્વામીશ્રીને મળતાં જ ઉદ્‌ગાર ફૂટી નીકળ્યો : 'I am so lucky.' – હું ખૂબ જ ભાગ્યશાળી છું.

આ અનુભવ સ્વામીશ્રીને મળનારા દરેકનો !

તેને સર્વજન-સુલભ કરવા વિચરતા સ્વામીશ્રી તા. ૬/૧ની સવારે પોણા અગિયાર વાગ્યે બૅંગ્લોર જવા માટે હવાઈ મથકે પધારી ગયા. પરંતુ ઉડ્ડયન દોઢ કલાક વિલંબમાં પડ્યાની ખબર મળતાં સ્વામીશ્રીએ પ્રતીક્ષાલયમાં યુવકો સાથે ગોઠડી માંડી. તેમાં તેઓએ યુવાનોને પૂછ્યું : 'નવરાત્રિમાં શું કરો છો ?'

'રાસ.'

'ડિસ્કો નહીં ને ?'

'ના.'

'તો સારું ! પણ આપણે ધ્યાન રાખવું. છોકરા-છોકરીઓનો ભેળીસાળો ન થવો જોઈએ. જુદું-જુદું રમવું. આપણે તો મર્યાદા એટલે મર્યાદા. સત્સંગી થયા એણે તો જુદું જ પાડવું. ભેગાં થવામાં શું સ્વાદ વધારે આવે છે? નવરાત્રિ તો ભગવાનને રાજી કરવાનો ઉત્સવ છે. એમાં ભગવાનનો સ્વાદ લેવાનો હોય કે બૈરાંનો ? આ તો જુદી માતાજીઓને રાજી કરવા છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓ ઉત્સવના વિરોધી નહોતા, પરંતુ ઉત્સવને ઉકરડો બનાવનારી બદીઓના વિરોધી હતા.

મુખ્યમંત્રીથી માંડી મહાત્મા મંત્રમુગ્ધ બને છે

ચેન્નાઈથી બૅંગ્લોર પધારેલા સ્વામીશ્રી અહીં બપોરે ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે સમય થયેલો બપોરના ૨:૨૦ વાગ્યાનો !

ભીડાભક્તિના આ દોર પર સરકતા તેઓ તા. ૭/૧ની સવારે વિશાળ મંદિર માટેની જમીનોનું નિરીક્ષણ કરતાં-કરતાં સંસ્કૃતનો વિશેષ અભ્યાસ કરી રહેલા સંતોના રહેણાંકે જઈ પહોંચ્યા.

શ્રીનગર વિસ્તારમાં પહેલા માળે આવેલા આ નિવાસસ્થળે જવા માટે દાદરો અતિ સાંકડો હોવાથી ખુરશી પર બેસીને તો પહોંચાય તેમ જ નહોતું, છતાં સેવકોના હાથ પર બેસી આડા થઈને ઉપર પધારેલા સ્વામીશ્રી અત્રે સંત-વિદ્યાર્થીઓને પ્રેમથી મળ્યા. તે પછી સૌ સાથે છબી લેવડાવી અધ્યયનમાં સ્મૃતિનો અધ્યાય ઉમેરી આપ્યો.

આ લાભ લૂંટવા, આજની સાંજે વૈષ્ણવ સમાજના હૉલ ખાતે આયોજિત સભામાં કર્ણાટકના મુખ્યમંત્રી શ્રી વીરપ્પા મોઈલી પણ આવી પહોંચ્યા. તેઓએ પંચાંગ પ્રણામ કર્યા બાદ સુખડનો હાર પહેરાવી સ્વામીશ્રીને આવકાર્યા. તેની સાથે હૃદયોર્મિ પણ વ્યક્ત કરી કે 'જ્યારથી મેં અક્ષરધામનાં દર્શન કર્યાં ત્યારથી સ્વામીજીનાં દર્શનની મને ખૂબ જ ઉત્કંઠા હતી. મારાં આજે ભાગ્ય છે કે મને દર્શન મળ્યાં. આજે દુનિયામાં શાંતિ લઘુમતીમાં છે. તે મેળવવા આ સંસ્થાના કાર્ય પર નજર કરવી પડે.'

આ અહોભાવ સાથે મુખ્યપ્રધાન સભા બાદ સ્વામીશ્રીની સાથે જ ગાડીમાં બેસી શ્રી વિજયભાઈ પટેલના ઘેર રખાયેલા ઉતારે આવ્યા અને

સ્વામીશ્રીની સાથે જ ગુજરાતી ભોજનનો આસ્વાદ માણી તૃપ્ત બન્યા.

આ જ રીતે તા. ૯/૧ની સાંજે યોજાયેલી ધર્મસભામાં મધ્વ સંપ્રદાયના આચાર્યશ્રી, રામાનુજ સંપ્રદાયના વિદ્વાન સહિત અનેક વિદ્યાગુરુઓ સ્વામીશ્રીનું સાંનિધ્ય પામી ધન્યતા અનુભવી રહ્યા. તે વ્યક્ત કરતાં રામાનુજી પંડિત શ્રીરંગપ્રિયદાસજીએ જણાવ્યું : 'જો ભગવાન સ્વામિનારાયણે ગુજરાતમાં કાર્ય ન કર્યું હોત તો આખું ગુજરાત ખ્રિસ્તી થઈ જાત. પ્રમુખસ્વામીના શિષ્યો મારે ત્યાં ભણવા આવે છે. તેઓને જોઈ ગુરુનો પરિચય આપોઆપ મળી જાય છે. શિષ્યો પરમ વૈરાગી છે, તો ગુરુ વિષે તો કહેવું જ શું ?'

આ પ્રસંગે મધ્વાચાર્ય પૂજ્ય સ્વામી શ્રીવિશ્વેશતીર્થજી પણ બોલ્યા : 'પ્રમુખસ્વામી અમારી બધી ધાર્મિક સંસ્થાઓના પ્રમુખ છે. આપણો હિંદુ સમાજ એમનાથી ગર્વિત છે.'

ભાવે ભક્તિ પ્રભુજીની કરે

તા. ૯/૧ની સાયંસભા પૂર્ણ કરીને ગુણાનુરાગી શ્રી પ્રફુલ્લભાઈના ઘેર પધારેલા સ્વામીશ્રી અહીં ભોજન બાદ નવા ઘરમંદિરમાં પ્રતિષ્ઠા કરવાની હોવાથી જમવાના આસન પર જ બિરાજેલા રહ્યા. થોડી વારમાં હરિકૃષ્ણ મહારાજ આવતાં વિધિ કરાવનારા શ્રુતિપ્રકાશદાસ સ્વામી એ ચલમૂર્તિને બાજોઠ પર પધરાવવા ગયા, ત્યારે સ્વામીશ્રીએ પોતાનું એક ઢીંચણિયું કાઢી આપી તેની પર ઠાકોરજીને બિરાજમાન કરાવવા જણાવ્યું, જેથી પોતાની બેઠક કરતાં ઠાકોરજીનું આસન ઊંચું રહે.

પરંતુ આ રીતની ગોઠવણ થઈ ત્યાં જ યજમાનના ઘેર પૂજાતા ઠાકોરજી પણ પધાર્યા. તેથી બંને મૂર્તિનાં આસન એકસમાન કરવાના આશયથી પેલા સંત હરિકૃષ્ણ મહારાજની નીચે મૂકેલું ઢીંચણિયું કાઢવા ગયા. પરંતુ તેઓને તેમ કરતાં અટકાવીને સ્વામીશ્રીએ પોતાનું બીજું ઢીંચણિયું પણ બીજા ઠાકોરજીના આસનરૂપે કાઢી આપતાં કહ્યું : 'પંડિત ! એમ ભગવાનની ગાદી ન ખસેડી દેવાય. એમને લીધે તો આપણું ગાડું ચાલે છે.'

સ્વામીશ્રીના એક-એક શબ્દે દાસભાવ ઘૂંટાઈ રહ્યો. પોતાનાં સુખ, સુવિધા, સન્માન સહિત સઘળું ભગવાનને અર્થે કરી દેનારા તેઓનું જીવન એટલે અભિનવ ભક્તિભાષ્ય.

હૈયે હેત છે અત્યંત

તા. ૧૦/૧ની સવારે બૅંગ્લોરથી પ્રસ્થાનની ઘડીઓ ગણાઈ રહેલી ત્યારે પણ દર્શન માટે દોડી આવેલા નગરના શ્રેષ્ઠીઓથી સ્વામીશ્રીનો ઉતારો છલકાતો હતો. તેની વચ્ચે ધસી આવેલા કેટલાક સામાન્ય માણસોને સ્વામીશ્રીએ પ્રેમથી પૂછ્યું : 'ક્યાંના છો ?'

'ખેડાના.'

'અહીં શું કરો છો ?'

'બેટ (ક્રિકેટની રમતનું સાધન) વેચીએ છીએ.'

'નામ શું ?'

'બુધાભાઈ થોરી.'

એક આગેવાનના મુખે આ પરિચય સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'વર્ષો પહેલાં (આશરે સન ૧૯૭૪માં) ડૉ. ત્રિવેદી ખેડામાં તમારા ઝૂંપડે અમને લઈ ગયા હતા. બહુ સારું થયું કે તમે આવી ગયા ! કાંઈ બીડી-તમાકુ ઘૂસી નથી ગઈ ને ?'

આમ પૂછી સ્વામીશ્રીએ બાજુમાં ઊભેલા અભ્યાસી સંતોને કહ્યું : 'આમને ઓળખો છો ? ખેડાના મિસ્ત્રી છે. બહુ સેવા કરી છે. એમને સંભાળજો, સત્સંગમાં બોલાવજો.'

બુધાભાઈને પણ જણાવ્યું : 'તમારે આ સંતોને મળતા રહેવું. કંઈ જરૂર હોય તો અમને જણાવજો.'

આટલું કહેતાં, સ્વામીશ્રીએ આ સૌ માટે અલ્પાહારની વ્યવસ્થા પણ કરાવી. તે વખતે બબ્બે દાયકા બાદ મળવા છતાંયે સ્વામીશ્રીના સ્નેહસાગરમાં લેશ ઓટ આ મુમુક્ષુઓને ન જણાઈ.

*'હૈયે હેત છે અત્યંત...'*નો આ અનુભવ સૌને કરાવતા સ્વામીશ્રી આજની સવારે પોણા દસ વાગ્યે સિકંદરાબાદ પધાર્યા ત્યારે અહીં તો ઍરપોર્ટથી શ્રી ઘનશ્યામભાઈ પટેલના ઘર સુધી નાનકડી પણ ભવ્ય નગર-યાત્રા જ યોજાઈ ગઈ.

તેને અનુસરતાં, સ્વામીશ્રી આજની સાંજે બેગમપેટ વિસ્તારમાં નિર્માણ પામેલા સત્સંગ ભુવનમાં દર્શન કરી, સંભવિત મંદિરની જમીન પર ખડા થયેલા સભામંડપમાં પધાર્યા. અહીં વિવિધ ગુજરાતી સંગઠનો દ્વારા સત્કાર

સમારંભ શરૂ થયો. આ અભિવાદન સ્વીકારી સ્વામીશ્રીએ આ જ સ્થળે તા. ૧૧/૧થી ભાગવત સપ્તાહનો પ્રારંભ કરાવી આપ્યો.

ત્યારબાદ શ્રી અશોકભાઈ પટેલના ઘેર અલ્પાહાર કરવા બિરાજેલા તેઓ સમક્ષ, બૅંગ્લોરથી આવેલા અભ્યાસી સંતોએ, આજે ચાલુ ટ્રેને તેઓને નીચે ઊતરવું પડ્યાનો અનુભવ વર્ણવ્યો. તે સાંભળી એક પૂર્વસ્મૃતિ સંભારતાં સ્વામીશ્રી બોલ્યા: 'અમે ને મોટા સ્વામી અમદાવાદ આવતા હતા. તે વખતે શાહીબાગ નજીક ગાડીનું સિગ્નલ પડ્યું. તે જોઈ મોટા સ્વામી કહે, 'નારણદા'! ઠેઠ કાલુપુર સુધી ટપણાવું એના કરતાં અહીંથી મંદિર નજીક પડે. ચાલ, ઊતરી જઈએ.' અંધારું હતું ને મોટા સ્વામી ઉતાવળા બહુ. તે ગાડી ચાલુ હતી ને ઊતર્યા. સીધા નાળામાં પડ્યા. તે જોઈ તેમને મદદ કરવા હું સામાન લઈને નાળાની બાજુમાં ઊતરી ગયો.'

આટલું કહેતાં તો સ્વામીશ્રીનું મુખ હાસ્યથી ઊભરાઈ રહ્યું. મુશ્કેલીઓ પણ તેઓને મન મજાનો મુદ્દો!

આજ્ઞાથી પ્રવૃત્તિ એ પાછી વૃત્તિ

સિકંદરાબાદમાં સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન આંધ્રપ્રદેશના રાજ્યપાલ શ્રી કૃષ્ણકાંત સહાય, કેન્દ્રીય કાપડમંત્રી, રાજ્યના પંચાયત મંત્રી, ખાદી ગ્રામોદ્યોગ મંત્રી, શિક્ષણમંત્રી, હાઈકૉર્ટના ન્યાયમૂર્તિ, વિવિધ વિભાગોના સચિવો, સ્થાનિક રામકૃષ્ણ મિશનના વ્યવસ્થાપક સંતશ્રી સહિત કંઈક નામાંકિત મહાત્માઓ તથા મહાનુભાવો દર્શને આવતા રહ્યા.

આ ક્રમમાં તા. ૧૩/૧ના રોજ પારાયણમાં આવેલા રાજ્યના નાણાં-મંત્રી શ્રી કે. રોસૈયાએ સ્વાનુભવ જણાવ્યો કે 'પ્રમખસ્વામીજીના કાર્યને વર્ણવવાના મારી પાસે શબ્દો નથી. હું કન્યાકુમારીથી કાશ્મીર સુધી ફર્યો છું, પણ આવું અદ્‌ભુત કાર્ય મેં જોયું નથી!'

આવા અજોડ સ્વામીશ્રી આજના દિવસે સત્સંગી પાઇલટ શ્રી અશોક મોદીના આમંત્રણથી ઇન્ડિયન ઍરલાઇન્સના સિમ્યુલેટરમાં પધાર્યા. પાઇલટને વાસ્તવિક તાલીમની અનુભૂતિ કરાવતા આ યંત્રમાં બેઠેલી વ્યક્તિને પોતે વિમાનની કૉકપીટમાં જ બેઠી હોય તેવું અનુભવાય. તે રીતે સ્વામીશ્રીને પણ પાઇલટની બેઠક પર બિરાજમાન કરવામાં આવ્યા.

ત્યારબાદ કમ્પ્યૂટરની કરામત દ્વારા આરંભાયેલી હવાઈસફરમાં

વિમાનને વળાંક આપવાની પ્રક્રિયા પાઇલટે સ્વામીશ્રીને જ સોંપતાં સ્વામીશ્રી બન્યા સુકાની અને ઘડીકમાં ડાબે તો ઘડીકમાં જમણે વળતું વિમાન વાસ્તવિક વિહારની જ અનુભૂતિ કરાવી રહ્યું. તે ક્રમમાં હવામાન ખરાબ થાય, ઍન્જિનમાં આગ લાગે, ઉતરાણ ખોટું થાય, વિમાન પાણી પર સરકી પડે, પૈડાં ન ખૂલે વગેરે આકસ્મિક આપત્તિઓનો અનુભવ પણ કરાવવામાં આવ્યો.

આશરે એકાદ કલાકની આ રોમાંચક યાત્રા બાદ સ્વામીશ્રી ઉતારે આવ્યા ત્યારે અહીં આજની રાત્રે તેઓએ અભ્યાસી સંતોને યોગ્ય દિશાદર્શન કરતાં કહ્યું :

"આપણે બધાં શાસ્ત્રો ભણીએ છીએ પણ આપણો સિદ્ધાંત દૃઢ રહે એ પહેલું કરજો. બધું ભણીનેય આપણી વાત પુષ્ટ થવી જ જોઈએ. બાકી ન્યાય(શાસ્ત્ર) તો ક્યાંયનું ક્યાંય લઈ જાય ને પછી એમ થઈ જાય કે 'મહારાજે કહ્યું તો છે, પણ એમની ભૂલ થઈ ગઈ લાગે છે!' પણ શ્રીજીમહારાજ ભગવાન છે, એટલે એમણે જે કર્યું એ બરાબર જ છે! એમાં તર્ક થવો ન જોઈએ. કેટલીક વાર અંદરનું જ્ઞાન મારી પાડે. એટલે આપણે તો મહારાજના મતે મત. જ્ઞાનની સાથે બધું જ કરવું. ધ્યાન વખતે ધ્યાન ને ગામડે જવાનું થાય ત્યારે ગામડે. સેવા વખતે સેવા. યોગીજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજની સામે જુઓ ને! આપણે એમનો અમુક જ આધાર ન લેવો. સર્વાંગે જોવું. પ્રવૃત્તિ ન ગમે ને પાછી વૃત્તિ વાળી દે; પણ પાછી વૃત્તિ એટલે શું? આજ્ઞાથી પ્રવૃત્તિ કરવી એ.

પ્રગટ મળ્યા એટલે કરવાનું કાંઈ નથી એવું નથી. પરમહંસોને મહારાજ પ્રગટ જ મળ્યા હતા તોય બિચારાનો દમ કાઢી નાંખ્યો! પ્રગટના મહિમામાં મૂર્તિઓ ગૌણ ન થાય એ જોવું. એનાં દર્શન-આરતી થવાં જોઈએ. એવો ભક્તિભાવ ન હોય તો ગમે ત્યારે દુઃખ થવાનું જ! કથા-વાર્તામાં બેસી જ જવું. રવિસભામાં પહોંચી જવું. આ ના કરો ને બીજું ગમે એટલું કરો એ અર્થ વગરનું છે. ભણેલા ભૂત કહેવાય. મોટેરા ઊંધુંય મારે ને સરખુંય કરે. મોટેરા એટલે પહેલું તો એમને જ સમજાવવું પડે. મૂઢપણે પણ 'જે કહ્યું છે એ સાચું છે' એમ માનવું. ન સમજાય તો 'મહારાજે ખોટું કર્યું છે' એમ ન કહેવું. જેને આપણે ભગવાન અને ગુરુ માનીએ એ જ ખોટું કઈ રીતે કહે? એમનું જ્ઞાન પૃથ્વી રહે ત્યાં સુધી પ્રવર્તાવવું જોઈએ. એ માટે વચનામૃત અને સ્વામીની વાતોમાં ઊંડા ઊતરો. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ

કહે એ જ કરવાનું! એક વ્યક્તિ જે કહે એમાં મીનમેખ ન થાય તો જ તંત્ર બરાબર ચાલે. એમાં કોઈ તર્ક નહીં, તો જ સંપ્રદાય વધે. નિર્ગુણ સ્વામી કેવા જબરજસ્ત! પણ શાસ્ત્રીજી મહારાજ કહે એટલે મૂકી જ દે. જુદું જ્ઞાન નહીં.''

જ્ઞાનની શુદ્ધિ અને વૃદ્ધિ માટે સ્વામીશ્રીએ આજે ઘણું કહી દીધું.

એક વાર સિંહ થાઓ

તા. ૧૪/૧ના રોજ આવેલા દક્ષિણના પ્રસિદ્ધ પોંગલપર્વને સિકંદરાબાદના ભક્તોએ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ધામધૂમથી ઊજવ્યું. તેની સાથે ઊંચે જોવાનું શીખવતા પતંગપર્વનો માહોલ પણ આજે મંચ પર જામેલો. તેમાં પુણ્યપર્વણીની આહ્‌લેક લગાવી સ્વામીશ્રીએ ઉત્સવ-ત્રિવેણી રચી દેતાં સૌ ઘરઆંગણે પ્રયાગની પવિત્રતા અનુભવી રહ્યા.

આ પાવનતા અહીં કાયમી ધોરણે રાખવા તેઓએ સિકંદરાબાદમાં પણ વિશાળ મંદિર માટે ભૂમિસંપાદનનો યજ્ઞ આદરેલો. તે સંબંધી એક બેઠકમાં બિરાજેલા સ્વામીશ્રી તા. ૧૫/૧ના રોજ બોલ્યા :

'ગાયકવાડના વખતમાં વીસ વસાનું વીઘું થતું. ૩૩ x ૩૩ ચોરસ ફૂટની સાંકળ ગણો એટલે ગુંઠો થાય. એવા ૨૪ ગુંઠાનું એક વીઘું ખેડામાં થાય. એવા પોણા બે વીઘે એક એકર. ભરૂચમાં બે વીઘે, સૌરાષ્ટ્રમાં અઢી વીઘે એકર થાય. મૂળ એકરનું માપ સરખું. વીઘાં આઘાં-પાછાં થયાં કરે. કલકત્તામાં ૩ વીઘે એકર થાય. ત્યાં વળી કટ્ટાનું ચલણ. ૨૦ કટ્ટાનું એક વીઘું. મદ્રાસમાં ગ્રાઉન્ડનું માપ. ૨,૪૦૦ ચો.ફૂ.નો એક ગ્રાઉન્ડ. ભાવનગરમાં વળી પ્લીન્થ ચાલે.'

સ્વામીશ્રીના ભૂસ્તરજ્ઞાનનું આ ઊંચું સ્તર જોઈ સૌ પ્રભાવિત હતા ત્યાં જ તા. ૧૬/૧ની રાત્રે સ્વામીશ્રીના મુખેથી કુટુંબ-કલ્યાણની કળા સરવા લાગી. આ સમયે યજમાન પરિવાર સાથે બેઠેલા તેઓએ જણાવ્યું :

''ઘરમાં બૈરાં તો જુદાં જુદાં ઘરમાંથી આવવાનાં, પણ અવિશ્વાસ કે ગેરસમજૂતી ન રાખવી. સાંજે બધાં ભેગાં થઈ અથવા સાથે જમીને વિચારોની આપ-લે કરવી, તો શુભ સંસ્કાર રહે. ધંધાકીય રીતે પરદેશ જવું પડે પણ સંસ્કાર વેચવા જતા નથી. ભલે ને ડિસ્કો ક્લબ બાજુમાં હોય! ઝેરની દુકાન બાજુમાં જ હોય તો જઈએ? આપણે ભગવાનમાં અલમસ્ત રહેતા હોઈએ તો બહારનું શું અસર કરવાનું? વાસણ ભેગાં રહે તે ખખડે, પણ બધાંએ હાથમાં લઈ ખખડાવાય નહીં. એકબીજા પ્રત્યે આદરભાવ રાખવો. આપણે પૂજા-પાઠ

કરીએ તો શું ખોટું કરીએ છીએ? સામે સો જણ હોય પણ આપણે ન ડગવું. ભલે ચારે બાજુ આગ લાગી હોય પણ આપણે હિમાલય ધારીને બેસી જવું. ભગવાનને ધારીને બેસવું, ઠંડક રહે.

પેટ કંઈ કબ્રસ્તાન છે કે જે-તે (ખાઈ) લઈએ? કહેનારા ઘણા મળશે પણ એક વાર સિંહ થાઓ, પછી પાછા નહીં પડાય. સમાજમાં રહો પણ ખોટી રીત ન ચલાવી લો. કુટુંબમાં સંપ રાખીએ. કુસંપ હોય તો પારકો લાભ લઈ જાય. ધંધો વધારો તેમ સંસ્કાર પણ વધારો. કુટુંબમાં કોઈએ પારકું-પોતાનું માનવું નહીં. સૌએ સાથે સહિયારો પ્રયત્ન કરવો.''

સ્વામીશ્રીના વહાલની આ વર્ષામાં ભીંજાયેલા યજમાન શ્રી મહેન્દ્રભાઈ મહેતા તો બોલી ઊઠ્યા: 'સ્વામી! આપના સ્વરૂપમાં અમને અમારા પિતાના પાંચે ભાઈઓનો સમન્વય દેખાયો. પિતાનો સ્નેહ, એક કાકાની વાત, બીજા કાકાની ચાલ, ત્રીજાની આંખ, ચોથાના હોઠ એ બધું આપમાં અનુભવ્યું. મને દરરોજ પિતા યાદ આવી જતા.'

સ્વામીશ્રીનો સહવાસ ભલભલી ખોટની ખાઈ પૂરી દે તેવો રહેતો.

આપે બીજાને માન અપાર

તા. ૧૮/૧ની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે સિકંદરાબાદમાં ભવ્ય મંદિરનો ખાતવિધિ થતાં આ દિવસ શહેરનાં ભાગ્ય ખોલનારો બની રહ્યો. આવો જ ભાગ્યોદય તા. ૧૯/૧ની સવારે વિજયવાડા અનુભવી રહ્યું.

અત્રે આજની સાંજે તુમ્મલપલ્લી કલાક્ષેત્રમ્ ખાતે યોજાયેલી સ્વાગત-સભામાં રામાનુજ સંપ્રદાયના પીઠાધીશ પૂજ્ય ચિન્ના જિયર સ્વામી આવવાના હતા. ૩૨ વર્ષની વય ધરાવતા તેઓ માટે સ્વામીશ્રીએ પોતાના જેવું જ આસન રાખવાની સૂચના આપેલી. એટલું જ નહીં, આ ધર્માચાર્ય પધાર્યા ત્યારે સ્વામીશ્રીએ પોતાની પાટ પરથી ઊતરીને તેઓને આવકાર્યા. નીચા નમીને પગે લાગી, હાર તથા શાલ પણ પહેરાવ્યાં. આ અભિવાદન પછીયે સ્વામીશ્રીએ પ્રથમ તેઓને આસન પર બિરાજવા કહ્યું. તેઓ બેઠા બાદ જ સ્વામીશ્રીએ આસન ગ્રહણ કર્યું.

તેઓના આ વિનીત વર્તને સભામાં બેઠેલા શેઠ શ્રી બંસીલાલ માહેશ્વરીનું હૈયું વીંધી નાંખ્યું. ૭૩ વર્ષના સ્વામીશ્રીએ પોતાથી અડધી વય કરતાંયે ઓછી ઉંમરના સંતને આપેલો આ આવકાર બીજા દિવસની સવારે

આ સજ્જનને સ્વામીશ્રી પાસે ખેંચી લાવ્યો.

આ સમયે તેઓએ સ્વામીશ્રીને કહ્યું : "आज जब अधिकांश लोग एक से एक ईर्ष्या करते हैं, तब आपका कल का व्यवहार देखकर मैं गद्‌गद हो गया! कैसा व्यवहार! वे तो सिर्फ ३२ साल के हैं, तो भी आपने कल उनको जो आदर दिया! मेरे पास बैठे हुए सबको मैंने कहा: 'महात्मा किसको कहते हैं वो देखना हो तो देखो ये स्वामीजी को!' आप जैसे संत से ही धर्म टिकनेवाला है।"

સ્વામીશ્રીની એક-એક ક્રિયા સૌમાં અમર આશાઓ જગાવી જતી.

આ આશાદીપ સદા પ્રજ્વલિત રહે તે માટે સ્વામીશ્રીએ તા. ૨૦/૧ની સવારે અહીંના ઇન્દિરા ટાવર્સના પાંચમા બિલ્ડિંગમાં પાંચમા માળે તૈયાર થયેલા હરિમંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી દીધા.

आपका दुःख हमारा ही दुःख है

તા. ૨૧/૧ના રોજ વિજયવાડાથી વિદાય થયેલા સ્વામીશ્રી તા. ૨૨/૧ની સવારે વાટમાં આવતાં મહારાષ્ટ્રનાં ઉમરગા, બલસુર અને કડદોરાને પાવન કરતાં સમુદ્રાલ પહોંચ્યા ત્યારે સ્થાનિક મરાઠી પ્રજામાં પોતાના આ તારણહારને વધાવવાની ઉત્સુકતા અનેરી હતી. પહેરણ, ટોપી, ધોતી અને ખભે કેસરિયા દુપટ્ટાના પરંપરાગત પહેરવેશમાં સજ્જ તેઓ મોટાં મંજીરાં અને મૃદંગના નાદ ગજવી રહેલા. મહિલાઓ પણ મર્યાદા મુજબ કળશ, શ્રીફળ, હાર, આરતીના ઉપચારોથી સ્વામીશ્રીને પોંખી રહેલી. દરેકનું હૈયું એક જ સૂર રેલાવી રહેલું: *'જે જે કર્યો તમે ગુણ, બીજો કરે એવો કુણ; ખાનપાન ખબર રાખી, શું હું દેખાડું કહી દાખી...'*

સૌની આ સ્વાગતોર્મિ ઝીલતા સ્વામીશ્રી મંદિરના પ્લૉટ પર પધાર્યા. અત્રે પુનર્વસનના નમૂનારૂપ બાંધવામાં આવેલા મકાનમાં જ તેઓએ નિવાસ ઠરાવતાં સૌને સ્વામીશ્રી જુદા જણાયા. કંઈક સખાવતીઓએ ધરતીકંપથી ધ્રૂજી ઊઠેલા આ પ્રદેશમાં સેવાની સરવાણીઓ વહાવેલી, પરંતુ અસરગ્રસ્તોને મળનારી સુવિધાઓનો જાતઅનુભવ કરવાના હેતુથી તેઓની વચ્ચે રહેવા આવનારા તો સ્વામીશ્રી પહેલા અને છેલ્લા જ બની રહ્યા હશે.

આ રીતે તેઓએ પીડિતો વચ્ચે આસન માંડી આજની સાંજે અમૃતધારા વહાવી દીધી કે –

'यहाँ भूकंप जब हुआ तब मैं गुजरात में था। वहाँ समाचार सुनकर बड़ा दुःख हुआ था और भगवान को प्रार्थना की थी। प्रार्थना करके बैठ नहीं रहे, मगर संत लोग और स्वयंसेवक पहले दिन से यहाँ आ गये। आज यहाँ आते समय दो-चार गाँव हमने देखें। बड़ा दुःख हुआ। हम अच्छे मकान में रहे और आप बाहर ऐसे रहो, ये देखकर हम बहुत दुःखी होते हैं, क्योंकि आपका दुःख हमारा ही दुःख है, क्योंकि आपके हृदय में भगवान बैठे हैं। ये दुःख देखकर ही आपके लिए अच्छे मकानों का आयोजन किया है।'

સંવેદનાથી સભર આ આશીર્વાદ સૌનાં હૃદયને સ્પર્શી ગયા. તે પછી ઉપસ્થિત ૬,૦૦૦ ભાવિકોને વ્યક્તિગત દર્શનનો લાભ આપનારા સ્વામીશ્રીનો દિવ્ય સ્પર્શ પણ ભૂકંપપીડિતો માટે ઘા રુઝાવનારો બની રહ્યો.

સમુદ્રાલમાં સંપની સ્થાપના

તા. ૨૩/૧ની સવારે પુનર્વસન પામનારા ગામથી અડધો કિ.મી.ના અંતરે આવેલા ભૂકંપગ્રસ્ત મૂળ ગામની મુલાકાતે પધારેલા સ્વામીશ્રી, અહીં ભેંકાર ગલીઓમાં વીખરાયેલા પથ્થરોને વળોટતાં પ્રત્યેક ઘર પર દૃષ્ટિ કરવા લાગ્યા. સ્થાનિક શિક્ષક દ્વારા અપાતો જતો તારાજીનો ચિતાર સાંભળતાં-સાંભળતાં તેઓ સૌની સુખાકારી માટે ધૂન કરતા ગયા અને પ્રાસાદિક પુષ્પો વેરતા રહ્યા. આ ક્રમમાં આવેલાં હનુમાનજી તથા નૃસિંહજીનાં મંદિરોમાં પણ દર્શન કરી સ્વામીશ્રીએ નવા ગામમાં નૂતન મંદિરો બનાવી, આ જ મૂર્તિઓ ત્યાં પધરાવવાનું વચન ગામવાસીઓને આપ્યું.

કરુણાના આ ભાવ સાથે અહીંથી કોંડજીગઢને પાવન કરી તેઓ પુનઃ સમુદ્રાલ આવ્યા ત્યારે ગ્રામજનોની સભા ચિક્કાર ભરાયેલી. તેઓના દસ પ્રતિનિધિઓને સ્વામીશ્રીએ સ્વહસ્તે વસ્ત્રવિતરણ કર્યા બાદ, સભામાં બેઠેલા પ્રત્યેક પુરુષને ધોતીજોટા અને મહિલાને સાડીની ભેટ કાર્યકર્તાઓ દ્વારા અપાઈ. આ વિતરણ દરમ્યાન સભામાં જ બિરાજી રહેલા સ્વામીશ્રીએ આજે સૌના ભોજનની વ્યવસ્થા પણ અહીં જ કરાવેલી. તે મુજબ પંગતો પડવાની શરૂ થયા બાદ બપોરે બે વાગ્યે જમવા બિરાજેલા સ્વામીશ્રી ભોજનથી પરવાર્યા ત્યારે વલી ખાન આવી પહોંચ્યા.

ગામના આ બિરાદર સ્વામીશ્રીનો આભાર માનતાં ગળગળા થઈ કહેવા લાગ્યા: 'ભૂકંપ પછી આપના સંતો અમારી મદદમાં આવ્યા તે વખતે

સખત વરસાદ હતો. છતાં ભીંજાયેલાં કપડે, પગ ખૂંપી જાય એવા કાદવમાંયે તેઓ અમને ખવડાવીને જ જંપે. આપની સંસ્થા અહીં આવી એ દિવસથી અમે સુખી છીએ.'

આવા કંઈક કૃતજ્ઞ જીવોને મળી સ્વામીશ્રી બપોરે ત્રણ વાગ્યે પોઢવા પામ્યા. તોયે અત્રે વકરેલી એક સમસ્યાએ તેઓને નિરાંતે સૂવા ન દીધા.

અહીં આવેલા ભૂકંપે ઘરોમાં તિરાડો પાડેલી, તો ચૂંટણીએ ગ્રામજનોના ફાડિયા કરી મૂકેલા. હજી તો ધરતીકંપના દુઃખની કળ વળી નહોતી ત્યાં જ ગામના બે પક્ષો વચ્ચે સત્તાની સાઠમારી જામી ગયેલી. આ નાદાનિયત સ્વામીશ્રીને કઠેલી. તેથી આજની સાંજે તેઓને બારશી પહોંચવું હતું, છતાં તે પ્રવાસને વિલંબમાં નાંખી, પોતાના સાયંભ્રમણને રદ કરી તેઓ બંને પક્ષોના વડીલો સાથે પોણો કલાક સુધી બેઠા. તેમાં દરેકના વિચારો વાંચી સ્વામીશ્રીએ છેલ્લે એવો અમૃતપિયાલો પિવડાવ્યો કે સૌમાં ઊકળતાં વૈમનસ્યનાં વિષ તો ક્યાંય ઓગળી ગયાં !

આ રીતે ભૂકંપથી પણ વધુ ખતરનાક કુસંપનાં બીજ બાળી તેઓએ ૫:૫૫ વાગ્યે વિદાય લીધી ત્યારે સ્વામીશ્રીની આ સમાજસેવાની નોંધ લેનારો કોઈ ખબરપત્રી હાજર નહોતો. પ્રસિદ્ધિ નહીં, પણ પ્રભુની પ્રસન્નતાના પ્યાસી સ્વામીશ્રીનેય તેની ક્યાં અપેક્ષા હતી !

જાહેરાતો વિના જ જીવવા ટેવાયેલા તેઓએ આજની રાત્રે સાડા આઠ વાગ્યે બારશીને પાવન કર્યું.[૪૩]

ભજે ભગવાન ભાવ ભલે

બારશીનું મંડળ મર્યાદિત સંખ્યાનું અને મધ્યમવર્ગીય; છતાં પ્રેમની પાંખે ઊડતા અહીંના ભક્તોએ સ્વામીશ્રીના એકદિવસીય રોકાણ માટે પણ મહિના-દા'ડાનો ઉત્સવ હોય તેવાં મંચ, માંડવો અને પ્રવેશદ્વાર કરેલાં. તેઓના આ ભક્તિભાવને સંપૂર્ણ સાર્થક કરતા સ્વામીશ્રી ભગવંત ઓઈલ મિલ અને ગુજરાતી શાળાના પ્રાંગણમાં યોજાયેલી સભાઓમાં મન મૂકીને

---

૪૩. ભૂકંપગ્રસ્ત મહારાષ્ટ્ર પર વરસેલી સંસ્થાકીય મદદની મેઘ-વર્ષાથી ભીંજાવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

વરસ્યા. તેથી કૃતકૃત્ય બનેલા સત્સંગીઓ તા. ૨૪/૧ની બપોરે ઠાકોરજી સમક્ષ દક્ષિણા ધરવા આવ્યા ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'તમારી ભાવના છે એ જ ભેટ છે. હજારોને લાભ મળ્યો એ તમારી લાખો રૂપિયાની સેવા છે.'

આ મહિમાદૃષ્ટિ સાથે સાંજે સાત વાગ્યે સોલાપુર પધારેલા તેઓ અહીં ગુજરાતી મિત્ર મંડળના હૉલમાં જાહેર-સભા સંબોધી ગુણાનુરાગી શ્રી બિપીનભાઈના ઘેર પહોંચ્યા.

અત્રે તા. ૨૫/૧ની સવારે મુંડનવિધિ માટે બિરાજેલા સ્વામીશ્રીએ રમૂજની એક વાત વહેતી મૂકી કે "શાસ્ત્રીજી મહારાજે એક શેઠને શ્રીજીપુરાનો વહીવટ સંભાળવા મૂકેલા. તેઓ વારે-વારે ફરિયાદ કરે કે 'અહીંના કૂવાનું પાણી ભારે છે. ખાવાનું પચતું નથી.' આ સાંભળીને લાખો ભરવાડ કહે, 'નજીકમાં કાછિયા કૂવાનું પાણી હલકું છે. ચિત્રાસર આગળ જ છે. એ લઈ આવું.' એમ કહીને એ જાય. અડધો કલાક આમતેમ આંટા મારે ને શ્રીજીપુરાનું જ પાણી લાવીને આપે. શેઠને ખબર હોય નહીં. એ પાણી પીને કહે, 'આ પાણી બરાબર છે. બધું પચી જાય છે.' ઘણાને આવું હોય છે!"

માનવીય મનની અટપટી પ્રકૃતિના આ વર્ણનથી સૌને આનંદ પમાડતા સ્વામીશ્રી સિદ્ધેશ્વર ઍક્સપ્રેસ દ્વારા તા. ૨૬/૧ની સવારે મુંબઈ આવી ગયા.

અત્રે દાદર સ્ટેશને મોટર તૈયાર જ ઊભેલી, પરંતુ મંદિર સામે જ હોવાથી સ્વામીશ્રી 'ચાલવાનો લાભ લઈ લેવા દો ને!' કહેતાં ચાલીને જ મંદિરે પધાર્યા.

અહીંથી તેઓ ડાબરા ઉત્સવ નિમિત્તે તા. ૨૭/૧ના રોજ પવઈની વાડીએ પહોંચ્યા ત્યારે સભામાં જતાં પૂર્વે પતરાના શેડમાં પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનાં દર્શને ગયા, પરંતુ તે મૂર્તિઓ તો રંગકામ માટે ઉત્થાપિત કરી દેવામાં આવેલી અને તેને સ્થાને અક્ષરપીઠે પ્રકાશિત કરેલી નાની મૂર્તિઓ મૂકેલી. તેનેય દંડવત કરવાનો આગ્રહ સ્વામીશ્રીએ રાખ્યો ત્યારે એક સંતે કહ્યું: 'આ ક્યાં પ્રતિષ્ઠિત મૂર્તિ છે?'

'આ શું દેખાય છે?' સ્વામીશ્રીએ વળતો પ્રશ્ન કર્યો.

તે વખતે પેલા સંતે જણાવ્યું: 'આવી મૂર્તિઓ તો બુક સ્ટૉલમાં ઘણી મળે છે. બધે ક્યાં દંડવત કરીએ છીએ?'

'જેને ભક્તિભાવ હોય એને બધે ભગવાન દેખાય.' છઠ્ઠો દંડવત કરતાં સ્વામીશ્રી બોલ્યા.

હૃદયથી ભક્તિ કરતા તેઓને માનવીય મગજ ક્યાંથી માપી-પામી શકે ?

સાધના નહીં હોય તો પ્રાપ્તિ ચાલી જશે

પવઈમાં સાતેક હજાર હરિભક્તોની હાજરીમાં ઉમંગભેર પાથેયપર્વ ઊજવી અહીં જ રોકાયેલા સ્વામીશ્રીએ આજની સાંજે સંતસભામાં જણાવ્યું કે –

'આળસ, પ્રમાદ મોટા શત્રુ છે. એ હશે તો મૂંઝવણ થશે જ, વિઘ્ન આવશે જ! સ્ત્રી-ધનનો ત્યાગ એ આપણી પરંપરા ચાલી જ આવે છે. આજથી ૧,૦૦૦ વર્ષ પછી પણ આ રહે એ આપણે કરવાનું છે. યુવાનીમાં સાધના નહીં થાય તો પછી નહીં જ થાય. પાકા ઘડે કાંઠા નહીં ચડે. સિંહ કદી ઘાસ ખાતો હશે? એમ યોગીજી મહારાજના શિષ્યો છીએ, એમના બાળકો છીએ. ચેષ્ટા, દર્શનની ટ્રેનિંગ ભૂલી ન જવી. મંદિરો બીજાને દેખાડવા માટે કરીએ છીએ? સિદ્ધ થઈ ગયા એમ માનવું જ નહીં.

પ્રાપ્તિ થઈ છે, કાંઈ બાકી નથી, પણ સાધના નહીં હોય તો પ્રાપ્તિ ચાલી જશે. આપણી પ્રવૃત્તિથી કોઈ પાછા પડી જાય એમ ન કરવું. મર્યાદા-પૂર્વક સાધુતાના નિયમ રાખી કામ કરવું. આપણે કરીશું તો એમની મદદ પૂરેપૂરી છે. આ વાત એક દા'ડા માટે નથી, કાયમની છે. આપણા પૂરતી જ નથી, પૃથ્વીનું તળ રહે ત્યાં સુધી કરવાનું છે.

આપણે એવું કરો કે નવાને પણ એ જ ઢાંચો મળે. અંગ્રેજો ઢાંચો આપતા ગયા કે 'એકે અંદર ને બેએ બહાર.'[૪૪] તેમ આપણેય કમ્પ્યૂટર ગોઠવવું પડશે – બ્રહ્મરૂપ થવું છે, યોગીજી મહારાજ જેવા સંત થવું છે.'

જેના પ્રેમનો નહીં પાર

તા. ૨૯/૧ની સવારે લંડન સત્સંગ મંડળના પ્રમુખ શ્રી સી. એમ. પટેલના અક્ષરવાસની ખબર સાંભળતાં જ સ્વામીશ્રીના મુખેથી શબ્દો સરી પડ્યા: 'ન પુરાય એવી ખોટ પડી!'

આ દિલગીરી આગામી બે-ત્રણ દિવસ સુધી તેઓની કથા અને

---

૪૪. રેલગાડી સ્ટેશનની અંદર આવે ત્યારે સ્ટેશન માસ્તર એક ટકોરો વગાડે અને સ્ટેશન છોડી બહાર જાય ત્યારે બે ટકોરા વગાડે. આ પ્રથા ઘણા સમય સુધી ચાલુ રહેલી.

વાર્તાલાપોમાં ઘૂંટાતી રહી. એક તબક્કે તો સદ્‌ગતની અંતિમવિધિ માટે તેઓને લંડન જવાની ઇચ્છા થઈ આવી; પરંતુ હિંદુવિધિ અનુસાર અંતિમ-સંસ્કાર થાય તે હેતુસર પાર્થિવ શરીરને જ અહીં દેશમાં લાવવાનું નક્કી થયું. તે નિમિત્તે લંડનથી પ્રસ્થાન કરતાં પૂર્વે મંદિરના પ્રાંગણમાં સદ્‌ગતના પાર્થિવ દેહને રાખી ત્યાં સભા ભરવાની સૂચના સ્વામીશ્રીએ આપી. તે માટેના વીડિયો આશીર્વાદ પાઠવતાં તેઓએ કહ્યું :

"આપણી પાસેથી કિંમતી વસ્તુ ખોવાઈ હોય એનાથીયે વિશેષ દુઃખ થયું છે, કારણ કે જેણે મંદિર માટે પ્રાણ આપ્યા હતા એ વ્યક્તિ આજે નથી. એમની દાદાખાચર જેવી ભક્તિ! મારે પણ એમની સાથે ઘણું હેત. જાણે આત્મીય મિત્ર. મને પણ દુઃખ કે 'સહકારી, એકાંતિક ભક્ત ગયા."

આવા ભક્તરાજની અંતિમવિધિ અટલાદરા મુકામે નિશ્ચિત થતાં સ્વામીશ્રીએ આ મંદિરના વ્યવસ્થાપક રાજેશ્વરદાસ સ્વામી પર તા. ૧/૨ના રોજ ચૌદ પાનાંનો પત્ર લખતાં જણાવ્યું :

'વિ. પૂ. સી. એમ. પટેલના દેહને લઈને લંડનથી તેઓના દીકરા અને સગાંઓ ને હરિભક્તો મળી બાર-પંદર આવે છે, તો ત્યાં ઍરપોર્ટ ઉપર તેઓને લેવા અને પેટીમાં પૅક તેઓનો દેહ હશે તે સારી રીતે વહેલી તકે ઍરપોર્ટથી નીકળી જાય તેવી તમામ વ્યવસ્થા કરશો. સરકારી તથા ઍરપોર્ટ અંગેની જે જે વિધિ હોય તે તત્કાળ થઈ જાય તે માટે પહેલેથી ઍરપોર્ટ ઑફિસર તેમ જ સરકારી વિધિ હોય તો સરકારી ઑફિસરને અગાઉથી મળી જે વિધિ કરવાનો હોય તે કરશો.

ઍરપોર્ટ ઉપર પાંચેક ગાડી હરિભક્તો માટે અને એક પેટી માટે જુદું લાંબુ વાહન હોય તે મોકલશો. ઍરપોર્ટથી મોટરો સીધી છાત્રાલયમાં લઈ જવી ને તેમાં તે હરિભક્તો હોય તેઓને સ્નાન કે મોઢું ધોવું હોય તે માટે બાથરૂમ-જાજરૂ સાફ કરાવી રાખવું. તેઓનો સામાન ત્યાં મોટરોથી છાત્રાલયની એક રૂમમાં બરાબર વ્યવસ્થિત તેઓની રૂબરૂ ગોઠવી રૂમને સારું મજબૂત તાળું મારીને તે ચાવી તેઓને આપવી, જેથી અગ્નિસંસ્કાર બાદ ત્યાં છાત્રાલયથી તેઓ સ્નાન કરીને મંદિરે જમીને ઉતારે જાય ત્યારે તે સામાન લઈ જાય. ત્યાં સુધી સામાન બરોબર સચવાય તે માટે ખાસ વિશ્વાસુ બે યુવકો

ગોઠવશો. તે ત્યાં જ રહે, આઘા-પાછા ન થાય તે ખાસ કહેવું.

હવે જે જગ્યાએ અગ્નિસંસ્કાર કરવાનો છે તે તમામ જગ્યા એટલે આખું ખેતર સાફ કરાવવું, જેથી અગ્નિસંસ્કાર વખતે બધા બેસી શકે ને ત્યાં થોડી ખુરશીઓ પણ રાખવી. તે ઉપર વૃદ્ધ હરિભક્તો બેસી શકે. એક તરફ મહિલાઓ ગોઠવાય તેમ કરશો, જેથી તેઓને પણ લાભ મલે. અગ્નિસંસ્કાર મોટા સ્વામીનો થયેલ છે ત્યાં નજીકમાં થાય તેમ કરશો, જેથી બીજી જગ્યા રોકાય નહીં અને અગાઉથી લાકડાં જરૂરી મુકાવી દેશો. ચંદનનાં લાકડાંના ટુકડા પાંચ-સાત હોય તો રાખશો. તે વખતે તેમાં મૂકી શકાય. ઘી, તલ વિગેરે તૈયાર રાખવું.

આપડા(ણા) સંપ્રદાય મુજબ પાલખી એટલે આરામ ખુરશી જેવું તૈયાર કરવું, જેથી લાંબા પગ રાખી શકાય ને પાછળ અડેલી(અઢેલી) શકાય તેવી ખુરશી તૈયાર કરાવવી. તે ન હોય તો તેવી સુથાર પાસે કરાવશો. પાલખીનો પાછળનો ભાગ જરા એવો કરવો કે માથાનો ભાગ ઢંકાય તેવું કરે, એટલે માથા ઉપર જરા ઊંચે રહે. હું આવું એટલે મને બતાવશો, જેથી ફારફેર(ફેરફાર) હોય તો કરાવી શકાય.

હવે તેઓનો દેહ છે તે મંદિરમાં આવે એટલે મુખ્ય દરવાજાની બાજુમાં અનુકૂળ હોય ત્યાં ગોઠવવો. અને જૂની સ્કૂલ તરફ મંડપ બાંધી ત્યાં જરા સ્ટેજ જેવું રાખવું, (જેથી) સ્નાન વિગેરે કરાવી શકાય અને બીજાં બાઈ-ભાઈ હરિભક્તો દૂરથી તે વિધિ જોઈ શકે તેવું ગોઠવવું. અને માઇક પણ ગોઠવવું એટલે ત્યાં સભા જેવું થાય એટલે મુખ્ય સંતો અને હરિભક્તો તે અંગે બે શબ્દો કહે તે માટે તે વ્યવસ્થિત કરશો. સર્વે નીચે બેસે તે માટે બેસવાની જગ્યા સાફ કરાવશો. ખુરશી પણ રાખશો, જેથી વક્તા ને વૃદ્ધ સંતો-હરિભક્તો બેસી શકે.

મને યાદ આવેલ છે તે લખેલ છે. તે ઉપરાંત બીજી વ્યવસ્થા કરવા જેવી હોય તે કરશો.'

સ્વામીશ્રીની આ એક-એક ભલામણ *'હરિ હરિજન ઉપર્યે, જેના પ્રેમનો નહીં પાર...'*ની તેઓની પ્રકૃતિ જણાવનારી છે. હશે આ દુનિયામાં કોઈ એવા ધર્મગુરુ કે જેણે પોતાના દિવંગત ભક્તની અંતિમવિધિ માટે આટલી કાળજી લીધી હોય? શ્વાસ છોડી ગયેલા સત્સંગી સાથે પણ સ્વામીશ્રીનો નાતો અતૂટ રહેતો.

નિજ જનની પૂરી કરી આશ

તા. ૧/૨ની સાંજે મળવા આવેલા મહારાષ્ટ્રના અગ્રણી નેતા શ્રી બાલ ઠાકરેને આશીર્વાદ આપી સ્વામીશ્રી તા. ૨/૨ની બપોરે સાડા ત્રણ વાગ્યે ઊપડતી સયાજી ઍક્સપ્રેસ દ્વારા પોણા છ વાગ્યે વાપી પહોંચ્યા.

અત્રે મહેસાણા નગર સોસાયટી ખાતે યોજાયેલી જાહેર-સભામાં અમૃતધારા વહાવી તેઓ તા. ૩/૨ની સવારે બાલદેવી ગામને પાવન કરતાં પુનઃ સેલવાસ પરત ફરી રહેલા. આ સમયે તેઓએ દમણગંગાના કિનારે આવેલી એક જમીન પર પુષ્પવૃષ્ટિ કરી અત્રે સર્વોપરી મંદિર થાય તે અંગે ધૂન ગજાવી.

તે દ્વારા સેલવાસમાં મોટા મંદિરનાં ચક્રો ગતિમાન કરી આજની રાત્રે સાડા દસ વાગ્યે પોઢવા જઈ રહેલા સ્વામીશ્રીએ છાતી સુધી કામળો પણ ઓઢી લીધેલો. હવે ઓરડાની બત્તી બુઝાય એટલી જ વાર હતી. ત્યાં શયનખંડનું બારણું ખૂલ્યું ! તે ખોલનારા આનંદમૂર્તિદાસ સ્વામીએ સ્વામીશ્રીને આરામની મુદ્રામાં જોઈ ઓરડામાં ઊભેલા ચિન્મયદાસ સ્વામીને હળવેથી કહ્યું : 'ખડોલીનો યુવક દશરથ દર્શન કરવા આવ્યો છે.'

'એને કહી દો કે કાલે સવારે દર્શન થશે. બાપા પોઢી ગયા છે.'

આ ત્વરિત પ્રતિભાવથી ખૂલેલું બારણું બંધ થઈ ગયું, પણ તે વખતે સ્વામીશ્રીએ પૂછ્યું : 'શું થયું ?'

'એ તો એક યુવાન દર્શન કરવા આવ્યો છે, પણ 'આપ આરામમાં ગયા છો' એમ મેં...'

હજી તો આ વાક્ય પૂરું થાય તે પહેલાં જ પોઢેલા સ્વામીશ્રી પથારીમાં બેઠા થતાં બોલ્યા : 'ભલા'દમી ! હું ક્યાં આરામમાં ગયો છું ? આપણે તો જાગીએ છીએ. બે મિનિટમાં શું ખાટું-મોળું થઈ જવાનું છે ? જાઓ, બોલાવો એને.' આમ કહેતાં દિવસ આખાના થાક્યા-પાક્યા સ્વામીશ્રી આરામને હડસેલી એક ભક્તની પ્રતીક્ષા કરતાં બેસી રહ્યા.

આગંતુક યુવાન અપંગ હોવાથી તેને આવવામાં વાર લાગી, પણ તે જેવો સ્વામીશ્રી પાસે પહોંચ્યો કે સ્વામીશ્રીનો પ્રેમાળ હાથ તેના મસ્તકે ફરી રહ્યો. પીઠ પર એવો જ પ્રેમભર્યો ધબ્બો પડ્યો. આ આશીર્વર્ષાથી એ વિકલાંગનું હૈયું થનગની ઊઠ્યું.

દર્શન બાદ તેને બહાર લઈ જતાં પેલા સંતે કહ્યું: 'ભલા માણસ! દર્શન માટે જલદી આવવું. આમ તું મોડો આવે તેમાં બાપાને તકલીફ પડે ને!'

દબાતે અવાજે બોલાયેલાં આ વાક્યો પણ સ્વામીશ્રી સાંભળી ગયા. તેથી તેઓએ તરત જ પેલા સંતને ટકોર્યા કે 'એય, અહીં આવો. દર્શન થઈ ગયાં. હવે શું કામ કહો છો?'

'બીજી વાર ભૂલ ન કરે ને!'

'પણ એને પૂછો તો ખરા કે કેમ મોડું થયું?' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેથી તપાસ કરતાં પર્દાફાશ થયો કે તે યુવક તો સવારના છ-સાત વાગ્યાનો ઘેરથી નીકળી ગયેલો, પણ વાહનનો મેળ ન પડતાં ઠિચૂક... ઠિચૂક... ચાલતો તે છ કિ.મી. દૂર રખોલી ગામે આવેલો. અહીંથી વાહન મળતાં મસાટ પહોંચેલો. ત્યાંથી વળી ડગુમગુ ચાલે પાંચ કિ.મી.નો પંથ કાપતો તે સેલવાસ આવેલો.

આ ઘટનાક્રમ સાંભળી સ્વામીશ્રીએ પેલા સંતને કહ્યું: 'તમે એને ઠપકો આપ્યો, પણ એને કેટલી તકલીફ પડી એ તો જુઓ! એ થાકી ગયો હશે, જમ્યો પણ નહીં હોય!' એમ કહી સ્વામીશ્રીએ જ દશરથને પૂછ્યું: 'ભ'ઈ! તું જમ્યો?'

'ના.'

તે વખતે સ્વામીશ્રીએ સૌને જાણપણું આપ્યું કે 'બધા મારી રૂમમાં બેસી રહે, મારી પાછળ ફર-ફર કરે, પણ હરિભક્તોનું કોઈ ધ્યાન ન રાખે. જાઓ, એને જાતે જમાડવાની વ્યવસ્થા કરો.'

આમ, એક અપંગ યુવકનાં અંતર અને આંતરડીને ઠારતાં સ્વામીશ્રી પોઢ્યા. તેઓના દરવાજેથી કોઈ અડધી રાત્રે પણ નિરાશ થઈને ન જતો.

અંત સમયના બેલી

તા. ૪/૨ની સવારે સેલવાસથી વિદાય લઈ પાંડેસરા અને સુરતને પાવન કરતાં સાંજે અટલાદરા પહોંચેલા સ્વામીશ્રીએ, અત્રે આવતીકાલે થનારા સી. એમ. પટેલના અંતિમવિધિનું સ્થળ જોઈ વ્યવસ્થાઓને આખરી ઓપ આપ્યો. તે પછી તૈયાર થયેલી પાલખીને પણ તેઓએ ઓરડામાં મંગાવી જોઈ લીધી. તેમાં છત્રને અડધું કરવાનો આદેશ આપી પોઢેલા તેઓના આદેશથી, આ સમયે તમામ સદ્ગુરુ સંતો, વડીલ સંતો તથા આગેવાન

હરિભક્તો પણ અટલાદરા આવી ગયેલા.

તેઓની સાથે સ્વામીશ્રી તા. ૫/૨ની સવારે સાડા આઠ વાગ્યે મંદિરના ટાવરની જમણી બાજુએ આવેલા ઓરડામાં પહોંચ્યા. અહીં પાટ પર પોઢેલા અક્ષરવાસી સખાને જોતાં જ તેઓની આંખો તરલ બની ગઈ. સૂટધારી શ્રી સી. એમ. પટેલ પાસે જઈ જાણે તેઓને જગાડતા હોય તેમ સ્વામીશ્રીએ 'જય સ્વામિનારાયણ' કહ્યા. ત્યારબાદ પાર્થિવ શરીરને પંચામૃત સ્નાન, શુદ્ધોદક સ્નાન, નૂતન વસ્ત્રપરિધાન, કંઠી અને યજ્ઞોપવીતના ધારણવિધિ, અર્ચા, આરતી વગેરે ક્રિયાઓ કરી તેઓ સભામંચ પર પધાર્યા.

અત્રે તેઓની ઉપસ્થિતિમાં લંડનથી આવેલા ટ્રસ્ટીઓ તથા વરિષ્ઠ સંતોએ સદ્‌ગતને શ્રદ્ધાંજલિ આપી. તે દરમ્યાન પાલખીમાં પધરાવેલો પાર્થિવ દેહ મંચ પર સ્વામીશ્રીની સમીપમાં જ મૂકવામાં આવ્યો. આ સમયે પોતાના મનોભાવોને શબ્દદેહ આપતાં સ્વામીશ્રી બોલ્યા :

"આજે આપણે એક સ્તંભ જેવા પુરુષને ગુમાવ્યા છે. દરેકને એમની સ્મૃતિ રહી જાય. હંમેશાં નિર્દોષભાવ. મોળપ આવી જ નથી. મુશ્કેલીમાંય પક્ષ જીવ સાટે. '૭૨માં ઈદી અમીનનું થયું ત્યારેય એ જ ભાવના કે 'મારે મારા ભગવાનને બહાર લઈ જવા છે. મારું જે થવાનું હોય તે થાય !'

દરેકનો મહિમા. માન જેવું જ નહીં. ક્યારેય અભાવ નહીં. મને એ કહેતા કે 'લંડનમાં એવું મંદિર કરવું છે કે આખા યુરોપથી લોકો જોવા આવે.' વળી, કહેતા કે 'મને રાખવો હોય તો સારામાં સારી રીતે રાખજો. પડ્યા-પડ્યા નહીં. નહીં તો અક્ષરધામમાં લઈ જજો.' એમની ઇચ્છા પ્રમાણે જેવું માંગ્યું એવું થયું ! મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ ને મુક્તો આવીને લઈ ગયા કે 'સી. એમ. ! ચાલો !' એ તો અક્ષરધામમાં જ બેસી ગયા છે. એટલે એમના આત્માને શાંતિ લેવા કે આપવાની જરૂર જ નથી."

માળાના મણકાને આટલી ઉચિત અંજલિ આપ્યા બાદ ઊભા થયેલા સ્વામીશ્રીએ પોતાની ડાબી કાંધે પાલખી ઉપાડી અને મહંત સ્વામીને જમણી બાજુ રાખી તેઓ મંદિર ફરતી ૨૨૨ પગલાંની પ્રદક્ષિણા ફર્યા. સ્વામીશ્રીની આ ભક્તવત્સલતાને હજારો હરિભક્તોએ કીકીમાં કેદ કરી. અંતિમયાત્રાના આ અવસરે સંતો-સગાંઓ પાસે પણ પાલખી ઉપડાવનારા સ્વામીશ્રીએ અક્ષર-વાસી ભક્તના અપંગ પુત્ર શ્રી સુરેન્દ્રને યાદ કરી તેનેય છ ડગલાં ચલાવ્યો.

આમ, ધૂન કરતાં-કરતાં અગ્નિસંસ્કારના સ્થળે પહોંચેલા તેઓ

ચિતા તૈયાર થાય ત્યાં સુધી સેમળાના છાંયે બિરાજ્યા. અહીંથી તેઓ નેહ નીતરતી આંખોએ કાષ્ઠની ગોઠવણી નીરખી રહ્યા. અંતે સઘળી તૈયારીઓ થઈ રહેતાં ઘૃતસિક્ત પૂળો પ્રજળી ઊઠ્યો. તે હાથમાં લઈ સ્વામીશ્રી સદ્ગુરુ સંતો સાથે બે પ્રદક્ષિણા ફર્યા અને ૧૧:૩૫ વાગ્યે મસ્તક આગળ અગ્નિ મૂકતાં જ બ્રહ્માગ્નિની શિખાઓ પ્રગટી ગઈ. તેમાંથી ઊઠતા પ્રત્યેક સ્ફુલિંગ સ્વામીશ્રીની ભક્તો પ્રત્યેની પ્રીતિને ચમકાવી રહ્યા.

આ તો અનાદિની રીત છે

લંડનથી આવેલા હરિભક્તોની સાથે તા. ૫/૨ની સાંજે બેઠક યોજીને બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ મંદિર-નિર્માણ સંબંધી વિગતો ચર્ચાઈ રહેલી. તે દરમ્યાન એક સત્સંગીએ 'જો કોઈ મોટા દાનવીર મળી જાય તો સારું' એ મતલબની અરજી ઉચ્ચારી ત્યારે સ્વામીશ્રી બોલ્યા :

'આપણાં મંદિરો એવી રીતે થયાં જ નથી. બધાએ થોડા-થોડા પૈસા આપ્યા એનાથી થયું છે. સૌને થાય કે 'અમારી સેવા થઈ!' મંદિરો થયાં ત્યારથી આ જ પરિસ્થિતિ છે. બેલેન્સ કશું જ નહીં. આપણે બિરલા-ટાટા કોઈ જ નથી. સાધારણ માણસો જેટલી સેવા કરે છે એટલું પૈસાદારોને છૂટવું કઠણ.

સારંગપુરનું મંદિર ઝોળી ઉપર થયું. ચાર-ચાર આનાની પધરામણી શાસ્ત્રીજી મહારાજ કરે ને એમાંથી મહિને જે બસો-અઢીસો રૂપિયા થાય એ મંદિરો માટે મોકલે. એના કરતાં અત્યારે તો કરોડગણું સારું છે! શાસ્ત્રીજી મહારાજને શ્રદ્ધા એવી કે 'ભગવાન કામ કરવાના જ છે.' આ તો અનાદિની રીત છે. ભીડામાં ને ભીડામાં જ કામ થાય. ભીડો ના હોય તો આપણે ઊંઘી જઈએ. ભીડામાં સૌ જુસ્સામાં રહે. આ સંકલ્પ કોનો છે? મહારાજનો છે. મોટાપુરુષ બોલ્યા છે એટલે થશે જ! વહેલું થાય કે મોડું થાય, પણ થઈ જાય.'

સંસ્થા દ્વારા નિર્મિત મંદિરોના પાયામાં કેવળ પૈસા, પૈસાદાર કે પરચા નહીં, પરંતુ પરિશ્રમ પણ છે – આ રહસ્ય ઉદ્ઘાટિત કરી સ્વામીશ્રીએ તા. ૬/૨ના રોજ યોગીજી મહારાજની પુણ્યતિથિનો ઉત્સવ મનાવ્યો.

આ પ્રસંગે પણ પ્રેરક આશીર્વાદ પાઠવતાં તેઓએ કહ્યું :

'એકાંતિક સંત સાથે જીવ જોડવો એ સમાગમ. જોડાયા ક્યારે કહેવાય? જ્યાં જઈએ ત્યાં એ જ વસ્તુ સાંભરે, એની જ વાતો થાય અને ભગવાન સંબંધી જ ક્રિયા થાય તો જોડાયા કહેવાય. એવા સત્પુરુષ ભગવાનનું

સ્વરૂપ જ બની ગયા હોય, એમના ને ભગવાનના શરીરમાં ફેર રહે નહીં. મજિયારો ના હોય. એવા પુરુષમાં જીવ સારી પેઠે જોડી દેવો. એના સિવાય બીજું પ્રાધાન્ય જ ના થાય. ખાતાં-પીતાં એની જ વાત ! એ કહે એમ જ થાય ! આ વાત હજાર જન્મે પણ સમજ્યા વિના છૂટકો નથી.'

રોષ ન કરે લગાર

તાજેતરમાં મુંબઈ મુકામે એક રાજનેતાએ લીધેલી સ્વામીશ્રીની મુલાકાત એક અખબારના તંત્રી-લેખમાં વિકૃત સ્વરૂપે છપાતાં ઘણાનાં મન ધૂંધવાયેલાં. એમાંના એક સંતે તા. ૭/૨ની સાંજે પ્રસાદ ગ્રહણ કરી રહેલા સ્વામીશ્રીને કહ્યું : 'મને એક પરવાનગી આપો.'

'કઈ ?'

'અમુક લોકોને સીધા કરવાની.'

'સીધા કો'કને નહીં, આપણે થવાનું છે.'

'પણ આપને વિષે આવું લખાતું હશે ?'

'લખે તો સારું ને ! ગુણ ગાય છે બિચારા. આપણે કોઈના માટે ખરાબ સંકલ્પ ન કરવો. આપણો સાધુનો માર્ગ છે.'

'આવું લખાય ત્યારે આપને કંઈ થાય નહીં ?'

'એમાં શું થવાનું ? ભગવાન બેઠા છે. બધું સારું કરશે.' સ્વામીશ્રી બોલ્યા.

*'કરે તુચ્છ જીવ તિરસ્કાર, તે પર રોષ ન કરે લગાર...'*ની રીતને વરેલા તેઓ દ્વેષી-દોષીનાયે હિતચિંતક હતા.

तुम आघा-पाछा मत होना

આ અરસામાં શરદી વગેરેના ઉપદ્રવને નાથવા સ્વામીશ્રીને અપાતા સિતોપલાદિ ચૂર્ણની સાથે તા. ૯/૨ની સવારે ડૉક્ટરે સૂચવેલી એક દવા પણ અપાઈ. તે જોઈ ગમ્મત કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'બે શું કામ આપી ? બંને લઈએ તો શેનાથી મટ્યું એ શી રીતે ખબર પડે ?'

તેઓના આ વિનોદમાંથી ફૂટી નીકળેલી આયુર્વેદિક દવાઓની વાતોના તારમાં ગુરુસ્મૃતિ ગૂંથતાં સ્વામીશ્રીએ કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ વૈદું બહુ જાણતા. સિતોપલાદિ જાતે જ બનાવતા. ગઢડાના પ્રભાશંકર, ભાદરણના વૈદ વગેરે સાથે બહુ બેસે.'

આ વખતે એક સંતે પૂછ્યું: 'શાસ્ત્રીજી મહારાજ મેથી ખાતા?'

'હા.'

'આપને ખવડાવેલી?'

'હા, આપતા.'

'તે વખતે ભાવતી?'

'એવું જ.' આટલું કહી સ્વામીશ્રી બોલ્યા: ''મારું શરીર પાતળું એટલે એમને ચિંતા બહુ રહે કે 'આ ખાય તો સારું.' ગાદી શોભવી જોઈએ ને! 'કાંડું ગોળમટોળ જોઈએ' એવું એ બહુ કહેતા.''

ગુરુસ્નેહની આવી સ્મૃતિમાં નિરંતર રમતા-વિરમતા સ્વામીશ્રી તા. ૧૦/૨ની સવારે પ્રાતઃપૂજાથી પરવારી પોતાના ઉતારામાં પ્રવેશી રહેલા ત્યારે ત્યાં દરવાજે નિલેશ ટાંક ઊભેલો. આ યુવાનને કર્ણાવતી ઍક્સપ્રેસમાં મળેલા જાહેરખબર લેવાના ઇજારાના સંદર્ભમાં સંતોએ ભલામણ કરી કે 'સ્વામી! હવે બીજી ટ્રેનોમાં પણ તેને કોન્ટ્રાક્ટ મળે એવા આશીર્વાદ આપો.'

આ અરજીમાં પોતાની મરજી ભેળવતાં પેલા યુવકે પણ કહ્યું: 'हाँ, स्वामीजी! ये कार्य में आप हमारी साथ रहना।'

'तूं राखेगा तो साथ रहेगा। तुम आघा-पाछा मत होना।' સ્વામીશ્રી બોલ્યા.

વરસતા વરસાદને ઝીલવા ઇચ્છનારે પોતાની હથેળીઓ છતી રાખવી પડે, અપાતું દાન લેનારે પોતાની ઝોળી પહોળી રાખવી પડે, મોંમાં કોળિયો ઇચ્છનારે મુખ ખુલ્લું રાખવું પડે, તેમ સ્વામીશ્રીને સાથે રાખવા ઇચ્છનારે ધર્મ-નિયમમાંથી આઘા-પાછા ન થવાય તેની સાવધાની રાખવી ઘટે. આ મર્મ સ્વામીશ્રીએ આજે નહીં, કાયમ માટે સમજાવી દીધો. એકને નહીં, સૌને કહી દીધો.

આપ જેવા પુરુષ હવે નહીં થાય

તા. ૧૦/૨ની સાંજે ઝાંઝરકા-સ્થિત સવગુણનાથ ગાદીના મહંત પૂજ્ય બળદેવદાસજી મહારાજ સ્વામીશ્રીને મળી આનંદિત થઈ ઊઠ્યા. આ સમયે તેઓની સાથે આવેલા સેવક શ્રી ત્રિભોવનદાસ તો બોલવા જ લાગ્યા:

'સ્વામીજી! આપે યુગનું પરિવર્તન કર્યું છે. આપ જેવા પુરુષ હવે નહીં થાય. આપમાં જેવી નિખાલસતા અને સરળભાવ છે એવો ક્યાંય ભાળ્યો નથી! અમારી જ્ઞાતિમાં આવનાર આપ એક જ છો. આપે સૌને એવો પ્રેમ

આપ્યો છે એટલે અમારા લોકો દોડીને આપની પાસે આવે છે.'

હાડમાં ઘૂસી ગયેલા કૅન્સરની જેમ સંસ્કૃતિના શરીરને કોરી રહેલું અસ્પૃશ્યતાનું દૂષણ સ્વામીશ્રીએ કઈ હદ સુધી મિટાવેલું તેનું આ બયાન છે.

આવા સ્વામીશ્રીએ તા. ૧૨/૨ની સવારે 'આ જીવ સાધન તે શું કરશે ?...' એ 'વાત'નો મર્મ સમજાવતાં જણાવ્યું :

''મહારાજે કહ્યું કે 'હું અક્ષરધામમાંથી આવ્યો એમાં તમારાં સાધન કેટલાં ?' એ તો દયાએ કરીને જ આવ્યા છે ને આ સંબંધ કરાવ્યો. એનો અર્થ એવો નથી કે 'સાધન ન કરવાં.' 'મહારાજ મળ્યા ને હવે તપ શું કરવું ? નિયમ શું પાળવા ? તિલક-ચાંદલો શું કરવો ? ખાવ-પીઓ ને લહેર કરો' એમ માંડવાળ ન કરવી. પૈસા આવે પછી જ સિક્યુરિટી રાખવી પડે, એમ ભગવાન મળ્યા પછી કામ, ક્રોધ, મોહ વગેરે અંદર પેસી ન જાય એ માટે ધર્મ, જ્ઞાન વગેરે યોદ્ધાઓ તૈયાર રાખવા પડે. હવે જે સાધન છે એ ફળની આશા માટે નહીં, પ્રસન્નતા માટે છે. પ્રાપ્તિમાં ખામી નથી, પણ સાધન ના કરીએ તો પ્રસન્નતામાં ખામી રહી જાય.''

પ્રાપ્તિનો મહિમા સમજાવી સ્વામીશ્રી જીવને નાહિંમત ન થવા દેતા, તો છકવાયે ન દેતા.

તેથી જ સાધનાની એક કેડી કંડારી આપતાં તેઓએ તા. ૧૪/૨ની સાયંસભામાં કહ્યું : 'મનની શાંતિનો અને ટેન્શન ઓછું થાય એવો ઉપાય ઘરસભા. પણ એ ઉપાયમાં શ્રદ્ધા, વિશ્વાસ બેસવાં કઠણ. શંકા થઈ જાય કે 'આમ કંઈ થતું હશે ?' પણ ઘરસભામાં શ્રદ્ધા હોય ને નિયમિત ભેગા થાય તો વરસે - બે વરસે કામ થાય જ ! જેણે-જેણે શ્રદ્ધા રાખી એનું કામ થયું જ છે. ઘરસભા હોય તો વૃત્તિ પાછી વળે. ઘરસભાથી જ સંસ્કાર આવે. આ વસ્તુ ધ્યાનમાં રાખવી.'

સૌને ઘરસભાનું ઘરેણું પહેરાવતાં, સ્વામીશ્રીએ સભામાંથી વિદાય લીધી.

સાચવણીની સમજ

તા. ૧૫/૨ના રોજ અટલાદરામાં ઊજવાયેલો વસંત પંચમીનો ઉત્સવ સ્વામીશ્રીના અમૃત મહોત્સવની જાહેરાતથી સ્મરણીય બની રહ્યો. અલબત્ત, આ ઉજવણી અંગે સખત નારાજગી વ્યક્ત કરતાં સ્વામીશ્રીએ તો કહી જ દીધેલું કે 'શાનો અમૃત મહોત્સવ ? જોગીબાપાનો (શતાબ્દી ઉત્સવ) થયો

એમાં બધું આવી ગયું! ૧૦૦% સંતોષ બધી જ રીતે થયો. હવે કંઈ નથી ઊજવવું. બધું ઊજવાઈ ગયું.'

પરંતુ મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી વગેરે સદ્‌ગુરુ સંતોની વારંવારની વિનંતી સામે તેઓ મૌન રહેતાં, એ મૌનને જ સંમતિસૂચક માની મુંબઈમાં અમૃત મહોત્સવ ઊજવવાની જાહેરાત આ પ્રસંગે કરવામાં આવી. તેને સૌએ અપૂર્વ હર્ષોલ્લાસથી વધાવી લીધા બાદ સદ્‌ગુરુ સંતો અમૃતકુંભ અને શ્રીફળ લઈ સ્વામીશ્રી સમક્ષ ઉપસ્થિત થયા. આ કુંભને અનાવૃત્ત કરતા સ્વામીશ્રીએ અંદર ભરેલી મીઠાઈઓ સૌને વહેંચી. જાણે સ્વામીશ્રીના અનંત ગુણોની મધુરતા જન-જન સુધી પહોંચાડવાનું કાર્ય આ વડીલ સંતોએ ઉપાડી લીધું! તેની ઝાંખી કરાવતા હોય તેમ આજે ડૉક્ટર સ્વામીએ અમૃત મહોત્સવના મર્મ પર હૃદયભેદક વાતો કરી. તે પછી તેઓએ અર્પણ કરેલો ગુલાબનો ભવ્ય હાર તેઓને જ પાછો પહેરાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'આવી ને આવી વાતો કરતા રહેજો.'

સ્વામીશ્રીના મહિમાની આ વાતોના પ્રવાહમાં આજે તો સૌ સાથે સમય પણ ખેંચાયો. વળી, સ્વામીશ્રીને કનડતી શરદીમાં આરામ મળે તે હિતાવહ હોવાથી, મહંત સ્વામીના વક્તવ્ય દરમ્યાન નારાયણમુનિદાસ સ્વામીએ સ્વામીશ્રી પાસે જઈ વિનંતી કરી કે 'આજે ઘણું મોડું થઈ ગયું છે તો વ્યક્તિગત દર્શન રદ કરીને...'

'વ્યક્તિગત દર્શનમાં બે કલાક લાગવાના છે?' આ પ્રશ્ન સાથે વિનંતીના સૂરને અધવચ્ચેથી જ કાપતાં સ્વામીશ્રી બોલ્યા:

'જુઓ, સમૈયો હોય એટલે એ દિવસે આરામ થવાનો જ નહીં. લોકો મળે એ માટે તો સમૈયો હોય છે. હરિભક્તોને સંતોષ થાય ને અમનેય સંતોષ થઈ જાય. અમુક વખત ભગવાન ને સંતની દયા ખાવાની હોય ને અમુક વખત ન ખાવાની હોય. અમારેય અમુક વખત તમારી દયા ખાવાની હોય ને અમુક વખત નહીં. મોટાપુરુષનું આ ચાલવાનું જ! ટેવાવું જ પડશે. યોગી-બાપા ભીડો ખમ્યા એમ આપણેય પાછું પડવાનું જ નહીં. આપણે (દર્શન) વ્યવસ્થા એવી કરવી કે થોડા સમયમાં જ બધું સારી રીતે પતી જાય. સમજી ગયા? રાજી થયા?'

સ્વામીશ્રીના એક-એક ઉદ્‌ગારે *'દાસ ઉપર દયાળને, દયા દલમાં અતિ ઘણી; જાણે મારા જનને, દિયું સંપત્તિ સુખ તણી...'*નો ભાવ ઊભરતો રહ્યો.

તે અનુસાર સભા બાદ પોણા બાર વાગ્યે વ્યક્તિગત દર્શન આપવા તત્પર થયેલા તેઓનું આસન ઊંચકી મંચની ધારે મૂકવા ચારેકોર સંતો આવી ગયા. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'હમણાં ડૉક્ટર સ્વામીએ કહ્યું ને કે 'જેનો ઉત્સવ ઊજવાય છે એને સાચવવા.' એટલે આ બધા જુઓ ઘેરી વળ્યા છે.'

આ સાંભળી સંતોએ કહ્યું: 'બાપા ! આપ અમને બધાને સાચવો છો.'

'એ સાચવવાની વાત નથી. મૂળ તો બધા કથા-વાર્તા, કીર્તન-સેવા બરાબર કરો એ સાચવ્યા કહેવાય.' સાચવણીની સમજ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું.

કાળુનું ધોળું થયું

તા. ૧૬/૨ની સાંજે ચાણસદનાં દર્શન કરીને પરત ફરેલા સંતોએ સ્વામીશ્રીને જણાવ્યું કે 'આજે અમે ચાણસદની મોટી ખડકીમાં આવેલા આપના જૂના મકાનનાં દર્શન કર્યાં.'

આ મકાન સ્વામીશ્રીના પૂર્વાશ્રમના પિતા શ્રી મોતીભાઈ અને તેઓના ભાઈઓ શ્રી વરધભાઈ તથા વિઠ્ઠલભાઈનું સહિયારું હતું. ત્યાંથી મોતીભાઈ હાલ જ્યાં સ્વામીશ્રીનું જન્મસ્થાન છે તે ઘરમાં રહેવા આવેલા. પરંતુ આજે પેલા જૂના ઘરની વાત સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'હું ત્યાં બહુ રહેતો. વરધભાઈનાં ઘરવાળાં મારા ઉપર બહુ પ્રેમ રાખતાં.'

પૂર્વજીવનનું આ એક પાનું ઉઘાડતાં તેઓ તા. ૧૭/૨ની સવારે અટલાદરાથી વિદાય લઈ બામણગામને પાવન કરતાં સાંજે બદલપુર આવી પહોંચ્યા.

અત્રે એક-એક પથારીએ[૪૫] પગનાં તોરણ થઈ જાય એવો પરિશ્રમ વેઠીને પૂર્વે ઘૂમેલા સ્વામીશ્રીને આવકારવા આજે ગ્રામજનોએ ઠેર-ઠેર રંગબેરંગી તોરણો ઝૂલતાં કરી મૂકેલાં. નવાંનક્કોર દેગડા, ડબ્બા અને પવાલીઓની કમાનમાં ગ્રામ્યશોભા તથા ભૂંગળની સૂરાવલિઓમાં ગ્રામ્યભાવના પડઘો પાડી રહેલી. સૌનું આ ભાતીગળ સ્વાગત સ્વીકારતાં સ્વામીશ્રી નવા મંદિરમાં ઉતારે પધાર્યા.

અહીં તા. ૧૮/૨ની સવારે પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલા યજ્ઞની શિખા પ્રગટાવી તેઓ કાલુ પહોંચ્યા.

---

૪૫. ખેતરમાં બાંધેલાં છાપરિયાં ઘર એટલે પથારી.

આ ગામના ગણ્યાગાંઠ્યા ભક્તોએ જાતમહેનતથી તૈયાર કરેલા મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા કે 'રઈજીભાઈ અને સૌના પ્રયત્ન વડે ગામમાં મંદિર થયું. આજે ભગવાન અહીં બેઠા એટલે કાળુને બદલે ધોળું થયું. સૌનું હવે કલ્યાણ થયું એટલે આજથી ગામનું નામ કાળુને બદલે કલ્યાણપુર રાખીએ છીએ.'

કલ્યાણનું આવું પૂર આજની સાંજે ધુવારણમાં ઊમટી પડ્યું. અત્રે જી.ઈ.બી. કૉલોનીના કમ્યુનિટી હૉલ ખાતે આયોજિત સભામાં પોતાના આશીર્વાદથી સૌનાં અંતરમાં અજવાળું પાથરતાં, સ્વામીશ્રી પુનઃ બદલપુર આવી ગયા.

અત્રે તા. ૧૯/૨ના રોજ તેઓ દ્વારા નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા ત્યારે ૪૬,૦૦૦ ભક્તોને પંગતમાં પીરસી બદલપુરના સત્સંગ મંડળે વિક્રમ સર્જી દીધો. તે ઉપરાંત સમજણનુંયે ઉત્કૃષ્ટ ઉદાહરણ બેસાડતાં આ મંડળે સ્વામીશ્રીને ઓછો ભીડો આપવા વિવિધ ૨૮ કલાત્મક હાર સંતો જ અર્પણ કરે તેવું આયોજન ગોઠવ્યું.

આવા સમર્પિત અને સમજદાર ગામની ભાવભીની વિદાય લઈ સ્વામીશ્રી આજની સાંજે વિદ્યાનગર પધાર્યા.

જે વડે આ જક્ત છે...

તા. ૨૧/૨ની સવારે વિદ્યાનગરથી સોજિત્રા પધારેલા સ્વામીશ્રીએ અહીં નિર્માણ પામેલા બાઈઓના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા. ત્યારબાદ વિદ્યાનગર પરત ફરેલા તેઓના રાત્રિ-ભોજન દરમ્યાન, સત્સંગી પ્રાધ્યાપક શ્રી અમિતભાઈ ત્રિવેદીએ વિજ્ઞાનનાં કેટલાંક આધુનિક સંશોધનોની વાતો વિસ્તારથી કરીને છેલ્લે જિજ્ઞાસા જણાવી કે 'સ્વામી! વૈજ્ઞાનિકો બીજા ગ્રહોમાં જીવન શોધે છે તો એમને કંઈ હાથમાં આવશે?'

'મહેનત કરે એટલું જ, બાકી બીજું શું હાથમાં આવવાનું?'

માનવીય મર્યાદાઓ જોતાં સ્વામીશ્રી આમ બોલ્યા ત્યાં એક સંતે કહ્યું: 'એ તો આપ બ્રહ્માંડોમાં ચારે બાજુ ફરો છો એટલે આપને બધી ખબર હોય, તેથી આ પૂછે છે.'

આ વાતમાં ઉમેરણ કરતાં અમિતભાઈએ પણ સ્વામીશ્રીને પૂછ્યું:

'આપ જ બધું કરો છો ને!'

'એટલું સમજાય તો ઘણું છે.'

સ્વામીશ્રીના આ માર્મિક પ્રતિભાવમાંથી *'જે વડે આ જક્ત છે...'* તરીકે તેઓનું સ્વરૂપ પ્રકાશી રહ્યું. તેના ઉજાસમાં તેઓએ ઉમેર્યું: 'જેણે અંદર આ બધું મૂક્યું છે એ કોણ છે? એ કોઈ સમજતું નથી ને એને કોઈ શોધતું નથી! એને જો પહોંચે તો બધું જ હાથમાં આવી જાય. બાકી બુદ્ધિના ડોળથી કેટલું પહોંચવાના?'

આમ જણાવી પેલા પ્રૉફેસરને પ્રસાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ લ્યો, આમાંથી બધું જડશે.'

સત્પુરુષના પ્રસાદ(કૃપા)થી કોઈ વાત અધૂરી કે અજાણી નથી રહેતી એ મર્મ તેઓના આ વાક્યમાં સમાયો હતો.

એને નથી રે કોઈ અધિક કે ન્યૂન

તા. ૨૨/૨ની સાંજે વિદ્યાનગરથી વિદાય લઈ ઓડ પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીં તા. ૨૩/૨ની સવારે નૂતન મંદિરમાં ધામધૂમપૂર્વક અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા થઈ. તે દ્વારા ગામવાસી ભક્તોની સેવાને સાર્થક કરતા સ્વામીશ્રી આજની રાત્રે અમદાવાદ રોકાઈને તા. ૨૪/૨ની સવારે વહેલાલ પહોંચ્યા.

શ્રીજીમહારાજના આ પ્રાસાદિક ગામના નવનિર્મિત મંદિરમાં પણ આજે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી તેઓ આજની રાત્રે જ દિલ્હી જવા અમદાવાદના ઍરપોર્ટ પર પધાર્યા.

અત્રે કેન્દ્રીય વાણિજ્યમંત્રી શ્રી પ્રણવ મુખરજી કે જેઓ સમયાંતરે ભારતના રાષ્ટ્રપતિ બનેલા તેઓને આશીર્વાદ આપી દિલ્હી પહોંચેલા સ્વામીશ્રીના અહીંના આગમનનું નિમિત્ત પણ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ જ હતો.

ભારતની આ રાજધાનીના ગુજરાત વિહારમાં અક્ષરવાસી શ્રી નરેન્દ્રભાઈ વઢવાણાની ઇચ્છાથી તેઓના પુત્રો કિરણભાઈ, યોગેશભાઈ અને યતીનભાઈએ ભૂમિદાન સહિત પાયાથી માંડીને ટોચ સુધીનું સંપૂર્ણ મંદિર ઠાકોરજીને અર્પણ કરેલું. તેમાં તા. ૨૭/૨ના રોજ સ્વામીશ્રીએ અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા ત્યારે દિલ્હીનો દબદબો કંઈક જુદો જ બની રહ્યો.

તેથી આકર્ષાઈને આ અવસરે ઉપસ્થિત રહેલા દિલ્હીના મુખ્યમંત્રી શ્રી

મદનલાલ ખુરાનાએ સ્વાનુભવ વર્ણવ્યો કે 'સ્વામીજીના મુખ પરની સરળતા જોઈને જ શાંતિ મળી જાય છે.'

રાષ્ટ્રીય નેતા શ્રી એલ. કે. અડવાણીએ પણ જણાવ્યું : 'પ્રમુખસ્વામીજીનાં પહેલી વાર આણંદમાં દર્શન થયાં ત્યારથી સંબંધ વધતો રહ્યો છે. ગાંધીનગર જેવું અદ્ભુત સ્થાન (અક્ષરધામ) દિલ્હીમાં થાય એથી વિશેષ શું હોય? હું મારી શક્તિ પ્રમાણે યોગદાન કરતો રહીશ.'

આ સાથે આજના દિવસે વિશ્વ હિંદુ પરિષદના શ્રી વિષ્ણુહરિ દાલમિયા, મહામંત્રી શ્રી અશોક સિંઘલ સહિત અનેક અગ્રણી નેતાઓએ સ્વામીશ્રીનું સાંનિધ્ય માણ્યું. તે ઉપરાંત, અહીંના રોકાણ દરમ્યાન રશિયન રાજદૂત શ્રી એનેટોલી દ્રુકોફ, આર.એસ.એસ.ના સરસંઘચાલક શ્રી એચ. વી. શેષાદ્રિ, શ્રી રજ્જૂભૈયા, પોતાના શયનખંડમાં સ્વામીશ્રીની મૂર્તિ પધરાવી રોજ તેઓનાં દર્શન કરતા કેન્દ્રીય કાપડમંત્રી શ્રી જી. વેંકટ સ્વામી, અગ્રણી રાજકીય નેતા શ્રીમતી વિજયારાજે સિંધિયા વગેરે અનેક મહાનુભાવોની હારમાળા દર્શન અને મુલાકાત માટે ખડકાયેલી જ રહી.

તેની વચ્ચે શ્રી નરેન્દ્રભાઈ વઢવાણાના નોકર સંતરામને જોતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'લ્યા ! તું ક્યાં હતો અત્યાર સુધી? બીજા બધા મળ્યા. હું બે-ત્રણ દિવસથી તને યાદ કરતો હતો કે 'આ ક્યાં ગયો?'

સાત વર્ષ પહેલાં મળેલા આ નોકરને સ્વામીશ્રીની આંખો મંત્રી-મહાનુભાવોની ભીડ વચ્ચે શોધી રહેલી. સ્વામીશ્રીના બાગમાં વડ કે વેલાનું એકસરખું જ જતન થતું.

તેથી જ તો તેઓએ અહીંની પ્રતિષ્ઠાના ભરચક કાર્યક્રમ વચ્ચે પણ અમદાવાદના મંદિરે ફોન જોડાવેલો. કારણ હતું – રણિયાળાના હરિભક્ત શ્રી પુરુષોત્તમભાઈ ગોયાણીના એક સંબંધીની નાની દીકરીના વાલ્વની બીમારીનો ઇલાજ.

અમદાવાદ ખાતે માત્ર એક જ દિવસના ટૂંકા રોકાણની વ્યસ્તતા વચ્ચે આ માંદગીની વાત પેલા ગામઠી ભક્તે સ્વામીશ્રીને કહેલી. તે દિલ્હીની દળી નાંખે તેવી કાર્યવાહીમાં પણ ન વીસરેલા સ્વામીશ્રીએ આ અંગે સંબંધિત સંતો-તબીબોને ભલામણ કરી દીધી.

તેઓની આવી જીવનશૈલી જોનારા ગાઈ ઊઠતા : *'સરવેનો સનેહી શ્યામળો, એને નથી રે કોઈ અધિક કે ન્યૂન...'*

રોજ એક કલાક આ વિચાર કરવો

તા. ૧/૩ની સવારે માંદગીગ્રસ્ત જૈનાચાર્ય મુનિ શ્રી સુશીલકુમારજીનાં ખબર-અંતર પૂછવા તેઓના આશ્રમમાં જઈ પહોંચેલા સ્વામીશ્રીને જોતાં જ આ ધર્માચાર્ય બોલી ઊઠ્યા: 'हमारा मन था कि आपका दर्शन हो जाए। मेरी तबियत बिगड़ गई तब आपका बहुत स्मरण किया...'

આ સ્મૃતિનો સાદ સાંભળીને જ જાણે સ્વામીશ્રી અહીં પધારી ગયા હશે કે શું?

અત્રે પા કલાક ગાળી યજમાન શ્રી વઢવાણા પરિવારના ઘેર પરત ફરેલા સ્વામીશ્રીએ, અહીં બપોરે દોઢ વાગ્યે ઠાકોરજી જમાડ્યા બાદ વિવેકનું વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૬ વંચાવી વાત ઉપાડી કે –

''જાજરૂ ગયા પછી એનો વિચાર આવે? એમ અવગુણનો વિચાર જ ન આવવો જોઈએ. મન પાછું વળી જવું જોઈએ. કચરો ભેગો કરવાની જરૂર ખરી?

ભગવાન ને સંત જે કહે એ બરાબર જ છે. આપણા સ્વભાવ ટાળવા માટે જ છે. દુઃખ ન થવું જોઈએ કે ફલાણાના કહેવાથી મને કહ્યું. એ કહે એ સાચું જ છે. એ બીજું કહેતા નથી, પણ 'તું આત્મા છું' એ જ કહે છે. આ બાબતનો વિચાર કરો છો? રોજ રાત્રે એક કલાક ઊંઘ કાઢી(ઓછી કરી)નેય આ વિચાર કરવો. એના વચનમાં વિશ્વાસ રાખો તો જ આત્મા દેખાય. શબરીએ આંખનું તેજ ગયું ત્યાં સુધી વિશ્વાસ રાખ્યો. ભગતજીએ પણ વચન પરમ સત્ય માન્યાં. સ્થાનનું, સંગનું બંધન થઈ જાય છે પણ આપણે તો સત્પુરુષમાં જ બંધાવું. શાસ્ત્રીજી મહારાજે તો ચરણારવિંદ(ની જોડ) પણ આપી દીધી. મોટાપુરુષ રાજી થતા હોય તો બધું મૂકી દેવું. પદાર્થ ગમે એટલા સારા હોય, પણ આપણે એના માટે છીએ? આ જાણે એ વિવેક.''

આ વિવેક શીખવી સ્વામીશ્રી આજની સાંજે શ્રી પ્રભુદાસભાઈ અજમેરાના ઘેર યોજાયેલી મહાનુભાવોની સભામાં પધાર્યા. તેમાં સંત સમાગમનો મહિમા સમજાવી તેઓ ઉતારે જવા નીકળ્યા ત્યારે સભા-સ્થળના રસ્તાની બંને બાજુ આમંત્રિતોની વૈભવી ગાડીઓની હારમાળા ખડકાઈ ગયેલી. જે-તે વાહનોની બાજુમાં તેના ડ્રાઈવરો પણ ઊભા હતા.

તેઓને જોતાં સ્વામીશ્રી વ્યવસ્થાપકોને સૂચના આપવા લાગ્યા કે

'શેઠિયાઓને તો બધા જમાડશે, પણ આ ડ્રાઈવરોને જમાડશે કે નહીં ? પેલા તો અંદર આવીને બેસી ગયા. આ બિચારા બહાર ઠંડીમાં ઠૂંઠવાય છે. સુધીરભાઈ ! આ બધાની જમવાની વ્યવસ્થા કરી દેજો.'

આત્મા-અનાત્માના ઉચ્ચ આધ્યાત્મિક વિવેકને પૂર્ણતયા વરેલા સ્વામીશ્રી લૌકિક સંભાળ લેવાનું કદી ન ચૂકતા. શિખરે બેસીને પણ તળેટીના તૃણને જોઈ શકે એવી તેઓની મહાનતાનો મુકાબલો માનવીથી થાય તેમ નથી.

રીઝે બાળક જેને જોઈને

દિલ્હીના નિવાસ દરમ્યાન અત્રે વિશાળ મંદિર માટે વિવિધ જમીનોના નિરીક્ષણનું અભિયાન ચલાવનારા સ્વામીશ્રીએ નિઝામુદ્દીન પુલ આગળ યમુનાની પાર આવેલી વિશાળ ભૂમિ તથા નોઈડામાં યમુના તરફ આવેલી જગ્યા પર દૃષ્ટિ ઠેરવી. ત્યારબાદ વિચરણનો દોર આગળ લંબાવતાં, તેઓ તા. ૬/૩ના રોજ હરિયાણાના સોનીપતમાં આવેલા કાચના એક કારખાનામાં પગલાં પાડી પ્રીતમપુરાના ગુજરાતી ઍપાર્ટમેન્ટમાં પધાર્યા. આ અવસરે એકત્રિત ભાવિકોને પધરામણી અને સભાનો લાભ આપતા સ્વામીશ્રી તા. ૭/૩ની સાંજે હવાઈમાર્ગે જયપુર આવી પહોંચ્યા.

અહીં ગોવિંદદેવજી મંદિરના વિશાળ પ્રાંગણ ખાતે યોજાયેલી ધર્મસભામાં સાતેક હજાર ભાવિકો તેઓની પ્રતીક્ષામાં હતા. આ સમુદાયને અમૃતધારાથી ભીંજવી શ્રી શિવનાથસિંહ શેખાવતના ઘેર ઉતારે પધારેલા સ્વામીશ્રીનાં દર્શને, તા. ૮/૩ની સવારે રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી ભૈરવસિંહ શેખાવત દોડી આવ્યા. આ પીઢ નેતાને આશીર્વાદ આપનારા સ્વામીશ્રી આજની સાંજે બે-ત્રણ સ્થળોએ જવાનું હોવાથી સાયંભ્રમણ રદ કરવાનો ઈરાદો સેવી રહેલા, પરંતુ સંતોએ સમયની ગણતરી કરી બતાવતાં તેઓએ ભ્રમણ આરંભ્યું. તોય તે અડધું-પડધું કરીને તેઓ પ્રસ્થાન માટે તૈયાર થઈ ઓરડાની બહાર આવી ગયા.

અહીં યજમાન હરિભક્ત તેઓના એકાદ વર્ષીય પૌત્રને ઊંચકી ઊભેલા. સ્વામીશ્રી જેવા તે બાળકની નજીક ગયા કે જાણે પૂર્વની પ્રીત પાંગરી હોય તેમ એ શિશુ હુલસવા લાગ્યું અને થોડી વારમાં તો સ્વામીશ્રીનો જમણો હાથ પકડી સીધો અંગૂઠો જ ચૂસવા માંડ્યું. તે પછી તેણે સ્વામીશ્રીની બીજી આંગળી ને અંતે ત્રીજી આંગળીએથી પણ બ્રહ્મરસ પીધો.

કાર્યક્રમોને પહોંચી વળવા ભ્રમણ રદ કરવા તત્પર થયેલા સ્વામીશ્રીએ આ બાળકને સંતોષવામાં લેશ ઉતાવળ ન કરી. કદાચ આને પણ તેઓએ એક કાર્યક્રમ જ ગણ્યો હશે! *'રીઝે બાળક જેને જોઈને, રીઝે જે બાળક જોઈને...'*નું આ દર્શન સૌના માનસપટ પર અમીટ છાપ મૂકી ગયું.

સ્વામીશ્રીની આવી જ છાપ ધરાવતા ગુજરાત સમાચાર અખબારના માલિક શ્રી શ્રેયાંસભાઈ શાહે સ્વામીશ્રીને પોતાના ચિરંજીવીના લગ્નપ્રસંગે આશીર્વાદ આપવા નોતરેલા. તેઓનો આ મનોરથ પૂરો કરવા સ્વામીશ્રી લગ્નસ્થળે પધારતાં જ, યજમાન તો લગ્નનાં ધોળ-મંગળ ગાવાનું મૂકીને જાણે સ્વામીશ્રીના મહિમાગાનમાં સરી પડ્યા. તેઓએ સ્વામીશ્રીને જણાવ્યું: 'આપે જે રીતે ગાંધીનગરમાં અક્ષરધામ બાંધ્યું છે એ ખરેખર અદ્‌ભુત છે. એ કરતાંય આપના સંતો અને સત્સંગી પરિવાર છે એ એકદમ આદર્શ છે અને એ બધાને આપ સાથે રાખો છો એ એથીયે વિશેષ છે. નમ્ર, યુવાન અને દરેક ક્ષેત્રના નિષ્ણાત સંતો આપે કર્યા છે.'

સ્વામીશ્રી દ્વારા સર્જાયેલી સંત, સત્સંગી અને સ્મારકની ત્રિવેણીમાં સૌ રીતસર ડૂબી જ જતા.

સત્પુરુષ કહે એ જ વેદવાક્ય

લગ્ન સમારંભમાં આશીર્વાદ આપી ગોવિંદદેવજી મંદિરના બાગમાં યોજાયેલી સભામાં જતાં પૂર્વે સ્વામીશ્રી આ મંદિરમાં દર્શને પધાર્યા ત્યારે પૂર્વસ્મૃતિ વાગોળતાં બોલ્યા: 'અમે અહીં આવતા ત્યારે અત્યારે જેમ ભજન ચાલુ છે એમ જ તે ઘડીએ ચાલતું. અમેય અહીં બેસીને અડધો-પોણો કલાક ભજન કરતા.'

આ સ્મૃતિનો દોર સ્વામીશ્રીની આજની વાળુ વેળાએ પણ લંબાયો. આ સમયે તેઓએ જણાવ્યું: 'જ્યારે અમે અહીં આવતા ત્યારે સ્વામિનારાયણ મંદિરે ચાલતો જતો. બહુ થાય તો ટેમ્પામાં કે હાથરિક્ષામાં બેસી જઈએ. ત્યાં સૌરાષ્ટ્રના ડૉ. ગણપતભાઈ મંદિરનો વહીવટ કરતા. અમે જ્યારે અહીં ઊતરતા ત્યારે સંતો રહેતા નહીં.'

આટલું કહેતાં તા. ૯/૩ની સવારે આ મંદિરનાં દર્શને જવા નીકળેલા સ્વામીશ્રીએ પ્રથમ માનસરોવરમાં, સંસ્થાએ સંપાદિત કરેલી ૧૦,૦૦૦ ચો.મી. ભૂમિને પોતાની પદરજથી પાવન કરી. ત્યારબાદ ગુજરાતી સમાજના સુવર્ણ

જયંતી પ્રસંગે આયોજિત સમારંભને શોભાવી જૂના મંદિરે પહોંચેલા તેઓ બોલ્યા: 'એના એ દરબાર ને એના એ ઓરડા. કશો જ ફેર નહીં. મૂર્તિઓ એની એ જ છે.'

તેને ભાવપૂર્વક વંદન કરી આમેર પધારેલા સ્વામીશ્રી અહીં સત્સંગી શ્રી રાજારામ બાબુના ઘરની સામે કાર્યરત સરકારી શાળામાં ધર્મલાભ આપી પુનઃ જયપુર આવી ગયા.

અત્રે તા. ૧૦/૩, શિવરાત્રિની સવારે તેઓના વરદહસ્તે માલવીય ઍપાર્ટમેન્ટમાં રચાયેલા સંસ્કાર ભુવનમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થતાં આ ગુલાબી નગરીનો મિજાજ ગરવો બની રહ્યો.

તેની વચ્ચે આજની સાંજે પચાર જવા નીકળેલા સ્વામીશ્રીને આત્મસ્વરૂપદાસ સ્વામીએ પૂછ્યું કે 'બાપા ! આપના અમૃત મહોત્સવે અમારે સંતોએ શું કરવું, જેથી આપની રુચિ પ્રમાણેનો ઉત્સવ ઊજવી શકાય ?'

'ઉત્સવ તો નિમિત્ત છે, બાકી ધર્મ-નિયમ કાયમ પાળવાના જ છે. મહારાજ-સ્વામીની દરેકના જીવમાં નિષ્ઠા થાય એ કરવાનું છે. સંત થયા એટલે કથા-વાર્તા, સેવા, ભજન-ભક્તિ બધાંમાં દૃઢતા કરવી.'

'સુહૃદભાવ દૃઢ કરવા માટે શું કરવું ?'

'મહિમા.' સ્વામીશ્રી તરત જ બોલ્યા. પછી ઉમેર્યું: 'બધા જાણે છે ને હું નથી જાણતો – એ ભાવ દૃઢ થાય તો મહિમા રહે. મહિમા હોય તો કદાચ કંઈ બોલવાનું થાય તોય આંટી ન પડે. આપણી રુચિ પ્રમાણે બધું થવાનું નથી. એટલે આપણી રુચિ પ્રમાણે થાય કે ન થાય, ભગવાનની રુચિ પ્રમાણે થાય એટલે ઘણું.'

'અમૃત મહોત્સવે સત્સંગની દૃઢતાવાળા હરિભક્તો તૈયાર થાય એવું રહે છે.'

સંતોની આ વાતને અનુમોદન આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

''મૂળ સમજવાની અને પછી સમજાવવાની જિજ્ઞાસા જોઈએ. શાસ્ત્રીજી મહારાજને જ્યાંથી મહારાજનો સિદ્ધાંત મળે છે એવું લાગ્યું ત્યાંથી મેળવ્યો. પાછા રાતોરાત બેસીને બીજાને વાત પણ કરી. એવા જે હોય એ તૈયાર થાય. જે મુમુક્ષુ છે એને માટે આ રીત છે. એને આ લગની લાગી જાય. સુખ-દુઃખ કે માન-અપમાન નડે જ નહીં. ભગતજી મહારાજે વિમુખ થઈનેય સ્વામીને અક્ષર કહ્યા. અત્યારે બધા સેવા કરે પણ કોઈ કંઈ કહે એટલે તરત

જ પાછો પડી જાય. શાસ્ત્રીજી મહારાજના વખતમાં તો ઉપાડ જ એવો કે અક્ષર-પુરુષોત્તમનો મહિમા સમજવો અને લોકોને સમજાવવો. એ જ તાન. વચનામૃત, વાતો, ચોસઠપદી, કીર્તનો બધું મોઢે અને એને આધારે નિરૂપણ થાય.

અત્યારે તો બહારનું નૉલેજ (જ્ઞાન) લેવા જઈએ ને અંદરનું રહી જાય. બહારનું વાંચ-વાંચ કરીને પણ પાયાનું જ્ઞાન દૃઢ થયું ના હોય તો શું કામનું? લેવાઈ જવાય. આપણું વાંચન હોય ને જ્ઞાન દૃઢ હોય તો જ અંતરમાં બળ રહે. સ્વામીએ લખ્યું કે 'વચનામૃત સિવાય બીજે માલ મનાય એ મોહ છે.' તે શું ગીતા-ભાગવતને ગૌણ કરવા કહ્યું? પણ પહેલું સ્વામિનારાયણનું દૃઢ કરો તો જ બીજું જ્ઞાન કામ લાગશે. બીજાં જ્ઞાન ખોટાં નથી, એય સારું છે, પણ આપણા માટે તો સત્પુરુષ કહે એ જ વેદવાક્ય! ગમે ત્યાં જઈએ, મહારાજ અને સ્વામીનો ઓડકાર આવવો જોઈએ.''

પચાર જતાં સ્વામીશ્રીએ પ્રચારની પ્રેરક વાતો સંભળાવી દીધી.

सबकी सेवा करे वो ही महंत

પચારના ગોલ્ડન કેસલ રિસોર્ટમાં રોકાઈને એક દિવસનો સત્સંગ-લાભ આપનારા સ્વામીશ્રી અહીંથી વિદાય લઈ તા. ૧૧/૩ની રાત્રે જોધપુર પહોંચ્યા.

અત્રે શાસ્ત્રીનગરમાં ગુણાનુરાગી શ્રી વ્યાસના ઘેર ઊતરેલા તેઓને મળવા તા. ૧૨/૩ની બપોરે દોઢેક વાગ્યે કેટલાક ગુજરાતી ભાવિકો આવ્યા. તેઓને સદુપદેશ આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'આપણે સૌએ ભેગા થવું. અનુકુળ હોય એ દિવસે અને એ સમયે સભા કરવી. રવિવારનો દિવસ હરવા-ફરવા નહીં, પણ ભગવાન ભજવા માટે છે. એ કરવાથી આપણી મહત્તા વધે ને સુખ-શાંતિ રહે.'

આ શબ્દો સાથે જોધપુરમાં અઠવાડિક સભાનું બીજ વાવતા સ્વામીશ્રી આજની સાંજે ગીતાભુવન ખાતે યોજાયેલી જાહેર-સભામાં પધાર્યા ત્યારે અત્રે તેઓના આશીર્વાદ પામી સાંસદ શ્રી અશોક ગેહલોતે[૪૬] કૃતાર્થતા અનુભવી.

આવી જ અનુભૂતિ તા. ૧૩/૩ની સવારે અહીં આયોજિત એક વિશિષ્ટ સભામાં પિલાની વિશ્વવિદ્યાલયના સલાહકાર શ્રી એ. ડી. વૉરાએ વર્ણવી. ભારતીય વિદ્યાભવનનું પણ ઉપ-પ્રમુખપદ ધરાવતા આ મહાશયે જણાવ્યું: 'मैंने १५ साल पहले स्वामीजी का दर्शन नाईरोबी में किया था। आज भी

૪૬. તેઓ સમયાંતરે રાજસ્થાનના મુખ્યમંત્રી બનેલા.

उतनी ही स्फूर्ति मैं देख सकता हूँ। मैंने आपके चरणों का स्पर्श किया और आपने सर पे हाथ रखा तब आपकी पोटेन्शियल (शक्ति) का जो संचार हुआ उसका मैं शब्दों में वर्णन नहीं कर सकता।'

સ્વામીશ્રીનાં શબ્દ અને સાંનિધ્યની જેમ તેઓનો સ્પર્શ પણ અંતર ઝંકૃત કરે તેવો જ રહેતો. તેનો આસ્વાદ આજની સાંજે પાલીના રહીશોને પણ ચાખવા મળ્યો.

આ નગરમાં તા. ૧૪/૩ની બપોરે શ્રી ચેતનસિંહ ઝાલાના ઘેર રખાયેલા ઉતારે બિરાજમાન સ્વામીશ્રીને એક ખબરપત્રીએ પૂછ્યું: 'हमने सुना है कि गुरुपद अभिशाप है। ऐसा क्यों?'

'जो खुद अपने आप गुरु हो जाता है उसके लिए गुरुपद अभिशाप है। लेकिन जो गुरु की आज्ञा से पद लेते हैं, उनके लिए अभिशाप नहीं है। और जो गादी पर बैठे वो ही गुरु हैं ऐसा नहीं है, लेकिन जो सबकी सेवा करे वो ही महंत है।'

સ્વામીશ્રીની આ સ્પષ્ટતા પત્રકારને પ્રભાવિત કરી ગઈ.

આ વાત હૃદયમાં લખી રાખો

તા. ૧૪/૩ની સાંજે પાલીમાં યોજાયેલી જાહેર-સભામાં જતાં પૂર્વે સ્વામીશ્રી કેસરકુંજમાં રખાયેલા સંતોના ઉતારે જઈ પહોંચ્યા. અહીં સંકુલના માલિક સાથે સઘળે પગલાં કરવા નીકળેલા તેઓની નજરે કેટલાંક અસ્તવ્યસ્ત પોટલાં ચડ્યાં. તે જોઈ તેઓના મનમાં ધસી આવેલાં અણગમાનાં વાદળાં તા. ૧૫/૩ની સવારે વરસી પડ્યાં.

આ સમયે અલ્પાહાર કર્યા બાદ સામે બેઠેલા કેટલાક દર્શનાર્થીઓને નજીક બોલાવતાં સ્વામીશ્રી કહેવા લાગ્યા:

''અહીં આવો. તમને એમ કે 'પ્રવચન કરતાં આવડ્યું, લખતાં આવડ્યું, વાજાં વગાડતાં આવડ્યું, એટલે બધું આવી ગયું!' પણ કાલે હું ત્યાં ગયો હતો. મેં જોયું તો મરઘાં પીંખ્યાં હોય એમ પોટલાં પડ્યાં હતાં. ગાદલાં એમનાં એમ હતાં. ઓરડો આજે સાફ કર્યો? આ વસ્તુ જીવમાં ઊતરવી જોઈએ. ખઈને જાવ છો ત્યારે 'સાફ કરવું, વાસણ સરખાં મૂકવાં' એવું નથી! સ્વચ્છતા, પવિત્રતા, વિવેક, મર્યાદા એ બધું શીખો. આ ટેવ મંદિરમાં પણ નહીં જ હોય, એટલે જ અહીં એવું ને એવું રહે છે. ઊઠ્યા ત્યારથી પથારી વાળીને મૂકી દેવી.

જ્યાં જાવ ત્યાં સ્વચ્છતા રાખવી. જાનૈયા જેવું નહીં. ટેવ પાડો. અમુક ક્રિયા શીખ્યા એટલે પૂર્ણ ના સમજવું. મંદિરમાં ટેવ પાડશો તો બહાર થશે.

દેશ-પરદેશ જ્યાં જઈએ ત્યાં પોતાનું ને બધાનું વ્યવસ્થિત રાખવું. આ વાત હૃદયમાં લખી રાખો. અત્યારે ને અત્યારે જાવ. બધી રૂમો સાફ કરી નાંખો. હું હમણાં જોવા આવું છું.''

અંદર કે બહાર – સ્વામીશ્રીને ક્યાંય ગંદુ-ગોબરું ન ગમે. નિયમિત અને વ્યવસ્થિત, સ્વચ્છ અને સુઘડ સંત-સત્સંગી તેઓની પ્રસન્નતાનું પાત્ર બનતો.

મહારાજ-સ્વામી મળ્યા એ જ મોટામાં મોટું નોબલ (પ્રાઈઝ)

તા. ૧૫/૩ની સવારે પાલીથી વિદાય લઈ આબુ જઈ રહેલા સ્વામીશ્રીએ રસ્તામાં શિરોહી, ઝાડૌલી, પિંડવાડા, કોજડા અને પેશવા ગામોની મુલાકાત લીધી. આ જગ્યાઓમાં ચાલી રહેલું લંડન મંદિરના પથ્થરોનું ઘડતરકામ તેઓએ જે-તે સ્થળે જઈને રસપૂર્વક નિહાળ્યું. તે વખતે એક-એક કારીગર પાસે જઈ તેના શિરે પુષ્પો વેરનારા સ્વામીશ્રીએ પિંડવાડામાં તો સભા ભરી ધર્મલાભ પણ આપ્યો. આમ, ટાંકણાઓની ટચ-ટચ, જનરેટરોના ઘરઘરાટ અને ધોમ ધખતા તાપના ત્રિભેટે ઊભા રહી મંદિર-નિર્માણને વેગ આપતાં સ્વામીશ્રી રાત્રે આઠેક વાગ્યે આબુ આવી ગયા.

અત્રે તેઓના આગમનથી છાત્રાલયના બાળકોમાં ખુશીની લહેર ફરી વળી. તેથી સ્વામીશ્રીનાં પ્રાતઃપૂજા, ભોજન, ભ્રમણ વગેરે દરેક કાર્યક્રમોમાં બાળ-કલરવ જ ગુંજતો રહ્યો. તેની વચ્ચે સ્વામીશ્રી અહીંના સંભવિત સંકુલની ભૂમિનું નિરીક્ષણ કરવાના હેતુથી તા. ૧૬/૩ની સવારે સાલગાંવ પધાર્યા.

અત્રે ડુંગરાળ ઢોળાવો પર જવા ડોલીમાં બિરાજેલા તેઓનો આ પર્વત-પ્રવાસ લગભગ બે કલાક સુધી ચાલ્યો. તે દરમ્યાન એક શમી વૃક્ષની પાંખી છાયામાં બિરાજી સ્વામીશ્રીએ સંબંધિત સંતો સાથે જમીનના નકશા પણ નિહાળ્યા. આ સમગ્ર કાર્યવાહી બાદ, છેલ્લે જ્યારે તેઓની ડોલી તળેટીમાં રહેલી ગાડી પાસે મુકાઈ ત્યારે ડોલી ઊંચકનારા બાબુસિંગ તો સ્વામીશ્રીના ખોળામાં માથું મૂકતાં બોલ્યા : 'स्वामीजी ! आज आपकी सेवा की। आज से मैं प्रतिज्ञा करता हूँ कि कभी मांस नहीं खाऊँगा।'

સ્વામીશ્રીની પવિત્રતાનો આ પરચો સૌ દંગ થઈ જોઈ જ રહ્યા, કારણ કે આજના વનવિહાર દરમ્યાન સ્વામીશ્રીએ વ્યસન છોડવા સંબંધી એક હરફ

સુધ્ધાં ઉચ્ચાર્યો નહોતો, છતાં તેઓનું સાંનિધ્ય મળવામાત્રથી આ પરપ્રાંતીય પલટાઈ ગયેલો !!

આમ, પોતાના સંગથી અનેકના રંગ બદલનારા સ્વામીશ્રી આજની બપોરે વિશ્રામમાં જવા ઊભા થવાની તૈયારીમાં હતા. તે વખતે કેટલાક અગ્રણી હરિભક્તોની ઇચ્છા પ્રદર્શિત કરતાં સંતોએ કહ્યું : 'બાપા ! આપને નોબલ પ્રાઇઝ મળે એવી...'

'જુઓ, મારે તો મહારાજ-સ્વામી મળ્યા એ જ મોટામાં મોટું નોબલ છે. બીજા કોઈ પ્રાઇઝની મારે જરૂર નથી.' વાત હજી આગળ વધે તે પહેલાં જ આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું :

'એ પ્રાઇઝ મળ્યું તોય શું ને ન મળ્યું તોય શું ! આપણે તો ભગવાન ને સંત મળ્યા ને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો રાજીપો મળ્યો છે, એથી વિશેષ કંઈ આ નોબલમાં છે ? જો હોય તો લઈએ.'

'જો આપને આ પ્રાઇઝ મળે તો લોકો વગર દાખડે આકર્ષાય અને પ્રચાર થાય.'

'આપણે સાધુતા રાખીને ભજન કરશું તો આપોઆપ બધા આકર્ષાશે. નોબલથી આકર્ષાય એનો અર્થ શું ?' મૂળ મુદ્દો સમજાવતાં સ્વામીશ્રી બોલ્યા. વળી, જણાવ્યું :

'આપણે તો મહારાજ ને સ્વામી રાજી એટલે બ્રહ્માંડ રાજી. એનાથી પ્રતિષ્ઠા વધે એ જ સાચી, બાકી આ દુનિયાનાં ઇનામોથી કોઈ પ્રતિષ્ઠા વધતી જ નથી. માટે એ વિચાર કરશો જ નહીં. આપણે તો જે ભજન કરીએ છીએ એ જ બરાબર છે.'

બ્રહ્મખુમારીમાંથી નીકળેલા સ્વામીશ્રીના આ અભિપ્રાય સામે કોઈ કશું જ બોલી ન શક્યું. *'જેના મનમાં મોહ ન લેશ...'* સમા સ્વામીશ્રીને સૌ મુગ્ધ થઈને નીરખી રહ્યા.

અંબાજીના આંગણે

તા. ૧૬/૩ની સાંજે છાત્રાલયનું નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રીએ ટેબલટેનિસ, ક્રિકેટ, બૅડમિન્ટન વગેરે રમતોમાં ભળી છાત્રોને ખૂબ આનંદ પમાડ્યો.

આવા બ્રહ્માનંદની લહાણી કરવા જ વિચરતા તેઓ તા. ૧૭/૩ની

સવારે પ્રસિદ્ધ અને પુરાતન તીર્થધામ અંબાજી પધાર્યા. અહીં તેઓને આવકારવા કલેક્ટર શ્રી શાહ, નાયબ કલેક્ટર શ્રી રાવ, કાયદા સચિવ શ્રી આચાર્ય, ઉપસચિવ શ્રી ગાંધી તથા યજમાનો શ્રી કિરણભાઈ મહેતા વગેરે ઉપસ્થિત હતા. આ મહાનુભાવ-મંડળનું અભિવાદન ઝીલી કોળીમંડપમાં પહોંચેલા સ્વામીશ્રીનું પૂજન પૂજારી શ્રી ભટ્ટે કર્યું.

તે સ્વીકારી દર્શન કર્યા બાદ સ્વામીશ્રી મંદિરના ઘુમ્મટ નીચે પધાર્યા ત્યારે અત્રે આશરે સાડા છ ફૂટ ઊંચો સુવર્ણકળશ મૂકવામાં આવેલો. તેને સુવર્ણજડિત કરવાની સેવા સ્વામીશ્રીના માર્ગદર્શન મુજબ નૈરોબીના શ્રી અજયભાઈ શાહે કરેલી. કળશ પર સુવર્ણ મઢનારા સત્સંગીઓ શ્રી ઘનશ્યામભાઈ સોની અને શંભુભાઈ ટાંક પણ સ્વામીશ્રીની આજ્ઞાથી જ આ કાર્ય માટે અહીં આવેલા.

આ રીતે ગુજરાતના આ પ્રતિષ્ઠિત ધર્મસ્થાનના ઉત્કર્ષ માટે સ્વામીશ્રીએ આપેલો સહયોગ સૌનાં અંતરમાં અહોભાવ જન્માવી ગયેલો. તેથી સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા જ કળશની પ્રથમ પૂજા થાય એવી અભિલાષા સેવતા કંઈક હોદ્દેદારો અને ભાવિકોની હાજરીમાં સ્વામીશ્રીએ વિધિવત્ કળશ પૂજન કર્યું. આ પ્રાસાદિક કળશ સમયાંતરે શિખર પર પ્રસ્થાપિત થયો.

તે દ્વારા ધર્મની કાંતિને વિશેષ ઝળહળાવતા સ્વામીશ્રી અંબાજીની મૂળ ગાદીએ દર્શન-આશીર્વાદનો લાભ આપી અંબાજી મારબલ્સના પરિસરમાં પહોંચ્યા. અત્રે ચાલતી લંડનના મંદિરની કેટલીક કાર્યવાહી નિહાળી તેઓએ ભોજન-વિશ્રામ પણ આ સંકુલના બંગલામાં જ લીધાં.

આમ, આબુ-અંબાજીના પ્રદેશને પાવન કરતાં, સ્વામીશ્રી તા. ૧૭/૩ની સાંજે સાબરકાંઠામાં પ્રવેશ્યા.

આપણું મૂળ આ છે

તા. ૧૮/૩ની સવારે સ્વામીશ્રીએ મોડાસાના સ્વામિનારાયણ નગરમાં નિર્માણ પામેલા મંદિરને જનહિતાર્થે ખુલ્લું મૂક્યું ત્યારે ઊઠેલા જયનાદોથી સમગ્ર સાબરકાંઠો ગુંજી ઊઠ્યો. તળ મોડાસા તથા આસપાસનાં ગામો અને આ પ્રદેશના મુંબઈ વસતા કંઈક ભક્તોના સહકારથી તૈયાર થયેલા આ મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી, સ્વામીશ્રી રમણભાઈ પટેલના

ઘેર ઠાકોરજી જમાડવા બિરાજ્યા.

તે વખતે સંસ્થાકીય સામયિક 'પ્રકાશ'માં ચાલી રહેલી 'વચનામૃત' અને 'સ્વામીની વાતો' સંબંધી લેખમાળાની વાત નીકળતાં ઈશ્વરચરણદાસ સ્વામી બોલ્યા: 'જો સંપ્રદાયના ગ્રંથોની દૃઢતા થાય તો જ કામનું. એમાંથી જ બધું મળી રહે.'

આ અભિપ્રાયને પૂર્ણ ટેકો ધરતાં સ્વામીશ્રીએ પણ કહ્યું: 'એના ઉપર માસ્ટરી (પ્રવીણતા) આવે તો બધું જ થઈ જાય. મહારાજ-સ્વામીના ગ્રંથો વારે-વારે વાંચ્યે રાખે તો એમાંથી જ બધું સમાધાન મળી જાય ને બીજાના વિચારોની અસર ના થાય. કોઈ પ્રસંગ બની જાય તો આત્મદૃષ્ટિ થાય, મૂંઝાઈ ન જાય. આ તો બધે જ ડબકાં નાંખે, પણ પહેલું સંપ્રદાયનું જ્ઞાન તો જોઈએ જ! જો યોગીબાપાનું જીવનચરિત્ર અંદરથી વાંચે તો બીજું વાંચવાનું જ રહે નહીં. બીજું વાંચ્યા કરે પણ આ વાંચ ને! આપણું મૂળ આ છે. આ આપણો બેઝ (પાયો) છે.'

અમે કંઈ પૈસા સારુ પધરામણી નથી કરતા

મોડાસાને મંદિરની મોજ આપી તા. ૨૦/૩ની સવારે ભદ્રેસર પહોંચેલા સ્વામીશ્રી અહીં જે. જે. દેસાઈ હાઈસ્કૂલનું ઉદ્‌ઘાટન કરી વડાલી પધાર્યા.

અત્રે આઝાદ ચોકના એક મકાનમાં તૈયાર થયેલા સંસ્કાર ભુવનમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી તેઓ રાત્રે આઠ વાગ્યે ખેડબ્રહ્મા પહોંચ્યા.

અહીંના એક મુમુક્ષુ 'મારે ત્યાં સ્વામીશ્રી પધારે' તેવી ઇચ્છા સાથે બે મહિનાથી ધારણાં-પારણાંનું વ્રત લઈ બેઠેલા. એટલું જ નહીં, કોઈને પૂછ્યા-ગાછ્યા વિના તેઓએ પોતાની દુકાનના ઉદ્‌ઘાટન નિમિત્તે 'સ્વામીશ્રી આવવાના છે' તે મતલબની આમંત્રણ પત્રિકાઓ પણ વહેંચી દીધેલી. પરંતુ જો આ એક પધરામણી થાય તો અન્ય ઘણાની લાગણી દુખાય એમ હોવાથી, આ વિચિત્ર પરિસ્થિતિના પેચ ઉકેલવા સ્થાનિક સંતો મથામણ કરી રહેલા, છતાં કોકડું ઊકલતું નહોતું.

તે જાણી સ્વામીશ્રીએ તા. ૨૧/૩ની સવારે પેલા દુકાનદાર ભાવિકને બોલાવી કહ્યું: 'અમારે તમારે ત્યાં આવવામાં કંઈ વાંધો નથી. પહેલાં તો જતા જ હતા ને! પરંતુ આ બાબતમાં મનદુઃખ થાય, કુસંપ થાય તો મારું અહીં આવવું શું કામનું? માટે જેને-જેને મનદુઃખ હોય એ બધાને ભેગા કરો. એ

માની જતા હોય તો જ હું આવું. અમે કંઈ પૈસા સારુ પધરામણી નથી કરતા.'

સ્વામીશ્રીની આ નિઃસ્વાર્થ ભાવનાએ સૌમાં સંપનો સંચાર કર્યો. તેથી પરસ્પર મનમેળ સધાતાં તેઓ દુકાનના ઉદ્‌ઘાટન નિમિત્તે પધાર્યા.

આમ, વિસંવાદિતા ઊભી થાય એવું એક પણ પગલું ન ભરનારા સ્વામીશ્રીએ તા. ૨૩/૩ની સવારે ખેડબ્રહ્માના વિખ્યાત અંબાજી મંદિરે દર્શન કરી સાડા દસ વાગ્યે હિંમતનગરના રાજદરબારને પાવન કર્યો.

અહીં રાજવી સત્કાર સ્વીકારી મંદિરે પધારેલા તેઓ બારમા પાટોત્સવની આરતી ઉતારી આજની સાંજે ગાંધીનગર અને કેરાળાને પાવન કરતાં સારંગપુર આવી પહોંચ્યા.

સત્સંગમાં દુઃખ સ્વભાવનું

સારંગપુરમાં રચાયેલી પ્રાગજી ભક્ત જયંતી, ફૂલદોલોત્સવ અને દીક્ષાપર્વની ઉત્સવ-ત્રિવેણીમાં ડૂબકી લગાવવા ભાગવતી દીક્ષા લેનારા ૭૭ પાર્ષદો અને પાર્ષદી દીક્ષા લેનારા ૨૫ સાધકો થનગની રહેલા. આ દીક્ષાર્થીઓના નૂતન નામાભિધાન માટે અધ્યાપક સંતોએ તા. ૨૫/૩ની સવારે સ્વામીશ્રી સમક્ષ નામ લખેલી ચિઠ્ઠીઓ ધરી. તેમાંથી એક પછી એક ચિઠ્ઠીઓ ઉપાડીને નામ પસંદ કરવાનાં હતાં. પરંતુ તે પ્રક્રિયા પૂર્વે બધી જ ચિઠ્ઠીઓને પોતાના ખોબામાં લઈ મૂર્તિને અડાડતાં સ્વામીશ્રી બોલ્યા : 'જય મહારાજ ! બધા સંતો ભગવાનનું ભજન કરીને સુખિયા થાય, કોઈનામાં દોષ, સ્વભાવ ન રહે અને સૌ ભણી-ગણીને સર્વોપરી થાય.'

આ ભદ્રભાવના સાથે તેઓએ માત્ર એ ચિઠ્ઠીઓને જ નહીં, પરંતુ ૧૦૨ દીક્ષાર્થી સંતો-પાર્ષદોને જાણે પોતાની ફૂલગુલાબી હથેળીમાં લઈ શ્રીજીમહારાજનાં ચરણે મૂકી દીધા !

તે પછી થયેલા નામાભિધાનના વિધિ બાદ સ્વામીશ્રી તા. ૨૬/૩ની સવારે પોતાના આ માનસપુત્રોને દીક્ષિત કરવા મહાપૂજામાં બિરાજ્યા. તે વખતે મંદિર પરિસરના નદી બાજુ આવેલા મેદાનમાં બેઠેલા પ્રત્યેક હરિભક્ત આનંદનાં મોજાં પર સવાર હતા. સ્વયં સ્વામીશ્રી પણ હુલસી રહેલા. શિખાવર્જિત મુંડન સાથે ઉપમંચ પર બેઠેલા દીક્ષાર્થીઓનીયે એ જ સ્થિતિ હતી. આવા ઉલ્લાસભર્યા વાતાવરણમાં સ્વામીશ્રીએ ઠાકોરજીનું પૂજન કર્યું, પરંતુ ચાંદલો સહેજ મોટો થઈ જતાં તેઓએ ગુલાબની પાંખડી વડે હળવે હાથે

તેને સપ્રમાણ કરી દીધો.

આવા જ હેતભાવથી સ્વામીશ્રીએ જ્યારે નવદીક્ષિતોને ચંદન ચર્ચી ગુરુમંત્ર આપ્યો ત્યારે પુત્રનું મુખ પ્રથમ વાર જોતાં પિતાના ચહેરા પર જે આનંદ છલકાઈ આવે, તેની ઝાંખી આજે સ્વામીશ્રીનું મુખારવિંદ કરાવી રહ્યું. યુવાનોને પાર્ષદના પરિવેશમાં અને પાર્ષદોને સંતના સ્વાંગમાં જોઈ તેઓ હરખી રહ્યા. એ હરખ તેઓએ આશીર્વાદરૂપે વરસાવ્યો કે –

'આજના ઉત્સવની પણ જય! આજે દીક્ષા લેનારની પણ જય! અને અર્પણ કરનારાં માતા-પિતાની પણ જય! તમે બધાએ દીક્ષા મહોત્સવ નિહાળ્યો, એમની પણ જય!

આજે દીક્ષા લેનાર યોગીજી મહારાજના સંકલ્પમાં ભળ્યા છે તો એમને અખંડ શાંતિ વર્તે ને માતા-પિતાને એમની ખોટ વર્તાય નહીં એ પ્રાર્થના. સત્સંગમાં બધી જાતનું સુખ છે, પણ સ્વભાવનું દુઃખ છે. તે ટાળવા ખટકો જોઈએ. દરેકનો મહિમા સમજવો. કોઈનો અભાવ-અવગુણ નહીં. જે સેવા આવે તે કરવી, તો સારધાર જીવન પૂરું થઈ જાય. જોગી મહારાજને રાજી કરવા છે અને એકાંતિક ધર્મ સિદ્ધ કરીને ભગવાનની સમીપે રહેવું છે – એવો સંકલ્પ રાખીએ તો બધું સાનુકૂળ થઈ જાય.'

આ આશીર્વર્ષા સાથે દીક્ષા સમારોહ વિરમ્યો ત્યારે પ્રત્યેક નવદીક્ષિત અને સભાસદ *'સ્વામી વરસ્યા અનરાધારે...'*નો અનુભવ કરી રહ્યા.

નમ્રતાનો નૂતન પ્રકાર

દીક્ષા સમારોહ બાદ એ જ દિવસની સાંજે એક સંસ્થાકીય મીટિંગમાં બિરાજેલા સ્વામીશ્રી, ત્રણેક કલાકની આ સુદીર્ઘ બેઠક પૂર્ણ કરી ટ્રસ્ટીઓને વારાફરતી મળવા લાગ્યા. તે જ વખતે સેવામાં રહેલા એક ડૉક્ટર નજીક આવતાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'હમણાં તમે વળી ક્યાં વચ્ચે આ'યા?'

'મીટિંગ પછી નાડીનું કેમ છે એ તપાસવા આવ્યો છું.'

'અમારે તો શું થવાનું છે? થાય તો ડૉક્ટરને થાય. અમે તો મીટિંગ પતી નથી ને આ ઉતારી દીધું માથેથી, એટલે પૂરું થયું!'

આમ કહેતાં, હસી પડેલા સ્વામીશ્રીના એ હાસ્યમાં *'હરિની થાપણ હરિને સોંપી, હળવે મન થઈને રહેવું...'*ની તેઓની સ્થિતિ ઝળકી રહી.

આ જ હળવાશથી તેઓએ તા. ૨૭/૩ના રોજ ફૂલદોલોત્સવ ઊજવ્યો.

કાઠિયાવાડના નપાણિયા પ્રદેશમાં પણ આ ઉત્સવે, મંચ પર વરતાલ ગામની ફૂલવાડી સર્જી દીધેલી. તેમાં આંબાની ડાળે બાંધેલા હિંડોળામાં મહારાજ અને સ્વામીશ્રી ઝૂલી રહ્યા. આ દિવ્ય દર્શન માણવા ઊમટેલા હજારો હરિભક્તોને રંગવા આ વર્ષે મયૂરાકાર ખુલ્લી ગાડીમાં બિરાજેલા સ્વામીશ્રીએ અડધો કલાક સુધી સમગ્ર મંડપમાં ફરી રંગની ધૂમ મચાવી.[૪૭]

આ ઉત્સવ-રંગ માણ્યા બાદ પોતાનાં કેન્દ્રો ભણી જઈ રહેલા સંતો-ભક્તોમાં એક કોઠારી સ્વામી પણ હતા. તેઓ વિદાયનાં દર્શન કરવા આવ્યા ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'કોઠારી ! અમૃત મહોત્સવ સાદાઈથી ઊજવવા માટે આપ્યો છે. તમારી આગળ વાતો તો આવશે જ કે 'મોટા ગેઈટ (પ્રવેશદ્વાર) કરવા છે ને આવું કરવું છે ને તેવું કરવું છે;' પણ આપણે એવું કંઈ કરવું નથી. ઉત્સવના દિવસો પણ વધારવા નથી. તમે કડક રહેજો. બીજી માથાકૂટ કરશો જ નહીં.'

યોગી શતાબ્દી અને શ્રીજીમહારાજ તથા ગુણાતીતાનંદ સ્વામીના દ્વિશતાબ્દી મહોત્સવોની ઉજવણીમાં કોઈ કસર ન છોડનારા સ્વામીશ્રી, પોતાના ઉત્સવ વખતે પ્રથમથી જ સૌને સકંજામાં લઈ રહેલા. તેઓની નમ્રતાનો આ નૂતન પ્રકાર સૌને આંજી ગયો.

કરુણાજળથી કૂવા છલકાયા

સતત પરિભ્રમણ કરતા રહેવાને કારણે સ્વામીશ્રીને પીડિતોના પોકાર ઝટ સંભળાતા. તેમાંયે તાજેતરમાં થયેલા સૌરાષ્ટ્ર અને સાબરકાંઠાના વિચરણ દરમ્યાન પાણીની તંગીનો પ્રશ્ન તેઓની નજરે ચઢેલો. લગભગ પોણા ત્રણ કરોડ એકરનું ક્ષેત્રફળ ધરાવતા સૌરાષ્ટ્રની ભૌગોલિક રચના, ઊંધી કથરોટ આકારની હોવાથી ગમે તેટલો વરસાદ વરસે, પરંતુ અહીં ૮૫% પાણી તો દરિયાભેગું જ થઈ જાય. બાકી બચતો ૧૫% જળસ્રોત પણ જમીનમાં કેટલો ઊતરતો અને નદી-તળાવમાં કેટલો ભરાતો તે કલ્પનાનો જ વિષય ! વળી, જેટલું ભોંમાં સંગ્રહાય તેથી ઉલેચાય વધારે. તેથી જળ-તળ ઊંડાં ઊતરવાને

૪૭. સ્વામીશ્રીના સાંનિધ્યમાં સારંગપુરમાં ઊજવાયેલા દીક્ષા અને ફૂલદોલના ઉત્સવોની રંગત માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

કારણે તે ભાગોમાં દરિયાનું ખારું પાણી પ્રવેશી જતાં, આ અરસામાં સૌરાષ્ટ્રની જ ૨૫ લાખ એકર જમીન ક્ષારભૂમિ બની ગયેલી અને ૪૦,૦૦૦ કૂવા ખારાં જળથી ઊભરાઈને નિરર્થક થઈ ગયેલા. સૌરાષ્ટ્ર ઉપરાંત ઉત્તર ગુજરાત, કપડવંજ, પંચમહાલ, કચ્છ જેવાં સ્થળોમાં પણ વત્તે-ઓછે અંશે આવી પરિસ્થિતિ હતી.

તેના ઉકેલરૂપે સ્વામીશ્રીએ ફૂલદોલોત્સવની સભામાં ખેડૂતોને કૂવા રિચાર્જ (પુનર્જીવિત) કરવાની હાકલ મારતાં કહેલું કે 'જળસંચય અભિયાનનો પૂરો અમલ કરીએ. થોડી શ્રદ્ધા રાખવી. જલદી કામ થાય તેમ નથી. માટે પ્રયત્ન પૂરો કરીએ.'

આ અપીલની સાથે નક્કર કાર્ય કરવાનો સિદ્ધાંત ધરાવતા તેઓએ, કૂવા રિચાર્જ કરવા સંબંધી માર્ગદર્શન આપતાં ચોપાનિયાં પણ તૈયાર કરાવેલાં, કારણ કે કૂવાઓને રિચાર્જ કરવા વહેતું વરસાદી પાણી પાઈપલાઈન દ્વારા કૂવામાં ઠાલવવાની પ્રક્રિયા કેટલાક ખેડૂતોના ગળે ઝટ ઊતરે તેમ નહોતી. તેઓના મનમાં દહેશતો ઘૂમરાતી કે 'અમારા કૂવા ધોવાઈ જાય, સેર્ય બુરાઈ જાય... કૂવામાંથી પાણી કાઢવાનું હોય કે નાંખવાનું હોય ?...' વગેરે.

આવી શંકાઓને તોડવાનો પ્રયત્ન પથ્થર તોડવા જેટલો જ કઠણ હતો. તે સમજીને જ સ્વામીશ્રીએ જળસંચય અભિયાનની અગત્ય સમજાવતી પત્રિકાઓ તૈયાર કરાવેલી. તેની ૧૫,૦૦૦ નકલો તો ફૂલદોલોત્સવ વખતે જ વહેંચાયેલી. વળી, સ્વામીશ્રીએ સ્મૃતિમંદિરની પાછળના મેદાનમાં, કૂવાઓને રિચાર્જ કરવાનું નિદર્શન પણ ગોઠવાવેલું. તે દ્વારા કૂવા રિચાર્જની પ્રક્રિયા અને પરિણામ જાણ્યામાં આવતાં સૌ આ કાર્ય માટે તત્પર થવા લાગ્યા. સૌની આ જાગૃતિમાં વિશેષ પ્રાણ ફૂંકવા સ્વામીશ્રીએ સંતો-કાર્યકરોને પણ ઘરોઘર તથા ગામોગામ મોકલ્યા.

આમ, સમાજની ફૂલવાડીને લીલીછમ રાખવા તેઓએ સમાજસેવાની વધુ એક સરવાણી વહેવડાવી દીધી. તેથી માત્ર બે મહિનાના ટૂંકા ગાળામાં જ રાજકોટ, જૂનાગઢ, ભાવનગર, અમરેલી, જામનગર, સાબરકાંઠા વગેરે જિલ્લાઓનાં ૨૪૦ ગામોમાં ૪,૫૯૩ કૂવા રિચાર્જ થયા અને સેંકડોની સંખ્યામાં હાથડંકીઓ પુનર્જીવિત થઈ. ૪૦૦ ફૂટ ઊંડા છતાં જળશૂન્ય રહેલા કંઈક બોર ૨૪ કલાક ભૂગર્ભજળ ઉલેચતા થઈ ગયા. આ માટે સંસ્થા તરફથી ૬૮,૫૦૦ ફૂટની સિમેન્ટ પાઈપોનું પણ વિતરણ કરવામાં આવ્યું.

તેથી જ્યારે વરસાદ પડ્યો ત્યારે રિચાર્જ થયેલા કૂવામાં ઠલવાતાં પાણીને જોવા ગામોગામ ટોળાં ઊમટવા લાગ્યાં. તે વખતે કૂવામાં પડતો મોટો જળધોધ જોઈ દરેકના મુખ પર આનંદ પ્રસરી જતો. તે કારણે અનેક સામાજિક શ્રેષ્ઠીઓએ સંસ્થાના આ તાકીદના કાર્યને બિરદાવ્યું. રાજ્ય સરકારે તો વિધાનસભાના ચાલુ સત્રમાં આ કાર્યની નોંધ લઈ સંસ્થા અને સ્વામીશ્રીની સરાહના કરી.

માયિક કાર્ય બંધ થઈ ગયું !

તા. ૨૯/૩ની રાત્રે ભોજન ગ્રહણ કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ જેનું પઠન શરૂ થયું તે 'પૂર્ણત્વમ્' એટલે સારંગપુરની પાઠશાળામાં સંસ્કૃત ભાષાનો પ્રારંભિક અભ્યાસ પૂર્ણ કરનારા સંતોની વિવિધ રચનાઓનું સંકલન. આ સંગ્રહમાં સ્વામીશ્રીનાં ગુણો, કાર્યો, લાક્ષણિકતાઓ વગેરે ગૂંથીને એક સંતે બનાવેલી ૧૦૮ નામ ધરાવતી 'પ્રમુખ નામાવલી' પણ સામેલ હતી. આજે તેના પાઠ દરમ્યાન, આંખોમાં લૅન્સ અને મુખમાં ચોકઠાં પહેરતા સ્વામીશ્રીનું વર્ણન કરતાં જે લખાયેલું તે આમ વંચાયું કે – 'कृत्रिमनेत्रमणिधारकाय नमः... कृत्रिमदन्तपङ्क्तये नमः...'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'આ બધું લખ્યું છે એય કૃત્રિમ જ છે ને ! ભગવાનનાં ૧૦૮ નામમાં બધું આવી ગયું. આવું જુદું-જુદું કરવાની કંઈ જરૂર નથી. કાલે ઊઠીને લોકો એકબીજાનાયે બનાવશે. માટે મહારાજનું મહત્ત્વ રાખવું. એમાં બધું આવી ગયું ! બીજાનું મહત્ત્વ માનવું જ નહીં.'

સ્વામીશ્રીના આ પ્રતિભાવમાંથી તેઓની પરાભક્તિ પ્રકાશી રહી.

તેનો ઉજાશ તા. ૧/૪ની સવારે ઝીંઝાવદરમાં રેલાયો. અત્રે પ્રાથમિક શાળાના ઉદ્‌ઘાટન અને એક નાનકડા ઓરડા જેવા મંદિરના પાટોત્સવને શોભાવી સ્વામીશ્રીએ અલૈયાખાચરના પ્રાસાદિક દરબારમાં દર્શન કર્યા બાદ ગઢડાની વાટ પકડી.

આ રસ્તે આવેલા નિંગાળાને ન્યાલ કરતાં ગઢપુર પહોંચેલા તેઓ, તા. ૨/૪ની સવારે હનુમાનજી-ગણપતિજીની મૂર્તિપ્રતિષ્ઠા કરવા ઉગામેડી પધાર્યા.

આ નિમિત્તે યોજાયેલી સભામાં જ્યાં સ્વામીશ્રીનાં પગલાં પડ્યાં ત્યાં જ વીજળી ગુલ થતાં માઇક બંધ થઈ ગયું. તે જોઈ કોઈએ કહ્યું : 'સ્વામી ! આપને પગલે લાઇટ ગઈ.'

'માયિક કાર્ય બંધ થઈ ગયું !' સ્વામીશ્રી બોલ્યા.

તેઓએ કરેલો 'માઈક' શબ્દનો આ શ્લેષ ઘણો જ માર્મિક હતો. જેમ સૂર્ય ઊગતાં જ અંધારું આથમી જાય તેમ પોતાના પગલે-પગલે માયા પરાભવ પામતી જાય છે તે રહસ્ય સ્વામીશ્રીના ઉપરોક્ત ઉદ્‌ગારમાંથી પડઘાઈ રહ્યું.

ચાલે ઉતાવળા ચટકે, ભૂધર ભાળ્યા છે

તા. ૨/૪ની સાંજે છ વાગ્યે ગઢડાથી નીકળેલા સ્વામીશ્રીની ગાડીને મોટા લિલિયા છ કિ.મી. છેટું રહ્યું ત્યારે સાયંભ્રમણ કરવાનો વિચાર કરીને સ્વામીશ્રી ગાડીમાંથી નીચે ઊતર્યા અને જલપાન બાદ તેઓ બૂટ ધારણ કરી ચાલવા લાગ્યા. તે વખતે નમતા પહોરનો સૂર્ય તેઓના મુખકમળને પોતાનાં તેજરશ્મિઓથી નવડાવવા માંડ્યો. દખણાદા પવનની તેજ ગતિ ધોતિયાની પાટલીને ફુગ્ગો બનાવતી ફગફગાવી રહી. સૂર્ય અને સમીરની આ સેવા-મસ્તીને આદર આપતા સ્વામીશ્રીએ, ડાબા ખભે ગાતરિયું આડસોડે નાંખીને એનો જમણી તરફનો છેડો કેડ ફરતે વીંટાળી દીધેલો. આ સ્વરૂપમાં સીધી સડકે ડગ દઈ રહેલા તેઓને નીરખતાં જ ગાવાનું મન થઈ આવે એમ હતું કે *'ચાલે સુંદર ગજગતિ ચાલ, લાજે નીરખીને રાજમરાલ...'*

આ રીતે ત્રણ કિ.મી.નો પંથ કાપી ગાડીમાં બિરાજેલા સ્વામીશ્રીએ સંધ્યા આરતી શરૂ કરી. તે પૂર્ણ થયાની થોડી વારમાં જ લિલિયાનું નવનિર્મિત મંદિર આવતાં તેઓએ ગાડી ત્યાં લેવડાવી. અહીં પહોંચતાં સ્વામીશ્રી ગાડીમાંથી નીચે ઊતર્યા ત્યારે તેઓના એક પગમાં બૂટ અને એક પગમાં ચંપલ હતાં ! આ દર્શન દેહની શુશ્રૂષાથી સ્વામીશ્રી કેટલા અભાન રહેતા તેનો પુરાવો બની રહ્યાં.

આવા દેહાતીત તેઓ તા. ૩/૪ની સવારે શ્રી કાંતિભાઈ શિંગાળાના ઘેર અલ્પાહાર કરવા બિરાજ્યા ત્યારે સારંગપુરના સંતો 'કાવ્યચિંતામણિ'ના આધારે સાખીઓનો મુખપાઠ બોલવા માંડ્યા. તે વખતે A૬ કરતાં સહેજ ઓછાં કદનાં સો-એક પાનાં ધરાવતી આ ટચૂકડી પુસ્તિકા સ્વામીશ્રીની દૃષ્ટિમાં આવી ગઈ. તેથી અલ્પાહાર બાદ મુલાકાતોથી પરવારેલા તેઓએ આ પુસ્તિકા જોવા માંગી ત્યારે મધુરવદનદાસ સ્વામીએ તે સ્વામીશ્રીને ધરી. તેમાં નિષ્કુળાનંદ સ્વામીના ગ્રંથોમાંથી ચૂંટેલી સાધનામાર્ગમાં ઉપયોગી થાય તેવી પંક્તિઓનો સંચય હતો. તે પર નજર ફેરવી સ્વામીશ્રીએ પોતાના પત્ર-

પરિચારકને કહ્યું: 'આવી ચોપડી મારા માટે મંગાવજો.'

સ્વામીશ્રીની આ મુમુક્ષુતા સૌને દંગ કરી ગઈ. સિદ્ધોના સિદ્ધ સમા તેઓ હજી સાધનાના પાઠ પાકા કરવા ઇચ્છતા હતા!

આ વખતે મધુરવદનદાસ સ્વામીએ કહ્યું: 'બાપા! આ પુસ્તિકા જ આપ રાખી લો. હું બીજી લઈ લઈશ.'

પરંતુ પુસ્તિકાના પ્રથમ પાને લખેલો આ સંતનો ત્યાગી ક્રમાંક જોઈ સ્વામીશ્રી પુસ્તિકા ગ્રહણ કરતાં ખચકાયા. પોતાનું પણ બીજાને આપી દેવાની પ્રકૃતિ ધરાવતા તેઓ, બીજાનું તો કેવી રીતે લઈ શકે? જો કે પુનઃ વિનંતી થતાં સ્વામીશ્રીએ સ્વીકારેલી એ પુસ્તિકા મહિનાઓ સુધી તેઓના પધરામણીના થેલામાં રહી. સમય મળતાં તેઓ તેમાંથી પાઠ કરતા રહ્યા હશે.

ધરખમ વિચરણ અને ભરચક પ્રવૃત્તિ વચ્ચે સાંપ્રદાયિક સાહિત્યના વાંચનમાં આટલા રસ-રુચિ ધરાવનારા સ્વામીશ્રી જે સારું જણાય તે અપનાવવામાં, જીવનના ૭૩મા વર્ષે પણ કેટલા તત્પર રહેતા તેનું આ દર્શન ઘણું જ પ્રેરક બની રહ્યું!

આવા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા આજે મોટા લિલિયાના મંદિરમાં ધામધૂમથી અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા.

સૌને રાજી કરે નિરંતર

તા. ૩/૪ની સાંજે મોટા લિલિયાથી ગોંડલ પધારેલા સ્વામીશ્રીના અહીંના આગમનનો હેતુ પરદેશયાત્રા પૂર્વે દર્શનનો હતો. આ જ હેતુસર હજારો હરિભક્તો પણ સ્વામીશ્રીનો લાભ લેવા દોડી આવેલા.

તેમાંના એક શ્રી મહેન્દ્રસિંહ બાપુએ પોતાનાં અક્ષરવાસી માતુશ્રી ભક્તિબાએ જાતે જ કાંતેલું એક કાપડ સ્વામીશ્રીને આપતાં કહ્યું: 'આ વસ્ત્ર આપ ઓઢો એવી બાની અંતિમ ઇચ્છા હતી.'

તે શ્વેત વસ્ત્ર લઈ સેવકને આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આને રંગી નાંખજો.'

તેઓની આ રુચિ જોઈ તે જ દિવસે વસ્ત્ર ભગવા રંગે રંગાઈ જતાં તા. ૫/૪ના રોજ ખાદીનું એ ધોતિયું ધારણ કરી સ્વામીશ્રીએ એક દિવંગત આત્માની ભક્તિને ઉચિત અંજલિ આપી. તે જોઈ પેલા બાપુ તો ગળગળા જ થઈ ગયા.

આ રીતે *'સૌને રાજી કરે નિરંતર...'*ની રીત રાખી વિચરતા સ્વામીશ્રી આજની સવારે ગોંડલથી વિદાય લઈ ભાદરા, ડાંગરા, રાજકોટ, લીંબડી, પુરુષોત્તમપુરાને લાભ આપી તા. ૭/૪ની રાત્રે ૮:૪૦ વાગ્યે બોચાસણ પધાર્યા ત્યારે આજના એક દિવસમાં ૨૭૫ કિ.મી.ની મુસાફરી થઈ ચૂકેલી. સાંજે ચાર વાગ્યે રાજકોટથી શરૂ થયેલા છેલ્લા સાડા ચાર કલાકના પ્રવાસમાં તો સ્વામીશ્રીએ વચ્ચે આવતાં સત્સંગ-કેન્દ્રોમાં પગલાં પાડી ટૂંકી સભાઓ પણ કરી. તેની સાથે તેઓએ ગાડીમાં પત્રવાંચન તો સતત ચાલુ જ રાખ્યું. છેલ્લો એક કલાક એકધારી માળા પણ ફેરવી.

પરંતુ આ પ્રવાસ, પધરામણી, પ્રવચન, પત્રવાંચન, માળાજાપ વગેરેને સ્વામીશ્રી તાવ તૂટતા શરીરે કરી રહેલા તેનો અણસાર તો રાત્રે પોણા દસ વાગ્યે તેઓએ આરામમાં જવાનું કહ્યું ત્યારે જ આવ્યો. પોતાની પ્રકૃતિથી વિરુદ્ધ, નિયત સમય કરતાં પોણો કલાક વહેલા વિશ્રામ લેવા તેઓ પલંગ પર બિરાજ્યા ત્યારે સેવકોને કહ્યું : 'પહેલાં ઓઢવાનું લાવો. પછી લૅન્સ કાઢજો.'

આ રીતે તેઓને પોઢાડી ઉષ્ણતામાન માપવામાં આવ્યું તો શરીર ૧૦૨.૬ ડિગ્રી તાવમાં ધખી રહેલું ! સૌને રાજી કરવા સ્વામીશ્રી આજે આખો દિવસ શરીરને રગદોળતા રહેલા.

તે જોઈ દ્રવી ઊઠેલા સંતોએ પૂછ્યું : 'બાપા ! અહીં બોચાસણ આવ્યા ત્યારે ગાડીમાં ઠંડી લાગતી હતી ?'

'ત્યાં કંઈ ખબર ના પડી. હું (પત્રો) વાંચવામાં હતો.' સ્વામીશ્રીએ જણાવ્યું.

લોકોનાં દુઃખ ઉકેલવામાં રમમાણ તેઓ પોતાના દુઃખથી તો અજાણ જ હતા.

આ જાણી સંતોએ પૂછ્યું : 'સ્વામી ! છેલ્લે છેલ્લે તો આપ ગાડીમાં બેઠાં માળા ફેરવતા હતા. ત્યારેય તાવની ખબર ન પડી ?'

આ પ્રશ્નના પ્રતિભાવમાં સ્વામીશ્રી અનુત્તર રહ્યા. તેઓના એ મૌને ઘણા ભેદ ખોલી આપ્યા.

દર્શનમાં કાપ ન હોય

તા. ૮/૪ની સવારે સ્વામીશ્રી જાગ્યા ત્યારે પણ શરીરમાં ૧૦૧ ડિગ્રી તાવ તો વ્યાપેલો જ હતો. છતાં અનેકના હિત માટે વ્યક્તિગત કષ્ટને કચડતાં

તેઓ પ્રાતઃપૂજા માટે સભામંડપમાં જ પધાર્યા ! વિદેશની વિદાય વેળા પૂર્વેનો આ પંથકનો છેલ્લો લાભ લેવા આવેલા ભક્તોના કોડ તેઓએ આમ પૂરા કર્યા !!

પરંતુ પ્રાતઃપૂજા બાદ ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીશ્રીએ પુરુષોત્તમ સ્વામીની દેરી તરફ જવા પગ ઉપાડ્યા ત્યારે સંતોએ ત્યાં ન જવા વીનવ્યા. તોયે 'દર્શનમાં કાપ ન હોય' કહેતાં સ્વામીશ્રી ત્યાં જઈ પહોંચ્યા. રસ્તામાં એક લગ્નવાંછુને સાકર-શ્રીફળ આપી આશીર્વાદ પણ દઈ દીધા.

આ રીતે માંદગીની જંજીરોને ફંગોળતો સ્વામીશ્રીનો નિત્યક્રમ ચાલતો જ રહ્યો અને તેઓ તા. ૯/૪ની સવારે તો વિદ્યાનગર આવી પહોંચ્યા.

અહીં સ્વામીશ્રી સીધા જ ઉતારે આરામમાં પધારે તે હેતુથી સંતો મંદિર તરફનો માર્ગ અવરોધીને ઊભેલા, પરંતુ સ્વામીશ્રીએ મંદિર તરફ ગાડી લેવડાવી પ્રેમપૂર્વક ઠાકોરજીને નીરખી દર્શનપિપાસા મિટાવી. ત્યારબાદ તેઓ ઉતારે પહોંચ્યા ત્યારે અગિયાર વાગ્યા હોવાથી સંતોએ કહ્યું : 'બાપા ! આરામ કરો.'

'ભગવાન ભજી લેવા.' સહજ સ્વભાવે સ્વામીશ્રી બોલ્યા.

ભજનની આ રઢ સાથે અલ્પ આરામ બાદ બપોરે જમવા બિરાજેલા તેઓને એક સ્થાનિક સંતે કહ્યું : 'આપે આપનું શરીર સચવાય એ રીતે ફરવું. વધારે જોર ન કરવું. આરામ કરવો.'

'આરામ કરાવવો હતો તો અહીંયાં શું કામ બોલાયા ? બોચાસણ આરામ થાત !'

સ્વામીશ્રીની આ દલીલ સામે પેલા ભલામણ કરનારા સંતના હોઠ સિવાઈ ગયા. તે જોઈ હસી પડેલા સ્વામીશ્રી બોલ્યા : 'परोपदेशे पाण्डित्यम् જેવું બધે ચાલે છે ! પોતાના વિભાગમાં સ્વામી હોય ત્યારે બધા પૂરો લાભ લઈ લે ને જાય પછી કહે, 'વધારે વિચરણ ના કરવું ને આરામ કરવો.'

સ્વામીશ્રીના શબ્દોમાંથી વેદના નહીં, પણ વાસ્તવિકતા સરી પડી. તેને હસતા મુખે પચાવીને વિચરતા તેઓ આજની સાંજે છ વાગ્યે એક ઐતિહાસિક સભામાં જઈ પહોંચ્યા.

મારી કોઈ વિશેષતા નથી

સ્વામીશ્રીના અમૃત મહોત્સવ માટે તન, મન અને ધનથી સેવા કરવા તત્પર આશરે ૩૫૦ આગેવાન હરિભક્તોનું અમૃતમિલન તા. ૯/૪ની સાંજે

છાત્રાલયના સભાગૃહમાં યોજાયેલું. તેના પ્રારંભમાં સ્વામીશ્રીના નેતૃત્વ હેઠળ વિસ્તરેલી સંસ્થાની વિરાટ પ્રવૃત્તિઓનો ચિતાર સંસ્થાકીય સચિવ દ્વારા આપવામાં આવ્યો. તેને મહંત સ્વામીએ પ્રવચન દ્વારા પુષ્ટિ આપી. પરંતુ તે સાંભળી સ્વામીશ્રીએ જણાવ્યું કે –

"આ બધું જ કાર્ય જે આપણે થયું છે, થઈ રહ્યું છે ને થવાનું છે, તે શ્રીજીમહારાજ એક સંકલ્પ લઈને આવ્યા તેનાથી થયું છે. એટલે આમાં 'મેં જ કર્યું' કે 'મારાથી જ થયું છે' એવું કંઈ છે નહીં. ખરેખર તો આ યશ બધો એમનો છે. એમાં 'મેં કંઈ કર્યું છે' એ મહત્તાની વસ્તુ નથી. મેં કોઈને માટે કર્યું એવું પણ નથી. મેં પણ મારા કલ્યાણ માટે ને મોટાપુરુષને રાજી કરવા માટે કર્યું છે. એમાં આપ બધા સંતો ને હરિભક્તોએ સાથ આપ્યો એ માટે હું આપ બધાને ધન્યવાદ આપું છું.

વિરાટ કાર્યો કરવાં એમાં એક વ્યક્તિનું કામ નથી. એક હાથે તાળી પડતી નથી. માથામાં પાઘડી ને પાઘડીમાં માથું. સિંહને લઈને જંગલ ને જંગલને લઈને સિંહ. અમારો ને તમારો જે સંબંધ, પ્રેમ, મહિમા છે એ ભાવના આપણે ઊભી નથી કરી, પણ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે ઊભી કરી છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો દાખડો તો વર્ણન થઈ શકે એમ નથી. જે એમની પરિસ્થિતિમાં કર્યું છે એ ખૂબ મહત્ત્વની વસ્તુ છે. એટલે આમાં મારી કોઈ વિશેષતા નથી. એમની આપેલી જે સેવા છે એ હું પણ, 'તમે બધા રાજી થાઓ, શ્રીજીમહારાજ રાજી થાય' એ રીતે કરી શકું એવું બળ ભગવાન મને પણ આપે.

વધારે ધન્યવાદ તો અમારે અહીંના ચરોતરના હરિભક્તોને આપવાની વાત છે, કારણ કે (અમૃત) ઉત્સવ ક્યાં કરવો એમાં બહુ ગૂંચવણ થયેલી. આ ચરોતર હાર્દ. એમાં આણંદ વિશેષ કરીને. અહીંયાંથી જ આ સંસ્થા ઊભી થઈ છે. જેટલા ઉત્સવ થયા એમાં 'એક બાજુ રામ ને બીજી બાજુ ગામ' એવી પરિસ્થિતિ આપણે જોઈ છે. એટલે બધાનો ઉત્સાહ કે 'અહીં જ ઉત્સવ કરવો છે.' સુરતની પણ એટલી બધી તૈયારી. એમાં એક ભક્ત તો એવા હતા કે બધું જ ખરચ પોતે આપી દેવા તૈયાર હતા. એમને પણ ના પાડી શકાય એમ ન હતું. પછી મુંબઈ માંગણી ઊપડી. એ મૂંઝવણની અંદર થયું કે 'હવે શું કરવું?'

એટલે શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ પાસે

અરજી નાંખી કે 'હવે તો તમે નિકાલ કરો. અમે તો મૂંઝાયા છીએ.' બધા જ હરિભક્તો આત્મ-સમર્પણની ભાવનાવાળા! કોઈ એક ઓછો-વત્તો કહી શકાય નહીં. પણ મહારાજની દયાથી અરજી સંભળાઈ ને ઉકેલ નીકળી ગયો. એટલે અહીંના હરિભક્તોને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે કે એમણે રાજી થઈને કહ્યું: 'તમારી જે ઇચ્છા હોય ત્યાં ઉત્સવ કરો. અમારી સેવાની ભાવના છે એમાં જરાય ખામી નહીં આવે.' એટલે આપણને શાંતિ થઈ ગઈ.''

લાગણીસભર આ શબ્દો સાંભળતાં, સૌને અમૃતના ઘૂંટ પીતા હોય તેવો અનુભવ થઈ રહ્યો! કોઈ સમર્થ સત્તાધીશનું આટલું નમ્ર વક્તવ્ય વિશ્વે કદાચ પહેલી જ વાર સાંભળ્યું!

અતિ હેતમાં હૈયાં ભરાણાં

આ અરસામાં મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે સ્વામીશ્રીનો કાર્યક્રમ પાવી-જેતપુર વિસ્તારમાં ગોઠવાયેલો, પરંતુ શિથિલ સ્વાસ્થ્યને કારણે ત્યાં જવાનું શક્ય ન બનતાં ખૂબ વેદના અનુભવી રહેલા સ્વામીશ્રીએ, પત્ર દ્વારા પોતાની લાગણી વહાવતાં, આ પંથકના આદિવાસી ભક્તોને લખી જણાવ્યું કે –

'આપ સૌએ અથાગ પરિશ્રમ અને ભીડો વેઠીને મંદિરની સેવા કરી છે તે બદલ ધન્યવાદ ઘટે છે. મારી ત્યાં આવવાની ખૂબ જ ઇચ્છા હતી, પરંતુ અચાનક શરીરે તાવ આવવાથી મારું ત્યાં આવવાનું બંધ રહ્યું છે તે બદલ દિલગીર છું. ભવિષ્યમાં જરૂરથી ત્યાં આવવાનું ગોઠવીશું અને સર્વને ખૂબ સારો લાભ મળશે. રાજી રહેશો.'

સ્વામીશ્રીનો આ પત્ર તા. ૧૨/૪ના રોજ મોટી બેજ મુકામે પ્રતિષ્ઠા-સભામાં વંચાયો ત્યારે ઉપસ્થિત ૧૦,૦૦૦ હરિભક્તોનો અહોભાવ આંખો દ્વારા વહી રહ્યો.

સ્વામીશ્રી વતી પ્રતિષ્ઠા કરવા પધારેલા મહંત સ્વામીને પણ આ ભક્તોએ કહ્યું: 'બાપા અહીં ન આવી શક્યા તેનું એટલું દુઃખ નથી જેટલું તેઓનું સ્વાસ્થ્ય બગડ્યું તેનું છે. આ જાણીને અમોને અંતરે સુખ નથી. બાપાને અમારી પ્રાર્થના છે કે આપ સાજા-નરવા રહીને હજારો હરિભક્તોને ભગવાનનું સુખ આપો.'

આટલું બોલતાં તો રડી પડેલા આ આદિવાસી ભક્તોની ગુરુભક્તિ જોઈ મહંત સ્વામી અને સંતોની આંખોયે ભીની થઈ ગઈ.

ખરેખર, સ્વામીશ્રી અને સત્સંગીઓ વચ્ચે પાંગરેલા સ્નેહસંબંધનું લેખું-જોખું કરવું એ વિધાતાની પણ પહોંચ બહારનું કામ છે.

લખ્યું થોડું, ઘણું કરી માનજો

તા. ૧૩/૪ની સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શન કરવા આવેલા સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી દિલાવરસિંહ જાડેજાએ પૂજા-વિધિ બાદ સ્વામીશ્રીને કહ્યું: 'આપના ભક્ત ડૉ. અરુણભાઈ પટેલને અમે યુનિવર્સિટીના એક વિભાગના વડા બનાવવા માંગીએ છીએ, પણ એ મોટાઈથી તેઓ દૂર રહેવા માંગે છે. આવા સારા માણસો હોય તો શિક્ષણનું સ્તર સારું રહે. માટે આપ એમને આજ્ઞા કરો.'

ઉપકુલપતિની આ દરખાસ્તમાં *'અતિ ત્યાગી ને વળી અકામ...'* પ્રકૃતિના ભક્તો પકવનારા સ્વામીશ્રીનો મહિમા છતો થઈ રહ્યો.

તેનું વધુ એક દર્શન આજના મુલાકાત-સત્ર વખતે થયું. આ સમયે મળવા આવેલા હરિભક્તો પૈકીના એક નાપાના શ્રી રસિકભાઈની સ્થિતિ તો સાવ સાધારણ હતી, પરંતુ રાખ નીચે ઢબુરાયેલા એ દેવતાનું દૈવત જણાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ પૂર્ણકામ. કોઈ દા'ડો કોઈ દુઃખ જ નહીં. અખંડ કેફ ને આનંદ.'

જેમ આકાશના તારા ગણ્યા ગણાય નહીં, તેમ સ્વામીશ્રીના તેજથી ઝગમગતા આવા સત્સંગ-સિતારા પણ અગણિત. અહીં જે નોંધો ટપકાવાઈ છે તે તો *'લખ્યું થોડું, ઘણું કરી માનજો...'* જેવી જ સમજવી.

સાગરતીરે સ્તંભ-સ્થાપન

તા. ૧૫/૪ના રોજ વરતાલ અને મહેળાવમાં દર્શન કરી તા. ૧૬/૪ની સવારે વિદ્યાનગરથી વિદાય થયેલા સ્વામીશ્રી, વેસ્ટર્ન ઍક્સપ્રેસમાં બેસવા માટે વડોદરાના રેલવે સ્ટેશને પહોંચ્યા ત્યારે અહીં બ્લેક કેટ કમાન્ડોથી ઘેરાયેલા રાષ્ટ્રીય નેતા શ્રી એલ. કે. અડવાણી વીસ મિનિટથી સ્વામીશ્રીની પ્રતીક્ષામાં સ્ટેશનના બાંકડે બેસી રહેલા. તેઓને મળી ટ્રેન દ્વારા વલસાડ ઊતરેલા સ્વામીશ્રી કોસંબા પધારતાં જ, અત્રે તૈયાર થયેલા નૂતન સંત આશ્રમમાં તેઓનાં પગલાં પ્રથમ વાર પડ્યાં. આ સંકુલમાં ભોજન તથા વિશ્રામ લઈ તેઓ સાંજે સાત વાગ્યે દરિયાકિનારે સાયંભ્રમણ કરવા પહોંચ્યા.

આ સમયે આથમતા લાલ સૂર્યે સ્વામીશ્રીને સાષ્ટાંગ નમસ્કાર કરવા સમુદ્રની સપાટી પર પડતું મૂક્યું હોય તેમ સાગરનું એક-એક બુંદ ભગવા રંગે રંગાઈ ગયેલું. સમુદ્રનો શ્યામલ તટ પણ સ્વામીશ્રીનાં પગલાં ઝીલવા રેતીની પછેડી પાથરીને તત્પર ઊભેલો. સ્વામીશ્રીનાં ચરણે વીંટળાઈ વળવા દરિયાલાલ પણ વારે-વારે ઉછાળા મારતાં દોડી આવતા હતા, પરંતુ પ્રત્યેક પ્રયત્ને સ્વામીશ્રીના યોગથી વેંત છેટું રહી જતાં તેઓ પોતાનાં ફેનિલ મોજાંઓના સુમધુર ધ્વનિથી સ્વામીશ્રીને રીઝવવા મથી રહેલા. પવનદેવ એક એવા સદ્ભાગી નીવડેલા કે તેઓને સ્વામીશ્રીની સાથે વહેવાનો લાભ મળી રહેલો.

આમ, પવન, પાણી અને પ્રકાશના તરભેટે સ્વામીશ્રી ઉત્તર-દક્ષિણ પથરાયેલા દરિયાઈ પટ પર અઢીસો પગલાંના એક આંટા લેખે ચાલવા લાગ્યા, પરંતુ મખમલી રેતીમાં બૂટ અનુકૂળ ન આવતાં તેઓએ ત્રીજા આંટે તો ખુલ્લા પગે જ ચાલવાનું શરૂ કર્યું. તેથી તેઓનાં ચરણની છાપ ભીની રેતીમાં આબેહૂબ અંકાવા લાગી. તેમાંયે જમણા ચરણનું વજન વિશેષ આવતું હોવાથી એની છાપ ઊંડે જતી હતી.

આ રીતે સાગરતીરે ભ્રમણનાં બાવીસ આવર્તન સુધી પડતાં-ઊપડતાં રહેલાં સ્વામીશ્રીનાં પગલાંએ એક અમૃતસેતુ જ રચી દીધો !

તે દ્વારા ભવસાગર પાર ઊતરવા ઊમટી પડેલી ભક્તોની ભરતીથી તા. ૧૭/૪ની સાંજે નિર્માણાધીન મંદિરની પ્લીન્થ પર યોજાયેલી સભા ચિક્કાર થઈ ગઈ. આવા કંઈક મુમુક્ષુઓની દીવાદાંડી બની રહેનારા અહીંના મંદિરનો પ્રથમ સ્તંભ, તા. ૧૮/૪ની સવારે પોણા દસ વાગ્યે સ્વામીશ્રીના વરદહસ્તે મુકાયો. આ ઐતિહાસિક ઘટનાને ભક્તોની તાળીઓના ગડગડાટની સાથે દરિયાએ પણ ઘુઘવાટ કરી વધાવી લીધી.

સાગર અને સત્સંગીઓની આ વધામણી ઝીલતા સ્વામીશ્રી આજની બપોરે સવા વાગ્યે વલસાડથી ઊપડેલી વેસ્ટર્ન ઍક્સપ્રેસમાં બેસી ચાર વાગ્યે મુંબઈ પહોંચ્યા.

અત્રે તેઓ તા. ૨૦/૪ના રોજ શ્રી સ્વામિનારાયણ જયંતીનો ઉત્સવ ઊજવી તા. ૨૨/૪ની સવારે કરજતના સમીપવર્તી ભાલીવડી ગામમાં પધાર્યા.

વિકાસની પરિપાટી

મુંબઈના નિકટવર્તી પશ્ચિમ ઘાટની પર્વતાવલિઓમાં વિકસેલું પર્યટન-

સ્થળ કરજત, બારે માસ વહેતી પેજ નદીથી પરિપ્લાવિત રહેવાને કારણે અહીં ઉનાળામાં પણ પ્રકૃતિને પીળું પાનેતર પહેરવાની જરૂર પડતી નથી. આવા હરિયાળા અને પર્વતીય ઢોળાવોને કારણે રળિયામણા કરજતની કાંધમાં વસેલા ભાલીવડી મુકામે આવેલો ડ્રીમરિવર રીસોર્ટ, સંતશિબિરના નિમિત્તે સ્વામીશ્રીના સાંનિધ્યથી ધન્ય થયો. આ સ્થાનના યજમાન શ્રી પુરુષોત્તમભાઈ ભદ્રા આમ તો ખાટી આંબલીના વેપારી, પરંતુ સમૈયાની સેવાના પ્રતાપે યોગમાં આવેલા તેઓને આજે મીઠી સ્મૃતિ મળી રહેલી. તેઓની સાથે શિબિરમાં ઉપસ્થિત ૪૩૬ સંતો તથા પાર્ષદો પણ ખટમીઠી સ્મૃતિઓ માણવા માંડ્યા.

આ સંત-સંઘ સમક્ષ તા. ૨૨/૪ની સાંજે પાંચ વાગ્યે નદીકિનારે આવેલા નાળિયેરીના વનમાં સંતશિબિરનો મંગલદીપ પ્રગટાવતાં સ્વામીશ્રી બોલ્યા : 'સર્વે સંતોને મારા સાષ્ટાંગ પ્રણામ સહ જય સ્વામિનારાયણ !'

આ વિનમ્ર વચનો બાદ 'શિબિરની એક સેકન્ડ પણ નકામી ન જવી જોઈએ' કહી સૌને સાબદા કરતા તેઓ અમૃતધારા વહાવવા લાગ્યા. તેમાં તા. ૨૩/૪ની સાંજે વહેલું વહેણ વિશિષ્ટ બની રહ્યું.

આ શિબિર-સત્રમાં સંસ્થાના સચિવ શ્રી હરીશભાઈ દવેએ સ્વામીશ્રીના વડપણ હેઠળ સંસ્થાએ ભરેલી વિકાસની હરણફાળ વર્ણવી, પરંતુ તે સમયે સ્વામીશ્રીએ આ વિકાસનું મૂળ-કુળ જણાવતાં કહ્યું :

"આજે જે કંઈ વિકાસ થયો છે એ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના સંકલ્પ અને પ્રતાપે થયો છે. આપણે એમાં નિમિત્ત છીએ. સંસ્થાના વિકાસમાં કોઈ મહત્ત્વની વાત હોય તો એ સાધુતા ને કથા-વાર્તા, કીર્તન, ભજન. એ બેઝ (પાયો) છે. એ વગર વ્યવહારનો સત્સંગ થશે કે 'આવો ભાઈ ! બેસો. ચા-પાણી કરો, નાસ્તો કરો ને જાવ. જય સ્વામિનારાયણ !' આપણેય વ્યવહારિયા થઈ જવાશે.

આપણા જીવનમાં કથા-વાર્તા, કીર્તન, ભજન રાખીશું એટલો સંસ્થાનો વિકાસ. પૈસાની કોઈ કિંમત નથી. એનાથી મોટાઈ નથી. મોટાઈ તો સાધુતા ને નિયમ-ધર્મથી છે. આપણી એ જ મિલકત છે. સત્સંગ પણ નિયમ-ધર્મ ને સાધુતાથી વધશે, પૈસાથી નહીં. સત્તાની કોઈ મહત્તા નહીં. દાસના દાસ થઈ સત્સંગમાં રહીને સેવા કરવાની એ આપણો બેઝ. એને સાચવીશું એટલો સંસ્થાનો વિકાસ ગણાય. એ વિકાસ કાયમી રાખવો છે. આપણે એવું જીવન જીવવું છે કે પાછળનાં હજાર વર્ષ પછી આ સંસ્થા બરાબર ચાલે. આપણી

શોભા ને વિશેષતા – સાધુતા ને નિયમ-ધર્મ છે. બાકી બહારલી દૃષ્ટિએ વિકાસ ગણશો નહીં. આપણામાં જ્યાં સુધી વિકાસ નથી થયો ત્યાં સુધી આ વિકાસ કંઈ કામમાં નહીં આવે. શ્રીજીમહારાજ ને શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ રાજી એટલો જ આપણો વિકાસ.''

વિકાસનું વર્તુળ વિશ્વભરમાં વિસ્તારવા છતાં સ્વામીશ્રી કેન્દ્રબિંદુને ભૂલ્યા નહોતા! સ્પષ્ટ નીતિ અને શુદ્ધ રીતિના પાટા પર તેઓએ કરેલી વિકાસયાત્રા કોઈ પણ ક્ષેત્રના નેતાઓ માટે નમૂનેદાર બની રહે તેમ છે.

આ વાતનું નિરંતર બીજ લાવજો

તા. ૨૪/૪ની સવારે પણ વિકાસના નકશાને વધુ સ્પષ્ટ કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આપણી મહત્તા શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની સાધુતા અને નિયમ-ધર્મને લીધે છે. આ વસ્તુ હશે તો ૮૦ વર્ષે પણ કેફ રહેશે. કેફનું કારણ કથા-વાર્તા છે. આ વધ્યું છે એનું કારણ કથા-વાર્તા જ છે. પ્રોગ્રેસ નથી થતો એનું કારણ કથા-વાર્તા નથી કરતા એ જ છે. માટે એ કર્યે જ રાખો, કર્યે જ રાખો! આ વાતનું નિરંતર બીજ લાવજો.'

આમ, સમયે-સમયે સ્વામીશ્રી શિબિર-સ્થળને ઘસાઈને વહેતી નદીની સમાંતર પોતાની અમૃતધારા વહાવતા રહ્યા. અન્ય સંતોનાં પ્રવચનો વખતે તેઓ પત્રો વાંચે કે લખે, પણ સાથે કથાના શબ્દો પકડતા જાય. ટાણે પુષ્ટિયે કરે.

આ ક્રમમાં તા. ૨૫/૪ની સવારે વાણી-વિવેક વિષે વાત કરી રહેલા ડૉક્ટર સ્વામીએ 'દ્રૌપદીના એક શબ્દે મહાભારત થયું...' એમ કહ્યું ત્યારે ટપાલ ઉકેલતા સ્વામીશ્રી વચ્ચે જ બોલ્યા: 'દ્રૌપદીએ 'અંધના અંધ કહ્યા' એ અવિવેક તો દર્શાવ્યો જ, પણ દુર્યોધનને આત્મનિષ્ઠાની ખામી એટલે વધારે સીરિયસ (ગંભીરતાથી) લઈ લીધું. નહીં તો આટલો પ્રશ્ન ન થાત!'

આવા કંઈક મૌલિક અને માર્મિક બોધનું ભાથું સ્વામીશ્રીએ શિબિરાર્થીઓને ભરાવ્યું. તેની સાથે તેઓના જ શબ્દોમાં કહીએ તો 'મહંત સ્વામીએ મંથન કરીને વાતો કરી છે, ડૉક્ટર સ્વામીએ તો હદ વાળી છે...' અનુસાર આ બંને સદ્‌ગુરુઓ પણ ખૂબ વરસ્યા. પ્રસંગ-વર્ણન, ગોષ્ઠી, પ્રવૃત્તિ-વિશેષના અહેવાલ-કથન વગેરે કાર્યક્રમોથીયે આ શિબિર રસપ્રદ રહી. તેથી તા. ૨૬/૪ના છેલ્લા દિવસે સંતોએ પ્રાર્થના બાદ *'ભૂલીશ હું જગતની માયા...'*

પદનું સમૂહગાન કર્યું ત્યારે સ્વયં સ્વામીશ્રી પણ ભાવવિભોર બની ગયા.

આ રીતે પાંચ દિવસ સુધી પ્રકૃતિ(કુદરત)ના ખોળે રહીને પ્રકૃતિ(સ્વભાવ)થી પર થવાની વાતો શીખી, સૌ સંતો પોતપોતાનાં મંદિરોમાં સિધાવ્યા અને સ્વામીશ્રી પધાર્યા – કરજતના અમરાઈ વિસ્તારમાં આવેલા અંબા માતાના મંદિરે. અત્રે ગુજરાતી સમાજે ગોઠવેલી ધર્મસભામાં લાભ આપી તેઓ દાદર મંદિરે આવી પહોંચ્યા.

કામની ચિંતા કરો, આરામની નહીં

મુંબઈ પધારેલા સ્વામીશ્રીના આગામી બે દિવસ પરદેશ-પ્રવાસ પૂર્વેના હોવાથી અતિ વ્યસ્ત રહ્યા. તેની વચ્ચે તેઓએ તા. ૨૭/૪ની સાંજે માટુંગાના શિવાજી વિદ્યાલય ખાતે યોજાયેલી વિદાય-સભામાં અમૃતધારા વરસાવી. તે દ્વારા ભક્તોનાં હૈયે ભડકેલી વિરહની ઝાળને શમાવતા સ્વામીશ્રીએ તા. ૨૯/૪ની સવારે ૭:૪૦ વાગ્યે પરદેશ પ્રતિ પ્રયાણ કરતાં તેઓની પંદરમી પરદેશ-યાત્રાનો પ્રારંભ થયો.

અલબત્ત, સારધાર જીવનશૈલી ધરાવતા સ્વામીશ્રીને શું આરંભ કે શું અંત? તેઓએ તો વિમાન અધ્ધર થતાંવેંત થોડી જ વારમાં પત્રવ્યવહાર શરૂ કરી દીધો. પરંતુ ગઈકાલે રાત્રિના સાડા અગિયાર વાગ્યે પોઢેલા સ્વામીશ્રી આજની સવારે ચાર વાગ્યે તો જાગી ગયેલા, તેથી સવા નવ વાગ્યે પત્ર-પરિચારકે વિનંતી કરી કે 'સ્વામી! હવે આરામ કરો.'

'કામની ચિંતા કરો, આરામની ચિંતા ન કરશો.' સ્વામીશ્રી બોલ્યા.

આમ, સમય અને શરીરનો પૂરેપૂરો કસ કાઢતા તેઓના સહપ્રવાસી તરીકે આજની હવાઈ મુસાફરીમાં ૧૯ સત્સંગીઓની સાથે ઈંગ્લેન્ડવાસી શ્રી જેક પણ હતા. ગેસ પ્લાન્ટના આ નિષ્ણાતે નૈરોબીવાસી પોતાના મિત્ર શ્રી ઘનશ્યામભાઈ દ્વારા સ્વામીશ્રીની તસવીર જોયેલી. તેમાં તેઓ સ્વામીશ્રીની આંખો પર તો એવા ઓવારી ગયેલા કે પોતાની અન્ય પ્લેનની આજની ટિકિટ રદ કરાવી આ વિલાયતી સ્વામીશ્રી સાથે પ્રવાસ ખેડી રહેલા! *'નેણે તારે કીધાં મુને કામણિયાં...'*ના અનુભવી આ અંગ્રેજે અન્ય એક અનુભૂતિ વર્ણવતાં આજે સ્વામીશ્રીને જ કહ્યું કે 'મેં કુરાન, યહૂદી ધર્મગ્રંથ તાલમુડ વગેરે વાંચ્યા છે, પણ તેનાથી થયું કે 'હું નીચ છું.' આપના યોગથી એવું નથી લાગતું. હું પોતાને ભાગ્યશાળી સમજું છું!'

તેઓનો આ અહોભાવ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'સદ્ગ્રંથોમાં લખેલી વાત સાચી હોય, પણ શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ વર્તતા હોય તેવા પુરુષ મળે ત્યારે આનંદ આવે. હવે તે ગ્રંથો વાંચશો તેમાંથી વધારે આનંદ આવશે.'

આ રીતે સ્વામીશ્રી દ્વારા વહેતી પ્રેરણાની પાંખે હવાઈ ઉડ્ડયન આગળ સરકતું રહ્યું.

તેમાં નિશ્ચિત સમયે ભોજન કર્યા બાદ વિમાનની દીવાલને અઢેલી મૂકેલા તકિયે ટેકો દઈ સ્વામીશ્રી આરામની મુદ્રામાં બિરાજ્યા. તે વખતે જમણો પગ ઊંચો રાખીને તે પર જમણો હાથ મૂકી માળા ફેરવતા તેઓએ ડાબો હાથ સાથળ પર રાખેલો. તેઓની સામે બપોરની કથાના ભાગરૂપે વચનામૃતનો પાઠ થઈ રહેલો. તેમાં અમદાવાદ પ્રકરણના ત્રીજા વચનામૃતમાં આવેલી ઉપશમ સ્થિતિની વાતના અનુસંધાનમાં સંતોએ પૂછ્યું: 'સ્વામી ! આપને તો ઉપશમ અવસ્થા સિદ્ધ છે, તો એ સ્થિતિ અને વ્યવહારનું બૅલેન્સ (સંતુલન) કઈ રીતે રહે ?'

''અલ્યા, ભ'ઈ ! એમાં આસક્તિ નથી એટલે ઉપશમ જ થઈ ગયું ને ?! ભોગવી લેવું એવી ઇચ્છા ન થાય. 'લાવો, જરા રાખી મૂકીએ' એવું ન થાય. ઉપશમ એટલે 'ઉપશમમાં ચાલ્યો જાય અને કાંઈ દેખાય નહીં' એમ નહીં ! દેખાય છતાં ઉપશમ. ક્રિયા કરે છતાં ઉપશમ.''

'બધી જ પ્રવૃત્તિમાં આપને એક કૉમન (સર્વસામાન્ય) વિચાર કયો રહે છે ?'

'વિચાર એક જ રહે કે મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને રાજી કરવા છે. એ વિચારથી જ વાતચીત કરીએ.'

સંતોની જિજ્ઞાસાના આવા ખુલાસા કરતા સ્વામીશ્રી સ્થાનિક સમય અનુસાર બપોરે પોણા એક વાગ્યે લંડનના હીથ્રો હવાઈ મથકે ઊતર્યા.

છાતી કાઢીને કહેવું... છાતી કાઢીને રહેવું

લંડનમાં સ્વામીશ્રીને વધાવતાં સૂર્ય પૂર્ણપણે પ્રકાશી રહ્યો હોવાથી ખુશનુમા વાતાવરણમાં ઍરપોર્ટ પર એકત્રિત થયેલા સૌનું સ્વાગત સ્વીકારતાં સ્વામીશ્રી મંદિરે પધાર્યા ત્યારે અહીં પણ ભક્તો દ્વારા પુષ્પોનાં અર્ઘ્ય વરસવા લાગ્યાં. તેને પોતાની ખુલ્લી હથેળીઓથી ઝીલતાં ઝીલતાં આગળ વધી રહેલા સ્વામીશ્રીના શિરે ફુગ્ગાઓ તો પોતાની છાતી ફાડીને માંહી ભરેલાં ભાવપુષ્પો

વેરી રહ્યાં. આવું સુકોમળ અને સુગંધીદાર અભિવાદન સ્વીકારતા સ્વામીશ્રી મંદિરમાં દર્શન કરી તથા સભામાં આશીર્વાદનો લાભ આપી ઉતારે પધાર્યા.

અત્રે તેઓ આરામ માટે શય્યાધીન થતાંવેંત પળ - બે પળમાં તો ગાઢ નિદ્રામાં સરી ગયા. પરંતુ થોડી વારમાં જ અચાનક જાગી ગયેલા તેઓને જોઈ સંતોએ પૂછ્યું : 'કંઈ કામ છે ?'

'આપણી સાથે આવેલા પ્રદીપનો ઉતારો હિતેષના ઘેર હોય તો સારું ! એને ત્યાં ફાવશે.' પોતાની સાથે આવેલા મહેસાણાના ૧૯ વર્ષીય યુવાનની ચિંતા કરતાં સ્વામીશ્રી બોલ્યા.

તેઓને સુષુપ્તિમાંયે ભક્તોની જ ખેવના !

આવા સ્નેહસભર સ્વામીશ્રીનો લાભ લૂંટવા મંદિરમાં પ્રથમ દિવસથી જ ભક્તભીડ ઊમટવા લાગી. સ્વામીશ્રીએ પણ સુખના ભંડાર ખુલ્લા મૂકી દીધા હોય તેમ દર્શન, વાતો, પ્રસાદી અને મિલનથી સૌને તૃપ્ત કરવા માંડ્યા.

આ ક્રમમાં તા. ૩૦/૪ની પ્રાતઃકથામાં વાતોનો મેઘ વરસાવતાં તેઓ બોલ્યા : 'ભગવાનમાં જેવું સુખ છે તેવું ચૌદ લોકના બ્રહ્માંડમાં નથી. સંસારનું સુખ મલોખાંના મોંડવા જેવું. અન્ડરસ્ટેન્ડ ? અત્યારે તમે પેલું કૉલ કરો છો ને ! થર્મોકૉલ. એનો મોંડવો કર્યો હોય તો ભાંગી જાય. મીરાંને આ વાત સમજાઈ ગઈ તો રાજપાટનું સુખ મૂકી દીધું. છે ને છોડવું તે ત્યાગ કહેવાય. મીરાંને લોકો ગાંડી કહે. તે ભલે ને કહે. ભજન કરીએ તેમાં શું કામ મૂકી દેવું ?'

આટલી સુખમીમાંસા કર્યા બાદ એકાએક સુકાન ફેરવતાં સ્વામીશ્રીએ સામે બેઠેલા એક યુવાનને સંબોધતાં કહ્યું :

''તારું નામ શું ? કપાળ ઊંચું કર. કશું નથી. સાવ ખાલી. લગ્ન કરવા ગયો ત્યાં મોઢું ધરી દીધું. ચાંદલો થયો તે સાસુને રાજી કરી લીધા : 'તમારી દીકરી આપી તે તમને ધન્યવાદ !' ભગવાને જન્મ આપ્યો, સુખ આપ્યું તેનો ચાંદલો કરવામાં પાછું પડવાનું ? ચાંદલો કરવો તેમાં શરમ શું ? કેટલાક ભૂંસીને જાય. ભલા માણસ ભૂંસશ શું કામ ? સત્સંગ કરવામાં શરમ ન રાખવી. નિધડક કહેવું : 'અમે સ્વામિનારાયણ છીએ, અમે હિંદુ છીએ.' આપણે શા માટે આપણું ખાવાનું, પહેરવેશ, ભાષા, સંસ્કાર મૂકી દેવાના ? આ અંગ્રેજ લોકોએ ૧૫૦ વર્ષ રાજ્ય કર્યું, પણ કાંઈ મૂક્યું નથી. તેઓ એમની રીતે રહેતા હોય એનો નિષેધ કરતા નથી પણ આપણે છાતીને કાઢીને કહેવું : 'અમે હિંદુ, અમે સ્વામિનારાયણ !' આપણા દેશ-વેશ પ્રમાણે છાતી કાઢીને રહેવું.''

સ્વામીશ્રીનું આજનું ઉપદેશામૃત વેધક, રોચક અને પ્રેરક હતું. આ ત્રિવેણી સંગમમાં ડૂબી જેને સ્વામીશ્રીએ નિશાન બનાવેલો તે યુવક સહિત અન્ય યુવાનો પણ તિલક-ચાંદલો કરવા કટિબદ્ધ થઈ ગયા. તેથી રાજી થતાં સ્વામીશ્રી બોલ્યા: 'રેડ (લાલ ચાંદલો) હોય તો એક્સિડન્ટ ન થાય તે માટે કપાળમાં નિશાની છે.'

આમ, લંડનમાં આવતાંવેંત તેઓએ આરંભી દીધેલા મુક્તિના મિશનમાં આજે યુવાનો ખોખલાઈથી મુક્ત થઈ ખડતલ બન્યા.

શાંતિ માટે જ અમારો પ્રોગ્રામ છે

લંડનમાં મુક્તિની સાથે મંદિરનું મિશન લઈને પણ પધારેલા સ્વામીશ્રીની પ્રેરણાથી અહીંનું નિર્માણાધીન મંદિર અત્યારે એક માળ સુધી તૈયાર થઈ ગયેલું. તા. ૩૦/૪ની સવારે તેનું નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રીએ આછા બદામી ઝાંયના બલ્ગેરિયન પથ્થરમાં કંડારાયેલું નકશીકામ હાથ ફેરવી-ફેરવીને જોયું. એ કોતરણી કરનારા કારીગરો અને પથ્થર ઘસવાની સેવા કરતા કિશોરોના શિરે પણ તેઓનો કોમળ સ્પર્શ ફરી વળ્યો. પાટિયાથી પાલખ, પૉલિશિંગથી ફિનિશિંગ અને મૃદુતાથી મજબૂતાઈ જેવી કંઈક વિગતોમાં સ્વામીશ્રીની સૂક્ષ્મ ચીવટના ચમકારા પગલે-પગલે વેરાતા રહ્યા. આ ક્રમમાં તેઓ સંકુલના રક્ષક સમા શ્વાનની તકેદારી લેવાનું પણ ન ચૂક્યા.

આવા સ્વામીશ્રીને મળવા આજની સાંજે મંદિર બહાર સલામતી જાળવતા શ્રી ગ્રેગ અને શ્રી પીટર આવી પહોંચ્યા. આ પોલિસકર્મીઓએ વિશ્વશાંતિ માટે યાચના કરી ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'શાંતિ માટે જ અમારો પ્રોગ્રામ છે. લોકોમાં શાંતિ થાય, ભગવાનમાં શ્રદ્ધા થાય અને વ્યસન, દૂષણ, સ્વભાવ બધું નીકળી જાય એ માટે જ વિશ્વમાં ફરીએ છીએ.'

આ કલ્યાણકારી હેતુસર વિચરતા સ્વામીશ્રીના સાંનિધ્યમાં અત્રે ઊંચા થઈ રહેલા મંદિરની પુષ્ટિ માટે, વિવિધ કાર્યક્રમો યોજાયેલા. તે અંતર્ગત તા. ૩૦/૪ની સાંજે સ્વામિનારાયણ સ્કૂલ ખાતે ગોઠવાયેલી સભામાં પ્રેરક પ્રવચન કરતાં સ્વામીશ્રીએ કહ્યું:

"આપણે '*અતિ આદર્યું કામ અતોલ...*' તેમાં કેડ એવી બાંધવી કે મહારાજ ને સ્વામી રાજી થાય ને હસતાં-હસતાં આપણી પાસે આવી અક્ષર-ધામમાં બેસાડી દે. ભગવાન માટે ભીખ માંગવી પડે તો માંગીએ. સરકાર

આયોજન કરે છે તે પણ ભીખ માંગે જ છે. 'ટેક્ષ લાવો' તે ભીખ જ છે. શેઠિયા પણ લૉન લે છે ને! એ લઈએ છીએ તે ભીખ જ છે. આપણે જઈએ છીએ તે આપણા સુખ માટે નહીં, અનેક જીવના પરોપકારનું કાર્ય છે. ગમે ત્યારે ઊગશે. નિરાશ કે હતાશ ન થવું. બીજી વસ્તુ – આપણે પ્યોર (પવિત્ર) રહેવું. આપણા જીવનમાંથી પ્રેરણા મળે તેમ રહેવું. ઉત્સાહ પોણી સોળ આની ન થવો જોઈએ.'

સ્વામીશ્રી આમ વાત કરી રહેલા ત્યારે જ એક યુવાનની આંખ ઘેરાવા લાગી. તેને જગાડતાં સ્વામીશ્રી બોલ્યા :

'એક ઊંઘે તો બધા ઊંઘે. માટે ઊંઘે તો ઉઠાડવા. ઠાકોરજી બેસે ત્યાં લગી છાતી કાઢીને ચાલો. મહારાજ-સ્વામીના પ્રતાપે શું ન થાય! 'ઓછું થયું તે આપણી ખામીને લીધે ને સારું થયું તો ભગવાનના પ્રતાપે' તે વાત સમજી રાખવાની. બીજાને પણ વાત કરવાની છે. 'કેમ થાય?' એમ મોતિયા મરી જાય છે, પણ કેમ ન થાય? મડદાં બેઠાં થાય. વાદી મોરલી વગાડે તે સાપોલિયાં પણ ઊંચાં થાય. પરલોકનું જબરજસ્ત ભાથું થશે, માટે સૌ તૈયાર રહેજો.'

સ્વામીશ્રીનો આજનો જુસ્સો મડદાં બેઠાં કરે એવો જ અનુભવાયો.

કાંટાળી ભૂમિમાં ઊગેલું ગુલાબ

આ અરસામાં સવાર-સાંજ ભ્રમણ કરતા સ્વામીશ્રી તબીબોની સૂચના અનુસાર અંગ્રેજીનો '8' આંક બનાવતા હોય તેમ ઘૂમતા. તે જોઈ તા. ૩૦/૪ના રોજ ઉત્સાહી ભક્ત શ્રી અરુણભાઈએ પૂછ્યું : 'બાપા! આ રીતે ફરવાનું રહસ્ય કો' ને?'

'ભગવાન ભજવા સિવાય બીજું શું હોય?'

સ્વામીશ્રીના આ ઉત્તરમાંથી તેઓની એક નહીં, પ્રત્યેક ક્રિયાનું રહસ્ય છતું થઈ રહ્યું.

આવી જ એક અંતરંગ વાત તા. ૧/૫ના રોજ તેઓના મુખેથી સરી પડી. આ દિવસે મળવા આવેલા જાણીતા ઉદ્યોગપતિ શ્રી મનુભાઈ માધવાણી સ્વામીશ્રીની પ્રવૃત્તિઓથી અતિ પ્રભાવિત હતા. તે સંબંધી અહોભાવ ઉચ્ચારતી વખતે તેઓએ 'સંસ્થા દ્વારા વૃદ્ધાશ્રમો પણ થાય' તેવી ઇચ્છા વ્યક્ત કરી, ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અમે તો સૌને કહીએ છીએ કે ''તમે તમારાં મા-બાપને સાચવો.' આપણી ભારતીય ભાવના છે કે તેમણે આપણને ઉછેર્યા,

હવે તમે તેમની સેવા કરો.''

સ્વામીશ્રીનાં કાર્યો હંમેશાં મૂળગામી રહેતાં. પ્રથમ પ્રદૂષણ વધારવું અને ત્યારબાદ પર્યાવરણના જતન માટે પરિષદો યોજવામાં શાણપણ કેટલું ?

સ્વામીશ્રીનાં આવાં યુક્તિયુક્ત પગલાંઓથી આકર્ષાઈને તા. ૨/પની સાયંસભામાં બ્રૅન્ટ બરોના મેયર શ્રી આર્થર સ્ટિલ સહિત સાતેક કાઉન્સિલરો દોડી આવ્યા. તેમાં નગરપતિએ તો સ્વામીશ્રી દ્વારા નિર્માણાધીન મંદિરને 'ઝાંખરાવાળી કાંટાળી ભૂમિમાં ઊગેલા ગુલાબ' તરીકે નવાજી ધન્યતા અનુભવી.

સાચા બનો

તા. ૩/પથી શરૂ થયેલા મિડલેન્ડના વિચરણમાં પ્રથમ વેલિંગબરો પધારેલા સ્વામીશ્રી, અત્રે આજની સાંજે હાઈફિલ્ડ લેઝર સેન્ટરના હૉલમાં યોજાયેલી જાહેર-સભામાં પહોંચ્યા, ત્યારે ત્યાં બાળ પાર્લામેન્ટ ભરાઈને બેઠેલી. બાળ કાર્યક્રમના ભાગરૂપ આ સંસદમાં એક પક્ષ '૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો ટી.વી. ન જુએ' તેવો કાયદો પસાર કરવાની પેરવીમાં પડેલો. સામે વિરોધપક્ષ આ પ્રસ્તાવને ઉડાડી મૂકવા પ્રયત્નશીલ હતો. બંને પક્ષ દ્વારા થઈ રહેલી દલીલોના મારાને બાકીના સભ્યો 'હો... હા...'થી ટેકો દેતાં કાગારોળ મચાવી રહેલા. સંસદનું આ હૂબહૂ દશ્ય સ્વામીશ્રી સાથે સાંસદ શ્રી પીટર ફ્રાય પણ એકધારું જોઈ રહ્યા. છેલ્લે ટી.વી. ન જોવાનો કાયદો પસાર થયો ત્યારે સ્વામીશ્રી સહિત સમસ્ત શ્રોતાગણે આ ઘટનાને વધાવી લીધી.

બાળકોની આ પ્રસ્તુતિનો જ આધાર લઈને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

''આજે ટી.વી.નું ભૂત દરેકને વળગ્યું છે. વધારેમાં વધારે દૂષણો, મારામારી, વ્યભિચાર વગેરે તેમાંથી આવે છે. આ ભૂતથી આપણને ભય છે કે તે જીવ લઈને જવાનું છે. આ બધું પોઈઝન (ઝેર) છે. સરકારને ટેક્સ મળે પણ પૈસાના લોભમાં કરોડો માણસને મારી નાંખવાની વાત છે. ઘણી વાર એમ થાય કે 'દુનિયા આખી બગડી ગઈ છે, તેમાં આપણે ટી.વી. ન જોઈએ, દારૂ નહીં પીએ તો શું સુધરી જવાનું છે ?' પણ એક માણસ સુધર્યો તો દુનિયા સુધરવાની વાત છે એ હકીકત છે. આજે આપણી મર્યાદા ચાલી ગઈ છે. ડિસ્કો કરતા થઈ ગયા. કો'કના છોકરા ને કો'કની છોકરી, કોણ બાઈ ને કોણ ભાઈ ? પણ ઘર સળગશે. ઘર, સમાજ, કુટુંબ છિન્ન-ભિન્ન થઈ જશે.

ગમે તે ધર્મને માનો, જે ભગવાનને માનતા હો તેના આદેશો પ્રમાણે જીવો. આદેશ એટલે સદાચાર, સાચા ભક્ત બનો; શિવના હો તો શિવના સાચા બનો, રામના હો તો રામના સાચા બનો, કૃષ્ણના હો તો કૃષ્ણના સાચા બનો, સ્વામિનારાયણના હો તો સ્વામિનારાયણના સાચા બનો.''

સ્વામીશ્રીના આજના વેધક વાક્પ્રવાહે સૌને સ્તબ્ધ કરી મૂક્યા.

આ જ રીતે તા. ૪/૫ની સવારે પણ સૌ ચકિત થઈ ગયા. સાડા અગિયાર વાગ્યાના એ સમયે સ્વામીશ્રી મંદિરે પ્રાતઃપૂજા, અલ્પાહાર, મુલાકાત વગેરે કાર્યક્રમ પૂર્ણ કરી ઉતારે જવા ગાડીમાં બિરાજી ગયેલા, પરંતુ ચાલકે રસ્તા વિષે અવઢવ વ્યક્ત કરતાં એક હરિભક્તે સંતોને પૂછ્યું: 'રસ્તો બતાવવા કોઈ આવે ?'

ત્યારે 'ના, બાપાએ જોયો છે,' કહેતાં સેવકે ગાડી આગળ લેવડાવી અને આશ્ચર્ય ! ડાબે, જમણે કરતાં-કરતાં સ્વામીશ્રીએ મોટરને રસડનમાં આવેલા શ્રી મૂકેશભાઈ પબારીના ઘેર પહોંચાડી દીધી !! તેઓ સન ૧૯૯૦માં અહીં રોકાયેલા, છતાં ચાર વર્ષ પછીયે તેઓના મનમાં નગરનો નકશો અકબંધ હતો.

જે સ્વામીશ્રી સત્સંગીનાં સરનામાં ન ભૂલે તે સત્સંગીને તો શીદ ભૂલે !

જેનું પ્રભુપરાયણ મન

તા. ૪/૫ની સાયંસભામાં લંડનના મંદિરની સેવામાં જોડાવાની હાકલ લગાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાનનાં જે મંદિર થાય છે તે પથ્થર નથી, તેમાં પણ ચૈતન્ય છે. તે પથ્થર પણ સત્સંગ કરાવશે.'

આ આર્ષવાણી ઉચ્ચારી તા. ૫/૫ની સવારે વેલિંગબરોથી વિદાય થયેલા સ્વામીશ્રી બર્મિંગહામને બે દિવસનો લાભ આપતાં તા. ૭/૫ની સવારે લેસ્ટર પધાર્યા.

આ સમયે ઈંગ્લેન્ડનાં તમામ મંડળોમાં લંડનના મંદિરની પુષ્ટિ માટે કેન કલેક્શનનું કાર્ય ચાલી રહેલું. વળી, વિવિધ ખર્ચમાં કાપ મૂકી તે બચત પણ મંદિરના પાયામાં પૂરવાનું અભિયાન ઊપડેલું. જ્યાં સ્વામીશ્રી જાય ત્યાં તેઓ સમક્ષ આ પ્રવૃત્તિનો અહેવાલ અપાતો રહે. તે સાંભળવામાં ભોજન કરતાં સ્વામીશ્રી તલ્લીન બની જાય. વાતને અંતે સૌને શાબાશી આપી બિરદાવે.

આ ક્રમમાં એક વાર એક હરિભક્તનો ઉલ્લેખ કરતાં કો'ક બોલ્યું: 'સ્વામી ! સુખાભાઈનો કેફ સો ટકા.'

'સો ટકા નહીં, સવા સો ટકા.' સ્વામીશ્રીએ જણાવ્યું.

સરકારી પેન્શન પર આજીવિકા ચલાવતા આ સામાન્ય ભક્તનું સ્થાન પણ તેઓના હૃદયમાં હતું.

ભક્તોના આવા મહિમાને જ મમળાવતા સ્વામીશ્રી ભોજનના સ્વાદથી તો તદ્દન નિઃસ્પૃહ જ રહેતા. તેથી તા. ૭/૫ની બપોરે જમી રહેલા તેઓને સંતસ્વરૂપદાસ સ્વામીએ પૂછ્યું: 'આ બે પ્રકારના પાપડમાં કયો પાપડ સારો લાગે છે?'

'મહારાજ જમો, સ્વામી જમો!' સ્વામીશ્રીનો પ્રત્યુત્તર આવ્યો.

આ રીતે *'જેનું પ્રભુપરાયણ મન...'* પંક્તિને સાર્થક ઠેરવતા તેઓના વરદહસ્તે, આજની સાંજે ચરોતર પાટીદાર સમાજના હૉલનું ઉદ્‌ઘાટન થયું. તેને અનુસરતાં, સ્વામીશ્રી તા. ૮/૫ની સવારે ગિરનારા સોની સમાજના હૉલમાં પ્રાતઃપૂજા કરી પ્રજાપતિ કમ્યુનિટી સેન્ટરમાં પધાર્યા. અત્રે ૧,૫૦૦ યજમાનોની ઉપસ્થિતિમાં ચાલી રહેલી મહાપૂજામાં લાભ આપી, તેઓ તા. ૯/૫ના પ્રાતઃકાળે મંદિરમાં નિત્યપૂજા કરવા બિરાજ્યા.

તેમાં આવતા થાળ ધરાવવાના વિધિ વખતે પૂજારી અધ્યાત્મજીવનદાસ સ્વામી હંમેશાં થાળ પર વજન અનુભવતા, કારણ કે તેઓએ ઠાકોરજીના મુખ આગળ ધરેલા થાળને સ્વામીશ્રી ભાર આપી, સહેજ નીચો રાખવાનો પ્રયત્ન કરતા. પેલા સંતને ખ્યાલ ન આવે કે 'આ વજન ક્યાંથી થાય છે?'

પરંતુ આજે સ્વામીશ્રીએ જ ખુલાસો કરતાં સામેથી કહ્યું: 'થાળ થોડો નીચે રાખવો. ઠાકોરજી હાથથી જમે છે, મોઢાથી નહીં. નીચે હોય તો લેતાં ફાવે.'

પ્રભુપરાયણ મનમાં જ આવા સૂક્ષ્મ વિચારો સંભવે ને!

ગુરુમાં ઓગળેલા

તા. ૧૦/૫ની સાંજે ૬:૩૬ વાગ્યાથી ૭:૩૧ વાગ્યા સુધી લેસ્ટર મંડળને સૂર્યગ્રહણના સમૈયાનો લાભ અનાયાસે મળી જતાં સૌએ તે ઉત્સાહથી ઝીલ્યો, પરંતુ તે પછી ઊગેલી તા. ૧૧/૫ના રોજ સ્વામીશ્રીના રોકાણનો અંતિમ દિવસ આવી જતાં સૌનાં મુખ મ્લાન બની ગયાં. સૌની આ ઉદાસી ખંખેરતાં, સ્વામીશ્રીએ આજે મંદિરની સેવામાં જોડાવાની હાકલ લગાવી કે "તમારો એક પાઉન્ડ પણ સર્વોપરી કામ કરશે. મનમાં એમ થાય કે 'આટલા મોટા પ્રોજેક્ટમાં મારા પાઉન્ડથી શું થશે?' પણ તમે જે સેવા કરશો એ લાખો,

કરોડો પાઉન્ડ બરાબર થશે.''

સ્વામીશ્રીના આ અભિગમ અનુસાર ચાલી રહેલા મંદિર-નિર્માણના પ્રકલ્પને વેગ આપવા આ અરસામાં હરિભક્તોને ભરવાનું સંકલ્પ-પત્ર પણ તૈયાર કરવામાં આવેલું. તેમાં લખવા માટે એક પ્રેરણાદાયી સૂત્ર સૂચવવાનું સ્વામીશ્રીને કહેવાયું ત્યારે તા. ૧૧/૫નો દિવસ પૂરો થવાની તૈયારીમાં હોવાથી સ્વામીશ્રી પલંગ પર પોઢી ગયેલા. પરંતુ સૂત્રની વાત સાંભળી સૂતાં-સૂતાં કંઈક વિચાર કરવા લાગેલા તેઓને કો'કે સૂચન કર્યું કે ''ધર્મજમાં મૂર્તિપ્રતિષ્ઠા વખતે આપે કહ્યું હતું : 'એક ગણું દાન કરો તો અનંતગણું પુણ્ય મળે.' આ વાક્ય લખીએ ?''

'હા, એ સારું !'

સ્વામીશ્રીએ આ મહોર મારતાં ઓરડાની બત્તીઓ બુઝાઈ. સૌ બહાર નીકળવા લાગ્યા. તે વખતે સ્વામીશ્રીએ નારાયણમુનિદાસ સ્વામીને બોલાવી કહ્યું : 'આ વાક્ય યોગીજી મહારાજ બોલતા'તા, તો તેમનું નામ લખાશે ને !'

'ધર્મજમાં આપ જ બોલ્યા'તા ને ! આપનું નામ બરાબર છે. બંને એક જ છે ને !'

'સારું !' મન માન્યું નહોતું છતાં સ્વામીશ્રીએ સંમતિ આપી, પરંતુ થોડી વારમાં જ તેઓએ પેલા સંતને બોલાવી જણાવ્યું : 'યોગીજી મહારાજનું જ નામ રાખજો.'

ગુરુના નામમાં પોતાનું નામ ઓગાળી સ્વામીશ્રી શાંતિથી પોઢ્યા.

અવતરણ અને વિચરણનું કારણ

તા. ૧૨/૫ની સવારે લેસ્ટરથી પ્રેસ્ટન પધારેલા સ્વામીશ્રી અત્રે આજનું રાત્રિભોજન પૂર્ણ કર્યા બાદ મુલાકાતોમાં પરોવાયા. આ સેવાથી તેઓ પરવાર્યા ત્યારે ૧૦:૨૦ વાગ્યાનો સમય થયો હોવાથી સંતોએ કહ્યું : 'હવે આરામ કરો.'

આ સાંભળી દૂર પડેલી એક ફાઈલ ચીંધતાં સ્વામીશ્રી બોલ્યા : 'પેલી ચોપડી લાવો. ચશ્માં લાવો. થોડું વાંચી લઈએ.'

'એ તો ૧૪મી તારીખે લંડન જતાં રસ્તામાં પણ વાંચી લેવાશે.'

એક સંતે આમ સૂચવ્યું ત્યારે વિવેકસાગરદાસ સ્વામીએ તે સંતને જણાવ્યું : 'આમાં આપણે સલાહ ન આપવી.'

આ વાક્ય પકડતાં સ્વામીશ્રી પણ બોલ્યા : 'આ લોકો મને સલાહ બહુ

આપે. સભાનું આયોજન કરવું તેમાં મને ટાઈમ ન આપી દેવો કે 'સાત વાગ્યે જ આવો.' થોડો વહેલો મારી રીતે આવું તો વાંધો છે?'

પોતાની આ પ્રકૃતિ મુજબ તા. ૧૩/૫ની સાંજે રાધાકૃષ્ણ મંદિરે યોજાયેલી સભામાં પોણા સાત વાગ્યે પહોંચી ગયેલા સ્વામીશ્રીએ અત્રે આરતી કર્યા બાદ આશીર્વાદ આપતાં જણાવ્યું કે 'અહીં આવ્યાનું કારણ શું? તમને ભગવાનનું સુખ મળે તે માટે!'

આ કેવળ સ્વામીશ્રીના વિચરણનું જ નહીં, પરંતુ તેઓના અવતરણનું પણ કારણ! તે અનુસાર વિચરતા સ્વામીશ્રી તા. ૧૪/૫ની સવારે પ્રેસ્ટનથી લુટન આવી પહોંચ્યા.

આ લીલા સંભારી રાખજો

સાંપ્રત વિદેશયાત્રામાં સ્વામીશ્રી જેવો જીવ, તેનો જેવો ભાવ અને જેવી તેની સ્થિતિ તે મુજબ સૌને મંદિરની સેવા કરવાનું કહી રહેલા. તેથી કોઈ પણ હરિભક્ત આવે તેને પ્રથમ તેઓ મંદિરની વિગત સવિસ્તર સમજાવે. આ એકસરખી વાત દિવસમાં ૩૦-૪૦ વખત જુદી-જુદી વ્યક્તિને કરવામાં તેઓની શ્રદ્ધા દોરાભાર ન ઘટે! ક્યારેક ભક્તનો હાથ પકડીને, તો ક્યારેક તેના ખભે હાથ મૂકીને સ્વામીશ્રી વાતની માંડણી કરે કે 'જુઓ, અહીં મોટું મંદિર થાય છે. બાર મહિના બાકી છે. તમને આસ્થા છે એટલે કહીએ છીએ. એક વર્ષ ઓછું કમાયા હતા એમ સમજવું.'

કોઈ સેવા કરવા સક્ષમ હોય, પણ મામૂલી રકમ નોંધાવીને આગળ વધવા જાય તો સ્વામીશ્રી કહે: 'તમે તો ફેક્ટરી ચલાવો છો. તમારા જેવા તો પંદર-વીસ(હજાર પાઉન્ડ) આપી દે તોય વાંધો નથી. રીસેશન (મંદી) છે તે હું જાણું છું, પણ એક હપ્તે, બે હપ્તે કરો.'

કેટલીક વાર કો'કના ઉત્સાહનો ફુવારો આમ ઊછળે કે 'મારે મકાન વેચી, દેવું પૂરું કરી, વધે તે પૈસા મંદિરમાં આપી દેવા છે.' ત્યારે સ્વામીશ્રી જણાવે: 'ના, પછી વિચાર કરીશું. તમારો વ્યવહાર જોવો પડે ને!'

ક્યારેક તિથિ-તારીખનું નિમિત્ત કાઢી સત્સંગીને સેવામાં સાબદા કરતા સ્વામીશ્રીને એક ભક્તે કહ્યું: 'બાપા! દુકાન નથી ચાલતી.'

'એ તો મંદું છે એટલે એવું રહે, પણ હવે ચાલશે. મંદિર કરવું છે. સંકલ્પ કરો.'

'પહેલાં લખાવ્યા છે.'

'એ આપીને બીજા કરો. રોકડા હોય તો સાંજે જ ચૅક લાવો. શાસ્ત્રીજી મહારાજની અંતર્ધાનતિથિ છે, સંતો આવ્યા છે.'

આમ, *'તરત દાન ને મહા પુણ્ય'*ની વાત કરતાં એક હરિભક્તને સ્વામીશ્રીએ કહ્યું : 'આજે સાંજે સેવા લઈ આવજો.'

'બાપા ! બૅંક બંધ છે.'

'કાલે લાવજો.'

'કાલે રવિવાર છે.'

'સારું, હું લંડન છું ત્યાં સુધીમાં લઈ આવો.' સ્વામીશ્રીએ ઢીલ મૂકી, પણ ઢીલાશ ન દાખવી.

પરંતુ તેઓ ઢીલ મૂકે ત્યારે કેટલાક ખેંચનારા પણ નીકળે, તોયે સ્વામીશ્રી સેવાનો દોર કપાવા ન દે.

એક હરિભક્ત આગળ તેઓએ સેવાની વાત માંડી ત્યાં જ પેલા બોલ્યા : 'બાપા ! આપ આપો તો આપી દઈએ.'

'આપ્યા જ છે એટલે તો માંગીએ છીએ. અત્યારે તો રુચિ, રહસ્ય, અભિપ્રાય આ જ છે !' આમ કહેતાં સ્વામીશ્રી હસી પડ્યા.

આ જ રીતે એક હરિભક્તને જોતાં તેઓ હસવું ખાળી ન શક્યા. એ ભક્તે સ્વામીશ્રી પાસે આવી 'મારે હાથ દુઃખે છે, પગ દુઃખે છે, માથું દુઃખે છે...' કહી-કહી સમગ્ર શરીરે સ્વામીશ્રીનો વરદહસ્ત મુકાવ્યો. તેને એ રીતે શાંતિ પમાડી મંદિરની વાત મૂકતાં સ્વામીશ્રી બોલ્યા : 'લંડન મંદિરની સેવા...'

આટલું સાંભળતાં જ એ 'મુક્ત'રાજ 'હા... હા... જરૂર પ્રતિષ્ઠામાં આવીશ...' બોલી દરેક સંતોને પગે લાગતાં ઓરડાની બહાર નીકળી ગયા ! સ્વામીશ્રી પણ 'ગયા...' કહેતાં તેઓને જોઈ હસતા રહ્યા.

આવા કંઈક પ્રસંગોની હારમાળા, લુટનમાં શ્રી હર્ષદભાઈના ઘેર બપોરે આરામ માટે પોઢી રહેલા સ્વામીશ્રીને સંતોએ પહેરાવી, ત્યારે સ્વામીશ્રી પણ આંગળીના વેઢા ગણાવતાં બોલ્યા : 'અત્યારે સૂતાં પૈસો, ખાતાં પૈસો, કથામાં પૈસો... મંદિર કરવું છે ને !' આમ કહી આડે પડખે થતાં તેઓએ કહ્યું : 'આ લીલા સંભારી રાખજો.'

આવો અલૌકિક લીલારસ રેલાવતા તેઓ તા. ૧૪/૫ની રાત્રે લંડન પધાર્યા ત્યારે અહીં પણ એક ભક્તને સ્વામીશ્રીએ કહ્યું : ''આ વખતે એવું

રાખ્યું છે કે 'ભેટ લઈને દર્શને આવવું.' ભેટ એટલે એક પાઉન્ડ નહીં, પણ એક હપ્તો પૂરો કરવો.''

પરંતુ તા. ૧૫/૫ની સવારે આવેલા એક યુવકને જોતાં જ સ્વામીશ્રી કહેવા લાગ્યા: 'તું તો યોગીબાપા સાથે ફર્યો છે ને વ્યસનના માર્ગે ચડી ગયો? આમાં ભગવાન કુરાજી થાય, તારી બા કુરાજી થાય, બૈરાંને ચિંતા રહે, છોકરાંનીયે જિંદગી બગડે. બધાંને દુ:ખી કરી આપણે સુખી થઈએ?'

આ ધારદાર વાત સામે ઢાલ ધરતાં પેલો યુવાન બોલ્યો: 'બાપા! હું રોજના પાંચ પાઉન્ડ મંદિર માટે કાઢું છું.'

'મારે પૈસા નથી જોઈતા. તારી પાસે રાખ!' સ્વામીશ્રીએ તત્ક્ષણ કહ્યું. પછી ઉમેર્યું: 'મંદિરમાં નહીં આપે તો ચાલશે. તારા છોકરાં માટે, ઘર માટે, બૈરાં માટે રાખ. પૈસા બચાવ. સારા માર્ગે વાપર. આ વ્યસન છોડી દે.'

આ સાંભળનારા સૌ ગઈકાલ અને આજનો તાળો મેળવવા મથી રહ્યા. ક્યાં ગઈકાલની 'ભેટ વિના દર્શન નહીં...'ની વાત અને ક્યાં આજે ભેટનો આ અસ્વીકાર! સૌને લાગ્યું કે 'સ્વામીશ્રીને ધનની વૃદ્ધિમાં નહીં, પણ જીવનની શુદ્ધિમાં રસ છે. મંદિર પણ તેઓ આ જ હેતુસર ચણી રહ્યા છે.'

સ્વામીશ્રીની આ લીલા સૌને વણસંભારે પણ સાંભરવા લાગી.

ચોવીસ કલાક નિર્વિકલ્પ સમાધિ!

લંડન પધારેલા સ્વામીશ્રીએ પોતાના ઓરડામાં રોજ ગોઠવાતી ફૂલદાની જોઈ એક વાર પૂછ્યું કે 'આ ફૂલનો ખર્ચ કેટલો થાય?'

'એ તો મહિલા મંડળ પોતાના ખર્ચની બચતમાંથી આ સેવા કરે છે.'

કાર્યકરની આ સ્પષ્ટતા પછીયે સ્વામીશ્રીને ખર્ચ તો ખૂંચ્યો જ! તેથી તેઓ બોલ્યા: 'મંદિરનું કામ ચાલે છે. લોકોને કહીએ છીએ તો આપણે કરકસર કરીએ. જે કાંઈ બચ્યું તે! અમે જઈએ ત્યાં સુધી નવું ન કરે.' આટલું કહેતાં સ્વામીશ્રીએ પુષ્પની સેવા પથ્થર તરફ વાળી દીધી. તે ઘડીથી તેઓના ઓરડામાં કરકસરની સુગંધ એવી પ્રસરવા માંડી કે ફૂલદાનીમાં નવાં તાજાં ફૂલો ગોઠવવાની જરૂર જ ન પડી!

સ્વામીશ્રીના જીવનમાંથી કાયમ ફોરતી આવી સદ્‌ગુણ-સૌરભથી ખેંચાઈને તા. ૧૫/૫ની સાંજે ડેવિડ, ડેનિયલ અને રિચાર્ડ નામના ત્રણ અંગ્રેજ મુમુક્ષુઓ આવી ચડ્યા. સસેક્સના આ રહેવાસીઓ પૈકીના ડેવિડે સ્વામીશ્રીને

પૂછ્યું : 'ચાર દિવસ પહેલાં આપનાં મને સ્વપ્નમાં દર્શન થયાં. આપે નિર્વિકલ્પ સમાધિ કેવી હોય તેની મને સમજણ આપી અનુભવ પણ કરાવ્યો. શું આપને ચોવીસ કલાક નિર્વિકલ્પ સમાધિનો અનુભવ રહે છે ?'

'હરીએ, ફરીએ, બધું કરીએ, પણ ભગવાનને સાથે રાખીને કરીએ એટલે રહે.'

સ્વામીશ્રીનો આ ખુલાસો સાંભળનારા સંતો-ભક્તો વધુ એક વાર ઝણઝણાટી અનુભવી રહ્યા. ક્યાં ગઈકાલે બપોરે આંગળીના વેઢા પર અંગૂઠો મૂકી 'અત્યારે તો સૂતાં પૈસો, ખાતાં પૈસો, કથામાં પૈસો...' બોલતા સ્વામીશ્રી અને ક્યાં આજે 'હરીએ, ફરીએ, બધું કરીએ પણ ભગવાનને સાથે રાખીને કરીએ...' કહેતા સ્વામીશ્રી ! તેઓના મોહક અને મર્મસભર, આનંદકારી અને અચરજકારી લીલાવનમાં સૌ અટવાઈ પડ્યા.

તે વખતે પેલી અંગ્રેજ ત્રિપુટીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'અમને નિર્વિકલ્પ સમાધિ કઈ રીતે સિદ્ધ થાય ?'

'ગુરુકૃપાથી. ગુરુની આજ્ઞામાં રહીને શ્રદ્ધા રાખીએ તો થાય.'

સ્વામીશ્રીના એક-એક ઉત્તરથી અંગ્રેજો ઓગળતા ગયા. તેથી ડેવિડને તો ઈચ્છા થઈ આવી કે 'મારા સંબંધીઓને પણ આ સુખના સહભાગી બનાવું.' આ વિચારથી તે 'મારી બા અને બહેનના ફોટા ગાડીમાં છે એ લઈ આવું. તમે તેમના પર દૃષ્ટિ કરો, તેઓને પણ શાંતિ થાય...' કહેતાં ફોટા લઈ આવવા ઊભો થયો ત્યારે સ્વામીશ્રીએ પોતાની ધર્મ-મર્યાદા સમજાવી કહ્યું : 'એમને આશીર્વાદ છે.'

નિર્વિકલ્પ સમાધિ સિદ્ધ હોવા છતાં નિયમ-પાલનની આ ખબરદારી જોઈ આગંતુક અંગ્રેજો સ્વામીશ્રીના ગુણાનુરાગી બની ગયા.

મુશ્કેલીમાં કામ કરીએ તેની મહત્તા છે

મંદિર માટે આર્થિક સેવાના સંકલ્પ-પત્રો ભરનારા હરિભક્તોની એક વિશિષ્ટ સભા તા. ૧૫/૫ની સાંજે સ્વામિનારાયણ સ્કૂલમાં યોજાયેલી. તેમાં પધારેલા સ્વામીશ્રીએ આશીર્વાદનો વિશિષ્ટ ઉપાડ કરતાં કહ્યું :

''આપણે આમંત્રણ પત્રિકા વહેંચાઈ ગઈ. લગ્ન નક્કી થઈ ગયું. મોંડવો બંધાઈ ગયો. જાન આવી ગઈ. વરરાજા મોંડવે આવી ગયો. હવે પોંખી લેવાનો છે. 'મંદિર કરવું છે... કરવું છે...' વાતો થતી, પણ હવે કોઈને વિચાર

કરવાનો નથી. જે વખતે વેપાર-ધંધા સારા હતા, રીસેશન નહોતું તે વખતે જમીન ન મળી. નહીં તો મંદિર ધબાધબ થઈ જાત! ભગવાનને કસોટી કરીને વધારે સેવા આપવી હશે. મુશ્કેલીમાં કામ કરીએ તેની મહત્તા છે. આપણું છે ને આપણે કરવાનું છે. હવે નો(No) વિચાર. મકાન હોય તો વેચીને સસ્તું લઈને કરવા જેવું છે! મોટર વેચીને સસ્તી લઈને કરવા જેવું છે! આ વખતે એવું ધપાવીએ કે મન મોળું ન પડે. શાસ્ત્રીજી મહારાજને આશાભાઈએ કહ્યું: 'ભલે અમારું બધું જતું રહ્યું, અમારી જાત પર સેવા કરીશું.' આ તો નજરે જોયેલી વાત. આપણી કસોટી અત્યારે છે. તેમાં મહારાજને રાજી કરવા છે.''

સ્વામીશ્રીની આ બળભરી વાતોએ સૌમાં સેવાનો એવો જબરજસ્ત જુવાળ પ્રગટાવી દીધો કે આશીર્વાદ બાદ સતત અઢી કલાક સુધી એક આસને બેસી સૌને મળતા સ્વામીશ્રી પાસે આવનારા હરિભક્તો કહેતા ગયા:

'બાપા! લખાવી હતી તે બધી રકમ આપી દીધી છે, હવે બીજી કેટલી સેવા કરું?...'

'મને પેન્શન નથી મળતું, પણ વ્યાજ આવે છે તે આપી દઈશ...'

'મને શેરનું યાદ જ નહોતું, તમે બોલ્યા તે યાદ આવ્યું! શેર વેચીને સેવા કરીશ...'

'મેં ઓછા તો નથી લખાવ્યા ને?...'

આવા શબ્દોમાં ઘૂઘવી રહેલો સમર્પણનો સાગર જોઈ સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'અમારા ધાર્યા બહારની વાત થઈ ગઈ!'

એ જ રીતે આજની રાત્રે ૧૦:૧૦ વાગ્યે જમવા બિરાજેલા તેઓ સમક્ષ થાળ આવ્યો ત્યારે પણ તેઓના મુખેથી શબ્દો સરી પડ્યા: 'આપણે ભૂખ ઊડી ગઈ રે, ભાઈ! ભૂખ ઊડી ગઈ...'

ખરેખર, ભૂખ ભાંગે એવી સેવા કરી, લંડનવાસી ભક્તોએ રાજીપો રળી લીધો.

રમૂજ સાથે રુચિની રજૂઆત

લંડનના નિવાસ દરમ્યાન સ્વામીશ્રીની દંતચિકિત્સા માટે મુકરર કરવામાં આવેલા સોમવાર અનુસાર, તા. ૧૬/૫ના રોજ સોમવાર થતાં ત્રણ સત્સંગી ડૉક્ટરો હાજર થઈ ગયા. તેઓને જોઈને સ્વામીશ્રીને ચોકઠાંની વાત યાદ આવી ગઈ, જે તેઓ વીસરી ગયેલા. તેથી હસતાં-હસતાં સ્વામીશ્રી

બોલ્યા : 'અમે પણ હમણાં બિઝનેસમાં પડ્યા છીએ.'

પોતે ઉપાડેલા મંદિરની સેવાના ગોવર્ધન માટે બિઝનેસ (વ્યવસાય) શબ્દપ્રયોગ કરી સ્વામીશ્રીએ સૌને આનંદ કરાવ્યો ત્યાં જ આજે એક હરિભક્તે સંતોને કહ્યું : 'બાપાને વૉકિંગ કરતાં ફાવે તેવા જોડા આપવા છે.'

'બાપાને અત્યારે પાઉન્ડ જોઈએ છે. જોડા દેનારા તો ઘણા મળે છે !' આમ જણાવી સ્વામીશ્રીએ વાતાવરણને ગમ્મત-ગુલાલથી ભરી દીધું.

આ રીતે રમૂજ સાથે રુચિ પ્રગટ કરતા તેઓએ તા. ૧૯/૫ની પ્રાતઃકથામાં પણ આ જ વિષય છેડ્યો. તેની સાથે કુટુંબભાવનાને વણી લેતાં ચોટદાર વાત કરી કે –

'આ દેશ જ એવો છે કે મા-બાપ જરાય ગમે નહીં. છોકરા-છોકરી બેયને ! અલ્યા, તમને જનમ આપી મોટા કર્યાં, ભણાવ્યાં, ગણાવ્યાં, ધામધૂમ કરી પરણાવ્યાં ને હવે મા-બાપ ગમતાં નથી ? સેવા ન કરો તો કંઈ નહીં, ધિક્કારો નહીં. આટલું સમજો, આપણે અનાજ ખાઈએ છીએ, ધૂળ થોડા ખાઈએ છીએ ? તમે મોટાં થશો, છોકરાં કાઢી મૂકશે ત્યારે કેટલું લાગશે ? આપણો વારો પણ આવશે ! માટે આપણી સંસ્કૃતિને સાચવો. પશ્ચિમનું આંધળું અનુકરણ ન કરો.'

માતા-પિતાની સેવા સંબંધી આટલી શીખ આપી આર્થિક સેવાના કિનારા તરફ સુકાન મરોડતાં સ્વામીશ્રી બોલ્યા : 'દશાંશ-વિશાંશ ન અપાય તે લોભ છે. આ પડ્યું રહેશે. મોકો છે, સેવા કરી દો. પ્રભુદાસ લાલાજીનાં ઘરવાળા દેશમાં જવાનાં હતાં, તે બંધ રાખીને સેવા આપી ગયા. કરવું હોય તો બધું થાય. મોહનભાઈના ઘેરથી દાગીના કાઢીને આપી ગયા. કેટલાક વિચાર કરે છે કે 'આપું કે નહીં ?' કેમ રસિક ?'

'બાપા ! ચેક આપી દીધો છે.'

'એ થોડુંક આપ્યું છે. આવજો મળવા, તમને સમજાવું કે 'કેમ સગવડતા કરવી !' આપણે બેય ભેગા મળી સમજી લઈએ. લોભ આપણે કાઢવો છે.'

આ હાકલ દ્વારા સ્વામીશ્રીએ મંદિર-સેવાનું નગારું જોરશોરથી ગગડાવી દીધું.

જેના આગન્યાકારી છે અંગ રે

બે દિવસ પહેલાં સ્વામિનારાયણ સ્કૂલમાં ભણતા એક વિદ્યાર્થીએ

સ્વામીશ્રીને ચબરખી લખી મોકલેલી કે 'તમે સ્કૂલમાં પધારો તો અમને ગમશે.'

સૂર્યની રાહે બેઠેલા આવાં કંઈક બાળકુસુમોને પ્રફુલ્લિત કરવા સ્વામીશ્રીએ તા. ૧૯/૫ની સવારે અલ્પાહાર બાદ શાળામાં પદાર્પણ કર્યું ત્યારે અહીં યોજાયેલી સભામાં બાળકોએ શ્લોક-કીર્તનના ગાન અને પ્રવચનો દ્વારા સભા ગજવી.

તે સૌને આશીર્વાદ આપી સ્વામીશ્રી દરેક વર્ગ, રસોડું, પ્રયોગશાળા વગેરેમાં પગલાં કરતાં-કરતાં એક ઑફિસમાં પધાર્યા. ત્યાં ટેબલ પર પડેલું પૅડ ધરતાં શ્રી પીયૂષભાઈએ કહ્યું: 'બાપા! આમાં આશીર્વાદ લખી આપો.'

આ મનોરથ પૂરો કરવા સ્વામીશ્રીએ તે પૅડ પોતા તરફ ખેંચ્યું ત્યાં જ પેલા હરિભક્ત બોલ્યા: 'અહીં બે બહેનો બેસે છે તેઓએ ખાસ કહ્યું છે.'

આ સાંભળતાં જ લખવા તત્પર થયેલા સ્વામીશ્રીની કલમ અટકી ગઈ. 'આશીર્વાદ છે' કહી તેઓ નિરીક્ષણ માટે આગળ વધી ગયા.

આમ, શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર જ વર્તતા તેઓના સાંનિધ્યમાં તા. ૨૧/૫ના રોજ કૅર પત્રિકાનો વિમોચન તથા વિતરણ સમારંભ ઉત્સાહભેર સંપન્ન થયો. ભારતીય ગુણભાવીઓ અને અંગ્રેજોનો સહયોગ મેળવવા તૈયાર કરવામાં આવેલી આ પત્રિકાના ઉદ્‌ઘાટનને અનુસરતાં તા. ૨૨/૫ના રોજ યુવા-યુવતી, કિશોર-કિશોરી મંડળની વિશિષ્ટ સભા યોજાઈ. તેમાં આ ઊગતી પેઢીએ, લગ્ન બાદ મધુરજનીના કાર્યક્રમો રદ કરીને, છાપાં વહેંચવાનાં બીડાં ઝડપીને, ખિસ્સાખર્ચી પર કાતર ચલાવીને, દર-દાગીનાની ટાપટીપ છોડીને સેવાઓ નોંધાવી! તે જોઈ અનુભવાયું કે 'જમીન પર મંદિર ખડું થાય તે પહેલાં તો સ્વામીશ્રીએ આ ઊગતી પેઢીનાં હૈયે મંદિર ઊભું કરી દીધું છે!'

જોઈ વિસ્મય પામે સૌ જન

તા. ૨૪/૫ના રોજ હરિભક્ત શ્રી મોતીભાઈ પટેલે સ્વામીશ્રી પાસે આવી કહ્યું: 'બાપા! આંખનું તેજ ઓછું થયું છે. રસ્તામાં પડી જવાય છે.'

'તો ઊભા કોણ કરે?'

'આવતાં-જતાં જે જુએ તે!'

'તો અહીં મંદિરે આવવાનું ઓછું રાખો.'

'અહીં આવ્યા વિના રહેવાય નહીં. હજી તો પ્રાજ્ઞ બીજીની સત્સંગ પરીક્ષા આપવી છે. આપું?'

આ સાંભળી સ્વામીશ્રી વિચારી રહ્યા કે જેઓને રસ્તો સૂઝતો નથી તે પરીક્ષાની તૈયારી કેવી રીતે કરી શકશે? તેથી તેઓએ પૂછપરછ ચલાવી ત્યારે પેલા ભક્ત બોલ્યા: 'કોઈ વાંચે તેનું હું રેકોર્ડિંગ કરી લઉં. તે સાંભળ્યા કરું ને બીજા પાસે પેપર લખાવું. હું કહું તે મુજબ તે લખે.'

'કેટલી ઉંમર થઈ?'

'૮૩ વર્ષ.' મોતીકાકાએ જણાવ્યું.

સત્સંગ-સાગરના આ અણમોલ 'મોતી'ને સૌ જોઈ જ રહ્યા. તેની સાથે આવાં મોતી પકવનારા સ્વામીશ્રીને પણ સૌ નમી પડ્યા.

આ અહોભાવ સાથે સૌએ તા. ૨૫/૫ની સવારે ૩:૩૬ વાગ્યે સ્વામીશ્રીના સાંનિધ્યમાં ચંદ્રગ્રહણનો સમૈયો કર્યો. તેને અનુસરતાં આવેલી આજની સાયંસભામાં, સ્વામીશ્રીએ ૨૫ મિનિટમાં ૨૬ પત્રો વાંચી તેના ઉત્તરો પણ પત્ર-પરિચારકને લખાવી દીધા! તેઓની આ ઝડપ સાથે તાલ મિલાવવામાં પેલા સેવક તો બિચારા હાંફી ગયા.

સ્વામીશ્રીની આવી અતુલિત કાર્યશક્તિ તા. ૨૬/૫ના રોજ પણ સૌને દંગ કરી ગઈ. લંડનના રોકાણનો આ છેલ્લો દિવસ ભીડ અને ભીડાથી ભરચક હતો. તેની વચ્ચે હરિભક્ત શ્રી જિતુભાઈએ બપોરની મુલાકાત વખતે સ્વામીશ્રીને કહ્યું: 'મને સાંજની સભામાં આપની ફેરવેલી પ્રસાદીની માળા આપજો.'

આ યાચના સ્વામીશ્રીની આસપાસ ઊભેલા ઘણા સંતોએ સાંભળી, પરંતુ તેને સૌ પોતપોતાની પ્રવૃત્તિમાં વીસરી ગયા ત્યારે યાદ રાખ્યું એક સ્વામીશ્રીએ! તેઓએ વિદાય-સભામાં બેસતાં જ એક સંત પાસે માળા માંગી અને તેને ફેરવી પેલા હરિભક્તને આપી.

આ સભા બાદ સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે તેઓએ એક સંતને પૂછ્યું: 'નયા પડકાર છાપાવાળા ન આવ્યા?'

આ અખબારી વૃંદની એક વ્યક્તિને બોલાવવા સ્વામીશ્રીએ કહી રાખેલું, પણ પેલા સંત આ વિગત ભૂલી ગયેલા. સ્વામીશ્રીએ સંભાર્યું ત્યારે તેઓને યાદ આવ્યું!

પાર વિનાની પ્રવૃત્તિઓ વચ્ચે આવી ઝીણી-ઝીણી બાબતોનું ધ્યાન રાખતા સ્વામીશ્રી સાથેની પ્રત્યેક પળે, *'જોઈ વિસ્મય પામે સૌ જન, પામે આશ્ચર્ય કહે ધન્ય ધન્ય...'*નો અનુભવ થતો રહેતો.

વ્યરથ ન ગુમાવે પળ કદા

લંડનના મંદિરની નિર્માણ-પ્રવૃત્તિને જબ્બર ગતિ આપી સ્વામીશ્રીએ તા. ૨૭/૫ની સાંજે ૬:૫૦ વાગ્યે અમેરિકા જવા વિદાય લીધી. તે વખતે પ્લેનની પાંખો આકાશમાં ફરવા લાગી અને સ્વામીશ્રીની આંખો પત્રો પર. લગાતાર ચાર કલાક સુધી પત્ર-વ્યવહારની સેવા કરી તેઓ આરામ પૂર્વે પેશાબ-પાણી માટે ઊભા થયા ત્યારે સંતો સીટ લંબાવી પથારીની તૈયારી કરવા લાગ્યા. આ પ્રક્રિયા સ્વામીશ્રી બાથરૂમમાં જઈને પરત પધાર્યા ત્યારે પણ ચાલુ જ હતી. તેથી ઊભા થયેલા બે-એક મિનિટના સમયાવકાશમાં પણ સ્વામીશ્રીએ ઊભાં-ઊભાં એક પત્ર વાંચી લીધો!

આમ, પળેપળને નિચોવતા તેઓને લઈ આવેલા વિમાને અમેરિકાના સ્થાનિક સમય અનુસાર રાત્રે ૯:૧૦ વાગ્યે ન્યૂયોર્કમાં ઉતરાણ કર્યું.

અત્રે સ્વામીશ્રીનું વિશિષ્ટ સ્વાગત કરવા પ્લેનને ખાસ પરવાનગી લઈને ટર્મિનલ-૩૪ પર લાવવામાં આવ્યું. અહીં લાલ જાજમના રૂપે જાણે ઉપસ્થિત ૫૦૦ ભક્તોનાં હૈયાં જ પથરાઈ ગયેલાં. તેને સ્વામીશ્રીનાં સ્પર્શ અને સાંનિધ્યની હૂંફ મળતાં જ જયજયકાર ગાજી રહ્યો. તેમાં ભળેલી ડલાસના બૅન્ડની સૂરાવલિઓએ વાતાવરણને ભરી દીધું.

સૌનું આ સ્વાગત ઝીલતા સ્વામીશ્રી મંદિરે પહોંચ્યા ત્યારે રાત્રિના ૧૧:૦૦ વાગ્યા હોવાથી આયોજકોની ઇચ્છા હતી કે 'સ્વામીશ્રી આરામમાં પધારે.' પરંતુ સ્વામીશ્રીની ઇચ્છા કે 'સૌને મળું.' તેથી તેઓએ સામેથી માઈક મંગાવીને કહ્યું : 'બધાને એક હામટા જય સ્વામિનારાયણ! ખૂબ આનંદ થઈ ગયો!'

આ સ્નેહભીના શબ્દો દ્વારા થોડામાં ઝાઝું સુખ આપી સ્વામીશ્રી પોઢ્યા ત્યારે તેઓની શરીર-ઘડિયાળ મુજબ સમય થયેલો સવારના પોણા પાંચ વાગ્યાનો!

અક્ષરધામથી આવ્યા સ્વામી

અમેરિકામાં સ્વામીશ્રીના આગમનને વધાવવા દૂર-દૂરનાં કેન્દ્રોમાંથી ઊમટી પડેલા હરિભક્તોમાં લૉસ એન્જલસનું મંડળ પણ ખરું. તે જ્યારે તા. ૨૮/૫ની સવારે અલ્પાહાર બાદ મળ્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આ પૂર્વ

ને પેલું પશ્ચિમ. એલ.એ. ને લંડન - એટલું થાય !' (એટલે કે લંડનથી ન્યૂયોર્ક આવીએ અને એલ.એ.થી ન્યૂયોર્ક આવીએ તે બેય સરખું થાય.)

સ્વામીશ્રીની આ વાતને પુષ્ટિ આપતાં વિવેકસાગરદાસ સ્વામી બોલ્યા : 'આ લોકોની શ્રદ્ધા કેટલી ! કેટલે દૂરથી આવ્યા છે !'

'આપણને કેટલી શ્રદ્ધા ! અક્ષરધામથી આવ્યા !!'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગારમાંથી *'હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ...'*ની શ્રીજીવાણીનો રણકો સંભળાઈ રહ્યો.

તેનો ગુંજારવ હજી તો શમે તે પહેલાં તા. ૨૯/૫ની સવારે સ્વામીશ્રીએ ત્રણ પાર્ષદોને ભગવાં પહેરાવી શ્રીજીકાર્યનો પડઘો પાડી દીધો. વિદેશની ભૂમિ પર સ્વામિનારાયણીય ભાગવતી દીક્ષા આપનારા પ્રથમ ધર્મગુરુ તેઓ બન્યા !

અમેરિકાને આવાં અનેક અદ્વિતીય પ્રદાન આપનારા સ્વામીશ્રીને બિરદાવવા આજની સાંજે એડિસનના રેરીટન સેન્ટરના ઍક્સપો હૉલમાં સમગ્ર અમેરિકાની ૫૦ ભારતીય સંસ્થાઓએ મળીને સત્કાર સમારંભ ગોઠવેલો. તેમાં સ્વામીશ્રીને વધાવવા ભારતીયોની સાથે કંઈક અમેરિકન કોંગ્રેસમેન, સેનેટર, એડિસનના પૂર્વ તેમ જ વર્તમાન મેયર વગેરે પણ આતુર હતા.

સૌનાં હૈયે ઊછળતો આ આદર ઝીલવા સ્વામીશ્રી મયૂર રથમાં વિરાજિત થઈ હૉલમાં પ્રવેશ્યા ત્યારે સ્વાગતની સૂરાવલિઓ ગુંજી રહી. તેઓ મંચ પર બિરાજ્યા ત્યારે સ્ફટિકવૃક્ષ, મેડલ વગેરે વિવિધ ઉપહારો અર્પણ થયા. મહાનુભાવોનાં વક્તવ્યો પણ કૃતજ્ઞતાનો ભાવ ઘૂંટી રહ્યાં. તેઓ પૈકીના એક એવા નેશનલ ફૅડરેશન ઑફ ઇન્ડિયન એસોસિયેશનના પ્રમુખ શ્રી રમેશભાઈ પટેલે સ્વાગતોર્મિ વહાવી કે 'સી.એફ.આઇ. દ્વારા કેવળ ભારતીયો નહીં, પણ અમેરિકનો તથા ઇસ્માઇલીઓએ પણ પ્રેરણા લીધી છે. મને અમેરિકન એલચી શ્રી રેમન્ડ ફ્લીએ વાત કરી હતી કે 'મહારાષ્ટ્રના ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં બે જ સંસ્થા નિષ્ઠાથી કામ કરે છે. તેમાં એક છે – બી.એ.પી.એસ.'

આ અહોભાવ ઝીલતા સ્વામીશ્રી આશીર્વાદ પાઠવી વિદાય લેતી વખતેય સૌને દર્શન થાય તે હેતુથી ખુલ્લી જીપમાં ઊભાં-ઊભાં બહાર પધાર્યા.[૪૮]

---

૪૮. સ્વામીશ્રીના સંગે અમેરિકામાં પ્રસરેલી આધ્યાત્મિક આબોહવાને અનુભવવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

અમે તો ફૂલો જ આપીએ છીએ

તા. ૧/૬ની સાંજે બ્રોન્સવિલના એક દવાખાને હૃદયના પરીક્ષણ માટે પધારેલા સ્વામીશ્રી અહીંથી સીધા મંદિરે પધાર્યા ત્યારે અત્રે ચાલતી સભામાં શ્રી જિતુભાઈ કીર્તન ગાઈ રહેલા: *'એક ઝોલી મેં ફૂલ ભરે હૈં, એક ઝોલી મેં કાંટા હોગા...'*

આ સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'અમે તો બધાના કાંટા લઈ ફૂલો જ આપીએ છીએ.'

કાંટા સાટે કુસુમ આપતા તેઓ આ કાર્ય માટે જ તા. ૨/૬ની રાત્રે પોકોનો માઉન્ટેન મુકામે યોજાયેલી બાળ, કિશોર, યુવક શિબિરમાં પધાર્યા.

વન, પવન અને પર્વતની ત્રિવેણીના તટે ઊભેલા આ પ્રદેશના ટેમિમેન્ટ રિસોર્ટમાં ૨૫૮ શિબિરાર્થીઓ એકાંતનું સુખ લઈ એકાંતિક થવા આવી પહોંચેલા. તેઓને સ્વામીશ્રીએ તા. ૩/૬ની સવારથી જ ફૂલો વહેંચવાનું શરૂ કરી દીધું.

આજે પ્રાતઃપૂજા બાદ તેઓ પાસે આવેલા એક યુવકને મૂંઝવણ હતી કે 'માતા-પિતા સત્સંગમાં આવવાની 'ના' પાડે છે.'

સ્વામીશ્રીએ તેને માર્ગદર્શન આપ્યું: ''આપણે પ્રાર્થના કરવી કે 'બધાની બુદ્ધિ સારી થાય.' બહુ કહે તો સાંભળી લેવું. શાંતિથી જવાબ આપવો. આપણે થોડું છોડી દેવું. આપણે એવું જીવન રાખવું કે 'તેને એમ ન લાગે કે સત્સંગમાં જઈ સામું બોલતા થઈ ગયા.' અભ્યાસ કરવો, ઘરનું કામ કરવું. પછી ધીરે-ધીરે કહેવું કે 'અમે અભ્યાસ કરીએ છીએ, ઘરનું કામ કરીએ છીએ. આટલું સારું કરીએ છીએ. અમારો બીજો વાંક હોય તો કહેવો.''

વિદ્રોહના કાંટા પાથરનારાં મા-બાપ સામે પણ સ્વામીશ્રીએ તો સહકારનાં ફૂલો પાથરવાનું જ શીખવ્યું. તેઓ યુવાનોનાં મન-મગજને કદી ખરડાવા ન દેતા.

તે મુજબ પ્રાતઃપૂજા પછી શરૂ થયેલા કિશોર અને યુવાનોના સંયુક્ત શિબિર-સત્રમાં પણ સ્વામીશ્રીએ સૌની જિજ્ઞાસા સંતોષી. અહીં જ્યારે યુવકોએ તેઓને પૂછ્યું કે ''શિક્ષાપત્રી પ્રમાણે વર્તે તે સન્મુખ અને ન વર્તે તે વિમુખ' એમ લખ્યું છે. અમે શિક્ષાપત્રીને સંપૂર્ણ નથી પાળી શકતા, પણ પ્રયત્નશીલ છીએ તો વિમુખ કહેવાઈએ ?''

આ મૂંઝવણનું સમાધાન આપતાં સ્વામીશ્રી બોલ્યા: ''ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે 'જીવ બહુ બળિયો છે.' માણસે ધાર્યું તો ચંદ્ર પર ગયો કે નહીં? તેમ ધારીએ કે 'નિયમ પાળવા જ છે', તો ભગવાનના બળે પાળી શકાય. ભલે એક વખત ભૂલ થઈ, બે વખત ભૂલ થઈ, પણ મંડ્યા રહેવું. તે વિમુખ નથી. વિમુખ ક્યારે? વિશ્વાસ મૂકી દઈએ ત્યારે! ભૂલ થાય પણ પાળવા પ્રયત્ન કરવો.''

સ્વામીશ્રીના આવા પ્રેરક અને પ્રાયોગિક ઉત્તરોથી કિશોર-કિશોરી, યુવા-યુવતીઓ હાશ તથા હિંમત પામ્યાં. તેથી બાલ-બાલિકા શિબિરમાં જવા ઊભા થયેલા સ્વામીશ્રીનો યુવાવૃંદે આભાર માન્યો ત્યારે સ્વામીશ્રી ઊભાં-ઊભાં બોલ્યા: ''આ વાતનું મનન કરજો – 'ભૂલો થઈ જાય પણ સુધારવી છે, આગળ વધવું છે.' તમે બધાં અહીં આવ્યાં છો, આ માર્ગે આગળ વધવાની રુચિ છે, તેથી અમારે થાકેય નથી ને ઉજાગરાય નથી, શાંતિ છે.''

સ્વામીશ્રીનું આ સ્નેહાળ સમાપન સાંભળતાં જ હૉલમાં તાળીઓનો ગડગડાટ વરસી રહ્યો.

અમારેય તમને રાજી કરવા છે

યુવા-શિબિરમાંથી બાળ-શિબિરના સ્થળે પહોંચેલા સ્વામીશ્રીને મંચ સુધી દોરી જવા બે બાળકો તૈયાર હતા, પરંતુ તે બંને સ્વામીશ્રીના એક હાથની એક જ આંગળીએ વળગ્યા. બેમાંથી એકેય આંગળી છોડીને બીજે ન જાય. સૂઝ વિનાનું એ ભોળું બાળપણ સ્વામીશ્રી સહિત સૌને હસાવી રહ્યું. છેવટે કો'કની ઉછીની સમજ મળતાં, એક બાળક બીજા હાથની આંગળીએ વળગ્યો અને બે કીડીઓથી દોરાતા ગજરાજની જેમ સ્વામીશ્રી શિબિરમાં પધાર્યા.

અહીં દીપ-પ્રાગટ્ય પછી ગવાયેલી પ્રાર્થના બાદ શરૂ થયેલી પ્રશ્નોત્તરીમાં એક બાળકે પૂછ્યું: 'સ્વામી! તમે ક્યાંથી આવ્યા?'

'આમ તો ઇન્ડિયાથી આવ્યા છીએ.'

''પણ બધા કહે છે કે તમે અક્ષરધામમાંથી આવ્યા છો?!'' તરુણે વચ્ચે જ આ પ્રશ્ન ઉઠાવ્યો.[૪૯]

તે સાંભળી સ્વામીશ્રીએ પ્રતિપ્રશ્ન કર્યો કે 'કોણ કહે છે?'

---

૪૯. આ બાળક સમયાંતરે સ્વામીશ્રીના હસ્તે દીક્ષિત થઈ સાધુ અક્ષરાતીતદાસ બન્યા.

'મારા ડેડી (પિતાજી).'

'તને તેમાં વિશ્વાસ છે ?'

'હા, છે ને !'

'તો માની લેજે.'

આમ, *'પ્રમુખસ્વામી ચાંદો અમે ઝગમગતા તારા...'*ની જેમ બાળકો રસલહાણ માણી રહેલા તે વખતે જ એક બાળમોરલો ટહુક્યો કે 'બાપા ! અક્ષરધામ કેવું છે ?'

'તને બતાવવું છે, આવજે.'

જ્યાં સ્વામીશ્રી આટલું બોલ્યા ત્યાં તો તે પ્રશ્ન પૂછનારો બાળક સ્ટેજ પર ચડી આવ્યો. તેને સ્વામીશ્રીએ કહ્યું: 'ભજન કરીશ તો તને દેખાશે. બાળ મંડળમાં આવવાનું. ઓ.કે. ?'

'પણ સ્વામી ! નિયમ આપ્યા છે તે પાળવા બહુ અઘરા લાગે છે, તો કેવી રીતે પાળી શકાય ?'

'સ્કૂલમાં છોકરો જાય તે નવું હોય એટલે વહમું(વસમું) લાગે. પછી દૃઢ થઈ જાય કે 'ભણીશ તો ફાયદો છે.' તેમ નિયમો કઠણ લાગે પણ પાળવાથી જ (સરળ) થઈ જાય છે.'

'સ્વામી ! અમારે તમને રાજી કરવા છે.'

'અમારેય તમને રાજી કરવા છે. તમે રાજી કરવા આવ્યા અને અમે પણ રાજી કરવા આવ્યા છીએ. સામસામા.'

સ્વામીશ્રીની આ વાતથી ગેલમાં આવી ગયેલા શિશુઓએ તાળીઓ વગાડતાં પૂછ્યું: 'તો સ્વામી ! અમને અક્ષરધામમાં લઈ જશો ને ?'

'એટલા માટે તો વાત કરીએ છીએ કે નિયમ પાળો, ભક્તિ કરો, સત્સંગ કરો.' આમ જણાવતાં સ્વામીશ્રી બાળકોને અનુરૂપ 'વાંદરું વૈકુંઠમાં રહે નહીં' એ દૃષ્ટાંત સવિસ્તર સંભળાવી બોલ્યા: 'પહેલાં સ્વભાવ સુધારી રાખવાના. એવું કરશો તો અહીં પણ અક્ષરધામમાં અને ત્યાં પણ અક્ષરધામમાં.'

આ રીતે બાળસખાના બાગમાં ખીલેલા સ્વામીશ્રીને સંબોધી સૌ શિબિરાર્થીઓએ કાર્યક્રમના ભાગરૂપે 'त्वमेव माता च...' શ્લોકનું સમૂહગાન આદર્યું. તે સાંભળી સામેથી માઇક મંગાવી સ્વામીશ્રીએ કહ્યું:

'આ શ્લોક બોલ્યા તેનો મીનિંગ (અર્થ) સમજ્યા ? આપણે ભગવાનના પુત્રો છીએ. ભગવાન જ માતા, પિતા ભગવાન જ; બ્રધર પણ ભગવાન,

સિસ્ટર પણ ભગવાન; ફ્રેન્ડ પણ ભગવાન; તો હવે રાગ-દ્વેષ થાય? મારા ફ્રેન્ડ ભગવાન છે, તારાય ફ્રેન્ડ ભગવાન છે. અનેક માણસમાં બેઠેલા ભગવાન એક જ છે. જુદું-જુદું માનશો તો તકરાર થશે. ભગવાન આપણું માધ્યમ છે. ભલે આપણને દેખાતા નથી, પણ જે સ્વરૂપ આપણને મળ્યું છે તેની આગળ પ્રાર્થના કરશો તો અસલ સ્વરૂપની અંદર ભાવ ને પ્રેમ થશે. આ શ્લોકનું મનન-ચિંતન કરી આવો ભાવ પ્રગટ થાય તે કરવાનું છે.'

સરળ શ્લોકની સુંદર સમજૂતી આપી સ્વામીશ્રી વિદાય થયા.

આનંદ આપ્યો અતિ ઘણો રે

શિબિરના પ્રથમ દિવસે ભોજન બાદ ચાલેલા રમત-ગમતના સત્રની અંતિમ હરીફાઈ સાંજે સ્વામીશ્રીની હાજરીમાં રાખેલી. તે નિહાળવા સફેદ ગોલ્ફ કાર્ટમાં બિરાજી આવી પહોંચેલા સ્વામીશ્રી, ક્યારેક જમણા પગના ઘૂંટણે ડાબો પગ ટેકવીને તે પર જમણો હાથ રાખી, તો ક્યારેક બે હાથની અદબ વાળી બાળ-યુવાનોનાં વિવિધ કૌશલ્યો પર દૃષ્ટિ કરવા લાગ્યા.

આ રીતે ૧૦૦ મીટર દોડ, વિઘ્ન દોડ, દોરી બાંધેલા પગની દોડ, ખજાનાની શોધ વગેરે રમતોને પાવન કરતાં તેઓ બેઝ બોલના મેદાનમાં આવી ગયા. અહીં ગોળ જાડા દંડા જેવા બેટ વડે દડાને ફટકારતા બાળકો 'રન'ની સાથે 'ફન'ની કમાણી કરી રહેલા. તેને સ્વામીશ્રી એકીટશે નિહાળતા હતા ત્યાં જ એક બાળકે તેઓ પાસે દોડી જઈ વિનંતી કરી કે 'બાપા! રમવા આવો.'

'ના, આઉટ થઈ જવાય!' રમતમાં ગમ્મત ઉમેરતાં સ્વામીશ્રી બોલ્યા.

પરંતુ બાળકોના ભાવ સામે હાર સ્વીકારી ગોલ્ફ કાર્ટમાંથી નીચે ઊતરેલા તેઓએ હાથમાં બેટ ઝાલતાં જ બાળકોની બૉલિંગ શરૂ થઈ. તેમાં પહેલો દડો ખાલી, બીજોયે એ જ માર્ગે! પણ ત્રીજા દડાને સ્વામીશ્રીએ એવો ફટકાર્યો કે પોતે અડધા ઘૂમી ગયા!! આ જોનારા તો પૂરેપૂરા ઝૂમી ઊઠ્યા.

આવું જ દૃશ્ય સ્વામીશ્રી ક્રિકેટના મેદાનમાં ગયા ત્યારે ત્યાં પણ સર્જાઈ ગયું. અત્રે તો તેઓએ બોલ-બેટ પર હસ્તાક્ષર પણ પાડી આપ્યા. તે દ્વારા સૌને કાળજે કોતરાતા સ્વામીશ્રી બાસ્કેટ બોલના ચોગાનમાં બોલને જાળીમાં પધરાવી ગોલ્ફના ગ્રાઉન્ડમાં ઊતર્યા. અત્રે તેઓએ સાયંભ્રમણ શરૂ કરતાં જ, વિવિધ કૌવત દાખવવા લાગેલા કિશોરોમાં કેટલાકે શીર્ષાસન કર્યાં ત્યારે

સ્વામીશ્રીએ તેઓ વચ્ચેથી પસાર થઈને શીર્ષસ્થ સ્મૃતિ આપી દીધી.

આમ, અલૌકિક આનંદ કરાવતાં તેઓ ઉતારે જવા નીકળ્યા ત્યારે રસ્તા પર અવરોધરૂપ બનીને સૂતેલા સ્થૂળકાય યુવકો શ્રી સૂર્યકાંતભાઈ અને દીપેનભાઈએ કહ્યું: 'બાપા ! અમારા પર ચાલીને જાઓ.'

પરંતુ તેમ કરવામાં સ્વામીશ્રી અચકાયા, પણ સૌની ઇચ્છા હોવાથી સેવકોના હાથ પકડી એકના પેટ પરથી બીજાના પેટ પર ચરણ મૂકી તેઓએ વિદાય લીધી. એ ચરણની છાપ સૌનાં હૈયે અંકિત થઈ ગઈ.

જેને શ્રીહરિ સાથે સનેહ

બાળ-યુવા-કિશોરોની સાથે જ એડિસનના મંદિરે યોજાયેલી વડીલ શિબિરમાં સાત દિવસની રજા લઈ ૪૦૦ હરિભક્તો આવી પહોંચેલા. તેઓને લાભ આપવા તા. ૪/૬ની રાતથી એડિસન પધારી ગયેલા સ્વામીશ્રીને મળવા તા. ૭/૬ની બપોરે બ્રિટિશ કોન્સલ શ્રી માઇકલ કાર્ટર આવી પહોંચ્યા. સી.એફ.આઇ.ના આયોજનમાં સહકાર આપનારા આ રાજદ્વારીએ યશસ્વી કારકિર્દીના આશીર્વાદ માંગતાં સ્વામીશ્રીને કહ્યું: 'કદાચ હવે મારે ભારત જવાનું થાય.'

આ જાણી રાજી થયેલા સ્વામીશ્રીએ દુભાષિયાની સેવા બજાવતા વિવેકજીવનદાસ સ્વામીને કહ્યું: ''તેમને કહો કે 'સ્વામીના આશીર્વાદ છે. ભારત જવાનું થાય. તમારા દ્વારા ભારત અને બ્રિટનના સંબંધો સારા થાય.''

આ વાત અતિથિને અંગ્રેજીમાં કહેતા સંત દ્વારા છેલ્લી વિગત કહેવાની વીસરાઈ ગઈ. તે જ વખતે સ્વામીશ્રીએ પૂછ્યું: 'તમારા દ્વારા સંબંધો સારા થશે – તે કહ્યું ને ?'

આ સાંભળતાં પેલા સંતના શરીરમાં વીજળી દોડી ગઈ, કારણ કે સ્વામીશ્રીએ જે ચુકાઈ ગયેલું તે જ પકડેલું ! અંગ્રેજીમાં અલ્પજ્ઞ જણાતા તેઓ સર્વજ્ઞ ભાસી રહ્યા.

આવા સમર્થ સ્વામીશ્રી તા. ૮/૬ની સવારે એડિસનથી વિદાય લઈ સ્કોચ પ્લેઇન્સને પાવન કરતાં અહીંથી તા. ૯/૬ની સવારે બોસ્ટન જવા નીકળ્યા.

તે માટે ૯:૩૫ વાગ્યે શરૂ થયેલી આકાશયાત્રાની પ્રથમ ક્ષણથી જ માળા ફેરવવા માંડેલા તેઓ, સામે બિરાજેલા ઠાકોરજીમાં એકતાર થઈ ગયા. આ સમયે માથે પાઘ અને ભાલમાં આછા ચાંદલા સાથે બિરાજેલા તેઓએ

ડાબા હાથના અંગૂઠે હડપચી ટેકવેલી. એ જ હાથની પહેલી આંગળી ગાલ પર સીધી રાખેલી અને વાળેલી ત્રણ આંગળીઓ અધર પર સ્થિર કરેલી.

આવી વિચારમુદ્રા ધારણ કરીને શ્રીજીમહારાજ સામે જોતાં તેઓ એકદૃષ્ટ થઈને માળા ફેરવી રહેલા. તેમાં વચ્ચે એક સહયાત્રીએ નીચે પસાર થતી હરિયાળી બતાવી, પણ 'હા... હા...' દ્વારા પ્રતિભાવ આપતા સ્વામીશ્રી મૂર્તિમાંથી ન ખસ્યા. અન્ય એક સંત કોઈ ધાર્મિક સંસ્થાની પ્રવૃત્તિ વર્ણવવા લાગ્યા, તે સાંભળતાં-સાંભળતાં પણ સ્વામીશ્રી મૂર્તિથી અળગા ન થયા. કેટલાક આવશ્યક પત્રો અપાયા ત્યારે તે વાંચીને પુનઃ તેઓના હાથમાં માળા આવી ગઈ.

આમ, શ્રીજીમાં લીન તેઓ ૧૦:૩૫ વાગ્યે બોસ્ટનના સમીપવર્તી સ્ટો ગામના હવાઈ મથકે ઊતર્યા. અહીંથી તા. ૧૦/૬ની સવારે નેત્રચિકિત્સા માટે ડૉ. હચિન્સનના દવાખાને પહોંચેલા તેઓની આંખોનું પરીક્ષણ કરી તબીબે જણાવ્યું : 'આ અવસ્થામાં આંખોનું તેજ સારું છે.' આમ કહી તેઓએ ચૅક-અપના ચાર્જ તરીકે આશીર્વાદ માંગ્યા, રકમ નહીં !

તેઓની આ ભાવનાથી પ્રસન્ન થયેલા સ્વામીશ્રી પણ મહેનતાણાના રૂપમાં મહેર વરસાવી તા. ૧૧/૬ની સાંજે બોસ્ટનથી ટોરોન્ટો પધાર્યા.

Child is money (સંતતિ એ સંપત્તિ) થાય ખરું ?

ટોરોન્ટોમાં સ્વામીશ્રીએ તા. ૧૨/૬ની સવારે પ્રાતઃપૂજામાં બેસતાંવેંત મુખની દિશા બાબતે પૂછ્યું ત્યારે સેવકે કહ્યું : 'સૌ હરિભક્તોને દર્શનનું સુખ આવે એટલે જાણી જોઈને વિરુદ્ધ દિશામાં ગોઠવણી કરી છે.'

'હરિભક્તોને અનુકૂળ આવે કે ન આવે, પણ આપણે આપણી રીતે જોવાનું. હરિભક્તો ગમે તે કહે, પણ આપણા નિયમ-ધર્મમાં રહીને જ બધું કરવાનું.'

આ દિશાદર્શન કરતાં સ્વામીશ્રીએ પૂજાપાટને યોગ્ય દિશામાં ફેરવાવી.

નિયમના કિનારા અખંડિત રાખી, પ્રેમનો પ્રવાહ વહેવડાવી જાણનારા હતા તેઓ. તેથી તેઓની નિશ્રામાં સત્સંગી અને સિદ્ધાંત – બંનેનું પોષણ થતું.

આ રીતે પૂજાવિધિ પૂર્ણ કર્યા બાદ સ્વામીશ્રી આજની સાંજે વેસ્ટ હમ્બર કૉલેજિયેટ ઇન્સ્ટિટ્યૂશન ખાતે યોજાયેલી સ્વાગત-સભામાં પધાર્યા ત્યારે અત્રે ૭૫૦ની ક્ષમતા ધરાવતો હૉલ અને ૫૦૦ની સંખ્યાને સમાવતું જિમ્નેશિયમ

ચિક્કાર હતું. બસો જેટલા ભાવિકો તો જગ્યાના અભાવે ઘેર પરત ફરેલા, તોય એટલી જ સંખ્યામાં મુમુક્ષુઓ અહીં-તહીં બેઠક મળી રહેવાની આશાએ આંટા મારી રહેલા.

સ્વામીશ્રીના આવા મુદ્રાકર્ષણનો પરચો દરેક સ્થળે માણતા સંતોના હાથમાં આ સમયે એક વિશિષ્ટ ચિત્ર આવેલું. સ્થૂળ રીતે સાદા દેખાતા એ ભાતભાતના રંગસભર ચિત્રમાં સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં, જેની કલ્પના પણ ન કરી હોય તેવો આકાર ત્રિપરિમાણીય સ્વરૂપમાં નજર સામે તરવરવા લાગતો. જો કે તે આકાર પકડવામાં બુદ્ધિશાળીનેય કલાક-કલાક વીતી જાય.

આ ચિત્ર તા. ૧૩/૬ની બપોરે સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે તેઓ સામે ધરી તેમાં છુપાયેલો સૂક્ષ્મ આકાર શોધી આપવાનું તેઓને કહેવામાં આવ્યું. પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે સ્વામીશ્રીએ તો પંદર સેકન્ડમાં જ કહી દીધું: 'માછલી દેખાય છે.'

આ સાંભળી ચકિત રહી ગયેલા સંતોએ પૂછ્યું: 'સ્વામી! આપને કેવી રીતે તરત પકડાઈ ગયું?'

'નાકની દાંડી સામું જોઈ રહેવાનું, એટલે દેખાય.' સ્વામીશ્રી બોલ્યા.

*'નાસાગ્રે ધરિ દૃષ્ટિ તે નવ ચળે...'*ની સ્થિતિ તેઓને સહજસિદ્ધ હતી.

આવા સિદ્ધપુરુષે તા. ૧૫/૬ની સાયંસભામાં એક સળગતી સાંસારિક સમસ્યા પર માર્ગદર્શન આપતાં જણાવ્યું:

'આપણે એવા દેશમાં આવ્યા કે જ્યાં 'ટાઇમ ઇઝ મની' (સમય એ સંપત્તિ) છે. ત્યાં હવે 'ચાઇલ્ડ ઇઝ મની' (સંતતિ એ સંપત્તિ) થાય ખરું? 'કુટુંબ ઇઝ મની' થાય ખરું? 'સમાજ ઇઝ મની' થાય ખરું? આ સમજાય તો જ પ્રયત્ન થાય. પૈસા ન કમાવ તેવું નથી, પણ તેની જ મહત્તા સમજીને સવારથી રાતના બાર સુધી પૈસાનું જ ભજન થાય, પછી ભગવાનનું ભજન ક્યારે કરવું? બાળકોને સંસ્કાર ક્યારે આપવા? મિલકતને સાચવીએ તેટલું જ બાળકો તરફ ધ્યાન આપવું જોઈએ. આ બધું હેત-પ્રીતથી થાય છે. ફૉર્સ(દબાણ)થી કોઈ વસ્તુ થતી નથી. આપણે સુધરીશું તો બાળક સુધરશે. આપણે ત્યાગ કરીશું તો બાળક ત્યાગ કરશે. જે-તે દિ' કર્યા વગર છૂટકો નથી.'

આ રીતે એક અઠવાડિયાનો અમૃતલાભ લેતાં-લેતાં તા. ૧૬/૬ના રોજ આવી પહોંચેલી વિદાય-સભામાં ઈટોબિકોકના મેયર સહિત અનેક મુમુક્ષુ તથા મહાનુભાવોએ ઉપસ્થિત રહી સ્વામીશ્રીને વિદાયમાન આપ્યું.

ફાધર્સ ડે(પિતૃ દિન)નો ઉપદેશ

તા. ૧૭/૬ની સવારે ટોરોન્ટોથી શિકાગો પધારેલા સ્વામીશ્રીને મળવા તા. ૧૯/૬ની બપોરે અમેરિકન પ્રાધ્યાપક શ્રી રેમન્ડ વિલિયમ્સ આવી પહોંચ્યા. સંતોની તાલીમના વિષય પર સંશોધન કરી રહેલા તેઓએ સ્વામીશ્રી સાથે સુદીર્ઘ પ્રશ્નોત્તરી ચલાવતાં એક પ્રશ્ન પૂછ્યો કે 'સ્વામીજી ! આપે સેવા કરી તેમાં આપના જીવનમાં એવી કઈ બે-ત્રણ અગત્યની ઘટનાઓ બની છે ?'

આ જિજ્ઞાસાના જવાબરૂપે સ્વામીશ્રીએ કહ્યું :

''શાસ્ત્રીજી મહારાજની સુવર્ણતુલા ઊજવી ત્યારે પણ સ્વામીની કૃપાથી સારું કાર્ય થયું. શાસ્ત્રીજી મહારાજની શતાબ્દીનું કાર્ય વિશાળ હતું. આપણને લાગતું કે 'આ કાર્ય થાય નહીં.' ગજા બહારની, શક્તિ બહારની વાત હતી. પણ થયું ત્યારે એમ લાગ્યું કે 'આપણાથી થાય નહીં, પણ થાય છે તે મહારાજની ઇચ્છાથી થાય છે.'

આ વખતે યોગીજી મહારાજના (શતાબ્દી) ઉત્સવમાં એવું જ લાગ્યું ! જબરજસ્ત કામ ! 'કેમ થશે ?' તેવું મનમાં હતું, પણ તે કાર્ય એવી રીતે થયું કે આ વખતે ૧૦૦ ટકા સંતોષ થયો.''

ગુરુના ઉત્સવો સ્વામીશ્રીની સ્મૃતિમંજૂષામાં સુવર્ણ સમાન ચમકી રહેલા જણાયા.

તે દ્વારા એક કેળવણીકારને સંતોષ પમાડી તેઓ સાંજે કોન્કર્ડ પ્લાઝા હૉલમાં જાહેર-સભા માટે પધાર્યા ત્યારે અહીં આજે અમેરિકામાં ઊજવાતા ફાધર્સ ડે(પિતૃ દિન)ને લક્ષમાં રાખી કાર્યક્રમ રજૂ થયો. તેના અનુસંધાનમાં જ આશીર્વાદ આપી સ્વામીશ્રી ઉતારે પરત ફરી રહેલા ત્યારે ગાડીચાલક શ્રી પ્રકાશભાઈએ પૂછ્યું : 'બાપા ! આજે ફાધર્સ ડે કહેવાય, તો અમારે તમને કંઈક ભેટ આપવી પડે ને ! તો શું આપવું ?'

'ભક્તિ અને સેવા.'

સ્વામીશ્રીએ પોતાને ખપતી આ ભેટ જણાવી. ત્યાં જ ખાનગી માલિકીનો એક રસ્તો આવ્યો. તેના પરથી પસાર થતી વખતે ચૂકવવા પડતા ટોલ(જકાત)ની રકમ આગળ રહેલા સત્સંગી ગાડીચાલકે આપી દીધી. તે સંદર્ભમાં 'તેઓએ એક ગાડીના ૪૦ સેન્ટ લેખે બે ગાડીના ૮૦ સેન્ટ માટે એક ડૉલર આપ્યો હશે' તે વાત સ્વામીશ્રીની ગાડીમાં થઈ. તે સાંભળી

સ્વામીશ્રી બોલ્યા : '૨૦ સેન્ટ પાછા લીધા કે નહીં ? એમ ને એમ ન જવા દેવા.'

કરોડોનો કારોબાર કરતી સંસ્થાના ધણીએ ૨૦ સેન્ટની પણ તકેદારી રાખી !

આમ, પ્રેરણાનાં પૈડાં પર સરકતો પ્રવાસ ઉતારે વિરમ્યો ત્યારે અહીં સંતોએ પણ ફાધર્સ ડે ઉપક્રમે સ્મૃતિ સારુ સ્વામીશ્રીને શુભેચ્છાપત્ર અર્પણ કરી રાજીપો માંગ્યો. તે સમયે સ્વામીશ્રીએ જણાવ્યું : ''રાજી કરવા હોય તો કથા-વાર્તા, ભજન-કીર્તન કરવું. આળસ મૂકી દેવી. મહિમા સમજવો. કહેવું જ ન પડે કે 'કથામાં જશો ? ચેષ્ટામાં જશો ?' માળા લઈને બેસી જવું.''

આ રીતે આજના ફાધર્સ ડે નિમિત્તે સંતો-ભક્તો માટે સ્વામીશ્રીના પ્રાસંગિક ઉપદેશ ખૂબ જ સચોટ રહ્યા.

પાકા સત્સંગી આનું નામ

તા. ૨૦/૬ના રોજ આવેલી ભીમ એકાદશીની સાયંસભામાં જ્ઞાનયજ્ઞની જ્યોત પ્રગટાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

''આપણી મોટપ પૈસાથી, સત્તાથી, અધિકારથી નથી પણ મોટપ તો આજ્ઞા-ઉપાસના દૃઢ પાળે તેની છે. પાકા સત્સંગી શું ? આજ્ઞા-ઉપાસનામાં રહે. મજબૂત થવું જોઈએ. કાચું વાસણ નહીં. સત્સંગમાં ગમે તેટલો ભીડો પડે પણ મન પાછું ન પડે. અભાવ-અવગુણ ન આવે. કુટુંબ માટે ભીડો વેઠીએ છીએ તો જેણે અવતાર આપ્યો તેને માટે શો વાંધો ? દાદાખાચરે તેવું કરી બતાવ્યું. તેવા ઘણા દાખલા શાસ્ત્રીજી મહારાજના વખતમાં, યોગીજી મહારાજના વખતમાં ને અત્યારે પણ છે. પર્વતભાઈની ગઢડામાં ખબર ન રાખી પણ મનમાં ધોખો ન થયો કે 'આટલી સેવા કરું છું ને મારો વિચાર નહીં ?' આનું નામ સત્સંગ થયો કહેવાય. સત્સંગ કરવો તે જીવના કલ્યાણ માટે; દેહના સુખ માટે નહીં ! આ તો, 'ગયા'તા ને ચાનું પૂછ્યું નહીં !' અલા, ભ'ઈ ! ઘેર પીજે ને ! બે દા'ડા ચલાઈ લેવું. 'કોઈએ ભાવ પૂછ્યો નહીં !', પણ ઘરમાં બૈરાં ભાવ પૂછે છે ? ભાવ ભગવાને પૂછ્યો છે પછી શું કામ બીજો વિચાર કરે છે ?

એવી રીતે સત્સંગી શાસ્ત્રીજી મહારાજના વખતમાં હતા. છેલ્લી વાત કરી દઉં. મનુભાઈ સારીંગના હતા. કેટલીક વાર નવા છે તે જૂના છે ને જૂના છે તે નવા છે. સત્સંગમાં આવે ને જૂનાને ભુલાવી દે તેવા થાય. મનુભાઈ ૫૦ ટકા ધર્માદો કાઢે. જનરલ પંગતમાં વાળુ-પાણી કરી લે. એમ નહીં કે

વી.આઈ.પી. ટ્રીટમેન્ટ. થેલી ઓશીકે મૂકી સભામંડપમાં સૂઈ જાય. કોઈ દિવસ એવું નથી થયું કે 'મારી ટ્રીટમેન્ટ કરી નહીં.' પાકા સત્સંગી આનું નામ! આપણે પણ પાકું કરજો કે 'આવું થવું છે.''

આ કાયમ માટે કહું છું

તા. ૨૧/૬ની સવારે અલ્પાહાર દરમ્યાન અહેવાલ આપી રહેલા વીડિયો વિભાગના કાર્યકરોએ પ્રાર્થના કરતાં કહ્યું: 'સ્વામી! ચાર-પાંચ દિવસથી આપના ફોટા અમે પાડ્યા, પણ આજે અમારા ફોટા આપ પાડો.'

આ અરજીનો ત્વરિત પ્રત્યુત્તર આપતાં સ્વામીશ્રી બોલવા લાગ્યા: 'સત્સંગ થાય, ભજન-કીર્તન થાય, પાઠ-પૂજા અને ધ્યાન થાય એ ફોટો પડ્યો. એમના આદેશ મુજબ જીવન બને તે ફોટો પડ્યો. મંદિરમાં ન જવું તેવું થાય ત્યારે પાછો જવાનો વિચાર આવે એ ફોટો પડ્યો કહેવાય.'

સત્પુરુષ ફોટા પાડે ત્યારે તેઓ કઈ બાબતો પર ફોકસ (ધ્યાન કેન્દ્રિત) કરે છે તે સ્વામીશ્રીએ સમજાવી દીધું.

પોતાની આ છબીકલા જણાવી બાર્ટલેટ વિસ્તારમાં સંસ્થાએ સંપાદિત કરેલી ૩૦ એકરની ભૂમિ પર પધારેલા સ્વામીશ્રીએ અત્રે નિર્માણાધીન મંદિરનું ભૂમિપૂજન કરી સંકલ્પો કર્યા કે 'હજારો માણસો અહીં આવે, લાભ લે, સત્સંગ કરે, મોટું મંદિર થાય, સૌ કોઈ જાતે સેવા કરે, બીજાને પ્રેરણા આપે, બધા જ સુખિયા થાય અને અક્ષરધામના અધિકારી થાય.'

આશીર્વાદનું આ અષ્ટદલ કમલ ખીલવી બધે પગલાં કરવા નીકળેલા સ્વામીશ્રીને અગ્રણીઓએ પૂછ્યું: 'બાપા! અહીં મંદિર ક્યાં કરવું? ટેકરા પર?'

'પહેલાં બધું જોઈ લઈએ, પછી નક્કી કરીએ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓનો કોઈ નિર્ણય ઉતાવળિયો ન હોય. જોઈ-વિચારીને તેઓ એવું પગલું મૂકે કે અમીટ છાપ ઊપસી આવે.

આ રીતે જમીન જોતાં-જોતાં તેઓએ સૂચના આપી કે 'આ બધાં ઝાડ કાપી ન નાંખતા. નડતરમાં હોય એટલાં જ કાપજો. બાકી રહેવા દેજો.'

સૂકા પ્રદેશને લીલો રાખવા વૃક્ષ વાવવાની કે બચાવવાની હિમાયત તો સૌ કરે, પણ વનરાજીથી લીલીછમ અમેરિકાની ધરતી પર સ્વામીશ્રીએ વૃક્ષોની કાળજી લીધી. તેઓની નજર પર્યાવરણવાદીઓથીયે આગળ પહોંચતી.

પરંતુ જે વૃક્ષનું જતન ન છોડે તે સત્સંગીને તરછોડે? તેથી જ

આજની સાંજે સભામાં પધારતાં પૂર્વે સ્વામીશ્રી મંદિરના ભોંયરામાં આવેલા રસોડાની કાર્યવાહી જોવા પહોંચ્યા. અત્રે તેઓએ કાર્યકર્તા શ્રી હેમંતભાઈ મુખીને કહ્યું : 'અહીં બેસીને પણ કથા સાંભળવી. કથાનો રંગ રાખવો. આ કાયમ માટે કહું છું.'

ગઈકાલે પણ સભા બાદ ઉતારે જતાં દાદરો ઊતરતી વખતે રસોડાના સ્વયંસેવકોને સ્વામીશ્રીએ ટકોર કરેલી કે 'સેવા તો કરો છો, પણ કથામાંય બેસી જવું. ઍડજસ્ટ (અનુકૂળ) કરીને આવી જવું.'

જ્ઞાન અને સેવાનો એકસરખો ઘાટ ઉપસાવી સ્વામીશ્રી સત્સંગીનું સુરેખ શિલ્પ નિપજાવતા.

સેવકધર્મની શીખ

તા. ૨૧/૬ની સાંજે વિદાય-સભા પૂર્ણ કરીને ઉતારે જઈ રહેલા સ્વામીશ્રીએ ગાડીમાં વાંચવા માટે પત્રો માંગ્યા. તે જોઈ એક સહપ્રવાસી સંત બોલ્યા : 'પંદર મિનિટમાં શું વંચાશે ?'

'કોણે કહ્યું ?' સ્વામીશ્રીએ તરત પૂછ્યું. પછી જણાવ્યું : 'ચોક્કસ કરવું. સભાસ્થળેથી ઉતારે જતાં સાત મિનિટ થાય છે ! રોજ જઈએ છીએ તો જોતા નથી ? નહીં તો થાય કે 'સાધુ ગપ્પાં મારે છે.' માટે પાકું કરવું.'

આમ, નાની-મોટી બાબતોમાં એકસરખી ચોકસાઈ સાથે વિચરતા સ્વામીશ્રી તા. ૨૨/૬ના રોજ ઓરલાન્ડો આવી પહોંચ્યા.

અત્રે તેઓની જ કૃપાથી ૧૦૦ x ૬૦ ફૂટનો હૉલ, રસોડું, ચૂલા, ઑવન, ભોજનખંડ, ઑફિસો, ૨૬ મોટા ઓરડાઓ, રમત-ગમતનું મેદાન, ૨૦૦ ગાડીઓના પાર્કિંગની સુવિધા સહિતની વિશાળ જગ્યા મંદિર માટે મળી ગયેલી. તેથી સ્વાગત-સભામાં જ સ્વામીશ્રી બોલ્યા : 'બાવો મોટો ને મઢૂલી નાની, પણ અહીં ઊલટું છે. બાવો નાનો ને મઢી મોટી. તૈયાર સરસ મંદિર મળી ગયું. સત્સંગ પણ સારો ભગવાનની ઇચ્છાથી થઈ જશે.'

આ રૂડા આશીર્વાદ વરસાવી બીજે દિવસે પરિસરના ખૂણે-ખૂણે ફરી વળેલા સ્વામીશ્રી પ્રતિષ્ઠાની પૂર્વતૈયારીમાં પણ રસ લઈ સઘળું સુઘડ કરવા માંડ્યા. આ ક્રમમાં તેઓ તા. ૨૪/૬ની બપોરે સવા વાગ્યે ભોજન માટે બિરાજી ગયા, પરંતુ તેથી રોજ દોઢ વાગ્યાની ગણતરીએ ચાલતા સંતોને તૈયારીમાં ઉતાવળ કરવી પડતાં તેઓએ કહ્યું : 'બાપા ! આપ આજે વહેલા આવી ગયા.'

'વહેલા કે મોડા, તમે તૈયાર રહો ને! એક વાગ્યે તૈયાર કરી દેવાનું. સેવકનો ધર્મ શું છે? પોતાનો વાંક કાઢવાની વાત નહીં! જે હોય તે આપી દેવું. હું તમારી ફરિયાદ કરતો હોઉં તો કહેજો.' સ્વામીશ્રી બોલ્યા.

શિલ્પી હાથમાં ટાંકણું લે ત્યારે તિખારા ઝરે છે, પરંતુ તેમાંથી જ કમનીય મૂર્તિ ઘડાય છે. એ રીતે આજે સ્વામીશ્રીએ ઘડતરકામ કરી દીધું. તેની સાથે કોઈ ફરિયાદ વિનાનું તેઓનું જીવન પણ ઝળહળી ઊઠ્યું.

આપણે બધા પૂજ્ય જ છે

તા. ૨૫/૬ની સવારે ઓરલાન્ડોના મંદિરમાં સ્વામીશ્રીના વરદહસ્તે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થતાં વાઘા ધારણ કરાવી શકાય તેવી મૂર્તિઓ અમેરિકા ખાતે પહેલ-વહેલી અહીં બિરાજી.

તેની આરતી ઉતારી તા. ૨૬/૬ની સાયંસભામાં પત્રલેખન કરી રહેલા સ્વામીશ્રીએ એક યુવકને 'પૂજ્ય'નું સંબોધન લખ્યું. એ યુવાન સ્વામીશ્રી કરતાં ત્રીજા ભાગની ઉંમર પણ નહોતો ધરાવતો. તેથી પત્ર-પરિચારકે કહ્યું: 'બાપા! આપ તો યુવકોને પણ 'પૂજ્ય' લખો છો!'

'આપણે બધા પૂજ્ય જ છે. જાગા સ્વામી કહેતા તે મહિમા છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ મહિમા સાથે વર્તતા તેઓનાં દર્શને તા. ૨૭/૬ની સવારે શ્રી ક્લાર્ક કોગ્સવેલ, ટોમ એસ્પોસીટો અને પીઅર ડુએલ્ઝ આવ્યા. વ્યવસાયે કો'ક ઇજનેર, તો કો'ક ઇન્સ્પેક્ટર એવા આ અમેરિકનો ધર્મે ખ્રિસ્તી હતા, પરંતુ માયામીના સત્સંગી યુવાન શ્રી જિતુભાઈ પટેલના યોગે સ્વામીશ્રી સુધી પહોંચેલા તેઓએ પૂછ્યું: 'અમે એમ માનીએ છીએ કે ભગવાન મનુષ્યરૂપે આવે તે જિસસરૂપે જ આવે. તો આપ કોણ છો? ભગવાન કે મનુષ્ય?'

'ભગવાન તો એક જ છે. અમે ભગવાનના દાસ છીએ, સેવક છીએ. ભગવાન કોઈ થઈ શકે નહીં.'

સ્વામીશ્રીના આ અણધાર્યા ઉત્તરથી આશ્ચર્ય પામેલા આગંતુકોએ પૂછ્યું: 'લોકો આપને પૂજે છે તે પૂજા આપ સ્વીકારો છો?'

'લોકો ભગવાનને પૂજે છે. આ (અમને) તો ગુરુ તરીકે લોકો આદર કરે છે.'

'આપને ક્યારેય મનમાં ખોટો વિચાર આવેલો છે?'

'ભગવાનના વિચાર આવે છે. સૌનું સારું થાય તે જ વિચાર આવે છે.'

'આપે પાપ કર્યું છે ?'

'પાપ કરવાનું જ ક્યાંથી ? જન્મ્યા ત્યારથી જ સત્સંગ છે.'

સ્વામીશ્રીના એક-એક ઉત્તરમાં તેઓની *'નિર્લેપ નિર્દોષ નિષ્પાપ...'* છબી પ્રકાશી રહી, તેણે પેલા અમેરિકનોનાં અંતર અજવાળી દીધાં.

રોજનું રોજ

અમેરિકન અતિથિઓની વિદાય બાદ સ્વામીશ્રીએ પત્ર-પરિચારકને પૂછ્યું : 'લાવો, કાંઈ છે ? હોય તો સહી કરી લઈએ.'

'બે જ પત્ર છે.'

'બે તો બે ! આપો, કામ થાય.'

'આપને બહુ શ્રદ્ધા !'

'આપણે બીજું શું કરવાનું ? દોડાદોડ તો કરવાની નથી. બેઠાં-બેઠાં થાય. રોજનું રોજ કરીએ તો ચડે નહીં. કામ ઊકલે પછી ચિંતા નહીં.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓની કાર્યપદ્ધતિ Clean desk(સ્વચ્છ મેજ)નો ખિતાબ આજીવન જીતી જાય તેવી રહેલી. તે સાથે તેઓ તા. ૨૭/૬ની સાંજે હરિભક્તોના આગ્રહભર્યા સૂચનથી એપકોટ સેન્ટરની મુલાકાત બાદ તા. ૨૮/૬ની સવારે એટલાન્ટા પધાર્યા.

અહીં સ્વામીશ્રી બપોરે જમવા બિરાજ્યા ત્યારે થાળ આવવાને ફક્ત એકાદ મિનિટની જ વાર હતી. છતાં સામે બેઠેલા એક સંતના હાથમાં પત્રો જોતાં જ તેઓએ પૂછ્યું : 'લાવો, શું છે ?' આમ કહી સ્વામીશ્રી પત્રો સાંભળતા ગયા અને જવાબો આપતા ગયા. બધી ટપાલોના જવાબ અપાઈ રહ્યા ત્યારે ભોજન અડધે પહોંચી ગયેલું !

તેઓનાં ભોજન અડધાં-પડધાં રહેતાં, પણ કામ કદી અધૂરાં-અડધાં નહીં !

આ રીત જ ખોટી છે

તા. ૨૯/૬ની સવારે સ્નાનવિધિથી પરવારેલા સ્વામીશ્રીને ધોતિયું ધારણ કરતી વેળાએ ઊભા રહેવા માટે મખમલી ગાલીચો પાથરવામાં આવેલો. તે પર સ્વામીશ્રી ઊભા રહ્યા, પણ છેક છેડે ! સેવક તેઓને વચ્ચે

ઊભા રહેવા કહે, પરંતુ સ્વામીશ્રી પગ જ આગળ ન મૂકે.

છેવટે ખ્યાલ આવતાં નારાયણચરણદાસ સ્વામીએ પૂછ્યું: 'તેના પર 'જય સ્વામિનારાયણ' લખ્યું છે એટલે ?'

આ સાંભળી સંમતિમાં મસ્તક હલાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આ રીત જ ખોટી છે. આવું ન લખવું જોઈએ. સામે દીવાલે લખે તે બરોબર છે. આમાં પગ પડે તે સારું ન કહેવાય.'

ભક્તિનો આ વિવેક શીખવતા સ્વામીશ્રી પ્રાતઃપૂજામાં પધાર્યા ત્યારે આજનો દિવસ બાળ-યુવાદિન તરીકે ઘોષિત થયો હોવાથી, પૂજાની સાથે અલ્પાહાર વખતે થતી પ્રસ્તુતિમાં પણ નવી પેઢીનું પ્રભુત્વ છવાયેલું રહ્યું.

છેલ્લે પ્રશ્નોત્તરી કરતાં એ કિશોરોએ પૂછ્યું: 'બાપા ! આપ અક્ષરધામ અને અહીં બે જગ્યાએ કેવી રીતે કામ કરો છો ?'

'આપણે ક્યાં કરીએ છીએ ? ભગવાનનું કામ છે, ભગવાન જ કરે છે. અહીં થકા ત્યાં ને ત્યાં થકા અહીં ! આપણામાં રહી ભગવાન જ કરે છે.'

એકસાથે ઘણું બધું સમજાવતા સ્વામીશ્રીના આ ઉત્તરનો હરખ હજી તો સૌ અભિવ્યક્ત કરે, ત્યાં જ રશ્મિ નામના બાળકે ઊભા થઈ તેની કાલીઘેલી ભાષામાં પૂછ્યું: 'બાપા ! અત્યારે યોગીજી મહારાજ શું કરે છે ?'

'બેઠા છે ને તને વાત કરે છે.'

સ્વામીશ્રીના આ પ્રતિભાવમાંથી *'કર્યું કામ જ્ઞાનજીવનજીએ કેવું, નારાયણસ્વરૂપે સદાય રહેવું...'* પંક્તિનો પડઘો ઊઠી ગયો.

સૌથી પોતાની રીત ન્યારી દેખાડી રાજ

એટલાન્ટામાં સ્વામીશ્રીની સુવિધા સચવાય તે હેતુસર મંદિરની બાજુનાં બે મકાનો ખરીદીને તેમાં જ સ્વામીશ્રીનો નૂતન નિવાસ તૈયાર કરવામાં આવેલો. આ ઉતારાની સાથે જ નવા હૉલની પણ વ્યવસ્થા થઈ ગયેલી. પરંતુ ઉતારેથી મંદિરે જવા લગભગ સો ફૂટ ચાલવું પડે તેવું થતાં અને વચ્ચે આવતો નાનો ઢાળ પણ ચઢવો-ઊતરવો પડે તેમ હોવાથી હરિભક્તો નવી ગોલ્ફ કાર્ટ લઈ આવ્યા.

આ વાહન તા. ૨૯/૬ની સાંજે સ્વામીશ્રી સભામાં જવા નીકળ્યા ત્યારે ઉતારા પાસે જ ઊભેલું. તેમાં સ્વામીશ્રી કમને બિરાજ્યા પણ બેસતાંવેંત તેઓએ ચાલક યુવાનને પૂછ્યું: 'આ કેમ લાવ્યો ? મારી વસ્તુ મને પૂછીને જ

લાવવી જોઈએ. જરૂર છે કે નહીં તેની મને ખબર પડે કે નહીં? આટલું તો હું વૉર્કિંગમાં ચાલુ જ છું!'

'બાપા! આ તો કહ્યું'તું એટલે...!'

'કોણે કહ્યું'તું? જેણે કહ્યું તેણે વિચાર કરવો જોઈએ.' સ્વામીશ્રી બોલ્યા.

એક-એક પગલું વિચારપૂર્વક ભરનારા તેઓને આંધળૂકિયું કઠતું. તેથી નવું વાહન લાવવાની બાબતે સ્પષ્ટ અરુચિ દર્શાવતાં સભાસ્થળે પહોંચેલા તેઓએ અહીં ગોલ્ફ કાર્ટમાંથી ઊતરતી વખતે ગાડીચાલકને પાન-મસાલા છોડવાની વાત કરતાં કહ્યું: 'તને રાજી કરવા હું તારી ગાડીમાં બેઠો, તો તું આટલું નહીં કરે?'

સ્વામીશ્રીનો આ પ્રશ્ન એ વ્યસની યુવાનના મર્મસ્થાનને વીંધી ગયો. તેણે તે જ ક્ષણે વ્યસનને ફગાવી દીધું!

નહીં ટીકા, નહીં ટકોર; નહીં ઠઠ્ઠો, નહીં ઠપકો; અરે! નહીં ઉપદેશ, નહીં ઉદાહરણ; છતાં એક વાક્યે જીવન પલટાઈ-પલોટાઈ જાય તેવી હતી સ્વામીશ્રીની રીત!

ધર્મ-નિયમ ન હોય તે મોડર્ન

આ અરસામાં લાભ લૂંટવા ભેગા ફરતા પચીસેક યુવાનોને સ્મૃતિ અને સેવા મળે તે હેતુથી સ્વામીશ્રીની જુદી જુદી અંગત સેવા માટે યુવકોના વારા ગોઠવાયેલા. તેમાંના એક યુવકથી તા. ૩૦/૬ની સવારે સ્વામીશ્રીને કોગળા કરવા અપાયેલા પાણીમાં મીઠાને બદલે સોડા નંખાઈ ગયો! પરંતુ *'મોટા જેના મન...'* સમા સ્વામીશ્રી આ ઘટનાને સાહજિકતાથી પચાવી ગયા.

આવા જ કો'ક શિથિલ યુવાનની ટપાલ તા. ૨/૭ના રોજ સ્વામીશ્રી પર આવી. તેને સ્વામીશ્રીએ કરેલી એક આજ્ઞા અંગે દ્વિધા રહેતી હોવાથી પત્રમાં પૂછેલું કે 'મારું અંગ કયું છે?'

'ગરબડનું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

જીવમાં પડેલી આવી કંઈક ગરબડનો ગંદવાડ હટાવવા અત્રે બે દિવસ દરમ્યાન અમેરિકાનાં તમામ બાલ-બાલિકા, કિશોર-કિશોરી અને યુવા-યુવતી સંચાલકોની શિબિર યોજાયેલી. તેમાં આજે સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી કરતાં કાર્યકરોએ પૂછ્યું: 'બાપા! શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની હાજરીમાં આપે ઘણા ઉત્સવોનું આયોજન કરેલું. તેમાં મૂંઝવણ થતી?'

'તેમને રાજી કરવા કામ કરતા એટલે મૂંઝવણના પ્રશ્નો નડતા ન'તા. કામ કરતાં પ્રશ્નો થાય પણ મનમેળ કરી કામ કરતા.'

આમ, સ્વામીશ્રીએ રાજીપાને મૂંઝવણ-મુક્તિનો માર્ગ બતાવતાં યુવકોએ પૂછ્યું : 'સ્વામી ! અમે આપને રાજી કેવી રીતે કરી શકીએ ?'

'ભક્ત્યાનુવૃત્ત્યા... એમની મરજી સમજીને જે કામ કરીએ તેમાં રાજી થાય.'

રાજીપાનું આ રહસ્ય ખૂલતાં કિશોરોએ પૂછ્યું : 'બાપા ! આ કાર્ય કરવામાં ક્યારેય આપને કંટાળો આવ્યો છે ?'

'કંટાળો શું ? કાર્ય કરવા જ આવ્યા છીએ.' પોતાનો આ અભિગમ અને આંતરિક સ્થિતિ ખોલ્યા બાદ સ્વામીશ્રી બોલ્યા :

'મનના તરંગો હોય તો કંટાળો આવે. મોટાપુરુષની આજ્ઞા છે કે 'આ કરો.' તેમ કરીએ તો વાંધો ન આવે, બાકી આવે. મનસ્વી રીતે કરીએ તો કંટાળોય આવે અને નાસીપાસ થવાય. કંટાળો કોના માટે ? આ સેવા આપણા મોક્ષ માટે, કલ્યાણ માટે છે. ભગવાન ને સંતને રાજી કરવાની રુચિ છે તેને કંટાળો ન હોય.'

કંટાળાના કાટથી મુક્ત સ્વામીશ્રીની સેવાઓ સદા ચકચકિત જ રહેતી. તેથી અંજાયેલા કાર્યકરોએ વધુમાં પૂછ્યું કે 'સ્વામી ! આપ શાસ્ત્રીજી મહારાજના વખતથી કાર્ય કરો છો. અત્યારના અમારા જેવા મોડર્ન (આધુનિક) સાથે કેવી રીતે ઍડજસ્ટ (અનુકૂળ) થઈ શકો છો ?'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આપ બધા મોડર્ન ન કહેવાવ. ધર્મ-નિયમ કશું ન હોય તે મોડર્ન ! નવી રીત છે એટલે પદ્ધતિ જુદી હોય. મૂળ તો બધા સત્સંગના વિકાસમાં કામ કરતા હોય, એટલે મતભેદ જેવું લાગતું જ નથી અને છે પણ નહીં. અમે પણ સાથે ભળી જઈએ. તમારા વિચારોને સાથે લઈને કામ કરીએ એટલે વાંધો આવતો નથી.'

સ્વામીશ્રીનો આ ઉત્તર કુટુંબ, કંપની કે કારખાનાંઓમાં જૂના-નવા જમાનાના સભ્યો વચ્ચે વકરતા વિખવાદને શમાવવા સક્ષમ છે. કોશથી માંડીને કમ્પ્યૂટર ચલાવતી પેઢી સાથે સુમેળ સાધી સ્વામીશ્રી કાર્ય કરી ગયા તે તેઓની આગવી સિદ્ધિ !

ભગવાન રાજી થાય તેમ વર્તીએ એ (અમારું) અંગ

એટલાન્ટાના આંગણે આયોજિત દ્વિદિવસીય શિબિર દરમ્યાન તા.

૨/૭ની સવારે અલ્પાહાર બાદ શરૂ થયેલી પ્રશ્નોત્તરીમાં સૌ સ્વામીશ્રીના સદ્‌ગુણ-સાગરમાંથી મૂલ્યવાન મોતીઓ મેળવી રહેલા.

આ ક્રમમાં કાર્યકર્તાઓએ સ્વામીશ્રીને પૂછ્યું કે 'આપને દિવસ, મહિના, વર્ષ દરમ્યાન અનેકવિધ પ્રવૃત્તિમાં કયો મુખ્ય વિચાર રહે છે?'

આ જિજ્ઞાસા સંતોષતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

"શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને રાજી કરવા કરીએ છીએ, યશ મળે તે માટે નહીં. આપણી મહત્તા માટે નથી. થયું તો પણ સારા માટે, ન થયું તો પણ સારા માટે! સર્વકર્તા મહારાજ છે. કોઈને સમજાય કે ન સમજાય. મહારાજે કહ્યું : 'મોટા માણસને સમજાવવાનો આગ્રહ નથી.' ઘણી વખત આપણે સારું થાય તો કડક, ને ન થાય તો ઢીલા ઢફ થઈ જઈએ. એવું નહીં. બધું એમની પ્રસન્નતાને અર્થે કરીએ, સર્વકર્તા માનીને કરીએ તો સુખ રહે."

સ્વામીશ્રીએ પોતાનો આ વિચારવૈભવ પાથર્યો તે જોઈ કાર્યકરોએ વધુ એક કુતૂહલ પ્રગટ કર્યું કે 'સ્વામી! આપના જીવનમાં માન-અપમાનના હજારો પ્રસંગ થાય છે. તેમાં સ્થિરતા રહે છે તેનું સિક્રેટ (રહસ્ય) શું છે?'

'માન-અપમાન થાય પણ કાર્ય ભગવાન માટે કરીએ છીએ ને! બૈરાં-છોકરાં માટે કરતા હોય તેમાં માન-અપમાન થાય છે કે નહીં? તેમ ભગવાનને રાજી કરવા કરીએ છીએ તેમાં માન-અપમાન શું? આમ સમજીને કરીએ તો વાંધો ન આવે. મૂળ વસ્તુ જ્ઞાનની, સમજણની દૃઢતા જોઈએ.'

સ્વામીશ્રીએ ઉદ્‌ઘાટિત કરેલું પોતાની સ્થિતપ્રજ્ઞ સ્થિતિનું આ સિક્રેટ સાંભળી પોરસાયેલા કાર્યકરોએ પૂછ્યું : 'સ્વામી! આપનું અંગ કયું?'

'અમે આ બેઠા. દેખાય એ અંગ. ૭૩ વરસ થયાં.' આમ, રમૂજનો રસ રેડતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'ભગવાન જે રીતે રાજી થાય તેમ વર્તીએ, એની પ્રસન્નતા થાય એ (અમારું) અંગ!'

અંગની આ વાત સાંભળી રંગમાં આવી ગયેલા કાર્યકરોએ આ અરસામાં ગાજી રહેલા અમૃત મહોત્સવના સંદર્ભમાં પૂછ્યું : 'અમૃત મહોત્સવ એટલે શું?'

'બ્રાહ્મી સ્થિતિ થાય, ભગવાનની આપણા પર પ્રસન્નતા થાય, આપણું લાઇફ (જીવન) પવિત્ર બને, સદાચારયુક્ત બને, હંમેશાં મોટાપુરુષ રાજી થાય એમ વર્તાય (તે અમૃત મહોત્સવ.)'

ઉત્સવનો આ મર્મ સમજાવી સ્વામીશ્રી વધુમાં બોલ્યા :

'ઉત્સવેય થશે પણ આપણામાં વાસના કેટલી ટળી? પ્રકૃતિ કેટલી ટળી? તે જાણપણું રાખીને કરીએ તો અમૃત મહોત્સવ! હજારો માણસ આવે ને રાજી થઈ ગયા, એમ નહીં! દરેકને તો સમાસ થાય, પણ પહેલો આપણો વિકાસ કેટલો થયો? આપણામાંથી માન કેટલું ગયું? ક્રોધ, ઈર્ષ્યા, લોભ ગયાં? જ્ઞાન ને સમજણ આવે તે અમૃત મહોત્સવ! સ્વભાવ જાય ને સારા ગુણ આવે. અમૃત મહોત્સવ ઊજવાઈ જાય ને આપણે અમૃત બની જઈએ.'

પોતાના અમૃત મહોત્સવે સ્વામીશ્રીને આશ્રિતો તરફથી એક પુષ્પ-પાંખડીનીયે અપેક્ષા નહોતી. અંદરનું કાર્ય કરવા પધારેલા તેઓને અપેક્ષા પણ અંદરની જ રહેતી. તેથી છેલ્લે સૌએ પૂછ્યું : 'બાપા! અમે કમ્પ્યૂટરના જમાનામાં જીવીએ છીએ. તેથી શૉર્ટ કટ (ટૂંકા રસ્તા) શોધીએ છીએ. આપને સહેલામાં સહેલી કઈ રીતે રાજી કરી શકાય?'

'આજ્ઞા પ્રમાણે વર્તીએ, 'તેને જ રાજી કરવા છે' એમ હોય તો થાય.' આટલું કહી સ્વામીશ્રીએ કમ્પ્યૂટરની પેઢીને તેઓની ભાષામાં જણાવ્યું : 'કેટલા પ્રયત્ન કર્યા ત્યારે કમ્પ્યૂટર આવ્યું! આપણે પ્રયત્ન કરતા નથી ને સીધા ગાદી પર આવવું છે, તે ક્યાંથી અવાય?'

આમ, આજે સ્વામીશ્રીએ અનહદ અને અદ્ભુત લાભ આપતાં હરખાયેલો ઉદ્ઘોષક આભાર માનતાં બોલ્યો કે 'બાપા આપણને રાજી કરે છે.'

'અરસ-પરસ રાજી કરવાના. તમે અમને કરો અને અમે તમને કરીએ.' અમૃતધારાની વધુ એક છાલક ઉડાડતાં સ્વામીશ્રી બોલ્યા.

તન સુખ ત્યાગવા તાન જી

તા. ૨/૭ની સાંજે સિવિક સેન્ટરમાં યોજાયેલી જાહેર-સભામાં સ્વામીશ્રીને લઈ જવા માટે રોલ્સરોયસ કંપનીની સફેદ લિમોઝીન ગાડી તૈયાર રાખવામાં આવેલી, પરંતુ તેમાં બેસતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'આ લોકોને આવા મોહ બહુ થાય. આપણી ગાડી શી ખોટી છે? આમાં કેટલા ખર્ચ્યા?'

મોટરથી મોભો ન માનનારા સ્વામીશ્રીના આ અણગમાની જાણે બ્રેક લાગી ગઈ હોય તેમ ઊપડેલી ગાડી અધવચ્ચે જ અટકી ગઈ! સૌએ મથામણ ઘણી કરી, પણ છેવટે સભામાં સમયસર પહોંચવાના હેતુસર ગાડી બદલવી જ પડતાં સ્વામીશ્રી નાની ગાડીમાં બિરાજવા નીચે ઊતર્યા. આ મોટરના માલિકનો

સંકલ્પ હતો કે 'સ્વામીશ્રી મારી ગાડીમાં બિરાજે.' તે પૂરો કરવા જ જાણે સ્વામીશ્રી એ ગાડીમાં બેસવા ગયા ત્યારે એક સંત સીટ પર ચાદર પાથરવા લાગ્યા. તે તરફ પણ અરુચિ વ્યક્ત કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'આને શું બહુ મોહ છે? અડધો કલાક બેસવું તેમાં...!'

સુવિધાઓ તો તેઓને સોયની જેમ ખૂંચતી.

આવા અનાસક્ત સ્વામીશ્રીનાં દર્શને આવેલા આજની સભાના અતિથિ-વિશેષ શ્રી મેક્સ ક્લીલૅન્ડે વિયેટનામના યુદ્ધમાં પોતાના બે પગ અને એક હાથ ગુમાવી દીધેલા. વ્હીલચૅરમાં બેઠેલા જ્યોર્જિયાના આ સેક્રેટરી ઑફ સ્ટેટને જોઈ સ્વામીશ્રી સમજી ગયા કે 'તેઓની ખુરશી પોતાની નજીક નહીં આવી શકે.' તેથી તેઓએ કાર્યકર શ્રી જયંતીભાઈને કહ્યું: 'હું હાર આપીશ તે તમારે પહેરાવી દેવો.'

સ્વામીશ્રીની આ કાળજીથી પેલા વિકલાંગ રાજનેતા પુલકિત થઈ ઊઠ્યા.

આવા જ આનંદ સાથે સભા બાદ વાળુ કરતા સ્વામીશ્રી સમક્ષ અગ્રણી કાર્યકરોએ બાળ-યુવા શિબિરનો અહેવાલ રજૂ કર્યો. તેના અંતે શ્રી કનુભાઈ પટેલે પ્રાર્થના કરતાં બળ માંગ્યું ત્યારે રાજનભાઈ બોલ્યા: 'બાપા! મને તો ઐશ્વર્ય જ આપજો, તો જ કામ થશે.'

'બળ લે ને! તે સારું. ઐશ્વર્યમાં છકી જઈએ, અહં આવી જાય. ભગવાનનું બળ હોય તો ભગવાનના દાસ થઈને કામ થાય.'

આ સુંદર સમજ આપનારા સ્વામીશ્રીને જે ઉપાયે દાસભાવ સચવાય તે ગમતું.

પાપરહિત પુણ્યભંડાર

તા. ૩/૭ની સવારે એટલાન્ટાથી હ્યુસ્ટન પધારેલા સ્વામીશ્રીનું સ્વાગત કરતાં ધજાઓ ફરફરી રહી, ફટાકડા ફૂટી રહ્યા અને આનંદ-મંગળ ગવાઈ રહ્યું. આ હર્ષોલ્લાસ વચ્ચે ગાડીમાંથી ઊતરેલા સ્વામીશ્રીએ મંદિરમાં પ્રવેશવા ડગ માંડ્યાં ત્યારે તેઓનાં ચરણ લાલ ઊનની જે જાજમ પર પડ્યાં તેને બાલિકાઓ તથા યુવતીઓએ ગૂંથેલી. એક વ્યક્તિ ૨ x ૧.૫ ફૂટનો ટુકડો ગૂંથતા. તે રીતે ગૂંથાયેલા ટુકડામાંથી બનેલી આ જાજમ હવે પિયુનાં પગલાંથી પ્રાસાદિક બનતાં, સૌ પોતપોતાના ટુકડા પાછા લઈ જઈ, તેને પૂજામાં બેસવાના આસનરૂપે ઉપયોગમાં લેવાના હતા.

કમળને ખીલવવા માટે સૂર્યના સામીપ્ય કરતાં સૂર્યનું સત્ત્વ મહત્ત્વનું છે. સ્વામીશ્રી એવા સત્ત્વશીલ હતા કે તેઓ વિદેશમાં ઊછરતી બાલિકાઓ, યુવતીઓથી દૂર રહીનેય તેઓનાં હૈયે ભક્તિનાં કમળ ખીલવી દેતા.

નિજના આ સત્ત્વ સાથે તા. ૪/૭ની રાત્રે ડૉ. જય ચાવડાના ઘેર ભોજન લઈ રહેલા સ્વામીશ્રી સમક્ષ વંચાતા શાસ્ત્રીજી મહારાજના જીવનચરિત્રમાંથી પહેરવેશ સંબંધી વાતો નીકળતાં સંતોએ પૂછ્યું: 'સ્વામી! આપ ધોતિયું ક્યારે પહેરતા ?'

'સવારે ન'ઈને પૂજા વખતે. ગામમાંય કોઈ વખત પહેરીને જઈએ. સ્કૂલે જઈએ ત્યારે કોઈ વાર લેંઘો પહેરતા.'

'કોટ સાથે ટાઈ પહેરેલી ?'

'ટાઈનાં દર્શન જ નહીં ને !'

સ્વામીશ્રીના આ નિર્દોષ ઉત્તરથી સૌ હસી પડ્યા.

આ હાસ્ય આગામી બે દિવસો દરમ્યાન અહોભાવમાં ફેરવાઈ ગયું, જ્યારે તા. ૫/૭ની સાયંસભામાં સ્ટેફર્ડના મેયર શ્રી લીઓનાર્ડ સ્કારસેલાએ તથા તા. ૬/૭ની સભામાં સુગરલેન્ડના મેયર શ્રી લી ડીગને સ્વામીશ્રીને 'કી ટુ ધ સિટી'નાં સન્માન આપી નવાજ્યા. આ બંને નગરપતિઓએ સ્વામીશ્રી સાથેની મુલાકાતને પોતાના જીવનની ચિરસ્મરણીય ક્ષણો ગણાવી.

આ બહુમાન સ્વીકાર્યા બાદ, તા. ૭/૭ની રાત્રે આરામમાં પધારી રહેલા સ્વામીશ્રી સમક્ષ ખૂલેલા મંદિરની વાતોના અધ્યાયમાં કો'કે કહ્યું: 'લંડનની ચિંતા બાપા ! આપના માથે છે.'

'ભગવાનને માથે ચિંતા છે. આપણે કશું રાખતા નથી.' આટલું કહી સ્વામીશ્રી બોલ્યા: 'મહેનત તો કરવી પડે ને ! સેવા છે સેવા !!'

જે મહેનતુ હોય તેના જીવનમાં ઘણી વાર ભગવાનના કર્તાભાવનો છેદ ઊડી જાય છે, તો જે 'ભગવાન જ બધું કરે છે' એમ માને તે આળસુ અને બેદરકાર બની રહે છે. સદ્‌ગુણ સાથે દુર્ગુણની આ મિલાવટ સ્વામીશ્રીમાં કદી જોવા ન મળતી. તેઓ *'પાપરહિત પુણ્યભંડાર...'* સમા હતા.

પૂરે જનના મનની હામું

તા. ૮/૭ની સવારે હ્યુસ્ટનથી ડલાસ પધારેલા સ્વામીશ્રી આજની રાત્રે ઢોલિયા પર પોઢ્યા તે જ વખતે તેઓને અમદાવાદ-સ્થિત જગન્નાથ મંદિરના

મહંત પૂજ્ય રામહર્ષદાસજી મહારાજ પરલોક સિધાવ્યાના સમાચાર મળ્યા. તે સાંભળી બેઠા થઈ ગયેલા તેઓએ આંખોમાંથી લેન્સ કાઢી નાંખેલા, છતાં હિંદીમાં હસ્તાક્ષર કરી તાત્કાલિક તે પત્ર ફેક્સ દ્વારા અમદાવાદ મોકલવા સૂચના આપી. અમદાવાદમાં પણ 'સંતો જાતે જઈને જ તે પત્ર જગન્નાથજીના મંદિરે પહોંચાડે' તેમ જણાવ્યું.

જ્યારે-જ્યારે સમાજના મોભ સમા મહાત્મા કે મહાનુભાવ ચિરવિદાય લે ત્યારે સ્વામીશ્રીની આવી શ્રદ્ધાંજલિ તે મઠ, મંદિર કે મકાનમાં અવશ્ય પહોંચતી. તેમાંથી સૌ પ્રત્યેનાં તેઓનાં આદર અને આત્મીયતાનું પ્રતિબિંબ ઊઠતું.

તે મુજબ આજે એક દિવંગત સંતને અંજલિ આપી સ્વામીશ્રીએ તા. ૯/૭ની સવારે અહીંના નૂતન મંદિરમાં વિધિસર મૂર્તિપ્રતિષ્ઠા કરી.

આ પ્રસંગે સાયંસભામાં તેઓએ વર્ણવેલા ભક્તિના મહિમાનો એક અનુભવ જણાવતાં રાત્રિભોજન વખતે પ્રિયવ્રતદાસ સ્વામીએ કહ્યું : ''મને હતું કે 'આજે આપ 'भक्त्या तुष्यति केवलम्...' શ્લોક બોલશો' ને આપ બોલ્યા !''

'સંકલ્પ શું કામ કર્યો ? નહીં તો ન બોલત.' સ્વામીશ્રીનો આ ઉત્તર સાંભળી સંતો હસી પડ્યા.

જો કે સૌના મનોરથો પૂર્ણ કરવામાં સ્વામીશ્રીને ઘણી વાર સહન કરવાનું પણ થતું. આ અરસામાં તેઓ આવી જ એક તકલીફ ઉઠાવી રહેલા.

મહિના-દા'ડા પહેલાં પોકોનો માઉન્ટેન મુકામે યોજાયેલી શિબિરમાં કિશોરોએ તેઓને બેટ આપી ક્રિકેટ અને બેઝબોલ રમવાની ઇચ્છા પ્રગટ કરેલી. તે સૌને રાજી કરવા સ્વામીશ્રીએ બેટ ઘુમાવેલું, પણ તેમ કરતાં તેઓને ખભાના સાંધાની પેશીઓમાં સોજો ચડી ગયેલો. તે કારણે ખભાથી કોણી સુધીનો હાથ દુખતો રહેતો. આ વિગત તા. ૧૦/૭ની સવારે પ્રેસ્બિટેરિયન હૉસ્પિટલમાં થયેલી તબીબી તપાસમાં બહાર આવી.

તે જાણી સૌને દુઃખ સાથે આશ્ચર્ય એ થયું કે 'આવા દુખાવામાં પણ સ્વામીશ્રી એક મહિના સુધી પત્રલેખન કે અન્ય કોઈ કાર્યક્રમમાં ઓટ લાવ્યા સિવાય કેવી રીતે પ્રવૃત્ત રહી શક્યા હશે ?'

પરંતુ સંતો-સત્સંગીઓને સ્વજનતુલ્ય સમજતા સ્વામીશ્રી, આશ્રિતો કાજે આવાં કંઈક કષ્ટો ઉઠાવતા રહેતા. તેઓની શૈલી જ *'પૂરે જનના મનની હામું...'*ની !

બધી જ પળો શ્રેષ્ઠ છે

દવાખાનેથી મંદિરે આવેલા સ્વામીશ્રી અહીં વિવિધ વિભાગોનું નિરીક્ષણ કરવા નીકળ્યા ત્યારે સ્વચ્છતા સંબંધી સૂચન કરતાં બોલ્યા : 'આપણે ગંદકી ન જોઈએ. બાથરૂમ, સંડાસ, રસોડું ચોખ્ખું જોઈએ. જ્યાં રહીએ ત્યાં સાફ રાખીએ. સ્વચ્છ રહે તેવી ટેવ પડે તે સારું! કેટલાકનું જીવન એવું કે ડૂચો નાંખે. સ્વચ્છ રહેવાની ટેવ પડે નહીં તો ગરબડિયું જીવન રહે.'

સ્વચ્છતાની આ શીખ સાથે આજની સાયંસભામાં રથયાત્રાનો ઉત્સવ ઊજવનારા સ્વામીશ્રીને મળવા, તા. ૧૧/૭ની સવારે ચિન્મય મિશનના નવા વરાયેલા સૂત્રધાર પૂજ્ય તેજોમયાનંદજી આવ્યા. સ્વામીશ્રી કરતાં તેઓની ઉંમર આશરે પચીસેક વર્ષ ઓછી, છતાં પોતાના જેવું જ તકિયા સહિતનું આસન બનાવડાવી સ્વામીશ્રીએ તે પર તેઓને બેસાડ્યા અને તેઓ સાથે પૂર્વસૂરી પૂજ્ય ચિન્મયાનંદજીનાં સંસ્મરણો વાગોળ્યાં.

અંતે શાલના સન્માન સાથે તેઓને વિદાયમાન આપ્યા બાદ સ્વામીશ્રી આજની રાત્રે શયનાધીન થઈ રહેલા ત્યારે નારાયણમુનિદાસ સ્વામીએ તેઓને એક CD ખરીદવા અંગે પૂછ્યું. આ CDમાં સંગૃહીત થયેલાં વિશ્વવિખ્યાત વક્તાઓનાં પ્રવચનોના આધારે, સંતોને પ્રવચનની તાલીમ આપવાનો વિચાર પૂછનારા સંતનો હતો.

પરંતુ તે વિગત જાણી સ્વામીશ્રી બોલ્યા: "તેમાં શું શીખવાનું? તેનાથી પછી આપણી રીતમાં સંતોને રસ ન પડે. 'કેમ બ્રહ્મરૂપ થવું? કેમ સ્વભાવ ટાળવા?' એ આપણી CD છે. કોઈ વક્તાની આધ્યાત્મિક વાત હોય તો બરાબર છે. પુસ્તકો પણ આધ્યાત્મિક હોય અને તેમાંથી આપણા સંપ્રદાયને પુષ્ટિ કરે તેવાં હોય તે લેવાં. તેમાંથી જાણી લેવું, બાકી તો વચનામૃત ને જીવનચરિત્રોના ગ્રંથમાંથી લેવું."

તાલીમની આ નૂતન છતાં સનાતન દિશા ચીંધતાં સ્વામીશ્રી તા. ૧૨/૭ની સવારે ડૉ. નરેન્દ્રભાઈના ઘેર પધાર્યા. નાના મહેલ જેવો જ આ બંગલો તેઓના ઉતારા માટે પસંદ કરાયેલો, પરંતુ ભક્તોને હળાય-મળાય, મંદિરે આવવા-જવામાં સમય ન બગડે વગેરે કારણોસર સ્વામીશ્રી મંદિરમાં જ રોકાયેલા, જ્યાં ચાલુ સભાએ અવાજ સ્વામીશ્રીના ઓરડામાં બેરોકટોક આવતો-જતો. આલિશાન ઉતારા છોડી મંદિરના સામાન્ય ઉતારામાં રહેવાની

તેઓની આ પ્રકૃતિ દરેક કેન્દ્રમાં જોવા મળતી.

આ રીતે ટેવાયેલા સ્વામીશ્રી અત્રે બાળ-કિશોર સભામાં પધારતાં જ, નવી પેઢી તેઓની કેટલીક નિજી વિગતો જાણવા ઉત્સુક બની. તેથી પૂછ્યું: 'બાપા! આપને કયું ભજન ગમે?'

'ભજન બધાં ભગવાનનાં છે, એટલે દરેક ભજન પ્રિય જ હોય. છતાં *'જોઈ મૂરતિ મનોહર તારી...'* એ આપણે ગાતા હોઈએ.'

'સ્વામી! આપના માટે દિવસની શ્રેષ્ઠ પળ કઈ?'

'મહારાજ સાથે જ ૨૪ કલાકની બધી પળો છે. એટલે દિવસે કે રાત્રે, બધી જ પળો શ્રેષ્ઠ છે.'

'બાપા! આપ પરચા કે સમાધિ કેમ નથી બતાવતા?'

'કાર્ય મહારાજ છે એટલે થાય છે, પરચાથી થતું નથી. સ્વભાવ ચાલ્યા જાય તે મોટો પરચો છે. આજે ઘરબાર મૂકી ભગવાન ભજવા આવે છે એ પણ એક ચમત્કાર જ છે ને?!'

સ્વામીશ્રીએ પરચો નહીં, પરંતુ પરચો જોવાની દૃષ્ટિ આપી દીધી.

તેની સાથે તેઓએ એવો પરચો પૂર્યો પણ ખરો!

તા. ૧૩/૭ની સવારે તેઓ ડલાસથી સાનહોઝે જવા નીકળ્યા ત્યારે અહીંના ધીરુભાઈએ પોતાના એકના એક પુત્ર હિમાંશુને સ્વામીશ્રીનાં ચરણે સમર્પિત કરી દીધો. તેથી રાજી થયેલા સ્વામીશ્રી બોલ્યા: 'કરોડ રૂપિયા કરતાં મોટી સેવા થઈ.'[૫૦]

નેતૃત્વની નક્કર તાલીમ

સાનહોઝેમાં યોજાયેલી સ્વાગત-સભામાં વિવેકમૂર્તિદાસ સ્વામીએ ગાયેલા કીર્તન *'એક વાર એક વાર એક વાર યોગી, મારે મંદિરિયે આવો રે...'*ના આધારે આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'આવી તો ગયા છે, પણ આપણને ટાઈમ નથી. અક્ષરધામમાંથી આવી ગયા છે, પણ આપણને ટાઈમ નથી.'

તેઓના ઉપદેશનો આ ઉપાડ ઘણો જ માર્મિક હતો. તેમાંથી 'સ્વામીશ્રી સ્વયં યોગીજી મહારાજનું સ્વરૂપ છે અને તેઓ અક્ષરધામમાંથી અહીં પધાર્યા છે' તે બેય ખુલાસા પડઘાઈ ઊઠ્યા. તેથી તેઓનો લાભ લેવા સાબદા થઈ

---

૫૦. આ યુવાન સ્વામીશ્રીના હસ્તે દીક્ષિત થઈ સાધુ મુનિતિલકદાસ બન્યા.

ગયેલા ભક્તોથી મંદિર પરિસર ભરચક રહેવા લાગ્યું.

આ ભક્તભીડ વચ્ચે તા. ૧૪/૭ની સવારે નવનિર્મિત મંદિરનું નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રીએ મૂર્તિઓના સિંહાસનને ખૂબ ઝીણવટપૂર્વક જોયું. આ સિંહાસનથી આઠ જ ફૂટ દૂર આવતા એક થાંભલે જઈને પણ તેઓએ સિંહાસન નજરમાં ભર્યું. તેમાં તેઓને આ ગોઠવણી યોગ્ય ન લાગી. સાથેના સૌને પણ પેલો થાંભલો ખૂંચતાં સૌ કહેવા લાગ્યા: 'આ થાંભલાને કાઢી જ નાંખો.'

પરંતુ સ્વામીશ્રીએ તેમ ન કહ્યું. તેઓએ મંડળના એક અગ્રણી કાર્યકર સામે જોઈ પૂછ્યું: 'આ પ્રકાશ શું કહે છે?'

સર્વેસર્વા હોવા છતાં સંબંધિત સર્વને પૂછવું એ સ્વામીશ્રીની શૈલી.

તે મુજબ તેઓએ પૂછતાં કાર્યકરના મનમાં ઘોળાતી અવઢવ ઊછળી આવી. એ થાંભલો તૈયાર લીધેલા મકાનના એક આધારરૂપે હોવાથી તેને કાઢવા અંગે શ્રી પ્રકાશભાઈ મૂંઝાતા હતા, પરંતુ સ્વામીશ્રીએ આ મૂંઝવણ દૂર કરતાં કહ્યું: 'આજુબાજુ બે થાંભલા લઈ પછી આ કાઢી નાંખજો.'

તેઓના આ પ્રસંગમાંથી સૌને નેતૃત્વની નક્કર તાલીમ મળી ગઈ.

ગુરુ આપણા હીરો (આદર્શ)

તા. ૧૪/૭ના દિવસે યોજાયેલી બાળ-કિશોર સભામાં સ્વામીશ્રી પધારતાં જ, આરંભાયેલી પ્રશ્નોત્તરી રસપ્રદ બની રહી. તેમાં આજે ઊજવાઈ રહેલી પ્રતીક ગુરુપૂનમ નિમિત્તે સૌએ સ્વામીશ્રીને પૂછ્યું:

'બાપા ! આપ સૌના ગુરુ કઈ રીતે બન્યા ?'

'આપણે તો ગુરુ જ નથી. આપણે તો સેવક છીએ. શિષ્ય જ છીએ. ગુરુ તો એક અનાદિ ગુરુ ગુણાતીત થયા તે ! એમણે કહ્યું એટલે આ (સેવા) કરીએ છીએ.'

'સ્વામી ! ભગવાનનો અનુભવ અમને કેવી રીતે થાય ?'

'એ તો ગુરુની કૃપાથી થાય, સાધનોથી થતો નથી. આપણે સીધેસીધા ભગવાનને જોઈ શકતા નથી, પણ ગુરુમાં હેત ને આત્મબુદ્ધિ કરીએ તે ભગવાનનાં દર્શન. 'ગુરુમાં ભગવાન સાક્ષાત્ રહે છે ને કાર્ય કરે છે' એવા મહિમા સહિત પ્રીતિ થઈ તે ભગવાનનો અનુભવ, ભગવાનનો સાક્ષાત્કાર. આપણને એમને વિષે ભગવાનનો આનંદ આવ્યા કરે. ગુરુ એ જ આપણા ભગવાન.'

'બાપા ! અમને નિષ્ફળતા મળે ત્યારે શું કરવું ?'

'જે પ્રશ્ન આવે તેમાં ગુરુ જે પ્રમાણે કહે તેમ કરીએ તો નિરાકરણ આવી જાય. પ્રશ્નો છે પણ ગુરુ કહે તેમ કરવું એટલે કરવું.'

'સ્વામી ! અહીં જેમ અમારે કોઈ ક્રિકેટર, કોઈ ગાયક હીરો (આદર્શ) તરીકે હોય, તેમ બાળપણમાં તમારા હીરો કોણ હતા ?'

'નાના હતા ત્યારથી સાધુ થવું'તું ને શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજને રાજી કરવા'તા. પેલા હીરો આપણું શું કરવાના ? ઊલટા એને સંભારવાથી આપણને નરકમાં નાંખે. કોઈ દિવસ તને વાત કરવા આવ્યા કે 'કેમ, બેટા ! શું છે ? તને સુખ છે કે દુઃખ છે ?' ભગવાનનો મારગ છે ગુરુ. તે આપણા હીરો છે. હીરો એટલે આ લોક, પરલોક બેય માર્ગ દેખાડે. એ વ્યવહાર અને મોક્ષ, બંને શિખવાડે.'

સ્વામીશ્રીએ આજે અસલ 'હીરો' અને કાચના કટકાનો ભેદ ઓળખાવી દીધો.

નિષ્કામી નિર્મળ અતિ

તા. ૧૬/૭ની સવારે સ્વામીશ્રીએ સાનહોઝેના મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની આરસની મૂર્તિઓ પધરાવી ત્યારે સ્થાનિક ભારતીય સંસ્થાના પ્રતિનિધિઓ સાથે મિલપિટાસ અને ફ્રી મોન્ટના અમેરિકન મેયરે પણ ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી. આ મહાનુભાવોએ મંદિરને પોતાના વિસ્તારનું ગૌરવ અને સદ્‌ભાગ્ય ગણાવ્યું.

આમ, ધામધૂમપૂર્વક પ્રતિષ્ઠા કરીને ઉતારે પધારેલા સ્વામીશ્રી અહીં ભોજન બાદ મુલાકાતોમાં પરોવાયા ત્યારે નાના બાળકને તેડી લાવેલા એક ભાવિકે પોતાના શિશુને સ્વામીશ્રીથી દોઢેક ફૂટના અંતરે નીચે મૂક્યું. તે વખતે સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ બાબો છે ને ?'

'ના, બેબી છે.'

આ સાંભળતાં જ શ્રીજીમહારાજની આજ્ઞા અખંડ પાળનારા સ્વામીશ્રીનો ચહેરો રૂની પૂણી જેવો ફિક્કો પડી ગયો. અલબત્ત, અહીં નિયમ-ભંગની તો વાત જ નહોતી, પરંતુ મર્યાદા પાલન બાબતે સવાયી સાવચેતીથી વર્તતા સ્વામીશ્રીને આ બાબત પણ ઘણી જ વસમી લાગી. તેથી તેઓએ એ આગંતુકને લઈ આવનારા સત્સંગીને મર્યાદા બાબતે ધ્યાન રાખવા ટકોર કરી.

એટલું જ નહીં, બાળકીનો કોઈ જ સીધો સ્પર્શ નહોતો થયો છતાં સ્વામીશ્રીએ તે સાંજે ઠાકોરજીનો પ્રસાદ ન લીધો ! આ જોઈ સૌને 'તેઓ રાત્રે નહીં જમે' તેની પણ ખાતરી થઈ ગઈ. તેથી તે દિવસની સાયંસભામાં વડીલ સંતોએ સ્વામીશ્રીને ઉપવાસ ન કરવા વિનંતી કરી, પરંતુ આ અરજ સામે સ્વામીશ્રીએ મચક ન આપતાં, સંતોએ સ્વામીશ્રી વતી પોતે ઉપવાસ કરી લેવા તૈયારી બતાવી. તે સાંભળી સ્વામીશ્રીની આંખ ભીની થઈ ગઈ.

આ અવસ્થામાં તેઓ સભા બાદ નિજનિવાસમાં પધાર્યા, પરંતુ તેઓનું મન મોંમાં કોળિયો મૂકવા રાજી નહોતું. ૭૩મા વર્ષે, અનેક બીમારીઓ વચ્ચે, ધર્મભંગ ન થયો હોવા છતાં, સ્વામીશ્રી ગોળી ગળવાનું પણ ફગાવી દઈ પ્રાયશ્ચિત્તનો ઉપવાસ કરવા તત્પર થઈ ગયા. તેથી જ તેઓ ઓરડામાં સંકોચાતાં ઊભા રહ્યા. તે જોઈ વડીલ સંતોએ 'જમવા માટે બિરાજી જ જાવ' કહી તેઓને આગ્રહપૂર્વક બેસાડ્યા ત્યારે સ્વામીશ્રીની આંખોમાં પુનઃ ઝળઝળિયાં આવી ગયાં. આ વેદના સાથે તેઓ પોતાના વતી સેવક સંતને પ્રાયશ્ચિત્તનો ઉપવાસ આપી ઉદાસ થકા જમવા બિરાજ્યા. તેઓની આ નિયમ-પાલનની ખટક સૌનાં મનમાં વસી ગઈ.

કરે જનનાં મન પ્રસન

તા. ૧૭/૭ની સાયંસભામાં મિલપિટાસના નગરપતિ શ્રી પીટર મેક્હ્યુએ સ્વામીશ્રીને 'કી ટુ ધ સિટી'નું સન્માન આપી સત્કાર્યા.

આ બહુમાન ઝીલી તા. ૧૮/૭ની સાંજે હવાઈમાર્ગે એલ.એ. જવા નીકળેલા સ્વામીશ્રીએ આ રસ્તે સાન્ટા બાર્બરા મુકામે અલ્પવિરામ લીધો. તે પછી લૉસ એન્જલસમાં ઉતરાણ કર્યા બાદ મંદિરે જતાં સુધીમાં તેઓએ આરતી-અષ્ટકનું ગાન કર્યું. તે પૂરું થતાં સંતોએ કહ્યું : 'શોભો સાધુગુણે... શ્લોક આપને સાંભળી-સાંભળીને યાદ રહી ગયો હશે ?!'

'યાદ નથી રહેતો. પહેલી લીટી યાદ છે. આપણને બહુ હોય નહીં એટલે ધ્યાન ન રહે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનું છે એ યાદ રહે.'

સ્વામીશ્રીની આ સ્વસ્તુતિની વિસ્મૃતિ તેઓની અહંશૂન્યતાની સ્મૃતિ આપતી ગઈ.

તેને હૃદયસ્થ કરતાં સૌ મંદિરે પધાર્યા ત્યારે અત્રે ધામધૂમથી સ્વાગત થયું. તે સ્વીકારી જમવા બિરાજેલા સ્વામીશ્રીએ ભોજન પૂરું થવા આવ્યું

ત્યારે કેક સંભારી! તેઓ ઍરપોર્ટ પર ઊતર્યા ત્યારે સીરલ નામનો બાળક આ વાનગી લઈ આવેલો. તે વખતે સ્વામીશ્રીએ કેક સાથે આ બાળકને પણ પોતાની ગાડીમાં બેસાડી દીધેલો. સંતોએ તેને કહી રાખેલું કે 'આ કેક મંદિરના રસોડે તું અમને આપી જજે.'

પરંતુ મંદિરે તો સેંકડો ભક્તો, સ્વાગતનો દબદબો અને સામાનને ઠેકાણે મૂકવાની પળોજણ. તેમાં પેલો બાળક અને તેની કેક તો સાવ જ વીસરાઈ ગયેલાં! પણ સ્વામીશ્રીએ તેને યાદ કરતાં શોધખોળ શરૂ થઈ.

છેવટે ભીડમાં ક્યાંય ઓગળી ગયેલા એ બાળકને સ્વયંસેવકો દ્વારા શોધાવી સંતો સ્વામીશ્રી પાસે લઈ આવ્યા ત્યારે તેની કેક ઠાકોરજીને ધરાવી સ્વામીશ્રીએ ચાખી. આ જોઈ એ બાળકનો મનમયૂર નાચી ઊઠ્યો.

આ લાઈફ સુધીની વાત છે

તા. ૧૯/૭ના રોજ દેવશયની એકાદશીના આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

"આજે નિયમની એકાદશી છે. નિયમ વગરની ભક્તિ વૃદ્ધિને ન પામે. રવિસભાની વાત કરી છે. ગમે તે કામ હોય, પણ તે આઘું-પાછું કરી, ટાઇમ થાય કે ફટ્... આવી જવું. અહીં આવી પાછા ઑફિસ વગેરેમાં બેસી રહે એમ નહીં. સભા પછી ઑફિસ કે મીટિંગનાં કામ કરવાં. મંદિરની પ્રવૃત્તિ છે એમાં 'ના' નહીં, પણ કથા વગર સત્સંગ વૃદ્ધિને ન પામે. સાંભળીએ તો ખબર પડે ને કે 'મારા અવગુણ આ છે!' આ વાતમાં રસ ન હોય તો બ્રહ્મરૂપ કેવી રીતે થવાશે?

આજે આ નિમ(નિયમ)ની એકાદશીએ વ્રત, તપ, ઊંધે માથે રહેવાનું નિમ તો નથી આપતા, પણ પૂજા, સેવા વખતે કામકાજ કાંઈ નહીં. આપણે રાજ છે? એલ.એ. આપણું તો નથી ને? તો બીજી ક્યાં વાત? સભામાં પણ સૌએ પોતાની ઉપર વાત લેવી. કીર્તન ગાનારો ગાય કે *'તારા માથે નગારાં વાગે મોતનાં રે...'* તે વખતે તમે સામે ગાઓ કે *'તારા માથે નગારાં વાગે મોતનાં રે...'* એટલે બેય કોરા કાટ રહે. માટે વારંવાર વિચાર કરવો.

કથા-વાર્તામાં એકની એક જ વાત છે, પણ આ લાઈફ (જિંદગી) સુધીની વાત છે. આ વાત વર્તનમાં લાવવાની છે. *ગુરુ ગયા ગોકળ ને પાછળ થઈ મોકળ* – એવું ન થવું જોઈએ. અમે જશું ન્યૂયોર્ક, પણ તમારો ઉત્સાહ

એવો ને એવો રહેવો જોઈએ.''

આજની દેવપોઢી એકાદશીએ દેવ ભલે પોઢ્યા, પણ સ્વામીશ્રીએ ભક્તોને તો જાગતા કરી દીધા.

અગત્યનો મોટો પ્રસંગ

તા. ૨૦/૭ની સવારે બાળકો-કિશોરોના લાભાર્થે મંદિરના હૉલમાં પારણાં કરવા બિરાજેલા સ્વામીશ્રીનો અલ્પાહાર પૂરો થતાં જ આ ઊગતી પેઢીએ તેઓ સાથે સહજ ગોઠડી માંડી દીધી. તેમાં નિમેષ નામના બાળકે પૂછ્યું : 'સ્વામી ! આપને બધા 'બાપા' કેમ કહે છે ?'

'અમે યોગીબાપાના દીકરા થયા એટલે !' આટલો ખુલાસો આપી સ્વામીશ્રી બોલ્યા : 'બાપા તો નથી પણ સેવક છીએ, પણ યોગીબાપાને લઈને અમનેય (બાપા) કહે છે.'

નામની આટલી જિજ્ઞાસા સંતોષાતાં એક બાળકે ઠામ વિષે પૂછ્યું કે 'બાપા ! આપનું ઘર ક્યાં ?'

'આપણા બધાયનું ઘર અક્ષરધામ છે. એ ઘરમાં આપણે રહેવાનું છે. આ ઘર તો બધાં પડી જવાનાં છે.'

નામ-ઠામ સંબંધી આટલી ભાળ મેળવ્યા પછી મિતેષ નામના કિશોરે સ્વામીશ્રીના જીવનમાં ડૂબકી લગાવતાં પૂછ્યું : 'બાપા ! તમારા જીવનનો સૌથી અગત્યનો પ્રસંગ કયો ?'

'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મળ્યા અને આ ભગવાન ભજવા આવ્યા એ આપણો અગત્યનો મોટો પ્રસંગ છે.'

જેઓના જીવનના મોટા પ્રસંગોની યાદીથી પાનાંઓનાં પાનાંઓ ભરાય તે સ્વામીશ્રીએ એક જ વાક્યમાં ઉત્તર આપી દીધો !

ગુરુભક્તિની આ આત્યંતિક ઊંચાઈએ આસન જમાવી બેઠેલા તેઓ આજે રાત્રે આરામમાં પધાર્યા ત્યારે સેવકો સાથે થઈ રહેલી સ્વાસ્થ્ય સંબંધી વાતોમાં સ્વામીશ્રી બોલી ગયા : 'હવે તો પડખું ફરવું પડે છે તે પણ સહજ નથી થતું. શરીર ઊંચું કરીને ધીમે રહીને ફરવું પડે છે. હવે તો અઘરું થઈ ગયું છે. પહેલાં જેવું નથી રહ્યું.'

તા. ૨૧/૭ના રોજ પણ પત્રવાંચનથી પરવારેલા સ્વામીશ્રીએ ચશ્માં ઉતાર્યાં ત્યારે કાનથી આંખ સુધીના ભાગ પર બેય બાજુ ચશ્માંની દાંડીથી

પડેલા કાપા ઊપસી આવ્યા. તે જોઈ સંતોએ કહ્યું: 'હવે આપનું શરીર ઢીલું થઈ ગયું. આ થોડી વાર ચશ્માં પહેર્યાં તોય કાપા પડી ગયા!'

'હા, હવે તો બધું ઢીલું પડી ગયું છે. હવે અવસ્થાનું બધું એવું જ રહેવાનું. ઢીલમઢીલા.'

આવા સંજોગોમાં પણ બીજાં ૨૨ વર્ષ સુધી સેવારત રહેલા સ્વામીશ્રીનો ભક્તિપ્રવાહ કેટલો પ્રબળ હશે!

ચમકનો પહાણ આવ્યો છે

તા. ૨૨/૭ના રોજ આવેલી ગુરુપૂનમે મંદિરની દશાબ્દી ઊજવતા એલ.એ. મંડળે ઠાકોરજીની સુવર્ણતુલા દ્વારા વિશેષ ભક્તિ અદા કરી. તેની સાથે જ અમેરિકાના મુખ્ય કાર્યકરોની વાર્ષિક શિબિરનો દીપ સ્વામીશ્રીના વરદહસ્તે પ્રગટી ગયો.

તેના ઉજાસમાં, તા. ૨૩/૭ની સાંજે સેરીટોસ સેન્ટરમાં પ્રાઇડ ઑફ ઇન્ડિયા (ભારત-ગૌરવ) કાર્યક્રમ યોજાયો ત્યારે અહીં મંચ પર ફરફરતા ભારત, અમેરિકા તથા કેનેડાના રાષ્ટ્રધ્વજોથી દેશપ્રેમની આગવી આબોહવા જામી ગઈ. તેમાંયે ત્રણેય દેશોનાં રાષ્ટ્રગીત ગુંજતાં જ, સૌ વાતાવરણમાં વિદ્યુતસંચાર અનુભવી રહ્યા. તેની વચ્ચે કેનેડા, અમેરિકામાં વસતા નામાંકિત ભારતીયોને જ્યારે બિરદાવવામાં આવ્યા ત્યારે સૌની નસનસમાં ભારતીય અસ્મિતા દોડવા માંડી.

આવો જ ઉત્સાહ તા. ૨૪/૭ના દિવસે પણ છાઈ રહ્યો. આજે રવિવાર અને દશાબ્દી પાટોત્સવનો સંગમ થયો હોવાથી વિપુલ માનવપ્રવાહ એકઠો થઈ જતાં મંદિર હિલોળે ચડ્યું. ૧,૫૦૦ની ક્ષમતા ધરાવતો સભામંડપ અને ૬૦૦ની સંખ્યા સમાવતો મંદિરનો હૉલ હકડેઠઠ થતાં કેટલાંયને પરિસરમાં આમતેમ ઘૂમવાનો વારો આવી ગયો. પાર્કિંગમાં પણ ગાડીઓ ઊભી રાખવાની જગ્યા ન બચતાં, કેટલાક અમેરિકન પાડોશીઓ પોતાના આંગણે ગાડીઓ ઊભી રાખવા દઈ પાંચ-દસ ડૉલરની રોકડી કરવા માંડ્યા! મનુષ્યોનો આ મસમોટો મેળાવડો જોઈ સ્થાનિક પોલીસ પણ ધસી આવી.

આ સઘળો અહેવાલ આપતાં પાર્કિંગ વિભાગના કાર્યકર શ્રી રવીન્દ્રભાઈએ આજની રાત્રે સ્વામીશ્રીને કહ્યું: ''બાપા! પોલીસે મને પૂછ્યું કે 'આ શું છે? કેમ આટલા બધા માણસો ભેગા થયા છે?' ત્યારે મેં જણાવ્યું કે

'અમારા બીગ મૅન (મોટાપુરુષ) આવ્યા છે.''

'કહેવું'તું ને કે ચમકનો પહાણ આવ્યો છે!' સ્વામીશ્રીએ યથાર્થ જવાબ વાળ્યો.

તેઓના આ વિધાનની સત્યતા તેઓ જ્યાં જાય ત્યાં અનુભવાતી. તે જોઈ સૌને *'લે ખેંચી મન લાખનાં, આપોઆપ ઈશ્વર હોય...'*ની પ્રતીતિ સ્વામીશ્રીમાં બેસતી, કારણ કે કોઈ નાચ-ગાન કે નાટારંગના કાર્યક્રમ વિના, લોભ-લાલચનાં લંગર નાંખ્યા વિના, ધર્મ-નિયમનાં ધજા-નેજા નીચે, પંચવિષય અને સ્વભાવના ખંડનની આકરી વાતો સાંભળવા અમેરિકાની ધરતી પર સૌને ખેંચવા, એ પ્રભુતાઈ વિના કેવી રીતે સંભવે ?!

ચતુરાઈ ચાવતા રે લોલ

એલ.એ. મંદિરનો દશાબ્દી પાટોત્સવ ઊજવી ભોજન લઈ રહેલા સ્વામીશ્રી સમક્ષ ચાલતી થયેલી વાતચીતમાં એક વિગત એવી કહેવાઈ કે 'પ્લેનમાં ઈમરજન્સી ડોર (સંકટ સમયના દરવાજા) પાસે જેને અંગ્રેજી ન આવડે તેને નથી બેસાડતા, કારણ કે અંગ્રેજીથી અજાણ વ્યક્તિ સમયે સૂચના ન સમજી શકે તો ?'

આ સાંભળી સૌ નિયમ ઘડનારાની ચોકસાઈ વખાણી રહ્યા, ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અંગ્રેજી તો ઘણાને આવડતું હોય, પણ મનની સ્થિરતાવાળાને બેસાડવો જોઈએ.'

આ સચોટ સૂચન કરતાં તેઓએ ચણાને ચોપડામાં દબાવી મુખમાં કોળિયો મૂક્યો ત્યારે સૌ ગાઈ ઊઠ્યા : *'વહાલા તારા દંત દાડમનાં બીજ, ચતુરાઈ ચાવતા રે લોલ...'*

આવા વિચક્ષણ સ્વામીશ્રી તા. ૨૫/૭ની સવારે એલ.એ.થી ન્યૂયોર્ક જવા ઍરપોર્ટ પર પધાર્યા ત્યારે પ્રતીક્ષાકક્ષમાં બેસવાનું થતાં શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ સ્વામીશ્રીને જ્યાં બેસવાનું હતું ત્યાં ભગવું કપડું પાથર્યું. પરંતુ બાજુમાં ઠાકોરજીને સીધા બેઠક પર જ પધરાવેલા જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'બીજું કપડું લાવો.'

તેઓને ભગવાન કરતાં પોતાનું આસન એક મિ.મિ. જેટલું ઊંચું થાય તેય ન પરવડે !

ભક્તિની આ પાંખે ઊડતા સ્વામીશ્રી ન્યૂયોર્ક પધાર્યા ત્યારે રાત્રિના

પોણા આઠ વાગેલા. આ સમયે હવાઈ મથકેથી મંદિરે જવા નીકળેલા તેઓ ગાડીએ ગતિ પકડતાં જ બોલ્યા : 'આરતી કરીએ.' તેઓના આ આદેશ સાથે આરંભાયેલું આરતી-અષ્ટકનું આહ્નિક વિરમતાં જ મંદિર આવી ગયું.

અહીં દર્શન-દંડવત કરી સ્વામીશ્રી વ્યક્તિગત દર્શન આપવા બિરાજ્યા ત્યારે એક બાળકે કહ્યું : 'બાપા ! ગુરુપૂનમે અમે એલ.એ. ન આવી શક્યા એટલે આપનાં દર્શન ન થયાં.'

'તું નો'તો આવ્યો પણ અમે તો અહીં આવ્યા'તા.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના આ શબ્દોમાં સૌને *'મારા ભક્તો જ્યાં ભજન કરે છે ત્યાં હું હાજર રહું છું'* – આ ભગવદ્‌વાણીનો પડઘો સંભળાયો.

... તો શ્રીજીમહારાજ સામે ચાલીને ભેટશે

તા. ૨૬/૭ની સવારે મધ્વ સંપ્રદાયના આચાર્ય પૂજ્ય વિબુધેશતીર્થજીને મળી સાયંસભામાં પધારેલા સ્વામીશ્રીની આ સભા વિદાય સમારોહરૂપે હતી. તેથી સ્વામીશ્રીના આશીર્વાદ શરૂ થતાં પહેલાં એક ખૂણામાં ઊભેલા હરિભક્તો તરફથી ત્રણેક વાર અમૃત મહોત્સવનો જોરદાર જયઘોષ કરવામાં આવ્યો. તે સાંભળી પ્રવચનની શરૂઆત કરતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું : 'કોણ છે જય બોલાવનાર ? એ નિયમિત આવે છે ને સત્સંગમાં ?'

આટલું કહી 'જય'ના સત્સંગ કરતાં જીવના સત્સંગ પર વધુ રુચિ બતાવતાં તેઓએ જણાવ્યું :

'ઉત્સાહ છે પણ આપણું જીવન નિયમિત હોવું જોઈએ. દૂધનો ઊભરો આવીને બેસી જાય એમ અપ-ડાઉન બહુ થાય છે. સત્સંગ જીવનો કરવો. આ તો પ્રગટનો સંપ્રદાય. ભગવાન પ્રગટ, ગુરુ પ્રગટ અને કલ્યાણ પ્રગટ. આજ્ઞા-ઉપાસના દૃઢ હશે તો શ્રીજીમહારાજ સામે ચાલીને ભેટશે. દુ:ખમાં કરમાઈ ન જવું. આ પ્રાપ્તિ સામું જોવું.'

પ્રાપ્તિનો આ અમૃતઘૂંટ પિવડાવી સ્વામીશ્રી તા. ૨૮/૭ની સવારે ૮:૦૫ વાગ્યે લંડન આવી પહોંચ્યા.[૫૧]

---

૫૧. અમેરિકામાં સ્વામીશ્રીએ વરસાવેલી અમૃતહેલીથી તરબતર બનવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

અમને કાંઈ ફરક પડતો નથી

લંડનમાં તા. ૨૮/૭ની સાંજે યોજાયેલી સ્વાગત-સભામાં પ્રચારનાં પડઘમ ગગડાવી દેતાં સ્વામીશ્રીએ કહ્યું :

'એક વર્ષે એક સત્સંગી કરો તો ૫૦ વર્ષે ૫૦ થાય કે નહીં? દરરોજ એક-બે માણસના ઘરે જઈ સત્સંગ કરાવવો. 'થશે, કરશે...' એમ નહીં. 'તૂટી મરનારા ઘણા છે' એમ નહીં. ઘરમાં તૂટી જ મરીએ છીએ ને! તો આ સત્સંગની સેવા છે. તેમાં આવા વિચારો કેમ આવે? ઉત્સાહ, ઉમંગથી સવાયું થવું જોઈએ. દાળ બગડી તેનો વરો બગડ્યો, અથાણું બગડ્યું તેનું વરસ બગડ્યું ને સત્સંગ બગડ્યો તેનો જન્મ બગડ્યો.'

ગઈકાલની આખી રાત્રિની વિમાની મુસાફરી, દેશ બદલાતાં ઊભો થયેલો સમય-તફાવત, ૭૩ વર્ષની વય છતાં આ આશીર્વાદ આપતા સ્વામીશ્રી ખૂબ સ્ફૂર્તિસભર જણાયા. આ સમયે અન્ય સૌ સહયાત્રી સંતોને તો આખો દિવસ ઉજાગરાનો ભાર રહ્યો. તેથી સ્વામીશ્રી પોઢવા પધાર્યા ત્યારે સ્વાભાવિકપણે જ આરામની વાત કરતાં કો'કે કહ્યું : 'ઊંઘ બહુ આવે છે. આપે વહેલા સૂઈ જવું જોઈએ.'

આ જ વાત વધુ એકાદ વાર દોહરાવાઈ ત્યારે સહેજ અકળાઈને સ્વામીશ્રી બોલ્યા : 'કોણ ના પાડે છે? જેને સૂવું હોય તે સૂઈ જાય. તમને લોકોને ફરક પડે છે. અમને કાંઈ ફરક પડતો નથી. ટાઈમ ટુ ટાઈમ. સાડા દસનો ટાઈમ સચવાયો છે.'[૫૨]

બદલાતાં દેશ, સમય, સંજોગ, વાતાવરણ વગેરે વચ્ચે પણ કદી કોઈ ફર્ક ન પડે તેવું સ્વામીશ્રીનું જીવન જ, તેઓ અને અન્ય વચ્ચે મોટો ફર્ક પાડી રહ્યું છે.

समभाव के मूर्तिमान मसीहा

લંડનમાં સ્વામીશ્રી પધાર્યાના પ્રથમ દિવસથી જ ઊભરાવા માંડેલા મંદિરની સ્થિતિ તા. ૨૯/૭ની સવારે પણ એવી જ હતી. તેમાં નિત્યપૂજા પૂર્ણ કર્યા બાદ સ્વામીશ્રીએ ભાનુભાઈને કહ્યું : 'નાઇજલને કાંઈ વાત કરવાની છે? પૂછી જુઓ.'

નાઈજલ એ લંડનના નિર્માણાધીન મંદિરના આર્કિટેક્ટ. પરંતુ આટલી

---

૫૨. આ અરસામાં સ્વામીશ્રી રોજ રાત્રે ૧૦:૩૦ વાગ્યે આરામમાં પધારતા.

વહેલી સવારે એ અંગ્રેજનું અહીં આવવું અશક્ય જ! તેથી પેલા હરિભક્તે સ્વામીશ્રીને જણાવી દીધું: 'બાપા! નાઈજલ નથી આવ્યા.'

'પૂજામાં પાછળ બેઠા હતા, બોલાવો.' સ્વામીશ્રીએ તો સરનામા સાથે કહી આપ્યું! તે મુજબ તપાસ કરતાં નાઈજલ મળી આવ્યા.

હજારોની મેદનીમાં કોણ ક્યાં બેઠું છે તે સ્વામીશ્રી ક્ષણાર્ધમાં પકડી શકતા!

આવા વિલક્ષણ તેઓના અહીંના નિવાસ દરમ્યાન રાઉન્ડવુડ પાર્કમાં સમભાવ સંમેલન યોજાયેલું. તેમાં ઉપસ્થિત રહેતા આઠેક હજાર ભાવિકો માટે રોજ રસોઈ બનાવવી, પીરસવી, વાસણ ઊટકવાં સહિતની તમામ સેવા લંડનના સત્સંગી યુવકો તથા મહિલાઓ બજાવતાં. તે જોઈ સંમેલનના શમિયાણામાં આવેલા મહાત્માઓ અને મહાનુભાવો ખૂબ પ્રભાવિત થતા હતા. તેથી આયોજક શ્રી મનુભાઈ માધવાણીએ આગ્રહભરી વિનંતી કરતાં સ્વામીશ્રીએ તા. ૩૧/૭ની સવારે આ સમારોહને પાવન કર્યો.

તે વખતે અહીં શ્રી મોરારિ બાપુનું પારાયણ ચાલતું હતું. તેમાં એકત્રિત થયેલા જનસમુદાયને સ્વામીશ્રીનો પરિચય આપતાં ભારતીય રાજદૂત શ્રી એલ. એમ. સિંઘવીએ જણાવ્યું કે 'प्रमुखस्वामी महाराज स्वयं समभाव के मूर्तिमान मसीहा हैं। उन्होंने समभाव किया है और दिया है। उनमें अद्‌भुत व्यक्तित्व और कर्तृत्व है। हम सब भारतवासी उनके अनुयायी हैं।'

આ અહોભાવ ઝીલી વિદાય થયેલા સ્વામીશ્રીએ તા. ૨/૮ની સાંજે ધનકુબેર શ્રીચંદ હિંદુજાના બંગલાને પોતાની પધરામણી, જ્ઞાનવાર્તા અને ભોજનના લાભની ત્રિવેણીથી તરબતર કર્યો. આ જ રીતે તેઓની પદરેણુથી તા. ૪/૮ની બપોરે ૧:૪૭ વાગ્યે ઝેક નામનો નવો દેશ પણ પાવન થયો.

ધર્મ આપના આચરણમાં છે

પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણના કોઈ પણ ખૂણે પાંચ કલાકમાં પહોંચી જવાય એવો ટચૂકડો ઝેક દેશ યુરોપિયન સંસ્કૃતિનું પારણું કહેવાય છે. આ દેશના પાટનગર પ્રાગનું મૂળ નામ પ્રાહા એટલે ઊંબરો. યુરોપિયન સંસ્કૃતિનું બાળક અહીં ઊછર્યું અને આ ઊંબરો ઓળંગી યુરોપભરમાં પહોંચ્યું. આ સાંસ્કૃતિક મહત્ત્વને કારણે આશરે સવા કરોડની વસ્તીનો આ દેશ દર વર્ષે સાડા સાત કરોડ સહેલાણીઓથી છલકાય છે. પરંતુ તે જમેલામાં શ્રી ફિચના

આમંત્રણથી આજે પધારેલા સ્વામીશ્રી જુદા તરી આવ્યા – તેઓનાં વેશ, વર્તન, વાણી, વ્યવહાર વગેરેથી.

તેથી ઍરપોર્ટના પ્રવેશદ્વારે જ અખબાર તથા દૂરદર્શનના પત્રકારો અને તસવીરકારોની ભીડ મચી ગઈ. એક મિનિટની વિગત પ્રસારિત કરવાનો બબ્બે લાખ ક્રાઉનનો[૫૩] ચાર્જ લેતી નેશનલ ટી.વી. અને નોવા ટી.વી. જેવી કંપનીઓ આજે સ્વેચ્છાથી સ્વામીશ્રીને કચકડે મઢવા દોડી આવેલી. તેના ખબરપત્રીઓએ સ્વામીશ્રી સાથે સંપ્રદાયના સિદ્ધાંત, સંદેશ તથા આગમનના આશય વિષયક પ્રશ્નોત્તરી ચલાવી.

તેઓની જિજ્ઞાસા સંતોષી ઍરપોર્ટથી નીકળેલા સ્વામીશ્રી પ્રાગ શહેરના નિકટવર્તી હોસ્ટિવીટ્સ ગામની ફોર્ટ રોક્સી હૉટેલ ખાતે પધાર્યા. તેના વીસે-વીસ ઓરડા ઉતારા માટે આરક્ષિત રાખવામાં આવેલા. તેમાંના એકમાં ભોજન અને વિશ્રામથી પરવારેલા સ્વામીશ્રીને અહીંના કાર્યક્રમથી વાકેફ કરતાં યજમાન શ્રી ક્રિચે જણાવ્યું :

'આપના જેવા આધ્યાત્મિક મહાત્મા હજુ સુધી અહીં આવ્યા નથી. થોડાં વર્ષો પૂર્વે અમારો દેશ સામ્યવાદી હતો, હવે લોકશાહી છે. પણ આ સંધિકાળમાં અમારો ધર્મ જવાબ આપી શકતો નથી. તે જવાબ તમારી પાસે છે.

આ વર્ષે આપનો ઉદ્‌ઘોષ થશે. તમને ઓળખાવવા હું અહીંનો ગુણાતીતાનંદ સ્વામી છું. જેમ અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિમાં ગુણાતીતાનંદ સ્વામી શ્રીજીમહારાજ તરફ આંગળી ચીંધતાં તેઓને ઓળખાવી રહ્યાની મુદ્રામાં ઊભા છે, તેમ અહીં હું ક્રિચતાનંદ પ્રમુખસ્વામીને આ દેશમાં ઓળખાવીશ. આપને મળવાનો આનંદ એટલા માટે છે કે ધર્મ આપના આચરણમાં છે. બે કપડાં પર જીવન જીવી શકાય તે અહીં કોઈની કલ્પનામાં જ નથી! આ આચરણ હજારો પ્રવચન કરતાં વિશેષ છે. આપના પધારવાથી હું મારું જીવન સાર્થક સમજું છું.'

આમ, સ્વામીશ્રી પધારતાં જ હરખાયેલા શ્રી ક્રિચ પોતાનો આનંદ વહેંચવામાં ધરાતા જ નહોતા!

પ્રાગમાં પરિભ્રમણ

તા. ૫/૮ના રોજ પ્રાગમાં પરોઢ ફૂટ્યું ત્યારે તો સ્વામીશ્રી ૨૦ લાખ

---

૫૩. સ્થાનિક ચલણી નાણું કે જેનું મૂલ્ય તે સમયે ૧ ક્રાઉન = ૧.૦૯ રૂપિયા થતું હતું.

આવૃત્તિનો ફેલાવો ધરાવતા અખબાર 'ઍક્સપ્રેસ પ્રાહા' દ્વારા અને ગઈકાલની ટી.વી. મુલાકાત વડે સમગ્ર દેશના ખૂણે-ખૂણે પહોંચી ગયેલા. તેમાંનાં કેટલાંક ઐતિહાસિક સ્થળોએ આજે તેઓનાં પ્રત્યક્ષરૂપે પગલાં કરાવવાની ઇચ્છા શ્રી ક્રિચની હોવાથી સ્વામીશ્રી પ્રથમ સિટી હૉલમાં પધાર્યા.

રોજિંદા વપરાશમાં લઈ શકાય એવી સુસજ્જ આ ૧૪મી સદીની ઈમારતના બીજા માળે તેઓની મુલાકાત ઉપમેયર શ્રી હોલ્બા સાથે થઈ. તેઓએ સ્વામીશ્રી સમક્ષ દેશનો ઈતિહાસ સવિસ્તર વર્ણવ્યો ત્યારે સ્વામીશ્રીએ પણ શહેરની સુખાકારીના આશીર્વાદ આપી વિદાય લીધી.

અહીંથી તેઓ સિટી સર્કલના મધ્યભાગમાં ૧૫ ફૂટ ઊંચા ટેકરા પર ઊભેલી સેંટ જ્હોન હુસની ૧૦ ફૂટ ઊંચી પ્રતિમા પાસે પધાર્યા. પ્રેમ અને શાંતિનો સંદેશ પ્રસરાવવા જિંદગી હોમી દેનારા આ પાદરીના પૂતળા પાસે જ્યારે સ્વામીશ્રીની છબી લેવામાં આવી ત્યારે એ દિવંગત પાદરીના આત્માએ જરૂર તૃપ્તિ અનુભવી હશે.

આ અનુભૂતિ દરેકને કરાવતા સ્વામીશ્રીને અત્રે સિટી હૉલના ટાવરમાં મૂકેલું સન ૧૪૨૦ની બનાવટનું વિશિષ્ટ ઘડિયાળ બતાવવામાં આવ્યું. આ ઘટીયંત્રની રચના એવી હતી કે દર કલાકે કાળરૂપી હાડપિંજર દોરી ખેંચી ઘંટ વગાડે. તે સાંભળી લોકો ભેગા થઈ જાય એટલે ઘડિયાળ નીચેની બે બારીઓ ખૂલે. તેમાં ક્રમ વાર ઈસુના બાર મુખ્ય શિષ્યો દેખા દે. જાણે સમજાવતા ન હોય કે 'ભાઈ! કાળ વીતી રહ્યો છે, ભગવાન ભજી લો.'

મેદાનમાં ઊભા રહી આ રચના પર દૃષ્ટિ કરતાં, સ્વામીશ્રી અહીંથી સેંટ વીટસ ચર્ચમાં પહોંચ્યા. ૧૦૨.૮ મીટરની ઊંચાઈને કારણે ભવ્ય અને કલા-કોતરણીથી રમ્ય આ દેવળના મુખ્ય પ્રાર્થના-સ્થળે પાટલી પર બિરાજી તેઓએ સૌની ભલાઈના સંકલ્પો સાથે ધૂન કરી. તે વખતે નેત્રો મીંચી તાળી વગાડતી સ્વામીશ્રીની મૂર્તિને પ્રવાસીઓ તો ટગર-ટગર જોઈ જ રહ્યા.

પ્રાર્થના બાદ સ્વામીશ્રી જૂના રાજમહેલમાં આવેલી વડાપ્રધાનની કચેરી તથા ચર્ચના બિશપ શ્રી શ્કર્વદાની મુલાકાત લઈ ઉતારે પધાર્યા.

અહીં આજની સાંજે શ્રી ક્રિચ તેઓના આઠ વર્ષીય પુત્ર યાનને લઈ આવ્યા. અંગ્રેજીથી પણ અજાણ આ બાળકને તેઓએ 'જય સ્વામિનારાયણ' બોલતાં શિખવાડી દીધેલું. તે મુજબ સ્વામીશ્રીને પ્રણામ કરનારો આ બાળક, સમય થતાં સ્વામીશ્રીને આંગળી પકડીને ભોજનના આસન સુધી દોરી

લાવ્યો. ભોજન વખતે તેણે ઝેક ભાષામાં પ્રાર્થના ગાઈ અને ભોજન બાદ તો એ બાળહૃદયમાં એવો પ્રેમ ઊભરાઈ આવ્યો કે સ્વામીશ્રીના ખોળામાં બેસી ગયેલા તેણે સ્વામીશ્રીને ચુંબન ચોડી દીધું!

જેને પ્રભુજી સાથે છે પ્યાર

પ્રાગના રોકાણ દરમ્યાન અવારનવાર પોતાના દેશની વિશેષતાઓથી સ્વામીશ્રીને માહિતગાર કરતા શ્રી ફ્રિચે પ્રારંભમાં જ એક રસપ્રદ વાત કરેલી કે 'સ્વામીજી! આપ અહીં ભારતીય આબોહવા લઈને આવ્યા છો, કારણ કે છેલ્લાં ૩૦૦ વર્ષમાં પહેલી વાર અહીં આટલી ગરમી પડી છે!!'

ફ્રિચની આ વાતની સાક્ષી પૂરતા હતા – લંડનથી આવેલા પંખા!

આ દેશમાં ઉનાળા વખતેય ગરમીનો પારો ૨૭ ડિગ્રીથી ઊંચે ન ચડે. તેથી ઍરકન્ડિશન્ડ મશીનનો ઉપયોગ અહીંના માનવજીવનમાં બિલકુલ નહીં. પરંતુ સ્વામીશ્રીના નિવાસ દરમ્યાન ગરમી ૩૭ ડિગ્રીના આંકને અડી જતાં બજારમાં પંખા શોધવા નીકળવું પડેલું. તેય જરૂરિયાત મુજબના ન મળ્યા. પરંતુ યજમાનની ભક્તિ એવી કે તેઓએ લંડનથી પંખા મંગાવ્યા!

શ્રી ફ્રિચ દ્વારા કહેવાતી આવી અવનવી વાતોના ક્રમમાં તેઓએ તા. ૫/૮ની રાત્રે આ દેશની ત્રણ વિખ્યાત પેદાશ – કાચનાં ઝુમ્મર, બિયર અને મહાકાય યંત્રોનો પણ ઉલ્લેખ કર્યો, ત્યારે એક સંતે ઉમેર્યું: 'બાપા! અહીં દહીં સારાંમાં સારું છે.'

'અહીં ફ્રિચ છે તેમનો ભાવ સારામાં સારો છે.' સ્વામીશ્રી બોલ્યા.

ભાવના ભૂખ્યા તેઓ આ જ કારણે તો અહીં આવેલા. તેની સાથે તેઓએ, ઈશ્વરચરણદાસ સ્વામી વગેરે સંતો કે જેઓના સંગમાં રહી શ્રી ફ્રિચે અક્ષરધામની સેવા કરેલી, તેઓને પણ બોલાવેલા.

આ સંતમંડળ તા. ૬/૮ની સવારે પ્રાગથી ૬૦ કિ.મી. દૂર આવેલી પર્વતમાળામાં વસેલા એક પુરાતન ચર્ચની મુલાકાતે જવાનું હતું, પરંતુ પગના 'વા'ને કારણે સ્વામીશ્રી ઉતારે જ રોકાવાના હોવાથી તેઓની સાથે રહેવાના ઈરાદે પત્ર-પરિચારક સંતે પણ જવાનું માંડી વાળ્યું.

તે જાણી સ્વામીશ્રીએ એ સંતને કહ્યું: 'તમારે જવું હોય તો જજો. ટપાલ મને આપતા જજો.'

પોતાના પગ તળે કો'કના લાભનો લાડવો કચરાય તે સ્વામીશ્રીને ન ગમે.

પરંતુ એ સંતે જણાવ્યું: 'સ્વામી ! મને એમાં રસ નથી.'

'આમ તો આપણનેય કશામાં રસ નથી, એક ભગવાન સિવાય ! તોય આવ્યા એટલે જવું પડે છે.' પોતાનું અંતર ખોલતાં સ્વામીશ્રીએ કહ્યું.

સફળ સફર

પ્રાગ શહેરને વીંધીને નીકળતી વટાવા નદી ઝેક દેશની મોટી અને મહાન નદીઓ પૈકીની એક ! જેમ માતા બાળકને મોટો કરે તેમ આ નદીએ જ પ્રાગને પરિપુષ્ટ કરેલું. તેથી તેમાં નૌકાવિહાર કરાવી નદીની બંને બાજુ વસેલા-વિકસેલા શહેર પર સ્વામીશ્રીની દૃષ્ટિ કરાવવાનો યજમાનનો ઈરાદો હતો. તે મુજબ તા. ૬/૮ની સાંજે નીકળેલા સ્વામીશ્રી અને સંતો સાથે ૬૦-૭૦ સ્થાનિક નાગરિકો તથા ઘણા ખબરપત્રીઓ પણ હતા.

આવા આ પ્રવાસના પ્રારંભમાં જ ધૂન-કીર્તનનો નાદ ઊઠ્યો. તેને અનુસરતાં સ્વામીશ્રીએ આશીર્વાદ ઉચ્ચાર્યા બાદ તેઓ સાથે થયેલી પ્રશ્નોત્તરીમાં એક સંવાદદાતાએ પૂછ્યું: 'આપ કેટલાં વર્ષથી ધર્મના વડા છો ?'

'અમે વડા નથી. અમારા ગુરુએ આદેશ આપ્યો છે એટલે એ પ્રમાણે સંદેશો આપીએ છીએ.'

સ્વામીશ્રીની આ નમ્રતાનો પડઘો પૂરા પ્રાગમાં ફરી વળ્યો, કારણ કે આ કાર્યક્રમનું આ જ સમયે દૂરદર્શન પર પ્રસારણ થતું હતું.

આવી રસપ્રદ પ્રશ્નોત્તરી પછી સૌ સહયાત્રીઓને ભારતીય ભોજન પીરસાવા લાગતાં માનવ-સમુદાય તે બાજુ વળ્યો. તેથી સંતો સ્વામીશ્રીને વીંટળાઈ વળ્યા. આ સમયે નદીઓનાં પ્રદૂષણ, દેશના ભ્રષ્ટાચાર, શિક્ષણમાં અનીતિ વગેરેની વાતો ચાલી. તેને થોડી વાર સુધી તો સ્વામીશ્રી સાંભળતા રહ્યા પણ પછી લક્ષ્ય ચીંધતાં બોલ્યા :

"યોગીજી મહારાજ કહેતા, 'ભગવાન ભજી લેવા.' આપણામાં દૂષણ ન પેસે એટલું સાચવી લેવાનું ! આપણામાં સ્વભાવ, પ્રકૃતિ પેસે નહીં, એનાથી દૂર રહેવાય, તેટલો પ્રયત્ન કરવો. સેલ્ફ સર્વિસ ! (એટલે કે પોતાનું કામ સાધી લેવું.) આપણે સ્વર્ગમાં પહોંચી ગયા તો સૌ પહોંચી ગયા. આપણે સુધર્યા તો દુનિયા સુધરી ગઈ."

સ્વ-સુધારણાથી વિશ્વ-સુધારણાનો માર્ગ સ્વામીશ્રીએ બતાવી દીધો.

તે દરમ્યાન યાત્રાનો કિનારો પણ આવી જતાં ઝેક નાગરિકો

સ્વામીશ્રીનાં દર્શન કરી છૂટા પડ્યા, પરંતુ આ ટૂંકી યાત્રા દરમ્યાન સ્વામીશ્રી તેઓ માટે આકર્ષણનો વિષય બની ગયેલા. તેથી ખૂબ પ્રસન્ન જણાતા તેઓ પૈકીના એક ભાવિક શ્રી લુજેકે તો કંઠી પહેરવાની ઇચ્છા વ્યક્ત કરી. તે જોઈ રાજી થયેલા સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'ઝેકની અંદર એક જણે કંઠી પહેરી. આપણી યાત્રા સફળ થઈ.'

જીવને સત્સંગ થાય એ જ સ્વામીશ્રીને મન સફરની સફળતા !

તેના જીવમાં હરિકૃષ્ણ મહારાજ પેસી ગયા છે

તા. ૭/૮ની પ્રાત:પૂજા બાદ ઉનહોસ્ટ ગામમાં શ્રી ફ્રિચના ઘેર પધારેલા સ્વામીશ્રીને વધાવતાં યજમાન અતિ ભાવવિભોર બની ગયા. સ્વામીશ્રી દ્વારા મળેલી પ્રાસાદિક વસ્તુઓથી ભર્યા આ સદનમાં, તેઓએ પોતાના કાર્ડિયોલોજિસ્ટ પુત્ર ડૉ. યેરોસ્લાક દ્વારા સ્વામીશ્રીના સ્વાસ્થ્યની તપાસેય કરાવી. અન્ય પુત્ર જ્યોર્જને પણ પગે લગાડ્યો. આવી દરેક ક્રિયા દ્વારા ફ્રિચનો પ્રેમભાવ પ્રગટ થઈ રહ્યો. તે જોઈ સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'તેને ભાવ સાચો છે, દેખાવ કે વિવેક નથી.' એક વાર તો તેઓ એમ પણ ઉચ્ચારી ગયા કે 'તેના જીવમાં હરિકૃષ્ણ મહારાજ પેસી ગયા છે.'

આ ભાવપ્રવાહમાં ખેંચાતા સ્વામીશ્રી અહીંથી થોડે અંતરે આવેલા શ્રી ફ્રિચના સ્ટુડિયોમાં પણ પધાર્યા. અત્રે ૧૨૫ વ્યક્તિઓ બેસી શકે તેવું દૃશ્ય-શ્રાવ્ય મંદિર બનાવવાની નેમ યજમાનને હતી.

તેની સમજૂતી મેળવ્યા બાદ આ ભાવિકની નવી બંધાઈ રહેલી ફેક્ટરી પર દૃષ્ટિ કરી સ્વામીશ્રી ઉતારે પરત ફર્યા ત્યારે અહીં તા. ૮/૮ના રોજ વિદાય દિન આવી પહોંચ્યો. આ દિવસે દેશમાં સૌથી વધુ વંચાતા અખબાર બ્લેસ્કમાં પણ સ્વામીશ્રીના સમાચારો ચમક્યા.

તેના હરખની સાથે, ગમગીનીને પણ હૈયામાં સંઘરીને સેવામાં જોડાઈ ગયેલા શ્રી ફ્રિચ, વિદાયની ભેટરૂપે સ્વામીશ્રી માટે ગોગલ્સ, દૂરબીન અને ઘડિયાળ લઈ આવ્યા. તે આજે સ્વામીશ્રી સમક્ષ ધરતાં તેઓ બોલ્યા : 'મને ખરેખર તો પ્રશ્ન એ છે કે આપને શું આપવું ?'

નિરપેક્ષ સ્વામીશ્રીનો વૈરાગ્ય, સમ્રાટને પણ મૂંઝવી મારે એવો હતો ! છતાં 'તમારો ભાવ છે એ મોટી વાત છે' કહી સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા ત્યારે શ્રી ફ્રિચે કહ્યું : 'આ દેશને પણ આપના આશીર્વાદની જરૂર છે.

ટી.વી. પર જેણે-જેણે આપને જોયા તેમને આપના વિશે જિજ્ઞાસા જાગી છે. મારા પર ઘણા-બધા ફોન આવ્યા.'

આ વાતને સિદ્ધ કરતાં, મેયર શ્રી બેનાડા સ્વામીશ્રીને મળવા દોડી આવ્યા. બે દિવસ પૂર્વે સ્વામીશ્રી જે સ્થળે પધાર્યા નહોતા તે પૌરાણિક નગર કુતના હોરાના આ નગરપતિએ સ્વામીશ્રીનાં દર્શન માટે દોઢ કલાકની ખેપ મારેલી. તેઓએ પુસ્તક, રજતચંદ્રક, વીડિયો કૅસેટ વગેરે સ્વામીશ્રીને ભેટ ધર્યું.

પ્રાગમાં પ્રૌઢ પ્રતાપ

અક્ષર-પુરુષોત્તમનો ઝંડો ઝેકમાં લહેરાવી તા. ૮/૮ની સાંજે વિદાય થઈ રહેલા સ્વામીશ્રીને વિદાયમાન આપવા શ્રી ફ્રિચનાં ઘણાં બાઈ-ભાઈ સહકર્મચારીઓ પણ ઍરપોર્ટ પર આવી પહોંચેલાં. સંપર્કના પ્રથમ સાધનરૂપે ગણાતી ભાષાની ભિન્નતા હોવા છતાં, સ્વામીશ્રીનું વ્યક્તિત્વ આ સૌને સ્પર્શી ગયેલું. તેઓને નાડાછડી બાંધી સ્નેહગાંઠ વધુ મજબૂત કરી આપતા સ્વામીશ્રીએ, મહિલા કર્મચારીઓ માટે પણ પ્રાસાદિક નાડાછડી મોકલાવી.

તે જોઈ શ્રી ફ્રિચે ગળગળા સાદે સ્વામીશ્રીને કહ્યું: 'આ આપણી છેલ્લી મુલાકાત નથી. આ આપનું છેલ્લું આગમન નથી. આપનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે અમે શુભેચ્છા વ્યક્ત કરીએ છીએ. આપની સામે અમે આપની ચરણ-રજ સમાન છીએ.'

આ ભક્તિભાવ ઝીલતાં સ્વામીશ્રી પણ બોલ્યા: 'આવું ભાવિક વાતાવરણ અમને સ્પર્શી ગયું છે. અમે તે કાયમ યાદ કરીશું.'

ચારેબાજુ ખળભળતા સમુદ્ર વચ્ચે જ ટાપુ રચાઈ જાય છે, તેમ ઍરપોર્ટમાં ચારેકોર મચી રહેલી ચહલપહલ વચ્ચે આજે એક ભાવદ્વીપ રચાઈ ગયેલો!

પરંતુ વિમાનના પ્રયાણનો સમય થતાં શ્રી ફ્રિચ ફિક્કા પડી ગયા. એ દુઃખ ભુલાવવા જ હવાઈયાનના પગથિયે પગ મૂકતાં પહેલાં સ્વામીશ્રીએ તેઓને પોતાના આશ્લેષમાં લેતાં આ પરદેશી ભાવવિભોર બની ગયા. એ ભાવપ્રચુર અવસ્થામાં જ તેઓએ વિમાનમાં પ્રવેશી રહેલા ઠાકોરજીને કહ્યું: 'Harikrishna Maharaj! Come back.' (હરિકૃષ્ણ મહારાજ! પુનઃ પધારજો.)

આ ભાવ સ્વીકારતા શ્રીજીમહારાજ સ્વામીશ્રીની સાથે KLM ઍર-લાઇન્સના વિમાનમાં બેસી ૪:૩૫ વાગ્યે ઊડ્યા ત્યારે ઝેકનું આકાશ ચોધાર

આંસુએ રડી પડ્યું હોય તેમ પ્રાગમાં જબરજસ્ત વરસાદ તૂટી પડ્યો. જાણે વિરહનાં વાદળાં વરસી રહ્યાં! અલબત્ત, આકાશ જ નહીં, અહીં તો ધરતી પણ સ્વામીશ્રીના વિરહમાં રડી-રડીને ઝરણાંરૂપે અશ્રુધારા વહાવવા માંડી.

માનવ ઈતિહાસની કંઈક ઐતિહાસિક ક્ષણોની સાક્ષી સમી આ દેશની ભૂમિ આધ્યાત્મિક અનુભવને ઝંખી રહેલી. તેની આ તૃષા સ્વામીશ્રીના સાંનિધ્યમાં બરાબર સંતોષાયેલી. પરંતુ હોઠે આવેલી એ અમૃતધારા આજે છીનવાઈ જતાં ઝેકનાં ધરતી-અંબર શત-સહસ્રધારે આંસુ સારી રહ્યાં![૫૪]

સલાહકાર નહીં, સેવક

પોતાનાં ચરણચિહ્નની અમીટ છાપથી ઝેક દેશને અમર કરી વિદાય થયેલા સ્વામીશ્રી, માર્ગમાં હૉલેન્ડના ઍમસ્ટરડેમ ઍરપોર્ટ પર એક કલાકનું રોકાણ કરી સ્વીડનના ગુટેનબર્ગ પહોંચ્યા. અહીંથી તેઓ રાત્રે સાડા નવ વાગ્યે બોરસ શહેરમાં પધાર્યા.

અત્રે શ્રી ટપુભાઈ દ્વારા કાઉન્સિલના મકાનમાં ઉતારો અને કાઉન્સિલના હૉલમાં પૂજા તથા સભાના કાર્યક્રમો ગોઠવાયેલા.

પરંતુ અત્રે સમુદાય સીમિત હોવાથી સ્વામીશ્રીનો લાભ સંતો-ભક્તોને સારો મળતો. રોજેરોજ કંઈક ને કંઈક વિષય પર હળવી ગોષ્ઠિઓ ચાલ્યા કરે. તેમાં સ્વામીશ્રી માર્મિક બોધ આપતા જાય.

આ ક્રમમાં તા. ૧૦/૮ની રાત્રે તેઓ દ્વારા વંચાતા એક પત્રમાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના સમયમાં બનેલા તેઓના પ્રસંગોનો ઉલ્લેખ આવ્યો. તેમાં શાસ્ત્રીજી મહારાજના સમકાલીન એક હરિભક્તના પ્રવચનની વિગત વંચાઈ. એ સત્સંગીએ વક્તવ્ય આપતાં કહેલું કે 'યોગીજી મહારાજના અમૃત મહોત્સવમાં સ્વામીશ્રી યોગીબાપાના સલાહકાર તરીકે રહ્યા.'

આ વાંચી સ્વામીશ્રી બોલ્યા: ''કેવું કહે છે આ? આનો અર્થ તો - 'હું સલાહ આપું ને કામ થાય' એમ થયો! (હું તો) આજ્ઞા પ્રમાણે કામ કરતો, સલાહકાર નહીં.''

---

૫૪. પ્રાગમાં પથરાયેલા પ્રમુખસ્વામી મહારાજના પ્રૌઢ પ્રતાપને નીરખવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

પત્ર આગળ વંચાયો. તેમાં વળી આવ્યું: '(૧૯)૭૦ના પરદેશ-પ્રવાસમાં પ્રમુખસ્વામી પાસે સંપૂર્ણ સત્તા હતી.'

આ ભાષાપ્રયોગ પણ સ્વામીશ્રીને ખટક્યો. તેઓ તરત બોલ્યા: 'સ્વામી (યોગીજી મહારાજ) હતા ને (પ્રમુખસ્વામી પાસે) 'સંપૂર્ણ સત્તા હતી' (એમ બોલ્યા) તે કેવું કહેવાય? આજ્ઞા મુજબ થાય.'

પોતા માટે સેવકથી અધિક કોઈ સ્થાન સ્વામીશ્રી સાંખી જ ન શકતા.

આ દાસભાવ સાથે તેઓ તા. ૧૧/૮ની બપોરે ભોજન બાદ મુલાકાતોથી પરવારી પોતાના આસન પર બિરાજ્યા. તે વખતે પ્રિયવ્રતદાસ સ્વામીએ પગ લાંબા કરી આરામથી બેસવા જણાવ્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'ઠેઠ ગુજરાતમાંથી આવ્યા. કેટલા લાંબા થયા!'

'અક્ષરધામમાંથી આવ્યા.'

'ઈ વાત જુદી છે. અમને ખબર પડી નહીં. તમને ખબર પડી ગઈ તે સુખિયા.'

સ્વામીશ્રી આમ ગમ્મતની ભારોભાર જ્ઞાન આપી રહેલા તે વખતે જ સ્થાનિક સમાચાર-પત્ર બોરસ ટિડનીંગના પત્રકાર શ્રી લાર્સ લુન્ડવર્ગ આવી પહોંચ્યા. તેઓ અંગ્રેજી પણ ઓછું જાણતા હોવાથી સ્વામીશ્રી તથા સંતોના ગુજરાતી પ્રતિભાવ સ્થાનિક હરિભક્તો સ્વીડિશ ભાષામાં તેઓને સમજાવતા.

આ મુજબ ચાલતા વાર્તાલાપમાં નારાયણમુનિદાસ સ્વામી બોલ્યા: 'સ્વામીશ્રી રાત-દિવસ ફરીને વ્યસનમુક્તિનું કાર્ય કરે છે.'

'આધ્યાત્મિક પણ...' સ્વામીશ્રીએ પૂર્તિ કરી. તેઓએ પોતાનું મૂળ કાર્ય ભુલાવા ન દીધું!

તેને વિસ્તારવા જ તા. ૧૨/૮ના રોજ સ્વીડનથી નીકળેલા તેઓ ડેન્માર્કના કૉપનહેગન ઍરપોર્ટ પર એક કલાક રોકાઈને માંચેસ્ટર પહોંચ્યા. અહીંથી હરિભક્તોએ કંડારેલા પ્રેમપથ પર દોરાતાં સ્વામીશ્રી આસ્ટન આવી ગયા.

પરસ્પર પ્રેમ વધે એનું નામ સત્સંગ

તા. ૧૪/૮ના રોજ આસ્ટનના મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની આરસ-પ્રતિમા પ્રતિષ્ઠિત થતાં અહીં બિરાજતી પટપ્રતિમા હવે લીડ્સ જવાની હોવાથી સ્વામીશ્રી બોલ્યા: 'આ મૂર્તિ જ્યાં જાય છે ત્યાં મોટાં મંદિરો થાય છે.

હવે લીડ્સમાં પણ મંદિર થશે.'[૫૫]

મૂર્તિનો આ મહિમા વર્ણવવાની સાથે તા. ૧૭/૮ના રોજ અહીંથી વિદાય થતાં પૂર્વે સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા કે –

'બધાના ઉત્સાહ-ઉમંગથી મંદિર સરસ થયું છે. હવે આપણે બધાએ એક રુચિ રાખીને સત્સંગ કરવો. એકબીજા પ્રત્યે પ્રેમ વધે એનું નામ સત્સંગ. અત્યાર સુધીમાં જે કંઈ ભૂલો થઈ હોય, બોલાઈ ગયું હોય, તો શ્રીજીમહારાજ સાક્ષાત્ બેઠા છે, તે આગળ-પાછળનું ભૂલી જવાનું. જૈનો કહે છે ને તેમ આજથી 'મિચ્છામિ દુક્કડમ્.' આપણે મંદિરમાં આવીએ છીએ – સ્વભાવ, પ્રકૃતિ મૂકવાં. મંદિરમાં આડી-અવળી વાત ન થાય. અભાવ-અવગુણની વાત ન થાય. મંદિરમાં આવીએ છીએ તે હાથ જોડવા આવીએ છીએ. કથા-વાર્તા, કીર્તન કરવા આવીએ છીએ. જેટલી સેવા થાય તેટલી કરવી. હવે નવેસરથી નવી નિશાળ તો તે રીતે કરવાનું છે. વ્યવસ્થા માટે કમિટી નીમીએ છીએ પણ બધા સભ્યો જ છે. સારું-નરસું થાય તો બધાની જવાબદારી છે.'

આમ, સૌના ખભે જવાબદારીની ધૂંસરી મૂકી લંડન પહોંચેલા સ્વામીશ્રીને, હાથના દુખાવાની દાક્તરી તપાસ માટે તા. ૧૮/૮ની સવારે લંડન બ્રિજ હૉસ્પિટલમાં લઈ જવાયા. અત્રે અંગ્રેજ ડૉક્ટરે સ્નાયુઓના ખેંચાવાથી દુખાવો થયાનું નિદાન કરતાં કસરતની સલાહ આપી.

તે સ્વીકારી મંદિરે પરત ફરેલા સ્વામીશ્રીએ આજની સાયંસભામાં સત્સંગની સ્પષ્ટ સમજ આપતાં જણાવ્યું :

''કહે તેમ થાય તે સત્સંગ. મનનું ધાર્યું મૂકી દેવું તો સત્સંગ જીવમાં દૃઢ થયો કહેવાય. કહે તેમ કરવામાં કારસો મોટો આવે. તરત થઈ જાય કે 'સ્વામી ! તમે સમજો નહીં. વ્યવહાર કેમ ચાલે છે તે ખબર છે ?' એમ મનનું ધાર્યું આવી જાય, પણ જેણે વચન અધ્ધર ઝીલ્યું છે તે સુખિયા થઈ ગયા.''

આ માર્ગને મૂકશો તો ભવિષ્ય છે જ નહીં

લંડનમાં આવતાં જ અહીંના નિર્માણાધીન મંદિરની ગતિવિધિમાં પ્રાણ

---

૫૫. કંપાલામાં શ્રી પ્રભુદાસભાઈના ઘેર પધરાવાયેલી આ પટમૂર્તિ યોગીજી મહારાજે સન ૧૯૭૦માં લંડનમાં પ્રતિષ્ઠિત કરેલી. ત્યારબાદ અહીં ટરોરોની મૂર્તિ બિરાજમાન થતાં કંપાલાની મૂર્તિ આસ્ટનમાં બિરાજેલી. તે આજે લીડ્સ જઈ રહેલી.

ફૂંકવા લાગેલા સ્વામીશ્રીએ, તા. ૨૦/૮ની સવારે એક બેઠક યોજી, આગામી વર્ષે ઊજવાનારા મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની રૂપરેખા ઘડી દીધી.

આ કાર્યવાહી આટોપીને તેઓ સાડા અગિયાર વાગ્યે આરામમાં જઈ રહેલા ત્યારે એક સાધન-સંપન્ન ભક્ત પોતાના વતી રોલ્સ રોયસ ગાડીની ભેટ આપવા આવી ચડ્યા. પરંતુ તે વાત પર લક્ષ્ય ન આપતાં સ્વામીશ્રીએ તેઓના મદ્યપાનના વ્યસન અંગે પૂછ્યું. તે વખતે એ ભક્તે કહ્યું: 'નિયમિત નહીં, પણ પાર્ટીમાં લેવાય છે.'

તેઓની આ મજબૂરી સામે મજબૂતી સીંચતાં સ્વામીશ્રી બોલ્યા: 'પાર્ટીમાં મો'બતે લેવાય તે ન લેવું. દૃઢતા રાખવી. આ જોઈએ જ નહીં. મક્કમ રહો તો કશુંય થવાનું નથી. ધર્મ-નિયમમાં મહોબ્બત નહીં.'

આમ કહી ઢોલિયા પર પોઢતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'આ તમે કરો તે રોલ્સ. આ રોલ્સ કરો !'

સત્સંગીનું શુદ્ધ જીવન સ્વામીશ્રીને મન કરોડની કિંમતનું હતું.

આ જ વાત તા. ૨૧/૮ના રોજ શાળાના સંકુલમાં યોજાયેલી એક-દિવસીય કિશોર શિબિરમાં ઘૂંટાવતાં તેઓએ કહ્યું: 'બધા વિચારો મૂકીને ભગવાને જે નિયમો કહ્યા છે તે પ્રમાણે રહેવું. આ માર્ગને મૂકશો નહીં તો ભવિષ્ય ઊજળું ને મૂકશો તો ભવિષ્ય છે જ નહીં. શ્રીજીમહારાજે વાત કરી છે તે સાચી છે – તેટલું જ મનમાં થશે તો બધું થઈ જશે. આદર્શ કિશોરો બનો. પરોક્ષ જણાય છે કે 'સ્વામી જતા રહ્યા.' પણ ગયા નથી, બેઠા છે. મંદિરમાં છે જ ! શાંતિથી બેસીને અંતરથી પ્રાર્થના કરો, તો પ્રેરણા મળશે. દરેક કાર્યમાં ભગવાન મારી સાથે છે – તે મનાશે તો ઉત્સાહ ગૌણ નહીં થાય.'

આ અમૃતધારા વરસાવી સ્વામીશ્રી મંદિરે પધાર્યા ત્યારે આજે આવેલા રક્ષાબંધનના પર્વને અનુલક્ષી અહીં મહાપૂજા યોજાયેલી. ૧,૨૦૦ બાઈ-ભાઈ યજમાનો અને અન્ય સેંકડો ભક્તોની ઉપસ્થિતિમાં આ વિધિ સુંદર રીતે ચાલી રહેલો. તેમાં જ્યારે યંત્ર પર પધરાવેલા આવાહિત દેવો, અવતારો, પરમહંસોનું પૂજન કરવાનું આવ્યું ત્યારે સ્વામીશ્રીએ હાથના દુખાવાને કારણે તે વિધિ એક સંતને સોંપ્યો, પણ જેવું તે સંતે પૂજન શરૂ કર્યું તે વખતે જ સ્વામીશ્રીએ સિફતપૂર્વક દીવો તથા અગરબત્તી બાજુમાં ખેંચી લીધાં, જેથી ગફલતમાંયે પેલા સંત ન દાઝે.

સંત-સત્સંગીને ઊની આંચ ન આવે તેનું જીવનપર્યંત ધ્યાન રાખનારા

સ્વામીશ્રીને અરજ કરવી પડે તેમ નહોતી કે *'નિજ જનની પૂરજ્યો હામ, કરજ્યો રક્ષા તેની આઠું જામ...'*

સ્વામીશ્રીના સંકલ્પનું સામર્થ્ય

તા. ૨૩/૮ની બપોરે ભોજન દરમ્યાન વંચાઈ રહેલા શાસ્ત્રીજી મહારાજના જીવનચરિત્રમાં એક હરિભક્તનું નામ આવતાં જ સ્વામીશ્રીએ સામે બેઠેલા ઈશ્વરચરણદાસ સ્વામીને પૂછ્યું: 'એ મંદિરમાં રહે છે ને? જમવાનું, રહેવાનું બધું છે ને?'

જવાબમાં 'હા' સાંભળવા મળતાં સ્વામીશ્રીના મુખ પર સંતોષની રેખાઓ ફરી વળી. તેઓ જેની પૂછપરછ કરી રહેલા તે ભક્તે પોતાની મૂડી ભાઈને આપેલી. તે પચાવી પાડી એ ભાઈએ આ હરિભક્તને ઘર બહાર ધકેલી દીધેલા. આ વિગત સંભારી સ્વામીશ્રી બોલ્યા: 'એનો મારી ઉપર કાગળ આવ્યો'તો કે 'મારે શું કરવું?' મેં ઈશ્વર સ્વામીને લખેલું કે 'સેવા કરી છે તે મંદિરમાં રાખજો.'

કેવી દયા!

આવા અશરણ-શરણ સ્વામીશ્રી ભોજન બાદ કૉન્ફરન્સ રૂમમાં આવી બિરાજ્યા ત્યાં જ હાંફળાં-ફાંફળાં દોડી આવેલા શ્રી કાંતિભાઈ પટેલે વિનંતી કરી કે 'બાપા! અત્યારે કોંક્રીટનું કામ ચાલે છે ને વરસાદ આવ્યો તે બધું બગડશે. એટલે વરસાદ બંધ કરો.'

આ અરજ સાંભળી સંતો સામે જોતાં સ્વામીશ્રીએ કહ્યું: 'સંકલ્પ કરો (કે વરસાદ બંધ થઈ જાય.)'

'અમારાથી શું થાય? આપ સંકલ્પ કરો ને!'

સંતોએ આમ કહી જ્યાં સ્વામીશ્રીના શિરે જ જવાબદારી ઢોળી ત્યાં સ્વામીશ્રી પણ કેફથી બોલ્યા કે 'સંકલ્પ કર્યો!'

અને ખરેખર, વરસાદ થંભી ગયો!!

સ્વામીશ્રીના સંકલ્પમાં રહેલા સામર્થ્યનો આ પ્રત્યક્ષ અનુભવ કરી સૌની રોમાવલી ખડી થઈ ગઈ.

તમારા પ્રશ્નો તે અમારા પ્રશ્નો છે

લંડનમાં સ્વામીશ્રીના શયન પૂર્વેની પાંચેક મિનિટ એટલે મધનો પૂડો.

રાત્રે દસ - સવા દસ વાગ્યાના આ સમયે રસોડું, પાર્કિંગ વગેરે વિભાગના સ્વયંસેવકો એકત્રિત થયા હોય. સ્વામીશ્રી હળવા મિજાજમાં સંતો-યુવકો પર હેતનાં અમી ઢોળતા હોય. જે-તે વિભાગનું તાજેતાજું અહેવાલ-કથન પણ થતું હોય. તેમાંથીયે રમૂજના ફણગા ફૂટતા રહે.

તા. ૨૩/૮ની રાત્રે આવી જ રીતે પસાર થઈ રહેલી આનંદદાયી ક્ષણોમાં સ્વામીશ્રી ફિઝીયોથેરાપિસ્ટ શ્રી પીટરની સૂચના અનુસાર હાથની કસરત કરી રહેલા. તે જોઈ સંતોએ વિનંતી કરી કે 'આ જલદી મટી જાય તેમ કરજો.'

ત્યારે દુઃખ-દર્દનું ગતિવિજ્ઞાન જણાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'દુઃખ આવે ત્યારે ઘોડા વેગે આવે અને જાય ત્યારે કીડી વેગે જાય. છ મહિને જશે.' પછી ઉમેર્યું: '(અમેરિકાની શિબિરમાં) ના પાડી પણ છોકરાઓએ બે-ત્રણ વાર કહ્યું એટલે થયું કે 'ચાલો, છોકરા રાજી થાય.' થોડું રમ્યા ને અઠવાડિયા પછી આ નીકળ્યું.'

'પણ તે વખતે જ કહી દીધું હોત તો?'

'થોડુંક થાય ને એકદમ કંઈ કહેવાય? છીંક આવે ને તરત કહેવાય? એમ ધારીએ કે બે દા'ડામાં મટી જશે.' આટલું કહી, આ વિષય વધુ છેડાય તે પહેલાં સ્વામીશ્રીએ તેને અન્ય દિશામાં વાળી દીધો.

તે વખતે સામે બેઠેલા એક પરિવારના સભ્યોએ વચ્ચે જ ક્ષમા યાચી કે 'સ્વામી! માફ કરજો. ભીડો આપ્યો.'

આ કુટુંબના બે પક્ષો વચ્ચે પડેલી મડાગાંઠ ઉકેલવા સ્વામીશ્રી છેલ્લા બે દિવસથી લગાતાર બબ્બે કલાક સુધી બેઠકોનો દોર ચલાવતા રહેલા. તેથી ગદ્ગદ થયેલા એ સદસ્યોએ આજે માફી માંગી ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'આમાં માફ કરવાનું હોય નહીં. આ બધું અમારું જ છે. તમારા પ્રશ્નો એ અમારા પ્રશ્નો છે. તમારા કુટુંબને અમે ઘર માન્યું છે.'

પ્રત્યેક સત્સંગીના પ્રશ્ન અને પરિવાર માટે સ્વામીશ્રીને આવી લાગણી રહેલી. તે વિના વર્ષોનાં વર્ષો સુધી વધતો ને વધતો ભીડો કેવી રીતે વેઠી શકાય?

અમે લુસ રાખનારા છીએ

તા. ૨૪/૮ની બપોરે સ્વામીશ્રી પાસે આવેલા લીડ્સના આઠ વર્ષીય

પુનિત પુરોહિતને ભાગવત, રામાયણના પ્રસંગો કથાકારની શૈલીથી કહેવાની સારી ફાવટ. તેથી સંતોએ તેને ભાગવતનું કોઈ આખ્યાન કહેવા જણાવ્યું, ત્યારે તેણે સ્વામીશ્રીને જ પૂછ્યું : 'કયું આખ્યાન કહું ?'

'પ્રહ્‌લાદનું.'

સ્વામીશ્રીની આ પસંદગી સાંભળી એ બાળકને તો જાણે પાંખો ફૂટી ગઈ, કારણ કે તેણે આ જ આખ્યાનની પ્રસ્તુતિ કરવાનું મનોમન ધારી રાખેલું ! તે મુજબ તેણે કથાનક લલકાર્યું ત્યારે તેની છટાથી રાજી થઈ પ્રસાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'તું સરસ બોલ્યો. આ દૂધપાક લે. તારો કંઠ સારો રહે ને !'

એટલું જ નહીં, આજની સાયંસભામાં પણ આ બાળકે જ્યારે આખ્યાન-કથન કર્યું ત્યારે સ્વામીશ્રીએ તેને હાર પહેરાવી બિરદાવ્યો.

તેઓનાં આ પ્રેમ અને પ્રોત્સાહનનું પીયૂષ પીને, કળી તરીકે આવેલો એ બાળક ફૂલ બનીને ગયો. પોતાની પાસે જે આવે તેને ખીલવી દેવા એ સ્વામીશ્રીનું કાર્ય. તેથી જ તેઓના દરવાજે મુલાકાતીઓ કદી ન ખૂટતા.

આ ક્રમમાં તા. ૨૫/૮ની બપોરે આવેલા એક હરિભક્તે સ્વામીશ્રી સમક્ષ દુ:ખ પ્રગટ કર્યું કે 'બાપા ! મારે હાથ દુ:ખે છે, આશીર્વાદ આપો.'

'મારે પણ હાથ દુ:ખે છે. આ એટલા માટે હલાવું છું. તમે મારા માટે પ્રાર્થના કરો. હું તમારા માટે કરું.'

સ્વામીશ્રીની આ રમૂજથી જ પેલા ભક્તનું અડધું દુ:ખ હળવું થઈ ગયું. બાકીનું કામ આશીર્વાદે પૂરું કર્યું.

આમ, સૌને સંતોષ આપી હાથ હલાવવાની કસરત કરવામાં પરોવાયેલા સ્વામીશ્રીને જોઈ સામે ઊભેલા વિશ્વવિહારીદાસ સ્વામી પણ હાથ હલાવવા લાગ્યા, પરંતુ તેઓની રીત સુધારતાં સ્વામીશ્રી બોલ્યા : 'તમે આમ મુઠ્ઠી વાળીને કરો છો, પણ એમ નહીં. હાથ લુસ (ખુલ્લા અને ઢીલા) રાખવાના.' આટલું કહી હૈયે ચોંટી જાય તેવો પોતાનો પરિચય આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'તમે મુઠ્ઠી વાળવાવાળા છો, અમે લુસ રાખનારા છીએ.'

સદાય ખુલ્લી હથેળીએ વિચરેલા સ્વામીશ્રી જે આપી ગયા છે તેથી આજે એક-એક સંત-ભક્તનું હૈયું છલકાઈ રહ્યું છે.

આપણે તાન મંદિર કરવાનું છે

તા. ૨૫/૮ની સાયંસભામાં સ્વામીશ્રીએ *'મોટાને શું કરવાનું તાન*

છે...' એ 'વાત' વાંચી જણાવ્યું કે 'આપણે તાન મંદિર કરવાનું છે. ટીનના ડબ્બામાંથી મંદિર થયું તેની મહત્તા છે. બાકી બિરલા જેવા બનાવી દે, પણ તેમાં બીજાને આત્મીયતા ન થાય.'

આ સાંભળી એક હરિભક્ત બોલ્યા: 'બિરલાને કાગળ લખીએ. મંદિરમાં સેવા કરે તો પૂરું થઈ જાય.'

'આ તમે બધા બિરલા બેઠા છો. તેને જ વાત કરીએ છીએ. ભગવાનને માર્ગે ચાલે તે શેઠિયા. આ (મંદિર-નિર્માણના) યજ્ઞમાં જોડાય તે શેઠિયા. નસીબમાં હોય તેને આ સેવા મળે!'

ભક્તો પ્રત્યેની આ મહિમાદૃષ્ટિ સાથે સ્વામીશ્રી આજની રાત્રે સાળા-બનેવી વચ્ચે વકરેલા એક વિવાદને શમાવવા બેઠા. ભેગા થઈને દુકાન ચલાવતા આ બંનેને છૂટા થવાની વાત આવતાં મિલકતનો કજિયો પેઠેલો. તેને અળસાવવા અગાઉ ત્રણ વાર સ્વામીશ્રી બેઠક કરી ચૂકેલા. આજે ચોથી વખતે પણ રાત્રે સાડા દસ વાગ્યા તોય નિવેડો ન આવ્યો. સ્વામીશ્રીને પોઢવાનો સમય થતાં એ કજિયાળા બેમાંથી એકે કહ્યું: 'હવે કાલે વાત!'

'કાલે શું વાત કરવાની? આજે જ કરી દો ને!' સ્વામીશ્રી બોલ્યા. ભક્તનો પ્રશ્ન ઊકલ્યા વિના તેઓને ઊંઘ ક્યાંથી આવે?

પરંતુ તેઓની આ તાલાવેલીનેય તમ્મર આવી જાય એમ એકે જણાવ્યું: 'સ્વામી! તમે રહેવા દો. અમે કૉર્ટમાં લડી લઈશું.'

આ સાંભળતાં જ શયનકક્ષના બારણા તરફ આગળ વધી રહેલા સ્વામીશ્રી, આ વાક્ય કહેનારા ભણી ફરી ગયા અને તેઓના ખભે જોરથી હાથ મૂકતાં સહેજ ઊંચા સ્વરે બોલી ઊઠ્યા: 'ભ'ઈ! તમે સમજો. કૉર્ટમાં જવાથી કોઈને ફાયદો નથી. તમને તો ધોળા થઈ ગયા પણ આ છોકરાંવનો વિચાર કરો. તેમને કૉર્ટમાં લડાવી મારવા છે?'

આ વખતે સ્વામીશ્રીના એક-એક શબ્દો નાભિમાંથી નીકળતા સૌએ અનુભવ્યા.

કૉર્ટ-કચેરીના કાદવમાં ખરડાવા જતા એ ભક્તને જે કહેવાનું હતું તે કહી સ્વામીશ્રી પોતાના શયનખંડમાં પધાર્યા. અલબત્ત, તેઓના આ બે મિનિટના પુણ્યપ્રકોપે પેલા આધેડની બાલિશતા બાળી દીધી. તેથી સ્વામીશ્રી પેશાબ-પાણીથી પરવારી ઓરડામાં આવ્યા ત્યારે તે સાળા-બનેવી ત્યાં હાજર થઈ ગયા. તેઓએ સ્વામીશ્રીની સઘળી વાત કબૂલ રાખી.

તેથી રાજી થયેલા સ્વામીશ્રીએ 'મનમાં દુઃખ ન લાવશો, આપણે તો ઘરમાં ને ઘરમાં જ મિલકત રહેવાની છે, હવે બધી વાત ભૂલી જવાની,' કહેતાં બંનેની પીઠ થાબડી અને પરસ્પર પેંડા ખવડાવી બોલ્યા : 'હવે કડવું ન ખાતા, મીઠું ખાજો.' આમ જણાવી તેઓએ, મીટિંગમાં વધુ ઉગ્ર થયેલી બે વ્યક્તિનાં મોંમાં તો જાતે પેંડા મૂક્યા. દુનિયાને મતે જે દોષિત હોય તેને પણ સ્વામીશ્રી પાસે તો વહાલ જ મળતું.

આમ, કડવાશને હડસેલી મીઠાશ ભરી આપવાનું કાર્ય પૂરું કરી તેઓ નિયત ક્રમ કરતાં આજે અડધો કલાક મોડા આરામમાં પધાર્યા ત્યારે આ કંકાસ જોનારા સૌ કચવાયેલા. તેઓનું મન તો 'આવા ને આવા...!' કહી બળાપો જ કાઢી રહેલું. પરંતુ તે વખતે પલંગમાં પોઢેલા સ્વામીશ્રીના આ શબ્દો સૌના કાને સંભળાયા કે 'ભગવાનની દયાથી સારું થયું! છોકરા આપણા સારા. સત્સંગમાં (આવે) એટલે સમજી ગયા.'

આ અભિપ્રાય સાથે નિરાંતનો શ્વાસ લેતાં સ્વામીશ્રીએ નેત્રો મીંચ્યાં ત્યારે વાતાવરણમાં *'બહુ બાળક વાંક જો કરે, પણ માતા મનમાં નહીં ધરે...'* પંક્તિ પડઘાઈ રહી.

મા-બાપ મહેનત કરે તો જ કામ થાય

તા. ૨૬/૮ના રોજ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા થયેલા દીપ-પ્રાગટ્યથી આરંભાયેલા બાળ અધિવેશનમાં મુખપાઠ, ગાયન, વાદન, લેખન, પ્રવચન, નૃત્ય, અભિનય, ચિત્રકલા, રમત-ગમત વગેરે અનેક ક્ષેત્રે બાળ-તારલાઓ ટમટમવા માંડ્યા. લંડનના બાળ મંડળે તો રાષ્ટ્રીય અને કાઉન્સિલ કક્ષાની નૃત્ય સ્પર્ધાઓમાં છેલ્લાં ત્રણ વર્ષથી પ્રથમ કક્ષાનાં પારિતોષિકો મેળવી સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલી. તેથી નૃત્યોની સાથે સંવાદોમાં પણ આ પરદેશી બાળકો ગુજરાતી વાક્યો મોઢે બોલી તે પ્રમાણેના હાવભાવ દ્વારા સૌને હેરત પમાડી રહ્યા. અંગ્રેજી લિપિમાં ઢાળેલાં વચનામૃત, વાતો, કીર્તનના મુખપાઠનીયે કડકડાટી બોલાવી. બાળકોએ જ થર્મોકોલમાંથી બનાવેલા લંડન મંદિરની પાર્શ્વભૂમાં બિરાજેલા સ્વામીશ્રી આ કાર્યક્રમો જોઈ હરખાઈ ઊઠ્યા.

તેમાંયે તા. ૨૭/૮ના રોજ એક બાળકે મંદિરની આવશ્યકતા વિષે કરેલું પ્રવચન સાંભળતાં તો તેઓની આંખોમાં હર્ષાશ્રુ તરી આવ્યાં. એ જ રીતે અન્ય એક બાળકના 'શાકાહારી શા માટે?' વક્તવ્ય વખતે પણ રજૂ થતા

મુદ્દાઓ સાથે સંમતિ પુરાવતા હોય તેમ સ્વામીશ્રી હકારમાં મસ્તક હલાવ્યે ગયા. તેઓના આ ભાવ-પ્રતિભાવ બાળકોના ઉત્સાહમાં ભરતી લાવતા રહ્યા.

આ સઘળી રજૂઆતો માણવા ઉદ્‌ઘાટન સભામાં સપરિવાર હાજર રહેલા ઘણા મહાનુભાવોએ તો પોતાનાં સંતાનોને શીખ આપી કે 'જુઓ, ઈંગ્લૅન્ડમાં રહેવા છતાં આ બાળકોએ કેવી રીતે આપણી સંસ્કૃતિ અને ભાષા જાળવી રાખ્યાં છે !'

સ્વયં સ્વામીશ્રી પણ બાળકો અને કાર્યકરોની પ્રસ્તુતિઓ જોઈ રાજી થતાં બોલ્યા : 'બાળકોને ધન્યવાદ ! અધિવેશનમાં મંદિર તૈયાર કર્યું. ભગવાન પણ પધરાવી દીધા. બાળકોએ પહેલું મંદિર તૈયાર કરી દીધું. આપણે રહી ગયા પાછળ !'

ભોજન વખતેય છવાઈ રહેતી અધિવેશનની આબોહવા અનુભવી સ્વામીશ્રીએ કહ્યું : 'સંચાલકો અને સંતો તો મહેનત કરે, પણ મા-બાપ જો છોકરા પાછળ મહેનત કરે તો જ કામ થાય એવું છે. મા-બાપ સત્સંગ રાખે અને નિયમિત પૂજા, કથા, આરતી વગેરે કરે એ જ મોટી સેવા છે. આમાંનું કશું જ ન હોય, પછી છોકરાને વાત કરવા જાય તો ક્યાંથી બેસે ?'

તા. ૨૭/૮ની સાંજે અધિવેશનના પૂર્ણાહુતિ પ્રસંગે પણ સ્વામીશ્રીએ વાલીઓને જણાવ્યું : 'બાળકોએ ખૂબ પ્રયત્ન કર્યો છે. હવે તમે બાળક પાછળ ખૂબ પ્રયત્ન કરજો. આ એક સમાજ-સેવા કહો, રાષ્ટ્ર-સેવા કહો, ભગવાનની સેવા કહો, યોગીબાપાની સેવા કહો; આ કરીશું તો અત્યારે જે સામાજિક, રાષ્ટ્રીય પ્રશ્નો છે તેમાંથી બચી શકીશું.'

બાળ-સંસ્કાર સંબંધી આ હાકલ સાથે તા. ૨૮/૮ની સાયંસભામાં વિજેતા બાળકોને હોંશે-હોંશે ઇનામો વહેંચતા સ્વામીશ્રી વામન શિશુઓમાં રહેલી વિરાટ શક્તિને વંદતાં બોલ્યા : 'ભવિષ્યમાં આ બાળકો હજારોને તૈયાર કરશે.'

ઊગતી પેઢી પર રહેલા સ્વામીશ્રીના વિશ્વાસને કોઈ ડગાવી શક્યું નહોતું.

આ કહ્યું તે શ્યોર (દૃઢ) રાખજો

તા. ૨૮/૮ની રાત્રે કૉન્ફરન્સ રૂમમાં મીટિંગ તથા મુલાકાત પૂર્ણ કરીને નિજ-નિવાસ ભણી જઈ રહેલા સ્વામીશ્રી, આ રસ્તે એક કાર્યકરને જોતાં ઊભા રહી ગયા. આ કાર્યકર્તાના બાળ મંડળે તાજેતરમાં યોજાયેલા

અધિવેશનમાં ભાગ નહોતો લીધો, તેનો સ્વામીશ્રીને ખ્યાલ હોવાથી તેઓ એ કાર્યકરને કહેવા લાગ્યા : 'ભાગ કેમ ન લીધો? કારણ તો મને જણાવો. સંપનો અર્થ શું છે? સત્સંગ થયો પણ હજી માન, ઈર્ષ્યા, ક્રોધ આ બધું ગયું નથી. આ યોગીજી મહારાજની સંસ્થા છે. જે કંઈ સરક્યુલર (પરિપત્ર) આવે તે બધાએ માનવો જોઈએ. આ તો એ કરે એટલે આપણે નહીં કરીએ. આખા યુ.કે.નું એક હોવું જોઈએ. ઇન્ડિયામાં અમદાવાદથી જે બહાર પડે તે આખા ઇન્ડિયામાં ચાલે છે.'

જો કે અહીં ઊભેલા કાર્યકરે બાળકોને ભાગ લેવાની 'ના' નહોતી પાડી. તેથી મુખ્ય કાર્યકર્તાને બોલાવવાનો આદેશ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'એને મારી પાસે લાવો. તમારાથી નહીં બને.'

આટલું કહી ઓરડે પધારેલા સ્વામીશ્રીએ, અહીં પણ સ્વયંસેવકોને જોતાં સંપનો સૂર રેલાવી દીધો કે 'સત્સંગમાં નમ્ર થઈને રહેવું. કોઈ બોલી જાય તો સહન કરવું. આપણો સત્સંગ આ છે. આપણને ન ફાવે તો બીજી સેવા કરવી. આપણું મંડળ યુ.કે.માં સારામાં સારું કહેવાય છે, તેમાં એ (મનદુઃખ) ન થવું જોઈએ. વળી જવું, નમી પડવું. ગુણ આવે તેમ કરવાનું. વડીલોને પૂછવું ને તે કહે તેમ કરવું. આપણું માન મૂકી દેવું. એક થવા પ્રયત્ન કરવો. આ કહ્યું તે પ્રમાણે કરવું. શ્યોર રાખજો.'

આટલી શીખ આપી પોઢેલા સ્વામીશ્રી તા. ૨૯/૮ની સવારે આગામી વર્ષે ઊજવાનારા પ્રતિષ્ઠા મહોત્સવ માટે નિમાયેલી સમિતિની બેઠકમાં પધાર્યા. તેમાંયે કાર્યવાહકોને સેવાની નીતિ-રીતિ જણાવતાં તેઓએ કહ્યું :

'આપણે જે કાંઈ કરીએ તે યોગીજી મહારાજને રાજી કરવા, દાસ-ભાવ અને મહિમા સમજીને કરવું. સૌ પોતપોતાના કામમાં વ્યવસ્થિત રહે ને બીજાના કામમાં સહકાર આપે. એકબીજાના કામમાં વિક્ષેપ થાય તેમ કરવું નહીં. આપણી વિશેષતા, મહત્તા વધે તેવું ન રાખવું, પણ ભગવાનની વિશેષતા વધે તેમ કરવું.'

આ જ રીતે આજની બપોરે મંદિરની મરામતનું કામ સંભાળતા યુવકોની મીટિંગમાં બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ કો'ક બોલ્યું : 'બાપા! આમ તો કામ માટે અમે પૂરતા છીએ, પણ પ્રશ્નોને લીધે ઓછા પડીએ છીએ.'

આ સમસ્યાનું સમાધાન આપતાં સ્વામીશ્રી કહેવા લાગ્યા :

'સેવાની સાથે જ્ઞાન અને સમજણ જોઈએ. કથા-વાર્તાથી પાછી વૃત્તિ

વળે. કોઈ બોલે તો પણ 'આપણે આત્મા છીએ' તેમ માની પથરા ખસેડવા. બનાવતાં વાર લાગે, બગાડતાં વાર ન લાગે. તમને બધાને ભેગા કરવામાં કેટલી બધી વાર લાગે? માટે ખોટા આક્ષેપો નહીં, ખોટું પ્રોત્સાહન પણ ન આપવું. આપણા પર આક્ષેપો આવે તો બ્રહ્મરૂપ માનવું.'

આજની જન્માષ્ટમીએ સ્વામીશ્રીના મુખેથી ફૂટી રહેલા એકેએક શબ્દ 'ગીતા'નો દરજ્જો પામે એવું જ અર્થગાંભીર્ય ધરાવતા હતા.

આ ક્રમમાં રાત્રે તેઓ જન્માષ્ટમીની ઉત્સવ-સભામાં અમૃતધારા વહાવી ઉતારે પરત ફર્યા ત્યારે ગઈકાલે તેઓએ કરેલી આજ્ઞા અનુસાર અધિવેશનથી અલિપ્ત રહેનારા પેલા કાર્યકર આવી ગયેલા. તેઓને સ્વામીશ્રીએ સત્સંગની પરિપાટી ભણાવતાં કહ્યું :

'કોઈ પણ મતભેદ હોય પણ નોખું ન કરવું. ઇષ્ટદેવ એક, સંસ્થા એક, ગુરુ એક, તો જુદું ન થવું જોઈએ. મનનું મૂકી દેવું. તમે ન આવો તો છોકરાઓને થાય કે 'આપણે જુદા!' મને તો બધા ઇનામ વખતે આવ્યા ત્યારે થયું કે 'આ (મંડળ) નથી આવ્યું!'

'આ સ્વામીને ન ગમ્યું' તો ફરી થાય નહીં. આપણે નથી આવ્યા તેથી કોઈ બોલે તો આપણે સૉરી કહી દેવું. સત્સંગમાં નમવું. સહનશીલતા રાખવી. લાંબું થવા દેવું નહીં. લાંબું થતાં પહેલાં સાંધી દેવું. સંસ્થાથી જુદા પડાય જ નહીં. આપણે સાથે જ છીએ. અવાજ એક જ છે. કોઈ સત્સંગીનું બોલે, આ મંડળનું બોલે, તે મંડળનું બોલે, એ આપણાથી સંભળાય જ નહીં. આ તો બધા એકબીજાનું બોલે એ સત્સંગની રીત છે? ગૌણતા બોલવાની ટેવ પડી જાય છે!'

એકશ્વાસે આટલું કહી સ્વામીશ્રી છેલ્લે બોલ્યા : 'રાજી રહેજો.'

કુશળ આયોજક તરીકે તેઓ એકતામાં ગોબો-ગાબડું પડે તેવી કોઈ હરકત ચલાવી ન લેતા. આવા સમયે મૃદુતાથી ભરેલા સ્વામીશ્રી જે કહેવું ઘટે તે મક્કમતાથી કહી દેતા.

આપણી પટલાઈ કરો ને!

આ અરસામાં સ્વામીશ્રી સમક્ષ વંચાઈ રહેલા બાળકોના હસ્તલિખિત અંકમાં, તા. ૩૧/૮ની સવારે એવું લખાણ આવ્યું કે 'યોગીજી મહારાજ પછી યોગીજી મહારાજનો રોલ (ભૂમિકા) પ્રમુખસ્વામીએ લઈ લીધો.'

'લઈ લીધો નથી, આપ્યો છે. આ તો જાણે ઊંચકીને લીધો હોય ને... (એમ લખે છે.)'

સ્વામીશ્રીની આ સ્પષ્ટતા સાંભળી સંતોએ પૂછ્યું : 'બાપા ! આપને આ પહેલેથી ખ્યાલ હતો ?'

'ના, ના, આપણને ખબર ન હોય ! મોટાપુરુષને બધી ખબર હોય.'

ક્યારેક આવું મોહ પમાડે તેવું બોલી સ્વામીશ્રી ભક્તપણાની પરીક્ષા કરી લેતા. તેની સાથે તેઓ મૂલ્યવાન માર્ગદર્શન પણ એટલું જ આપતા.

તે મુજબ તા. ૩૧/૮ની સાયંસભામાં તેઓએ જણાવ્યું કે 'આપણે મુમુક્ષુ છીએ તે ઘટવા નથી આવ્યા, વધવા આવ્યા છીએ, તો સર્વેનો ગુણ લેવો. બીજાની પટલાઈ કરવા કરતાં આપણી પટલાઈ કરો ને ! આપણી ભૂલો સામે જોયા જ કરવું. બીજામાં સારું છે તે જોવું. ૯૯ અવગુણ હોય પણ ૧ ગુણ હોય તો તે જોયા કરવું, તો આનંદ, આનંદ ને આનંદ. ઉત્સાહ, ઉત્સાહ ને ઉત્સાહ. કથા-વાર્તા, કીર્તન, ભજન જે કંઈ કરીએ તેમાં એક જ રુચિ કે 'બધાનું સારું છે.' પામર જેવો હોય પણ ગુણગ્રાહક દૃષ્ટિ રાખે તો તે પણ સારો થઈ જાય.'

પામર માટે આ એક મજબૂત પગથિયું ગોઠવી આપી, તા. ૧/૯ની સવારે અલ્પાહાર કરવા બિરાજેલા સ્વામીશ્રી, હંસ મોતી ચરે એમ થોડું-થોડું લઈ થોડી વારમાં તો ચળું કરવા તૈયાર થઈ ગયા. તે જોઈ સેવકે કહ્યું : 'હજી ઉકાળો પીવાનો બાકી છે.'

'આવે તો હારું (સારું), નહીં તો ચાલ્યા કરે.'

'મોડો આવે તો વધારે જમાય ને !'

'શું જમવાનું ? પરાણે ઓછું જમાય છે ?' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની રીત જ *'નિર્વિકારી ને લઘુ આહાર...'*ની. તેને તેઓએ રોજ-રોજ પોતાની સમક્ષ રચાતા અન્નકૂટ વચ્ચે પણ જીવનભર જાળવી રાખેલી.

'ઘર'ની વાત

તા. ૧/૯ની સાંજે સ્વામીશ્રીને મળવા આવેલો એક યુવાન સંતોનો નિકટવર્તી. વળી, ચુસ્ત સત્સંગીનો દીકરો. સત્સંગમાંયે નિયમિત. પરંતુ સંગદોષ લાગી જતાં વ્યસનના રવાડે ચડી ગયેલા તેને આજે સ્નેહવચનો સંભળાવતાં સ્વામીશ્રી બોલ્યા : 'તું બે મિનિટના આનંદ માટે ૨,૦૦૦ વર્ષ દુઃખી થઈશ તેનો વિચાર કર !'

લાગણીની આ લિપિએ તે યુવકને મૂળ માર્ગે લાવી દેતાં તેણે માફી માંગતાં કહ્યું: 'બાપા! મેં આવું કર્યું તેનાથી મને દુઃખ થાય છે.'

'તને દુઃખ થાય છે તે કરતાં વધારે દુઃખ મને થાય છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

જ્યારે કોઈ પણ સત્સંગી નિયમ-ભંગ સુધી ધસી જાય ત્યારે તેઓ પારાવાર પીડા અનુભવતા. સંતાન નાપાસ થાય ત્યારે પિતા કષ્ટાય, એવી આ વાત હતી!

યુવાનો સાથે આવા ઓતપ્રોત સ્વામીશ્રી તા. ૪/૯ની સાંજે યોજાયેલી વિશિષ્ટ યુવાસભામાં બિરાજ્યા ત્યારે તેમાં વિવિધ રજૂઆતો વચ્ચે શરૂ થયેલી પ્રશ્નોત્તરીમાં યુવકોએ પૂછ્યું: 'સ્વામી! આપને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ આજ્ઞા કરતા ત્યારે કોઈ મૂંઝવણ થયેલી?'

આ પ્રશ્નનો ઉત્તર તો સ્વામીશ્રીનું સમગ્ર જીવન. છતાં તેનો સાર સંભળાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

''ભગવાન ને સંત આજ્ઞા કરતા હોય તેમાં મૂંઝવણ માનવાની નથી. મોક્ષનો લાભ એમના થકી થવાનો છે – તેમ માની નિશ્ચય કર્યો હોય તેમાં મૂંઝવણ હોય જ નહીં! (સેવા) ગમતી ન હોય, ફાવે તેમ ન હોય, તો પણ ગમતી થઈ જ જાય. ગમે તેના કહેવાથી વાત કરી, પણ 'કહેનાર કોણ છે?' તે સમજણ રાખવી. ભગવાન છે તે કોઈના દોર્યા દોરાતા નથી – આ વાત સમજી લો. છેલ્લાનું ૧૧મું વચનામૃત સિદ્ધ કરીએ તો વાંધો ન આવે.''

સ્વામીશ્રીનું સદા મૂંઝવણમુક્ત જીવન એ અવનીની અજાયબી જ હતી. તેનો તાગ કાઢવા યુવકોએ પૂછ્યું: 'બાપા! આપ આટલી બધી પ્રવૃત્તિ કરવા છતાં કાયમ ફ્રેશ (પ્રફુલ્લિત) રહો છો તેનું સિક્રેટ (રહસ્ય) શું છે?'

'મહારાજની આજ્ઞાથી, ગુરુના આદેશથી કરીએ છીએ, એટલે ગમે તેટલી પ્રવૃત્તિ છે તો પણ માથે લેતા નથી. જે પરિણામ આવે છે એ ભગવાનની ઇચ્છાથી આવે છે, એટલે કોઈ જાતનો બોજો લાગતો નથી. 'હું'પણું મૂકીને ભગવાનમાં, ગુરુમાં ખોવાઈ જવાનું છે. તેમ કરીએ તો ચોવીસ કલાક આનંદ રહે.'

આ આનંદને પામવામાં અડચણરૂપ જણાતી એક બાબત અંગે યુવકોએ પૂછ્યું કે 'સ્વામી! પાર્કિંગ, રસોડા વગેરેની સેવા કરવામાં આપનો અંગત લાભ મળતો નથી, તો અંગત લાભ લેવો કે સેવા કરવી?'

'આજ્ઞાથી જે કાંઈ સેવા-ભક્તિ કરીએ છીએ તેમાં મૂર્તિ છે. આજ્ઞા પ્રમાણે કરીએ તો બંધન ન થાય, રાજીપો થાય. આજ્ઞા પાળે તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ બધું થાય. કોઈના અભાવ-અવગુણ જોયા સિવાય, કોઈની સામી દૃષ્ટિ રાખ્યા સિવાય, એક જ શ્રીજીમહારાજ સામી દૃષ્ટિ રાખીને કરીએ તો શાંતિ, શાંતિ ને શાંતિ!! ત્યાગવલ્લભ સ્વામી દસ વર્ષ સુધી રસોડું કરતા, તે સવારે પૂજામાં દર્શન કરી આવે. સ્વામી પાસે જવાનું એક જ વખત, પણ યોગીબાપા રાજી.'

સ્વામીશ્રીએ આમ સદૃષ્ટાંત સમજૂતી આપી સમાધાન કરી દીધું ત્યારે યુવકોએ છેલ્લે નિરાંતની વાત માંડતાં કહ્યું: 'સ્વામી! અમે ઘેર આવીએ ત્યારે નિરાંત થાય છે, તો આપનું ઘર ક્યાં છે, જ્યાં જઈને આપને નિરાંત થાય?'

'ભગવાન ને સંતો-ભક્તો બેઠા હોય તે ઘર છે. કથા-વાર્તા થતી હોય તે ઘર છે.' પોતાનું સરનામું જણાવતાં આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું:

''આ આપણો સમાજ છે. તેની સાથે બેસવું-ઊઠવું તે ઘર જેવું જ લાગે. મંદિરને ઘર માનો, સત્સંગીને કુટુંબ માનો, તો દુઃખ ન લાગે. અમે પણ એમ માનીએ છીએ કે 'આ આપણું ઘર છે.' એટલે નોખું ન લાગે કે 'દેશ ઘર છે... પરદેશ ઘર છે...' ભગવાન જ્યાં બિરાજે છે તે ઘર માનીએ છીએ, એટલે કોઈ પણ ઠેકાણે એમ નથી થતું કે 'આપણે અહીં આવ્યા ને આપણું ઘર પૂરું થયું!' જ્યાં જઈએ ત્યાં ઘર જ છે.''

બેઘર થઈને ફરતા જણાતા સ્વામીશ્રીએ આજે પોતાનું 'ઘર' બતાવી દીધું. હવે કોઈને પૂછવાનું રહ્યું નહીં કે 'સ્વામીનું ઘર કેટલે?'

ધર્મ પ્રવર્તાવામાં છે ચિત્ત રે

સ્વામીશ્રીના તાજેતરના અમેરિકી પ્રવાસ દરમ્યાન, લંડનમાં યોજાયેલી કાઉન્સિલની ચૂંટણીમાં ભારતીય મૂળના શ્રી રાજેન્દ્ર પંડ્યાએ પણ ઉમેદવારી નોંધાવેલી. તેઓ જ્યારે વિજયના આશીર્વાદ લેવા આવેલા ત્યારે સ્વામીશ્રીએ કહેલું: 'દારૂ કે માંસ ન લેતા. હિંદુ તરીકેના નિયમ-ધર્મ પાકા રાખજો.'

આ આદેશને માથે ચઢાવીને ગયેલા આ મુરબ્બીએ, રોયલ બરો ઑફ કિંગ્સ્ટન વિસ્તારમાંથી કાઉન્સિલર તરીકે જીત હાંસલ કરેલી. તેની ખુશાલીમાં યોજેલી પાર્ટીમાં ઉપસ્થિત સંખ્યાના ૯૫% તો યુરોપિયનો હતા. છતાં આ કાઉન્સિલરે તેઓને કહેલું: 'મારી જીત પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી

થઈ છે. તેઓએ મને વ્યસન અને માંસાહાર ન લેવાનો નિયમ આપ્યો છે. તેથી આજે આ પાર્ટીમાં શરબત અને શાકાહાર અપાશે.'

તેઓની આ દૃઢતાથી પ્રભાવિત થયેલા મેયરે પણ તે પછીની બેઠકમાં જાહેર કરેલું કે 'આપણી કોઈ પણ મીટિંગમાં માંસ કે દારૂ આપવામાં નહીં આવે.'

આ ઘટનાક્રમ તા. ૬/૯ના રોજ દર્શને આવેલા વિજયી કાઉન્સિલર શ્રી પંડ્યાએ કહી સંભળાવ્યો ત્યારે સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન થયા. આ સાંભળનારા સૌને પણ સ્વામીશ્રીના સાદા શબ્દોમાં રહેલી શક્તિનો પરિચય મળ્યો.

ઠાકોરજી રમે છે!

તા. ૭/૯ની સવારે સ્વામીશ્રી પ્રાતઃપૂજાથી પરવારી ઓરડામાં પધાર્યા ત્યારે ત્યાં નિયત ક્રમ મુજબ નાનકડો બાળક કીર્તન આવીને ઊભો રહી ગયો. જેમ વાછરડું ગાય પાસે દોડી જાય તેમ રોજ આ બાળક મા-બાપની આંગળી છોડી આ સમયે સ્વામીશ્રી પાસે દોડી આવતો. અહીં સ્વામીશ્રી તેને દંડવત કરાવે. પેલો પણ ક્યારેક ગોળમટાં-ગડથોલાં ખાતો, ક્યારેક સરકી ગયેલું પાટલૂન ઊંચે ચઢાવતો, ક્યારેક માથાને આવરી લેતા ગરમ જૅકેટને ઠીકઠાક કરતો એક પછી એક દંડવત કર્યે જાય.

પરંતુ પાંખડીને પીસવા-ભીંસવાનું નહીં, પંપાળવાનું શીખેલા સ્વામીશ્રી પાંચ-છ દંડવત થાય એટલે 'બસ...' કહી તેને અટકાવે. તે વખતે થોડું-થોડું હાંફતો તે બાળક સ્વામીશ્રી સમક્ષ પોતાની નાની હથેળી ધરે. ક્યારેક ભૂલમાં તે ડાબી હથેળી ફેલાવે તો સ્વામીશ્રી જમણી ધરવાનું કહે. તેમ થાય એટલે સ્વામીશ્રી તેના હાથમાં પ્રસાદ મૂકે. જે ભક્તિ કરે તેને તેનું ફળ આપવાની તેઓની પ્રકૃતિ!

આજે એ જ રીતે કીર્તનના હાથમાં પ્રસાદ આવવા છતાં તેનું મોં ન મલક્યું. તેણે ફરિયાદી સૂર કાઢતાં કહ્યું: 'બાપા! ઠાકોરજી મારી સાથે નથી રમતા.'

'કેમ નથી રમતા?' આમ પૂછી સ્વામીશ્રી બોલ્યા: 'જો, ઠાકોરજી અતારે રમે છે ને ચૉકલેટ આપે છે.'

સ્વામીશ્રીની આ વાણીનું રહસ્ય પેલા બાળકને કેટલું પકડાયું તે તો એ જાણે, પણ આ લીલા નીરખનારા અહોભાવથી છલકાઈ ઊઠ્યા.

અહીં ખમે એ આગળ વધે

તા. ૮/૯ની સવારે કિશોરો-યુવકો પર સ્વામીશ્રીનો સ્નેહકુંભ ઢળી પડતાં, આ સમયે અલ્પાહાર બાદ તેઓએ 'તમને બધાને આશીર્વાદ આપવા દો...' કહી આ ઊગતી પેઢી પર અમૃતધારા વરસાવી કે –

"આપણે સત્સંગ કરીએ છીએ પણ બરાબર ધ્યેય સાથે નહીં. આ મંદિર થાય છે તેનો હેતુ શો? તો બાળકો, કિશોરો તૈયાર થાય. આપણામાં ભારતીય સંસ્કારો સચવાય, ભગવાન અને સંત મુખ્ય રહે. બાળકમાંથી તૈયાર થયા ને કિશોરોમાં આવ્યા પછી રહેતું નથી. પાયો મજબૂત થયો હોય તો રહે જ! આટલો બધો ખર્ચો કરીએ છીએ પણ મુખ્ય પાયો તો એ છે કે 'તમે બધા સત્સંગ કરો.' સ્વામી આવ્યા ને પાંચ દિવસ દેખાવ થઈ ગયો, પછી 'કરતા હોય એમ કરીએ, ફરીએ,' એવું નહીં. આપણા જ છોકરાઓમાં વ્યસન-દૂષણ પેસી જાય તે (કેવું?) આગળ ભવિષ્યમાં તમારા ઉપર અમારો આધાર. તમારા ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે.

દુનિયાના છોકરા જેવા આપણે છોકરા નથી. આપણે જુદા છીએ. જુદી આપણી ભાત છે અને એ ભાતને આપણે ઉપસાવવી છે. આપણા ફેમિલી સંસ્કારો, મા-બાપ સાથેના સંબંધો રહેવા જોઈએ. સભા ભરતા હોઈએ ને રાત્રે ઊઠીને સિનેમા જોવા જાય એનો અર્થ શું? તમારી મહેનતેય નકામી જાય ને અમારી મહેનતેય નકામી જાય. 'આ તમારા સત્સંગના છોકરા આવું કરે છે' – એવું મને કોઈ કહેવું ન જોઈએ. કથા-વાર્તાની ટેવ પાડો. વચનામૃતનું વાંચન કરો. બધું કરીએ છીએ એ સારું છે, પણ થોડી જ્ઞાનની વાતો સમજતા જાવ. એવું કાર્ય કરો કે મંદિર કરીએ એ સફળ થાય. ભણેલા-ગણેલા છોકરાઓને જોગી મહારાજે સંતો કર્યા તે અત્યારે માર્ગદર્શન આપે છે, તેમ તમને પણ એવા તૈયાર કરવા છે. તમે પણ હજારોને માર્ગદર્શન આપતા થાવ.

અહીં મંદિરમાં આવીને પહેલો વિચાર એ કરવાનો કે 'મારે આદર્શ બનવું છે.' મોટાપુરુષના એક-એક શબ્દો પકડીએ તો વર્ષમાં ૩૬૦ શબ્દો આવી જશે. એક-એક દોષ કાઢશું તો ૩૬૦ દોષ જતા રહેશે. એક-એક ગુણ બધામાંથી લઈશું તો ૩૬૦ ગુણ આપણામાં આવશે. અશક્ય વસ્તુ નથી. મોટા-મોટા માણસો થઈ ગયા તે સામાન્યમાંથી મહાન બન્યા છે. આપણે જગતને સારું આપવા આવ્યા છીએ. નાના-મોટા એવા મંડજો. જે કાંઈ થયું

હોય તે ભૂલો આજથી ગઈ! ફરી ભૂલ કરવી નથી. બહાર સિનેમા-નાટકમાં જવું નથી. મંદિર આપણે કરીએ છીએ ને યુવકોમાં બળ નહીં આવે તો આપણે કરોડ રૂપિયા ખર્ચીએ છીએ તેનો અર્થ નહીં થાય. અમે તમારા વતી પ્રાર્થના કરીશું કે 'બધા છોકરા સારા બને.' પણ તમારો પ્રયત્ન જોઈએ. અમારો એકલો પ્રયત્ન ન ચાલે.

મંદિરના પથ્થરોની સાથે આપણા સ્વભાવો ઘસાવા જોઈએ. તિલક-ચાંદલો મહારાજની આજ્ઞા છે એટલે કરવાનો છે. બહારનું ન ખાવું-પીવું. એમાંથી તો બધી રીતે બગાડ છે. અમે જઈએ પણ શ્રીજીમહારાજ ને યોગીજી મહારાજ તો બેઠા છે કે નહીં? એ ચિત્ર છે એમ શું કામ માનો છો! સાક્ષાત્ બેઠા જ છે. આપણા હૃદયમાં પણ બેઠા છે, દૂર નથી. મહિમાની વાતો કરવી ને સાંભળવી. જો બધા નક્કી કરીશું તો અમહિમાની વાતો કરનારો ઑટોમેટિક બંધ થઈ જશે. મહારાજે ગઢડા પ્રથમ ૧૬મું ને ૬૩મું (વચનામૃત) લખ્યું છે તે વાંચજો. આ સત્સંગ એ આધ્યાત્મિક માર્ગ છે. આધ્યાત્મિક માર્ગમાં ખમવાનું જ આવે. અહીં ખમે એ આગળ વધે, એટલે એ દૃષ્ટિ રાખવી.''

સ્વામીશ્રી મંદિરની સાથે યુવાનીને પણ ઘાટ આપી રહ્યા. શબ્દોનું ટાંકણું ને હેતની હથોડી!

એવું તો હું કરતો નથી

સ્વામીશ્રીએ તોળેલા મંદિર-નિર્માણના ગોવર્ધનને ટેકો અડાડવા જુદી-જુદી રીતે મંડી પડેલા લંડનના ભક્તોમાં, કૅન કલેક્શનના કાર્યક્રમ હેઠળ કેટલાક બાળકો તો જાહેર રસ્તા પર પડેલી ગંદકીભરી, દુર્ગંધ મારતી કચરાપેટીઓમાં ઊતરીને કૅન શોધતા. કૅન હાથમાં આવતાં જાણે હીરો હાથ લાધી ગયો હોય એવા આનંદથી તેઓનાં મુખ મલકી ઊઠતાં!

કૅર પત્રિકાના અભિયાનમાં જોડાયેલા ભક્તો સેવા એકત્રિત કરવા ઘણી વાર એક-એક ઘેર ચાર-ચાર ચક્કર કાપતા. સંસ્થાકીય વ્યંજન વિભાગ સાયા દ્વારા ખાદ્યસામગ્રી વિતરણ કરવાના આયોજન અંતર્ગત, મહિલાઓ ઘેર બેઠાં અવકાશ મળે ત્યારે મઠિયાં-પાપડ વણતી રહેતી. અઠવાડિયે ત્રણ વાર હરિભક્તો મંદિરે આવી રાત્રિના આઠથી બે વાગ્યા સુધી વિવિધ વાનગીઓ બનાવતા. આ વ્યંજનોના વિતરણથી ઊભી થતી ધનરાશિ મંદિરના પાયામાં પુરાતી. તે જોઈ સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'તમારા જેવા સત્સંગીના હાથે જે

જમે તો તેનું પણ કલ્યાણ થાય અને ભવિષ્યમાં સત્સંગી પણ થાય.'

ભક્તો વિષેની આવી મહિમાદૃષ્ટિ સાથે વિચરતા તેઓ તા. ૧૨/૯ની સવારે શ્રી નરેશભાઈ પટેલના સ્ટુડિયોમાં જવા નીકળ્યા.

મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ ઉપક્રમે પ્રકાશિત થનારા સાહિત્યમાં સ્વામીશ્રીની તસવીરો છાપવાની હતી. તે માટે મોટેરા સંતો-ભક્તોની વિનંતી માન્ય રાખીને સ્વામીશ્રી જ્યારે સ્ટુડિયોમાં પધાર્યા ત્યારે અહીં વિવિધ મુદ્રામાં તેઓના ફોટા ખેંચી રહેલા નરેશભાઈએ કહ્યું: 'બાપા! આપ આશીર્વાદ આપતા હો તે રીતે (વરદાનની મુદ્રામાં) હાથ રાખીને બેસો.'

'એવું તો હું કરતો નથી.' સ્વામીશ્રી બોલ્યા.

સદાય વંદનની મુદ્રામાં રહેવા ટેવાયેલા તેઓને વરદાનની મુદ્રા માફક ન આવી.

આ શું આવ્યા પોતે ભગવન!

સમગ્ર સત્સંગમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓના અહેવાલો સ્વામીશ્રી પર નિરંતર આવતા રહેતા. તેનું શ્રવણ તેઓ ભ્રમણ કે ભોજન દરમ્યાન કરે. સાંભળ્યા બાદ વૃત્તાંત મોકલનારા પર તેઓનો પ્રતિભાવ-પત્ર પણ અવશ્ય પહોંચે. તેમાં તેઓએ ખૂબીને વખાણી હોય, ખામીને સુધારી હોય, પ્રવૃત્તિમાં સંકળાયેલાં સૌનાં નામોનો ઉલ્લેખ કરી આશીર્વાદ વરસાવ્યા હોય. આ રીતે, સૌ સાથે તેઓ અને તેઓ સાથે સૌ સંકળાયેલા રહેતા.

આ ક્રમમાં મુંબઈના બાળ સંચાલકોએ તાજેતરમાં તૈયાર કરેલો સંશોધનાત્મક નિબંધોનો સંગ્રહ સ્વામીશ્રીને મોકલવામાં આવેલો. તા. ૧૨/૯ની બપોરે થઈ રહેલા તેના પઠનમાં અમેરિકન રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકને પોતાના પુત્રને ભણાવનારા શિક્ષક પર લખેલા જગપ્રસિદ્ધ પત્રનો ઉલ્લેખ આવ્યો. વિશ્વના પ્રત્યેક સુજ્ઞ જનને ખબર હશે કે આ પત્રમાં શ્રી લિંકને આદર્શ માનવના ઘડતર સંબંધી તમામ મુદ્દાઓ આવરી લીધા છે.

પરંતુ તે વંચાયા બાદ સ્વામીશ્રીને પૂછવામાં આવ્યું કે 'આમાં આપની દૃષ્ટિએ શું બાકી રહી ગયું છે?'

'ભક્ત બને – એવું ન લખ્યું! આમાં શ્રદ્ધા વધે – એવું ન લખ્યું!' ખૂટતી કડી જોડી આપતાં સ્વામીશ્રી બોલ્યા.

નિષ્ણાતોની ઝીણી-ચોજાળી બુદ્ધિમાંથી પણ જે છટકી ગયું હોય તેને

તેઓ ક્ષણાર્ધમાં પકડી પાડતા. તે જોઈ –

'પૂછે પ્રશ્ન કોઈ પોતા પાસ, ત્યારે બહુ રીત્યે કરે સમાસ;

*ત્યારે સંશય કરે એમ મન, આ શું આવ્યા પોતે ભગવન...'*નો અનુભવ સૌને સ્વામીશ્રી વિષે થઈ રહેતો.

જનની દોષ ન લેખે જાણે

લંડન ખાતેનું રોકાણ હવે પૂર્ણતાના આરે હોવાથી મંદિર-નિર્માણ સંબંધી ગતિવિધિઓ પુરજોશમાં કરી રહેલા સ્વામીશ્રી રોજ અવનવી રીતે સૌને સેવાની પ્રેરણાઓ આપ્યે જતા. આ ક્રમમાં તા. ૧૨/૯ની સાયંસભા દરમ્યાન પત્રો વાંચી રહેલા તેઓની બાજુમાં બેસી કથા કરતા વિવેકસાગરદાસ સ્વામી જ્યારે બોલ્યા કે ''સ્વામી સ્વપ્નમાં આવીને કોઈને કહે કે 'સેવા આપી દેજો', તો તે તરત આપી દે. એટલે હવે સ્વામી! આપ બધાને સ્વપ્નમાં કહી દેજો તો બધા સેવા આપી જશે.''

'રાતે દર્શન દઈને કહીએ તો એનેય ઉજાગરો ને મારેય ઉજાગરો. એના કરતાં અત્યારે કહે છે તે આપી દેવું.'

પત્રવાંચન અટકાવીને સ્વામીશ્રીએ પૂરેલી આ ત્વરિત ટાપશીથી સભામાં હાસ્યનું મોજું ઊછળી આવ્યું. તેની સાથે સેવાનો સંદેશો પણ ચોમેર ફરી વળ્યો.

તેને ઝીલતાં શ્રી મોહનભાઈ (કોલોરોમા) તથા શ્રી મગનભાઈ (યુરોપા) પરિવારના સભ્યો આજની રાત્રે આવી પહોંચ્યા. આ બંને કુટુંબોની સેવા ઘણી. છતાં આજે વિશેષ સમર્પણ કરી તેઓએ સ્વામીશ્રીને વિનંતી ઉચ્ચારી કે 'બાપા! આપને અમારે રોલ્સ રોયસ ગાડી ભેટ આપવી છે.'

'એ વાત જ નહીં. એવો સંકલ્પ ન કરશો.'

આ શબ્દો સાથે સુવિધાનો પ્રસ્તાવ ફગાવનારા સ્વામીશ્રીએ તા. ૧૩/૯ની રાત્રે જે કાર્યકરને મંદિરમાં બોલાવેલા તેઓ અસંતોષથી ધૂંધવાતા હતા. પ્રવૃત્તિના પેચમાં આવી ગયેલા તેઓએ મંદિરે આવવાનું બંધ કરી દીધેલું.

તેઓને આજે સામેથી બોલાવી સ્વામીશ્રી પ્રેમપૂર્વક કહેવા લાગ્યા: 'સત્સંગનાં શાસ્ત્રોનું વાંચન નથી એટલે તમે ખોટા મમતે ચડી ગયા છો. તમે કહો છો કે 'સમજાશે ત્યારે મંદિરે આવીશ', પણ બહાર રહ્યે કાંઈ સમજાશે? તમારો સત્સંગ સારો રહે ને સુખિયા થાઓ તે અમારી ઇચ્છા છે.

ભગવાનના ભક્ત થયા તેને આંટી જોઈએ જ નહીં !'

સ્વામીશ્રીએ આમ એકધારું સ્નેહજળ વરસાવ્યું છતાં તે કાર્યકર કોરાધાકોર જ રહ્યા હોય તેમ બોલ્યા : 'ના, મારે મંદિરે નથી આવવું. મારે એમનાં મોઢાં જોવાં જ નથી.'

મમતની મડાગાંઠ વણખૂલી જ રહી. છતાંયે સ્વામીશ્રી લેશ અકળાયા વિના કંઈક કહેવા ગયા ત્યારે વળી એ કાર્યકરે કહ્યું : 'બાપા ! મારે આપની સાથે વાંધો નથી. આપનામાં હેત છે એટલે તો અત્યારે આવ્યો...'

'તમે આવ્યા એટલો તમારો ઉપકાર, પણ મંદિરે નથી આવતા તે જ અમને દુઃખે છે. તમે સમજો, થોડું ઝેર ચડ્યું તે વધશે. અત્યારે બે-ચારનો અભાવ આવ્યો છે, તેમાંથી સત્પુરુષનો અભાવ આવશે. 'બધા ખોટા છે, કોઈ માનતા નથી' એમ કહેવાનો વારો આવશે. તમારો સત્સંગેય નહીં રહે અને બધું જશે.'

અવળે પાટે દોડતી ગાડીને થોભાવવા સ્વામીશ્રીએ એકસાથે ઘણી લાલ બત્તીઓ ધરી દીધી. અંતે તેઓ બોલ્યા : 'અમારી વાત સારી લાગતી હોય તો વિચાર કરજો, નહીં તો કશું નહીં. હાથ-પગ બાંધીને કંઈ થોડું કહેવાય છે !'

સ્વામીશ્રીના અંતરમાં દુરાગ્રહ નહીં, પણ દયા છે – તે સૌને સમજાયું, પરંતુ પેલા કાર્યકરને નહીં. તેથી તેઓ ગુસ્સામાં ઊભા થઈ જવા ગયા ત્યારે અન્ય ભક્તો તેઓને રોકવા લાગ્યા. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'વેગ ધીરો પડશે ત્યારે આવશે. અત્યારે જવા દો.'

અને ખરેખર, બન્યું પણ એમ જ ! સ્વામીશ્રીની સ્નેહસભર સમજાવટના શબ્દો શારડી જેવા પુરવાર થતાં પેલા કાર્યકરનું કાળજું કપાયું. તેમાંથી ફૂટી નીકળેલા પશ્ચાત્તાપના ઝરણામાં અવગુણની ગાંઠો ઓગળી જતાં તેઓ બે જ દિવસમાં મંદિરે નિયમિત આવતા થઈ ગયા.

*'જનની દોષ ન લેખે જાણે...'*ની જેમ એક-એકને સત્સંગમાં જાળવી લેવા સ્વામીશ્રી કેટલી હદ સુધી પોતાના માન-મોભા મૂકીને દયા દાખવતા તે દર્શાવતો આ પ્રસંગ સૌનાં હૈયે જડાઈ ગયો.

અમે જવાના જ નથી

તા. ૧૩/૯ની રાત્રે પોઢતાં પૂર્વે મંદિરનું મેઈન્ટેનન્સ સંભાળતા યુવકો સાથે બેઠેલા સ્વામીશ્રીએ કામકાજની વાત પૂરી થતાં કલ્યાણની વાત ઉપાડી.

તે સાંભળી કાર્યકરોએ પ્રાર્થના કરી કે 'બાપા ! અમને છોડતા નહીં.'

'અમે તો છોડતા નથી, પણ તમે છોડીને જતા રહો છો ! ભગવાન અને સંતને આપણને મૂકવા નથી, પણ આપણે મૂકી દઈએ છીએ.'

આટલી વાસ્તવિકતા સંભળાવી જાણપણારૂપ દરવાજાની દિશા દેખાડતાં સ્વામીશ્રી બોલવા જ માંડ્યા :

'કથા જરૂરની વસ્તુ છે. આ શબ્દો નહીં બેસે તો દેહાભિમાન લાગી જશે. સત્સંગ જતો રહેશે. સેવાથી સ્વભાવ વધે ને કથા-વાર્તાથી સ્વભાવ ટળે. માટે અઠવાડિયે સભા રાખી છે તેમાં બધાએ બેસી જવું. તે ઘડીએ મેન્ટેનન્સનો વિચાર ન કરવો. આપણે વાંચન પણ જોઈએ. આમાંથી ઘણાં વચનામૃત વાંચતાં નહીં હોય. એક-એક પાનું વાંચે તો ઘણું થઈ જાય.'

સ્વામીશ્રીને સંતુલિત સંત અને સત્સંગી ગમતા. તેથી સેવા તથા કથાનાં બેય પલ્લાં સમતોલ રાખવાનું શીખવતા તેઓએ તા. ૧૫/૯ની સાયંસભામાં જળઝીલણી એકાદશીનો ઉત્સવ ધામધૂમથી ઊજવ્યો.

તેના પગલે-પગલે આવેલી તા. ૧૬/૯ની રાત્રે કાર્યવાહક સમિતિની બેઠક ગોઠવવાની સૂચના સ્વામીશ્રીએ આપતાં સંતો વિમાસણમાં પડ્યા કે 'આજની રાત્રે વિદાય-સભા અને હજારોને વ્યક્તિગત દર્શન આપવાના કાર્યક્રમો હોવાથી આ મીટિંગનો મેળ કેવી રીતે પડશે ?'

તેઓએ આ હકીકત જણાવી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આ તો સ્વાગત-સભા છે. એમાં શું બોલવાનું ? ખાલી હાર જ પહેરવાના છે. બહુ બોલવાનું હોય નહીં, એટલે જમ્યા પછી મીટિંગ ગોઠવી દઈએ.'

'આજે વિદાય-સભા છે, કાલે અહીંથી પ્રસ્થાન કરવાનું છે' વગેરે વિગતોથી તદ્દન અલિપ્ત સ્વામીશ્રીને, સ્વાગત-વિદાયનું કોઈ અનુસંધાન જ રહ્યું નહોતું ! તેઓ જ્યાં જાય ત્યાં શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થઈને સેવામાં ડૂબી જતા હશે ને !!

આ રીતે આજની સાયંસભામાં વ્યક્તિગત દર્શન આપવા બિરાજેલા સ્વામીશ્રી કો'કને દૃષ્ટિ દ્વારા મળી, કો'કને છેલ્લી ભલામણ કરી, કો'કને ધબ્બો મારી અમૃતલહાણ કરતા હતા ત્યારે કોલોરોમા પરિવારના શ્રી હરીશભાઈ પટેલે કહ્યું : 'બાપા ! આપ ક્યારે આવ્યા અને ક્યારે જવાના, એ ખબર જ ન પડી !'

'કોણે કહ્યું જવાના ? અમે જવાના જ નથી. અમે તો રોકાવા જ આવ્યા

છીએ.' સ્વામીશ્રી બોલ્યા.

'પણ આ વિદાયની વાત થઈ ને!'

'એ તો આ લોકો જવાની વાત કરે છે. અમે તો જતા જ નથી.' પોતાનું અખંડ પ્રાગટ્ય જણાવતાં સ્વામીશ્રી બોલ્યા.

'સહુના ધર્મ રખાવા, તમે રહો આવાના આવા...' એ તેઓને અદલ લાગુ પડતી વાત!

ગુરુની નિશાળના વિદ્યાર્થી

સ્વામીશ્રીના આદેશ અનુસાર તા. ૧૬/૯ની રાત્રે યોજાયેલી કાર્યવાહક સમિતિની બેઠકમાં, ઠાકોરજીની સેવા કઈ રીતે વધુ આવે તે સંબંધી મુદ્દો ચર્ચાવા માંડેલો. તે માટે સૌને યજ્ઞના યજમાન અને સોવેનિયરના સૌજન્યદાતા નોંધવાની કાર્યવાહી કરવાનો વિચાર આવ્યો. પરંતુ તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'અત્યારે સૌને મળીને લખાવેલી સેવામાંથી જે બાકી સેવા છે તે લઈ લો. યજ્ઞ અને સોવેનિયરની સેવા તો બધા કરવાના છે. એ સેવા અત્યારે લઈશું તો પેલી રહી જશે.'

આટલું સોનેરી સૂચન મૂક્યા બાદ તેઓએ જણાવ્યું: 'આ તો મારા ધારવા મુજબ મને જે વિચાર આવ્યો તે કહ્યો, પણ તમને બધાને જેમ ઇચ્છા આવે તેમ. આ તો મારી દૃષ્ટિએ મેં કહ્યું.'

સ્વામીશ્રી બુદ્ધિથી સૂચન કરતા અને હૃદયથી મહિમા સમજતા. તેથી તેઓની સલાહ ટકોરાબંધ અને સલાહ આપવાની રીત નમ્રતાસભર રહેતી.

તે જોઈ આ મીટિંગમાં બેઠેલા શ્રી મહેશભાઈ પટેલ જેવા કંઈક નિષ્ણાત વ્યાવસાયિક ભક્તો ખુશ થઈ ગયા. તેઓએ પૂછ્યું: 'બાપા! આપ કઈ સ્કૂલમાં આ ભણવા ગયા હતા? આવો ખ્યાલ તો અમને પણ આવ્યો નહોતો!'

'શાસ્ત્રીજી મહારાજની, યોગીજી મહારાજની નિશાળ બહુ મોટી હતી. તે નિશાળ કામ કરે. તેમાં ભણતર થયેલું, તે બધું (કામ) થાય છે.' સ્વામીશ્રી કેફથી બોલ્યા.

શ્રેષ્ઠ સૂચવવું છતાં ન્યૂન રહેવું – તેઓની આ શૈલી. તે 'મંદિર મહોત્સવની જય' બોલાવવાનો વિમર્શ શરૂ થયો ત્યારે પણ ઝળકી ઊઠી.

જયનાદ બાબતે કેટલાકનું મંતવ્ય હતું કે 'રોજ સ્વામીશ્રીના અમૃત મહોત્સવની જય ઝિલાવ્યા બાદ મંદિર મહોત્સવની જયનો ઉદ્‌ઘોષ કરવો.'

પરંતુ 'પ્રતિષ્ઠા મહોત્સવનું પહેલું કરો ને!' કહેતાં સ્વામીશ્રીએ જ અમૃત મહોત્સવની વાત ઉડાવી દીધી. તેઓ બોલ્યા: 'આ દેશમાં તો પહેલું મંદિરનું રાખો ને પછી અમૃત(મહોત્સવ)નું તો થશે. લોકોને ખબર પડે ને કે 'પહેલું આ કરવાનું છે.'

આમ કહી સ્વામીશ્રીએ યુક્તિપૂર્વક પોતાના ઉત્સવને છેલ્લે ખસેડી દીધો !

તર્ક કામ ન કરે

તા. ૧૬/૯ની રાત્રે કાર્યવાહક સમિતિની બેઠક પૂર્ણ કરી આરામમાં જવા ઊભા થયેલા સ્વામીશ્રીને આઇ. પી. પટેલે કહ્યું: 'બાપા ! પ્રતિષ્ઠા વખતે મહિનો વહેલા આવજો.'

'મને ફ્રી રાખો. મને બંધનમાં બહુ નથી ફાવતું.'

તાત્ત્વિક અને તાત્કાલિક જવાબ આપતાં સ્વામીશ્રી બોલ્યા.

આવી જ પ્રેરક વાત કરતાં, તેઓએ તા. ૧૭/૯ની સવારે પોતાના ઓરડામાં એકઠા થયેલા યુવકોને કહ્યું:

'આધ્યાત્મિક બાબતમાં તર્કની જરૂર જ નથી. તેમાં વિશ્વાસ અને શ્રદ્ધા, બેની જ જરૂર છે. અર્જુનને ભગવાને સમજાવ્યું, પણ બહુ પ્રશ્નો કર્યા ત્યારે ભગવાન કહે, 'સર્વધર્માન્ પરિત્યજ્ય...' પછી તેણે મૂકી દીધું. ભગવાનને પહોંચવા તર્ક કામ નહીં કરે. શ્રદ્ધાનો વિષય છે. ભગવાનનાં ચરિત્રમાં, કાર્યમાં શંકા ન થવી જોઈએ. એકલવ્યે માટીનું પૂતળું બનાવ્યું તોય અર્જુન કરતાં વધારે સારો બાણાવળી થઈ ગયો. દ્રોણે બોલાવ્યો અને કહે, 'તું મારો શિષ્ય છે. ગુરુદક્ષિણા આપ. તારો અંગૂઠો આપી દે.' તેણે સવાલ ન કર્યો. શ્રદ્ધાનું કામ છે. 'ભગવાનમાં શું હશે? કેમ હશે?' તે તર્ક ન કરવાં. કલ્યાણકારી છે જ! શ્રદ્ધા અને વિશ્વાસ રાખવાનાં. તર્ક કામ ન કરે. ભીમે લોટો ઊંધો વાળ્યો તેમાં અર્જુનને શિવલિંગ દેખાયું. આ વસ્તુ શ્રદ્ધાની છે. અત્યારે બુદ્ધિવાદ છે પણ બુદ્ધિ કામ નહીં કરે. ભગવાન અને સંતમાં વિશ્વાસ રાખી કરીએ તો વાંધો ન આવે.'

આ શબ્દો દ્વારા સૌની શ્રદ્ધાને સંકોરતા સ્વામીશ્રી વિદાય લેવા તૈયાર થયા. તેઓ અહીં લંડનમાં પધાર્યા ત્યારે નિર્માણાધીન મંદિરના રંગમંડપનો ભાગ તૈયાર થયેલો. ૭૨ દિવસના તેઓના મુકામ બાદ આજે મંદિરનાં શિખર અને ઘુમ્મટ જ બાકી રહેલાં.

પોતાના સાંનિધ્યથી આ મંદિર અને કંઈક ચૈતન્ય-મંદિરોને કંડારી

સ્વામીશ્રી નીકળ્યા ત્યારે લંડન સ્તબ્ધ હતું અને નૈરોબી થનગનતું હતું.

ભજન-કીર્તન કરવું તેનાથી શું વિશેષ છે ?

લંડનથી નૈરોબી જવા વિમાનમાં બિરાજી ગયેલા સ્વામીશ્રીનું પ્લેન કંઈક કારણસર પાંચ મિનિટ મોડું પડતાં તેને ગમનમાર્ગ પરથી ઉડાન ભરવા માટે અપાયેલો સમય ચુકાઈ ગયો. તે કારણે ઉડ્ડયન એક કલાક ઠેલાઈ ગયું. આ વિલંબ દરમ્યાન એક સામયિકના દિવાળી અંકમાં છાપવા અંગેની વિગત બાબતે નારાયણમુનિદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'વર્તમાનકાળે ભારતની કઈ બે સમસ્યા છે ? તેના ઉકેલ માટે સામાન્ય જનનો શો ફાળો હોઈ શકે ?'

આ પ્રશ્ન સામયિક દ્વારા જ મોકલવામાં આવેલો. તેનો સ્વામીશ્રી જે ઉત્તર આપે તે તંત્રીને પહોંચાડવાનો હતો. પરંતુ સ્વામીશ્રી કેવળ વાતો કરવામાં ન માને. તેઓનું લક્ષ્ય વર્તન. તેથી પ્રશ્ન પુછાતાં જ તેઓ બોલવા લાગ્યા : 'સમસ્યાઓ છે જ ! લખવાથી કંઈ થાય છે ? ઘણી લખી તોય ઊભી જ છે. આત્મદૃષ્ટિએ ભજન કરવાની વાત છે. આ દુનિયામાં ભજન-કીર્તન કરવું તેનાથી શું વિશેષ છે ?'

સ્વામીશ્રી પોતાનો આ અભિપ્રાય જણાવી રહ્યા ત્યારે પેલા સંતે પૂછ્યું : 'અમારે સાધુને કઈ સમસ્યા છે ?'

'સાધુને સમસ્યા મનનું કારણ છે.' સ્વામીશ્રી તરત બોલ્યા. પછી આ વિધાનનો વિસ્તાર કરતાં કહ્યું : 'મનનું કહ્યું માને એટલે દુઃખી થાય. કથા-વાર્તાનું અનુસંધાન રાખે તો વાંધો ન આવે. અણી ચૂક્યો સો વરસ જીવે. બે-પાંચ વરસ જુવાનીમાં સહનશીલ થાય, ધીરજ રાખે, તો ભવિષ્યમાં વાંધો ન આવે. સાધુનો માર્ગ ઉત્તમ માર્ગ, પણ અહીં આવી જાણપણું ચુકાઈ જાય, સંગદોષ થાય, મોજશોખ કરવા લાગે, ખાવાની દૃષ્ટિ થઈ જાય, બાહ્યદૃષ્ટિ થઈ જાય. જો એ કર્યું એટલે ચૂક્યો.'

સ્વામીશ્રી પ્રત્યેક સમસ્યાનાં નિદાન અને નિરાકરણ – બંને આપતા. જો તે અનુસાર વર્તાય તો સાધુ કે સંસારી – કોઈ દુઃખી થાય તેમ નથી.

દાસ તો રહેવા દો

સરતચૂકને કારણે ઉડ્ડયનમાં થયેલો પાંચ મિનિટનો વિલંબ અંતે એક

કલાક અને પચીસ મિનિટનો ભોગ લઈને રહેતાં, પોણા અગિયાર વાગ્યે ઉડનારું સ્વામીશ્રીનું વિમાન ૧૨:૧૦ વાગ્યે ઊપડ્યું. તેની થોડી ક્ષણો બાદ, નવા દેશમાં પ્રવેશનારા યાત્રીએ ભરવાનું ઈમિગ્રેશન ફૉર્મ સ્વામીશ્રીને આપવામાં આવ્યું. તેમાં તેઓએ પાસપોર્ટની સહી મુજબ કેવળ 'નારાયણસ્વરૂપ' જ લખવાનું હતું. તે સૂચના આપતાં સંતોએ કહ્યું: 'સ્વામી! શાસ્ત્રી ન લખતા.'

'કેમ ન લખું? તેમાં મારી કિંમત ઘટી જાય છે. મને ઉપાધિ મળેલી છે.' આમ કહી સ્વામીશ્રીએ રમૂજનો રાગ છેડી દેતાં સૌ હસી પડ્યા. સ્વામીશ્રીએ પણ હસતાં-હસતાં 'નારાયણસ્વરૂપદાસ' લખ્યું.

તે જોઈ સંતોએ કહ્યું: 'દાસ નહોતું લખવાનું.'

"દાસ તો રહેવા દો. (શાસ્ત્રીની) એક (ડિગ્રી) તો ગઈ. શાસ્ત્રીજી મહારાજે માંડ આપેલી ને આ લોકો લઈ લે છે. કહે કે 'શાસ્ત્રી ન લખશો.''

આમ બોલતાં ગમતીલા સ્વામીશ્રી સંતોના સખા બની રહ્યા અને તેઓના સંગે આનંદના આકાશમાં વિહરતા સૌ રાત્રે સવા દસ વાગ્યે નૈરોબી આવી પહોંચ્યા.

વાતવાતમાં બ્રહ્મરૂપ કરી દે એવા સત્પુરુષ

નૈરોબીમાં સ્વામીશ્રીનું રોકાણ ટૂંક સમય માટે હોવાથી હરિભક્તોમાં લાભ લેવાની તીવ્રતા અનેકગણી વધી ગયેલી. તે જોઈ સ્વામીશ્રી પણ સમયે-સમયે લાભના લાડવા પીરસતા રહેતા. તેમાં ક્યારેક જ્ઞાનામૃત ભેળવતા તો ક્યારેક ચરિત્રામૃત. ગમ્મતનો ગોળ તો કાયમ.

આ ક્રમમાં તા. ૧૮/૯ના રોજ દેશમાં થયેલા કૂવા રિચાર્જના અભિયાનની વાતો નીકળી ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'કૂવા રિચાર્જ થાય તો પાણીના ફુવારા છૂટે. આપણે રિચાર્જ થઈએ તો આનંદના ફુવારા છૂટે. જ્ઞાન, કથા-વાર્તા, ભજન કર્યા કરીને આત્માને રિચાર્જ કરવો પડે.'

આ જ રીતે તા. ૧૯/૯ની સાયંસભામાં પણ ગીરના સેવનથી અશક્ત થઈ ગયેલા ભાઈ કૂતરું ન હાંકી શક્યા તે દૃષ્ટાંત આબેહૂબ વર્ણવીને સ્વામીશ્રી બોલ્યા: 'વાતવાતમાં બ્રહ્મરૂપ કરી દે એવા સત્પુરુષ છે. આટલી ઉદાર ભાવના ગુણાતીત સંત વિના બીજા કોઈને નથી. તેવા સંત આપણને મળ્યા તે અખંડ કેફ રાખવો જોઈએ.'

આ કેફમાં ગુલતાન કેટલાક યુવકો તા. ૨૧/૯ની સવારે સ્વામીશ્રી

પોઢે ત્યારે પગચંપીનો લાભ લેવા ઓરડાની બહાર બારણું ખૂલવાની રાહ જોઈ રહેલા. પરંતુ મીટિંગોનો દોર લંબાતાં સ્વામીશ્રીને સીધું સૂવાનું જ થયું. તેથી યુવકોએ વસવસો વ્યક્ત કર્યો કે 'બાપા! અમે બધા પગ દબાવવાનો લાભ લેવા બેઠા હતા, પણ...'

'દર્શન કરો તે પગચંપી.' લાભની રીત સમજાવતાં સ્વામીશ્રી બોલ્યા.

ઝાઝું કરવું અને સારું કરવું

તા. ૨૩/૯ની સવારે અલ્પાહાર બાદ ચાલી રહેલી મુલાકાતોમાં એક હરિભક્તે, પોતાનો હાથ પકડીને ફોટો પડાવવા કરેલી વિનંતી સ્વામીશ્રીએ પૂરી કરતાં તે ભક્તે કહ્યું: 'બાપા! આમ ને આમ હાથ પકડી રાખજો.'

'દાદાના વખતથી પકડ્યો છે. જો, તું પ્રકાશ. તારા બાપા નવનીતભાઈ, નવનીતભાઈ પુરુષોત્તમભાઈના. પુરુષોત્તમ પ્રહ્લાદસિંહ, પ્રહ્લાદસિંહ હિંમત-સિંહ, હિંમતસિંહ હરિસિંહ. તેમનું નામ ભક્તચિંતામણિમાં આવે છે. ત્યારથી હાથ પકડી રાખ્યો છે. હવે તું પકડેલો રાખીશ તેટલો પકડેલો રહેશે!'

સ્વામીશ્રીના મુખેથી સડસડાટ વહેલી આ વંશાવલિ સાંભળી પેલા ભક્ત તો રોમાંચિત થઈ ઊઠ્યા.

સ્વામીશ્રીની આવી અગાધ આત્મીયતાના સરોવરમાં હિલોળવા તા. ૨૪/૯થી આરંભાયેલી દ્વિદિવસીય શિબિરમાં કેન્યા ઉપરાંત યુગાન્ડા અને ટાન્ઝાનિયાના હરિભક્તો પણ દોડી આવ્યા. આ શિબિરાર્થીઓ દ્વારા સ્વામીશ્રીના ભોજન દરમ્યાન અપાતા સત્સંગ પ્રવૃત્તિના અહેવાલમાંથી ક્યારેક પ્રાસંગિક વાતોનાં ઝરણાં ફૂટી નીકળતાં.

તે મુજબ તા. ૨૫/૯ની બપોરે સ્વામીશ્રી જમી રહેલા ત્યારે હર્ષદભાઈ રાણાએ પૂછ્યું: 'બાપા! આપને પ્રમુખ બનાવ્યા ત્યારે એમ થયું કે હવે કંઈક છીએ?'

''પોરહ નો'તો ચડી ગયો કે 'આપણે હવે બરાબર આવી ગયું! હવે વટમાં ફરીશું ને બંગલા કરીશું.' એવો વિચાર નો'તો આવ્યો.''

'વધારે સેવા થાય તેવો વિચાર આવ્યો'તો?'

'હા, વધારે સેવા થાય, સારી સેવા થાય.' સ્વામીશ્રીએ જણાવ્યું.

ઝાઝું કરવું અને સારું કરવું – આ બહુજનદુર્લભ સમન્વય તેઓને પ્રથમથી જ સહજસિદ્ધ!

પરહિત બસત જિનકે મનમાંહી

સ્વામીશ્રીની સાંપ્રત વિદેશયાત્રા દરમ્યાન બે કુદરતી આફતોમાં સપડાયેલા ગુજરાતમાં પ્રથમ વિપત્તિરૂપે આભ ફાટતાં નર્મદા, તાપી, વાત્રક, શેઢી જેવી નદીઓ છલકાઈ ગયેલી. તેથી કેટલાય વિસ્તારોમાં પ્રલયંકારી પૂર ફરી વળેલાં. ભુજમાં તો એક જ દિવસમાં ૧૮ ઇંચ વરસાદ ખાબકતાં કેટલાક વિસ્તારો ૭-૭ ફૂટ પાણીમાં ડૂબી ગયેલા. આ કપરા કાળમાં સ્વામીશ્રીએ લંડનમાં રહ્યા થકા અમદાવાદ, બોચાસણ, કપડવંજ, સાંકરી, સુરત, ભાદરાના સંતો-સ્વયંસેવકોને સેવામાં સાબદા કરી દીધેલા. તે મુજબ પૂરપીડિતોનાં આવાસ, નિવાસ અને ભોજન વગેરેની વ્યવસ્થાઓ થવા માંડેલી.

પરંતુ પૂરની પરિસ્થિતિ માંડ થાળે પડી ત્યાં જ સુરતમાં રોગચાળાના અટકચાળાએ માઝા મૂકેલી. ઊતરતા ઑગસ્ટે અહીં ઊતરી પડેલી પ્લેગની મહામારીમાં પ્રથમ સાધારણ તાવ આવે. થોડી વારમાં તે તાપમાન વધે. છાતીમાં દુઃખે. ઉધરસ ચડે. કફમાં લોહી ટપકે. તેથી દર્દી દવાખાને જાય ને ત્યાંથી જ નનામી નીકળે. પાંચ-છ કલાકમાં તો આટલો ક્રમ આટોપાઈ જાય.

આ ઉપદ્રવ અફવાઓનાં આંધણ પણ ઉફાણે લઈ આવેલો. તેમાં એક વાયકા તો એવી ઊપડેલી કે 'દુશ્મન દેશે મહાનગરપાલિકાના પાણી-પુરવઠામાં ઝેર ભેળવી દીધું છે. કોઈ પાણી પીતા નહીં.'

'વા વાયો ને નળિયું ખસ્યું' જેવી આવી વાતોએ એવો હાઉ ઊભો કરી દીધેલો કે દસ લાખની વસ્તી શહેરમાંથી હિજરત કરી ગઈ. તેમાં હજારેક ડૉક્ટરોય ભાગ્યા. તેથી સારવારના સમયે જ હૉસ્પિટલો રેઢી પડતાં દર્દીઓ રઝળી પડ્યા.

આવી કટોકટીમાં રાહતકાર્ય કરવા અંગે સ્વામીશ્રીનો આદેશ નૈરોબીથી નીકળ્યો કે 'બધું વ્યવસ્થિત આયોજન કરી જ્યાં જરૂર હોય ત્યાં લોકોને સમયસર રાહત મળી જાય તેમ કરજો.'

આ આજ્ઞામાં ઝંપલાવી સુરતની શેરીઓમાં નીકળી પડેલા સંતો-સ્વયંસેવકો એક હાથમાં મોતને રાખી બીજે હાથે ફળફળાદિ, ચા, બિસ્કિટ વગેરે સાથે હજારોની સંખ્યામાં દવાની ગોળીઓ પણ વહેંચતા ગયા. ભાગી ગયેલાં સ્વજનોની ગેરહાજરીમાં હૉસ્પિટલના બિછાને કણસતા કંઈક બિનવારસી દર્દીઓની સેવા, વગર પિછાણે સંસ્થાના આ સ્વયંસેવકોએ કરી

ત્યારે સૌ સ્વામીશ્રીને વંદી રહ્યા. એક બિરાદર શ્રી હનીફભાઈ તો રડી પડતાં બોલી ઊઠ્યા : 'અમારા સંબંધી આવ્યા નહીં. અમારા ધાર્મિક ટ્રસ્ટો કશું કરતા નથી અને આખા શહેરની સેવાભાવી સંસ્થાઓમાંથી કોઈ સિવિલ હૉસ્પિટલમાં ફરક્યું નથી. ફક્ત પ્રમુખસ્વામીના સંતો, યુવકો આવે છે ને ખબર રાખે છે.'

નિકટ રહેનારા જે હિત ન કરે તે સ્વામીશ્રી દૂર રહીને પણ કરી દેતા.

સાદાઈથી થાય તે સારું

તા. ૨૫/૯ની સાંજે રોગચાળાગ્રસ્ત સુરતના રાહતકાર્ય અંગે મુંબઈના કોઠારી સ્વામીને જોડેલા ફોનમાં સેવાકીય સૂચનાઓ આપ્યા બાદ સ્વામીશ્રી બોલવા લાગ્યા : 'બીજું ખાસ કહેવાનું છે કે આ વખતે અમે આવીએ છીએ તો સ્વાગત માટે કોઈ ધમાલ ન કરતા. સાદાઈથી જ રાખવાનું છે. ઍરપોર્ટ પર કોઈ ન આવે.'

'પણ બાપા ! મંદિર નાનું પડે એટલે શિવાજી સ્કૂલમાં સભા રાખી છે. અહીં આપના યોગમાં આવેલા મોટા માણસોને બોલાવ્યા છે.'

'કોઈ મોટાની જરૂર નથી. એવો મોભો કરવો નથી.' મોભાનું માથું કાપતાં આટલું કહી સ્વામીશ્રી બોલ્યા : 'સાદાઈથી થાય તે સારું. ખોટા ખર્ચા કરશો નહીં. પરદેશનું ક્યાં નવાઈ છે ? છાશવારે જવા-આવવાનું થાય છે. કોઠારી છો એટલે જવાબદાર તરીકે તમને કહું છું કે લોકો ગમે તેટલા પ્રેમ કરે, પણ તમે ધ્યાન રાખજો. તમે બધાને 'ના' પાડી દેજો. સાદાઈથી જ થવું જોઈએ.'

સન્માનને સ્વામીશ્રી વિષ કે વિષ્ટાથીયે બદતર સમજતા હશે, તો જ તેનું આવું હડહડતું અપમાન થઈ શકે ને !

આ રીતે સન્માનને જાકારો દઈ સભામાં પધારેલા સ્વામીશ્રીએ આજે અહીં ૨૨ મિનિટમાં ૨૫ પત્રો વાંચી તેના પ્રત્યુત્તર પણ પાઠવી દીધા !

દીનબંધુ તણી દીઠી દયા

તા. ૨૫/૯ની રાત્રે સ્વામીશ્રીને મળવા આવેલા મોમ્બાસાવાસી શ્રી ઈશા, રશીદ, અલી, અબ્દુલ્લા અને ઓમારી મિસ્ત્રીકામ કરી ગુજારો કરનારા હતા. હરિભક્ત શ્રી કનુભાઈના યોગે વ્યસનમુક્ત અને શાકાહારી જીવન જીવતા થયેલા તેઓના દિનમાન પણ મંદિરની સેવા કરવાથી સુધરેલા.

તેથી જ તેઓ આજે અમૃત મહોત્સવની સેવા માટે પોતાની સાથે ૨૫,૦૦૦ શિલિંગ લેતા આવેલા.

આ આફ્રિકનોને સ્વામીશ્રી ઘડીભર તો જોઈ જ રહ્યા. પછી બોલ્યા: ‘તમારો પ્રેમ છે તે બહુ છે. મંદિરની સેવા કરો. લાભેય થશે અને સુખી થશો.’

‘ના, સ્વામી! મંદિરની સેવાથી જ અમે આગળ આવ્યા છીએ, નહીં તો રસ્તા પર રખડતા હોત!’ આમ કહી પેલા બિરાદરો સેવા સ્વીકારવા આજીજી કરતા રહ્યા.

તે વખતે તેઓને અતિ સાધારણ રકમ નોંધાવવાનું જણાવી સ્વામીશ્રીએ કહ્યું: ‘તમે આ કર્યું તે બહુ મોટી સેવા છે.’

જેમ ફૂલને ઈજા ન પહોંચે તેમ પતંગિયું મકરંદને ગ્રહણ કરે છે. એ જ રીતે કોઈને શોષાવું ન પડે એવી સ્વામીશ્રીની શૈલી.

તેઓની આવી સહૃદયતાએ તા. ૨૬/૯ના રોજ ભરૂચના શ્રી નવીનભાઈ પટેલનેય ભીંજવી દીધા.

સ્વામીશ્રીનો લાભ લેવા અહીં આવેલા આ ભક્તને ડાયાબીટીસની તકલીફને કારણે પગમાં થયેલું ગૂમડું વકરેલું. સ્વામીશ્રીને આ જાણ થતાં તેઓએ વિમાનથી વ્હીલચૅર સુધીની સઘળી વ્યવસ્થા તાબડતોબ ઊભી કરી આ સત્સંગીને આજે ને આજે ભારત મોકલી આપ્યા. દેશમાં પહોંચતાં જ તેઓની સારવાર શરૂ થઈ જાય તે માટે સંતો અને સર્જનોને પણ ભારતમાં સાબદા કરી દીધા. દેશ-પરદેશનાં બેય ઍરપોર્ટ પર લેવા-મૂકવા આવનારા સંગાથનુંયે આયોજન ગોઠવી દીધું.

ત્યારબાદ તા. ૨૭/૯ની સવારે માતાજીના મંગલ મંદિરમાં દર્શન કરી સનાતન મંદિરમાં પધારેલા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા અહીં સીતા-રામ, રાધા-કૃષ્ણ, શક્તિ, અંબા, ગાયત્રી, સરસ્વતી તથા લક્ષ્મીનારાયણ, હનુમાનજી, ગણપતિજી ઇત્યાદિ દેવો-અવતારોની મૂર્તિઓનાં વિધિવત્ પૂજન થયાં.

શક્તિસભર અને સાદગીસભર

નૈરોબીના નિવાસ દરમ્યાન સ્વામીશ્રી પાસે ખેંચાઈ આવનારા ઘણા આફ્રિકન મુમુક્ષુઓમાં કેન્યાના ટ્રાફિક વિભાગના એક વરિષ્ઠ અધિકારી શ્રી અહમદ પણ ખરા. સ્વામીશ્રી સાથેની પ્રત્યેક મુલાકાત બાદ નોકરીમાં બઢતીનો અનુભવ કરનારા તેઓ તા. ૨૮/૯ની સવારે બહારગામથી નૈરોબી આવતાં

સીધા જ સ્વામીશ્રી પાસે દોડી આવ્યા અને મોડા પડવા બદલ દિલગીરી વ્યક્ત કરી બોલ્યા : 'મારે આપને મળ્યા વગર રહેવાય જ નહીં.'

આ જ રીતે તા. ૨૯/૯ની સવારે આવેલા ઉદ્યોગપતિ શ્રી માઈકલ મુશેરુ પણ સ્વામીશ્રી પર મુગ્ધ હતા. આ વર્ષે મુંબઈમાં ઊજવાયેલી શ્રીહરિ જયંતીના પ્રસંગે નકોરડો ઉપવાસ કરનારા તેઓએ સ્વામીશ્રીની સ્વાનુભૂતિ વર્ણવી કે 'સ્વામીશ્રી અતિ પવિત્ર પુરુષ છે. તેઓની સાદાઈ તો તમે જોઈ જ શકો છો, પણ ભગવાનનો પાવર (શક્તિ) પણ તેમનામાં તમે અનુભવી શકો છો.'

તેનો અનુભવ કરીને ધંધાકીય પ્રબંધનના નિષ્ણાત આફ્રિકન શ્રી સ્ટેનલી અને ડૉ. થોમસ તો નિયમબદ્ધા સત્સંગી જ થઈ ગયેલા. તિલક-ચાંદલા સહિત નિત્યપૂજા, વ્યસનમુક્ત જીવન, સત્સંગ-સભામાં હાજરી વગેરેનું તેઓ ચુસ્તપણે પાલન કરનારા.

જેમ જળ મળતાં ફળ, ફૂલ અને ફસલ ખીલી જાય, તેમ જળ જેવા નિર્મળ સ્વામીશ્રીના સંગે કોઈ પણ ખોળિયામાં મુમુક્ષુતા પાંગરી જતી.

તેથી જ તેઓ પાછળ ઘેલા બનેલા યુવકોએ આ સમયે મંદિરના પ્રાંગણમાં એક પર્ણકુટી ઊભી કરી હતી. તેની બાજુમાંથી ઝરણું પણ વહેવડાવી દેતાં ઋષિઆશ્રમનું વાતાવરણ જ ખડું થઈ ગયેલું. તેને સાર્થક કરવા સ્વામીશ્રી પધારતાં સૌએ બૅન્ડ વગાડી સ્વાગત કર્યું. તે વખતે સ્વામીશ્રીએ પણ બૅન્ડવાદનમાં સૂત્રધારના સંકેતરૂપે વપરાતી લાકડી હાથમાં હલાવી સૌનાં હૈયાં ડોલાવી દીધાં.

તે પછી સંતોના કંઠે વહેતા થયેલા *'હરિગુણ ગાતાં...'* પદ પર નિરૂપણ કરતાં તેઓએ વિશિષ્ટ લીલા આદરી. બોલતાં-બોલતાં સ્વામીશ્રીએ ગાતરિયાનો છેડો હાથમાં લઈ ગાંઠ મારી અને પાછી છોડી. વળી ગાંઠ મારી અને છોડી. ફરી ડાબા હાથની બે આંગળી ફરતો છેડો વીંટીને ગાંઠ મારી અને છોડી. આમ, આઠેક વાર ચાલેલી ગાંઠ વાળવા-છોડવાની તેઓની આ માનુષી ચેષ્ટા સૌને અનેરા આનંદનો અનુભવ કરાવી રહી.

નૈરોબીમાં શિખરબદ્ધ મંદિરનાં પગરણ

તા. ૨૯/૯ની રાત્રે વાળુ કરવા બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ નૈરોબીના અગ્રણી ભક્તોએ, ગુજરાતમાં ફાટી નીકળેલા રોગચાળાનું નિમિત્ત ધરી અહીં

વધુ રોકાઈ જવા પ્રસ્તાવ મૂક્યો, પરંતુ સ્વામીશ્રીએ તે માન્ય ન રાખતાં આ ભક્તોએ સંતોને અહીં રોકવા વિનંતી કરી. તેમાં પણ સ્વામીશ્રીએ 'ઉતારાનું થાય પછી...' કહેતાં ભક્તોએ અત્રે મોટું શિખરબદ્ધ મંદિર થાય તેવી ઇચ્છા જણાવી. તે માટે શ્રી અજયભાઈ શાહે તો ફૉરેસ્ટ રોડ પર આવેલી પોતાની મોકાની ચાર એકર જમીન ત્યાં ને ત્યાં અર્પણ કરી દીધી! આ સમર્પણની જ્યોતે અન્યમાં પણ ચિનગારી લગાડતાં જોતજોતાંમાં તો મંદિર-નિર્માણ પેટે ખાસ્સી રકમની લખણીયે થઈ ગઈ.

આમ, વાતવાતમાં થઈ ગયેલા મંદિરના મંડાણની આ વાત તા. ૩૦/૯ની સવારે પૂજા બાદ સૌને જણાવતાં સ્વામીશ્રી જ બોલ્યા:

"આપણે કંઈ નક્કી કરીને આવ્યા ન'તા, કોઈ સંકલ્પ લઈને આવ્યા ન'તા કે 'મોટું મંદિર થાય.' પણ જેમ અચાનક કંધેથી ફાટે તેમ અમારું પણ કંધેથી ફાટ્યું ને ધડાકો થયો! ન ઇચ્છીએ ને આવે તે ભગવાનની કૃપા સમજવી. કળશ ચડી ગયો. અણધાર્યો લાભ થઈ ગયો. *'પડી જડી પરોણી ને એક લેશું વે'લ, બે લેશું બળદિયા ને વાત થઈ છે સહેલ.'* કોઈને રસ્તેથી એક પરોણી જડી તેમાં તેને બળ આવી ગયું. તેમ આ જમીન સેવામાં મળી ગઈ. હવે મંદિર કરવાનું સહેલું થઈ ગયું."

આમ, ઉમંગભેર આશીર્વાદ આપી સ્વામીશ્રી આજની સવારે જ કૃષ્ણાર્પણ થયેલી જમીન પર ભૂમિપૂજન કરવા પણ જઈ પહોંચ્યા. આ પ્રસંગે ભક્તોયે મોટી માત્રામાં એકત્રિત થઈ જતાં તે સૌના હર્ષોલ્લાસ વચ્ચે સ્વામીશ્રીએ વિધિ સંપન્ન કર્યો. તે પછી અહીં ઊંચાં-ઊંચાં ઘાસમાં ચાલતા તેઓએ જમીન પર ઘણું અંદર જઈ સઘળું નિરીક્ષણ કર્યું. તે વખતે શ્રી મહેન્દ્રભાઈ બોલ્યા: 'બાપા! બે દિવસ પહેલાં આપે આ જમીન પર કેવળ દૃષ્ટિ કરી હતી ને આજે કામ થઈ ગયું.'

'હા, ડબલ દોરે કામ થયું.' સ્વામીશ્રીએ પણ સાયદી પૂરી. તે સાથે કેન્યામાં મોટા મંદિરનાં પગરણ મંડાઈ ગયાં.

થાકેય નહીં ને ઉજાગરોયે નહીં

તા. ૩૦/૯ના રોજ સાંપ્રત વિદેશયાત્રાની છેલ્લી ઘડીઓ ગણાતી હોવાથી સ્વામીશ્રીની વ્યસ્તતાનો કોઈ પાર નહોતો. તેઓ એકને મળી રહ્યા હોય ત્યારે પાંચ તો પ્રતીક્ષામાં ઊભા હોય. આવી તડામારીમાં બપોરે જમવા

બિરાજેલા સ્વામીશ્રીએ વ્યવસ્થાપક સંતને પૂછ્યું : 'સામાન લઈને ઍરપોર્ટ પર વહેલું કોણ જવાનું છે ?'

'સાધકો.'

'એમને ચાર વાગ્યે જવાનું થશે એટલે એમનું જમવાનું આપણી સાથે લઈ લેજો. પ્લેનમાં જમી લે. કાલે એકાદશીનો ઉપવાસ છે તેથી પાછું જમવાનું નહીં થાય.'

કેટલી કાળજી ! જ્યારે એક ઘડીની ફુરસત ન હોય ત્યારે આવી સૂક્ષ્મ સંભાળ માતૃસદૃશ હૃદય વિના શે સંભવે !

અલબત્ત, આજે જ નહીં, પૂર્ણતાના આરે પહોંચેલી આ વિદેશયાત્રાના ૬ દેશો અને ૨૩ શહેરોમાં સ્વામીશ્રી આ રીત રાખીને જ વિચરેલા. તેથી પ્રત્યેક સ્થળે તેઓની વિદાય વેળાએ ભક્તો ગમગીની અનુભવી રહેતા.

આ વિયોગરોગથી આજે નૈરોબી પણ બાકાત ન રહેતાં સાંજે ૭:૩૫ વાગ્યે સ્વામીશ્રી ઍરપોર્ટ પર પધાર્યા ત્યારે સજળ નયને ૭૦૦થી વધુ ભક્તો તેઓને વળાવવા અહીં આવી ગયેલા. તેમાંના એક શ્રી હર્ષદભાઈ રાણાએ લાગણી વ્યક્ત કરી કે 'બાપા ! આપ બહુ ભીડો વેઠો છો.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'અમારો ધંધો શું ? ભજન કરવું ને કરાવવું તે. તેમાં ભીડો શું ? તેમાં થાકેય નહીં ને ઉજાગરોયે નહીં. અમને એ આનંદ કે 'કોઈ વાર કોઈ વાત એવી થાય કે હજારો માણસોને સમાસ થાય.' ભગવાનનો આનંદ છે. અમારા પાસપોર્ટમાં પણ લખ્યું છે કે 'ધંધો શું ? તો ભજન.'

૧૫૬ દિવસ સુધી ચાલેલી સુદીર્ઘ યાત્રાની પૂર્ણાહુતિએ જ નહીં, પરંતુ જીવનના ૭૩મા વર્ષેય સ્વામીશ્રીને થાક જણાતો નહોતો ! ભજનના વેગની આ પરાકાષ્ઠા જ કે બીજું કાંઈ ?

ખમીને સાધુતા રાખો તે તમારી જીત

તા. ૩૦/૯ની રાત્રે સાડા આઠ વાગ્યે સ્વામીશ્રીને લઈ ઍર ઇન્ડિયાના સાબરમતી વિમાને ભારત ભણી ગતિ સાંધી ત્યારે આ મુસાફરી હતી તો આરામદાયક, છતાં છેલ્લા પાંચેક મહિનાથી મળી રહેલા સ્વામીશ્રીના સતત સામીપ્ય પર કાલથી પડદો પડતો હોવાથી સહયાત્રી સંતો ઉદ્વિગ્ન હતા. તેથી જેવું પ્લેન આકાશમાં સ્થિર થયું કે તે સૌ સ્વામીશ્રીને વીંટળાઈ વળ્યા.

દોઢસોથી વધુ દિવસો સુધી સ્વામીશ્રીનું મિલન માણી ધન્ય થયેલા એ સંતોના હોઠેથી પ્રાર્થનાઓ સરવા લાગી: 'બાપા! આપ બળ આપજો... આપના સાંનિધ્યમાં જ બ્રહ્મરૂપ થઈ જઈએ એવું કરજો... આપની મરજી જાણી શકાય... આપને ક્યારેય ઓશિયાળા ન કરીએ તેવું થાય...'

આ અરજીઓ સાંભળી સ્વામીશ્રી બોલ્યા:

"ઓશિયાળા કરવાના જ નથી. મોટાપુરુષના મનમાં રુચિ હોય એ પ્રમાણે કરી નાંખવું. 'એ કો'કના કહેવાથી કરે છે, કોઈના ફેરવ્યા ફરી જાય છે, કોઈના સમજ્યા સમજી જાય છે', એમ મનાય ત્યારે એ સમર્થ માન્યા છે જ ક્યાં? છતાં કોઈને રાજી રાખવા કરતાય હોય, એમાં 'ના' નથી. યોગીજી મહારાજનાય કેટલાય દાખલા છે ને અમારાય છે! નથી એવું નથી કહેતો, પણ તમે ખમીને સાધુતા રાખો તે તમારી જીત છે. જ્યારે કંઈ પ્રસંગ થાય ત્યારે 'હું આત્મા છું, અક્ષર છું, બ્રહ્મ છું' એમ વિચારીએ એટલે રાગેય ના થાય ને દ્વેષેય ના થાય. મેઈન (મુખ્ય) ચાવી બ્રહ્મરૂપ થવાની છે, એ મનમાં ધારવું ને એ વિચારમાં ચાલ્યા જવું, એટલે પાછી વૃત્તિ થાય ને શાંતિ થઈ જાય."

આકાશમાં સરકતા પ્લેનની ગતિએ જ સ્વામીશ્રીની પરાવાણી રેલાઈ રહી. તે વખતે સંતોએ પુનઃ આશીર્વાદ માંગ્યા ત્યારે સ્વામીશ્રીએ કહ્યું:

'વારે-વારે આશીર્વાદ માંગીએ તે શું વધારે થાય છે? હવે આશીર્વાદ લઈને મંડી જ પડવાનું. વારે ઘડીએ 'આશીર્વાદ આપો... આમ કરો, તેમ કરો...' કહે, તે હજાર વખત (આશીર્વાદ) આપીએ, તેમાં કંઈ વાંધો છે? પણ વર્તવું આપણા હાથમાં છે.'

વિદેશયાત્રાના આ અંતિમ ઉદ્‌ગારો દીવાદાંડી જેવા બની રહ્યા.

બધાને સ્પર્શે એવી આ વાત છે

તા. ૧/૧૦ની વહેલી સવારે ૪:૫૦ વાગ્યે સ્વામીશ્રીના વિમાને મુંબઈમાં ઉતરાણ કર્યું ત્યારે કેવળ આકાશમાં જ નહીં, પરંતુ દેશના લાખો સત્સંગીઓનાં અંતરમાં પણ અરુણોદયની લાલિમા પથરાઈ ગઈ. તે તા. ૨/૧૦ની સાંજે શિવાજી વિદ્યાલયના પટાંગણમાં યોજાયેલા જાહેર સન્માન સમારંભમાં પણ પ્રસરી.

તેમાં ઉપસ્થિત થયેલા મંત્રી, મહાનુભાવો અને માનવીઓ સ્વામીશ્રીને

ઉમળકાભેર વધાવતા હતા ત્યારે જ પત્રલેખનમાં પરોવાયેલા સ્વામીશ્રી પાસે એક બાળક જઈ પહોંચ્યો. નામ હતું એનું વિનય, પરંતુ અજ્ઞાનવશ તે કરી બેઠો અવિનય. તેણે ભરસભામાં સ્વામીશ્રીને પોતાની નોટબુક ધરી, છતાં લેશ અકળાયા વિના તેને પણ સ્વામીશ્રીએ પ્રેમથી લખી આપ્યું: *'અભ્યાસ સારો કરવો. ભગવાનને પ્રાર્થના કરવી. માતા-પિતાને વંદન કરવાં.'*

આ હસ્તાક્ષર દ્વારા સ્વામીશ્રીની શિશુવત્સલતાનો શિલાલેખ જ કોતરાઈ ગયો! અન્યથા દસેક હજારની મેદનીથી છલકાતા સન્માન સમારોહના મંચ પર દસ વર્ષીય બાળકની આવી દરકાર કોણ લે?

આવી જ એક અનન્ય ઘટનાએ આકાર પકડ્યો – તા. ૩/૧૦ની સવારે. આ સમયે યોજાયેલી અમૃત મહોત્સવ સમિતિની બેઠકમાં સ્વામીશ્રીએ સંતો-ભક્તોને જણાવ્યું:

"આપણે સમૈયો કરીએ છીએ એ દુનિયામાં મહત્તા વધે એ ધ્યેય માટે નથી, પરંતુ હરિભક્તોને લાભ થાય, ગુણાતીત થઈને મહારાજનું ભજન કરવાની વાત બધા સમજી શકે એ માટે ઉત્સવ કરીએ છીએ. બધાને સ્પર્શે એવી આ વાત છે. આપણે બધાને અપનાવ્યા છે, આગળ લાવવાનો પ્રયત્ન કર્યો છે.

ઉત્સવમાં આપણે જરૂર પૂરતો ખર્ચ કરો એની 'ના' નથી, પણ ભભકો નથી કરવો. વધારે ઉત્સાહમાં ન આવવું. ઉત્સાહમાં પછી નિમ (નિયમ) નથી રહેતો. દુનિયા રાજી થાય એવી કાંઈ જરૂર નથી. ભગવાન અને સંત રાજી થાય એ રીતે કરવું. સાદું જેટલું રાખશો એટલા એ રાજી થશે. એટલે વિચારપૂર્વક સાધુને શોભે એવું કરજો. જે કરવું છે એ આપણા કલ્યાણ માટે ને શાંતિ માટે છે, એ સમજીને વ્યવસ્થિત આયોજન કરવું."

જ્યારથી અમૃત મહોત્સવનો ઉદ્‌ઘોષ થયો ત્યારથી સ્વામીશ્રી આ ઉત્સવને ભપકાદાર નહીં, પણ ભક્તિસભર બનાવવાની દિશા ચીંધતા રહેલા.

... તો સત્સંગ આપણને સાચવે

તા. ૩/૧૦ની સાંજે મંદિરના સમીપવર્તી શિવાજી વિદ્યાલયના પ્રાંગણમાં યોજાયેલી સત્સંગ-સભામાં અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

"પિતા એવા હોવા જોઈએ જે બાળકનું ધ્યાન રાખે. બાળક સાથે બેસીને જમવું, એમાં આત્મીયતા વધે છે. થોડી વાર સાંજે બેસીને વાતો થાય તો ખબર પડે કે છોકરાને શું મુશ્કેલી છે?

નૈરોબીમાં એક ભાઈએ વાંદરો રાખ્યો છે. એના મોઢાનુંય ઠેકાણું નથી, તોય રાખ્યો છે. એના કરતાં તારા છોકરાનું ધ્યાન રાખ ને! એની ખબર રાખીશ તો ભવિષ્યમાં એ તારી રાખશે. પણ એ ન સૂઝે.

આપણને થાય કે 'દીકરો ભક્ત થશે તો બગડી જશે,' પણ એ બગડ્યો ન કહેવાય. જ્યાં સ્ત્રી-પુરુષ મર્યાદા સચવાતી ન હોય તેવી જગ્યાએ ગરબા રમવા જાય તો તે બગડ્યો કહેવાય. નવરાત્રિમાં માતાજીને રાજી કરવાને બદલે બીજાને રાજી કરીએ છીએ. અમદાવાદથી યુવકોનો કાગળ આવ્યો છે – જ્યાં બાઈ-ભાઈ ભેગાં રમતાં હોય ત્યાં દાંડિયા-રાસમાં ન જવાના નિયમ લીધા છે. અમે બહુ રાજી થયા. જે દારૂ, બીડી પીતા હોય એના મોઢે ગરબા સાંભળવાથી શું ફાયદો ?''

નવરાત્રિના ભક્તિપર્વ વિષે પૂર્ણ આદર ધરાવતા સ્વામીશ્રીને તેમાં ઘૂસેલી વિકૃતિઓ કઠતી. તેથી તેઓ જેમાં યુવા-યુવતીઓ અલગ-અલગ થઈને રમે તેવા આયોજનને પુષ્ટિ આપતા, જેથી પરંપરા અને પવિત્રતા – બંને સચવાય. તેઓની આ રુચિમાં સમજદાર યુવાપેઢીને પોતાનું હિત દેખાતું. તેથી તેઓ જ્યાં બાઈ-ભાઈ ભેગાં મળીને ગરબે ઘૂમતાં હોય તેમાં ન જવાના સ્વૈચ્છિક નિયમો ગ્રહણ કરતા.

આ જ રીતે તા. ૫/૧૦ની સાયંસભામાં મુંબઈનાં ૫૦ કિશોરો તથા ૪૧૨ બાલિકા, કિશોરી તેમ જ મહિલાઓએ પણ નિયમ લીધાની વાત જાણીને તાળી પાડી ઊઠતાં સ્વામીશ્રી બોલ્યા :

''ધર્મનું ફળ સુખ છે અને અધર્મનું ફળ દુઃખ છે. ખોટાં કામ કરવાં સારાં લાગે, પણ ખોટું કરવાથી સારું થતું નથી. એક વખત એવો આવે કે છઠ્ઠીનું દૂધ નીકળી જાય. માટે એલફેલ મૂકી દો. મન નવરું ન થવા દેવું. નવરા બેઠા નખ્ખોદ વાળે. ગામડામાં ઘણા ચોરામાં મંદિરના ઓટલે બેસે. સાંજ સુધી રહે. બીડી પીએ, તમાકુ ખાય, પણ સાંજે પૂજારી આરતીનો બેલ (ઘંટ) મારે ત્યારે ઘરે ઊપડે. જાણે ઘરે જવાનો ઘંટ વાગ્યો ! પણ આરતીમાં ઊભા ન રહે. માટે કથા, કીર્તન, ભજન, સત્સંગ, ઘરસભા કરવાં.

તમે પૈસાને સાચવો તો પૈસા તમને સાચવે. તમે વસ્ત્ર-મકાનને સાચવો તો તે તમને સાચવે. તમે કુટુંબને સાચવો તો કુટુંબ તમને સાચવે. તેમ આપણે સત્સંગને સાચવીએ તો સત્સંગ આપણને સાચવે.''

મારી પહેલેથી તોફાની વૃત્તિ નહીં

સ્વામીશ્રીને વળગેલી હાથના દુખાવાની બીમારીમાં રાહત રહે તેવી સારવાર આપવા માટે તા. ૬/૧૦ની રાત્રે ભારતીય ક્રિકેટ ટીમના ફિઝીયોથેરાપિસ્ટ શ્રી અલી ઈરાની આવી પહોંચ્યા. તેઓએ ઉપચારના એક ભાગરૂપે સ્વામીશ્રીની પીઠ પર ચોક્કસ રીતે ખાસ હથોડી મારવાનું શરૂ કર્યું. તે જોઈ હસી પડતાં સ્વામીશ્રી બોલ્યા: 'કોઈ દિ' માર ખાધેલો નહીં ને! એટલે અત્યારે ખાવો પડે છે.'

'ક્યારેક તો ખાધો હશે ને?' સંતોએ પૂછ્યું.

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'મારી તો પહેલેથી તોફાની વૃત્તિ નહીં.'

'માસ્તરોનોય માર ખાધેલો નહીં?'

'ના.'

'છોકરાઓએ પણ નહીં મારેલા?'

'એવું બન્યું હોય ખરું! છોકરાઓની ભેગેભેગા ઊભા હોઈએ ત્યારે ભાગની ઢીંક ખાવાની. ભેગા બેઠા હોય એટલે ખાવી જ પડે ને!'

હસતાં-હસતાં આટલી સ્મૃતિશેષ કાઢી આપનારા સ્વામીશ્રીને, રોગચાળાગ્રસ્ત સુરતમાં સંસ્થાએ કરેલા રાહતકાર્યનો અહેવાલ-પત્ર આપવા સંજય નામનો એક યુવાન તા. ૭/૧૦ના રોજ આવી ચડ્યો. જો કે તેણે પોતાની સાથેનો કાગળ સંતો દ્વારા સ્વામીશ્રીના ઉતારે મોકલાવ્યો, પણ પોતે તો 'હું સુરતનો છું એટલે સ્વામીશ્રી પાસે નહીં આવું' કહી દૂર જ રહ્યો.

આ સમયે ચેપ લાગવાની બીકે સુરતથી આવેલી કોઈ પણ વ્યક્તિ સાથે નિકટતા કેળવવાનું સૌ ટાળતા. તેમાં આ યુવાને તો ભક્તિવશ થઈને સામેથી જ આવી તકેદારી રાખી! પણ સ્વામીશ્રીની સંવેદના વેંત વધુ સાબિત થઈ. તેઓ 'એમાં વાંધો નહીં, એને બોલાવી લો' કહેતાં એ યુવકને પોતાના ઉતારે બોલાવી પ્રેમથી મળ્યા.

મહેરબાની અને કદરદાની દાખવવામાં તો સ્વામીશ્રીને કશું આડું ન આવતું.

ગુણનું અભિમાન ન આણે

તા. ૧૦/૧૦ની બપોરે સાડા ત્રણ વાગ્યે મુંબઈથી વિદાય થયેલા

સ્વામીશ્રી હવાઈમાર્ગે વડોદરા થઈને સાંજે વિદ્યાનગર પધાર્યા ત્યારે અહીં કાર્યકર અધિવેશનની આબોહવા જામી ગયેલી. બે દિવસ પહેલાં મહંત સ્વામી અને ડૉક્ટર સ્વામીની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટિત થયેલા આ અધિવેશનના પ્રથમ તબક્કામાં ૧,૬૧૩ બાલ-બાલિકા કાર્યકરો આવી પહોંચેલા. રાજ્યના ખૂણે-ખૂણે ચારિત્ર્યનાં અજવાળાં પાથરતી આટલી બધી ધર્મશલાકાઓ અહીં એક જ સ્થળે એકત્રિત થતાં સ્વામીશ્રીના સ્વાગતનું વાતાવરણ વિશેષ ઝળહળી રહ્યું.

તેના તેજમાં છાત્રાલયમાં પધરાવેલી મૂર્તિઓનાં દર્શન કરતાં જ સ્વામીશ્રીએ બાજુમાં ઊભેલા વિવેકનિધિદાસ સ્વામીને કહ્યું : ‘બધી મૂર્તિઓમાં યોગીબાપાનો ખભો જરા આગળ આવી ગયો હોય એવું લાગે છે.’

રોજ દર્શન કરનારાને જે ન દેખાય, તે સ્વામીશ્રીની પ્રથમ દૃષ્ટિમાં જ ઝડપાઈ જતું. તેઓનાં દર્શનની આ એકાગ્રતાથી વીંધાયેલા સૌને હજી કળ વળે તે પહેલાં તો સ્વામીશ્રીના દાસભાવનું તીર પણ ચાલી ગયું.

અત્રે દર્શન બાદ તેઓ સીધા ઉતારે પધારે તે હેતુસર મંચ પર તેઓને બેસવા માટે સિંહાસન નહોતું ગોઠવ્યું, પરંતુ ગુણાતીત સંતને આસન સાથે શું નિસ્બત? સ્વામીશ્રી તો સંતો માટે પાથરેલી ચાદરવિહોણી ગાદી પર જ સૌ સાથે પલાંઠી વાળીને બેસી ગયા!

તે જોઈ સભા પૂર્ણ થઈ ત્યારે સંતોએ કહ્યું : ‘બાપા! આપ આજે આમ સામાન્ય ગાદી પર બેસી ગયા તે ન ચાલે.’

‘એવું કોણે કહ્યું? આપણે સાધુને શું? નીચેય બેસાય. એમાં શું વાંધો આવી જવાનો છે?’

આ પ્રતિભાવ આપતાં સ્વામીશ્રી આઇ. બી. પટેલ શાળામાં યોજાયેલી અધિવેશન સભામાં પહોંચ્યા.

જ્યાં સ્વામીશ્રીની પધરામણીની શક્યતા શૂન્ય જણાતી હતી ત્યાં તેઓ પ્રત્યક્ષ ઉપસ્થિત થતાં જેમ કૂવો જળથી સજીવન થઈ ઊઠે તેમ ચેતનવંતા બની ગયેલા કાર્યકરોએ વિવિધ પ્રસ્તુતિઓથી સ્વામીશ્રીને વધાવ્યા. પરંતુ સ્વામીશ્રીએ જણાવ્યું :

‘પ્રથમ તો આપ સર્વની માફી માંગવાની કે હું ટાઇમસર આવ્યો નહીં. આયોજન મુજબ વિદેશ કાર્યક્રમ પંદર દિવસ ટૂંકાવ્યો, પણ મુંબઈ આવ્યા પછી પ્લેગનાં કારણોસર ટાઇમે આવી ન શક્યો તો સર્વ રાજી રહેશો.’

સ્વામીશ્રીની આવી હૃદયસ્પર્શી નમ્રતાના નેજા નીચે સરકવા માંડેલા કાર્યકર અધિવેશનના આયોજનમાં ચારુતર વિદ્યામંડળનો પ્રશંસનીય સહયોગ હતો. આ સંસ્થા દ્વારા સંચાલિત શાળા-કૉલેજોનાં સંકુલો તથા હૉસ્ટેલોમાં સ્પર્ધાઓ, સભાઓ અને ઉતારા-ભોજનની વ્યવસ્થાઓ તો ગોઠવાયેલી જ, પરંતુ સંસ્થાના પ્રમુખથી પટાવાળાની કક્ષાના સૌ કર્મચારીઓ પણ, સમય પડ્યે ત્યારે ખડે પગે સેવામાં હાજર રહેતા. છતાં સેવા કર્યાનો પૂર્ણ સંતોષ અનુભવવા વિદ્યામંડળના પ્રમુખ શ્રી સી. એલ. પટેલે તા. ૧૧/૧૦ની સવારે સ્વામીશ્રી સમક્ષ પોતાની અંતરતમ ઇચ્છા વ્યક્ત કરી કે 'અમારે યુનિવર્સિટી તરફથી આપને ડૉક્ટરેટ(પીએચ.ડી.)ની (માનદ) પદવી આપવી છે.'

'અમારે તો છે જ! બીજાને આપજો. આપણું કામ તો આશીર્વાદ આપવા અને લેવા. બીજો વિચાર કરશો નહીં.' પ્રસ્તાવને રદિયો આપતાં સ્વામીશ્રી બોલ્યા. તે સાથે જ પદવીની વાત પર પડદો પડી ગયો.

ધર્મ-નિયમ દૃઢ થાય એ સાચું ઇનામ

તા. ૧૧/૧૦ની સાંજે અધિવેશનના પૂર્ણાહુતિ સત્રમાં પધારેલા સ્વામીશ્રીની નિશ્રામાં મહંત સ્વામીએ વિજેતાઓને ઇનામો એનાયત કર્યાં. બાલિકા કાર્યકરોનાં ઇનામોને સ્વામીશ્રીએ આજની સવારે જ પુષ્પો વરસાવી પ્રસાદીભૂત કરેલાં. પરંતુ સૌને પ્રસન્નતાના પારિતોષિકથી નવાજતાં તેઓએ આજે જણાવ્યું :

''બાળ મંડળની પણ જય અને બાળ મંડળ કાર્યકરોની પણ જય! ઇનામ મેળવ્યું અને ના મેળવ્યું એની પણ જય! ધર્મ-નિયમ દૃઢ થાય એ સાચું ઇનામ. આ આયોજન એના માટે જ છે.

આપ સર્વેએ અલૌકિક કામ કર્યું છે. ઘરનું કામ કરતાં, ખેતી કરતાં, દરજીકામ કરતાં, મોટર પર, સાઇકલ પર, વિકટ સંજોગોમાં આપે કાર્ય કર્યું છે. આપે પ્રવૃત્તિમાં રહીને આ કાર્ય કર્યું છે એ આપની મહત્તા છે. આટલી મહેનત કરી છે તે ભૂલી ન જવાય તેનું જાણપણું રાખવાનું છે. નોકરી-ધંધા કરજો, પણ સાથે આ વાંચન કરતા જ રહેજો. કેટલાયે વિકટ સંજોગોને ઠોકરે મારીને આપ અત્રે આવ્યા છો. પૂર્વે ભગવાન માટે કુટુંબ વગેરેનો ત્યાગ કર્યો છે, એ અત્યારે આપનામાં પ્રત્યક્ષ જોવા મળે છે. આપનો ત્યાગ તો તેથી પણ ઊંચો છે! જોગી મહારાજને તો આ બ્રહ્માંડમાં સત્સંગ કરાવવો છે, તો આપણા

જીવમાં દૃઢ થશે તો બ્રહ્માંડમાં પહોંચી જશે.

ઘણી વાર આપણને વિચાર આવે કે 'આ કેમ થશે ?' કારણ, આપણું બધું નિયમવાળું છે, મર્યાદા છે, એટલે લોકોને સંકોચ રહે છે. પણ એ મર્યાદામાં રહીને આપ કાર્ય કરો છો એ ખૂબ મહત્ત્વની વાત છે.

ભલે તમારી ઉંમર મોટી થાય, પણ બાળકોને કેમ તૈયાર કરવા એ આપને સહજ થયું છે, માટે ચાલુ જ રાખજો. આપણે કાર્યકરો દ્વારા બધે જ પહોંચવાનું છે.''

જીવ અને જીવન – બંનેનું ભાથું બની રહે એવી આ અમૃતધારા વહાવી સ્વામીશ્રીએ બાળ કાર્યકરોના અધિવેશનનું સમાપન કર્યું.

અધિવેશનનું અનોખું ઓપનિંગ (ઉદ્ઘાટન)

જેમ આકાશમાં ચંદ્ર આથમે ને સૂરજ ઊગે તેમ વિદ્યાનગર મુકામે અધિવેશનના આકાશમાંથી બાળ કાર્યકરો વિદાય થતાં જ ૨,૧૮૦ યુવા-વડીલ કાર્યકરો આવી પહોંચ્યા. તેઓના અધિવેશનનો દીપ તા. ૧૩/૧૦ની સવારે પ્રજ્વલિત કરતા સ્વામીશ્રીએ સામેથી માઇક મંગાવીને આશીર્વાદ વરસાવ્યા કે –

''આપણું આ અધિવેશન બ્રહ્મવિદ્યા માટેનું છે. આપણે નિશ્ચય કરવો કે આપણે આપણા રૂપને જ જોવું છે. આપણું રૂપ એટલે ભગવાન ને સંત. એને જોવા એટલે એમની આજ્ઞા. એમને જે ન રુચતું હોય તે ન જ કરવું. બ્રહ્મરૂપ થવા માટે જ આપણું આ અધિવેશન છે. એ માટે ગઢડા પ્રથમ ૨૦ અને ગઢડા મધ્ય ૫૧ – આ બે વચનામૃત લક્ષમાં રાખવાં. ગઢડા મધ્ય ૫૧માં પણ આ જ વાત કરી છે કે 'સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે એ જ આત્મસત્તારૂપે વર્તે છે.' આ ઓપનિંગ છે. આપણા આત્માના જ્ઞાનનું અનુસંધાન હંમેશને માટે રહે એ ઓપનિગ સાચું.''

ઘીના દીવાની સાથે જ્ઞાનનો દીવો પણ પ્રગટાવીને સ્વામીશ્રીએ અધિવેશનનો આરંભ કરાવી દીધો. તે સાથે જ રજૂ થવા માંડેલી કાર્યકરોની પ્રસ્તુતિઓ નિર્ણાયકો દંગ રહી જાય તેવી બની રહી.

ઉપાસનાની સ્પષ્ટ સમજ

અધિવેશન દરમ્યાન સ્વામીશ્રીનાં ભ્રમણ અને ભોજન વખતે કાર્યકરોનાં

સેવા તથા સમર્પણ, ભોગ તેમ જ ભીડો અને અધિવેશન સંબંધી પુરુષાર્થના પ્રેરક પ્રસંગો રજૂ કરવામાં આવતા. તે સાંભળી સ્વામીશ્રી ખૂબ હરખાતા. સાંભળવામાં આવેલી વિગતો વાતચીત કે વક્તવ્યમાં સંભારીનેય તેઓ સૌનો દાખડો સુફળ કરતા. તે માટે જ તા. ૧૩/૧૦ની સાયંસભામાં પધારેલા સ્વામીશ્રી સમક્ષ ઉપાસના વિષયક પ્રશ્નોત્તરી રજૂ થઈ. તેના જ અનુસંધાનમાં સ્વામીશ્રીએ પણ જ્ઞાનમાર્ગની તલસ્પર્શી છણાવટ કરી કે –

"ઉપાસના માટે શાસ્ત્રીજી મહારાજે બોચાસણવાસી શ્રી અક્ષર-પુરુષોત્તમ સંસ્થા સ્થાપી છે. ઉપાસના એટલે ભગવાન પાસે જઈને બેસવું. પણ બીજી રીતે ઉપાસના એટલે શ્રીજીમહારાજ સર્વોપરી છે. એમાં આપણને શંકા ન થવી જોઈએ. આ તો હું તમને ઉપાસનાની વાત સમજાવું છું એ કદાચ ન સમજાય તો શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજમાં દૃઢ વિશ્વાસ હોવો જોઈએ કે 'એમણે આ વાત નક્કી કરી છે તો સાચી!' જેમ બધા આચાર્યો વ્યાસજીના વચનને માન્ય કરે, તેમ આપણે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનાં વચનમાં વિશ્વાસ રાખવો. તેઓએ આપેલી આ વાત બનાવટી નથી, જૂઠી નથી, ઉપજાવેલી નથી. તેઓ ભગવાનનું સ્વરૂપ હતા, એટલે એમનાથી કોઈ વાત અજાણ નથી, અજ્ઞાત નથી. એ રીતે પણ આપણને વિશ્વાસ આવવો જોઈએ કે 'શ્રીજીમહારાજ સર્વોપરી છે.'

બીજું, જે શ્રીજીમહારાજ સર્વોપરી છે એ જ કર્તા છે. એક તત્ત્વ જે પરમાત્મા છે, એમના જ બધા અવતારો છે ને એમનું જ ધાર્યું થાય છે. 'એ ભગવાન શ્રીજીમહારાજ છે' એવું દૃઢ થવું જોઈએ. કંઈ પણ સુખ આવે, દુઃખ આવે તો એમની જ પ્રાર્થના કરવી. પછી ભૂવા-જાગરિયા, દોરા-ધાગા કરવાના નહીં. આમાં કોઈનો અનાદર નથી, પણ કર્તા-હર્તા એક શ્રીજીમહારાજ! ભીખ માંગવી કે સુખ માંગવું, પરંતુ એમની પાસે જ!

માટે સર્વોપરી, કર્તા અને વળી સાકાર. ભગવાને આ સુંદર આકારવાળી સૃષ્ટિ કરી છે તો એનો બનાવનાર નિરાકાર ન હોઈ શકે. શ્રીજીમહારાજે *'મારું ધામ છે રે અક્ષર અમૃત જેનું નામ, સદા હું રહું રે દ્વિભુજ દિવ્ય સદા સાકાર'* એવું વર્ણન કરેલું છે. આપણા જેવી આકૃતિ છે, પણ દિવ્ય. સાકરનું નાળિયેર. માયાના ગુણો એમનામાં માનીએ તો આપણા દુર્ગુણો ન જાય. અહીં આવે એટલે મનુષ્યચરિત્ર કરે, જેથી જીવોને સુખ આવે.

અને તે ભગવાન પ્રગટ છે. ગુણાતીત સંતમાં ભગવાન અખંડ

બિરાજમાન છે. દેખાય છે આકાર જુદો, પણ બધું ભગવાનમાં મળી ગયું છે. આપણને એવા સાચા સંત મળ્યા છે. ખરેખરું લાંભું હાથમાં આવ્યું છે. ગમે તે સંજોગોમાં તે સાચવી રાખવું. માટે એક ભગવાન શ્રીજીમહારાજ સર્વોપરી છે, કર્તા છે, સાકાર છે અને પ્રગટ છે. ઉપાસનાના આ ચાર મુદ્દા સમજી રાખવા.''

વિશાળ વિદ્યાર્થીવૃંદને ભણાવતા આચાર્યપ્રવરની જેમ સ્વામીશ્રીએ આજે ઉપાસનાના વિષય સમજાવ્યા.

ભગવાનનું આપેલું તેજ

અધિવેશનની સમાંતર સ્વામીશ્રીની દિનચર્યામાં ચાલતા રહેતા મીટિંગ, મુલાકાતના ક્રમમાં તા. ૧૩/૧૦ની રાત્રે આવેલા ડેપ્યુટી કલેક્ટરે સ્વામીશ્રીને જ જણાવ્યું કે ''આ અધિવેશન પહેલાં આજુબાજુનાં ૧૨-૧૫ ગામોમાંથી સહીઓવાળો પત્ર મારી પર આવેલો કે 'આ સંસ્થાના આયોજનને લીધે પ્લેગ ફેલાશે તો જવાબદારી તમારી થશે.' ત્યારે મેં કહેલું, 'પ્રમુખસ્વામીનું કાર્ય એટલું આયોજનવાળું હોય છે કે કોઈ વાંધો જ ન આવે.''

આમ, વહીવટકર્તાઓને પણ નિરાંત રહે તેવી સ્વામીશ્રીની કાર્યશૈલીથી અધિવેશન નિર્વિઘ્ને ઊજવાતું હતું.

તે સંબંધી વાતો તા. ૧૫/૧૦ની સાયંસભા બાદ ઉતારે પરત ફરી રહેલા સ્વામીશ્રીની ગાડીમાં નીકળતાં એક સંતે કહ્યું: 'સ્વામી! આપની આંખોમાં તેજ બહુ છે. શાસ્ત્રીજી મહારાજ જેવું.'

આ સાંભળી પ્રથમ તો સ્વામીશ્રીએ કોઈ પ્રતિભાવ જ ન આપ્યો, પરંતુ જ્યારે વિગત દોહરાવાઈ ત્યારે તેઓ બોલ્યા: 'ભગવાનનું આપેલું તેજ છે. એમનું તેજ મળે તો જ આ કાર્ય થઈ શકે એમ છે.'

'યોગીબાપાનો ધબ્બો ને આપની દૃષ્ટિ. જેના પર તે પડે...'

'આપણી દૃષ્ટિથી કંઈ થતું નથી. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની દૃષ્ટિથી બધું ચાલે છે. સંતો-યુવકો પણ કામ એવું કરે છે.'

આટલું બોલતાં તો સ્વામીશ્રીની તેજલ આંખો તરલ બની ગઈ.

આવી જ રીતે તેઓ તા. ૧૬/૧૦ની સવારે અધિવેશનના સ્થળે પ્રાતઃપૂજા કરીને છાત્રાલય તરફ જવા નીકળ્યા. જ્યારે સ્વામીશ્રી ગાડીમાં બિરાજી એક સ્થળેથી બીજે જતા હોય ત્યારે તેઓની ઝાંખી મેળવવા રસ્તાની બેય કોરે મનુષ્યોની હારમાળા ખડકાઈ ગયાનું દૃશ્ય સર્વત્ર જોવા મળતું.

આ સમયે ક્યારેક ગાડીની ગતિ વધુ હોવાને કારણે અગર તો ગાડીમાં રહેલી બત્તી બંધ હોવાથી કે ગાડીની બારીના કાચ પર પડતા પ્રકાશના પરાવર્તનથી દર્શન ધૂંધળાં બની જતાં. તે વખતે ગાડીનો સ્પર્શ કરીનેય લોકો સ્વામીશ્રીને સાક્ષાત્ અડ્યાનો રોમાંચ મેળવતા.

આ ગાડી પર ક્યારેક સુશોભનના ભાગરૂપે પુષ્પપાંખડીઓ ગોઠવવામાં આવતી. તે ગાડી ચાલતાં ઊડે ત્યારે તેને મેળવવા માટે પણ પડાપડી થઈ રહેતી. આજેય એ સુકાયેલી પાંખડીઓ કંઈ કેટલાય માટે *'મારા મરણ ટાણાંની મૂડી, વળી ભવસાગરની હુડી (હોડી)...'* જેવી બની રહી હશે !

તા. ૧૬/૧૦ની સવારે પણ આવું જ ભાવભર્યું દૃશ્ય જોઈ સહયાત્રી ભગવત્ચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું: 'અત્યારે લોકો ગાડીને પગે લાગે છે, પણ હેલિકોપ્ટર આવશે ત્યારે લોકો કહેશે કે 'અમારા ગામ ઉપરથી પસાર કરજો.'

આ કલ્પના સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આ લોકના મનસૂબા મૂકવા ને પરલોકના કરવા. ભગવાનની ઇચ્છાથી જે મળે એ ભોગવવું.'

'તમે કહો છો એ બરાબર, પણ મને પોતાને જ તમારી આ ગાડી નાની પડે છે. ગાડી બદલો હવે.'

'ગાડીને બદલવા કરતાં તમારા શરીરને બદલો. તમે તમારા શરીરને એવું કેળવ્યું નથી. દુ:ખ આવે કે સુખ, વાંધો જ ન આવે. નાનું વાહન તોય ભલે ને મોટું કે લાંબું હોય તોય ભલે. ધૂળમાં સૂવાનું મળે કે મશરૂના ગાદલામાં, બધે ઊંઘ આવવી જોઈએ.'

સ્વામીશ્રીના આ પ્રતિભાવમાંથી તેઓની અલમસ્ત સ્થિતિ સરી પડી.[૫૬]

સ્મૃતિ અને વિસ્મૃતિનો વિરલ વિવેક

તા. ૧૬/૧૦ના રોજ ઇનામ વિતરણ દ્વારા દ્વિતીય તબક્કાના અધિવેશનની અંતિમ કાર્યવાહી પૂર્ણ કરી સ્વામીશ્રી તા. ૧૭/૧૦ની સવારે ક્ષૌરકર્મ કરાવવા બિરાજ્યા. તે વખતે તેઓએ સામે બેઠેલા ત્યાગવલ્લભદાસ

---

૫૬. વિદ્યાનગરમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલા બાળ-યુવા કાર્યકર અધિવેશનની ઝલક મેળવવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

સ્વામીને પૂછ્યું: 'અમેરિકાવાળા સૂર્યકાંત પટેલને પારાયણ કરાવવું છે તે ટપાલ તમને મળી છે ને?'

'હા.'

'તો એમની અનુકૂળતાએ ગોઠવી આપજો.' સ્વામીશ્રીએ કહ્યું.

આશરે બે-એક મહિના પૂર્વે અમેરિકામાં થયેલી વાતને તેઓએ અહીં પાકી કરી. પ્રવૃત્તિના પર્વતની એક-એક કાંકરી સ્વામીશ્રીની નજરમાં રહેતી.

આ રીતે ચોકસાઈપૂર્વક કાર્યો ઉકેલતા તેઓ તા. ૧૭/૧૦ની બપોરે સાડા ત્રણ વાગ્યે ગોંડલ જવા ગાડીમાં બિરાજી ગયા, પરંતુ તે વખતે જ તેઓએ અમદાવાદના મંદિરે રહેતા યજ્ઞવલ્લભદાસ સ્વામીને જોતાં ગાડીનું બારણું બંધ થતું અટકાવ્યું અને ત્યાં બેઠાં-બેઠાં જ એક પત્ર લખી દીધો. આ ટપાલ પેલા સંત સાથે અમદાવાદની એક વ્યક્તિને પહોંચાડવાની તજવીજ કર્યા બાદ સ્વામીશ્રીએ ગાડી આગળ વધારવાની સૂચના આપી.

તે અનુસાર શરૂ થયેલી મુસાફરીમાં તેઓએ સતત ત્રણ કલાક પત્ર-વાંચન અને પુસ્તક-વાંચન કર્યું. સમય થતાં પોતા તરફની બારીનો કાચ ખોલી હાથના દુખાવામાં રાહત માટે તબીબોએ સૂચવેલી જરૂરી કસરતો પણ કરી લીધી. આમ, ક્ષણ-ક્ષણને નિચોવતા તેઓ રાત્રે આઠ વાગ્યે ગોંડલ પધાર્યા.

અહીં પણ સ્વાગતમાં ધામધૂમ ન કરવાની તાકીદ સ્વામીશ્રી અગાઉ બે-ત્રણ વાર કરી ચૂક્યા હોવાથી અક્ષર મંદિર સાદગીના શણગારોથી શોભી રહેલું. તેથી વ્યવસ્થાપકો પર 'આજ્ઞા સારી પાળી' કહી રાજીપો દર્શાવતાં તેઓએ, હાથનો દુખાવો હોવા છતાં અક્ષર દેરીમાં છ દંડવત કર્યા. આ જ રીતે મંદિરમાં પણ છ દંડવત કરી સ્વામીશ્રી યોગી સ્મૃતિમંદિરે પહોંચ્યા.

આ અરસામાં ફાટી નીકળેલા પ્લેગના પ્રતિકાર માટે સ્વામીશ્રી સહિત તેઓની સાથે રહેનારા સંતોને પણ પગમાં રસીનાં ઈન્જેક્શન આપવામાં આવેલાં. તેની અસરથી દરેકના પગ લંગડાતા હતા, સિવાય કે સ્વામીશ્રી! હકીકતે 'વા'ના દર્દી હોવાને નાતે તેઓને આડઅસર થવાની શક્યતા વધુ હતી, પરંતુ આશ્ચર્યકારી રીતે તેઓ જ વ્યવસ્થિત ડગ માંડી શકતા હતા.

તે મુજબ સર્વ સ્થળોએ દર્શનનો ક્રમ પૂર્ણ કરી ચોકમાં યોજાયેલી સભામાં આશીર્વાદ આપ્યા બાદ સ્વામીશ્રી ઉતારે જવા ખુરશીમાં બિરાજ્યા. આ ખુરશી ઊંચકનારા સંતો મંદિરના કાયમી સભામંડપનાં પગથિયાં ચઢી સ્વામીશ્રીના ઉતારા તરફ આગળ વધ્યા, પણ તેઓને સભામંડપમાં જ

અટકાવતાં સ્વામીશ્રીએ અહીં ખુરશી નીચે મુકાવી અને પોતે ચાલતાં-ચાલતાં શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજના પ્રાસાદિક ઓરડે દર્શન કરવા પહોંચ્યા.

તે જોઈ સંતો બોલ્યા : 'અમને તો આ યાદ જ ન આવ્યું. આપને આવું બધું તરત યાદ રહે છે !'

'જે ભૂલવાનું છે એ ભુલાય છે ને યાદ રાખવાનું રહે છે.' સ્વામીશ્રીએ અદ્ભુત પ્રતિભાવ આપ્યો.

સ્મૃતિ-વિસ્મૃતિનો આવો વિરલ વિવેક તેઓની એક સિદ્ધિ હતી.

જેના હરિપરાયણ મન

તા. ૧૮/૧૦ની સવારે સ્વામીશ્રી મંદિરે દર્શન કરવા પધાર્યા ત્યારે પ્રથમ ખંડની કોળીમાં ઝાલર અને નગારા સાથે ઘંટ પણ લટકતો હતો. તે થોડી ઊંચાઈએ હોવા છતાં સ્વામીશ્રીએ પગના પંજા પર ઊંચા થઈ જમણા હાથે સાત ડંકા વગાડી દીધા !

તે દ્વારા આનંદના સૂર વહેતા કરી તેઓ તા. ૧૯/૧૦ની સવારે અક્ષર દેરીમાં આવ્યા ત્યારે આજની શરદપૂર્ણિમા નિમિત્તે દંડવત કરવા તૈયાર થયા, પરંતુ ખભાના દુખાવાની તકલીફને આગળ ધરી સૌએ સ્વામીશ્રીને તેમ કરતાં વાર્યા, પણ તેઓનો પ્રબળ ભક્તિપ્રવાહ કોઈનો રોક્યો ન રોકાયો. સ્વામીશ્રી દંડવત કર્યે જ રહ્યા.

આ ભક્તિ અદા કરી તેઓ શરદપૂનમની પ્રાસંગિક મહાપૂજામાં પધાર્યા ત્યારે ઠાકોરજીને થઈ રહેલા પંચામૃત-સ્નાનના વિધિમાં શર્કરાસ્નાનનો ક્રમ આવ્યો. તે વખતે દાણાદાર ખાંડ જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'આવી આખી ખાંડ રખાતી હશે ? દળેલી જોઈએ. આમાં તો શરીર છોલાઈ જાય.'

તેઓની આ સૂક્ષ્મ પરાભક્તિને સૌ વંદી રહ્યા.

એ ભક્તિના આસન પર જ મહાપૂજાનો શેષવિધિ કરવા બિરાજેલા સ્વામીશ્રીએ અહીં પૂજાપાની થાળીમાં કેવળ હજારીનાં જ પુષ્પો જોઈ કહ્યું : 'ગુલાબનું એક પણ પુષ્પ નથી. હોય તો મંગાવો.' આમ કહી તેઓએ ગુલાબનાં ફૂલો મંગાવી પૂજન આગળ વધાર્યું.

તેમાં જ્યારે મંત્રપુષ્પાંજલિનો વિધિ આવ્યો ત્યારે એક સહાયકે તેઓને આખાં ગુલાબ આપ્યાં, પણ સ્વામીશ્રીએ જાતે જ તેની પાંખડીઓ તોડી તેને

ઠાકોરજી પર પધરાવી.

તે પછી એક સંતને નજીક બોલાવી તેઓએ સૂચના આપી કે 'ગઈકાલે સવારે ભગવત્‌સિંહ બાપુના જમાઈ ઠાકોરજી માટે હાર લાવેલા. આજે એ પહેરાવ્યો નથી. તે પૂજારી પાસેથી લઈ આવો.'

આ સૂચના અનુસાર આવેલો હાર સ્વામીશ્રીએ ઠાકોરજીને પહેરાવ્યો. તેઓની સમય-સમયની આવી ભક્તિથી આજની મહાપૂજા દીપી ઊઠી.

સંત સ્વાદ કરે નહીં કોઈ

આ અરસામાં સંસ્થાકીય સામયિક 'પ્રકાશ'માં છપાયેલો અમદાવાદના બી.એ.પી.એસ. મંદિરનો સચિત્ર ઇતિહાસ તા. ૨૦/૧૦ની બપોરે સ્વામીશ્રી સમક્ષ વંચાતો હતો. તેમાં આવેલી તત્કાલીન સ્થાનિક સત્સંગીઓની વિગત સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આમાં શિવલાલ પરમાર રહી ગયા. એમણેય બહુ જ મહેનત કરેલી.'

ભલે પુસ્તક-પ્રકાશનમાં ભક્તોનાં નામ છૂટી-છટકી જાય, પણ સ્વામીશ્રીના હૃદયમાં તો તેઓની નોંધ વણભૂંસાયેલી જ રહેતી. હરિભક્તો માટે આથી મોટી ખુશી બીજી કઈ હોઈ શકે!

આવા ભક્તવત્સલ સ્વામીશ્રી આજની સાંજે જમવા બિરાજ્યા ત્યારે તેઓ થાળમાં મુકાયેલા ગરમાગરમ ઢોંસાનો થોડો ટુકડો કઢીમાં બોળી જમ્યા, બાજુમાં જ સંભાર પડેલો તોય!

'સંત સ્વાદ કરે નહીં કોઈ...' એ લક્ષણ સ્વામીશ્રીમાં સદા ઝળહળતું જણાતું.

તે સાથે તા. ૨૧/૧૦ની સવારે સભામાં બેઠેલા તેઓએ અમદાવાદનાં એક મહિલા ભક્તનો પત્ર વાંચી તેનો ઉત્તર ધર્મચરણદાસ સ્વામીને લખાવતાં કહ્યું: 'કાગળનો આ જવાબ વિષ્ણુભાઈને આપી દેજો.'

'વિષ્ણુભાઈ સભામાં દેખાતા નથી. પછી હું મળી લઈશ.'

'એ રાયણ નીચે ઓટલા ઉપર બેઠા. પછી તમે મળી લેજો.' સ્વામીશ્રી બોલ્યા.

ઉતારેથી સભામાં પધારતાં તેઓએ સેંકડોની મેદનીમાં આ હરિભક્તને કેવી રીતે જોઈ લીધા હશે?! – આ આશ્ચર્ય સૌ ઘૂંટી રહ્યા. તેની સાથે સ્વામીશ્રીનો મહિમા પણ ઘૂંટાતો ચાલ્યો.

રાખ્યા પ્રભુ, ન રાખ્યો સંસાર

તા. ૨૨/૧૦ની સવારે ગોંડલથી લીલાખા પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીંના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયાનો આનંદ ગામની શેરીએ શેરીએ વ્યાપી વળ્યો. પરંતુ તેની વિશેષ અભિવ્યક્તિ પ્રતિષ્ઠા બાદની સભામાં બેઠેલી એક મહિલાના રોમ-રોમમાં થવા માંડી. ગામમાં બનેલા આ મંદિરમાં સેવા કર્યાનો મોકો મળવાથી મનખો લેખે લાગેલો અનુભવી તેઓ સ્વામીશ્રીને પ્રાર્થના કરી રહ્યાં: 'મારું કામ પૂરું થયું છે. મને હવે ધામમાં લઈ જાવ.'

આ અરજ સ્વામીશ્રીએ સ્વીકારી લીધી હોય તેની સાક્ષી પૂરવા લાગી – આ મહિલાની બદલાઈ ગયેલી બોલચાલ.

પ્રતિષ્ઠાની સભા પૂર્ણ કરી આ બાઈ હરિભક્તના ઘેર જ ઠાકોરજી જમાડવા પધારેલા સ્વામીશ્રીએ ગોંડલ તરફ વિદાય લેતાં પહેલાં મહિલાના પતિ શ્રી છગનભાઈ ઢોલરિયાને કહ્યું: 'પ્રતિષ્ઠાનું કામ પૂરું થયું છે. હવે જૂનાગઢના મંદિરની અક્ષરવાડીએ સેવામાં પહોંચી જજો.'

આ આજ્ઞાને મસ્તકે ચડાવતાં આ યજમાને સ્વામીશ્રીને વિદાયમાન આપી પત્નીને જણાવ્યું: 'બાપાએ મને અક્ષરવાડીની સેવા સોંપી છે એટલે હું આજે જ જૂનાગઢ જવાનો છું.'

'તમને વાડી સોંપી છે, પણ મને તો અક્ષરધામ સોંપ્યું છે.'

ઘરમાં પગલાં પાડનારા સ્વામીશ્રી અગમની એંધાણી આપી ગયા હોય તેમ એ બાઈ ખોંખારીને બોલી.

પરંતુ તેના આ પ્રતિભાવમાં પ્રતીતિ ન બેસતાં છગનભાઈ તો પોતાના કાર્યમાં પરોવાયા. ત્યાં જ ચૂંટણીનાં ઓળખપત્રોની કાર્યવાહી માટે જરૂરી ફોટા પડાવવા માટે આ દંપતીને બોલાવવા ગામના સરપંચ આવી પહોંચ્યા. જો કે છગનભાઈનાં ઘરવાળાંએ તો તેઓનેય સંભળાવી દીધું: 'મારે ક્યાં આ દુનિયાનો મત આપવો છે? મારે તો અક્ષરધામનો મત આપવો છે. મારે ફોટો પડાવવા નથી આવવું.'

અગોચરનો માર્ગ જાણે આ ગામઠી મહિલાને હથેળીની હસ્તરેખા જેવો સ્પષ્ટ દેખાઈ રહેલો. તેથી સરપંચની વિદાય બાદ તેઓએ સ્વામીશ્રીએ જે ઓરડામાં ભોજન લીધેલું તેમાં જ વિશ્રામ માટે પડખું ઢાળ્યું. તે વખતેય તેઓ

બોલ્યાં : 'બાપાની પ્રસાદીની ઓરડીમાં સૂઈએ તો અક્ષરધામમાં જવાય.'

છગનભાઈને તો પત્નીની આ હરકતોમાં નર્યો ઉન્માદ જ લાગતાં તેઓ તે તરફ લક્ષ્ય આપ્યા વિના પોતાનો સરંજામ બાંધવા માંડ્યા. નવનિર્મિત મંદિરમાં પ્રતિષ્ઠા પછીની પ્રથમ સંધ્યા આરતી કરી જૂનાગઢ નીકળી જવાની તેઓની નેમ હતી. તે મુજબ સમય થતાં મંદિરે ગયેલા તેઓ સાથે પત્ની પણ હતાં. અહીં આરતી ઉતારી બંને ઘેર આવ્યાં ત્યારે ભેંસ દોહવા વાડામાં પહોંચેલાં પત્નીએ ત્યાંથી ભરી લાવેલું બોઘરણું જ્યાં ઘરમાં મૂક્યું ત્યાં જ તેઓના પ્રાણ પ્રયાણ કરી ગયા !

તે વખતે મહારાજ-સ્વામી તેડવા આવ્યા હોય તેમ પત્નીનો ચહેરો સૌમ્ય જોઈ તેઓના મોઢે બોલાયેલા એકેએક વાક્યનાં વળ-સળ છગનભાઈએ ખૂલી ગયેલાં અનુભવ્યાં. તેથી તેઓનું હૈયું પણ નિષ્કુળાનંદજી જેવી જ અનુભૂતિ ગાઈ રહ્યું કે *'એવો સત્સંગી કોઈ ન કા'વે, જેને તેડવા નાથ ન આવે...'*

આ પ્રતીતિ સાથે છગનભાઈએ પત્નીએ ભાખેલી આગાહીઓ મુજબ જ બનેલા આજના સમગ્ર ઘટનાક્રમને ઉત્સાહભેર વધાવી લીધો.

જે સંજોગોમાં સામાન્ય સંસારીજનને કાં તો ડૂમો ભરાઈ આવે કાં તો તે ઠૂંઠવો મૂકે, તે સમયે આ હરિભક્તે પત્નીના પાર્થિવ શરીર પાસે ઊભા રહી સ્થિરતાપૂર્વક 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' ધૂન કરી ! તે પછી તેઓ દીકરાઓને અંતિમવિધિ કરવાનું સોંપી સ્નાન કર્યા બાદ સ્વામીશ્રીના આદેશ અનુસાર જૂનાગઢ જવા પગ ઉપાડી ગયા !

પ્રતિષ્ઠાના દિવસે બનેલા આ પ્રસંગમાં એક ભક્ત દેહ મૂકીને, તો એક ભક્ત જીવતે જીવ સમજાવતો ગયો કે 'સ્વામીશ્રી કેવળ મંદિરોમાં જ મૂર્તિઓ નથી પધરાવતા, પરંતુ બાઈ-ભાઈ ભક્તોનાં હૈયે પણ શ્રીજીને પધરાવે છે.' તે વિના મૃત્યુને પોંખવા સજ-ધજ થઈને બારણે ઊભા રહેવાની તૈયારી ક્યાંથી સંભવે ? શોકને સ્થાને ગુરુનું વચન પાળવાનો ઉમંગ પણ ક્યાંથી મળે ?

આ જોઈ સ્વામીશ્રીએ પણ તા. ૨૩/૧૦ના રોજ છગનભાઈને બિરદાવતાં કહ્યું : 'તમે બેય બળિયાં અને પાકા નિષ્ઠાવાળાં નીકળ્યાં. પહેલાંના હરિભક્તોની વાતો કરીએ પણ આ તો પ્રત્યક્ષ જોવા મળ્યું. તમે તો પર્વતભાઈ જેવું કર્યું.'

આમ કહી તેઓએ આ હરિભક્તને પત્નીના ધામગમન નિમિત્તે કરવાનો લૌકિક વ્યવહાર પૂર્ણ કરી મંદિરની સેવામાં પહોંચવા આજ્ઞા આપી

ત્યારે જ છગનભાઈ ઘેર ગયા.

પૂર્યા મનોરથ મનના

લીલાખાથી ગોંડલ આવેલા સ્વામીશ્રી તા. ૨૩/૧૦ની સવારે મંદિરમાં દર્શને પધાર્યા ત્યારે કોળી મંડપના ઘંટને સંતોએ સ્વચ્છ કરી ફૂલો વડે શણગારી દીધેલો. ઘંટની આ રોનક ફેરવવામાં નિમિત્ત બનેલો – પાંચ દિવસ પહેલાં સ્વામીશ્રીએ કરેલો ઘંટનાદ. સત્પુરુષનો અલ્પ સંબંધ જડનેય પૂજ્યતા પમાડી દે છે! તે અનુસાર આજે સુશોભિત સ્વરૂપમાં દેખા દેતા ઘંટ દ્વારા સ્વામીશ્રીએ ૨૬ ડંકા વગાડ્યા.

તે જોઈ અગ્રણી હરિભક્ત સુરેન્દ્રસિંહે કહ્યું: 'બાપા! હાલ તો એમનેમ ડંકા વાગે છે, પછી આ વગાડવાની શી જરૂર?'

'અત્યારે વગાડવા પડે એમ છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના આ ઉદ્‌ગારમાં સિદ્ધિ મળ્યા પછીયે સતત ઉદ્યમી રહેવાની પ્રેરણા છે.

આ રીતે સતત કાર્યશીલ સ્વામીશ્રી તા. ૨૫/૧૦ની સવારે દસ વાગ્યે વાસાવડ પહોંચ્યા ત્યારે તેઓએ આદરેલા જળસંચય અભિયાનમાંથી પ્રેરણા પામેલા અજમેરા પરિવારે અત્રે ત્રણ ચેક ડેમ બાંધીને ૪૫ કરોડ લિટર પાણીનો સંગ્રહ કરેલો. આ જળસંચયને કારણે ઊભાં થયેલાં ત્રણ સરોવરોનાં નામ પણ પ્રમુખ સાગર, યોગી સરોવર અને યજ્ઞપુરુષ જળસમંદર રખાયેલાં. તે દરેકમાં ઠાકોરજીનાં પુષ્પો પધરાવી શિવરાજગઢ પહોંચેલા સ્વામીશ્રી અહીંના નવનિર્મિત મંદિરમાં આરતી ઉતારી બાર વાગ્યે ગોંડલ પરત ફર્યા.

અત્રે તેઓ સાંજના ૫:૨૫ વાગ્યે અચાનક સભામંડપમાં પધાર્યા ત્યારે હજી સભા શરૂ નહોતી થઈ, તો કોઈ મુલાકાતી પણ નહોતું. તેથી સ્વામીશ્રી સભામંડપના પશ્ચિમ છેડે આવેલા બાલમુકુંદદાસ સ્વામીના ઓરડે જઈ પહોંચ્યા. તેઓને જોતાં આ વરિષ્ઠ સંત બોલી ઊઠ્યા: 'આજે મને એમ થતું જ હતું કે 'બાપા પધારશે' અને આપે આ કુટિર પાવન કરી.'

આ સાંભળી સૌને સભામંડપમાં વહેલા પધારી જવાની સ્વામીશ્રીની ચેષ્ટાનો મર્મ પકડાયો.

આમ, સૌના મનોરથ પૂરતા તેઓ આ ઓરડાની સ્મૃતિ વાગોળતાં બોલ્યા: 'પહેલાં અમારા માટે આ જ કુટિર હતી. હું, હરજીવનદા' અને

બીજા સંતો અહીં પડ્યા રહેતા. પછી ઉપર ઓરડે રહેતો. તે દા'ડે શાસ્ત્રીજી મહારાજના બે ઓરડા જ પાછળ હતા. અમે પરચૂરણ સાધુઓ અહીં જ રહેતા.'

આ રીતે અતીતનું એક પાનું ઉઘાડી સ્વામીશ્રી તા. ૨૬/૧૦ની સાંજે રાજકોટ પહોંચ્યા.

હું તો દાસ છું, હું તો નાનો છું

તા. ૨૭/૧૦ની સવારે નિત્યપૂજા કર્યા બાદ નિર્માણાધીન મંદિરનું નિરીક્ષણ કરી ઉતારે પધારેલા સ્વામીશ્રીએ અહીં કેટલાક હરિભક્તોને બોલાવી રાખેલા. તેઓને સમજણની સુધાનું રસપાન કરાવતાં સ્વામીશ્રી કહેવા લાગ્યા :

"શાસ્ત્રીજી મહારાજ હતા ત્યારે જોગી મહારાજે ક્યારેય આગળ આવવા પ્રયત્ન કર્યો નથી અને જોગીબાપા ગૌણ થાય એવું મારા જીવનમાં મેં ક્યારેય કરવા દીધું નથી.

શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા પછી ઘણા જૂના હરિભક્તો એવા હતા કે જે મને કહેતા, 'શાસ્ત્રીજી મહારાજે સત્તા તમને સોંપી છે. ગાદી ઉપર તમારે બેસવું જોઈએ. તમને ચાદર ઓઢાડી ત્યારે શાસ્ત્રીજી મહારાજે જાતે જ લખાવેલું કે 'આ નારણદા' મારે ઠેકાણે છે.'

પણ મેં કહ્યું, 'તમારું એ બધું સાચું, પણ શાસ્ત્રીજી મહારાજે જોગીબાપાને કહેલું કે 'એને આશીર્વાદ આપો, તમારા જેવા ગુણ આવે.' દીક્ષા આપતી વખતેય માથે હાથ મુકાવ્યો હતો. એટલે મારે મન જોગી મહારાજ એટલે જોગી મહારાજ. મારી સત્તા જોગી મહારાજ માટે નથી.'

આ રીતે બે-ત્રણ પ્રસંગોમાં મારે કહેવું પડેલું.

મારી પૂજામાં કોઈ આવે તો એનેય હું કાઢી મૂકતો. લોકો મને ગમે એ કહે પણ મને તો પાકું જ હતું કે 'મારે જોગીબાપાના સેવક થઈને જ રહેવાનું છે.' મારે સંસ્થાને છિન્ન-ભિન્ન કરવી ન હતી.

એક ભાઈ એક બાજુ મારા પર કેસ કરે. બીજી બાજુ મને કહે, 'તમે સંસ્થાના પ્રમુખ છો. દીક્ષા આપવાનો અધિકાર, પ્રતિષ્ઠાનો અધિકાર તમને છે. જોગીબાપા કરે છે એમને કોઈ હક નથી. બધું ખોટું, ગેરકાયદેસર છે.'

મેં એનેય કહી દીધું, 'તું ખોટી લડાવાની વાત રહેવા દે. શાસ્ત્રીજી મહારાજને જો તું જાણતો હોય તો યોગીજી મહારાજના વિરુદ્ધનો વિચાર જ કેમ આવે છે?!'

એ કહે, 'હું કોરટમાં જઈશ.'

મેં કહ્યું, 'તારે કોરટમાં જવું હોય તો મારે વાંધો નથી, પણ જોગીબાપા છે ત્યાં સુધી મારે કંઈ જ કરવું નથી.'

મેં આમ કહી દીધું એટલે એની જાતે બેસી ગયો.

હું સમજતો હતો કે 'હું જોગીબાપાના સેવક તરીકે છું.' કેટલાક લોકો કહેતા કે 'જોગીબાપા કરતાં તમારી ગાદી ઊંચી જોઈએ.' એ બધા તો ગમે તે કહે, પણ સમજવાનું તો મારે હતું ને કે 'હું તો દાસ છું, હું તો નાનો છું. શાસ્ત્રીજી મહારાજની દયાથી ગાદીએ બેઠો છું.'

કોઈ પણ પ્રસંગમાં તમે જોજો. જોગીબાપાને મુખ્ય રાખીને જ મેં કાર્ય કર્યું છે ને મારા ઉપર જોગીબાપાની પૂરેપૂરી દયા હતી. જો હું જુદો પડ્યો હોત તો મને કે મને વળગેલા કોઈને શાંતિ થઈ ન હોત! ૪૮મી જન્મજયંતીનું પ્રવચન સાંભળજો. મેં ક્યારેય જુદું થવા જ નથી દીધું. હું આ રીતે વર્ત્યો તો અત્યારે મને શાંતિ છે. ભલે મારે અપમાન સહન કરવાં પડ્યાં, પણ શાંતિ છે. મને ચઢાવનારા, મને ઊંચે ચઢાવવા ઘણી વાતો કરતા, પણ મારે ન'તું ચઢવું. તો આ બધું સરખું રહ્યું.''

સ્વામીશ્રીના શબ્દે-શબ્દે દાસત્વનો દસ્તાવેજ લખાઈ રહ્યો. લૌકિક મહત્ત્વાકાંક્ષાઓથી જે સદંતર મુક્ત હોય તે જ આમ વર્તી શકે અને વિચારી શકે. આંબે જ કેરી પાકે, આકડે નહીં.

સંસ્થાકીય આરોગ્ય-સેવાનું એક નવું કદમ

આ અરસામાં જ્યાં જવાનું હોય ત્યાંના વ્યવસ્થાપકને થોડા કલાકો પહેલાં જ પોતાના આગમનથી માહિતગાર કરવાનું પ્રકરણ આદરનારા સ્વામીશ્રીએ તા. ૨૭/૧૦ની રાત્રે ગઢડાના સંતોને કહેવડાવ્યું કે 'આવતીકાલે સવારે અમે ત્યાં આવીએ છીએ.'

આ સૂચના મુજબ તા. ૨૮/૧૦ની સવારે રાજકોટથી આવી રહેલા સ્વામીશ્રીને પોલીસ ઍસ્કોર્ટ દ્વારા દોરી લાવવા ગઢડાના બે સંતો ઢસાના પાદરે જઈને ઊભા. પરંતુ સ્વામીશ્રીએ તો જસદણ, ઘેલા સોમનાથ, સહસ્રધરાનો માર્ગ લીધો. આ પ્રવાસમાં તેઓ બોલ્યા : 'પહેલાં અમે આ જ રસ્તે આવતા. આજે વર્ષો પછી આવવાનું થયું.'

આમ, પૂર્વસ્મૃતિના પંથે ગઢડા પધારેલા સ્વામીશ્રી અહીં દર્શન બાદ

બપોરે જમવા બિરાજ્યા ત્યારે ઢસાથી આવી ગયેલા સંતોએ કહ્યું: 'આજે સવારે અમે આપની સામા થયા'તા ને આપ જુદે રસ્તે આવ્યા.'

'સામા શું કામ થયા? સામા થયે કોઈનો ભલી વાર આવ્યો છે? સામા ના થવું.'

આ રીતે 'સામા' શબ્દનો સંદર્ભ બદલી ગમ્મત કરતા સ્વામીશ્રીએ જ્ઞાન પણ આપી દીધું કે 'અક્ષરબ્રહ્મની સામા થનારા કોઈ ફાવ્યા નથી.'

મર્મની આ વાત સમજાવી તા. ૨૯/૧૦ની સાંજે ગઢડાથી વિદાય થયેલા તેઓ સારંગપુર પધાર્યા ત્યારે અત્રે મૅડિકો-સ્પિરિચ્યુઅલ કૉન્ફરન્સનો મંગલ પ્રારંભ થઈ ચૂકેલો. તેમાં સપરિવાર એકત્રિત થયેલા ૨૦૯ સત્સંગી ડૉક્ટરોને આશીર્વાદ આપવા સ્વામીશ્રી પોતાનો કાર્યક્રમ ફેરવીને અત્રે આવેલા.

તેની વાત કરતાં તેઓએ જ આજના આશીર્વાદમાં જણાવ્યું કે 'આમ તો ડૉક્ટરોને મળવાનું ઘણી વાર થાય છે, પણ આજે જુદી રીતે મળીએ છીએ. અહીં અધિવેશન થયું. પહેલાં એવું હતું કે 'બધા ડૉક્ટરો ગોંડલ દર્શને આવશે.' પણ પછી મનમાં થયું કે 'આટલા બધા ડૉક્ટરો ત્યાં આવે એના કરતાં આપણે જ સામે જવું. એ રીતે અહીં આવવાનું થયું.'

બીજાનો વિચાર પહેલો રાખીને કાર્ય કરતા સ્વામીશ્રીનો આવો સૂક્ષ્મ અને સતત ચાલતો પરોપકાર ઝટ નજરે ન ચડતો. તેનો અન્ય એક આહ્લાદક અનુભવ પણ આ દાક્તરી પરિષદ કરી રહેલી.

સંસ્થા દ્વારા થઈ રહેલા આ પ્રથમ વારના આયોજન અંગે સ્વામીશ્રીને ફોનમાં માહિતી આપતાં વ્યવસ્થાપકોએ કહેલું: 'સભા વખતે બધા ડૉક્ટરોને ભારતીય બેઠક મુજબ નીચે પલાંઠી વાળીને બેસાડવાના છીએ.'

આ સાંભળી સ્વામીશ્રીએ સૌને ખુરશી પર બેસાડવાનું સૂચન કરેલું ત્યારે સૌએ જણાવેલું કે 'આયોજક ડૉ. બાજડિયાએ પણ 'નીચે ચાલશે' એમ કહ્યું છે.'

પરંતુ સ્વામીશ્રી બોલેલા: 'ડૉક્ટરો રાત-દિવસ ખુરશી પર બેસીને કામ કરતા હોય. એને નીચે ના ફાવે.'

અન્યની સરભરા માટે તેઓ કેટલું સૂક્ષ્મ વિચારતા!

નિત્ય નવીનતાનું રહસ્ય

તા. ૨૯/૧૦ની રાત્રે વાળુથી પરવારી પત્રવાંચન કરી રહેલા સ્વામીશ્રી

સાથે અનાયાસે મંડાઈ ગયેલી ગોષ્ઠિમાં એક સંતે કહ્યું: 'સ્વામી! અમને બધાને એક અનુભવ થાય છે કે આપને જ્યારે જોઈએ ત્યારે કંઈક નવું જ લાગે છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ સામે બેઠેલા એક સંતને જ પૂછ્યું: 'એવું શું છે, તે તને સમજાય છે?'

'આપ જ કહો.'

પરંતુ પોતાની વાત કરવામાં સ્વામીશ્રીને ઉમળકો ક્યાંથી આવે? તેથી તેઓ તો વાતને વળાંક આપતાં એક સંતને ઉદ્દેશી કહેવા લાગ્યા: 'લેખ સારા લખે છે. 'સ્વામીની વાતો'નું સંશોધન સારું કર્યું છે.'

ત્યારે આ સંતે અગાઉ છેડાયેલા વિષયનો દોર પકડી રાખતાં કહ્યું: 'પેલી નવીનતાવાળી વાતનો જવાબ આપો.'

'એ બધું શોધી નાંખો તમે. એ સંશોધનવાળાનું કામ છે.'

'યોગીબાપાએ હરિપ્રસાદ ચોકસીને કહેલું કે 'આ તો સહજાનંદની શક્તિ કામ કરે છે.' એમ આપ પણ રહસ્ય કહો કે 'આપનામાં કેમ કાયમ નવીનતા જ લાગે છે?'

'આપણેય એ જ છે. બીજું શું? જે કંઈ કરીએ એ ભગવાનની જ શક્તિ છે. એના વગર કાંઈ થઈ શકતું નથી.'

સ્વામીશ્રીએ આમ પ્રભુના પાલવ પાછળ પોતાની પ્રભુતાઈ છુપાવી ત્યારે તે પડદો ખસેડવાનો પ્રયત્ન કરતાં પેલા સંતે પૂછ્યું: 'ગઢડા પ્રથમ પ્રકરણના ૨૭મા વચનામૃતમાં શ્રીજીમહારાજે 'મને મળ્યા જે પ્રત્યક્ષ ભગવાન તે વડે બધું થાય છે...' એમ સમજવાનું કહ્યું છે. અત્યારે તો આપ પ્રત્યક્ષ છો. તેથી એ આપને વિષે જ સમજવાનું ને?'

'એ વાત બરાબર છે, પણ પરમાત્મા તો એક શ્રીજીમહારાજ. એ સત્પુરુષમાં સર્વપ્રકારે રહ્યા છે. 'ગુરુપરંપરા એ જ સાક્ષાત્ શ્રીજીમહારાજ' એવું ન બોલાય. સત્પુરુષ મહારાજનું બધી જ રીતે સ્વરૂપ છે. એમના દ્વારા શ્રીજીમહારાજનું જ સુખ આવે છે.'

સ્વામીશ્રીએ જણાવ્યું. તે દ્વારા તેઓની નિત્ય નવીનતાનું રહસ્ય પણ ખૂલી ગયું.

સનાતન શ્રીજીમહારાજને અખંડ ધારણ કરી રાખનારા સ્વામીશ્રી પુરાતન કેવી રીતે થઈ શકે? તે તો નિત્ય નવીન જ અનુભવાય ને!

સતેજ સ્મૃતિદીપ

તબીબી પરિષદ માટે સારંગપુર પધારેલા સ્વામીશ્રીને તેઓના જ શબ્દોમાં કહીએ તો 'બહુ તાંતણે બળિયું. આ બધા સંતો ઝાઝા છે એમાં એકનું કાંઈ ચાલે નહીં. તે પહોંચો આપ્યો ને છેક અહીં (ખભા) સુધી વળગ્યા. આવ્યા મળવા ને બેસાડ્યા દળવા...' જેવું થઈ ગયેલું. તેથી તેઓએ અહીંના સંતોની વિનંતી સ્વીકારી દિવાળી-અન્નકૂટના ઉત્સવો સારંગપુરમાં ઊજવવા 'અઠે દ્વારકા' કરી દીધું. અલબત્ત, આ અંગે સ્વામીશ્રીએ 'હજૂરમાં પૂછવું પડે' કહી ગોંડલના સંતોની અનુમતિ મેળવી. તે મુજબ સારંગપુરમાં નિવાસની સત્તાવાર જાહેરાત તા. ૧/૧૧, ધનતેરસની સવારે થતાં જ સંતો-પાર્ષદોને તો દિલમાં દીવા પ્રગટી ગયા. તેની સાથે આ પર્વ નિમિત્તે ગોંડલ ભણી ધસી રહેલો ભક્તપ્રવાહ પણ સારંગપુર તરફ વળી જતાં અહીં ભક્તપૂર ઊમટી પડ્યું.

સર્વત્ર પ્રસરી રહેલા આવા ઉલ્લાસ-સભર વાતાવરણમાં સ્વામીશ્રીએ તા. ૩/૧૧ની સાંજે યજ્ઞપુરુષ સ્મૃતિમંદિરના આંગણે ચોપડા પૂજનનો વિધિ કર્યો. તે વખતે દીવડાઓની કમાન, દીવડાઓની પાર્શ્વભૂ અને દીપમાળાની ત્રિવેણીથી સ્મૃતિમંદિર ઝગમગી ઊઠ્યું. તેનો ઉજાસ પીને ઊગેલી તા. ૪/૧૧ના રોજ સ્મૃતિમંદિર અને મંદિર અન્નકૂટની વાનગીઓથી મઘમઘી ઊઠ્યાં. તેની સાથે આજથી શરૂ થતી વિ.સં. ૨૦૫૧ના પ્રથમ પ્રભાતે સૌ સ્વામીશ્રીનો કૃપાપ્રસાદ પણ પામ્યા.

આ પ્રસાદનું વિતરણ કરવા તા. ૭/૧૧, લાભ પાંચમની બપોરે સવા ત્રણ વાગ્યે સારંગપુરથી વિદાય થયેલા સ્વામીશ્રીએ સાંજે સવા સાત વાગ્યે ભુજની ભૂમિ પર પદાર્પણ કર્યું.

અત્રે તા. ૮/૧૧ની સાંજે મિડલ હાઈસ્કૂલના પ્રાંગણમાં યોજાયેલી જાહેર સન્માન-સભા કચ્છના મહારાવ, સાંસદ, ધારાસભ્ય વગેરે મહાનુભાવો સહિત ચારેક હજાર ભાવિકોથી ભરચક હતી. તેમાં પ્રજાના પ્રતિનિધિઓએ સન્માનના પ્રતીકરૂપે આપેલી ચાંદીની તાસક સ્વામીશ્રીએ સ્વયં ન સ્વીકારતાં ઠાકોરજી સમક્ષ મુકાવી.

આ જ ભક્તિભાવથી તેઓ તા. ૯/૧૧ની સવારે નિર્મળસિંહની વાડીમાં સંસ્થાને મળેલી જમીન પર બંધાયેલા મંડપમાં નિત્યપૂજા કરી મંદિર તરફ જઈ રહેલા ત્યારે સામેથી આવતા એક વૃદ્ધને જોઈ બોલ્યા: 'આ

ગોવિંદભાઈ. નૈરોબીમાં જે સૌથી પહેલું મંદિર શાસ્ત્રીજી મહારાજના વખતમાં થયું તે વખતે આ ટ્રસ્ટી. બનાવનાર પણ આ જ. હરમાનભાઈ, મગનભાઈ બધા સાથે. આપણો પક્ષ ખરો.'

પચાસેક વર્ષ પૂર્વેની એક તવારીખ સંભળાવનારા સ્વામીશ્રી આ ગુણભાવીને ખબર નહીં છેલ્લે ક્યારે મળ્યા હશે ! આ વડીલનેય કલ્પના નહોતી કે સ્વામીશ્રી મને ઓળખી જશે. પરંતુ સમયની આંધી વચ્ચે પણ પૂરા તેજ સાથે ઝળહળતો રહેતો સ્વામીશ્રીનો સ્મૃતિદીપ. તેણે આજે સૌને આંજી દીધા.

આ માહોલમાં સ્વામીશ્રી સવારે દસેક વાગ્યે ભુજના શ્રીજીનિર્મિત મંદિરે પધાર્યા ત્યારે ઠાકોરજીનાં દર્શન બાદ તેઓ અહીં સભામંડપની જાળીને અઢેલી બેઠેલા પ્રત્યેક સંતને એકદમ નીચા નમીને પગે લાગ્યા. આ સંત-સમુદાયના કેટલાક તો વયમાં ઘણા નાના હતા, પરંતુ શ્રીજીમહારાજના સંબંધવાળા સૌનો મહિમા સમજનારા સ્વામીશ્રીએ અત્રે ઠાકોરજી અને મંદિરમાં રહેતા તમામ માટે થાળની સેવા પણ કરાવી. તેની પહોંચમાં મંદિર તરફથી ૧,૫૦૦ રૂપિયાનો આંકડો લખાયેલો જાણ્યો ત્યારે સ્વામીશ્રીએ હરિભક્તોને ૪,૫૦૦ રૂપિયા નોંધાવવાની આજ્ઞા કરી.

પ્રેમના પાટે પૂરપાટ પ્રવાસ

આ અરસામાં સમગ્ર કચ્છને મગજના તાવની બીમારીએ ભરડામાં લીધો હોવાથી સ્વામીશ્રીના અહીંના કાર્યક્રમ સામે તબીબોએ લાલ બત્તી ધરેલી. પરંતુ તે જોઈ પ્રેમના પાટે દોડતી સ્વામીશ્રીના વિચરણની ગાડી અટકી નહોતી અને અહીં આવી પહોંચેલા તેઓ તા. ૯/૧૧ની સાંજે તો ભુજથી પણ વિદાય લઈ રસ્તે આવતાં મીરઝાપુર, સુખપુર, સામતરા તથા નખત્રાણાને પાવન કરતાં રાત્રે સવા આઠ વાગ્યે રવાપર જઈ પહોંચ્યા, પરંતુ માર્ગ એવો ઊબડ-ખાબડ નીકળ્યો કે ૮૫ કિ.મી.નો આ રસ્તો કાપતાં સ્વામીશ્રીને ત્રણ કલાક થયા !

રવાપરના યજમાન શ્રી ધરમશીભાઈ પટેલે ગઈકાલે જ ભુજમાં વાત કરેલી કે 'બાપા ! આપ પધારો છો પણ મારું મકાન હજી જેવું-તેવું જ તૈયાર થયું છે, તો માફ કરજો.'

ત્યારે સ્વામીશ્રી બોલેલા : 'એમાં કશો જ વાંધો નથી. સૂવા-ના'વાની એક રૂમ મળે એટલે પતી ગયું. ભગવાન ભજી લેવા. મહારાજના વખતમાં

ક્યાં કંઈ હતું ? પહેલાં તો બા'ર ના'વા જવાનું, તોય સંતો ગામડે-ગામડે જતા. સાધુ જો સગવડની વાત કરે તો સત્સંગ કરાવી ના શકે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે આવો વિચાર કર્યો હોત તો કાંઈ થાત જ નહીં. અમારે સાધુને તો જેમ-તેમ, જ્યારે-ત્યારે ચલાવવાનું જ હોય.'

આ રીતે શરીર, સડક કે સુવિધાના કોઈ જ વિચાર વિના વિચરતા સ્વામીશ્રીએ રવાપરના એક દિવસના રોકાણ દરમ્યાન ગામમાં આવેલાં બાઈ-ભાઈનાં સ્વામિનારાયણ મંદિર તેમ જ લક્ષ્મીનારાયણ મંદિરમાં દર્શન કરી ગામવાસીઓને સારો લાભ આપ્યો.

તે હેતુસર જ તા. ૧૧/૧૧ની સવારે તેઓ અહીંથી પાનધ્રો જવા નીકળ્યા, પણ ૫૦ કિ.મી.નો આ પંથ કાપતાંયે તેઓને દોઢ કલાક લાગ્યો.

પાનધ્રોની ભૂમિમાં ધરબાયેલા લિગ્નાઇટના વિપુલ ભંડારને કારણે અત્રે સ્થપાયેલા જી.ઈ.બી.ના વિદ્યુત મથકમાં નોકરિયાત તરીકે ઘણા સત્સંગીઓ હતા. તેઓની સાથે કંઈક મુમુક્ષુઓને માર્ગદર્શન આપવા આજની સાંજે ટુ ટાઈપ ગાર્ડન મુકામે યોજાયેલી જાહેર-સભામાં જવા માટે સ્વામીશ્રીને એક ભાવિકની ગાડીમાં બેસવાનું હતું. પરંતુ તેઓની પાઘ તો પોતાની ગાડીમાં જ હતી. તેથી તે ન આવી ત્યાં સુધી સ્વામીશ્રી ઊભા રહ્યા. શ્યામજી વર્મા નગરના અતિથિગૃહમાં રખાયેલા ઉતારાથી સભાસ્થળે પાંચ જ મિનિટમાં પહોંચી જવાય તેમ હોવા છતાં, તેઓ મસ્તકે પાઘ પહેરીને જ જાહેર સ્થળે જવાની શ્રીજીમહારાજની પ્રણાલિકા ન ચૂક્યા.

સ્વામીશ્રીનું વિચરણ જેટલું ઝડપી રહેતું એટલી જ નિયમપાલનની તેઓની તકેદારી સૂક્ષ્મ રહેતી.

કચ્છમાં કલ્યાણયાત્રા

તા. ૧૨/૧૧ની સવારે પાનધ્રોના ક્લબ હૉલમાં પ્રાતઃપૂજા કરી તીર્થસ્થાન નારાયણ સરોવર પહોંચેલા સ્વામીશ્રીએ અહીં સોમૈયા ગૌશાળાની ૬૦૦ ઉપરાંત ગાયોને જમાડવાના લાડુ પ્રસાદીભૂત કર્યા બાદ ઓધવ ઉપવનમાં રુદ્રાક્ષના છોડનું વાવેતર કર્યું. તે પછી સરોવરની સોપાનપંક્તિ પર ઊભા રહી તેઓએ ભૂદેવોએ કરાવેલા વિધિ અનુસાર વરુણદેવનું પૂજન કરી જળ મસ્તકે ચડાવ્યું અને સરોવરમાં ચરણ બોળી તેને વિશેષ તીર્થત્વ પણ આપ્યું.

અહીંથી ત્રિકમરાયજીના મંદિરે પધારેલા સ્વામીશ્રીએ અત્રે બે હાર ચઢાવી મૂર્તિનાં પૂજન અને આરતી કર્યા બાદ, પરિસરમાં આવેલાં અન્ય ૭ મંદિરોએ પણ વંદન કરી ભેટ મુકાવી. અંતે અહીંના હૉલમાં પ્રાસંગિક સભાનો લાભ આપી પ્રાચીન તીર્થ કોટેશ્વરને પાવન કરનારા સ્વામીશ્રી અત્રે તો સેવકોના હાથ પર બેસી ૪૦ પગથિયાં ચઢ્યા અને મહાદેવજીનાં દર્શન કર્યાં.

આમ, વિધિસર તીર્થયાત્રા સંપન્ન કરી તેઓ તા. ૧૩/૧૧ની સવારે હેલિકોપ્ટર દ્વારા પાનધ્રોથી ગાંધીધામ પધાર્યા.

અત્રે સંભવિત મંદિર માટે વિવિધ જમીનોનું નિરીક્ષણ કરી સાંજે લીલાશા ગરબી ચોકમાં આયોજિત જાહેર-સભામાં બિરાજેલા સ્વામીશ્રીને શહેરની સમગ્ર જનતા વતી રજતરસિત સન્માનપત્ર એનાયત થયું. નગરનાં વિવિધ સામાજિક સંગઠનોના અગ્રણીઓએ પણ પ્રવચનો અને પુષ્પહારોથી તેઓને વધાવ્યા.

આ બહુમાન સ્વીકારી સ્વામીશ્રી તા. ૧૪/૧૧ની સવારે કંડલામાં ગ્રેસ ઍન્ટરપ્રાઈઝના સંકુલમાં પધાર્યા. સવા ત્રણ એકરની આ ભૂમિ પર લંડનના મંદિર માટે ઇટાલી અને બલ્ગેરિયાના પથ્થરોનું ઘડતરકામ ૫૫૦ રાજસ્થાની કારીગરો દ્વારા થઈ રહેલું. આ તક્ષણપ્રક્રિયાને ખૂણે-ખૂણે જઈ નિહાળનારા સ્વામીશ્રી શિલ્પીઓ પર પુષ્પોની સાથે પ્રસન્નતા પણ વરસાવતા ગયા.

તે પછી યોજાયેલી સભામાં પધારેલા તેઓને, કાર્યની દેખરેખ રાખનારા સમર્પિત કાર્યકરો શ્રી વિનોદભાઈ પટેલ તથા સુમનભાઈ સોમપુરાએ સત્કાર્યા. ત્યારબાદ કારીગરોએ બચત તેમ જ વ્યસનમુક્તિમાંથી એકઠા કરેલા ૧,૨૦,૭૪૮ રૂપિયા ભક્તિભાવપૂર્વક સ્વેચ્છાથી ઠાકોરજીને ભેટ ધર્યા. તે વખતે સૌને ખ્યાલ આવ્યો કે અહીં માત્ર પથ્થરોનું જ નહીં, પણ માનવોનુંયે ઘડતરકામ થઈ રહ્યું છે. સ્વામીશ્રીનાં કાર્યો દુનિયાથી આ બાબતે નોખાં તરી આવતાં. દુન્યવી કામોમાં મનુષ્ય ખરડાતો, જ્યારે અહીં તે ઘડાતો.

આવા કારીગરોની સભા બાદ આજની સાંજે આ જ પરિસરમાં પોર્ટ ટ્રસ્ટના અધિકારીઓ, અમલદારો તથા ઉદ્યોગપતિઓની પણ વિશિષ્ટ સભા યોજાઈ. તેમાં મુક્ત વ્યાપારી ક્ષેત્ર(free trade zone)ના કમિશનર શ્રી કદલબજ્જૂએ સ્વાનુભૂતિ વર્ણવી કે 'प्रमुखस्वामी के यहाँ आने से हमारे मन इतने प्रसन्न हैं, जैसे भगवान के दर्शन कर लिये। प्रमुखस्वामी जैसे भगवान के अवतार से ही मनुष्य अपने को थोड़ा बहुत पहचान सकता है। उनका प्रभाव

जीवन में हमेशा रहेगा।'

આ જ રીતે પોર્ટ ટ્રસ્ટના ચૅરમેન શ્રી ભગતે પણ અનુભવ વાગોળ્યો કે 'स्वामीजी सिर्फ़ अपने देश में ही नहीं, विदेश में भी इतने ही नामी हैं। आप ईश्वरस्वरूप हैं। उनके आगे माथा अपने आप ही झुक जाता है।'

સ્વામીશ્રીનું ઈશ્વરીય વિભૂતિમત્ત્વ આજે પરપ્રાંતીય અમલદારોને પ્રથમ પરિચયમાં જ ખરેખરું સ્પર્શી ગયું.

અતિ હેત પ્રીત્યનો નહીં પાર

ગાંધીધામમાં શ્રી માધવ આહુજાના બંગલે ઊતરેલા સ્વામીશ્રી તા. ૧૫/૧૧ની સવારે સ્નાનવિધિ કરવા પધાર્યા ત્યારે તેઓએ અચાનક જ સેવકોને કહ્યું: 'ત્રિકમભાઈ ધામમાં ગયા પછી સુરેન્દ્રનગર જવાયું નથી તો આજે રાત ત્યાં રોકાઈ જઈએ.'

અનેક વૈશ્વિક પ્રવૃત્તિઓમાં પરોવાયેલા રહેવા છતાં સ્વામીશ્રીના હૃદયમાં ભક્તો રમી રહ્યા છે તેના પુરાવારૂપ આવી ઘટનાઓ અવારનવાર બનતી રહેતી. કોઈ પણ જૂના, નિષ્ઠાવાન, પાયારૂપ સત્સંગીઓ અક્ષરવાસ પામે ત્યારે તેઓના પરિવારજનોને આશ્વાસન અને આશીર્વાદ આપવા તેઓ અવશ્ય પહોંચી જાય. તેઓની આ ગતિવિધિ સદ્‌ગતનાં સ્વજનોને *'અતિ હેત પ્રીત્યનો નહીં પાર...'*નો અનુભવ કરાવી જતી.

તે અનુસાર સ્વામીશ્રીએ આજે સુરેન્દ્રનગર જવાનું જણાવ્યું ત્યારે સેવકોએ મુશ્કેલી દર્શાવી કે 'સુરેન્દ્રનગરમાં તાત્કાલિક રાત રોકાવાય એવું એકેય મકાન નથી.'

'મકાનની શું જરૂર છે? ત્યાં મંદિર છે ને!'

પરંતુ સ્વામીશ્રી જેને મંદિર કહી રહેલા તે તો હતો સભાસ્થળ તરીકે વપરાતો પતરાંનો શેડ. તેથી સંતોએ જણાવ્યું: 'એ મંદિરમાં રૂમ જેવું ક્યાં છે?'

'આપણે રાત જ રોકાવું છે ને! રૂમની શું જરૂર છે? હૉલમાં પડ્યા રહીશું.'

હકીકતે તો રાત્રિરોકાણ હોય ત્યારે જ ઓરડાની જરૂર પડે ને! પરંતુ ભક્તનું ટાણું સાચવવા સ્વામીશ્રીને ઊપડેલી તાલાવેલી તેઓની આ દલીલોમાં ઝિલાઈ રહી. અંતે સુરેન્દ્રનગરનો કાર્યક્રમ ગોઠવાઈને જ રહ્યો.

તે મુજબ ત્યાં જતાં પૂર્વે સ્વામીશ્રીએ આજની સવારે પોર્ટ ટ્રસ્ટના

ચૅરમેનનું નિમંત્રણ સ્વીકારી રંગમતી મોટરબોટમાં બિરાજી જળવિહાર દ્વારા કંડલા બંદરને નિહાળ્યું. રાષ્ટ્રપતિ, વડાપ્રધાન કે અતિ ઉચ્ચ કક્ષાના પ્રધાનો માટે જ ઉપયોગમાં લેવાતી આ બોટમાં સ્વામીશ્રીને લઈ નીકળેલા અમલદારોએ તેઓને બંદરની અગત્ય, ભૌગોલિક મહત્ત્વ, કાર્યપદ્ધતિ અને આયાત-નિકાસનો સવિસ્તર પરિચય આપ્યો.

અડધો કલાકની આ જળયાત્રા બાદ સ્વામીશ્રી કસ્ટમ કલેક્ટરની કચેરી, બાલાજી મંદિર વગેરેની મુલાકાત લઈ આજની રાત્રે સાડા આઠ વાગ્યે સુરેન્દ્રનગર આવી પહોંચ્યા ત્યારે તેઓ કચ્છની કલ્યાણયાત્રામાં ૧૧૦૦ કિ.મી.નો પ્રવાસ ખેડી ચૂકેલા.

છતાં સુરેન્દ્રનગરમાં તા. ૧૬/૧૧ની સવારે શ્રી ત્રિકમભાઈના ઘેર પહોંચેલા સ્વામીશ્રી અહીં આ અક્ષરવાસી ભક્તના પુત્રો શ્રી નવનીતભાઈ અને યશવંતભાઈને આશીર્વાદ આપી બપોરે પોણા બાર વાગ્યે બોચાસણ પહોંચ્યા.

અત્રે તા. ૧૮/૧૧ના રોજ આવેલી કાર્તિક પૂર્ણિમાના દિવસે દર્શને આવેલા રાજ્યના નાયબ આરોગ્યમંત્રી શ્રી સુભાષ શેલતે સ્વામીશ્રીને જણાવ્યું :

'સુરતમાં પ્લેગના ઉપદ્રવમાં આપની સંસ્થાએ અદ્‌ભુત સેવા કરી. જ્યારે ડૉક્ટરો નાસી ગયેલા ત્યારે સંતો-સ્વયંસેવકો ત્યાં ખડે પગે ઊભા રહ્યા. તેઓના લીધે જ અમારા કર્મચારીઓમાં શ્રદ્ધા વધી. તેઓ પણ નાસી જવાનો જ પ્રયત્ન કરતા હતા, પણ બે કલાકને બદલે ચોવીસ કલાક કામ કરતા થયા. જ્યારે હું ગયો ત્યારે એક વાર મારો પગ પણ ધ્રૂજી ગયો હતો. આપનો જેટલો આભાર માનું એટલો ઓછો.'

સ્વામીશ્રીની સમાજ-સેવાઓ હંમેશાં આગવી છાપ પાડનારી રહેતી.

અમારું કામ તો કાંટે જ હોય

તા. ૧૮/૧૧ની રાત્રે વાળુ કરવા બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ ચાલતી થયેલી હળવી વાતોમાં એક સંતે પૂછ્યું : 'મારો મત એવો છે કે કોઈ વાતનો અતિરેક થવો ન જોઈએ. આપનું શું કહેવું છે ?'

આ વિષે સ્વામીશ્રી પોતાની રુચિ પ્રગટ કરી રહેલા તે જ વખતે સેવકે તેઓના પત્તરમાં ચોપડાનો ટુકડો મૂક્યો. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'બસ ! આપણે બહુ થઈ ગયું. હમણાં કહ્યું ને કે 'અતિ ન કરવું.'

'જેમ અતિ ન કરવું એમ ઓછુંય ન કરવું.'

સામે બેઠેલા સોમપ્રકાશદાસ સ્વામીએ જ્યાં આમ કહ્યું ત્યાં સ્વામીશ્રીએ પ્રતિભાવ આપ્યો કે 'અમારું કામ તો કાંટે જ હોય.'

આવી અતિ સંતુલિત જીવનશૈલી ધરાવતા તેઓ તા. ૧૯/૧૧ની સવારે પુરુષોત્તમ સ્વામીની દેરીએ પધાર્યા ત્યારે ત્યાં મંદિરનાં વાહનો ચલાવતા ડ્રાઈવરો હરોળબંધ ઊભા રહેલા. તે દરેકનો પરિચય સ્વામીશ્રી મેળવતા ગયા.

આ ક્રમમાં એક ગાડીચાલકની વાત કરતાં કો'ક વ્યવસ્થાપકે કહ્યું: 'એનાં લગ્નનું ગોઠવાઈ ગયું છે.'

તે સાંભળી હળવા હાસ્ય સાથે સ્વામીશ્રી બોલ્યા: 'આ તો જોડે એવા જ છે. એ 'જોડુ' છે ને અમે 'તોડુ' છીએ.'

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે ને કે 'ઓહો! આવા ક્યાંથી મળે? વિષયમાં જોડે એવા તો મળે, પણ તોડે એવા ક્યાંથી મળે?'[૫૭] કારણ કે જીવને વિષયનાં બંધનોમાંથી છોડાવવાનું ગજું તો કેવળ ગુણાતીત સંતનું જ. પોતાનું આ સામર્થ્ય જણાવતાં સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

સજ્જડ સ્નેહસાંકળ અને સ્મૃતિસાંકળ

તા. ૧૯/૧૧ની સવારે અલ્પાહાર બાદ ચાલતી થયેલી મુલાકાતો દરમ્યાન વડોદરાથી આવેલા શ્રી જીકાર સાહેબે મનોરથ ઉચ્ચાર્યો કે 'બાપા! મારી ઈચ્છા છે કે આપના માટે મોંઘાં ધોતિયાં લાવું.'

'મારા માટે નહીં, પણ ઠાકોરજી માટે લાવજો.' સ્વામીશ્રીના આ એક જ વાક્યમૂળમાંથી ભક્તિ અને વૈરાગ્ય ફૂટી નીકળ્યાં.

તે સાથે આજની બપોરે તેઓ ભોજનથી પરવાર્યા ત્યારે સમાચાર મળ્યા કે 'મુંબઈના પરમાનંદભાઈ તેઓને મળવા ઉતારા ભણી આવી રહ્યા છે.'

આ આવનારા અતિથિને વળગેલી કેડની બીમારીથી સ્વામીશ્રી વાકેફ હોવાથી તેઓએ ખુરશી તો મંગાવી, પણ બોલ્યા: 'લાવો, હુંય ખુરશી પર બેસી જઉં એટલે કાકાને વાત કરવામાં વાંધો ન આવે.' આમ કહી નીચે ગાદી પર પલાંઠી વાળી બિરાજેલા સ્વામીશ્રી સોફા પર બેઠા.

અન્યને અનુકૂળ થઈને રહેવાની પોતાની આ કાયમી પ્રકૃતિ સાથે સૌને મળતા તેઓ સામે, આજે મુલાકાતીઓની સંખ્યા વિશેષ હોવાથી વ્યવસ્થાપકો સહેજ ઉતાવળ કરાવી રહેલા. તેમાં એક ભક્તે સ્વામીશ્રી પાસે પોતાની

---

૫૭. સ્વામીની વાતો: ૬/૨૨૭.

મૂંઝવણ રજૂ કરી. તે સાંભળી સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા. છતાં આગંતુકને અસંતોષ રહેતાં તેઓએ બહાર આવી એક સંતને કહ્યું : 'મને જરા વ્યવસ્થિત આશીર્વાદ અપાવો ને !'

આ સાંભળી તે સંત હરિભક્તને પુનઃ સ્વામીશ્રી પાસે લઈ આવ્યા ત્યારે તેઓને જોતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'આમને હમણાં જ આશીર્વાદ આપ્યા છે.' આમ કહી તેઓ એ ભક્તનો પ્રશ્ન પણ બોલી ગયા !

આ રીતે એકે-એકને રસપૂર્વક મળતા સ્વામીશ્રી પાસે તા. ૨૨/૧૧ની સવારે પેટલાદના આગેવાન શ્રી અમૃતભાઈ વાતચીત દરમ્યાન રમણભાઈનું નામ બોલ્યા. તે સાંભળી સ્વામીશ્રીએ તરત જ પૂછ્યું : 'એ તમારા શું થાય ?'

'પિતાજી.'

'ઓહો ! તમારે ત્યાં તો શાસ્ત્રીજી મહારાજ ઘણી વાર આવ્યા છે. તમે જે સંસ્કૃત પાઠશાળા ચલાવો છો એમાં મેં પરીક્ષા પણ આપી છે.'

સ્વામીશ્રીએ જડી દીધેલી આ સ્મૃતિસાંકળથી પેલા આગંતુક તો સ્થિર જ થઈ ગયા.

જન્મ પણ નથી ને મરણ પણ નથી

તા. ૨૩/૧૧ની બપોરે પધારેલા દિવ્ય જીવન સંઘના કેટલાક સંન્યાસીઓ પૈકીના એક શ્રી પરમાનંદજીએ સ્વામીશ્રીને કહ્યું : 'ગયે વર્ષે કલકત્તામાં આપની જન્મજયંતીના પ્રસંગે હું આપને મળ્યો હતો.'

આ સાંભળી એ સંન્યાસી મંડળના એક શ્રી અધ્યાત્માનંદજીએ મર્મમાં પૂછ્યું : 'સ્વામીબાપાને જન્મ છે ?'

'આ તો લૌકિક રીતે વાત કરે છે, બાકી આધ્યાત્મિક રીતે તો જન્મ પણ નથી ને મરણ પણ નથી.' ખુલાસો કરતાં સ્વામીશ્રી જ બોલી ગયા.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે 'આ સાધુ અક્ષર છે ને આ તો અજન્મા છે, ગર્ભમાં આવ્યા જ નથી ને એમની રીત તો નટની માયાની પેઠે સમજવી ને આ તો મહારાજના સંકલ્પે કરીને અહીં દેખાય છે.'[૫૮]

આવા અવિનાશી અક્ષરબ્રહ્મ સમા સ્વામીશ્રી પાસે તા. ૨૪/૧૧ની સવારે આવેલા એક સોની યુવાનને પોતાના માંદા ધંધાનું કારણ ગ્રહ-પનોતીનો ઉપદ્રવ જણાતો હતો. તેણે આ વાત કરી ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું :

---

૫૮. સ્વામીની વાતો : ૫/૧૮૩.

'સ્વામિનારાયણનું નામ લેજે અને જનમંગલ નામાવલિના પાઠ કરજે. અનુકૂળ હોય તો મહાપૂજાય કરાવી લેજે.' આટલું કહી સ્વામીશ્રી બોલ્યા: 'ઝેર ખાવું એના કરતાં મહેનત કરજે.'

આ શબ્દો સાંભળતાં જ પેલા યુવાનનાં નેત્રો વિસ્ફારિત થઈ ગયાં. તેને વિસ્મય થઈ રહ્યું કે 'મેં કરેલા આપઘાતના પ્રયત્નની વાત આ સ્વામીશ્રી કેવી રીતે જાણી ગયા ?!'

આ સમયે પણ સૌને ગુણાતીતાનંદ સ્વામીના શબ્દો યાદ આવી ગયા કે 'ભગવાન જાણે એમ મોટા સાધુ પણ જાણે ને આ તો ભગવાન જેવા છે, તે સર્વ વાત જાણે છે, કેમ જે, એ તો સર્વજ્ઞ છે.'[૫૯]

આવા સર્વજ્ઞ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા તા. ૨૫/૧૧ની સવારે બોચાસણના મંદિરની સુખશય્યામાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની ઉપાડની મૂર્તિ પ્રતિષ્ઠિત થઈ.

દુ:ખ કેવળ મનનું છે

તા. ૨૬/૧૧ની સાંજે સ્વામીશ્રી બોચાસણથી વિદાય લેવાના હોવાથી આજની બપોરે મુલાકાતીઓનો ધસારો ઘણો હતો. તેથી ભોજન બાદ સામે બેઠેલા સંતોને ઉદ્દેશી સ્વામીશ્રી બોલ્યા: 'ચાલો ત્યારે, સૌ ભગવાન સંભારો.'

ઊભા થવાની સૂચના આપવામાં પણ કેટલો વાણીવિવેક અને ભગવાનનું કેવું અનુસંધાન !

કેવળ ઉપદેશ-વાક્યો જ નહીં, પરંતુ સાધારણ બોલ-ચાલનાં વાક્યો દ્વારા પણ ઘણું શીખવી જતા સ્વામીશ્રી આજની સાંજે રાબેતા મુજબના ભ્રમણ માટે પધાર્યા. પરંતુ ચાલવાનું શરૂ કરતાં પૂર્વે 'આપણે પહેલાં ઠાકોરજીનાં દર્શન કરતા આવીએ' કહી તેઓ મંદિર પર પહોંચ્યા. આજે રાત્રે ભોજન બાદ વિદાય લેવાની હોવાથી તે સમયે ઠાકોરજી પોઢી ગયા હોય. તેથી સ્વામીશ્રી સાંજે દર્શન કરી આવ્યા.

આવા અખંડ પ્રભુપરાયણ તેઓ આજે રાત્રિભોજન બાદ વિદાય લેવા તૈયાર થયા ત્યારે તેઓને વીંટળાઈ વળેલા સંતો 'કાંઈ તકલીફ પડી હોય તો...' કહી માફી માંગવા ગયા. ત્યારે વચ્ચેથી જ વાત ઉપાડતાં સ્વામીશ્રી બોલવા લાગ્યા:

---

૫૯. સ્વામીની વાતો: ૫/૩૬૮.

'આપણે જોગીબાપાની દયાથી સુખિયા છીએ. અહીં તો સુખપાલમાં બેસીને ભગવાન ભજવા જેવું સુખ છે. પહેલાં તો અમે (બોચાસણમાં) રહેતા તે જૂની ધરમશાળા હતી. એમાં ખૂણામાં એક જ જાજરૂ ને એય હખળડખળ ને વૃદ્ધો માટે જ. બીજાં જે ખૂણામાં હતાં એ ઓપન. ટાઢ હોય તો ઠૂંઠવાવાનું ને વરસાદમાં પલળવાનું. રૂમોય નહીં. સભામંડપમાં સૂઈ રહેવાનું. પાછળ સંતોની ધરમશાળા હતી ત્યાં અમે સૂઈ રહેતા. વાહર આવે. વરસાદ આવે તો સહેજ આઘા જઈને સૂવાનું. આવું હતું, પણ સંતોમાં દૃઢતા એવી કે પાછા પડે નહીં!

આપણે સંતને દુઃખ પડે તો આપણા વડવાઓને સંભારવા. થોડું-થોડું યાદ કરવું એટલે દુઃખ ન થાય. સમજી રાખ્યું હોય તો મહિમા રહે. હવે તો બધી સગવડો થઈ ગઈ છે. દુઃખ કેવળ મનનું છે. જો સ્વભાવ મૂકશો તો શાંતિ શાંતિ થઈ જશે.'

વિદાય વેળાએ આ અમૃતઘૂંટ પિવડાવી સ્વામીશ્રી વિદ્યાનગર જવા નીકળ્યા.

અમારે તો રોજેરોજ નવું જ

તા. ૨૬/૧૧ની રાત્રે દસ વાગ્યે વિદ્યાનગર પહોંચેલા સ્વામીશ્રીના સ્વાગતમાં છાત્રાલયના દરવાજેથી ઉતારા સુધીના માર્ગને ફૂલસેરોથી શણગારેલો. વળી, આટલી મોડી રાત્રે પણ ઘણા હરિભક્તો આવ્યા હોવાથી સ્વામીશ્રી ઉતારાની પાછળ આવેલી હરિયાળીમાં દર્શન આપવા બિરાજ્યા. તે વખતે છાત્રાલયના સંતોએ હાર પહેરાવી પ્રાસંગિક સ્વાગતોર્મિઓ વહાવ્યા બાદ સ્વામીશ્રીએ ટૂંકા આશીર્વાદ આપી છેલ્લે કહ્યું: 'અત્યારે અમે આવ્યા પણ આવા બહુ શણગાર ના કરવા. હાર લટકાઈને શું કરવાનું? આ ક્યાં બીજે આવ્યા છીએ? ઘરમાં જ આવ્યા છીએ ને! બહુ ઠઠારાની જરૂર નહીં.'

'સેવા થાય ને!' સંતો બોલ્યા.

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'સત્સંગ સારો થાય એ સેવા. બાકી પ્રસંગ હોય ત્યારે (શોભા કરવી એ) બરાબર છે.'

'નવા વરસે આવ્યા એટલે કરવું પડે ને!'

સામે બેઠેલા શ્રી બિપીનભાઈ ગાંધીનો આ ઉમળકો સાંભળી સ્વામીશ્રીએ કહ્યું: 'અમારે તો નવું-જૂનું થતું જ નથી. રોજેરોજ નવું જ હોય છે. તમારે નવું-જૂનું થાય.'

આ શબ્દો દ્વારા પોતાની સ્થિતિ જણાવી ઊભા થતાં-થતાં સ્વામીશ્રીએ છેલ્લા દસેક દિવસથી લાભ લેવા રોકાયેલા એક હરિભક્તનો નિર્દેશ કરી ધર્મચરણદાસ સ્વામીને કહ્યું: 'એ ભાઈ ઘણા દિવસથી સાથે છે. વેપારી માણસ આટલું બધું રોકાય નહીં. તમે જરા એમને પૂછી લેજો ને! મળવું નથી ને? કંઈ કામ હોય તો મને ભેગા કરજો.'

લાખોનો શિષ્ય-સમુદાય હોવા છતાં એક-એકનું કેટલું સૂક્ષ્મ ધ્યાન રાખતા સ્વામીશ્રી!

એનું વર્ણન થઈ શકે એમ નથી

તા. ૨૮/૧૧ની સાયંસભામાં સ્વામીશ્રીનો લાભ લેવા શિક્ષણ, ઉદ્યોગ, સમાજસેવા વગેરે ક્ષેત્રો સાથે સંકળાયેલી કંઈક નામાંકિત વ્યક્તિઓ ઉપસ્થિત હતી. જો કે જ્યાં સ્વામીશ્રી પધારે ત્યાં આ રોજિંદો ક્રમ થઈ રહેતો. જે તે કેન્દ્રમાં તેઓનાં દર્શને સમ્રાટથી સુદામા, મંત્રીથી મજૂર, કામદારથી અમલદાર, કારકુનથી કમિશનર આદિ અનેક પનાઓમાં પથરાયેલા મુલાકાતીઓનો ધસારો ચાલુ જ રહેતો. તે દરેકના ચહેરા પર પોતાના માથે સ્વામીશ્રીનો હાથ મુકાવવાની તાલાવેલી જોવા મળે.

આ લાભ મળે ત્યારે જે અનુભવાતું તેની વાત કરતાં આજે ચરોતરની પ્રસિદ્ધ એલિકોન કંપનીના વ્યાપારી વડા શ્રી નટુભાઈએ જણાવ્યું:

''પ્રમુખસ્વામીનાં કર્તવ્યોથી આજના આ સમાજમાં મારા જેવા આશા ગુમાવી બેઠેલાઓને આશા મળે છે. આજે મા-બાપો કહે છે કે 'મારો છોકરો અમારા કાબૂમાં નથી.' એ જ છોકરા અહીં આવે ત્યારે કેમ કાબૂમાં રહે છે? પ્રમુખસ્વામીનો પ્રેમ. હું આ સંસ્થાના વહીવટથી અત્યંત પ્રભાવિત થયેલી વ્યક્તિ છું. સરમુખત્યારશાહીમાં પણ આવો વહીવટ થઈ ના શકે. હું પરદેશમાં ઘણું રહ્યો છું ને કામ કર્યું છે, પણ આવો વહીવટ ક્યાંય નથી જોયો. જે વસ્તુ મા-બાપ કે શિક્ષક નથી કરી શકતાં એ પ્રમુખસ્વામી કઈ રીતે કરે છે એ વિસ્મય છે!''

આવી જ અવર્ણનીય અનુભૂતિ ઉચ્ચારતાં એલિકોન કંપનીના માલિક શ્રી ભાનુભાઈએ કહ્યું: 'એક જગ્યાએ બેસીને સંચાલન કરવું સહેલું છે, પણ વિશ્વભરમાં સંસ્થાઓ હોય ને બધે ફરીને સ્વામીજી જે રીતે પ્રેરણા આપે છે એનું વર્ણન થઈ શકે એમ નથી.'

સરોવરને જે અમાપ લાગે તે સાગર જ હોય, તળાવ-ખાબોચિયું નહીં. તેમ કરોડોની કંપનીના કાર્યવાહકોને જે વ્યવસ્થા અને વહીવટ નમૂનેદાર લાગે તે સ્વામીશ્રીની કાર્યકક્ષાનું તો શું કહેવું!

ચારિત્ર્ય હશે તો શિક્ષણ સફળ થશે

તા. ૨૯/૧૧ના રોજ આવેલી એકાદશીએ છાત્રાલયના અઢીસો વિદ્યાર્થીઓએ સ્વામીશ્રીના નિરામય સ્વાસ્થ્યની શુભકામના સાથે નિર્જળ ઉપવાસ કરતાં તપોવન કાળની ઝાંખી કરાવે તેવું દશ્ય સર્જાઈ રહ્યું. સ્વામીશ્રી દ્વારા સંચાલિત શૈક્ષણિક સંકુલો અહીં નોખાં તરી આવતાં. અન્યત્ર જ્યારે ભોગની ભઠ્ઠી ભડકેલી હોય ત્યારે અહીં ત્યાગની વેદી પ્રજ્વલિત રહેતી.

આવા તપસ્વી અને તેજસ્વી તરુણોએ તા. ૩૦/૧૧ની સાયંસભામાં 'સમાજના ઉત્કર્ષ માટે શેની જરૂર? ચારિત્ર્ય કે શિક્ષણ?' વિષયક ચર્ચા રજૂ કરી. તેની એક-એક દલીલમાં તર્કની ધાર, વિગતોનું વજન અને જબાનનું જોર હોવાથી ચર્ચા ઘણી રોચક અને રોમાંચક બની રહી.

આવી ચર્ચાનો અંતિમ નિર્ણય સ્વામીશ્રી પર છોડાતાં તેઓએ જણાવ્યું:

"શિક્ષણની આજના જમાનામાં જરૂર છે. તે હોય તો દેશને લાભ થાય, પણ એ વિદ્યા પરાવિદ્યા સિવાય અધૂરી લાગે. ચારિત્ર્ય એમાં આવી જાય છે. શિક્ષણમાં ચારિત્ર્ય ભળે તો સોનામાં સુગંધ ભળે.

વિલાયતમાં ફૂલ બહુ મોટાં ને દેખાવમાં ફર્સ્ટ ક્લાસ લાગે, પણ સુગંધ સહેજેય નહીં. એમ ખાલી ભણતરમાં એટીકેટ (શિષ્ટાચાર) બહુ દેખાય, પણ ચારિત્ર્ય વગરનાં ખાલી શોભાનાં જ. ગોળ કોલ્હાપુરી સફેદ હોય, પણ ગળપણ ના હોય તો? ચારિત્ર્ય વગરનું શિક્ષણ એવું છે.

યોગીબાપા રોજ આઠ કલાક ભણવાનું કહેતા, પણ ચોવીસ કલાક ચારિત્ર્ય સાચવવા પર ભાર મૂકતા. ચારિત્ર્યવાળાથી જ સમાજનું રક્ષણ થાય. કૌભાંડો ભણેલા જ કરે છે. એટલે ખાલી શિક્ષણવાળાથી નહીં, પણ સંસ્કારીથી જ કામ થાય છે. આ સંસ્થા ઊંચી આવી છે એમાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ કડકપણે વર્ત્યા એનો પ્રતાપ છે.

આજનો વિદ્યાર્થી કેવળ શિક્ષણની વાત કરશે તો મલોખાના માળાની જેમ તૂટી જશે. શોભા દેખાય, પણ મંઈ બેસાય નહીં. ચારિત્ર્ય હશે તો જ લોકોને પ્રેમ થશે, તો જ શિક્ષણ સફળ થશે. ચારિત્ર્યનું બળ હશે ને

મોટાપુરુષના આશીર્વાદ હશે તો જ શોભશે. માટે ધર્મગ્રંથો વાંચવા. અશ્લીલ વાંચીએ એટલે એના જ વિચાર આવે. પછી નાની ઉંમરમાં એનર્જી (શક્તિ) ખલાસ થાય. જેટલો સંયમ રાખીએ એટલી મેધા ખીલે. પછી થોડું વાંચો ને યાદ રહી જાય.

ઍક્ટરોને જોવાથી શું મળશે? મોટાપુરુષને જુઓ. એમાંથી પ્રેરણા મળશે. માટે ભલે આપણે IAS થઈએ, પણ 'with ચારિત્ર્ય' (ચારિત્ર્યની સાથે)! શું? with ચારિત્ર્ય.''

રસ્તો ના બદલવો

વિદ્યાનગરના રોકાણ દરમ્યાન પ્રાતઃપૂજા કરીને ઉતારે પરત ફરતા સ્વામીશ્રી, રોજ પ્રતીક્ષાખંડમાં નવા મુમુક્ષુઓને મળી માર્ગદર્શન અને આશીર્વાદ આપતા. પરંતુ તા. ૧/૧૨ની સવારે આ ખંડમાં થયેલો બેહદ ધસારો જોઈ વ્યવસ્થાપકે સ્વામીશ્રીને કહ્યું: 'આજે આપ ત્યાં પધારશો જ નહીં. ઉતારે જવા માટે રસ્તો બદલી નાંખો.'

'એવી શું જરૂર છે? આટલા બધા યુવકો છે ને ગભરાવ છો શું? એ બધાને વ્યવસ્થા માટે આગળ મોકલી દો.'

સ્વામીશ્રીની આ સૂચના અનુસાર વ્યવસ્થા ગોઠવાઈ જતાં મુલાકાતની માળા સરળતાથી ફરી ગઈ. કશું ગૂંચવાયું નહીં. કોઈ મણકો ભાંગ્યો-તૂટ્યો નહીં. તેથી સ્વામીશ્રીએ હસતાં-હસતાં પેલા વ્યવસ્થાપક સંતને કહ્યું: 'જે આવી ગયા હોય એને મેળાવી દેવા. રસ્તો ના બદલવો.'

પરિસ્થિતિથી ગભરાઈને સ્વામીશ્રીએ કદી રસ્તા બદલ્યા નહોતા. કટોકટીની પળોને પોતાની આગવી કોઠાસૂઝથી ઉકેલતા તેઓ, લીધેલા માર્ગે જ આગળ વધતા રહેતા.

પોતાના આ સાહજિક સ્વભાવ સાથે સ્વામીશ્રી આજે ઉતારામાં બિરાજેલા ત્યારે સંતો-કાર્યકરોએ મહિલાઓ માટે ગાનામાં બંધાનારા નવા મંદિરના નકશા ખોલ્યા. આ ગામમાં વિદ્યમાન બાઈઓનું મંદિર જીર્ણ થઈ ગયેલું. વળી, તે સાંકડું પણ પડતું હોવાથી ગામની બહાર સંપાદિત થયેલી પ્રમાણમાં વિશાળ જમીન પર થનારા આ નૂતન મંદિરનો ખાતવિધિયે ગોઠવાઈ ગયેલો.

તેની વિગત જ્યારે રજૂ થઈ ત્યારે સ્વામીશ્રી તરત જ બોલ્યા:

'બહેનોનું મંદિર ગામમાં હોવું જોઈએ. મહિલાઓને ગામ બહાર જવામાં રાત્રે મુશ્કેલી પડે. વૃદ્ધ બહેનોનેય તકલીફ થાય. માટે ગામમાં પુરુષો માટે જે મંદિર છે તે મહિલાઓને આપી દો અને ગામ બહાર લીધેલી નવી જમીન પર પુરુષોનું મંદિર બાંધો તો કોઈ પ્રશ્ન નહીં થાય.'

સ્વામીશ્રીની આ સચોટ સલાહમાં રહેલી મહિલાઓની દરકાર કોઈનાય મગજમાં સ્ફુરી નહોતી. રસ્તા ન બદલનારા સ્વામીશ્રી અન્યની અગવડ જોઈને જરૂર પડે ત્યાં નવા રસ્તા કંડારનારા પણ હતા.

કોઈ તણા શત્રુ કદી ન થાય

તા. ૧/૧૨ની બપોરે સ્વામીશ્રીના સ્વાસ્થ્યની તપાસ માટે અમદાવાદથી આવેલા ડૉ. વ્રજલાલે જ્યારે પરીક્ષણ શરૂ કર્યું ત્યારે સ્વામીશ્રી ઓરડાના બારણે ઊભેલા, પરંતુ સહેજ દૂર દીવાલ પર લગાડેલી મૂર્તિને જોતાં જ તેઓ બોલ્યા : 'ડૉક્ટર ! અહીં ઠાકોરજી સમક્ષ આવો. અહીં સારું રહેશે.'

ઔષધ-ઉપચાર કરતાંયે વિશેષ સ્વસ્થતા સ્વામીશ્રીને અનુભવાતી ઠાકોરજીની છાયામાં. આ છત્ર તળે જ હંમેશાં રહેતા તેઓ તા. ૨/૧૨ની સવારે વિદ્યાનગરથી વિદાય લઈ વરતાલ, નડિયાદ અને ખાત્રજને લાભ આપતાં તા. ૫/૧૨ની રાત્રે કરજીસણ પધાર્યા.

અત્રે અક્ષરવાસી શ્રી નથુભાઈ પટેલના ઘેર રોકાયેલા તેઓ તા. ૬/૧૨ની સવારે ગામના પ્રાસાદિક ગોવિંદ ભગતના માઢમાં પહોંચ્યા. અહીં જે ભવનમાં શ્રીજીમહારાજ ૩૪ વખત પધારેલા તે હજી એ જ અવસ્થામાં સચવાયેલું. પ્રસાદીની વસ્તુઓ પણ અદ્દલ જળવાયેલી. તેનાં દર્શન કરી સ્વામીશ્રીએ શ્રીજીમહારાજની પ્રસાદીભૂત સૂતરના મણકાની માળા ફેરવતાં-ફેરવતાં શ્રીજીચરિત્રો સાંભળ્યાં. ત્યારબાદ તેઓ નારાયણ ભટ્ટનું ઘર, બજરંગબલી અને હરસિદ્ધ માતાનાં મંદિર, વરખડીનું વૃક્ષ, વાઘરોળા તળાવ વગેરે સ્થાનોમાં દર્શન કરી પટેલ વિદ્યાલયના પ્રાંગણમાં પધાર્યા.

અત્રે શરૂ થયેલા ત્રિદિવસીય પારાયણનો લાભ લેવા પરદેશથીયે આવેલા ઘણા ભક્તોમાં એક હતા એટલાન્ટાના શ્રી નટુભાઈ. તેઓને આ પ્રસંગે પોતાના વતન ડાંગરવામાં સ્વામીશ્રીને પધરાવવાની તીવ્રતમ ઇચ્છા હતી, પરંતુ ગામમાં જ કાર્યરત અન્ય એક સાંપ્રદાયિક શાખાના મનુષ્યો તરફથી આ બાબતે વિરોધનું વાતાવરણ ઊભું થતાં સ્વામીશ્રીનો કાર્યક્રમ શક્ય ન બન્યો.

તેથી ધૂંધવાયેલા આ હરિભક્તે તા. ૬/૧૨ની રાત્રે સ્વામીશ્રીને કહ્યું: ‘એ શાખાના મંદિરમાં અત્યાર સુધી સૌથી મોટી સેવા અમારી જ છે, પણ હવેથી એ બધું બંધ.’

હરિભક્તના આ આક્રોશને ઠારતાં સ્વામીશ્રી બોલ્યા: ‘આપણે બધી સેવા ભગવાન માટે કરી છે, કોઈના માટે કરી નથી. માટે અમને બોલાવ્યા કે ન બોલાવ્યા એની ચિંતા ના કરવી.’

આ હૃદયસ્પર્શી અજાતશત્રુતા સાથે સ્વામીશ્રી તા. ૭/૧૨ની સાંજે મહેસાણા આવી પહોંચ્યા.

૭૪મા જન્મજયંતી મહોત્સવનો મંગલ પ્રારંભ

મહેસાણામાં સ્વામીશ્રીને વધાવવા ૧૫૦ એકરની ભૂમિ પર પથરાયેલું ઍરોડ્રોમ મેદાન ‘સ્વામિનારાયણ નગર’ના સાજ સજીને શોભી રહેલું. પૂર્વમુખે શોભતો ૭૦ ફૂટ પહોળો અને ૩૫ ફૂટ ઊંચો અમૃતદ્વાર, તેમાં પ્રવેશતાં જ સામે દર્શાતી સ્વામીશ્રીનાં તેજસભર નયનોવાળી ૧૦ ફૂટ ઊંચી મૂર્તિ, ૪૩૦ x ૩૬૦ ચો.ફૂ.નો નારાયણ સભાગૃહ, યજ્ઞશાળા, અતિથિ નિવાસ તરીકે ખડું થયેલું યોગી નગર, પાકશાળા તેમ જ ભોજનશાળા, જીવન-ઉત્કર્ષ પ્રદર્શન વગેરેથી પ્રેરણાનો પરિમલ પ્રસરાવતું હતું આ નગર. તેણે ઉત્તર ગુજરાતમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજના પ્રથમ શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા અને સ્વામીશ્રીના ૭૪મા જન્મજયંતી મહોત્સવ નિમિત્તે આકાર પકડેલો.

આ નગરના સર્જનમાં મૂળરૂપે હતો – સેંકડો સંતો અને ૪,૫૦૦થી વધુ બાઈ-ભાઈ સ્વયંસેવકોનો પ્રેમસભર પુરુષાર્થ. તેની સાથમાં મહેસાણા અને આસપાસનાં ગામો-નગરોની કંઈક સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ તથા વ્યાપારી વર્ગનો પણ મોટો હિસ્સો ખરો. દસ વર્ષ પૂર્વે સ્વામીશ્રીની ૬૪મી જન્મજયંતી નિમિત્તે આ મેદાને જ સ્વામીશ્રીને પોંખેલા. આજે ભૂમિ એ હતી, ભૂમિકા પણ એ જ હતી, પરંતુ દસકા પૂર્વે પારણામાં હીંચકતો ઉત્તર ગુજરાતનો સત્સંગ આજે યૌવનપ્રવેશ કરી ચૂકેલો. તેથી આ ‘નગર’માં ચારેકોર થનગનાટ વર્તાતો હતો.

તા. ૮/૧૨ની સવારે આ ‘નગર’ના ઉદ્‌ઘાટન બાદ સ્વામીશ્રીએ સભાગૃહના પાંચ ફૂટ ઊંચા મંચ પર રચાયેલી ૬૦ x ૧૯ ફૂટની મયૂરાકારી ભાત ઉપસાવતી પાર્શ્વભૂમાં પ્રાતઃપૂજા કરી. તે ઘડીથી જ મંગલ પ્રારંભ પામેલા

મહોત્સવના પ્રથમ ચરણરૂપે મંદિર સંકુલમાં જ તૈયાર થયેલા છાત્રાલયનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો. તેની સાથે અત્રે દહેજમુક્ત સમૂહ લગ્નોત્સવ દ્વારા સામાજિક ઉત્કર્ષનું પ્રશંસનીય પગલું પણ મુકાવાનું હતું.

આ બંને પ્રસંગ નિમિત્તે યોજાયેલી આજની પ્રાસંગિક સભાના અંત ભાગમાં મંદિર, છાત્રાલય અને ઉત્સવના સૌજન્યદાતાઓ મંચ પર શાલ, સ્મૃતિભેટ તથા શુભાશિષનો ઉપહાર સ્વીકારવા ક્રમશઃ આવવા લાગ્યા. પરંતુ તેઓ જે પગથિયેથી ઉપર ચઢી સ્વામીશ્રી પાસે આવતા હતા તે જ પગથિયેથી સ્વામીશ્રીને મળી નીચે ઊતરતા હતા. તે કારણે અવ્યવસ્થા સર્જાતાં એક સંત આ મહાનુભાવોને તેઓ જ્યાંથી ચડ્યા હોય તેની સામેના છેડે આવેલા દાદરેથી નીચે ઊતરવાની સૂચના આપવા લાગ્યા.

જો કે તેનો અમલ થતો ન જણાતાં સ્વામીશ્રી જ પોતાની પાસે આશીર્વાદ લેવા આવનારને કહેવા લાગ્યા : 'આ બાજુ મોટેરા સંતો બેઠા છે. એમને પગે લાગીને આગળ વધો.'

સ્વામીશ્રીના આટલા જ વાક્યથી મહાનુભાવોના પ્રવાહની દિશા બદલાઈ ગઈ. સૌ તેઓનાં દર્શન બાદ સીધા સરકી સામેના છેડે આવેલાં પગથિયેથી નીચે ઊતરવા લાગ્યા.

સ્વામીશ્રીની કેવી કાર્યસૂઝ અને વાણીવિવેક! દરેકનાં મન અને સ્વમાન સચવાય એ રીતે કાર્ય કરવામાં તેઓને કોઈ આંબી ન શકે!

તેનું દર્શન કરાવતી આ સભા બાદ લગ્નોત્સુક યુગલો માંડવે પહોંચ્યાં અને સ્વામીશ્રી તથા મહાનુભાવો નવનિર્મિત છાત્રાલયના આંગણે. અત્રે તેઓના સાંનિધ્યમાં આ શૈક્ષણિક સંકુલનાં દ્વાર ઊઘડ્યાં.

વિરલ અને વેધક વિનમ્રતા

જન્મજયંતી મહોત્સવના દ્વિતીય દિન તા. ૯/૧૨ની સવારે નવ યુવાનોને પાર્ષદી દીક્ષા પ્રદાન કરી યજ્ઞશાળામાં પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે ૭૪ કુંડી મહાયાગનો બ્રહ્મજ્યોતિ પ્રગટી ગયો. તેના ઉજાસમાં બેઠેલા ૬૨૦ યજમાનોને આશીર્વાદ આપી, સ્વામીશ્રી આ અવસરે આયોજિત સભામાં પધાર્યા ત્યારે અહીં રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી ભૈરવસિંહ શેખાવત અને ગુજરાતના મુખ્યપ્રધાન શ્રી છબીલદાસ મહેતા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત હતા.

તેને અનુસરતાં આજની સાંજે મહેસાણાના મુખ્ય માર્ગો પરથી નીકળેલી અઢી કિ.મી. લાંબી નગરયાત્રાથી શહેરની શેરીઓ પણ ખીચોખીચ બની ગઈ. બે કલાક સુધી ચાલેલી આ શોભાયાત્રા દરમ્યાન મયૂર રથ, મંદિર રથ વગેરેમાં વિરાજિત મૂર્તિઓ સમગ્ર શહેર પર અમીદૃષ્ટિ વેરતી રહી.

તે દરમ્યાન સતત ગુંજતા રહેલા અક્ષર-પુરુષોત્તમના ગાનને વધુ બુલંદ બનાવ્યું રાત્રિસભાએ. તેના ભાગરૂપે ચાલી રહેલા મહાનુભાવોનાં પ્રવચન વખતે સભા-વ્યવસ્થા સંભાળતા નારાયણમુનિદાસ સ્વામી, ઋષિરાજદાસ સ્વામી વગેરેએ સ્વામીશ્રી પાસે પહોંચી વાત માંડી કે 'આવતીકાલે જન્મ-જયંતીની સભા બાદ વ્યક્તિગત દર્શન માટે હરિભક્તો ચાર હરોળમાં આવે તેમ વિચાર્યું છે.'

'ચાર વ્યક્તિ એકસાથે કઈ રીતે આવે ?'

'કેમ ? જેમ બે આવે તેમ ચાર આવે !'

આ ખુલાસો સાંભળી સ્વામીશ્રી મૌન રહી ગયા. તેમાં આ નવા આયોજન પ્રત્યેનો અણગમો સ્પષ્ટ વર્તાતો હતો, કારણ કે તે મુજબ કરવાથી હરિભક્તોને બરાબર મળી ન શકાય તેમ તેઓને લાગતું હતું. તેથી તેઓની નારાજગી મૌન દ્વારા વ્યક્ત થઈ રહી.

તે જોઈ પ્રસ્તાવ મૂકનારા સંતો પણ ખિન્ન થઈ ગયા. તેઓએ સ્વામીશ્રીને જણાવી દીધું: 'આપની રુચિ મુજબ કરીશું.'

પરંતુ સ્વામીશ્રી બોલ્યા: 'ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે 'સંત કહે તેમ કરવું શ્રેષ્ઠ છે અને મનધાર્યું કરવું તે કનિષ્ઠ છે.' માટે તમે બધાએ જે વિચાર્યું છે તે બરાબર છે.'

'અમારે તો આપ રાજી થાઓ એમ કરવું છે.'

'રાજી જ છીએ. તમારા બધામાં ભગવાન રહ્યા છે. તમે જે કર્યું એ બરાબર છે.'

સ્વામીશ્રીના શબ્દે-શબ્દમાંથી સંત મહિમા નીતરી રહ્યો. તેથી ભીંજાયેલા સંતોએ આયોજન બદલી સ્વામીશ્રીની રુચિ અનુસાર બે હરોળમાં જ દર્શનની વ્યવસ્થા ગોઠવી દેતાં સંતોને તો સંતોષ થઈ ગયો, પણ સ્વામીશ્રીને નહીં.

તેથી તેઓએ તા. ૧૦/૧૨ની સવારે, પોતાના ૭૪મા જન્મદિનના પ્રભાતે પ્રાત:પૂજા બાદ નારાયણમુનિદાસ સ્વામીને પૂજાનું પુષ્પ આપતાં કહ્યું: 'આખી રાત મેં વિચાર કર્યો કે તમે બધાએ કેટલુંય વિચારીને આયોજન

કર્યું હોય અને હું બધું બદલી નાંખું તે ઠીક નથી. માટે તમે જેમ વિચાર્યું છે તેમ જ રાખજો.'

જે દિવસે ૯૨,૦૦૦ની જનસંખ્યા પોતાને વધાવવા ઊમટેલી તે દિવસે મહોત્સવના ભવ્ય મંચ પર બિરાજેલા સ્વામીશ્રીની આ વિનમ્રતા વિરલ અને વેધક બની રહી.

મહેસાણાના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા

તા. ૧૦/૧૨, માગશર સુદ આઠમની સવારે મહેસાણાના જે મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થવાની ઘડીઓ ગણાઈ રહેલી તે બંસીપહાડપુરના ગુલાબી પથ્થર, બાલેસરાના લાલ પથ્થર, પોરબંદરી પથ્થર તથા અંબાજી-મકરાણાના આરસના સંયોજનથી સાકાર થયેલું. સંતો, ભક્તો અને કારીગરોનાં પાંચ વર્ષના પરિશ્રમનો પરિપાક જ આજે અહીં આ મંદિરરૂપે ધરતીમાંથી ફૂટી નીકળેલો.

ત્રણ શિખર, પાંચ ખંડ, સાત ઘુમ્મટીઓ સહિત મુખ્ય ઘુમ્મટ, કલાત્મક ૪૮ સ્તંભ ઉપરાંત નકશીદાર તોરણો, ભાતીગળ ફર્શ વગેરેથી અલંકૃત આ મંદિરમાં બ્રહ્મ-પરબ્રહ્મનાં સ્વરૂપો પધરાવવા સ્વામીશ્રી મધ્યખંડમાં આવી ઊભા રહ્યા ત્યારે મુખ્ય યજમાનો ઘુમ્મટમાં ગોઠવાયેલા. જમણો પગ બીજા પગથિયે અને ડાબો પગ મૂર્તિઓની બેઠક પર રાખી સ્વામીશ્રી મૂર્તિઓના અંગનો ન્યાસવિધિ કરવા લાગ્યા ત્યારે મંત્રોચ્ચારની માંગલિકતાથી નભોમંડળ છલકાવા લાગ્યું.

તેની વચ્ચે બરાબર સાડા આઠ વાગ્યે નેત્રોનો અનાવરણવિધિ થયો અને ૮:૩૨ વાગ્યે સ્વામીશ્રીએ મૂર્તિઓ સમક્ષ દર્પણ ધર્યું. તે સાથે જ અક્ષર-પુરુષોત્તમની દૃષ્ટિ પામી ઉત્તર ગુજરાત ધન્ય થઈ ઊઠ્યું. સૌએ ધૂન અને જયનાદના પ્રચંડ ઘોષથી આ ક્ષણોને વધાવી લીધી.

આ હર્ષોલ્લાસ ઝીલતા સ્વામીશ્રી મૂર્તિઓના ભાલપ્રદેશ પર ચાંદલા-ચોખા ચોડી ચરણોમાં પુષ્પો પધરાવ્યા બાદ આરતી-અન્નકૂટની તૈયારી થાય ત્યાં સુધી મંદિરના ઘુમ્મટમાં આવી બિરાજ્યા. અત્રે તેઓએ સહયોગી ભક્તોને હાર અને સ્મૃતિભેટ આપ્યાં તથા મંદિરનિર્માણમાં અથાક જહેમત ઉઠાવનારા ભગવત્પ્રસાદદાસ સ્વામી સહિત કરુણામૂર્તિદાસ સ્વામી વગેરે સંતોને અંતરના આશીર્વાદ પાઠવ્યા. તેના અંતે ત્રણેય ખંડમાં આરતી ઉતારી

તેઓએ ઉત્તર ગુજરાતમાં અક્ષર-પુરુષોત્તમનાં અજવાળાં પાથરી દીધાં.

‘સ્વ’નો લય-પ્રલય

મહેસાણાના શિખરબદ્ધ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાના અવસર સાથે અહીં તા. ૧૦/૧૨ના રોજ સ્વામીશ્રીનો ૭૪મો જન્મોત્સવ પણ ઊજવાઈ રહેલો. તેથી આ નિમિત્તે યોજાયેલી સભામાં મંચ મંત્રી-મહાનુભાવોથી અને મંડપ ભક્તો-ભાવિકોથી ભરચક હતો. તે સૌનો સ્વામીશ્રી વિષેનો ભક્તિભાવ પ્રવચન, પુષ્પહાર અને પ્રકાશનો દ્વારા સતત બે કલાક સુધી વહી રહ્યો. તે સ્વીકારી સૌને આશીર્વાદ આપનારા સ્વામીશ્રી ૧૧:૪૦ વાગ્યાથી ૧:૧૦ વાગ્યા સુધી વ્યક્તિગત દર્શનનો લાભ આપવા બિરાજ્યા. દોઢ કલાકના આ સમયગાળા દરમ્યાન બે હાથ જોડીને બેઠેલા તેઓ ભક્તોને મળવામાં પોતાના હાથના દુખાવાને પણ વીસરી ગયા!

આ જ ઉમંગથી તેઓએ આજની સાંજે મંદિર-નિરીક્ષણ, મીટિંગ, મુલાકાત વગેરે દૈનિક ક્રમ પૂર્ણ કર્યો. તે પછી રાત્રિભોજન અંગીકાર કરી પત્રલેખનમાં પરોવાયેલા સ્વામીશ્રીની કલમ એક પત્ર આખો લખાઈ ગયા બાદ ક્ષણભર અટકી ગઈ. તેઓ પત્રમાંથી મુખ ઊંચું કરી આજુબાજુ જોવા લાગ્યા. તેથી સંતોએ પૂછ્યું : ‘સ્વામી! કંઈ કામ છે?’

‘આજે કઈ તારીખ થઈ?’

સ્વામીશ્રીનો આ પ્રશ્ન સાંભળી સૌ વિસ્મિત થઈ ઊઠ્યા.

જે તારીખે પોતાની જન્મજયંતી ઊજવાયેલી, જે તારીખે પોતાનાં કરકમળો દ્વારા ગગનચુંબી મંદિર લોકાર્પણ પામેલું, જે તારીખે પોતાને સન્માનિત કરવા ભક્તો ૬૮ કલાત્મક હારતોરા લાવેલા, જે તારીખે પોતાનું સંક્ષિપ્ત જીવનચરિત્ર પ્રકાશિત થયેલું... એ તારીખ સ્વામીશ્રીની સ્મૃતિમાં નહોતી! ‘સ્વ’નો આ તે કેવો લય-પ્રલય! ખરેખર, સ્વામીશ્રી! *‘તમારી મૂર્તિનું પરિમાણ, કરી શકે શું અજાણ..’* અરે! અજાણ જ નહીં, સ્વામીશ્રીને મૂલવવા એ તો સુજાણનીયે શક્તિ બહારની વાત.[૬૦]

---

૬૦. સ્વામીશ્રીની ૭૪મી જન્મજયંતી અને મહેસાણાનો મંદિર-પ્રતિષ્ઠા મહોત્સવ માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

શહેરની ધૂળ તો ચોંટી એ ચોંટી

મહેસાણાને મંદિર અને મહોત્સવ દ્વારા હેલે ચડાવી તા. ૧૧/૧૨ની સવારે ધીણોજ પધારેલા સ્વામીશ્રીએ અત્રે ગામવાસી ભક્તોના પરિશ્રમથી તૈયાર થયેલા મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરી સૌની સેવાને સાર્થક કરી.

આ જ હેતુસર આજની સાંજે અમદાવાદ પધારેલા તેઓના વરદહસ્તે તા. ૧૨/૧૨ના રોજ નારાયણનગર વિસ્તારના સંસ્કારધામમાં મહારાજ-સ્વામી બિરાજ્યા. એ જ રીતે તા. ૧૪/૧૨ની સવારે સ્વામીશ્રીએ રાણીપમાં તૈયાર થયેલા મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. આ પ્રતિષ્ઠા કરતી વખતે તેઓએ સુખડની કંઠી મંગાવીને મહારાજ-સ્વામીને સ્વહસ્તે પહેરાવી.

તે દ્વારા આ મંડળને ધન્ય કરી સ્વામીશ્રી તા. ૧૫/૧૨ની સવારે કુકડિયા પહોંચ્યા.

આ ગામ મુંબઈનું જ એક પરું હોય તેમ ૭૦૦ હરિભક્તો મુંબઈથી અહીં લાભ લેવા ઊમટેલા. તેમાંના એક યુવાન જગદીશની ગાડીમાં બેસી સ્વામીશ્રી તા. ૧૬/૧૨ની સવારે શ્રી હરેશ્વરભાઈ ત્રિવેદીના ઘરની સામે રખાયેલા પારાયણના સ્થળેથી ઉતારા તરફ ગતિ કરી રહેલા. તે વખતે ગાડીચાલક બોલ્યો : 'બાપા ! હમણાં જ ગાડી સાફ કરી, પણ અહીં ધૂળ એટલી બધી છે કે...'

'ધૂળ મુંબઈમાં નથી ?'

'ન્યાં ધૂળ ન હોય.'

આ સાંભળી શહેરી ધૂળની તાસીર જણાવતાં સ્વામીશ્રી બોલ્યા : 'શહેર કરતાં ગામડાની ધૂળ સારી. ખંખેરો એટલે નીકળી જાય. શહેરની ધૂળ તો ચોંટી એ ચોંટી. ચોપાટી ને એ બાજુ ધૂળ ચોંટે એ હટે જ નહીં.'

શહેરમાં ઊડતી પંચવિષયની ધૂળ જીવને ધૂળધાણી કરી મૂકે છે તે તરફ સ્વામીશ્રીનો ઇશારો હતો. પ્રસંગોપાત્ત ઉપદેશ આપી તેઓ આ ધૂળને ખંખેરતા રહેતા.

તમારા બધાની ચરણરજ લઈએ

કુકડિયામાં યોજાયેલા ત્રિદિવસીય પારાયણનું પૂર આખા પંથકમાં

ફરી વળ્યું હોય તેમ આ દિવસો દરમ્યાન નિકટવર્તી પાંચ-સાત ગામોમાં પણ ગામધુમાડા બંધ રહ્યા. બ્રહ્મપુરી, વમલી, વાંસડોલ વગેરે ગામોમાંથી દોડી આવતા ભક્તોની સાથે ઘઉં, ચોખા, દાળ, દૂધ, શાકભાજીનો ધર્માદો લાવનારા ભાવિકોની સંખ્યા પણ ખાસ્સી રહેતી. તેથી રોજેરોજ સરેરાશ દસ-દસ હજાર માણસોના ભરાવાથી ભોજનશાળા અને સભામંડપ ઊભરાતાં રહ્યાં.

આ સમયે અમૃત મહોત્સવનો ઉદ્ઘોષ પણ સમગ્ર સત્સંગમાં પ્રવર્તી ગયો હોવાથી સ્વામીશ્રી જ્યાં પધારે ત્યાં બાલ-બાલિકા, યુવા-યુવતી કે પુરુષ-મહિલા મંડળો અમૃતકુંભ તેઓનાં ચરણે ધરતા. કો'કે તેમાં સેવા મૂકી હોય, કો'કે નિયમગ્રહણની યાદી તો કો'કે પ્રસાદ. આ ભક્તિભાવ સ્વીકારી સ્વામીશ્રી સૌને ધન્ય કરતા.

આ રીત મુજબ અહીં કુકડિયામાં પણ આસપાસનાં સત્સંગ-કેન્દ્રોમાંથી આવા અમૃતકુંભોનું આગમન થતું રહ્યું. સૌને બસ, એક જ તાન રહેતું – ગમે તે પ્રકારે સ્વામીશ્રીની સેવા કરી લેવી.

આ રીતે સૌમાં ભક્તિની ભરતી ચડાવતા સ્વામીશ્રી તા. ૧૭/૧૨ની સાંજે કુકડિયાથી વિદાય લઈ બડોલી અને ધણપને ધન્ય કરતાં ગાંધીનગર આવી પહોંચ્યા.

અત્રે તેઓ તા. ૧૯/૧૨ના રોજ અક્ષરધામનું નિરીક્ષણ કરતાં-કરતાં જ્યારે મુખ્ય સંકુલમાં પ્રવેશ્યા ત્યારે મહારાજની મૂર્તિ જોતાં જ બોલી ઊઠ્યા: 'આ મૂર્તિ એક સરસ બની ગઈ. ટૉપ (શ્રેષ્ઠ)!'

વળી, થોડી વારે સહજપણે ઉચ્ચાર્યું: 'આની એક ભવ્યતા...' આટલું કહી આશ્ચર્ય અને અહોભાવ પ્રગટ કરવા સ્વામીશ્રી વધુ બોલવાનું ટાળી હાસ્ય વેરી રહ્યા. તે પછી ગુરુપરંપરાનાં દર્શન કરતાં પણ તેઓના મુખમાંથી ઉદ્ગાર નીકળ્યા: 'અહીં આવે એને સમાધિ થઈ જાય.'

આ જ રીતે તા. ૨૦/૧૨ની સવારે સંકુલની મુલાકાતે નીકળેલા સ્વામીશ્રીએ વ્યવસ્થાપકને માર્ગદર્શન આપતાં કહ્યું: 'સંડાસ-બાથરૂમ ૨૪ કલાક ચોખ્ખાં રાખવાં. માણસો આના ઉપરથી જ આપણી કિંમત કરે.'

આમ, સ્વચ્છતા અને પ્રભુતા – બંનેનું ધ્યાન રાખતા તેઓ આજની રાત્રે પોણા દસ વાગ્યે અમદાવાદ પધાર્યા.

અત્રે એકત્રિત ભક્તોને દર્શનનું સુખ આપતાં સ્વામીશ્રી ઉતારાના મુલાકાત ખંડમાં આવી બિરાજ્યા ત્યારે સંતો તેઓની સન્મુખ બેસી ગયા.

તે જ વખતે ઓરડામાં પ્રવેશેલા નારાયણમુનિદાસ સ્વામીને જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'મુનિ ! અહીં (સોફા પર) આવો ને !'

પરંતુ આ સંત તો નીચે જ બેઠા. ત્યારે કો'કે રમૂજમાં કહ્યું : 'મુનિ એમ સોફા પર બેસે ? બેસાય જ કેમ ?'

આ સાંભળી સ્વામીશ્રીના મુખેથી સંતોનું મહિમાગાન સરી પડ્યું કે 'સાધુ જેવી પદવી નથી. સાધુ એટલે માથાના મુગટ. એમની પાસે તો હું નીચે બેસી જઉં. આપ બધા ભગવાનના ખોળે બેઠેલા મુક્તો છો. અમે તો શું કરી શકીએ ? તમારા બધાની ચરણરજ લઈએ.'

આગમનના અવસરે શિષ્યો ગુરુગુણ ગાય તે પહેલાં તો ગુરુએ શિષ્યોની સ્તુતિ લલકારી દીધી.

પ્રમુખસ્વામીએ જે ધાર્યું હોય તે થયા વગર રહેતું નથી

સ્વામીશ્રીની જન્મજયંતીના દિવસે જ કરમસદની પ્રમુખસ્વામી મૅડિકલ કૉલેજને સરકારી માન્યતા મળ્યાની ઘોષણા થતાં આ કૉલેજના કાર્યવાહકો અને વિદ્યાર્થીઓમાં ખુશીની લહર ફરી વળેલી. હરખાયેલા તે સૌ આ દિવસોમાં સ્વામીશ્રીનો આભાર માનવા દોડી આવતા, કારણ કે કૉલેજને મળેલી માન્યતા એ છેલ્લા એક વર્ષથી સ્વામીશ્રીએ આદરેલા સઘન પ્રયત્નની ફળશ્રુતિ હતી. આ કૉલેજ સરકાર-માન્ય બને તે માટે તેઓએ સંબંધિત વ્યક્તિઓ સાથે શ્રેણીબદ્ધ બેઠકો ચલાવેલી. વિદ્યાર્થીઓના ભલા માટે કલાકોના કલાકો વાટાઘાટોમાં વિતાવેલા. પૂજામાં અને મંદિરોમાં પ્રાર્થનાનો દોર પણ અવિરત વહેતો રાખેલો.

તેથી મૅડિકલ કૉલેજના ડીન શ્રી આર. સી. શાહ તો બોલી ઊઠેલા : 'પ્રમુખસ્વામીએ જે કામ ધાર્યું હોય તે થયા વગર રહેતું નથી.'

આવી જ કંઈક લાગણી અનુભવતા મૅડિકલ કૉલેજના પચીસેક અગ્રણી વિદ્યાર્થીઓએ પણ તા. ૨૪/૧૨ની સવારે કૃતજ્ઞતા વ્યક્ત કરી ત્યારે સ્વામીશ્રી આટલું જ બોલ્યા : 'ભગવાનની દયાથી બધું થઈ ગયું.'

'ના, સ્વામીજી ! આ તો આપના આશીર્વાદથી જ બધું થયું છે. આપનો જ પ્રયત્ન વિશેષ હતો.'

'તમારા, મૅનેજમેન્ટના અને સૌના પ્રયત્નથી આ થયું છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

કોઈ ગમે એટલું કરે કે કહે, પણ તેઓનો અકર્તાભાવ અફર રહેતો.

તેથી તેની આગળ નમતું જોખી, વિદ્યાર્થીઓએ ઓરતો ઉચ્ચાર્યો કે 'સ્વામીજી ! બધા પૂછે છે કે 'બાપા ક્યારે વિદ્યાનગર પધારે છે ?' સૌને આપનું સ્વાગત કરવું છે.'

'એ બધું તો ઠીક છે.' સ્વાગતની વાતને હાંસિયામાં ધકેલી દેતાં સ્વામીશ્રી બોલ્યા. પછી ઉમેર્યું :

'આપણે મૂળ તો વિદ્યાર્થીઓના ભવિષ્યની ચિંતા હતી. હવે ભગવાને દયા કરી છે તો તમે બધા બરાબર ભણો અને દેશની સેવા કરો. ચારિત્ર્ય સરખું રાખવું. કૉલેજની પ્રતિષ્ઠા વધે એવું કરવું. વ્યસન-દૂષણ એમાં ન જોઈએ. બધાને આશીર્વાદ છે.'

પેઢીઓની પેઢીઓ ઊગરી જાય એવું કાર્ય કર્યા પછીયે સ્વામીશ્રીએ યશ કે અપેક્ષાનો એક અંશ પણ પોતાના ખાતે જમા થવા ન દીધો.

આ આજ્ઞા પાળો એમાં બ્રહ્મરૂપ થઈ જવાય

તા. ૨૪/૧૨ની સવારે સાડા અગિયાર વાગ્યે સ્વાધ્યાય પરિવારના ભાવનિર્ઝર સંકુલમાં પધારેલા સ્વામીશ્રીએ અહીં પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજીને તેઓના અમૃત મહોત્સવ નિમિત્તે શુભકામના પાઠવી.

ત્યારબાદ મંદિરે આવી નિત્યક્રમમાં પરોવાયેલા તેઓ પાસે આજની રાત્રે આવેલા એક મુરબ્બીએ અહોભાવ વ્યક્ત કર્યો કે 'આપે આટલાં બધાં કામો એકસાથે ઉપાડ્યાં ! ખબર જ પડતી નથી કે કઈ રીતે પૂરાં કરો છો ?'

'યોગીબાપાની આપેલી બુદ્ધિ છે એટલે કામ થાય છે.' સ્વામીશ્રી બોલ્યા.

પોતાની પ્રશંસાનું બુંદ હોય કે પૂર – તેને તેઓ ગુરુની ગુણગંગામાં જ વિલીન કરી દેતા.

આવા ગુરુમય સ્વામીશ્રી પાસે તા. ૨૫/૧૨ના રોજ સોલડી ગામ અને વડોદરા શહેરના એક-એક હરિભક્ત આવ્યા. તે બંનેના સંબંધીઓને અમદાવાદની હૉસ્પિટલમાં દાખલ કરાયેલા. તેઓને સ્વામીશ્રીએ આશીર્વાદ તો આપ્યા જ, સાથે જણાવ્યું પણ ખરું કે 'જમવાની તકલીફ હોય તો અહીં મંદિરમાં કહેજો. ટિફિન આપશે. બીજું કંઈ કામ હોય તો પણ કહેજો.'

શહેરી કે ગ્રામીણ – સૌ પર એકધારી અને એકસમાન વરસતી તેઓની દયા.

તે જ તા. ૨૯/૧૨ની સાયંસભામાં અમૃતધારારૂપે રેલાવા માંડી કે 'લીમડો પીને અગર તો ભિક્ષા માંગીનેય સમાગમ કરવો, ઠંડાં પીણાં પીવાની વાત નથી. આ જમાનામાં લીમડો પીવાય એવો નથી, પણ સ્વામીની આજ્ઞાથી નિયમિત રવિસભામાં આવો તો એ લીમડો પીધા જેવું જ છે. આ આજ્ઞા પાળો એમાં બ્રહ્મરૂપ થઈ જવાય.'

સ્વામીશ્રીએ કલ્યાણને બહુ સોંઘું અને સરળ કરી મૂક્યું.

આપની પાસેથી તો ઘણું શીખવાનું છે

તા. ૨૬/૧૨ની સવારે દર્શને આવેલા ટોરન્ટ ફાર્માસ્યુટિકલ્સ કંપનીના માલિક શ્રી યુ. એન. મહેતા સ્વામીશ્રીને મળતાં જ અહોભાવ વહાવવા લાગ્યા કે 'આપે અક્ષરધામ બનાવીને માસ્ટર (ઉદાહરણરૂપ) કાર્ય કર્યું છે. આઇડિયા સારો છે.'

'ભગવાને પ્રેરણા કરી ને સંતોની મહેનત.' સ્વામીશ્રીએ પ્રતિભાવ આપ્યો.

તે સાંભળી આવનારા મુરબ્બીએ જણાવ્યું: 'આપના ભક્તો બહુ સમર્પિત છે. આપના ભક્તોમાં મેં જોયું કે 'આ કામ મારાથી ન થાય' એવું કંઈ એમનામાં છે જ નહીં! સંતો પણ એવા ભણેલા-ગણેલા અને દરેક પ્રૉફેશન(ક્ષેત્ર)ના છે. સમય અનુસાર જે વસ્તુની જરૂર છે તે આપ કરી રહ્યા છો. આપની પાસેથી તો ઘણું શીખવાનું છે. કંઈક કહેવા જેવું હોય તો કહો.'

સ્વામીશ્રીના સ્થાપત્ય અને સ્વામીશ્રીના સંત-સત્સંગી – બંનેની ભાત સમાજમાં જુદી જ ઊપસતી. સૌને અહીં કંઈક શીખવા-સમજવા જેવું લાગતું.

તેથી આગંતુક મહાનુભાવ શ્રી મહેતાએ જ્યારે કંઈક હિતોપદેશની યાચના કરી ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'ભગવાને આ શરીર આપ્યું છે એનાથી કો'કનું સારું થાય એ કરવું, ભગવાન-પરાયણ થવું.'

પરાભક્તિ અને પરોપકારનો આ પંથ દેખાડનારા સ્વામીશ્રી પાસે તા. ૨૮/૧૨ની સવારે આવેલા હરિભક્ત શ્રી કનુભાઈ અમીનની સાથે તેઓના સંબંધીઓ પણ હતા. તેઓની ઓળખાણ આપવા જ્યાં શ્રી અમીન તૈયાર થયા ત્યાં તો સ્વામીશ્રી જ બોલ્યા: 'સારી રીતે ઓળખું છું.'

આમ કહી તેઓએ પેલા આગંતુકની સાથે ઊભેલા યુવાનને પૂછ્યું: 'તારું નામ શું?'

'નૈમિષ.'

આ ઉત્તર સાથે જ સ્વામીશ્રીનું સ્મૃતિચક્ર ફરવા માંડ્યું. તેઓ એ યુવકને કહેવા લાગ્યા: 'તારા બાપુજી રમેશ, એમના ભાઈલાલ, એમના ચતુરભાઈ ને એમના શામળભાઈ. ચતુરભાઈને છ દીકરા – સોમાભાઈ, હીરાભાઈ, હાથીભાઈ, ચુનીભાઈ, છોટાભાઈ ને ભાઈલાલભાઈ. હીરાભાઈને ત્રણ દીકરા. સોમાભાઈને બે...'

આ રીતે વંશાવલી બોલવા માંડેલા સ્વામીશ્રીની ઝડપ એટલી રહી કે લખનારાની કલમ ફસડાઈ પડી! તેથી આટલી જ માહિતી ઉપલબ્ધ થઈ શકી.

સ્વામીશ્રીને પોતાનાં સગાંનો પરિચય આપવાની પહેલ કરવા જનારા પેલા હરિભક્ત સહિત સૌને આજે સ્વામીશ્રીનો આગવો પરિચય મળી ગયો.

તેઓની આવી ઓળખ પામી તા. ૩૦/૧૨ની સવારે નગાસરથી આવેલા એક વૃદ્ધ ભક્ત પણ પુલકિત થઈ ઊઠ્યા. આ સત્સંગીને જોતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'આવો, પોપટભાઈ!'

આ આવકાર સાંભળી ગળગળા થઈ ઊઠેલા એ હરિભક્તે આસપાસ ઊભેલા સંતોને કહ્યું: 'હું વર્ષો પછી સ્વામીને મળું છું, પણ એ મને ઓળખી ગયા!'

ભક્તોને ગદ્ગદ કરી મૂકતી સ્વામીશ્રીની આવી સ્મૃતિ અને આત્મીયતાની ઓળખ સદાયે અધૂરી જ રહેવાની.

નથી આ જગમાં કોઈ એવા

તા. ૩૦/૧૨ની સવારે સ્વામીશ્રી મંદિરે દર્શન માટે પધાર્યા ત્યારે તેઓએ હાથના ઈશારે દંડવત કરવા પાથરણું પાથરવાની સૂચના આપી. આ દિવસે તિથિ બારસની હોવાથી સૌને આશ્ચર્ય થયું, પરંતુ ગઈકાલની એકાદશીએ બાકી રહી ગયેલા દંડવત્‌નું ચૂકવણું સ્વામીશ્રી આજે કરીને રહ્યા. તેમાં કષ્ટાતો હાથ પણ બાધા ન પહોંચાડી શક્યો.

આમ, દરેક ક્રિયામાં અચૂક રહેતા સ્વામીશ્રી દર્શન બાદ પ્રાતઃપૂજાથી પરવારી ઉતારે પધાર્યા ત્યારે બે કિશોરો પોતાના પિતાને લઈ આવી ચડ્યા. તેઓએ કહ્યું: 'સ્વામી! અમારા બાપુજી દારૂ પીએ છે. એને લીધે ઘરમાં ક્લેશ થાય છે.'

સંતાનોની આ શિકાયત સાંભળી પિતા બોલ્યા: ''સ્વામી! મેં મારા

ભાઈને થોડા રૂપિયાની સહાય કરી. એમાં મારી પત્નીએ છૂટાછેડાનો કેસ કર્યો. એ કહે છે કે 'ભાઈને પૈસા કેમ આપ્યા?' આ બધામાં અપસેટ થઈ ગયો.''

'એમાં દારૂ પીવાથી સેટ થયું?'

લૂલા બચાવ સામે આ વેધક સવાલ ઉઠાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'બૈરાં બોલ્યાં એમાં આમ ધૂને ચઢી જવાય? આ છોકરાંઓની જવાબદારી કોની?'


સ્વામીશ્રીએ જે ગંભીરતાથી પોતાની સમસ્યા હાથ પર ધરી તે જોઈ પેલા કિશોરો તો તેઓમાં જ પિતાનું છત્ર અનુભવતાં રડી પડ્યા.

તેઓના માથે પ્રેમપૂર્વક હાથ ફેરવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'તમારાં મમ્મીને કહેવાનું કે 'આવી ભાવના ન રાખવી.' ત્યારબાદ સામે ઊભેલા પિતાને પણ શીખ આપી કે 'દારૂ પીવાથી આ પ્રશ્ન હલ થવાનો નથી. ઘરવાળાં એની રીતે બોલ્યાં કરે. આપણે સાંભળીને ચાલ્યા જવું. એવું થાય ત્યારે મંદિરે આવીને બેસો.'

સ્વામીશ્રીની આ સમજાવટથી મા-બાપના મમતની કરવતે વહેરાતાં સંતાનો ઊગરી ગયાં.

ફોજદારી સુધી પહોંચેલા મામલાઓને સ્વામીશ્રી સમજદારી સીંચી થાળે પાડતા. તેથી કેટલાય પરિવારોમાં શાંતિની સરવાણી ફૂટી નીકળતી.


સ્વામીશ્રીના આવા અનેક પરોપકાર આ વર્ષે મન ભરીને માણેલા. તેથી જ તો તા. ૩૧/૧૨ની રાત્રે બાર વાગ્યે તેઓથી અળગી થતાં સન ૧૯૯૪ સ્વામીશ્રીને ઉદ્દેશી ગાઈ ઊઠી: *'સર્વે વાત સાંભરી કહેવા, નથી આ જગમાં કોઈ એવા...'*





બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી આધ્યાત્મિક સમાજ છે. જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ. ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી. સંસ્થાનાં ૨૧,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)નો વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે. સંસ્થાના ૧,૧૦૦થી વધુ સુશિક્ષિત સંતો તથા હજારો યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક લોકસેવાની પ્રવૃત્તિઓનું વહન કરે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા, યુનો દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે. વિશ્વના અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને આ સંસ્થાએ સંસ્કાર-પ્રવૃત્તિ અને માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે. ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે. સતત ૭ દાયકાઓ સુધી આ સંસ્થાના પ્રમુખ તરીકે રહીને તેના વિકાસમાં અનન્ય યોગદાન આપનાર વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજે આ સંસ્થાને એક વૈશ્વિક ઓળખ આપી છે. તેઓની આર્ષદૃષ્ટિ અને તેમના પ્રચંડ પુરુષાર્થથી વિશ્વવ્યાપી થયેલી સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ, વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે. વર્તમાન સમયે પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના નેતૃત્વમાં આ સંસ્થા



માળા એ જ જેમની જીવનભરની મૂડી રહી હતી એવા
બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે જન્મજાત સાધુતાનું ગૌરીશિખર,
જીવનભર અકિંચન રહી નિરંતરના પરિવ્રાજક ઓલિયા,
પરાભક્તિ અને ગુરુભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ, પરહિતની સદા વહેતી કરુણાગંગા,
બીજાના સુખ માટે જીવનની આહુતિ આપનાર, નિઃસ્વાર્થ ભાવનાની સાક્ષાત્ મૂર્તિ,
સમત્વથી સૌ પર વરસતી સ્નેહની અનરાધાર વર્ષા અને
ભારતીય સંસ્કૃતિના અજોડ જ્યોતિર્ધર.
એમની ફોરમતી પવિત્રતામાં ભગવદ્ગીતાનું ગુણાતીતગાન ગુંજ્યા કરે.
એમના સાંનિધ્યમાં પરમાત્માની સુવાસ સહેજે મઘમઘે.
કોઈ અધિકાર કે કંઈક હોવાનો કોઈ દાવો નહીં,
કોઈ હક્ક કે માલિકીનો ભાવમાત્ર નહીં, 'હું કંઈક છું કે હું કંઈક કરું છું'
– એવા અસ્તિત્વની સભાનતા એમની નજીક પણ ફરકે નહીં.
સદા સરળ. સદા સહજ. દંભ કે કોઈ દોર-દમામનો અંશમાત્ર નહીં.
અજોડ આર્ષદ્રષ્ટા અને અદ્વિતીય સર્જક-લોકસેવક હોવા છતાં
અહંશૂન્યતાની જીવતી જાગતી પરાકાષ્ઠા. સ્વ કે શરીરની કોઈ ખેવના નહીં.
જીવનની પ્રત્યેક ક્ષણ ભગવાન સ્વામિનારાયણને ચરણે જનકલ્યાણ માટે સમર્પિત.
હૃદય ઋજુતાથી અહોરાત્ર ધબકે, છતાં સહનશીલતાનો એથી મોટો કોઈ પર્યાય નહીં.
સૌમ્ય, પ્રિય, હિતકારી વાણી. પ્રેમ અને કરુણા વર્ષાવતી એમની નિર્મળ આંખો.
રોમરોમમાં સદા પ્રફુલ્લિત એમની નમણી કાયા.
આ બધું આજે સાંભરે છે ત્યારે હૃદય ગદ્ગદ થઈ જાય છે.
આ પૃથ્વી અને પૃથ્વી પર વસતા કરોડો લોકો સતત ૯૫ વર્ષ સુધી
તેમના સાંનિધ્યથી ધન્ય થતા રહ્યા.
આવનારી અનેક પેઢીઓને આ ગુણાતીત મહાપુરુષના
દિવ્ય જીવનમાંથી સતત પ્રેરણા મળતી રહે તે માટે
આ ગ્રંથશ્રેણી પ્રકાશિત કરતાં હર્ષ અનુભવાય છે.

PSM Jivan Charitra Part - 7

PSM Jivan Charitra - 7 Guj.
B G 1 9 2 7